શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર - ૨

**ગુરુપ્રાણ આગમ બત્રીસી**


**આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ**
**પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી**

# સ્વ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. ના હસ્તાક્ષરો

समयाए समणो होइ  बंभचेरेण बंभणो
नाणेण य मुणी होइ  तवेण होइ तावसो ॥

उत्त-अ-२५ गा-३२

સમભાવથી શ્રમણ થાય છે, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ હોય છે,
જ્ઞાન થી મુનિ કહે વાય છે, તપ થી તાપસ થાય છે

खवित्ता पुव्व कम्माइं संजमेण तवेण य
सव्वदुक्ख पहीणट्ठा पक्कमन्ति महेसिणो ॥

उत्त-अ-२८=गाथा ३६

સંયમ અને તપ દ્વારા પૂર્વ કર્મોનો ક્ષયકરી મહર્ષિ સર્વ દુઃખો નો નાશ કરવા
મહર્ષિઓ (સાધક આત્માઓ) પરાક્રમ કરે છે.



આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ　　　　　　　　　　　　　　　　　　　　ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

**શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી**

**સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા**
**તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ**

મૂળ – આગમ સૂત્ર

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર –૨

**અધ્યયન : ૨૧ થી ૩૬**

*(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)*

**: પાવન નિશ્રા :**
ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**
વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**
ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: અનુવાદિકા :**
પૂ. શ્રી સુમતિબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન
PARASDHAM
પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ – ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન – ઈ. સ. ૨૦૦૯

**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ – વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

**www.parasdham.org ★ www.jainaagam.org**

૧. મુંબઈ –

**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૭૭
ફોન – ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -

**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ –

**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન – ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા –

**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા – ૩૯૦૦૨૩
ફોન – ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ – ફોન : ૦૭૯–૨૫૬૨૩૮૨૮

અ
મ
ર્પ
ણ

સૌરાષ્ટ્ર કેસરી
બા. બ્ર. પૂ. ગુરુદેવ
શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

# સમર્પણ

આપના અસ્તિત્વમાં અને વ્યક્તિત્વમાં

હતી આગમ આરાધનાની અમીરાત,

વાક્ શૌર્યતા સિંહ સમી  સૌરાષ્ટ્ર કેસરીથી

**ગુરુપ્રાણ** તમે છો વિશ્વમાં વિખ્યાત,

આગમના પ્રધાન સંપાદિકા સતી લીલમને

શિષ્યા કરી પાડી અનોખી ભાત,

સમર્પ્યું તેને સમર્પણ જેના શ્વાસે હતી સુમતિ

અને આચારે હતી પ્રવચન માત.

- પૂ. મુક્ત - લીલમ ગુરુણીના સુશિષ્યા
સાધ્વી સુમતિ

## તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ
ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં
ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

ૐ હ્રીં

ૐ ણમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાપયતિ વચ્ચં ચ અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં । ઇદં મહા કાર્યં પૂજ્ય -
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
અત્ર કોઽપિ દોષો ન સ્યાત્ ઇતિ સદ -
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે -
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ સુન્દરં સ્યાત્
અર્પ્યતે -

આનંદ મંગલમ્ ૨૭-૪-૨૦૦૯
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી
# અનુવાદિકા
# મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર(૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્નીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર(ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર(શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર(ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

## સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ




## શતાદિ સદ્ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ
પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પત્રાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)

## શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર

સૂર્યનો ઉદય થાય અને સૂર્યમુખી ફૂલો ખીલીને પોતાની પ્રસન્નતા પ્રગટ કરે છે. પૂનમની રાત્રે ચંદ્ર સોળે કળાએ ખીલી ઊઠે, તે જ રીતે સંસારમાં, કુટુંબ, પરિવાર, વ્યાપાર, ધંધા અને ભૌતિક જગતમાં આનંદ પ્રમોદ કરતું સામાન્ય મનુષ્યોનું જીવન કોઈપણ પ્રકારના લક્ષ્ય વિના પસાર થતું હોય છે. પણ, તેમાં સદ્‌ગુરૂરૂપી સૂર્યનો ઉદય થાય છે ત્યારે કોઈ સદ્‌ભાગી જીવોના હૃદયકમળ ખીલી ઊઠે છે અને તેની સૌરભ આસપાસના લોકોને પણ મનોહર લાગે છે, મનને પ્રસન્નતા આપે છે.

આ ગુરુભક્તનું જીવન પણ પુણ્યયોગે સર્વ પ્રકારની અનુકૂળતાથી સંપન્ન હોવા છતાં લક્ષ્ય રહીત હતું. તેમાં **પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.** રૂપી સૂર્યનો પ્રવેશ થયો. તેમના પ્રભાવે જીવનની દિશા બદલાઈ ગઈ. લક્ષ્ય નિશ્ચિત થઈ ગયું. ભૌતિક દુનિયાથી આધ્યાત્મિક જગતનું વધારે મહત્વ સમજાઈ ગયું.

સંપૂર્ણ પરિવાર શ્રદ્ધાપૂર્વક પૂ. ગુરુદેવને સમર્પિત થઈ ગયા. જેમ જેમ સમય વ્યતીત થયો તેમ તેમ ભક્તિભાવ અને સમર્પણ ભાવ વૃદ્ધિંગત થવા લાગ્યા અને સમય, શક્તિ તથા સંપત્તિને સત્કાર્યમાં વાપરવાના ભાવ પ્રગટતા ગયા.

પૂ. ગુરુદેવે તેમની આધ્યાત્મિક શક્તિને ઉજાગર કરવા લુક એન લર્ન જૈન જ્ઞાનધામમાં 'દીદી' તરીકે નિમણૂક કરી. સ્વયં સમજણ પ્રાપ્ત કરવાની સાથે બાળકોમાં સંસ્કાર સિંચન કરવાની અણમૂલી તક આપી.

સંપૂર્ણ પરિવાર પૂ. ગુરુદેવના રંગે રંગાયો. ઘરમાં નાના બાળકોથી લઈને વડિલો સુધીના  બધાની રહેણીકરણી આદિ સમગ્ર જીવનમાં પરિવર્તન આવ્યું.

પૂ. ગુરુદેવના ૩૯મા જન્મદિને કુમારી નિર્જરીને ગુરુકૃપાએ પૂ. ગુરુદેવને આગમની અમૂલ્ય ભેટ અર્પણ કરવાના ભાવ જાગૃત થયા અને કામદાર પરિવાર આગમના શ્રુતધાર તરીકે લાભ લઈ રહ્યા છે. તેઓની ગુરુભક્તિની અમે વારંવાર અનુમોદના કરીએ છીએ.

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય સદ્વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે – બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ – બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા. નું જીવન દર્શન | 13 | રથનેમિનું પતન અને સ્થિરિકરણ | ૨૫ |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.નું જીવન દર્શન | 15 | **અધ્યયન - ૨૩ : કેશી ગૌતમીય** | |
| પૂ. શ્રી રતિલાલજી મ. સા. નું જીવન દર્શન | 17 | પરિચય | ૩૨ |
| પુનઃ પ્રકાશનના બે બોલ | 19 | પ્રભુ પાર્શ્વનાથ અને કેશીકુમાર શ્રમણ | ૩૩ |
| પૂર્વ પ્રકાશનના બે બોલ | 21 | ભગવાન મહાવીર અને ગૌતમ | ૩૪ |
| અભિગમ | 23 | શિષ્યોમાં આચારભેદ અંગે જિજ્ઞાસા | ૩૫ |
| સંપાદકીય | 29 | શ્રમણોનું મિલન અને ઉચિત વ્યવહાર | ૩૮ |
| સંપાદન અનુભવો | 40 | ૧. ચાતુર્યામ અને પંચમહાવ્રત રૂપ ધર્મ | ૪૦ |
| અનુવાદિકાની કલમે | 43 | ૨. અચેલક અને સચેલક ધર્મ | ૪૨ |
| ૩૨ અસ્વાધ્યાય | 46 | ૩. આત્મશત્રુ પરના વિજયની રીત | ૪૫ |
| **શાસ્ત્ર પ્રારંભ** | | ૪. પાશબંધન | ૪૬ |
| **અધ્યયન - ૨૧ : સમુદ્રપાલીય** | | ૫. ભવતૃષ્ણા રૂપી લતા | ૪૮ |
| પરિચય | ૧ | ૬. કષાયાગ્નિ અને શ્રુતરૂપ જલ | ૪૯ |
| પાલિત શ્રાવક | ૨ | ૭. મનરૂપી અશ્વ, શ્રુતરૂપી લગામ | ૫૧ |
| સમુદ્રપાલનો જન્મ, પાણિગ્રહણ | ૩ | ૮. ઉન્માર્ગ અને સન્માર્ગ | ૫૨ |
| સમુદ્રપાલની વિરક્તિ, દીક્ષા | ૪ | ૯. ધર્મરૂપી મહાદ્વીપ | ૫૪ |
| મુનિધર્મની શિક્ષા | ૫ | ૧૦. સછિદ્ર – નિશ્છિદ્ર નૌકા | ૫૬ |
| સમુદ્રપાલની મુક્તિ... | ૧૦ | ૧૧. અજ્ઞાનાંધકારનાશક સૂર્ય | ૫૭ |
| **અધ્યયન - ૨૨ : રથનેમીય** | | ૧૨. અવ્યાબાધ સુખસ્થાન | ૫૯ |
| પરિચય | ૧૨ | સંશય સમાધાન, વિનય પ્રતિપત્તિ | ૬૦ |
| તીર્થંકર અરિષ્ટનેમિનો પરિચય | ૧૩ | **અધ્યયન - ૨૪ : પ્રવચન માતા** | |
| શ્રી અરિષ્ટનેમિનો રાજેમતિ સાથે સંબંધ | ૧૫ | પરિચય | ૬૪ |
| શ્રી અરિષ્ટનેમિની જાનનું પ્રસ્થાન | ૧૭ | આઠ પ્રવચન માતા | ૬૫ |
| શ્રી અરિષ્ટનેમિની કરૂણાની પરાકાષ્ટા | ૧૮ | ઈર્યા સમિતિ આદિ પાંચ સમિતિ | ૬૬ |
| શ્રી નેમકુમારનું મહાભિનિષ્ક્રમણ | ૨૧ | મનગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિ | ૭૪ |
| રાજેમતિનું મહાભિનિષ્ક્રમણ | ૨૩ | સમિતિ અને ગુપ્તિમાં ભેદ | ૭૬ |

| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| **અધ્યયન - ૨૫ : યજ્ઞીય** | | મોક્ષમાર્ગ | ૧૩૫ |
| પરિચય | ૭૮ | સમ્યગ્જ્ઞાન અને તેના પ્રકાર | ૧૩૬ |
| મુનિ જયઘોષનું વિજયઘોષને ત્યાં આગમન | ૮૦ | દ્રવ્ય, ગુણ અને પર્યાય | ૧૩૭ |
| વિજયઘોષ દ્વારા ભિક્ષાનો નિષેધ | ૮૧ | છ દ્રવ્યો | ૧૩૮ |
| જયઘોષ મુનિના પ્રશ્નો | ૮૩ | સમ્યગ્દર્શન અને તેના પ્રકાર | ૧૪૨ |
| વિજયઘોષની જિજ્ઞાસાઓનું સમાધાન | ૮૪ | સમ્યક્ત્વની દશ રુચિ | ૧૪૫ |
| બ્રાહ્મણનું લક્ષણ તથા ગુણો | ૮૭ | સમ્યગ્દર્શનની મહત્તા | ૧૪૯ |
| વેદ અને યજ્ઞની અશરણતા | ૯૦ | સમ્યક્ત્વના આઠ અંગ | ૧૫૧ |
| વિજયઘોષ દ્વારા સત્ય સ્વીકાર | ૯૩ | સમ્યક્ ચારિત્ર | ૧૫૩ |
| વિજયઘોષની દીક્ષા, બંનેની સિદ્ધિ | ૯૬ | સમ્યક્ તપ અને તેના પ્રકાર | ૧૫૫ |
| **અધ્યયન - ૨૬ : સમાચારી** | | **અધ્યયન - ૨૯ : સમ્યક્ પરાક્રમ** | |
| પરિચય | ૯૭ | પરિચય | ૧૫૮ |
| દશ સમાચારી | ૯૯ | સમ્યક્ પરાક્રમના ૭૩ સ્થાન | ૧૬૧ |
| સાધુની દિનચર્યા | ૧૦૨ | સંવેગ, નિર્વેદ, ધર્મશ્રદ્ધા | ૧૬૩ |
| પૌરુષીનું કાલ-પરિજ્ઞાન | ૧૦૫ | ગુરુ સાધર્મિકની શુશ્રૂષા | ૧૬૬ |
| સાધુની રાત્રિચર્યા | ૧૦૮ | આલોચના, નિંદા, ગર્હા આદિ | ૧૬૭ |
| પ્રતિલેખનનો કાલ અને વિધિ | ૧૧૦ | સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ આદિ | ૧૭૧ |
| આહારગ્રહણ - ત્યાગના કારણો | ૧૧૫ | કાલ પ્રતિલેખના, પ્રાયશ્ચિત, ક્ષમાપના | ૧૭૭ |
| ચોથા પ્રહરની ચર્યા | ૧૧૮ | સ્વાધ્યાય, વાંચના, પૃચ્છનાદિ | ૧૮૦ |
| દૈવસિક પ્રતિક્રમણ | ૧૧૯ | શ્રુતારાધના, સંયમ, તપ, વ્યવદાન | ૧૮૫ |
| રાત્રિકચર્યા, પ્રતિક્રમણાદિ | ૧૨૧ | સુખશાતતા, અપ્રતિબદ્ધતા આદિ | ૧૮૭ |
| **અધ્યયન - ૨૭ : ખલુંકીય** | | વિવિક્ત શયનાસન, વિનિવર્તના | ૧૮૯ |
| પરિચય | ૧૨૫ | સંભોગ, ઉપધિ આહાર પચ્ચક્ખાણ | ૧૯૦ |
| ગર્ગમુનિનો પરિચય | ૧૨૬ | કસાય, યોગ, શરીર, સહાય પચ્ચક્ખાણ | ૧૯૩ |
| અવિનીત શિષ્ય અને બળદ | ૧૨૭ | ભક્ત પચ્ચક્ખાણ, સદ્ભાવ પચ્ચક્ખાણ | ૧૯૬ |
| અવિનીત શિષ્યોની અવિનીતતા | ૧૨૯ | પ્રતિરૂપતા, વૈયાવચ્ચ, સર્વગુણ સંપન્નતા | ૧૯૮ |
| સ્થવિર ગર્ગની વિચારણા | ૧૩૧ | વીતરાગતા ક્ષમા, નિર્લોભતા, સરળતા | ૨૦૦ |
| **અધ્યયન - ૨૮ : મોક્ષમાર્ગ ગતિ** | | મૃદુતા, ભાવસત્ય, કરણસત્ય, યોગસત્ય | ૨૦૩ |
| પરિચય | ૧૩૩ | મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ | ૨૦૫ |

| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| મન, વચન, કાયસમાધારણતા | ૨૦૭ | **અધ્યયન - ૩૩ : કર્મપ્રકૃતિ** | |
| જ્ઞાન, દર્શન, ચારિત્ર સંપન્નતા | ૨૦૯ | પરિચય | ૩૧૨ |
| શ્રોતેન્દ્રિયાદિ પાંચ ઈન્દ્રિયનિગ્રહ | ૨૧૨ | સંસારપરિભ્રમણનું કારણ : આઠ કર્મો | ૩૧૩ |
| ક્રોધાદિ કષાયવિજય | ૨૧૬ | આઠ કર્મોનો પ્રકૃતિબંધ | ૩૧૬ |
| કેવળીનો યોગનિરોધ ક્રમ, શૈલેશી અવસ્થા | ૨૧૯ | આઠ કર્મોનો પ્રદેશબંધ | ૩૨૩ |
| મુક્ત જીવનું લોકાગ્રે ગમન | ૨૨૦ | આઠ કર્મોનો સ્થિતિબંધ | ૩૨૫ |
| **અધ્યયન - ૩૦ : તપોમાર્ગ ગતિ** | | આઠ કર્મોનો અનુભાગ બંધ | ૩૨૭ |
| પરિચય | ૨૨૪ | **અધ્યયન - ૩૪ : લેશ્યા** | |
| સંવર અને નિર્જરામાર્ગ | ૨૨૫ | પરિચય | ૩૩૦ |
| તપના પ્રકાર | ૨૨૭ | દ્વારગાથા | ૩૩૨ |
| બાહ્ય તપ-અનશન, ઊણોદરી તપ | ૨૨૮ | નામ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ દ્વાર | ૩૩૨ |
| ભિક્ષાચર્યા, રસપરિત્યાગ તપ | ૨૩૮ | પરિણામ, લક્ષણ, સ્થાન, સ્થિતિ દ્વાર | ૩૩૭ |
| કાયકલેશ, પ્રતિસંલીનતા તપ | ૨૪૦ | નારકીઓની લેશ્યા સ્થિતિ | ૩૪૪ |
| આભ્યંતર તપ:પ્રાયશ્ચિત, વિનય | ૨૪૩ | મનુષ્ય-તિર્યંચની લેશ્યા સ્થિતિ | ૩૪૫ |
| વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન, વ્યુત્સર્ગ | ૨૪૫ | દેવોની લેશ્યા સ્થિતિ | ૩૪૬ |
| તપાચરણનું પરિણામ | ૨૫૧ | ગતિ, આયુષ્ય દ્વાર | ૩૫૦ |
| **અધ્યયન - ૩૧ : ચરણવિધિ** | | **અધ્યયન - ૩૫ : અણગાર માર્ગ ગતિ** | |
| પરિચય | ૨૫૩ | પરિચય | ૩૫૪ |
| ચરણવિધિનું માહાત્મ્ય | ૨૫૪ | અણગાર ધર્મ | ૩૫૫ |
| એક થી તેત્રીસ બોલ | ૨૫૪ | અણગારનો નિવાસ | ૩૫૬ |
| **અધ્યયન - ૩૨ : પ્રમાદસ્થાન** | | અણગારનો આહાર | ૩૫૮ |
| પરિચય | ૨૭૫ | અણગારની આરાધના | ૩૬૧ |
| શાશ્વત સુખ પ્રાપ્તિના ઉપાય | ૨૭૬ | **અધ્યયન - ૩૬ : જીવાજીવ વિભક્તિ** | |
| એકલ વિહાર | ૨૭૯ | પરિચય | ૩૬૪ |
| રાગ-દ્વેષ-મોહ નાશના ઉપાયો | ૨૮૨ | અજીવ દ્રવ્ય | ૩૬૭ |
| સ્ત્રી સંગત્યાગની દુશ્કરતા | ૨૮૫ | અરૂપી અજીવના દશ પ્રકાર | ૩૬૭ |
| ચક્ષુરિન્દ્રિયાદિ પાંચે ઈંદ્રિયવિજય | ૨૮૭ | રૂપી અજીવના ચાર પ્રકાર | ૩૭૦ |
| મનોવિજય | ૩૦૨ | પરમાણુ : સ્કંધ | ૩૭૧ |
| વિષયોથી વિરક્તિ, તેનું સુફળ | ૩૦૯ | રૂપી અજીવના ૫૩૦ ભેદ | ૩૭૩ |

| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| જીવ દ્રવ્ય - સિદ્ધ જીવ, સિદ્ધોની ગતિ | ૩૮૧ | **કોષ્ટકોની સૂચિ** | |
| સિદ્ધ ક્ષેત્ર, સ્થિતિ, સ્વરૂપ | ૩૮૬ | પોરસી જ્ઞાન માટે છાયા પરિમાણ | ૧૦૭ |
| સંસારી જીવો, સ્થાવર જીવો, પૃથ્વીકાય | ૩૯૪ | ત્રણ ઉપવાસવાળા શ્રેણી તપ... | ૨૩૦ |
| અપ્કાયિક, વનસ્પતિકાય | ૪૦૧ | આભ્યંતર તપના ભેદ-પ્રભેદ | ૨૫૧ |
| ત્રસકાય-ગતિત્રસ તેઉ-વાયુકાય | ૪૦૬ | ચરણવિધિના બોલમાં હેય ઉપાદેયતા... | ૨૭૨ |
| ત્રસ પ્રાણી-બેઈ. તેઈ. ચૌરેન્દ્રિય | ૪૧૦ | આઠ કર્મોની ઉત્તર પ્રકૃતિ | ૩૨૮ |
| પંચેન્દ્રિય-નારકી | ૪૧૫ | ચારગતિની અપેક્ષાએ લેશ્યા સ્થિતિ | ૩૪૯ |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૪૧૯ | છ લેશ્યાના ૧૧ દ્વાર | ૩૫૨ |
| મનુષ્ય | ૪૨૫ | છ દ્રવ્યોનું સ્વરૂપ... | ૩૭૦ |
| દેવો | ૪૨૮ | એક સમયમાં થતાં સિદ્ધોની ઉત્કૃષ્ટ સંખ્યા | ૩૭૫ |
| સંલેખના | ૪૪૦ | સિદ્ધ શિલા, સિદ્ધ ક્ષેત્ર, સિદ્ધ ભગવાન | ૩૯૩ |
| પાંચ દુર્ગતિક ભાવનાઓ | ૪૪૩ | વનસ્પતિકાયની કાયસ્થિતિ | ૪૦૬ |
| બોધિબીજની દુર્લભતા-સુલભતા | ૪૪૪ | **ચાર્ટ** | |
| જિનવચનનો મહિમા | ૪૪૫ | બાહ્યતપ | ૨૪૨ |
| કંદર્પ આદિ ભાવના | ૪૪૭ | અજીવદ્રવ્યના ૧૪ ભેદ | ૩૭૧ |
| **પરિશિષ્ટ** | | અજીવ દ્રવ્યના ૫૬૦ ભેદ | ૩૮૦ |
| ૧. વિવેચિત વિષયોની અકારાદિ | | જીવના ભેદ-પ્રભેદ | ૪૨૬ |
| અનુક્રમણિકા | ૪૫૨ | તિર્યંચ પંચેન્દ્રિય | ૪૨૪ |
| ૨. વિવેચિત પારિભાષિક શબ્દાનુક્રમણિકા | ૪૫૫ | મનુષ્યના ભેદ-પ્રભેદ | ૪૨૬ |
| ૩. પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ | ૪૬૦ | દેવોના પ્રકાર | ૪૩૯ |
| ૪. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની જૈનેતર ગ્રંથો | | | |
| સાથે તુલના | ૪૬૨ | | |

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : | વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : | માંગરોળ. |
| **પિતાશ્રી** | : | ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : | સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : | માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : | ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : | વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્‌ગુરુદેવ** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : | સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : | અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : | રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : | વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : | વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદૃષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર. તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજ્જ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું

# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ (સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ',<br>રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.


• શ્રી ગુરુપ્રાણ પ્રકાશન •

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩ર આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુકતાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ

શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

## ઉત્તર ઉપદેશ સમીક્ષા :–

આજે ઉત્તરાધ્યયન જેવા પવિત્રતર આગમ ઉપર કંઈક દષ્ટિપાત કરવાની અને યથાશક્તિ બે શબ્દો દ્વારા ગુણાનુવૃત્તિ કરવાનો અવસર ઉદ્ભવ્યો છે, તે મારું પરમ સૌભાગ્ય છે.

દુઃખની વાત એ છે કે– ઉત્તરાધ્યયન સૂત્રનો પ્રથમ ભાગ પ્રકાશિત થયો ત્યારે પણ તેના માટે લખવાનું આમંત્રણ મળ્યું હતું પરંતુ કારણવશાત્ લખી શકાયું નહીં, મનમાં ઊંડો ખટકો પણ રહી ગયો.

આજે બીજા ભાગ માટે લખવાનું છે પરંતુ સર્વ પ્રથમ સમગ્ર ઉત્તરાધ્યયન માટે યત્કિંચિત્ અંતર ભાવના પ્રગટ કર્યા પછી બીજા ભાગ માટે લખવું ઉચિત લાગ્યું.

ઉત્તરાધ્યયન સૂત્ર એ મધ્યમ શ્રેણીના જીવો માટે નીતિ અને ધર્મનો સામાન્ય ઉપદેશ અને બોધકથાઓ માટે ઘણું જ ઉપકારી છે. જરા ધ્યાનથી જોઈએ, તો શાસ્ત્રનું નામ કેટલું સુંદર રીતે ચયન કર્યું છે.

ભારતીય સાધનામાં સાધકજીવોની ત્રણ ભૂમિકા હોય છે– (૧) અજ્ઞાનદશા છતાં ગુણગ્રાહિતા, સરલતા, માનવોચિત ગુણ અને દયાભાવ (૨) જ્ઞાનદશા– વ્યવસ્થિત જ્ઞાનપૂર્વક આરાધનામાં સ્થિર થવું, ત્યાગ, વૈરાગ્ય, વિધિપૂર્વક વ્રત, પચ્ચક્ખાણ તથા દેશવિરતિ અને સર્વવિરતિના ભાવો ધારણ કરવા (૩) મુક્તદશા– ચરમ ઉપાસના કે પરમ ઉપાસના, ઉત્કૃષ્ટ આરાધના, નિશ્ચય નયનું અવલંબન, ગુણાતીત અવસ્થા. છેવટે પરમજ્ઞાન, કેવળજ્ઞાન અને મુક્ત દશા. આ ત્રણે ભાવોને પ્રગટ કરવા માટે વ્યાકરણમાં શ્રેષ્ઠ, શ્રેષ્ઠતર, શ્રેષ્ઠતમ અથવા શ્રેય, શ્રેયસ્કર અને શ્રેયસ્તમ; આવા તુલનાત્મક પ્રત્યયો છે. મધ્યમ વર્ગના જીવો માટે બહુ જ સૂક્ષ્મ આધ્યાત્મિક અથવા ધ્યાનાત્મક, જ્ઞાનાત્મક તીવ્ર ઉપદેશ એટલો કલ્યાણકારી થતો નથી. ઉપરના ગુણસ્થાનવર્તી મહાત્માઓને યોગ્ય ભાવો, સામાન્ય અવસ્થાવાળાને પીરસવા, તે હાઈસ્કૂલના વિદ્યાર્થીને એમ. એ. પછીનો કોર્સ કરાવવાની જેમ ભૂલ ભરેલું તથા અયોગ્ય ગણાય..... ભલે..... કોઈ કોઈ ઊંચી વાતો મેટ્રિકના વિદ્યાર્થી સામે આવી જાય તો ચાલે, પરંતુ આખો અભ્યાસ તો તેની યોગ્યતા પ્રમાણે જ હોય.

હવે આપણે મૂળ વાત પર આવીએ, અહીં આ પવિત્ર શાસ્ત્રનું ઉદ્બોધન કરતાં 'ઉત્તરાધ્યયન' શબ્દ ઉત્તર અને અધ્યયન આ બે શબ્દથી નિષ્પન્ન થાય છે. જેમાં ઉત્તર એટલે પ્રધાન. જેથી શ્રેષ્ઠ અધ્યયનોના સમૂહરૂપ શાસ્ત્ર, તે ઉત્તરાધ્યયન સૂત્ર. તેમાં ખરેખર, રોચક, સારગર્ભિત અને શ્રેષ્ઠતર અને શ્રેષ્ઠતમ વિષયોનું નિરૂપણ છે.

ભાષા શાસ્ત્ર અનુસાર 'તર' પ્રયોગ બીજી ભૂમિકાનો અને 'તમ' પ્રયોગ ત્રીજી– ઉત્કૃષ્ટ ભૂમિકાનો સૂચક છે. ઉત્ = સાધનાની ઊર્ધ્વગતિ, ઉત+તર્ = ઉત્તર એટલે સાધનાની ઊર્ધ્વતાની બીજી ભૂમિકા અને ઉત્+તમ્ = ઉત્તમ એટલે સાધનાની ઊર્ધ્વતાની ત્રીજી ભૂમિકા. અહીં શાસ્ત્રકારે "ઉત્તર" શબ્દ ગ્રહણ કર્યો છે. ઉત્તર એટલે સાધનાની બીજી ભૂમિકા– વ્રત, પચ્ચક્ખાણ, દેવ, ગુરુ અને ધર્મની ધારણા. આ શબ્દ પ્રયોગ સમયે શાસ્ત્રકારે ચોથા ગુણસ્થાનથી સાતમા ગુણસ્થાન સુધીના સાધકોને દષ્ટિગોચર રાખ્યા છે. તેમનું લક્ષ કરીને શાસ્ત્રનું ઉદ્બોધન કર્યું છે અને તેથી જ આ શાસ્ત્રનું 'ઉત્તરાધ્યયન સૂત્ર' એવું સુંદર નામ ઉદ્ભવ્યું છે. જોકે આ શાસ્ત્રમાં સામાન્ય હળુકર્મી ભદ્ર જીવો માટે પણ ઘણો મસાલો છે અને તે જ રીતે ઉત્તમ ભૂમિકાએ પહોંચેલા જીવો માટે આધ્યાત્મ ભાવનાના ચમકારા છે, પરંતુ મુખ્યત્વે મધ્યમ સાધકોને લક્ષમાં રાખીને જ ઘણો ઉપદેશ છે તેથી જ આ શાસ્ત્રનું ઉત્તરાધ્યયન સૂત્ર એવું સુંદર નામ ઉદ્ભવ્યું છે. ઘણા દિવસોના ચિંતન પછી પણ મનમાં જે પ્રશ્ન ઘૂંટાતો હતો કે અહીં 'ઉત્તમાધ્યયન' ન કહેતાં 'ઉત્તરાધ્યયન' કેમ કહ્યું ? આ 'ઉત્તર ઉપદેશ સમીક્ષા'માં ઉપરોક્ત યથાર્થ સમાધાન આલેખ્યા પછી સંતોષનો અનુભવ થયો છે. હવે બીજી વિશેષતાઓ પ્રત્યે ધ્યાન આપીશું.

આજે ઉત્તરાધ્યયન સૂત્રનો બીજો ભાગ બહાર પડે છે, તે પણ ઘણાં જ મહત્ત્વપૂર્ણ અધ્યયનોને આવરી લે છે. આ બધા અધ્યયનોમાં ઝીણવટથી દષ્ટિપાત કરતાં તે સમયના ધાર્મિક આંદોલનોનો પણ પ્રતિઘોષ સંભળાય છે. તેમાં સૌથી મહત્ત્વપૂર્ણ વાત જૈનદર્શનનો સમન્વય સિદ્ધાંત છે.

આજની કેટલીક કટ્ટરપંથી વિચારધારાવાળી વ્યક્તિઓ, જૈનદર્શનના હાર્દથી ઘણી જ વેગળી હોય તેવું લાગે છે. આમ તો જુઓ– ૨૩મા કેશીસ્વામીના અધ્યયનમાં, ગૌતમ–કેશીનું મિલન એક જીવતી જાગતી ઐતિહાસિક નોંધ છે. બંને મહાન આચાર્યો ત્રણ અને ચાર જ્ઞાનના ધણી છે. છતાં તેમનો વિનય–વિવેક, પરસ્પરનું સૌહાર્દ અને ઉચ્ચકોટિનો ત્યાગભાવ અને તેઓના શબ્દે-શબ્દમાં અમૃત બિંદુ જેવો રસ સમાવિષ્ટ થયેલો છે. પ્રભુ પાર્શ્વનાથના શાસનની નિયમાવલીથી પ્રભુ મહાવીરના શાસનની નિયમાવલીમાં ભિન્નતા હતી. તે બંને નિયમાવલીનો સમન્વય કરી, નવી નિયમાવલીમાં

મહાન સંતો નતમસ્તક થઈ પરિણમી જાય છે. જે આજના કદાગ્રહ ભાવોને વરેલી વ્યક્તિઓ માટે વિચારણીય છે.

પાછળના બધા અધ્યયનો સુંદર કથાનકો તથા સૈદ્ધાન્તિક ઉપદેશોથી ભરપૂર છે. જૈન શાસનમાં કર્મવાદ અને તપવિધાન આ બે ચક્ષુઓ છે અને આ બંને ચક્ષુઓને શાસ્ત્રકારે ત્રીસમું અને તેત્રીસમું બે સ્વતંત્ર અધ્યયન આપીને, શાસનને દેખતું કર્યું છે. એ જ રીતે મોક્ષમાર્ગ એ જૈનદર્શનનો મુખ્ય ઉપાદેય સિદ્ધાંત છે. મોક્ષમાર્ગ માટે અઠ્ઠાવીસમું અધ્યયન પ્રગટ કર્યું છે. જેમ ખાટલાના ચાર પાયા હોય તેમ જૈનદર્શનના રત્નજડિત પલંગના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ, એ ચાર પાયા છે અને તે ચાર પાયાને આધારે મોક્ષમાર્ગની સ્થાપના કરી છે. 'માર્ગ'નો અર્થ રસ્તો પણ થાય છે અને 'માર્ગ'નો અર્થ 'મુક્ત થવાના સાધન' એવો પણ થાય છે. સાધન શુદ્ધ હોય તો જ સાધ્ય સુધી પહોંચી શકાય, એવું સ્પષ્ટ કર્યું છે.

આગમની પૂર્ણાહુતિ કરતા પ્રભુ મહાવીરે જીવ-અજીવની વિભક્તિ કરી ભેદરેખા ખેંચી છે. આ ભેદ વિજ્ઞાન ઘણું જ મહત્ત્વપૂર્ણ છે. ભેદવિજ્ઞાનની ત્રણ ભૂમિકા છે– (૧) જીવ અને પુદ્‌ગલનો ભેદ (૨) સ્વભાવ અને વિભાવનો ભેદ (૩) સ્વભાવમાં શુદ્ધ દ્રવ્ય અને પર્યાયનું ભેદ વિજ્ઞાન. આ ત્રણે ભેદ વિજ્ઞાનને પાર કરી અભેદ, અખંડ, અવિનાશી, શુદ્ધ આત્મદ્રવ્યમાં પ્રવેશ કરી, અખંડ એવા આત્માને પ્રાપ્ત કરી અખંડદર્શન મેળવવું એ ચોથી ભૂમિકા છે.

દિગંબર શાસ્ત્રોમાં સુપ્રસિદ્ધ અધ્યાત્મગ્રંથ 'સમયસાર' ઉપર્યુક્ત ત્રણ ભૂમિકા પર રચાયેલો છે. ભગવાન મહાવીર પણ ઉત્તરાધ્યયન સૂત્રની પૂર્ણાહુતિમાં અખંડ અભિન્ન આત્મદર્શન કરાવી સ્વયં સિદ્ધગતિને પ્રાપ્ત થયા છે.

**इइ पाउकरे बुद्धे, णायए परिणिव्वुए ।**
**छत्तीसं उत्तरज्झाए, भवसिद्धिय संवुडे ॥**
**उत्तरा–३६/२७४**

આટલી ભૂમિકા કર્યા પછી આ સૂત્રમાં જે કથાનકોનો ઉલ્લેખ થયો છે, તે વિષે બે શબ્દ કહેશું...

સમુદ્રપાલ, રથનેમિ, કેશી-ગૌતમ સંવાદ, ખલુંકીય(વિપરીત બુદ્ધિના શિષ્યો) ઈત્યાદિ કથાનકો છે. વસ્તુતઃ કથાશાસ્ત્રોમાં ત્રણ ભૂમિકા હોય છે. અહીં ત્રણે ભૂમિકાનો સ્પર્શ થયો છે– (૧) ઉત્તમકોટિના ઉત્તમ ચરિત્રનું વર્ણન એ પ્રથમ ભૂમિકા (૨) કર્મવશાત્ મોહનો ઉદય થતા જીવ અધોગામી થાય પરંતુ ફરીથી ઉત્તમ ઉપદેશ મળતાં ઊર્ધ્વગતિ

પામે, એ બીજી ભૂમિકા (૩) એવા અધમપાત્ર જે સારા નિમિત્ત મળે છતાં પણ મોહના ગાઢ બંધનના કારણે પુરુષાર્થ ન કરી શકે, ભૂલ સુધારી જ ન શકે અને દુર્ગતિને પામે તે ત્રીજી ભૂમિકા છે.

અહીં સમુદ્રપાલની કથા ઉત્તમપાત્ર તરીકે વર્ણવેલી છે, જ્યારે રથનેમી બીજી ભૂમિકાથી પાર થાય છે. રાજેમતીજીના ઉપદેશથી જાગૃત થઈ જાય છે અને 'ખલુંકીય' અધ્યયનમાં વિપરીત બુદ્ધિના શિષ્યોથી કંટાળી ગુરુ પોતે તેનો ત્યાગ કરે છે પણ શિષ્યો સુધરતા નથી.

આ બધા કથાનક સુંદર અને સહજ શૈલીમાં વર્ણવ્યા છે, સાહિત્યદષ્ટિએ ઉપમા ઈત્યાદિ અલંકારથી સુશોભિત છે. તેમાં સૌથી મોટી વાત તો એ છે કે– સંસ્કૃત ભાષાનું માધ્યમ છોડીને તે વખતની મગધની તળપદી લોકભાષાનું અવલંબન કરી, સર્વ સામાન્ય જનસમૂહ સમજી શકે તેવી ભાષામાં ઉપદેશ અપાયો છે.

એકંદરે સમગ્ર 'ઉત્તરાધ્યયન સૂત્ર' સારભૂત જૈન ઉપદેશનો 'નિચોડ' ગ્રંથ છે. તેમાં યે એકવીસમા અધ્યયનથી લઈ છત્રીસ અધ્યયન સુધી ઉત્તરોત્તર ઉપદેશમાં પ્રગાઢતા આવી છે અને જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને સ્પર્શ કરવા માટે એક-એક આખા પ્રકરણ આપવામાં આવ્યા છે. જેમ કે– 'તપ પ્રકરણ', 'કર્મ પ્રકૃતિ', 'અષ્ટ પ્રવચનમાતા' અને 'સાધુ સમાચારી', 'મોક્ષમાર્ગ', 'છ લેશ્યા' અને 'પ્રમાદ સ્થાનો' ઈત્યાદિ. સાધકને લક્ષમાં રાખીને અપાયેલા બધા જ ઉપદેશ અને ગંભીર વિષયોની છણાવટ સાધકના અણુ-અણુમાં સ્નેહ સિંચન કરે છે, ભગવદ્ વાણી અને એ વખતના ક્રાંતિકારી ત્યાગ સભર સંતોના ખમીરને પ્રદર્શિત કર્યું છે. લડાઈના મોરચે લડતા યોદ્ધાની જેમ, ત્યાગને મોરચે મોહ સાથે લડતા મુનિને ડગલે-પગલે સાવધ કર્યા છે. આ સમગ્ર વાણી સરળ અને હૃદયસ્પર્શી છે.

એ વખતના લોકજીવનમાં તીવ્ર ક્રિયાકાંડને વરેલા હોત્રિય બ્રાહ્મણો કે એ જાતના ધાર્મિક અનુષ્ઠાનો કરનારી વ્યક્તિઓ સાથે જૈન ત્યાગી મુનિની અથડામણ થતી, એવું પ્રકરણ જયઘોષ મુનિનું છે.

જયઘોષમુનિ યજ્ઞ મંડપમાં જઈ ચડે છે. ત્યાં એમનો પ્રતિકાર થાય છે. એ વખતે શાસ્ત્રકારે શબ્દો ટાંક્યા છે કે– **णविरुट्ठो, णवितुट्ठो, उत्तमट्ठ गवेसओ** આ સંઘર્ષમાં નિર્ગ્રંથમુનિ જરા પણ રુષ્ટ થતા નથી, બહારના કારણોથી તુષ્ટ પણ થતા નથી, ઉત્તમ અર્થની ગવેષણા અને ઉત્તમ અર્થની અભિલાષા સાથે વિવાદમાં ઉતરે છે, સત્ય સમજાવે છે અને એ વખતના સરળ સ્વભાવી આ બ્રાહ્મણ વિદ્વાનો મુનિને સાંભળે છે, સમજે છે અને ઉત્તમ ત્યાગને વરે છે, પ્રતિકાર મૂકીને સત્કાર કરે છે. આખા પ્રકરણમાં

આવી નાજુક ક્ષણોમાં સાધકોએ કેવી માનસિક સમતુલા જાળવવી જોઈએ તેનું પ્રદર્શન થયું છે.

હવે અહીં આપણે 'અષ્ટ પ્રવચન માતા' વિષે એક પેરેગ્રાફમાં થોડું તાત્ત્વિક વિવેચન કરી આ 'ઉત્તર ઉપદેશની સમીક્ષા' સમાપ્ત કરીશું.

જૈન દર્શનની બે ધારા– સમિતિ અને ગુપ્તિ, પ્રવૃત્તિ અને નિવૃત્તિ. એ બંનેને ગંભીરતાથી સમજવાની જરૂર છે. જો કે અમે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ વિષે એક નિબંધ તૈયાર કર્યો છે, જે પ્રકાશિત થવા સંભવ છે. એટલે અહીં ઈશારો માત્ર કરશું.

કેટલાક એમ માને છે કે– જૈનધર્મ નિવૃત્તિ પ્રધાન છે. વસ્તુતઃ આ કથન એકાંતવાદી બની જાય છે. જૈન તત્ત્વજ્ઞાન અનેકાંતવાદી છે, કોઈ પણ જીવંત દર્શન કે જીવંત વ્યક્તિ એકાંત નિવૃત્તિ પ્રધાન બની શકે નહીં. પ્રવૃત્તિ એ ચાલવાની ક્રિયા છે અને તેમાં આવતા વિઘ્નોને ટાળવા તે નિવૃત્તિની ક્રિયા છે. જો પ્રવૃત્તિ ન હોય તો નિવૃત્તિ શેની કરવાની ? નિવૃત્તિનો અર્થ શૂન્યતા નથી પરંતુ પ્રવૃત્તિમાં જે સ્ખલના થાય છે અથવા સ્ખલનાના કારણો ઉદ્‌ભવે છે તેનાથી બચી સાધનાને ગતિપ્રદ રાખવી. તાત્પર્યએ છે કે શુદ્ધ પ્રવૃત્તિમાં અશુદ્ધ પ્રવૃત્તિ બાધક બને છે, તો અશુદ્ધ પ્રવૃત્તિને ટાળવી તે નિવૃત્તિ છે અને પ્રવૃત્તિનું ચક્ર તો ગતિમાન છે જ.

જેમ પાણીની શુદ્ધ ધારા વહેતી હોય, તેમાં કોઈ અશુદ્ધ ધારા મળી સંપૂર્ણ ધારાને ગંદી કરે, તો અશુદ્ધ ધારાને ટાળવી, પરાઙ્‌મુખ કરવી, રોકવી, તેને દૂર કરવી; તે નિવૃત્તિ છે અને શુદ્ધ ધારાને ચાલુ રાખવી તે પ્રવૃત્તિ છે.

જુઓ– મનોગુપ્તિમાં પણ સત્યમય ચિંતન ધારાને નિવૃત્તિમાં જ મૂકી છે. તેનો અર્થ એ થયો કે નિવૃત્તિ કે પ્રવૃત્તિ બંને ઉપલક્ષ્ય શબ્દ છે. વસ્તુતઃ બન્નેનું નિશાન એક જ છે, 'સમિતિ' એટલે સમ્યક્ પ્રકારે ગતિ અને 'નિવૃત્તિ' એટલે અસમ્યક્ ભાવોને ટાળવા. 'નિવૃત્તિ' એ સમિતિની પૂરક છે. તો જૈનદર્શન એકાંત નિવૃત્તિવાદી કેમ કહી શકાય ? વસ્તુતઃ જૈનદર્શન શુદ્ધ પ્રવૃત્તિવાદી છે. જેથી ભગવાને 'સમિતિ' શબ્દ પહેલો મુક્યો છે.

કર્મના બધા સંયોગો સમાપ્ત થતા અંતે અયોગી આત્મા સમગ્ર પ્રવૃત્તિથી પરિનિર્વાણ પામી, મહાગુપ્તિમાં સ્થિર થઈ જાય છે. ત્યાં 'ગુપ્તિ'ના ભાવો પણ શેષ થઈ જાય, કારણ કે મન, વચન, કાયાના યોગ નથી તો 'ગુપ્તિ' કોની ?

સાર એ થયો કે– 'સમિતિ' અંતિમ ક્ષણ સુધી સાથ આપી, 'ગુપ્તિ'થી પણ 'પરે' એવા અયોગી સિદ્ધ સ્થાનમાં જીવને પહોંચાડી, સ્વયં વિલુપ્ત થઈ જાય છે. ખરેખર!

'સમિતિ-ગુપ્તિ'ના ભાવો અલૌકિક છે, જૈન તત્ત્વજ્ઞાનમાં તેના ઉપર તત્ત્વવિદો એ પ્રકાશ પાથરીને મોતી વેર્યા છે.

**ઉપસંહાર–** અહીં 'ઉત્તર ઉપદેશ'ની આ સમીક્ષા સમાપ્ત કરતાં ઉત્તરાધ્યયન સૂત્રના આ અતિ પવિત્ર અધ્યયનો વાગોળતા અમોને અનહદ આનંદ થયો છે અને ઉત્તમ પ્રકારના આધ્યાત્મિક રસોનું જે આસ્વાદન થયું છે, તે ખરેખર અકથ્ય છે. તેથી ઉત્તરાધ્યયનનાં પાઠકોને અને સુજ્ઞ વાચકોને અમારી ભાવભરી પ્રેરણા છે કે– ઉત્તરાધ્યયન વાંચો, વિચારો, સ્વાધ્યાય કરો, તેનું પારાયણ કરો, તો પદે-પદે ભગવાનની વાણીનો નંદીઘોષ સંભળાશે.

'ગુરુપ્રાણ ફાઉન્ડેશન'ના કાર્યકર્તાઓ અને તેમાં સંલગ્ન થયેલા વિદ્વાન સંત તથા સતીજીઓએ જે ભગીરથ પ્રયાસ કર્યો છે અને તેમાં એકબિંદુ માત્ર અમોને સંલગ્ન થવા માટે જે ઉત્તમ અવસર અર્પણ કર્યો છે, તે બદલ તેમના ઉપકારને વ્યક્ત કરવા માટે કોઈ શબ્દ નથી. તેઓએ ભગીરથ પ્રયાસ કરી, ગુજરાતની પ્રજાને જૈન આગમોનું આલોકન કરવા માટે શાસ્ત્ર પદ્માકરનું નિર્માણ કર્યું છે. તેનો બદલો ગુજરાત કે ગુજરાતી જનતા ક્યારે ય પણ પૂરો કરી શકશે નહીં. આ આગમ પ્રકાશનથી અઢી હજાર વર્ષ પહેલાનું મગધ અને તેના પાર્શ્વવર્તી બીજા પ્રદેશોની તે વખતની ધમધમતી સંસ્કૃતિ સાથે અર્વાચીન ગુજરાત માટે એક મહાન મહાસેતુ બનાવ્યો છે. વિદ્વાનો જેના ઉપર યાત્રા કરી, બંને સંસ્કૃતિઓનું અધ્યયન કરી, એક ઊંચું તાદાત્મ્ય સ્થાપિત કરશે, તે નિશ્ચિત છે. પુનઃ બધાને હાર્દિક ધન્યવાદ સાથે આનંદ મંગલં....

**જયંતિમુનિ**
**પેટરબાર**

# સંપાદકીય

## અપૂર્વ શ્રુતઆરાધક બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.

***સઘળી સમસ્યાનું સમાધાન એક જ છે કે સમભાવમાં સંચરણ કરવું.***
***વીતરાગ બનવા વિનય–વિવેકથી વિરતિમય બની વિચરણ કરવું.***
***એવા અનેક ઉપાયો દર્શાવતું આગમ આવી રહ્યું તવ કર કમળમાં.***
***તીર્થંકર ગણધરાદિની પ્રસાદી સમજી સ્થિત થઈ જાઓ સ્વરૂપાલયમાં.***

પ્રિય પાઠક ! સજ્જન ગણ !

વિશ્વવિખ્યાત અરિહંતના શ્રીમુખે આખ્યાત, ૠષિગણોના રોમરોમમાંથી પસાર થઈ વચનયોગથી વ્યાખ્યાત, અનેક પંડિત પુરુષોની યુક્તિ, ટીકા, ગુણ, ગાથા, ટબ્બાદિ પ્રવચનોથી પ્રખ્યાત, ત્રિશલાનંદન સિદ્ધાર્થપુત્ર ભગવાન મહાવીર સ્વામીની ચરમ દેશનારૂપ પરંપરામાં પ્રસિદ્ધિ પામેલું, એવું શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ભાગ બીજો, "ગુરુપ્રાણ આગમ બત્રીસીનું આગમ રત્ન આપની સમક્ષ પ્રગટ કરી રહ્યા છીએ.

ઉત્તરાધ્યયન સૂત્રના શબ્દો છૂટા પાડતાં ઉત્ = ઊઠ, ઊભો થા અને તર = તરી જા. તૃષ્ણાના તરંગોથી વ્યાપ્ત સંસાર સાગરમાં ઉછળી રહેલા રાગ-દ્વેષાદિના મોજા તને ખેંચીને ડૂબાડી ન દે, માટે સપાટી ઉપર રહીને તારા આત્માનું અવલોકન કરી સંસાર સાગર તરી જા, તે તરવા માટે અધ્યયન = અભ્યાસ કર. આ સૂત્રમાં તરવાના ઉપાયરૂપે અનેક સાધનો, કથાનકો અને દષ્ટાંતોનું આલેખન છે. તું તારી શક્તિ અનુસાર, તને માફક આવે તેવા ઉપાયોને ગ્રહણ કરી લે. તે તે ઉપાયોના આચરણથી આ માનવ તનને શણગારી દે. આ માનવભવ તરવા માટેનું સુચારુ સાધન છે.

ભાઈ ! તને મળેલી દષ્ટિનો ઉપયોગ, તારા આયુષ્ય પ્રાણનું દિવેલ ન ખૂટે ત્યાં સુધીમાં દક્ષતાપૂર્વક અપ્રમત્તભાવે કરી લે. પ્રથમ ભાગનું અવલોકન તો કર્યું જ હશે. તેમાં અસમાધિભાવોથી મુક્ત કરી શકે, તેવા વિનયશ્રુત કલાકલાપથી પ્રારંભીને સનાથભાવની સમાધિ પ્રગટાવે તેવા અધ્યયનો જ્ઞાનીપુરુષોએ દષ્ટાંત દ્વારા તદાકાર કરાવ્યા છે અને તેમાં આત્માની અમરગાથાના ગીત ગાયા છે. તેમજ ક્ષણભંગુર સંયોગી વાતાવરણના સર્જન માટે અવિનયાદિ દુર્ગુણોમાં ઓતપ્રોત થયેલા આત્માને માટે સડેલી કૂતરી, ભૂંડ, મૂર્ખ, બોકડો, અજ્ઞાની માનવાદિના ઉદાહરણ આપી વૃત્તિનો વળાંક વાળવા, શાશ્વત મોક્ષના મહેલમાં લઈ જવા માટે કપિલ, નમિરાજ, હરિકેશી, ચિત્ત–

સંભૂતિ, ઈક્ષુકાર, ચક્રવર્તીઓ, મૃગાપુત્ર, અનાથી મુનિના ચરિત્રો દર્શાવ્યા છે.

આ રીતે શબ્દાર્થ, ભાવાર્થ, વિવેચન સહિત પ્રથમ ભાગ પૂર્ણ કર્યો. હવે એકવીસમા અધ્યયનથી શરૂ થતો આ બીજો ભાગ સોળેકળાએ ખીલેલા શરદઋતુના ચંદ્ર સમો ઉપસ્થિત થાય છે. તેની ચાંદની જ્યાં-જ્યાં રેલાશે, જે જે વસ્તુઓ પર પડશે, તે તે વસ્તુને પ્રકાશિત કરશે. પોતે પણ પ્રકાશિત થશે અને બીજાને પણ પ્રકાશિત કરશે.

જૈન શાસનરૂપ નિર્મળ આકાશમાં સર્વજ્ઞ, સર્વદર્શી જિનેશ્વરરૂપ ચંદ્રની જ્યોત્સ્ના રેલાઈ રહી છે. ગણધરાદિ સ્થવિર ભગવંતોએ તે જ્યોત્સ્નાની શીતલધારાને ઝીલી હૃદયરૂપ ધરતીને ધવલિત કરી છે, તેમની પાસેથી તે જ્યોત્સ્ના વહેતી–વહેતી આપણી સમક્ષ આવી અને આજે આ ગ્રંથરૂપે પ્રગટ થઈ રહી છે. તેના માધ્યમે આપણે પણ જ્યોત્સ્નાને ઝીલી, હૃદયને નિર્મળ અને ધવલિત બનાવાનું છે. તો હવે નિહાળીએ સોળે કળાની જ્યોત્સનાના પ્રકાશને !

★ પ્રથમકળાના પ્રકાશથી માનો કે ધરતી પ્રકાશિત બની છે. જગતને નિહાળવા એક મહેલની બારી ખુલ્લે છે. પાંચે ય ઈન્દ્રિયના ભોગ ભોગવી પરિતૃપ્ત થયેલો ભોગી પુરુષ પોતાને ધન્યભાગી માની રહ્યો છે, હું કેવો શક્તિશાળી અને સમર્થ છું કે મારી ઈચ્છાનુસાર સઘળું પ્રાપ્ત કરી શકું છું. આવો સુખી બીજો કોઈ છે કે નહીં ? તે જોવા સ્વને મળેલી મહામૂલી કાળી ભ્રમરસમી પારદર્શક કીકીઓનું રક્ષણ કરનાર(પાંપણ) પક્ષ્મલને ખોલી, રાજપથ પર ફેલાવી, પ્રથમ નજરે જ કરુણ દશ્ય નિહાળ્યું. દશ્ય વિચિત્ર હતું, અજાયબી પમાડે તેવું હતું, છતાં વ્યાજબી ભાવો દેખાડે તેવું હતું. બે કીકીએ કમાલ કરી. હટ્ટો-કટ્ટો માનવ, શરીરના આકારમાં અમે બન્ને સરખા. હું રાજમહેલમાં પલંગ ઉપર અને પેલો અવળા ગધેડા ઉપર, મેં સોનાની માળા પહેરી છે અને પેલાએ લાલ કરેણની માળા પહેરી છે, મારે ત્યાં બત્રીસ બદ્ધ નાટક સહિત વાજિંત્ર વાગી રહ્યા છે અને તેની આસપાસ અનેક લોકોની વચ્ચે ફૂટેલો ઢોલ વાગી રહ્યો છે. પેલાની આંખો દયામણી છે, છોડાવો, છોડાવોની આરજૂ કરી રહી છે, રાજપુરુષોએ તેને સાંકળથી બાંધ્યો છે અને છૂટી ન શકે તેના માટે પોલીસો તેની આસપાસ ફરે છે. તેને વધ્ય સ્થાને લઈ જઈ રહ્યા છે, હજારો લોકો નિહાળે છે પણ પેલા અપરાધીને કોઈ છોડાવી શકતું નથી, તે શૂળીથી સોંસરવો વિંધાઈ જશે. અહાહા.... આવા સુંદર શરીરની વેદના કેવી અસહ્ય અને મર્મકારી હશે. લોહી-માંસ છૂટા પડી જશે, પરિવાર માટે કરેલા કાવાદાવાનો ભોગ બની બિચારો એકલો ચાલ્યો જશે ! હું પણ એવા જ સંજોગોમાં બંધાયેલો છું ને ! તેના એક ગુન્હાનું ફળ આવું ભયંકર છે તો બાકીના ગુન્હાને ભોગવવા ક્યાં જવું પડશે ? તેના ફળ કેવા ભયંકર હશે ? ત્રાહી-ત્રાહીમામ્ પોકારી જવાશે ? નહીં... નહીં મારે આ

ભવને એળે ગુમાવી દેવો નથી. હું સુખી નથી, સુખાભાસમાં રમી રહ્યો છું, સ્નેહપાસથી બંધાઈ રહ્યો છું. આવો વિચાર કરી તેમને મળેલી પોયણા સમી આંખોને બંધ કરી આત્મદર્શન કર્યું એવા સમુદ્રપાળ, ચંપાનગરીના રહેવાસી, રૂપિણી દેવીના ભરથાર, વૈરાગી બની, સંસારનો સર્વથા ત્યાગ કરી, સંસાર સાગરમાં પોતાની સંયમ અને તપની પાળ બાંધી, સંવરભાવમાં આવી સર્વવિરતિમય બની ગયા અને મોક્ષ પ્રાપ્ત કર્યો, તેનું સુંદર ચિત્ર રજૂ કરતું એકવીસમું અધ્યયન, તેની ૨૪ ગાથા વાંચી તૃપ્ત થાઓ.

★ બીજી કળાના પ્રકાશે દશ્ય બીજું દષ્ટિ ગોચર થાય છે. તે દશ્યમાં એક સાધકની દષ્ટિ ઉન્મિલીત નેત્રવાળી, સમાધિભાવમાં તલ્લીન આત્મદર્શન કરવા માટે નિર્જન સ્થાન, રૈવતગિરિનો અડોલપહાડ, તેમાં એક ગુફા, તેની અંદર આસીન થયેલી શાંત મુદ્રા, ચિત્તની નિર્મળતા, એકાગ્રતા, જ્ઞાનનો ગુંજારવ, સ્વરૂપદશા પ્રગટે તેવી સ્વાધ્યાયની અર્થપોરસી– શાસ્ત્રના અર્થ ચિંતનનો સમય, હાથ-પગ અને ઈન્દ્રિયનો સંયમ, ભાવનાથી ભીંજાઈ રહેલું હૃદયકમળ, ઊંડાણમાં ઉતરવાની પ્રયત્નપૂર્વકની પૂર્ણ તૈયારી હોવા છતાંય કર્મનું ઘમસાણ ભજવતી વેદમોહનીય કર્મની પ્રકૃતિ ઉદયમાં આવી. તેમણે વાસનાને મોકલી, વાસના અંતરંગમાંથી ઉઠીને ઉપાસના કરી રહેલા મુનિરાજ પાસે આવીને કહે છે. ઊઠ, ઊભો થા, કેવું સુંદરરૂપ, લાવણ્યમય કાયાવાળી કોમલાંગી સ્ત્રી તારી સન્મુખ આવી છે. ચાલ, તેના લચીલા અવયવો તને દેખાડું, અંધારી ગુફાનો ઝળહળાટ જોઈ લે, પછી કરજે તારી ચેતના દેવી પાસે જવાની તૈયારી, હું જા ! તારી આંખમાં બેસી જાઉં છું... બેસી ગઈ ! બેસી જઈને વાસનાએ નિર્મળનેત્રને રાજસી ભાવનાથી રંગી દીધા, લાલ બનાવી દીધા. અર્ધખુલ્લા નેત્ર પૂરાં ખૂલી ગયા અને વાસનાએ સંસારનું દશ્ય દેખાડયું. મુનિરાજનો કાયોત્સર્ગ તૂટી ગયો, કાયાની માયા લાગી, ઈન્દ્રિયના ગુલામ બન્યા, ઊભા થઈ બેશરમ બની પેલી દેખાતી, વરસાદથી ભીંજાયેલી, રમણીય નાજુક કાયાવાળી રત્નત્રયારાધિકા રાજેમતી સાધ્વીની સામે આવી ઊભા રહ્યા. કામાસક્ત મહાપુરુષે દીનતાપૂર્વક ભોગની ભીખ માંગી પરંતુ લીલવિલાસના ભોગથી ખરડાયેલા ભિક્ષાપાત્રના એકાએક-અચાનક વાગ્બાણે ચૂરેચૂરા કરી નાંખ્યાં, મુનિરાજે ઉપર જોયું ત્યાં દેખાણી પેલી ચારિત્રશીલા જાજ્વલ્યમાન સાધ્વી, તેના મુખકમળમાંથી બાણ છૂટીને આવ્યું હતું. મુનિરાજ સાવધાન બની ગયા, સમજી ગયા અને સમાઈ ગયા સ્વરૂપમાં ! રથનેમિના સંયમરથના બ્રહ્મચર્ય અને તપરૂપી બન્ને ચક્ર જુદા પડી ગયા હતાં, તે પાછા એક ધરીમાં વ્યવસ્થિત ગોઠવાઈ ગયા. ધન્ય હો મહાપુરુષ રથનેમિને ! અને તેના રથના ચક્રોને ધરી ઉપર ગોઠવી દેનારી આર્યા રાજેમતીજીને ! યદુકુલ ભૂષણ શિવાદેવી એવં સમુદ્રવિજયના નંદન, જેઓ પશુના પોકાર સાંભળી લગ્નના માંડવડેથી પાછા ફર્યા હતા. તેવા નેમનાથના પગલે-પગલે ચાલી

હતી તે રાજેમતી, અખંડ બાળ બ્રહ્મચારિણી સાધ્વીના વચનરૂપી વાગ્બાણની તાકાતે ભોગાસક્તિના ભાવોને ભેદીને અનાસક્તયોગી બનાવી દીધા હતા.

આ દશ્ય પણ દષ્ટિનું છે, જે વાંચીને વિચારશે તેઓ પણ અનેક સાધુને શીલાચારી બનાવી શકશે. આ કાળમાં બાવીસમું અધ્યયન સંતો અને સતીજીઓ માટે કલિયુગના કલ્પવૃક્ષ સમું છે. ચારિત્રવાન સતીઓ વિષપાન કરનારા શિથિલાચારી વ્યક્તિઓને અમૃતપાન કરાવશે. ૫૧ ગાથાથી આ અધ્યયનનો અભ્યાસ કરી, ચારિત્રની ઉજ્જવળ ચાંદની ચમકાવો અને બ્રહ્મચર્યનું મહાત્મ્ય માણો.

★ ચંદ્રની ત્રીજી કળાનો પ્રકાશ એક ઉદ્યાનને અવભાસિત કરે છે. તે ઉદ્યાન વનરાજીથી સુશોભાયમાન તો છે જ પરંતુ ત્યાં એક અદ્ભૂત અલૌકિક કૌતુક બન્યું છે. વાત એમ છે કે ઉદ્યાનમાં સ્વચ્છ, શાંત, મનોરમ્ય એક જબ્બરદસ્ત મેદાન છે. તેમાં શિલાપટ્ટક છે. તેના ઉપર બિરાજમાન બે મહાપુરુષો, ગગનમાં સૂર્ય-ચંદ્રની જેમ શોભી રહ્યા છે. તે બન્ને મહાપુરુષની સન્મુખ મૂક હંસોની પંક્તિઓ સમાન બન્ને બાજુ મુક્તાફલને આરોગવા, હાથજોડી, નેત્રઢાળી, મસ્તકને નમાવી, પુલકિત હૃદયે ઉત્કટ આસને બેઠેલું જિજ્ઞાસુ શિષ્યવૃંદ શોભી રહ્યું છે. માન સરોવરમાં જેમ હંસો મોતીનો ચારો ચરવા દૂર સુદૂરથી ઊડીને આવે છે અને સરોવરની શોભામાં અભિવૃદ્ધિ કરે છે, તેમ આ શ્રેષ્ઠ સાધ્વાચારથી શોભતા મુનિવૃંદો તિંદુક ઉદ્યાનને શોભાવી રહ્યા છે. શિષ્યો મૌનપણે જિજ્ઞાસા દર્શાવે છે, કેશીસ્વામી તે જિજ્ઞાસાને ગૌતમસ્વામી સમક્ષ પ્રસ્તુત કરે છે અને તેના જવાબ ગૌતમસ્વામી આપે છે. શ્રોતાવર્ગ શ્રવણેન્દ્રિય દ્વારા ઝીલી-ઝીલીને વિનય-વિવેકપૂર્વક તેને સ્વીકારે છે, તેની શોભાને નીરખવા દેવલોકના દેવો અને માનવ મહેરામણ ઊમટયો છે. બધા મૌન અને શાંતભાવે આહ્‌લાદકારી ઉદ્યાનની શોભાને નીરખી-નીરખીને પી રહ્યાં છે. આચાર ધર્મથી(ચાર મહાવ્રત-પાંચ મહાવ્રતથી) લઈને નિર્વાણ ધ્રુવ, શાશ્વત, સિદ્ધાલય સુધીના તેમાં ૧૨ પ્રશ્નો અને તેના સચોટ ઉત્તરો છે. ૮૯ ગાથા છે. જેમાં ચિત્તને ચમત્કાર ઉપજાવે તેવું અનુપમ તત્ત્વ ભર્યું છે. નાના-મોટાના ભેદ ભૂલી, છૂટા છવાયા, ગચ્છ-વાડા છોડી, એકતાનું એકીકરણ કરાવે તેવું આ અધ્યયન છે, પ્રભુ પારસનાથના સંત કેશીસ્વામી ચાર મહાવ્રતધારી હોવા છતાં પાંચમા મહાવ્રતનું નામ અલગ કરી પાંચ મહાવ્રતની પ્રરૂપણા કરનાર પ્રભુ મહાવીરના શાસનમાં સમ્મિલિત થઈ ગયા, બધા એક સમાન વેશ અને આચાર વિચાર સ્વીકારે તો જ અરિહંતનો માર્ગ દીપે. અજ્ઞાનીજનો પણ જિનેશ્વરોનું શાસન પામી જ્ઞાની બને, તેવી અનૂઠી રીત સ્વીકારી. આ છે નિર્ગ્રંથ પ્રવચનનો મહિમા. પંચમ આરાના તીર્થંકર વિના ગરીબ બનેલા ચતુર્વિધ સંઘ માટે અર્થાત્ આપણા માટે દુઃષમકાળમાં જ્ઞાનામૃતનું ભોજન કરાવે અને રાહત આપે તેવું આ અધ્યયન છે. તો આરોગો આ અધ્યયનની એકેક

ગાથાને !...

★ ચોથી કળાનો પ્રકાશ વધારે તેજસ્વી બની આભા પાથરે છે. તેથી તેમાં સંત-સતીજીના આચાર-ગોચર નજર સમક્ષ આવે છે. તીર્થંકરોના શિષ્યો સંપૂર્ણ અહિંસામય અખંડ આચાર પાળે છે. શરીર દૂબળા કે સ્થૂલ, જાડા કે પાતળા હોઈ શકે છે, સંઘયણમાં પણ ફરક હોઈ શકે છે પરંતુ આચારમાં ફરક હોતો નથી. દરેક સમયે, દરેક પળે આ માર્ગ સરખો હોય છે માટે જ તેનું નામ સમિતિ અધ્યયન રાખ્યું છે. સંત-સતીજીની રીત-રસમ, ચાલવાની-બોલવાની, આહારાદિ લેવા જતાં એષણાની, વસ્ત્ર-પાત્ર લેવા-મૂકવાની અને નિહારાદિ પરઠવાની રીત અહિંસામય કેવી હોય તેનું વિશ્લેષણપૂર્વક વર્ણન કરેલું છે. જુઓ આ દશ્ય દિવ્ય દષ્ટિથી ! ઈરિયાસમિતિ શોધીને ચાલતો સાધક, ભાષાસમિતિપૂર્વક પ્રશ્નોના જવાબ આપતો સાધક, નીચી દષ્ટિ રાખી એષણા સમિતિથી આહાર શુદ્ધિનું ધ્યાન રાખી આહાર લેતો સાધક, વસ્ત્ર-પાત્રનું પ્રમાર્જન- પ્રતિલેખના કરતો સાધક, નીચો વળીને નિહારાદિને પરઠતો સાધક, જેની એક-એક ક્રિયા કર્મ નિર્જરા માટે જ હોય તેને આળસ-પ્રમાદ પરવડે નહીં. આળસ-પ્રમાદ સેવે તે સાધક પાપશ્રમણ કહેવાય. તેના શ્રમણપણામાં પાપનું વિશેષણ લાગી જાય છે. આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સાધકની ક્ષણેક્ષણે રખેવાળી કરતી હોય છે કારણ કે એ માને છે કે મારે આંગણે આવેલો સાધક અશુભ કે અશુદ્ધ દશામાં ચાલ્યો ન જાય, તેવી કાળજી રાખવા માટે મનના દરવાજે, વચનના દરવાજે અને કાયાના દરવાજે ગુપ્તિ દ્વારપાલિકા બનીને ઊભી રહે છે. બાલ સાધકને પવિત્ર રાખવા હરહંમેશાં પ્રયત્નશીલ રહીને સિદ્ધાલયમાં પહોંચાડે છે. આ અધ્યયનની ૨૭ ગાથાના દરેક પદને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વાગોળશો તો વૈરાગી બની જશો.

★ પાંચમી કળાના અજવાળે જુઓ, સંતોનું બાહ્ય આભ્યંતર દરેક કાર્ય અહિંસામય હોય છે, એ અહિંસામય કાર્ય થાય કયારે ? આત્મ પરિણામ ઉજ્જવળ હોય તો જ થઈ શકે. ઉજ્જવળ પરિણામ થાય કયારે ? અનાદિની આદત, અજ્ઞાન, હિંસા, અસત્ય, ચોરી વગેરે અવ્રતના સંસ્કારોનો હોમહવન કરે ત્યારે, તેના માટે આભ્યંતર યજ્ઞ રચવો પડે છે. તે આભ્યંતર યજ્ઞ કેમ રચાય ? હોમ કોનો કરાય ? તેવું જ્ઞાન આપતું ઉત્કૃષ્ટ ઉદાહરણ જયઘોષ-વિજયઘોષ બન્ને સગા ભાઈઓના માધ્યમે મસ્તી જમાવે તેવું છે. ૪૫ ગાથાનું આ અધ્યયન છે, તેને તમે ખુદ વાંચીને મોજ માણો.

★ છઠ્ઠી કળાના પ્રકાશમાં નીરખો, દશ મંત્રને જપતાં મુનિરાજો. ગુરુદેવ બિરાજે છે. અનેક મુનિરાજો તેમના પાવન સાંનિધ્યમાં સંયમનું પાલન કરી રહ્યા છે. તેમાંથી કોઈ સંત **આવસ્સહિ**નો મંત્ર જપીને, બહાર જાય છે. તો કોઈ મુનિરાજ **નિસ્સીહિ**નો

જાપ જપીને કહે છે કે હું આવી ગયો છું, કોઈ મુનિરાજ પૂછે છે પ્રભો ! **હું શું કરું** સ્વાધ્યાય કે વૈયાવચ્ચ, તો કોઈ મુનિરાજ બીજા સંતના કાર્યમાં જોડાઉં કે નહીં તે **પૂછે છે** અને કોઈ સાધક ગુરુ ભગવંતે આપેલા આહાર માટે વડીલ સંતને **આમંત્રણ** આપીને કહે છે, પ્રભુ મને તારો, મારો આહાર સ્વીકારો, આ રીતે **ઈચ્છા** પ્રગટ કરે છે, તો કોઈ કહે છે કે મારે આ તપ કરવાની ઈચ્છા છે, કોઈ લાગેલા પાપનું પ્રાયશ્ચિત લેવા **મિચ્છાકાર** બોલે છે, કોઈ ગુરુદેવનો ઉપદેશ આજ્ઞા ઝીલતો **તથ્યકાર** કહે છે, તો કોઈ ગુરુદેવ પધારે ત્યારે **ઊભો થાય** છે, કોઈ **સેવા-પર્યુપાસના** કરી અનન્ય લાભ લે છે.

આ રીતે છવ્વીસમું અધ્યયન સાધકની દિનચર્યા, રાત્રિચર્યાના કાર્યમાં રત મુનિરાજોને કલરવ કરાવતું ભારંડપક્ષી સમ અપ્રમત્ત દશામાં ઝુલાવતું, વૃંદાવન સમું, કાળનું માપ દર્શાવતું, સાધક જીવનની જાત્રા-માત્રાનું જીવતું જાગતું ઘટિકાયંત્ર છે. આ યંત્ર પ્રમાણે સાધકના દસ મંત્રો સહિતની ક્રિયા કલાપવાળી ૫૩ ગાથાની સમાચારી જોઈ સાધક કાર્ય કરે તો તે સંયમી જીવન સુખપૂર્વક સફળ બની શકે છે.

★ સાતમી કળાના પ્રકાશમાં જુઓ, જે સાધક જીવનને વફાદાર રહેતો નથી, તે રાહ ઉપરથી નીચે ઉતરી જાય છે. સમાચારી પ્રમાણે આચરણ કરતો નથી, તે પોતે દુ:ખી થાય છે અને ગુરુદેવોની અશાતના કરી બન્ને લોક બગાડે છે. તેને ગળિયા બળદની ઉપમાથી ઉપમિત કર્યા છે. ગુરુભગવંત કેવા શાંત = સમરસી, સમાધિમય જીવન જીવે છે અને શિષ્ય તેની સામે અવિનયનો કેવો કાદવ ઉછાળે છે ! અંતે ગુરુ, શિષ્યોનો ત્યાગ કરી સમાધિ સાધી મોક્ષમાં જાય છે. સમાધિ સાધવા કેવો પુરુષાર્થ કરવો જોઈએ, તેની શિક્ષા આપી છે. નિષ્કર્ષ એ જ છે કે સમભાવમાં સંચરણ કરવું, જીવનના દરેક સંયોગનો ત્યાગ કરવો પડે તો કરવો પરંતુ સમભાવ ન જ ગુમાવવો, તેવી ગુરુભગવંતોએ મીઠી-મીઠી મીઠાઈ પીરસી છે. ગુરુભગવંતો માટે આ ખાસ ખ્યાલમાં લેવા જેવું છે. શિષ્ય એક હોય કે અનેક, સર્વકાળે શાસન એક જ છે કે કષાયાધીન થવાનું કોઈપણ નિમિત્ત ઉપસ્થિત થાય ત્યારે સમાધિનો માર્ગ શોધી લેવો જોઈએ. આ અધ્યયન ફક્ત ૧૭ ગાથાનું છે. જેને વાંચીને જો આવા કોઈ અવિનય આદિ દુર્ગુણ હોય તો ત્યાગ કરતા શીખો.

★ આઠમી કળાને અજવાળે જુઓ, મોક્ષમાર્ગની સમાધિ સાધવા અધ્યાત્મ ભાવમાં સરકવું પડે છે. ત્યારે ત્યાં કષાયથી બાંધેલા કર્મજગતના અંધારામાં જ્ઞાન-દર્શનની જ્યોત કેમ જગાડવી, જીવના લક્ષણો, અજીવના લક્ષણો તે બન્ને એક સાથે એક ક્ષેત્રે રહ્યાં છે, તેને અલગ રીતે કેમ ઓળખવા ? તેનું વર્ણન છે. તે ઉપરાંત છ દ્રવ્યના સહકારે ઉપચારથી થતી ક્રિયા કેવો ભાવ ભજવે છે, ચાર દ્રવ્ય તો ઉદાસીન દ્રવ્ય છે. જીવ અને પુદ્ગલ આ

બે દ્રવ્ય અને તેનાથી ચાલતું સંસારચક્ર, તેમાં ય જીવ અરૂપી હોવા છતાં ય રૂપી દેખાય છે, રૂપી પણે જ ઓળખાય છે. આ ઓળખ, એકાંતે ન થઈ જાય તેના માટેનું આ અધ્યયન અનેરી ભાત પાડે છે. આત્માની શુદ્ધ ઓળખ માટે, બધા દ્રવ્યના સ્પેરપાર્ટ જુદા કરી-કરીને લક્ષણ બતાવીને જીવનું લક્ષ બંધાવ્યું છે માટે મોક્ષમાર્ગ નામનું ૨૮મું ૩૬ ગાથાનું અધ્યયન છે. રાગ-દ્વેષને કાઢો, તેનાથી ઉપાર્જન કરેલા કર્મના સંયોગ સંબંધ તોડો તો જ પરમશાંતિ પામી શકશો; તે માટે નિર્ગ્રંથ બનવું જરૂરી છે કારણ કે ચારિત્ર અંગીકાર કર્યા પછી, મુનિ દીક્ષા લીધા પછી મોક્ષમાર્ગમાં ગતિ-પ્રગતિ થાય છે. આ મોક્ષમાર્ગની આરાધનાનું અર્થાત્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના સુમેળપૂર્વકનું વર્ણન ઉપસ્થિત કર્યું છે. તેનું ઘોલન કરી આત્મદ્રવ્યને અલગ કરવાની પ્રતિદિન ટેવ પાડો.

★ નવમી કળાના અજવાળે જીવ દ્રવ્યની ઉન્નતિનો ક્રમ સૂક્ષ્મ દષ્ટિથી આ અધ્યયનમાં અવલોકન કરવા યોગ્ય છે. પંચાસ્તિકાયના સ્વરૂપને જાણીને પોતાની ઓળખ કરી લીધી હોય તો પોતાની ઓળખમાં પોતે જ ઊંડો ઉતરે છે ત્યારે પ્રથમ આનંદનો વેગ આવે છે, જાણે કે ઘુઘવાટ કરતો સમુદ્ર ન હોય ! આ વેગ સત્ય સમજણ-વાળો હોવાથી સંવેગ કહેવાય છે. તે સંવેગી આત્મા અનુત્તર ધર્મની શ્રદ્ધા કરે છે, મિથ્યાત્વ વમીને સમકિતી થાય છે. તેથી બમણાં સંવેગવાળો થાય છે અને વિષય વાસના ભણી દોડતી વૃત્તિ થંભી જાય છે, નિર્વેદ ભાવને પામી સ્વ સન્મુખી બને છે, સત્ય ધર્મ સમજી શ્રદ્ધાવાન બને છે, તેથી તે વૃત્તિવાળા જીવને ગુરુવર્યો આદિની સેવા શુશ્રૂષાના અહોભાવ જાગે છે. તે સાધકનું પરાક્રમ અનુક્રમે શુદ્ધિ તરફ વહે છે અને કરેલા પાપની આલોચના કરતો, સ્વદોષ–મિથ્યાત્વાદિની નિંદા કરતો, ગુરુ સન્મુખ પોતાના દોષો દર્શાવતો, સમભાવરૂપ સાચી સામાયિક સ્વીકારી, ચોવીશ તીર્થંકરની સ્તુતિ ગાતો, તેમને વંદન કરતો, પાપથી પાછો ફરતો, કાયાની માયાનો વ્યુત્સર્ગ કરવાની આદત પાડતો, પચ્ચક્ખાણમાં રુચિવાળો, સ્તવસ્તુતિનું મંગલ ગીત ગાતો, પાપના ભારથી મુક્ત થતો, સર્વ જીવોની ક્ષમાપના લેતો, સ્વાધ્યાયમાં લીન બનતો, વાંચના-પૃચ્છના-પરિવર્તના-અનુપ્રેક્ષા-ધર્મકથામાં જોડાતો, શ્રુતજ્ઞાનની આરાધના કરે છે. મન ચંચળ ન બને માટે ચિત્તની એકાગ્રતા સાધતો, સંયમ-તપના સાધનથી કર્મનો નાશ કરતો, સુખશીલતા છોડતો, મમત્વમાં નહીં બંધાતો, દુનિયાના રંગનો સંગ ન લાગી જાય માટે વિવિક્ત શયનાસનને શોધી, ચારિત્રની શુદ્ધિ કરતો, વિશેષતઃ સંસારી કાર્યથી નિવૃત્ત થતો, સંભોગના પ્રત્યાખ્યાન કરતો, દેહ ઢાંકવા જેટલી ઉપધિ વસ્ત્ર-પાત્ર રાખીને વધારાનો ત્યાગ કરતો, આહારાદિના ત્યાગ સાથે કષાયનો ત્યાગ કરતો, યોગનો પણ ત્યાગ કરતો, અરે પ્રિયમાં પ્રિય શરીરનો મોહ ઉતારતો, કર્મક્ષય કરવામાં કોઈની સહાયતા ન લેતો, ભોજનનો ત્યાગ કરતો, વિભાવમાં જનારા સ્વભાવનો ત્યાગ કરતો, સાધુતાની સાચી

ક્રિયામાં લીન બનતો, સર્વગુણને પ્રગટ કરવાની તાલાવેલી જગાડતો, વીતરાગદશાનો અનુભવ કરવા ક્ષમા, નિર્લોભતા, માર્દવ, આર્જવ, ભાવ સત્ય, કરણસત્ય, યોગ સત્ય પ્રાપ્ત કરી મન, વચન, કાયાને ગોપવતો, મન, વચન, કાયાની સમતુલ્યતા જાળવતો, જ્ઞાન સંપન્ન, દર્શન સંપન્ન, ચારિત્ર સંપન્ન બની, પાંચેય ઈન્દ્રિયોનો નિગ્રહ કરતો, કષાય ઉપર વિજય મેળવતો, રાગ-દ્વેષના બીયારણને શોધી શુક્લધ્યાનની અગ્નિથી બાળી, શૈલેશીકરણના શિખરે પહોંચી પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરે છે. તે પ્રગટ કર્યા પછી સંપૂર્ણ કર્મનો ક્ષય કરી મોક્ષગામી બની જાય છે. સમ્યક્ પરાક્રમનું આ અધ્યયન આત્માના અનંતગુણો પ્રગટ કરવાના ૭૩ પગથિયા દર્શાવે છે, આત્મજયી પુરુષ જીવદ્રવ્યને અજીવથી જુદુ પાડી લોકના અગ્રભાગ પર કેમ પહોંચે છે, તેનું દિશાસૂચન દેવાધિદેવે દર્શાવ્યું છે. તેને વાંચીને પાઠકો ! સમ્યક પરાક્રમી બનો.

★ દસમી કળાના અજવાળે, કર્મ સંગ્રામના ખેલાડી સાધકે યોદ્ધાની આયુધશાળાને જોવાની છે, તપરૂપ શસ્ત્ર કેવા પ્રકારના હોય, તેનું વિવિધ વર્ણન દર્શાવ્યું છે. એક-એક શસ્ત્રથી કરોડો કર્મરૂપ યોદ્ધાઓ ઢળી પડે, આવી તીક્ષ્ણધારવાળા હથિયારો હાથમાં ઝાલનાર યોદ્ધાની તાલિમ આ અધ્યયનમાં દર્શાવી છે. ૩૭ ગાથાથી તેની ફોર્મ્યુલા વાંચવા સાબદા થાઓ. આ ૩૦મા અધ્યયનમાં વર્ણવેલી તપ સાધના દ્વારા સાધક ત્રીસ પ્રકારના મોહનીયના સ્થાનોનો પ્રથમ નાશ કરે છે, પછી જ વીતરાગ બને છે.

★ અગિયારમી કળાના અજવાળે, સાધક યોદ્ધાને હથિયારનું જાણપણું આપ્યા પછી બળવાન એવા કર્મશત્રુઓની ઓળખ અસંયમથી લઈને તેત્રીસ બોલ સુધીની ૨૧ ગાથામાં કરાવી છે. તેને ખ્યાલમાં લઈને આશાતનાના ભાવોથી બચો.

★ બારમી કળાના અજવાળે, ગણધર સ્થવિરભગવંતોએ સાધક અણગાર યોદ્ધાને, કર્મશત્રુ રાજાની જાળમાં ફસાઈ ન જાય, તે માટે ખાસ-ખાસ શિખામણ દષ્ટાંતો દ્વારા ૧૧૧ ગાથાથી આપી છે. પાંચ ઈન્દ્રિયના વિષયોમાં લંપટ બનેલા પ્રમાદી આત્માઓ હંમેશાં સંસારના કેદી થઈ જાય છે. તે જાળમાંથી બહાર નીકળવાનું, જાણપણું કરાવ્યું છે તેની નોંધ પાઠકગણ અધ્યયનમાં વાંચીને હૃદયમાં લખે.

★ તેરમી કળાના અજવાળે સ્થવિર ભગવંતો અણગારોને કર્મરાજાના પરિવારની જાણકારી કરાવી રહ્યાં છે. કઈ કઈ કર્મ પ્રકૃત્તિ બુદ્ધિની બાહોશતાને બહેરી કરે છે, દર્શનની શક્તિને હરી લે છે, આત્માની અવ્યાબાધ શક્તિને અટકાવી દે છે, આત્માની દશાને રાગ દ્વેષમય બનાવે છે, નિરંજનદશાને રોકી રંજન કરે છે, ભવભ્રમણની જંજીર પહેરાવે છે, અમૂર્તને મૂર્તના વાઘા પહેરાવે છે. ગુરુલઘુ બનાવી અનંતશક્તિને રોકી વીર્યહીનતાના આભૂષણો સજાવે છે. આ રીતે જ્ઞાના- વરણીયથી અંતરાય સુધીની દરેક પ્રકૃતિનું દર્શન

કરાવી, તેને હટાવવાની વાત બહુ ઝીણવટ-પૂર્વક ૨૫ ગાથામાં સમજાવી છે. તે વાંચી, કર્મપ્રકૃતિનો નાશ કરી સ્વસ્વરૂપમાં સ્થિત થવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

★ ચૌદમી કળાના અજવાળે આત્મ–અધ્યવસાયમાં ક્ષણેક્ષણે થતાં ફેરફારોને જોવાના છે. તેના છ પ્રકાર છે, જેનું નામ લેશ્યા છે. તેની ઓળખ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, પરિણામના દષ્ટાંત સહિત વિવિધ પ્રકારે દર્શાવી છે. લેશ્યાના સથવારે જ અધ્યવસાયના વ્યવસાયને જાણી શકાય છે. ૬૧ ગાથામાં સુંદર ભાવોનું અવગાહન કરી આત્માને લેશ્યાતીત બનાવવો જોઈએ.

★ પંદરમી કળાના અજવાળે સાચો અણગાર કેવો હોય તેનું દર્શન કરવાનું છે. તે જુઓ, સંસારનો ત્યાગ કરતો, સર્વ જીવો પ્રતિ દયાળુ હૃદયવાળો બનતો, આકર્ષક સ્થાનમાં ન લોભાતો, નેત્રને ઢાળતો, વિષય-કષાયની વાર્તા ન સાંભળતો, સુંદર, કોમળ સ્પર્શમાં ન સ્પર્શાતો, રસાસ્વાદમાં લોલુપ ન બનતો, પરિગ્રહની ગાંઠ ન બાંધતો, ક્રય-વિક્રયના ધંધાને છોડતો, ગૃહસ્થીના સંગમાં ન ફસાતો, લુખા-સૂકા આહારાદિમાં સંતુષ્ટ થતો, સત્કાર-સન્માનમાં ન લેપાતો, નિર્મમત્વી નિરહંકારી, વીતરાગભાવ પામી ગયેલો અનાશ્રવી સાધક અણગાર કર્મ સંગ્રામ ખેલી, કર્મક્ષય કરી, કેવળજ્ઞાન પામી શાશ્વત સ્થાનને પ્રાપ્ત કરે છે. આ અધ્યયનની અણમોલ ૨૧ ગાથાનું અવલોકન, અધ્યયન કરી અણગાર ભાવની ચેતના વિકસાવો.

★ સોળમી કળાના અજવાળે, વિશ્વેશ્વર બનવા કર્મસંગ્રામ ખેલી વિશ્વની વિદાય લેતા આત્માનું દર્શન કરવાનું છે, જીવને કર્મ રાજાની સતામણીથી કયા સ્થાનમાં કેટલીવાર જવું પડયું છે, બંધાઈને ગોંધાઈ રહેવું પડયું છે, તેનું સંપૂર્ણ આલેખન ૨૭૪ ગાથાથી જાણવાનું છે, જગતની આખરી અલવિદા લઈને સાધક બધા જીવો સાથે ખમતખમણા કરી, અજીવથી વિભક્ત થઈ, પોતાના સ્વભાવમાં રમણતા કરવા માટે તૈજસ-કાર્મણ શરીરનો ત્યાગ ઓગણત્રીસમા અધ્યયનમાં દર્શાવ્યા મુજબ કરીને કર્મરાજાની સત્તામાંથી છૂટી, નિવૃત્ત થઈ જાય છે અને સાદિ અનંત ભાગે સિદ્ધ પ્રભુ મહાવીર થયા તેમ થાય છે. વિશ્વ કોને કહેવાય ? તે માહિતી આ અધ્યયનથી મેળવવી, મેળવ્યા પછી વિશ્વનો ત્યાગ કરી પોતાની શુદ્ધ દશા પામી, વિશ્વથી કયારે ય ન બંધાય તેવી વિશ્વેશ્વર દશા મને તમને સૌને પ્રાપ્ત થાઓ, પ્રાપ્ત થાઓ તેવી અભિલાષા સાથે વિરામ પામું છું.

સર્વમંગલ માંગલ્યં સર્વ કલ્યાણ કારણમ્ ।
પ્રધાનં સર્વ ધર્માણાં જૈનં જયતિ શાસનમ્ ॥

આ છે આપણા ઉત્તરાધ્યયન મૂળ–સૂત્રનો સાર,

પ્રભુ મહાવીરનો આખરી શુભ સંદેશ... વિનયથી આગળ વધો, વિરતિથી

કર્મ ક્ષય કરો, નવા કર્મ ન બાંધો અને સ્વરૂપમાં લીન બની, અજીવથી વિભક્ત બની, જીવને મુક્ત બનાવી લોકાગ્રે વાસ કરો...

**આભાર–ધન્યવાદ–સાધુવાદ :–**

પ્રસ્તુત આગમના રહસ્યોને ખુલ્લા કરી અણમોલો અભિગમ પ્રેષિત કરનાર, મહાઉપકારી ગોંડલ ગચ્છ શિરોમણિ, પરમ દાર્શનિક, અમારા આગમ કાર્યને પ્રોત્સાહિત કરી આશીર્વાદની વર્ષા વરસાવનારા ગુરુદેવ પૂ. **શ્રી જયંતિલાલજી મ.સા.**નો અનન્ય ભાવે આભાર માનું છું અને શતકોટી સાદર ભાવે પ્રણિપાત નમસ્કાર કરું છું. શ્રદ્ધેય, પ્રેરક, માર્ગદર્શક જેમના પસાયે પૂ. ત્રિલોક મુનિ મ.સા.નો યોગ પ્રાપ્ત થયો છે, તેવા વાણીભૂષણ પૂ. **ગિરીશ ગુરુદેવ**નો સહૃદયતાપૂર્વક આભાર માની વંદન કરું છું.

આ આગમને સુશોભિત બનાવનાર, સુંદર હાર્દના ભાવ ભરી અલંકૃત કરનાર, મૂળ પાઠનું સંશોધન કરી વ્યવસ્થિત કરનાર, આગમ મનીષી પૂ. **ત્રિલોકમુનિવર્ય**ને મારી શતકોટી વંદના પાઠવું છું.

મુનિ પુંગવોના ચરણાનુગામી, ઉત્સાહધરા, પ્રારંભેલા કાર્યને પૂર્ણતાના પગથારે પહોંચાડનારા, આગમ ગુજરાતી અનુવાદ સંસ્કરણના ઉદ્ભવિકા, નિપુણા, કાર્ય નિષ્ઠા, કૃતજ્ઞા, ઉગ્રતપસ્વિની મમભગિની તેમજ સુશિષ્યા સ્વ. સાધ્વી શ્રી **ઉષાને** ધન્યવાદ અર્પું છું.

પ્રસ્તુત આગમના અનુવાદિકા થયા છે– અમારા બારમા નંબરના સુશિષ્યા સુમતિબાઈ મહાસતીજી. જેઓ સદાનંદી તરીકે ઓળખાય છે, તેઓ આનંદી, બુલંદ સુસ્વરકંઠી, વ્યવસ્થાના આયોજનમાં દક્ષ, વ્યવહાર કુશલા, નિડર, સ્પષ્ટ વક્તા, વિદુષી છે. તેઓનું નામ **સુમતિ** છે, તે તેવા જ સમિતિવાન, ગુપ્તિવાન બને અને બીજા ભાગમાં આલેખાયેલા ભાવો અંતરમાં ઉતારી નામ પ્રમાણે ગુણવાન બની રહે, તેવી મંગલ કામના કરું છું, સાથે જ ધન્યવાદ, સાધુવાદ અર્પું છું.

આગમ અવગાહન કાર્યમાં સહયોગી સાધ્વીરત્ના પુષ્પાબાઈ મ., પ્રભાબાઈ મ. એવં ધીરમતી, હસુમતી, વીરમતી સહિત સેવારત રેણુકા–રૂપા આદિ દરેક ગુરુકુલવાસી સાધ્વીવૃંદને અનેકશઃ ધન્યવાદ આપું છું.

સતત પ્રયત્નશીલ, અનેક આગમોનું અવગાહન કરીને અનુવાદની કાયાપલટ કરી, આગમને સરલ, સુમધુર, સંમાર્જિત કરનાર, શબ્દાર્થ-ભાવાર્થ અને વિવેચનનું સંતુલન જાળવી રાખનાર, ભગીરથ કાર્યના યશસ્વી સહ સંપાદિકા મમશિષ્યા-પ્રશિષ્યા સાધ્વી રત્ના ડૉ. સાધ્વીશ્રી **આરતી** એવં સાધ્વીશ્રી **સુબોધિકાને** અભિનંદન સહિત

સાદર ધન્યવાદ આપું છું.

આગમ નિષ્ઠાથી સેવા આપનાર શ્રમણોપાસક મુકુંદભાઈ પારેખ, મણિભાઈ શાહ એવં જયવંતભાઈ શાહ, કુમારી ભાનુબહેન પારેખને ધન્યવાદ.

પરમાગમ પ્રત્યે અવિહડ ભક્તિભાવ રાખનાર ગુરુપ્રાણ ફાઉન્ડેશનના માનદ્ સભ્ય ભામાશા શ્રીયુત રમણિકભાઈ તથા આગમ પ્રકાશન કરવાના અડગ ભેખધારી, દૃઢ સંકલ્પી, તપસ્વિની માતા વિજ્યાબહેન તથા ભક્તિ સભર હૃદયી પિતા માણેકચંદભાઈ શેઠના સુપુત્ર, નરબંકા, રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઈ શેઠ તથા કાર્યાન્વિત શ્રી મહેન્દ્રભાઈ આદિ સર્વ સભ્યગણ; ધીરુભાઈ, વિનુભાઈ આદિ કાર્યકર્તાઓ; મુદ્રણ કરનાર નેહલભાઈ, તેમના પિતાશ્રી હસમુખભાઈ તથા સહયોગી કાર્યકરો, આગમના શ્રુતાધાર અને અન્ય દાનદાતા મહાનુભાવો વગેરેને અભિનંદન સાથે સાધુવાદ આપું છું.

આગમના અનુવાદ, સંશોધન, સંપાદનમાં ઉપયોગી થયેલા પૂર્વ પ્રકાશિત આગમોના પ્રકાશકોને સાધુવાદ. આગમ અવગાહન કરવામાં ઉપયોગની શૂન્યતાથી કંઈક શબ્દો, અક્ષરો, પાઠમાં અશુદ્ધિ રહી જવા પામી હોય, વીતરાગ વાણી વિરુદ્ધ લખાયું, વંચાયું હોય તો ત્રિવિધ-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

પ્રિય પાઠકો ! તમો આગમ વાંચો ત્યારે કંઈક અશુદ્ધિ રહી જવા પામી હોય તે ખ્યાલ આવે તો તેની નોંધ કરી અમને મોકલવા પ્રયત્ન કરશો. **नमामि सव्व जिणाणं–खमामि सव्वजीवाणं ।**

વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય તો માગુ પુનઃ પુનઃ ક્ષમાપના,
મંગલમૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું છું વિજ્ઞાપના

પરમ પૂ. સૌમ્યમૂર્તિ અંબાબાઈ મ.સ.ના
**સુશિષ્યા – આર્યા લીલમ.**

# સંપાદન અનુભવ

ડૉ. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

ભગવાન મહાવીરની અંતિમ દેશનારૂપે પ્રસિદ્ધ પામેલ **શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર** સાધનામાર્ગને સિદ્ધ કરવાની અદ્‌ભૂતકળા શીખવતું એક આગમશાસ્ત્ર છે. તેમાં સાધનામાર્ગમાં પ્રવેશથી લઈને સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ સુધીના ભિન્ન-ભિન્ન સોપાનોને ક્યારેક ધર્મકથાના માધ્યમથી, તો ક્યારેક આચાર અને તત્ત્વના માધ્યમથી સંયોજિત કરવામાં આવ્યા છે.

સાધક જીવનને સર્વાંશે સ્પર્શતા આ શાસ્ત્રનું સંપાદન કરવાનું હોય ત્યારે અંતર માનસમાં એક વિશેષ પ્રકારનો આનંદ ઉત્પન્ન થાય તે સ્વાભાવિક છે. અનંત ઉપકારી અમ શ્રદ્ધાકેન્દ્ર સમ સ્વ. ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. એ પોતાના સાધક જીવનમાં આજીવન મૌન સાધનાની આરાધના કરતાં પહેલાં અમોને સામૂહિક રૂપે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની અંતિમ વાચના આપી હતી. પ્રભુ મહાવીરની અંતિમ દેશનાની જેમ અમારા માટે શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર તે પૂ. ગુરુદેવની અંતિમ દેશના રૂપ બની છે. આ શાસ્ત્ર-સંપાદનના પ્રારંભથી પૂર્ણાહુતિ પર્યંત પૂ. ગુરુદેવની હિતશિક્ષાઓ સતત કાનમાં ગૂંજ્યા કરે છે તેમજ સંયમી જીવનની જવાબદારીની ગંભીરતા, તેમાં સતત સાવધાનીની આવશ્યકતા, જિનાજ્ઞા પાલનની મહત્તા, જેવા વિષયો સતત નજર સમક્ષ તરવર્યા કરે છે.

આ શાસ્ત્ર ગાથારૂપે છે. ગાથાઓમાં શ્લોકબદ્ધતા જાળવી રાખવા માટે અક્ષરોનું પરિમાણ સીમિત હોય છે, તેમાં અલ્પશબ્દોમાં ગંભીર ભાવો ભરેલા હોય છે. તેના શબ્દાર્થ, ભાવાર્થ અને તાત્પર્યાર્થ સમજવા માટે પ્રત્યેક શબ્દનો અન્વય વિશેષ વિચારણીય બની રહે છે.

'તપોમાર્ગ ગતિ' નામના ત્રીસમા અધ્યયનની અગિયારમી ગાથામાં સૂત્રકારે ઈત્વરિક અનશન તપના છ પ્રકારનું કથન કર્યું છે– શ્રેણીતપ, પ્રતરતપ, ઘનતપ,વર્ગતપ, વર્ગવર્ગતપ અને પ્રકીર્ણક તપ. તે ગાથાના ત્રીજા ચરણમાં **मणइच्छियढढ्ढ**શબ્દ પ્રયોગ છે. વૃત્તિકારે તેનો અર્થ ''ઈત્વરિક તપ મનોવાંછિત ફળ આપનાર છે'', તે પ્રમાણે કર્યો છે. અન્ય આચાર્યોએ પણ તે જ અર્થનું અનુસરણ કર્યું છે. પરંતુ વિચારણા કરતાં સ્પષ્ટ

થાય છે કે આ શબ્દ પ્રયોગ તપનો મહિમા પ્રદર્શિત કરવા માટે નથી, કારણ કે તપના ભેદ-પ્રભેદનું વર્ણન પછીની ગાથામાં પણ ચાલુ જ છે. ખરેખર **मणइच्छियढढढ**શબ્દ ઈત્વરિક તપના છઠ્ઠા ભેદરૂપ પ્રકીર્ણકતપનું સ્વરૂપદર્શક વિશેષણ છે. શ્રેણીતપ વગેરે પાંચ તપની એક ચોક્કસ પદ્ધતિ છે પરંતુ છઠ્ઠું પ્રકીર્ણક તપ પોતાની ઈચ્છા પ્રમાણે ગમે તે રીતે થઈ શકે છે.

છત્રીસમાં અધ્યયનની અગિયારમી-બારમી ગાથાના અનુસંધાનમાં વિશેષ અધ્યયન અને વિચારણાપૂર્વક નિર્ણય લેવામાં આવ્યો છે. તે ગાથાઓમાં સ્કંધ અને પરમાણુનું ક્ષેત્રથી કથન કરવાનો પ્રસંગ છે. ગાથા–૧૧ના અંતિમ બેચરણમાં સૂત્રકારે કહ્યું છે કે પુદ્ગલ દ્રવ્ય લોકના એક દેશમાં અને સમગ્ર લોકમાં ભજનાથી હોય છે. ગાથા–૧૨ના પ્રથમ બે ચરણમાં તે જ વિષયનું સ્પષ્ટીકરણ છે કે તેમાં સૂક્ષ્મ સ્કંધો સમગ્ર લોકમાં છે અને બાદર સ્કંધ લોકના દેશ વિભાગમાં હોય છે. કેટલીક પ્રતોમાં **सहुमा सव्वढढढ** ગાથા–૧૨ના પ્રથમ બે ચરણ પ્રાપ્ત થતા નથી. પરંતુ 'સ્વાધ્યાયમાળા'માં આ ગાથા પૂર્ણપણે પ્રાપ્ત થાય છે. આ ગાથાના બંને ચરણનો વિષય પ્રસંગના અનુસંધાનમાં યથાર્થ હોવાથી તે મૂળપાઠને અનુસરીને પ્રસ્તુત સંસ્કરણમાં તે ગાથા પૂર્ણપણે સ્વીકારી છે.

**फासओ मउएढढढ :–** અધ્યયન–૩૬, ગાથા ૩૭માં એક સ્પર્શમાં અન્ય વર્ણ, ગંધ, રસ અને સંસ્થાનનું કથન છે. પરંતુ એક સ્પર્શમાં તેના પ્રતિપક્ષી સ્પર્શને છોડીને અન્ય છ સ્પર્શનું કથન નથી. શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર પદ–૧માં રૂપી અજીવ દ્રવ્યના ૫૩૦ ભેદોનું વિસ્તૃત વર્ણન છે. તે પ્રમાણે અહીં પણ એક સ્પર્શમાં અન્ય છ સ્પર્શ ભજનાથી હોઈ શકે છે, તે વિષયને સ્પષ્ટ કર્યો છે.

દેવોના અંતર સંબંધી વર્ણનમાં સંક્ષિપ્તતાનો વિશેષ પ્રભાવ જોવા મળે છે. તેને જિજ્ઞાસુ અન્ય શાસ્ત્રના જ્ઞાનથી સમજી શકે છે. વિશેષમાં ત્યાં સમુચ્ચય અનુત્તર વિમાનના દેવોનું અંતર કહ્યું છે પરંતુ સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો એકાવતારી હોવાથી તે દેવોનું અંતર હોતું નથી. આ વિષયને પણ પ્રસ્તુત પ્રસંગમાં અન્ય આગમોના આધારે સ્પષ્ટ કર્યો છે.

સિદ્ધશિલાના આકારની સ્પષ્ટતા આકૃતિ દ્વારા કરી છે. સિદ્ધશિલાનો આકાર ઉપરથી સપાટ અને નીચેથી ઊંધા ખોલેલા છત્ર જેવો ગોળાઈવાળો છે. સિદ્ધશિલાની ઉપરી સતહને સીધી–સપાટ સમજવાથી જ ત્યાંથી સિદ્ધક્ષેત્રનું અંતર સર્વત્ર એક

યોજનનું સહજ સમજાઈ જાય છે, અન્યથા તે અંતરમાં અસમંજસ થાય છે.

આ રીતે ગાથાઓમાં આવતા અનેક વિષયોને વાચકોના હૃદય સુધી પહોંચાડવા માટે અમે અમારા ક્ષયોપશમ અનુસાર ઘણાં-ઘણાં પ્રયત્નો કર્યા છે. તેમાં આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિ મ.સા.નું વિશાળ આગમજ્ઞાન અમોને દિશાસૂચન કરતું રહે છે. અનંત ઉપકારી ગુરુણીમૈયા મુખ્ય સંપાદિકા ભાવયોગિની પૂ. શ્રી લીલમબાઈ મ.નો દીર્ઘ સંયમપર્યાય અને પરિપક્વ જ્ઞાનસાધનાનો અનુભવ અમારા સંપાદન કાર્યને ઉજ્જવળ બનાવી પ્રકાશિત કરે છે.

ગુરુકૃપાએ પ્રાપ્ત થયેલી આ અપૂર્વ તક સાધનાની દષ્ટિએ ચૂકાઈ ન જાય તે માટે ગુરુણીમૈયા પૂ. વીરમતિબાઈ મ. અમોને વારંવાર જાગૃત કરે છે. આ ભગીરથ શ્રુતસેવાના કાર્યમાં તેઓશ્રી મૂકપણે સર્વ પ્રકારની અનુકૂળતા આપીને, આભ્યંતરતપની મહાન સાધના કરી રહ્યા છે. ગુરુકુલવાસી સર્વ રત્નાધિકો, સહવર્તિની સર્વ ગુરુભગિનીઓનો પ્રત્યક્ષ કે પરોક્ષપણે પ્રાપ્ત થતો સહયોગ, તે જ અમારો ઉત્સાહ છે. અંતે માત-તાત તરફથી પ્રાપ્ત થયેલું સંસ્કારબીજ આજે વિકસિત થઈ રહ્યું છે. કાર્યસંપન્નતાના પાવન પ્રસંગે સર્વ ઉપકારીજનો પ્રતિ અમે કૃતજ્ઞતાનો ભાવ પ્રદર્શિત કરીએ છીએ.

સદા ઋણી માત-તાત **ચંપાબેન-શામળજીભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણું ગ્રહ્યું પૂ. **મુક્ત-લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત-તાત **લલિતાબેન-પોપટભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણું ગ્રહ્યું **પૂ. મુક્ત-લીલમ-વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

સદાનંદી બા. બ્ર. સાધ્વી શ્રી સુમતિબાઈ મ.સ.

અનેક સ્રોતોના સંગમ સમી અને જીવંતતાની આગવી લાક્ષણિકતા માટે સુવિખ્યાત ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીન કાળથી બ્રાહ્મણ અને શ્રમણ પરંપરાઓ દૃષ્ટિગોચર થાય છે. વૈદિક સંસ્કૃતિમાં જે સ્થાન 'ગીતા'નું છે, બૌદ્ધ સંસ્કૃતિમાં જે સ્થાન 'ધમ્મપદ'નું છે, ઈસ્લામમાં જે સ્થાન 'કુરાન'નું છે, પારસીઓમાં જે સ્થાન 'અવેસ્તા'નું છે, ઈસાઈઓમાં જે સ્થાન 'બાઈબલ'નું છે, તેવું જ સ્થાન જૈન સંસ્કૃતિમાં 'ઉત્તરાધ્યયન' સૂત્રનું છે. ભગવાન મહાવીરની વાણીનો અણમોલ ખજાનો એટલે **ઉત્તરાધ્યયન સૂત્ર.** એ જીવન સૂત્ર છે. તેમાં સર્વ સૂત્રોનો નિચોડ છે. તેમાં આધ્યાત્મિક, દાર્શનિક તેમજ નૈતિક જીવનનો ત્રિવેણી સંગમ થયો છે. આ શાસ્ત્ર વૈરાગ્યબોધક પ્રકરણોનું એક પ્રેરણાસ્થાન છે. તેથી જ સમયે-સમયે મૂર્ધન્ય મનીષી વિદ્વજ્જનોની કલમ આ આગમનો પાવક સંસ્પર્શ પામીને ધન્ય બની છે. ઉત્તરાધ્યયન સૂત્ર એક એવું આગમ છે, જે ગંભીર અધ્યેતાઓ માટે ઉપયોગી હોવા છતાં સામાન્ય સાધકોને પણ તેમાંથી સાધનાની પર્યાપ્ત સામગ્રી મળી રહે છે.

**પ્રસ્તુત સંસ્કરણ :–** સૌરાષ્ટ્ર કેસરી પૂ. દાદા ગુરુદેવશ્રી પ્રાણલાલજી મહારાજ સાહેબની જન્મ શતાબ્દી ઉજવવા, તેમના 'આમ્ર' ઉદ્યાનમાં મહેકતાં મુક્તાફળ સમા સાધકો તેમને શું અર્પી શકે ? ગુરુદેવશ્રી પોતે જ આગમના સાક્ષાત્ પ્રતિમૂર્તિ હતા; તેથી આગમ સાહિત્યને આધુનિક તેમજ માતૃભાષા(ગુજરાતી)માં પ્રકાશિત કરવાનો સ્વ. પૂ. ઉષાબાઈ મ.ને સંકલ્પ જાગ્યો અને પ્રાણ પરિવારના સર્વ સતીજીઓનો તેમાં સહર્ષ સૂર પૂરાણો, પૂ. તપસ્વી ગુરુદેવની કૃપાશિષની અમીધારા વરસી. આ સંકલ્પને મૂર્તરૂપ મળતાં અલ્પ સમયમાં જ અનેક આગમો મુમુક્ષુ વાચકોના કરકમલમાં પહોંચ્યા છે. જેનાથી જિજ્ઞાસુઓને આગમોના રહસ્યનો ઉકેલ સરળતાપૂર્વક થઈ શક્યો છે. તે જ પરમ પાવની રહસ્યાવલીને જોડતી કડીમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું સરળ ગુજરાતી ભાષામાં આ નૂતન સંસ્કરણ છે.

આ સંસ્કરણમાં અધ્યયન પરિચય, શુદ્ધ મૂળપાઠ, શબ્દાર્થ, ભાવાનુવાદ અને આગમના ગંભીર રહસ્યોને સ્પષ્ટ કરવા માટે પ્રાચીન વ્યાખ્યા સાહિત્યના આધારે સરળ વિવેચન આપવામાં આવ્યા છે.

**આભાર : સાધુવાદ : ધન્યવાદ :–**

ભગવાન મહાવીરની અંતિમવાણીનો જ સાક્ષાત્ પ્રવાહ તપસમ્રાટ પૂ. ગુરુદેવશ્રી રતિલાલજી મ. સા.ના અંતરમાં અવતર્યો હોય એમ ઈ. સ. ૧૯૯૨માં પૂ. ગુરુદેવશ્રી સહ સપ્તર્ષિ સંત તથા ૮૫ સાધ્વીઓનું વૃંદ, કુલ ૯૨ સાધુ-સાધ્વીના ચાતુર્માસનો સુવર્ણ ઈતિહાસ સર્જાયો અને આ વર્ષાવાસના પ્રાતઃ કાળમાં પૂ. તપસમ્રાટ ગુરુ ભગવંતના મુખારવિંદમાંથી ઉત્તરાધ્યયન સૂત્રની વાંચણીના અમૃત શબ્દો સાંભળતા હૈયું ગુરુભક્તિના ભાવોથી આહ્‌લાદિત બની જતું હતું. પંચ સંવત્સરની અવધિ બાદ પૂ. ગુરુદેવે વાવેલા બીજોને અંકુરિત કરવાનો અવસર આવ્યો. મારી શિષ્યારત્ના ડૉ. સાધ્વી અમિતાજીના ફાળે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના અનુવાદનનું કાર્ય કરવાનું આવ્યું, તેનો પ્રથમ ભાગ શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસીના દ્વિતીય આગમરત્ન સ્વરૂપે પ્રકાશિત થયો છે. પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. ની પરોક્ષ કૃપાએ તથા તેમના શિષ્યરત્ન, અધ્યાત્મ યોગી પૂ. હસમુખ મુનિ મ.સા.ની ધ્યાન આંદોલિત અદ્‌ભુત ઉર્જારૂપ વરસતી કૃપાએ અને પૂ. ફૂલ-આમ્ર ગુરુણીના સુશિષ્યા ગુરુણીમૈયા પૂ. મુક્તાબાઈ મ., પૂ. લીલમબાઈ મ. ની પ્રત્યક્ષ પ્રેરણાશિષે તેમજ લોહીના નાતે અને સંયમ સંબંધે મારા વડીલ બેન સ્વામી ભદ્ર સ્વભાવી ભદ્રાબાઈ મ.ના આશીર્વાદ તથા ભાણેજ શ્રી અજિતાબાઈ મ.ની શુભ ભાવનાએ આ બીજા ભાગના શબ્દાર્થ અનુવાદ, વિવેચનનો પ્રશસ્ય પ્રયાસ સફળ થઈ રહ્યો છે. કાર્યની સફળતાની પાવન પળે તે ગુરુવર્યોને મારી હૃદયશઃ વંદના.

પરમ દાર્શનિક પદને શોભાવતા અમારા ગચ્છશિરોમણી સંતશ્રી પૂ. જયંતિ-લાલજી મ. બધા આગમ સુવર્ણમાં હીરા જડવાનું કાર્ય કરી રહ્યા છે, તે બદલ તેઓની પ્રજ્ઞા પ્રતિમાને આવકારી અંતરથી વંદના પાઠવું છું.

શાસ્ત્રના ભગીરથ સંપાદન કાર્યમાં **समयं गोयमा मा पमायए**ના સોનેરી વચનના સાક્ષાત્ પ્રતિમૂર્તિ આગમ મનીષી પૂજ્ય શ્રી ત્રિલોક મુનિ મ.સા.નો મને પળેપળે સહયોગ પ્રાપ્ત થયો છે. તેમના અથાગ પુરુષાર્થે તપસ્વી ગુરુદેવના અતિપ્રિય આગમ ગ્રંથને ઉત્તમ બનાવવાની પ્રશસ્ત ભાવના બદલ કોટિશઃ વંદન સાથે હાર્દિક આભાર.

ભાવ યોગિની પૂ. ગુરુણીમૈયાએ તો પ્રધાન સંપાદિકા બનીને મારા સંયમી જીવનમાં પણ પ્રધાનપદે રહી મારા નવ દીક્ષિતપણાના મૂળ પાયા સ્વરૂપ મૂળ આગમ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું ગળથૂથીમાં જ પાન કરાવ્યું છે, આ આગમના સંપાદનમાં પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ દષ્ટિકોણથી અવલોકન કરી મને કૃતાર્થ કરી છે તે બદલ તેઓશ્રીને ભાવ

સભર શતશઃ વંદના.

પૂ. ગુરુણીમૈયાની સાથે સહસંપાદિકા બની, જેઓ અવિરત ભાવે આગમ-ભક્તિમાં સદા સર્વદા રત રહી, લેખન કાર્યને સુંદર, સુઘડ બનાવવામાં પુરુષાર્થશીલ છે, તેવા ડૉ. સાધ્વી આરતીશ્રી તથા સાધ્વી સુબોધિકાશ્રીનો આ પ્રશસ્ય પ્રયાસ આદર્શરૂપ બની રહેશે.

**આત્મીય શિષ્યાવૃંદના આભાર શા ? :–** પૂ. ગુરુ-ગુરુણીદેવોના ઉપકાર હોય તો શિષ્યા મંડળના સહકાર હોય ! મારી સેવા સંલગ્ન સાધ્વી શ્રી સ્મિતાજી પળે-પળે પડ્યા બોલ ઝીલનારી છે, તો જ્ઞાનની પ્રતિભા જેના ભાલ પર શોભે છે અને વચનોમાં અમૃત ઝરે છે એવી ડૉ. સાધ્વી અમિતાજી આ લેખનકાર્યનો આધાર સ્થંભ રહી છે. મારી પ્રશિષ્યાઓ ડૉ. સાધ્વી સુજિતા તેમજ સાધ્વી શ્રી નમિતાજી; શિષ્યા શ્રી સાધ્વી અંજિતા અને સંજિતાનો સમયે-સમયે મળતો સહયોગ અવર્ણનીય છે. આમ અમારા શિષ્યામંડળનો એવં અમારા પૂ. મુક્તલીલમ ગુરુકુળનો સાદર આભાર માનું છું.

આ આગમરત્નની પાંડુલિપિનું સમાર્જન કરી અક્ષરશઃ પુનર્લેખન અને પ્રારંભિક સંપાદન કાર્ય તેમજ પ્રુફ સંશોધન માટે ગોંડલ સંઘાણી સંઘના પ્રમુખ, શાસ્ત્રપ્રેમી શ્રી મુકુંદભાઈ પારેખને ભાવ સભર અભિનંદન; તેમની શ્રુતભક્તિની હું અનુમોદના કરું છું.

ઉત્તરાધ્યયન સૂત્રના આ બીજા ભાગના સંપાદન કાર્યમાં અનેક ગ્રંથોનો ઉપયોગ કર્યો છે. નિર્યુક્તિ-ભાષ્યયુક્ત ચૂર્ણિ અને વૃત્તિનો પણ યથાસ્થાને ઉપયોગ કર્યો છે. તે તમામ પુસ્તકોના સંપાદકો, પ્રકાશકોનો અને પુસ્તકો આપનાર પુસ્તકાલયોનો પણ વિશેષ આભાર માનું છું.

આ આગમગ્રંથમાં જે કંઈ ત્રૂટિઓ, ખામીઓ રહી જવા પામી હોય તે બદલ ત્રિવિધે મિચ્છામિ દુક્કડં અને તેમાં જે યોગ્ય આકલન-સંકલન, સંપાદન થયું છે તે પરમ ઉપકારી પરમ શ્રદ્ધેય પૂ. ગુરુદેવો તથા પૂ. ગુરુણી દ્વયના કૃપા બળે થયું છે, તે તેઓને સમર્પણ.

અંતમાં આ આગમ અવગાહનનો અમૂલો સંયોગ મારા તથા સર્વની મુક્તિનું પાથેય બને, એ જ અંતરની અમીમય ભાવના....

ગુરુકૃપા ધારી

સાધ્વી સુમતિ...

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

મૂળ - આગમ સૂત્ર

## ભાગ - ૨

## અધ્યયન : ૨૧ થી ૩૬

મૂળપાઠ, ભાવાર્થ,
વિવેચન, પરિશિષ્ટ

: અનુવાદિકા :
પૂ. શ્રી સુમતિબાઈ મ.

આ કાલિકસૂત્ર છે. તેના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પહેલા તથા ચોથા પ્રહરમાં થઈ શકે છે.

# એકવીસમું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનનું નામ સમુદ્રપાલીય છે. તેમાં સમુદ્રપાલ નામના વેપારીના જન્મથી મુક્તિ સુધીની જીવન ઘટનાઓનું વર્ણન છે.

★ ભગવાન મહાવીરનો શ્રાવક શિષ્ય પાલિત મોટો વેપારી હતો. તે અંગદેશની ચંપાનગરીમાં રહેતો હતો. તે સમુદ્રમાં ચાલતાં મોટાં-મોટાં વહાણોથી દેશ-વિદેશમાં પોતાનો માલ લઈ જઈને વેચતો હતો અને ત્યાં ઉત્પન્ન થતો માલ સ્વદેશમાં લઈ આવતો હતો. એક વખત તે સોપારીના વેપાર માટે વહાણમાં પિહુંડનગર ગયો અને વેપાર કરતાં ત્યાં ઘણો સમય રહ્યો. તેની ચતુરાઈ, પ્રામાણિકતા અને વ્યવહારદક્ષતાને કારણે તે પિહુંડનગરમાં પ્રસિદ્ધ થઈ ગયો. ત્યાંના એક સમૃદ્ધ શેઠની પુત્રી સાથે તેણે લગ્ન કર્યા.

★ કેટલોક સમય ત્યાં વ્યતીત કરીને તે પાલિત શ્રાવક પોતાની ગર્ભવતી પત્ની સાથે વહાણમાં ચંપા- નગરી પાછો ફરતો હતો, ત્યારે તેની પત્નીએ રસ્તામાં(વહાણમાં) પુત્રને જન્મ આપ્યો. સમુદ્રમાં જન્મ થવાથી તેનું નામ સમુદ્રપાલ રાખ્યું. તે ઘણો સુંદર હતો. સમય જતાં તે ૭૨ કળાઓમાં નિપુણ થયો. તેના પિતાએ રૂપિણી નામની સુંદર કન્યા સાથે તેનો વિવાહ કર્યો. તે પોતાના પરિવાર સાથે આનંદથી રહેવા લાગ્યો.

★ એક દિવસ તે પોતાના મહેલના ઝરૂખામાં બેસીને નગરની શોભાનું નિરીક્ષણ કરતો હતો ત્યારે રાજમાર્ગ ઉપર એક અપરાધીને રાજાના સિપાહીઓ વધસ્થંભ તરફ લઈ જતા હતા. તેની ડોકમાં લાલ કરેણના ફૂલોની માળા પહેરાવેલી હતી, તેના ઉઘાડા શરીરે લાલ ચંદનનો લેપ કરવામાં આવ્યો હતો. ગધેડા ઉપર બેસાડી તેને આખા ગામમાં ફેરવવામાં આવી રહ્યો હતો. સિપાહીઓ તેના દુષ્કૃત્યની જોર-જોરથી ઘોષણા-જાહેરાત કરતાં કહેતા હતા કે આવા અપરાધ માટે આવી મૃત્યુદંડની સજા થાય છે. આવી સજા દ્વારા ફરી કોઈ એવો અપરાધ ન કરે તેવી લોકોને સમજણ અપાતી હતી.

★ આ દશ્ય જોઈને સમુદ્રપાલની આંખ ઉઘડી ગઈ તે કર્મ અને કર્મફળ વિષે વિચારવા લાગ્યો. વાવેલું કદી અફળ જતું નથી. તેથી શુભ કર્મોનું વાવેતર કરી, શુભ સંયોગો પામી શુદ્ધ થવું, તે માનવ જીવનનું શ્રેષ્ઠફળ છે. ઊંડાણથી વિચારતાં તેનું મન અંતે સંસાર ઉપરથી ઊઠી ગયું. તે સંવેગ અને વૈરાગ્ય ભાવથી રંગાઈ ગયો. વિષયભોગો અને કષાયોના કીચડથી થતાં કર્મબંધનમાંથી મુક્ત થવાનો એક માત્ર ઉપાય નિર્ગ્રંથ શ્રમણ ધર્મનું પાલન કરવું તે જ છે, તેમ સમજી જતાં માતા-પિતાની અનુમતિ મેળવી તેણે મુનિધર્મની દીક્ષા લીધી.

★ પંચ મહાવ્રતના પાલન સાથે (૧) સરળતા (૨) તિતિક્ષા(સહનશીલતા) (૩) નિરભિમાનતા (૪) અનાસક્તિ (૫) નિંદા અને પ્રશંસામાં સમભાવ (૬) જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ (૭) એકાંતવૃત્તિ અને (૮) સતત અપ્રમત્તતા, આ આઠ ગુણોની આરાધના કરી સંયમી જીવનને સફળ બનાવ્યું અને ક્રમશઃ સર્વ કર્મોનો ક્ષય કરી સિદ્ધગતિને પ્રાપ્ત કરી.

★ આ રીતે આ અધ્યયનમાં તે યુગના ખરીદ-વેચાણ(ક્રય-વિક્રય), સજા અને વંધ્ય વ્યક્તિના દંડ, વૈવાહિક સંબંધ અને મુનિચર્યાની સાવધાની વગેરે તથ્યોનો મહત્ત્વપૂર્ણ ઉલ્લેખ છે. ❖❖❖

# એકવીસમું અધ્યયન

## સમુદ્રપાલીય

**પાલિત શ્રાવક :–**

**१** **चंपाए पालिए णाम, सावए आसि वाणिए ।**
**महावीरस्स भगवओ, सीसे सो उ महप्पणो ॥**

**શબ્દાર્થ :– चंपाए** = ચંપા નગરીમાં **पालिए** = પાલિત **णाम** = નામનો **वाणिए** = એક વણિક, વ્યાપારી **सावए** = શ્રાવક **आसि** = રહેતો હતો **सो** = તે **महप्पणो** = મહાત્માનો **सीसे** = શિષ્ય હતો.

**ભાવાર્થ :–** ચંપા નગરીમાં પાલિત નામનો એક વણિક શ્રાવક રહેતો હતો. તે મહાત્મા ભગવાન મહાવીરનો શિષ્ય હતો.

**२** **णिग्गंथे पावयणे, सावए से वि कोविए ।**
**पोएण ववहरंते, पिहुंडं णगरमागए ॥**

**શબ્દાર્થ :– णिग्गंथे पावयणे वि** = નિર્ગ્રંથ પ્રવચનમાં પણ **कोविए** = વિશેષ પંડિત હતો, જીવ અજીવાદિ તત્ત્વોનો જ્ઞાતા હતો **पोएण** = જહાજથી **ववहरंते** = વેપાર કરતો તે **पिहुंडं** = પિહુંડ નામના નગરમાં **आगए** = આવી પહોંચ્યો.

**ભાવાર્થ :–** તે શ્રાવક નિર્ગ્રંથ પ્રવચનમાં વિદ્વાન હતો. વહાણ દ્વારા વેપાર કરતાં-કરતાં એક વાર તે પિહુંડ નામના નગરમાં આવી પહોંચ્યો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં પાલિત શ્રાવકનો પરિચય છે.

**सावए :–** શ્રાવક. શ્રાવક શબ્દનો સામાન્ય અર્થ 'શ્રોતા' થાય છે, પરંતુ અહીં શ્રાવક શબ્દ વિશેષ અર્થમાં પ્રયુક્ત છે. શ્રદ્ધા અને વિવેકપૂર્વકનું આંશિક આચરણ કરે, તેવા શ્રમણોપાસકને શ્રાવક કહે છે. ભગવાન મહાવીરના ચતુર્વિધ સંઘમાં સાધુ અને સાધ્વી મહાવ્રતનું પાલન કરે છે અને શ્રાવક તથા શ્રાવિકા ગૃહસ્થપણે રહીને અણુવ્રતનું, દેશવિરતિ ચારિત્રનું પાલન કરે છે. શ્રાવક ધર્મમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ બારવ્રતનું વિધાન છે. તેમાંથી તે યથાશક્તિ વ્રતોનું પાલન કરી શકે છે.

**णिग्गंथे पावयणे कोविए :–** તે શ્રાવક જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરના સિદ્ધાંતોનો વિશિષ્ટ જ્ઞાતા હતો. બૃહદ્વૃત્તિકારે કોવિદ શબ્દનો પ્રાસંગિક અર્થ નિપુણ કર્યો છે, તે અપેક્ષાએ પાલિત શ્રાવક જિનમતમાં નિપુણ હતો, જીવાદિ પદાર્થોનો વિશિષ્ટ જ્ઞાતા હતો.

**पोएण ववहरंते :–** વહાણ વડે વ્યાપાર કરતાં. આ પદથી પ્રતીત થાય છે કે પાલિત શ્રાવક જળ

માર્ગથી મોટા-મોટા વહાણો દ્વારા એક સ્થળેથી બીજા સ્થળે માલની લેવડ-દેવડ કરતો હતો. એક સમયે તે જળમાર્ગથી મુસાફરી કરતાં-કરતાં તે સમયના વ્યાપાર માટે પ્રસિદ્ધ એવા પિહુંડ નગરમાં આવી પહોંચ્યો અને ત્યાં તેણે પોતાનો વ્યાપાર જમાવ્યો.

**સમુદ્રપાલનો જન્મ :–**

**૩** **पिहुंडे ववहरंतस्स, वाणिओ देइ धूयरं ।**
**तं ससत्तं पइगिज्झ, सदेसमह पत्थिओ ॥**

**શબ્દાર્થ :– पिहुंडे** = પિહુંડ નગરમાં **ववहरंतस्स** = વેપાર કરતાં પાલિતને **वाणिओ** = કોઈ વેપારીએ **धूयरं** = પોતાની કન્યા **देइ** = આપી(પરણાવી) **अह** = કેટલાક સમય પછી **तं ससत्तं** = પોતાની તે ગર્ભવતી સ્ત્રીને **पइगिज्झ** = સાથે લઈને **सदेसं** = પોતાના દેશ તરફ **पत्थिओ** = જવા માટે નીકળ્યો.

**ભાવાર્થ :–** તે પિહુંડનગરમાં વેપાર કરતો હતો ત્યારે કોઈ એક વેપારીએ પોતાની દીકરી તેને પરણાવી. થોડા દિવસ પછી ગર્ભવતી પત્નીને લઈને તે પોતાના દેશમાં જવા માટે નીકળ્યો.

**૪** **अह पालियस्स घरणी, समुद्दम्मि पसवइ ।**
**अह दारए तहिं जाए, समुद्दपालि त्ति णामए ॥**

**શબ્દાર્થ :– अह** = સમુદ્રમાં યાત્રા કરતાં **घरणी** = પત્નીએ **पसवइ** = પ્રસવ કર્યો, જન્મ આપ્યો **तहिं** = સમુદ્રમાં **दारए** = બાળકનો **जाए** = જન્મ થયો **अह** = તેથી **णामए** = તેનું નામ **समुद्दपालि त्ति** = સમુદ્રપાલ રાખ્યું.

**ભાવાર્થ :–** સમુદ્રની યાત્રા દરમ્યાન પાલિત શ્રાવકની પત્નીએ પુત્રને જન્મ આપ્યો. સમુદ્ર યાત્રામાં જન્મ થવાથી તેનું નામ 'સમુદ્રપાલ' રાખ્યું.

**વિવેચન :–**

**वाणिओ देइ धूयरं :–** વણિકે પોતાની કન્યા તેને દીધી. પિહુંડ નગરમાં ન્યાય નીતિપૂર્વક વ્યાપાર કરતા પાલિત શ્રાવકના ગુણોથી આકર્ષિત થયેલા ત્યાંના નિવાસી કોઈ એક વણિકે પોતાની કન્યાનો વિવાહ પાલિતની સાથે કરાવ્યો.

**સમુદ્રપાલનો ઉછેર તથા પાણિગ્રહણ :–**

**૫** **खेमेण आगए चंपं, सावए वाणिए घरं ।**
**संवड्ढइ घरे तस्स, दारए से सुहोइए ॥**

**શબ્દાર્થ :– खेमेण** = ક્ષેમકુશળ રીતે **घरं** = પોતાના ઘરે **सुहोइए** = સુખોચિત **तस्स** = તે શ્રાવકના **घरे** = ઘરમાં **संवड्ढइ** = મોટો થવા લાગ્યો.

**ભાવાર્થ :–** તે શ્રાવક ક્ષેમકુશળ રીતે પોતાના ઘરે ચંપાનગરીમાં આવી ગયો અને તે બાળક(સમુદ્રપાલ) સુખપૂર્વક મોટો થવા લાગ્યો.

**૬** **बावत्तरी कलाओ य, सिक्खिए णीइकोविए ।**
**जोवण्णेण य संपण्णे, सुरूवे पियदंसणे ॥**

**શબ્દાર્થ :– सुरूवे** = અત્યંત સુંદર રૂપ **पियदंसणे** = પ્રિયદર્શની, બધાને પ્રિય લાગનાર **बावत्तरी कलाओ** = પુરુષની બોતેર કલાઓમાં **सिक्खिए** = શીખ્યો **णीइकोविए** = નીતિમાં પંડિત બન્યો **जोवण्णेण** = યૌવન અવસ્થાને **संपण्णे** = પ્રાપ્ત થયો.

**ભાવાર્થ :–** તે બોતેર કલાઓ શીખ્યો અને નીતિમાં નિપુણ થયો. યુવાન થતાં તે સુરૂપ–સૌમ્ય કાન્તિ-વાળો અને પ્રિયદર્શની બન્યો.

**૭** तस्स रूववइं भज्जं, पिया आणेइ रूविणिं ।
पासाए कीलए रम्मे, देवो दोगुंदओ जहा ॥

**શબ્દાર્થ :– तस्स** = તેમના **पिया** = પિતા **रूविणिं(रुप्पिणिं)** = રૂપિણી, રુક્મણી **रूववइं** = રૂપવતી **भज्जं** = પત્ની **आणेइ** = લાવ્યા અર્થાત્ લગ્ન કરાવ્યા **रम्मे** = રમણીય **पासाए** = મહેલમાં **दोगुंदओ देवो जहा** = દોગુંદક જાતિના દેવો સમાન નિર્વિઘ્નરૂપે **कीलए** = ક્રીડા કરવા લાગ્યો, મોજ માણવા લાગ્યો.

**ભાવાર્થ :–** તેના પિતાએ રૂપવતી રૂપિણી(રુક્મણી)નામની કન્યા સાથે તેને પરણાવ્યો. તે પોતાની પત્ની સાથે દોગુંદક દેવની જેમ રમણીય મહેલમાં મોજ માણતો રહેવા લાગ્યો.

**વિવેચન :–**

**बावत्तरिकलाओ :–** પ્રાચીનકાળમાં પ્રત્યેક સુસંસ્કૃત નાગરિક પોતાના પુત્રને ૭૨ કળાઓનું પ્રશિક્ષણ અપાવતાં હતા. જેનાથી તે પ્રત્યેક કાર્યમાં નિપુણ અને સ્વાવલંબી બની શકે. શાસ્ત્રોમાં અનેક સ્થળે આ ૭૨ કળાઓનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. શ્રી સમવાયાંગ સૂત્રના ૭૨મા સમવાયમાં પણ ૭૨ કળાઓનો નામોલ્લેખ છે.

**सुरूवे पियदंसणे :–** સુરૂપ એટલે આકૃતિ અને નમણાશમાં સુંદર તથા પ્રિયદર્શન એટલે કે બધાને આનંદ આપનાર, જોનારને પ્રિય લાગે તેવો.

**સમુદ્રપાલની વિરક્તિ અને દીક્ષા :–**

**૮** अह अण्णया कयाइ, पासायालोयणे ठिओ ।
वज्झ-मंडण-सोभागं, वज्झं पासइ वज्झगं ॥

**શબ્દાર્થ :– अह** = ત્યાર પછી, આ અવ્યય છે, વાક્યપૂર્તિ માટે પણ આ શબ્દનો પ્રયોગ થાય છે **अण्णया कयाइ** = કોઈ એક સમયે **पासायालोयणे** = મહેલના ઝરુખામાં **ठिओ** = બેઠેલા(સમુદ્રપાલે) **वज्झमंडणसोभागं** = મૃત્યુ ચિહ્નો યુક્ત, વધના ચિહ્નો યુક્ત **वज्झं** = વધ્ય, એક અપરાધી પુરુષને **वज्झगं** = ફાંસીના સ્થાન પર લઈ જતાં **पासइ** = જોયો.

**ભાવાર્થ :–** એકવાર તે મહેલના ઝરૂખામાં બેઠો હતો. ત્યાં તેણે મૃત્યુ દંડના ચિહ્નોથી યુક્ત કોઈ એક અપરાધીને વધસ્તંભ તરફ લઈ જવાતો જોયો.

**૯** तं पासिऊण संविग्गो, समुद्दपालो इणमब्बवी ।
अहो असुभाणं कम्माणं, णिज्जाणं पावगं इमं ॥

**શબ્દાર્થ :– तं** = એ અપરાધીને **पासिऊण** = જોઈને **संविग्गो** = સંવેગ ભાવ થયો **इणं** = આ રીતે

**अब्बवी** = કહેવા લાગ્યો કે **अहो** = અહો ! **असुभाणं** = અશુભ **कम्माणं** = કર્મોનું **णिज्जाणं** = નિર્યાણ, અંતિમ ફળ **पावगं** = પાપરૂપ જ હોય છે **इमं** = જેમ કે એ પ્રત્યક્ષ જ દેખાય છે.

**ભાવાર્થ :–** તે ચોરને જોઈને સમુદ્રપાલ સંવેગ(વૈરાગ્ય) ભાવને પામ્યો અને તે મનમાં વિચારવા લાગ્યો– અહો ! પોતાના અશુભ કર્મોનું આ દુઃખદ પરિણામ છે.

**૧૦** **संबुद्धो सो तहिं भगवं, परमसंवेगमागओ ।**
**आपुच्छ अम्मापियरो, पव्वइए अणगारियं ॥**

**શબ્દાર્થ :–** **तहिं** = ત્યાં મહેલના ઝરૂખામાં બેઠેલા **भगवं** = ઐશ્વર્ય સંપન્ન **सो** = તે(સમુદ્રપાલ) **संबुद्धो** = બોધને પ્રાપ્ત થયો **परमसंवेगं** = પરમ સંવેગને **आगओ** = પામ્યો **अम्मापियरो** = માતાપિતાને **आपुच्छ** = પૂછીને **अणगारियं** = અણગાર ધર્મ, અણગારવૃત્તિ **पव्वइए** = અંગીકાર કરી, દીક્ષા લીધી.

**ભાવાર્થ :–** તે જ સમયે ઊંડા ચિંતનના પરિણામે તે ભાગ્યવાન સમુદ્રપાલ સમ્યગ્ બોધ પામ્યો અને તેને પરમ સંવેગ ભાવ જાગૃત થયો ત્યારે માતા-પિતાની આજ્ઞા લઈને અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયો.

**વિવેચન :–**

**तं पासिऊण संविग्गो... :–** દેહાંતદંડને પામેલા પુરુષને વધ્યસ્થાન પર લઈ જવાતો જોઈને સમુદ્રપાલના અંતરમાં કર્મ અને તેના ફળ વિષયક ગહન વિચારધારા પ્રવાહિત થઈ. પરિણામે તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. ત્યારે તેણે અશુભકર્મ અને તેના ફળથી મુક્ત થવા સંયમ માર્ગ શ્રેષ્ઠ છે તેવી પરિપક્વ સમજણ સાથે સંયમ માર્ગનો સ્વીકાર કર્યો.

**बज्झमंडण सोभागं :–** વધ યોગ્ય પહેરવેશ, રક્તચંદનાદિથી શોભિત. પ્રાચીન સમયમાં મૃત્યુદંડની શિક્ષા પામેલા વ્યક્તિને શરીરે લાલ ચંદનનો લેપ કરી, ગળામાં લાલ કરેણની માળા પહેરાવીને, ગધેડા પર બેસાડીને, ફૂટેલા ઢોલ વગાડતાં, આખા નગરમાં ફેરવવામાં આવતો. તે સમયે મૃત્યુદંડની મોટેથી ઘોષણા કરવામાં આવતી. આ રીતે તેને વધસ્થળ તરફ લઈ જવામાં આવતો.

**बज्झगं :–** બે પ્રકારે અર્થ થાય છે– (૧) **बाह्यगं**– નગરના બહારના ભાગેથી વધ્યપ્રદેશ તરફ લઈ જવાતા (૨) **वध्यगम्**– વધભૂમિની તરફ લઈ જવાતા.

**संविग्गो :–** સંવેગ અર્થાત્ સમ્યગ્ વેગ. મોક્ષ પ્રાપ્તિ માટેની તીવ્ર અભિલાષાને સંવેગ કહે છે.

**भगवं :–** 'ભગવાન' આ વિશેષણ સમુદ્રપાલ માટે પ્રયુક્ત છે. તેનો અહીં પ્રાસંગિક અર્થ મહાત્મ્યવાન, પુણ્યવાન, ભાગ્યવાન અને ઐશ્વર્યસંપન્ન, એવો થાય છે.

**મુનિધર્મની શિક્ષા :–**

**૧૧** **जहित्तु सग्गंथ महाकिलेसं, महंतमोहं कसिणं भयावहं ।**
**परियायधम्मं चाभिरोयएज्जा, वयाणि सीलाणि परीसहे य ॥**

**શબ્દાર્થ :–** **महाकिलेसं** = મહાક્લેશકારી **महंतमोहं** = મહામોહોત્પાદક **भयावहं** = અનેક ભયને ઉત્પન્ન કરનાર **कसिणं** = સંપૂર્ણ **सग्गंथ** = પરિગ્રહ અને સ્વજનાદિનો મોહ **जहित्तु** = છોડીને તે **परियायधम्मं** = પ્રવ્રજ્યા ધર્મમાં **अभिरोयएज्जा** = લીન રહેવા લાગ્યા **वयाणि** = પાંચ મહાવ્રતો અને **सीलाणि** = પિંડ

વિશુદ્ધિ આદિ ઉત્તર ગુણો, સંયમ આચારો **परीसहे** = પરીષહો(દુ:ખો) સહન કરવા લાગ્યા.

**ભાવાર્થ :–** તે સમુદ્રપાલ મુનિ મહાક્લેશકારી મહામોહોત્પાદક, પરિગ્રહ અને સ્વજનાદિના મોહ રૂપ મહા ભયજનક આસક્તિનો સંપૂર્ણપણે ત્યાગ કરીને ચારિત્રધર્મ રૂપ મહાવ્રતમાં, સંયમ સમાચારીમાં અને સમભાવ પૂર્વક પરીષહ સહન કરવામાં અભિરુચિ રાખવા લાગ્યા.

**१२** **अहिंस सच्चं च अतेणगं च, तत्तो य बंभं अपरिग्गहं च ।**
**पडिवज्जिया पंच महव्वयाणि, चरिज्ज धम्मं जिणदेसियं विदू ॥**

**શબ્દાર્થ :– अहिंस** = અહિંસા **सच्चं** = સત્ય **अतेणगं** = અસ્તેય(અદત્તનો ત્યાગ) **बंभं** = બ્રહ્મચર્ય **य** = અને **अपरिग्गहं** = અપરિગ્રહને **पडिवज्जिया** = અંગીકાર કરીને **विदू(विऊ)** = તે વિદ્વાન મુનિ **जिणदेसियं** = જિનેન્દ્ર દેવ વડે ઉપદિષ્ટ **धम्मं** = ધર્મનું **चरिज्ज** = પાલન કરવા લાગ્યા.

**ભાવાર્થ :–** તે વિદ્વાન મુનિ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ– આ પાંચ મહાવ્રતોને સ્વીકારી જિનોપદિષ્ટ ધર્મનું આચરણ કરવા લાગ્યા.

**१३** **सव्वेहिं भूएहिं दयाणुकंपी, खंतिक्खमे संजय बंभयारी ।**
**सावज्ज जोगं परिवज्जयंतो, चरिज्ज भिक्खू सुसमाहि इंदिए ॥**

**શબ્દાર્થ :– सव्वेहिं** = સર્વ **भूएहिं** = જીવો પ્રતિ **दयाणुकंपी** = દયાપૂર્વક અનુકંપા કરનાર **खंतिक्खमे** = ક્ષમા ધારણ કરનાર **संजय बंभयारी** = સંયમી અને બ્રહ્મચારી **सुसमाहि इंदिए** = ઇન્દ્રિયોને વશમાં રાખનાર **सावज्ज जोगं** = બધા પ્રકારના સાવદ્ય વ્યાપારોને **परिवज्जयंतो** = છોડીને **भिक्खु** = ભિક્ષુ **चरिज्ज** = વિચરવા લાગ્યા.

**ભાવાર્થ :–** સર્વ જીવો પર દયાપૂર્વક અનુકંપા કરનાર, કઠોર વચનોને ક્ષમાપૂર્વક સહન કરનાર, સંયમી, બ્રહ્મચારી, ઇન્દ્રિયોને વશમાં રાખનાર તે ભિક્ષુ સર્વ પ્રકારના સાવદ્ય વ્યાપારો(વ્યવહારો) છોડીને વિચરવા લાગ્યા.

**१४** **कालेण कालं विहरेज्ज रट्ठे, बलाबलं जाणिय अप्पणो य ।**
**सीहो व सद्देण ण संतसेज्जा, वयजोग सुच्चा ण असब्भमाहु ॥**

**શબ્દાર્થ :– कालेणं कालं** = યથા સમય **अप्पणो** = પોતાના આત્માના **बलाबलं** = શરીર સામર્થ્યને, સહિષ્ણુતા અને અસહિષ્ણુતા રૂપ શક્તિને **जाणिय** = જાણીને **रट्ठे** = રાષ્ટ્રમાં, દેશમાં, જનપદોમાં **विहरेज** = વિચરણ કરે **सीहो व** = સિંહની જેમ **सद्देण** = ભયાનક શબ્દ સાંભળીને **ण संतसेज्जा** = ડરે નહીં અને **वयजोग** = દુ:ખ ઉત્પન્ન કરનારા શબ્દોને **सुच्चा** = સાંભળીને **असब्भं** = અસભ્ય અને કઠોરવચન **ण आहु** = કહે નહિ.

**ભાવાર્થ :–** મુનિ સમયાનુસાર સંયમી જીવનની ક્રિયાઓ કરે, પોતાના શારીરિક સામર્થ્ય-અસામર્થ્યનો વિચાર કરીને જનપદમાં વિચરણ કરે. મુનિ સિંહની જેમ ક્યારે ય શબ્દો સાંભળીને ડરે નહીં અને દુ:ખોત્પાદક પ્રતિકૂલ શબ્દો સાંભળીને અસભ્ય વચનોથી તેનો પ્રતિકાર કરે નહીં અર્થાત્ સહન કરે.

**१५** **उवेहमाणो उ परिव्वएज्जा, पियमप्पियं सव्व तितिक्खएज्जा ।**
**ण सव्व सव्वत्थाभिरोयएज्जा, ण यावि पूयं गरहं च संजए ॥**

**શબ્દાર્થ :– संजए** = સંયમી મુનિ **उवेहमाणो** = ઉપર્યુક્ત વાતોનો વિચાર કરતા **परिव्वएज्जा** = વિચરે વિચરણ કરે **उ** = તથા **पियमपियं** = પ્રિય અને અપ્રિય **तितिक्खएज्जा** = સમભાવથી સહન કરે, મધ્યસ્થભાવ રાખે **सव्वत्थ** = સર્વત્ર **सव्व** = બધા પદાર્થોની **ण अभिरोयएज्जा** = અભિલાષા ન કરે **पूयं** = પૂજા-સત્કાર **यावि** = અને **गरहं** = નિંદાને પણ.

**ભાવાર્થ :–** સંયમી મુનિ(ઉપર્યુક્ત વાતોને ધ્યાનમાં રાખીને) પ્રતિકૂળતાઓની ઉપેક્ષા કરીને વિચરણ કરે, પ્રિય અને અપ્રિય બાબતો સમભાવથી સહન કરે; સર્વત્ર બધા પદાર્થોની અભિલાષા ન રાખે તથા પૂજા-સત્કાર અને નિંદામાં સમભાવ રાખે.

**१६** **अणेगछंदामिह माणवेहिं, जे भावओ संपगरेइ भिक्खू ।**
**भयभेरवा तत्थ उइंति भीमा, दिव्वा मणुस्सा अदुवा तिरिच्छा ॥१६॥**

**શબ્દાર્થ :– इह** = આ લોકમાં **माणवेहिं** = મનુષ્યોના **अणेगछंदा** = અનેક પ્રકારના અભિપ્રાય હોઈ શકે છે **भावओ** = ઔદયિક વગેરે ભાવોને કારણે **जे** = એવા અભિપ્રાય **भिक्खू** = સાધુને **संपगरेइ** = ઉત્પન્ન થઈ શકે છે **तत्थ** = સાધુ અવસ્થામાં **भयभेरवा** = અત્યંત ભયોત્પાદક **भीमा** = ભયંકર **दिव्वा** = દેવો સંબંધી **मणुस्सा** = મનુષ્ય સંબંધી **अदुवा** = અથવા **तिरिच्छा** = તિર્યંચ સંબંધી **उइंति** = પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :–** આ સંસારમાં મનુષ્યોના અનેક પ્રકારના અભિપ્રાયો હોય છે. તે સર્વ અભિપ્રાયો તેના ઔદયિક ભાવજન્ય છે, તેમ જાણીને ભિક્ષુ જ્ઞાનપૂર્વક તેનું સમાધાન કરે અર્થાત્ તેના વ્યવહારો પ્રતિ મનમાં સમભાવ રાખે તથા વિષમ ભાવ ન કરે. સંયમ જીવનમાં ક્યારેક દેવકૃત, મનુષ્યકૃત તેમજ તિર્યંચકૃત ભયોત્પાદક ભીષણ ઉપસર્ગો ઉત્પન્ન થાય તો તેને પણ સમભાવે સહન કરે.

**१७** **परीसहा दुव्विसहा अणेगे, सीयंति जत्थ बहु कायरा णरा ।**
**से तत्थ पत्ते ण वहिज्ज भिक्खू, संगामसीसे इव णागराया ॥**

**શબ્દાર્થ :– दुव्विसहा** = દુઃસહ્ય **भिक्खु** = ભિક્ષુ **परीसहा** = પરીષહ **अणेगे** = અનેક **जत्थ** = જેનાથી **बहु** = ઘણા **कायरा** = કાયર **णरा** = પુરુષો **सीयंति** = સંયમમાં શિથિલ થઈ જાય છે (પરંતુ) **संगामसीसे** = સંગ્રામના મોખરે રહેલા **णागराया इव** = શૂરવીર હાથીની સમાન **तत्थ** = એ પરીષહ(ઉપસર્ગ)ના **पत्ते** = પ્રાપ્ત થવા પર **ण वहिज्ज** = ગભરાય નહિ **से** = મુનિ.

**ભાવાર્થ :–** અસહ્ય અનેક પરીષહ આવી પડતાં ઘણા કાયર માણસો દુઃખી થાય છે અને ખેદ પામે છે. પણ ભિક્ષુ આવા પરીષહ આવતાં, સંગ્રામના મોખરે ઝઝૂમતા હાથીની જેમ વીરતાપૂર્વક સહન કરે.

**१८** **सीओसिणा दंसमसगा य फासा, आयंका विविहा फुसंति देहं ।**
**अकुक्कुओ तत्थहियासएज्जा, रयाइं खेवेज्ज पुरेकडाइं ॥**

**શબ્દાર્થ :– सीओसिणा** = શીત અને ઉષ્ણ **दंसमसगा** = ડાંસ અને મચ્છર **फासा** = તૃણ સ્પર્શાદિ અન્ય પરીષહ **विविहा** = અનેક પ્રકારના **आयंका** = આતંક, પ્લેગ આદિ મૃત્યુપ્રદ મહારોગ વગેરે **देहं** = શરીરને **फुसंति** = સ્પર્શ કરે છે **तत्थ** = એ સમયે **अकुक्कुओ** = આક્રંદ નહીં કરતાં **अहियासएज्जा** = તેને સમભાવ પૂર્વક સહન કરે અને **पुरेकडाइं** = પૂર્વકૃત, પૂર્વે કરેલાં **रयाइं** = કર્મરૂપી રજનો **खेवेज्ज** = ક્ષય કરે, નાશ કરે.

**ભાવાર્થ :–** ઠંડી-ગરમી, મચ્છર-માંકડ અને તૃણસ્પર્શ આદિ વિવિધ પરીષહો, વિવિધ પ્રકારના રોગાદિ

શરીરને ઘેરી વળે ત્યારે આક્રંદ ન કરતા મુનિ તેને સમભાવે સહન કરે અને પૂર્વકૃત કર્મરજનો નાશ કરે.

**૧૯** **पहाय रागं च तहेव दोसं, मोहं च भिक्खू सययं वियक्खणो ।**
**मेरुव्व वाएण अकंपमाणो, परीसहे आयगुत्ते सहेज्जा ॥**

**શબ્દાર્થ :–** **वियक्खणो** = વિચક્ષણ **भिक्खू** = ભિક્ષુ **च** = તથા **सययं** = સતત, નિરંતર **रागं** = રાગને **तहेव** = તેમજ **दोसं** = દ્વેષને **मोहं** = મોહને **पहाय** = છોડીને **वाएण** = વાયુથી **अकंपमाणो** = કંપિત ન થનાર **मेरुव्व** = મેરુ પર્વત સમાન સ્થિર રહીને **आयगुत्ते** = આત્માને વશ કરીને.

**ભાવાર્થ :–** વિચક્ષણ ભિક્ષુ હંમેશાં રાગદ્વેષ અને મોહનો ત્યાગ કરીને, વાયુથી અકંપિત મેરુની જેમ અડગ-સ્થિર રહીને, આત્મગુપ્ત બનીને, પરીષહોને સમભાવપૂર્વક સહન કરે.

**૨૦** **अणुण्णए णावणए महेसी, ण यावि पूयं गरहं च संजए ।**
**स उज्जुभावं पडिवज्ज संजए, णिव्वाणमग्गं विरए उवेइ ॥**

**શબ્દાર્થ :–** **पूयं** = પૂજાને પ્રાપ્ત કરીને **अणुण्णए** = ઉન્નત ન થાય, ગર્વ ન કરે **या वि** = અને **गरहं** = કોઈ નિંદા કરે ત્યારે **णावणए** = અવનત ભાવ ન કરે, દીન ન બને **विरए** = કામભોગોથી સર્વથા વિરક્ત થઈને **उज्जुभावं** = સરલ ભાવને **पडिवज्ज** = સ્વીકારીને **णिव्वाणमग्गं** = નિર્વાણ માર્ગને, મોક્ષમાર્ગને **उवेइ** = પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :–** મહર્ષિ પૂજા-પ્રતિષ્ઠામાં ગર્વયુક્ત ન બને તેમજ પોતાની નિંદામાં દીન ન થાય. તે સંયત સરળતાનો સ્વીકાર કરીને કામભોગોથી વિરક્ત થઈને, નિર્વાણ માર્ગને પ્રાપ્ત કરે છે.

**૨૧** **अरइरइसहे पहीणसंथवे, विरए आयहिए पहाणवं ।**
**परमट्ठपएहिं चिट्ठइ, छिण्णसोए अममे अकिंचणे ॥**

**શબ્દાર્થ :–** **अरइरइसहे** = સંયમમાં અરતિ અને અસંયમમાં રતિરૂપ પરીષહને સહન કરે **पहीणसंथवे** = ગૃહસ્થોના પરિચયને છોડી દે **विरए** = વિરત, કામભોગોનો અથવા પાપોનો સર્વથા ત્યાગ કરે **आयहिए** = આત્મહિતની સાધનામાં તત્પર **पहाणवं** = સંયમમાં લીન મુનિ **छिण्णसोए** = આશ્રવ આદિ સ્રોતનો નિરોધ કરે, શોકરહિત **अममे** = મમત્વ રહિત **अकिंचणे** = દ્રવ્ય-ભાવ પરિગ્રહ રહિત **परमट्ठपएहिं** = પરમાર્થ પદમાં, મોક્ષમાર્ગમાં **चिट्ठइ** = સ્થિત થાય છે.

**ભાવાર્થ :–** સંયમવાન મુનિ અરતિ-રતિને સહન કરે, સંસારીઓના પરિચયથી દૂર રહે, સર્વ પાપોથી વિરત થઈને આત્મહિતની વિચારણા કરે, આશ્રવોનો નિરોધ કરીને મમત્વરહિત અને નિષ્પરિગ્રહી થઈને સમ્યગ્ દર્શનાદિ મોક્ષના સાધનોમાં સ્થિત થાય છે.

**૨૨** **विवित्त लयणाइं भएज्ज ताई, णिरुवलेवाइं असंथडाइं ।**
**इसिहिं चिण्णाइं महायसेहिं, काएण फासेज्ज परीसहाइं ॥**

**શબ્દાર્થ :–** **ताई** = ત્રાયી, છકાય જીવોના રક્ષક સાધુ **णिरुवलेवाइं** = આસક્તિનાં કારણોથી રહિત **असंथडाइं** = અસંસૃત, બીજ વગેરેથી રહિત, જનાકુલતાથી રહિત **महायसेहिं** = મહાયશસ્વી **इसिहिं** = ઋષિઓ દ્વારા **चिण्णाइं** = સેવિત **विवित्त लयणाइं** = સ્ત્રી, પશુ, નપુંસકથી રહિત સ્થાનોનું **भएज्ज** = સેવન કરે.

**भावार्थ :–** છકાયના રક્ષક મુનિ– સ્ત્રી, પશુ અને નપુંસક રહિત તથા પરિકર્મ રહિત તેમજ બીજ આદિ જીવ રહિત અથવા જનાકુલતાથી રહિત સ્થાનમાં રહે અને મહાયશસ્વી મહર્ષિઓ દ્વારા સેવિત સંયમ માર્ગનું સેવન કરે; સંયમ પાલનમાં આવતા પરિષહોને મન,વચન અને કાયાથી સહન કરે.

**૨૩** **सण्णाण-णाणोवगए महेसी, अणुत्तरं चरिउं धम्मसंचयं ।
अणुत्तरे णाणधरे जसंसी, ओभासइ सूरिए वंतलिक्खे ॥**

**શબ્દાર્થ :– सण्णाण णाणोवगए** = અનેક પ્રકારના શ્રેષ્ઠ જ્ઞાનને પ્રાપ્ત કરીને **महेसी** = મહર્ષિ **अणुत्तरं** = પ્રધાન, મુખ્ય **धम्मसंचयं** = ક્ષમા વગેરે યતિ ધર્મોના સમુદાયનું **चरिउं** = સેવન કરીને **अणुत्तरे णाणधरे** = સર્વ શ્રેષ્ઠ કેવળજ્ઞાનને ધારણ કરનારા **जसंसी** = યશસ્વી મુનિ **अंतलिक्ख** = આકાશમાં **सूरिए व** = સૂર્યની સમાન **ओभासइ** = પ્રકાશિત થાય છે.

**भावार्थ :–** તે યશસ્વી મુનિ અનેક પ્રકારના શ્રેષ્ઠ જ્ઞાનને પ્રાપ્ત કરીને, ક્ષમા આદિ અનુત્તર ધર્મોનું આચરણ કરીને, અનુત્તર-કેવળ જ્ઞાન પ્રગટ કરીને, આકાશમાં સૂર્યની જેમ સંઘમાં શોભાયમાન થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ૧૩ ગાથાઓમાં મુનિધર્મનું નિરૂપણ છે. તે ગાથાઓ સાધુધર્મને દર્શાવવા માટે ઉપદેશરૂપ છે. સમુદ્રપાલ મુનિએ સ્વયંમેવ બોધ પ્રાપ્ત કરીને, મુનિધર્મનું યથાર્થ પાલન કરીને અંતિમ લક્ષ્યને સિદ્ધ કર્યું.

**खंतिखमे(क्षान्ति क्षमः) :–** અશક્તિથી નહિ પરંતુ ક્ષમાથી. જે મુનિ પ્રતિકૂળ વ્યક્તિઓ દ્વારા કહેવાયેલાં દુર્વચનો(અપશબ્દો) વગેરેને સહન કરે, તે ક્ષાંતિ ક્ષમઃ કહેવાય છે.

**कालेण कालं विहरेज्ज... :–** આ ગાથામાં મુનિને ગ્રામાનુગ્રામ વિહાર કરવાના સમયે ધ્યાનમાં લેવા યોગ્ય આવશ્યક ત્રણ સૂચનો કર્યા છે– (૧) યથા સમયે વિચરણ કરે (૨) પોતાના સામર્થ્ય–અસામર્થ્યનો વિચાર કરે (૩) અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગને સહન કરે.

સાધુઓએ વિહાર દરમ્યાન ઈર્યાસમિતિનું પાલન કરવાનું હોય છે. તેથી સૂર્યાસ્ત પહેલાં પહોંચવા માટે તે ક્ષેત્રનું અંતર, પોતાનું સામર્થ્ય વગેરેની વિચારણા તેઓને વિહાર કરતાં પહેલાં જ કરવી અનિવાર્ય છે.

ઉપરોક્ત પ્રકારની વિચારણા વિના જ વિહારનો પ્રારંભ કરે તો કયારેક માર્ગ વિશેષ દૂર હોય, તેટલું ચાલવાની શક્તિ ન હોય, સૂર્યાસ્ત થઈ જાય તેમ હોય, તો સાધુને અનેક પ્રકારે મુશ્કેલી ઊભી થાય છે. તેમાં સંયમ વિરાધના, આત્મવિરાધના, સમાધિભંગ વગેરે અનેક દોષોની સંભાવના છે. તેથી સાધુ સમય અને શક્તિનો વિચાર કરીને જ વિહાર કરે.

વિહાર સમયે કયારેક જંગલી પશુઓના અવાજ સંભળાય, કયારેક કોઈ કટુ શબ્દો સંભળાવે, આવી કોઈ પણ પ્રતિકૂળ પરિસ્થિતિ ઊભી થાય, ત્યારે મુનિ નીડરતાપૂર્વક સમભાવે સહન કરે.

આ રીતે આ ગાથામાં ગ્રામાનુગ્રામ વિચરણ સંબંધી સાવધાનીઓની સંક્ષિપ્તમાં સૂચના છે.

**ण सव्व सव्वत्थाभिरोयएज्जा :–** મુનિ જે કંઈ જુએ તે સર્વની આકાંક્ષા, અભિલાષા કે ઈચ્છા ન કરે.

**ण यावि पूयं गरहं च संजए :–** (૧) પૂજા અને ગર્હા–નિંદામાં પણ અભિરુચિ ન રાખે, અહીં પૂજાનો અર્થ પોતાની પૂજા-પ્રતિષ્ઠા, સત્કાર વગેરે છે તથા ગર્હાનો અર્થ 'પરનિંદા' છે. બંને ભાવો

રાગ-દ્વેષરૂપ છે. તેથી તેનો ત્યાગ કરે.

**अणेगछंदामिह माणवेहिं :–** મનુષ્યોના અનેક પ્રકારના અભિપ્રાયને જાણે. આ ગાથામાં સૂત્રકારે સાધુને લોકમાનસને જાણવાનું કથન કર્યું છે. સાધુ લોકરુચિ અને લોકમાનસની વિવિધતાને જાણીને પોતાની ચિત્તવૃત્તિને ડામાડોળ ન કરે પરંતુ સમભાવથી તેનો સમન્વય કરી, પોતાના માર્ગમાં સ્થિર રહે.

**पहीणसंथवे :–** સંસ્તવ અર્થાત્ ગૃહસ્થોની સાથે અતિ પરિચય તે બે પ્રકારનો છે– (૧) પૂર્વ-પશ્ચાત્ સંસ્તવ–સંયમી જીવનના પૂર્વ પરિચિત વ્યક્તિઓ અથવા સંયમી જીવનના સ્વીકાર પછીની પરિચિત વ્યક્તિઓનો પરિચય (૨) વચન-સંવાસરૂપ સંસ્તવ. જેની સાથે બોલચાલનો વ્યવહાર હોય તેવા વ્યક્તિઓનો પરિચય. જે મુનિ આ બંને પ્રકારના પરિચયથી રહિત છે તે પ્રહીણ સંસ્તવ છે.

**पहाणवं :–** પ્રધાનવાન. પ્રધાનનો અર્થ અહીં 'સંયમ' છે, કારણ કે તે મોક્ષસાધનાનું પ્રધાન અંગ છે. તેથી પ્રધાનવાન એટલે સંયમી, સંયમશીલ.

**परमट्ठपएहिं :–** પરમાર્થનો અર્થ મોક્ષ છે, તે જે સાધનથી પ્રાપ્ત થાય તે પરમાર્થપદ છે; તે સંયમ છે.

**छिण्णसोए :– છિન્નશોક** = શોક રહિત, **છિન્નસ્રોત** = મિથ્યાદર્શનાદિ કર્મબંધનના કારણ રૂપ સ્રોત જેના છિન્ન થઈ ગયા છે તે છિન્નસ્રોત.

**णिरुवलेवाइं :–** આ પદ સાધુને રહેવાના સ્થાનનું વિશેષણ છે. તેના ભાવાત્મક બે અર્થ છે– (૧) દ્રવ્યતઃ કર્મલેપથી રહિત અને (૨) ભાવતઃ આસક્તિરૂપ ઉપલેપથી રહિત.

**सण्णाणणाणोवगए :–** સદ્જ્ઞાનનો અર્થ અહીં શ્રુતજ્ઞાન થાય છે. શ્રુતજ્ઞાનના માધ્યમથી જે આચાર-ગોચરના યથાર્થ જ્ઞાનથી યુક્ત હોય, તે સદ્જ્ઞાનોપગત કહેવાય છે.

**अकुक्कुओ तत्थहियासएज्जा :–** ઠંડી-ગરમી વગેરે કોઈપણ પરીષહ આવે, તે સમયે કોઈ પ્રકારનો વિલાપ અથવા પ્રલાપ કર્યા વિના, કઠોર શબ્દો બોલ્યા વિના, નિમિત્તને દોષ દીધા વિના, કોઈને ગાળ કે અપશબ્દ કહ્યા વિના સમભાવે સહન કરે.

**आयगुत्ते :–** આત્મગુપ્ત. કાચબાની જેમ પોતાના સમગ્ર અંગોને સંકોચી પરીષહ સહન કરે.

**સમુદ્રપાલની મુક્તિ :–**

**૨૪** **दुविहं खवेऊण य पुण्णपावं, णिरंगणे सव्वओ विप्पमुक्के ।**
**तरित्ता समुद्दं च महाभवोघं, समुद्दपाले अपुणागमं गए ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– दुविहं** = બંને પ્રકારનાં કર્મોનો, ઘાતી અને અઘાતી કર્મોનો **खवेऊण** = સર્વથા ક્ષય કરીને **णिरंगणे** = કર્મમલથી રહિત **सव्वओ** = બાહ્ય અને આંતરિક બધા પ્રકારનાં બંધનોથી **विप्पमुक्के** = મુક્ત થઈને **महाभवोघं** = મહાભવ પ્રવાહરૂપ સંસાર સાગરને **तरित्ता** = પાર કરીને **अपुणागमं (गइं)** = પુનરાગમન રહિત ગતિને, મોક્ષને **गए** = પ્રાપ્ત થયા.

**ભાવાર્થ :–** સમુદ્રપાલ મુનિ ઘાતી-અઘાતી કર્મોનો તથા પુણ્ય-પાપ રૂપ બંને પ્રકારના કર્મોનો સર્વથા ક્ષય કરીને, કર્મ મલથી રહિત બની, બાહ્ય-આંતરિક સર્વ પ્રકારના બંધનોથી મુક્ત થઈ, મહાભવપ્રવાહરૂપ સંસાર સાગરને તરીને મોક્ષ ગતિને પ્રાપ્ત થયા.

**વિવેચન :–**

**दुविहं :–** બે ભેદવાળા કર્મ. ઘાતીકર્મ અને અઘાતીકર્મ. પુણ્ય અને પાપ કર્મ. શુભ અને અશુભ કર્મ.

**णिरंगणे :–** સંયમ પ્રત્યે નિશ્ચલ, શૈલેશી અવસ્થા પ્રાપ્ત. **निरंजन** = કર્મસંગથી રહિત.

**समुद्दं च महाभवोघं :–** સમુદ્ર સમાન અતિ દુસ્તર, ચાર ગતિ રૂપ મહાન ભવભ્રમણરૂપી સંસાર-સમુદ્ર પ્રવાહને તરીને.

**त्ति बेमि :–** સુધર્માસ્વામી પોતાના શિષ્ય જંબૂસ્વામીને કહે છે, હે જંબૂ ! જે રીતે મેં ભગવાન મહાવીર સ્વામી પાસેથી સાંભળ્યું છે તે રીતે જ મેં તને કહ્યું છે. આ કથન સર્વજ્ઞ તીર્થંકર ભગવાનનું છે.

**॥ એકવીસમું અધ્યયન સંપૂર્ણ ॥**

# બાવીસમું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનનું નામ રથનેમીય છે. તેમાં રથનેમિ સંબંધી પ્રસંગકથા મુખ્ય છે.

★ અધ્યયનના પૂર્વાર્ધમાં સમુદ્રવિજય રાજાનો કુલ પરિચય, તેમના મોટા પુત્ર અરિષ્ટનેમિનાં ગુણો, લક્ષણો તથા તેમની રાજેમતી સાથે સગાઈ અને જાન પ્રસ્થાન વગેરે વિષયોનું વર્ણન છે. ત્યાર પછી વાડામાં પિંજરામાં પુરાયેલાં પશુ-પંખીઓનાં ચીત્કાર; લગ્ન પ્રસંગે યોજાયેલા ભોજન સમારંભ માટે હજારો નિર્દોષ પશુ પંખીઓની હિંસા વગેરે દશ્યો જોઈને કરુણાદ્ર અરિષ્ટનેમિ અવિવાહિત પાછા ફરી દીક્ષા ગ્રહણ કરવી, તે પ્રસંગનું પ્રતિપાદન છે અને શોકમગ્ન રાજેમતીએ સંસારથી વિરક્ત થઈને દીક્ષા ગ્રહણ કરી, તેનું કથન છે.

★ ભગવાન અરિષ્ટનેમિ એક વખત રૈવતક પર્વત ઉપર બિરાજમાન હતા. રાજેમતી વગેરે અનેક સાધ્વીઓ તેમના દર્શનાર્થે રૈવતક પર્વત પર જઈ રહી હતી, પરંતુ રસ્તામાં વાવાઝોડા સહિત વરસાદના કારણે બધી સાધ્વીઓ અલગ-અલગ થઈ ગઈ. રાજેમતી એકલી એક ગુફામાં પહોંચી. તેણીએ પોતાના ભીનાં કપડાં ઊતારી સૂકવવા માટે જયણાપૂર્વક ફેલાવ્યાં. તે ગુફામાં રથનેમિ મુનિ ધ્યાનમાં લીન હતા. રાજેમતીને નિર્વસ્ત્ર જોઈ તેમનું મન ચલિત થઈ ગયું. રથનેમિએ સતીની પાસે સંસારી સુખો ભોગવવાનો પ્રસ્તાવ કર્યો. પરંતુ રાજેમતીએ કુલ અને શીલની મર્યાદાઓનો ઉલ્લેખ કરી, રથનેમિને સમજાવી સંયમપથ ઉપર સ્થિર કર્યા. રાજેમતી અને રથનેમિ બંને વિશુદ્ધ સંયમનું પાલન કરી સિદ્ધ-બુદ્ધ-મુક્ત બન્યાં.

★ આ અધ્યયનમાં રાજેમતીએ રથનેમિને આપેલો ઉપદેશ સંકલિત છે. તે પથભ્રષ્ટ થતાં પ્રત્યેક સાધકને વિવેકમય પ્રેરણા આપે છે, સાવધાન કરે છે. તે બોધ આજે જ આપ્યો હોય એવો દીપ્તિવાન છે. પ્રત્યેક સાધક માટે તે દીવાદાંડીરૂપ છે. જે તેની જીવન-નૌકાને ભોગ-વાસનાના ખડક સાથે અથડાતાં બચાવે છે. આ બોધ વચનો શાશ્વત સત્ય છે, અજર અમર છે.

★ આ રીતે પૂર્વાર્ધમાં પ્રભુ નેમનાથના લગ્ન, દીક્ષા વગેરે પ્રસંગોનું વર્ણન હોવા છતાં ઉત્તરાર્ધમાં સતી રાજેમતી દ્વારા રથનેમિને ભોગ માર્ગથી પાછા વાળવા માટે અપાયેલા ઉપદેશની પ્રધાનતા હોવાથી અધ્યયનનું નામ **રથનેમીય** સાર્થક છે.

❖❖❖❖❖

# બાવીસમું અધ્યયન

## રથનેમીય

**તીર્થંકર અરિષ્ટનેમિનો પરિચય :–**

**१** **सोरियपुरम्मि णयरे, आसी राया महिड्ढिए ।**
**वसुदेव त्ति णामेणं, रायलक्खण संजुए ॥**

**શબ્દાર્થ :– सोरियपुरम्मि** = શૌર્યપુર નામના **णयरे** = નગરમાં **रायलक्खण संजुए** = ચક્ર, સ્વસ્તિક, અંકુશ આદિ રાજાના લક્ષણોથી અને સત્ય શૂરવીરતા આદિ રાજાના ગુણોથી યુક્ત **वसुदेव त्ति णामेणं** = વસુદેવ નામના **महिड्ढिए** = મહાઋદ્ધિવાન **राया** = રાજા **आसी** = હતા.

**ભાવાર્થ :–** શૌર્યપુર નગરમાં મહાઋદ્ધિ સંપન્ન અને રાજલક્ષણો(ચિહ્ન અને ગુણો)થી યુક્ત વસુદેવ નામના રાજા નિવાસ કરતા હતા.

**२** **तस्स भज्जा दुवे आसी, रोहिणी देवई तहा ।**
**तासिं दोण्हं दुवे पुत्ता, इट्ठा रामकेसवा ॥**

**શબ્દાર્થ :– तस्स** = તે વસુદેવની **रोहिणी** = રોહિણી **तहा** = અને **देवई** = દેવકી નામની **दुवे** = બે **भज्जा** = પત્નીઓ **आसी** = હતી **तासिं** = તે **दोण्हं** = બંનેના **इट्ठा** = ઈષ્ટ(બધાને પ્રિય લાગતા) **रामकेसवा** = રામ અને કેશવ(રોહિણીના પુત્ર રામ-બળદેવ અને દેવકીના પુત્ર કૃષ્ણ-વાસુદેવ) **पुत्ता** = પુત્રો હતા.

**ભાવાર્થ :–** તે વસુદેવ રાજાને રોહિણી અને દેવકી નામની બે પત્નીઓ હતી. તે બંનેના ક્રમશઃ સૌને પ્રિય રામ(બળદેવ) અને કેશવ(કૃષ્ણ) બે પુત્રો હતા.

**३** **सोरियपुरम्मि णयरे, आसी राया महिड्ढिए ।**
**समुद्दविजए णामं, रायलक्खण संजुए ॥**

**ભાવાર્થ :–** શૌર્યપુર નગરમાં મહાઋદ્ધિવાન તથા રાજાના લક્ષણો અને ગુણોથી યુક્ત સમુદ્રવિજય નામના રાજા નિવાસ કરતા હતા.

**४** **तस्स भज्जा सिवा णाम, तीसे पुत्तो महायसो ।**
**भगवं अरिट्ठणेमि त्ति, लोगणाहे दमीसरे ॥**

**શબ્દાર્થ :– तस्स** = તેના, સમુદ્ર વિજયના **सिवाणाम** = શિવા નામની **भज्जा** = ભાર્યા, પત્ની **तीसे** = તેનો **पुत्तो** = પુત્ર **महायसो** = મહાયશસ્વી **दमीसरे** = પરમ જિતેન્દ્રિય **लोगणाहे** = ત્રણ લોકના નાથ **भगवं** = ભગવાન **अरिट्ठणेमि त्ति** = અરિષ્ટનેમિ હતા.

**ભાવાર્થ :–** સમુદ્રવિજયને શિવા નામની પત્ની અને મહાયશસ્વી, પરમ જિતેન્દ્રિય, લોકનાથ ભગવાન

અરિષ્ટનેમિ નામના પુત્ર હતા.

**૫** **सो अरिट्ठणेमि णामो य, लक्खणस्सरसंजुओ ।**
**अट्ठसहस्स-लक्खणधरो, गोयमो कालगच्छवी ॥**

**શબ્દાર્થ :– सो** = તે **अरिट्ठणेमि णामो** = અરિષ્ટનેમિ નામના કુમાર **लक्खणस्सरसंजुओ** = લક્ષણ અને સ્વરોથી સંયુક્ત **अट्ठसहस्स लक्खणधरो** = ૧૦૦૮ શુભ લક્ષણોને ધારણ કરનાર **गोयमो** = ગૌતમ ગોત્રીય **य** = અને **कालगच्छवी** = કૃષ્ણ કાંતિવાળા હતા.

**ભાવાર્થ :–** તે અરિષ્ટનેમિકુમાર સુલક્ષણોથી અને મધુર સ્વરોથી સંપન્ન, ૧૦૦૮ શુભ લક્ષણોના ધારણ કરનાર, ગૌતમ ગોત્રીય અને શ્યામવર્ણના હતા.

**વિવેચન :–**

શૌર્યપુર નગરમાં વસુદેવ અને સમુદ્રવિજય નામના બે ભાઈઓ રાજા હતા. તેમાં વસુદેવ રાજાને રોહિણી અને દેવકી નામની બે રાણીઓ અને બલરામ તથા શ્રીકૃષ્ણ નામના બે પુત્રો હતા. સમુદ્ર વિજય રાજાને શિવા નામની રાણી અને અરિષ્ઠનેમિ, રથનેમિ, સત્યનેમિ અને દઢનેમિ વગેરે પુત્રો હતા. પ્રસ્તુત અધ્યયનમાં ભગવાન અરિષ્ઠનેમિના વિવાહ અને રથનેમિ સંબંધિત વક્તવ્યતામાં શ્રીકૃષ્ણનો પરિચય સહકારી હોવાથી સૂત્રકારે તેનો પહેલા ઉલ્લેખ કર્યો છે.

**सोरियपुरम्मि णयरे :–** તેના ત્રણ રૂપ થાય છે– (૧) સોરિયપુર (૨) શૌર્યપુર (૩) સૌરીપુર. વર્તમાનમાં આગ્રાથી લગભગ ૪૨ માઈલ દૂર બટેશ્વર તીર્થ છે, જ્યાં દર વર્ષે મેળો ભરાય છે. બટેશ્વરની નજીક ભગવાન અરિષ્ટનેમિનું જન્મસ્થાન હાલનું સૌરીપુર છે. પ્રસ્તુત ગાથાઓમાં 'શૌર્યપુર'નો ઉલ્લેખ છે. તેનું કારણ એ છે કે શૌર્યપુરમાં દશે ય ભાઈ રાજા નિવાસ કરતા હતા. સમુદ્રવિજય પ્રથમ અને વસુદેવ અંતિમ ભાઈ હતા.

**रायलक्खण संजुए :–** રાજલક્ષણોથી યુક્ત. તેના ત્રણ અર્થ થાય છે– (૧) સામુદ્રિકશાસ્ત્ર અનુસાર રાજાની હથેળી અને પગના તળિયામાં ચક્ર, સ્વસ્તિક, અંકુશ આદિ ચિહ્નો હોય છે. (૨) ગુણોની દષ્ટિએ રાજા ધૈર્ય, ગાંભીર્ય, ઔદાર્ય, ત્યાગ, સત્ય, શૌર્ય આદિ ગુણોથી યુક્ત હોય છે. વસુદેવ અને સમુદ્રવિજય, આ બંને પ્રકારના રાજલક્ષણોથી યુક્ત હતા. રાજલક્ષણનો ત્રીજો અર્થ છે (૩) છત્ર, ચામર, સિંહાસન આદિ ચિહ્નોથી સુશોભિત.

**दमीसरे :–** ઇન્દ્રિયોનું દમન(ઉપશમન) કરનારા ઈશ્વર, નાયક. અરિષ્ટનેમિકુમાર કૌમાર્યાવસ્થાથી જ અત્યંત ઉપશાંત તથા જિતેન્દ્રિય હતા. કુમાર અવસ્થામાં જ તેમણે કામવાસનાનું દમન કર્યું હતું.

**लक्खणस्सरसंजुओ :–** (૧) સુસ્વરત્વ, ગાંભીર્ય, માધુર્ય આદિ સ્વરના લક્ષણોથી યુક્ત, (૨) મધ્ય– પદલોપી સમાસ મુજબ ઉક્ત લક્ષણવાળા સ્વરથી સંયુક્ત.

**अट्ठसहस्सलक्खणधरो :–** વૃષભ, સિંહ, શંખ, ચક્ર, ગજ, સમુદ્ર આદિ ૧૦૦૮ લક્ષણના ધારક. તીર્થંકર અને ચક્રવર્તીના શરીર ઉપર ૧૦૦૮ લક્ષણ હોય છે.

**શ્લાઘનીય પુરુષ :–** હેમચંદ્રાચાર્ય કૃત ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્રમાં ૬૩ મહાપુરુષોના જીવનચરિત્ર વર્ણવ્યા છે, તેમાં ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ અને ૯ પ્રતિવાસુદેવનો સમાવેશ થાય

છે. પ્રત્યેક અવસર્પિણી અને ઉત્સર્પિણી કાલમાં ૬૩ શ્લાઘનીય પુરુષો થાય છે. તીર્થંકર અરિષ્ટનેમિ, બળદેવ–બલભદ્ર અને વાસુદેવ–શ્રીકૃષ્ણ; આ ત્રણ શ્લાઘનીય પુરુષો યાદવ કુળમાં થયા. આ મહાપુરુષોના કારણે યાદવ વંશ ઉન્નતિના શિખરે પહોંચ્યો હતો.

**શ્રી અરિષ્ટનેમિનો રાજેમતી સાથે સંબંધ :–**

**૬** **वज्जरिसहसंघयणो, समचउरंसो झसोयरो ।**
**तस्स राईमई कण्णं, भज्जं जायइ केसवो ॥**

**શબ્દાર્થ :– वज्जरिसहसंघयणो** = વજ્રઋષભનારાચ સંઘયણવાળા **समचउरंसो** = સમચતુરસ્ર સંસ્થાન- વાળા **झसोयरो** = ઝસ અર્થાત્ માછલી, માછલીના ઉદર સમાન સુંદર ઉદરવાળા **केसवो** = કેશવ, વાસુદેવ શ્રીકૃષ્ણે **तस्स** = તે અરિષ્ટનેમિ કુમારની **भज्जं** = પત્ની બનાવવા માટે, ઉગ્રસેન રાજા પાસેથી **कण्णं** = તેમની કન્યા **राईमई** = રાજેમતીની **जायइ** = યાચના કરી.

**ભાવાર્થ :–** વજ્રઋષભનારાચ સંહનન, સમચતુરસ્ર સંસ્થાન અને માછલીના ઉદર જેવા સુંદર ઉદરથી સુશોભિત શ્રી અરિષ્ઠનેમિની પત્ની બનાવવા માટે શ્રીકૃષ્ણ વાસુદેવે(ઉગ્રસેન રાજા પાસે) તેની પુત્રી રાજેમતીની માંગણી કરી.

**૭** **अह सा रायवरकण्णा, सुसीला चारुपेहिणी ।**
**सव्वलक्खणसंपण्णा, विज्जुसोयामणिप्पभा ॥**

**શબ્દાર્થ :– अह** = અથ, આ શબ્દ વાક્યાલંકાર માટે પ્રયુક્ત છે. **सा** = તે **रायवर कण्णा** = ઉગ્રસેન રાજાની શ્રેષ્ઠ કન્યા રાજેમતી **सुसीला** = સુશીલ, ઉત્તમ આચારવાળી **चारुपेहिणी** = દેખાવમાં સુંદર **सव्वलक्खण संपण्णा** = સ્ત્રીના સર્વ શુભ લક્ષણોથી સંપન્ન **विज्जुसोयामणिप्पभा** = વિદ્યુત–ચમકતી સૌદામિની, વીજળીની રેખા સમાન પ્રભાવ શાળી હતી.

**ભાવાર્થ :–** ઉગ્રસેન રાજાની શ્રેષ્ઠ કન્યા રાજેમતી સુશીલ, સુંદર અને સમસ્ત શુભ લક્ષણોથી સંપન્ન હતી. તેના શરીરની કાંતિ ચમકતી વિજળી સમાન હતી.

**૮** **अहाह जणओ तीसे, वासुदेवं महिड्ढियं ।**
**इहागच्छउ कुमारो, जा से कण्णं ददामिहं ॥**

**શબ્દાર્થ :– अह** = ત્યાર બાદ **तीसे** = તે રાજેમતીના **जणओ** = પિતા **महिड्ढियं** = મહાન રિદ્ધિવાળા **वासुदेवं** = કૃષ્ણ વાસુદેવને **आह** = કહ્યું કે **कुमारो** = અરિષ્ટનેમિકુમાર **इह** = અહિંયા **आगच्छउ** = પધારે **जा** = તો **अहं** = હું **कण्णं** = મારી કન્યા **ददामि** = આપું.

**ભાવાર્થ :–** ત્યાર પછી તેના(રાજેમતીના) પિતાએ મહાઋદ્ધિવાન વાસુદેવને કહ્યું કે અરિષ્ટનેમિકુમાર અહીંયા પધારે તો હું મારી કન્યા તેમને આપીશ.

**વિવેચન :–**

**અરિષ્ટનેમિ માટે શ્રીકૃષ્ણ દ્વારા રાજેમતીની માંગણીની પૂર્વભૂમિકા :–** આ અધ્યયનમાં સંક્ષિપ્ત વર્ણન છે. વિસ્તૃત વર્ણન કથાગ્રંથોમાં આ પ્રમાણે છે– એકવાર અરિષ્ટનેમિ શ્રીકૃષ્ણની આયુધશાળામાં

આવી પહોંચ્યા. તેમણે અનાયાસ ધનુષ્ય અને ગદાને ઉપાડી લીધા અને વાસુદેવનો પંચજન્ય શંખ ફૂંક્યો. તે સમયે શંખના અવાજથી ચારે બાજુ ખળભળાટ મચી ગયો. શ્રીકૃષ્ણ પણ ક્ષુબ્ધ થઈ ગયા, તેમણે સાંભળ્યું કે અરિષ્ટનેમિએ શંખ ફૂંક્યો છે, ત્યારે તેમને ચિંતા થઈ કે વાસુદેવ સિવાય આ શંખ કોઈ ફૂંકી શકતું નથી. પરંતુ અરિષ્ટનેમિકુમારે આ શંખ ફૂંક્યો છે. તેથી તેની શક્તિ મારાથી વિશેષ છે. તેથી શું અરિષ્ટનેમિ મારું રાજ્ય લઈ લેશે ? બલભદ્રે આ ચિંતાનું નિવારણ કર્યું. તોપણ કૃષ્ણની ચિંતા નિર્મૂળ ન થઈ. તેમણે એક દિવસ નેમિકુમાર પાસે બળપરીક્ષણનો પ્રસ્તાવ રજૂ કર્યો; નેમિકુમારે તેનો સ્વીકાર કર્યો. સર્વપ્રથમ શ્રીકૃષ્ણની ભુજાને તેમણે સહજ રીતે નમાવી દીધી પરંતુ શ્રીકૃષ્ણ નેમિકુમારના ભુજદંડને નમાવી શક્યા નહીં. શ્રીકૃષ્ણ અરિષ્ટનેમિકુમારના બળને નાથવા તેમનો વિવાહ કરવાનું વિચારવા લાગ્યા. નેમિકુમાર વિવાહ માટે ના કહેતા હોવાથી શ્રીકૃષ્ણે પોતાની પટરાણીઓને વસંતોત્સવના દિવસે નેમિકુમારને વિવાહ માટે મનાવવાનું કહ્યું. આઠે ય પટરાણીઓએ ક્રમશઃ નેમિકુમારને વિભિન્ન યુક્તિઓથી વિવાહ કરવા માટે અનુરોધ કર્યો પરંતુ તે મૌન રહ્યા. પછી બળદેવ અને શ્રીકૃષ્ણે વિવાહ કરી લેવા માટે આગ્રહ કર્યો. ત્યારે અરિષ્ટનેમિકુમારે મંદ હાસ્ય કર્યું. તેમના આ મંદ હાસ્યને બધાએ વિવાહની સ્વીકૃતિનું લક્ષણ માની લીધું.

સમુદ્રવિજય પણ આ શુભ સંવાદ સાંભળી આનંદિત બન્યા. ત્યાર પછી શ્રીકૃષ્ણ સ્વયં ઉગ્રસેન રાજા પાસે ગયા અને રાજેમતીના અરિષ્ટનેમિ સાથે વિવાહ કરવાની વિનંતી કરી. ઉગ્રસેન અત્યંત પ્રસન્ન થયા.

પ્રાચીન કાળમાં એવી પ્રણાલિકા હતી કે રાજાઓ વરરાજાને શણગારી, જાન લઈને કન્યાના ઘેર જતા ન હતા પરંતુ કન્યાના પિતા પોતાની કન્યાઓને લઈને રાજાને ઘેર જતાં અને ત્યાં જ કન્યાઓના રાજકુમાર સાથે એક દિવસે લગ્ન કરવામાં આવતા હતા. પરંતુ પોતાના નાનાભાઈ અરિષ્ટનેમિનો રાજેમતી સાથે સંબંધ કરવા માટે શ્રીકૃષ્ણ વાસુદેવ સ્વયં શ્રી ઉગ્રસેનરાજાના ઘેર ગયા હતા અને રાજેમતીની માંગણી કરી. ત્યારે ઉગ્રસેનરાજાએ શરત કરી કે અરિષ્ટનેમિકુમાર વરરાજા બનીને, જાન શણગારીને મારે ઘેર પધારે, તો હું રાજેમતીના લગ્ન તેમની સાથે કરાવીશ. શ્રીકૃષ્ણે આ શરતનો સ્વીકાર કર્યો.

તે વખતે શ્રીકૃષ્ણ ત્રણ ખંડના અધિપતિ હતા અને ઉગ્રસેન તેમના અધીનસ્થ રાજા હતા. તેઓ ઈચ્છે તો કન્યા તેમની ઘેર લાવી લગ્ન કરી આપવાની ઉગ્રસેનને આજ્ઞા કરી શકતા હતા પરંતુ શ્રીકૃષ્ણે આજ્ઞા કરી નહીં અને ઉગ્રસેનની શરતનો સ્વીકાર કર્યો, આ તેમની મહાનતા હતી.

**વજ્ર ઋષભ નારાચ સંહનન :–** 'સંહનન-સંઘયણ' એ જૈન સિદ્ધાંતનો પારિભાષિક શબ્દ છે. તેનો અર્થ છે અસ્થિબંધન. સંહનનના છ પ્રકાર છે– (૧) વજ્ર ઋષભનારાચ (૨) ઋષભનારાચ (૩) નારાચ (૪) અર્ધનારાચ (૫) કીલિકા (૬) છેવટ્ટ. વજ્રઋષભનારાચ તે સર્વોત્તમ સંહનન છે અને તે ઉત્તમ પુરુષોને હોય છે. વજ્ર= ખીલી, ઋષભ=પાટો, નારાચ=બંને બાજુ મર્કટ બંધ, બે હાડકા જોડાતા હોય ત્યાં બંને બાજુ મર્કટ બંધ હોય, ઉપર પાટાની જેમ હાડકું વીંટળાયેલું હોય અને તેના ઉપર ખીલી જેવા હાડકાથી મજબૂત કર્યું હોય, તેને **વજ્રઋષભનારાચ** સંઘયણ કહે છે.

**સમચતુરસ્રસંસ્થાન :–** સંસ્થાનનો અર્થ છે શરીરના અવયવોની રચના, આકૃતિ કે શરીરની શોભા. સંસ્થાનના ૬ પ્રકાર છે– (૧) સમચતુરસ્ર (૨) ન્યગ્રોધપરિમંડલ (૩) સાદિ (૪) વામન (૫) કુબ્જ અને (૬) હુંડ. જે શરીરમાં સર્વ અંગો સપ્રમાણ હોય, પદ્માસને બેસે તો બંને હાથ તથા બંને પગના ખૂણા સમાન થાય તે **સમચતુરસ્ર** નામનું સંસ્થાન કહેવાય છે.

**શ્રી અરિષ્ટનેમિની જાનનું પ્રસ્થાન :–**

**९** **सव्वोसहीहिं ण्हविओ, कयकोउयमंगलो ।**
**दिव्वजुयल-परिहिओ, आभरणेहिं विभूसिओ ॥**

**શબ્દાર્થ :– सव्वोसहीहिं** = જયા-વિજયા વગેરે સર્વ ઔષધિઓથી મિશ્રિત જલથી **ण्हविओ** = સ્નાન કરાવ્યું **कयकोउयमंगलो** = કૌતુક-મંગળ કર્યા **दिव्वजुयल-परिहिओ** = દિવ્ય વસ્ત્ર યુગલ પહેરાવ્યા **आभरणेहिं** = આભૂષણોથી **विभूसिओ** = વિભૂષિત કરવામાં આવ્યા.

**ભાવાર્થ :–** (ત્યારપછી) અરિષ્ટનેમિકુમારને સર્વ ઔષધિયુક્ત જળથી સ્નાન કરાવ્યું. નજર આદિ ન લાગે તે માટે કૌતુક-મંગલ આદિ વિધિ વિધાનો કરી દિવ્ય વસ્ત્ર-યુગલ પહેરાવવામાં આવ્યા અને અલંકારોથી વિભૂષિત કરવામાં આવ્યા.

**१०** **मत्तं च गंधहत्थिं च, वासुदेवस्स जेट्ठगं ।**
**आरूढो सोहए अहियं, सिरे चूडामणी जहा ॥**

**શબ્દાર્થ :– जहा** = જેમ **सिरे** = મસ્તક પર **चूडामणी** = ચૂડામણી શોભે છે તેમ **वासुदेवस्स** = કૃષ્ણ વાસુદેવના **मत्तं** = મદોન્મત **जेट्ठगं** = જ્યેષ્ઠ, સૌથી પ્રધાન **गंधहत्थिं** = ગંધહસ્તિ પર **आरूढो** = આરૂઢ થઈને અરિષ્ટનેમિકુમાર **अहियं** = અત્યધિક **सोहए** = શોભવા લાગ્યા.

**ભાવાર્થ :–** વાસુદેવના સૌથી પ્રધાન મદોન્મત ગંધહસ્તિ ઉપર આરૂઢ થયેલા અરિષ્ટનેમિકુમાર મસ્તક પર ચૂડામણી શોભે તેમ અત્યધિક શોભવા લાગ્યા.

**११** **अह ऊसिएण छत्तेण, चामराहि य सोहिए ।**
**दसारचक्केण य सो, सव्वओ परिवारिओ ॥**

**શબ્દાર્થ :– अह** = ત્યાર પછી **ऊसिएण** = મસ્તક પર ધારણ કરેલા **छत्तेण** = છત્ર **य** = બંને બાજુ ઢોળ વામાં આવતા **चामराहि** = ચામરો **य** = અને **दसारचक्केण** = દશાર્હચક્રથી (સમુદ્ર વિજય આદિ દસ યાદવ પરિવારથી) **सव्वओ** = ચારેબાજુથી **परिवारिओ** = ઘેરાયેલા **सो** = તે નેમિકુમાર **सोहिए** = અત્યધિક શોભવા લાગ્યા.

**ભાવાર્થ :–** ત્યાર પછી મસ્તક પર ધારણ કરાયેલા ઊંચા છત્રથી, બંને બાજુ વીંઝાતા ચામરોથી અને ચારેબાજુએ દર્શાહ ચક્ર (યદુવંશના પ્રસિદ્ધ ક્ષત્રિય સમૂહ)થી પરિવૃત થયેલા તે અરિષ્ટનેમિકુમાર શોભવા લાગ્યા.

**१२** **चउरंगिणीए सेणाए, रइयाए जहक्कमं ।**
**तुरियाण सण्णिणाएण, दिव्वेण गगणं फुसे ॥**

**શબ્દાર્થ :– जहक्कमं** = યથાક્રમે **रइयाए** = સજ્જિત કરાયેલા, ગોઠવાયેલા **चउरंगिणीए** = હાથી, ઘોડા, રથ અને પાયદળ રૂપે ચતુરંગિણી **सेणाए** = સેનાથી **दिव्वेण** = દિવ્ય, શ્રેષ્ઠ **तुरियाण** = મૃદંગ, ઢોલ આદિ વાજીંત્રોના **सण्णिणाएण** = નિનાદથી, શબ્દથી **गगणं** = આકાશ **फुसे** = ગુંજી ઉઠ્યું.

**ભાવાર્થ :–** ચતુરંગિણી સેના અનુક્રમમાં ગોઠવાઈ ગઈ અને મૃદંગ, ઢોલ આદિ વાજીંત્રોના દિવ્ય નિનાદ (ઘોષ)થી આકાશ ગુંજી ઉઠ્યું.

**१३** **एयारिसाए इड्ढीए, जुईए उत्तमाइ य ।**
**णियगाओ भवणाओ, णिज्जाओ वण्हिपुंगवो ॥**

**શબ્દાર્થ :– एयारिसाए** = આ પ્રકારની **उत्तमाइ** = ઉત્તમ **इड्ढिए** = રિદ્ધિ **य** = અને **जुईए** = દ્યુતિ(કાંતિ)યુક્ત **वण्हिपुंगवो** = વૃષ્ણિપુંગવ, યાદવોમાં શ્રેષ્ઠ અરિષ્ટનેમિકુમાર **णियगाओ** = પોતાના **भवणाओ** = ભવનથી **णिज्जाओ** = નીકળ્યા.

**ભાવાર્થ :–** આવી ઉત્તમ રિદ્ધિ અને ઉત્તમ દ્યુતિ સંપન્ન વૃષ્ણિપુંગવે (અરિષ્ટનેમિ કુમારે) પોતાના ભવનથી પ્રસ્થાન કર્યું.

**વિવેચન :–**

**दिव्वजुयल परिहिओ :–** પ્રાચીન કાળમાં બે જ વસ્ત્ર પહેરવામાં આવતા હતા. એક અંતરીય એટલે નીચે પહેરવાનું ધોતીયું અને એક ઉત્તરીય એટલે ઉપર ઓઢવાનું ઉપવસ્ત્ર-પછેડી. તે બંને વસ્ત્રો બહુમૂલ્યવાન અને અત્યંત શોભાયમાન હતા. તેથી તેને અહીંયા દિવ્યયુગલ કહ્યું છે.

**गंधहत्थी :–** ગંધહસ્તી, બધા હાથીઓમાં તે અધિક શક્તિશાળી, બુદ્ધિમાન અને નિર્ભય હોય છે. તેની ગંધથી બીજા હાથીઓનો મદ ઝરવા લાગે છે અને તેઓ ડરના માર્યા ભાગી જાય છે. શ્રી કૃષ્ણ વાસુદેવનો આ પટ્ટહસ્તી હતો.

**कयकोउयमंगलो :–** વિવાહ પહેલાં વરરાજાના કપાળે મૂસળનો સ્પર્શ કરાવવો વગેરે કૌતુક અને દહીં, અક્ષત, ચંદન આદિ દ્રવ્યોનો ઉપયોગ કરવો, તે મંગલ કહેવાય છે.

**सव्वोसहीहिं :–** રાજા, મહારાજા, શ્રેષ્ઠિ વગેરે ઋદ્ધિ સંપન્ન લોકો વિશિષ્ટ પ્રસંગે ઔષધિરૂપે અનેક પદાર્થો સ્નાનના જળમાં મિશ્રિત કરતા હતા. તે જળ શરીરને અને વિશેષ કરી ત્વચાને પુષ્ટી કારક થતું હતું. અહીં વ્યાખ્યાકારે સ્પષ્ટ કર્યું છે કે– જયા, વિજયા, ઋદ્ધિ, વૃદ્ધિ આદિ સમસ્ત ઔષધીયુક્ત જલથી અરિષ્ટનેમિને સ્નાન કરાવાયું.

**दसारचक्केण :–** સમુદ્ર વિજય, અક્ષોભ્ય, સ્તિમિત, સાગર, હિમવાન, અચલ, ધરણ, પૂરણ, અભિચંદ્ર અને વસુદેવ; યાદવ જાતિના, યાદવ કુળના આ દસ ભાઈઓ દશાર(દશાર્હચક્ર) રૂપે પ્રસિદ્ધ હતા.

**वण्हिपुंगवो :–** વૃષ્ણિકુળમાં અરિષ્ટનેમિ પ્રધાન હતા. અરિષ્ટનેમિનું કુળ 'અંધકવૃષ્ણિ' નામથી પ્રસિદ્ધ હતું. કારણ કે અંધક અને વૃષ્ણિ એ બે ભાઈઓ હતા. વૃષ્ણિ અરિષ્ટનેમિના પિતામહ હતા. પરંતુ અન્ય પ્રમાણો અનુસાર અંધકવૃષ્ણિ એક જ વ્યક્તિનું નામ છે, તે સમુદ્ર વિજયના પિતા હતા. દશવૈકાલિક સૂત્રના અ.૨.ગાથા. ૮ તથા આ અધ્યયનની આઠમી ગાથામાં નેમનાથના કુળને અંધકવૃષ્ણિ કુળ કહ્યું છે.

**શ્રી અરિષ્ટનેમિની કરુણાની પરાકાષ્ટા :–**

**१४** **अह सो तत्थ णिज्जंतो, दिस्स पाणे भयद्दुए ।**
**वाडेहिं पंजरेहिं च, सण्णिरुद्धे सुदुक्खिए ॥**

**શબ્દાર્થ :– अह** = ત્યાર પછી **तत्थ** = ભવનથી **णिज्जंतो** = નીકળીને ક્રમશઃ આગળ વધતા વિવાહમંડપની નજીક પહોંચતા **सो** = તે, અરિષ્ટનેમિકુમારે **भयद्दुए** = મૃત્યના ભયથી ભયભીત

બનેલા **वाडेहिं** = વાડામાં **सण्णिरुद्धे** = પુરાયેલા **सुदुक्खिए** = અત્યંત દુઃખી **पाणे** = પશુઓને **च** = અને **पंजरेहिं** = પિંજરામાં પક્ષીઓને **दिस्स** = જોયા.

**ભાવાર્થ :–** ત્યાર પછી મંડપની નજીક જતાં અરિષ્ટનેમિએ વાડાઓ અને પાંજરાંઓમાં પુરાયેલા ભયગ્રસ્ત અને અતિદુઃખિત પશુઓ અને પક્ષીઓને જોયા.

**१५** **जीवियंतं तु संपत्ते, मंसट्ठा भक्खियव्वए ।**
**पासित्ता से महापण्णे, सारहिं इणमब्बवी ॥**

**શબ્દાર્થ :–** **जीवियंतं** = જીવનના અંતને **संपत्ते** = પ્રાપ્ત થયેલા, મરણાસન્ન પ્રાણી **मंसट्ठा** = માંસ માટે **भक्खियव्वए** = ભક્ષ્ય બનનાર અર્થાત્ માંસાહારી જાનૈયાઓના માંસ ભક્ષણ માટે **पासित्ता** = જોઈને **महापण्णे** = અતિશય પ્રજ્ઞાવાન **से** = તે અરિષ્ટનેમિકુમાર **सारहिं** = સારથિ(મહાવત)ને **इणं** = આ પ્રકારે **अब्बवी** = પૂછવા લાગ્યા.

**ભાવાર્થ :–** જીવનના અંતને પ્રાપ્ત અર્થાત્ મૃત્યુની સન્મુખ રહેલા અને માંસાહારીઓના ભક્ષ્ય બનનારા પ્રાણીઓને જોઈને મહાપ્રજ્ઞાવાન અરિષ્ટનેમિએ સારથિને આ પ્રમાણે પૂછ્યું–

**१६** **कस्स अट्ठा इमे पाणा, एए सव्वे सुहेसिणो ।**
**वाडेहिं पंजरेहिं च, सण्णिरुद्धा य अच्छहि ॥**

**શબ્દાર્થ :–** **एए** = આ **सव्वे** = સર્વ **सुहेसिणो** = સુખના ઈચ્છુક **पाणा** = પ્રાણીઓ **कस्स अट्ठा** = શા માટે **इमे** = આ **वाडेहिं** = વાડાઓમાં **पंजरेहिं** = પિંજરાઓમાં **सण्णिरुद्धा अच्छहि** = પુરાયેલા છે.

**ભાવાર્થ :–** (અરિષ્ટનેમિએ પૂછ્યું) આ બધા સુખાર્થી પ્રાણીઓને કયા પ્રયોજનથી વાડાઓ અને પિંજરા- ઓમાં પૂરવામાં આવ્યા છે ?

**१७** **अह सारही तओ भणइ, एए भद्दा उ पाणिणो ।**
**तुज्झ विवाहकज्जम्मि, भोयावेउं बहुं जणं ॥**

**શબ્દાર્થ :–** **अह** = ત્યાર પછી **तओ** = ભગવાનના પ્રશ્નને સાંભળીને **सारही** = સારથિ, મહાવત **भणइ** = કહેવા લાગ્યો કે હે ભગવાન ! **एए** = આ બધા **भद्दा** = ભદ્ર, નિર્દોષ **पाणिणो** = પ્રાણીઓને **तुज्झ** = આપના **विवाहकज्जम्मि** = વિવાહમાં આવેલા **बहुजणं** = ઘણા માંસાહારી મનુષ્યોને **भोयावेउं** = ભોજન કરાવવા માટે પૂરવામાં આવ્યા છે.

**ભાવાર્થ :–** ત્યારે સારથિ એ કહ્યું કે તમારા વિવાહમાં આવેલા ઘણા લોકોને માંસભોજન કરાવવા માટે આ નિર્દોષ પ્રાણીઓને પૂરવામાં આવ્યા છે.

**१८** **सोऊण तस्स वयणं, बहुपाणीविणासणं ।**
**चिंतेइ से महापण्णे, साणुक्कोसे जिएहि उ ॥**

**શબ્દાર્થ :–** **बहुपाणीविणासणं** = ઘણાં પ્રાણીઓની હિંસાને સૂચિત કરતું **तस्स** = તે સારથિનું **वयणं** = વચન **सोऊण** = સાંભળીને **जिएहि उ** = જીવોના વિષયમાં **साणुक्कोसे** = કરુણાવાન

થઈને **से** = તે **महापण्णे** = મહા પ્રજ્ઞાવાન નેમિનાથકુમાર **चिंतेइ** = વિચાર કરવા લાગ્યા.

**ભાવાર્થ :–** તેનું(સારથિનું) ઘણા પ્રાણીઓની હિંસાને સૂચવતું વચન સાંભળીને જીવો તરફ કરુણાવંત બનેલા મહાપ્રજ્ઞ અરિષ્ટનેમિ ચિંતન કરવા લાગ્યા.

**१९** **जइ मज्झ कारणा एए, हम्मंति सुबहू जिया ।**
**ण मे एयं तु णिस्सेसं, परलोगे भविस्सइ ॥**

**શબ્દાર્થ :– जइ** = જો **मज्झ कारणा** = મારા કારણે **एए** = આ **सुबहू** = ઘણાં **जिया** = જીવોની **हम्मंति** = ઘાત થશે **तु** = તો **एयं** = આ કાર્ય **मे** = મારા માટે **परलोगे** = પરલોકમાં **णिस्सेसं** = કલ્યાણકારી **ण भविस्सइ** = થશે નહીં.

**ભાવાર્થ :–** જો મારા કારણે આ ઘણા જીવોની હત્યા થશે તો તે કાર્ય પરલોકમાં મારા માટે કલ્યાણકારી થશે નહીં.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં નેમિકુમારની અનુકંપાના નિમિત્તનું અને તેના પરિણામનું વિસ્તૃત વર્ણન છે.

નેમિકુમારની જાન લગ્ન મંડપની નજીક પહોંચી રહી હતી. ત્યાં જ નિર્દોષ પ્રાણીઓના ચીત્કાર સંભળાવા લાગ્યા. જેનું ઉપાદાન શુદ્ધ હોય, તેને કોઈપણ નિમિત્ત અસર કરી જાય છે. પશુઓના ચીત્કારને સાંભળીને સર્વ જીવો સાથે આત્મસમ વૃત્તિવાન નેમકુમારના અંતરમાં અનુકંપાના ભાવ જાગૃત થયા. અનુકંપાના દિવ્ય પ્રકાશમાં તેને સત્ય સમજાઈ ગયું. લગ્ન જેવી સામાન્ય ક્રિયામાં પણ આવી ઘોર હિંસા! ક્ષણિક રસાસ્વાદ માટે આટલો અનર્થ ! સંસારના આવા વ્યવહારમાં ઘોર પતન સિવાય બીજું કાંઈ જ નથી. આવા ગંભીર ચિંતનના પરિણામે તેમને તીવ્ર નિર્વેદભાવ પ્રગટ થયો. સંસાર પ્રત્યે પૂર્ણ ઉદાસીનતા થઈ ગઈ.

**परलोगे भविस्सइ :–** ભગવાન અરિષ્ટનેમિ તીર્થંકર થઈ મોક્ષે જવાના હતા છતાં સૂત્રકારે અહીં એવું કથન કર્યું છે કે આ હિંસા પરલોકમાં મારા માટે કલ્યાણકારી થશે નહીં. આ કથન સંસારી જીવોને બોધ માટે છે, તેમ સમજવું.

**मंसट्ठा :–** (૧) માંસાહાર માટે (૨) માંસથી માંસ વધે છે. આ માન્યતા અનુસાર અવિવેકીજનો શરીરની માંસવૃદ્ધિ માટે માંસાહાર ભોજન કરે છે.

**महापण्णे :–** જેની પ્રજ્ઞા મહાન હોય તે મહાપ્રાજ્ઞ. નેમિનાથકુમારને મતિ, શ્રુત અને અવધિજ્ઞાન હોવાથી તે મહાપ્રાજ્ઞ હતા.

**सारही :–** સારથિ. પ્રસ્તુત અધ્યયનની ૧૦ મી ગાથામાં પ્રસ્થાન સમયે ગંધહસ્તી પર આરૂઢ થવાનો ઉલ્લેખ છે અને ૧૫ મી ગાથામાં સારથિને પૂછવાનો અને ૨૦મી ગાથામાં તેના દ્વારા પોતાના આદેશ અનુસાર કાર્ય થતાં પારિતોષિક આપવાના પ્રસંગમાં સારથિનો ઉલ્લેખ છે. એક શબ્દ અનેક અર્થમાં પ્રયુક્ત થાય છે. તેથી અહીં મહાવત માટે સારથી શબ્દનો પ્રયોગ છે, તેમ સમજવું જોઈએ. સામાન્ય રૂપે રથ ચલાવનાર વ્યક્તિને સારથી કહેવામાં આવે છે, પરંતુ મૂળપાઠમાં હસ્તીરત્ન-ગંધહસ્તી પર આસીન થવાનું કથન છે, તેથી પ્રસંગાનુકૂલ જ સારથી શબ્દનો અર્થ **મહાવત** કરવો યોગ્ય લાગે છે.

**શ્રી નેમકુમારનું મહાભિનિષ્ક્રમણ :–**

**૨૦** **सो कुंडलाण जुयलं, सुत्तगं च महायसो ।**
**आभरणाणि य सव्वाणि, सारहिस्स पणामए ॥**

**શબ્દાર્થ :– महायसो** = મહાયશસ્વી **सो** = તે ભગવાન અરિષ્ટનેમિએ **कुंडलाणं जुयलं** = કુંડલોની જોડ **च** = અને **सुत्तगं** = કંદોરા **य** = તથા **सव्वाणि** = બધા **आभरणाणि** = આભૂષણો **सारहिस्स** = સારથિને **पणामए** = પ્રદાન કર્યા.

**ભાવાર્થ :–** તે મહાન યશસ્વી અરિષ્ટનેમિએ કુંડલયુગલ, કંદોરો તથા બધા અલંકારો ઉતારીને સારથિને આપી દીધા.

**૨૧** **मणपरिणामो य कओ, देवा य जहोइयं समोइण्णा ।**
**सव्विड्ढीए सपरिसा, णिक्खमणं तस्स काउं जे ॥**

**શબ્દાર્થ :– मणपरिणामो** = મનના વિચારો **कओ** = કર્યા ત્યારે **तस्स** = તેમનો **णिक्खमणं** = નિષ્ક્રમણ (દીક્ષામહોત્સવ) **काउं** = કરવા માટે **जहोइयं** = યથોચિત સમયે **सव्विड्ढीए** = બધા પ્રકારની રિદ્ધિથી યુક્ત **य** = અને **सपरिसा** = પરિષદ સહિત **देवा** = દેવો, ઈન્દ્રો **समोइण्णा** = સમોસર્યા, પૃથ્વીલોકમાં આવ્યા.

**ભાવાર્થ :–** (અરિષ્ટનેમિકુમારને) મનમાં સંયમ સ્વીકારના ભાવ થતાં યથોચિત સમયે દીક્ષા મહોત્સવ કરવા માટે પોતાની સમસ્ત ઋદ્ધિયુક્ત, પરિષદ સહિત દેવો ઉપસ્થિત થયા.

**૨૨** **देवमणुस्स परिवुडो, सिवियारयणं तओ समारूढो ।**
**णिक्खमिय बारगाओ, रेवययम्मि ठिओ भयवं ॥**

**શબ્દાર્થ :– तओ** = ત્યાર પછી **देवमणुस्स-परिवुडो** = દેવો અને મનુષ્યોથી વીંટળાયેલા **भयवं** = ભગવાન **सिवियारयणं** = શિબિકારત્ન, દેવનિર્મિત ઉત્તમ પાલખી પર **समारूढो** = આરૂઢ થઈને **बारगाओ** = દ્વારકાપુરીથી **णिक्खमिय** = નીકળીને **रेवययम्मि** = રૈવતક પર્વત પર **ठिओ** = પધાર્યા.

**ભાવાર્થ :–** ત્યાર પછી દેવો અને માનવોથી પરિવૃત્ત અરિષ્ટનેમિકુમાર શિબિકારત્ન પર આરૂઢ થઈને, દ્વારકા નગરીમાંથી નીકળીને રૈવતક પર્વત પર પધાર્યા.

**૨૩** **उज्जाणं संपत्तो, ओइण्णो उत्तमाओ सीयाओ ।**
**साहस्सीए परिवुडो, अह णिक्खमइ उ चित्ताहिं ॥**

**શબ્દાર્થ :– अह** = ત્યાર પછી **उज्जाणे** = સહસ્રામ્રવન નામના ઉદ્યાનમાં **संपत्तो** = પધાર્યા **उत्तमाओ** = તે ઉત્તમ **सीयाओ** = શિબિકામાંથી **ओइण्णो** = નીચે ઉતર્યા **उ** = તત્પશ્ચાત્ **चित्ताहिं** = ચિત્રા નક્ષત્રનો ચંદ્રમા સાથે યોગ હતો ત્યારે **साहस्सीए** = એક હજાર પુરુષોથી **परिवुडो** = પરિવૃત્ત થઈને **णिक्खमइ** = દીક્ષા અંગીકાર કરી.

**ભાવાર્થ :–** (સહસ્રામ્રવન) ઉદ્યાનમાં પહોંચીને ઉત્તમ શિબિકામાંથી નીચે ઉતર્યા અને એક હજાર વ્યક્તિઓ સાથે નેમકુમારે ચિત્રા નક્ષત્રમાં અભિનિષ્ક્રમણ કર્યું(દીક્ષા લીધી).

**૨૪** **अह सो सुगंधगंधिए, तुरियं मउकुंचिए ।**
**सयमेव लुंचइ केसे, पंच मुट्ठीहिं समाहिओ ॥**

**શબ્દાર્થ :– अह** = ત્યાર પછી **समाहिओ** = સમાધિવાન **सो** = તે ભગવાન અરિષ્ટનેમિએ **सुगंधगंधिए** = સુગંધથી સુવાસિત **मउकुंचिए** = કોમળ અને વાંકડીયા **केसे** = કેશોનું **सयमेव** = સ્વયંમેવ **तुरियं** = શીઘ્ર **पंचमुट्ठीहिं** = પંચમુષ્ટિથી **लुंचइ** = લોચ કર્યો.

**ભાવાર્થ :–** ત્યાર પછી સમાધિસ્થ અરિષ્ટનેમિએ તુરત જ સુગંધથી સુવાસિત, કોમળ અને વાંકડીયા વાળોનો સ્વયં પોતાના હાથે પંચમુષ્ટિ લોચ કર્યો.

**૨૫** **वासुदेवो य णं भणइ, लुत्तकेसं जिइंदियं ।**
**इच्छिय-मणोरहं तुरियं, पावसु तं दमीसरा ॥**

**શબ્દાર્થ :– वासुदेवो** = વાસુદેવ **य** = અને બલરામ, સમુદ્રવિજય આદિ **लुत्तकेसं** = કેશલોચ કરેલા **जिइंदियं** = જિતેન્દ્રિય **णं** = અરિષ્ટનેમિને **भणइ** = કહેવા લાગ્યા **दमीसरा** = હે દમીશ્વર ! **तुरियं** = જલદી, તુરંત જ **इच्छिय-मणोरहं** = મોક્ષપ્રાપ્તિ રૂપ ઈચ્છિત મનોરથ **पावसु** = પ્રાપ્ત કરો.

**ભાવાર્થ :–** વાસુદેવ કૃષ્ણ અને બલરામ આદિએ કેશલોચ કરેલા અને જિતેન્દ્રિય ભગવાનને કહ્યું કે હે દમીશ્વર ! આપનો ઈચ્છિત મનોરથ(મોક્ષ) શીઘ્ર પ્રાપ્ત કરો.

**૨૬** **णाणेण दंसणेणं च, चरित्तेण तवेण य ।**
**खंतीए मुत्तीए चेव, वड्ढमाणो भवाहि य ॥**

**શબ્દાર્થ :– णाणेण** = જ્ઞાનથી **च** = અને **दंसणेण** = દર્શનથી **चरित्तेणं** = ચારિત્રથી **य** = અને **तवेण** = તપથી **य** = તથા **खंतीए** = ક્ષમાથી **मुत्तीए** = નિર્લોભતાથી **वड्ढमाणो** = વૃદ્ધિવંત **भवाहि** = થાઓ.

**ભાવાર્થ :–** આપ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, ક્ષમા, નિર્લોભતા વગેરે ગુણોની વૃદ્ધિ કરનારા થાઓ.

**૨૭** **एवं ते रामकेसवा, दसारा य बहू जणा ।**
**अरिट्ठणेमिं वंदित्ता, अइगया बारगापुरिं ॥**

**શબ્દાર્થ :– एवं** = એ પ્રમાણે **ते** = તે બલરામ, શ્રીકૃષ્ણ **दसारा** = દશાર્હ પ્રમુખ યાદવ **य** = અને **बहूजणा** = ઘણા માણસો **अरिट्ठणेमिं** = અરિષ્ટનેમિને **वंदित्ता** = વંદન કરીને **बारगापुरिं** = દ્વારકા નગરીમાં **अइगया** = પાછા ફર્યા.

**ભાવાર્થ :–** આ પ્રમાણે બલરામ, કેશવ, દશાર્હ, યાદવો અને બીજા ઘણા માણસો અરિષ્ટનેમિને વંદન કરી દ્વારકાપુરી પાછા ફર્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં નિર્દોષ પશુઓના પોકારને સાંભળીને નેમકુમારના અંતરમાં જાગૃત થયેલી કરુણા, તેની પ્રતિક્રિયારૂપે જાનૈયા સહિત નેમકુમારનું નગરીમાં પુનરાગમન અને યથાસમયે દીક્ષા ગ્રહણ પર્યંતનું વર્ણન છે.

નેમકુમારે પોતાના નિમિત્તથી થતી નિર્દોષ પશુઓની હિંસાનું હૃદયદ્રાવક દશ્ય જોયું. તેનું અંતર ભાવ દયાથી ભરાઈ ગયું અને તુરત જ સારથીને આજ્ઞા કરીને પશુઓને બંધનમુક્ત કરાવી, દ્વારિકા પાછા ફરી, સારથીને આભૂષણોની બક્ષીસ આપી. ગૃહસ્થ જીવનની પાપ પ્રવૃત્તિથી નિર્વેદભાવને પામ્યા. શ્રી સમુદ્રવિજય, કૃષ્ણ વાસુદેવ વગેરે સ્વજનો દઢ વૈરાગ્યધારી નેમકુમારને સમજાવી શકે તેમ ન હતા. તેમજ નેમકુમાર તીર્થંકર થવાના છે તેવું ભવિષ્ય પણ જાણતા હોવાથી તેમણે નેમકુમારને દીક્ષાની અનુમતિ આપી દીધી. તીર્થંકર સ્વયં સંબુદ્ધ જ હોય છે, તેમ છતાં અનાદિકાલના જીતવ્યવહાર અનુસાર તીર્થંકરોના મહાભિનિષ્ક્રમણના એક વર્ષ પૂર્વે લોકાંતિક દેવો પ્રગટપણે મનુષ્યલોકમાં આવીને તીર્થંકરને વિનંતિ કરે છે કે હે પ્રભો ! આપ તીર્થ પ્રવર્તન કરો. તે નિયમાનુસાર પરિષદ સહિત લોકાંતિક દેવોએ આવીને પ્રભુને તીર્થ પ્રવર્તાવવાની વિનંતિ કરી.

ત્યાર પછી નેમકુમાર સાંવત્સરિક દાન દેવા લાગ્યા. વર્ષ પૂર્ણ થતાં યથાસમયે ચિત્રા નક્ષત્રમાં રૈવતક(ઉજ્જયંત) ગિરિ પર આવેલા સહસ્રામ્રવનમાં જઈને એક હજાર પુરુષો સાથે તેમણે દીક્ષા લીધી. સ્વયં પંચમુષ્ટિ લોચ કરી, આજીવન સામાયિક વ્રત અંગીકાર કર્યું. કૃષ્ણ આદિ બધા યાદવો નેમમુનિને રત્નત્રયની આરાધનાથી અંતિમ લક્ષ્ય સિદ્ધિના આશીર્વચન આપીને પાછા ફર્યા.

**मण परिणामो य कओ.... :–** તીર્થંકરોનું પુણ્ય ઉચ્ચ પ્રકારનું હોય છે. તેથી તેઓ સંયમ સ્વીકારનો માનસિક સંકલ્પ માત્ર કરે, ત્યાં દેવલોકના દેવોના આસન ચલાયમાન થાય છે. દેવો પોતાના જ્ઞાનથી તેનું કારણ જાણે છે અને તીર્થંકરોનો દીક્ષામહોત્સવ ઉજવવા માટે ચારે જાતિના દેવો પોતાની પરિષદ સહિત મધ્યલોકમાં તીર્થંકરની નગરીમાં પધારે છે.

**सपरिसा** = આ દેવોનું વિશેષણ છે. સપરિષદ એટલે બાહ્ય, મધ્યમ અને આભ્યંતર એમ ત્રણે પરિષદો સહિત. **णिक्खमणं काउं** = નિષ્ક્રમણ મહિમા અથવા નિષ્ક્રમણ મહોત્સવ કરવા માટે. **अह णिक्खमइ** = શ્રમણ દીક્ષા ગ્રહણ કરી, શ્રમણ ધર્મમાં પ્રવ્રજિત થયા. અર્થાત્ ''મારે યાવત્જીવન સાવદ્ય આચરણ કરવા નહીં,'' એ પ્રકારની પ્રતિજ્ઞાથી યુક્ત થયા. **समाहिओ** = સમાહિત(સમાધિ સંપન્ન) તે અરિષ્ટનેમિનું વિશેષણ છે.

**साहस्सिए परिवुडो.... :–** નેમકુમારે એક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી. શ્રીકૃષ્ણના આઠ પુત્રો, બલદેવના ૭૨ પુત્રો, શ્રીકૃષ્ણના ૫૬૩ ભાઈઓ, ઉગ્રસેન રાજાના આઠ પુત્રો, નેમનાથના ૨૮ ભાઈઓ, દેવસેન વગેરે ૧૦૦ અને ૨૧૦ યાદવયુક્ત, આઠ મોટા રાજાઓ, એક અક્ષોભ, બીજો તેનો પુત્ર અને વરદત્ત તેમ ૮+૭૨+૫૬૩+૮+૨૮+૧૦૦+૨૧૦+૮+૧+૧+૧ = ૧૦૦૦ પુરુષો. આ ગણના આગમ અને ગ્રંથોના આધારે સંકલિત કરેલી છે. એક હજારની સંખ્યાનું કથન આ ગાથામાં છે જ.

**રાજેમતીનું મહાભિનિષ્ક્રમણ :–**

**૨૮** **सोऊण य रायकण्णा, पवज्जं सा जिणस्स उ ।
णीहासा य णिराणंदा, सोगेण उ समुच्छिया ॥**

**શબ્દાર્થ :– सा** = તે **रायकण्णा** = રાજકન્યા રાજેમતી **जिणस्स** = જિનેન્દ્ર ભગવાન અરિષ્ટનેમિની **पवज्जं** = દીક્ષા ગ્રહણ કર્યાનું **सोऊण** સાંભળીને **णीहासा** = હાસ્યરહિત **उ** = અને **णिराणंदा** = આનંદ રહિત થઈને **सोगेण** = શોકથી **समुच्छिया** = મૂર્છિત થઈ ગઈ.

**ભાવાર્થ :–** અરિષ્ટનેમિ જિનેશ્વરની પ્રવ્રજ્યાને સાંભળીને રાજકન્યા રાજેમતી હાસ્યરહિત અને આનંદવિહીન થઈ ગઈ અને શોકથી તે મૂર્છિત થઈ ગઈ.

**२९** **राईमई विचिंतेइ, धिरत्थु मम जीवियं ।**
**जाहं तेण परिच्चत्ता, सेयं पव्वइउं मम ॥**

**શબ્દાર્થ :– राईमई** = રાજેમતી **विचिंतेइ** = વિચાર કરવા લાગી કે **मम** = મારા **जीवियं** = જીવનને **धिरत्थु** = ધિક્કાર છે **जा** = જે **अहं** = હું **तेणं** = તે ભગવાન નેમિનાથ દ્વારા **परिच्चत्ता** = ત્યાગી દેવાઈ છું **मम** = મારા માટે **पव्वइउं** = દીક્ષા લેવી **सेयं** = શ્રેષ્ઠ છે.

**ભાવાર્થ :–** રાજેમતીએ વિચાર કર્યો, "ધિક્કાર છે મારા(અસંયમી) જીવનને કે હું તેમના(અરિષ્ટનેમિ) દ્વારા ત્યાગી દેવાઈ છું. મારા માટે દીક્ષા લેવી એ જ શ્રેયસ્કર છે."

**३०** **अह सा भमरसण्णिभे, कुच्चफणगप्पसाहिए ।**
**सयमेव लुंचइ केसे, धिइमंता ववस्सिया ॥**

**શબ્દાર્થ :– अह** = ત્યાર પછી **धिइमंता** = ધૈર્યશાળી **ववस्सिया** = વ્યવહારશીલ, વ્યવહાર કુશલ **सा** = તે રાજેમતીએ **भमरसण्णिभे** = ભ્રમર સરીખા કાળા **कुच्चफणगप्पसाहिए** = કાંસકીથી ઓળેલા **केसे** = કેશોનો **सयमेव** = સ્વયં **लुंचइ** = લોચ કર્યો.

**ભાવાર્થ :–** ત્યાર પછી ધૈર્યવતી અને વ્યવહારકુશળ રાજેમતીએ કાંસકીથી ઓળેલા-સજાવેલા ભ્રમર જેવા કાળા કેશોનો પોતાના હાથે લોચ કર્યો.

**३१** **वासुदेवो य णं भणइ, लुत्तकेसं जिइंदियं ।**
**संसारसागरं घोरं, तर कण्णे लहुं लहुं ॥**

**શબ્દાર્થ :– वासुदेवो** = શ્રીકૃષ્ણ વાસુદેવ **य** = અને બળદેવ તથા સમુદ્ર વિજય આદિ **लुत्तकेसं** = કેશોનો લોચ કરેલી **जिइंदियं** = જિતેન્દ્રિય **णं** = તે રાજેમતીને **भणइ** = કહેવા લાગ્યા **कण्णे** = હે કન્યા, તું **लहुं लहुं** = જલદી-જલદી **घोरं** = આ ઘોર **संसारसायरं** = સંસાર સાગરને **तर** = પાર કર(મોક્ષ પ્રાપ્ત કર).

**ભાવાર્થ :–** કેશોનો લોચ કરેલી અને જિતેન્દ્રિય રાજેમતીને વાસુદેવે કહ્યું, હે કન્યા ! આ ઘોર સંસાર સાગરને તું અતિ શીઘ્રતાથી પાર કર(મોક્ષ પ્રાપ્ત કર).

**३२** **सा पव्वइया संती, पव्वावेसी तहिं बहुं ।**
**सयणं परियणं चेव, सीलवंता बहुस्सुया ॥**

**શબ્દાર્થ :– सीलवंता** = શીલવતી **बहुस्सुया** = બહુશ્રુત **सा** = તે રાજેમતીએ **पव्वइया संती** = દીક્ષિત થઈને **तहिं** = દ્વારકાપુરીમાં **बहुं** = ઘણા **सयणं** = સ્વજન **चेव** = અને **परियणं** = પરિજનની સ્ત્રીઓને **पव्वावेसी** = દીક્ષા આપી.

**ભાવાર્થ :–** પ્રવ્રજિત થઈને શીલવતી, બહુશ્રુત રાજેમતીએ દ્વારકાનગરીના પોતાના સ્વજનો અને પરિજનોની ઘણી સ્ત્રીઓને પ્રવ્રજિત કરી.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં રાજેમતીની દીક્ષાનું વર્ણન છે.

નેમકુમાર પાછા ફર્યા ત્યારે રાજેમતી અત્યંત શોકાતુર બની મૂર્છિત થઈ ધરતી પર ઢળી પડી. સભાન થતાં તે દુઃખભર્યા ઉદ્‌ગારો પ્રકટ કરવા લાગી.

સમય વીતતા, ઊંડા ચિંતનના અંતે તેણીએ દીક્ષા લેવાનો નિર્ણય કર્યો અને નેમનાથ પ્રભુને કેવળજ્ઞાન થાય અને તેઓ તીર્થની સ્થાપના કરે; તેની પ્રતિક્ષા કરતી ઘરમાં રહી અને તપ કરવા લાગી.

નેમનાથ ભગવાન દીક્ષિત થયા બાદ ૫૪ દિવસ સુધી છદ્મસ્થ અવસ્થામાં અનેક ગામોમાં વિચરણ કરતાં કરતાં રૈવતાચલ પર્વત પર આવ્યાં. ત્યાં પ્રભુ અટ્ઠમ તપ કરી શુક્લધ્યાનમાં મગ્ન થયા, તે સમયે ઘાતીકર્મોનો ક્ષય થતાં તેમને કેવળજ્ઞાન પ્રગટ થયું. બધા ઈન્દ્રોએ પોતપોતાના દેવગણો સહિત ત્યાં આવીને કેવળજ્ઞાનનો મહોત્સવ ઉજવ્યો અને મનોહર સમવસરણની રચના કરી. પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયાનું જાણીને બલભદ્ર, શ્રીકૃષ્ણ, રાજેમતી, દશાર્હ આદિ યાદવગણ તથા અન્ય સામાન્ય જન સમુદાય રૈવતક પર્વત પર આવ્યા અને પ્રભુને વંદન કર્યા. સમવસરણમાં યથાયોગ્ય સ્થાન પર બેસીને સૌએ ધર્મદેશના સાંભળી. અનેક રાજાઓ, સામાન્ય પુરુષો તથા સ્ત્રીઓએ પ્રતિબુદ્ધ થઈને દીક્ષા લીધી. અનેક મનુષ્યોએ શ્રાવકવ્રત ગ્રહણ કર્યા. તે સમયે પ્રભુનેમનાથના લઘુબંધુ રથનેમિએ પણ વિરક્ત થઈને પ્રભુ પાસે દીક્ષા લીધી તથા રાજેમતીએ પણ અનેક કન્યાઓ સહિત દીક્ષા ગ્રહણ કરી. શ્રીકૃષ્ણ વાસુદેવ વગેરે એ રાજેમતીને સંસાર સાગરને તરી જવાના આશીર્વાદ આપ્યા.

**सेयं पव्वइउं मम :–** હવે મારા માટે પ્રવ્રજ્યા ગ્રહણ કરવી તે જ શ્રેયસ્કર છે. મારા પતિ મને છોડીને ચાલ્યા ગયા, તેથી હું દુઃખી થઈ રહી છું. જો બીજા પતિનો સ્વીકાર કરું તો તે પણ હંમેશાં સાથે રહેવાના જ નથી. પતિ-પત્નીમાંથી એકને વિયોગનું દુઃખ સહન કરવું જ પડે છે. હવે કદાપિ પતિના વિયોગને સહન ન કરવો પડે તેથી સર્વ સંબંધોનો ત્યાગ કરી સંયમ સ્વીકાર કરવો, તે જ મારા માટે સર્વ શ્રેષ્ઠ છે; આ પ્રકારનું રાજમેતીએ ચિંતન કર્યું.

**રથનેમિનું પતન અને રાજેમતી દ્વારા સ્થિરીકરણ :–**

**૩૩** **गिरिं रेवतयं जंती, वासेणुल्ला उ अंतरा ।**
**वासंते अंधयारम्मि, अंतो लयणस्स ठिया ॥**

**શબ્દાર્થ :–जंती** = જતી વખતે **अंतरा** = વચમાં, રસ્તામાં **वासेण** = વર્ષાથી **उल्ला** = ભીંજાઈ ગઈ **वासंते** = વરસાદ વરસતો હતો **लयणस्स अंतो** = પર્વતની એક ગુફામાં **ठिया** = જઈને રોકાણી.

**ભાવાર્થ :–** તે સાધ્વી રાજેમતી એકવાર પ્રભુના દર્શન માટે રૈવતગિરિ પર્વત પર જઈ રહી હતી ત્યારે રસ્તામાં વરસાદ આવવાથી ભીંજાઈ ગઈ. ઘનઘોર વરસાદ વરસી રહ્યો હતો તેથી ચારેકોર અંધકાર વ્યાપી ગયો હતો, તેવા સમયે અન્ય સાધ્વીઓથી છૂટી પડેલી તેણીએ એક ગુફાનો આશ્રય લીધો.

**૩૪** **चीवराइं विसारंती, जहाजायत्ति पासिया ।**
**रहणेमी भग्गचित्तो, पच्छा दिट्ठो य तीइ वि ॥**

**શબ્દાર્થ :– चीवराइं** = ભીંજાયેલા વસ્ત્રોને **विसारंती** = સૂકવતી રાજેમતી **जहाजाया** = યથાજાત

(જન્મ સમયે બાળક નિર્વસ્ત્ર હોય તેવી) થઈ ગઈ **त्ति** = તેને નિર્વસ્ત્ર **पासिया** = જોઈને ગુફામાં પહેલેથી જ ધ્યાનસ્થ બેઠેલા **रहणेमि** = રથનેમિ મુનિનું **भग्गचित्तो** = ચિત્ત સંયમથી વિચલિત થઈ ગયું **पच्छा** = પછી, **तीइ वि** = રાજેમતીએ પણ **दिट्ठो** = તેને જોયો.

**ભાવાર્થ :–** ભીના વસ્ત્રોને સૂકવતાં રાજેમતી નિર્વસ્ત્ર થઈ ગઈ. તેને જોઈને ગુફામાં બેઠેલા રથનેમિનું ચિત્ત સંયમથી વિચલિત થઈ ગયું. થોડીક વાર પછી (અંધારાથી આંખો ટેવાઈ ગયા પછી) રાજેમતીએ પણ તેને જોયો.

**૩૫** **भीया य सा तहिं दट्ठुं, एगंते संजयं तयं ।**
**बाहाहिं काउं संगोप्फं, वेवमाणी णिसीयइ ॥**

**શબ્દાર્થ :– तहिं** = ત્યાં **एगंते** = એકાંત સ્થાનમાં **तयं** = તે **संजयं** = સંયત રથનેમિને **दट्ठुं** = જોઈને **सा** = તે રાજેમતી **भीया** = ભયભીત થઈ **बाहाहिं** = બંને ભુજાઓથી **संगोप्फं काउं** = પોતાના અંગોને ઢાંકીને **वेवमाणी** = ધ્રુજતી **णिसीयइ** = બેસી ગઈ.

**ભાવાર્થ :–** ત્યાં એકાંત ગુફામાં રથનેમિને જોઈને તેણી(નિર્વસ્ત્રતાના કારણે) ભયભીત થઈ ગઈ. ભયથી ધ્રૂજતી રાજેમતી બંને ભુજાઓથી પોતાના અંગોપાંગને(શરીરને) સુરક્ષિત કરીને, ઢાંકીને બેસી ગઈ.

**૩૬** **अह सो वि रायपुत्तो, समुद्दविजयंगओ ।**
**भीयं पवेवियं दट्ठु, इमं वक्कमुदाहरे ॥**

**શબ્દાર્થ :– अह** = ત્યાર પછી **समुद्दविजयंगओ** = સમુદ્ર વિજયના અંગજાત પુત્ર **सो वि** = તે પણ **रायपुत्तो** = રાજપુત્ર રથનેમિ **भीयं** = રાજેમતીને ભયભીત થયેલી **पवेवियं** = ધ્રૂજતી **दट्ठुं** = જોઈને **इमं** = આ પ્રકારે **वक्कं** = વચન **उदाहरे** = કહેવા લાગ્યો.

**ભાવાર્થ :–** ત્યારે સમુદ્રવિજયના અંગજાત રાજપુત્ર રથનેમિએ પણ રાજેમતીને ભયભીત અને થરથર કંપતી જોઈને આ પ્રકારે વચન કહ્યા.

**૩૭** **रहणेमी अहं भद्दे, सुरूवे चारुभासिणि ।**
**मम भयाहि सुयणु, ण ते पीला भविस्सइ ॥**

**શબ્દાર્થ :– भद्दे** = હે ભદ્રે, કલ્યાણકારિણી **सुरूवे** = હે સુંદર રૂપવાળી **चारुभासिणि** = હે મનોહર વચન બોલનાર **सुयणु** = સુતનુ ! શ્રેષ્ઠ શરીરવાળી **अहं** = હું **रहनेमि** =રથનેમિ છું **ममं** = મને, મારો **भयाहि** = (પતિરૂપે)સ્વીકાર કર **ते** = તને **पीला** = કોઈ પ્રકારની પીડા **ण भविस्सइ** = થશે નહીં.

**ભાવાર્થ :–** હે ભદ્રે ! હું રથનેમિ છું. હે સુરૂપે ! હે મધુરભાષિણી ! હે સુતનુ ! તું મારો(પતિરૂપે) સ્વીકાર કર. તેમ કરવાથી તને કાંઈ પીડા થશે નહીં.

**૩૮** **एहि ता भुंजिमो भोए, माणुस्सं खु सुदुल्लहं ।**
**भुत्तभोगी तओ पच्छा, जिणमग्गं चरिस्सामो ॥**

**શબ્દાર્થ :– खु** = નિશ્ચયથી **माणुस्सं** = મનુષ્ય જન્મ મળવો **सुदुल्लहं** = અત્યંત દુર્લભ છે **ता** = તેથી હે ભદ્રે **एहि** = અહિં આવો, પહેલા આપણે બંને **भोए** = ભોગો **भुंजिमो** = ભોગવીએ **पुणो** =

પછી **भुत्तभोगी** = ભુક્તભોગી થઈને **पच्छा** = ત્યાર પછી આપણે **जिणमग्गं** = જિનેન્દ્ર ભગવાનના માર્ગનું **चरिस्सामो** = અનુસરણ કરશું.

**ભાવાર્થ :–** મનુષ્યભવ મળવો ખરેખર અત્યંત દુર્લભ છે માટે આવ, આપણે બંને ભોગો ભોગવીએ. ભોગો ભોગવ્યા પછી આપણે જિનમાર્ગ(સર્વવિરતિ ચારિત્ર)નું આચરણ કરશું.

**३९** **दट्ठूण रहणेमिं तं, भग्गुजोय-पराइयं ।**
**राईमई असंभंता, अप्पाणं संवरे तहिं ॥**

**શબ્દાર્થ :–** **भग्गुजोय-पराइयं** = સંયમમાં હતોત્સાહ થયેલો અને સ્ત્રી પરિષહથી પરાજિત **तं** = તે **रहणेमिं** = રથનેમિને **असंभंता** = અસંભ્રાંત, ભ્રાંતિ રહિત થઈને **राईमई** = રાજેમતીએ **तहिं** = તે સમયે ગુફામાં **अप्पाणं** = પોતાના શરીરને **संवरे** = વસ્ત્રથી ઢાંકી દીધું.

**ભાવાર્થ :–** રથનેમિને સંયમમાં નિરુત્સાહ અને સ્ત્રી પરીષહથી પરાજિત થયેલા જાણીને રાજેમતીએ ચંચળતા રહિત બનીને તે સમયે ગુફામાં પોતાના શરીરને વસ્ત્રથી આચ્છાદિત કર્યું.

**४०** **अह सा रायवरकण्णा सुट्ठिया णियमव्वए ।**
**जाइं कुलं च सीलं च, रक्खमाणी तयं वए ॥**

**શબ્દાર્થ :–** **अह** = તદનંતર, ત્યાર પછી **णियमव्वए** = નિયમ અને વ્રતોમાં **सुट्ठिया** = સુસ્થિત **सा रायवरकण्णा** = તે શ્રેષ્ઠ રાજકન્યા રાજેમતી **जाइं** = જાતિ **कुलं** = કુળ **सीलं** = શીલનું **रक्खमाणी** = રક્ષણ કરતી **तयं** = તે રથનેમિને **वए** = આ પ્રમાણે કહેવા લાગી.

**ભાવાર્થ :–** ત્યાર પછી પોતાના નિયમો અને વ્રતોમાં સુસ્થિત, પોતાના જાતિ, કુલ અને શીલનું રક્ષણ કરતી તે શ્રેષ્ઠ રાજકન્યા રાજેમતીએ રથનેમિને આ પ્રમાણે કહ્યું.

**४१** **जइसि रूवेण वेसमणो, ललिएण णलकूबरो ।**
**तहा वि ते ण इच्छामि, जइसि सक्खं पुरंदरो ॥**

**શબ્દાર્થ :–** **जइ** = જો તું **रूवेण** = રૂપમાં **वेसमणो** = વૈશ્રમણ દેવની સમાન **असि** = હો **ललिएण** = લીલા-વિલાસમાં **णलकूबरो** = નળકૂબેર દેવ સમાન હો **जइ** = જો તું **सक्खं** = સાક્ષાત્ **पुरंदरो** = પુરંદર(ઇન્દ્ર) **असि** = હો **तहा वि** = તોપણ હું **ते** = તારી **ण इच्छामि** = ઈચ્છા કરતી નથી.

**ભાવાર્થ :–** હે રથનેમિ ! જો તું રૂપમાં વૈશ્રમણ સમાન હો, લીલા-વિલાસમાં નલકૂબેર દેવ સમાન હો, અરે ! અધિક તો શું, તું સાક્ષાત્ પુરંદર–ઇન્દ્ર હો તોપણ હું તને ઈચ્છતી નથી.

**४२** **पक्खंदे जलियं जोइं, धूमकेउं दुरासयं ।**
**णेच्छंति वंतयं भोत्तुं, कुले जाया अगंधणे ॥**

**શબ્દાર્થ :–** **अगंधणे** = અગંધન નામના **कुले** = કુળમાં **जाया** = ઉત્પન્ન થયેલ સર્પ **जलियं** = સળગતી **धूमकेउं** = ધૂમાડા કાઢતી **दुरासयं** = અસહ્ય **जोइं** = અગ્નિમાં **पक्खंदे** = પડે, અર્થાત્ અગ્નિમાં પડીને મરી જવાનું પસંદ કરે પરંતુ **वंतयं** = વમન કરેલા વિષને **भोत्तुं** = ફરીથી પીવાનું **ण इच्छंति** = ઈચ્છા કરતો નથી.

**ભાવાર્થ :–** અગંધન કુળમાં ઉત્પન્ન થયેલો સર્પ ધૂમાડા કાઢતી, જાજ્વલ્યમાન ભયંકર દુરાશ્રય(અસહ્ય) અગ્નિ જ્વાળામાં પડીને મરી જાય પરંતુ વમન કરેલું પોતાનું વિષ પાછું ચૂસવા ઈચ્છતો નથી.

**૪૩** **धिरत्थु ते जसोकामी, जो तं जीवियकारणा ।**
**वंतं इच्छसि आवेउं, सेयं ते मरणं भवे ॥**

**શબ્દાર્થ :– जसोकामी** = સંયમ ઈચ્છુક, હે સંયમ સાધક રથનેમિ ! [**अजसोकामी** = હે અપયશના કામી] **ते** = તને **धिरत्थु** = ધિક્કાર છે **जो** = જે **तं** = તું **जीवियकारणा** = અસંયમરૂપ જીવનને માટે **वंतं** = વમન કરેલાને, ત્યાગેલા **आवेउं** = ફરીથી પીવા **इच्छसि** = ઈચ્છે છે **ते** = તારા માટે **मरणं** = મરી જવું **सेयं** = શ્રેષ્ઠ **भवे** = છે.

**ભાવાર્થ :–** હે સંયમ સાધક રથનેમિ ! [હે અપયશના કામી !] તને ધિક્કાર છે કે તું ભોગમય જીવન માટે ત્યાગેલા ભોગોનો પુનઃ સ્વીકાર કરવા ઈચ્છે છે, તેના કરતાં તારે મરી જવું શ્રેયસ્કર છે.

**૪૪** **अहं च भोगरायस्स, तं चसि अंधगवण्हिणो ।**
**मा कुले गंधणा होमो, संजमं णिहुओ चर ॥**

**શબ્દાર્થ :– अहं** = હું રાજેમતી **भोगरायस्स** = ભોજરાજની પૌત્રી(ઉગ્રસેનની પુત્રી) છું **च** = અને **तं** = તું **अंधगवण्हिणो** = અંધકવૃષ્ણિના પૌત્ર **असि** = છો **गंधणा** = ગંધન કુળમાં ઉત્પન્ન થયેલા સર્પ સમાન **मा होमो** = ન થઈએ **णिहुओ** = મનને દઢ કરી **संजमं** = સંયમનું **चर** = સારી રીતે પાલન કર.

**ભાવાર્થ :–** હું ભોજરાજની પૌત્રી છું અને તમે અંધકવૃષ્ણિનો પૌત્ર છો. ઉચ્ચ કુળમાં જન્મેલા એવા આપણે ગંધનજાતિના સર્પ જેવા ન થઈએ. તું દઢ થઈને સંયમનું પાલન કર.

**૪૫** **जइ तं काहिसि भावं, जा जा दिच्छसि णारिओ ।**
**वाया विद्धुव्व हडो, अट्ठिअप्पा भविस्ससि ॥**

**શબ્દાર્થ :– तं** = તું **जा जा** = જે-જે **णारीओ** = સ્ત્રીઓને **दिच्छसि** = જોઈશ **जइ** = જો તેના પર **भावं** = રાગભાવ, ખરાબ ભાવ **काहिसि** = કરીશ તો **वायाविद्धुव्व-हडो** = વાયુથી પ્રકંપિત હડ નામની વનસ્પતિની જેમ **अट्ठिअप्पा** = અસ્થિર આત્માવાળો **भविस्ससि** = થઈ જઈશ.

**ભાવાર્થ :–** જો તું કોઈપણ સ્ત્રીઓને જોઈને રાગભાવ કરતો રહીશ તો વાયુથી પ્રકમ્પિત હડ નામની નિર્મૂળ વનસ્પતિની જેમ અસ્થિર ચિત્તવાળો(અસ્થિર આત્મા) થઈ જઈશ.

**૪૬** **गोवालो भंडवालो वा, जहा तद्दव्वणिस्सरो ।**
**एवं अणीसरो तं पि, सामण्णस्स भविस्ससि ॥**

**શબ્દાર્થ :– जहा** = જે પ્રકારે **गोवालो** = ગોવાળ, ભરવાડ **वा** = અથવા **भंडवालो** = ભંડારી **तद्दव्वणिस्सरो** = તે દ્રવ્યનો માલિક હોતો નથી **एवं** = તે પ્રકારે **तंपि** = તું પણ **सामण्णस्स** = શ્રમણધર્મનો **अणीसरो** = અનીશ્વર(અસ્વામી) **भविस्ससि** = બની જઈશ, સંયમ રહિત થઈ જઈશ.

**ભાવાર્થ :–** જેમ ગોવાળ અથવા ભંડારી ગાયો કે દ્રવ્યોના માલિક હોતા નથી, તેમ સંયમભાવ રહિત અને કેવળ વેશ માત્રથી તું શ્રમણ ધર્મનો માલિક રહશે નહીં.

**૪૭** **कोहं माणं णिगिण्हित्ता, माया लोभं च सव्वसो ।**
**इंदियाइं वसे काउं, अप्पाणं उवसंहरे ॥**

**શબ્દાર્થ :– कोहं** = ક્રોધ **माणं** = માન **माया** = માયા **च** = અને **लोभं** = લોભ, આ સર્વને **सव्वसो** = સર્વથા, સર્વ પ્રકારથી **णिगिण्हित्ता** = નિગ્રહ કરીને(જીતીને) **इंदियाइं** = પાંચે ઈન્દ્રિયોને **वसे** = વશ **काउं** = કરીને **अप्पाणं** = પોતાના આત્માને **उवसंहरे** = વશ કરો.

**ભાવાર્થ :–** તમે ક્રોધ, માન, માયા અને લોભનો સર્વ પ્રકારે નિગ્રહ કરીને, ઈન્દ્રિયોને વશ કરીને, પોતે પોતાને વશ કરો.

**૪૮** **तीसे सो वयणं सोच्चा, संजयाए सुभासियं ।**
**अंकुसेण जहा णागो, धम्मे संपडिवाइओ ॥**

**શબ્દાર્થ :– सो** = તે રથનેમિ **तीसे** = તે **संजयाए** = સંયમવતી સાધ્વીના **सुभासियं** = સુભાષિત **वयणं** = વચનોને **सोच्चा** = સાંભળીને **धम्मे** = ધર્મમાં **संपडिवाइओ** = સ્થિર થઈ ગયો **जहा** = જેમ **अंकुसेण** = અંકુશથી **णागो** = હાથી વશ થાય છે.

**ભાવાર્થ :–** જેવી રીતે અંકુશથી હાથી વશમાં થઈ જાય છે તેવી રીતે સંયમી સાધ્વી રાજેમતીના સુભાષિત વચનો સાંભળીને રથનેમિ શ્રમણ ધર્મમાં સુસ્થિર થઈ ગયા.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં રથનેમિનું સંયમભાવથી થયેલું પતન અને રાજેમતીના બ્રહ્મચર્યના તેજથી થયેલા સ્થિરિકરણનું વિસ્તૃત વર્ણન છે.

અકસ્માત્ રથનેમિમુનિ અને સાધ્વી રાજેમતિનો એક ગુફામાં સમાગમ થઈ ગયો. એકાંત અતિ ભયાનક છે, ત્યાં બીજ રૂપ રહેલો વિકાર, રાખમાં દબાયેલા અગ્નિની જેમ પ્રગટ થાય છે. સ્ત્રી અને પુરુષનો એકાંત સ્થાને સહવાસ અડોલ યોગીને પણ ચલિત કરી શકે છે. સંયમ સાધના કરતા રથનેમિ મુનિ રાજેમતીને જોઈને ક્ષણવારમાં જ સંયમ ભાવથી ચલિત થઈ ગયા.

ગુફામાં પ્રવેશ કરતી વખતે રાજેમતીને અંધકારના કારણે રથનેમિ દેખાયા ન હતાં તેથી તેણીએ ગુફામાં પ્રવેશ કરીને વસ્ત્રો સૂકવ્યા અને નિર્વસ્ત્ર થઈ હતી. રથનેમિને જોઈને સ્ત્રી સ્વભાવગત લજ્જા અને ભયની લાગણીનું દ્વંદ્વ તેના અંતરમાં જામ્યું હતું. તે ધ્રૂજતી હતી, અંગોપાંગને સંકોચીને ચિત્તને વૈરાગ્યભાવમાં દઢ બનાવી અત્યંત હિંમતપૂર્વક બેસી ગઈ. ત્યાં તો રથનેમિએ ભોગની યાચના શરૂ કરી દીધી. રાજેમતિએ સાવધાન થઈને તરતજ વસ્ત્ર પરિધાન કરી, હિંમતપૂર્વક રથનેમિને સંયમ ભાવોમાં સ્થિર કરવાનો પ્રયત્ન કર્યો. તેણીએ વૈરાગ્ય પ્રેરક વચનોથી શૂરતા અને વીરતાપૂર્વક રથનેમિને પોતાના કુલની કુલીનતાનું સ્મરણ કરાવી, મનુષ્ય જન્મ અને તેમાં પ્રાપ્ત થયેલા સંયમી જીવનની મહત્તાનું દર્શન કરાવ્યું તેમજ પતિત થયેલા જીવોની પરિસ્થિતિનું ભાન કરાવ્યું. રથનેમિ પણ મોક્ષગામી જીવ હતા. તે રાજેમતીના શૌર્ય અને વૈરાગ્ય– વાસિત વચનોથી સંયમભાવમાં પુનઃ સ્થિર થઈ ગયા.

ખરેખર ! જે સ્વયં સ્થિર છે તે જ અન્યને સ્થિર કરી શકે છે. સ્ત્રી શક્તિ કોમળ છે, તેની ગતિ મંદ છે, સ્ત્રીશક્તિનો સૂર્ય લજ્જાના વાદળોથી ઘેરાયેલો હોય છે પરંતુ કટોકટીની પરિસ્થિતિમાં જ્યારે લજ્જાના

વાદળો વિખેરાઈ જાય, ત્યારે કોમળતા પ્રચંડતામાં પલટાઈ જાય છે અને તેજસ્વી સૂર્ય પ્રકાશિત થઈ જાય છે. ત્યાં જગતનું સર્વ બળ પરાસ્ત થઈ જાય છે. અંતે આત્મ-સંયમ શક્તિના પ્રભાવે સ્ત્રીનો વિજય થાય છે. પ્રસ્તુત પ્રસંગમાં પણ રાજેમતીનું તીવ્ર સંયમશીલ તપોબળ અને તેની સંપૂર્ણ નિર્વિકારતા સહજ પ્રગટ થઈ છે.

**वायाविद्धुव्व-हडो :–** નદી કિનારે થતી હડ નામની વનસ્પતિના મૂળ મજબૂત હોતા નથી. તે વાયુથી ઉખડીને નદીમાં પડી જાય છે અને નદીના પ્રવાહમાં તણાઈને સમુદ્રમાં પહોંચી જાય છે. તેવી રીતે સંયમમાં અસ્થિર આત્મા ઉચ્ચ પદથી નીચે પડીને સંસાર સમુદ્રમાં પરિભ્રમણ કરતો રહે છે.

**पच्छा दिट्ठो :–** શાસ્ત્રકારનો આશય એ છે કે ગુફામાં અંધારૂ હોય છે અને અંધકારમાં બહારથી પ્રવેશ કરનારને સર્વપ્રથમ કાંઈ દેખાતું નથી. જો દેખી શકાતું હોત તો રાજીમતી તે ગુફામાં પ્રવેશ ન કરત. આથી સ્પષ્ટ થાય છે કે ગુફામાં રથનેમિ છે, તે રાજેમતીને પહેલાં દેખાયુ નહીં, પાછળથી તેણીએ તેને ત્યાં જોયા.

**सुयणु :–** સુતનુ– સુંદર શરીરવાળી. પરંતુ વિષ્ણુ પુરાણમાં ઉગ્રસેનની એક પુત્રીનું નામ 'સુતનુ' દર્શાવ્યું છે. કદાચ રાજેમતીનું બીજું નામ 'સુતનુ' હોય.

**असंभंता :–** (૧) રાજેમતીને મનમાં આશ્વાસન મળ્યું કે આ રથનેમિ કુલીન છે એટલે બળથી અકાર્યમાં પ્રવૃત્ત નહીં થાય. આ અભિપ્રાયથી તેણી નિશ્ચિંત બની. (૨) રાજેમતી રથનેમિની જેમ સંયમ-ભાવથી વિચલિત ન થતાં સંયમમાં નિશ્ચલ થઈ ગઈ.

**धिरत्थु ते जसोकामी :–** અહીં **યશોકામી** અને **અપયશકામી** બે સંસ્કૃત છાયા થાય છે. તેના બે પ્રકારે અર્થ આ પ્રમાણે છે– (૧) હે સંયમ સાધક રથમેમિ ! (૨) હે અપયશના કામી ! ભોગાભિલાષી. **धिरत्थु–** સંયમ-યશને ધૂમિલ કરનાર તને ધિક્કાર છે. યશ શબ્દના પણ બે અર્થ છે– (૧) યશ કીર્તિ (૨) સંયમ.

**तं जीवियकारणा :–** અસંયમી જીવન માટે, વાસનામય-કુશીલમય જીવન જીવવાના હેતુથી.

**वंतं इच्छसि आवेउं :–** દીક્ષાગ્રહણ કરીને, ફરી ત્યાગેલા ભોગો પુનઃ ભોગવવા આતુર થઈ રહ્યા છો.

**मा कुले गंधणा होमो :–** સર્પ બે જાતિના હોય છે, ગંધન અને અગંધન. ગંધન કુળનો સર્પ કોઈને ડંખ્યો હોય અને જો મંત્રવાદી દ્વારા મંત્ર બળથી તેને બોલાવવામાં આવે તો તે પોતાના વમેલા વિષને પુનઃ ચૂસી લે છે. પરંતુ અગંધન કુળનો સર્પ મંત્ર બળથી હાજર થાય છે, તે મરવાનું સ્વીકારે છે પણ વમેલું વિષ પુનઃ ચૂસવા તૈયાર થતો નથી. આ દષ્ટાંત આપી રાજેમતી રથનેમિને કહે છે કે આપણે ઉત્તમ કુળમાં જન્મેલા છીએ, માટે ગંધન કુળના સર્પ જેવા થવું, તે યોગ્ય નથી અર્થાત્ ત્યાગેલા ભોગો પુનઃ ભોગવવા, યોગ્ય નથી.

**सुभासियं :–** સુભાષિત. સંવેગજનક અને શુભ આશયવાળાં તીક્ષ્ણ-કટુ શબ્દો પણ **સુભાષિત** કહેવાય.

**अंकुसेण जहा णागो :–** જેમ અંકુશથી હાથી પુનઃ યથાસ્થિતિમાં(મહાવતના વશમાં) આવી જાય છે તેમજ સંયમથી પતિત થવાની ભાવનાવાળા હાથીરૂપ રથનેમિને મહાવત રૂપ રાજેમતીએ ધીરે-ધીરે વચનરૂપી અંકુશથી પાછો વાળીને ચારિત્ર ધર્મમાં સ્થાપિત કર્યો.

**ઉપસંહાર :–**

**૪૧** **मणगुत्तो वयगुत्तो, कायगुत्तो जिइंदिओ ।**
**सामण्णं णिच्चलं फासे, जावज्जीवं दढव्वओ ॥**

**શબ્દાર્થ :– मणगुत्तो** = મનગુપ્ત **वयगुत्तो** = વચનગુપ્ત **कायगुत्तो** = કાયગુપ્ત **जिइंदिओ** =

જિતેન્દ્રિય **दढव्वओ** = દઢવ્રતી **णिच्चलं** = નિશ્ચલ થઈને રથનેમિએ **जावज्जीवं** = જીવનપર્યંત **सामण्णं** = સાધુ ધર્મનું **फासे** = પાલન કર્યું.

**ભાવાર્થ :–** તે(રથનેમિ) મનગુપ્ત, વચનગુપ્ત, કાયગુપ્ત અને જિતેન્દ્રિય થઈને મહાવ્રતોમાં દઢ થયા અને જીવનપર્યંત નિશ્ચલ ભાવથી શ્રમણ ધર્મનું પાલન કરતા રહ્યા.

**૫૦** **उग्गं तवं चरित्ताणं, जाया दोण्णि वि केवली ।**
**सव्वं कम्मं खवित्ताणं, सिद्धिं पत्ता अणुत्तरं ॥**

**શબ્દાર્થ :– उग्गं** = ઉગ્ર **तवं** = તપનું **चरित्ताणं** = સેવન કરીને **दोण्णि वि** = રાજેમતી અને રથનેમિ બંને **केवली** = કેવળજ્ઞાની **जाया** = થઈ ગયા **सव्वं** = સર્વ **कम्मं** = કર્મોનો **खवित्ताणं** = ક્ષય કરીને **अणुत्तरं** = અનુત્તર, સૌથી પ્રધાન **सिद्धिं** = સિદ્ધગતિને **पत्ता** = પ્રાપ્ત થયા.

**ભાવાર્થ :–** ઉગ્ર તપનું આચરણ કરીને બંને કેવળી થઈ ગયા તથા બધા કર્મોનો ક્ષય કરીને તેમણે અનુત્તર સિદ્ધિ પ્રાપ્ત કરી.

**૫૧** **एवं करेंति संबुद्धा, पंडिया पवियक्खणा ।**
**विणियट्टंति भोगेसु, जहा से पुरिसुत्तमो ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– संबुद्धा** = તત્ત્વજ્ઞ **पंडिया** = પાપથી ડરનાર અને પાપ ન કરનાર પંડિત **पवियक्खणा** = વિચક્ષણ પુરુષ **एवं** = એમ જ **करेंति** = કરે છે અર્થાત્ **भोगेसु** = ભોગોથી **विणियट्टंति** = નિવૃત્ત થઈ જાય છે **जहा** = જેમ **से** = તે **पुरिसुत्तमो** = પુરુષોમાં ઉત્તમ રથનેમિ ભોગોથી નિવૃત્ત થયા.

**ભાવાર્થ :–** પુરુષોત્તમ રથનેમિ જેમ ભોગોથી નિવૃત્ત થઈ ગયા તેમ સંબુદ્ધ, પંડિત અને વિચક્ષણ પુરુષ ભોગોથી નિવૃત્ત થઈ જાય છે અર્થાત્ વિવેકી પુરુષો વિષયભોગોના દોષોને જાણીને રથનેમિની જેમ ભોગોનો પરિત્યાગ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં રથનેમિ અને રાજેમતીની અંતિમ સાધના-આરાધનાનું નિરૂપણ છે.

**जहा से पुरिसुत्तमो :–** પુરુષોત્તમ પુરુષની જેમ. જાતિવંત લાખેણો અશ્વ ઠોકર ખાય છે પરંતુ પડી જતો નથી ત્યાં સુધી તે લાખેણો અશ્વ જ કહેવાય છે. તે જ રીતે રથનેમિ મનથી અને વચનથી ચલિત થયા હતા પરંતુ કાયાથી ચલિત થયા ન હતા. તેઓ સંયમ ભાવથી પતિત થવા છતાં જિનેન્દ્ર ભગવાનના માર્ગ અને સંયમને શ્રેષ્ઠ સમજતા હતા. તેઓ શ્રદ્ધાભ્રષ્ટ થયા ન હતા. ૩૮ મી ગાથામાં રથનેમિએ કહ્યું છે કે– **भुत्तभोगी तओ पच्छा जिणमग्गं चरिस्सामो** = ભુક્તભોગી થઈને પછી ફરી સંયમ માર્ગનું આચરણ કરીશું. તેથી જ તેઓ રાજેમતીના વચનોથી સંયમમાં સ્થિર થઈ ગયા. તેથી જ અહીં શાસ્ત્રકારે તેમને માટે પુરુષોત્તમ શબ્દનો પ્રયોગ કર્યો છે.

**॥ બાવીસમું અધ્યયન સંપૂર્ણ ॥**

# ત્રેવીસમું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનનો મુખ્ય વિષય કેશીસ્વામી અને ગૌતમસ્વામી વચ્ચે થયેલો સંવાદ હોવાથી તેનું નામ **કેશી-ગૌતમીય** છે.

★ પુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવાન અને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના ધર્મશાસન વચ્ચે ૨૫૦ વર્ષનો સમયગાળો હતો. તેથી મહાવીર સ્વામીનો શાસનકાળ શરૂ થયો ત્યારે પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના સંતો અને શ્રમણોપાસકો વિદ્યમાન હતા. પ્રસ્તુત અધ્યયનમાં ચરમ તીર્થંકર મહાવીર સ્વામીના પ્રધાન ગણધર ગૌતમ સ્વામી અને પાર્શ્વનાથ ભગવાનના પ્રશિષ્ય કેશી સ્વામી વચ્ચેનો આધ્યાત્મિક સંવાદ રજૂ થયો છે.

★ કેશીસ્વામી ભગવાન પાર્શ્વનાથની પરંપરાના સંત હતા. પાર્શ્વનાથ પ્રભુના પ્રથમ પટ્ટધર શુભદત્ત, બીજા પટ્ટધર હરિદત્ત અને ત્રીજા પટ્ટધર આચાર્ય સમુદ્રસૂરિ હતા. આચાર્ય સમુદ્રસૂરિના સમયમાં **વિદેશી** નામના આચાર્ય ઉજ્જૈની નગરીમાં પધાર્યા. તેમના ઉપદેશથી પ્રભાવિત થઈને ત્યાંના રાજા જયસેન, રાણી અનંગસુંદરી અને રાજકુમાર કેશીસ્વામી દીક્ષિત થયા. કેશીસ્વામીએ કુમારા-વસ્થામાં જ સંયમ સ્વીકાર્યો હોવાથી તે **કેશીકુમાર શ્રમણ** તરીકે પ્રસિદ્ધ થયા હતા. એકદા તેઓ શિષ્ય પરિવાર સહિત શ્રાવસ્તી નગરીના તિંદુક ઉદ્યાનમાં પધાર્યા.

★ **ગૌતમસ્વામી** ભગવાન મહાવીર સ્વામીના પ્રથમ ગણધર હતા. તેઓ ચાર જ્ઞાન અને ચૌદપૂર્વના ધારક હતા. તે પણ પોતાના શિષ્ય પરિવાર સહિત ગ્રામાનુગ્રામ વિચરતાં શ્રાવસ્તી નગરીના કોષ્ઠક ઉદ્યાનમાં પધાર્યા.

★ આ રીતે બંને સંતો એક જ નગરીમાં વિચરતા હોવાથી બંનેના શિષ્યો ગોચરી આદિમાં ભેગા થતા હતા. બંને પરંપરાના સંતોનું એક મોક્ષ પ્રાપ્તિનું જ લક્ષ્ય હોવા છતાં વ્રતો વગેરેમાં વિભિન્નતા શા માટે ? આ પ્રકારની જિજ્ઞાસા સાધુઓ તેમજ તત્કાલીન જનસમાજમાં પણ થતી હતી. તે જિજ્ઞાસાના સમાધાન માટે બંને સંતો એક સ્થાનમાં એકત્રિત થયા.

★ ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીરની શાસન પરંપરામાં રહેલી મહાવ્રત આદિની વિભિન્નતા અંગે વિચારણા થઈ. તે ઉપરાંત અન્ય અનેક આધ્યાત્મિક બાબતો અંગે સાંકેતિક શબ્દોમાં કેશીકુમાર શ્રમણે પ્રશ્નો કર્યા અને તે પ્રશ્નોના આધ્યાત્મિક દૃષ્ટિએ ગૌતમ સ્વામીએ સમાધાન આપ્યા. ગૌતમ સ્વામીએ આપેલા વિવિધ સમાધાનોથી કેશીકુમાર શ્રમણ સંતુષ્ટ અને પ્રભાવિત થયા. તેમણે ગૌતમ સ્વામીને સંશયાતીત અને સર્વશ્રુત મહોદધિ તરીકે સંબોધન કરી કૃતજ્ઞતાપૂર્વક વંદન કર્યા અને પોતાના શિષ્ય સમુદાય સહિત હાર્દિક શ્રદ્ધાપૂર્વક ભગવાન મહાવીરના પંચ મહાવ્રતરૂપ ધર્મનો સ્વીકાર કર્યો.

★ ભગવાન મહાવીરના વર્તમાને પ્રવર્તતા વિવિધ ફિરકકાઓના મહાશ્રમણો સહિષ્ણુતાની દૃષ્ટિ અપનાવીને ભગવાન મહાવીરના શાસનમાં એકતા અને ઉત્કર્ષ માટેનો બોધ પ્રાપ્ત કરે, એ જ સાર આ અધ્યયનમાંથી પ્રાપ્ત થાય છે. ❖❖❖❖❖

# ત્રેવીસમું અધ્યયન

## કેશી-ગૌતમીય

**પ્રભુ પાર્શ્વનાથ અને કેશીકુમાર શ્રમણ :–**

**૧** **जिणे पासे त्ति णामेणं, अरहा लोगपूइओ ।**
**संबुद्धप्पा य सव्वण्णू, धम्म तित्थयरे जिणे ॥**

**શબ્દાર્થ :– जिणे** = રાગદ્વેષને જીતનાર **अरहा** = જેનાથી કંઈ છૂપું નથી તેવા મન-મનની અને સમય-સમયની વાત જાણનાર કેવળી, ઘટ-ઘટના અંતર્યામી **लोगपूइए** = લોકપૂજ્ય, ત્રણે લોકના પૂજ્ય, જગત પૂજ્ય, સર્વ જીવોને આદરણીય-માનનીય **संबुद्धप्पा** = બોધ પામેલા, તત્ત્વજ્ઞાનથી યુક્ત આત્માવાળા **सव्वण्णू** = સર્વજ્ઞ **धम्म तित्थयरे** = ધર્મ તીર્થની સ્થાપના કરનાર **जिणे** = રાગ-દ્વેષને જીતનાર **पासे त्ति णामेणं** = પાર્શ્વનાથ નામના ભગવાન હતા.

**ભાવાર્થ :–** જિનેશ્વર પાર્શ્વનાથ, આ નામના લોકપૂજ્ય, અર્હંત, સંબુદ્ધાત્મા, સર્વજ્ઞ, ધર્મતીર્થના પ્રવર્તક અને રાગદ્વેષના વિજેતા ત્રેવીસમા તીર્થંકર થયા છે.

**૨** **तस्स लोगपईवस्स, आसी सीसे महायसे ।**
**केसीकुमार समणे, विज्जाचरण पारगे ॥**

**શબ્દાર્થ :– लोगपईवस्स** = લોકમાં દીપક સમાન અર્થાત્ સંસારના સંપૂર્ણ પદાર્થોને પોતાના જ્ઞાનથી પ્રકાશિત કરનાર **तस्स** = તે પાર્શ્વનાથ ભગવાનના **विज्जाचरण पारगे** = વિદ્યા અને ચારિત્રના પારગામી **महायसे** = મહાયશસ્વી **केसीकुमार समणे** = કેશીકુમાર શ્રમણ **सीसे** = શિષ્ય **आसी** = હતા.

**ભાવાર્થ :–** તે લોકપ્રદીપ ભગવાન પાર્શ્વનાથના મહાયશસ્વી કેશીકુમાર શ્રમણ નામના શિષ્ય હતા. તે વિદ્યા અને ચારિત્રમાં પારગામી હતા.

**૩** **ओहिणाणसुए बुद्धे, सीससंघसमाउले ।**
**गामाणुगामं रीयंते, सावत्थिं पुरिमागए ॥**

**શબ્દાર્થ :– ओहिणाणसुए** = મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનથી યુક્ત **बुद्धे** = તત્ત્વોને જાણનાર **सीससंघसमाउले** = શિષ્ય પરિવાર સહિત **गामाणुगामं** = ગ્રામાનુગ્રામ **रीयंते** = વિચરણ કરતા કેશીકુમાર શ્રમણ **सावत्थिं पुरिं** = શ્રાવસ્તી નામની નગરીમાં **आगए** = પધાર્યા.

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણ મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનથી યુક્ત અને પ્રબુદ્ધ હતા. તે પોતાના શિષ્ય પરિવાર સહિત ગ્રામાનુગ્રામ વિચરણ કરતાં શ્રાવસ્તી નગરીમાં પધાર્યા.

**૪** **तिंदुयं णाम उज्जाणं, तम्मि णगरमंडले ।**
**फासुए सिज्ज-संथारे, तत्थ वासमुवागए ॥**

**શબ્દાર્થ :– तम्मि णगरमंडले** = તે શ્રાવસ્તી નગરીની સમીપે **तिंदुयं णाम** = તિંદુક નામનું **उज्जाणं** = એક ઉદ્યાન **तत्थ** = ત્યાં **फासुए** = પ્રાસુક(જીવરહિત) **सिज्ज-संथारे** = સંસ્તારક યુક્ત સ્થાનમાં **वासमुवागए** = નિવાસ કર્યો.

**ભાવાર્થ :–** તે શ્રાવસ્તી નગરીની સમીપે તિંદુક નામના ઉદ્યાનમાં જીવરહિત સંસ્તારક–બાજોઠ આદિ સુલભ હતા, તેવા સ્થાનમાં કેશીકુમાર શ્રમણે નિવાસ કર્યો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં પ્રભુ પાર્શ્વનાથનો અને કેશીકુમાર શ્રમણનો પરિચય છે.

**संबुद्धप्पा सव्वण्णू :–** સંબુદ્ધાત્મા. જેનો આત્મા સમ્યક્ પ્રકારે તત્ત્વજ્ઞ થયો છે, એવા તત્ત્વજ્ઞ છદ્મસ્થ પણ હોઈ શકે છે, તેથી સૂત્રકારે **सव्वण्णु** વિશેષણનો પ્રયોગ કર્યો છે. સર્વજ્ઞ એટલે સમસ્ત લોકાલોકના જ્ઞાતા, કેવળજ્ઞાનના ધારક.

**जिणे :–** પ્રથમ ગાથામાં જિન શબ્દનો પ્રયોગ બે વાર થયો છે, તેનું વિશેષ પ્રયોજન છે. પ્રથમવાર **जिणे** શબ્દ પ્રયોગ રાગદ્વેષના વિજેતા જિન માટે વપરાયો છે. બીજીવાર જિન શબ્દનો પ્રયોગ પાર્શ્વનાથ ભગવાનના મુક્તિગમનનો સૂચક છે. જેમણે સમસ્ત કર્મોને જીતી લીધા છે તે જિન, પ્રસ્તુત સંવાદ સમયે ભગવાન મહાવીર સ્વામી ૨૪મા તીર્થંકર રૂપે સાક્ષાત્ વિચરણ કરતા હતા અને ભગવાન પાર્શ્વનાથ મોક્ષે પધાર્યા હતા.

**केसीकुमार समणे :–** (૧) કુમારાવસ્થા અર્થાત્ અપરણિત અવસ્થામાં ચારિત્ર સ્વીકારેલા શ્રમણ (૨) કેશીકુમાર નામના શ્રમણ-તપસ્વી.

**विज्जाचरणपारगे :–** વિદ્યા અને ચરણના પારગામી. વિદ્યા= સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન. ચરણ = સમ્યક્ચારિત્ર. **पारगे** = પારગામી. આ રીતે કેશીકુમાર શ્રમણ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યક્ ચારિત્ર, તે રત્નત્રયીની ઉત્કૃષ્ટપણે આરાધના કરતા હતા.

**ओहिणाणसुए :–** અવધિજ્ઞાન અને શ્રુતજ્ઞાન. સૂત્રકારે ગાથામાં બે જ્ઞાનનું જ કથન કર્યું છે. પરંતુ श्रुतं मतिपूर्वं । શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક જ હોય છે. તેથી કેશીકુમાર શ્રમણ મતિ, શ્રુત અને અવધિજ્ઞાન તે ત્રણે જ્ઞાનથી યુક્ત હતા, તેવો અર્થ સ્પષ્ટ થાય છે.

**ભગવાન મહાવીર અને ગૌતમ :–**

**૫** **अह तेणेव कालेणं, धम्मतित्थयरे जिणे ।**
**भगवं वद्धमाणित्ति, सव्वलोगम्मि विस्सुए ॥**

**શબ્દાર્થ :– अह** = અથ **तेणेव कालेणं** = તે સમયે **धम्मतित्थयरे** = ધર્મતીર્થ સ્થાપનાર **जिणे** = રાગદ્વેષના વિજેતા **भगवं** = ભગવાન **वद्धमाणित्ति** = વર્ધમાન સ્વામી **सव्वलोगम्मि** = સમસ્ત લોકમાં **विस्सुए** = સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકરરૂપે પ્રસિદ્ધ હતા.

**ભાવાર્થ :–** તે સમયે ધર્મતીર્થના સ્થાપક, રાગદ્વેષના વિજેતા, ભગવાન વર્ધમાન(મહાવીર સ્વામી) સમગ્ર લોકમાં પ્રખ્યાત હતા.

**૬** **तस्स लोगपईवस्स, आसी सीसे महायसे ।**
**भगवं गोयमे णामं, विज्जाचरणपारगे ॥**

**શબ્દાર્થ :– लोगपईवस्स** = લોકપ્રદીપ **तस्स** = તે ભગવાન વર્ધમાન સ્વામીના **विज्जाचरणपारगे** = વિદ્યા-જ્ઞાન, દર્શન અને ચારિત્રના પારગામી **महायसे** = મહાયશસ્વી **भगवं** = ભગવાન **गोयमे** = ગૌતમ **सीसे** = શિષ્ય **आसी** = હતા.

**ભાવાર્થ :–** તે લોક પ્રદીપ ભગવાન વર્ધમાન સ્વામીના મહાયશસ્વી ભગવાન ગૌતમ નામના શિષ્ય હતા. તે જ્ઞાન, દર્શન અને ચારિત્રના પારગામી હતા.

**૭** **बारसंगविऊ बुद्धे, सीस-संघसमाउले ।
गामाणुगामं रीयंते, से वि सावत्थिमागए ॥**

**શબ્દાર્થ :– बारसंगविऊ** = આચારાંગથી દષ્ટિવાદ સુધીના બાર અંગના જ્ઞાતા **बुद्धे** = તત્ત્વજ્ઞાની **सीससंघसमाउले** = શિષ્ય પરિવાર સહિત **गामाणुगामं** = ગ્રામાનુગ્રામ **रीयंते** = વિચરતાં **से वि** = ગૌતમ સ્વામી પણ **सावत्थिं** = શ્રાવસ્તી નગરીમાં **आगए** = પધાર્યા.

**ભાવાર્થ :–** બાર અંગના જ્ઞાતા અને તત્ત્વજ્ઞાનથી પ્રબુદ્ધ ગૌતમસ્વામી પણ પોતાના શિષ્ય પરિવાર સાથે ગામેગામ વિચરણ કરતાં શ્રાવસ્તી નગરીમાં પધાર્યા.

**૮** **कोट्ठगं णाम उज्जाणं, तम्मि णगरमंडले ।
फासुए सिज्जसंथारे, तत्थ वासमुवागए ॥**

**શબ્દાર્થ :– कोट्ठगं णाम** = કોષ્ઠક નામના **णगर मंडले** = નગરની સમીપે **सिज्ज-संथारे** = મકાન અને સંસ્તારક, બાજોઠ આદિ આસન.

**ભાવાર્થ :–** તે શ્રાવસ્તી નગરીની સમીપે કોષ્ઠક નામના ઉદ્યાનમાં પ્રાસુક(જીવ રહિત) સંસ્તારક સુલભ હોય, તેવા સ્થાનમાં ગૌતમ સ્વામીએ પણ નિવાસ કર્યો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં પ્રભુ મહાવીર અને તેમના પ્રથમ શિષ્ય ગૌતમ સ્વામીનો પરિચય છે.

**गोयमे :–** ભગવાન મહાવીર સ્વામીના પટ્ટશિષ્ય પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિ હતા. તેઓ ગૌતમ ગોત્રીય હતા. આગમોમાં ઠેક-ઠેકાણે 'ગૌતમ' નામથી તેમનો ઉલ્લેખ છે. જૈન જગતમાં તેઓ 'ગૌતમ સ્વામી' નામથી પ્રસિદ્ધ છે.

**कोट्ठगं :–** કેશીકુમાર શ્રમણ અને ગૌતમ ગણધર બંને પોતપોતાના શિષ્ય પરિવાર સહિત શ્રાવસ્તી નગરીની સમીપે ઉદ્યાનમાં ઉતર્યા હતા. બંનેના આવાસ અલગ અલગ ઉદ્યાનમાં હતા. કેશીકુમાર શ્રમણનો આવાસ 'તિંદુક' ઉદ્યાનમાં અને ગૌતમ સ્વામીનો આવાસ 'કોષ્ઠક' ઉદ્યાનમાં હતો. આ બન્ને ઉદ્યાન નજીકમાં હોય શકે અને જુદી-જુદી દિશામાં પણ હોય શકે.

**શિષ્ય પરિવારમાં આચાર ભેદ અંગે જિજ્ઞાસા :–**

**૯** **केसीकुमार समणे, गोयमे य महायसे ।
उभओ वि तत्थ विहरिंसु, अल्लीणा सुसमाहिया ॥**

**શબ્દાર્થ :– अल्लीणा** = મન, વચન, કાયાથી ગુપ્ત **सुसमाहिया** = જ્ઞાન, દર્શન, ચારિત્રથી સમાધિવંત **महायसे** = મહાયશસ્વી **केसीकुमार समणे** = કેશી કુમાર શ્રમણ **य** = અને **गोयमे** = ગૌતમ સ્વામી **उभओ** = બંને **तत्थ** = ત્યાં સુખશાંતિપૂર્વક **विहरिंसु** = વિચરતા હતા.

**ભાવાર્થ :–** તે નગરીમાં કેશીકુમાર શ્રમણ અને મહાયશસ્વી ગૌતમ સ્વામી બંને મન, વચન, કાયાથી ગુપ્ત અને સમાધિ ભાવમાં સ્થિત થઈને વિચરતા હતાં.

**१०** **उभओ सीस-संघाणं, संजयाणं तवस्सिणं ।**
**तत्थ चिंता समुप्पण्णा, गुणवंताण ताइणं ॥**

**શબ્દાર્થ :– संजयाणं** = સંયમીઓને **तवस्सिणं** = તપસ્વીઓને **गुणवंताण** = જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણ સંપન્ન **ताइणं** = છકાય જીવોના રક્ષક **उभओ** = બંને પક્ષના **सीससंघाणं** = શિષ્ય સમુદાયના મનમાં **तत्थ** = ત્યાં **चिंता** = શંકા, જિજ્ઞાસા **समुप्पण्णा** = ઉત્પન્ન થઈ.

**ભાવાર્થ :–** શ્રાવસ્તી નગરીમાં સંયમી, તપસ્વી, જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણસંપન્ન અને છકાય જીવોના રક્ષક એવા તે બંનેના શિષ્ય સમુદાયના મનમાં આ પ્રકારે જિજ્ઞાસા ઉત્પન્ન થઈ.

**११** **केरिसो वा इमो धम्मो, इमो धम्मो वा केरिसो ।**
**आयार-धम्मप्पणिही, इमा वा सा व केरिसी ॥**

**શબ્દાર્થ :– इमो** = આ અમારો **धम्मो** = ધર્મ **केरिसो** = કેવો છે **वा** = અને **इमो** = આ તેમનો **इमा** = આ અમારી **आयारधम्मप्पणिही** = આચાર ધર્મની વ્યવસ્થા અર્થાત્ બાહ્ય વેશ ધારણ આદિ **केरिसी** = કેવી છે **व** = અને **सा** = તેમની આચાર ધર્મની વ્યવસ્થા કેવી છે ?

**ભાવાર્થ :–** આ અમારો(મહાવ્રતરૂપ) ધર્મ કેવો છે ? અને તેમનો(ચાતુર્યામ) ધર્મ કેવો છે ? અમારી આચાર ધર્મની વ્યવસ્થા(બાહ્ય વેશ આદિ) કેવી છે ? અને તેમની આચાર ધર્મની વ્યવસ્થા કેવી છે ?

**१२** **चाउज्जामो य जो धम्मो, जो इमो पंचसिक्खिओ ।**
**देसिओ वद्धमाणेणं, पासेण य महामुणी ॥**

**શબ્દાર્થ :– पासेण** = પાર્શ્વનાથ ભગવાને **जो** = જે **चाउज्जामो** = ચાતુર્યામ અર્થાત્ ચાર મહાવ્રત વાળો **धम्मो** = ધર્મ **देसिओ** = ઉપદેશ્યો **य** = અને **वद्धमाणेणं** = વર્ધમાન સ્વામીએ **इमो** = આ **पंचसिक्खिओ** = પંચ શિક્ષાત્મક, પાંચ મહાવ્રતવાળો ધર્મ.

**ભાવાર્થ :–** મહામુનિ પાર્શ્વનાથ ભગવાને ચાતુર્યામ(ચાર મહાવ્રત) ધર્મનો ઉપદેશ આપ્યો છે અને વર્ધમાન મહાવીર સ્વામીએ પાંચ મહાવ્રતરૂપ ધર્મનું પ્રતિપાદન કર્યું છે.

**१३** **अचेलगो य जो धम्मो, जो इमो संतरुत्तरो ।**
**एगकज्ज-पवण्णाणं, विसेसे किण्णु कारणं ॥**

**શબ્દાર્થ :– अचेलगो** = અચેલક, પરિમાણોપેત અને અલ્પ મૂલ્યવાળા વસ્ત્રો **धम्मो** = ધર્મ કહ્યો છે **य** = અને ભગવાન પાર્શ્વનાથે **जो** = જે **इमो** = આ **संतरुत्तरो** = વિશિષ્ટ, બહુમૂલ્ય વસ્ત્ર રાખવા રૂપ

ધર્મ કહ્યો છે **एगकज्जपवण्णाणं** = મોક્ષ પ્રાપ્તિ રૂપ એક જ કાર્યમાં પ્રવૃત્તિ કરનારાઓના બાહ્ય આચારોમાં **विसेसे** = અંતર હોવાનું **किण्णु** = શું **कारणं** = કારણ છે ?

**ભાવાર્થ :–** વર્ધમાન મહાવીર સ્વામીએ અચેલક ધર્મ(નિશ્ચિત માપવાળા, અલ્પમૂલ્ય સફેદ વસ્ત્રો ધારણ કરવા રૂપ ધર્મ) અને પાર્શ્વનાથ ભગવાને સાન્તરોત્તર ધર્મ(વિશિષ્ટ વસ્ત્ર રાખવા રૂપ ધર્મ) નું કથન કર્યું છે, તો પછી મોક્ષપ્રાપ્તિ રૂપ એક જ કાર્યમાં પ્રવૃત્તિ કરનારાઓમાં આ વિભિન્નતાનું શું કારણ છે ?

**વિવેચન :–**

કેશી સ્વામી અને ગૌતમ સ્વામીના શિષ્યોએ ભિક્ષાચર્યા વગેરે કાર્ય માટે જતાં-આવતાં એકબીજાના આચાર-વિચારને જોઈને અને બંને આચાર વચ્ચેનો તફાવત જાણીને, તેમના મનમાં શંકા થઈ કે અમારા બંનેના ધર્મ પ્રવર્તકોનું ધ્યેય મુક્તિ-પ્રાપ્તિનું છે છતાં અમારા બંનેના આચાર-વિચારમાં તફાવત કેમ છે ? મહાવીર સ્વામી પાંચ મહાવ્રતનો ઉપદેશ આપે છે જ્યારે પાર્શ્વનાથ ભગવાન ચાર યામ અર્થાત્ ચાર મહાવ્રતનો ઉપદેશ આપતા હતા. મહાવીર સ્વામીના શિષ્યો સામાન્ય અને પ્રમાણોપેત વસ્ત્રો ધારણ કરે છે જ્યારે પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના શિષ્યો વિશિષ્ટ અને કિંમતી યથેચ્છ વસ્ત્રો ધારણ કરે છે.

**अल्लीणा :–** (૧) આલીન = આત્મામાં લીન, (૨) અલીન = મન, વચન, કાયાની ગુપ્તિઓથી યુક્ત.

**आयारधम्मपणिही :–** आचरणमाचारो-वेषधारणादिको बाह्यः क्रियाकलाप इत्यर्थः । આચારનો અર્થ છે આચરણ, વેશધારણ આદિ બાહ્ય ક્રિયાવિધિ. બાહ્ય ક્રિયાવિધિ પણ ધર્મ છે; કારણ કે તે જ્ઞાન, દર્શન અને ચારિત્રના વિકાસનું સાધન બને છે. **प्रणिधि व्यवस्थापनम् ।** પ્રણિધિનો અર્થ છે વ્યવસ્થાપન. બાહ્ય ક્રિયાવિધિરૂપ ધર્મની વ્યવસ્થાને આચારધર્મપ્રણિધિ કહે છે.

**चाउज्जामो य जो धम्मो :–** શ્રી પાર્શ્વનાથ ભગવાને દર્શાવેલો ચાતુર્યામ(ચાર મહાવ્રત)રૂપ સાધુ ધર્મ. (૧) અહિંસા (૨) સત્ય (૩) અચૌર્ય (૪) બહિદ્ધાદાન ત્યાગ(અપરિગ્રહ). તે ચાર મહાવ્રતરૂપ ધર્મ. ભગવાન પાર્શ્વનાથે સ્ત્રીને પરિગ્રહરૂપ ગણીને બ્રહ્મચર્ય મહાવ્રતનો સમાવેશ પરિગ્રહ ત્યાગમાં કર્યો છે.

**पंचसिक्खिओ :–** પંચ શિક્ષિત, પાંચ મહાવ્રતો દ્વારા શિક્ષિત-પ્રકાશિત. યથા– (૧) અહિંસા (૨) સત્ય (૩) અચૌર્ય (૪) બ્રહ્મચર્ય (૫) અપરિગ્રહ. તે પાંચ મહાવ્રત છે.

**अचेलगो य जो धम्मो :–** अचेलं मानोपेतं धवलं जीर्णप्रायं, अल्पमूल्यं वस्त्रं धारणीयमिति वर्द्धमानस्वामिना प्रोक्तम् । असत् इव चेलं यत्र स अचेलः, अचेल एव अचेलकः । यत् वस्त्रं सदपि असदिव तद् धार्यमित्यर्थः॥ (૧) અચેલક અર્થાત્ અલ્પ મૂલ્યવાળા, જીર્ણ, સાધારણ, પ્રમાણોપેત(નિયત માપવાળા), સફેદ વસ્ત્ર ધારણ કરનાર. (૨) અચેલ અર્થાત્ નહિ જેવા વસ્ત્ર, નહિવત્ વસ્ત્રો ધારણ કરનાર. (૩) 'અ'નો અર્થ અલ્પ છે. અલ્પવસ્ત્રોને ધારણ કરનાર.

**संतरुत्तरो :–** સંતરુત્તરો એટલે મૂલ્યની દષ્ટિએ ગમે તે મૂલ્યવાળા અને પ્રમાણની દષ્ટિએ ગમે તેટલા પ્રમાણવાળા વસ્ત્રો ધારણ કરવા.આ સૂત્રની વ્યાખ્યામાં સંતરુત્તરાનો આ જ અર્થ કર્યો છે. તેથી જણાય છે કે આ શબ્દ અચેલકતાનો પ્રતિપક્ષી છે. ભગવાન મહાવીર સ્વામીના શ્રમણો અચેલક એટલે સામાન્ય, અલ્પમૂલ્યવાળા અને મર્યાદિત વસ્ત્રો ધારણ કરતા હતા. જ્યારે પાર્શ્વનાથ પ્રભુના શ્રમણો સંતરુત્તરા એટલે ગમે તે મૂલ્યવાળા અને ગમે તેટલા વસ્ત્રો રાખતા હતા. તેઓને માટે અલ્પમૂલ્યવાળા કે પ્રમાણોપેત વસ્ત્રો રાખવા સંબંધી કોઈ નિયમ ન હતો, તેથી તેને માટે સંતરુત્તર ધર્મનું કથન થયું છે.

**શ્રમણોનું પરસ્પર મિલન અને ઉચિત વ્યવહાર :-**

**૧૪** **अह ते तत्थ सीसाणं, विण्णाय पवितक्कियं ।**
**समागमे कयमई, उभओ केसि-गोयमा ॥**

**શબ્દાર્થ :– अह** = ત્યાર પછી **तत्थ** = ત્યાં **सीसाणं** = પોતપોતાના શિષ્યોની **पवितक्कियं** = તર્કરૂપ શંકાને, જિજ્ઞાસાને **विण्णाय** = જાણીને તેની નિવૃત્તિ માટે **ते** = તેઓ **उभओ** = બંને મહાપુરુષોએ **समागमे** = એક સ્થાને મળવાનો **कयमई** = વિચાર કર્યો.

**ભાવાર્થ :–** ત્યાર પછી પોતપોતાના શિષ્યોને શંકાશીલ થયેલા જાણીને કેશીકુમાર શ્રમણ અને ગૌતમ સ્વામી, બંને મહાપુરુષોએ ત્યાં(શ્રાવસ્તી નગરીમાં) પરસ્પર મળવાનો વિચાર કર્યો.

**૧૫** **गोयमो पडिरूवण्णू, सीससंघसमाउले ।**
**जेट्ठं कुलमवेक्खंतो, तिंदुयं वणमागओ ॥**

**શબ્દાર્થ :– कुलं** = કુળને **जेट्ठं** = જ્યેષ્ઠ(મોટા) **अवेक्खंतो** = માનીને **गोयमो** = ગૌતમ **पडिरूवण्णू** = પ્રતિરૂપજ્ઞ અર્થાત્ વિનય ધર્મના જ્ઞાતા **सीससंघसमाउले** = પોતાના શિષ્ય પરિવાર સહિત **तिंदुयवणं** = તિંદુક ઉદ્યાનમાં **आगओ** = આવ્યા.

**ભાવાર્થ :–** પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના શિષ્ય હોવાથી કેશીકુમાર શ્રમણના જ્યેષ્ઠ કુળને જાણીને, પોતાના શિષ્ય પરિવાર સાથે ગૌતમ સ્વામી તિંદુક નામના ઉદ્યાનમાં પધાર્યા.

**૧૬** **केसीकुमार-समणे गोयमं दिस्समागयं ।**
**पडिरूवं पडिवत्तिं, सम्मं संपडिवज्जइ ॥**

**શબ્દાર્થ :– आगयं** = આવતાં **दिस्स** = જોઈને **पडिरूवं** = પ્રતિરૂપ, તેમને યોગ્ય **पडिवत्तिं** = પ્રતિપત્તિ અર્થાત્ સત્કાર સન્માન **सम्मं संपडिवज्जइ** = સમ્યક્ પ્રકારે કર્યો.

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણે ગૌતમ સ્વામીને આવતા જોઈને સમ્યક્ પ્રકારે તેમને અનુરૂપ યથાયોગ્ય આદર સત્કાર કર્યો.

**૧૭** **पलालं फासुयं तत्थ, पंचमं कुसतणाणि य ।**
**गोयमस्स णिसेज्जाए, खिप्पं संपणामए ॥**

**શબ્દાર્થ :– तत्थ** = ત્યાં **गोयमस्स** = ગૌતમ સ્વામીને **णिसेज्जाए** = બેસવા માટે **फासुयं** = પ્રાસુક, જીવરહિત **पलालं** = પરાલ અર્થાત્ શાલી, વ્રીહિ, કોદ્રવ, રાલ એ ચાર **य** = અને **पंचमं** = પાંચમું **कुसतणाणि** = ડાભના કુશ-તૃણ **संपणामए** = આપ્યા **खिप्पं** = તુરત જ.

**ભાવાર્થ :–** શ્રી ગૌતમ સ્વામીને બેસવા માટે તુરંત જ પ્રાસુક-નિર્દોષ પરાળ–ચાર પ્રકારના અનાજોના ઘાસ તથા પાંચમું કુશ-તૃણનું આસન આપ્યું.

**૧૮** **केसीकुमार-समणे, गोयमे य महायसे ।**
**उभओ णिसण्णा सोहंति, चंद-सूर-समप्पभा ॥**

**શબ્દાર્થ :–** **चंदसूरसमप्पभा** = ચંદ્ર અને સૂર્ય સમાન કાન્તિવાળા **महायसे** = મહાયશસ્વી **उभओ** = આ બંને **णिसण्णा** = આસન પર બેઠેલા **सोहंति** = શોભતા હતા.

**ભાવાર્થ :–** આસન પર બિરાજમાન કેશીકુમાર શ્રમણ અને મહાયશસ્વી ગૌતમ સ્વામી, આ બંને સંતો ચંદ્ર અને સૂર્યની કાન્તિ જેવા શોભતા હતાં.

**१९** **समागया बहू तत्थ, पासंडा कोउगा मिगा ।**
**गिहत्थाणं अणेगाओ, साहस्सीओ समागया ॥**

**શબ્દાર્થ :–** **गिहत्थाणं** = ગૃહસ્થોના **अणेगाओ** = અનેક **साहस्सीओ** = સહસ્ર, હજારો ગૃહસ્થ **तत्थ** = ત્યાં **समागया** = આવ્યા **बहू** = ઘણા **पासंडा** = અન્ય મતાવલંબી **मिगा** = મૃગ સમાન અજ્ઞાની **कोउगा** = કુતૂહલી લોકો.

**ભાવાર્થ :–** અનેક અન્ય મતાવલંબી પરિવ્રાજકો, કુતૂહલી લોકો, અજ્ઞાનીઓ અને હજારો ગૃહસ્થો ત્યાં આવ્યા.

**२०** **देव-दाणव-गंधव्वा, जक्ख-रक्खस-किण्णरा ।**
**अदिस्साणं च भूयाणं, आसी तत्थ समागमो ॥**

**શબ્દાર્થ :–** **देवदाणव-गंधव्वा** = જ્યોતિષી અને વૈમાનિક દેવો, દાનવો(ભવનપતિ), ગન્ધર્વો **जक्ख–रक्खस** = યક્ષો, રાક્ષસો **किण्णरा** = કિન્નર આદિ વ્યંતરદેવો **च** = અને **अदिस्साणं** = અદશ્ય **भूयाणं** = વ્યંતર જાતિના ભૂતોનું **समागमो** = આગમન **आसी** = થયું.

**ભાવાર્થ :–** દેવ, દાનવ, ગન્ધર્વ, યક્ષ, રાક્ષસ, કિન્નર અને અદશ્ય ભૂતોનો ત્યાં સમાગમ થયો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં શિષ્યોની જિજ્ઞાસાના સમાધાન માટે થયેલું બંને સંતોનું સુભગ મિલન અને પરસ્પરના આતિથ્ય સત્કારનું નિરૂપણ છે.

કેશીસ્વામી અને ગૌતમસ્વામી બંને સંતો સ્વયં જ્ઞાની હતા. પોતાના શિષ્ય પરિવારની જિજ્ઞાસા સંતોષવા સ્વયં સમર્થ હતા, તેમ છતાં એક સ્થાને એકત્રિત થઈને વિવિધ આચાર પ્રણાલિકાનો સમન્વય સહુની પ્રત્યક્ષ થાય તે જ ઉત્તમ છે, તેવું દીર્ઘદષ્ટિથી અને સમન્વયાત્મક બુદ્ધિથી તેઓએ વિચાર્યું.

તેમાં પણ ગણધર ગૌતમસ્વામી જ્ઞાનમાં અને પદમાં મહાન હોવા છતાં કેશીસ્વામીની દીક્ષા પર્યાયની જ્યેષ્ઠતાનો વિચાર કરીને અને કુલ(શાસન)ની જ્યેષ્ઠતાને સ્વીકારીને તે સ્વયં કેશીસ્વામી પાસે ગયા.

ગૌતમસ્વામીને આવતાં જોઈને કેશીસ્વામીએ પણ સંયમ મર્યાદા અનુસાર ગૌતમસ્વામીનો યથાયોગ્ય વિનય, સત્કાર-સન્માનનો વ્યવહાર કર્યો.

પ્રસ્તુત પ્રસંગ મહાપુરુષોની ઉદારતા અને સમયસૂચકતાને સૂચિત કરે છે. વેશ અને સમાચારીની ભિન્નતા હોવા છતાં સાંપ્રદાયિક આગ્રહને છોડીને વિચાર વિનિમય કરીને સમન્વય કરવો, તે જ પ્રભુના અનેકાંતવાદનો સાર છે, તે જ જિનશાસનનું હાર્દ છે.

**पडिरूवण्णु :–** પ્રતિરૂપજ્ઞ એટલે યથોચિત વિનય વ્યવહારના જાણકાર.

**जेट्टं कुलमवेक्खंतो :–** પાર્શ્વનાથ ભગવાન, મહાવીર સ્વામીથી પહેલાં થયા હતા. તેથી તેમના

શિષ્યોને જ્યેષ્ઠ કુળના ગણીને ગૌતમ સ્વામી પોતાના શિષ્ય પરિવાર સહિત તિન્દુક ઉદ્યાનમાં કેશી સ્વામીની સમીપે ગયા.

**पलालं फासुयं :–** સાધુઓના આસનને યોગ્ય પ્રાસુક અચિત્ત અને એષણીય પરાળ ચાર પ્રકારના છે– (૧) શાલી–કલમશાલી આદિ વિશિષ્ટ ચોખાનું પરાળ (ર) વ્રીહિક–સાઠી ચોખા વગેરેનું પરાળ (૩) કોદ્રવ–કોદરા ધાન્યનું પરાળ (૪) રાળ–કાંગણીનું પરાળ (પ) વનઘાસનું પરાળ. ગાથામાં પાંચમું કુશનું ઘાસ કહ્યું છે. પાંચમું કહેવાથી પૂર્વના ચારનો સંકેત થઈ જાય છે.

**ચાતુર્યામ અને પંચમહાવ્રત રૂપ ધર્મ :–**

**૨૧** **पुच्छामि ते महाभाग, केसी गोयममब्बवी ।**
**तओ केसिं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥**

**શબ્દાર્થ :– केसी** = કેશીકુમાર શ્રમણે **गोयमं** = ગૌતમ સ્વામીને **अब्बवी** = કહ્યું કે **महाभाग** = હે મહાભાગ ! **ते** = આપને **पुच्छामि** = કાંઈક પૂછવા ઈચ્છું છું **तओ** = ત્યારે **बुवंतं** = આ પ્રકારે બોલતા **केसिं** = કેશીકુમાર શ્રમણને **गोयमो** = ગૌતમ સ્વામીએ **इणं** = આ પ્રમાણે **अब्बवी** = કહ્યું.

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણે ગૌતમ સ્વામીને કહ્યું કે હે મહાભાગ્યવાન ! હું આપને કાંઈક પૂછવા ઈચ્છું છું; ત્યારે કેશીકુમાર શ્રમણને ગૌતમ સ્વામીએ આ પ્રમાણે કહ્યું–

**૨૨** **पुच्छ भंते जहिच्छं ते, केसिं गोयममब्बवी ।**
**तओ केसी अणुण्णाए, गोयमं इणमब्बवी ॥**

**શબ્દાર્થ :– गोयम** = ગૌતમ સ્વામીએ **केसिं** = કેશીકુમાર શ્રમણને **अब्बवी** = કહ્યું **भंते** = હે ભગવાન **ते** = આપની **जहिच्छं** = જેવી ઈચ્છા હોય તેમ **पुच्छ** = પ્રશ્ન કરો **अणुण्णाए** = અનુમતિ પ્રાપ્ત થતાં **केसी** = કેશીકુમાર શ્રમણે **गोयमं** = ગૌતમ સ્વામીને **इणं** = આ પ્રમાણે **अब्बवी** = કહ્યું.

**ભાવાર્થ :–** ગૌતમ સ્વામીએ કેશીકુમાર શ્રમણને કહ્યું– ભંતે ! તમારી ઈચ્છા હોય તેમ પ્રશ્ન કરો. ત્યાર પછી આજ્ઞા પ્રાપ્ત થતાં કેશીકુમાર શ્રમણે ગૌતમ સ્વામીને આ પ્રમાણે પૂછ્યું–

**૨૩** **चाउज्जामो य जो धम्मो, जो इमो पंचसिक्खिओ ।**
**देसिओ वद्धमाणेण, पासेण य महामुणी ॥**

**શબ્દાર્થ :– पासेण** = પાર્શ્વનાથ ભગવાને **जो** = જે **चाउज्जामो** = આ ચાતુર્યામ ધર્મ, ચાર મહાવ્રત રૂપ ધર્મ **देसिओ** = કહ્યો છે **वद्धमाणेण** = વર્ધમાન મહાવીર સ્વામીએ **इमो** = આ **पंचसिक्खिओ** = પાંચ મહાવ્રતવાળો ધર્મ.

**ભાવાર્થ :–** મહામુનિ પાર્શ્વનાથ ભગવાને ચાતુર્યામ(ચાર મહાવ્રત) ધર્મનું પ્રતિપાદન કર્યું છે અને વર્ધમાન મહાવીર સ્વામીએ પાંચ મહાવ્રત ધર્મનું પ્રતિપાદન કર્યું છે.

**૨૪** **एगकज्ज पवण्णाणं, विसेसे किण्णु कारणं ! ।**
**धम्मे दुविहे मेहावी, कहं विप्पच्चओ ण ते ॥**

**શબ્દાર્થ :– एगकज्ज पवण्णाणं** = એક જ કાર્ય(મોક્ષપ્રાપ્તિ)માં પ્રવૃત્તિ કરનારાઓમાં પરસ્પર **विसेसे**

= વિશેષતાનું, તફાવતનું **किण्णु** = શું **कारणं** = કારણ છે **दुविहे** = બે પ્રકારના **धम्मे** = ધર્મના વિષયમાં **मेहावी** = હે મેધાવી, બુદ્ધિમાન ! **कहं** = શું **ते** = આપને **विप्पच्चओ** = સંશય, સંદેહ **ण** = નથી થતો ?

**ભાવાર્થ :–** હે બુદ્ધિમાન ! બંને તીર્થંકરો મોક્ષપ્રાપ્તિરૂપ એક જ કાર્યમાં પ્રવૃત્તિ કરનારા છે; તો આ તફાવતનું કારણ શું છે ? આ બે પ્રકારના ધર્મો જોઈને શું આપને સંદેહ થતો નથી ?

**૨૫** **तओ केसिं बुवंतं तु, गोयमो इणमब्बवी ।**
**पण्णा समिक्खए धम्मं, तत्तं तत्तविणिच्छियं ॥**

**શબ્દાર્થ :–** **बुवंतं** = આ પ્રકારે કહેતા **केसिं** = કેશીકુમાર શ્રમણને **गोयमो** = ગૌતમ સ્વામીએ **इणमब्बवी** = આ પ્રમાણે કહ્યું **तत्तविणिच्छियं** = જીવાદિ તત્ત્વોનો જેમાં નિશ્ચય કરવામાં આવે છે **धम्मं तत्तं** = એવા ધર્મ તત્ત્વને **पण्णा** = બુદ્ધિથી **समिक्खए** = સારી રીતે સમજી શકાય, સમીક્ષા કરી શકાય.

**ભાવાર્થ :–** ત્યાર પછી આ પ્રમાણે કહેતા કેશીકુમાર શ્રમણને ગૌતમ સ્વામીએ આ પ્રમાણે કહ્યું– જીવાદિ નવ તત્ત્વોનો જેમાં નિશ્ચય થાય છે, એવા ધર્મતત્ત્વની સમીક્ષા પ્રજ્ઞાથી(બુદ્ધિથી) જ થાય છે.

**૨૬** **पुरिमा उज्जुजडा उ, वंकजडा य पच्छिमा ।**
**मज्झिमा उज्जुपण्णा उ, तेण धम्मे दुहा कए ॥**

**શબ્દાર્થ :–** **पुरिमा** = પહેલા તીર્થંકરના સાધુ **उज्जुजडा** = ઋજુજડ, સરળ અને મંદમતિવાળા હોય છે **उ** = અને **पच्छिमा** = અંતિમ તીર્થંકરના સાધુ **वंकजडा** = વક્રજડ હોય છે **य** = અને **मज्झिमा** = મધ્યના ૨૨ તીર્થંકરોના સાધુ **उज्जुपण्णा** = ઋજુપ્રાજ્ઞ, સરળ અને બુદ્ધિમાન હોય છે **तेण** = તેટલા માટે **धम्मे** = ધર્મ **दुहा** = બે પ્રકારના, જુદા-જુદા **कए** = કહ્યો છે.

**ભાવાર્થ :–** પ્રથમ તીર્થંકરના સાધુઓ સરળ અને મંદમતિવાળા હોય છે, અંતિમ તીર્થંકરના સાધુઓ વક્ર અને જડ હોય છે. જ્યારે મધ્યના ૨૨ તીર્થંકરોના સાધુઓ સરળ અને બુદ્ધિમાન હોય છે, તેથી બે પ્રકારના ધર્મ કહ્યા છે અર્થાત્ આ કારણે બંને તીર્થંકરોએ વિવિધ(જુદા-જુદા) ધર્મ કહ્યા છે.

**૨૭** **पुरिमाणं दुव्विसोज्झो उ, चरिमाणं दुरणुपालओ ।**
**कप्पो मज्झिमगाणं तु, सुविसोज्झो सुपालओ ॥**

**શબ્દાર્થ :–** **पुरिमाणं** = પ્રથમ તીર્થંકરના સાધુઓને **कप्पो** = કલ્પ, સાધ્વાચાર **दुव्विसोज्झो** = દુર્ગમ્ય, સમજવો કઠિન હોય છે **उ** = અને **चरिमाणं** = અંતિમ તીર્થંકરના સાધુઓને **दुरणुपालओ** = પાલન કરવું કઠિન હોય છે **मज्झिमगाणं** = મધ્યના ૨૨ તીર્થંકરના સાધુઓને **सुविसोज्झो** = સુગમ્ય, સમજવો સરળ **सुपालओ** = પાલન કરવું સરળ હોય છે.

**ભાવાર્થ :–** પ્રથમ તીર્થંકરના સાધુઓને સાધ્વાચાર સમજવો કઠિન હોય છે અને અંતિમ તીર્થંકરના સાધુઓને સાધ્વાચારનું પાલન કરવું કઠિન હોય છે પરંતુ મધ્યના ૨૨ તીર્થંકરના સાધુઓને સાધ્વાચાર સમજવો અને તેનું પાલન કરવું, તે બંને સરળ હોય છે.

**૨૮** **साहु गोयम पण्णा ते, छिण्णो मे संसओ इमो ।**
**अण्णो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ॥**

**શબ્દાર્થ :–** **ते** = આપની **पण्णा** = પ્રજ્ઞા, બુદ્ધિ **साहु** = સાધુ-શ્રેષ્ઠ છે **मे** = મારો **इमो** = આ **संसओ** = સંશય **छिण्णो** = દૂર કરી દીધો **मज्झं** = મારો **अण्णो वि** = બીજો પણ, મને સંશય છે **तं** = તે વિષયમાં **मे** = મને **कहसु** = કહો, સંશય દૂર કરો.

**ભાવાર્થ :–** (કેશીકુમાર શ્રમણ કહે છે) હે ગૌતમ ! આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. આપે મારો આ સંશય દૂર કર્યો છે પરંતુ હે ગૌતમ ! મને બીજો પણ સંશય છે, તેનું સમાધાન મને કહો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સપરિવાર એકત્રિત થયેલા બંને સંતોની વચ્ચે પ્રારંભ થયેલી ધર્મચર્ચાનું પ્રતિપાદન છે.

કેશીસ્વામી પોતાના શિષ્યોની જિજ્ઞાસાને જાણતા હતા. તેથી ધર્માનુશાસનને જાણીને બધા શિષ્યો તરફથી જ સ્વયં પ્રશ્નનો પ્રારંભ કર્યો.

એક મોક્ષરૂપ લક્ષ્યની સિદ્ધિ માટે ચાતુર્યામ ધર્મ અને પંચમહાવ્રત ધર્મ, તેમ બે પ્રકારના ધર્મના ભેદનું કારણ શું ? ગોતમ સ્વામીએ તેનો ઉત્તર આપ્યો કે **पण्णा समिक्खिए धम्मं...**ધર્મતત્ત્વની સમીક્ષા પ્રજ્ઞા દ્વારા નિશ્ચિત્ત થાય છે. લક્ષ્ય એક હોવા છતાં વ્યક્તિની પાત્રતાના ભેદ અનુસાર ધર્મોપદેશમાં ભેદ થાય છે. તીર્થંકર પાર્શ્વનાથના સમયના સાધુઓ અને ભગવાન મહાવીરના સમયના સાધુઓની પ્રજ્ઞામાં એટલે સત્-અસત્નો વિવેક કરનાર બુદ્ધિમાં મોટું અંતર હતું. અંતિમ તીર્થંકરના સાધુઓની બુદ્ધિ પ્રાયઃ વક્ર-જડ હોય છે, જેથી તેઓ સાધુઓના આચારને સરળતાથી સમજતા નથી અને કદાચ સમજે, તો પણ તેનું પાલન કરવામાં કદાગ્રહી હોવાથી તેમની બુદ્ધિ કુતર્ક-કુવિકલ્પની જાળમાં ફસાઈને જડ થઈ જાય છે. તેથી તેમના માટે પંચમહાવ્રત રૂપ ધર્મ કહ્યો છે. જ્યારે બીજાથી ત્રેવીસમા શ્રી પાર્શ્વનાથ ભગવાન સુધીના મધ્યના બાવીસ તીર્થંકરના સાધુઓ ઋજુપ્રાજ્ઞ હોય છે. તેઓ પ્રાજ્ઞ હોવાથી બુદ્ધિમત્તાથી સાધ્વાચારને સરળતાથી ગ્રહણ કરી લે છે અને સરળ હોવાથી તેનું સારી રીતે પાલન કરે છે; તેથી પાર્શ્વનાથ ભગવાને તેમના સાધુઓને માટે ચાતુર્યામ(ચાર મહાવ્રત)રૂપ ધર્મ કહ્યો છે. તેઓ ચાર મહાવ્રતી હોવા છતાં અપરિગ્રહ વ્રતમાં બ્રહ્મચર્યનો સમાવેશ કરે છે. કારણ કે સ્ત્રી પ્રત્યેની આસક્તિ અને કામવાસના આભ્યંતર પરિગ્રહરૂપ છે, તેથી પરિગ્રહ ત્યાગમાં તેનો સમાવેશ થઈ જાય છે.

પ્રથમ તીર્થંકરના સાધુઓ સરળ પરંતુ જડ હતા. તેઓ સાધ્વાચારને સરળતાથી ગ્રહણ કરી લેતા પરંતુ જડબુદ્ધિ હોવાના કારણે એ ધર્મતત્ત્વ સમજવામાં ભૂલ કરી બેસતા; તેથી તેમના દ્વારા આચાર શુદ્ધિનું કાર્ય કઠિન બની જતું.

સંક્ષેપમાં ધર્મતત્ત્વનો નિશ્ચય કેવળ શ્રવણમાત્રથી થતો નથી, પરંતુ પ્રજ્ઞાથી થાય છે. જેની જેવી પ્રજ્ઞા હોય છે તે અનુસાર તે ધર્મતત્ત્વનો નિશ્ચય કરે છે.

આ રીતે ગૌતમ સ્વામી દ્વારા જિજ્ઞાસાનું સમાધાન થતાં કેશીસ્વામીએ પ્રસન્નતાપૂર્વક તેનો સ્વીકાર કર્યો અને બીજી જિજ્ઞાસા પ્રગટ કરી.

**(૨) અચેલક અને સચેલક ધર્મ :–**

**૨૯** **अचेलगो य जो धम्मो, जो इमो संतरुत्तरो ।**
**देसिओ वद्धमाणेण, पासेण य महाजसा ॥**

**૩૦** **एगकज्जपवण्णाणं, विसेसे किण्णु कारणं ? ।**
**लिंगे दुविहे मेहावि, कहं विप्पच्चओ ण ते ॥**

**શબ્દાર્થ :–** **महाजसा** = મહાયશસ્વી **वद्धमाणेण** = વર્ધમાન મહાવીર સ્વામીએ **अचेलगो** = અચેલક **जो** = જે આ **देसिओ** = કહ્યો છે **पासेण** = ભગવાન પાર્શ્વનાથ સ્વામીએ **संतरुत्तरो** = પ્રમાણ-માપ રહિત, વિશિષ્ટ બહુમૂલ્ય વસ્ત્ર રાખી શકવા રૂપ ધર્મ **एगकज्जपवण्णाणं** = મોક્ષપ્રાપ્તિ રૂપ એક જ કાર્યમાં પ્રવૃત્તિ કરનારાઓ **विसेसे** = વિશેષતાનું **किण्णु कारणं** = શું કારણ છે **लिंगे** = બાહ્યવેશ **दुविहे** = બે પ્રકારનો કહ્યો છે, તેમાં **ते** = તમને, આપને **विप्पच्चओ** = સંદેહ **कहं** = કેમ **ण** = થતો નથી?

**ભાવાર્થ :–** પ્રમાણોપેત અને અલ્પ મૂલ્ય વસ્ત્ર ધારણરૂપ **અચેલક ધર્મ** વર્ધમાન મહાવીર સ્વામીએ બતાવ્યો છે અને વર્ણાદિથી અને મૂલ્યથી યથેચ્છ વસ્ત્રવાળો **સન્તરોત્તર ધર્મ** મહાયશસ્વી પાર્શ્વનાથ પ્રભુએ બતાવ્યો છે તો હે મેધાવિન્ ! મોક્ષપ્રાપ્તિરૂપ એક જ ઉદેશ્ય માટે પ્રવૃત્તિ કરનારા આ બંને તીર્થંકરોના ઉપદેશમાં આવા ભેદનું કારણ શું છે ? બે પ્રકારના બાહ્ય વેશ જોઈને આપને સંદેહ થતો નથી ? ॥ ૨૯–૩૦॥

**૩૧** **केसिमेवं बुवाणं तु, गोयमो इणमब्बवी ।**
**विण्णाणेण समागम्म, धम्म साहणमिच्छियं ॥**

**શબ્દાર્થ :–** **विण्णाणेण** = વિજ્ઞાન દ્વારા અથવા કેવળજ્ઞાન દ્વારા **समागम्म** = સમ્યક્ પ્રકારે જાણીને **धम्म- साहणं** = ધર્મ સાધન, ધર્મ ઉપકરણોની **इच्छियं** = આજ્ઞા અપાઈ છે.

**ભાવાર્થ :–** આ પ્રમાણે કહેતા કેશીકુમાર શ્રમણને ગૌતમ સ્વામીએ કહ્યું કે કેવળી ભગવંતોએ કેવળ-જ્ઞાનમાં જાણીને યથોચિતરૂપે ધર્મના સાધનો-વેશ, ચિહ્ન, ઉપકરણ આદિ અંગે આજ્ઞા કરી છે.

**૩૨** **पच्चयत्थं च लोगस्स, णाणाविह विगप्पणं ।**
**जत्तत्थं गहणत्थं च, लोगे लिंगपओयणं ॥**

**શબ્દાર્થ :–** **णाणाविह विगप्पणं** = વિવિધ વિકલ્પના અર્થાત્ અનેક પ્રકારના ઉપકરણોની કલ્પના **लोगस्स** = લોકોની **पच्चयत्थं** = પ્રતીતિ અને વિશ્વાસ માટે **जत्तत्थं** = સંયમ યાત્રાના નિર્વાહ માટે **गहणत्थं** = જ્ઞાનાદિ ગ્રહણ માટે **लोगे** = લોકમાં **लिंगपओयणं** = લિંગ-બાહ્યવેશનું પ્રયોજન છે.

**ભાવાર્થ :–** વિવિધ પ્રકારના ઉપકરણોનું વિધાન લોકોની પ્રતીતિ માટે, સંયમ યાત્રાના નિર્વાહ માટે અને 'હું સાધુ છું' એમ યથાપ્રસંગે બોધ રહે, તે માટે લોકમાં લિંગનું-વેશનું પ્રયોજન છે.

**૩૩** **अह भवे पइण्णा उ, मोक्ख सब्भूयसाहणा ।**
**णाणं च दंसणं चेव, चरित्तं चेव णिच्छए ॥**

**શબ્દાર્થ :–** **अह** = અથ. ભગવાન પાર્શ્વનાથની અને વર્ધમાન મહાવીર સ્વામીની, બંને તીર્થંકરોની **पइण्णा** = પ્રતિજ્ઞા **उ** = તો આ જ **भवे** = છે કે **णिच्छए** = નિશ્ચયમાં **मोक्ख सब्भूयसाहणा** = મોક્ષના વાસ્તવિક(સદ્ભૂત) સાધન **णाणं** = જ્ઞાન **दंसणं** = દર્શન **चरित्तं** = ચારિત્ર છે.

**ભાવાર્થ :–** નિશ્ચય દષ્ટિથી સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્ર જ મોક્ષના વાસ્તવિક સાધન છે, આ પ્રકારનો બંને તીર્થંકરોનો એક જ સિદ્ધાંત છે.

**३४** **साहु गोयम पण्णा ते, छिण्णो मे संसओ इमो ।**
**अण्णो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ॥**

**ભાવાર્થ :–** (કેશીકુમાર શ્રમણ કહે છે) હે ગૌતમ ! આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે, આપે મારો આ સંશય દૂર કર્યો છે પરંતુ હે ગૌતમ ! મને બીજો પણ સંશય છે, તે વિષયમાં પણ મને કહો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સચેલક અને અચેલક ધર્મ(સાધન) વિષયક શ્રીકેશીસ્વામીની જિજ્ઞાસા અને તેનું ગૌત્તમ સ્વામી દ્વારા થયેલું સમાધાન છે.

**સચેલ-અચેલ :–** ચેલ એટલે વસ્ત્ર. વસ્ત્ર સહિત હોય તે સચેલ અને વસ્ત્ર રહિત હોય તે અચેલ; આ તેનો શાબ્દિક અર્થ છે. તેનો પ્રાસંગિક અર્થ કંઈક વિશિષ્ટ થાય છે– 'અચેલ' શબ્દમાં 'અ' અલ્પ અર્થમાં પ્રયુક્ત થયો છે તેથી અલ્પ એટલે શાસ્ત્રોક્ત મર્યાદા અનુસાર વસ્ત્રોને ધારણ કરે, તે **અચેલ.** પહેલા અને ચોવીસમાં તીર્થંકરના સાધુઓ પ્રમાણોપેત અને સામાન્ય વસ્ત્રો ધારણ કરે છે તેથી તેમના ધર્મને **અચેલકધર્મ** અને કોઈ પણ પ્રકારની મર્યાદા વિના વિશિષ્ટ કે સામાન્ય ઈચ્છાનુસાર વસ્ત્રોને ધારણ કરે, તે **સચેલક ધર્મ** મધ્યના બાવીસ તીર્થંકરના સાધુઓને વસ્ત્રના વિષયમાં કોઈ પ્રતિબંધ નથી; તેથી તેમના ધર્મને **સચેલકધર્મ** કહ્યો છે. લોક વ્યવહારમાં પણ જેની પાસે અલ્પ ધન હોય તેના માટે **નિર્ધન** અને અધિક ધન હોય તેના માટે **ધનવાન** શબ્દનો પ્રયોગ થાય છે.

ભગવાન મહાવીરના શાસનમાં વક્ર-જડ અને પ્રથમ તીર્થંકરના શાસનમાં ઋજુ-જડ શિષ્યોની બહુલતા હોવાથી અલ્પમૂલ્યવાન અને પ્રમાણોપેત વસ્ત્રો રાખવાના નિયમો છે. વક્ર-જડ કે ઋજુ-જડ વ્યક્તિઓ માટે દરેક વિષયમાં અનુશાસન પ્રાયઃ અનિવાર્ય બની જાય છે. મધ્યવર્તી તીર્થંકરોના શિષ્યો પ્રાયઃ ઋજુપ્રાજ્ઞ હોવાથી તેમને વસ્ત્ર સંબંધી કોઈ પ્રતિબંધ હોતો નથી. તે અલ્પમૂલ્ય, બહુમૂલ્ય, સામાન્ય કે વિશેષ કોઈપણ પ્રકારના વસ્ત્રો ધારણ કરી શકે છે.

**સાધુવેશના ત્રણ મુખ્ય પ્રયોજન :–** (૧) **पच्चयत्थं** = લોક એટલે ગૃહસ્થ વર્ગની પ્રતીતિ માટે. સાધુવેશ અને તેના કેશલોચ આદિ આચાર જોઈને લોકોને પ્રતીતિ થઈ જાય છે કે આ સાધુ છે કે નહીં. અન્યથા પાખંડી લોકો પણ પોતાની પૂજા વગેરે માટે 'અમે સાધુ છીએ, મહાવ્રતી છીએ, એમ કહેવા લાગે. આવું થાય તો સાચા સાધુઓ પ્રત્યે લોકોને અપ્રતીતિ થઈ જાય. આ સ્થિતિ નિવારવા માટે વિવિધ ઉપકરણોનું વિધાન છે. (૨) **जत्थत्थं** = સંયમ યાત્રાના નિર્વાહ માટે સાધુવેશ આવશ્યક છે. વર્ષાઋતુમાં તેમજ ગ્લાન, વૃદ્ધ કે તપસ્વી સાધુ માટે આહાર-પાણી આદિ લાવવામાં પાત્રાદિ ઉપકરણ ઉપયોગી થાય છે. રજોહરણ જીવદયાના પાલન માટે જરૂરી છે. વસ્ત્ર લજ્જા નિવારણ માટે સહાયક બને છે. (૩) **गहणत्थं** = ગ્રહણાર્થ. પરીષહના સમયે સંયમમાં અરતિ થાય ત્યારે 'હું સાધુ છું, મેં સાધુવેશ પહેર્યો છે, હું આવું અપકૃત્ય કેમ કરી શકું' આ પ્રકારનો બોધ ગ્રહણ થાય તે માટે સાધુવેશનું પ્રયોજન છે. વેશ પણ સાધુ ધર્મનું રક્ષણ કરે છે. જેમ કે પ્રસન્નચંદ્ર રાજર્ષિ.

આ રીતે સાધુનો વેશ, રજોહરણ, પાત્રાદિ ઉપકરણો, સાધ્વાચાર સંબંધી બાહ્ય ક્રિયાઓ; આ બધા વ્યવહારોથી સાધુની ઓળખ થાય છે. સાધુવેશ બાહ્ય સાધન છે તેમ છતાં તે આંતરિક સાધન–જ્ઞાનાદિ ગુણોની પુષ્ટિમાં અને આત્મવિકાસમાં સહાયક બને છે તે જ તેનું પ્રયોજન છે. બંને તીર્થંકરોના શાસનકાલમાં

વેશની ભિન્નતા છે. બંને તીર્થંકરોએ પોત-પોતાના શાસનના સાધુ-સાધ્વીઓની યોગ્યતાને જાણીને તદનુકૂલ વ્યવહારની આજ્ઞા કરી છે. તેમ છતાં નિશ્ચયનયની દષ્ટિએ સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ રત્નત્રયીની આરાધના તે જ મોક્ષની સાધના છે; તે દષ્ટિએ બંને તીર્થંકરોનો ઉપદેશ એક જ છે.

**(૩) આત્મ શત્રુ અને શત્રુવિજયની રીત :–**

**૩૫** **अणेगाणं सहस्साणं, मज्झे चिट्ठसि गोयमा ।**
**ते य ते अहिगच्छंति, कहं ते णिज्जिया तुमे ॥**

**શબ્દાર્થ :– अणेगाणं** = અનેક **सहस्साणं** = હજારો શત્રુઓની **मज्झे** = વચ્ચે **चिट्ठसि** = ઊભા છો **य** = અને **ते** = તે શત્રુ **ते** = આપ પર **अहिगच्छंति** = આક્રમણ કરે છે **तुमे** = આપે **ते** = તે બધા શત્રુઓને **कहं** = કેવી રીતે **णिज्जिया** = જીતી લીધા છે ?

**ભાવાર્થ :–** હે ગૌતમ ! અનેક હજાર શત્રુઓની વચ્ચે આપ ઊભા છો અને તેઓ આપની ઉપર આક્રમણ કરે છે તોપણ તમે એ શત્રુઓને કેવી રીતે જીતો છો ?

**૩૬** **एगे जिए जिया पंच, पंच जिए जिया दस ।**
**दसहा उ जिणित्ताणं, सव्वसत्तू जिणामहं ॥**

**શબ્દાર્થ :– एगे** = એકને **जिए** = જીતવાથી **पंच** = પાંચ **जिया** = જીતાઈ ગયા છે **दस** = દશ **दसहा** = દસે ય શત્રુઓને **जिणित्ताणं** = જીતીને **अहं** = મેં **सव्वसत्तू** = સર્વ શત્રુઓને **जिणां** = જીતી લીધા છે.

**ભાવાર્થ :–** (ગૌતમ સ્વામી કહે છે) એકને જીતીને પાંચને જીતી લીધા છે અને પાંચને જીતવાથી દસ જીતાઈ ગયા છે. દસને જીતીને મેં સર્વ શત્રુઓને જીતી લીધા છે.

**૩૭** **सत्तू य इइ के वुत्ते ? केसी गोयममब्बवी ।**
**तओ केसिं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥**

**શબ્દાર્થ :– केसी** = કેશીકુમાર શ્રમણ **गोयमं** = ગૌતમ સ્વામીને **इइ** = આ પ્રમાણે **अब्बवी** = પૂછવા લાગ્યા **सत्तू** = આપ શત્રુ **के** = કોને **वुत्ते** = કહો છો ? **तओ** = ત્યાર પછી **तु** = ઉક્ત પ્રકારથી **बुवंतं** = પ્રશ્ન કરતા **केसिं** = કેશીકુમાર શ્રમણને **गोयमो** = ગૌતમસ્વામી **इणं** = આ પ્રકારે **अब्बवी** = કહેવા લાગ્યા.

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણે ગૌતમ સ્વામીને પૂછ્યું કે આપ(૧-૫-૧૦) શત્રુ કોને કહો છો ? આ પ્રમાણે પૂછતા કેશીકુમાર શ્રમણને ગૌતમ સ્વામીએ આ પ્રમાણે કહ્યું.

**૩૮** **एगप्पा अजिए सत्तू, कसाया इंदियाणि य ।**
**ते जिणित्तु जहाणायं, विहरामि अहं मुणी ॥**

**શબ્દાર્થ :– मुणी** = હે મુનિ **अजिए** = વશ ન કરેલો **एगप्पा** = એક આત્મા જ **सत्तू** = શત્રુ છે **कसाया** = કષાયો **इंदियाणि** = ઇન્દ્રિયો પણ શત્રુ છે **ते** = તેમને **जहाणायं** = ન્યાયપૂર્વક, શાસ્ત્રોક્ત વિધિ અનુસાર **जिणित्तु** = જીતીને **अहं** = હું **विहरामि** = વિચરું છું.

**ભાવાર્થ :–** હે મુનિવર ! વશ ન કરેલો પોતાનો જ આત્મા શત્રુ છે. ચાર કષાય અને પાંચ ઇન્દ્રિયો પણ

શત્રુ છે. તેને શાસ્ત્રોક્ત વિધિ અનુસાર જીતીને હું અપ્રતિબદ્ધ થઈને વિચરું છું.

**૩૯** **साहु गोयम पण्णा ते, छिण्णो मे संसओ इमो ।**
**अण्णो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ॥**

**ભાવાર્થ :–** (કેશીકુમાર શ્રમણ કહે છે) હે ગૌતમ ! આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. આપે મારો આ સંશય દૂર કર્યો છે પરંતુ હે ગૌતમ ! મને બીજો સંશય પણ છે, તે વિષયમાં પણ આપ મને કહો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં આત્મ શત્રુઓનું અને તેના પર વિજય પ્રાપ્ત કરવાની પદ્ધતિનું નિરૂપણ છે.

કેશીકુમાર શ્રમણે ત્રીજો પ્રશ્ન કર્યો કે ચારે તરફથી હજારો શત્રુઓ આપની ઉપર આક્રમણ કરે છે, તો ખરેખર તે શત્રુઓ કયા છે અને તે શત્રુઓને આપે કેવી રીતે જીતો છો ?

**एगप्पा अजिए सत्तु :–** ગૌતમસ્વામીએ સમાધાન કર્યું કે પોતાના વશમાં ન હોય, તેવો આત્મા કે મન, ચાર કષાયો, પાંચે ઈન્દ્રિયોની અસદ્ પ્રવૃત્તિઓ, તે દશ મુખ્ય શત્રુઓ છે. કષાયના ભેદ-પ્રભેદ, મનના વિવિધ વિકલ્પો, આત્માના વિષય-કષાયરૂપ વૈભાવિક ભાવો વગેરે પેટાભેદ થતાં **अणेगाणं सहस्साणं** શત્રુઓના હજારો ભેદ થાય છે.

મોહનીય કર્મનો ક્ષય ન થાય, ત્યાં સુધી તે હજારો શત્રુઓ સાધકને ઘેરીને ઊભા હોય છે. તે શત્રુઓને વશમાં કરીને, તેને જીતીને તેનાથી પ્રાપ્ત શક્તિરૂપ ગુણો દ્વારા જ સાધુઓને સાધનામાં આગળ વધવાનું હોય છે. તેથી વિવિધ અનુષ્ઠાનો દ્વારા; ક્ષમા, નમ્રતા આદિ આત્મગુણો દ્વારા આત્મ શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરવો આવશ્યક છે. આ રીતે એક મનને જીતવાથી ચાર કષાય સહિત પાંચ શત્રુઓ જીતાઈ જાય છે અને તે પાંચને જીતવાથી પાંચ ઈન્દ્રિયો સહિત દશ શત્રુઓ જીતાઈ જાય છે.

**एगे जिए जिया दस :–** ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, દયા, તપશ્ચર્યા વગેરે આંતરગુણો દ્વારા સહુ પ્રથમ પોતાના મનને વશ કરી લેવું. મન વશમાં થઈ જવાથી ચાર કષાયો ઉપશાંત થઈ જાય છે. કષાયો ઉપશાંત થતાં જ ઈન્દ્રિયો પોતાની દુષ્પ્રવૃત્તિ છોડી દે છે.

સંક્ષેપમાં એક આત્મા પર એટલે મન પર વિજય પ્રાપ્ત કરતાં તે મન સહિત દસે ય શત્રુઓ પર અને તે પછી સર્વ શત્રુઓ પર ક્રમશઃ સહજ વિજય પ્રાપ્ત થઈ જાય છે. આધ્યાત્મ સાધનામાં બાહ્ય યુદ્ધ કરતાં ઉપરોક્ત આંતરયુદ્ધ કરવું, એ જ શ્રેષ્ઠ અને આવશ્યક કર્તવ્ય બને છે.

**जहाणायं :–** યથાન્યાય, યથાજ્ઞાત, યથાદર્શિત. શાસ્ત્રોક્ત નીતિ વિધિ અનુસાર. મન, કષાય અને ઈન્દ્રિયરૂપ શત્રુઓને જીતવા માટે શાસ્ત્રમાં જે-જે ઉપાયો કહ્યા છે તે ઉપાયોનું આચરણ કરીને આત્મ શત્રુઓને જીતવા તેને યથાન્યાય કહે છે. જેમ કે શ્રુતજ્ઞાન રૂપ લગામ દ્વારા સાહસિક મન રૂપ ઘોડાને, ત્યાર પછી ક્ષમા દ્વારા ક્રોધને, નમ્રતા દ્વારા અભિમાનને, સરળતા દ્વારા માયાને, સંતોષ દ્વારા લોભને જીતવા. પ્રતીસંલીનતા તપ દ્વારા ઈન્દ્રિયોની અસત્ પ્રવૃત્તિને રોકવી.

**(૪) પાશ-બંધન :–**

**૪૦** **दीसंति बहवे लोए, पासबद्धा सरीरिणो ।**
**मुक्कपासो लहुब्भूओ, कहं तं विहरसि मुणी ॥**

**શબ્દાર્થ :– लोए** = લોકમાં **बहवे** = ઘણા પ્રાણીઓ **पासबद्धा** = પાશમાં બંધાયેલા બંધનમાં **दीसंति** = દેખાય છે **मुणी** = હે મુનિ **मुक्कपासो** = બંધનથી મુક્ત થઈને **लहुब्भूओ** = વાયુ સમાન લઘુભૂત-હળવા થઈને **कहं** = કેવી રીતે **विहरसि** = વિચરો છો.

**ભાવાર્થ :–** આ લોકમાં ઘણાં શરીરધારી પ્રાણીઓ પાશમાં બંધાયેલા જોવા મળે છે. હે મુનિ ! આપ બંધનમુક્ત અને હળવા થઈને કેવી રીતે વિચરણ કરો છો ?

**૪૧** **ते पासे सव्वसो छित्ता, णिहंतूण उवायओ ।**
**मुक्कपासो लहुब्भूओ, विहरामि अहं मुणी ॥**

**શબ્દાર્થ :– उवायओ** = ઉપાય દ્વારા **ते** = તે **पासे** = બંધનોને **सव्वसो** = સર્વથા **छित्ता** = છેદન કરીને **णिहंतूण** = તેનો સર્વથા નાશ કરીને, વિનષ્ટ કરીને.

**ભાવાર્થ :–** (ગૌતમસ્વામી કહે છે) હે મુનિ ! ઉપાયો દ્વારા તે બંધનોનું છેદન કરીને અને સર્વથા પ્રકારે વિનષ્ટ કરીને હું બંધનમુક્ત તેમજ હળવો બનીને વિચરણ કરું છું.

**૪૨** **पासा य इइ के वुत्ता, केसी गोयममब्बवी ।**
**केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥**

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણે ગૌતમ સ્વામીને પૂછ્યું કે આપ બંધન કોને કહો છો ? આ પ્રમાણે પૂછતા કેશીકુમાર શ્રમણને ગૌતમ સ્વામીએ આ પ્રમાણે કહ્યું.

**૪૩** **रागद्दोसादओ तिव्वा, णेहपासा भयंकरा ।**
**ते छिंदित्तु जहाणायं, विहरामि जहक्कमं ॥**

**શબ્દાર્થ :– रागद्दोसादओ** = રાગદ્વેષ આદિ તથા મોહ **तिव्वा** = તીવ્ર **णेहपासा** = ધન, ધાન્ય, પુત્ર, પરિવાર આદિનું સ્નેહબંધન **भयंकरा** = ઘણું ભયંકર છે **ते** = તેને **जहाणायं** = યથાન્યાય, યથાજ્ઞાત, યથા- દર્શિત, શાસ્ત્રાજ્ઞા અનુસાર **छिंदित्तु** = છેદીને, નષ્ટ કરીને, તોડીને **जहक्कमं** = યથાક્રમ, યથાવિધિ, શાસ્ત્રોક્ત વિધિ અનુસાર.

**ભાવાર્થ :–** (ગૌતમ સ્વામી કહે છે) તીવ્ર રાગદ્વેષ આદિ અને પુત્ર-પરિવારાદિનો સ્નેહ ભયંકર બંધનરૂપ છે. તેને શાસ્ત્રોક્ત વિધિ અને આજ્ઞા અનુસાર તોડીને સાધ્વાચારમાં, સંયમ સમાચારીમાં હું યથાવિધિ વિચરણ કરું છું.

**૪૪** **साहु गोयम पण्णा ते, छिण्णो मे संसओ इमो ।**
**अण्णो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ॥**

**ભાવાર્થ :–** (કેશીકુમાર શ્રમણ કહે છે) હે ગૌતમ આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. આપે મારો આ સંશય દૂર કર્યો છે. હે ગૌતમ ! મને બીજો સંશય પણ છે, તે વિષયમાં પણ મને કહો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં ચોથા પ્રશ્નોત્તર રૂપે સંસારી જીવોના પાશ-બંધનો અને તેનાથી મુક્ત થવાના ઉપાય સંબંધી જિજ્ઞાસા અને તેનું સમાધાન છે.

કેશીસ્વામીનો પ્રશ્ન છે કે આ સંસારના સર્વ શરીરધારી પ્રાણીઓ સ્નેહબંધનથી બંધાયેલા છે. આપ પણ શરીરધારી હોવા છતાં તે બંધનથી મુક્ત થઈને કઈ રીતે વિચરો છો ? બંધન અને બંધનમુક્તિનો ઉપાય શું છે ?

**णेहपासा भयंकरा :–** રાગ-દ્વેષ તેમજ સ્નેહનું બંધન ભયંકર છે. સંસારી પ્રાણીઓ રાગ અને દ્વેષના દ્વંદ્વમાં જ જીવી રહ્યા છે. તેમજ પુત્ર-પરિવાર, સ્વજનાદિના સ્નેહનું બંધન અત્યંત ભયંકર છે.

આધ્યાત્મિક સાધનામાં પ્રવેશ પામેલા સાધકો પણ સ્નેહપાશમાં ફસાઈને પતન પામે છે. આગમમાં તેવા અનેક ઉદાહરણો છે. જેમ કે આર્દ્રકુમારમુનિ, નંદીષેણ મુનિ વગેરે. રાગના સ્થાનરૂપ વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે આસક્તિનું બંધન રહે છે, તે જ રીતે દ્વેષના સ્થાનરૂપ વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે સતત ઘૃણા અને તિરસ્કાર થવાથી તેનું સ્મરણ પણ કર્મબંધ કરાવનાર નીવડે છે. સાધકને પ્રમત્તદશામાં કોઈ પણ નિમિત્તથી ક્ષણે-ક્ષણે રાગ-દ્વેષના ભાવો થયા કરે છે પરંતુ સતત જાગૃતિ રાખતાં રાગ-દ્વેષ આદિ કાષાયિક ભાવોના ઉદયમાં સાવધાન બનીને જ્ઞાતા-દષ્ટા ભાવ કેળવવાનો પુરુષાર્થ કરે તો તે સાધક અપ્રમત્ત- દશાને પ્રાપ્ત કરે છે. તે અવસ્થામાં સાધકને પ્રગટ રૂપે રાગ-દ્વેષ થતા બંધ થઈ જાય છે અને માત્ર ઉદય રૂપ અપ્રગટ કષાય એટલે માત્ર સૂક્ષ્મ કષાય રહે છે. તેનાથી કિંચિત્(નજીવા) કર્મબંધ થાય છે. તે કર્મોથી સંસાર વૃદ્ધિ થતી નથી પરંતુ અલ્પ સમયમાં જ મુક્તિ મેળવી શકાય છે.

**णिहंतूण उवायओ :–** ઉપાયથી અર્થાત્ સત્યભાવના, એકત્વ ભાવના, અનિત્ય ભાવના, અશરણ ભાવના, નિસંગતા વગેરેના અભ્યાસરૂપ ઉપાયથી તે સ્નેહરૂપ બંધન નિર્મૂળ થાય છે. ફરીથી તેનું બંધન ન થાય તેમ તેનો સંપૂર્ણ રીતે નાશ થાય છે.

**ભવ તૃષ્ણા રૂપી લતા :–**

**૪૫** **अंतो हिययसंभूया, लया चिट्ठइ गोयमा ।**
**फलेइ विसभक्खीणि, सा उ उद्धरिया कहं ॥**

**શબ્દાર્થ :– अंतो हिययसंभूया** = હૃદયની અંદર ઉત્પન્ન થયેલી **लया** = લતા **चिट्ठइ** = રહેલી છે **विसभक्खीणि** = વિષ ભક્ષણ સમાન પરિણત થનારી **फलेइ** = ફળ આપે છે **सा** = તે **कहं** = કેવી રીતે **उद्धरिया** = ઉખેડીને સમૂળ નષ્ટ કરી છે ?

**ભાવાર્થ :–** હે ગૌતમ ! હૃદયની અંદર એક લતા ઉત્પન્ન થયેલી છે. જે વિષ ભક્ષણ સમાન ફળ આપે છે, આપે તેને કેવી રીતે સમૂળી નષ્ટ કરી છે ?

**૪૬** **तं लयं सव्वसो छित्ता, उद्धरित्ता समूलियं ।**
**विहरामि जहाणायं, मुक्कोमि विसभक्खणं ॥**

**શબ્દાર્થ :– सव्वसो** = સર્વથા **छित्ता** = છેદીને **समूलियं** = મૂળ સહિત **उद्धरित्ता** = ઉખેડીને ફેંકી દીધી છે **विसभक्खणं** = વિષ સમાન ફળના ભક્ષણથી **मुक्कोमि** = હું મુક્ત છું.

**ભાવાર્થ :–** (ગૌતમ સ્વામી કહે છે) તે લતાને સમૂળી ઉખેડીને ફેંકી દીધી છે અને શાસ્ત્રોક્ત આજ્ઞા અનુસાર હું વિચરણ કરું છું, તેથી હું વિષ ભક્ષણ સમાન પરિણામથી મુક્ત છું.

**૪૭** **लया य इइ का वुत्ता, केसी गोयममब्बवी ।**
**केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥**

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણે ગૌતમ સ્વામીને પૂછ્યું કે આપ લતા કોને કહો છો ? આ પ્રમાણે પૂછતા કેશીકુમાર શ્રમણને ગૌતમ સ્વામીએ આ પ્રમાણે કહ્યું.

**૪૮** **भवतण्हा लया वुत्ता, भीमा भीमफलोदया ।**
**तमुद्धित्तु जहाणायं, विहरामि महामुणी ॥**

**શબ્દાર્થ :– भवतण्हा** = સાંસરિક તૃષ્ણા, ભવતૃષ્ણા **लया** = લતા **वुत्ता** = કહી છે **भीमा** = ભયંકર છે **भीमफलोदया** = ભયંકર ફળ દેનારી છે **जहाणायं** = શાસ્ત્રોક્ત વિધિ અનુસાર **उद्धित्तु** = ઉચ્છેદ કરીને ઉખેડીને **विहरामि** = વિચરણ કરું છું.

**ભાવાર્થ :–** (ગૌતમ સ્વામી કહે છે) સાંસારિક લાલસાને લતા કહી છે. તે ભયંકર છે અને ભયંકર ફળ દેનારી છે. હે મહામુનિ ! શાસ્ત્રોકત વિધિ અનુસાર તેને ઉખેડીને હું વિચરણ કરું છું.

**૪૯** **साहू गोयम ! पण्णा ते, छिण्णो मे संसओ इमो ।**
**अण्णो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ॥**

**ભાવાર્થ :–** (કેશીકુમાર શ્રમણ કહે છે) હે ગૌતમ આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે, આપે મારો આ સંશય દૂર કર્યો છે. હે ગૌતમ ! મને બીજો સંશય પણ છે, તે વિષયમાં પણ મને કહો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં પાંચમા પ્રશ્નોત્તરરૂપે ભવતૃષ્ણારૂપ લતા, તેનું વિષફળ અને તે લતાને નિર્મૂળ કરવાની પદ્ધતિનું પ્રતિપાદન છે.

કેશીકુમાર શ્રમણનો પ્રશ્ન છે કે મનુષ્યના અંતરમાં ઉત્પન્ન થયેલી, વિષ સમાન ઝેરી ફળ દેનારી લતાને આપે કઈ રીતે નિર્મૂળ કરી છે ? તે લતા કઈ છે ?

**भवतण्हा लया वुत्ता :–** હૃદયમાં ઉત્પન્ન થયેલી ભવતૃષ્ણા તે લતા છે. સાંસારિક પદાર્થોની કામના, લાલસાને તૃષ્ણા કહે છે. સૂત્રકારે તૃષ્ણાને લતાની ઉપમા આપી છે. તે લતા ઉપર આવેશ, આવેગ, લોભ વગેરે વિષફળો આવે છે. જેના અંતરમાં તૃષ્ણારૂપી લતા હોય, તે વ્યક્તિ તેના વિષફળના પરિણામે શાંતિ સમાધિ પામી શકતી નથી. તૃષ્ણાથી પીડિત વ્યક્તિ તૃષ્ણાની પૂર્તિને માટે દુષ્કાર્યમાં પણ પ્રવૃત્ત થાય છે. તેથી તે લતા ભયંકર ફળ દેનારી થાય છે.

**तमुद्धित्तु जहाणायं :–** તે વિષફળ દેનારી ભવતૃષ્ણા રૂપી લતાને જે કોઈ શાસ્ત્રોક્ત પદ્ધતિથી ઉખેડી નાંખે છે તે તેના વિષફળથી બચી શકે છે. સંતોષ તે ભવતૃષ્ણાનું છેદન કરવા માટેનું અમોઘ શસ્ત્ર છે.

**(૬) કષાયાગ્નિ અને શ્રુતરૂપ જલ :–**

**૫૦** **संपज्जलिया घोरा, अग्गी चिट्ठइ गोयमा ।**
**जे डहंति सरीरत्था, कहं विज्झाविया तुमे ॥**

**શબ્દાર્થ :–** **घोरा** = ભયંકર **संपज्जलिया** = સળગતી **अग्गी** = એક અગ્નિ **चिट्ठइ** = છે **जे** = જે **सरीरत्था** = શરીરમાં રહીને **डहंति** = આત્મગુણોને સળગાવે છે **तुमे** = આપે **कहं** = કેવી રીતે **विज्झाविया** = તેને બુઝાવી છે.

**ભાવાર્થ :–** હે ગૌતમ ! એક ભયંકર અગ્નિ સળગી રહી છે, જે શરીરમાં રહીને(આત્મગુણોને) બાળે છે. તેને આપે કેવી રીતે બુઝાવી છે ?

**૫૧** **महामेहप्पसूयाओ, गिज्झ वारि जलुत्तमं ।**
**सिंचामि सययं तेउं, सित्ता णो व डहंति मे ॥**

**શબ્દાર્થ :–** **महामेहप्पसूयाओ** = મહામેઘથી ઉત્પન્ન થયેલું **जलुत्तमं** = પાણીમાં ઉત્તમ **वारि** = જળ **गिज्झ** = ગ્રહણ કરીને **तेउं** = શરીરમાં રહેલી તે અગ્નિને **सययं** = સતત **सिंचामि** = ઠારું છું, બુઝાવું છું **सित्ता** = ઠરેલી અગ્નિ **मे** = મારા આત્મગુણોને **णो** = નથી **डहंति** = સળગાવતી, દઝાડતી.

**ભાવાર્થ :–** [ગૌતમ સ્વામી કહે છે] મહામેઘથી ઉત્પન્ન થયેલું સર્વથી ઉત્તમ જળ ગ્રહણ કરીને હું તે અગ્નિને સતત ઠારું છું. ઠરેલી તે અગ્નિ મને દઝાડતી નથી.

**૫૨** **अग्गी य इइ के वुत्ता, केसी गोयममब्बवी ।**
**केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥**

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણે ગૌતમ સ્વામીને પૂછ્યું કે આપ અગ્નિ કોને કહો છો ? આ પ્રમાણે પૂછતા કેશીકુમાર શ્રમણને ગૌતમ સ્વામીએ આ પ્રમાણે કહ્યું.

**૫૩** **कसाया अग्गिणो वुत्ता, सुय-सील-तवो जलं ।**
**सुयधाराभिहया संता, भिण्णा हु ण डहंति मे ॥**

**શબ્દાર્થ :–** **कसाया** = ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયને **अग्गिणो** = અગ્નિ **वुत्ता** = કહી છે **सुयसीलतवो** = શ્રુત, શીલ, તપરૂપ **जलं** = જળ છે **सुयधाराभिहया संता** = શ્રુતરૂપ જળ સીંચવાથી **भिण्णा** = ભિન્ન, નષ્ટ થયેલી તે અગ્નિ **मे** = મને **ण डहंति** = સળગાવતી નથી, દઝાડતી નથી.

**ભાવાર્થ :–** [ગૌતમ સ્વામી કહે છે] ક્રોધ, માન, માયા, લોભ રૂપ કષાયને અગ્નિ કહી છે. શ્રુત, શીલ અને તપ જળ રૂપ છે. શ્રુત,શીલ અને તપ રૂપ જળધારાથી શાંત અને ઠરી ગયેલી તે અગ્નિ મારા આત્મગુણોને દઝાડતી નથી.

**૫૪** **साहु गोयम पण्णा ते, छिण्णो मे संसओ इमो ।**
**अण्णो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ॥**

**ભાવાર્થ :–** [કેશી કુમાર શ્રમણ કહે છે] હે ગૌતમ ! આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. આપે મારો આ સંશય દૂર કર્યો છે. પરંતુ હે ગૌતમ ! મને બીજો પણ સંશય છે, તે વિષયમાં પણ મને કહો.

**વિવેચન :–**

અધ્યાત્મ સાધનામાં સહાયક પ્રશ્નોના સમાધાન ગૌતમસ્વામીના શ્રીમુખે કરાવતાં શિષ્ય

પરિવારને બોધ આપવા કેશીકુમાર શ્રમણે છટ્ઠો પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે કે કષાયરૂપ અગ્નિ આત્મગુણોને સતત બાળતી રહે છે, તે અગ્નિને આપે કઈ રીતે શાંત કરી છે ?

**कसाया अग्गिणो वुत्ता :–** ક્રોધ, માન, માયા અને લોભ, તે ચાર કષાયરૂપ અગ્નિ આત્મગુણોને બાળે છે અર્થાત્ કષાયોથી આત્મગુણોનો નાશ થાય છે. આ કષાયરૂપી અગ્નિને શાંત કરવા તીર્થંકર ભગવાનની વાણી પાણીનું કામ કરે છે. કષાય તે ચારિત્ર મોહનીય કર્મની પ્રકૃતિઓ છે. તેથી તે પ્રકૃતિઓનો ક્ષય કરવા માટે ચારિત્ર ધર્મ અને તપ અનિવાર્ય છે. ચારિત્રધર્મ અને તપનું જ્ઞાન શ્રુતથી એટલે આગમ શાસ્ત્રોથી થાય છે. આ રીતે શ્રુત, શીલ(ચારિત્ર ધર્મ) અને તપથી કષાયો પાતળા પડે છે અને અંતે તેનો નાશ થાય છે. કષાયોનો નાશ થવાથી આત્મગુણોનું રક્ષણ થાય છે.

**महामेहप्पसूयाओ :–** શ્રી તીર્થંકર દેવ મહામેઘ સમાન છે. જેમ મેઘથી જળ ઉત્પન્ન થાય છે, તેમ તીર્થંકર ભગવાનના મુખારવિંદથી શ્રુત-આગમ ઉત્પન્ન થાય છે. તેમાં વર્ણિત શ્રુતજ્ઞાન, શીલ અને તપ રૂપ જળ છે. અહીં સૂત્રકારે તીર્થંકરની વાણીને સામાન્ય મેઘ નહીં પરંતુ મહામેઘની ઉપમા આપી છે. સામાન્ય મેઘ ક્યારેક વરસે, ક્યારેક વરસ્યા વિના જ વિખેરાય જાય છે. પરંતુ મહામેઘ અચૂક વરસે છે અને અવશ્ય ફળદાયી બને છે. તેમ જિનેશ્વરના મુખમાંથી પ્રવાહિત થતી વાણી પણ ફળદાયી બને છે. ભવી જીવો તે વાણીના પ્રભાવે પોતાના કષાયોને શાંત કરે છે.

**(૭) મનરૂપી અશ્વ અને શ્રુતરૂપી લગામ :–**

**૫૫** **अयं साहस्सिओ भीमो, दुट्ठस्सो परिधावइ ।**
**जंसि गोयम आरूढो, कहं तेण ण हीरसि ॥**

**શબ્દાર્થ :– अयं** = આ **साहस्सिओ** = સાહસિક **भीमो** = ભયાનક **दुट्ठस्सो** = દુષ્ટ અશ્વ **परिधावइ** = ચારે બાજુ દોડે છે **जंसि** = જેના પર **आरूढो** = ચઢેલા આપ **तेण** = તે ઘોડા દ્વારા **कहं ण हीरसि** = કેમ ઉન્માર્ગે લઈ જવાતા નથી ?

**ભાવાર્થ :–** આ સાહસિક, ભયંકર, દુષ્ટ અશ્વ ચારે બાજુ ભાગી રહ્યો છે; હે ગૌતમ ! આપ તેના પર આરૂઢ છો છતાં તે આપને ઉન્માર્ગ પર કેમ લઈ જતો નથી ?

**૫૬** **पधावंतं णिगिण्हामि, सुयरस्सीसमाहियं ।**
**ण मे गच्छइ उम्मग्गं, मग्गं च पडिवज्जइ ॥**

**શબ્દાર્થ :– पधावंतं** = ઉન્માર્ગ તરફ લઈ જતાં આ દુષ્ટ ઘોડાને **सुयरस्सीसमाहियं** = શ્રુતજ્ઞાનરૂપી લગામથી બાંધીને **णिगिण्हामि** = હું વશ કરી લઉં છું **मे** = મને **उम्मग्गं** = ઉન્માર્ગે **ण** = નથી **गच्छइ** = લઈ જતો **च** = પરંતુ **मग्गं** = સન્માર્ગે **पडिवज्जइ** = ચાલે છે.

**ભાવાર્થ :–** (ગૌતમ સ્વામી કહે છે) દોડતા આ દુષ્ટ ઘોડાને શ્રુતજ્ઞાનરૂપી લગામથી બાંધીને હું વશ કરી લઉં છું. જેથી તે મને ઉન્માર્ગે લઈ જતો નથી પરંતુ સન્માર્ગે ચાલે છે.

**૫૭** **आसे य इइ के वुत्ते, केसी गोयममब्बवी ।**
**केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥**

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણે ગૌતમસ્વામીને પૂછ્યું કે આપ અશ્વ કોને કહો છો ? આ પ્રમાણે પૂછતાં કેશીકુમાર શ્રમણને ગૌતમ સ્વામીએ આ પ્રમાણે કહ્યું.

**૫૮** **मणो साहस्सिओ भीमो, दुट्ठस्सो परिधावइ ।**
**तं सम्मं तु णिगिण्हामि, धम्मसिक्खाए कंथगं ॥**

**શબ્દાર્થ :– मणो** = મનરૂપી **साहस्सिओ** = સાહસિક **भीमो** = ભયાનક **दुट्ठस्सो** = દુષ્ટ અશ્વ **परिधावइ** = ચારે બાજુ ભાગ દોડ કરે છે **कंथगं** = જાતિવાન ઘોડો શિક્ષાથી સુધરી જાય છે **तं** = આ મનરૂપી ઘોડાને **सम्मं** = સમ્યક્ પ્રકારે **धम्मसिक्खाए** = ધર્મશિક્ષા દ્વારા **णिगिण्हामि** = હું વશમાં રાખું છું.

**ભાવાર્થ :–** (ગૌતમ સ્વામી કહે છે) મન સાહસિક, ભયંકર, દુષ્ટ અશ્વ છે. તે ચારેબાજુ ભાગે છે. તેને હું સમ્યક્ પ્રકારે ધર્મશિક્ષાથી વશ કરું છું, તેથી તે મન જાતિવાન અશ્વ જેવું થઈ ગયું છે.

**૫૯** **साहु गोयम पण्णा ते, छिण्णो मे संसओ इमो ।**
**अण्णो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ॥**

**ભાવાર્થ :–** (કેશીકુમાર શ્રમણ કહે છે) હે ગૌતમ ! આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. આપે મારો આ સંશય દૂર કર્યો છે. પરંતુ હે ગૌતમ ! મને બીજો પણ સંશય છે, તે વિષયમાં પણ મને કહો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં કેશીસ્વામીનો સાતમો પ્રશ્ન છે કે મન ચંચળ અશ્વની જેમ ચારે બાજુ ભટકી રહ્યું છે, દુષ્ટ સ્વભાવવાળો ઘોડો ગમે ત્યારે માલિકને દગો આપે જ છે પરંતુ તમે તો તેના પર બેસવા છતાં સીધા માર્ગે ચાલ્યા જાઓ છો, તેનું કારણ શું છે ?

**मणो साहस्सिओ भीमो :–** મન દુષ્ટ અશ્વની જેમ ચારે બાજુ ભટકયા કરે છે. સૂત્રકારે તેના માટે બે વિશેષણનો પ્રયોગ કર્યો છે. (૧) **साहस्सिओ**– તે વિચાર્યા વિના કામ કરનાર અથવા સાહસથી ગમે ત્યારે ગમે તે કામ કરનાર હોય છે. (૨) **भीमो**– શક્તિશાળી, અચિંત્ય શક્તિમાન છે. અશક્ય અસંભવિત કૃત્યો પણ મન દ્વારા થતા જ રહે છે. મનની ગતિ વાયુની ગતિથી પણ અધિક હોય છે. સ્વાભાવિક રીતે મન બહુજ ચંચળ હોય છે. તેને જો અશ્વની જેમ લગામ દ્વારા વશમાં ન રાખીએ તો તે સહજ રીતે માર્ગ કે ઉન્માર્ગમાં પ્રવૃત્ત થતું જ રહે છે. આવા અસ્થિર મનોયોગ દ્વારા ધર્માચરણ કરવું કઠિન બની જાય છે.

**णिगिण्हामि धम्मसिक्खाए कंथगं :–** દુષ્ટ અશ્વને પણ તેનો માલિક યથાયોગ્ય શિક્ષાથી શિક્ષિત કરીને તેના દ્વારા ઉત્તમોત્તમ કાર્ય કરે છે. તે જ રીતે ધર્મની શિક્ષાથી અતિ ચંચળ મન પણ સ્થિર બની જાય છે. શ્રુતજ્ઞાન રૂપી લગામથી મન જાતિવાન અશ્વની જેમ માલિકને આધીન બની જાય છે. વાચના, પૃચ્છના, પરિયટ્ટણા, ધર્મકથા અને અનુપ્રેક્ષા વગેરે મનને સ્થિર કરવાના શ્રેષ્ઠ સાધનો છે. સ્વાધ્યાય દ્વારા સ્થિર થયેલું મન આત્મસાધનામાં સહાયક બને છે.

**(૮) ઉન્માર્ગ અને સન્માર્ગ :–**

**૬૦** **कुप्पहा बहवे लोए, जेहिं णासंति जंतवो ।**
**अद्धाणे कहं वट्टंतो, तं ण णाससि गोयमा ॥**

**શબ્દાર્થ :– लोए** = લોકમાં **बहवे** = ઘણાં **कुप्पहा** = કુપથ-કુમાર્ગ **जेहिं** = જેનાથી **जंतुणो** = પ્રાણીઓ **णासंति** = સુમાર્ગથી ભ્રષ્ટ થાય છે **अद्धाणे** = સુમાર્ગમાં **वट्टंतो** = વર્તતા, રહેતાં, જતાં **तं** = આપ **कहं** = કેમ, કેવી રીતે **ण णाससि** = સુમાર્ગથી ભ્રષ્ટ થતાં નથી ?

**ભાવાર્થ :–** હે ગૌતમ ! સંસારમાં ઘણા કુમાર્ગ છે, જેના પર ચાલવાથી પ્રાણીઓ સન્માર્ગથી ભ્રષ્ટ થાય છે. આપ તે ઉન્માર્ગે ન જતાં સન્માર્ગમાં જ કઈ રીતે રહી શકો છો ?

**૬૧** **जे य मग्गेण गच्छंति, जे य उम्मग्ग पट्ठिया ।**
**ते सव्वे वेइया मज्झं, तो ण णस्सामहं मुणी ॥**

**શબ્દાર્થ :– जे** = જે, **मग्गेण** = સુમાર્ગે **गच्छंति** = જાય છે **य** = અને **जे** = જે **उम्मग्ग पट्ठिया** = ઉન્માર્ગમાં પ્રવૃત્તિ કરે છે **ते सव्वे** = તે સર્વ માર્ગ **मज्झं** = મેં **वेइया** = જાણી લીધા છે **तो** = તેથી, એટલા માટે **अहं** = હું **ण णस्सा** = સુમાર્ગથી ભ્રષ્ટ થતો નથી.

**ભાવાર્થ :–** [ગૌતમ સ્વામી કહે છે] હે મુનિવર ! જેઓ સન્માર્ગે ચાલે છે અને જેઓ ઉન્માર્ગે ચાલે છે, તે બધા માર્ગોને મેં જાણી લીધા છે. તેથી હું સન્માર્ગથી ભ્રષ્ટ થતો નથી.

**૬૨** **मग्गे य इइ के वुत्ते, केसी गोयममब्बवी ।**
**केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥**

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણે ગૌતમ સ્વામીને પૂછ્યું કે આપ માર્ગ કોને કહો છો ? આ પ્રમાણે પૂછતા કેશીકુમાર શ્રમણને ગૌતમ સ્વામીએ આ પ્રમાણે કહ્યું.

**૬૩** **कुप्पवयण पासंडी, सव्वे उम्मग्ग पट्ठिया ।**
**सम्मग्गं तु जिणक्खायं, एस मग्गे हि उत्तमे ॥**

**શબ્દાર્થ :– कुप्पवयण पासंडी** = કુપ્રવચનને માનનારા જે પાસંડી લોકો છે **सव्वे** = તે સર્વે **उम्मग्ग-पट्ठिया** = ઉન્માર્ગે પ્રવૃત્તિ કરનારા છે **जिणक्खायं** = જિનેન્દ્ર ભગવાન દ્વારા પ્રરૂપિત માર્ગ જ **सम्मग्गं** = સન્માર્ગ છે **एस** = આ **मग्गे** = માર્ગ **हि** = જ **उत्तमे** = ઉત્તમ છે.

**ભાવાર્થ :–** [ગૌતમ સ્વામીએ કહ્યું] કુપ્રવચન–મિથ્યા દર્શનોને માનનારા બધા પાસંડી–વ્રતધારી (એકાંત-વાદી) લોકો ઉન્માર્ગગામી છે, જિનેન્દ્ર દ્વારા કથિત માર્ગ જ સન્માર્ગ છે અને તે માર્ગ જ ઉત્તમ છે.

**૬૪** **साहु गोयम पण्णा ते, छिण्णो मे संसओ इमो ।**
**अण्णो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ॥**

**ભાવાર્થ :–** (કેશીકુમાર શ્રમણ કહે છે) હે ગૌતમ ! આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. આપે મારો આ સંશય દૂર કર્યો છે પરંતુ હે ગૌતમ ! મને બીજો પણ સંશય છે, તે વિષયમાં પણ મને કહો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સન્માર્ગ અને ઉન્માર્ગના ભેદનું વિશ્લેષણ છે, કેશીકુમાર શ્રમણનો આઠમો પ્રશ્ન છે કે આ સંસારમાં અનેક માર્ગો છે. મિથ્યાદષ્ટિના કારણે જીવો સન્માર્ગને ઓળખી શકતા નથી અને

ઉન્માર્ગે ચાલ્યા જાય છે. આપ ઉન્માર્ગે ન જતાં સન્માર્ગે જ કેમ સ્થિર રહો છો ?

**कुप्पवयण पासंडी :–** કુત્સિત પ્રવચન–દર્શન તે કુપ્રવચન છે. કારણ કે તેમાં એકાંત કથન તથા હિંસાદિનો ઉપદેશ હોય છે. આ કુપ્રાવચનના અનુગામી પાસંડી અર્થાત્ કુવ્રતી જીવો ઉન્માર્ગે જાય છે. આ લોકમાં ઘણા જીવો ધર્મ વિરુદ્ધ આચરણ કરીને, ઉન્માર્ગે ગમન કરીને દુર્ગતિરૂપી ભવાટવીમાં રખડતા રહે છે. ત્યાર પછી તે જીવોને સન્માર્ગની પ્રાપ્તિ દુર્લભ બની જાય છે, તે સન્માર્ગથી ભ્રષ્ટ થઈ જાય છે.

**सम्मग्गं तु जिणक्खायं :–** જિનેશ્વર દ્વારા પ્રરૂપિત માર્ગ જ સન્માર્ગ છે. કારણ કે તે સર્વજ્ઞ પુરુષ દ્વારા કેવળજ્ઞાન, કેવળદર્શનના માધ્યમથી અનુભૂત છે. આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાંતથી તે માર્ગ પરિપૂર્ણ છે. તેનું મૂળ જીવ દયા અને વિનય છે, તે માર્ગે ગમન કરનારા જીવો પૂર્ણતાને પ્રાપ્ત કરે છે. તેથી તે સર્વોત્તમ માર્ગ છે.

**सव्वे ते वेइया मज्झं :–** સમ્યગ્દૃષ્ટિ પુરુષ સન્માર્ગને અને ઉન્માર્ગને તથા તેના પરિણામોને યથાર્થપણે જાણે છે. તેથી તે ઉન્માર્ગે જતા નથી અને સન્માર્ગમાં જ સ્થિત રહે છે. પ્રસ્તુતમાં ગૌતમ સ્વામીએ કેશી સ્વામીને કહ્યું કે મેં ઉન્માર્ગ-સન્માર્ગ બંને પ્રકારના માર્ગને સારી રીતે જાણી લીધા છે અને તેનાથી થતા હિતાહિતને પણ સમજી લીધા છે, માટે હું પૂર્ણ વિવેકપૂર્વક સન્માર્ગમાં જ ગમન કરું છું.

**(૯) ધર્મરૂપી મહાદ્વીપ :–**

**६५** **महा उदगवेगेण, वुज्झमाणाण पाणीणं ।**
**सरणं गई पइट्ठा य, दीवं कं मण्णसि मुणी ॥**

**શબ્દાર્થ :– महाउदगवेगेण** = પાણીના મહાન પ્રવાહ દ્વારા **वुज्झमाणाण** = વહ્યમાન, વહી જતા, તણાતા **पाणीणं** = પ્રાણીઓ માટે **सरणं** = શરણરૂપ **य** = તથા **गई** = ગતિરૂપ **पइट्ठा** = પ્રતિષ્ઠાનરૂપ અર્થાત્ દુઃખથી પીડિત પ્રાણી જેનો આશ્રય લઈ, સુખે રહી શકે **दीवं** = દ્વીપ **कं** = કોને **मण्णसि** = માનો છો ?

**ભાવાર્થ :–** હે મુનિવર ! મહાન જલપ્રવાહના વેગમાં તણાતા પ્રાણીઓ માટે શરણ, ગતિ, પ્રતિષ્ઠાન(આશ્રય) અને દ્વીપ આપ કોને માનો છો ?

**६६** **अत्थि एगो महादीवो, वारिमज्झे महालओ ।**
**महाउदगवेगस्स, गई तत्थ ण विज्जइ ॥**

**શબ્દાર્થ :– वारिमज्झे** = પાણી(સમુદ્ર)ની મધ્યમાં **महालओ** = મહાલય, ખૂબ ઊંચો અને વિસ્તૃત **एगो** = એક **महादीवो** = મહાદ્વીપ **अत्थि** = છે **तत्थ** = તેના પર **महाउदग-वेगस्स** = પાણીના મહાન પ્રવાહની **गइ** = ગતિ **ण विज्जइ** = નથી અર્થાત્ મહાદ્વીપમાં પાણીનો પ્રવેશ થઈ શકતો નથી.

**ભાવાર્થ :–** પાણી(સમુદ્ર)ની મધ્યમાં એક વિશાળ મહાદ્વીપ છે, ત્યાં મહાવેગવાન જલપ્રવાહની ગતિ થઈ શકતી નથી.

**६७** **दीवे य इइ के वुत्ते, केसी गोयममब्बवी ।**
**केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥**

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણે ગૌતમ સ્વામીને પૂછ્યું કે આપ દ્વીપ કોને કહો છો ? આ પ્રમાણે પૂછતા

કેશીકુમાર શ્રમણને ગૌતમ સ્વામીએ આ પ્રમાણે કહ્યું.

**૬૮** **जरामरणवेगेण, वुज्झमाणाण पाणिणं ।**
**धम्मो दीवो पइट्ठा य, गई सरणमुत्तमं ॥**

**શબ્દાર્થ :– जरामरणवेगेण** = જરા(વૃદ્ધાવસ્થા) અને મરણના વેગથી **वुज्झमाणाण** = તણાઈ જતાં, વહી જતાં **पाणिणं** = પ્રાણીઓ માટે **धम्मो** = ધર્મરૂપ **दीवो** = દ્વીપ છે **गइ** = તે ગતિરૂપ છે **य** = અને **उत्तमं** = ઉત્તમ **सरणं** = શરણભૂત છે **पइट्ठा** = પ્રતિષ્ઠાનરૂપ છે.

**ભાવાર્થ :–** (ગૌતમ સ્વામીએ કહ્યું) જરા અને મરણના વેગમાં તણાઈ જતાં(ડૂબતા) પ્રાણીઓ માટે ધર્મ દ્વીપ છે, પ્રતિષ્ઠાન–આધારરૂપ છે, ગતિરૂપ છે તથા ઉત્તમ શરણરૂપ છે અર્થાત્ ધર્મ જ એક એવો દ્વીપ છે જેનો આશ્રય લઈને પ્રાણી સંસારરૂપી સમુદ્રમાંથી પાર ઉતરે છે.

**૬૯** **साहु गोयम पण्णा ते, छिण्णो मे संसओ इमो ।**
**अण्णो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ॥**

**ભાવાર્થ :–** (કેશી કુમાર શ્રમણ કહે છે) હે ગૌતમ ! આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે, આપે મારો આ સંશય દૂર કર્યો છે પરંતુ હે ગૌતમ ! મને બીજો પણ સંશય છે, તે વિષયમાં પણ મને કહો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં નવમા પ્રશ્નોત્તર રૂપે સંસાર પ્રવાહમાં ડૂબતા જીવોની કરુણ સ્થિતિનું અને ધર્મરૂપ દ્વીપની મહત્તાનું દિગ્દર્શન છે.

કેશીકુમાર શ્રમણનો પ્રશ્ન છે કે આ સંસારરૂપી મહાસમુદ્રમાં જન્મ, જરા અને મરણ રૂપી મહાપ્રવાહ વેગપૂર્વક વહી રહ્યો છે, સંસારના સર્વ પ્રાણીઓ તે વેગવાન પ્રવાહમાં તણાઈ રહ્યા છે, ડૂબી રહ્યા છે; તે ડૂબતા પ્રાણીઓને બચાવવા, સુરક્ષિત રાખવા કોણ શરણભૂત છે ?

**महाउदग-वेगस्स गई तत्थ ण विज्जइ :–** મહાસાગરની વચ્ચે દ્વીપ હોય છે, તે દ્વીપ પર જલપ્રવાહની ગતિ હોતી નથી, જલપ્રવાહની ગતિ ન હોવાથી વમળો, જલચર જીવો વગેરેનો પણ ત્યાં ભય રહેતો નથી. તેથી સાગરમાં ડૂબતા જીવો માટે તે સ્થાન શરણભૂત બની જાય છે. જે પ્રાણીઓ તે સ્થાનનો આશ્રય સ્વીકારે છે તે નિશ્ચિંત અને નિર્ભય બની જાય છે.

**धम्मो दीवो :–** જિનોક્ત શ્રુત-ચારિત્રરૂપ શુદ્ધ ધર્મ તે વિશાળ(ભાવરૂપ) મહાદ્વીપ છે. તે એટલો વિશાળ છે કે સંસાર સમુદ્રમાં ડૂબતા, જન્મ મરણના તીવ્ર પ્રવાહમાં તણાતા સર્વ પ્રાણીઓને સ્થાન, શરણ, આધાર આપવામાં સક્ષમ છે.

જે પ્રાણીઓ શુદ્ધ ધર્મનું શરણ સ્વીકારે છે, ધર્મરૂપી મહાદ્વીપમાં આવીને વસે છે, ત્યાં સ્થિર થઈ જાય છે, તે પ્રાણી જન્મ, જરા, મૃત્યુ આદિના હેતુભૂત કર્મોનો ક્ષય કરે છે. તેથી જન્મ-મરણાદિ સંસાર પ્રવાહમાં પરિભ્રમણ કરતા નથી. આ રીતે ધર્મરૂપી મહાદ્વીપ જન્મ-મરણાદિના દુઃખોથી જીવોનું રક્ષણ કરે છે અને તે મુક્તિસુખનું કારણ બને છે.

**पइट्ठा य गई सरणमुत्तमं :–** આ ગાથામાં ધર્મ દ્વીપની વિશેષતા માટે ત્રણ વિશેષણોનો પ્રયોગ છે. તે દ્વીપ આધારરૂપ છે, ગતિ સ્થાનરૂપ છે અને શરણરૂપ છે.

મહાસમુદ્રની વચ્ચે આવેલો દ્વીપ પ્રાણીઓને પાણીથી રક્ષણ આપવા માટે આધાર રૂપ હોય છે, તે દ્વીપ ભૂમિ રૂપ સ્થાન છે, તેથી પ્રાણીઓ ત્યાં જઈને આશ્રય પામી શકે છે, ત્યાં આશ્રય પામ્યા પછી જલપ્રવાહ, જલજંતુઓથી નિશ્ચિંત અને નિર્ભય બની સંચરણ-વિચરણ કરી શકે છે. તે જ રીતે સંસાર સમુદ્રની વચ્ચે રહેલો ધર્મરૂપી દ્વીપ જીવોને જન્મ-મરણથી **રક્ષણ** આપે છે. તે સ્થાનમાં પ્રત્યેક જીવો **આશ્રય** પામી શકે છે અને ત્યાં આશ્રય પામ્યા પછી જીવો જન્મ-મરણ રૂપ જલ પ્રવાહથી કે વિષય-કષાયરૂપ જલજંતુઓથી સંપૂર્ણ રીતે નિર્ભય બની ધર્મદ્વીપમાં **સંચરણ** કરે છે. તેથી તે શરણ, પ્રતિષ્ઠાન અને ગતિરૂપ છે.

શક્રસ્તવ-નમોત્થુણં સૂત્રમાં અરિહંત પરમાત્મા માટે **दीवोत्ताणं ,सरण-गइ-पइट्ठाणं** વિશેષણનો પ્રયોગ થયો છે. અહીં અરિહંત પ્રરૂપિત ધર્મ માટે આ વિશેષણોનો પ્રયોગ થયો છે, તે સાર્થક જ છે.

**(૧૦) સછિદ્ર–નિશ્છિદ્ર નૌકા :–**

**૭૦** **अण्णवंसि महोहंसि, णावा विपरिधावइ ।**
**जंसि गोयम आरूढो, कहं पारं गमिस्ससि ॥**

**શબ્દાર્થ :– महोहंसि** = મહાઓઘ અર્થાત્ મહાપ્રવાહવાળા **अण्णवंसि** = અર્ણવ-સમુદ્રમાં **णावा** = એક નાવ **विपरिधावइ** = વિપરીત દિશામાં દોડી રહી છે **जंसि** = તેના ઉપર **आरूढो** = આરૂઢ થયેલા આપ **कहं** = કેવી રીતે **पारं** = પાર **गमिस्ससि** = જશો, થશો ?

**ભાવાર્થ :–** હે ગૌતમ ! મહાપ્રવાહવાળા સમુદ્રમાં નૌકા વિપરીત દિશામાં જઈ રહી છે. તેના ઉપર આરૂઢ થયેલા આપ કેવી રીતે સમુદ્રને પાર કરશો ?

**૭૧** **जा उ अस्साविणी णावा, ण सा पारस्स गामिणी ।**
**जा णिरस्साविणी णावा, सा उ पारस्स गामिणी ॥**

**શબ્દાર્થ :– णावा** = નૌકા **अस्साविणी** = આશ્રવવાળી, છિદ્રોવાળી **सा** = તે **उ** = કોઈ દિવસ **पारस्स गामिणी** = પાર લઈ જનારી **ण** = નથી થતી **णिरस्साविणी** = નિરાશ્રવી, છિદ્ર વગરની.

**ભાવાર્થ :–** (ગૌતમ સ્વામી કહે છે) જે નૌકા છિદ્રવાળી-કાણાવાળી હોય છે તે સમુદ્રમાં પાર પહોંચાડી શકતી નથી પરંતુ જે નૌકા છિદ્ર રહિત હોય છે, તે પાર પહોંચાડે છે.

**૭૨** **णावा य इइ का वुत्ता, केसी गोयममब्बवी ।**
**केसिमेव बुवंतं तु, गोयमो इणमब्बवी ॥**

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણે ગૌતમ સ્વામીને પૂછ્યું કે આપ નૌકા કોને કહો છો ? આ પ્રમાણે પૂછતાં કેશીકુમાર શ્રમણને ગૌતમ સ્વામીએ આ પ્રમાણે કહ્યું.

**૭૩** **सरीरमाहु णावत्ति, जीवो वुच्चइ णाविओ ।**
**संसारो अण्णवो वुत्तो, जं तरंति महेसिणो ॥**

**શબ્દાર્થ :– सरीरं** = શરીરને **णावा** = નાવ **आहु** = કહી છે **जीवो** = જીવ **णाविओ** = નાવિક **वुच्चइ** = કહેવાય છે **संसारो** = સંસાર **अण्णवो** = અર્ણવ, સમુદ્ર **वुत्तो** = કહેવાય છે **महेसिणो** = મહર્ષિઓ **जं** = જેને **तरंति** = પાર કરે છે.

**ભાવાર્થ :–** (ગૌતમ સ્વામી કહે છે) શરીર નૌકા છે અને જીવ(આત્મા) તેનો નાવિક છે. જન્મ-મરણમય ચતુર્ગતિક સંસાર એ સમુદ્ર સમાન છે, જેને મહર્ષિઓ પાર કરી જાય છે.

**૭૪** **साहु गोयम पण्णा ते, छिण्णो मे संसओ इमो ।**
**अण्णो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ॥**

**ભાવાર્થ :–** [કેશીકુમાર શ્રમણ કહે છે] હે ગૌતમ ! આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે, આપે મારો આ સંશય દૂર કર્યો છે. હે ગૌતમ ! મને બીજો પણ સંશય છે, તે વિષયમાં પણ મને કહો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં દસમા પ્રશ્નોત્તર રૂપે સંસાર સમુદ્રને તરવાના સાધન રૂપ નૌકાની વિશેષતાને પ્રદર્શિત કરી છે.

કેશીસ્વામીનો પ્રશ્ન છે કે સંસાર સમુદ્રમાં વિષય કષાયના મોજાઓ વામ-વામ ઉછળી રહ્યા છે. તેમાં નૌકા અથડાઈ રહી છે. તે નૌકા દ્વારા આપ કઈ રીતે સમુદ્રને પાર કરશો ?

ગૌતમ સ્વામીએ સંસાર સમુદ્રને પાર કરવાના સાધનરૂપ નૌકાની વિશેષતા પ્રદર્શિત કરવા નૌકાના બે પ્રકાર કહ્યા છે– (૧) છિદ્રોવાળી નૌકા (૨) છિદ્ર રહિત નૌકા.

જે નૌકા છિદ્રવાળી હોય છે તેમાં પાણી ભરાઈ જાય છે તેથી તે સમુદ્રને પાર કરાવી શકતી નથી. જે છિદ્ર વગરની નૌકા હોય છે, તેમાં પાણી ભરાતું નથી તેથી તે નિર્વિઘ્ને સાગરને પાર કરાવી શકે છે.

**सरीरमाहु णावत्ति :–** જે રીતે નૌકાથી સમુદ્ર તરી શકાય છે, તે જ રીતે શરીર રૂપ નૌકા દ્વારા જીવરૂપ નાવિક તપ-સંયમની આરાધનાથી સંસાર-સાગરને તરી જાય છે. હીન સંઘયણ, અયોગ્ય સામર્થ્યવાળું શરીર તથા શરીર દ્વારા થતાં દોષોનું સેવન વગેરે છિદ્રો છે. તેના દ્વારા આશ્રવરૂપ જલ વારંવાર આવ્યા કરે છે. તેવી છિદ્રોવાળી શરીરરૂપી નૌકાથી આત્મારૂપી નાવિક સંસાર સાગરને પાર પામી શકતો નથી. તે સંસારરૂપ ભવ ભ્રમણનો અંત કરી શકતો નથી.

વજ્રઋષભનારાચ સંઘયણ, યોગ્ય સામર્થ્ય સંપન્ન શરીર, શરીર દ્વારા દોષ રહિત સંયમ જીવન જીવવું તે છિદ્રરહિત નૌકા છે. તેના દ્વારા આવતા કર્મોનો નિરોધ થાય છે અને ક્રમશઃ પૂર્વકૃત કર્મોનો ક્ષય થાય છે. ત્યારે આત્મારૂપ નાવિક સંસાર સાગરને તરી જાય છે; ભવભ્રમણ રૂપ સંસારનો અંત કરી મુક્તિને પ્રાપ્ત કરે છે.

પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે શરીરને નૌકાની ઉપમા આપી છે કારણ કે મોક્ષની સાધનામાં શરીર સાધન છે. તે જ રીતે સંયમને પણ નૌકાની ઉપમા આપી શકાય છે. દોષ સેવન યુક્ત સંયમ છિદ્રવાળી નૌકા સમાન છે, તે સાધકને સંસાર સમુદ્રમાં ડૂબાડે છે અને નિર્દોષ સંયમ છિદ્ર રહિત નૌકા સમાન છે, તે સાધકને સંસાર સમુદ્રના કિનારે પહોંચાડે છે.

સંક્ષેપમાં દ્રવ્યથી વજ્રઋષભનારાચ સંઘયણ સંપન્ન સામર્થ્યવાન શરીર અને ભાવથી નિર્દોષ સંયમ પાલન, આ બંનેના સુમેળથી સાધક સંસાર સમુદ્રને પાર પામી જાય છે.

**(૧૧) અજ્ઞાનાંધકાર નાશક સૂર્ય :–**

**૭૫** **अंधयारे तमे घोरे, चिट्ठंति पाणिणो बहू ।**
**को करिस्सइ उज्जोयं, सव्वलोयम्मि पाणीणं ॥**

**શબ્દાર્થ :– अंधयारे** = જ્યાં આંખોની પ્રવૃત્તિ અટકી જવાથી પુરુષ અંધ સમાન બની જાય છે તેવો અંધકાર **घोरे** = ઘોર **तमे** = અંધકારમાં **बहू** = ઘણાં **पाणिणो** = પ્રાણીઓ **चिट्ठंति** = રહે છે **पाणीणं** = તે પ્રાણીઓ માટે **सव्वलोयम्मि** = સંપૂર્ણ લોકમાં **को** = કોણ **उज्जोयं** = પ્રકાશ **करिस्सइ** = કરશે ?

**ભાવાર્થ :–** ઘોર તેમજ ગાઢ(અજ્ઞાન રૂપી) અંધકારમાં ઘણાં પ્રાણીઓ રહે છે. સંપૂર્ણ લોકમાં તે પ્રાણીઓ માટે(જ્ઞાનરૂપી) પ્રકાશ કોણ કરશે ?

**૭૬** **उग्गओ विमलो भाणू, सव्वलोयपभंकरो ।**
**सो करिस्सइ उज्जोयं, सव्वलोयम्मि पाणीणं ॥**

**શબ્દાર્થ :– सव्वलोयपभंकरो** = સંપૂર્ણ લોકમાં પ્રકાશ કરનારો **विमलो** = નિર્મળ **भाणू** = સૂર્ય **उग्गओ** = ઉગ્યો છે **सो** = તે.

**ભાવાર્થ :–** [ગૌતમ સ્વામીએ કહ્યું] સમગ્ર લોકમાં પ્રકાશ કરનારો નિર્મળ સૂર્ય ઊગી ગયો છે. તે સમસ્ત લોકના પ્રાણીઓને જ્ઞાન પ્રકાશ આપશે.

**૭૭** **भाणू य इइ के वुत्ते, केसी गोयममब्बवी ।**
**केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥**

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણે ગૌતમ સ્વામીને પૂછ્યું કે આપ સૂર્ય કોને કહો છો ? આ પ્રમાણે પૂછતા કેશીકુમાર શ્રમણને ગૌતમ સ્વામીએ આ પ્રમાણે કહ્યું.

**૭૮** **उग्गओ खीणसंसारो, सव्वण्णू जिणभक्खरो ।**
**सो करिस्सइ उज्जोयं, सव्वलोयम्मि पाणीणं ॥**

**શબ્દાર્થ :– खीणसंसारो** = જેનો સંસાર ક્ષીણ થઈ ગયો છે અર્થાત્ સંસારના મૂળભૂત ઘાતીકર્મોનો ક્ષય કરનારા **सव्वण्णू** = સર્વજ્ઞ **जिणभक्खरो** = જિનેન્દ્ર ભગવાનરૂપી ભાસ્કર, સૂર્ય **उग्गओ** = ઉદય થયો છે, ઊગ્યો છે.

**ભાવાર્થ :–** (ગૌતમ સ્વામીએ કહ્યું) જેનો સંસાર ક્ષીણ થઈ ગયો છે, જે સર્વજ્ઞ છે તેવા જિનેશ્વરરૂપી-સૂર્યનો ઉદય થયો છે, તે આખા લોકમાં પ્રાણીઓને પ્રકાશ આપશે.

**૭૯** **साहु गोयम पण्णा ते, छिण्णो मे संसओ इमो ।**
**अण्णो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ॥**

**ભાવાર્થ :–** [કેશીકુમાર શ્રમણ કહે છે] હે ગૌતમ આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે, આપે મારો આ સંશય દૂર કર્યો છે. હે ગૌતમ ! મને બીજો પણ સંશય છે, તે વિષયમાં પણ મને કહો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં અગિયારમાં પ્રશ્નોત્તર રૂપે અજ્ઞાન રૂપ અંધકાર અને તેનો નાશ કરનાર જ્ઞાનરૂપ સૂર્યનું નિરૂપણ છે.

**अंधयारे तमे घोरे :–** 'અંધકાર' અને 'તમ' આ બંને શબ્દો એકાર્થક છે, તેમ છતાં અહીં 'તમ' એ અંધકારનું વિશેષણ હોવાથી 'તમ'નો અર્થ અહીં 'ગાઢ' થાય છે. પ્રસ્તુત પ્રસંગમાં અંધકારથી અજ્ઞાનરૂપ અંધકારનો

સંકેત કરાયો છે અને પ્રકાશનો અર્થ જ્ઞાન છે. સંસારના ઘણા પ્રાણીઓ અજ્ઞાનરૂપ અંધકારથી ઘેરાયેલા છે તેમને જિનેન્દ્ર ભગવાન રૂપ સૂર્ય સદ્જ્ઞાનનો પ્રકાશ આપે છે.

**विमलो भाणू :–** નિર્મળસૂર્ય. અહીં સૂર્ય ઉપમા છે, તીર્થંકર ભગવાન ઉપમેય છે. સૂત્રકારે કેવળજ્ઞાની તીર્થંકર પ્રભુને વાદળાથી રહિત નિર્મલ સૂર્યની ઉપમા આપી છે. સૂર્ય વાદળાથી અનાવરિત હોય ત્યારે પૃથ્વી ઉપર અત્યધિક પ્રમાણમાં પ્રકાશ પાથરી શકે છે. તેમ જ્ઞાનાવરણીયાદિ ઘાતીકર્મો જ્યારે દૂર થાય છે, ત્યારે આત્મામાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે અને કેવળજ્ઞાન દ્વારા સંપૂર્ણ જગતના ભાવો જણાય છે. અજ્ઞાનરૂપી અંધકારમાં અટવાઈ રહેલા જગતજીવોને સર્વજ્ઞ એવા જિનેન્દ્ર ભગવંતો જ્ઞાન રૂપી પ્રકાશ આપે છે.

તીર્થંકર પાર્શ્વનાથ ભગવાન પછી યથાસમયે તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી રૂપ નિર્મળ સૂર્યનો તીર્થસ્થાપક તરીકે ઉદય થયો છે. તેઓ લોકના સર્વ પ્રાણીઓને જ્ઞાનનો પ્રકાશ આપશે.

**(૧૨) અવ્યાબાધ સુખ સ્થાન :–**

**૮૦** **सारीरमाणसे दुक्खे, बज्झमाणाण पाणीणं ।**
**खेमं सिवमणाबाहं, ठाणं किं मण्णसि मुणी ॥**

**શબ્દાર્થ :– सारीरमाणसे** = શારીરિક અને માનસિક **दुक्खे** = દુઃખોથી **बज्झमाणाण** = બધ્યમાન, પીડાતા, આકુળ-વ્યાકુળ બનેલા **पाणीणं** = પ્રાણીઓ માટે **खेमं** = ક્ષેમરૂપ **सिवं** = કલ્યાણકારી **अणाबाहं** = બાધા રહિત **ठाणं** = સ્થાન **किं** = કયું, કોને **मण्णसि** = માનો છો ?

**ભાવાર્થ :–** હે મુનિવર ! શારીરિક અને માનસિક દુઃખોથી પીડાતા પ્રાણીઓ માટે ક્ષેમકારી, કલ્યાણકારી અને બાધા રહિત સ્થાન આપ કોને માનો છો ?

**૮૧** **अत्थि एगं धुवं ठाणं, लोगग्गम्मि दुरारुहं ।**
**जत्थ णत्थि जरा मच्चू, वाहिणो वेयणा तहा ॥**

**શબ્દાર્થ :– लोगग्गम्मि** = લોકના અગ્રભાગ પર **एगं** = એક **धुवं** = ધ્રુવ, નિશ્ચલ **ठाणं** = સ્થાન **अत्थि** = છે **जत्थ** = જ્યાં **जरा** = વૃદ્ધાવસ્થા **मच्चू** = મૃત્યુ **वाहिणो** = વ્યાધિ– વાત,પિત કે કફજન્ય શારીરિક રોગ **तहा** = તથા **वेयणा** = વેદના **णत्थि** = નથી **दुरारुहं** = તે સ્થાને પહોંચવું કઠિન છે, આરૂઢ થવું મુશ્કેલ છે.

**ભાવાર્થ :–** (ગૌતમ સ્વામી કહે છે) લોકના અગ્રભાગમાં એક એવું ધ્રુવ(અચલ) સ્થાન છે કે જ્યાં વૃદ્ધાવસ્થા, મૃત્યુ, વ્યાધિ અને વેદનાઓ હોતી નથી પરંતુ ત્યાં પહોચવું બહુ કઠિન છે.

**૮૨** **ठाणे य इइ के वुत्ते, केसी गोयममब्बवी ।**
**केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥**

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણે ગૌતમ સ્વામીને પૂછ્યું કે તે સ્થાન કયું છે ? આ પ્રમાણે પૂછતા કેશીકુમાર શ્રમણને ગૌતમ સ્વામીએ આ પ્રમાણે જવાબ આપ્યો.

**૮૩** **णिव्वाणं ति अबाहं ति, सिद्धी लोगग्गमेव य ।**
**खेमं सिवं अणाबाहं, जं चरंति महेसिणो ॥**

**શબ્દાર્થ :– णिव्वाणं** = નિર્વાણ **अबाहं** = અબાધ, વિઘ્ન રહિત **सिद्धी** = સિદ્ધ **अणाबाहं** = બાધા

રહિત **लोगग्गमेव** = લોકાગ્રે સ્થિતિ **जं** = જે સ્થાનને **महेसिणो** = મહર્ષિઓ **चरंति** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** (ગૌતમ સ્વામીએ કહ્યું) જે સ્થાન મહર્ષિઓ પ્રાપ્ત કરે છે તે સ્થાન, નિર્વાણ સ્વરૂપ, વિઘ્નરહિત, સિદ્ધક્ષેત્ર અને લોકાગ્ર વગેરે નામોથી પ્રસિદ્ધ છે, તેમજ તે ક્ષેમકારી, કલ્યાણકારી અને અવ્યાબાધ સુખરૂપ છે.

**૮૪** **तं ठाणं सासयं वासं, लोगग्गम्मि दुरारुहं ।**
**जं संपत्ता ण सोयंति, भवोहंतकरा मुणी ॥**

**શબ્દાર્થ :– सासयं वासं** = આત્માનો શાશ્વત વાસ છે **लोगग्गम्मि** = લોકાગ્રે **दुरारुहं** = ત્યાં પહોંચવું કઠિન છે **भवोहंतकरा** = નરકાદિ ભવોની પરંપરાનો અંત કરનારા **जं** = તે સ્થાનને **संपत्ता** = પ્રાપ્ત કરનાર **ण सोयंति** = શોક કરતા નથી.

**ભાવાર્થ :–** લોકાગ્રે આવેલું તે સ્થાન આત્માનું શાશ્વત નિવાસ સ્થાન છે, જ્યાં પહોંચવું ઘણું કઠિન છે. ભવ પરંપરાનો અંત કરનારા મહામુનિ તે સ્થાન પ્રાપ્ત કરીને શોકથી મુક્ત થઈ જાય છે અર્થાત્ ત્યાં પહોંચ્યા પછી, શોક, ક્લેશ, જન્મ, જરા આદિ દુઃખ હોતા નથી અને સિદ્ધ ભગવાન સંસારમા કયારે ય પાછા આવતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં બારમા પ્રશ્નોત્તર રૂપે સંસારી જીવો માટે કલ્યાણકારી મોક્ષ સ્થાનની વિચારણા છે.

આ સંસારમાં ભ્રમણ કરતા જીવો સર્વત્ર દુઃખનો અનુભવ કરે છે; આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી સંતપ્ત થઈ રહ્યા છે. તે જીવોને માટે લોકના અગ્ર ભાગે સિદ્ધશિલા ઉપર સિદ્ધ ક્ષેત્ર ધ્રુવ અને અવ્યાબાધ– કોઈ પણ પ્રકારની બાધા રહિતનું સુખ સ્થાન છે. ત્યાં વૃદ્ધાવસ્થા, વ્યાધિ, મૃત્યુ અને કોઈ પણ પ્રકારની વેદનાઓ હોતી નથી. ત્યાં શાશ્વત સુખ શાંતિ છે.

**खेमं सिवं अणाबाहं :– ક્ષેમ** = વ્યાધિ, જરા આદિથી રહિત. **શિવં** = જન્મ-મરણ રહિત, આત્મ કલ્યાણમય **અનાબાધ** = કોઈપણ પ્રકારની વેદના કે વિઘ્નોના અભાવના કારણે સ્વાભાવિક રીતે બાધા રહિત.

**दुरारुहं :–** જે સ્થાન પ્રાપ્ત કરવું અત્યંત કઠિન છે. તે સ્થાનની પ્રાપ્તિ સ્વયંના સવળા પુરુષાર્થથી જ થાય છે. તેમ છતાં અનાદિકાલીન મોહનીય કર્મના ગાઢતમ સંસ્કારના કારણે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ અને મોહનીયકર્મનો તેમજ ઘાતીકર્મોનો ક્ષય કરવો અત્યંત કઠિન છે. ઘાતીકર્મોનો નાશ થયા પછી આયુષ્ય પૂર્ણ થતાં ચારે અઘાતી કર્મોનો નાશ થાય, આત્મા સર્વ કર્મોથી મુક્ત થાય, ત્યારે જ શાશ્વત સિદ્ધિ રૂપ સ્થાન પ્રાપ્ત થાય છે. આટલી લાંબી સાધના પછી સિદ્ધિ સ્થાનની પ્રાપ્તિ થવાથી તે સિદ્ધિ સ્થાનને અહીં **दुरारुहं** = દુષ્પ્રાપ્ય કહ્યું છે.

**णिव्वाणं :–** નિર્વાણ. જ્યાં કર્મરૂપી અગ્નિ સર્વથા બુઝાઈ જાય છે, સંતાપના અભાવે જ્યાં અખંડ શાંતિ છે.

**सिद्धी :–** જ્યાં સંસાર પરિભ્રમણનો અંત થવાથી સમસ્ત પ્રયોજન સિદ્ધ થઈ જાય છે.

**जं चरंति महेसिणो :–** જે સ્થાનને મહર્ષિઓ પ્રાપ્ત કરે છે, વીતરાગી મુનિરાજો તે સ્થાનને પામે છે.

**સંશય સમાધાન અને વિનય પ્રતિપતિ :–**

**૮૫** **साहु गोयम ! पण्णा ते, छिण्णो मे संसओ इमो ।**
**णमो ते संसयातीत ! सव्वसुत्तमहोयही ! ॥**

**શબ્દાર્થ :– पण्णा** = પ્રજ્ઞા, બુદ્ધિ **साहु** = ઘણી ઉત્તમ છે **संसओ** = સંશયોને **छिण्णो** = દૂર કર્યા છે **संसयातीत** = સંશયાતીત, સંશયથી રહિત **सव्वसुत्तमहोयही** = હે સર્વ સૂત્ર મહોદધિ ! હે સર્વ શાસ્ત્રોના જ્ઞાતા ! **ते** = આપને **णमो** = નમસ્કાર કરું છું.

**ભાવાર્થ :–** હે ગૌતમ ! આપની પ્રજ્ઞા ઉત્તમ છે. આપે મારા આ સંશયોને દૂર કર્યા છે. હે સંશયાતીત! હે સર્વશ્રુત-મહોદધિ ! આપને હું નમસ્કાર કરું છું.

**૮૬** **एवं तु संसए छिण्णे, केसी घोरपरक्कमे ।**
**अभिवंदित्ता सिरसा, गोयमं तु महायसं ॥८६॥**

**શબ્દાર્થ :– एवं** = આ પ્રકારે **संसए** = સંશય **छिण्णे** = દૂર થતાં **घोर परक्कमे** = ઘોર પરાક્રમી **महायसे** = મહાયશસ્વી **सिरसा** = શિર નમાવીને **अभिवंदित्ता** = વંદણા કરીને(હાથ જોડીને અને શિર નમાવીને).

**ભાવાર્થ :–** આ પ્રકારે સંશયનું નિવારણ થવાથી ઘોર પરાક્રમી કેશીકુમાર શ્રમણે મહાયશસ્વી ગૌતમ સ્વામીને શિર નમાવીને અભિવંદના કરીને.....

**૮૭** **पंचमहव्वयधम्मं, पडिवज्जइ भावओ ।**
**पुरिमस्स पच्छिमम्मि मग्गे, तत्थ सुहावहे ॥**

**શબ્દાર્થ :– तत्थ** = ત્યાં તિંદુક વનમાં **पंचमहव्वयधम्मं** = પાંચ મહાવ્રતરૂપ ધર્મનો **भावओ** = ભાવપૂર્વક **पडिवज्जइ** = સ્વીકાર કર્યો **सुहावहे** = તે સુખકારી **मग्गे** = માર્ગમાં વિચરણ કરવા લાગ્યા **पुरिमस्स** = પૂર્વ તીર્થંકરના શાસનનો(ત્યાગ કરીને)**पच्छिमम्मि** = પછીના તીર્થંકરના શાસનમાં(પ્રવેશ કરીને).

**ભાવાર્થ :–** પૂર્વના અર્થાત્ ત્રેવીસમા તીર્થંકરના શાસનનો ત્યાગ કરીને, પછીના અર્થાત્ ચોવીસમા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરીને, પાંચ મહાવ્રત રૂપ ધર્મનો ભાવપૂર્વક સ્વીકાર કરીને, તે સુખાકારી માર્ગમાં વિચરણ કરવા લાગ્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સર્વ પ્રશ્નોના સમાધાન થયા પછી બંને સંતોના શિષ્ય પરિવારને પ્રાપ્ત થયેલા સમન્વયરૂપ સુફળનું સુંદર નિરૂપણ છે. કેશીકુમાર શ્રમણે અત્યંત નમ્રભાવે શિષ્ય પરિવારની જિજ્ઞાસાને સંતોષવા જ જ્ઞાનચર્ચાનો પ્રારંભ કર્યો હતો. તેથી કોઈ પણ પ્રકારના દુરાગ્રહ વિના ગૌતમસ્વામી દ્વારા થયેલા સમાધાનનો પ્રસન્નતાપૂર્વક સ્વીકાર કર્યો.

સામાન્ય રીતે એક તીર્થંકર તીર્થની સ્થાપના કરે, ત્યારે પૂર્વ તીર્થંકરના સાધુઓ નવા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરીને તીર્થંકરનું સાંનિધ્ય સ્વીકારી લે છે. પરંતુ પ્રભુ પાર્શ્વનાથ અને પ્રભુ મહાવીરના શાસનમાં વ્રતની, વેશની વગેરે અનેક પ્રકારની ભિન્નતા હતી, બંને પરિવારના શિષ્યોના અંતરમાં આ ભિન્નતાનો સમન્વય થાય, તે અત્યંત જરૂરી હતું. તેથી કેશીકુમાર શ્રમણ અને ગૌતમસ્વામીનો સંવાદ થયો. તે જ્ઞાનસંવાદના અંતે સ્વયં પર્યાયજ્યેષ્ઠ હોવા છતાં કેશીકુમાર શ્રમણે શાસનપરંપરાને અનુસરીને ભગવાન મહાવીરના શાસનમાં પ્રવેશ કર્યો. ગૌતમ સ્વામીને ભાવપૂર્વક વંદન-નમસ્કાર કરીને પંચમહાવ્રતનો સ્વીકાર કરી તેમનું સાંનિધ્ય સ્વીકાર્યું.

શાસન પરંપરાને સુવ્યવસ્થિતરૂપે ટકાવી રાખવામાં કેશીકુમાર શ્રમણના અહંત્યાગનું આ મહત્ત્વપૂર્ણ યોગદાન હતું.

**संसयातीत, सव्वसुत्तमहोदही :–** પ્રસ્તુત ગાથામાં ગૌતમસ્વામીને **સંશયાતીત** અને **સર્વ સૂત્ર મહોદધિ** કહ્યા છે. જેમનું શ્રુતજ્ઞાન એવું નિર્મળ અને સ્પષ્ટ હોય કે તેને કોઈપણ પ્રકારના સંશય-શંકા રહે નહીં, તે સંશયાતીત કહેવાય છે. સર્વ શાસ્ત્રોના સંપૂર્ણ જ્ઞાતા, ચારજ્ઞાન અને ચૌદપૂર્વના ધારક, શ્રુતકેવળી, સૂત્રના મહાન ઉદધિ મહોદધિ કહેવાય છે.

**पंचमहव्वयधम्मं :–** કેશીકુમાર શ્રમણે પંચમહાવ્રતનો સ્વીકાર કર્યો. જ્યારે તીર્થંકરો તીર્થની સ્થાપના કરે, ત્યારે પૂર્વના તીર્થંકરના છદ્મસ્થ સાધુઓ નવા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરે, ત્યાર પછી જ તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, આ પ્રકારનો વ્યવહાર હોય છે. તે નિયમાનુસાર ભગવાન મહાવીરે તીર્થ સ્થાપના કરી ત્યાર પછી પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના કેશીકુમાર શ્રમણે ભગવાન મહાવીરના શાસનમાં પ્રવેશ કરવા માટે ચાતુર્યામ ધર્મનો ત્યાગ કરીને પંચ મહાવ્રતનો સ્વીકાર કર્યો.

**पुरिमस्स पच्छिमम्मि :–** પૂર્વના ત્રેવીસમા તીર્થંકરના શાસનમાંથી પશ્ચિમ-અંતિમ તીર્થંકર દ્વારા પ્રવર્તિત શાસનમાં પ્રવેશ કર્યો. પૂર્વગૃહીત ચાતુર્યામ ધર્મનો ત્યાગ કરીને અંતિમ તીર્થંકરનો પંચમહાવ્રતરૂપ ધર્મ અંગીકાર કર્યો.

**ઉપસંહાર : સમાગમની ફલશ્રુતિ :–**

**૮૮** **केसीगोयमओ णिच्चं, तम्मि आसि समागमे ।**
**सुय-सील-समुक्कसो, महत्थत्थ-विणिच्छओ ॥**

**શબ્દાર્થ :– तम्मि** = તે તિંદુક ઉદ્યાનમાં **केसीगोयमओ** = કેશીકુમાર શ્રમણ અને ગૌતમ સ્વામીનો જે **णिच्चं** = નિત્ય **समागमे** = સમાગમ **आसि** = થયો **सुयसील समुक्कसो** = શ્રુત-શીલ સમુત્કર્ષ, શ્રુત અને ચારિત્રની વૃદ્ધિ કરનાર **महत्थत्थ-विणिच्छओ** = મહાન અર્થનો અર્થાત્ મહાન બાબતોનો નિર્ણય થયો.

**ભાવાર્થ :–** તે તિંદુક ઉદ્યાનમાં કેશીકુમાર શ્રમણ અને ગૌતમ સ્વામીનો જે નિરંતર સમાગમ-સંવાદ થયો તેનાથી શ્રુત તથા શીલ ધર્મનો ઉત્કર્ષ થયો અને મહાન પ્રયોજનભૂત વિષયોનો નિર્ણય થયો.

**૮૯** **तोसिया परिसा सव्वा, सम्मग्गं समुवट्ठिया ।**
**संथुया ते पसीयंतु, भयवं केसीगोयमे ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– सव्वा** = સર્વ દેવ, અસુર અને માનવોથી યુક્ત **परिसा** = સભા **तोसिया** = સંતોષ પામી **सम्मग्गं** = સન્માર્ગમાં **समुवट्ठिया** = પ્રવૃત્ત થયા **ते** = તે બધા **संथुया** = સ્તુતિ કરવા લાગ્યા **भयवं** = ભગવાન **केसीगोयमे** = કેશી-ગૌતમ **पसीयंतु** = સદા પ્રસન્ન રહો, જયવંત વર્તો.

**ભાવાર્થ :–** (આ પ્રકારે) દેવ, અસુર, મનુષ્યોની પરિપૂર્ણ પરિષદ ધર્મચર્ચાથી સંતોષ પામી તથા સન્માર્ગમાં પ્રવૃત્ત થઈ. તેમણે ભગવાન કેશી અને ગૌતમની સ્તુતિ કરી કે તે બન્ને સંતો(અમારા પર) પ્રસન્ન રહો.

**વિવેચન :–**

કેશીકુમાર શ્રમણ અને ગૌતમસ્વામી જેવા મહાન સંતો વચ્ચે થયેલો આ સંવાદ બંને સંતોના

શિષ્ય પરિવારને બહુલાભદાયક બન્યો, કારણ કે તે ઉભય પક્ષના શિષ્યોની જિજ્ઞાસાઓના સમાધાન માટે જ સર્જાયો હતો અને બંને જ્ઞાની પુરુષોએ વિચક્ષણતા અને સરળતા પૂર્વક પ્રશ્નોત્તર કર્યા હતા.

અનંત તીર્થંકરોના ઉપદેશનું તત્ત્વ(હાર્દ) સમાન જ હોય છે. બાહ્ય આચાર વ્યવહારમાં ક્ષેત્ર, કાલની યોગ્યતાઓ અનુસાર ક્યારેક કંઈક વિભિન્નતા જણાય છે તેમ છતાં તે વિભિન્નતાનું રહસ્ય જાણીને, વિશાળતાથી તેનો સમન્વય થઈ શકે છે. આ જ્ઞાનવર્ધક સંવાદ સાંભળીને ઉપસ્થિત થયેલી સંપૂર્ણ પરિષદે પણ સંતુષ્ટ થઈને તત્ત્વોને ગ્રહણ કર્યા અને બંને મહાપુરુષોની સ્તુતિગુણગ્રામ કરી તૃપ્તિનો અનુભવ કર્યો.

**महत्थत्थ विणिच्छओ :–** તે સમાગમ મહાર્થ અર્થાત્ મોક્ષના સાધનભૂત મહાવ્રત અને તત્ત્વાદિનો નિર્ણય કરાવનાર થયો.

**णिच्चं :–** ગાથામાં પ્રયુક્ત 'નિત્ય' શબ્દના બે અર્થ થાય છે. (૧) સુદીર્ઘ સમય, સતત, નિરંતર બે ત્રણ કલાક (૨) ઘણા દિવસો સુધી તેમનો સમાગમ ચાલ્યો.

**॥ ત્રેવીસમું અધ્યયન સંપૂર્ણ ॥**

# ચોવીસમું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપ અષ્ટ પ્રવચન માતાનું વિસ્તૃત વર્ણન હોવાથી તેનું નામ 'પ્રવચન માતા' છે. સમવાયાંગ સૂત્રમાં તેનું **સમિઈઓ** (સમિતિઓ)નામ છે. આ અધ્યયનની ત્રીજી ગાથામાં પણ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓને આઠ સમિતિઓ કહીને તેને પ્રવચન માતા કહી છે. આ રીતે સમવાયાંગ સૂત્રોક્ત 'સમિતિ' અને પ્રસ્તુતમાં કથિત 'પ્રવચન માતા' આ બંને નામો સુમેળયુક્ત છે.

★ સંયમ અને તપ તે મોક્ષમાર્ગનું ક્રિયાત્મક સાધન છે. સંયમ અને તપની આરાધના માટે સમિતિ અને ગુપ્તિની અનિવાર્યતા છે. સાધકોનો સમગ્ર જીવન વ્યવહાર સમિતિ અને ગુપ્તિના આધારે જ થાય છે. તેથી સાધના ક્ષેત્રમાં પ્રવેશ કરનાર પ્રત્યેક સાધકોને જઘન્ય અષ્ટ પ્રવચન માતાનું જ્ઞાન હોવું જરૂરી છે.

★ સમિતિ એટલે સમ્યક્ પ્રવૃત્તિ, ગુપ્તિ એટલે અશુભથી નિવૃત્તિ. સમિતિના પાંચ પ્રકાર છે યથા– ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપ અને ઉત્સર્ગ સમિતિ. ગુપ્તિના ત્રણ પ્રકાર છે, યથા– મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ. આ આઠને 'અષ્ટપ્રવચન માતા' કહે છે.

★ સાધકોનું લક્ષ્ય યૌગિક પ્રવૃત્તિનો સર્વથા ત્યાગ કરીને, ઉપયોગનું અનુસંધાન કરી ક્રમશઃ આત્મ સ્વરૂપમાં સ્થિર થવાનું હોય છે. આ લક્ષ્યની સિદ્ધિ ત્રણ ગુપ્તિથી થાય છે પરંતુ સશરીરી જીવો હંમેશાં મન વચન અને કાયાની પ્રવૃત્તિથી સર્વથા મુક્ત થઈ શકતા નથી. તેથી જ્યારે-જ્યારે મન, વચન કે કાયાની પ્રવૃત્તિ અનિવાર્ય બની જાય ત્યારે સમિતિપૂર્વક કરવાની હોય છે. તે પ્રવૃત્તિ પૂર્ણ થતાં પુનઃ ગુપ્તિની આરાધના કરવાની હોય છે. આ રીતે સમિતિ અને ગુપ્તિનો સુયોગ્ય સમન્વય કરવાથી જ ચારિત્રની પરિપક્વતા અને સફળતા પ્રાપ્ત થાય છે.

★ આ રીતે આ અધ્યયનમાં સાધ્વાચાર સંબંધી મહત્ત્વનો વિષય નિરૂપિત હોવાથી સાધુઓને માટે તે અત્યંત ઉપયોગી છે.

❖❖❖❖❖

# ચોવીસમું અધ્યયન

## પ્રવચનમાતા

**આઠ પ્રવચન માતા :–**

**૧** **अट्ठ पवयणमायाओ, समिई गुत्ती तहेव य ।**
**पंचेव य समिईओ, तओ गुत्तीउ आहिया ॥**

**શબ્દાર્થ :– समिई** = સમિતિ **तहेव य** = અને **गुत्ती** = ગુપ્તિ **अट्ठ** = (આ) આઠ **पवयणमायाओ** = પ્રવચન-માતા છે **समिईओ** = સમિતિઓ **पंचेव** = પાંચ **य** = અને **गुत्तीउ** = ગુપ્તિઓ **तओ** = ત્રણ **आहिया** = કહી છે.

**ભાવાર્થ :–** સમિતિ અને ગુપ્તિ-રૂપ આઠ પ્રવચન માતાઓ છે. તેમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ હોય છે.

**૨** **ईरिया भासेसणादाणे, उच्चारे समिई इय ।**
**मणगुत्ती वयगुत्ती, कायगुत्ती य अट्ठमा ॥**

**શબ્દાર્થ :– इरियाभासेसणादाणे** = ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાન સમિતિ **य** = અને **उच्चारे** = ઉચ્ચાર-પ્રસ્રવણ-જલ્લ-મેલ-સિંઘાણ-પારિસ્થાપનિકા સમિતિ અર્થાત્ શરીરના મળ -મેલનું હિંસા ન થાય તે રીતે, તેવા સ્થળે વિસર્જન **मणगुत्ती** = મનગુપ્તિ **वयगुत्ती** = વચનગુપ્તિ **य** = અને **कायगुत्ती** = કાયગુપ્તિ **अट्ठमा** = આઠમી છે.

**ભાવાર્થ :–** ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાન સમિતિ અને ઉચ્ચાર-પ્રસ્રવણ સમિતિ; આ પાંચ સમિતિઓ છે. મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ, આ ત્રણ ગુપ્તિઓ છે. તે બંને મળીને આઠ પ્રવચન માતાઓ છે.

**૩** **एयाओ अट्ठ समिईओ, समासेण वियाहिया ।**
**दुवालसंगं जिणक्खायं, मायं जत्थ उ पवयणं ॥**

**શબ્દાર્થ :– एयाओ** = એ(આ) **समिइओ** = પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિરૂપ **अट्ठ** = અષ્ટ પ્રવચન-માતા **समासेण** = સંક્ષેપમાં **वियाहिया** = કહી છે **जिणक्खायं** = જિનેન્દ્ર ભગવાન દ્વારા કહેવાયેલું **दुवालसंगं** = દ્વાદશાંગરૂપ **पवयणं** = પ્રવચન **जत्थ** = જેમાં **मायं** = સમાઈ જાય છે.

**ભાવાર્થ :–** આ આઠ સમિતિઓ સંક્ષેપમાં કહી છે, તેમાં જિનેન્દ્ર કથિત દ્વાદશાંગ-રૂપ સમગ્ર પ્રવચન અંતર્ભૂત થઈ જાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપ અષ્ટ પ્રવચનમાતાનો નામોલ્લેખ છે.

**પ્રવચનમાતા :–** જેમ માતા પુત્ર પર વાત્સલ્ય ધરાવે છે, માતા સંતાનો માટે કલ્યાણકારિણી હોય છે, તેમ

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સાધકો માટે કલ્યાણકારિણી હોવાથી જિનેશ્વરોએ તેને શ્રમણોની માતા કહી છે. અષ્ટપ્રવચન માતાનું પાલન કરીને જ તીર્થંકરો સર્વજ્ઞ થાય છે અને ત્યાર પછી જ દ્વાદશાંગીનો ઉપદેશ આપે છે. આ રીતે દ્વાદશાંગીનો ઉદ્‌ભવ અષ્ટ પ્રવચન માતામાંથી જ થાય છે. તેથી તે પ્રવચન માતા કહેવાય છે અને ચતુર્વિધ સંઘ માટે પણ તે માતા સમ આધારભૂત છે.

**સમિતિ :– तत्र च समितिः सम्यक् सर्वविद् प्रवचनानुसारितया आत्मनः चेष्टा इति समितिः ।** સર્વજ્ઞના પ્રવચન અનુસાર આત્માની સમ્યક્(વિવેકપૂર્વકની) પ્રવૃત્તિને સમિતિ કહે છે. તેના પાંચ પ્રકાર છે.

**(૧) ઈર્યા સમિતિ–** કોઈપણ પ્રાણીને ક્લેશ(દુઃખ) ન થાય, તે રીતે સાવધાનીથી વર્તવું, ઊઠવું-બેસવું, ચાલવું, સૂવું, જાગવું વગેરે બધી ક્રિયાઓ ઈર્યા સમિતિની અંતર્ગત છે. જીવહિંસા ન થાય તે રીતે શરીરની ઉક્ત ક્રિયાઓ કરવી તે ઈર્યા સમિતિ છે. **(૨) ભાષા સમિતિ–** હિત, મિત, સત્ય અને શંકા વિનાની ભાષા બોલવી, સાવધાનીપૂર્વક ભાષણ-સંભાષણ કરવું. **(૩) એષણા સમિતિ–** સંયમ યાત્રામાં આવશ્યક ભોજન, પાણી, વસ્ત્ર, પાત્ર વગેરે નિર્દોષ રીતે ગ્રહણ કરી, સાવધાનીપૂર્વક અનાસક્તભાવે તેનો ઉપભોગ કરવો. **(૪) આદાન સમિતિ–** વસ્તુમાત્રને યોગ્ય રીતે જોઈને, તપાસીને યતનાપૂર્વક લેવી, મૂકવી **(૫) ઉત્સર્ગ સમિતિ–** જીવરહિત(અચિત્ત) સ્થાનમાં ઉપયોગપૂર્વક અને નિરીક્ષણ કરીને અનુપયોગી વસ્તુઓનું વિસર્જન કરવું.

**ગુપ્તિ :– गोपनं गुप्तिः सम्यग्योगनिग्रहः तथैव चेति समुच्यते ।** આત્મભાવમાં લીન થવું અને પરભાવથી નિવૃત્ત થવું. આત્મ સ્વરૂપમાં રમણતા કરવા માટે યોગનો સમ્યક્ પ્રકારે નિગ્રહ કરવો તે ગુપ્તિ છે. યોગોનો નિગ્રહ કરવો એટલે અશુભમાં પ્રવૃત્ત થતાં યોગોને અટકાવીને શુભમાં પ્રવૃત્ત કરવા અને તેનાથી આગળ વધીને શુદ્ધ આત્મભાવોના લક્ષે પ્રવર્તાવવા તે ગુપ્તિ છે.

**મનોગુપ્તિ :–** શુભ-અશુભ, સંકલ્પ-વિકલ્પનો ત્યાગ કરવો. આત્મ તત્ત્વનું, છ દ્રવ્યનું, નવ તત્ત્વનું ચિંતન કરવું.

**વચનગુપ્તિ :–** વચન બોલવાના પ્રસંગે નિયંત્રણ રાખવું અથવા મૌન ધારણ કરવું.

**કાયગુપ્તિ :–** કોઈપણ વસ્તુ લેવા-મૂકવામાં, ઊઠવા-બેસવામાં, હાલવા-ચાલવા વગેરે કાર્યમાં વિવેક રાખવો. આ રીતે શારીરિક ક્રિયાઓનું નિયમન કરી સ્થિર થવું. પ્રત્યેક ક્રિયામાં જતના રાખવી. સામાયિક આદિ સંવર કરણી, ધર્મધ્યાન, વિવિધ પ્રકારના તપ વગેરે પ્રવૃત્તિ કરવી. શરીરથી થનારી વિરાધનાજનક પ્રવૃત્તિઓ ઘટાડવી.

**एयाओ अट्ठ समिईओ :–** આ આઠ સમિતિ છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ શુભ પ્રવૃત્તિરૂપ છે. ગુપ્તિઓ એકાંત નિવૃત્તિરૂપ જ નહિ, પ્રવૃત્તિરૂપ પણ હોય છે. તેથી તેના પ્રવૃત્તિરૂપ અંશની પ્રધાનતાથી તેને સમિતિમાં સમાવિષ્ટ કરી છે.

આ આઠ સમિતિઓમાં જિનોક્ત પ્રવચન સમાવિષ્ટ થઈ જાય છે, કારણ કે સમિતિ અને ગુપ્તિ તે બંને ચારિત્રરૂપ છે અને ચારિત્ર જ્ઞાન-દર્શનપૂર્વક જ હોય છે. દ્વાદશાંગી– બાર અંગ સૂત્રોમાં સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રનો માર્ગ જ પૂર્ણપણે સંકલિત છે, તેથી અષ્ટપ્રવચનમાતામાં સંપૂર્ણ દ્વાદશાંગી અંતર્ભૂત થઈ જાય છે. સંક્ષેપમાં અષ્ટ પ્રવચનમાતા તે દ્વાદશાંગીનો સાર છે અને બીજી રીતે કહીએ તો દ્વાદશાંગ રૂપ જિન પ્રવચન તે અષ્ટ પ્રવચન માતાનો જ વિસ્તાર છે.

**ઈર્યા સમિતિ :–**

**૪** **आलंबणेण कालेण, मग्गेण जयणाइ य ।**
**चउकारण परिसुद्धं, संजए ईरियं रिए ॥**

**શબ્દાર્થ :– आलंबणेण** = આલંબન **कालेण** = કાલ **मग्गेण** = માર્ગ **य** = અને **जयणाइ** = યતના **चउकारणपरिसुद्धं** = આ ચાર કારણોથી શુદ્ધ **ईरियं** = ઈર્યા સમિતિથી **संजए** = સંયમી, સાધુ **रिए** = ગમન કરે.

**ભાવાર્થ :–** સંયમી સાધુ આલંબન, કાલ, માર્ગ અને યતના આ ચાર કારણો(પ્રકારો)થી પરિશુદ્ધ ઈર્યા સમિતિથી ગમન કરે.

**૫** **तत्थ आलंबणं णाणं, दंसणं चरणं तहा ।**
**काले य दिवसे वुत्ते, मग्गे उप्पहवज्जिए ॥**

**શબ્દાર્થ :– तत्थ** = ઈર્યા સમિતિના **णाणं-दंसणं-तहा चरणं** = જ્ઞાન, દર્શન અને ચારિત્ર **आलंबणं** = અવલંબન, આધાર છે **काले** = કાલ **दिवसे** = દિવસ-દિન **वुत्ते** = કહ્યો છે **मग्गे** = માર્ગ **उप्पहवज्जिए** = ઉન્માર્ગ વર્જિત માર્ગ, સુમાર્ગ કહેવાય છે.

**ભાવાર્થ :–** ઈર્યા સમિતિનું આલંબન-જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે, તેનો કાલ દિવસ છે અને ઉન્માર્ગનો ત્યાગ, તે તેનો માર્ગ છે.

**૬** **दव्वओ खेत्तओ चेव, कालओ भावओ तहा ।**
**जयणा चउव्विहा वुत्ता, तं मे कित्तयओ सुण ॥**

**શબ્દાર્થ :– दव्वओ** = દ્રવ્યની અપેક્ષાએ **खेत्तओ** = ક્ષેત્રથી **तहा** = તથા **कालओ** = કાળથી **चेव** = અને **भावओ** = ભાવથી **जयणा** = યતના **चउव्विहा** = ચાર પ્રકારની **वुत्ता** = કહી છે **तं** = તેનું **मे** = હું **कित्तयओ** = કીર્તન-વર્ણન કરીશ **सुण** = તમે ધ્યાનપૂર્વક સાંભળો.

**ભાવાર્થ :–** દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી, તેમ યતનાના ચાર પ્રકાર છે, તે હું કહું છું. તે તમે ધ્યાનપૂર્વક સાંભળો.

**૭** **दव्वओ चक्खुसा पेहे, जुगमित्तं च खेत्तओ ।**
**कालओ** *जाव* **रीएज्जा, उवउत्ते य भावओ ॥**

**શબ્દાર્થ :– दव्वओ** = દ્રવ્યની અપેક્ષાએ **चक्खुसा** = આંખોથી **पेहे** = જીવાદિ દ્રવ્યોને જોઈને ચાલે **य** = અને **खेत्तओ** = ક્ષેત્રથી **जुगमित्तं** = યુગ પ્રમાણ(સાડા ત્રણ હાથ ભૂમિ) આગળ જોઈને ચાલે **कालओ** = કાળથી **जाव** = જ્યાં સુધી **रीएज्जा** = ચાલે, અર્થાત્ જ્યાં સુધી દિવસ છે ત્યાં સુધી યતનાપૂર્વક ચાલે **भावओ** = ભાવથી **उवउत्ते** = ઉપયોગપૂર્વક ચાલે.

**ભાવાર્થ :–** દ્રવ્યથી છકાય જીવોને જોઈને ચાલે, ક્ષેત્રથી યુગમાત્ર– સાડા ત્રણ હાથ પ્રમાણ ભૂમિને જોઈને ચાલે; કાળથી દિવસ હોય ત્યાં સુધી જ ચાલે, ભાવથી ઉપયોગપૂર્વક ગમન કરે.

**૮** **इंदियत्थे विवज्जित्ता, सज्झायं चेव पंचहा ।**
**तम्मुत्ती तप्पुरक्कारे, उवउत्ते रियं रिए ॥**

**શબ્દાર્થ :– इंदियत्थे** = પાંચ ઇન્દ્રિયોના વિષયોને **चेव** = અને **पंचहा** = પાંચ પ્રકારની **सज्झायं** = સ્વાધ્યાયને **विवज्जित्ता** = છોડીને **तम्मुत्ती** = ઈર્યા સમિતિમાં પોતાના શરીરને જોડીને, તદ્રૂપ બનીને

**तप्पुरक्कारे** = ઈર્યા સમિતિને મુખ્ય(પ્રધાન) માનીને સાધુ **उवउत्ते** = ઉપયોગપૂર્વક **रियं रिए** = ઈર્યા સમિતિથી ચાલે.

**ભાવાર્થ :–** સાધુ પાંચ ઈન્દ્રિયોના વિષયો પ્રત્યે અનાસક્ત થઈને, પાંચ પ્રકારના સ્વાધ્યાયને છોડીને, માત્ર ગમન ક્રિયામાં જ તન્મય થઈને, તેને જ મહત્ત્વ આપી ઉપયોગપૂર્વક ચાલે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં ચાર પ્રકારની પરિશુદ્ધિ દ્વારા ઈર્યા સમિતિનું નિરૂપણ છે– **(૧) આલંબન–** સાધુનું લક્ષ્ય આત્મભાવમાં સ્થિત થવાનું જ હોય છે. તે કાયિક પ્રવૃત્તિ કરે તોપણ જ્ઞાન, દર્શન, ચારિત્રના ઉદ્દેશથી જ કરે. જ્ઞાન, દર્શન કે ચારિત્રના પ્રયોજન વિના ગમનાગમન આદિ પ્રવૃત્તિ ન કરે. **(૨) કાલ–** સાધુ સૂર્યોદયથી સૂર્યાસ્ત પર્યંત અર્થાત્ દિવસ હોય ત્યાં સુધી જ ગમનાગમન કરે છે. રાત્રે ગમનાગમન કરવાથી જીવોની દયા પાળી શકાતી નથી. શારીરિક કારણે રાત્રે ગમનાગમન કરવું પડે તો રજોહરણ દ્વારા ભૂમિનું પ્રમાર્જન કરીને ચાલે. **(૩) માર્ગ–** મુનિ ઉન્માર્ગે ન ચાલે, કારણ કે ઉન્માર્ગે ચાલવાથી આત્મ વિરાધના વગેરે દોષોનો સંભવ છે. તેથી સંયમ જીવનની મર્યાદાઓ જળવાઈ રહે તેવા નિર્દોષ અને નિર્વદ્ય માર્ગે જ ગમન કરે. **(૪) યતના–** જીવોની દયા પાળવા માટે યતનાપૂર્વક ગમન કરે. યતનાના ચાર પ્રકાર છે– **દ્રવ્યથી–** છકાય જીવોને જોઈને ચાલવું. **ક્ષેત્રથી–** યુગમાત્ર(ધુંસરપ્રમાણ) એટલે સાડા ત્રણ હાથ ભૂમિ જોઈને ચાલવું. **કાલથી–** દિવસે જોઈને અને રાત્રે પોંજીને ચાલવું. **ભાવથી–** ઉપયોગપૂર્વક એકાગ્રચિત્તે ચાલવું. પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં કે શબ્દ, રૂપ આદિ ઈન્દ્રિય વિષયોમાં ચિત્ત ન રાખવું.

**जुगमित्तं खेत्तओ :–** ક્ષેત્રથી યુગ માત્ર ભૂમિનું અવલોકન કરતાં ચાલે. યુગનો અર્થ છે ગાડાનો આગળનો ભાગ, બળદને જોતરવાનું ધોંસરુ. તે આગળથી સંકીર્ણ અને પાછળથી વિસ્તૃત હોય છે. તે પ્રમાણે સાધુની દષ્ટિ ક્ષેત્ર હોવું જોઈએ. યુગ–ધોંસરુ લગભગ સાડા ત્રણ હાથ લાંબુ હોય છે. મુનિ પણ સાડા ત્રણ હાથ ભૂમિ જોઈને ચાલે. વિશેષતઃ ચાર હાથ સુધી આગળ જોઈને ચાલે તો પણ તે યુગ માત્ર જ કહેવાય.

**इंदियत्थे विवज्जित्ता :–** મુનિ ગમનાગમન કરતાં પાંચ ઈન્દ્રિયોના શબ્દાદિ વિષયોમાં આકર્ષિત થાય નહીં, તેમજ વાચના, પૃચ્છના, પરિયટ્ટણા, ધર્મકથા અને અનુપ્રેક્ષા, તે પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરે નહીં. આ રીતે ૫+૫ = દશ બોલનો ત્યાગ કરે. જોકે સ્વાધ્યાય તે ઉત્તમ ક્રિયા છે, તેમ છતાં ગમનાગમન સમયે જો સ્વાધ્યાયમાં ઉપયોગ જોડે તો ચાલવાની ક્રિયામાં ઉપયોગ બરોબર ન રહે. તેથી ગમનાગમન સમયે સ્વાધ્યાયનો ત્યાગ કરવો આવશ્યક છે.

**उवउत्ते रियं रिए :–** ઉપયોગપૂર્વક ચાલે. ચાલવું તે કાયાની પ્રવૃત્તિ છે. ચાલવાના સમયે મુનિ ઉપયોગ રાખીને ચાલે. કોઈ પણ યૌગિક પ્રવૃત્તિ જો ઉપયોગપૂર્વક થાય, તો જ તે ક્રિયા સાધનાનું અંગ બની શકે છે. આ રીતે સંયમ જીવનની પ્રત્યેક ક્રિયામાં ઉપયોગ–સાવધાનીની અત્યંત મહત્તા છે.

સંક્ષેપમાં સાધુ શા માટે ગમન કરે ? ક્યારે ગમન કરે ? કયા ક્ષેત્રમાં ગમન કરે ? અને કેવી રીતે ગમન કરે ? આ ચારે ય પ્રશ્નોનું સુંદર સમાધાન આ ગાથાઓમાં થયું છે.

**ભાષા સમિતિ :–**

**९** **कोहे माणे य मायाए, लोभे य उवउत्तया ।**
**हासे भए मोहरिए, विगहासु तहेव य ॥**

**શબ્દાર્થ :– कोहे** = ક્રોધ **माणे** = માન **मायाए** = માયા **य** = અને **लोभे** = લોભ **हासे** = હાસ્ય **भए** = ભય **मोहरिए** = વાચાળતા **उवउत्तया** = ઉપયુક્ત રહેવું **विगहासु** = વિકથાઓમાં.

**ભાવાર્થ :–** ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય, વાચાળતા અને વિકથાઓ અંગે સતત ઉપયોગયુક્ત થઈને ભાષાનો પ્રયોગ કરે.

**૧૦** **एयाइं अट्ठ ठाणाइं, परिवज्जित्तु संजए ।**
**असावज्जं मियं काले, भासं भासिज्ज पण्णवं ॥**

**શબ્દાર્થ :– एयाइं** = આ **अट्ठ ठाणाइं** = આઠ સ્થાન(દોષો)ને **परिवज्जित्तु** = ત્યાગીને **पण्णवं** = બુદ્ધિમાન **संजए** = સંયમી, સાધુ **काले** = યથા સમયે **असावज्जं** = નિરવદ્ય અને **मियं** = પરિમિત **भासं** = ભાષા **भासिज्ज** = બોલે.

**ભાવાર્થ :–** પ્રજ્ઞાશીલ સંયમી સાધુ આઠ(પૂર્વોક્ત) સ્થાનોને તજીને યથાસમયે દોષરહિત-નિરવદ્ય અને પરિમિત ભાષા બોલે. અર્થાત્ ઉપર્યુક્ત ક્રોધાદિ આઠ દોષોને છોડી સમયે-સમયે હિત-મિત અને પાપ રહિત નિર્દોષ ભાષા બોલે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં ભાષા સમિતિનું પ્રતિપાદન છે.

**कोहे माणे... :–** સાધુનું લક્ષ્ય વચનગુપ્તિનું અથવા મૌન રહેવાનું હોય છે. આવશ્યક કાર્ય અંગે બોલવાની જરૂર પડે ત્યારે સૂત્રોક્ત ક્રોધાદિ આઠ સ્થાનનો ત્યાગ કરીને નિરવદ્ય ભાષા પ્રયોગ કરવાથી ભાષા સમિતિનું પાલન થાય છે. અન્ય જીવોની હિંસા ન થાય, દુઃખ ન થાય અને પોતાની સંયમ મર્યાદા જળવાઈ રહે તેવી ભાષા બોલવી, તે જ ભાષા સમિતિનું પ્રયોજન છે.

ભાષાસમિતિના આ વર્ણનમાં ઈર્યાસમિતિની જેમ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવના ભેદો દ્વારા વર્ણન નથી અને એષણાસમિતિ આદિમાં પણ તે રીતે ભેદ કર્યા નથી. આ રીતે અહીં પાંચે ય સમિતિના વર્ણનમાં ભેદ-પ્રભેદ કરવાની પદ્ધતિ જુદી-જુદી છે, વર્તમાનમાં શ્રમણ પ્રતિક્રમણના સમિતિ ગુપ્તિ સંબંધી સંકલિત પાઠમાં અને પ્રચલિત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના થોકડામાં સર્વત્ર દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ ભેદ કરવામાં આવ્યા છે. તે માટે જુઓ– પરિશિષ્ટ–૩.

**असावज्जं** = અસાવદ્ય અર્થાત્ પાપ(દોષ) રહિત. ક્રોધાદિને વશ થઈને કે કોઈપણ પ્રકારના આવેશમાં બોલાતી ભાષા સાવદ્ય ભાષા કહેવાય છે માટે મુનિએ બોલતી વખતે ક્રોધાદિના આવેશનો ત્યાગ કરવો જોઈએ અને કષાયવશ થઈને કંઈપણ બોલવું નહીં.

**એષણા સમિતિ :–**

**૧૧** **गवेसणाए गहणे य, परिभोगेसणा य जा ।**
**आहारोवहि सेज्जाए, एए तिण्णि विसोहए ॥**

**શબ્દાર્થ :– आहारोवहि-सेज्जाए** = આહાર, ઉપધિ અને શય્યાની **गवेसणाए** = ગવેષણા **य** = અને **गहणे** = ગ્રહણૈષણા, ગૃહસ્થને ત્યાંથી આહારાદિ ગ્રહણ કરતા સમયની શુદ્ધિ **य** = તથા **परिभोगेसणा**

= પરિભોગેષણા–ભોગવવા સમયની શુદ્ધિ **एए** = આ પ્રત્યેકની **जा** = જે **तिण्णि** = ત્રણ ત્રણ એષણા **विसोहए** = તેની વિશુદ્ધિ કરે.

**ભાવાર્થ :–** આહાર, ઉપધિ અને શય્યાની ગવેષણા, ગ્રહણૈષણા અને પરિભોગૈષણા આ ત્રણે ય સંબંધી દોષો ટાળી વિશુદ્ધિ જાળવવી જોઈએ.

**१२** **उग्गमुप्पायणं पढमे, बीए सोहेज्ज एसणं ।**
**परिभोयम्मि चउक्कं, विसोहेज्ज जयं जई ॥**

**શબ્દાર્થ :–** **जयं** = યતનાવાન **जई** = યતિ, સાધુ **पढमे** = પ્રથમ ગવેષણૈષણામાં **उग्गमुप्पायणं** = ઉદ્‌ગમના ૧૬ અને ઉત્પાદનના ૧૬ દોષોની અને **बीए** = બીજી ગ્રહણૈષણામાં **एसणं** = એષણાના શંકિતાદિ ૧૦ દોષોની **सोहेज्ज** = શુદ્ધિ કરે તથા **परिभोयम्मि** = પરિભોગૈષણામાં **चउक्कं** = સંયોજના, પ્રમાણ, અગ્નિ, ધૂમાડો આ ચાર દોષોની **विसोहेज्ज** = વિશુદ્ધિ કરે.

**ભાવાર્થ :–** યતનાપૂર્વક પ્રવૃત્તિ કરનાર સાધુ પ્રથમ આહારાદિની ગવેષણામાં સોળ ઉદ્‌ગમના અને સોળ ઉત્પાદન દોષોનું શોધન કરે, બીજી ગ્રહણૈષણામાં શંકિત આદિ એષણાના દસ દોષોનું શોધન કરે, પરિભોગૈષણામાં સંયોજનાદિ ચાર દોષનું શોધન કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં એષણા સમિતિની શુદ્ધિ માટે ત્રણ પ્રકારની એષણાનું પ્રતિપાદન છે.

**गवेषणा :–** ગાયની જેમ એષણા અર્થાત્ શુદ્ધ આહારની શોધ કરવી. સોળ ઉદ્‌ગમ અને સોળ ઉત્પાદનના દોષરહિત આહાર, પાણી શોધવા તે ગવેષણા છે.

**ग्रहणैषणा :–** **ग्रहण**નો અર્થ છે વિશુદ્ધ આહાર લેવો અર્થાત્ આહાર ગ્રહણ સંબંધી **શંકિત** આદિ દશ દોષો ટાળીને આહાર ગ્રહણ કરવો તે ગ્રહણૈષણા કહેવાય છે.

**परिभोगैषणा :–** ભોજનના માંડલામાં બેસી આહાર કરતા સમયે માંડલાના દોષો ટાળીને ભોજન કરવું તે પરિભોગૈષણા છે.

તેમાં સંયોજના, પ્રમાણ, અંગાર અને ધૂમ આ ચાર દોષોનું શોધન કરવાનું છે. અન્યત્ર પરિભોગૈષણાના પાંચ દોષ માનીને કુલ ૧૬+૧૬+૧૦+૫ = ૪૭ દોષોની ગણના કરી છે. ૪૭ દોષોના વિસ્તૃત વિવેચન માટે જુઓ– શ્રી દશવૈકાલિક સૂત્રનું પરિશિષ્ટ : પૃષ્ઠ–૫૩૦.

આ રીતે આહાર-પાણી, વસ્ત્ર-પાત્ર, સ્થાન અને બાજોઠ, પાટિયા, પથારી માટે ઘાસ આદિ દરેક વસ્તુ ત્રણે પ્રકારની એષણાની શુદ્ધિથી ગ્રહણ કરવી અને તેનો ઉપયોગ કરવો તેને ત્રીજી એષણા સમિતિ કહે છે.

**આદાન નિક્ષેપ સમિતિ :–**

**१३** **ओहोवहोवग्गहियं, भंडयं दुविहं मुणी ।**
**गिण्हंतो णिक्खिवंतो य, पउंजेज्ज इमं विहिं ॥**

**શબ્દાર્થ :–** **ओहोवहोवग्गहियं** = ઓઘ-સામાન્ય ઉપધિ અને ઔપગ્રહિક–વિશેષ ઉપધિ **दुविहं** = આ બંને પ્રકારની ઉપધિ **भंडयं** = ભંડોપકરણને **गिण्हंतो** = ગ્રહણ કરતા **य** = અને **णिक्खिवंतो** =

મૂકતા **मुणी** = મુનિ **इमं** = આ **विहिं** = વિધિનો **पउंजेज्ज** = પ્રયોગ કરે.

**ભાવાર્થ :–** મુનિરાજે સામાન્ય રીતે હંમેશાં રાખવાના 'સામાન્ય ઉપકરણ' અને વિશેષ પરિસ્થિતિમાં ગ્રહણ કરાય તેવા 'વિશેષ ઉપકરણ', આ બંને પ્રકારના ઉપકરણોને લેવા-મૂકવામાં નિમ્નોક્ત વિધિનો પ્રયોગ કરવો જોઈએ.

**१४** **चक्खुसा पडिलेहित्ता, पमज्जेज्ज जयं जई ।**
**आइए णिक्खिवेज्जा वा, दुहओ वि समिए सया ॥**

**શબ્દાર્થ :–** **समिए** = સમિતિવંત **जइ** = યતિ, સાધુ **सया** = સદૈવ **जयं** = યતનાપૂર્વક **चक्खुसा** = આંખોથી **पडिलेहित्ता** = જોઈને અને **पमज्जेज्ज** = પ્રમાર્જન કરીને **दुहओ वि** = બંને પ્રકારની ઉપધિને **आइए** = ગ્રહણ કરે **वा** = અથવા, તથા **णिक्खिवेज्जा** = મૂકે.

**ભાવાર્થ :–** સમિતિવાન અને યતનાપૂર્વક પ્રવૃત્તિ કરનારા મુનિ પૂર્વોક્ત બંને પ્રકારના ઉપકરણોને હંમેશાં આંખોથી પ્રતિલેખન(નિરીક્ષણ) કરીને, પ્રમાર્જન કરીને ગ્રહણ કરે અને મૂકે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં આદાન નિક્ષેપ સમિતિની શુદ્ધિનું કથન છે. આદાન = ગ્રહણ કરવું, નિક્ષેપ = મૂકવું. સંયમી જીવનમાં ઉપકરણો ગ્રહણ કરતાં અને નીચે મૂકતાં વિવેક રાખવો, તેને આદાન સમિતિ કહે છે. સાધુઓ સંયમ યાત્રાના નિર્વાહ માટે બે પ્રકારની ઉપધિનો ઉપયોગ કરી શકે છે– (૧) ઔઘિક ઉપધિ અને (૨) ઔપગ્રહિક ઉપધિ.

**(૧) ઔઘિક ઉપધિ :– नित्य ग्राह्यलक्षणं मुखवस्त्रिका-रजोहरणादिकम् ।** સામાન્ય રીતે દરેક સાધુ હંમેશાં જેને ધારણ કરે, તેવા વસ્ત્ર, પાત્ર, મુહપત્તિ, રજોહરણ આદિ ઔઘિક ઉપધિ કહેવાય છે.

**(૨) ઔપગ્રહિક ઉપધિ :– कारणग्राह्य लक्षणं उपकरणम् ।** વિશેષ પરિસ્થિતિમાં સાધુ જેને ધારણ કરે તે પાટ, પાટલા, ઔષધિ આદિ પાઢીયારી ઔપગ્રહિક ઉપધિ કહેવાય છે.

**पडिलेहित्ता पमज्जेज्ज :–** ઉક્ત બંને પ્રકારની ઉપધિનું પ્રતિલેખન અને પ્રમાર્જન કરીને પછી તેનો ઉપયોગ કરવો જોઈએ. ઉપકરણોને ગ્રહણ કરતાં કે નીચે મૂકતા પહેલાં પ્રથમ તેનું વ્યવસ્થિત રીતે અવલોકન કરવાને, જોવાને **પ્રતિલેખન** કહે છે. ત્યાર પછી તેના ઉપર કોઈ જીવજંતુ કે સચેત રજ આદિ હોય, તો તેને ગુચ્છા કે રજોહરણથી યતનાપૂર્વક દૂર કરવાને **પ્રમાર્જન** કહે છે. આ રીતે પહેલાં પ્રતિલેખન અને ત્યાર પછી પ્રમાર્જન, આ બંને ક્રિયા ક્રમશઃ થાય છે.

**પરિષ્ઠાપના સમિતિ :–**

**१५** **उच्चारं पासवणं, खेलं सिंघाण जल्लियं ।**
**आहारं उवहिं देहं, अण्णं वावि तहाविहं ॥**

**શબ્દાર્થ :–** **उच्चारं** = વડીનીત(મળ) **पासवणं** = પ્રસ્રવણ, લઘુનીત(મૂત્ર) **खेलं** = કફ **सिंघाण** = નાકનો મેલ **जल्लियं** = શરીરનો મેલ **आहारं** = કારણવશ જે આહારને પરઠવો પડે તે આહાર **उवहिं** = જીર્ણ વસ્ત્રાદિ ઉપધિ **देहं** = મૃત શરીર **वा वि** = અથવા **तहाविहं** = આ પ્રકારની **अण्णं** = અન્ય કોઈ વસ્તુ પરઠવા યોગ્ય હોય.

**ભાવાર્થ :–** પરિષ્ઠાપન સમિતિવાન સાધુ મળ, મૂત્ર, કફ, નાકનો મેલ, શરીરનો મેલ, ત્યાજ્ય આહાર, ઉપકરણ, મૃતદેહ તેમજ બીજી કોઈ ત્યાજ્ય વસ્તુનો વિવેકપૂર્વક નિર્જીવ ભૂમિમાં ત્યાગ કરે.

**१६** **अणावायमसंलोए, अणावाए चेव होइ संलोए ।**
**आवायमसंलोए, आवाए चेव संलोए ॥**

**શબ્દાર્થ :– अणावायमसंलोए** = જ્યાં કોઈ આવતું-જતું ન હોય અને જોતું પણ ન હોય **चेव** = અને **अणावाए संलोए** = જ્યાં કોઈ આવતાં જતાં ન હોય પણ દૂરથી જોતાં હોય **आवायमसंलोए** = જ્યાં લોકો આવતાં જતાં હોય પણ જોતાં ન હોય **आवाए संलोए** = જ્યાં કોઈ આવતાં જતાં હોય અને જોતાં પણ હોય.

**ભાવાર્થ :–** (૧) જ્યાં લોકોનું આવાગમન ન હોય અને દૂરથી કોઈ જોતાં પણ ન હોય (૨) લોકોનું આવાગમન ન હોય પણ દૂરથી કોઈ જોતાં હોય (૩) લોકોનું આવાગમન હોય પણ કોઈ જોતાં ન હોય (૪) લોકોનું આવાગમન હોય અને તેઓ જોતાં પણ હોય. આમ સ્થંડિલભૂમિ ચાર પ્રકારની હોય છે.

**१७** **अणावायमसंलोए, परस्सणुवघाइए ।**
**समे अज्झुसिरे यावि, अचिर कालकयम्मि य ॥**

**१८** **वित्थिण्णे दूरमोगाढे, णासण्णे बिल वज्जिए ।**
**तसपाण बीयरहिए, उच्चाराईणि वोसिरे ॥**

**શબ્દાર્થ :– परस्स** = બીજા લોકોને **अणुवघाइए** = અનુપઘાત– દુઃખકારી ન હોય, આપત્તિજનક ન હોય **समे** = ઊંચી-નીચી ભૂમિ ન હોય(સમતલ ભૂમિ હોય) **अज्झुसिरे** = પોલાણ ન હોય, ઘાસ-પાંદડા વગેરેથી ઢંકાયેલી ન હોય, સ્વચ્છ(સાફ) જમીન હોય **यावि** = અને **अचिर-काल-कयम्मि** = જે ભૂમિ દાહ(અગ્નિ) વગેરેથી થોડા સમય પૂર્વે અચિત્ત થઈ હોય **वित्थिण्णे** = વિશાળ ભૂમિ હોય અથવા ઓછામાં ઓછી એક હાથ લાંબી-પહોળી હોય **दूरमोगाढे** = જ્યાં ઓછામાં ઓછી ચાર અંગુલ નીચે જમીન અચિત્ત હોય **ण आसण्णे** = જ્યાં ગામ, બગીચો વગેરે નજીક ન હોય **बिलवज्जिए** = જ્યાં ઉંદર વગેરેનાં દર ન હોય **तसपाण बीयरहिए** = જ્યાં બેઈન્દ્રિયાદિ ત્રસ જીવ તથા બીજ આદિ ન હોય **उच्चाराईणि** = મળ-મૂત્ર વગેરેનો **वोसिरे** = ત્યાગ કરે.

**ભાવાર્થ :–** જે ભૂમિ (૧) લોકોના આવાગમન રહિત હોય અને કોઈ જોતાં ન હોય (૨) પરોપઘાતથી રહિત હોય અર્થાત્ અન્ય લોકોને દુઃખ જનક ન હોય (૩) સમતળ હોય (૪) પોલી ન હોય (૫) તેમજ થોડા સમય પહેલાં(દાહ વગેરેથી)અચિત્ત બની ગઈ હોય (૬) વિસ્તૃત હોય (૭) ઘણે નીચે(ચાર આંગુલ) સુધી અચિત્ત હોય (૮) ગામ, બગીચા આદિ વસ્તીની નજીક ન હોય (૯) બિલ(દર) રહિત હોય (૧૦) ત્રસ પ્રાણીઓ અને બીજ વગેરેથી રહિત હોય; તેવી ભૂમિમાં મળ-મૂત્ર વગેરેનો ત્યાગ કરવો જોઈએ. ॥ ૧૭–૧૮॥

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં પરિષ્ઠાપના સમિતિનું વિસ્તૃત વિવેચન છે. તેની શુદ્ધિ માટે આ ગાથાઓમાં દશ બોલનું કથન છે.

**(૧) अणावायमसंलोए :–** અનાપાત અસંલોક = જ્યાં લોકોનું આવાગમન ન હોય અને દૂરથી કોઈ જોતાં પણ ન હોય તેવી ભૂમિમાં પરઠવું જોઈએ. લોકોના આવાગમનવાળા સ્થાનમાં પરઠવાથી લોકોને

ધર્મ પ્રત્યે ઘૃણા થવાની સંભાવના રહે છે.

**(૨) परस्स अणुवघाइए:–** અનુપઘાત– જે ભૂમિમાં પરઠવાથી અન્ય કોઈ પણ જીવોને, આસપાસમાં રહેનારા ગૃહસ્થોને, કોઈ પણ પ્રકારે દુઃખ થાય, દુર્ગંધ વગેરેથી અણગમો થાય, ક્લેશ થાય, ધર્મની નિંદા થાય, ગૃહસ્થો પરઠવાનો નિષેધ કરે; તો તેવું સ્થાન ઉપઘાતયુક્ત કહેવાય છે. શ્રમણોએ તેવા સ્થાનમાં પરઠવું જોઈએ નહીં પરંતુ સર્વ પ્રકારના ઉપઘાતથી રહિત સ્થાનમાં પરઠવું જોઈએ.

**(૩) समे :–** સમતલ ભૂમિ. પરઠવા યોગ્ય ભૂમિ સમતલ હોવી જરૂરી છે. જો તે ભૂમિ ખાડા-ટેકરાવાળી કે ઢાળવાળી હોય, તો તેમાં પરઠેલા પદાર્થો ખાડામાં ભરાઈ જતાં અને ઢાળવાળા સ્થાનમાંથી પરઠેલા પદાર્થનો રેલો ઘણો દૂર સુધી જાવતાં, જીવ હિંસાની સંભાવના રહે છે.

**(૪) अज्झुसिरे :–** પોલાણરહિત. પોલાણવાળી ભૂમિનું પ્રતિલેખન યથાર્થ રીતે થતું નથી. તેથી ત્યાં પરઠવામાં જીવહિંસાની સંભાવના હોય છે.

**(૫) अचिरकालकयम्मि :–** થોડા સમય પહેલાં જ નિર્જીવ થયેલી ભૂમિ. **दाहादिना स्वल्पकाल निर्वर्तिते, चिरकालकृते हि पुनः संमूर्छन्त्येव पृथ्वीकायादयः** । અગ્નિ આદિથી અલ્પ સમય પૂર્વે જ અચિત્ત થયેલી ભૂમિ પરઠવા યોગ્ય છે. જો તે ભૂમિ ચિરકાલ પહેલાં અચિત્ત થયેલી હોય, તો તે પુનઃ પૃથ્વીકાયાદિ જીવોની ઉત્પત્તિથી સચિત્ત બની જાય, તેવી સંભાવના રહે છે. તેથી સૂત્રકારે **अचिरकाल...**શબ્દ પ્રયોગ કર્યો છે.

**(૬) वित्थिण्णे :–** વિસ્તીર્ણ ભૂમિ. પરઠવા યોગ્ય ભૂમિ ઓછામાં ઓછી એક હાથ પ્રમાણ પહોળી હોવી જરૂરી છે. અત્યંત સાંકડી ભૂમિમાં પરઠવાથી તેમાં સંમૂર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ થઈ શકે છે.

**(૭) दूरमोगाढे :–** નીચે ચાર અંગુલ પ્રમાણ અચિત્ત થયેલી ભૂમિ. વિસ્તીર્ણ ભૂમિમાં પરઠેલા પદાર્થો ભૂમિમાં જો નીચે ઉતરે તો થોડે સુધી નીચે ઉતરે. નીચેની ચાર અંગુલ પ્રમાણ અચિત્ત ભૂમિ હોય, તો જીવ વિરાધના થતી નથી.

**(૮) ण आसण्णे :–** ગામ, ઉદ્યાન વગેરેથી નજીક ન હોય તેવી ભૂમિ. ગામ, ઉદ્યાન વગેરે જનસમૂહના આવાગમનના સ્થાનમાં પરઠવાથી ધર્મની હિલના થાય છે. તેમજ ક્યારેક જીવવિરાધના પણ થાય છે.

**(૯) बिलवज्जिए :–** બિલ, દર રહિત ભૂમિ. જ્યાં કીડી, મકોડાના દર હોય, તે ઉપરાંત અન્ય ક્ષુદ્ર જંતુઓને રહેવાના સ્થાન હોય તે સ્થાનમાં પરઠવાથી જીવહિંસા થાય કે આત્મ વિરાધના થાય છે.

**(૧૦) तसपाण बीयरहिए :–** ત્રસ પ્રાણી અને બીજ રહિત ભૂમિ. તેવી ભૂમિમાં પરઠવાથી જ જીવદયાનું લક્ષ્ય સિદ્ધ થાય છે. અહીં 'બીજ'ના ઉપલક્ષણથી સર્વ સ્થાવર જીવોનું ગ્રહણ થઈ જાય છે.

આ રીતે પરઠવા કે ત્યાગ કરવા યોગ્ય પદાર્થોનો ત્યાગ કરવો, તે પણ સાધુ જીવનની એક મહત્ત્વની ક્રિયા છે. અયોગ્ય સ્થાને પરઠવાથી જીવવિરાધના, સંયમવિરાધના, ગંદકી, રોગ ઉપદ્રવ, ધર્મની હિલના વગેરે અનેક દોષોની સંભાવના છે. તેથી સૂત્રોક્ત દશ બોલ યુક્ત ભૂમિમાં ઉપયોગપૂર્વક પરઠવાની ક્રિયા કરવી જોઈએ. સૂત્રકારે પરઠવાની ક્રિયા માટે પણ આટલી સાવધાની રાખવાનું સૂચન કરીને જૈન દર્શનના સામાજિક, વૈજ્ઞાનિક અને ધાર્મિક દષ્ટિકોણનો અદ્‌ભુત સમન્વય કર્યો છે.

**સમિતિઓનો ઉપસંહાર અને ગુપ્તિઓનો પ્રારંભ :–**

**१९** **एयाओ पंच समिईओ, समासेण वियाहिया ।**
**एत्तो य तओ गुत्तीओ, वोच्छामि अणुपुव्वसो ॥**

**શબ્દાર્થ :– एयाओ** = આ **पंच** = પાંચ **समिईओ** = સમિતિઓ **समासेण** = સંક્ષેપથી **वियाहिया** = કહી છે **एत्तो** = હવે ત્યાર પછી **तओ** = ત્રણ **गुत्तीओ** = ગુપ્તિઓનું **अणुपुव्वसो** = અનુક્રમથી **वोच्छामि** = વર્ણન કરીશ.

**ભાવાર્થ :–** આ પાંચ સમિતિઓ સંક્ષેપમાં કહી છે. હવે પછી ત્રણ ગુપ્તિઓનું અનુક્રમે વર્ણન કરીશ.

**મનગુપ્તિ :–**

**૨૦** **सच्चा तहेव मोसा य, सच्चामोसा तहेव य ।**
**चउत्थी असच्चमोसा य, मणगुत्ती चउव्विहा ॥**

**શબ્દાર્થ :– सच्चा** = સત્ય **य** = અને **मोसा** = મૃષા, અસત્ય **तहेव** = તથા **सच्चामोसा** = સત્ય મૃષા, મિશ્ર **तहेव य** = અને **चउत्थी** = ચોથી **असच्चमोसा** = અસત્ય અમૃષા, વ્યવહાર **मणगुत्ती** = મનોગુપ્તિ **चउव्विहा** = ચાર પ્રકારની કહી છે.

**ભાવાર્થ :–** મનોગુપ્તિના ચાર પ્રકાર છે– સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર. આ ચારે ય પ્રકારના મનોવ્યાપારને યથાશક્ય રોકવો, તે ચાર પ્રકારની ગુપ્તિ છે.

**૨૧** **संरंभ समारंभे, आरंभे य तहेव य ।**
**मणं पवत्तमाणं तु, णियत्तेज्ज जयं जई ॥**

**શબ્દાર્થ :– संरंभ** = માનસિક હિંસાનો સંકલ્પ **समारंभे** = સંકલ્પિત હિંસા માટે મનમાં જ શસ્ત્ર-સાધન ગ્રહણ કરવા **तहेव य** = અને **आरंभे** = મનથી હિંસાની પ્રવૃત્તિને કાર્યાન્વિત કરવી **पवत्तमाणं** = પ્રવૃત્તિ કરતાં, પ્રવૃત્ત થતાં **मणं** = મનને **जई** = સાધુ **जयं** = યત્નાપૂર્વક **णियत्तेज्ज** = હટાવી લે.

**ભાવાર્થ :–** મન ગુપ્તિની સાધના માટે મુનિઓએ સંરંભ, સમારંભ અને આરંભ, આ ત્રણમાં પ્રવૃત્ત થતાં મનનો યતનાપૂર્વક નિરોધ(નિગ્રહ) કરવો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં મનગુપ્તિનું સ્વરૂપ, તેના ભેદ અને તેની સાધનાની પદ્ધતિ પ્રદર્શિત કરી છે.

**મનગુપ્તિ–** મનના શુભ અને અશુભ વિચારોને રોકવા અને તેને શુભમાં પરિણમિત કરવા તેમજ સર્વ સંકલ્પ વિકલ્પોને રોકવા, નિર્વિકલ્પ દશાની પ્રાપ્તિ માટે અભ્યાસ કરવો તે મનગુપ્તિ છે.

**सच्चा तहेव मोसा... :–** સૂત્રકારે મનના ચાર ભેદના આધારે મનગુપ્તિના ચાર ભેદ કર્યા છે. મનના ચાર ભેદ આ પ્રમાણે છે– સત્યમન, અસત્યમન, મિશ્રમન અને વ્યવહાર મન. આ ચારે પ્રકારના મનની વિચારણાનો વિવેકપૂર્વક નિરોધ કરવો, તે મનગુપ્તિ છે. (૧) સત્યમનનો નિરોધ કરવો, તે **સત્યમનગુપ્તિ** છે. (૨) અસત્યમનનો નિરોધ કરવો, તે **અસત્યમનગુપ્તિ** છે. (૩) મિશ્રમનનો નિરોધ કરવો, તે **મિશ્રમન-ગુપ્તિ** છે. (૪) વ્યવહાર મનનો નિરોધ કરવો, તે **વ્યવહાર મનગુપ્તિ** છે.

**संरंभ समारंभे... :–** મનગુપ્તિની સાધના કરવા માટે મન દ્વારા થતી ત્રણ પ્રકારની પાપકારી વિચારણાનો નિરોધ કરવા પુરુષાર્થ કરવો જોઈએ– **(૧) સંરંભ–** હિંસાકારી કાર્યનો મનમાં સંકલ્પ કરવો **(૨) સમારંભ–** સંકલ્પિત હિંસા માટે આવશ્યક શસ્ત્રાદિનું મનથી જ ગ્રહણ કરવું **(૩) આરંભ–** મનથી જ હિંસાનો પ્રારંભ કરી દેવો. યથા– પ્રસન્નચંદ્રરાજર્ષિ. આ ત્રણે પ્રકારની પાપકારી વિચારણા

થવા ન દેવી અને કયારેક કોઈ નિમિત્તથી મન આવા પાપકારી વિચારોમાં પ્રવૃત્ત થઈ જાય, તો તેને **णियत्तेज्ज जयं** = યતનાપૂર્વક અર્થાત્ જ્ઞાન અને વિવેકપૂર્વક પાછું વાળવું, તે જ મનગુપ્તિની સાધના છે.

**વચનગુપ્તિ :–**

**૨૨** **सच्चा तहेव मोसा य, सच्चामोसा तहेव य ।**
**चउत्थी असच्चमोसा य, वयगुत्ती चउव्विहा ॥**

**ભાવાર્થ :–** વચનગુપ્તિના ચાર પ્રકાર– સત્યા, મૃષા, સત્યામૃષા, અસત્યામૃષા છે. આ ચારે ય પ્રકારના વચન પ્રયોગને રોકવા, તે ચાર પ્રકારની વચનગુપ્તિ છે.

**૨૩** **संरंभ समारंभे, आरंभे य तहेव य ।**
**वयं पवत्तमाणं तु, णियत्तेज्ज जयं जई ॥**

**ભાવાર્થ :–** વચન ગુપ્તિની સાધના માટે યતનાવાન્ મુનિએ સંરંભ, સમારંભ અને આરંભમાં પ્રવૃત્ત થતાં પૂર્વોક્ત ચારે ય પ્રકારના વચનોનો વિવેકપૂર્વક નિરોધ કરવો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં વચનગુપ્તિનું સ્વરૂપ, તેના ભેદ અને તેની સાધના પદ્ધતિનું પ્રતિપાદન છે.

**વચનગુપ્તિ–** પાપકારી વચનપ્રયોગને રોકવા અને નિરવદ્ય વચનો બોલવા તેમજ શુભાશુભ બંને પ્રકારના વચનનો નિરોધ કરી મૌન ધારણ કરવું, તે વચનગુપ્તિ છે.

**सच्चा तहेव मोसा य... :–** મનગુપ્તિની જેમ વચનના ચાર ભેદના આધારે વચનગુપ્તિના પણ ચાર પ્રકાર છે. ભાષાના ચાર પ્રકાર આ પ્રમાણે છે– સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર. તે ચારે પ્રકારની ભાષાનો વિવેકપૂર્વક નિગ્રહ કરવો, તેવા વચનોનો પ્રયોગ કરતા આત્માને રોકવો, તે વચન ગુપ્તિ છે.

**संरंभ समारंभे... :–** વચનગુપ્તિની સાધના માટે વચન દ્વારા થતી ત્રણ પ્રકારની પાપકારી વિચારણાનો નિરોધ કરવો જોઈએ– **(૧) સંરંભ–** હિંસાકારી સંકલ્પને વચન દ્વારા પ્રગટ કરવો. **(૨) સમારંભ–** હિંસાકારી શસ્ત્રોને ગ્રહણ કરવા, કરાવવા માટે વચન પ્રયોગ કરવો કે આદેશ આપવો. **(૩) આરંભ–** હિંસાકારી આદેશ કરવો કે કોઈને પ્રેરણા આપવી. યથા– યુદ્ધ કરો. આ જ રીતે બીજાનો નાશ કરવા, મંત્ર જાપના સંકલ્પને બોલીને પ્રગટ કરવો; જાપની તૈયારી માટે આદેશ-વચન બોલવા અને જાપ કરવા, કરાવવા રૂપ વચન પ્રયોગ; આ ત્રણે પ્રવૃત્તિ ક્રમશઃ વચનથી સંરંભ, સમારંભ અને આરંભ રૂપ થાય છે.

આ રીતે વચન સંબંધી સંરંભ, સમારંભ અને આરંભના સ્વરૂપને જાણીને, તેવા વચન પ્રયોગ કરવા નહીં અને તેવા વચન પ્રયોગ થઈ જાય, તો યતનાપૂર્વક તેનાથી નિવૃત્ત થઈ જવું, જ્ઞાન અને વિવેકપૂર્વક તેવા વચન પ્રયોગથી આત્માને પાછો વાળવો. તેવા વચનપ્રયોગના કારણભૂત આવેગને શાંત કરવો, તે વચન ગુપ્તિની સાધના છે. સંક્ષેપમાં આ ત્રણે ય પ્રકારનાં વચનો ન બોલવા અને મૌન રાખવું, તે વચનગુપ્તિ છે.

**કાયગુપ્તિ :–**

**૨૪** **ठाणे णिसीयणे चेव, तहेव य तुयट्टणे ।**
**उल्लंघणे पल्लंघणे, इंदियाण य जुंजणे ॥**

**શબ્દાર્થ :– ठाणे** = ઊભા રહેવામાં **णिसीयणे** = બેસવામાં **चेव** = અને **तुयट्टणे** = સૂવામાં **तहेव** = તથા **उल्लंघणे** = ઊંચી ભૂમિ તથા ખાડા વગેરેને ઓળંગવામાં **पल्लंघणे** = વારંવાર ઓળંગવામાં તથા સીધા ચાલવામાં **य** = અને **इंदियाण** = ઈન્દ્રિયોની **जुंजणे** = શબ્દાદિ વિષયોની પ્રવૃત્તિ કરવામાં.

**ભાવાર્થ :–** ઊભા રહેવામાં, બેસવામાં, સૂવામાં, ખાડા વગેરે ઓળંગવામાં, વારંવાર ખાડા વગેરે ઓળંગવામાં અથવા પાંચે ઈન્દ્રિયોના પ્રવર્તનમાં કાયગુપ્તિ રાખવી.

**२५** **संरंभ समारंभे, आरंभे य तहेव य ।**
**कायं पवत्तमाणं तु, णियत्तेज्ज जयं जई ॥**

**ભાવાર્થ :–** કાયગુપ્તિની સાધના માટે યતનાવાન મુનિ સંરંભમાં, સમારંભમાં અને આરંભમાં પ્રવૃત્ત થતી કાયાનું યતનાપૂર્વક નિવર્તન કરવું, તેને કાયગુપ્તિ કહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં કાયગુપ્તિનું સ્વરૂપ અને કાયગુપ્તિની સાધનાની પદ્ધતિનું દર્શન કરાવ્યું છે.

**કાયગુપ્તિ–** હલનચલન આદિ કાયાથી થતી અયતનાની પ્રત્યેક પ્રવૃત્તિ પર નિયંત્રણ કરવું તેમજ કાયિક પ્રવૃત્તિનો સર્વથા નિરોધ કરવાનો અભ્યાસ કરવો તે કાયગુપ્તિ છે. સૂત્રકારે મનગુપ્તિ અને વચનગુપ્તિના ચાર ભેદની જેમ કાયગુપ્તિના કોઈ ભેદ કર્યા નથી.

**संरंभ–समारंभे... :–** કાયગુપ્તિની સાધના માટે કાયા દ્વારા થતી ત્રણ પ્રકારની પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ.

**(૧) સંરંભ–** હિંસાની પ્રવૃત્તિ માટે કાયાથી તત્પર થવું. **(૨) સમારંભ–** સાધન ઉપાડવા આદિ હિંસાની પૂર્વ ભૂમિકા તૈયાર કરવી. **(૩) આરંભ–** હિંસાકારી પ્રવૃત્તિ કરવી.

આ ત્રણે પ્રકારની કાયિક પાપપ્રવૃત્તિઓનો યતનાપૂર્વક(વિવેકપૂર્વક) નિગ્રહ કરવો અને સર્વ અયતનાની પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો, તે કાયગુપ્તિની સાધના છે. તેમજ કાયાની પ્રવૃત્તિને ઘટાડવી, તે પણ કાયગુપ્તિ છે.

**સમિતિ અને ગુપ્તિમાં ભેદ :–**

**२६** **एयाओ पंच समिईओ, चरणस्स य पवत्तणे ।**
**गुत्ती णियत्तणे वुत्ता, असुभत्थेसु सव्वसो ॥**

**શબ્દાર્થ :– एयाओ** = આ ઉપર્યુક્ત **पंच** = પાંચ **समिईओ** = સમિતિઓ **चरणस्स** = ચારિત્રની **पवत्तणे** = પ્રવૃત્તિઓને માટે **वुत्ता** = કહી છે **य** = અને **गुत्ती** = ગુપ્તિઓ **असुभत्थेसु** = અશુભ કાર્યથી **सव्वसो** = સર્વથા **णियत्तणे** = નિવૃત્તિ માટે કહી છે.

**ભાવાર્થ :–** આ પાંચ સમિતિઓ ચારિત્રની પ્રવૃત્તિ માટે છે અને ત્રણ ગુપ્તિઓ અશુભ વિષયોમાંથી સર્વથા નિવૃત્તિ માટે કહી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં સમિતિ અને ગુપ્તિના તફાવતનું સ્પષ્ટીકરણ છે.

સમિતિમાં સમ્યક્ પ્રવૃત્તિનું નિરૂપણ છે અને ગુપ્તિમાં સર્વ અશુભ પ્રવૃત્તિઓથી નિવૃત્તિનું નિરૂપણ છે. સમિતિમાં સંયમ પ્રવૃત્તિઓનું વિધાન છે અને ગુપ્તિમાં મન, વચન, કાયાની સર્વ અશુભ(આરંભયુક્ત) પ્રવૃત્તિઓનો નિરોધ કરવા રૂપ નિષેધ છે. શુભ અને અશુભ બંને પ્રકારના યોગોનો સંપૂર્ણ નિરોધ તો તેરમા ગુણસ્થાનના અંત સમયે થાય છે. પરંતુ સાધક તે લક્ષે જે જે પુરુષાર્થ કરે અને ક્રમશઃ યૌગિક પ્રવૃત્તિને ઘટાડતાં-ઘટાડતાં યોગોની સ્થિરતાને પ્રાપ્ત કરે તે સર્વ ગુપ્તિની સાધના છે.

જ્યાં સુધી આયુષ્ય કર્મની સ્થિતિ હોય ત્યાં સુધી જીવન વ્યવહાર માટે યૌગિક પ્રવૃત્તિ અનિવાર્ય બની જાય છે. સાધક અનિવાર્ય યૌગિક પ્રવૃત્તિઓ અત્યંત યતનાપૂર્વક, ગુપ્તિના લક્ષે કરે તો તે સમિતિ છે. આ રીતે સમિતિ અને ગુપ્તિ એક સિક્કાની બે બાજુ જેવા છે.

**વ્યુત્સર્ગતપ, ગુપ્તિ અને સમિતિમાં તફાવત :–** યોગોનો સંપૂર્ણ ત્યાગ, તે વ્યુત્સર્ગ તપ સાધના છે, તેની પરાકાષ્ટા શૈલેશી અવસ્થામાં થાય છે. ગુપ્તિ તેની પૂર્વ કક્ષાની સાધના છે. તેમાં અશુભયોગના ત્યાગની પ્રધાનતા છે અને સમિતિમાં સંયમ સંબંધીના આવશ્યક કાર્યોને સમ્યક્ રીતે કરવાની મુખ્યતા હોય છે.

સંક્ષેપમાં સમિતિ તે વિધિરૂપ છે અને ગુપ્તિ નિષેધરૂપ છે. સમિતિ જીવનમાં આવશ્યક સમ્યક્ આચરણોનું વિધાન કરે છે અને ગુપ્તિ સર્વ અસમ્યક્ યોગો અને આચરણોનો નિષેધ કરે છે. સમિતિ અને ગુપ્તિના સુયોગ્ય સમન્વયથી જ ચારિત્રની આરાધના ગતિમાન થાય છે.

**ઉપસંહાર :–**

**૨૭** **एसा पवयणमाया, जे सम्मं आयरे मुणी ।**
**सो खिप्पं सव्वसंसारा, विप्पमुच्चइ पंडिए ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– जे** = જે **मुणी** = મુનિ **एसा** = આ **पवयणमाया** = આઠ પ્રવચન માતાઓનું **सम्मं** = સમ્યક્ પ્રકારે **आयरे** = આચરણ કરે છે **सो** = તે **पंडिए** = પંડિત સાધુ **सव्वसंसारा** = સંસારનાં સમસ્ત બંધનોથી **खिप्पं** = શીઘ્ર **विप्पमुच्चइ** = મુક્ત થાય છે **त्ति बेमि** = એમ હું કહું છું.

**ભાવાર્થ :–** જે પંડિત મુનિ આ સમિતિ ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચન માતાનું સમ્યક્ પ્રકારે આચરણ કરે છે, તે શીઘ્ર સંસારનાં સમસ્ત બંધનોથી મુક્ત થઈ જાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથા આ અધ્યયનના ઉપસંહાર રૂપ છે. તેમાં સમિતિ-ગુપ્તિના પાલનનું અંતિમ પરિણામ પ્રદર્શિત કર્યું છે.

દ્વાદશાંગરૂપ જિન પ્રવચનનું લક્ષ્ય કર્મમલથી મુક્ત થઈ, સિદ્ધ દશા પ્રાપ્ત કરવાનું છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ તે લક્ષ્ય સિદ્ધ કરવામાં સહાયક બને છે. આ અધ્યયનમાં કથિત સમિતિ, ગુપ્તિના સ્વરૂપને હૃદયંગમ કરી સમ્યક્ પ્રકારે પાલન કરનાર સાધક જન્મ-મરણ રૂપ સંસારથી મુક્ત થઈ જાય છે.

**॥ ચોવીસમું અધ્યયન સંપૂર્ણ ॥**

# પચ્ચીસમું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનનો મુખ્ય વિષય યજ્ઞ સંબંધી હોવાથી તેનું નામ યજ્ઞીય **जण्णइज्ज** છે. ભગવાન મહાવીરના યુગમાં હિંસાપ્રધાન અને લૌકિક કામનામૂલક અથવા સ્વર્ગાદિ કામનાઓથી પ્રેરિત યજ્ઞોની પરંપરા પ્રચલિત હતી. યજ્ઞના મુખ્ય સંચાલક યાજ્ઞિકો વેદોના પારગામી બ્રાહ્મણો હતા.

★ યજ્ઞાદિ બ્રાહ્મણ સંસ્કૃતિના પ્રતિનિધિ **બ્રાહ્મણ** અને શ્રમણ સંસ્કૃતિના પ્રતિનિધિ **શ્રમણ** કહેવાતા હતા. તે સમયે બ્રાહ્મણ સંસ્કૃતિ કર્મકાંડ ઉપર ભાર આપતી હતી અને શ્રમણ સંસ્કૃતિ સમ્યગ્જ્ઞાન, દર્શન, તપ, ત્યાગ, સંયમ વગેરે અનુષ્ઠાનોને મુખ્યતા આપતી હતી. શ્રમણોનાં જ્ઞાન-દર્શન-ચારિત્રના કારણે શ્રમણ સંસ્કૃતિનો પ્રભાવ સાધારણ જનસમાજ ઉપર સીધો પડતો હતો.

★ પ્રસ્તુત અધ્યયનમાં બે ભાઈઓના કથાનકના માધ્યમથી શ્રમણ સંસ્કૃતિથી પ્રભાવિત થયેલી બ્રાહ્મણ સંસ્કૃતિનું અને ત્યારપછી શ્રમણ પરંપરાનું વિસ્તૃત વર્ણન છે.

★ વાણારસી(બનારસ) નગરીમાં જયઘોષ અને વિજયઘોષ નામના સગા બે ભાઈઓ રહેતા હતા. બંને કાશ્યપ ગોત્રીય બ્રાહ્મણ અને સંસ્કૃતના પ્રકાંડ પંડિત હતા. તેઓ પોતાના સિદ્ધાંત-વેદ અને વેદાંતના જાણકાર હતા.

★ એક દિવસ જયઘોષ ગંગા નદીએ સ્નાન કરવા ગયો. ત્યાં તેમણે એક દશ્ય જોયું– એક દેડકાને સર્પે પકડ્યો છે, તે તેને ખાઈ રહ્યો છે. સર્પને એક મોરે પકડ્યો છે, તે સાપને ખાઈ રહ્યો છે, અડધો ગળી ગયો છે; આ સ્થિતિમાં સાપ દેડકાને અને મયૂર સર્પને છોડતા નથી. ત્યાં એક શિકારીએ મોરને મારવા બાણ ઉપાડ્યું(તાક્યું). તે જ સમયે એક સિંહ પાણી પીવા ત્યાં આવ્યો. તેણે શિકારીને જોયો અને તરાપ મારી.

★ આ દશ્ય જોઈને જયઘોષ ઊંડા વિચારમાં પડી ગયો. આ સંસારમાં તો 'મત્સ્ય ગલાગલ ન્યાય' (મોટો નાનાને ગળે) ચાલી રહ્યો છે. સબળ વ્યક્તિ નિર્બળને મારવા ઈચ્છે છે. પરંતુ કાળ ક્યારે તે પ્રાણીને પોતાનો કોળિયો બનાવી લેશે તેની પ્રાણીને ખબર નથી. પરિણામે જયઘોષને સંસારની અસારતાનો અનુભવ થયો, તેનું હૃદય કંપી ઊઠ્યું.

★ તે જ સમયે તેને એક જૈનમુનિનો સમાગમ થયો. મુનિનો ઉપદેશ સાંભળી જયઘોષને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે પાંચ મહાવ્રત ધારણ કરી જૈન દીક્ષા અંગીકાર કરી લીધી. ત્યાર પછી તે તપ સંયમમાં પુરુષાર્થ કરવા લાગ્યા. વિચરતાં-વિચરતાં એક દિવસ તે બનારસ પધાર્યા. તેને માસ-ખમણની તપશ્ચર્યા હતી અને તે સમયે તેનો નાનોભાઈ વિજયઘોષ તે જ નગરીમાં યજ્ઞ કરી રહ્યો હતો. તેને ઉપદેશ આપવા તેઓ પારણાના દિવસે યજ્ઞશાળામાં પહોંચ્યા. ત્યાં તે બંનેની વચ્ચે તાત્ત્વિક પ્રશ્નોત્તર થયા.

★ જયઘોષમુનિએ યજ્ઞાયાગાદિ બાહ્ય ક્રિયાકાંડની ગૌણતા દર્શાવીને ભાવયજ્ઞની સાર્થકતા સમજાવી.

જે યજ્ઞમાં વિષયવાસનાઓ તપાગ્નિમાં ભસ્મીભૂત થાય છે અને જીવનું બ્રહ્મસ્વરૂપ પ્રગટ થાય તે જ ભાવયજ્ઞ છે. ભાવયજ્ઞથી પ્રગટ થયેલી પવિત્રતા અખંડ અને નિત્ય રહે છે.

★ જન્મથી સર્વ જીવો એક સમાન હોય છે. જીવનમાં કરેલા કૃત્યો અનુસાર તે બ્રાહ્મણ આદિ થાય છે.

★ આ રીતે જયઘોષમુનિ દ્વારા ઉપદિષ્ટ વાસ્તવિકતાના દર્શનથી અને તેના તપ-ત્યાગ અને પવિત્રતા આદિ સદ્‌ગુણોથી વિજયઘોષ બ્રાહ્મણ આકર્ષિત થયા. તેમણે ભિક્ષા ગ્રહણ કરવા માટે જયઘોષમુનિને ભાવપૂર્વક વિનંતિ કરી. પરંતુ મુનિનું લક્ષ ભાઈને સત્ય તત્ત્વ સમજાવીને સંસાર સાગરથી ઉગારવાનું હતું. તેથી પારણાની ઉપેક્ષા કરીને વિજયઘોષ સમક્ષ બ્રાહ્મણના વાસ્તવિક સ્વરૂપનું વિશદ વિશ્લેષણ કર્યું. તેનું તાદશ્ય ચિત્ર આ અધ્યયનમાં સંકલિત થયું છે. ખરેખર ! તે સત્ય તત્ત્વ માનવને જાતિ અને કુળના મિથ્યાભિમાનમાંથી મુક્ત કરવા માટે પ્રભાવશાળી છે. મુનિના સદ્‌બોધથી વિજયઘોષને બ્રાહ્મણનું વાસ્તવિક સ્વરૂપ સમજાઈ ગયું. વાસ્તવિક ધર્મ સ્વરૂપ સમજાઈ જતાં તે સંસારથી વિરક્ત થઈ પ્રવ્રજિત થઈ ગયા. શ્રમણ ધર્મની સમ્યક્ સાધના કરીને જયઘોષ અને વિજયઘોષ બંને સગા ભાઈઓ તે જ ભવે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા.

❖❖❖❖❖

# પચીસમું અધ્યયન

## યજ્ઞીય

**મુનિ જયઘોષનું વિજયઘોષને ત્યાં આગમન :-**

**૧** **माहण कुल संभूओ, आसी विप्पो महाजसो ।**
**जायाई जम्मजण्णम्मि, जयघोसित्ति णामओ ॥**

**શબ્દાર્થ :– माहण कुल संभूओ** = બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન **महाजसो** = મહાયશસ્વી **जम्मजण्णम्मि जायाई** = યમ-નિયમરૂપ ભાવયજ્ઞ કરનાર **जयघोसित्ति णामओ** = જયઘોષ નામના **विप्पो** = વિપ્ર, બ્રાહ્મણ **आसी** = હતા.

**ભાવાર્થ :–** બ્રાહ્મણ કુળમાં જન્મેલા મહાયશસ્વી જયઘોષ નામે બ્રાહ્મણ હતા, તે અહિંસક યમ-નિયમરૂપ યજ્ઞમાં રત હતા.

**૨** **इंदियग्गाम णिग्गाही, मग्गगामी महामुणी ।**
**गामाणुगामं रीयंतो, पत्तो वाणारसिं पुरिं ॥**

**શબ્દાર્થ :– इंदियग्गाम–णिग्गाही** = ઈન્દ્રિયોના સમૂહને વશમાં રાખનાર **मग्गगामी** = મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરનાર **महामुणी** =(તે)જયઘોષ મહામુનિ **गामाणुगामं** = એક ગામથી બીજે ગામ **रीयंतो** = વિહાર કરતાં **वाणारसिं पुरिं** = વારાણસી નગરીમાં **पत्तो** = પ્રાપ્ત થયા, પધાર્યા

**ભાવાર્થ :–** ઈન્દ્રિયોનો નિગ્રહ કરનાર, મોક્ષ માર્ગગામી મહા મુનિ(જયઘોષ) એક ગામથી બીજે ગામ વિહાર કરતાં કરતાં એક દિવસ વારાણસી નગરીમાં પધાર્યા.

**૩** **वाणारसीए बहिया, उज्जाणम्मि मणोरमे ।**
**फासुए सेज्जसंथारे, तत्थ वासमुवागए ॥**

**શબ્દાર્થ :– तत्थ** = તે **वाणारसीए** = વારાણસી નગરીની **बहिया** = બહાર **फासुए** = પ્રાસુક **सेज्ज** = શય્યા, સ્થાન **संथारे** = સંસ્તારક, પાટ, પાટલા **मणोरमे** = મનોહર **उज्जाणम्मि** = બગીચામાં, ઉદ્યાનમાં **वासं उवागए** = વાસ કર્યો, રોકાયા.

**ભાવાર્થ :–** તે મુનિએ વારાણસી નગરીની બહાર જ્યાં પ્રાસુક સ્થાન અને સંસ્તારક ઉપલબ્ધ હતા, તેવા એક મનોહર ઉદ્યાનમાં નિવાસ કર્યો.

**૪** **अह तेणेव कालेणं, पुरीए तत्थ माहणे ।**
**विजयघोसित्ति णामेणं, जण्णं जयइ वेयवी ॥**

**શબ્દાર્થ :– अह** = અથ **तेणेव कालेणं** = તે સમયે **तत्थ** = તે **पुरीए** = નગરીમાં **वेयवी** = વેદવિદ્, વેદનો

જ્ઞાતા **विजयघोसि त्ति णामेणं** = વિજયઘોષ નામનો **माहणे** = બ્રાહ્મણ **जण्णं** = યજ્ઞ **जयइ** = કરતો હતો.

**ભાવાર્થ :–** તે જ વખતે તે શહેરમાં(બનારસમાં) વેદનો જ્ઞાતા વિજયઘોષ નામનો બ્રાહ્મણ યજ્ઞ કરતો હતો.

**૫** **अह से तत्थ अणगारे, मासक्खमण पारणे ।**
**विजयघोसस्स जण्णम्मि, भिक्खमट्ठा उवट्ठिए ॥**

**શબ્દાર્થ :– अह** = હવે **से** = તે જયઘોષ **अणगारे** = મુનિ **मासक्खमण पारणे** = માસખમણના પારણાના દિવસે **विजयघोसस्स** = વિજયઘોષ બ્રાહ્મણની **जण्णम्मि** = યજ્ઞશાળામાં **भिक्खमट्ठा** = ભિક્ષાને માટે **उवट्ठिए** = પધાર્યા.

**ભાવાર્થ :–** તે જયઘોષ મુનિ માસખમણની તપસ્યાના પારણાના દિવસે ભિક્ષા માટે વિજયઘોષની યજ્ઞ શાળામાં પધાર્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં જયઘોષ મુનિની વિહારચર્યાનું અને વિજયઘોષ બ્રાહ્મણના યજ્ઞકાંડનું તેમજ તેની યજ્ઞશાળામાં થયેલા મુનિના પદાર્પણનું પ્રતિપાદન છે.

જયઘોષનું જન્મજાત બ્રાહ્મણકુળ હતું. તેઓ વેદ-વેદાંતના પારગામી હતા. તેમ છતાં જ્યારે વેદ માન્ય યજ્ઞોથી પ્રાપ્ત થયેલી પવિત્રતા તેને ક્ષણિક લાગી, યજ્ઞોનું સત્ફળ કેવળ બાહ્ય ક્રિયાકાંડથી પ્રાપ્ત થતું નથી તે સત્ય તેને સમજાઈ ગયું ત્યારે તેણે જૈન શ્રમણપણાની દીક્ષા અંગીકાર કરી. તેઓ સંયમનો સ્વીકાર કરીને ઇન્દ્રિયોનો નિગ્રહ, વિવિધ યમ-નિયમના પાલન રૂપ ભાવ યજ્ઞની આરાધના કરી રહ્યા હતા અને વિજયઘોષ પોતાના કુળ પરંપરાના સંસ્કાર અનુસાર જીવ હિંસાયુક્ત દ્રવ્ય યજ્ઞ કરી રહ્યો હતો.

જયઘોષ મુનિ સાધુ જીવનના વ્યવહાર અનુસાર ગ્રામાનુગ્રામ વિચરતાં એકદા વાણારસી નગરીની બહારના ઉદ્યાનમાં પધાર્યા. એટલું જ નહીં પૂર્વના ઋણાનુબંધથી ખેંચાઈને માસખમણના પારણે ભિક્ષાને માટે વિજયઘોષની યજ્ઞશાળામાં ગયા.

**जण्णं जयइ :–** યજ્ઞ કરતા હતા. પ્રાચીન કાળમાં કર્મકાંડી મીમાંસકો 'યજ્ઞ'ને બ્રાહ્મણનું શ્રેષ્ઠતમ કર્તવ્ય માનતા હતા. મોટા મોટા યજ્ઞમાં પશુઓનું બલિદાન આપવામાં આવતું હતું.

**जायाई जमजण्णम्मि :–** યમ– પંચમહાવ્રત. યમયજ્ઞ એટલે પંચમહાવ્રતરૂપ યજ્ઞ, તેના યાજ્ઞિક–અર્થાત્ સંયમનું યથાર્થ પાલન કરનાર મુનિ.

**વિજયઘોષ દ્વારા ભિક્ષા આપવાનો નિષેધ :–**

**૬** **समुवट्ठियं तहिं संतं, जायगो पडिसेहए ।**
**ण हु दाहामि ते भिक्खं, भिक्खू जायाहि अण्णओ ॥**

**શબ્દાર્થ :– तहिं** = ત્યાં **समुवट्ठियं संतं** = આવેલા સંતને **पडिसेहए** = નિષેધ કરતો તે વિજયઘોષ કહેવા લાગ્યો કે **भिक्खू** = હે ભિક્ષુ ! **ते** = તને **भिक्खं ण दाहामि** = હું ભિક્ષા નહીં આપું **अण्णओ** = બીજે જઈને **जायाहि** = ભિક્ષા માંગો, યાચના કરો **जायगो** = યાજ્ઞિક.

**ભાવાર્થ :–** ત્યાં યજ્ઞશાળામાં ઉપસ્થિત થયેલા જયઘોષ મુનિને ભિક્ષા આપવાનો નિષેધ કરતા યાજ્ઞિક

વિજયઘોષે કહ્યું કે હે ભિક્ષુ ! હું તમને ભિક્ષા નહીં આપું, તમે બીજા પાસે જઈને ભિક્ષાની યાચના કરો.

**૭** **जे य वेयविउ विप्पा, जण्णट्ठा य जे दिया ।**
**जोइसंगविउ जे य, जे य धम्माण पारगा ॥**

**૮** **जे समत्था समुद्धत्तुं, परमप्पाणमेव य ।**
**तेसिं अण्णमिणं देयं, भो भिक्खू सव्वकामियं ॥**

**શબ્દાર્થ :– जे** = જે **विप्पा** = વિપ્ર, બ્રાહ્મણ **वेयविउ** = વેદોના જાણકાર **य** = અને **दिया** = દ્વિજ, બ્રાહ્મણ **जण्णट्ठा** = યજ્ઞાર્થી(યજ્ઞનો જાણકાર) **जोइसंगविउ** = જ્યોતિષનો જાણકાર અર્થાત્ શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ– આ છ અંગોનો જાણકાર **धम्माण** = ધર્મના **पारगा** = પારગામી હોય **जे** = જે **परमप्पाणमेव** = પોતાના અને બીજાના આત્માનો **समुद्धत्तुं** = ઉદ્ધાર કરવામાં **समत्था** = સમર્થ **भो भिक्खू** = હે ભિક્ષુ ! **सव्वकामियं** = સર્વકામિક, છ રસવાળું **इणं** = આ **अण्णं** = અન્ન, ઉત્તમ ભોજન **तेसिं** = એવા બ્રાહ્મણોને **देयं** = દેવા માટે છે.

**ભાવાર્થ :–** હે ભિક્ષુ ! જે બ્રાહ્મણ હોય, વેદોના જાણકાર હોય, યજ્ઞ કરનાર દ્વિજ હોય અને જ્યોતિષ આદિ અંગોના જ્ઞાતા હોય, ધર્મશાસ્ત્રોમાં પારંગત હોય તેમજ જે પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવામાં સમર્થ હોય, તેઓને દેવા માટે જ આ સર્વ રસયુક્ત ભોજન છે. ॥ ૭–૮ ॥

**૯** **सो तत्थ एवं पडिसिद्धो, जायगेण महामुणी ।**
**ण वि रुट्ठो ण वि तुट्ठो, उत्तमट्ठ गवेसओ ॥**

**શબ્દાર્થ :– तत्थ** = ત્યાં **जायगेण** = યજ્ઞ કરનાર વિજયઘોષ દ્વારા **एवं** = આ પ્રકારે **पडिसिद्धो** = ના પાડવાથી, નિષેધ કરવાથી **सो** = તે જયઘોષ **महामुणी** = મહામુનિ **ण वि रुट्ठो** = નારાજ ન થયા અને **ण वि तुट्ठो** = સંતોષ ન પામ્યા **उत्तमट्ठ–गवेसओ** = ઉત્તમ અર્થ, આત્માર્થના શોધક.

**ભાવાર્થ :–** ત્યાં આ રીતે યાજ્ઞિક વિજયઘોષ દ્વારા ભિક્ષાનો નિષેધ થવા છતાં ઉત્તમ અર્થ(આત્માર્થ)ની શોધ કરનાર તે મહામુનિ ગુસ્સે ન થયા અને પ્રસન્ન પણ ન થયા, પરંતુ સમભાવમાં સ્થિત રહ્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં યજ્ઞશાળામાં પધારેલા જયઘોષમુનિ સાથેના બ્રાહ્મણ વિજયઘોષના વ્યવહારનું નિરૂપણ છે.

જયઘોષમુનિએ જૈન સાધ્વાચારના નિયમાનુસાર ભિક્ષાની યાચના કરી પરંતુ વિજયઘોષ બ્રાહ્મણ જાતિવાદના રંગે રંગાયેલા, વેદના પારગામી, યજ્ઞયાગાદિ ક્રિયાકાંડમાં જ શ્રદ્ધા રાખનાર મહાન યાજ્ઞિક હતા. તેઓ જૈન સાધ્વાચારથી અજ્ઞાત હતા. યજ્ઞમાં આવેલા યાજ્ઞિકો માટે બનાવેલો પ્રસાદ જૈન શ્રમણને દેવાથી તે અપવિત્ર થઈ જાય, તેવી માન્યતાથી ભિક્ષા આપવાનો સ્પષ્ટ શબ્દોમાં નિષેધ કર્યો અને ભિક્ષા આપવાના નિષેધનું કારણ પણ પ્રગટ કર્યું કે વેદના પારગામી બ્રાહ્મણો જ સ્વ-પરનું કલ્યાણ કરવામાં સમર્થ હોય છે અને તેવા બ્રાહ્મણોને ભિક્ષા આપવી, તે જ લાભદાયક છે.

જયઘોષમુનિએ યાચના પરીષહને અને તેમાં થયેલા અલાભ પરીષહને જીતીને ભિક્ષાનો નિષેધ

કરનાર વિજયઘોષ બ્રાહ્મણ પર કોઈ પણ પ્રકારનો કોપ કર્યા વિના સમભાવમાં સ્થિત થયા.

પ્રસ્તુત પ્રસંગ તત્કાલીન સમાજ વ્યવસ્થામાં રહેલી જાતિવાદની વિચારધારાને પ્રગટ કરે છે.

**વિપ્ર અને દ્વિજ :–** સામાન્ય રીતે વિપ્ર અને દ્વિજ બંને એકાર્થક શબ્દ છે. આ બંને શબ્દો બ્રાહ્મણના અર્થમાં વપરાય છે, તોપણ બૃહદ્વૃત્તિકારે આ બંનેમાં તફાવત સ્પષ્ટ કર્યો છે. બ્રાહ્મણ જાતિમાં જન્મ ધારણ કરનાર વિપ્ર કહેવાય અને યોગ્ય ઉંમરે તેને યજ્ઞોપવિત(જનોઈ) આપી સંસ્કારિત કરાય છે, ત્યારે તે સંસ્કારથી બીજો જન્મ ધારણ કરનાર દ્વિજ કહેવાય છે. પ્રાચીન કાળમાં વેદપાઠીને વિપ્ર અને વેદજ્ઞાતા તેમજ યજ્ઞ કરાવનાર હોય તે દ્વિજ કહેવાતા હતા.

**जोइसंगविउ :–** જ્યોતિષશાસ્ત્ર વેદનું અંગ છે, કાલ વિધાયક આ શાસ્ત્ર વેદનું નેત્ર માનવામાં આવે છે અને વેદમાં દર્શાવેલા યજ્ઞોનો જ્યોતિષ શાસ્ત્ર સાથે ગાઢ-વિશિષ્ટ સંબંધ છે. જ્યોતિષ જાણનારા બ્રાહ્મણો જ યજ્ઞ કરાવે છે. જ્યોતિષ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુકત અને છંદ, તે છ અંગોના જાણકાર જ્યોતિષજ્ઞ કહેવાય છે.

**सव्वकामियं :–** જૈન સિદ્ધાંતોમાં તીખો, કડવો, ખાટો, તૂરો અને મીઠો તે પાંચ રસ માનવામાં આવ્યા છે પરંતુ સંસ્કૃત અને હિન્દી સાહિત્યમાં 'લવણ'(નમક) રસ – **षष्ठो रसः लवणः ।** કહ્યો છે. **सव्वकामियं** નો અર્થ અહીં "ષડરસયુક્ત ભોજન" થાય છે.

**उत्तमट्ठ–गवेसओ :–** ઉત્તમ અર્થના ગવેષક અર્થાત્ શોધક. જયઘોષ મહામુનિ આત્માર્થી હતા. આત્મા એ ઉત્તમ અર્થ છે. જૈન મુનિનું લક્ષ્ય કર્મરૂપી રજમેલ દૂર કરી પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને પામવાનું હોય છે. તેથી પોતાના શુદ્ધ આત્મસ્વરૂપના શોધક મુનિ ઉત્તમ અર્થના ગવેષક કહેવાય છે.

**જયોઘોષ મુનિના પ્રશ્નો :–**

**૧૦** **णण्णट्ठं पाणहेउं वा, ण वि णिव्वाहणाय वा ।**
**तेसिं विमोक्खणट्ठाए, इमं वयणमब्बवी ॥**

**શબ્દાર્થ :– णण्णट्ठं** = અન્નને માટે નહીં **वा** = અને **ण पाणहेउं** = પાણીને માટે નહિ **ण वि णिव्वाहणाय वा** = નિર્વાહને માટે નહિ, પરંતુ તેનું અજ્ઞાન દૂર કરવાને **तेसिं** = તેને **विमोक्खणट्ठाए** = મુક્તિ પ્રાપ્ત કરાવવા માટે **इमं** = આ પ્રકારે **वयणं** = વચન **अब्बवी** = કહેવા લાગ્યા.

**ભાવાર્થ :–** [જયઘોષ મુનિએ] અન્નને માટે નહિ, જળને માટે નહિ અને જીવન નિર્વાહને માટે પણ નહિ પરંતુ તે બ્રાહ્મણને મિથ્યા જ્ઞાનદર્શનથી મુક્ત કરાવવા માટે આ વચનો કહ્યા—

**૧૧** **ण वि जाणासि वेयमुहं, ण वि जण्णाण जं मुहं ।**
**णक्खत्ताण मुहं जं च, जं च धम्माण वा मुहं ॥**

**શબ્દાર્થ :– ण वि** = તમે ન તો **वेयमुहं** = વેદોનું મુખ, વેદોમાં મુખ્યતા **जाणासि** = જાણો છો અને **ण वि** = તમે નહીં **जण्णाण** = યજ્ઞોનું **जं** = જે **मुहं** = મુખ(મુખી) છે તેને જાણો છો **च** = અને **जं** = જે **णक्खत्ताण** = નક્ષત્રોના **च** = તથા **धम्माण वा** = ધર્મોના.

**ભાવાર્થ :–** તમે વેદનું મુખ જાણતા નથી અને ધર્મનું કે યજ્ઞનું મુખ જાણતા નથી તેમજ નક્ષત્રોનું મુખ પણ જાણતા નથી અર્થાત્ વેદ, યજ્ઞ, નક્ષત્ર કે ધર્મમાં મુખ્યતા કોની છે ? તે તમે જાણતા નથી.

**१२** **जे समत्था समुद्धत्तुं, परमप्पाणमेव य ।**
**ण ते तुमं वियाणासि, अह जाणासि तो भण ॥**

**શબ્દાર્થ :– जे** = જે **परमप्पाणमेव** = પોતાના અને બીજાના આત્માને **समुद्धत्तुं** = ઉદ્ધાર કરવામાં **समत्था** = સમર્થ છે **ते** = તેને પણ **तुमं** = તમે **ण वियाणासि** = નથી જાણતા **अह** = જો(તમે) આ બધીવાતોને **जाणासि** = જાણો છો **तो** = તો **भण** = કહો, બતાવો.

**ભાવાર્થ :–** પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવામાં જે સમર્થ હોય છે, તેને પણ તમે જાણતા નથી. જો જાણતા હો તો મને કહો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં જયઘોષ મુનિના ધર્મોપદેશનું પ્રયોજન અને નિષ્કામ કરુણાનું નિરૂપણ છે.

જૈન મુનિ આહાર-પાણી માટે, પોતાના જીવન નિર્વાહ માટે તેમજ પોતાની અનુકૂળતા પ્રાપ્ત કરવા ધર્મોપદેશ આપતા નથી પરંતુ જગત્જીવોને સંસારની અસારતાનું દર્શન કરાવી, કર્મબંધનથી મુક્ત કરવા માટે ધર્મોપદેશ આપે છે. વિજયઘોષ બ્રાહ્મણે ભિક્ષાનો નિષેધ કરીને ઘોર અપમાન કર્યું, તેમ છતાં તેને સન્માર્ગનું દર્શન કરાવવા, મિથ્યા માન્યતાથી મુક્ત કરવા માટે કરુણા બુદ્ધિથી જયઘોષમુનિએ પ્રશ્નો પૂછ્યા કે તમારી માન્યતા અનુસાર વેદના પારગામી શ્રેષ્ઠ યાજ્ઞિકોને ભોજન આપવું તે જ લાભદાયક છે પરંતુ તમે વેદ, યજ્ઞ, નક્ષત્ર કે ધર્મમાં કોની મુખ્યતા છે, તેનું રહસ્ય શું છે, તે શું તમે જાણો છો ? તે ઉપરાંત સ્વપરનું કલ્યાણ કરવામાં કોણ સમર્થ છે, શું તેનું તમોને જ્ઞાન છે ? જો જ્ઞાન હોય તો તે દરેક પ્રશ્નના ઉત્તર આપો.

આ રીતે જયઘોષ મુનિએ પ્રશ્ન અને પ્રતિપ્રશ્નના માધ્યમથી સત્ય તત્ત્વને પ્રગટ કરવાનું પ્રયોજન ઊભુ કર્યું.

**विमोक्खणट्ठाए :–** (૧) કર્મબંધનથી મુક્તિ પ્રાપ્ત કરાવવા માટે (૨) અજ્ઞાન અને મિથ્યાત્વથી મુક્ત કરાવવા માટે.

**मुहं :–** તેના વિવિધ અર્થો છે– (૧) મુખ (૨) મુખ્ય(પ્રધાન) (૩) ઉપાય. તે પ્રધાન અથવા મુખ્ય અર્થનો સૂચક છે. (૪) મુખ = રહસ્ય. પ્રસ્તુતમાં મુખ શબ્દનો પ્રયોગ રહસ્ય અને પ્રધાન અર્થમાં થયો છે.

**વિજયઘોષની જિજ્ઞાસાઓનું મુનિ દ્વારા સમાધાન :–**

**१३** **तस्सक्खेव पमोक्खं च, अचयंतो तहिं दिओ ।**
**सपरिसो पंजली होउं, पुच्छइ तं महामुणिं ॥**

**શબ્દાર્થ :– तस्सक्खेव पमोक्खं** = મુનિના આક્ષેપપૂર્વકના પ્રશ્નનો ઉત્તર દેવામાં **अचयंतो** = અસમર્થ **दिओ** = દ્વિજ(વિજયઘોષ) **तहिं** = તે યજ્ઞશાળામાં **सपरिसो** = પરિષદ સાથે-બીજા બ્રાહ્મણોની સાથે **पंजली होउं** = હાથ જોડીને **तं** = તે **महामुणिं** = મહામુનિને **पुच्छइ** = પૂછવા લાગ્યા.

**ભાવાર્થ :–** તેમના આક્ષેપોનો, પ્રશ્નોનો ઉત્તર આપવામાં અસમર્થ બ્રાહ્મણે(વિજયઘોષે) સમગ્ર પરિષદ સહિત બે હાથ જોડીને મહામુનિને પૂછ્યું–

**૧૪** **वेयाणं च मुहं बूहि, बूहि जण्णाण जं मुहं ।**
**णक्खत्ताण मुहं बूहि, बूहि धम्माण वा मुहं ॥**

**શબ્દાર્થ :– वेयाणं** = વેદોનું **मुहं** = મુખ **बूहि** = કહો **जण्णाणं** = યજ્ઞોનું **जं** = જે **णक्खत्ताण** = નક્ષત્રોનું **वा** = અને **धम्माण** = ધર્મોનું.

**ભાવાર્થ :–** [વિજયઘોષ બ્રાહ્મણે કહ્યું] વેદોનું મુખ શું છે ? યજ્ઞોનું મુખ શું છે ? તે કહો. નક્ષત્રો અને ધર્મનું મુખ શું છે ? તે પણ કહો.

**૧૫** **जे समत्था समुद्धत्तुं, परमप्पाणमेव य ।**
**एयं मे संसयं सव्वं, साहू कहसु पुच्छिओ ॥**

**શબ્દાર્થ :– य** = અને **जे** = જે **परमप्पाणमेव** = પોતાના અને બીજાના આત્માનો **समुद्धत्तुं** = ઉદ્ધાર કરવામાં **समत्था** = સમર્થ છે ? **मे** = મારા મનમાં **एयं** = આ **सव्वं** = બધા **संसयं** = સંશય છે **साहू** = હે સાધુ **पुच्छिओ** = હું પૂછું છું **कहसु** = કહો.

**ભાવાર્થ :–** પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવા સમર્થ કોણ છે ? તે પણ કહો. મને આ બધી બાબતો અંગે સંશય(જિજ્ઞાસા) છે. હે સાધુ ! હું(તમને) તે બાબતો અંગે પૂછું છું, કૃપા કરીને તમે મને કહો.

**૧૬** **अग्गिहुत्तमुहा वेया, जण्णट्ठी वेयसां मुहं ।**
**णक्खत्ताण मुहं चंदो, धम्माणं कासवो मुहं ॥**

**શબ્દાર્થ :– वेया** = વેદ **अग्गिहुत्तमुहा** = અગ્નિહોત્રની પ્રધાનતાવાળા છે, વેદોમાં અગ્નિહોત્ર મુખ્ય છે **जण्णट्ठी** = યજ્ઞાર્થી, યજ્ઞ કરનાર **वेयसां** = વેદોમાં, યજ્ઞોમાં **मुहं** = મુખ્ય છે **णक्खत्ताण** = નક્ષત્રોમાં **चंदो** = ચંદ્રમા **मुहं** = મુખ્ય છે અને **धम्माणं** = ધર્મમાં **कासवो** = કાશ્યપગોત્રીય, ભગવાન મહાવીર સ્વામી **मुहं** = પ્રધાન છે, મુખ્ય છે.

**ભાવાર્થ :–** [જયઘોષ મુનિએ કહ્યું કે] વેદોનું મુખ અગ્નિહોત્ર છે, વેદોમાં અગ્નિહોત્ર પ્રધાન છે. યજ્ઞોમાં યજ્ઞાર્થી મુખ્ય છે. નક્ષત્રોમાં ચંદ્ર મુખ્ય છે અને ધર્મોમાં કાશ્યપ ગોત્રીય ભગવાન મહાવીર સ્વામી પ્રમુખ છે.

**૧૭** **जहा चंदं गहाईया, चिट्ठंति पंजलीउडा ।**
**वंदमाणा णमंसंता, उत्तमं मणहारिणो ॥**

**શબ્દાર્થ :– जहा** = જે રીતે **गहाईया** = ગ્રહ-નક્ષત્ર વગેરે **चंदं** = ચંદ્રની સમ્મુખ **पंजलीउडा** = હાથ જોડીને **वंदमाणा** = વંદન અને સ્તુતિ કરીને **णमंसंता** = નમસ્કાર કરતાં **मणहारिणो** = મનનું હરણ કરતાં **उत्तमं** = અતિ વિનમ્ર ભાવથી **चिट्ठंति** = ઊભા રહે છે.(તે રીતે ઈન્દ્ર, ચક્રવર્તી વગેરે દેવ અને મનુષ્ય તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીને વિનમ્ર ભાવથી નમસ્કાર કરે છે.)

**ભાવાર્થ :–** જેમ ઉત્તમ અને મનોહારી ચંદ્રને ગ્રહ નક્ષત્ર વગેરે હાથ જોડીને વંદના તેમજ નમસ્કાર કરે છે, તેવી જ રીતે ઈન્દ્રાદિ દેવો તીર્થંકર ભગવાનને વિનયવંત થઈને વંદના કરે છે.

**૧૮** **अजाणगा जण्णवाई, विज्जा माहणसंपया ।**
**मूढा सज्झायतवसा, भासच्छण्णा इवग्गिणो ॥**

**શબ્દાર્થ :– विज्जा** = મોક્ષવિદ્યા **माहण संपया** = બ્રાહ્મણોની ગુણસંપદાને **अजाणगा** = નહીં જાણનાર **सज्झायतवसा** = સ્વાધ્યાય અને તપના વિષયમાં **मूढा** = મૂઢ, અણસમજુ **जण्णवाई** = યજ્ઞ કરનારા યાજ્ઞિક બ્રાહ્મણો **भासच्छणा अग्गिणो इव** = રાખથી દબાયેલા અગ્નિની સમાન, ઉપરથી શાંત દેખાય પરંતુ અંદર કષાયો ભર્યા પડ્યા હોય.

**ભાવાર્થ :–** યાજ્ઞિક લોકો મોક્ષ-વિદ્યા અને બ્રાહ્મણની ગુણ સંપદાથી અજાણ હોય છે, તેઓ યોગ્ય રીતે સ્વાધ્યાય અને તપના વાસ્તવિક સ્વરૂપને પણ સમજતા નથી. તેઓ બહારથી શાંત દેખાવા છતાં તેના અંતરમાં રાખથી ઢંકાયેલ અગ્નિની જેમ કષાયો વિદ્યમાન રહે છે.

**વિવેચન :–**

વિજયઘોષ બ્રાહ્મણ કુલ પરંપરાના સંસ્કારથી રંગાયેલા હોવા છતાં ભદ્ર પરિણામી અને તદ્ભવ મોક્ષગામી જીવ હતા. તેથી જ જયઘોષ મુનિ દ્વારા પૂછાયેલા પ્રશ્નોના ઉત્તર આપી ન શક્યા ત્યારે સમાધાન માટે અત્યંત વિનમ્રભાવે જયઘોષ મુનિને વિનંતિ કરી. જયઘોષ મુનિએ પણ ચારે પ્રશ્નોના સમ્યક્ અને સંક્ષિપ્ત ઉત્તર આપ્યા.

જયઘોષમુનિ ઉપદેશ આપવાની પદ્ધતિને યથાર્થ રીતે જાણતા હતા. કોઈ પણ વ્યક્તિને સહુ પ્રથમ તેના જ સિદ્ધાંતની વાતો દ્વારા પ્રભાવિત કરી, ત્યાર પછી સ્વમતની વિશિષ્ટતાનું દર્શન કરાવવું, તે જ ધર્મમાં આકર્ષિત કરવાની વિચક્ષણતાપૂર્વકની રીત છે. તે યુક્તિ અનુસાર જયઘોષમુનિએ જિનમતની વિશિષ્ટતાનું દર્શન કરાવ્યું છે.

**अग्गिहुत्त मुहा वेया :–** વેદમાં અગ્નિહોત્રની મુખ્યતા છે. અગ્નિહોત્ર એટલે અગ્નિથી કરાતો યજ્ઞ. ઋગ્વેદ આદિ વેદમાં અનેક સ્થાને અગ્નિથી કરાતા યજ્ઞનું વિધાન છે. તેથી જ વેદમાં અગ્નિહોત્રની એટલે યજ્ઞની મુખ્યતા છે. ભાવની દષ્ટિએ વિચારતાં વેદ શબ્દ **'विद् ज्ञाने'** ધાતુ પરથી બન્યો છે. જે જાણે છે અથવા જેના દ્વારા જણાય છે તે વેદ એટલે આત્મા છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ અનંત જ્ઞાન-દર્શનરૂપ છે. તે શુદ્ધ સ્વરૂપના પ્રગટીકરણ માટે ભાવયજ્ઞની જ મુખ્યતા છે. જે યજ્ઞમાં તપરૂપ અગ્નિ દ્વારા કર્મો ભસ્મીભૂત થાય, તે ભાવયજ્ઞ છે.

**जण्णट्ठी वेयसां मुहं... :–** વેદકથિત યજ્ઞોમાં યજ્ઞાર્થી મુખ્ય છે. યજ્ઞ કરનાર યજમાનને યજ્ઞાર્થી કહેવાય છે. **वेयसा**– વેદોના અભ્યાસથી યજ્ઞાર્થી પ્રકાંડ પંડિત થઈ જાય છે. યજ્ઞાર્થી યજ્ઞ કરે, ત્યારે જ યજ્ઞાદિ ક્રિયાઓ થઈ શકે છે તેથી યજ્ઞમાં યજ્ઞાર્થીની મુખ્યતા છે. ભાવયજ્ઞની સાધના કરનાર સંયમી પુરુષ ભાવયજ્ઞાર્થી છે. ભાવયજ્ઞમાં ભાવયજ્ઞાર્થીની શ્રેષ્ઠતા છે.

**णक्खत्ताण मुहं चंदो :–** વેદો દ્વારા નિર્દિષ્ટ વિવિધ ક્રિયાકાંડોમાં બ્રાહ્મણોને નક્ષત્રયોગ, નક્ષત્ર ગતિ આદિ જોવાનું આવશ્યક બની જાય છે, માટે મુનિરાજે નક્ષત્રને પણ પોતાના આક્ષેપનો વિષય બનાવ્યો હતો. તેના ઉત્તરમાં મુનિએ સ્પષ્ટ કર્યું કે નક્ષત્રોમાં મુખ્ય કે પ્રધાન ચંદ્ર હોય છે કારણ કે ક્રિયાકાંડોમાં નક્ષત્રોનો ચંદ્ર સાથેનો **ચંદ્રયોગ** જોવામાં આવે છે. તે ઉપરાંત ઋદ્ધિની અપેક્ષાએ સંપૂર્ણ જ્યોતિષી દેવોમાં ચંદ્ર દેવ વધારે ઋદ્ધિ સંપન્ન અને અધિક સ્થિતિવાળા હોય છે.

**धम्माणं कासवो मुहं :–** ધર્મોમાં અને ધર્મપ્રવર્તકોમાં કાશ્યપગોત્રીય ભગવાન મહાવીર સ્વામી પ્રમુખ છે અને શ્રેષ્ઠ છે. તે સમયમાં પ્રાયઃ અન્યતીર્થિકો 'કાશ્યપ'(કાસવા) નામથી ભગવાન મહાવીર સ્વામીને સંબોધન કરતા હતા. પ્રસ્તુત ગાથામાં તે શબ્દોચ્ચારણથી ભગવાન મહાવીર સ્વામીનો નિર્દેશ કર્યો છે.

**अजाणगा जण्णवाई :–** યજ્ઞવાદી-યાજ્ઞિક લોકો સાચી મોક્ષવિદ્યા અને બ્રાહ્મણની વાસ્તવિક ગુણસંપદાથી અજાણ છે. તેઓ સ્વાધ્યાય અને તપના શુદ્ધ સ્વરૂપને જાણતા નથી તેમજ તેઓની સાધના સન્માર્ગગામી ન હોવાથી તેમના કષાય પણ નષ્ટ થતા નથી, તેઓ ઉપરથી શાંત દેખાવા છતાં રાખથી ઢંકાયેલા અગ્નિની સમાન અંદર પ્રજ્વલિત રહે છે. જેમ રાખ દૂર થતાં ઢંકાયેલો અગ્નિ પ્રગટ થઈ જાય છે, તેમ યજ્ઞની સાધના કરનાર યાજ્ઞિકોનો કષાયાગ્નિ પણ નિમિત્ત મળતાં તુરંત પ્રગટ થઈ જાય છે. કષાયનો ઉદય થતાં જ તે અશાંત અને વ્યાકુળ થઈ જાય છે. તેમની સાધના ઇન્દ્રિયવિજય કે કષાયવિજયની મુખ્યતાવાળી ન હોવાથી તેઓની આંતરિક શુદ્ધિ થતી નથી.

કેટલીક પ્રતોમાં **मूढा** શબ્દને બદલે **गूढा** શબ્દ જોવા મળે છે.

**બ્રાહ્મણનું લક્ષણ : સામાન્ય વિશેષ ગુણો :–**

**१९** **जे लोए बंभणो वुत्तो, अग्गी व महिओ जहा ।**
**सया कुसल संदिट्ठं, तं वयं बूम माहणं ॥**

**શબ્દાર્થ :– जे** = જે મહાત્માઓ **लोए** = લોકમાં **बंभणो** = બ્રાહ્મણ **वुत्तो** = કહ્યા છે **अग्गी व जहा** = અગ્નિ સમાન **सया** = સદા **महिओ** = પૂજનીય હોય છે **कुसल** = કુશળ, તત્ત્વજ્ઞાની, તત્ત્વજ્ઞ પુરુષો દ્વારા તજજ્ઞ **संदिट्ठं** = કહેવાયેલા છે, દર્શાવ્યા છે **तं** = તેને **वयं** = અમે **माहणं** = બ્રાહ્મણ **बूम** = કહીએ છીએ.

**ભાવાર્થ :–** જે મહાત્માઓ જ્ઞાની પુરુષો દ્વારા દર્શાવ્યા અનુસાર ગુણોથી યુક્ત થઈ લોકમાં બ્રાહ્મણ કહેવાય છે અને સદા અગ્નિની જેમ પૂજ્ય જ રહે છે, તે ક્યારે ય અપૂજ્ય થતા નથી; તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. અર્થાત્ સાચા અર્થમાં તે જ બ્રાહ્મણ કહેવાય છે.

**२०** **जो ण सज्जइ आगंतुं, पव्वयंतो ण सोयइ ।**
**रमए अज्जवयणम्मि, तं वयं बूम माहणं ॥**

**શબ્દાર્થ :– जो** = જે,(પુરુષ) **आगंतुं** = સ્વજનની સમીપ આવવાથી **ण सज्जइ** = તેઓમાં આસક્ત થતા નથી **पव्वयंतो** = સ્વજનથી અલગ પડી બીજા સ્થાને જતાં **ण सोयइ** = શોક કરતા નથી પરંતુ **अज्जवयणम्मि** = આર્યવચન, તીર્થંકર દેવનાં વચનોમાં **रमए** = જે રમણ કરે છે.

**ભાવાર્થ :–** જે પોતાની સમીપે આવનાર વ્યક્તિ(શિષ્યાદિ) પ્રતિ આસક્ત થતા નથી અને પોતાને કોઈ છોડીને જાય ત્યારે શોક કરતા નથી પરંતુ આર્ય વચનોમાં એટલે જિનાજ્ઞામાં જ રમણ કરે છે, તેમાં જ લીન રહે છે; તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**२१** **जायरूवं जहामट्ठं, णिद्धंतमल पावगं ।**
**रागद्दोसभयाईयं, तं वयं बूम माहणं ॥**

**શબ્દાર્થ :– जहा** = જેમ **जायरूवं** = સુવર્ણ, સ્વર્ણ, સોનું **जहामट्ठं** = કસોટીએ ચઢી **पावगं** = અગ્નિના સંયોગે અને **णिद्धंतमल** = ધમણના સંયોગે મેલ રહિત **रागद्दोसभयाईयं** = રાગ-દ્વેષ તથા ભયથી રહિત થાય છે.

**ભાવાર્થ :–** જેમ સોનું કસોટીના પત્થર પર ઘસાતાં, ધમણ અને અગ્નિના સંયોગે તપીને મેલ રહિત નિર્મલ થઈ જાય છે. તેમ જે મહાત્મા સંયમ તપના સંયોગે કર્મમલ-જનક રાગદ્વેષ અને ભયથી મુક્ત થઈ

જાય છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**૨૨** **तवस्सियं किसं दंतं, अवचिय मंस सोणियं ।**
**सुव्वयं पत्तणिव्वाणं, तं वयं बूम माहणं ॥**

**શબ્દાર્થ :– तवस्सियं** = ઉગ્ર તપનું આચરણ દ્વારા જેનું **किसं** = શરીરકૃશ થઈ ગયું છે **अवचिय-मंससोणियं** = લોહી અને માંસ સુકાઈ ગયા છે **दंतं** = જેણે પાંચ ઇન્દ્રિયોનું દમન કર્યું છે **पत्तणिव्वाणं** = નિર્વાણ પ્રાપ્ત, કષાય અગ્નિને શાંત કરીને **सुव्वयं** = શ્રેષ્ઠ વ્રતવાળા હોય છે. **तं** = તેને **वयं** = અમે **माहणं** = બ્રાહ્મણ **बूम** = કહીએ છીએ.

**ભાવાર્થ :–** જે તપસ્વી છે, શરીરે કૃશ છે, ઇન્દ્રિયોનું દમન કરનાર છે, જેના શરીરમાં રક્ત માંસ સુકાઈ ગયા છે, વ્રત-નિયમના પાલનથી સુવ્રતી છે, જેના કષાય ઉપશાંત થઈ ગયા છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં બ્રાહ્મણના સામાન્ય-વિશેષ પરિચયાત્મક ગુણોનું સંકલન કરી બ્રાહ્મણનું વાસ્તવિક સ્વરૂપ પ્રકટ કર્યું છે. સંક્ષેપમાં તે ગુણો આ પ્રમાણે છે– (૧) જ્ઞાનીઓ દ્વારા દર્શાવેલા ગુણોથી યુક્ત (૨) બ્રાહ્મણ રૂપે લોક માન્ય (૩) અગ્નિવત્ સદા લોક પૂજ્ય (૪) સંયોગ અને વિયોગમાં રાગ અને શોકથી રહિત (૫) જિનાજ્ઞામાં લીન (૬) મેલ સંશોધિત સ્વર્ણ સમાન નિર્મલ (૭) કર્મબંધના મૂળભૂત કારણ રાગ-દ્વેષ અને ભયથી મુક્ત (૮) તપસ્વી (૯) કૃશ શરીરી (૧૦) દમિતેન્દ્રિય (૧૧) સાધના દ્વારા માંસ-લોહીને સૂકવી દેનાર (૧૨) સુવ્રતી (૧૩) ઉપશાંત કષાયી ઇત્યાદિ. શેષ વર્ણન શબ્દાર્થ ભાવાર્થમાં સ્પષ્ટ છે.

**બ્રાહ્મણ સ્વરૂપ : પાંચ મહાવ્રત ધારણ :–**

**૨૩** **तसे पाणे वियाणेत्ता, संगहेण य थावरे ।**
**जो ण हिंसइ तिविहेणं, तं वयं बूम माहणं ॥**

**શબ્દાર્થ :– जो** = જે **तसे** = ત્રસ **य** = અને **थावरे** = સ્થાવર **पाणे** = પ્રાણીઓને **संगहेण** = સંક્ષેપથી અને વિસ્તારથી સારી રીતે **वियाणित्ता** = જાણીને **तिविहेणं** = ત્રણ કરણ અને ત્રણ યોગથી **ण हिंसइ** = તેની હિંસા કરતા નથી.

**ભાવાર્થ :–** જે ત્રસ અને સ્થાવર જીવોને સંક્ષેપથી અને વિસ્તારથી જાણીને, ત્રણ કરણ અને ત્રણ યોગથી તેની હિંસા કરતા નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**૨૪** **कोहा वा जइ वा हासा, लोहा वा जइ वा भया ।**
**मुसं ण वयइ जो उ, तं वयं बूम माहणं ॥**

**શબ્દાર્થ :– कोहा** = ક્રોધથી **जइ वा** = અથવા **हासा** = હાસ્યથી **लोहा** = લોભથી **भया** = ભયથી **जो** = જે ત્રણ કરણ, ત્રણ યોગથી **मुसं** = મૃષા **ण वयइ** = નથી બોલતો.

**ભાવાર્થ :–** જે ક્રોધથી, હાસ્યથી, લોભથી કે ભયથી, અસત્ય ભાષણ કરતા નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**૨૫** **चित्तमंतमचित्तं वा, अप्पं वा जइ वा बहुं ।**
**ण गिण्हइ अदत्तं जे, तं वयं बूम माहणं ॥**

**શબ્દાર્થ :– चित्तमंतं अचित्तं वा** = સચિત્ત અથવા અચિત્ત **अप्पं** = અલ્પ મૂલ્યવાળી અને અલ્પ પરિમાણવાળી **जइ वा** = અથવા **बहुं** = બહુ મૂલ્યવાળી અને બહુ પરિમાણવાળી **अदत्तं** = ન આપેલી વસ્તુને **जे** = જે ત્રણ કરણ અને ત્રણ યોગથી **ण गिण्हइ** = ગ્રહણ કરતા નથી.

**ભાવાર્થ :–** જે સચિત્ત અથવા અચિત્ત, થોડી કે વધારે વસ્તુ અદત્ત ગ્રહણ કરતા નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**૨૬** **दिव्वमाणुस्सतेरिच्छं, जो ण सेवइ मेहुणं ।**
**मणसा कायवक्केणं, तं वयं बूम माहणं ॥**

**શબ્દાર્થ :– जो** = જે **मणसा काय वक्केणं** = મન, વચન, કાયારૂપી ત્રણ યોગ, ત્રણ કરણથી **दिव्वमाणुस्स तेरिच्छं** = દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી **मेहुणं** = મૈથુનનું **ण सेवइ** = સેવન કરતા નથી.

**ભાવાર્થ :–** જે મન, વચન અને કાયાથી દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી મૈથુનનું સેવન કરતા નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**૨૭** **जहा पोमं जले जायं, णोवलिप्पइ वारिणा ।**
**एवं अलित्तं कामेहिं, तं वयं बूम माहणं ॥**

**શબ્દાર્થ :– जहा** = જે રીતે **जले** = પાણીમાં **जायं** = ઉત્પન્ન થઈને પણ **पोमं** = કમળ **वारिणा** = પાણીમાં **णोवलिप्पइ** = લિપ્ત થતું નથી **एवं** = તે રીતે જે પુરુષ **कामेहिं** = કામભોગોથી **अलित्तं** = લિપ્ત થતા નથી.

**ભાવાર્થ :–** જેમ પાણીમાં ઉત્પન્ન થયેલું કમળ પાણીથી લિપ્ત થતું નથી, તેમ જે મનુષ્ય કામભોગોથી અલિપ્ત રહે છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**૨૮** **अलोलुयं मुहाजीवी, अणगारं अकिंचणं ।**
**असंसत्तं गिहत्थेसु, तं वयं बूम माहणं ॥**

**શબ્દાર્થ :– अलोलुयं** = જે લોલુપતા રહિત **मुहाजीवी** = મુધાજીવી, નિસ્પૃહ અને નિઃસ્વાર્થ ભાવથી, નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરી સંયમી જીવન જીવનાર **अकिंचणं** = પરિગ્રહ રહિત **गिहत्थेसु** = ગૃહસ્થોના **असंसत्तं** = પરિચય રહિત **अणगारं** = અણગાર છે.

**ભાવાર્થ :–** જે રસાદિમાં લોલુપ નથી, નિઃ સ્પૃહતાથી મેળવેલી નિર્દોષ ભિક્ષાથી નિર્વાહ કરે છે, ગૃહત્યાગી છે, નિષ્પરિગ્રહી છે, ગૃહસ્થોના સંસર્ગથી રહિત છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**૨૯** **जहित्ता पुव्वसंजोगं, णाइसंगे य बंधवे ।**
**जो ण सज्जइ भोगेसु, तं वयं बूम माहणं ॥**

**શબ્દાર્થ :– पुव्व संजोगं** = પૂર્વ સંયોગ(માતા-પિતાનો, સગા સંબંધીનો સંયોગ) **णाइसंगे** = સાસુ-સસરા વગેરે જ્ઞાતિ સંબંધીજનોના સંયોગને **बंधवे** = બંધુઓના(સ્નેહ) **जहित्ता** = છોડીને **जो** =

જે **भोगेसु** = કામભોગોમાં **ण सज्जइ** = આસક્ત થતો નથી.

**ભાવાર્થ :–** જે પૂર્વ સંયોગોને, જ્ઞાતિજનોના સંબંધને અને બાંધવોને છોડીને કામભોગોમાં આસક્ત થતા નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં ક્રમશઃ પાંચ મહાવ્રતના પાલન કરનાર મુધાજીવી સંયમી પુરુષોને બ્રાહ્મણ કહ્યા છે. ગાથાઓમાં નિરૂપિત વિષય શબ્દાર્થ ભાવાર્થમાં સુસ્પષ્ટ છે.

**મુધાજીવી :–** "આ દાતા મને સારી સારી વસ્તુઓ ગોચરીમાં આપે છે તેથી હું તેનું કંઈ કલ્યાણ કરું– કંઈક ઉપકાર કરું" એવી ભાવના રાખ્યા વિના જે ફક્ત સંયમ પાલનને માટે, નિઃસ્વાર્થ ભાવે અજ્ઞાતકુળ ોમાંથી ભિક્ષા લે છે, તેને 'મુધાજીવી' કહેવાય છે.

**વેદ અને યજ્ઞની અશરણતા :–**

**૩૦** **पसुबंधा सव्ववेया, जट्ठं च पावकम्मुणा ।**
**ण तं तायंति दुस्सीलं, कम्माणि बलवंति हि ॥**

**શબ્દાર્થ :– पसुबंधा** = પશુવધનું સમર્થન કરનાર **सव्ववेया** = બધા વેદો **च** = અને **पावकम्मुणा** = પાપકર્મ યુક્ત હિંસા પ્રધાન **जट्ठं** = યજ્ઞ **तं** = તે **दुस्सीलं** = દુઃશીલની, હિંસાદિ પ્રવૃત્તિ કરનારાની **ण तायंति** = દુર્ગતિથી રક્ષા કરી શકતા નથી **हि** = કારણ કે **कम्माणि** = કર્મો **बलवंति** = બળવાન હોય છે, તેઓ પોતાનાં ફળ આપ્યા વિના રહેતાં નથી.

**ભાવાર્થ :–** વેદો પશુવધનું મોટે ભાગે નિરૂપણ કરે છે અને યજ્ઞો પાપકારી પ્રવૃત્તિવાળા હોય છે, માટે તે વેદ અને યજ્ઞ હિંસાદિ પ્રવૃત્તિ કરનાર યાજ્ઞિકોનું રક્ષણ કરી શકતા નથી; કારણ કે કર્મો ફળ આપવામાં બળવાન હોય છે.

**વિવેચન :–**

ચારે ય પ્રકારના વેદોમાં યજ્ઞ, યાગ આદિ ક્રિયાકાંડોનું નિરૂપણ છે અને તે યજ્ઞાદિ ક્રિયાકાંડ હિંસા જન્ય(આરંભ યુક્ત) હોવાથી તેના દ્વારા અનંત કર્મોનો બંધ થાય છે. કર્મ સિદ્ધાંત અનુસાર કરેલા કર્મોનું ફળ અવશ્ય ભોગવવું પડે છે. યજ્ઞાદિ ક્રિયાજન્ય કર્મોના ફળ ભોગવતા સમયે વેદ કે યજ્ઞાદિ ક્રિયાઓ યજ્ઞ કરનાર વ્યક્તિનું રક્ષણ કરી શકતી નથી.

સૂત્રોક્ત કથનથી સ્પષ્ટ થાય છે કે યજ્ઞાદિ જેવા કહેવાતા ધાર્મિક અનુષ્ઠાનોમાં થયેલી હિંસા પણ કર્મબંધ કરાવે જ છે અને તેનું અશુભ ફળ યજ્ઞ કરનારને ભોગવવું જ પડે છે. उक्तं च– **कत्तारमेव अणुजाणइ कम्मं ।** કર્મ કર્તાને જ અનુસરે છે.

**શ્રમણ, બ્રાહ્મણ, મુનિ, તાપસ સ્વરૂપ :–**

**૩૧** **ण वि मुंडिएण समणो, ण ओंकारेण बंभणो ।**
**ण मुणी रण्णवासेणं, कुसचीरेण ण तावसो ॥**

**શબ્દાર્થ :– मुंडिएण** = મસ્તક મુંડાવવાથી **समणो** = કોઈ શ્રમણ **ण वि** = થઈ જતા નથી **ओंकारेण** = ૐ કારનું ઉચ્ચારણ કરવાથી **ण बंभणो** = કોઈ બ્રાહ્મણ થતા નથી **रण्णवासेणं** = અરણ્યવાસ-વનમાં નિવાસ કરવા માત્રથી **ण मुणी** = કોઈ મુનિ બની જતા નથી **कुसचीरेण** = વૃક્ષની છાલ પહેરવાથી **ण तावसो** = કોઈ તાપસ બની જતા નથી.

**ભાવાર્થ :–** કેવળ માથું મુંડાવવાથી કોઈ શ્રમણ થઈ જતા નથી; માત્ર ઓમકાર(ૐ–ૐ)નો ધ્વનિ કરવાથી કોઈ બ્રાહ્મણ થઈ જતા નથી; જંગલમાં રહેવા માત્રથી કોઈ મુનિ બની જતા નથી, વલ્કલ–ઝાડની છાલનાં વસ્ત્રો પહેરવાથી કોઈ તપસ્વી બની જતા નથી.

**३२** **समयाए समणो होइ, बंभचेरेण बंभणो ।**
**णाणेण य मुणी होइ, तवेण होइ तावसो ॥**

**શબ્દાર્થ :– समयाए** = સમભાવ ધારણ કરવાથી **समणो** = શ્રમણ **होइ** = થાય છે, કહેવાય છે **बंभचेरेण** = બ્રહ્મચર્ય પાલન કરવાથી **बंभणो** = બ્રાહ્મણ થાય છે **णाणेण** = જ્ઞાનની આરાધના કરવાથી **मुणी** = મુનિ **होइ** = થાય છે **तवेण** = તપ કરવાથી **तावसो** = તપસ્વી **होइ** = થાય છે.

**ભાવાર્થ :–** સમભાવ ધારણ કરવાથી શ્રમણ, બ્રહ્મચર્યના પાલનથી બ્રાહ્મણ, જ્ઞાન પ્રાપ્ત કરવાથી મુનિ અને તપશ્ચરણ કરવાથી તાપસ કહેવાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં વાસ્તવિક શ્રમણ, બ્રાહ્મણ, મુનિ અને તપસ્વીનું સ્વરૂપ દર્શાવ્યું છે. તેઓની ઓળખ બાહ્યવેશ, લિંગ કે ચિહ્ન ઉપરથી થતી નથી અર્થાત્ માથે મુંડન, ૐકારનો ઘોષ, અરણ્યવાસ અને વલ્કલધારણ કરવા, તે બાહ્ય ચિહ્નો છે; આ બાહ્ય ચિહ્નોથી નહીં પરંતુ શ્રમણત્વના, બ્રહ્મત્વના, મુનિપણાના અને તપસ્વીના આંતરિક ગુણો હોય, તો જ વ્યક્તિ શ્રમણ, મુનિ કે તપસ્વી કહેવાય. પ્રસ્તુતમાં ૐકારના ઉચ્ચારણનો ઉલ્લેખ છે. તેમ છતાં અન્ય કોઈ પણ પ્રકારના શબ્દોચ્ચાર કે ધ્વનિ માત્રથી બ્રહ્મત્વ કે શ્રમણત્વ સિદ્ધ થતું નથી પરંતુ તત્સંબંધી શાસ્ત્રોક્ત ગુણો હોવા જરૂરી છે. **गुणा पूजास्थानं गुणिसु, न च वयः, न च लिगं ।** ગુણીજનોના ગુણો આદરપાત્ર છે અર્થાત્ ગુણોદ્વારા જ ગુણીજનો પૂજાય છે. તેમની વય, બાહ્યવેશ કે લિંગ આદરપાત્ર થતા નથી.

**समयाए समणो होइ... :–** આ ગાથામાં શ્રમણ, બ્રાહ્મણ, મુનિ અને તાપસના આંતરિક ગુણોનું કથન છે. જેનામાં સમભાવ હોય, જે રાગદ્વેષાદિ વિષમ ભાવોથી મુક્ત થઈ સમભાવમાં સ્થિત થાય, તે શ્રમણ છે.

**बंभचेरेण बंभणो :–** (૧) બ્રહ્મચર્યનું પાલન કરે, તેને બ્રાહ્મણ કહે છે. (૨) બ્રહ્મ એટલે આત્મા. આત્મ સ્વભાવમાં રહે તે બ્રાહ્મણ છે. (૩) બ્રહ્મચર્યનો એક અર્થ(આચારાંગ પ્રમાણે) સંયમ પણ છે. તે અનુસાર ब्रह्मचर्येन संयमेन ब्राह्मण: બ્રહ્મચર્યથી એટલે સંયમ પાલનથી બ્રાહ્મણ કહેવાય છે.

**णाणेण मुणि :–** જ્ઞાનથી મુનિ થાય છે. જ્ઞાનથી જ છોડવા યોગ્ય અને આચરવા યોગ્ય તત્ત્વનો વિવેક થાય છે અને તે વિવેકથી જ વ્યક્તિ ત્યાગ કરવા યોગ્ય તત્ત્વોનો ત્યાગ કરીને ઉપાદેય એવા બ્રહ્મચર્ય, સંયમની આરાધના કરી શકે છે; જ્ઞાનથી જ મુનિપણાના ગુણો પ્રગટ થઈ શકે છે.

**तवेण होइ तावसो :–** તપની આરાધના કરનાર તપસ્વી-તાપસ કહેવાય છે. ઈચ્છાનિરોધ તે તપ કહેવાય છે. તેથી જે વ્યક્તિ ઈચ્છાનિરોધ કરી બાર પ્રકારના તપનું અનુષ્ઠાન કરે છે, તે તપસ્વી છે.

અહીં શ્રમણાદિ ચારેયનું ભાવાત્મક સ્વરૂપ નિશ્ચયનયની દષ્ટિએ નિદર્શિત કર્યું છે પરંતુ તેનાથી બાહ્ય આચાર, વેશ આદિનો નિષેધ થતો નથી. વ્યવહાર અને નિશ્ચયનો સુયોગ્ય સમન્વય જ યથાર્થ ફલપ્રાપ્તિ કરાવે છે. **વેષધારી શ્રમણો,** બ્રાહ્મણો આદિ ઉપરોકત આંતરિક ગુણસંપન્ન બની જાય, ત્યારે તે શ્રમણપણાનો બ્રાહ્મણપણાનો કે મુનિપણાનો આધ્યાત્મિક આનંદ માણી શકે છે અને શ્રમણ, બ્રાહ્મણ આદિના **આંતરિક ગુણસંપન્ન સાધક** જ્યારે જિનોક્ત બાહ્ય આચાર, વેષાદિ ધારણ કરી લે, ત્યારે જ તે આધારયુક્ત થઈ દીર્ઘકાલ સુધી સ્થિત રહી શકે છે. ભરત ચક્રવર્તીએ કેવળી થયા પછી પણ વેશ ધારણ કર્યું હતું.

**કર્તવ્યથી ચારે ય વર્ણ સ્વરૂપ :–**

**૩૩** **कम्मुणा बंभणो होइ, कम्मुणा होइ खत्तिओ ।**
**वइस्सो कम्मुणा होइ, सुद्दो हवइ कम्मुणा ॥**

**શબ્દાર્થ :– कम्मुणा** = કર્મથી **बंभणो** = બ્રાહ્મણ **होइ** = બને છે **खत्तिओ** = ક્ષત્રિય **वइस्सो** = વૈશ્ય **सुद्दो** = શૂદ્ર.

**ભાવાર્થ :–** કોઈ પણ વ્યક્તિ કર્મથી અર્થાત્ પોતાના કાર્યોથી જ બ્રાહ્મણ બને છે તેમજ ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર પણ કાર્યોથી જ બને છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં કાર્યાનુસારી બ્રાહ્મણ, ક્ષત્રિય આદિને દર્શાવ્યા છે.

માનવમાત્ર સમાન છે અને મનુષ્યજાતિ એક જ છે. જ્યારે આ અવસર્પિણી કાળના પહેલા, બીજા અને ત્રીજા આરામાં મનુષ્યોની જરૂરિયાતો કલ્પવૃક્ષો દ્વારા પૂર્ણ થતી હતી ત્યારે વર્ણ વ્યવસ્થા ન હતી પરંતુ કાળ પરિવર્તન થતાં ત્રીજા આરાના અંત ભાગમાં કલ્પવૃક્ષો માનવીની જરૂરિયાત પૂરી કરતા બંધ થયા ત્યારે ઋષભદેવ ભગવાને અસિ, મસિ અને કૃષિ આદિ કળાઓ અને વિદ્યાઓ શિખવી. ત્યાર પછી સમયાંતરે મનુષ્યોના કાર્ય અનુસાર ચારવર્ણોની વ્યવસ્થા વિકાસ પામી છે. મહાભારતમાં પણ વર્ણન છે કે– **एकवर्णमिदं सर्वं, पूर्वमासीत युधिष्ठिर ! क्रियाकर्मविभागेन चातुर्वर्ण्यं व्यवस्थितम्** ॥ મનુષ્યોના કાર્યો ઉપરથી ચાર પ્રકારની વર્ણવ્યવસ્થા અસ્તિત્વમાં આવી અને સમયાંતરે સંકુચિતતામાં પરિણમી છે. વર્તમાનમાં વર્ણ વ્યવસ્થા અનુસાર કર્તવ્યો અત્યંત અલ્પ થઈ ગયા છે.

**ચાર જાતિઓની વ્યાખ્યા :– (૧) आत्मानं वेत्ति जानाति इति ब्राह्मणः :–** બ્રહ્મ-આત્માના સ્વરૂપને જાણે છે અને આત્મકલ્યાણ અર્થે જે પ્રવૃત્તિ કરે છે તે બ્રાહ્મણ કહેવાય છે. **(૨) क्षतात् त्रायते इति क्षत्रियः।** જે પ્રાણીઓની રક્ષા કરે અને તેનાં દુઃખો દૂર કરે, તે ક્ષત્રિય કહેવાય છે. **(૩) वैशं व्यापारं करोति इति वैश्यः।** જે વ્યાપાર કરે તે વૈશ્ય કહેવાય છે. **(૪) शुचं शोकं अशुचिं च द्रवति दूरी करोति इति शूद्रः ।** જે શોક અને અશુચિને દૂર કરી સ્થાનને પવિત્ર કરે તે શૂદ્ર કહેવાય છે.

**બ્રાહ્મણનું અંતિમ લક્ષ્ય :–**

**૩૪** **एए पाउकरे बुद्धे, जेहिं होइ सिणायओ ।**
**सव्वकम्मविणिमुक्कं, तं वयं बूम माहणं ॥**

**શબ્દાર્થ :–** **बुद्धे** = તીર્થંકર દેવોએ **एए** = અહિંસાદિ ગુણ **पाउकरे** = પ્રગટ કર્યા છે **जेहिं** = જેનું આચરણ કરીને મનુષ્ય **सिणायओ** = સ્નાતક અથવા કેવળજ્ઞાની **सव्वकम्म विणिमुक्कं** = બધાં કર્મોથી મુક્ત બને છે.

**ભાવાર્થ :–** તીર્થંકરોએ આ ધર્મ તત્ત્વોનું, સમતા આદિ ગુણોનું નિરૂપણ કર્યું છે. જેનું આચરણ કરીને સાધક પૂર્ણ જ્ઞાની બને છે અને સર્વ કર્મોથી મુક્ત બને છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**૩૫** **एवं गुण समाउत्ता, जे भवंति दिउत्तमा ।**
**ते समत्था समुद्धत्तुं, परमप्पाणमेव य ॥**

**શબ્દાર્થ :–** **एवं** = આ પ્રકારે **गुणसमाउत्ता** = ઉપર્યુક્ત ગુણોથી યુક્ત **दिउत्तमा** = દ્વિજોત્તમ, ઉત્તમ બ્રાહ્મણ **भवंति** = હોય છે **परमप्पाणमेव य** = પોતાના અને બીજાના આત્માને (પણ) **समुद्धत्तुं** = ઉદ્ધાર કરવામાં **समत्था** = સમર્થ છે.

**ભાવાર્થ :–** આમ જેઓ ગુણ સંપન્ન અને બ્રાહ્મણોમાં ઉત્તમ છે, તેઓ જ પોતાના અને બીજાના આત્માનો સંસાર સમુદ્રમાંથી ઉદ્ધાર કરવામાં સમર્થ હોય છે.

**વિવેચન :–**

પૂર્વોક્ત ગાથાઓમાં સૂત્રકારે બ્રાહ્મણના યથાર્થ ગુણોનું દિગ્દર્શન કરાવ્યું છે અને પ્રસ્તુત બે ગાથાઓમાં તે સર્વગુણોનું સૂચન કરીને તે ગુણોના ધારક, ઉત્તમ બ્રાહ્મણને સ્વ પર તારક, પરમ ઉદ્ધારક બતાવ્યા છે. સૂત્રોક્ત ગુણોને ધારણ કરનાર સાધક સર્વજ્ઞ થઈ ક્રમશઃ નિર્વાણને પામે છે.

**વિજયઘોષ દ્વારા સત્ય સ્વીકાર અને ભિક્ષાર્થ નિમંત્રણ :–**

**૩૬** **एवं तु संसए छिण्णे, विजयघोसे य माहणे ।**
**समुदाय तयं तं तु, जयघोसं महामुणिं ॥**

**શબ્દાર્થ :–** **एवं** = આ પ્રકારે **संसए** = સંશય **छिण्णे** = છિન્ન, નષ્ટ થઈ જવાથી **विजयघोसे** = વિજયઘોષે **माहणे** = બ્રાહ્મણે **तयं** = તે જયઘોષ મુનિની વાણી **समुदाय** = સમ્યગ્‌રૂપે હૃદયમાં ધારણ કરી **तं** = તથા જાણી લીધું કે **जयघोसं** = આ મારો સંસારી અવસ્થાનો ભાઈ છે **महामुणिं** = મહામુનિ છે.

**ભાવાર્થ :–** આ પ્રકારે સંશય નષ્ટ થઈ જવાથી વિજયઘોષ બ્રાહ્મણે મહામુનિ જયઘોષની વાણીને સમ્યક્ પ્રકારે હૃદયમાં ધારણ કરી અને જયઘોષ મુનિને પોતાના ભાઈ તરીકે ઓળખી લીધા.

**૩૭** **तुट्ठे य विजयघोसे, इणमुदाहु कयंजली ।**
**माहणत्तं जहाभूयं, सुट्ठु मे उवदंसियं ॥**

**શબ્દાર્થ :–** **विजयघोसे** = વિજયઘોષે **तुट्ठे** = પ્રસન્ન થઈ **कयंजली** = હાથ જોડી **इणं** = આ પ્રકારે **उदाहु** = કહ્યું **जहाभूयं** = યથાભૂત-વાસ્તવિક **माहणत्तं** = બ્રાહ્મણત્વનું સ્વરૂપ આપે **मे** = મને **सुट्ठु** = સારી રીતે **उवदंसियं** = ઉપદર્શિત કર્યું, સમજાવ્યું છે.

**ભાવાર્થ :–** સંતુષ્ટ થયેલા વિજયઘોષે હાથ જોડીને (મુનિ જયઘોષને) આ પ્રમાણે કહ્યું– તમે મને વાસ્તવિક

બ્રાહ્મણત્વનું સ્વરૂપ સારી રીતે સમજાવ્યું છે.

**૩૮** **तुब्भे जइया जण्णाणं, तुब्भे वेयविऊ विऊ ।**
**जोइसंगविऊ तुब्भे, तुब्भे धम्माण पारगा ॥**

**શબ્દાર્થ :– तुब्भे** = તમે જ **जण्णाणं** = યજ્ઞોના **जइया** = કરનારા છો **वेयविऊ** = વેદોના જ્ઞાતા **विऊ** = વિદ્વાન **जोइसंगविऊ** = જ્યોતિષ શાસ્ત્ર અને તેના અંગને જાણનારા **धम्माण** = ધર્મોના **पारगा** = પારગામી છો.

**ભાવાર્થ :–** [વિજયઘોષ બ્રાહ્મણ કહે છે] તમે જ ભાવ યજ્ઞોના કર્તા યાજ્ઞિક છો, તમે જ વેદના જાણકાર છો, વિદ્વાન છો, તમે જ જ્યોતિષ શાસ્ત્ર અને તેના અંગોના જાણકાર છો અને તમે જ ધર્મના પારગામી-પારંગત છો.

**૩૯** **तुब्भे समत्था समुद्धत्तुं, परमप्पाणमेव य ।**
**तमणुग्गहं करेहम्हं, भिक्खेण भिक्खु उत्तमा ॥**

**શબ્દાર્થ :– तं** = તે માટે **भिक्खु उत्तमा** = હે ઉત્તમ ભિક્ષુ ! **भिक्खेण** = ભિક્ષા ગ્રહણ કરીને **अम्हं** = અમારા ઉપર **अणुग्गहं** = અનુગ્રહ **करेह** = કરો.

**ભાવાર્થ :–** તમે, તમારો અને બીજાઓનો ઉદ્ધાર કરવા સમર્થ છો, તેથી હે શ્રેષ્ઠ ભિક્ષુ ! ભિક્ષા સ્વીકારી અમારા ઉપર અનુગ્રહ કરો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સંશયના સમાધાન પછી વિજયઘોષ બ્રાહ્મણના જયઘોષ મુનિ સાથેના ગુણ સ્તુતિપૂર્વકના નમ્ર વ્યવહારનું દિગ્દર્શન છે.

વિજયઘોષ યાજ્ઞિક હળુકર્મી અને ચરમ શરીરી જીવ હતા. તેથી કોઈપણ પ્રકારના આગ્રહ વિના સત્ય તત્ત્વને સમજવાનો પ્રયત્ન કર્યો અને તત્ત્વ સમજાઈ જતાં તેને પૂર્ણ પ્રસન્નતાથી સ્વીકારી લીધું. એટલું જ નહીં પણ પોતાની અજ્ઞાનાવસ્થામાં જયઘોષ મુનિ સાથે કરેલા આહાર-દાન નિષેધ રૂપ અનુચિત્ત વ્યવહારનું પરિવર્તન કરી મુનિને આહાર ગ્રહણ કરવા માટે વિનંતિ કરી તેમજ જયઘોષ મુનિના જ્ઞાનની મહત્તા સમજાઈ જવાથી તેમની ભાવ યુક્ત ગુણસ્તુતિ કરવા લાગ્યા. જેમ કે–

હે મુનિવર ! જે યજ્ઞમાં કર્મોની આહૂતિ અપાય છે તેવા યથાર્થ ભાવ યજ્ઞના **યજ્ઞકર્તા આપ છો.** જેના દ્વારા આત્મશુદ્ધિનું જ્ઞાન થાય તેવી સાચી **વેદવિદ્યાના જ્ઞાતા આપ છો.** જ્યોતિષી દેવોની ગતિના કારણે વ્યવહારિક કાળગણના થાય અને તેના આધારે સ્વાધ્યાયના કાળ-અકાળનો નિર્ણય થાય તેવા **જ્યોતિષાંગ જ્ઞાનના જ્ઞાતા આપ છો.** સંયમ અને તપરૂપી **ધર્મના આપ પારગામી** છો. આપ ઉપરોક્ત ગુણોના ધારક હોવાથી **સ્વ અને પરનો ઉદ્ધાર કરવામાં સમર્થ** છો. આપ મુધાજીવી-નિસ્પૃહભાવે, નાના-મોટાના ભેદભાવ વિના અજ્ઞાત કુલોમાંથી ભિક્ષા ગ્રહણ કરનાર હોવાથી **શ્રેષ્ઠ ભિક્ષુ** છો. માટે અમારી પાસેથી ભિક્ષા ગ્રહણ કરી અમારા પર કૃપા કરો.

આ રીતે જયઘોષ મુનિનો પોતાના ભાઈ તરીકે તેમજ એક મહાન જ્ઞાની સંત તરીકે પરિચય થતાં વિજયઘોષ બ્રાહ્મણના જીવનનું પરિવર્તન થઈ ગયું.

**ભિક્ષાની ઉપેક્ષા સાથે વૈરાગ્યમય ઉપદેશ :–**

**૪૦** **ण कज्जं मज्झ भिक्खेण, खिप्पं णिक्खमसू दिया ।**
**मा भमिहिसि भयावट्टे, घोरे संसारसागरे ॥**

**શબ્દાર્થ :– दिया** = હે દ્વિજ **मज्झ** = મને **भिक्खेण** = ભિક્ષાથી **ण कज्जं** = પ્રયોજન નથી **खिप्पं** = શીઘ્ર **णिक्खमसू** = પ્રવ્રજ્યા સ્વીકાર કરો(તેમ કરવાથી) **भयावट्टे** = ભયરૂપ આવર્તવાળા **घोरे** = ભયાનક **संसार सागरे** = સંસાર સાગરમાં **मा भमिहिसि** = પરિભ્રમણ ન કરો.

**ભાવાર્થ :–** [જયઘોષ મુનિએ કહ્યું] હે દ્વિજ ! મારે ભિક્ષાનું કોઈ પ્રયોજન નથી. તમે શીઘ્ર અભિનિષ્ક્રમણ કરો અર્થાત્ સાધુપણાનો સ્વીકાર કરો. ભયના આવર્તવાળા ઘોર સંસાર સાગરમાં તમે ભ્રમણ ન કરો.

**૪૧** **उवलेवो होइ भोगेसु, अभोगी णोवलिप्पइ ।**
**भोगी भमइ संसारे, अभोगी विप्पमुच्चइ ॥**

**શબ્દાર્થ :– भोगेसु** = ભોગો ભોગવવાથી **उवलेवो** = કર્મોનો બંધ **होइ** = થાય છે અને **अभोगी** = ભોગોનું સેવન ન કરનાર **णोवलिप्पइ** = કર્મોથી લિપ્ત નથી થતો **भोगी** = ભોગી આત્મા **संसारे** = સંસારમાં **भमइ** = પરિભ્રમણ કરતો રહે છે **अभोगी** = ભોગોનો ત્યાગી આત્મા **विप्पमुच्चइ** = મુક્ત થઈ જાય છે.

**ભાવાર્થ :–** ભોગો ભોગવવાથી કર્મોનો બંધ થાય છે. ભોગોનું સેવન ન કરનાર કર્મોથી નિર્લેપ બને છે. ભોગી સંસારમાં ભ્રમણ કરે છે અને અભોગી તેનાથી મુક્ત થાય છે.

**૪૨** **उल्लो सुक्को य दो छूढा, गोलया मट्टियामया ।**
**दो वि आवडिया कुड्डे, जो उल्लो सोत्थ लग्गइ ॥**

**શબ્દાર્થ :– उल्लो** = ભીનો **य** = અને **सुक्को** = સૂકો **मट्टियामया** = માટીના **दो** = બે **गोलया** = ગોળાને(જો) **कुड्डे** = ભીંત પર **छूढा** = ફેંકવામાં આવે **दो वि** = તે બંને **आवडिया** = ભીંતમાં ભટકાશે **अत्थ** = તેમાંથી **जो** = જે **उल्लो** = ભીનો **सो** = તે **लग्गइ** = ચોંટી જશે.

**ભાવાર્થ :–** માટીનો એક ભીનો અને એક સૂકો એમ બે ગોળા ભીંત પર ફેંકવામાં આવે, તો તે બંને ગોળા ભીંત સાથે અથડાય છે, પરંતુ તેમાંથી જે ભીનો ગોળો છે, તે ભીંત સાથે ચોંટી જાય છે અને સૂકો ગોળો ચોંટતો નથી.

**૪૩** **एवं लग्गंति दुम्मेहा, जे णरा कामलालसा ।**
**विरत्ता उ ण लग्गंति, जहा से सुक्कगोलए ॥**

**શબ્દાર્થ :– एवं** = આ રીતે **जे** = જે **दुम्मेहा** = દુર્મેધ, દુર્બુદ્ધિ **णरा** = પુરુષ **कामलालसा** = કામ ભોગોમાં આસક્ત રહે છે તે **लग्गंति** = કર્મોથી લિપ્ત થઈને સંસારમાં ફસાય છે **उ** = અને **विरत्ता** = વિરક્ત છે **से** = તેઓ **सुक्कगोलए** = સૂકા ગોળાની જેમ **जहा** = જેમ **ण लग्गंति** = કર્મોથી લિપ્ત થતા નથી.

**ભાવાર્થ :–** આ રીતે જે મનુષ્ય દુર્બુદ્ધિવાળા અને કામભોગોમાં આસક્ત છે તે વિષયોમાં ચોંટી જાય છે અને કર્મોથી લેપાય છે. વિરક્ત સાધક સૂકા ગોળાની જેમ કર્મોથી લિપ્ત થતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં જયઘોષ મુનિએ વિજયઘોષ બ્રાહ્મણને આપેલા માર્મિક ઉપદેશનું સંકલન છે.

શ્રમણો સ્વયં સંસારની અને કામભોગોની ક્ષણિકતા કે અસારતાને સમજીને સાધના માર્ગે પુરુષાર્થ કરતા જ હોય છે, સાથોસાથ સંસારના અન્ય જીવો પણ આ ઘોર સંસાર સાગરના વમળોને પાર કરી જાય, તેવી અપાર કરુણા દષ્ટિ તેઓના અંતરમાં હંમેશાં રહ્યા કરે છે. તેથી જ જયઘોષમુનિએ વિજયઘોષ બ્રાહ્મણ માટે ઉપદેશનો અવસર જાણીને કહ્યું કે– મારે ભિક્ષાનું કોઈ પ્રયોજન નથી પરંતુ તું શીઘ્ર અનંત જન્મ-મરણના કારણરૂપ કામભોગોનો ત્યાગ કરીને સંયમ માર્ગે પ્રયાણ કર, એ જ મારો ઉદ્દેશ્ય છે.

**भयावट्टे संसार सागरे :–** ભયના આવર્ત-વમળ જેમાં છે તેવા સંસાર સમુદ્રમાં. સંસારની ભયાનકતા બતાવવા અહીં **भयावट्टे, घोरे, सागरे** ઇત્યાદિ વિશેષણો છે. આ સંસાર સાગર સમાન છે, તેમાં જન્મ-મરણના તેમજ ઈહલોકભય આદિ સાત પ્રકારના ભયના વમળો નિરંતર ઉઠતા રહે છે. તે વમળોને પાર કરવા અત્યંત દુષ્કર છે, વ્યક્તિ તે વમળમાં ગરક થતી જાય છે.

**વિજયઘોષની દીક્ષા અને બંનેની સિદ્ધિ :–**

**૪૪** **एवं से विजयघोसे, जयघोसस्स अंतिए ।**
**अणगारस्स णिक्खंतो, धम्मं सोच्चा अणुत्तरं ॥**

**શબ્દાર્થ :– एवं** = આ રીતે **अणुत्तरं** = અનુત્તર, શ્રેષ્ઠ **सोच्चा** = સાંભળીને **अंतिए** = સમીપ **णिक्खंतो** = દીક્ષા ધારણ કરી **से** = તે **विजयघोसे** = વિજયઘોષ બ્રાહ્મણે **जयघोसस्स** = જયઘોષ **अणगारस्स** = મુનિના.

**ભાવાર્થ :–** આ પ્રમાણે તે વિજયઘોષ બ્રાહ્મણ, જયઘોષ મુનિની પાસેથી અનુત્તર ધર્મ સાંભળીને સંસારથી વિરક્ત બનીને દીક્ષિત થઈ ગયા.

**૪૫** **खवित्ता पुव्वकम्माइं, संजमेण तवेण य ।**
**जयघोसविजयघोसा, सिद्धिं पत्ता अणुत्तरं ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– संजमेण** = સંયમ **तवेण** = તપથી **पुव्वकम्माइं** = પૂર્વકૃત કર્મોનો **खवित्ता** = નાશ કરીને **जयघोस–विजयघोसा** = જયઘોષ અને વિજયઘોષ બંને મુનિ **अणुत्तरं** = અનુત્તર, શ્રેષ્ઠ **सिद्धिं** = સિદ્ધગતિને **पत्ता** = પ્રાપ્ત થઈ ગયા.

**ભાવાર્થ :–** જયઘોષ અને વિજયઘોષ બંને મુનિઓ સંયમ અને તપ દ્વારા પૂર્વસંચિત કર્મોનો ક્ષય કરી, અનુત્તર સિદ્ધિ પ્રાપ્ત કરી, મોક્ષ પામ્યા.

**વિવેચન :–**

વિજયઘોષ બ્રાહ્મણ જયઘોષ મુનિ દ્વારા સન્માર્ગ પ્રાપ્ત કરીને વાસ્તવિક રીતે બ્રહ્મભાવ પ્રગટ કરવા કટિબદ્ધ બન્યા, સમગ્ર સંસારનો ત્યાગ કરીને જૈનમુનિપણાનો સ્વીકાર કર્યો.

## ॥ પચીસમું અધ્યયન સંપૂર્ણ ॥

# છવ્વીસમું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનમાં સંયમ-જીવનના આચારોનું દિનચર્યા રૂપે વર્ણન હોવાથી તેનું નામ **સમાચારી** છે. સમાચારીનો અર્થ સમ્યક્ વ્યવસ્થા થાય છે. તેમાં સાધકના પરસ્પરના વ્યવહાર અને કર્તવ્યનો સંકેત છે. જેનું આચરણ કરીને, પાલન કરીને સાધુ શારીરિક અને માનસિક દુઃખોથી મુક્ત, સિદ્ધ અને બુદ્ધ થઈ શકે છે.

★ આચારના બે પાસા છે. વ્રતાત્મક અને વ્યવહારાત્મક. પંચમહાવ્રતનું તેમજ અન્ય નિયમોનું પાલન કરવું, તે વ્રતાત્મક પાસુ છે અને ગુરુકુલવાસી સાધુઓનો પરસ્પરનો વ્યવહાર તેમજ સાધુ જીવનની પ્રત્યેક પ્રવૃત્તિઓ, તે વ્યવહારાત્મક પાસુ છે. પ્રસ્તુત અધ્યયનમાં બીજા વ્યવહારાત્મક પાસાનું વિશ્લેષણ છે. ગુરુકુળમાં સંઘીય જીવન સુવ્યવસ્થિત રાખવા માટે સાધકને અન્ય સહવર્તી સાધકો પ્રત્યે ઉદારતા, પ્રેમ, સંગઠનના ભાવ તેમજ ઉચિત વ્યવહાર રાખવો જરૂરી બની જાય છે. સંયમ જીવનની સફળતા માટે નિયમોપનિયમ યુક્ત વ્યવસ્થિત દિનચર્યા(૨૪ કલાકનો કાર્યક્રમ) પણ આવશ્યક બને છે.

★ પરસ્પરના વ્યાવહારિક શિષ્ટાચારનું વર્ણન આવશ્યકી આદિ દશ સમાચારીના માધ્યમથી કર્યું છે.

**(૧) આવશ્યકી**– સાધુ કાર્યવશ ઉપાશ્રયની બહાર જાય તો ગુરુજનોને સૂચિત કરીને તેમજ આગમની પ્રણાલી મુજબ 'આવસ્સહિ-આવસ્સહિ' ઉચ્ચારણ કરીને જાય છે. તે શબ્દોના ઉચ્ચારણથી મુનિ પોતાના આત્માને, અન્ય શ્રમણ સમુદાયને તેમજ ગુરુને સૂચિત કરે છે કે હું સંયમ કે શરીરના અત્યંત આવશ્યક પ્રયોજનથી જ બહાર જઈ રહ્યો છું. **(૨) નૈષેધિકી**– મુનિ કાર્ય પૂર્ણ કરીને પાછો ફરે ત્યારે ગુરુને જાણ કરે. તેમાં પણ આગમ પ્રણાલી મુજબ તે **निस्सीहि-निस्सीहि** તેમ ઉચ્ચારણ કરીને ઉપાશ્રયમાં પ્રવેશ કરે છે. તે શબ્દોના ઉચ્ચારણથી મુનિ એ સૂચિત કરે છે કે હું જે આવશ્યક કાર્ય માટે બહાર ગયો હતો તે કાર્યથી નિવૃત્ત થઈને આવી ગયો છું. **(૩) પૃચ્છના**– કોઈ પણ કાર્ય ગુરુને પૂછીને કરે. **(૪) પ્રતિપૃચ્છના**– સ્વયંના કાર્ય સાથે અન્યનું કાર્ય કરવાનું હોય તો પણ ગુરુની આજ્ઞાપૂર્વક કરે. **(૫) છંદના**– પોતે લાવેલા આહાર-પાણી માટે ગુરુ અને રત્નાધિકોને નિમંત્રણ આપે. **(૬) ઈચ્છાકાર**– અન્યનું કાર્ય કરવા કે અન્ય પાસેથી કાર્ય કરાવવા પોતાની ઈચ્છા પ્રગટ કરે, સૂત્રપાઠ કે સૂત્ર વાચના લેવા માટે પણ ગુરુ આદિની ઈચ્છા (અનુકૂલતા) જાણે. **(૭) મિથ્યાકાર**– પોતાની ભૂલોનું મિચ્છામિ દુક્કડં કરે. **(૮) તથાકાર**– ગુરુના વચનોને 'તહત્તિ' (સત્યવચન) કહીને સ્વીકારે.**(૯) અભ્યુત્થાન**– ગુરુજનો આવે ત્યારે કે નજીકથી નીકળે ત્યારે ઊભા થઈને વિનયભાવ પ્રગટ કરે. **(૧૦) ઉપસંપદા**– પોતાના આચાર્ય, ગુરુ આદિ જેમની પાસે શાસ્ત્ર અધ્યયન માટે કે વિચરણ કરવા માટે રહેવાનું કહે તો તેની ઉપસંપદાને ધારણ કરે.

★ સાધુ જીવનની દિનચર્યાનું ક્રમિક વર્ણન દિવસ અને રાત્રિના આઠ પહોરના માધ્યમથી કર્યું છે. તેમાં સામાન્યતઃ ચાર પહોર સ્વાધ્યાયના, બે પહોર ધ્યાનના એક પહોર ભિક્ષાનો અને એક

પહોર નિદ્રા માટે છે. સાધક જીવનમાં પ્રાધાન્ય તો સ્વાધ્યાય અને ધ્યાનને જ હોય છે.

★ સાધકને માટે દિવસના પ્રથમ પહોરમાં સૂર્યોદય થતાં પ્રતિલેખના કરીને સ્વાધ્યાય, બીજા પહોરમાં ધ્યાન, ત્રીજા પહોરમાં ભિક્ષાવૃત્તિ અને ચોથા પહોરમાં પાત્ર પ્રતિલેખન સહિત ઉપકરણ પ્રતિલેખન, પછી સ્વાધ્યાય અને દિવસના છેલ્લે મકાનનું અને સ્થંડિલ ભૂમિનું પ્રતિલેખન કરવાનું વિધાન છે.

★ તે જ રીતે રાત્રે પ્રથમ પ્રહરમાં એટલે સૂર્યાસ્ત થતાં પ્રતિક્રમણ કરીને સ્વાધ્યાય, બીજા પ્રહરમાં ધ્યાન, ત્રીજા પ્રહરમાં વિશ્રામ– નિદ્રા અને ચોથા પ્રહરમાં પુનઃ સ્વાધ્યાય તથા રાત્રિના અંતે પ્રતિક્રમણ કરવાનું વિધાન છે.

★ સંયમ જીવનની સફળ સાધના માટેની સૂત્રોક્ત દિનચર્યા અને સમાચારી શારીરિક સ્વસ્થતા, માનસિક શાંતિ અને સામુહિક સંઘીય વ્યવસ્થા માટે અત્યંત લાભદાયક છે.

★ શ્રમણની સૂત્રોક્ત દિનચર્યા માટે આવશ્યક પોરસી આદિના કાલમાનને જાણવાની રીત, પ્રતિલેખન વિધિ, આહાર ગ્રહણ-અગ્રહણના છ-છ કારણોનું પ્રસંગોપાત યથાસ્થાને નિરૂપણ છે.

★ આ રીતે સાધુ જીવનના સમગ્ર વ્યવહાર અને દિનચર્યાનું દર્શન કરાવતું આ અધ્યયન, જાગૃત સાધકનું એક દિવ્ય સાધનાચિત્ર છે. જે આજે પણ જન-મનને રચનાત્મક પ્રેરણા આપે છે.

❖❖❖❖❖

# છવ્વીસમું અધ્યયન

## સમાચારી

**દશ સમાચારી :–**

**१** सामायारिं पवक्खामि, सव्व दुक्ख विमोक्खणिं ।
जं चरित्ताण णिग्गंथा, तिण्णा संसार सागरं ॥

**શબ્દાર્થ :– सव्व दुक्ख विमोक्खणिं** = સર્વ દુઃખોથી મુક્ત કરાવનારી **सामायारिं** = સમાચારી **पवक्खामि** = કહીશ **जं** = જેનું **चरित्ताण** = આચરણ કરીને **णिग्गंथा** = અનેક નિર્ગ્રંથ મુનિઓ **संसार-सागरं** = સંસાર સાગરને **तिण्णा** = તરી ગયા છે.

**ભાવાર્થ :–** સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે– હે જંબૂ ! શારીરિક, માનસિક આદિ સર્વ દુઃખોથી મુક્ત કરાવનારી અને સાધુજનોના સમ્યક્ આચારરૂપ સમાચારીનું હું કથન કરીશ; જે સમાચારીનું પાલન કરીને સાધુઓ સંસાર સાગરને તરી ગયા છે.

**२** पढमा आवस्सिया णाम, बिइया य णिसीहिया ।
आपुच्छणा य तइया, चउत्थी पडिपुच्छणा ॥

**३** पंचमी छंदणा णाम, इच्छाकारो य छट्ठओ ।
सत्तमो मिच्छाकारो य, तहक्कारो य अट्ठमो ॥

**४** अब्भुट्ठाणं च णवमं, दसमी उवसंपया ।
एसा दसंगा साहूणं, सामायारी पवेइया ॥

**શબ્દાર્થ :– पढमा** = પ્રથમ **आवस्सिया** = આવશ્યકી **णाम** = નામની **बिइया** = બીજી **णिसीहिया** = નૈષેધિકી **तइया** = ત્રીજી **आपुच्छणा** = આપૃચ્છના **चउत्थी** = ચોથી **पडिपुच्छणा** = પ્રતિપૃચ્છના **पंचमी** = પાંચમી **छंदणा णाम** = છંદના નામની **छट्ठओ** = છઠ્ઠી **इच्छाकारो** = ઈચ્છાકાર **सत्तमो** = સાતમી **मिच्छाकारो** = મિથ્યાકાર **अट्ठमो** = આઠમી **तहक्कारो** = તથાકાર છે **णवमं** = નવમી **अब्भुट्ठाणं** = અભ્યુત્થાન **दसमी** = દસમી **उवसंपया** = ઉપસંપદા છે **एसा** = આ **साहूणं** = સાધુઓની **दसंगा** = દસ પ્રકારની, દસ વિભાગ-વાળી, **सामायारी** = સમાચારી **पवेइया** = તીર્થંકર ભગવાને ફરમાવી છે.

**ભાવાર્થ :–** પહેલી સમાચારીનું નામ આવશયકી, બીજી નૈષેધિકી, ત્રીજી આપૃચ્છના, ચોથી પ્રતિપૃચ્છના, પાંચમી છન્દના, છઠ્ઠી ઈચ્છાકાર, સાતમી મિથ્યાકાર, આઠમી તથાકાર, નવમી અભ્યુત્થાન અને દસમી સમાચારીનું નામ ઉપસંપદા છે. આ દશ પ્રકારની સાધુઓની સમાચારી કહી છે. ॥ ૨–૩–૪ ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં દશ સમાચારીની મહત્તા સહ તેનો નામોલ્લેખ છે.

**सामायारिं(સમાચારી) :–** સમાચારી શબ્દના વિવિધ અર્થ થાય છે, યથા– (૧) સમ્યક્ આચરણને સમાચારી કહે છે. (૨) જેનો ભાવ શિષ્ટાચરિત હોય, તેવો ક્રિયાકલાપ તે સમાચારી. (૩) શ્રમણોના કર્તવ્ય, અકર્તવ્યની સૂચના, મર્યાદા, તે સમાચારી. (૪) સમાચારી એટલે સાધુ જીવનની શાસ્ત્રીય દિનચર્યા. (૫) સાધુજીવનના આચાર-વિચારની સમ્યક્ વ્યવસ્થાને સમાચારી કહે છે. સમાચારીના આ સર્વ અર્થો સાપેક્ષ અને સમીચીન છે તેમજ તેના સ્વરૂપને સહજ રીતે સ્પષ્ટ કરે છે.

**સમાચારીની મહત્તા :–** (૧) **सव्व-दुक्ख-विमोक्खणिं** = શારીરિક, માનસિક બધા દુઃખોથી મુક્તિ અપાવનારી છે. (૨) **तिण्णा संसार सागरं** = સમાચારીનું પાલન કરી અનેક નિર્ગ્રંથો સંસાર સાગર તરી ગયા છે, ઉપલક્ષણથી વર્તમાનમાં તરે છે અને ભવિષ્યમાં પણ તરશે.

જિનેશ્વર પ્રરૂપિત આ સમાચારીના આચરણથી સાધુ જીવનમાં પ્રમાદ, અહંકાર વગેરે અનેક દુર્ગુણોનો ત્યાગ થઈ જાય છે. તેમજ ગુરુજનો અને શ્રમણો સાથેનો સંબંધ પવિત્ર બને છે, રાત્રિ અને દિવસનો સંપૂર્ણ સમય વ્યવસ્થિત રૂપે સદ્પ્રવૃત્તિમાં પસાર થાય છે. અત્યધિક સમય સ્વાધ્યાય અને ધ્યાનમાં વ્યતીત થતાં અન્ય સંકલ્પ-વિકલ્પોને અવકાશ રહેતો નથી પરંતુ ચિત્તવૃત્તિ એકાગ્ર અને અંતર્મુખી થાય છે. આ રીતે સમગ્ર દિનચર્યા સંવર અને નિર્જરા પ્રધાન હોવાથી કર્મોનો ક્રમશઃ ક્ષય થાય છે તેથી જ આ સમાચારીનું આચરણ કરનારના સર્વ દુઃખોનો નાશ થાય છે.

**દશ સમાચારીનો પ્રયોગ :–**

**૫** **गमणे आवस्सियं कुज्जा, ठाणे कुज्जा णिसीहियं ।**
**आपुच्छणा सयंकरणे, परकरणे पडिपुच्छणा ॥**

**૬** **छंदणा दव्वजाएणं, इच्छाकारो य सारणे ।**
**मिच्छाकारो य णिंदाए, तहक्कारो पडिस्सुए ॥**

**૭** **अब्भुट्ठाणं गुरुपूया, अच्छणे उवसंपया ।**
**एवं दुपंचसंजुत्ता, सामायारी पवेइया ॥**

**શબ્દાર્થ :– गमणे** = બહાર જતાં સમયે **आवस्सियं** = આવશ્યકી સમાચારી **कुज्जा** = કરે **ठाणे** = ઉપાશ્રયમાં પ્રવેશ કરતાં **णिसीहियं** = નૈષેધિકી સમાચારી **कुज्जा** = કરે **सयंकरणे** = પોતાના કાર્ય કરવાને માટે **आपुच्छणा** = ગુરુને પૂછવું **परकरणे** = પોતાના કાર્ય સાથે બીજા મુનિઓનાં કાર્ય કરવાને માટે **पडिपुच्छणा** = પુનઃ પૂછવું **दव्वजाएणं** = આહારાદિ દ્રવ્યો માટે સાધુઓને નિમંત્રણ આપવું **छंदणा** = છંદના સમાચારી છે **सारणे** = બીજા પાસેથી કાર્ય કરાવવામાં **इच्छाकारो** = ઇચ્છાકાર સમાચારી છે. તેમજ હે પ્રભુ ! આપની ઇચ્છા હોય તો આપ મને જ્ઞાનાદિ આપી મારા ઉપર ઉપકાર કરો; આ પણ ઇચ્છાકાર સમાચારી છે **णिंदाए** = કોઈ દોષ લાગવાથી આત્મનિંદા કરવી **मिच्छाकारो** = મિથ્યાકાર સમાચારી છે **पडिस्सुए** = ગુરુ મહારાજનાં વચનોને સાંભળીને **तहक्कारो** = 'તહત્તિ', સત્ય વચન, એમ કહેવું એ 'તથાકાર' સમાચારી છે **गुरुपूया** = ગુરુપૂજા–ગુરુમહારાજ અને રત્નાધિક સાધુઓની વિનય-ભક્તિ કરવી તથા બાલ, વૃદ્ધ, ગ્લાન સાધુઓને યથોચિત આહાર-ઔષધિ લાવી આપવાં **अब्भुट्ठाणं** = અભ્યુત્થાન નામની સમાચારી છે **अच्छणे** = ગુરુ આજ્ઞાથી અન્ય શ્રમણની નિશ્રામાં રહેવું, વિચરવું, અધ્યયન કરવું **उवसंपया** = ઉપસંપદા સમાચારી છે **एवं** = આ રીતે **दुपंचसंजुत्ता** = ૨×૫ = ૧૦ દસ પ્રકારની સમાચારી **पवेइया** = કહી છે, જિનેશ્વરોએ પ્રરૂપી છે.

**ભાવાર્થ :–** (૧) ઉપાશ્રયમાંથી બહાર જતાં **આવસ્સહી** શબ્દનું ઉચ્ચારણ કરવું. (૨) ઉપાશ્રયમાં પ્રવેશ કરતાં નિસ્સીહી શબ્દનું ઉચ્ચારણ કરવું, (૩) પોતાનું કાર્ય કરવા માટે ગુરુને પૂછવું. (૪) પોતાના કાર્ય માટે જતાં અન્ય મુનિ કોઈ કાર્ય કહી દે તો તેના માટે ગુરુને પુનઃ પૂછવું. (૫) સહવર્તી શ્રમણોને આહારાદિ પદાર્થો માટે આમંત્રિત કરવા. (૬) પોતાનું કામ બીજા પાસેથી કરાવવામાં તેમની ઈચ્છા પ્રમાણે નમ્ર નિવેદન કરવું. (૭) દોષની નિવૃત્તિ માટે આત્મનિંદા કરવી, તેનું મિચ્છામિ દુક્કડં, કહેવું. (૮) ગુરુજનોના આદેશ, ઉપદેશ રૂપ વચનોને **તહત્તિ**, 'સત્યવચન' કહી સ્વીકારવા; (૯) ગુરુજનોના સત્કાર સન્માન માટે આસનેથી ઊભા થવું; બાલ, ગ્લાનાદિ શ્રમણોની સેવા માટે તત્પર રહેવું (૧૦) આચાર્યાદિ દ્વારા નિર્દિષ્ટ શ્રમણ કે ઉપાધ્યાયના સાંનિધ્યમાં રહેવું. આ પ્રમાણે દશવિધ સમાચારી જિનેશ્વરોએ પ્રરૂપિત કરી છે. ॥ ૫–૬–૭ ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં દશ સમાચારીના પ્રયોગનું સ્પષ્ટીકરણ છે.

**(૧) આવશ્યકી :–** કોઈપણ આવશ્યક કાર્ય માટે ઉપાશ્રયથી બહાર જવું પડે ત્યારે ગુરુજનોને તેનું સૂચન કરવું જરૂરી છે. 'હું અમુક કાર્ય માટે બહાર જાઉં છું, તે સૂચિત કરવા 'આવસ્સહિ' શબ્દનું ઉચ્ચારણ કરવું, તેને આવશ્યકી સમાચારી કહે છે.

**(૨) નૈષેધિકી :–** કાર્ય પૂર્ણ કરી ઉપાશ્રયમાં પાછા ફરતી વખતે ગુરુને સૂચન કરવું કે આપની આજ્ઞાનુસાર કાર્ય પૂર્ણ કરીને હું પાછો આવી ગયો છું. તે સૂચિત કરવા 'નિસ્સીહિ–નિસ્સીહિ' શબ્દનું ઉચ્ચારણ કરવું, તેને નૈષેધિકી સમાચારી કહે છે.

આ બંને સમાચારીઓ, સાધકોને આવશ્યક કાર્ય વિના ઉપાશ્રયની બહાર જવું નહીં, તેવું સૂચન કરી પોતાની જવાબદારી સમજાવે છે.

**(૩) આપૃચ્છના :–** (૧) કોઈપણ કાર્ય કે પ્રવૃત્તિ કરતાં પહેલાં ગુરુદેવને પૂછવું કે આપની આજ્ઞા હોય તો હું આ કાર્ય કરું ? (૨) હું આ કાર્ય કરું કે નહિં ? આ રીતે પૂછવું, તે પૃચ્છના સમાચારી છે.

**(૪) પ્રતિપૃચ્છના :–** ગુરુને પૂછીને પોતાના કાર્ય અર્થે બહાર જતાં અન્ય સાધુ કોઈ કાર્ય સોંપે, તો તે સંબંધમાં ગુરુને પુનઃ પૂછવું આવશ્યક છે. જેમ કે આપની આજ્ઞા હોય તો હું અમુક સાધુનું અમુક કાર્ય, મારા કાર્ય સાથે કરું ? આ પ્રકારે પૂછવું, તે પ્રતિપૃચ્છના સમાચારી છે.

આ બંને સમાચારીથી સાધકનો વિનયગુણ પુષ્ટ થાય છે અને સ્વછંદનો નિરોધ થાય છે.

**(૫) છંદના :–** પોતાને પ્રાપ્ત થયેલા આહાર આદિ માટે બીજા સાધુઓને નિમંત્રણ કરવું કે 'હું આ આહાર લાવ્યો છું, તેમાંથી જો આપ અલ્પ પણ ગ્રહણ કરશો તો હું ધન્ય બની જઈશ.' આ રીતે અન્યને નિમંત્રણ આપવું તે છંદના સમાચારી છે.

છંદના સમાચારીના આચરણથી સાધકની સ્વાર્થવૃત્તિ છૂટી જાય અને સહવર્તી સાધુઓ પ્રતિ ઉદારતાનો ભાવ કેળવાય છે.

**(૬) ઈચ્છાકાર :–** જો આપની ઈચ્છા હોય અથવા આપ ઈચ્છો તો હું અમુક કાર્ય કરું ? આ પ્રમાણે પૂછવું, 'ઈચ્છાકાર' છે. સાધુ કોઈ કાર્ય પોતાનાથી મોટા કે નાના સાધુ પાસે કરાવવા ઈચ્છે તો પરાણે

કરાવાતું નથી, તેણે ઈચ્છાકાર સમાચારીનો પ્રયોગ કરવો જોઈએ અર્થાત્ એમ કહેવું જોઈએ કે આપની ઈચ્છા હોય તો મારું કાર્ય આપ કરો. તેમજ આપની ઈચ્છા અને અનુકૂળતા હોય તો મને સૂત્રની વાંચના કરાવો વગેરે નમ્ર ભાવે વિનંતી કરવી, તે ઈચ્છાકાર સમાચારી છે. આ સમાચારીના પાલનથી સહવર્તી શ્રમણોનો પરસ્પર પ્રેમ અને સંગઠન વધે છે.

**(૭) મિથ્યાકાર :–** સંયમ પાલન કરતાં સાધુથી કોઈ વિપરીત આચરણ થઈ જાય તો તરત જ તે દુષ્કૃત્ય માટે પશ્ચાત્તાપપૂર્વક 'મિચ્છામિ દુક્કડં' કરવું, તેને મિથ્યાકાર સમાચારી કહે છે. આ પ્રકારનું આચરણ સાધકોને સૂક્ષ્મદોષો પ્રતિ પણ સાવધાન કરે છે.

**(૮) તથાકાર :–** ગુરુ વગેરે જ્યારે શાસ્ત્ર-વાચના આપે, સમાચારી સંબંધી આદેશ કે ઉપદેશ કરે, પ્રશ્નનો ઉત્તર સમજાવે, કોઈપણ વાત કહે ત્યારે 'આપ જે કહો છો તે સત્ય છે,' તે રીતે ગુરુવચનનો સ્વીકાર કરવો તેમજ તેના માટે આગમિક **'तहत्ति'**, શબ્દનું ઉચ્ચારણ કરવું, તે તથાકાર સમાચારી છે. **'तहत्ति'** શબ્દનું ઉચ્ચારણ ગુરુના આદર અને મહિમાનું સૂચક છે.

**(૯) અભ્યુત્થાન :–** આચાર્ય, ગુરુ અથવા શ્રમણ વગેરે વિશિષ્ટ માનનીય સાધુઓને આવતા જોઈને પોતાના આસનેથી ઊભા થવું, સામે જઈ સત્કાર કરવો, "આવો પધારો" એમ બોલી સ્વાગત કરવું, તે અભ્યુત્થાન સમાચારી છે. આ રીતનો વ્યવહાર શિષ્યની ગુરુ ભક્તિને પ્રગટ કરે છે.

**(૧૦) ઉપસમ્પદા :–** ગુરુ આજ્ઞાથી અન્ય શ્રમણના સાંનિધ્યમાં રહી વિચરણ કરવું તેમજ શાસ્ત્ર અધ્યયન માટે ઉપાધ્યાય આદિના સાંનિધ્યમાં રહેવું, તે ઉપસંપદા સમાચારી છે. સંક્ષેપમાં ગુરુ આજ્ઞાથી ગચ્છના કોઈપણ શ્રમણ સાથે રહેવું અને વિશેષ પરિસ્થિતિમાં ગુરુ આજ્ઞાથી અન્ય ગચ્છના શ્રમણ સાથે રહેવું, તે પણ ઉપસંપદા છે અર્થાત્ ગુરુની સંપદા(સાંનિધ્ય) સિવાય અન્યની સંપદા(સાંનિધ્ય) સ્વીકારવી તે ઉપસંપદા કહેવાય છે.

આ રીતે દશે ય સમાચારી સાધુ જીવનના સમગ્ર વ્યવહારને તેમજ ગુરુ શિષ્યના પવિત્ર સંબંધને જાળવી રાખે છે.

**સાધુની દિનચર્યા :–**

**૮** **पुव्विल्लम्मि चउब्भाए, आइच्चम्मि समुट्ठिए ।**
**भंडयं पडिलेहित्ता, वंदित्ता य तओ गुरुं ॥**

**૯** **पुच्छिज्ज पंजलिउडो, किं कायव्वं मए इह ।**
**इच्छं णिओइउं भंते, वेयावच्चे व सज्झाए ॥**

**શબ્દાર્થ :– आइच्चम्मि** = સૂર્યના **समुट्ठिए** = ઉદય થયા પછી **पुव्विल्लम्मि** = પ્રથમ પ્રહરના **चउब्भाए** = ચોથા ભાગમાં **भंडयं** = ભંડોપકરણની **पडिलेहित्ता** = પ્રતિલેખના કરે **तओ** = ત્યાર પછી **गुरुं** = ગુરુ મહારાજને **वंदित्ता** = વંદન કરીને **पंजलिउडो** = હાથ જોડીને **पुच्छिज्ज** = પૂછે કે **भंते** = હે ભગવન્ ! **इह** = આ સમયે **मए** = મારે **किं** = શું **कायव्वं** = કરવું જોઈએ **सज्झाए** = સ્વાધ્યાય **वेयावच्चे** = વૈયાવૃત્ય, આ બેમાંથી કયા કાર્યમાં **णिओइउं** = આપ મને નિયુક્ત કરવા ઈચ્છો છો ? કયા કાર્યમાં જોડો છો? **इच्छं** = આપની ઈચ્છા પ્રમાણે આજ્ઞા કરો.

**ભાવાર્થ :–** સૂર્યોદય પછી દિવસના પ્રથમ પ્રહરના ચોથા ભાગમાં ભંડોપકરણોનું પ્રતિલેખન કરે, ત્યાર પછી ગુરુને વંદના કરીને, બે હાથ જોડીને પૂછે કે આ સમયે મારે શું કરવું જોઈએ ? હે ભંતે ! આપની ઈચ્છા પ્રમાણે મને વૈયાવચ્ચ કે સ્વાધ્યાયમાં નિયુક્ત કરો. ॥ ૮–૯ ॥

**૧૦** **वेयावच्चे णिउत्तेणं, कायव्वमगिलायओ ।**
**सज्झाए वा णिउत्तेणं, सव्वदुक्ख विमोक्खणे ॥**

**શબ્દાર્થ :– वेयावच्चे** = વૈયાવૃત્યમાં **णिउत्तेणं** = નિયુક્ત થયેલા સાધુએ **अगिलायओ** = ગ્લાનિ વિના **कायव्वं** = વૈયાવચ્ચ કરવી જોઈએ **सज्झाए** = સ્વાધ્યાયમાં **सव्वदुक्ख-विमोक्खणे** = સમસ્ત દુઃખોથી મુક્ત કરાવનાર સ્વાધ્યાયમાં દત્તચિત્ત થઈ લાગી જાય.

**ભાવાર્થ :–** વૈયાવૃત્ય(સેવા)માં નિયુક્ત થયેલા સાધક ગ્લાનિરહિત અર્થાત્ પ્રસન્નતાપૂર્વક વૈયાવૃત્ય કરે, અથવા સર્વ દુઃખોથી વિમુક્ત કરાવનાર સ્વાધ્યાયમાં નિયુક્ત કરાયેલો સાધક ભાવપૂર્વક પ્રસન્નચિત્તે સ્વાધ્યાય કરે.

**૧૧** **दिवसस्स चउरो भागे, भिक्खू कुज्जा वियक्खणो ।**
**तओ उत्तरगुणे कुज्जा, दिणभागेसु चउसु वि ॥**

**શબ્દાર્થ :– वियक्खणो** = વિચક્ષણ **भिक्खू** = સાધુ **दिवस्स** = દિવસના **चउरो** = ચાર **भागे** = ભાગ **कुज्जा** = કરે **तओ** = ત્યાર પછી **दिणभागेसु चउसु वि** = દિવસના ચાર ભાગોમાં **उत्तरगुणे** = ઉત્તર ગુણોનું પાલન કરે.

**ભાવાર્થ :–** વિચક્ષણ સાધુ દિવસના ચાર વિભાગ કરીને પછી દિવસના તે ચાર ભાગોમાં(નિમ્નોક્ત) ઉત્તરગુણોની આરાધના કરે.

**૧૨** **पढमं पोरिसी सज्झायं, बीयं झाणं झियायइ ।**
**तइयाए भिक्खायरियं, पुणो चउत्थीइ सज्झायं ॥**

**શબ્દાર્થ :– पढमं** = પ્રથમ **पोरिसी** = પ્રહરમાં **सज्झायं** = સ્વાધ્યાય કરે **बीयं** = બીજા પ્રહરમાં **झाणं** = ધ્યાન **झियायइ** = કરે **तइयाए** = ત્રીજા પ્રહરમાં **भिक्खायरियं** = ભિક્ષાચર્યા કરે અને **चउत्थीइ** = ચોથા પ્રહરમાં **पुणो** = પુનઃ **सज्झायं** = સ્વાધ્યાય કરે.

**ભાવાર્થ :–** મુનિ દિવસના પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરે, બીજા પ્રહરમાં સૂત્રાર્થ ચિંતવનારૂપ ધ્યાન કરે, ત્રીજા પ્રહરમાં ભિક્ષાચર્યા કરે અને ચોથા પ્રહરમાં ફરીથી સ્વાધ્યાય કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં વિનય પ્રતિપત્તિ સાથે સાધુના દિનકૃત્યોનું ક્રમિક નિરૂપણ છે.

**पुव्विल्लम्मि चउब्भाए :–** એક દિવસના ચોથા ભાગને એક પ્રહર કહે છે, તેમાંથી પ્રથમ પ્રહરના પ્રથમ ચતુર્થભાગના પ્રારંભમાં એટલે સૂર્યોદય થતાં સાધુ પોતાના ભંડોપકરણોનું, વસ્ત્રાદિનું સૂક્ષ્મ દષ્ટિએ જીવદયાની ભાવનાથી નિરીક્ષણ, પ્રતિલેખન કરે.

**पढमं पोरसी सज्झायं :–** સામાન્ય રીતે પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાયનું વિધાન છે, તેમ છતાં ગુરુકુલવાસી

શિષ્ય પ્રતિલેખન કર્યા પછી ગુરુ સમક્ષ ઉપસ્થિત થઈ પૂછે કે 'હવે હું શું કરું ? કોઈ વૃદ્ધ, તપસ્વી કે બીમાર સાધુને વૈયાવચ્ચની આવશ્યકતા હોય તો વૈયાવચ્ચ કરું, અન્યથા સ્વાધ્યાય કરું' ગુરુ સર્વ પરિસ્થિતિનો વિચાર કરીને શિષ્યને વૈયાવચ્ચ અથવા સ્વાધ્યાયની આજ્ઞા આપે છે. જો સાધુને વૈયાવચ્ચની આજ્ઞા આપે, તો અગ્લાન ભાવે એટલે પ્રસન્નતાપૂર્વક સેવા કરે અને સ્વાધ્યાયની આજ્ઞા આપે તો સ્વાધ્યાયમાં એકાગ્ર બની જાય.

સૂત્રોક્ત કથનથી સ્પષ્ટ થાય છે કે સ્વાધ્યાય કરતાં ય સહવર્તી સાધુઓની સેવાનું મહત્ત્વ વધુ છે. કારણ કે સૂત્રકારે વૈયાવચ્ચને પ્રથમ સ્થાન આપ્યું છે, જો વૈયાવચ્ચનું કાર્ય ન હોય તો સાધુ પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરે. સેવા અને સ્વાધ્યાય બંને આભ્યંતર તપ છે. તેથી સાધુ ગુરુની આજ્ઞાનુસાર કોઈપણ કાર્ય પ્રસન્નતાપૂર્વક કરે.

**बीयं झाणं झियायइ :–** બીજા પ્રહરમાં ધ્યાન કરે. આ સૂત્રની ટીકામાં કહ્યું છે કે– **ध्यानं चेहार्थ पौरुषीत्वादस्या अर्थविषय एव...।** પ્રથમ પ્રહર સૂત્ર પોરસી છે અને બીજો પ્રહર અર્થ પોરસી છે. માટે બીજી પોરસીમાં ધ્યાન કરવું અર્થાત્ પ્રથમ પ્રહરમાં જે સૂત્રપાઠની સ્વાધ્યાય કરી હોય તેના અર્થના ચિંતન રૂપે ધ્યાન કરે. તેમજ અધ્યયનશીલ વિદ્યાર્થી મુનિ બીજી પોરસીમાં સૂત્રાર્થ વાચના ગ્રહણ કરે તથા ગ્રહણ કરેલી વાચનાનો પુનઃ પાઠ કરે.

**तइयाए भिक्खायरियं :–** ત્રીજા પ્રહરમાં ભિક્ષાચરી કરે. સામાન્ય રીતે સાધુ એકવાર ભોજન કરે છે. તેના માટે તે ત્રીજા પ્રહરમાં ગોચરીએ જાય, આહાર-પાણી લાવે અને વાપરે, તે સર્વ કાર્ય ત્રીજા પ્રહરમાં પૂર્ણ કરે. આપવાદિક પરિસ્થિતિમાં દિવસના કોઈપણ ભાગમાં સાધુને આહાર-પાણીની આવશ્યકતા હોય, તો ગમે તે સમયે ગુર્વાજ્ઞાપૂર્વક ગોચરીએ જઈ આહાર-પાણી લાવી શકે છે, **काले कालं समायरे**– આ વાક્યથી ક્ષેત્ર, કાળ અનુસાર ગોચરીએ જવાનું વિધાન પણ શાસ્ત્ર દશવૈકાલિક સૂત્રમાં છે.

**पुणो चउत्थीइ सज्झायं :–** ચોથા પ્રહરમાં પુનઃ સ્વાધ્યાય કરે. ભિક્ષાચરી આદિ કાર્યથી નિવૃત્ત થયા પછી સાધુ પુનઃ સ્વાધ્યાયમાં જ લીન બની જાય.

અહીં ચોથા પ્રહરમાં સ્વાધ્યાયનું સંક્ષિપ્ત કથન છે પરંતુ ચોથા પ્રહરમાં પ્રતિલેખન, વૈયાવૃત્ય, ગોચરી આદિ અત્યાવશ્યક કાર્યો હોય તો તે કરી લેવા જોઈએ.

**अगिलायओ :–** અગ્લાન ભાવે. આ શબ્દ વૈયાવચ્ચ સાથે પ્રયુક્ત થાય ત્યારે તેનો અર્થ અગ્લાનભાવે અર્થાત્ પોતાના શારીરિક શ્રમ આદિનો વિચાર કર્યા વિના, અન્યને શાતા ઉપજાવવાની નિષ્કામ ભાવનાથી **પ્રસન્નતા પૂર્વક** સેવા કરે. વૈયાવચ્ચ કરતાં જરાય ખેદિત ન થાય, કષ્ટાનુભવ ન કરે.

**अगिलायओ** શબ્દ સ્વાધ્યાય સાથે પ્રયુક્ત થાય ત્યારે તેનો અર્થ અગ્લાન ભાવે અર્થાત્ સ્વાધ્યાયના થતાં લાભને સમજીને, થાક્યા વિના, ઉત્સાહપૂર્વક સ્વાધ્યાયમાં તલ્લીન થઈ જાય.

**तओ उत्तरगुणे कुज्जा :–** ઉત્તર ગુણોની આરાધના કરે. પંચમહાવ્રતનું પાલન કરવું તે મૂળગુણની આરાધના છે, સમિતિ-ગુપ્તિ આદિ પ્રવૃત્તિઓ પણ મૂળગુણરૂપ છે. તે સિવાય સ્વાધ્યાય, ધ્યાન, તપ, વૈયાવચ્ચ અને વિવિધ ત્યાગ–પ્રત્યાખ્યાન, અભિગ્રહ આદિ અનુષ્ઠાનો ઉત્તરગુણની આરાધના છે. સાધુ દિવસના ચારે પ્રહરમાં આવશ્યક કર્તવ્યોથી અવશેષ સમયમાં શાસ્ત્રની આજ્ઞાનુસાર સ્વાધ્યાય આદિ આચરણ કરીને ઉત્તરગુણોને પુષ્ટ બનાવે છે.

ઉપરોક્ત વર્ણનમાં **વિહાર કે નિહાર**ની ક્રિયાનું કથન નથી. ગ્રામાનુગ્રામ વિહાર કરવો, તે સંયમી

જીવનને વિશુદ્ધ રાખવા માટે આવશ્યક છે. વિહાર સમયે ઈર્યાસમિતિનું શોધન કરવું જરૂરી છે. ઈર્યાસમિતિનું પાલન દિવસે જ થાય છે. તેથી સાધુ પોતાની અનુકૂળતા અનુસાર દિવસના કોઈ પણ ભાગમાં ઈર્યાસમિતિ-પૂર્વક **વિહાર** કરી શકે છે.

**નિહાર** એટલે શરીરની કુદરતી હાજતો માટે બહાર જવું. તેના માટે કોઈ નિશ્ચિત સમય હોઈ શકે નહીં, તેથી તેનું વિધાન સમાચારીમાં નથી. તે કુદરતી હાજતો દિવસ-રાત્રિમાં જ્યારે થાય ત્યારે જ આગમ વિધિ પ્રમાણે તેનાથી નિવૃત્ત થઈ શકાય છે.

**પૌરુષીનું કાલ-પરિજ્ઞાન :–**

**૧૩** **आसाढे मासे दुपया, पोसे मासे चउप्पया ।**
**चित्तासोएसु मासेसु, तिप्पया हवइ पोरिसी ॥**

**શબ્દાર્થ :– आसाढे** = અષાઢ **मासे** = માસમાં **दुपया** = બે પગ જેટલી **पोसे** = પોષ **मासे** = માસમાં **चउप्पया** = ચાર પગ અને **चित्तासोएसु** = ચૈત્ર અને આસો **मासेसु** = માસમાં **तिप्पया** = ત્રણ પગની **पोरिसी** = પોરસી **हवइ** = થાય છે.

**ભાવાર્થ :–** પૌરુષી પરિજ્ઞાન – અષાઢ મહિનામાં(બે પગની) દ્વિપદા પૌરુષી–બે પાદ પ્રમાણ છાયા થાય ત્યારે પ્રથમ પોરસી થાય છે. તે જ રીતે પોષ મહિનામાં ચતુષ્પદા(ચાર પગ પ્રમાણ) અને ચૈત્ર તેમજ આસો મહિનામાં ત્રિપદા(ત્રણ પગ પ્રમાણ) પૌરુષી હોય છે.

**૧૪** **अंगुलं सत्तरत्तेणं, पक्खेणं च दुरंगुलं ।**
**वड्ढए हायए वावि, मासेणं चउरंगुलं ॥**

**શબ્દાર્થ :– सत्तरत्तेणं** = પ્રત્યેક સાત દિવસ-રાતમાં **अंगुलं** = એક-એક અંગુલ **पक्खेणं** = પક્ષ(૧૫ દિવસોમાં) **दुरंगुलं** = બબ્બે અંગુલ અને **मासेणं** = પ્રત્યેક માસમાં **चउरंगुलं** = ચાર-ચાર અંગુલ છાયા **वड्ढए हायए वावि** = વધે છે અને ઘટે છે.

**ભાવાર્થ :–** સાત અહોરાત્રમાં એક અંગુલ, એક પક્ષમાં બે અંગુલ અને એક મહિનામાં ચાર અંગુલ પ્રમાણ છાયાની વૃદ્ધિ અને હાનિ થાય છે. શ્રાવણ માસથી પોષ માસ સુધી વૃદ્ધિ થાય છે અને મહામાસથી અષાઢ માસ સુધી હાનિ થાય છે.

**૧૫** **आसाढबहुलपक्खे, भद्दवए कत्तिए य पोसे य ।**
**फग्गुणवइसाहेसु य, बोद्धव्वा ओमरत्ताओ ॥**

**શબ્દાર્થ :– आसाढ** = અષાઢ **भद्दवए** = ભાદરવો **कत्तिए** = કાર્તિક **पोसे** = પોષ **फग्गुण वइसाहेसु य** = ફાગણ અને વૈશાખ-આ મહિનાનાં **बहुलपक्खे** = કૃષ્ણ પક્ષમાં **ओमरत्ताओ** = એક-એક તિથિ ઘટે છે **बोद्धव्वा(णायव्वा)** = એમ જાણવું જોઈએ.

**ભાવાર્થ :–** અષાઢ, ભાદરવો, કાર્તિક, પોષ, ફાગણ અને વૈશાખ માસના કૃષ્ણપક્ષમાં એક-એક અહોરાત્રિ (તિથિ)નો ક્ષય થાય છે.(આ છએ મહિના ૨૯ દિવસના જાણવા અને બાકીના મહિના ૩૦ દિવસના જાણવા. દરેક બે મહિને એક-એક તિથિ ઘટે છે.)

**१६** **जेट्ठामूले आसाढसावणे, छहिं अंगुलेहिं पडिलेहा ।**
**अट्ठहिं बीयतियम्मि, तइए दस अट्ठहिं चउत्थे ॥**

**શબ્દાર્થ :– जेट्ठामूले** = જેઠ **आसाढ-सावणे** = અષાઢ અને શ્રાવણ માસમાં પોરસીનું પરિમાણ કહ્યું છે **छहिं** = છ **अंगुलेहिं** = અંગુલ ભેળવવાથી **पडिलेहा** = પ્રતિલેખનાનો સમય થાય છે **बीयतियम्मि** = બીજા ત્રિકમાં(ભાદરવો, આસો, કાર્તિક)ના પોરિસી પરિમાણમાં **अट्ठहिं** = આઠ અંગુલ ભેળવવાથી **तइए दस** = ત્રીજા ત્રિકમાં(માગસર-પોષ-મહા માસમાં) ૧૦-૧૦ અંગુલ ભેળવવાથી **चउत्थे** = ચોથા ત્રિકમાં(ફાગણ-ચૈત્ર-વૈશાખ માસમાં) **अट्ठहिं** = આઠ અંગુલ ભેળવવાથી પ્રતિલેખનાનો સમય થાય છે.

**ભાવાર્થ :–** જેઠ, અષાઢ અને શ્રાવણ આ પહેલા ત્રણ માસમાં છ અંગુલ; ભાદરવો, આસો, કારતક આ ત્રણ માસમાં આઠ અંગુલ; માગસર, પોષ અને મહા આ ત્રણ માસમાં દસ અંગુલ અને ફાગણ, ચૈત્ર, વૈશાખ આ ચોથા ત્રણ માસમાં પ્રથમ પોરસીના પરિમાણમાં આઠ અંગુલની વૃદ્ધિ કરવાથી પાત્ર પ્રતિલેખનનો સમય થાય છે.(પોણી પૌરુષી કાળ આવે છે).

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં પોરસીનું કાલમાન, ઘટતી તિથિ અને પોણી પોરસીના કાલમાનનું નિરૂપણ છે. પ્રાચીન કાલમાં પડછાયાની લંબાઈને માપીને તેના આધારે પોરસીનો સમય જાણવામાં આવતો હતો.

**पोरिसी :–** પ્રહર. પુરુષની છાયા કે પડછાયા પરથી જે કાલમાન નિશ્ચિત્ત થાય તેને પોરસી અથવા પ્રહર કહે છે. તે દિવસના ચોથા ભાગ પ્રમાણ હોય છે. એક દિવસની ચાર પોરસી અને એક રાત્રિની ચાર પોરસી હોય છે. તેથી આઠ પોરસીનો(પ્રહરનો) એક અહોરાત્ર થાય છે.

**પોરસીનું કાલમાન :–** દક્ષિણાયનના પ્રથમ દિવસે ઘૂંટણ પ્રમાણ પગની છાયા, પગના માપથી બે પગ પ્રમાણ થાય છે. તે દિવસે કોઈ પણ વસ્તુની છાયા તે વસ્તુ જેવડી જ હોય છે. ત્યાર પછી તે છાયા પ્રતિદિન વૃદ્ધિ પામે છે. પ્રસ્તુતમાં પોતાના ઘૂંટણ સુધીના પગની અપેક્ષાએ કથન છે, તે પ્રમાણે ક્રમશઃ સાત દિવસે એક અંગુલની, એક પખવાડિયે બે અંગુલની અને એક માસમાં ચાર અંગુલની વૃદ્ધિ થાય છે. આ રીતે વધતાં-વધતાં ઉત્તરાયણના પ્રથમ દિવસે તે ઘૂંટણ પ્રમાણ પગની છાયા બમણી અર્થાત્ ચાર પગ પ્રમાણ થઈ જાય છે. તેમજ કોઈ પણ વસ્તુની છાયા તે વસ્તુથી બમણી થાય છે. ત્યારપછી પુનઃ તેમાં તે જ ક્રમથી હાનિ થાય છે. આ રીતે છાયામાં હાનિ વૃદ્ધિ થાય છે તેના આધારે પોરસીના કાલમાનમાં પણ હાનિ વૃદ્ધિ થાય છે. દક્ષિણાયનમાં દિવસ ક્રમશઃ ઘટતો જાય છે તેથી પોરસીનું કાલમાન પણ ઘટે છે અને ઉત્તરાયણમાં દિવસ ક્રમશઃ વધતો જાય છે તેથી પોરસીનું કાલમાન પણ ક્રમશઃ વધે છે.

**आसाढे मासे दुपया... :–** અષાઢ માસમાં બે પાદ પ્રમાણ છાયા થાય ત્યારે એક પોરસી થાય છે. કોઈ પુરુષ ઉત્તર દિશા તરફ મુખ રાખીને ઊભો રહે, તો તે પુરુષના ઢીંચણ સુધીના પગની છાયા બે પાદ પ્રમાણ થાય ત્યારે પ્રથમ પોરસી પૂર્ણ થાય છે. અહીં ૧૨ અંગુલ = ૧ પાદ છે. તેથી બે પાદ = ૨૪ અંગુલ થાય છે.ઢીંચણ સુધીનો પગ પણ ૨૪ અંગુલ પ્રમાણ હોય છે. આ રીતે આષાઢ માસમાં દક્ષિણાયનના પ્રથમ દિવસે વસ્તુ જેવડી જ તેની છાયા થાય, ત્યારે પ્રથમ પોરસી થાય છે. ત્યાર પછી ક્રમશઃ વધતાં શ્રાવણ માસમાં બે પાદ અને ચાર અંગુલ, ભાદરવા માસમાં બે પાદ આઠ અંગુલ, આસો માસમાં પૂર્ણ ત્રણ પાદ પ્રમાણ છાયા થાય ત્યારે પોરસી થાય છે. આ રીતે ક્રમશઃ ત્રણ મહિને એક પાદની વૃદ્ધિ થતાં પોષ

માસમાં ચાર પાદ પ્રમાણ છાયા થાય છે અને તે જ વસ્તુની બમણી છાયા કહેવાય છે. ત્યાર પછી ક્રમશઃ છાયામાં હાનિ થતાં ચૈત્રમાસમાં ત્રણ પાદ પ્રમાણ અને પુનઃ અષાઢ માસમાં બે પાદ પ્રમાણ છાયા થાય ત્યારે પ્રથમ પોરસી થાય છે. આ રીતે દિવસના કાલમાન અનુસાર પોરસીનું કાલમાન નિશ્ચિત થાય છે.

ઉક્ત સિદ્ધાંતાનુસાર પોતાના વેંતથી છાયાનું માપ કરવું હોય તોપણ કરી શકાય છે. અષાઢ માસમાં પોતાની એક વેંતની છાયા એક વેંત પ્રમાણ થાય, ત્યારે પ્રથમ પોરસીનો કાલ થાય છે. ત્યાર પછી તેમાં દર સાત દિવસે અર્ધ અંગુલની વૃદ્ધિ થાય, એક પખવાડિયે એક અંગુલ અને એક માસમાં બે અંગુલની વૃદ્ધિ થાય, તેથી શ્રાવણ માસમાં એક વેંતની છાયા = એક વેંત અને બે અંગુલ થાય; ભાદરવા માસમાં એક વેંતની છાયા = એક વેંત અને ચાર અંગુલ થાય ત્યારે પ્રથમ પોરસી થાય છે. આ રીતે બારે માસની પોરસીનું કાલમાન વેંતની છાયાના આધારે પણ જાણી શકાય છે. આ સિદ્ધાંતાનુસાર કોઈપણ લાંબી વસ્તુથી છાયાનું માપ કરવું હોય તો કરી શકાય છે. તેમાં તે વસ્તુની લંબાઈના ૨૪મા ભાગ પ્રમાણ માપને અંગુલના સ્થાને સમજીને બારે માસનું ગણિત કરી લેવું જોઈએ.

**પોણી પોરસીનું કાલમાન :–** ગાથા ૧૬માં પાત્ર પ્રતિલેખનના કાલરૂપ પોણી પોરસીનું કાલમાન નિશ્ચિત કર્યું છે.

સાધુ દિવસના પ્રથમ પ્રહરના પ્રારંભના ચોથા ભાગમાં મુખવસ્ત્રિકા વગેરે ઉપકરણોની પ્રતિલેખના કરે છે. ત્યારપછી સ્વાધ્યાય કરે અને તે પ્રથમ પ્રહરના અંતે એટલે તેના ચોથા ભાગમાં પાત્ર પ્રતિલેખન કરે છે. તેમાં જેઠ, અષાઢ અને શ્રાવણ માસમાં પોરસી છાયાનું જે માપ કહ્યું છે તેમાં છ અંગુલ ઉમેરવાથી તે–તે માસમાં પ્રથમ પ્રહરની પોણી પોરસી થાય છે અર્થાત્ તે પોરસીના ત્રણ ભાગ વ્યતીત થાય અને ચોથો ભાગ શેષ રહે છે, યથા– જેઠ માસમાં પોરસી છાયા બે પાદ ચાર અંગુલ છે. તેમાં છ અંગુલ ઉમેરતાં બે પાદ દશ અંગુલ પ્રમાણ છાયા થાય, ત્યારે પ્રથમ પ્રહરની પોણી પોરસી થાય છે અર્થાત્ પોરસીનો ચોથો ભાગ શેષ રહે છે, ત્યારે પાત્ર પ્રતિલેખનનો સમય થાય છે. તે જ રીતે ભાદરવો, આસો, કારતક તે ત્રણ માસમાં પોરસી છાયામાં આઠ અંગુલ ઉમેરતાં; માગસર, પોષ અને મહા માસમાં દશ અંગુલ ઉમેરતાં અને ફાગણ, ચૈત્ર અને વૈશાખ માસમાં આઠ અંગુલ ઉમેરતાં પ્રથમ પ્રહરની પોણી પોરસી થાય છે. પાત્ર પ્રતિલેખનનો આ સમય ત્રીજા પ્રહરની ગોચરી પરંપરાની અપેક્ષાએ છે. કયારેક કારણવશાત્ પ્રથમ પ્રહરમાં ગોચરી જવાનું હોય તો ત્યારે જ આવશ્યક પાત્રનું પ્રતિલેખન ગોચરી જતાં પહેલાં કરી લેવું જોઈએ.

**પોરસી અને પોણી પોરસીના જ્ઞાન માટે છાયાનું પરિમાણ :–** [*૧૨ અંગુલ = ૧ પાદ, પગ*]

| માસ | પોરુષી છાયા પ્રમાણ | | પોણીપોરુષી છાયા | | |
|---|---|---|---|---|---|
| | પાદ | અંગુલ | વૃદ્ધિ અંગુલ | પાદ | અંગુલ |
| ૧. અષાઢ પૂર્ણિમા | ૨ | ૦ | +૬ = | ૨ | ૬ |
| ૨. શ્રાવણ પૂર્ણિમા | ૨ | ૪ | +૬ = | ૨ | ૧૦ |
| ૩. ભાદ્રપદ પૂર્ણિમા | ૨ | ૮ | +૮ = | ૩ | ૪ |
| ૪. આસો પૂર્ણિમા | ૩ | ૦ | +૮ = | ૩ | ૮ |
| ૫. કારતક પૂર્ણિમા | ૩ | ૪ | +૮ = | ૪ | – |

| માસ | પોરુષી છાયા પ્રમાણ | | પોણીપોરુષી છાયા | | |
|---|---|---|---|---|---|
| | પાદ | અંગુલ | વૃદ્ધિ અંગુલ | પાદ | અંગુલ |
| ૬. માગસર પૂર્ણિમા | ૩ | ૮ | +૧૦ = | ૪ | ૬ |
| ૭. પોષ પૂર્ણિમા | ૪ | ૦ | +૧૦ = | ૪ | ૧૦ |
| ૮. માઘ પૂર્ણિમા | ૩ | ૮ | +૧૦ = | ૪ | ૬ |
| ૯. ફાગણ પૂર્ણિમા | ૩ | ૪ | +૮ = | ૪ | – |
| ૧૦. ચૈત્ર પૂર્ણિમા | ૩ | ૦ | +૮ = | ૩ | ૮ |
| ૧૧. વૈશાખ પૂર્ણિમા | ૨ | ૮ | +૮ = | ૩ | ૪ |
| ૧૨. જેઠ પૂર્ણિમા | ૨ | ૪ | +૬ = | ૨ | ૧૦ |

**રાત્રિચર્યા :–**

**१७** **रत्तिं पि चउरो भागे, भिक्खू कुज्जा वियक्खणो ।**
**तओ उत्तरगुणे कुज्जा, राइभागेसु चउसु वि ॥**

**શબ્દાર્થ :– वियक्खणो** = વિચક્ષણ **भिक्खू** = સાધુ **रत्तिं पि** = રાત્રિના પણ **तओ** = ત્યાર પછી **राइभागेसु चउसु वि** = રાત્રિના ચારે ય ભાગોમાં **उत्तरगुणे** = ઉત્તર ગુણોની **कुज्जा** = વૃદ્ધિ કરે.

**ભાવાર્થ :–** વિદ્વાન ભિક્ષુ રાત્રિના પણ ચાર ભાગ કરે, ત્યાર પછી ચારે ય ભાગમાં સ્વાધ્યાય આદિરૂપ ઉત્તર ગુણોની આરાધના કરે.

**१८** **पढमं पोरिसी सज्झायं, बीयं झाणं झियायइ ।**
**तइयाए णिद्दमोक्खं तु, चउत्थी भुज्जो वि सज्झायं ॥**

**શબ્દાર્થ :– तइयाए** = ત્રીજા પહોરમાં **णिद्दमोक्खं** = નિદ્રાથી મુક્ત થાય, નિદ્રા લે.

**ભાવાર્થ :–** પ્રથમ પહોરમાં સ્વાધ્યાય, બીજા પહોરમાં ધ્યાન, ત્રીજા પહોરમાં નિદ્રાથી મુક્ત થાય એટલે નિદ્રા કરે અને ચોથા પહોરમાં ફરી સ્વાધ્યાય કરે.

**१९** **जं णेइ जया रत्तिं, णक्खत्तं तम्मि णहचउब्भाए ।**
**संपत्ते विरमेज्जा, सज्झायं पओसकालम्मि ॥**

**શબ્દાર્થ :– जया** = જ્યારે **जं** = જે **णक्खत्तं** = નક્ષત્ર **रत्तिं** = રાત્રિને **णेइ** = વહન કરે છે, જે નક્ષત્ર આખી રાત્રિ ઉદિત રહી સૂર્યોદયે અસ્ત પામે છે **तम्मि** = તે નક્ષત્રને **णहचउब्भाए** = આકાશના ચોથા ભાગમાં **संपत्ते** = પ્રાપ્ત થતાં **पओसकालम्मि** = પ્રદોષ કાળ સંબંધી **सज्झायं** = સ્વાધ્યાયથી **विरमेज्जा** = નિવૃત્ત થઈ જવું.

**ભાવાર્થ :–** જે નક્ષત્ર જે રાતની પૂર્તિ કરતું હોય, તે નક્ષત્ર જ્યારે આકાશનો પ્રથમ ચતુર્થ ભાગ પૂર્ણ કરે, તેટલું ચાલી જાય ત્યારે અર્થાત્ રાત્રિનો પ્રથમ પહોર પૂરો થાય ત્યારે તે પ્રદોષકાળ સંબંધી સ્વાધ્યાયમાંથી નિવૃત્ત થવું જોઈએ.

**૨૦** **तम्मेव य णक्खत्ते, गयणचउब्भागसावसेसम्मि ।**
**वेरत्तियं पि कालं, पडिलेहित्ता मुणी कुज्जा ॥**

**શબ્દાર્થ :– तम्मेव** = તે જ **णक्खत्ते** = નક્ષત્રના **गयण चउब्भाग सावसेसम्मि** = આકાશના ચોથો ભાગ શેષ ત્યારે **मुणी** = મુનિ **वेरत्तियं** = વૈરાત્રિક **कालं पि** = કાલની પણ **पडिलेहित्ता** = પ્રતિલેખના કરીને જોઈને **कुज्जा** = સ્વાધ્યાય કરે.

**ભાવાર્થ :–** તે જ નક્ષત્ર જ્યારે આકાશના અંતિમ ચતુર્થ ભાગમાં આવે ત્યારે રાત્રિનો અંતિમ ચોથો પ્રહર હોય છે, તેને વૈરાત્રિક કાળ કહે છે; મુનિ તેની પ્રતિલેખના કરે.(અર્થાત્ તે રાત્રિવાહક નક્ષત્રના આધારે ચતુર્થપ્રહર આવ્યાનો નિશ્ચય કરી મુનિ સ્વાધ્યાયમાં પ્રવૃત્ત થાય.)

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં રાત્રિના ચાર પ્રહરના કૃત્યો અને રાત્રિની પોરસી જાણવાની પદ્ધતિ પ્રદર્શિત કરી છે.

સામાન્ય રીતે દિવસની જેમ રાત્રિના પણ ચાર વિભાગ કરીને પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય, બીજા પ્રહરમાં ધ્યાન, ત્રીજા પ્રહરમાં નિદ્રા અને ચોથા પ્રહરમાં પુનઃ સ્વાધ્યાય કરવાનું વિધાન છે.

દિવસની પોરસીનું કાલમાન સૂર્ય પ્રકાશથી પડતી છાયાના આધારે નિશ્ચિત્ત થાય છે. તે જ રીતે રાત્રિની પોરસીનું કાલમાન રાત્રિ વાહક નક્ષત્રોની ગતિના આધારે નિશ્ચિત્ત થાય છે. દરેક મહિનાના રાત્રિ વાહક નક્ષત્ર નિશ્ચિત હોય છે અને તે કેટલા-કેટલા દિવસ સુધી રાત્રિ વહન કરે છે તે પણ નિશ્ચિત હોય છે. તે વર્ણન શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર વક્ષસ્કાર –૭, સૂત્ર ૧૬૬ થી ૧૭૭માં છે. તે અનુસાર શ્રાવણ માસમાં ચૌદ અહોરાત્ર સુધી ઉત્તરાષાઢા નક્ષત્ર, ત્યાર પછી સાત અહોરાત્ર અભિજિત નક્ષત્ર, આઠ અહોરાત્ર શ્રવણ નક્ષત્ર અને એક અહોરાત્ર ધનિષ્ઠા નક્ષત્ર રાત્રિ વહન કરે છે અર્થાત્ સંપૂર્ણ રાત્રિ તે નક્ષત્ર આકાશમાં પૂર્વથી પશ્ચિમ સુધી ગમન કરે છે.

જે નક્ષત્ર પૂર્ણ રાત્રિ પર્યંત રહેતું હોય તેની ગતિ અનુસાર જ્યારે તે નક્ષત્ર આકાશના ચોથા ભાગને પૂર્ણ કરે ત્યારે રાત્રિની એક પોરસી-પ્રહર વ્યતીત થયો ગણાય. આ રીતે તે નક્ષત્ર પોતાના ગમન માર્ગમાંથી અર્ધા ભાગને પૂર્ણ કરે, ત્યારે બે પ્રહર વ્યતીત થાય, તે નક્ષત્ર ગમન માર્ગના પોણો ભાગ એટલે ત્રણ ભાગને પૂર્ણ કરે, ત્યારે ત્રણ પ્રહર વ્યતીત થાય છે. આ રીતે નક્ષત્રની ગતિના આધારે રાત્રિનું કાલમાન જાણી શકાય છે.

**पढमं पोरिसी सज्झायं... :–** રાત્રિના ચાર ભાગમાંથી પ્રથમ ભાગ રૂપ પ્રથમ પોરસીમાં સાધુ સ્વાધ્યાય કરે. જ્યારે તે રાત્રિનું નક્ષત્ર આકાશમાં પોતાના ગમનમાર્ગના ચોથા ભાગને પૂર્ણ કરે ત્યારે પ્રથમ પ્રહર એટલે પ્રદોષકાલ પૂર્ણ થાય છે અને બીજો પ્રહર શરુ થાય છે. ત્યારે સાધુ સ્વાધ્યાયથી વિરામ પામીને ધ્યાનમાં લીન બની જાય. સ્થવિરકલ્પી શ્રમણ મર્યાદિત સમયે ધ્યાન પૂર્ણ કરી શયન કરે અને જિનકલ્પી મુનિ સંપૂર્ણ બીજા પ્રહર સુધી ધ્યાન કરી ત્રીજા પ્રહરમાં શયન કરે. ત્રીજા પ્રહરના અંતે નિદ્રાથી મુક્ત થઈને નક્ષત્રની ગતિના આધારે કાલનું પ્રતિલેખન કરે અર્થાત્ કેટલો કાલ વ્યતીત થયો છે, તેની જાણકારી મેળવે. રાત્રિના ત્રણ પ્રહર વ્યતીત થઈ જાય, ચોથો પ્રહર શેષ રહે, ત્યારે મુનિ આકાશમાં ઉલ્કાપાત(તારો ખરવો) વગેરે સ્વાધ્યાયમાં બાધક તત્ત્વ છે કે નહીં તેને બરાબર જોઈને ચોથા પ્રહરમાં પુનઃ સ્વાધ્યાયમાં લીન બની જાય.

આ પ્રકારની સૂત્રોક્ત દિનચર્યા સાધુને અત્યંત સાવધાન અને અપ્રમત્ત બનાવે છે. તેમજ દિવસમાં સૂર્યના આધારે તથા રાત્રિમાં નક્ષત્રની ગતિના આધારે કાલમાન જાણવામાં તે સાધુ અભ્યસ્ત અને

અનુભવી થઈ જાય છે.

**पओसकालम्मि, वेरत्तियं पि कालं :–** પ્રદોષકાલ, વૈરાત્રિક કાલ. શ્રી ઠાણાંગ સૂત્રમાં ચાર પ્રકારના સ્વાધ્યાય કાલનું કથન છે. **(૧) પૂર્વાહ્ન–** દિવસનો પ્રથમ પ્રહર **(ર) અપરાહ્ન–** દિવસનો ચોથો પ્રહર **(૩) પ્રદોષ કાલ–** રાત્રિનો પ્રથમ પ્રહર **(૪) પ્રત્યૂષ કાલ–** રાત્રિનો અંતિમ–ચોથો પ્રહર. પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે રાત્રિના ચોથા પ્રહરરૂપ પ્રત્યૂષ કાલ માટે **વૈરાત્રિક કાલ** શબ્દનો પ્રયોગ કર્યો છે. કારણ કે જે નક્ષત્ર જે રાત્રિની પૂર્તિ કરતું હોય, તે નક્ષત્ર જ્યારે આકાશના અંતિમ ચતુર્થ ભાગમાં આવે ત્યારે રાત્રિનો ચોથો પ્રહર થાય છે. મુનિ ત્રીજા પ્રહરમાં નિદ્રાધીન બને છે. નિદ્રાથી મુક્ત થાય ત્યારે તુરંત વૈરાત્રિક કાલનું પ્રતિલેખન કરે, નક્ષત્રની ગતિના આધારે રાત્રિના ચોથા પ્રહરનો નિર્ણય કરીને સ્વાધ્યાયમાં લીન બને છે.

સાધુ જીવનમાં ચાર પ્રહરની સ્વાધ્યાયની મહત્તાની જેમ સ્વાધ્યાય કરતાં પહેલાં કાલ પ્રતિલેખન (આકાશમાં અસ્વાધ્યાયકારી તત્ત્વોનું પ્રતિલેખન) પણ તેટલું જ મહત્ત્વશીલ કર્તવ્ય છે.

**પ્રતિલેખનનો કાલ :–**

**૨૧** **पुव्विल्लम्मि चउब्भाए, पडिलेहित्ताण भंडयं ।**
**गुरुं वंदित्तु सज्झायं, कुज्जा दुक्खविमोक्खणं ॥**

**શબ્દાર્થ :– गुरुं** = ગુરુને **वंदित्तु** = વંદના કરે **दुक्खविमोक्खणं** = બધાં દુઃખોથી મુક્ત કરાવનારી **सज्झायं** = સ્વાધ્યાયને **कुज्जा** = કરે.

**ભાવાર્થ :–** [વિશેષ દિનચર્યા] દિવસના પહેલા પહોરના પહેલા ચોથા ભાગમાં(સૂર્યોદયથી બેઘડી સુધીમાં) મુનિ ગુરુને વંદન કરીને, ગુરુ આજ્ઞા મેળવીને વસ્ત્રાદિ ઉપકરણોનું પ્રતિલેખન પૂર્ણ કરે, ત્યાર પછી ગુરુને વંદના કરી, દુઃખમુક્ત કરનાર સ્વાધ્યાય કરે.

**૨૨** **पोरिसीए चउब्भाए, वंदित्ताण तओ गुरुं ।**
**अपडिक्कमित्ता कालस्स, भायणं पडिलेहए ॥**

**શબ્દાર્થ :– कालस्स** = સ્વાધ્યાય કાળનું એટલે સ્વાધ્યાયનું **अपडिक्कमित्ता** = પ્રતિક્રમણ કર્યા વિના **भायणं** = પાત્રાની **पडिलेहए** = પ્રતિલેખના કરે.

**ભાવાર્થ :–** સ્વાધ્યાય કરતાં જ્યારે પ્રથમ પોરસીનો ચોથો ભાગ શેષ રહે ત્યારે મુનિ ગુરુને વંદન કરી સ્વાધ્યાયથી નિવૃત્ત થયા વિના એટલે પ્રતિક્રમણ રૂપ કાયોત્સર્ગ કર્યા વિના જ પાત્રાની પ્રતિલેખના કરે અને અવશેષ પોરસીના સમયમાં પુનઃ સ્વાધ્યાય કરે.

**વિવેચન :–**

**अपडिक्कमित्ता कालस्स :–** સ્વાધ્યાયનું પ્રતિક્રમણ–કાયોત્સર્ગ કર્યા વિના. મુનિ દિવસના પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરી રહ્યા હોય, તે પ્રહરના ત્રણ ભાગ વ્યતીત થયા પછી ચોથા ભાગમાં પાત્ર પ્રતિલેખન કરે અને તે અવશેષ પ્રથમ પ્રહરમાં પુનઃ સ્વાધ્યાય કરે. પાત્ર પ્રતિલેખન કર્યા પછી પ્રથમ પ્રહરમાં ફરીથી સ્વાધ્યાય કરવાની હોવાથી, સ્વાધ્યાયના દોષોનું પ્રતિક્રમણ કરવા રૂપ કાયોત્સર્ગ ન કરે.

સાધુને માટે સ્વાધ્યાય, પ્રતિલેખન, ગોચરી આદિ પ્રત્યેક પ્રવૃત્તિની પરિસમાપ્તિ થાય, ત્યારે તે

કાર્યની અતિચાર શુદ્ધિ માટે કાયોત્સર્ગ કરવાનું વિધાન છે. પરંતુ અહીં પ્રથમ પ્રહરની સ્વાધ્યાય ચાલુ જ રાખવાની છે, તેથી તેના અતિચારોનું પ્રતિક્રમણ કર્યા વિના જ પાત્ર પ્રતિલેખન કરવાનું કથન છે.

સામાન્ય રીતે દિવસના પ્રથમ પ્રહરના પ્રથમ ચતુર્થ ભાગમાં અર્થાત્ સૂર્યોદય પછી તુરંત જ સાધુ ભંડોપકરણનું પ્રતિલેખન કરે છે. તેમ છતાં દિવસના સંપૂર્ણ પ્રથમ પ્રહરમાં ગમે ત્યારે પ્રતિલેખન થઈ શકે છે, તેવું સૂચિત કરવા માટે સૂત્રકારે પ્રથમ પ્રહરના પ્રથમ ચતુર્થભાગમાં ભંડોપકરણના પ્રતિલેખનનું કથન કર્યા પછી પ્રથમ પ્રહરના અંતિમ ચતુર્થભાગમાં પણ પાત્ર પ્રતિલેખનનું સૂચન કર્યું છે.

પૂર્વોક્ત ગાથાઓમાં સામાન્યરીતે દિવસ-રાત્રિના કર્તવ્યનું કથન કરીને પ્રસ્તુત બે ગાથામાં દિવસના પ્રથમ પ્રહરની પ્રતિલેખના અને સ્વાધ્યાય રૂપ બે પ્રવૃત્તિઓની સ્પષ્ટતા કરી છે.

**પ્રતિલેખન વિધિ :–**

**૨૩** **मुहपत्तिं पडिलेहित्ता, पडिलेहिज्ज गोच्छगं ।**
**गोच्छगलइयंगुलियो, वत्थाइं पडिलेहए ॥**

**શબ્દાર્થ :– मुहपत्तिं** = મુખવસ્ત્રિકાની **गोच्छग-लइयंगुलिओ** = પૂંજણી, રજોહરણ, દાંડી આ બધાને હાથની આંગળીઓ પર રાખીને **गोच्छगं** = રજોહરણની **पडिलेहिज्ज** = પ્રતિલેખના કરે **वत्थाइं** = વસ્ત્રોની **पडिलेहए** = પ્રતિલેખના કરે.

**ભાવાર્થ :–** સહુથી પ્રથમ મુહપત્તિનું પ્રતિલેખન કરે, ત્યાર પછી હાથની આંગળી પર ગોચ્છક– રજોહરણની દેશીઓ રાખીને, રજોહરણ અને તેની દાંડીનું પ્રતિલેખન કરે અને ત્યાર પછી વસ્ત્રોનું પ્રતિલેખન કરે.

**૨૪** **उड्ढं थिरं अतुरियं, पुव्विं ता वत्थमेव पडिलेहे ।**
**तो बिइयं पप्फोडे, तइयं च पुणो पमज्जिज्जा ॥**

**શબ્દાર્થ :– उड्ढं** = ઉભડક આસનને બેસીને વસ્ત્રને ભૂમિથી ઊંચુ રાખીને **थिरं** = સ્થિરતા અને દઢતા-પૂર્વક વસ્ત્રને પકડીને **अतुरियं** = ઉતાવળ ન કરતાં **पुव्विं** = પહેલા **ता** = તો **वत्थमेव** = વસ્ત્રનું **पडिलेहे** = પ્રતિલેખન કરે **तो** = ત્યાર પછી **बिइयं** = બીજી વાર **पप्फोडे** = ધીરે ધીરે વસ્ત્રને ખંખેરે **पुणो** = ફરી **तइयं** = ત્રીજી વખત **पमज्जिज्जा** = કાળજીથી પ્રમાર્જન કરે.

**ભાવાર્થ :–** મુનિ ઉભડક આસને બેસીને (૧) વસ્ત્રને જમીનથી ઊંચુ રાખે (૨) વસ્ત્રને સ્થિરતાપૂર્વક મજબૂત પકડે (૩) ઉતાવળે-ઉતાવળે પ્રતિલેખન ન કરે (૪) વસ્ત્રના પ્રથમ છેડાથી અંતિમ છેડા સુધી પ્રતિલેખન કરે.(૫) વસ્ત્ર પર કોઈ જીવજંતુ હોય, તો તેને થોડું ખંખેરે (૬) ખંખેરતા જીવ ન ઉતરે તો પુંજણીથી વસ્ત્રને પુંજે. મુનિ આ છ પ્રકારના પ્રશસ્ત પ્રતિલેખનથી પ્રતિલેખન કરે.

[મુનિ ઉભડક આસને બેસીને વસ્ત્રને ઊંચુ રાખી પહોળું ફેલાવીને સ્થિરતાપૂર્વક બંને બાજુએ જોઈ લે અને તેના પર જીવજંતુ હોય તો યતનાપૂર્વક સુરક્ષિત સ્થાને તેને મૂકી દે. ત્યાર પછી યતનાપૂર્વક ધીમેથી વસ્ત્રને ઝાટકે; ઝાટકયા પછી કોઈ જીવજંતુ રહી જાય તો પૂંજણીથી પ્રમાર્જન કરે અને પુંજણી તથા હાથ પર આવી ગયેલા જીવજંતુને યતનાથી સુરક્ષિત સ્થાને મુકી દે.]

**૨૫** **अणच्चावियं अवलियं, अणाणुबंधिं अमोसलिं चेव ।**
**छप्पुरिमा णवखोडा, पाणीपाणिविसोहणं ॥**

**શબ્દાર્થ :– अणच्चावियं** = નચાવે નહીં, પ્રતિલેખના કરતા સમયે વસ્ત્ર હલાવે નહીં, **अवलियं** = વસ્ત્ર ક્યાંય વળેલું ન રહે **अणाणुबंधिं** = વસ્ત્રને જોરથી ઝાટકે નહીં **अमोसलिं** = ઉપર, નીચે, ત્રાંસું, દિવાલ ઉપર વસ્ત્ર સ્પર્શે નહીં **छप्पुरिमा णवखोडा** = વસ્ત્રને છ પુરિમ = મુખ્ય વિભાગ અને નવ ખોડ કરવા જોઈએ **चेव** = અને **पाणी-पाणि-विसोहणं** = વસ્ત્ર પર કોઈ જીવ ચાલતો દેખાય તો ધીરેથીહથેળી પર લે.

**ભાવાર્થ :–** મુનિ પ્રતિલેખન કરતા (૭) વસ્ત્રને હલાવે નહીં (૮) વસ્ત્રને વળેલો ન રાખે (૯) વસ્ત્રનો થોડો ભાગ પણ નિરીક્ષણ કર્યા વિનાનો રહેવા દે નહીં (૧૦) વસ્ત્રને ઊંચે, નીચે, જમીન પર કે ભીંત પર અડાડે નહીં (૧૧) શાસ્ત્રોકત વિધિ અનુસાર વસ્ત્રના છ વિભાગ કરી, નવ વાર દષ્ટિ ફેરવી પ્રતિલેખન કરે. (૧૨) વસ્ત્ર ઉપર જીવજંતુને જુએ તો તેને હાથમાં લઈ સુરક્ષિત સ્થાને મુકી દે.

**२६** **आरभडा य सम्मद्दा, वज्जेयव्वा य मोसली तइया ।**
**पप्फोडणा चउत्थी, विक्खित्ता वेइया छट्ठी ॥**

**२७** **पसिढिल पलंबलोला, एगामोसा अणेगरूवधुणा ।**
**कुणइ पमाणि पमायं, संकिए गणणोवगं कुज्जा ॥**

**શબ્દાર્થ :– आरभडा** = વિપરીત પ્રતિલેખના કરવી, ઉતાવળે પ્રતિલેખના કરવી, એક વસ્ત્રની પ્રતિલેખના અધૂરી છોડી બીજા વસ્ત્રની શરૂ કરવી **सम्मद्दा** = વસ્ત્રના ખૂણા વળેલા રહે, ઘડી ખૂલી ન હોય **तइया** = ત્રીજી **मोसली** = વસ્ત્રના છેડા જમીનને કે અન્ય વસ્ત્રને સ્પર્શે **चउत्थी** = ચોથી **पप्फोडणा** = ધૂળથી ખરડાયેલા વસ્ત્રને જોરથી ખંખેરવું **विक्खित्ता** = પ્રતિલેખના કરેલા વસ્ત્રોને પ્રતિલેખન કર્યા વિનાના વસ્ત્રો સાથે રાખવા **छट्ठी** = છઠ્ઠી **वेइया** = પ્રતિલેખન કરતા સમયે ઘૂંટણ ઉપર, નીચે કે બહાર અથવા બંને ઘૂંટણની વચ્ચે હાથ રાખવા **वज्जेयव्वा** = આ અપ્રશસ્ત પ્રતિલેખનાઓનો મુનિએ ત્યાગ કરવો જોઈએ.

**पसिढिल** = વસ્ત્રને ઢીલું પકડવું **पलंब** = વસ્ત્રને દૂર રાખી પ્રતિલેખના કરવી **लोला** = વસ્ત્રને ભૂમિ સાથે રજોટવું **एगामोसा** = એક જ નજરમાં તમામ વસ્ત્રોને જોઈ જવાં **अणेगरूवधुणा** = પ્રતિલેખન કરતી વખતે શરીર અને વસ્ત્રને હલાવવું **पमाणि पमायं कुणइ** = પ્રતિલેખનામાં નવ ખોડા વગેરેનું જે પરિમાણ દર્શાવ્યું છે તેનો ઉપયોગ ન કરી પ્રતિલેખના કરવી **संकिए गणणोवगं कुज्जा** = પ્રતિલેખના કરતા સમયે જો શંકા ઉત્પન્ન થાય તો આંગળીઓથી કાંઈ ગણવા લાગવું અને પ્રતિલેખનના ઉપયોગથી ચલિત થઈ જવું.

**ભાવાર્થ :–** પ્રતિલેખનાના દોષ : **(૧) આરભટા–** નિર્દિષ્ટ વિધિથી વિપરીત પ્રતિલેખન કરવું, એક વસ્ત્રનું પૂરી રીતે પ્રતિલેખન કર્યા વિના વચ્ચે જ બીજા વસ્ત્રનું પ્રતિલેખન કરવું. **(૨) સમ્મદ્દા–** વસ્ત્રમાં કરચલી રહે, ખૂણા વળેલા રહે તે રીતે વસ્ત્રને પકડીને પ્રતિલેખન કરવું. **(૩) મોસલી–** વસ્ત્રના છેડા આમ તેમ ઉપર-નીચે સ્પર્શ્યા કરે અથવા અન્ય વસ્ત્રને સ્પર્શે તે રીતે પ્રતિલેખન કરવું. **(૪) પ્રસ્ફોટના–** વસ્ત્રને જોરથી ઝાપટવા. **(૫) વિક્ષિપ્તા–** પ્રતિલેખિત વસ્ત્રને અપ્રતિલેખિત વસ્ત્રો સાથે મૂકવા **(૬) વેદિકા–** પાંચ પ્રકારની છે– ૧. બંને ઢીંચણ ઉપર બંને હાથ અડાડીને પ્રતિલેખન કરે તે **ઊર્ધ્વ વેદિકા,**

૨. બંને હાથ ઢીંચણથી નીચા એટલે પેટ પાસે રાખીને પ્રતિલેખન કરે તે **અધો વેદિકા,** ૩. બંને જાંઘની વચ્ચમાં બંને હાથ રાખીને પ્રતિલેખન કરે તે **તિર્છી વેદિકા,** ૪. બંને ઢીંચણને બંને હાથની વચ્ચે રાખીને વસ્ત્રનું પ્રતિલેખન કરે તે **દ્વિધા વેદિકા,** ૫. એક ઢીંચણને બંને હાથ વચ્ચે રાખીને વસ્ત્રનું પ્રતિલેખન કરે **એક વેદિકા** જાણવી.

(૭) **પ્રશિથિલ**– વસ્ત્રને ઢીલું પકડવું. (૮) **પ્રલંબ**– વસ્ત્રના ખૂણા નીચે લટક્યા કરે, તે રીતે વસ્ત્રને પકડવું. (૯) **લોલા**– પ્રતિલેખ્યમાન વસ્ત્રને હાથ કે જમીન સાથે રગદોળવું. **(૧૦) એકામર્શા**– વસ્ત્રને વચ્ચેથી પકડીને એક નજરે જ આખું જોઈ જવું. **(૧૧) અનેકરૂપ ધૂનના**– વસ્ત્રને ત્રણથી વધારે વાર ખંખેરવું, અનેક વસ્ત્રોને એકી સાથે એક જ વારમાં ખંખેરવા **(૧૨) પ્રમાણ પ્રમાદ**– નવ ખોડા વગેરેના પ્રમાણમાં પ્રમાદ કરવો. **(૧૩) ગણનોપગણના**– તેના નિર્દિષ્ટ પ્રમાણમાં શંકા થતાં હાથની આંગળીના વેઢા ગણવા. આ ૧૩ દોષોવાળી અપ્રશસ્ત પ્રતિલેખના છે. ॥ ૨૬–૨૭ ॥

**૨૮** **अणूणाइरत्त पडिलेहा, अविवच्चासा तहेव य ।**
**पढमं पयं पसत्थं, सेसाणि उ अप्पसत्थाइं ॥**

**શબ્દાર્થ :– पडिलेहा** = પ્રતિલેખનાના વિષયમાં **अणूणाइरित्त** = શાસ્ત્રોક્ત વિધિથી ઓછું ન કરવું અને અધિક પણ ન કરવું **तहेव य** = અને **अविवच्चासा** = વિપરીત ન કરવું **पढमं** = આ પહેલો **पयं** = ભંગ **पसत्थं** = શુદ્ધ છે **सेसाणि** = બાકીના ભંગો **अप्पसत्थाइं** = અશુદ્ધ છે, અપ્રશસ્ત છે.

**ભાવાર્થ :–** પ્રતિલેખન શાસ્ત્રોક્ત વિધિ અનુસાર કરવું જોઈએ. તેનાથી ઓછી, અધિક કે વિપરીત વિધિ ન કરવી. ઓછું, અધિક અને વિપરીત તે ત્રણના આઠ વિકલ્પો થાય છે. તેમાં પહેલો વિકલ્પ જ શુદ્ધ છે, બાકીના બીજા અશુદ્ધ છે.

**૨૯** **पडिलेहणं कुणंतो, मिहो कहं कुणइ जणवयकहं वा ।**
**देइ व पच्चक्खाणं, वाएइ सयं पडिच्छइ वा ॥**

**૩૦** **पुढवी आउक्काए, तेऊ वाऊ वणस्सइ तसाणं ।**
**पडिलेहणा पमत्तो, छण्हं पि विराहओ होइ ॥**

**શબ્દાર્થ :– पडिलेहणं** = પ્રતિલેખના **कुणंतो** = કરતો જે સાધુ **मिहो** = પરસ્પર **कहं** = કથા-વાર્તાલાપ **कुणइ** = કરે છે **जणवय कहं** = જનપદ કથા, દેશ કથા વગેરે કરે **पच्चक्खाणं** = બીજાને પચ્ચક્ખાણ **देइ** = આપે **वाएइ** = બીજાને વાચના આપે **सयं** = સ્વયં **पडिच्छइ** = વાચના લે **पडिलेहणा पमत्तो** = પ્રમત્ત ભાવપૂર્વક પ્રતિલેખના કરનાર સાધુ **पुढवी** = પૃથ્વીકાય **आउक्काए** = અપ્કાય **तेऊ** = તેઉકાય **वाऊ** = વાયુકાય **वणस्सइ** = વનસ્પતિકાય **तसाणं** = ત્રસકાય **छण्हं** = છકાય જીવોનો **विराहओ** = વિરાધક **होइ** = થાય છે.

**ભાવાર્થ :–** પ્રતિલેખન કરતી વખતે પરસ્પર વાતો કરે, જનપદની કથા-વાર્તા કરે, પ્રત્યાખ્યાન કરાવે, બીજાને ભણાવે કે પોતે ભણે, વગેરે પ્રવૃત્તિ કરતા પ્રમત્ત મુનિ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છએ કાયના જીવોના વિરાધક-હિંસક થાય છે. ॥ ૨૯–૩૦ ॥

**૩૧** **पुढवी आउक्काए, तेऊ वाऊ वणस्सइ तसाणं ।**
**पडिलेहणा आउत्तो, छण्हं पि संरक्खओ होइ ॥**

**શબ્દાર્થ :– पडिलेहणा आउत्तो** = પ્રતિલેખનામાં ઉપયોગ રાખનારા સાધુ **छण्हं संरक्खओ** = છ કાય જીવોના સંરક્ષક અને આરાધક **होइ** = બને છે.

**ભાવાર્થ :–** પ્રતિલેખનામાં અપ્રમત્ત(ઉપયોગવંત) મુનિ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય તથા ત્રસકાય, તે છ કાય જીવોનું રક્ષણ કરવાથી આરાધક થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં પ્રતિલેખન વિધિ અને તેના દોષોનું વિવિધ રીતે નિરૂપણ છે.

**પ્રતિલેખન :–** જોવું, નિરીક્ષણ કરવું. વસ્ત્ર, પાત્ર, રજોહરણ આદિ સાધુ જીવનના આવશ્યક ઉપકરણોનું જીવદયાના લક્ષે સારી રીતે નિરીક્ષણ કરવું તેને પ્રતિલેખન કહે છે. બોલચાલની ભાષામાં 'પડિલેહણ' શબ્દનો પ્રયોગ થાય છે. પ્રસ્તુત અધ્યયનમાં ભંડોપકરણ, પાત્ર, મકાન અને સ્થંડિલભૂમિના પ્રતિલેખનનો નિર્દેશ છે. તે ઉપરાંત સ્વાધ્યાય–અસ્વાધ્યાય કાલ જાણવા માટે આકાશનું નિરીક્ષણ કરવું, તેના માટે સૂત્રકારે 'કાલપ્રતિલેખન' શબ્દનો પ્રયોગ કર્યો છે.

પ્રતિલેખના જૈન શ્રમણાચારની અનિવાર્ય અને મહત્ત્વપૂર્ણ ક્રિયા છે. તે ક્રિયાની પૂર્ણતયા શુદ્ધિ માટે અહીં તેની વિધિ અને દોષોનું સ્પષ્ટીકરણ કર્યું છે. પ્રસ્તુત પ્રસંગમાં મુખ્યતયા વસ્ત્ર પ્રતિલેખનની વિધિ દર્શાવી છે.

**પ્રતિલેખનનું આસન :–** પ્રાયઃ ઉકડા આસને બેસીને પ્રતિલેખન કરાય છે. સૂત્રમાં આસન માટે વેદિકા દોષનું કથન છે. ટીકાકારે તે વેદિકા દોષના પાંચ પ્રકાર કહ્યા છે. મૂળપાઠમાં તેને એક જ દોષ કહ્યો છે. બંને હાથ ઘૂંટણ પર રાખીને, કે ઘૂંટણની નીચે રાખીને બેસવું વગેરે પાંચે ય પ્રકારના આસન સદોષ છે. તેથી પ્રતિલેખન કરવા તે પાંચે ય આસને બેસવું નહીં. તે સર્વનું તાત્પર્ય એ છે કે ઉકડા આસને બેસીને બંને હાથ ઘૂંટણથી કંઈક ઊંચા રાખીને પ્રતિલેખન કરવું જોઈએ.

**પ્રતિલેખન વિધિ :–** ઉપયોગપૂર્વક અપ્રમત્તભાવે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પ્રતિલેખન કરવું જોઈએ.

**छ पुरिमा नव खोडा :–** જે વસ્ત્રનું પ્રતિલેખન કરવાનું હોય તેનું વ્યવસ્થિત નિરીક્ષણ થઈ શકે તે માટે તે વસ્ત્રના ત્રણ વિભાગ કરવામાં આવે છે. તેને **પુરિમા વિભાગ** કહે છે. તે પ્રત્યેક પુરિમા વિભાગના ત્રણ-ત્રણ દૃષ્ટિખંડ અર્થાત્ પ્રતિલેખન કરવા તે-તે વિભાગના ઉપર, મધ્ય અને નીચેના ભાગમાં તેમ ત્રણ વાર દૃષ્ટિ ફેરવવા માટે દૃષ્ટિથી જે ત્રણ વિભાગ થાય તેને **ખોડા** કહે છે. એક-એક પુરિમા–વિભાગના ત્રણ-ત્રણ ખોડા– દૃષ્ટિ ખંડ થતાં નવ ખોડા થાય છે. વસ્ત્રની પહોળાઈ અધિક હોય તો તેને અડધુવાળીને પ્રતિલેખન કરતા તેના બે વિભાગ થાય. આ રીતે એક વિભાગના ત્રણ પુરિમા અને નવ ખોડા, બીજા વિભાગના ત્રણ પુરિમા અને નવ ખોડા થાય તેથી વસ્ત્રની એક બાજુના કુલ છ પુરિમા અને અઢાર ખોડા થાય, તે જ રીતે વસ્ત્રને ઉથલાવીને પાછળની બાજુમાં ૩+૩ = છ પુરિમા અને ૯ + ૯ = ૧૮ ખોડા થાય, આ રીતે એક વસ્ત્રના બાર પુરિમા અને છત્રીસ ખોડા થાય છે.

ઉપરોક્ત વિધિ અનુસાર વસ્ત્રના વિભાગ કરીને પ્રતિલેખન કરવું. આ પ્રતિલેખનની મુખ્ય વિધિ પછેડીની અપેક્ષાએ છે. તેનાથી નાનું વસ્ત્ર હોય તો તેની લંબાઈ, પહોળાઈ અનુસાર પુરિમા અને ખોડાની સંખ્યા અલ્પ સમજવી જોઈએ. તે ઉપરાંત ગાથા–૨૪ અને ૨૫ માં કથિત બાર બોલ સહિત અને ગાથા ૨૬ અને ૨૭માં કથિત તેર દોષોને ટાળીને પ્રતિલેખન કરવું જોઈએ.

**શુદ્ધ-અશુદ્ધ પ્રતિલેખના :–** સૂત્રકારે પ્રશસ્ત-શુદ્ધ અને અપ્રશસ્ત-અશુદ્ધ પ્રતિલેખનના આઠ વિકલ્પ દર્શાવ્યા છે. (૧) જે પ્રતિલેખના પ્રમાણથી ઓછી નહીં કે પ્રમાણથી વધુ નહીં તેમજ શાસ્ત્રોક્ત વિધિથી અવિપરીત હોય (૨) ઓછી નહિ, પ્રમાણથી વધારે નહિ પરંતુ વિપરીત હોય (૩) જે પ્રમાણમાં ઓછી નહીં પણ પ્રમાણમાં વધુ હોય અને અવિપરીત હોય (૪) જે ઓછી ન હોય પણ વધુ હોય અને વિપરીત હોય (૫) જે ઓછી હોય, અધિક ન હોય, અવિપરીત હોય (૬) જે ઓછી હોય, અધિક ન હોય પરંતુ અવિપરીત હોય (૭) જે ઓછી હોય, અધિક હોય પરંતુ અવિપરીત હોય (૮) જે ઓછી હોય, અધિક હોય અને વિપરીત પણ હોય. આ આઠ વિકલ્પોમાં પ્રથમ વિકલ્પ શુદ્ધ છે, શેષ ૭ વિકલ્પો અશુદ્ધ છે.

**પ્રતિલેખન કરતાં આરાધક-વિરાધક :–** જે ક્રિયા થઈ રહી હોય તેમાં જ ઉપયોગ રાખવો તે જિનેશ્વરની આજ્ઞાની આરાધના છે. પ્રતિલેખન કરનાર મુનિ પ્રતિલેખન કરતાં-કરતાં પરસ્પર વાર્તાલાપ, વાંચના, પૃચ્છના આદિ કરે, અન્યને પચ્ચક્ખાણ આપે, ઉપલક્ષણથી અન્ય કોઈપણ પ્રવૃત્તિ કરે, તો તેનો ઉપયોગ પ્રતિલેખન વિધિમાં રહેતો નથી અને જીવદયાના હેતુમાં વિક્ષેપ થાય છે. તેથી તે મુનિ જિનેશ્વરની આજ્ઞાના વિરાધક થાય અને જીવદયાની ક્રિયામાં પ્રમાદ ભાવ હોવાથી છકાય જીવોના પણ વિરાધક થાય છે. ઉપયોગ- પૂર્વક પ્રતિલેખન કરનાર આજ્ઞાના આરાધક થાય અને તે મુનિનો ઉપયોગ જીવદયામાં પૂર્ણપણે હોવાથી તે છકાય જીવોના પણ આરાધક થાય છે.

**આહાર ગ્રહણ–ત્યાગના કારણો :–**

**૩૨** **तइयाए पोरिसीए, भत्तं पाणं गवेसए ।**
**छण्हं अण्णयरागम्मि, कारणम्मि समुट्ठिए ॥**

**શબ્દાર્થ :–** **अण्णयरागम्मि** = કોઈ એક **कारणम्मि** = કારણ **समुट्ठिए** = ઉત્પન્ન થવાથી **भत्तं पाणं** = આહાર-પાણીની **गवेसए** = ગવેષણા કરે.

**ભાવાર્થ :–** સાધુ આ(પછીની ગાથામાં કહેલા) છ કારણોમાંથી કોઈ એક કારણ ઉપસ્થિત થાય, ત્યારે ત્રીજા પ્રહરમાં આહાર-પાણીની ગવેષણા કરે.

**૩૩** **वेयण वेयावच्चे, ईरियट्ठाए य संजमट्ठाए ।**
**तह पाणवत्तियाए, छट्ठं पुण धम्मचिंताए ॥**

**શબ્દાર્થ :–** **वेयण** = ક્ષુધા વેદનાની શાંતિ માટે **वेयावच्चे** = સેવા કરવાને માટે **ईरियट्ठाए** = ઈર્યાસમિતિના પાલન માટે **संजमट्ठाए** = સંયમ પાળવા માટે **पाणवत्तियाए** = દશ પ્રાણોની રક્ષા માટે અર્થાત્ જીવન નિર્વાહ માટે **छट्ठं** = છટ્ઠું **धम्मचिंताए** = શાસ્ત્રના પઠન-પાઠન આદિ ધર્મ ચિંતનને માટે સાધુ આહાર-પાણીની ગવેષણા કરે.

**ભાવાર્થ :–** (૧) ક્ષુધા(ભૂખ) વેદનાની શાંતિ માટે (૨) વૈયાવૃત્ય માટે (૩) ઈર્યાસમિતિના પાલન માટે (૪) સંયમ પાલન માટે (૫) પ્રાણોની રક્ષા માટે, જીવન નિર્વાહ માટે અને (૬) ધર્મ-ચિંતન માટે આહાર-પાણીની (સાધુ)ગવેષણા કરે.

**૩૪** **णिग्गंथो धिइमंतो, णिग्गंथी वि ण करिज्ज छहिं चेव ।**
**ठाणेहिं उ इमेहिं, अणइक्कमणाइ से होइ ॥**

**શબ્દાર્થ :– धिइमंतो** = ધૈર્યવાન **णिग्गंथो** = સાધુ **णिग्गंथी** = સાધ્વી **इमेहिं** = આ (આગળ કહેવાતાં) તે **छहिं** = છ **ठाणेहिं** = કારણોથી **ण करिज्ज** = આહાર-પાણી ન કરે **उ** = તો **से** = તે **अणइक्कमणाइ होइ** = તીર્થંકર દેવની આજ્ઞા અને સંયમનું અતિક્રમણ કરતો નથી.

**ભાવાર્થ :–** ધૈર્યવાન સાધુ અને સાધ્વી આ(પછીની ગાથામાં કહેલાં) છ કારણોથી આહાર-પાણીનો ત્યાગ કરે, તો સંયમનું અને તીર્થંકર ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ થતું નથી.

**३५** **आयंके उवसग्गे, तितिक्खया बंभचेरगुत्तीसु ।**
**पाणिदया तवहेउं, सरीरवोच्छेयणट्ठाए ॥**

**શબ્દાર્થ :– आयंके** = રોગગ્રસ્ત થવાથી **उवसग्गे** = દેવ, મનુષ્ય, તિર્યંચ સંબંધી ઉપસર્ગ આવવાથી **बंभचेरगुत्तीसु** = બ્રહ્મચર્ય ગુપ્તિ માટે **तितिक्खया** = રક્ષા માટે **पाणिदया** = પ્રાણી, ભૂત-જીવ અને સત્વોની રક્ષા માટે **तवहेउं** = તપ કરવાને માટે **सरीर वोच्छेयणट्ठाए** = અંતિમ સમયમાં શરીર છોડવા માટે અર્થાત્ સંથારો કરવા માટે.

**ભાવાર્થ :–** મુનિ (૧) રોગગ્રસ્ત થાય (૨) ઉપસર્ગ આવે (૩) બ્રહ્મચર્યરૂપ ગુપ્તિની રક્ષા માટે (૪) પ્રાણીઓની દયા માટે (૫) તપ માટે (૬) શરીરનો ત્યાગ કરવા માટે. આ છ કારણોથી આહાર-પાણીનો ત્યાગ કરે.

**३६** **अवसेसं भंडगं गिज्झ, चक्खुसा पडिलेहए ।**
**परमद्धजोयणाओ, विहारं विहरए मुणी ॥**

**શબ્દાર્થ :– मुणी** = મુનિ **अवसेसं** = ગોચરી માટે આવશ્યક **भंडगं** = ભંડોપકરણને, વસ્ત્ર-પાત્રને **गिज्झ** = લઈને **चक्खुसा** = આંખોથી **पडिलेहए** = સારી રીતે જોઈને, પછી **विहारं विहरए** = વિહાર કરે, ગોચરી માટે જાય પરંતુ **परं** = ઉત્કૃષ્ટ **अद्धजोयणाओ** = અર્ધા યોજનથી આગળ ન જાય.

**ભાવાર્થ :–** ગોચરી માટે આવશ્યક વસ્ત્ર અને પાત્રોનું આંખોથી પ્રતિલેખન કરે અને તે લઈને આહાર-પાણીની ગવેષણા માટે મુનિ ઉત્કૃષ્ટ અર્ધાયોજન સુધી વિચરણ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં ત્રીજા પ્રહરની ભિક્ષાચર્યાનું, આહાર કરવાના અને ન કરવાના છ-છ કારણોનું તેમજ ગોચરી કરવાની ક્ષેત્ર મર્યાદાનું નિરૂપણ છે.

સાધુ પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય અને બીજા પ્રહરમાં ધ્યાન કરીને નિવૃત્ત થાય, ત્યાર પછી ત્રીજા પ્રહરમાં ગોચરી કરે છે. સામાન્ય રીતે સાધુ માટે ત્રીજો પ્રહર ગોચરીનો સમય છે.

મુનિ જીવનની અપ્રમત્ત સાધના આત્મલક્ષ્યની છે. તેમાં શરીર સાધન રૂપ છે. તેને ટકાવવા આવશ્યકતા અનુસાર મુનિ આહાર ગ્રહણ અને સેવનની પ્રવૃત્તિ કરે, તે જિનાજ્ઞા છે. પરંતુ તે પ્રવૃત્તિ સંયમ વિઘાતક ન થાય તેની સાવધાની માટે સૂત્રકારે અહીં આહાર કરવા અને ન કરવા, તે બંનેના છ-છ કારણ દર્શાવ્યા છે.

**આહાર ગ્રહણ કરવાના છ કારણો– (૧) वेयण–** ભૂખ-તરસની પીડા વધી જતાં ધર્મધ્યાનમાં

સ્ખલના થાય છે. તેથી મુનિ અનાસક્ત ભાવે ક્ષુધા વેદનાને શાંત કરવા માટે આહાર કરે. **(૨) वेयावच्चे–** આહાર-પાણી ગ્રહણ કર્યા વિના શરીરની શક્તિ ક્ષીણ થઈ જાય છે. શરીરની શક્તિ ક્ષીણ થઈ જતાં વૈયાવચ્ચ થઈ શકતી નથી. તેથી મુનિ વૈયાવચ્ચ કરવાના ઉદ્દેશથી આહાર ગ્રહણ કરે. **(૩) इरियट्ठाए–** શરીરની શક્તિ ક્ષીણ થતાં આંખે અંધારા આવે, તેવી સ્થિતિમાં ઈર્યા સમિતિનું શોધન થઈ શકતું નથી. તેથી ઈર્યાસમિતિનું શોધન કરવા માટે મુનિ આહાર ગ્રહણ કરે. **(૪) संजमट्ठाए–** સંયમ પાલન કરવા માટેનું સાધન શરીર છે, તે સાધનથી જ સાધના થઈ શકે છે. આહારથી શરીરનું પોષણ કરીને તેના દ્વારા સંયમ સાધના કરવાની છે, તે લક્ષે મુનિ આહાર કરે. **(૫) पाणवत्तियाए–** દ્રવ્ય પ્રાણને ટકાવી રાખવા આહાર જરૂરી છે. આહારનો ત્યાગ કરવાથી ક્યારેક અપમૃત્યુની પણ સંભાવના રહે છે. તેથી મુનિ પ્રાણને ધારણ કરવા આહાર કરે. **(૬) धम्मचिंताए–** ક્ષુધાતુર વ્યક્તિ ધર્મધ્યાન કરી શકતી નથી. તે આર્તધ્યાનમાં જોડાઈ જાય છે. તેથી ધર્મનું ચિંતન કરવાના લક્ષે મુનિ આહાર કરે.

**આહાર ત્યાગના છ કારણો :– (૧) आयंके–** જ્વરાદિ કોઈ રોગ-આંતક થાય, ત્યારે અલ્પકાળ માટે મુનિ આહારનો ત્યાગ કરે, પ્રાયઃ ઘણા રોગો આહારની અનિયમિતતા કે અજીર્ણથી થાય છે. આહાર ત્યાગથી રોગ કાબૂમાં આવી જાય છે. **(૨) उवसग्गे–** દેવ કે મનુષ્ય સંબંધી ઉપસર્ગ આવે ત્યારે મુનિ તે ઉપસર્ગ હોય ત્યાં સુધી આહારનો ત્યાગ કરે. આહાર ત્યાગથી અનેક વિઘ્નો દૂર થઈ જાય છે. જેમ કે અર્જુનમાળીના ઉપસર્ગમાં સુદર્શનશેઠ આહારનો ત્યાગ કરી કાયોત્સર્ગમાં સ્થિત થઈ ગયા. **(૩) बंभचेरगुत्तीसु–** આહાર કરવાથી વિષય વિકાર વધતા હોય તો આહારનો ત્યાગ કરીને મુનિ બ્રહ્મચર્યની સુરક્ષા કરે. **(૪) पाणिदया–** વરસાદ આવતો હોય, ધુમ્મસ વરસતી હોય, વાવાઝોડાનું વાતાવરણ હોય, સૂક્ષ્મ ત્રસજીવો(મચ્છી વગેરે) ચારે ય બાજુ ઉડતા હોય, સચિત્ત રજ બહુ પડતી હોય, તેવા સમયે મુનિ જીવોની દયા પાળવા માટે આહારનો ત્યાગ કરે અર્થાત્ ગોચરી માટે જાય નહીં. **(૫) तवहेउं–** આત્માના અનાહારક સ્વભાવની અનુભૂતિના લક્ષે નિર્જરા માટે તપ કરવા ઈચ્છે ત્યારે મુનિ આહારનો ત્યાગ કરે. **(૬) सरीर-वोच्छेयणट्ठाए–** જ્યારે શરીર સાધનામાં સહાયક બનતું ન હોય, ત્યારે મુનિ સ્વેચ્છાથી શરીરનો ત્યાગ કરીને સંથારો કરવા માટે આહારનો ત્યાગ કરે છે.

મુનિ વફાદારી પૂર્વક પોતાની જાતનું નિરીક્ષણ કરીને આ છ કારણોમાંથી કોઈપણ કારણ ઉપસ્થિત થાય ત્યારે આહાર કરે અને તે જ રીતે વફાદારીપૂર્વક ઉપરોક્ત છ કારણ ઉપસ્થિત થાય ત્યારે અવશ્ય આહારનો ત્યાગ કરે.

આ રીતે સાધુને આહારના ગ્રહણ કે ત્યાગ બંનેમાં સંયમભાવની પુષ્ટિ, સાધનાનો વિકાસ અને જિનાજ્ઞાની આરાધના કરવાનું જ લક્ષ્ય હોવું જોઈએ.

**अवसेसं भंडगं :–** પ્રસ્તુત પ્રસંગમાં **'अवसेस'** શબ્દ 'અલ્પ' અથવા 'કિંચિત્' અર્થમાં પ્રયુક્ત થયો છે. મુનિ પોતાની આવશ્યકતા અનુસાર અલ્પ ઉપકરણોને સાથે લઈને તથા અન્ય ઉપધિ સુરક્ષિત રીતે ઉપાશ્રયમાં(સહવર્તી સંતો પાસે) મૂકીને ગોચરી માટે જઈ શકે છે. તેથી અહીં **અવશેષ** શબ્દ, નિરવશેષ કે સંપૂર્ણ ઉપધિને સાથે લઈને ગોચરી જાય, તે અર્થમાં પ્રયુક્ત થયો નથી.

**परमद्ध जोयणाओ :–** ઉત્કૃષ્ટ અર્ધ યોજન પર્યંત. પ્રસ્તુત ગાથાઓમાં ગોચરીનો પ્રસંગ છે. મુનિ પોતાના સ્થાનથી ક્યાં સુધી ગોચરી માટે જાય તેની મર્યાદાનું વિધાન આ શબ્દથી કરવામાં આવ્યું છે. ચાર ગાઉનો એક યોજન થાય છે. મુનિ ઉત્કૃષ્ટ અર્ધો યોજન=બે ગાઉ= ૭ કિ.મી. સુધી ગોચરી માટે ગમનાગમન કરી શકે છે.

**विहारं विहरए मुणी :–** ગોચરી માટે પરિભ્રમણ કરે. પ્રસ્તુત પ્રસંગમાં 'વિહાર' શબ્દનો અર્થ ગ્રામાનુગ્રામ ગમન કરવા રૂપ નથી. સૂત્રકારે તેની બે ગાઉની મર્યાદા નિશ્ચિત કરી છે તેનાથી સ્પષ્ટ થાય છે કે અહીં ગોચરી માટે પરિભ્રમણ કરવાના અર્થમાં 'વિહાર' શબ્દ પ્રયુક્ત થયો છે. ગ્રામાનુગ્રામ ગમન કરવામાં ક્ષેત્રની કોઈ મર્યાદા હોતી નથી.

**ચોથા પ્રહરની ચર્યા :–**

**૩૭** **चउत्थीए पोरिसीए, णिक्खिवित्ताण भायणं ।**
**सज्झायं च तओ कुज्जा, सव्वभावविभावणं ॥**

**શબ્દાર્થ :– चउत्थीए** = ચોથી **पोरसीए** = પોરસી **णिक्खिवित्ताण भायणं** = પાત્રોને રાખીને, પ્રતિલેખના પૂર્વક પાત્રોને બાંધીને રાખવા **च** = અને **तओ** = ત્યાર પછી **सव्वभाव-विभावणं** = સર્વ ભાવોને પ્રકાશિત કરનાર **सज्झायं** = સ્વાધ્યાય **कुज्जा** = કરે.

**ભાવાર્થ :–** ચતુર્થ પોરસીનો પ્રારંભ થાય ત્યારે મુનિ પ્રતિલેખના કરી, પાત્રોને બાંધીને મૂકી દે અને ત્યાર પછી જીવાદિ સર્વ ભાવોને પ્રકાશિત કરનાર સ્વાધ્યાય કરે.

**૩૮** **पोरिसीए चउब्भाए, वंदित्ताण तओ गुरुं ।**
**पडिक्कमित्ता कालस्स, सेज्जं तु पडिलेहए ॥**

**શબ્દાર્થ :– पोरसीए** = ચોથી પોરસીના **चउब्भाए** ચોથા ભાગમાં **कालस्स** = સ્વાધ્યાય સંબંધી તે કાળમાં **गुरुं** = ગુરુદેવને **वंदित्ताण** = વંદન કરીને **पडिक्कमित्ता** = પ્રતિક્રમણ–કાઉસગ્ગ કરીને **तओ** = પછી **सेज्जं** = શય્યા વગેરેની **पडिलेहए** = પ્રતિલેખના કરે.

**ભાવાર્થ :–** ચોથી પોરસીના ચોથા ભાગમાં સ્વાધ્યાય કાલ સંપૂર્ણ થતાં મુનિ ગુરુને વંદના કરી સ્વાધ્યાય કાળનું પ્રતિક્રમણ(કાયોત્સર્ગ) કરી, શય્યાનું પ્રતિલેખન કરે.

**૩૯** **पासवणुच्चारभूमिं च, पडिलेहिज्ज जयं जई ।**
**काउस्सग्गं तओ कुज्जा, सव्वदुक्खविमोक्खणं ॥**

**શબ્દાર્થ :– जई** = યતિ, સાધુ **पासवणुच्चार-भूमिं च** = પ્રશ્રવણ(લઘુનીત)અને ઉચ્ચાર(વડીનીત)ના સ્થાનને **जयं** = યતનાપૂર્વક **पडिलेहिज्ज** = જુએ **सव्वदुक्ख-विमोक्खणं** = બધાં દુઃખોથી મુક્ત કરાવનાર **काउस्सग्गं** = કાયોત્સર્ગ કરે અર્થાત્ પ્રતિક્રમણની આજ્ઞા લઈ કાયોત્સર્ગ કરે.

**ભાવાર્થ :–** યતનામાં પ્રયત્નશીલ મુનિ સ્થંડિલભૂમિ એટલે મળ-મૂત્ર પરઠવાના સ્થાનનું પ્રતિલેખન કરે. ત્યાર પછી સર્વ દુઃખોથી મુક્ત કરનાર કાયોત્સર્ગ કરે અર્થાત્ પ્રતિક્રમણ શરૂ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં મુનિની ચોથા પ્રહરની ચર્યાનું નિરૂપણ છે.

ત્રીજા પ્રહરમાં ગોચરીનું કાર્ય પૂર્ણ થયા પછી ચોથા પ્રહરમાં મુખ્યતયા સ્વાધ્યાય અને પ્રતિલેખનની ક્રિયા કરવાની છે. ત્રીજા પ્રહરમાં ગોચરીનું કાર્ય પૂર્ણ થતાં પાત્રની આવશ્યકતા રહેતી નથી. તેથી મુનિ ચોથા પ્રહરના પ્રારંભમાં સર્વ પ્રથમ પાત્ર પ્રતિલેખન કરી, તેને વ્યવસ્થિત બાંધીને મૂકી

દે. ત્યાર પછી સ્વાધ્યાયમાં એકાગ્ર બને. ચોથા પ્રહરના ચોથા ભાગમાં જ્યારે અસ્વાધ્યાય કાલ આવે ત્યારે મુનિ સ્વાધ્યાયથી નિવૃત્ત થઈ જાય, **તત્સંબંધી કાયોત્સર્ગ કરીને ગુરુની** આજ્ઞાપૂર્વક શય્યાસ્થાનનું પ્રતિલેખન-પ્રમાર્જન કરે. મુનિ જે સ્થાનમાં રાત્રિ નિવાસ કરવાના હોય તે સ્થાનનું યથાર્થ પ્રતિલેખન-પ્રમાર્જન કર્યું હોય, તો રાત્રે ઈર્યા સમિતિનું પાલન સમ્યક્ પ્રકારે થઈ શકે.

રાત્રે શારીરિક કારણસર બહાર જવું પડે, તો યથાશક્ય જીવદયાનું પાલન થઈ શકે તે માટે મુનિ સૂર્યાસ્ત પહેલાં જ સ્થંડિલભૂમિ એટલે મળ-મૂત્ર પરઠવાના સ્થાનનું પ્રતિલેખન કરે.

આ રીતે સૂર્યાસ્ત સુધીમાં દિનકૃત્ય પૂર્ણ થઈ જાય છે, ત્યાર પછી રાત્રિની કાર્યવાહીનો પ્રારંભ થાય છે. તેના પ્રારંભમાં પ્રતિક્રમણ કરવાનું હોય છે. તેથી મુનિ પ્રતિક્રમણની આજ્ઞા લઈને પ્રથમ આવશ્યકનો કાયોત્સર્ગ કરે છે.

**सव्वभाव विभावणं :–** આ વિશેષણનો પ્રયોગ ગાથા–૩૭માં સ્વાધ્યાય માટે થયો છે. સર્વ ભાવોને પ્રકાશિત કરનાર એવો સ્વાધ્યાય કરે. આગમની સ્વાધ્યાય કરનાર વ્યક્તિ જીવાદિ નવ તત્ત્વના જ્ઞાતા બને છે. સ્વાધ્યાય કરનારની દર્શન વિશુદ્ધિ થાય અને ચારિત્રની પરિપક્વતા થતી જાય; ક્રમશઃ મોહનીય કર્મ તથા જ્ઞાનાવરણીય આદિ ઘાતીકર્મોનો ક્ષય થાય અને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. કેવળજ્ઞાની ત્રણ લોકના ત્રણે કાળના ભાવોને પ્રકાશિત કરે છે તેથી સ્વાધ્યાય સર્વ ભાવોને પ્રકાશિત કરનાર કહેવાય છે.

**सव्व दुक्ख विमोक्खणं :–** અહીં પ્રતિક્રમણના કાયોત્સર્ગ માટે સર્વ દુઃખોથી મુક્ત કરાવનાર વિશેષણનો પ્રયોગ થયો છે. પ્રતિક્રમણથી વ્રતશુદ્ધિ થાય અને વ્રતોની શુદ્ધ આરાધનાથી કર્મ ક્ષય થતાં દુઃખથી મુક્ત થવાય છે.

પ્રસ્તુત ગાથાઓમાં ચતુર્થ પ્રહરમાં પાત્ર સિવાય સર્વ ભંડોપકરણોની પ્રતિલેખના કરવા માટે કોઈ પણ સૂચન નથી. પરંતુ નિશીથસૂત્ર ઉદ્દેશક–૨, ભાષ્ય ગાથા–૧૪૨૬ ની ટીકામાં આ પ્રમાણે કથન છે– **चरम पोरसीए पुण ओगाहंतीए चेव भायणाणि पडिलेहेउं निक्खिवंति । ततो सेसोवकरणं, ततो सज्झायं पट्ठवेंति । अर्थ–** મુનિ ચોથી પોરસીનો પ્રારંભ થતાં જ પાત્ર પ્રતિલેખન કરીને મૂકી દે. ત્યાર પછી શેષ સર્વ ભંડોપકરણોની પ્રતિલેખના કરે અને ત્યાર પછી જ સ્વાધ્યાયનો પ્રારંભ કરે. આ રીતે વ્યાખ્યાકારોએ ચોથા પ્રહરના પ્રારંભમાં જ સર્વ ઉપધિની પ્રતિલેખના કરવાનું સૂચન કર્યું છે પરંતુ ચોથી પોરસીના અંતે સ્થાન(શય્યા) પ્રતિલેખન સાથે ભંડોપકરણની પ્રતિલેખના કરવાનું કથન કોઈપણ વ્યાખ્યાકારોએ કર્યું નથી. આ રીતે આગમકારો અને વ્યાખ્યાકારોના બંનેના આશયને જોતાં સ્પષ્ટ થાય છે કે મુનિ દિવસના પ્રથમ અને અંતિમ પ્રહરમાં કોઈ પણ સમયે પોતાના ભંડોપકરણનું પ્રતિલેખન કરી શકે છે.

### દૈવસિક પ્રતિક્રમણ :–

**૪૦** **देवसियं च अइयारं, चिंतिज्ज अणुपुव्वसो ।**
**णाणम्मि दंसणम्मि य, चरित्तम्मि तहेव य ॥**

**શબ્દાર્થ :– णाणम्मि** = જ્ઞાન **दंसणम्मि** = દર્શન **च, चेव, तहेव, य** = અને **चरित्तम्मि** = ચારિત્રમાં લાગેલા **देवसियं** = દિવસ સંબંધી **अइयारं** = અતિચારનું **अणुपुव्वसो** = અનુક્રમથી **चिंतिज्ज** = ચિંતન કરે.

**ભાવાર્થ :–** મુનિ કાઉસગ્ગમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર અંગે દિવસ દરમ્યાન લાગેલા અતિચારોનું અનુક્રમે ચિંતન કરે અર્થાત્ દેવસિક પ્રતિક્રમણ કરે.

**૪૧** **पारियकाउस्सगो, वंदित्ताण तओ गुरुं ।**
**देवसियं तु अइयारं, आलोएज्ज जहक्कम्मं ॥**

**શબ્દાર્થ :– पारियकाउस्सगो** = કાયોત્સર્ગ પૂર્ણ કરી **जहक्कम्मं** = યથાક્રમથી **आलोएज्ज** = આલોચના કરે.

**ભાવાર્થ :–** કાયોત્સર્ગ પૂર્ણ કરીને પછી ગુરુને વંદન કરીને, દિવસના અતિચારોની અનુક્રમે આલોચના કરે.

**૪૨** **पडिक्कमित्तु णिस्सलो, वंदित्ताण तओ गुरुं ।**
**काउस्सग्गं तओ कुज्जा, सव्वदुक्खविमोक्खणं ॥**

**શબ્દાર્થ :– पडिक्कमित्तु** = પ્રતિક્રમણ કરીને **णिस्सलो** = શલ્યરહિત થઈને **तओ** = પછી.

**ભાવાર્થ :–** પ્રતિક્રમણ કરીને, નિઃશલ્ય થઈને, ગુરુને વંદના કરે. ત્યાર પછી બધાં દુઃખોથી મુક્ત કરનાર કાયોત્સર્ગ કરે.

**૪૩** **पारियकाउस्सगो, वंदित्ताण तओ गुरुं ।**
**थुइमंगलं च काऊणं, कालं संपडिलेहए ॥**

**શબ્દાર્થ :– थुइमंगलं** = સિદ્ધ ભગવાનના નમોત્થુણં રૂપ સ્તુતિ મંગલ **काऊणं** = કરીને **कालं** = સ્વાધ્યાયના કાલનું **संपडिलेहए** = સમ્યગ્ રીતે પ્રતિલેખન કરે.

**ભાવાર્થ :–** મુનિ કાયોત્સર્ગ પૂર્ણ કરી ગુરુને વંદના કરે, પછી સ્તુતિમંગલ(સિદ્ધ-સ્તવન) કરીને સ્વાધ્યાય કાળનું પ્રતિલેખન કરે અર્થાત્ સ્વાધ્યાય કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં દેવસી પ્રતિક્રમણનો ક્રમ નિર્દિષ્ટ કર્યો છે. તેમાં દિવસ સંબંધી અર્થાત્ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં લાગેલા અતિચાર દોષોનું પ્રાયશ્ચિત્ત કરવાનું હોય છે.

**देवसियं च अइयारं :–** પ્રથમ આવશ્યકના કાયોત્સર્ગમાં મુનિ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ સંબંધી અતિચારોનું ચિંતન કરે. દિવસ દરમ્યાન સંપૂર્ણ દિનચર્યામાં રત્નત્રયની આરાધનામાં થયેલી સ્ખલનાઓનું, અતિચારોનું સ્મૃતિ અનુસાર અવલોકન કરે; જે દોષ લાગ્યા હોય તેની ચિંતવના કરે; તેમાં જ્ઞાનના ૧૪ અને દર્શનના પાંચ અતિચાર છે.

ચારિત્રના પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ તથા પ્રતિલેખન આદિ અન્ય જે-જે કર્તવ્યોનું પાલન કર્યું હોય તેમાં જે-જે દોષોનું સેવન થયું હોય, પોતાની વૃત્તિ બહિર્મુખી થઈ હોય, પાંચે ઇન્દ્રિયોના વિષયોમાંથી કોઈ પણ વિષયમાં રાગ કે દ્વેષના ભાવો થયા હોય, તો તેની અંતઃકરણપૂર્વક ચિંતવના કરીને કાયોત્સર્ગ પૂર્ણ કરે.

**पारिय काउस्सग्गो :–** કાયોત્સર્ગ પાળીને બીજા આવશ્યક રૂપે પ્રગટપણે લોગસ્સના પાઠનું ઉચ્ચારણ કરે. ત્યાર પછી ત્રીજા આવશ્યક રૂપે ઉત્કૃષ્ટ ગુરુ વંદન કરે, જેમાં ઉત્કૃષ્ટ વંદનાના પાઠથી **अहोकायं** આદિ **બાર** આવર્તન વગેરે સમવાયાંગ સૂત્ર કથિત **પચીસ** ગુણ યુક્ત ગુરુ વંદન કરે. આ ઉત્કૃષ્ટ ગુરુ વંદનના પાઠમાં ગુરુની આશાતનાઓની ક્ષમાયાચના સાથે પૂર્ણ વિનય ભાવ પ્રગટ કરે છે. આ પ્રકારે ગુરુ વંદન કર્યા પછી ચોથા આવશ્યક રૂપે, કાયોત્સર્ગમાં ચિંતન કરેલા જ્ઞાન, દર્શન, ચારિત્રના અતિચારોની

ગુરુ સમક્ષ એટલે પ્રગટ પણે ઉચ્ચારણ પૂર્વક આલોચના-પ્રતિક્રમણ કરે. આ રીતે સર્વ અતિચારોનું **मिच्छामि दुक्कडं** આપે.

**पडिक्कमित्तु निस्सल्लो :–** સર્વ અતિચાર દોષોની આલોચના અને પ્રતિક્રમણ કરીને ફરીવાર તે દોષોનું સેવન ન થાય તેવા સંકલ્પથી તે આત્મા માયા-કપટ આદિ શલ્યથી રહિત થાય છે. આ રીતે પ્રતિક્રમણનો ચોથો આવશ્યક પૂર્ણ થાય છે. ત્યારપછી ઉત્કૃષ્ટ ગુરુ વંદનના પાઠથી ગુરુવંદન કરીને પાંચમા કાયોત્સર્ગ આવશ્યકની આજ્ઞા લે અને સર્વ દુઃખોથી મુક્ત થવા માટે સૂત્રોક્ત ધર્મધ્યાનનો કાયોત્સર્ગ કરે. પાંચમા આવશ્યકનો કાયોત્સર્ગ જ્ઞાન, દર્શન, ચારિત્રની વિશુદ્ધિને માટે કરવાનો છે. દોષ રહિત અને જ્ઞાન, દર્શન આદિ ગુણોથી વિશુદ્ધ થયેલો આત્મા સર્વ દુઃખોથી મુક્ત થાય છે. તેથી જ સૂત્રકારે કાયોત્સર્ગ માટે **सव्वदुक्ख- विमोक्खणे** વિશેષણનો પ્રયોગ કર્યો છે.

**थुइमंगलं काउणं :–** પાંચમા આવશ્યકનો કાયોત્સર્ગ પાળીને ઉત્કૃષ્ટ ગુરુ વંદનના પાઠથી ગુરુ વંદન કરે અને ત્યારપછી નમોત્થુણંના પાઠથી પ્રતિક્રમણ સમાપ્તિ રૂપે સ્તુતિ મંગલ કરે. પ્રસ્તુત પ્રસંગમાં સંક્ષિપ્ત સંકલના હોવાથી પ્રતિક્રમણ વિધિનો સંકેતમાત્ર છે. પાંચમા આવશ્યકમાં શેનો કાયોત્સર્ગ કરવો ? કાયોત્સર્ગ પૂર્ણ થયા પછી પ્રગટરૂપે લોગસ્સના પાઠનું ઉચ્ચારણ કરવું, ત્યાર પછી ઉત્કૃષ્ટ વંદનાના પાઠથી ગુરુવંદન કરીને છટ્ઠો પ્રત્યાખ્યાન આવશ્યક કરવો, વગેરે વિધિનો ઉલ્લખ અહીં જણાતો નથી. તેથી તેનું વિસ્તૃત સ્પષ્ટીકરણ આવશ્યક સૂત્રથી જાણવું.

દેવસિક પ્રતિક્રમણ પૂર્ણ થયા પછી રાત્રિના પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરવા માટે કાલની પ્રતિલેખના કરે. તેમાં આકાશ અવલોકન કરીને ગાજ-વીજ, દિગ્દાહ, તારો ખરવો વગેરે ઘટનાને જોઈને સ્વાધ્યાયકાલનો નિર્ણય કરે.

**રાત્રિક ચર્યા :–**

**૪૪** **पढमं पोरिसी सज्झायं, बीयं झाणं झियायइ ।**
**तइयाए णिद्दमोक्खं तु, सज्झायं तु चउत्थीए ॥**

**भावार्थ :–** રાત્રિનો ક્રમ– પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય, બીજા પ્રહરમાં ધ્યાન, ત્રીજા પ્રહરમાં નિદ્રા અને ચોથા પ્રહરમાં ફરી સ્વાધ્યાય કરે.

**૪૫** **पोरिसीए चउत्थीए, कालं तु पडिलेहिया ।**
**सज्झायं तु तओ कुज्जा, अबोहंतो असंजए ॥**

**शब्दार्थ :–** **असंजए** = અસંયમી પુરુષોને **अबोहंतो** = ન જગાડતાં **सज्झायं** = સ્વાધ્યાય **कुज्जा** = કરે.

**भावार्थ :–** ચોથી પોરસીના કાળનું પ્રતિલેખન કરીને અર્થાત્ ચોથી પોરસીનો સમય થતાં અસંયમી વ્યક્તિઓ જાગી ન જાય, તે રીતે મુનિ ધીમા સ્વરે સ્વાધ્યાય કરે.

**૪૬** **पोरिसीए चउब्भाए, वंदित्ताण तओ गुरुं ।**
**पडिक्कमित्तु कालस्स, कालं तु पडिलेहए ॥**

**भावार्थ :–** ચોથા પહોરના ચોથા ભાગમાં(સ્વાધ્યાયનો અકાળ આવી ગયો છે, તેમ જાણીને) ગુરુને

વંદના કરી સ્વાધ્યાય કાળનું પ્રતિક્રમણ કરે અર્થાત્ સ્વાધ્યાય સંબંધી કાયોત્સર્ગ કરે. ત્યાર પછી મુનિ રાત્રિ પ્રતિક્રમણ કાળનું પ્રતિલેખન કરે અર્થાત્ રાત્રિક પ્રતિક્રમણના સમયની જાણકારી મેળવે.

**૪૭** **आगए कायवोस्सग्गे, सव्वदुक्खविमोक्खणे ।**
**काउस्सग्गं तओ कुज्जा, सव्वदुक्खविमोक्खणं ॥**

**શબ્દાર્થ :– काय-वोस्सग्गे** = કાયોત્સર્ગનો સમય **आगए** = આવતાં.

**ભાવાર્થ :–** સર્વ દુઃખોથી મુક્ત કરનાર કાયોત્સર્ગનો સમય થતાં એટલે રાત્રિ પ્રતિક્રમણ પ્રારંભ કરવાનો સમય થતાં મુનિ સર્વ પ્રથમ સર્વ દુઃખોથી મુક્ત કરનાર કાયોત્સર્ગ કરે.

**૪૮** **राइयं च अइयारं, चिंतिज्ज अणुपुव्वसो ।**
**णाणम्मि दंसणम्मि य, चरित्तम्मि तवम्मि य ॥**

**શબ્દાર્થ :– णाणम्मि** = જ્ઞાનમાં **दंसणम्मि** = દર્શનમાં **चरित्तम्मि** = ચારિત્રમાં **तवम्मि** = તપમાં લાગેલા **राइयं** = રાત્રિ સંબંધી **अइयारं** = અતિચારોનું **अणुपुव्वसो** = અનુક્રમથી **चिंतिज्ज** = ચિંતન કરે.

**ભાવાર્થ :–** કાઉસગ્ગમાં રાત્રિ દરમ્યાન જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ સંબંધી લાગેલા અતિચારોનું મુનિ અનુક્રમે ચિંતન કરે.

**૪૯** **पारियकाउस्सग्गो, वंदित्ताण तओ गुरुं ।**
**राइयं तु अइयारं, आलोएज्ज जहक्कमं ॥**

**ભાવાર્થ :–** કાયોત્સર્ગ પૂર્ણ કરી, ગુરુને વંદના કરી, ફરી યથાક્રમે રાત્રિ સંબંધી અતિચારોની આલોચના કરે અર્થાત્ પ્રગટરૂપે અતિચારોના ઉચ્ચારણપૂર્વક **मिच्छामि दुक्कडं** કરે.

**૫૦** **पडिक्कमित्तु णिस्सल्लो, वंदित्ताण तओ गुरुं ।**
**काउस्सग्गं तओ कुज्जा, सव्वदुक्खविमोक्खणं ॥**

**શબ્દાર્થ :– तओ** = ત્યાર પછી **पडिक्कमित्तु** = પ્રતિક્રમણ (અતિચારોની આલોચના)કરીને **णिस्सल्लो** = શલ્ય રહિત થઈને.

**ભાવાર્થ :–** પ્રતિક્રમણ કરી, નિઃશલ્ય થઈને, ગુરુને વંદના કરે. ત્યાર પછી સર્વ દુઃખોથી મુક્ત કરનાર કાયોત્સર્ગ કરે.

**૫૧** **किं तवं पडिवज्जामि, एवं तत्थ विचिंतए ।**
**काउस्सग्गं तु पारित्ता, करिज्जा जिणसंथवं ॥**

**શબ્દાર્થ :– तत्थ** = કાયોત્સર્ગમાં **एवं** = એ પ્રકારે **विचिंतए** = વિચાર કરે કે, હું **किं** = કયું **तव** = તપ **पडिवज्जामि** = અંગીકાર કરું, આ ચિંતન પછી **काउस्सगं** = કાયોત્સર્ગ **पारित्ता** = પૂર્ણ કરીને **जिण-संथवं** = જિન સ્તવન, સ્તુતિ, લોગસ્સનો પાઠ **करिज्जा** = કરે.

**ભાવાર્થ :–** કાયોત્સર્ગમાં ચિંતન કરે કે "હું આજ કયું તપ કરું ?" કાયોત્સર્ગ પૂરો કરી જિનેશ્વરોનું સ્તવન કરે અર્થાત્ ચતુર્વિંશતિ સ્તવનનો પાઠ કરે.

**૫૨** **पारियकाउस्सग्गो, वंदित्ताण तओ गुरुं ।**
**तवं संपडिवज्जित्ता, करिज्जा सिद्धाण संथवं ॥**

**શબ્દાર્થ :– पारिय काउस्सग्गो** = કાયોત્સર્ગ પૂર્ણ કરી **गुरुं** = ગુરુ મહારાજ પાસે **तवं** = તપ **संपडिवज्जित्ता** = અંગીકાર કરે(પ્રત્યાખ્યાન કરે) પછી **सिद्धाण** = સિદ્ધ ભગવાનની **संथवं** = સ્તુતિ **करिज्जा** = કરે અર્થાત્ **'णमोत्थुणं'** નો પાઠ બોલે.

**ભાવાર્થ :–** કાયોત્સર્ગ પૂર્ણ કરી બે વાર ઈચ્છામિ ખમાસમણોના પાઠ દ્વારા ગુરુને વંદના કરે. ત્યાર પછી યથોચિત તપનો સ્વીકાર(પ્રત્યાખ્યાન) કરીને સિદ્ધ ભગવંતોની સ્તુતિ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સાધુની રાત્રિક ચર્યાનું વર્ણન છે. સામાન્ય રીતે સૂર્યાસ્ત પછી દેવસિક પ્રતિક્રમણ; ત્યારપછી સ્વાધ્યાયકાલ અનુસાર પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય, બીજા પ્રહરમાં ધ્યાન, ત્રીજા પ્રહરમાં નિદ્રા અને ચોથા પ્રહરમાં ફરી સ્વાધ્યાય રૂપ રાત્રિ ચર્યા છે. રાત્રિના ચોથા પ્રહરના ચોથો ભાગ અર્થાત્ સૂર્યોદય પહેલા બે ઘડી–૪૮ મિનિટના સમયમાં રાત્રિક પ્રતિક્રમણનું વિધાન છે. તેમાં દેવસિક પ્રતિક્રમણની જેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ સંબંધી ચિંતન માટે કાયોત્સર્ગથી પ્રારંભ કરીને સ્તવ સ્તુતિ મંગલ સુધીની વિધિનું કથન છે. દેવસિક પ્રતિક્રમણની વિધિમાં સંક્ષિપ્તતાના કારણે રહી જવા પામેલી વિધિ પણ અહીં સ્પષ્ટ થઈ જાય છે અર્થાત્ કાયોત્સર્ગ પછી લોગસ્સના પાઠનું ઉચ્ચારણ, ત્યાર પછી ઉત્કૃષ્ટ વંદનના પાઠથી ગુરુ વંદન અને ત્યાર પછી પ્રત્યાખ્યાનનું કથન છે. આ રીતે છ આવશ્યક પૂર્ણ થતાં સિદ્ધ સ્તુતિ રૂપ **णमोत्थुणं**ના પાઠથી સિદ્ધ ભગવાનની સ્તુતિ કરવાનું વિધાન છે.

**किं तवं पडिवज्जामि :–** રાત્રિક પ્રતિક્રમણના પાંચમા આવશ્યકના કાયોત્સર્ગમાં મુનિ ચિંતન કરે કે 'આજે હું કયો તપ સ્વીકાર કરીશ ?' ચારિત્ર પાલનથી આવતાં કર્મોનો નિરોધ એટલે સંવર થાય છે પરંતુ પૂર્વકૃત કર્મોનો નાશ કરવા માટે તપનો વિશિષ્ટ પુરુષાર્થ અનિવાર્ય બને છે. તેથી સાધક પોતાની શક્તિને ગોપવ્યા વિના ક્ષેત્ર-કાલની પરિસ્થિતિ અનુસાર તપ કરતાં જ રહે છે, તે માટેની ચિંતવના મુનિ આ કાયોત્સર્ગમાં કરે. ભગવાન મહાવીરના શાસનમાં નવકારશીથી છમાસી સુધીના તપનું વિધાન છે. કોઈપણ બાહ્ય તપની આરાધના ચાલુ હોય તો સ્વાધ્યાય, ધ્યાન વગેરે આભ્યંતર તપમાં વિશેષ અનુકૂળતા રહે છે. કાયોત્સર્ગમાં તપ વિષયક જે ચિંતન અને નિર્ણય કર્યો હોય, તે પ્રમાણે કાયોત્સર્ગ પછી ગુરુમુખે મુનિ તપનો સ્વીકાર કરે.

**अबोहंतो असंजए :–** રાત્રિના પ્રથમ પ્રહરમાં સામાન્ય રીતે લોકો પોત-પોતાની પ્રવૃત્તિમાં હોય છે, ત્યારે મુનિ પોતાની અનુકૂળતા પ્રમાણે ઉચ્ચારણપૂર્વક, ઊંચા સ્વરે સ્વાધ્યાય કરી શકે છે પરંતુ રાત્રિના ચોથા પ્રહરમાં લોકો પ્રાયઃ નિદ્રાધીન હોય છે. તે સમયે ઊંચા સ્વરે સ્વાધ્યાય કરવાથી આજુ-બાજુ રહેનારા ગૃહસ્થો(અસંયતિઓ)ને નિદ્રામાં સ્ખલના થાય, તેઓ જાગી જાય અને આરંભ-સમારંભ આદિ પાપકારી પ્રવૃત્તિ કરે, તો તે સર્વ પાપકારી પ્રવૃત્તિમાં સાધુ નિમિત્તરૂપ બને છે. તેથી મુનિ રાત્રિના ચોથા પ્રહરમાં તે વાતને લક્ષમાં રાખીને મંદ સ્વરે સ્વાધ્યાય કરે.

આ રીતે આ અધ્યયનમાં પાંચમી સમિતિમાં તથા સ્વાધ્યાયના વિધાનમાં સાધુ દ્વારા ગૃહસ્થોને કોઈપણ પ્રકારે બાધા ઉત્પન્ન ન થાય, તે પ્રકારની સાવધાની રાખવાની સૂચના કરવામાં આવી છે.

**ઉપસંહાર :–**

**૫૩** **एसा सामायारी, समासेण वियाहिया ।**
**जं चरित्ता बहू जीवा, तिण्णा संसार सागरं ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :–** **एसा** = આ **सामायारी** = ૧૦ પ્રકારની સમાચારી **समासेण** = સંક્ષિપ્તમાં **वियाहिया** = કહેલી છે **जं** = જે, જેનું **चरित्ता** = પાલન કરીને **बहू** = ઘણા જ **जीवा** = જીવો **संसार सागरं** = સંસાર સાગરથી **तिण्णा** = તરી ગયા છે. એવી જ રીતે વર્તમાન કાળમાં તરી રહ્યા છે, ભવિષ્યકાળમાં તરી જશે.

**ભાવાર્થ :–** સંક્ષેપમાં આ સમાચારી કહી છે, તેનું આચરણ કરીને ઘણા જીવો સંસાર-સાગર તરી ગયા છે અર્થાત્ સિદ્ધ થયા છે.

**॥ છવ્વીસમું અધ્યયન સંપૂર્ણ ॥**

# સત્યાવીસમું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનમાં ખલુંક-દુષ્ટ બળદની ઉપમાથી ઉદ્ધત, અવિનયી શિષ્યોનું વર્ણન છે તેથી તેનું નામ **ખલુંકીય** છે.

★ જે સાધક દીક્ષા લઈને ખાવા અને પીવામાં મસ્ત બની પ્રમાદી જીવન જીવે છે, ગુરુથી વિપરીત વર્તન કરી પોતાના સ્વચ્છંદને પોષે છે. તેને જ્ઞાનીઓએ 'ગળિયા બળદ' સાથે સરખાવ્યા છે. તેવા શિષ્યો દુષ્ટ બળદની જેમ સંઘરૂપ શકટને અને તેના માલિક રૂપ સંઘાચાર્યને હાનિ પહોંચાડે છે. ત્યારે આચાર્ય સ્વયં તે શિષ્યોને છોડીને એકાંત સાધનામાં જોડાઈ જાય છે.

★ પ્રસ્તુત અધ્યયનમાં ગર્ગ નામના સ્થવિર મુનિની જીવન ઘટના દર્શાવી છે. તેઓ આચાર્યની સંપદાથી યુક્ત, સેંકડો શિષ્યોના ગુરુ હતા. કર્મયોગે બધા જ શિષ્યો ઉદ્ધત્ત અને સ્વચ્છંદી બની ગયા. તેઓએ શિષ્યોને સમાધિભાવમાં સ્થિર કરવા અથાગ પુરુષાર્થ કર્યો પરંતુ જ્યારે તેમાં નિષ્ફળતા પ્રાપ્ત થઈ અને શિષ્યોનું દુષ્ટ વર્તન સ્વયંની સાધનામાં બાધક લાગ્યું ત્યારે શિષ્યોનું મમત્ત્વ છોડીને એકાકી થઈ સ્વાવલંબી બની સાધનામાં લીન બની ગયા.

★ આ અધ્યયનમાં દુષ્ટ શિષ્યોની દુષ્ટ પ્રવૃત્તિઓનું વિસ્તૃત વર્ણન છે.

❖❖❖❖❖

# સત્યાવીસમું અધ્યયન

## ખલુંકીય

**ગર્ગ મુનિનો પરિચય :–**

**૧** **थेरे गणहरे गग्गे, मुणी आसी विसारए ।**
**आइण्णे गणिभावम्मि, समाहिं पडिसंधए ॥**

**શબ્દાર્થ :– थेरे** = સ્થવિર **गणहरे** = ગણધારક, શિષ્ય પરિવારને ધારણ કરનારા **विसारए** = વિશારદ, બધા શાસ્ત્રોમાં કુશળ **आइण्णे** = આચાર્યના ગુણોથી યુક્ત **समाहिं** = સ્વપરની સમાધિને **पडिसंधए** = જાળવી રાખનારા **गग्गे** = ગર્ગ ગોત્રીય, સ્થવિર ગર્ગ મુનિ **मुणी** = મુનિ **आसी** = હતા.

**ભાવાર્થ :–** ગર્ગ કુળમાં જન્મેલા ગર્ગ મુનિ, શિષ્ય સમુદાય રૂપ ગણને ધારણ કરનારા, શાસ્ત્ર વિશારદ સ્થવિર હતા. તે ગુરુ અને આચાર્યના ગુણોથી સંપન્ન હતા તથા સ્વપરની સમાધિ ભાવોને જાળવી રાખનારા હતા.

**વિવેચન :–**

**ગર્ગ સ્થવિર :–** ગર્ગ મુનિ વિદ્વાન અને સમર્થ આચાર્યના ગુણોથી સંપન્ન સ્થવિર હતા. તે સ્વયં સમાધિમાં સ્થિત હતા અને પોતાના શિષ્યોને સમાધિ ભાવોમાં જોડવામાં પ્રયત્નશીલ હતા.

**थेरे :–** સ્થવિર. જે સ્વયં ધર્મભાવમાં સ્થિર હોય અને અન્યને સ્થિરતા કરાવે તેવા અનુભવી સંતને સ્થવિર કહે છે, સ્થવિરના ત્રણ પ્રકાર છે– **(૧) દીક્ષા સ્થવિર–** વીસ વર્ષની દીક્ષા પર્યાયવાળા સંત **(૨) શ્રુત સ્થવિર–** ઠાણાંગ સૂત્ર અને સમવાયાંગ સૂત્રના જ્ઞાતા સંત **(૩) વય સ્થવિર–** ૬૦ વર્ષની ઊંમરવાળા વયોવૃદ્ધ સંત.

**गणहरे :–** શિષ્ય પરિવારરૂપ ગણને ધારણ કરનાર. સ્થવિર ગર્ગમુનિ ૫૦૦ શિષ્યોના ગણને ધારણ કરીને વિચરણ કરતા હતા. તેથી તેઓને અહીં ગણધર કહ્યા છે.

**समाहिं :–** સમાધિ, સંયમમાં આનંદની અનુભૂતિ. સ્થવિર ગર્ગમુનિ સંયમ સમાધિમાં સ્થિત હતા અને અન્યને પણ સંયમ સમાધિમાં સ્થિત કરવામાં સમર્થ હતા.

**વિનીત બળદ અને શિષ્ય :–**

**૨** **वहणे वहमाणस्स, कंतारं अइवत्तइ ।**
**जोए वहमाणस्स, संसारो अइवत्तइ ॥**

**શબ્દાર્થ :– वहणे** = ગાડીમાં **वहमाणस्स** = જોડેલા શાંત, નમ્ર બળદ **कंतारं** = અટવીને, જંગલને **अइवत्तइ** = પાર કરે છે(તે પ્રમાણે) **जोए** = યોગ-સંયમ માર્ગમાં **वहमाणस्स** = પ્રવૃત્ત થયેલા નમ્ર-વિનીત શિષ્ય **संसारो** = સંસારથી **अइवत्तइ** = પાર થાય છે.

**ભાવાર્થ :–** ગાડું ખેંચનાર સારો બળદ જેમ સારી રીતે ગાડું ખેંચી માલિકને જંગલ પાર કરાવે છે, તેવી જ રીતે યોગ-સંયમમાં સંલગ્ન વિનીત મુનિ સંસારને પાર કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં વિનીત બળદની ઉપમા દ્વારા વિનીત શિષ્યની વિનીતતાના લાભનું દર્શન કરાવ્યું છે.

સારા બળદની જેમ સુવિનીત સાધક સંયમ માર્ગમાં સુયોગ્ય રીતે પ્રવૃત્ત થઈને સંસારરૂપ ભયાનક અટવીને પાર કરે છે. તાત્પર્ય એ છે કે સરળતાથી, નિષ્કપટતાથી આચરવામાં આવેલા ક્રિયાનુષ્ઠાનનું ફળ નિર્વાણ હોય છે. પોતાના સદ્‌ગુણો અને સદ્‌વૃત્તિ સ્વયંને તો લાભદાયક થાય જ છે, તેમજ સાથે રહેનારા અન્ય સાધકોની સાધનામાં પણ સહાયક બને છે.

**અવિનીત બળદ અને શિષ્ય :–**

**૩** **खलुंके जो उ जोएइ, विहम्माणो किलिस्सइ ।**
**असमाहिं च वेएइ, तोत्तओ य से भज्जइ ॥**

**શબ્દાર્થ :– जो** = જે **खलुंके** = ધૃષ્ટ અને દુષ્ટ(આળસુ, અવિનીત)બળદને **जोएइ** = ગાડીમાં જોડે છે, તે તેને **विहम्माणो** = મારતાં-મારતાં થાકી જાય છે **उ** = અને **किलिस्सइ** = ક્લેશ અને ઉદ્વિગ્ન થાય **असमाहिं** = અસમાધિનો **वेएइ** = અનુભવ કરે છે **से** = તેનો **तोत्तओ** = ચાબુક **भज्जइ** = તૂટી જાય છે.

**ભાવાર્થ :–** જે ગાડીવાળો ગાડામાં ગળીયા બળદને જોડે છે તે બળદને મારતાં-મારતાં થાકી જાય છે અને ઉદ્વિગ્ન બને છે તથા અસમાધિનો અનુભવ કરે છે. છેવટે મારતાં-મારતાં તેનો ચાબુક પણ તૂટી જાય છે.

**૪** **एगं डसइ पुछम्मि, एगं विंधइ अभिक्खणं ।**
**एगं भंजइ समिलं, एगो उप्पहपट्ठिओ ॥**

**શબ્દાર્થ :– एगं** = કોઈ એક ગળિયા બળદને **पुच्छम्मि** = પૂંછડું **डसइ** = મરડે છે **एगं** = કોઈ એક બળદને **अभिक्खणं** = વારંવાર **विंधइ** = લોખંડની આરથી વીંધે છે **समिलं** = જોતરને, ધૂંસરને **भंजइ** = તોડી નાખે છે અને **एगो** = કોઈ એક **उप्पह-पट्ठिओ** = આડા માર્ગે દોડે છે, આ રીતે ગળિયો બળદ અને ગાડીવાળો બંને દુઃખી થાય છે.

**ભાવાર્થ :–** ગુસ્સે થયેલો ગાડીવાળો કોઈ બળદની પૂંછડું વારંવાર મરડે છે, તો કોઈને વારંવાર લોખંડની આર ખૂંચાડે છે. તે બળદોમાંથી કોઈ બળદ ધોંસરું તોડી નાખે છે, કોઈ અવળે માર્ગે ચઢી જાય છે.

**૫** **एगो पडइ पासेणं, णिवेसइ णिविज्जइ ।**
**उक्कुद्दइ उप्फिडइ, सढे बालगविं वए ॥**

**શબ્દાર્થ :– एगो** = કોઈ એક ગળિયો બળદ **पासेणं** = એક બાજુ **पडइ** = પડી જાય છે **णिवेसइ** = કોઈ બેસી જાય છે **णिविज्जइ** = કોઈ સૂઈ જાય છે **उक्कुद्दइ** = કોઈ કૂદવા લાગે છે **उप्फिडइ** = કોઈ ઉછળવા લાગે છે **सढे** = કોઈ દુષ્ટ બળદ **बालगविं** = યુવાન ગાયને જોઈ તેની તરફ **वए** = દોડવા લાગે છે.

**ભાવાર્થ :–** કોઈ બળદ રસ્તાની બાજુમાં પડી જાય છે, કોઈ બેસી જાય છે, કોઈ સૂઈ જાય છે, કોઈ કૂદે છે, કોઈ ઊછળે છે, તો કોઈ દુષ્ટ(બળદ) તરુણ ગાયની પાછળ દોડે છે.

**६** **माई मुद्धेण पडइ, कुद्धे गच्छइ पडिप्पहं ।**
**मयलक्खेण चिट्ठइ, वेगेण य पहावइ ॥**

**શબ્દાર્થ :–** **माई** = કોઈ માયાવી બળદ **मुद्धेण** = માથું નમાવીને **पडइ** = પડી જાય છે **कुद्धे** = કોઈ ક્રોધમાં આવીને **पडिप्पहं** = સીધા માર્ગને ત્યજી ઉલટા માર્ગે **गच्छइ** = દોડી જાય છે **मयलक्खेण** = કોઈ બળદ મરવાનો ઢોંગ કરીને **चिट्ठइ** = પડી જાય છે **वेगेण** = વેગથી **पहावइ** = દોડવા લાગે છે.

**ભાવાર્થ :–** કોઈ માયાવી(ઢોંગી) બળદ માથું નમાવીને-નીચું ઢાળીને જમીન ઉપર બેસી જાય છે. કોઈ ગુસ્સે થઈને ખોટા માર્ગે ચાલ્યો જાય છે. કોઈ મરેલા જેવો ઢોંગ કરી પડી રહે છે, તો કોઈ જોરથી દોડવા માંડે છે.

**७** **छिण्णाले छिंदइ सेल्लिं, दुद्दंतो भंजए जुगं ।**
**से वि य सुस्सुयाइत्ता, उज्जहित्ता पलायए ॥**

**શબ્દાર્થ :–** **छिण्णाले** = કોઈ દુષ્ટ બળદ **सेल्लिं** = દોરડાને **छिंदइ** = તોડી નાંખે છે **दुद्दंतो** = દુર્દાન્ત મુશ્કેલીથી કાબૂમાં આવનાર, કોઈ બળદ **जुगं** = ધૂંસરીને **भंजए** = તોડી નાંખે **से वि** = પછી તે દુષ્ટ બળ દ **सुस्सुयाइत्ता** = ફૂંફાડા મારતો **उज्जहित्ता** = ગાડું છોડીને **पलायए** = ભાગી જાય છે.

**ભાવાર્થ :–** કોઈ દુષ્ટ બળદ દોરડું તોડી નાંખે છે, મુશ્કેલીથી વશ થનારો કોઈ બળદ ભયંકર બની ધૂંસરી તોડી નાંખે છે અને પછી તે ફૂંફાડા મારતો એટલે કે સૂં સૂં અવાજ કરતો ગાડું છોડી ભાગી જાય છે.

**८** **खलुंका जारिसा जुज्जा, दुस्सीसा वि हु तारिसा ।**
**जोइया धम्मजाणम्मि, भज्जंति धिइदुब्बला ॥**

**શબ્દાર્થ :–** **जारिसा** = જેવી રીતે **जुज्जा** = ગાડામાં જોડેલા **खलुंका** = દુષ્ટ, ગળિયો બળદ, ગાડી(ગાડું) તોડીને ગાડીવાનને દુઃખી કરી ભાગી જાય છે **तारिसा** = તે પ્રમાણે **धम्मजाणम्मि** = ધર્મરૂપી ગાડામાં **जोइया** = જોડેલા **घिइदुब्बला** = ધૃતિદુર્બલ-અધીર અને કાયર **दुस्सीसा वि** = દુષ્ટ, સ્વચ્છંદી શિષ્યો પણ **भज्जंति** = સંયમ ધર્મનો ભંગ કરી દે છે.

**ભાવાર્થ :–** જેવી રીતે ગાડામાં જોડેલા દુષ્ટ અને ગળિયા બળદ ગાડું તોડીને ગાડીવાનને દુઃખી કરીને ભાગી જાય છે, તેવી રીતે ધર્મરૂપી ગાડામાં જોડેલા કાયર, દુષ્ટ શિષ્યો પણ સંયમધર્મનો ભંગ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં અવિનીત બળદની વિચિત્ર પ્રવૃત્તિઓ સાથે અવિનીત શિષ્યની પ્રવૃત્તિની તુલના કરી છે.

ગળીયા બળદને ગાડામાં જોડવાથી વાહકને કષ્ટ પરંપરાનો અનુભવ કરવો પડે છે. ગળીયા બળદને મારતાં મારતાં વાહક થાકી જાય છે અને તેને ક્લેશ થાય છે, શઠ બળદ વાહકની ઈચ્છાનુસાર ચાલતો નથી, તેથી વાહકને વ્યાકુળતા થાય છે અને ક્રોધ આવે છે. વળી દુષ્ટ બળદને મારતાં-મારતાં ક્યારેક લાકડી તૂટી જાય છે. આમ વાહકની ચિત્તસમાધિનો ભંગ થાય છે અને તે બળદ વાહકને ઉચિત સ્થાને પહોંચાડી શકતો નથી. તેમ મુક્તિનગરની પ્રાપ્તિ માટે ધર્મરથમાં નિયોજિત કરવામાં આવેલા કુશિષ્યો પણ ધૈર્યના અભાવે સંયમનું સારી રીતે વહન કરતા નથી. તેઓ સંયમ અનુષ્ઠાનમાં દઢ રહી

શકતા નથી. દુષ્ટ શિષ્યો સ્વયં મોક્ષની પ્રાપ્તિ કરી શકતા નથી, તે ઉપરાંત ગુરુ આદિને પણ ખેદ પમાડે છે.

**खलुंके** :– તેના અનેક અર્થો છે. **खलोक्ष** = દુષ્ટ બળદ. નિર્યુક્તિકારના કથનાનુસાર ધોંસરું તોડીને અવળે માર્ગે જનાર વક્ર અથવા કુટિલ, જેને ક્યારે ય સુધારી ન શકાય, એવા બળદો. **ખલુંક** શબ્દ પશુ કે મનુષ્યનું વિશેષણ હોય ત્યારે તેનો અર્થ અવિનીત મનુષ્ય અથવા પશુ થાય છે.

**उज्जहित्ता** :– પોતાના માલિક(સ્વામી) અને ગાડું બંનેને ઉન્માર્ગે લઈ જઈ કોઈ વિષમ પ્રદેશમાં ગાડાના બંધન તોડી, ધોંસરું ઉડાડીને પોતે ભાગી જાય છે.

**અવિનીત શિષ્યોની અવિનીતતા :–**

**૯** **इड्ढीगारविए एगे, एगेत्थ रसगारवे ।**
**सायागारविए एगे, एगे सुचिरकोहणे ॥**

**શબ્દાર્થ :– इड्ढी-गारविए** = ઋદ્ધિથી ગર્વિત બનેલા **एगे** = કોઈ એક શિષ્ય **रसगारवे** = રસલોલુપ બનેલા **साया-गारविए** = સુખશાતાની ઈચ્છાવાળા **एगे** = કોઈ **सुचिर-कोहणे** = ચિરક્રોધી છે.

**ભાવાર્થ :–** સ્થવિર ગર્ગ વિચારે છે કે(મારા) કોઈ શિષ્યને ઋદ્ધિનું ગૌરવ છે, કોઈ રસ-લોલુપ છે, કોઈ સુખશાતાનું અભિમાન કરે છે, તો કોઈ શિષ્ય લાંબા સમય સુધી ક્રોધયુક્ત રહે છે.

**૧૦** **भिक्खालसिए एगे, एगे ओमाणभीरुए ।**
**थद्धे एगे अणुसासम्मि, हेऊहिं कारणेहिं ॥**

**શબ્દાર્થ :– एगे** = કોઈ એક **भिक्खालसिए** = ભિક્ષા લાવવામાં આળસુ **ओमाण-भीरुए** = અપમાન ભીરુ બની ગયા છે(ભિક્ષા માગવામાં અપમાન સમજે છે) **थद्धे** = અહંકારી બની ગયા છે એવા શિષ્યોને **अणुसासम्मि** = હું યોગ્ય શિક્ષા કરું છું **हेऊहिं** = અનેક હેતુ **कारणेहिं** = કારણોથી.

**ભાવાર્થ :–** કોઈ શિષ્ય ભિક્ષાચરીમાં આળસ કરે છે, કોઈ યાચનામાં થતાં અપમાનથી ડરે છે, તો કોઈ હેતુ અને કારણથી એટલે સારી રીતે સમજાવીને અનુશાસિત કરતાં પણ અહંકારી બને છે અર્થાત્ અહંભાવથી સામે બોલે છે.

**૧૧** **सो वि अंतरभासिल्लो, दोसमेव पकुव्वइ ।**
**आयरियाणं तु वयणं, पडिकूलेइ अभिक्खणं ॥**

**શબ્દાર્થ :– सो वि** = તે દુષ્ટ શિષ્ય **अंतरभासिल्लो** = વચ્ચે જ બોલી ઊઠે છે અને **दोसमेव** = ગુરુ મહારાજનો જ દોષ **पकुव्वइ** = કાઢે છે **वयणं** = વચનોથી **पडिकूलेइ** = પ્રતિકૂળ આચરણ કરે છે.

**ભાવાર્થ :–** કુશિષ્યો અનુશાસિત કરવા પર વચ્ચે બોલે છે, આચાર્યના વચનોમાં દોષ કાઢે છે અને વારંવાર આચાર્યના વચનોથી(આજ્ઞાથી) પ્રતિકૂળ આચરણ કરે છે.

**૧૨** **ण सा ममं वियाणाइ, ण वि सा मज्झ दाहिइ ।**
**णिग्गया होहिइ मण्णे, साहू अण्णोत्थ वच्चउ ॥**

**શબ્દાર્થ :– सा** = તે શ્રાવિકા તો **ममं** = મને **ण वियाणाइ** = ઓળખતી નથી **मज्झ** = મને **ण दाहिइ**

= ભિક્ષા આપશે નહિ **मण्णे** = હું સમજુ છું કે આ સમયે તે **णिग्गया होहिइ** = ઘરની બહાર ગઈ હશે **अत्थ** = આ કામને માટે આપ **अण्णो** = કોઈ બીજા **साहू** = સાધુને **वच्चउ** = મોકલો.

**ભાવાર્થ :–** ભિક્ષા લાવતી વખતે કોઈ શિષ્ય ગુરુને કહે છે– તે ગૃહિણી મને ઓળખતી નથી, તેણી મને ભિક્ષા આપશે નહિ, મને લાગે છે કે તેણી બહાર ગઈ હશે અથવા બીજા કોઈ સાધુને મોકલો, આ રીતે બહાના કરે.

**१३** **पेसिया पलिउंचंति, ते परियंति समंतओ ।**
**रायवेट्ठिं च मण्णंता, करेंति भिउडिं मुहे ॥**

**શબ્દાર્થ :– पेसिया** = કોઈ કામ માટે મોકલેલા **पलिउंचंति** = કાર્ય કરવાની ના પાડી દે **समंतओ** = ગમે ત્યાં **परियंति** = ભટકયા કરે **रायवेट्ठिं** = રાજાની વેઠની જેમ **मण्णंता** = માને છે **मुहे** = મુખ ઉપર **भिउडिं** = ભૃકુટિ, ક્રોધની રેખા **करेंति** = કરે છે.

**ભાવાર્થ :–** અવિનીત શિષ્યને ગુરુ કોઈ કામ માટે મોકલે તો તે કામ કર્યા વિના પાછો ફરે, બબડાટ કરે, અને ગુરુથી દૂર રહેવા ગમે ત્યાં ભટકે, ગુરુની આજ્ઞાને રાજવેઠની જેમ માની મોઢું બગાડે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં કુશિષ્યોના આચરણ અને તેમને અનુશાસિત કરવામાં ગુરુના મુશ્કેલીયુક્ત અનુભવનું વર્ણન છે.

**रसगारविए :–** કોઈ શિષ્ય સરસ સ્વાદિષ્ટ આહાર લાવે છે, મેળવે છે, સેવન કરે છે. તે રસવંતા આહારના અભિમાનથી રુગ્ણ અથવા વૃદ્ધ સાધુઓ માટે ભિક્ષા લાવતો નથી, તપસ્યા કરતો નથી.

**इड्ढीगारविए :–** મારા શ્રાવકો ધનાઢ્ય છે, અમુક ધનિક મારા ભક્ત છે, મારી પાસે વસ્ત્ર-પાત્રાદિ છે, કોઈ અવિનીત શિષ્ય આવી ઋદ્ધિનો અહંકાર કરે છે.

**सायागारविए :–** કોઈ શિષ્યને સુખ-સગવડતાઓની સંપન્નતાનો અહંકાર હોય છે, તેથી તેઓ એક જ સ્થળે રહીને અન્યત્ર વિહાર કરતા નથી તેમજ પરીષહ સહન કરતા નથી.

**थद्धे :–** કોઈ શિષ્ય અભિમાની છે, હઠાગ્રહી છે, તેને કદાગ્રહ છોડવા માટે સમજાવવામાં આવે, તોપણ તે પોતાનો કદાગ્રહ છોડતા નથી, નમ્ર બનતા નથી, હિતશિક્ષા આપવા છતાં તે અભિમાનપૂર્વક સામે બોલે છે.

**ओमाणभीरुए :–** કોઈ શિષ્ય અપમાન ભીરુ હોવાને કારણે, અપમાનના ભયથી કોઈને ત્યાં ભિક્ષા લેવા માટે જતા નથી.

**साहू अण्णोत्थ वच्चउ :–** કોઈ કહે કે શું હું એક જ આપનો શિષ્ય છું કે દરેક કામ મને જ સોંપવામાં આવે છે, બીજા ઘણા શિષ્યો છે, તેમને મોકલોને ?

**पलिउंचंति :–** આ શબ્દના બે પ્રકારે અર્થ થાય છે– (૧) કોઈ કાર્ય માટે મોકલતાં, તે કાર્ય કર્યા વિના જ તે પાછો આવે (૨) કોઈ કાર્ય માટે મોકલે, તો તે બબડાટ કરે, લમણાઝીક કરે; ગુરુને કહે કે મને એ કામ આપે કહ્યું જ નથી, તે વ્યક્તિ ત્યાં મળી નથી, વગેરે બહાના બતાવે છે.

**(૮) परियंति समंतओ :–** કુશિષ્ય ગમે ત્યાં ભટક્યા કરે, પરંતુ(ગુરુની) પાસે જતા નથી. તે માને છે કે ગુરુની પાસે રહેશું તો કામ કરવું પડશે, તેમ સમજી ગુરુથી દૂર-દૂર રહે છે.

**સ્થવિર ગર્ગની વિચારણા :–**

**૧૪** **वाइया संगहिया चेव, भत्तपाणेण पोसिया ।**
**जायपक्खा जहा हंसा, पक्कमंति दिसोदिसिं ॥**

**શબ્દાર્થ :– वाइया** = મેં આ શિષ્યોને ભણાવ્યા-ગણાવ્યા **संगहिया** = દીક્ષિત કર્યા **भत्तपाणेण** = આહાર-પાણીથી **पोसिया** = પાલન-પોષણ કર્યું પરંતુ **जहा** = જે પ્રકારે **जायपक्खा** = પાંખો ફૂટતાં **हंसा** = હંસ **दिसोदिसिं** = પોતાની ઈચ્છા અનુસાર દિશા-વિદિશામાં **पक्कमंति** = ઊડી જાય છે.

**ભાવાર્થ :–** જેમ પાંખો આવતા હંસ જુદી જુદી દિશાઓમાં ઊડી જાય છે તેમ દીક્ષિત અને શિક્ષિત કરેલા, આહાર-પાણીથી પોષેલા કુશિષ્યો પણ ગુરુને છોડીને અન્ય દિશાઓમાં ચાલ્યા જાય છે.

**૧૫** **अह सारही विचिंतेइ, खलुंकेहिं समागओ ।**
**किं मज्झ दुट्ठसीसेहिं, अप्पा मे अवसीयइ ॥**

**શબ્દાર્થ :– अह** = જે પ્રકારે **सारही** = સારથિ **खलुंकेहिं** = ગળિયા બળદ જેવા સમસ્ત અવિનીત શિષ્યોથી **समागओ** = દુઃખી થયેલા ગર્ગમુનિ(ગુરુ) **विचिंतेइ** = વિચાર કરે છે કે **दुट्ठसीसेहिं** = આ દુષ્ટ શિષ્યોથી **मज्झ** = મને **किं** = શો લાભ **मे** = મારો **अप्पा** = આત્મા **अवसीयइ** = દુઃખિત અને ક્લેશિત થાય છે.

**ભાવાર્થ :–** ગળિયા બળદથી દુઃખી થનાર સારથીની જેમ અવિનીત શિષ્યોથી દુઃખી થઈને ધર્મરથના સારથિ સ્થવિર ગર્ગમુનિ વિચારે છે કે "મને આ દુષ્ટ શિષ્યોથી શો લાભ ?" તેનાથી મારો આત્મા દુઃખી થાય છે, ક્લેશ પામે છે.

**૧૬** **जारिसा मम सीसाओ, तारिसा गलिगद्दहा ।**
**गलिगद्दहे जहित्ताणं, दढं पगिण्हइ तवं ॥**

**શબ્દાર્થ :– जारिसा** = જે પ્રકારે **गलिगद्दहा** = આળસું ગધેડું **तारिसा** = તે જ રીતે **मम** = મારા **सीसाओ** = આ શિષ્યો **गलिगद्दहे** = આળસું ગધેડા સમાન અવિનીત શિષ્યોને **जहित्ताणं** = છોડીને **दढं** = દઢતાપૂર્વક **तवं** = તપ સંયમનું **पगिण्हइ** = પાલન કરવા લાગ્યા.

**ભાવાર્થ :–** આળસુ-નકામા ગધેડા જેવા મારા શિષ્યો છે. આમ વિચારી ગર્ગમુનિ આળસું ગધેડા જેવા શિષ્યોને છોડીને દઢતાથી તપ-સાધનામાં લીન થયા.

**૧૭** **मिउमद्दवसंपण्णो, गंभीरो सुसमाहिओ ।**
**विहरइ महिं महप्पा, सीलभूएण अप्पणा ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– मिउ-मद्दव-संपण्णो** = વિનય અને કોમળતા-સરલતા યુક્ત **गंभीरो** = ગંભીર **सुसमाहिओ** = સુસમાધિવન્ત તે **महप्पा** = મહાત્મા ગર્ગાચાર્ય **सीलभूएण** = શ્રેષ્ઠ આચારવાળા **अप्पणा** = આત્માથી યુક્ત થઈને **महिं** = પૃથ્વી ઉપર **विहरइ** = વિચરવા લાગ્યા.

**ભાવાર્થ :–** વિનય અને સરળતા યુક્ત, ગંભીર, સુસમાધિવંત અને શીલ સંપન્ન મહાન આત્મા સ્થવિર ગર્ગમુનિ પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં અવિનીત શિષ્યની અવિનીત પ્રવૃત્તિથી થાકેલા સ્થવિર ગર્ગ મુનિની વિચાર ધારાનું નિર્દેશન છે.

**किं मज्झ दुट्ठसीसेहिं :–** દુષ્ટ-અવિનીત શિષ્યોથી મને શો લાભ ? અવિનીત શિષ્યોથી મારું ઈહલૌકિક કે પારલૌકિક કયું પ્રયોજન સિદ્ધ થાય છે ? તેવા શિષ્યોને પ્રેરણા દેવાથી તો મારા આત્મ-ભાવની હાનિ થાય છે અને કંઈ ફળ મળતું નથી. આવા કુશિષ્યોનો ત્યાગ કરી મારે સ્વયં એકાંત સાધનામાં લીન થવું જોઈએ.

**ગલિગર્દભ :–** સ્થવિર ગર્ગમુનિએ અવિનીત, ઉદ્દંડ, દુષ્ટ શિષ્યો માટે 'ગલિગર્દભ' શબ્દ પ્રયોજ્યો છે. પ્રાયઃ ગધેડા મંદબુદ્ધિ હોવાથી વારંવાર પ્રયત્નો કરવા છતાં, હાંકવા છતાં ચાલતા નથી. એ જ રીતે તે શિષ્યો વારંવાર પ્રેરણા દેવા છતાં સન્માર્ગ પર ચાલતા ન હતા, ઉદ્દંડ બની નિરર્થક ચર્ચા કરતા હતા. તેઓ સાધનામાં આળસુ અને નિરુત્સાહ થઈ ગયા હતા. તેથી ગુરુએ વિચાર્યું કે મારો બધો સમય આ કુશિષ્યોને શિખામણ આપવામાં ચાલ્યો જાય છે, આત્મ સાધના માટે શાંત વાતાવરણ અને સમય મળતો નથી. તેથી તેઓને છોડી દેવા તે જ મારા માટે શ્રેયસ્કર છે, આમ વિચારી તેઓ એકાકી થઈ આત્મ સાધનામાં લીન બની ગયા.

વ્યાખ્યાકારોના કથનાનુસાર સ્થવિર ગર્ગમુનિ ભગવાન મહાવીર સ્વામીના સમયમાં થયા હતા અને તેઓ તદ્ભવ મોક્ષગામી હતા. તેમને ૫૦૦ શિષ્યોનો વિશાળ પરિવાર હતો પરંતુ કર્મયોગે બધા શિષ્યો અવિનીત હતા.

કર્મસંયોગે આવી ઘટનાઓ ઘટિત થાય છે. આગમકારોએ આગમોમાં વિવિધ દષ્ટિકોણથી પુણ્યશીલ અને પાપી, હળુકર્મી અને ભારેકર્મી, યશસ્વી અને અયશસ્વી દરેક પ્રકારની વ્યક્તિઓના ચરિત્રોનું નિરૂપણ યથાસ્થાને કર્યું છે. તે જ જિનશાસનની વિશાળતા અને ઉદારતા છે. આ પ્રકારનું વર્ણન સાધકને અનેકાંતિક અને સમભાવી ચિંતન માટે પ્રેરક બને છે.

**॥ સત્તાવીસમું અધ્યયન સંપૂર્ણ ॥**

# અઠ્ઠાવીસમું અધ્યયન

## પરિચય

★ પ્રસ્તુત અધ્યયનમાં મોક્ષમાર્ગ અને તેમાં ગતિ કરવાની પદ્ધતિનું સાંગોપાંગ વિશ્લેષણ હોવાથી તેનું નામ 'મોક્ષમાર્ગ ગતિ' છે.

★ આત્માની કર્મોથી સંપૂર્ણ મુક્તિ, સહજાવસ્થા કે પરમ આનંદ અવસ્થા, તે મોક્ષ છે. મોક્ષની સાધના મનુષ્ય ભવમાં જ થઈ શકે. ચતુર્વિધ સંઘ, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનું અંતિમ લક્ષ્ય મોક્ષ છે. મોક્ષ પ્રાપ્ત કરવાના ઉપાયોને મોક્ષમાર્ગ કહે છે અને તે માર્ગ પર ગતિ કરવી, તે જ સાધકનો પુરુષાર્થ છે.

★ જિનેશ્વર ભગવંતોએ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને મોક્ષમાર્ગ કહ્યો છે. પ્રસ્તુત અધ્યયનમાં મોક્ષમાર્ગના આ ચારે ય ઉપાયોનું વિગતવાર વર્ણન છે.

★ આત્માના અનંતગુણોમાં મુખ્ય ગુણ **જ્ઞાન** છે. જ્ઞાન ગુણથી જ અન્ય અનંત ગુણોને જાણી શકાય છે, અનુભૂતિ કરી શકાય છે. જગતના તત્ત્વોનો યથાર્થ બોધ થવો તે **સમ્યગ્જ્ઞાન** છે. સૂત્રકારે જ્ઞાનના વિષયભૂત છ દ્રવ્ય, તેના ગુણ, પર્યાય આદિનું વર્ણન કર્યું છે. જ્ઞાન એક અખંડ ગુણ હોવા છતાં જ્ઞાનાવરણીય કર્મના ક્ષય કે ક્ષયોપશમની વિવિધતાથી તેના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન, તે પાંચ ભેદ થાય છે.

★ આત્માના શ્રદ્ધાગુણની શુદ્ધ પર્યાય **સમ્યગ્દર્શન** છે. જે વસ્તુ જેવી છે, તે જ રીતે તેનું જ્ઞાન પ્રાપ્ત કરી તેના પર શ્રદ્ધા કરવી, તે સમ્યગ્દર્શન છે. સૂત્રકારે નવતત્ત્વોની સમજણપૂર્વકની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ, તે નવ તત્ત્વ છે. જિનેશ્વર દર્શિત એ નવ તત્ત્વના સ્વરૂપમાં હીનાધિક કે વિપરીત શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શનની વિરાધના છે અને પૂર્ણરૂપે યથાર્થ શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શનની સાચી આરાધના છે. સમ્યગ્દર્શનની આરાધના કરવી તે જ સિદ્ધિનો માર્ગ છે.

★ મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શન મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી જ ઉપાર્જિત કરેલું જ્ઞાન સમ્યગ્જ્ઞાન રૂપે પરિણત થાય છે, તેમજ તેના અભાવમાં નવપૂર્વ જેટલું જ્ઞાન પણ અજ્ઞાનની ગણનામાં આવે છે. તે જ રીતે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી જ સમ્યક્ ચારિત્ર અને સમ્યગ્ તપની આરાધના થાય છે. સમ્યગ્દર્શનના અભાવે વ્યવહારથી સ્વીકાર કરેલા ચારિત્ર અને તપ પણ મોક્ષ સાધનાના અંગરૂપ થતા નથી. તે જ મહત્ત્વશીલતાના કારણે આ અધ્યયનમાં સમ્યગ્દર્શનના ભેદ, દશ રુચિ, આઠ આચાર આદિ તત્ત્વોનું વિસ્તૃત વિશ્લેષણ છે.

★ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન ગુણનું શ્રેષ્ઠ ફળ તે **સમ્યક્ ચારિત્ર** છે. આવતાં કર્મોનો નિરોધ કરે તે ચારિત્ર, તેમજ પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ અને મહાવ્રત આદિનું પાલન, તે ચારિત્ર કહેવાય છે. પ્રસ્તુતમાં સામાયિક આદિ પાંચ અવસ્થાઓના માધ્યમથી ચારિત્રના પાંચ પ્રકાર કહ્યા છે.

★ પૂર્વસંચિત કર્મોનો નાશ કરવા માટે **સમ્યક્તપ** એ પણ મોક્ષમાર્ગનું મહત્ત્વનું અંગ છે. છ પ્રકારના બાહ્ય તપ અને છ પ્રકારના આભ્યંતર તપ, તેમ તપના બાર પ્રકાર છે. દરેક તપ દ્રવ્ય અને ભાવ

બંનેના સુમેળથી જ સમ્યક્ થાય છે તોપણ બાહ્ય તપ મુખ્યત્વે શરીર સાથે સંબંધિત હોય છે અને આભ્યંતર તપ મુખ્યત્વે આત્માના ભાવો સાથે સંબંધિત હોય છે.

★ સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચારે ય મોક્ષ માર્ગના અંગ પરસ્પર સંકળાયેલા છે. જ્ઞાનથી જીવાદિ ભાવો જાણી શકાય છે. દર્શનથી તે ભાવો પર શ્રદ્ધા થાય છે. ચારિત્રથી આશ્રવનો એટલે આત્મામાં આવતાં કર્મોનો નિરોધ થાય છે અને તપથી તેની પરિશુદ્ધિ થાય છે અર્થાત્ પૂર્વસંચિત કર્મોનો ક્ષય થાય છે. આ રીતે મોક્ષમાર્ગમાં ક્રમિક વિકાસ કરતાં સાધક આ ચારેયના સુમેલપૂર્વક સાધના કરે છે અને જ્યારે આ ચારેયની પૂર્ણતા થાય, ત્યારે જીવનો મોક્ષ થાય છે.

❖❖❖❖❖

# અઠ્ઠાવીસમું અધ્યયન

## મોક્ષમાર્ગ ગતિ

**મોક્ષમાર્ગ :–**

**१** **मोक्खमग्गगइं तच्चं, सुणेह जिणभासियं ।**
**चउकारणसंजुत्तं, णाणदंसण लक्खणं ॥**

**શબ્દાર્થ :– जिणभासियं** = જિનેન્દ્ર ભગવાન દ્વારા કથિત **चउ-कारणसंजुत्तं** = સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન સમ્યક્ ચારિત્ર અને સમ્યક્ તપ, તે ચાર કારણોથી સંયુક્ત, આ ચાર કારણોથી પ્રાપ્ત થનારી **णाणदंसण- लक्खणं** = જ્ઞાન-દર્શન લક્ષણરૂપ **तच्चं** = યથાર્થ, સત્ય **मोक्खमग्ग-गइं** = મોક્ષમાર્ગની ગતિ, મોક્ષમાર્ગનો પુરુષાર્થ **सुणेह** = સાંભળો.

**ભાવાર્થ :–** જિનેશ્વર ભગવંતો દ્વારા કથિત સમ્યગ્જ્ઞાન આદિ ચાર કારણોથી યુક્ત અને જ્ઞાન-દર્શન આ બે લક્ષણ સ્વરૂપ મોક્ષમાર્ગની યથાર્થ ગતિને તમે સાંભળો. (અર્થાત્ હું મોક્ષમાર્ગ ગતિ નામના અધ્યયનનું વર્ણન કરું છું, તે તમે સાંભળો).

**२** **णाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।**
**एस मग्गो त्ति पण्णत्तो, जिणेहिं वरदंसीहिं ॥**

**શબ્દાર્થ :– वरदंसीहिं** = શ્રેષ્ઠદર્શી, સંસારના સમસ્ત પદાર્થોને જોનારા, સર્વદર્શી **जिणेहिं** = જિનેશ્વર ભગવંતોએ **णाणं** = જ્ઞાન **दंसणं** = દર્શન **चरित्तं** = ચારિત્ર **तवो** = તપ **एस** = આ **मग्गो त्ति** = મોક્ષમાર્ગ **पण्णत्तो** = પ્રરૂપિત કર્યો છે.

**ભાવાર્થ :–** સર્વદર્શી જિનેશ્વર ભગવંતોએ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ મોક્ષમાર્ગ પ્રરૂપ્યો છે.

**३** **णाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।**
**एयं मग्गमणुपत्ता, जीवा गच्छंति सुग्गइं ॥**

**શબ્દાર્થ :– एयं** = આ **मग्गं** = માર્ગનું **अणुपत्ता** = આચરણ કરીને **जीवा** = જીવો **सुग्गइं** = સુગતિ, મોક્ષ **गच्छंति** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના માર્ગનું આચરણ કરીને જીવો સુગતિ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં મોક્ષમાર્ગનું સંક્ષિપ્ત વર્ણન છે.

અષ્ટવિધ કર્મોનો સર્વથા ક્ષય થવો, તે મોક્ષ છે અને તીર્થંકર પ્રતિપાદિત સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનું આચરણ કરવું; એ મોક્ષ પ્રાપ્તિનો માર્ગ છે.

**तच्चं जिणभासियं :–** યથાર્થ અને જિનેશ્વર ભાષિત. વિભિન્ન દાર્શનિકોએ મોક્ષમાર્ગની પ્રરૂપણા ભિન્ન-ભિન્ન રીતે કરી છે. તે સર્વમાં પ્રસ્તુત પ્રરૂપણા પૂર્ણ સત્ય અને શુદ્ધ છે તેની વિશિષ્ટતા પ્રદર્શિત કરવા સૂત્રકારે **तच्चं** અને **जिणभासियं**, તે બે વિશેષણોનો પ્રયોગ કર્યો છે. તેથી સ્પષ્ટ થાય કે આ ચતુર્વિધ મોક્ષમાર્ગ સર્વજ્ઞ વીતરાગી જિનેશ્વરોએ બતાવેલો હોવાથી સંપૂર્ણપણે યથાર્થ છે.

**णाणदंसणलक्खणं :–** જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ તે ચાર મોક્ષમાર્ગના અંગ છે. તેમ છતાં તેમાં જ્ઞાન અને દર્શન એ મુક્તાત્માના મુખ્ય લક્ષણ એટલે ગુણ છે. આ રીતે જ્ઞાનાદિ ચાર મોક્ષના સાધન છે અને જ્ઞાન દર્શનએ બે આત્મ(સિદ્ધાત્માના) ગુણોની ઉપલબ્ધિ એ મોક્ષમાર્ગ છે. સર્વ કર્મના ક્ષય રૂપ મોક્ષ જ્ઞાન-દર્શન સ્વરૂપ જ છે. સંપૂર્ણ શુદ્ધ થયેલા મુક્ત જીવોમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન હોય છે, કારણ કે તે બંને આત્માના ગુણો છે. ચારિત્ર અને તપ શરીર સાપેક્ષ છે તેથી મુક્ત જીવોમાં ચારિત્ર અને તપ નથી. આ રીતે જ્ઞાન-દર્શનની વિશેષતા સૂચિત કરવા અને શુદ્ધ આત્માનું સ્વરૂપ સમજાવવા સૂત્રકારે સિદ્ધગતિ માટે **णाणदंसणलक्खणं** વિશેષણનો પ્રયોગ કર્યો છે.

**સમ્યગ્જ્ઞાનાદિનું સ્વરૂપ :–** નય અને પ્રમાણથી થતો જીવાદિ પદાર્થોનો યથાર્થ બોધ **સમ્યગ્જ્ઞાન** છે. જે ગુણ અથવા શક્તિના વિકાસથી તત્ત્વની પ્રતીતિ થાય, જેમાં હેય, જ્ઞેય અને ઉપાદેયના યથાર્થ વિવેકની અભિરુચિ હોય તે **સમ્યગ્દર્શન** છે. સમ્યગ્જ્ઞાનપૂર્વક કષાયોથી અને સાવદ્ય યોગોથી નિવૃત્તિ તથા સમભાવોમાં સ્થિતિ તે **સમ્યક્ચારિત્ર** છે. ઇચ્છાઓનો નિરોધ અને કર્મોને ભસ્મીભૂત કરનાર નિર્જરાના બાર અનુષ્ઠાનો તે **સમ્યક્ તપ** છે.

**સમ્યગ્ જ્ઞાન અને તેના પ્રકાર :–**

**૪** **तत्थ पंचविहं णाणं, सुयं आभिणिबोहियं ।**
**ओहिणाणं तु तइयं, मणणाणं च केवलं ॥**

**શબ્દાર્થ:– तत्थ** = તેમાં, મોક્ષમાર્ગમાં **पंच विहं** = પાંચ પ્રકારનું **आभिणिबोहियं** = આભિનિબોધિક, મતિજ્ઞાન **सुयं** = શ્રુતજ્ઞાન **तइयं** = ત્રીજું **ओहिणाणं** = અવધિજ્ઞાન **मणणाणं** = મનઃપર્યવજ્ઞાન **केवलं** = કેવળજ્ઞાન.

**ભાવાર્થ:–** મોક્ષમાર્ગના ઉપરોક્ત ચાર સાધનમાંથી જ્ઞાનના પાંચ પ્રકાર છે– શ્રુતજ્ઞાન, આભિનિબોધિક-જ્ઞાન(મતિજ્ઞાન), ત્રીજું અવધિજ્ઞાન તેમજ મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન.

**૫** **एयं पंचविहं णाणं, दव्वाण य गुणाण य ।**
**पज्जवाणं च सव्वेसिं, णाणं णाणीहिं देसियं ॥**

**શબ્દાર્થ :– एयं** = આ ઉપરોક્ત **पंचविहं** = પાંચ પ્રકારનું **णाणं** = જ્ઞાન અને **दव्वाण** = દ્રવ્ય **गुणाण** = ગુણ **सव्वेसिं** = તેની સમસ્ત **पज्जवाणं** = પર્યાયોનું **णाणं** = જ્ઞાન **णाणीहिं** = જ્ઞાની પુરુષો દ્વારા **देसियं** = ઉપદેશ્યું છે, બતાવ્યું છે.

**ભાવાર્થ :–** આ પાંચ પ્રકારનું જ્ઞાન અને સર્વ દ્રવ્ય, ગુણ અને તેની સમસ્ત પર્યાયોનું જ્ઞાન જ્ઞાની પુરુષો દ્વારા નિરૂપિત છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં જ્ઞાનના પાંચ પ્રકાર અને જ્ઞાનના પ્રયોજનનું કથન છે. જ્ઞાન આત્માનો મુખ્ય

ગુણ છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષય-ક્ષયોપશમની વિલક્ષણતાના આધારે જ્ઞાનના પાંચ પ્રકાર થાય છે–

**(૧) આભિનિબોધિક જ્ઞાન–** પાંચ ઇન્દ્રિય અને મનના માધ્યમથી જે જ્ઞાન થાય તેને તથા અવગ્રહ, ઈહા, અવાય અને ધારણારૂપ ચાર પ્રકારની મતિને આભિનિબોધિક જ્ઞાન અર્થાત્ મતિજ્ઞાન કહે છે. **(૨) શ્રુતજ્ઞાન–** શ્રવણની મુખ્યતાએ જે જ્ઞાન થાય તેને તથા શાસ્ત્રના માધ્યમે જે જ્ઞાન થાય, તેને શ્રુતજ્ઞાન કહે છે. મતિ અને શ્રુત આ બંને જ્ઞાન ઇન્દ્રિયાદિ બાહ્ય માધ્યમથી થાય છે તેથી તેને પરોક્ષજ્ઞાન કહ્યા છે. **(૩) અવધિજ્ઞાન–** ઇન્દ્રિય આદિ બાહ્ય માધ્યમ વિના સાક્ષાત્ આત્માથી થતાં રૂપી પદાર્થોના જ્ઞાનને અવધિજ્ઞાન કહે છે. **(૪) મનઃપર્યવજ્ઞાન–** ઇન્દ્રિયાદિ માધ્યમ વિના સાક્ષાત્ આત્માથી અઢી દ્વીપ ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી જીવોના મનોગત ભાવોને જાણનારું જ્ઞાન મનઃ પર્યવજ્ઞાન છે. **(૫) કેવળજ્ઞાન–** ત્રણે લોક અને ત્રણે કાલના સર્વ ભાવોને પૂર્ણપણે જાણનારું જ્ઞાન કેવળજ્ઞાન છે. અંતિમ ત્રણે જ્ઞાનમાં ઇન્દ્રિય આદિ બાહ્ય સાધનોની જરૂર નથી તે સાક્ષાત્ આત્માથી જ થાય છે, આ અપેક્ષાએ શાસ્ત્રમાં તે ત્રણેયને પ્રત્યક્ષ જ્ઞાન કહ્યા છે. જ્ઞાનનું વિસ્તૃત વર્ણન શ્રી નંદીસૂત્ર અનુસાર જાણવું.

**सुयं आभिणिबोहियं :–** નંદીસૂત્ર આદિ અનેક શાસ્ત્રમાં મતિજ્ઞાનની પ્રથમ જ્ઞાનરૂપે અને શ્રુતજ્ઞાનની બીજાજ્ઞાનરૂપે ગણના થઈ છે પરંતુ પ્રસ્તુત ચોથી ગાથામાં શ્રુતજ્ઞાનને પ્રથમ અને મતિજ્ઞાનને બીજું દર્શાવ્યું છે. તેનું કારણ બે રીતે સમજી શકાય છે– (૧) ગાથાના અનુપ્રાસના કારણે શબ્દોનો ક્રમ વ્યત્યય થઈ શકે છે (૨) શેષ ચારે ય જ્ઞાનનું સ્વરૂપ શ્રુતજ્ઞાનથી જ સમજી શકાય છે, તે અપેક્ષાએ તેની પ્રધાનતા પ્રદર્શિત કરવા તેનું પ્રથમ ઉચ્ચારણ કરવામાં આવ્યું છે.

**णाणं :–** પ્રસ્તુત ગાથાઓમાં જ્ઞાન શબ્દથી સમ્યગ્જ્ઞાન માત્રનું જ ગ્રહણ સમજવું કારણ કે અહીં મોક્ષના ચાર કારણોનું કથન છે. મિથ્યાજ્ઞાન મોક્ષ માર્ગનું અંગ બની શકતું નથી.

**णाणेण जाणइ भावे** આ શબ્દો દ્વારા ગાથા–૩૫માં જ્ઞાનનું પ્રયોજન દર્શાવ્યું છે. અહીં એ બતાવ્યું છે કે– પાંચ જ્ઞાનમાંથી કેવળજ્ઞાન દ્વારા જીવાદિ સમસ્ત દ્રવ્યોની સમસ્ત પર્યાયોને જાણી શકાય છે અને શેષ ચાર જ્ઞાનથી કેટલાક દ્રવ્યોના કેટલાક ગુણ-પર્યાયનો બોધ થાય છે.

**દ્રવ્ય, ગુણ અને પર્યાય :–**

**६** **गुणाणमासओ दव्वं, एगदव्वस्सिया गुणा ।**
**लक्खणं पज्जवाणं तु, उभओ अस्सिया भवे ॥**

**શબ્દાર્થ :– दव्वं** = દ્રવ્ય **गुणाणं** = ગુણોનો **आसओ** = આશ્રય, આધાર છે **एगदव्वस्सिया** = એક દ્રવ્યને આશ્રિત રહે છે **गुणा** = ગુણો **पज्जवाणं** = પર્યાયોનું **लक्खणं** = લક્ષણ એ છે કે **उभओ** = પર્યાય, દ્રવ્ય અને ગુણ બંનેને **अस्सिया** = આશ્રિત રહેનાર **भवे** = હોય છે.

**ભાવાર્થ :–** ગુણોનો આધાર દ્રવ્ય છે. ગુણો કેવળ દ્રવ્યના આશ્રિત રહે છે. પર્યાયોનું લક્ષણ એ છે કે તે દ્રવ્ય અને ગુણ બંનેના આશ્રયે રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં દ્રવ્ય, ગુણ અને પર્યાયના લક્ષણનું પ્રતિપાદન કર્યું છે.

**દ્રવ્ય :–** જૈન વાઙ્ગમયમાં વિભિન્ન અપેક્ષાએ દ્રવ્યનું લક્ષણ નિશ્ચિત કરવામાં આવ્યું છે– (૧)

**गुणाणमासओ दव्वं** । જે ગુણોનું આશ્રયસ્થાન છે તે દ્રવ્ય છે; અનંતગુણોનો પિંડ, તે દ્રવ્ય છે. (૨) તેને જ સ્પષ્ટ કરતાં તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે **गुणपर्यायवद् द्रव्यम्** । અર્થાત્ જે ગુણ અને પર્યાયવાન છે તે દ્રવ્ય છે. (૩) ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત હોય તે સત્ છે અને જે સત્ છે તે દ્રવ્ય છે. (૪) જેમાં પૂર્વ પર્યાયનો નાશ થાય અને ઉત્તરપર્યાયની ઉત્પત્તિ થાય તે દ્રવ્ય છે. (૫) જેમાં અનંતગુણો છે અને સમયે-સમયે અવસ્થાઓનું પરિવર્તન થયા કરે છે તે દ્રવ્ય છે. આ સર્વે ય લક્ષણો પરસ્પર સાપેક્ષ અને અવિરુદ્ધ છે.

**एगदव्वस्सिया गुणा :–** જે દ્રવ્યના આશ્રયે રહે છે તે ગુણ છે. એક દ્રવ્યના આશ્રયમાં અનેક ગુણો રહે છે પરંતુ તે એક ગુણમાં બીજા ગુણો હોતા નથી; સર્વ ગુણો સાથે મળીને દ્રવ્યમાં રહે છે. એક ગુણમાં અનેક પર્યાયો હોય છે.

**उभओ अस्सिया भवे :–** ગાથાના આ ચરણમાં પર્યાયનું લક્ષણ સ્પષ્ટ કર્યું છે કે જે દ્રવ્ય અને ગુણ બન્નેના આશ્રયે રહે છે તે પર્યાય છે. પર્યાયના પણ વિભિન્ન અર્થ ઉપલબ્ધ થાય છે– (૧) જે ઉત્પન્ન અને વિનષ્ટ થાય છે તથા સમગ્ર દ્રવ્યમાં વ્યાપ્ત હોય છે, તે પર્યાય છે. (૨) જે સમસ્ત દ્રવ્યો અને સમસ્ત ગુણોમાં વ્યાપ્ત હોય છે તે પર્યાય કહેવાય છે. (૩) દ્રવ્ય અને ગુણ બંનેમાં સમયે-સમયે પરિવર્તન થઈ રહ્યું છે. પરિવર્તન પામતી અવસ્થા, તે જ પર્યાય છે. (૪) પર્યાય એટલે 'પરિવર્તન', સમયે-સમયે જે પલટાય છે તે પર્યાય.

સંક્ષેપમાં દ્રવ્યમાં બે પ્રકારના ધર્મ હોય છે– ગુણ અને પર્યાય. તેમાં **सहभावी गुणः क्रमभावी पर्यायः**। દ્રવ્યનો સહભાવી અને નિત્યરૂપે રહેનારો ધર્મ ગુણ છે અને ક્રમભાવી ધર્મ છે તે પર્યાય છે. દ્રવ્યમાં રહેલો 'ગુણ' એક દ્રવ્યને અન્ય દ્રવ્યોથી પૃથક્ સિદ્ધ કરે છે. ગુણ દ્રવ્યમાં કથંચિત્ તાદાત્મ્ય સંબંધથી રહે છે, જ્યારે પર્યાય દ્રવ્ય અને ગુણ બન્નેમાં રહે છે. જેમ કે આત્મા દ્રવ્ય છે. જ્ઞાન તેનો ગુણ છે, તે તેની પ્રત્યેક અવસ્થામાં સાથે રહે છે. મનુષ્યત્વ આદિ આત્મ દ્રવ્યની પર્યાય છે અને મતિજ્ઞાનાદિ આત્માના જ્ઞાનગુણની પર્યાય છે. તેમાં પરિવર્તન થયા કરે છે.

**છ દ્રવ્યો :–**

**૭** **धम्मो अहम्मो आगासं, कालो पुग्गल जंतवो ।**
**एस लोगो त्ति पण्णत्तो, जिणेहिं वरदंसीहिं ॥**

**શબ્દાર્થ :– धम्मो** = ધર્માસ્તિકાય **अहम्मो** = અધર્માસ્તિકાય **आगासं** = આકાશાસ્તિકાય **पुग्गल** = પુદ્‌ગલાસ્તિકાય **जंतवो** = જીવાસ્તિકાય **कालो** = કાળ **एस** = આ છ દ્રવ્યરૂપ **लोगो त्ति** = લોક છે **वरदंसीहिं** = કેવળદર્શી, સર્વજ્ઞ-સર્વદર્શી **जिणेहिं** = જિનેશ્વર ભગવંતોએ **पण्णत्तो** = કહ્યું છે.

**ભાવાર્થ :–** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ આ છ દ્રવ્યરૂપ લોક છે, એવું સર્વજ્ઞ-સર્વદર્શી જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપિત કર્યું છે.

**૮** **धम्मो अहम्मो आगासं, दव्वं इक्किक्कमाहियं ।**
**अणंताणि य दव्वाणि, कालो पुग्गल जंतवो ॥**

**શબ્દાર્થ :– दव्वं** = દ્રવ્ય **इक्किक्कमाहियं** = એક-એક કહ્યા છે **अणंताणि** = અનંતા **दव्वाणि** = દ્રવ્યો.

**ભાવાર્થ :–** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, તે ત્રણ દ્રવ્યો એક-એક છે. કાળ, પુદ્‌ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય, એ ત્રણ દ્રવ્યો અનંત-અનંત છે.

**૯** **गइ लक्खणो उ धम्मो, अहम्मो ठाण लक्खणो ।**
**भायणं सव्वदव्वाणं, णहं ओगाह लक्खणं ॥**

**શબ્દાર્થઃ– गइ-लक्खणो** = ગતિ લક્ષણ **ठाण-लक्खणो** = સ્થિતિ લક્ષણ **सव्व दव्वाणं** = સર્વ દ્રવ્યોનું **भायणं** = ભાજન, પાત્ર, આધારભૂત **णहं** = નભ, આકાશ, આકાશાસ્તિકાય **ओगाह-लक्खणं** = અવગાહન લક્ષણવાળું છે.

**ભાવાર્થ :–** ગતિમાં સહાયક થવું, તે ધર્માસ્તિકાયનું લક્ષણ છે, સ્થિતિમાં સહાયક થવું, તે અધર્માસ્તિકાયનું લક્ષણ છે; આકાશાસ્તિકાય સર્વ દ્રવ્યોનું આધારભૂત છે અને તે અવગાહન પ્રદાન લક્ષણવાળું છે.

**१०** **वत्तणा लक्खणो कालो, जीवो उवओगलक्खणो ।**
**णाणेणं दंसणेणं च, सुहेण य दुहेण य ॥**

**શબ્દાર્થ :– वत्तणा-लक्खणो** = વર્તના લક્ષણ, વીતવું, પસાર થવું એ કાલનું લક્ષણ છે **उवओग-लक्खणो** = ઉપયોગ લક્ષણ **णाणेणं** = જ્ઞાનથી **दंसणेणं** = દર્શનથી **सुहेण** = સુખથી **दुहेण** = દુઃખથી.

**ભાવાર્થ :–** વર્તના એ કાળનું લક્ષણ છે, ઉપયોગ એ જીવનું લક્ષણ છે અને જીવ જ્ઞાન, દર્શન, સુખ અને દુઃખ દ્વારા ઓળખાય છે.

**११** **णाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।**
**वीरियं उवओगो य, एयं जीवस्स लक्खणं ॥**

**શબ્દાર્થ :– वीरियं** = વીર્ય, આત્મશક્તિ **उवओगो** = ઉપયોગ **जीवस्स** = જીવનું **लक्खणं** = લક્ષણ છે.

**ભાવાર્થ :–** જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ તથા વીર્ય અને ઉપયોગ એ સંસારી જીવોના વિશિષ્ટ લક્ષણ છે. બીજી રીતે કહીએ, તો જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય ઉપયોગ; તે જીવ દ્રવ્યના જ લક્ષણો છે. અન્ય દ્રવ્યોમાં આ ગુણો હોતા નથી.

**१२** **सद्दंधयार उज्जोय, पभा छायातवे इ वा ।**
**वण्णगंधरसाफासा, पुग्गलाणं तु लक्खणं ॥**

**શબ્દાર્થ :– सद्द** = શબ્દ **अंधयार** = અંધકાર **उज्जोय** = ઉદ્યોત **पभा** = પ્રભા **छाया** = છાયા **आतवे** = આતાપ(ગરમી) **वण्णगंध-रसाफासा** = વર્ણ, ગંધ, રસ, સ્પર્શ **इ वा** = એ બધા **पुग्गलाणं** = પુદ્ગલના **लक्खणं** = લક્ષણ છે.

**ભાવાર્થ :–** શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા અને આતપ તથા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તે પુદ્ગલના લક્ષણ છે.

**१३** **एगत्तं च पुहत्तं य, संखा संठाणमेव य ।**
**संजोगा य विभागा य, पज्जवाणं तु लक्खणं ॥**

**શબ્દાર્થ :– एगत्तं** = એકઠા થવું **पुहत्तं** = પૃથકત્વ, વિખરાઈ જવું **संखा** = સંખ્યા(એક, બે, ત્રણ આદિ સંખ્યા) **संठाणमेव** = સંસ્થાન(આકાર) **संजोगा** = સંયોગ **विभागा** = વિભાગ.

**ભાવાર્થ :–** એકઠા થવું, વિખરાઈ જવું, સંખ્યા, આકાર, સંયોગ, વિયોગ, તે પર્યાયના લક્ષણ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં છ દ્રવ્યનું સ્વરૂપ પ્રગટ કર્યું છે.

આ લોક ષટ્દ્રવ્યાત્મક છે, અલોક આકાશમય છે. આકાશના જેટલા વિભાગમાં ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યો વિદ્યમાન છે તેને લોક કહે છે.

**અસ્તિકાય :–** અસ્તિ શબ્દ ત્રિકાલ સૂચક નિપાત(અવ્યય) છે અને કાય શબ્દ સમૂહ વાચક છે. અથવા અસ્તિ એટલે પ્રદેશ અને કાય એટલે પ્રદેશ સમૂહ. તેથી જે પ્રદેશોનો સમૂહ ત્રિકાલ શાશ્વત હોય, તે અસ્તિકાય છે તેમજ જે દ્રવ્ય, પ્રદેશોના સમૂહરૂપ છે તેને અસ્તિકાય કહે છે. છ દ્રવ્યોમાંથી પાંચ દ્રવ્ય અસ્તિકાય રૂપ છે. કાલ દ્રવ્ય પ્રદેશોના સમૂહરૂપ ન હોવાથી તે અસ્તિકાય રૂપ નથી.

**(૧) ધર્માસ્તિકાય :–** ગતિશીલ જીવ અને પુદ્ગલને ગતિક્રિયામાં સહાયક બને તેને ધર્માસ્તિકાય કહે છે, જેમ કે માછલીની ગમન ક્રિયામાં પાણી સહાયક બને છે. પાણી માછલીની ગતિમાં કેવળ ઉદાસીન નિમિત્ત છે. માછલીને ગતિ કરવા માટે પ્રેરક બનતું નથી. તે જ રીતે સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત એવું ધર્માસ્તિકાય દ્રવ્ય પણ, ગતિશીલ જીવ કે પુદ્ગલની ગતિમાં ઉદાસીન નિમિત્ત છે. તે કોઈને ગતિ કરવાની પ્રેરણા આપતું નથી. તે એક, અખંડ, અરૂપી, લોકવ્યાપ્ત અને અસંખ્ય પ્રદેશાત્મક દ્રવ્ય છે.

**(૨) અધર્માસ્તિકાય :–** સ્થિતિ ક્રિયામાં પરિણત થતાં ગતિશીલ જીવ અને પુદ્ગલને સ્થિતિ ક્રિયામાં સહાયક બને તેને અધર્માસ્તિકાય કહે છે. જેમકે વિશ્રામને ઈચ્છતા પથિકને ઘટાદાર વૃક્ષ સહાયક બને છે. અધર્માસ્તિકાય પણ એક, અખંડ, અરૂપી, લોકવ્યાપ્ત અને અસંખ્ય પ્રદેશાત્મક દ્રવ્ય છે.

**(૩) આકાશાસ્તિકાય :–** પ્રત્યેક દ્રવ્યને અવગાહના પ્રદાન કરે તેને આકાશાસ્તિકાય કહે છે. જેમ કે દૂધમાં સાકર. આકાશાસ્તિકાય એક, અખંડ, અરૂપી, લોકાલોક વ્યાપ્ત અને અનંતપ્રદેશાત્મક દ્રવ્ય છે.

**(૪) કાલ :–** સ્વયં પરિણત થતાં અન્ય દ્રવ્યોની પરિણતિમાં જે ઉદાસીન રૂપે વર્તે, પરિણમનમાં સહાયક બને, તેને કાલ દ્રવ્ય કહે છે. તે નવા પદાર્થને જૂનો કરે, જૂનાને જીર્ણ શીર્ણ કરે, નાનાને મોટા કરે, શિયાળો ઉનાળો, ચોમાસુ આદિ ઋતુના વિભાગ કરે વગેરે. અન્ય આગમોમાં અને પ્રસ્તુતમાં પણ કાલ દ્રવ્યનું લક્ષણ વર્તના રૂપ કહ્યું છે. સૂર્યની ગતિના આધારે રાત-દિવસ રૂપે જે વર્તન-પરિવર્તન થાય છે, તેને કાલ દ્રવ્ય કહેવામાં આવ્યું છે. રાત-દિવસના પરિવર્તનરૂપ કાલદ્રવ્ય અઢીદ્વીપમાં જ હોય છે કારણ કે સૂર્ય-ચંદ્ર આદિ જ્યોતિષીદેવોની ગતિ અઢીદ્વીપમાં થાય છે. અઢીદ્વીપની બહાર અસંખ્ય દ્વીપ-સમુદ્રોમાં, નરકમાં કે દેવલોકમાં રાત-દિવસ આદિના પરિવર્તનરૂપ કાલ નથી. તે તે ક્ષેત્રના જીવોનું આયુષ્ય પૂર્ણ થાય છે, પુદ્ગલોની સ્થિતિ પૂર્ણ થતાં તેની અવસ્થા બદલાય છે. આ રીતે સ્થિતિરૂપ કાલ તો સર્વત્ર છે, તેમ છતાં જૈનાગમોમાં સૂર્યની ગતિના આધારે થતાં રાત-દિવસ રૂપ પરિવર્તનને જ કાલદ્રવ્યરૂપે સ્વીકારીને કાલદ્રવ્યને ક્ષેત્રથી અઢીદ્વીપ પ્રમાણ કહ્યું છે. કાલ દ્રવ્ય અનંત સમય રૂપ હોવાથી **અનંત** છે અને વર્ણાદિ રહિત હોવાથી **અરૂપી** છે.

**(૫) જીવાસ્તિકાય :–** ચૈતન્ય લક્ષણયુક્ત હોય તે જીવ છે. એક જીવ અસંખ્યાત આત્મ પ્રદેશોના સમૂહરૂપ છે, માટે તે જીવાસ્તિકાય કહેવાય છે. જીવો અનંતાનંત છે. તે પ્રત્યેક જીવ સ્વતંત્ર છે. જીવનું લક્ષણ ઉપયોગ છે. ઉપયોગ લક્ષણ, એ જીવને અજીવથી જુદો પાડનાર ગુણ છે. જેનામાં ઉપયોગ અર્થાત્ જ્ઞાન-દર્શન છે તે જીવ છે, જેનામાં જ્ઞાન-દર્શન નથી તે અજીવ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય અને ઉપયોગ તે જીવના લક્ષણ છે. તે બધાને આપણે બે ભાગમાં વિભક્ત કરીએ, તો વીર્ય અને ઉપયોગ, તે બે જીવના લક્ષણ છે. ઉપયોગમાં જ્ઞાન અને દર્શનનો તથા વીર્યમાં ચારિત્ર અને તપનો સમાવેશ થાય છે. જીવમાં જાણવાની અને જોવાની શક્તિ હોવાથી તે સુખ-દુઃખની અનુભૂતિ કરી શકે છે.

**(૬) પુદ્ગલાસ્તિકાય :–** 'પુદ્ગલ' શબ્દ જૈન દર્શનમાં જડ પદાર્થો માટે વપરાતો પારિભાષિક શબ્દ છે. 'પુદ્' ભેગા થવું અને 'ગલ' = વિખેરાવું. જે ભેગા થાય અને વિખેરાય તે પુદ્ગલ દ્રવ્ય છે. તેમાં નવા-નવા રૂપો ઉત્પન્ન થાય છે અને વિનષ્ટ થાય છે, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તેના ગુણો છે. પરમાણુ તેનું શુદ્ધ સ્વરૂપ છે. તે સ્વયં અપ્રદેશી છે પરંતુ તે પરમાણુઓ ભેગા મળીને સ્કંધ થવાની યોગ્યતા ધરાવે છે. તેથી તેને અસ્તિકાય કહે છે. પુદ્ગલ દ્રવ્યના મુખ્ય બે ભેદ છે– પરમાણુ અને સ્કંધ. પુદ્ગલ દ્રવ્યના અવિભાજ્ય અંશને **પરમાણુ** કહે છે. બે કે બેથી વધારે પરમાણુઓ ભેગા મળીને જે રૂપ ધારણ કરે, તેને સ્કંધ કહે છે. તેના ત્રણ ભેદ છે, સંખ્યાત પ્રદેશી સ્કંધ, અસંખ્યાત પ્રદેશી સ્કંધ અને અનંતપ્રદેશી સ્કંધ.

પ્રસ્તુત ૧૨મી અને ૧૩મી ગાથામાં પુદ્ગલના ૧૦ લક્ષણ બતાવ્યા છે. તેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ ચાર પુદ્ગલના ગુણ છે અને શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા અને આતપ, આ છ પુદ્ગલના પરિણામ અથવા કાર્ય છે. અહીં ગાથામાં પુદ્ગલના પરિચાયક ગુણ અને પરિણામોનું સંકલન છે, તે કથન સાપેક્ષ છે. વાસ્તવમાં ગુણ હંમેશાં દ્રવ્યની સાથે રહે છે અને પરિણામ અથવા કાર્ય નિમિત્ત મળ્યે પ્રગટ થાય છે.

**શબ્દ :–** જૈન દર્શનમાં શબ્દને પૌદ્ગલિક, રૂપી અને અનિત્ય માન્યો છે. સ્થાનાંગસૂત્રમાં પુદ્ગલોના સંઘાત અને વિઘાત તથા જીવના પ્રયત્નથી થનાર પુદ્ગલોના ધ્વનિ પરિણામને શબ્દ કહ્યો છે. કાયયોગ દ્વારા ભાષાવર્ગણાના પુદ્ગલોનું ગ્રહણ થાય, તે પુદ્ગલ ભાષારૂપમાં પરિણત થાય અને ત્યારપછી વક્તાના મુખથી વચનયોગ દ્વારા બોલાય છે. ત્યારે તે 'શબ્દ' કહેવાય છે અર્થાત્ વચનયોગ દ્વારા જ્યાં સુધી શબ્દો બોલાતાં નથી, ત્યાં સુધી તેને શબ્દ કહેવાતો નથી. જ્યારે બોલાય છે ત્યારે તે શબ્દ કહેવાય છે, શબ્દ જીવ અને અજીવ બંને દ્વારા પ્રગટે છે. જીવ શબ્દ સાક્ષર અને નિરક્ષર બન્ને પ્રકારે હોય છે. અજીવ શબ્દ અનક્ષરાત્મક (અવાજરૂપે) હોય છે. ત્રીજો મિશ્ર શબ્દ જીવ-અજીવ બન્નેના સંયોગથી ઉત્પન્ન થાય છે. જેમ કે વાજિંત્રોનું સંગીત વગેરે.

**અંધકાર અને ઉદ્યોત :–** જૈન દર્શનની માન્યતાનુસાર અંધકાર, તે પ્રકાશના અભાવરૂપ નથી પરંતુ પ્રકાશની જેમ અંધકાર પણ પુદ્ગલની પર્યાય છે. જેમ પ્રકાશનું તેજસ્વીરૂપ અને ઉષ્ણ સ્પર્શ પ્રસિદ્ધ છે, તેમ અંધકારનું કૃષ્ણ-કાળુ રૂપ અને શીત સ્પર્શ અનુભવસિદ્ધ છે. આ રીતે અંધકાર અશુભ પુદ્ગલોનું કાર્ય છે, તેથી તે પૌદ્ગલિક છે.

**છાયા :–** છાયા પણ પૌદ્ગલિક છે, તે પુદ્ગલની એક પર્યાય છે. પ્રત્યેક સ્થૂલ, પૌદ્ગલિક પદાર્થ ચય-ઉપચય ધર્મવાળા છે. તેનો ચય-ઉપચય થવા સાથે તેમાંથી તદાકાર કિરણો(પુદ્ગલો) નીકળે અને તે પ્રતિબિંબિત થાય, તેને છાયા કહે છે. તે બે પ્રકારની હોય છે– (૧) તદ્વર્ણાદિવિકાર છાયા– દર્પણ આદિ સ્વચ્છ પદાર્થોમાં જેવી હોય તેવી જોવા મળતી આકૃતિ અને (૨) પ્રતિબિંબ છાયા– અન્ય પદાર્થો પર માત્ર અસ્પષ્ટ પ્રતિબિંબ પડે તેવી અસ્પષ્ટ આકૃતિ. આ રીતે છાયા ભાવરૂપ છે અભાવરૂપ નથી અને તે પુદ્ગલનું જ પરિણામ છે.

**एगत्तं च पुहत्तं :–** પ્રસ્તુત ગાથામાં પુદ્ગલ દ્રવ્યની પર્યાયનું સ્પષ્ટીકરણ છે. અનેક પરમાણુઓનું એકત્વ-ભેગા થવું, ભેગા થયેલા પરમાણુઓનું(છૂટા) થવું, એક, બે, ત્રણ આદિ સંખ્યાબદ્ધ થવું, ગોળ, ચોરસ આદિ વિવિધ આકારોને ધારણ કરવા, તેમજ સંયોગ, વિયોગ આદિ આ સર્વે ય તેની પર્યાયો છે. જેમ અનેક રજકણો એકત્રિત થઈને માટીનો પિંડ બને, તેમાંથી ઘટ બને. કાલાંતરે ઘટ ફૂટી જાય, તેના ઠીકરા થાય, તે ઠીકરા પણ ક્રમશઃ તૂટતાં-તૂટતાં રજકણ રૂપે પરિવર્તન પામે છે. આ રીતે અવસ્થાઓ બદલાયા કરે છે પરંતુ પુદ્ગલ દ્રવ્ય ત્રિકાલ શાશ્વત છે.

પુદ્ગલ સડન પડન અને વિધ્વંસના સ્વભાવવાળું છે. તેથી તે સડી જાય છે, ભાંગી, તૂટી જાય છે અને વિખેરાઈ જાય છે અર્થાત્ તેના મૂળ આકારના સ્વરૂપનું પરિવર્તન થઈ જાય છે પરંતુ પરમાણુ પુદ્ગલશુદ્ધ દ્રવ્ય ક્યારે ય બદલાતું નથી.

**છ દ્રવ્યો અંગે ઉપસંહાર :–** સંક્ષેપમાં છ દ્રવ્યોનું આ જગત છે. જીવ અને પુદ્ગલ તે બે દ્રવ્યના સંબંધથી આ જગત પ્રવર્તી રહ્યું છે. આકાશાસ્તિકાય જીવ અને પુદ્ગલને પોતાનામાં સમાવે છે. ધર્માસ્તિકાય જીવ અને પુદ્ગલની ગતિમાં સહાય કરે છે, અધર્માસ્તિકાય તેમની સ્થિતિમાં સહાય કરે છે. કાળ દ્રવ્ય જીવના બાહ્ય આકારને અને પુદ્ગલને જૂના અને નવા કરવાનું કાર્ય કરે છે. કાર્મણ વર્ગણા આ લોકમાં ઠસોઠસ ભરેલી છે, તે પુદ્ગલ રૂપ છે. જીવના વિકારી ભાવોને કારણે કાર્મણ વર્ગણાઓ જીવની સાથે કર્મરૂપે બંધાય છે, તેમાં ધર્માસ્તિકાય દ્રવ્ય સહાયક બને છે અને જીવ જ્યારે અવિકારી શુદ્ધ સ્વભાવમાં સ્થિત થાય ત્યારે તેમાં અધર્માસ્તિકાય સહાયક બને છે. આ રીતે છએ દ્રવ્યો પોતાનું મૂળભૂત સ્વરૂપ છોડ્યા વિના સતત પોતાના ગુણધર્મ અનુસાર પરિણત થઈ રહ્યા છે.

**સમ્યગ્દર્શન અને તેના પ્રકાર :–**

**१४** **जीवाजीवा य बंधो य, पुण्णं पावासवो तहा ।**
**संवरो णिज्जरा मोक्खो, संतेए तहिया णव ॥**

**શબ્દાર્થ :– जीवा** = જીવ **अजीवा** = અજીવ **बंधो** = બંધ **पुण्णं** = પુણ્ય **पाव** = પાપ **आसवो** = આશ્રવ **संवरो** = સંવર **णिज्जरा** = નિર્જરા **मोक्खो** = મોક્ષ **एए** = આ **णव** = નવ **तहिया** = યથાતથ્ય, તત્ત્વ **संति** = છે.

**ભાવાર્થ :–** જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ; આ નવ તત્ત્વ છે.

**१५** **तहियाणं तु भावाणं, सब्भावे उवएसणं ।**
**भावेण सद्दहंतस्स, सम्मत्तं तं वियाहियं ॥**

**શબ્દાર્થ :– तहियाणं** = યથાતથ્ય, સત્ય, તત્ત્વ **भावाणं** = ભાવોનો, જીવાદિ તત્ત્વોના **सब्भावे** = સદ્ભાવમાં, અસ્તિત્વમાં **उवएसणं** = ઉપદેશથી **भावेण** = સ્વાભાવિક રીતે, અંતઃકરણથી **सद्दहंतस्स** = શ્રદ્ધા કરનાર જીવને **सम्मत्तं** = સમ્યક્ત્વ (સમ્યગ્દર્શન) **वियाहियं** = જિનેન્દ્ર ભગવાને કહ્યું છે.

**ભાવાર્થ :–** આ નવ તત્ત્વોના અસ્તિત્વની સ્વાભાવિક રીતે(પોતાની મેળે) અથવા અન્યના ઉપદેશથી શ્રદ્ધા કરવી, તેને જિનેશ્વરોએ સમ્યક્ત્વ કહ્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં મોક્ષમાર્ગના મહત્ત્વના અંગ રૂપ સમ્યક્ત્વનું સ્વરૂપ અને તેના પ્રકાર સમજાવ્યા છે.

**तहियाणं तु भावाणं :– तहियाणं**– તથ્ય, સત્ય, યથાર્થ **भावाणं**– પદાર્થો, તત્ત્વો. જે ભાવો જેવા છે તેને તે રૂપે જાણીને શ્રદ્ધા કરવી તે **સમ્યગ્દર્શન** છે. સમ્યગ્દર્શન તે આત્માના અનંત ગુણોમાં એક મુખ્યગુણ છે. તે આત્મ સ્વભાવ રૂપ હોવાથી કેવળ અનુભવ ગોચર છે. તેમ છતાં અનુભવદશાની પ્રાપ્તિ સુધી પહોંચતા પહેલાં તેનું સ્વરૂપ અહીં તેના લક્ષણ દ્વારા સમજાવ્યું છે. સમ્યગ્ દર્શન = સત્ય દર્શન, યથાર્થ દર્શન. જે નવ તત્ત્વોનું સ્વરૂપ જિનેશ્વરોએ જેવી રીતે દર્શાવ્યું છે તેને જાણી, સમજીને અંતઃકરણપૂર્વક

તે તત્ત્વોની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે. દર્શન શબ્દ અહીં શ્રદ્ધા અર્થમાં પ્રયુક્ત છે. તેથી સમ્યક્– સાચી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. પ્રસ્તુત ગાથામાં જીવાદિ નવ તત્ત્વોનો નિર્દેશ છે. તે નવ તત્ત્વ આ પ્રમાણે છે–

**(૧) જીવ તત્ત્વ :–** ચૈતન્ય લક્ષણ, સદા ઉપયોગ સહિત, સુખ દુઃખને જાણે અને સુખ દુઃખને અનુભવે, તેને જીવ કહે છે. પ્રસ્તુત અધ્યયનની ૧૧મી ગાથા અનુસાર જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ એ જીવના લક્ષણ છે. ચેતનાશક્તિ અથવા ઉપયોગ દ્વારા જીવના મન, વચન, કાયાના યોગોનું પ્રવર્તન થાય છે. આ ચેતનાશક્તિને કારણે જીવ, અજીવથી સ્પષ્ટ રીતે જુદો પડે છે. સંસારી અને સિદ્ધ તથા ત્રસ અને સ્થાવર વગેરે જીવના જુદા-જુદા અનેક ભેદો છે. તેમાં સંક્ષેપમાં બે ભેદ અને વિસ્તારથી પાંચ સો ત્રેસઠ ભેદ થાય છે.

**(૨) અજીવ તત્ત્વ :–** જીવથી વિરુદ્ધ લક્ષણવાળું અજીવ તત્ત્વ છે. તેનામાં ચેતના નથી, તે જડ છે. તેમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ અને પુદ્ગલાસ્તિકાય આ પાંચ દ્રવ્યોનો સમાવેશ થાય છે. પુદ્ગલ અને જીવનો અનાદિકાળનો સંબંધ એ જ જીવના સંસાર પરિભ્રમણનું કારણ છે. આ રીતે સંસાર પરિભ્રમણના એક કારણ તરીકે અજીવ તત્ત્વને સમજવાની અને ઓળખવાની જરૂર છે.

**(૩) પુણ્ય તત્ત્વ :–** અન્ય જીવોને માનસિક, વાચિક, કાયિક સુખ પહોંચાડવાની વિવિધ(નવ પ્રકારની) પ્રવૃત્તિઓ પુણ્ય આચરણરૂપ છે. શાતાવેદનીય આદિ શુભ પ્રકૃતિઓ, તે પુણ્ય પરિણામ છે. પુણ્ય નવ પ્રકારે બંધાય છે અર્થાત્ પુણ્ય ઉપાર્જન માટેની પ્રવૃત્તિઓ નવ પ્રકારની કહી છે– (૧) અન્નપુણ્ય– અન્નદાન આપવું; તે જ રીતે (૨) પાણ(જલ) પુણ્ય (૩) લયન(મકાન)પુણ્ય (૪) શયન (શયનાસન) પુણ્ય (૫) વસ્ત્રપુણ્ય (૬) મનપુણ્ય– મનથી બીજા માટે શુભ ભાવના કરવી. (૭) વચનપુણ્ય– બીજાના સુખ માટે વચન પ્રયોગ કરવો. (૮) કાયપુણ્ય– કોઈની સેવા વગેરે કરીને શાતા પમાડવી. (૯) નમસ્કારપુણ્ય– ગુણીજનોને નમ્રભાવે નમસ્કાર કરી સન્માન આપવું. પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવાથી ધર્મ અને નિર્જરા થાય છે. તેથી તે પુણ્યથી ભિન્ન છે. પુણ્યના પરિણામે જીવને શારીરિક માનસિક કે સાંયોગિક વિવિધ પ્રકારે અનુકૂળતા પ્રાપ્ત થાય છે. પુણ્યનું ફળ શાતાવેદનીય આદિ ૪૨ પ્રકારની(પુણ્યરૂપ) કર્મ પ્રકૃતિના ઉદયરૂપે ભોગવાય છે.

**(૪) પાપ તત્ત્વ :–** અન્ય જીવોને મન, વચન, કાયાના યોગોથી દુઃખ પહોંચાડવાની હિંસાદિ ૧૮ પ્રકારની પ્રવૃત્તિઓ પાપ છે. અશાતાવેદનીય આદિ, જ્ઞાનાવરણીય આદિ અશુભ પ્રકૃતિઓ પાપરૂપ છે. પાપ બાંધવાના ૧૮ કારણો અઢાર પાપસ્થાનક તરીકે પ્રસિદ્ધ છે– (૧) પ્રાણાતિપાત– જીવ હિંસા (૨) મૃષાવાદ– અસત્ય બોલવું (૩) અદત્તાદાન– ચોરી (૪) મૈથુન (૫) પરિગ્રહ (૬) ક્રોધ (૭) માન (૮) માયા–કપટ (૯) લોભ– તૃષ્ણા (૧૦) રાગ (૧૧) દ્વેષ (૧૨) કલેશ (૧૩) અભ્યાખ્યાન–ખોટું આળ (૧૪) પૈશુન્ય–ચાડી ચૂગલી (૧૫) પરપરિવાદ– નિંદા (૧૬) રતિ, અરતિ–હર્ષ શોક (૧૭) માયામોસો– કપટપૂર્વક જૂઠું બોલવું (૧૮) મિથ્યાદર્શન શલ્ય– વિપરીત માન્યતા કે વિપરીત શ્રદ્ધા. પાપકર્મના ઉદયે જીવને વિવિધ પ્રકારે પ્રતિકૂળતાઓ પ્રાપ્ત થાય છે. પાપનું ફળ અશાતાવેદનીય આદિ ૮૨ પ્રકારની કર્મ પ્રકૃતિઓના ઉદયે ભોગવાય છે.

**(૫) આશ્રવ તત્ત્વ :–** કર્મપુદ્ગલોનું આત્મા તરફ ખેંચાવું, તે આશ્રવ કહેવાય છે. રાગ, દ્વેષ અને કષાય આદિ આત્માના વિકારી ભાવોથી લોકમાં રહેલી કાર્મણ વર્ગણાઓ આત્મા તરફ ખેંચાય છે, તે આશ્રવ છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ, તે પાંચ આશ્રવના મુખ્ય કારણો છે. વિસ્તારની અપેક્ષાએ તેના વીસ ભેદ છે– (૧–૫) મિથ્યાત્વ આદિ પાંચ, (૬–૧૦) હિંસાદિ પાંચ અવ્રત, (૧૧–૧૫) પાંચ

ઈન્દ્રિયોનો અનિગ્રહ અથવા ઈન્દ્રિય અસંયમ, (૧૬–૧૮) ત્રણ યોગોનો અસંયમ, (૧૯) વસ્ત્ર, પાત્ર, ઉપકરણ આદિ અયતનાથી લેવા મૂકવા; (૨૦) સોય જેવી નાની વસ્તુઓ અયતનાથી લેવી મૂકવી.

**(૬) સંવર તત્ત્વ :–** મહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ ધર્માચરણ દ્વારા આસ્રવને રોકવા તે સંવર કહેવાય છે અર્થાત્ કર્મપુદ્ગલોને આત્મા તરફ આવતા રોકવા તે સંવર છે. સમ્યક્ત્વ, વ્રત, અપ્રમાદ, અકષાય અને યોગની સ્થિરતા, એ પાંચ સંવરના મુખ્ય સાધનો છે. વિસ્તારની અપેક્ષાએ સંવરના પણ ૨૦ ભેદ છે; તે આશ્રવથી વિપરીત હોય છે. (૧–૫) સમ્યક્ત્વ આદિ પાંચ; (૬–૧૦) અહિંસાદિ પાંચ; (૧૧–૧૫) પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ; (૧૬–૧૮) ત્રણ યોગોનો સંયમ; (૧૯) વસ્ત્ર, પાત્ર આદિ યતનાથી લેવા મૂકવા અને (૨૦) સોય જેવી નાની વસ્તુઓ પણ યતનાથી લેવી મૂકવી.

**(૭) નિર્જરા તત્ત્વ :–** કર્મોનો આંશિક નાશ થવો તેને નિર્જરા કહે છે. કર્મો ઉદયમાં આવવાથી ભોગવાય જાય અથવા તપસ્યા આદિ દ્વારા પણ કર્મો આત્માથી દૂર થઈ જાય તેને નિર્જરા કહે છે. બાર પ્રકારના તપ કરવાથી કર્મોનો ક્ષય થાય છે. ઉપવાસ આદિ અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસ પરિત્યાગ, કાયક્લેશ અને પ્રતિસંલિનતા, તે છ બાહ્ય તપ છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એ છ આભ્યંતર તપ છે. નિર્જરા બે પ્રકારે થાય છે– સકામ નિર્જરા અને અકામનિર્જરા (૧) નિર્જરાના લક્ષપૂર્વક બાર પ્રકારના તપની આરાધનાથી કર્મો ખરી જાય, તેને **સકામનિર્જરા** કહે છે. કર્મો ઉદયમાં આવીને ભોગવાઈ જવાથી ક્ષય પામે, તે અકામનિર્જરા છે.

**(૮) બંધ તત્ત્વ :–** કર્મનો દૂધ અને પાણીની જેમ આત્મા સાથે સંબંધ થવો, તે બંધ કહેવાય છે. આશ્રવ દ્વારા ખેંચાયેલી કાર્મણ વર્ગણાનું આત્મા સાથે એકમેક થઈ જવું, સંયોગ સંબંધ થઈ જવો, તે બંધ છે. મિથ્યાત્વ, અવ્રત આદિ પાંચ કર્મબંધના મુખ્ય કારણ છે. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ તેમ બંધના ચાર પ્રકાર છે.

**(૯) મોક્ષ તત્ત્વ :–** આત્મા સાથે લાગેલા કર્મોનો સંપૂર્ણપણે ક્ષય થવાથી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થવું તેને મોક્ષ કહે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધનાથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

પ્રસ્તુત અધ્યયનમાં મોક્ષ પ્રાપ્તિ માટેના ચાર સાધનો-ઉપાયોનું વર્ણન છે. તેમાં પ્રથમ સાધન સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે જીવાદિ નવતત્ત્વોને જાણવા પરમ આવશ્યક છે. તે તત્ત્વોનું સ્વરૂપ સૂક્ષ્મ કે સ્થૂલરૂપે આગમોમાં જે રીતે વર્ણિત છે; તેને જાણી-સમજીને તે તત્ત્વો પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા રાખવી જોઈએ. આ રીતે આ ગાથાઓમાં સમ્યક્ત્વની સંક્ષિપ્ત અને સ્પષ્ટ પરિભાષા કહી છે.

બીજી રીતે જોઈએ તો નવ તત્ત્વમાં જીવ અને અજીવ તે બે મુખ્ય તત્ત્વ છે, બાકીના તત્ત્વોનો સમાવેશ આ બે તત્ત્વમાં થાય છે. પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ તત્ત્વમાં જે કર્મ પરમાણુઓ છે તેનું ઉપાદાન કારણ પુદ્ગલ છે અને નિમિત્ત કારણ જીવના વિકારી ભાવ છે. તેમાં ઉપાદાન કારણ, કાર્યરૂપે પરિણમે છે. તેથી અહીં અજીવ તત્ત્વની મુખ્યતા છે. સંવર, નિર્જરા અને મોક્ષ એ ત્રણ ધર્મતત્ત્વ છે, તે જીવના નિજગુણથી ઉત્પન્ન થાય છે. આ ત્રણે તત્ત્વોનો સ્વભાવ આત્મામાંથી કર્મરૂપ પુદ્ગલોને દૂર કરવાનો છે. સંવર, નિર્જરા અને મોક્ષના ઉપાદાન કારણો આત્માના શુદ્ધ ભાવો છે, માટે તેમાં જીવ તત્ત્વની મુખ્યતા છે. જીવ તત્ત્વની મુખ્યતાવાળા તત્ત્વો અરૂપી છે અને પુદ્ગલ તત્ત્વની મુખ્યતાવાળા તત્ત્વો રૂપી છે.

**સમ્યગ્દર્શનના પ્રકાર :–** નિમિત્તની અપેક્ષાએ સમ્યગ્દર્શનના બે પ્રકાર છે.

**(૧) उवएसेणं :–** કેટલાક જીવોને નવ તત્ત્વોની શ્રદ્ધા અન્યના ઉપદેશથી થાય છે. અન્યના ઉપદેશથી થતી તત્ત્વશ્રદ્ધાને **અધિગમજ** સમ્યગ્દર્શન કહે છે.

**(૨) ભાવેણ :–** કેટલાક જીવોને તત્ત્વોની શ્રદ્ધા પોતાના જ શુદ્ધ ભાવોથી, જાતિસ્મરણાદિ જ્ઞાનથી સ્વયમેવ થાય છે. સ્વયમેવ થતી તત્ત્વશ્રદ્ધાને **નિસર્ગજ** સમ્યગ્દર્શન કહે છે.

બંને પ્રકારના સમ્યગ્દર્શનમાં દર્શન મોહનીય કર્મનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થવો અનિવાર્ય છે. સંક્ષેપમાં કોઈપણ રીતે નવ તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા થવી, તે સમ્યગ્દર્શન છે.

**સમ્યક્ત્વની દશ રુચિ :–**

**૧૬** **णिसग्गुवएसरुई, आणारुई सुत्त बीयरुइमेव ।**
**अभिगमवित्थाररुई, किरिया संखेव धम्मरुई ॥**

**શબ્દાર્થ :– णिसग्गुवएसरुई** = નિસર્ગ રુચિ, ઉપદેશ રુચિ **आणारुई** = આજ્ઞા રુચિ **सुत्त बीयरुइमेव** = સૂત્ર રુચિ, બીજ રુચિ **अभिगम-वित्थाररुई** = અભિગમ રુચિ, વિસ્તાર રુચિ **किरिया-संखेव-धम्मरुई** = ક્રિયારુચિ સંક્ષેપરુચિ, ધર્મરુચિ.

**ભાવાર્થ :–** નિસર્ગરુચિ, ઉપદેશરુચિ, આજ્ઞારુચિ, સૂત્રરુચિ, બીજરુચિ, અભિગમરુચિ, વિસ્તારરુચિ, ક્રિયારુચિ, સંક્ષેપરુચિ અને ધર્મરુચિ.

**૧૭** **भूयत्थेणाहिगया, जीवाजीवा य पुण्णपावं च ।**
**ससम्मइयासवसंवरो य, रोएइ उ णिसग्गो ॥**

**શબ્દાર્થ :– ससम्मइया** = સ્વસન્મતિકા, સ્વયમેવ જાતિસ્મરણ આદિ જ્ઞાન દ્વારા **जीवा य** = જીવ અને **अजीवा** = અજીવ **पुण्ण** = પુણ્ય **पावं** = પાપ **आसवसंवरो** = આસ્રવ, સંવર **य** = તથા બંધ, નિર્જરા અને મોક્ષ **भूयत्थे** = આ પદાર્થ સત્ય છે **उ** = આ પ્રકારે જેણે **अहिगया** = જાણી લીધા છે તેની **रोएइ** = રુચિ **णिसग्गो** = નિસર્ગરુચિ છે.

**ભાવાર્થ :–** ગુરુ આદિના ઉપદેશ વિના પોતાના સ્વાભાવિક જ્ઞાન દ્વારા જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ અને સંવર આદિ તત્ત્વોને જાણીને, આ પદાર્થો સત્ય છે તેવી શ્રદ્ધા કરવી, તે નિસર્ગરુચિ(સમ્યક્ત્વ) છે.

**૧૮** **जो जिणदिट्ठे भावे, चउव्विहे सद्दहाइ सयमेव ।**
**एमेव णण्णहत्ति य, णिसग्गरुइ त्ति णायव्वो ॥**

**શબ્દાર્થ :– जो** = જે જીવ **सयमेव** = સ્વયમેવ, જાતિસ્મરણ આદિ જ્ઞાન દ્વારા **जिणदिट्ठे** = જિનેશ્વરોએ જોયેલા અથવા ઉપદેશ આપેલા **भावे** = જીવાદિ તત્ત્વોને **चउव्विहे** = ચાર પ્રકારે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી **एमेव** = તે આ પ્રકારે જ છે **णण्णहत्ति** = અન્યથા નથી **सद्दहाइ** = શ્રદ્ધા કરે તે **णिसग्गरुइ त्ति** = નિસર્ગ રુચિ છે **णायव्वो** = જાણવી જોઈએ.

**ભાવાર્થ :–** અન્યના ઉપદેશ વિના સ્વયમેવ જિનેશ્વર કથિત જીવાદિ નવ તત્ત્વોને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ, તે ચાર પ્રકારે જાણે; તે ભાવો તેમજ છે, અન્ય પ્રકારે નથી; તેવી શ્રદ્ધા કરવી, તે નિસર્ગ રુચિ છે, તેમ જાણવું જોઈએ.

**૧૯** **एए चेव उ भावे, उवइट्ठे जो परेण सद्दहइ ।**
**छउमत्थेण जिणेण व, उवएसरुइ त्ति णायव्वो ॥**

**શબ્દાર્થ :– जिणेण** = જિનેન્દ્ર પાસેથી **परेण** = બીજા **छउमत्थेण** = છદ્મસ્થ ગુરુઓ પાસેથી **उवइट्ठे** = ઉપદેશ સાંભળીને **एए चेव** = આ **भावे** = જીવાદિ તત્ત્વોને **उवएसरुइ त्ति** = ઉપદેશ રુચિ **णायव्वो** = જાણવી જોઈએ.

**ભાવાર્થ :–** જે જીવ જિનેન્દ્ર પાસેથી અથવા અન્ય છદ્મસ્થ ગુરુ પાસેથી ઉપદેશ સાંભળીને આ જીવાદિ તત્ત્વો પર શ્રદ્ધા રાખે છે, તે ઉપદેશ રુચિ છે, તેમ જાણવું જોઈએ.

**२०** **रागो दोसो मोहो, अण्णाणं जस्स अवगयं होइ ।**
**आणाए रोयंतो, सो खलु आणारुई णाम ॥**

**શબ્દાર્થ :– रागो** = રાગ **दोसो** = દ્વેષ **मोहो** = મોહ **अण्णाणं** = અજ્ઞાન **अवगयं** = અંશતઃ નષ્ટ **होइ** = થયું છે **आणाए** = જિનાજ્ઞાથી કે ગુરુ આજ્ઞાથી **रोयंतो** = જીવાદિ તત્ત્વો પર રુચિ રાખે છે **सो** = તે **खलु** = ખરેખર, નિશ્ચયથી **आणारुई णाम** = આજ્ઞારુચિ છે.

**ભાવાર્થ :–** જેના રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન અંશતઃ નષ્ટ થયા છે અને જિનાજ્ઞાથી જીવાદિ તત્ત્વો પર રુચિ રાખે છે, તે ખરેખર આજ્ઞારુચિવાળો છે.

**२१** **जो सुत्तमहिज्जंतो, सुएण ओगाहइ उ सम्मत्तं ।**
**अंगेण बहिरेण व, सो सुत्तरुइ त्ति णायव्वो ॥**

**શબ્દાર્થ :– सुत्तं** = સૂત્ર, શ્રુત **अहिज्जंतो** = ભણતાં **अंगेण** = અંગપ્રવિષ્ટ **बहिरेण** = અંગબાહ્ય **सुएण** = સૂત્રોથી **सम्मत्तं** = સમ્યક્ત્વ **ओगाहइ** = પ્રાપ્ત કરે **सो** = તે **सुत्तरुइ त्ति** = સૂત્રરુચિ.

**ભાવાર્થ :–** અંગ પ્રવિષ્ટ અથવા અંગબાહ્ય સૂત્રોનો અભ્યાસ કરતાં શ્રુતજ્ઞાનથી જે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય, તે સૂત્રરુચિ છે, તેમ જાણવું જોઈએ.

**२२** **एगेण अणेगाइं पयाइं, जो पसरइ उ सम्मत्तं ।**
**उदएव्व तेल्लबिंदू, सो बीयरुइ त्ति णायव्वो ॥**

**શબ્દાર્થ :– उदएव्व तेल्लबिंदू** = જે રીતે પાણીમાં પડેલું તેલનું બિંદુ ફેલાઈ જાય છે **जो** = જેનું **सम्मत्तं** = સમ્યક્ત્વ **एगेण** = જીવાદિ એક પદથી **अणेगाइं** = અનેક **पयाइं** = પદોમાં **पसरइ** = ફેલાઈ જાય છે **सो** = તે **बीयरुइ त्ति** = બીજ રુચિ.

**ભાવાર્થ :–** પાણીમાં પડેલાં તેલના બિંદુની જેમ જે સમ્યક્ત્વ એક પદથી અનેક પદમાં ફેલાય જાય, તે બીજરુચિ છે, તેમ જાણવું જોઈએ.

**२३** **सो होइ अभिगमरुई, सुयणाणं जेण अत्थओ दिट्ठं ।**
**एक्कारस अंगाइ, पइण्णगं दिट्ठिवाओ य ॥**

**શબ્દાર્થ :– जेण** = જેણે **एक्कारस** =અગિયાર **अंगाइं** = અંગ **पइण्णगं** = પ્રકીર્ણ સૂત્ર **दिट्ठिवाओ** = દષ્ટિવાદ તથા ઉપાંગ સૂત્રોમાં **सुयणाणं** = શ્રુતજ્ઞાન છે તે **अत्थओ** = અર્થરૂપથી **दिट्ठं** = જાણી લીધું છે **अभिगमरुई** = અભિગમ રુચિ **होइ** = છે.

**ભાવાર્થ :–** અગિયાર અંગ સૂત્ર, બારમું દષ્ટિવાદ અંગસૂત્ર, અને પ્રકીર્ણક સૂત્રોરૂપ શ્રુતજ્ઞાન જેણે અર્થ સહિત જાણી લીધું છે તેની શ્રુતજ્ઞાનયુક્ત જે શ્રદ્ધા હોય છે તે અભિગમ રુચિ છે. તેમ જાણવું જોઈએ.

**૨૪** **दव्वाण सव्वभावा, सव्वपमाणेहिं जस्स उवलद्धा ।**
**सव्वाहिं णयविहीहिं य, वित्थाररुइ त्ति णायव्वो ॥**

**શબ્દાર્થ :– जस्स** = જેણે **दव्वाण** = દ્રવ્યોના **सव्वभावा** = સમસ્ત ભાવો, પર્યાયો **सव्वपमाणेहिं** = પ્રત્યક્ષાદિ બધા પ્રમાણોથી **सव्वाहिं** = સર્વ **णयविहीहिं** = નૈગમાદિ નયોથી **उवलद्धा** = જાણી લીધા છે **वित्थाररुइ त्ति** = વિસ્તાર રુચિ.

**ભાવાર્થ :–** જેણે દ્રવ્યોના સર્વ ભાવોને સર્વ પ્રમાણોથી અને નૈગમાદિ સર્વ નયવિધિથી જાણી લીધા છે, તે વિસ્તાર રુચિ છે, તેમ જાણવું જોઈએ.

**૨૫** **दंसण णाण चरित्ते, तवविणए सच्चसमिइ गुत्तीसु ।**
**जो किरिया भावरुई, सो खलु किरियारुई णाम ॥**

**શબ્દાર્થ :– दंसणणाणचरित्ते** = દર્શન, જ્ઞાન, ચારિત્ર **तव विणए** = તપ, વિનય **सच्चसमिइ-गुत्तीसु** = સત્ય, સમિતિ, ગુપ્તિ **किरिया-भावरुई** = ક્રિયાઓનું પાલન કરવામાં ભાવપૂર્વક રુચિ રાખે છે **सो** = તે **खलु** = ખરેખર, નિશ્ચયથી **किरियारुई णाम** = ક્રિયા રુચિ છે.

**ભાવાર્થ :–** દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, સત્ય, સમિતિ અને ગુપ્તિ આદિ ક્રિયાઓના પાલનમાં ભાવપૂર્વક રુચિ છે તે ખરેખર ક્રિયા રુચિ છે.

**૨૬** **अणभिग्गहियकुदिट्ठी, संखेवरुइ त्ति होइ णायव्वो ।**
**अविसारओ पवयणे, अणभिग्गहिओ य सेसेसु ॥**

**શબ્દાર્થ :– अणभिग्गहियकुदिट्ठी** = જેણે મિથ્યામત ગ્રહણ કર્યો નથી **सेसेसु** = શેષ કપિલ આદિના સિદ્ધાંતોને પણ ભણ્યા નથી **पवयणे** = જિન પ્રવચનમાં **अविसारओ** = વિશારદ નથી **संखेवरुइ त्ति** = સંક્ષેપ રુચિ **होइ** = હોય છે **णायव्वो** = જાણવું જોઈએ.

**ભાવાર્થ :–** જેણે મિથ્યામતને ગ્રહણ કર્યો નથી, જે જિન પ્રવચનમાં વિશારદ નથી તેમજ જિનમત સિવાય અન્ય મતના શાસ્ત્રોને પણ સ્વીકાર્યા નથી પરંતુ જે અલ્પબોધથી તત્ત્વ શ્રદ્ધાવાન છે, તે તેની સંક્ષેપ રુચિ છે, તેમ જાણવું જોઈએ.

**૨૭** **जो अत्थिकायधम्मं, सुयधम्मं खलु चरित्तधम्मं च ।**
**सद्दहइ जिणाभिहियं, सो धम्मरुइ त्ति णायव्वो ॥**

**શબ્દાર્થ :– जिणाभिहियं** = જિનેન્દ્ર ભગવાને કહેલા **अत्थिकाय धम्मं** = ધર્માસ્તિકાય આદિ દ્રવ્ય તથા તેના ગતિ સ્થિતિ આદિ ધર્મ **सुय धम्मं** = શ્રુતધર્મની **चरित्त धम्मं** = ચારિત્ર ધર્મની **सद्दहइ** = શ્રદ્ધા કરે છે **धम्मरुइ त्ति** = ધર્મરુચિ છે.

**ભાવાર્થ :–** જિનેન્દ્ર ભગવાને કહેલા ધર્માસ્તિકાયાદિ અસ્તિકાયધર્મોમાં તથા શ્રુતધર્મ અને ચારિત્રધર્મમાં

શ્રદ્ધા કરે છે, તે ધર્મરુચિ છે, તેમ જાણવું.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સમ્યગ્દર્શનની દશ રુચિનું કથન છે. સમ્યગ્દર્શન અનુભૂતિનો વિષય છે. અનુભૂતિના સ્તર પર પહોંચતાં પહેલાં સાધકને તત્ત્વોની શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ થવી અનિવાર્ય છે. તે દશ પ્રકારની રુચિને સમ્યક્ત્વ પ્રાપ્તિના નિમિત્ત પણ કહી શકાય છે. ભિન્ન-ભિન્ન કોટિના સાધકોને ભિન્ન-ભિન્ન નિમિત્તોથી ભિન્ન-ભિન્ન કક્ષાની તત્ત્વ શ્રદ્ધા થાય છે. તે દશ રુચિ આ પ્રમાણે છે.

**(૧) નિસર્ગ રુચિ :–** જિનકથિત ભાવોમાં અન્યના ઉપદેશ વિના સ્વાભાવિક રીતે જે રુચિ ઉત્પન્ન થાય, અથવા જાતિસ્મરણાદિ જ્ઞાનથી તત્ત્વોની શ્રદ્ધા થાય તેને નિસર્ગ રુચિ કહે છે.

**(૨) ઉપદેશ રુચિ :–** જિનેશ્વરના ઉપદેશથી અથવા ગુરુ આદિના ઉપદેશથી તત્ત્વોની શ્રદ્ધા થાય, તે ઉપદેશરુચિ છે.

**(૩) આજ્ઞા રુચિ :–** જિનેશ્વરની કે ગુરુની આજ્ઞાથી તત્ત્વોની શ્રદ્ધા થાય, તે આજ્ઞારુચિ છે.

**(૪) સૂત્ર રુચિ :–** જિનેશ્વર કથિત શાસ્ત્રાધ્યયનથી તેમજ તે અધ્યયનમાં અવગાહન કરવાથી તત્ત્વોની શ્રદ્ધા થાય તે સૂત્રરુચિ છે.

**(૫) બીજ રુચિ :–** પાણીમાં નાંખેલા તેલબિંદુની જેમ જેનું જ્ઞાન વિસ્તાર પામે, એક પદના શ્રવણથી અનેક પદનું જ્ઞાન થઈ જાય અને તેના દ્વારા તત્ત્વોની શ્રદ્ધા થાય, તેને બીજરુચિ કહે છે. ઔત્પાતિકી આદિ બુદ્ધિના ધારક શ્રોતા બીજ રુચિને પ્રાપ્ત કરે છે.

**(૬) અભિગમ રુચિ :–** અંગસૂત્ર– ઉપાંગસૂત્ર આદિ આગમના અર્થ ભણવાથી, તેના મર્મને સમજવાથી તત્ત્વોની જે શ્રદ્ધા થાય, તે અભિગમ રુચિ છે. અહીં સૂત્રકારે અગિયાર અંગ સૂત્રના કથન પછી બારમા દષ્ટિવાદ અંગસૂત્રનો નામ નિર્દેશ કર્યો છે, તે દષ્ટિવાદ સૂત્રની પ્રધાનતા પ્રગટ કરવા માટે છે.

**पइण्णगं :–** પ્રકીર્ણક સૂત્ર. ચાર બુદ્ધિના ધારક શ્રમણો દ્વારા સંકલિત, સંગ્રહિત નોંધ કે નિબંધરૂપ રચના, તે પ્રકીર્ણક સૂત્ર કહેવાય છે. નંદીસૂત્રમાં અનેક પ્રકીર્ણક સૂત્રોના નામ છે અને તેમાંથી કેટલાક પ્રકીર્ણક સૂત્રો મુદ્રિત અને ઉપલબ્ધ પણ છે.

**(૭) વિસ્તાર રુચિ :–** સર્વ દ્રવ્ય, ગુણ, પર્યાયોનું પ્રત્યક્ષાદિ પ્રમાણ, નૈગમાદિ નય દ્વારા વિસ્તારપૂર્વક અધ્યયન કરવાથી તત્ત્વોની જે શ્રદ્ધા થાય, તેને વિસ્તાર રુચિ કહે છે.

**(૮) ક્રિયા રુચિ :–** જ્ઞાન, દર્શન, ચારિત્ર, સમિતિ, ગુપ્તિ અને તપ આદિ અનુષ્ઠાનોનું આરાધન કરતાં-કરતાં તત્ત્વોની શ્રદ્ધા થાય, તે ક્રિયા રુચિ છે.

**(૯) સંક્ષેપ રુચિ :–** જેને અલ્પજ્ઞાન હોવા છતાં અંતરથી તત્ત્વોની શ્રદ્ધા હોય, તે સંક્ષેપ રુચિ છે. જેમ કે– વરુણનાગ-નત્તુઆના મિત્ર. તેનું જ્ઞાન અલ્પ હતું પરંતુ મિથ્યાગ્રહ ન હોવાથી તેને શ્રદ્ધા હતી.

**(૧૦) ધર્મ રુચિ :–** જિન પ્રરૂપિત ષડ્દ્રવ્યોના યથાર્થ જ્ઞાનપૂર્વક યથાર્થ શ્રદ્ધા રાખે તેમજ શ્રુતધર્મ(આગમ શાસ્ત્રોનો બોધ) અને ચારિત્ર ધર્મ પ્રત્યે પણ પૂર્ણ આસ્થા તથા પાલનની અભિલાષા રાખે તો તેને ધર્મરુચિ કહેવાય છે.

આ દશ રુચિનો સમાવેશ નિસર્ગરુચિ અને ઉપદેશરુચિ, તે બે રુચિમાં થઈ જાય છે.

**સમ્યગ્દર્શનને પુષ્ટ કરનાર તત્ત્વો :-**

**૨૮** **परमत्थसंथवो वा, सुदिट्ठपरमत्थसेवणा वा वि ।**
**वावण्णकुदंसणवज्जणा, य सम्मत्तसद्दहणा ॥**

**શબ્દાર્થ :- परमत्थसंथवो** = પરમ અર્થનો સંસ્તવ–પરિચય, જીવાદિ તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેનું મનન કરવું **सुदिट्ठपरमत्थसेवणा** = સુદષ્ટ પરમાર્થ સેવન. જેમણે પરમ અર્થને સારી રીતે જાણ્યો છે તેવા આચાર્ય આદિની સેવા કરવી **वावण्ण** = સમ્યક્ત્વથી પતિત થયેલા, વ્યાપન્ન **कुदंसण** = કુદર્શની, મિથ્યાદર્શની, **वज्जणा** = ત્યાગ કરવો **सम्मत्त सद्दहणा** = સમ્યક્ત્વની શ્રદ્ધાન છે.

**ભાવાર્થ :-** આત્મા, જીવાદિ તત્ત્વો અને જિન પ્રવચન રૂપ પરમ અર્થનો સારી રીતે પરિચય કરવો; પરમ અર્થને પ્રાપ્ત કર્યો છે, તેવા આચાર્ય આદિની સેવા કરવી; સમ્યક્ત્વથી પતિત થયેલાની અને મિથ્યાદર્શનીની સંગતિનો ત્યાગ કરવો, તે સમ્યક્ત્વની શ્રદ્ધાન છે.

**વિવેચન :-**

છદ્મસ્થાવસ્થામાં સમ્યગ્દર્શનના પરિણામ પરિપક્વ બનતા રહે છે તેમજ ફરીથી પરિવર્તિત પણ થતાં રહે છે. તે માટે સૂત્રકારે સાધકોને હિત શિક્ષા આપી છે.

**परमत्थ संथवो :-** પરમાર્થ સંસ્તવ. પરમ અર્થ એટલે આત્મા, જીવાદિ નવ તત્ત્વ, જિન પ્રવચન, મોક્ષમાર્ગ. સંસ્તવ એટલે પરિચય કરવો, સ્તુતિ કરવી. તેથી પરમાર્થ સંસ્તવનો અર્થ– આત્મ સ્વરૂપનો, જીવાદિ નવ તત્ત્વોનો અને જિનપ્રવચનનો તેમજ મોક્ષમાર્ગરૂપ સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રનો પરિચય કરવો. તેના સ્વરૂપનું વારંવાર ચિંતન કરવું. સૂક્ષ્મ અર્થને જાણવાની તીવ્ર ઇચ્છાપૂર્વક પુરુષાર્થ કરવો, આ રીતે પુરુષાર્થ કરતાં-કરતાં પરમાર્થનો પરિચય થાય છે. તેમજ જિન પ્રવચન આદિની સ્તુતિ, ભક્તિ કરવી; તે પણ પરમાર્થ સંસ્તવ છે.

**सुदिट्ठपरमत्थ सेवणा :-** જેણે પરમાર્થને સારી રીતે જાણ્યો છે તેવા આચાર્યાદિની સેવા કરવી એટલે તેના સાંનિધ્યમાં વધુમાં વધુ સમય રહેવું, તેનાથી શ્રદ્ધાના પરિણામો દઢ થાય છે.

**वावण्ण-कुदंसण-वज्जणा :- विनष्टं दर्शनं येषां ते व्यापन्नदर्शनाः** । જે સમ્યગ્દર્શનથી પતિત થઈ ગયા છે તે. **कुत्सितदर्शनं येषां ते कुदर्शनाः** । જેનું દર્શન કુત્સિત એટલે મિથ્યા છે તે. આ બંને પ્રકારના જીવોના સંગનો ત્યાગ કરવો. મિથ્યાત્વીના સંગથી શ્રદ્ધા ચલવિચલ થવાની સંભાવના રહે છે. તેથી સમ્યગ્દર્શનની સુરક્ષા માટે તેનો સંગ ન કરવો. પ્રાપ્ત થયેલા સમ્યગ્દર્શનને ટકાવવા, શ્રદ્ધાને દઢ, નિર્મલ અને પવિત્ર બનાવવા માટે આ ત્રણ(ચાર) ઉપાય છે. **वावण्ण**– સમ્યક્ત્વ ભ્રષ્ટ અને **कुदंसण**– મિથ્યાદર્શની, આ બંનેને જુદા-જુદા ગણવાથી ચાર બોલ થાય છે અને તેને સંયુક્ત ગણતાં ત્રણ બોલ થાય છે.

**સમ્યગ્દર્શનની મહતા :-**

**૨૯** **णत्थि चरित्तं सम्मत्तविहूणं, दंसणे उ भइयव्वं ।**
**सम्मत्तचरित्ताइं जुगवं, पुव्वं वा सम्मत्तं ॥**

**શબ્દાર્થ :- सम्मत्तविहूणं** = સમ્યક્ત્વ વિના **चरित्तं** = ચારિત્ર **णत्थि** = હોતું નથી **दंसणे** =

સમ્યગ્દર્શનમાં **भइयव्वं** = ચારિત્રની ભજના છે **सम्मत्तचरित्ताइं** = સમ્યક્ત્વ અને ચારિત્ર **जुगवं** = એક સાથે (યુગપત્) હોઈ શકે **पुव्वं** = પહેલાં **सम्मत्तं** = સમ્યક્ત્વ હોય છે.

**ભાવાર્થ :–** સમ્યક્ત્વ વિના ચારિત્ર હોતું નથી. સમ્યક્ત્વમાં ચારિત્રની ભજના છે. સમ્યક્ત્વ અને ચારિત્ર એક સાથે પણ હોય શકે છે અને પહેલાં સમ્યક્ત્વ પ્રાપ્ત થાય, પછી ચારિત્ર પ્રાપ્ત થાય તેમ પણ બની શકે છે.

**૩૦** **णादंसणिस्स णाणं, णाणेण विणा ण हुंति चरणगुणा ।**
**अगुणिस्स णत्थि मोक्खो, णत्थि अमोक्खस्स णिव्वाणं ॥**

**શબ્દાર્થ :–** **अदंसणिस्स** = સમ્યગ્દર્શન રહિત વ્યક્તિને **णाणं** = જ્ઞાન **ण** = નથી **णाणेण** = સમ્યગ્જ્ઞાન **विणा** = વિના **चरणगुणा** = ચારિત્રગુણ, ભાવ ચારિત્ર **ण हुंति** = પ્રગટ થતું નથી **अगुणिस्स** = ચારિત્રગુણ રહિતને **मोक्खो** = કર્મથી મુક્તિ **णत्थि** = થતી નથી **अमोक्खस्स** = મોક્ષ થયા વિના, કર્મ મુક્ત થયા વિના **णिव्वाणं** = નિર્વાણ, સિદ્ધ પદની પ્રાપ્તિ **णत्थि** = થતી નથી.

**ભાવાર્થ :–** સમ્યગ્દર્શન રહિત જીવને સમ્યગ્જ્ઞાન થતું નથી, સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર ગુણો પ્રગટ થતા નથી અર્થાત્ ભાવ ચારિત્ર પ્રાપ્ત થતું નથી. ચારિત્રગુણ રહિત(ભાવ ચારિત્ર રહિત) જીવને કર્મોથી મુક્તિ થતી નથી. કર્મોથી મુક્તિ વિના નિર્વાણ એટલે સંપૂર્ણ આત્મશાંતિ, સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ થતી નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સમ્યગ્દર્શનની મહત્તા પ્રદર્શિત કરી છે.

સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ ચારિત્ર અને સમ્યક્ તપ તે મોક્ષમાર્ગ છે. તેમ છતાં અહીં સૂત્રકારે સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રનો સંબંધ સ્પષ્ટ કર્યો છે.

**णत्थि चरित्तं सम्मत्त विहूणं–** સમ્યગ્ દર્શન વિના સમ્યક્ ચારિત્ર હોતું નથી અર્થાત્ સમ્યક્ ચારિત્રમાં સમ્યગદર્શનની નિયમા છે. જ્યાં સમ્યક્ચારિત્ર હોય ત્યાં સમ્યગ્દર્શન અવશ્ય હોય છે. સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોતું જ નથી.

**दंसणे उ भइयव्वं–** સમ્યગ્દર્શનમાં સમ્યક્ચારિત્રની ભજના છે અર્થાત્ જ્યાં સમ્યગ્દર્શન હોય, ત્યાં સમ્યક્ચારિત્ર હોય, તેવું એકાંતે નથી. જેમ કે અવિરત સમ્યગ્દષ્ટિ જીવોને સમ્યગ્દર્શન હોય છે પરંતુ ચારિત્ર નથી અને સર્વવિરતિ સાધુઓને સમ્યગ્દર્શન અને ચારિત્ર બંને હોય છે. આ રીતે સમ્યગ્દર્શન સાથે ચારિત્રનો સંબંધ વૈકલ્પિક છે.

**सम्मत्त चरित्ताइं जुगवं–** કેટલાક જીવોને સમ્યગ્દર્શન એવં સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ એક સાથે થાય છે. જેમ કોઈ મિથ્યાત્વી જીવ પ્રથમ ગુણસ્થાનથી સીધો સાતમા ગુણસ્થાને અપ્રમત્ત સંયત અવસ્થાને પામે, ત્યારે તે જીવને સમ્યગ્દર્શન અને ચારિત્ર સાથે પ્રાપ્ત થાય છે.

**पुव्वं वा सम्मत्तं–** કેટલાક જીવો પહેલા સમ્યગ્દર્શનને પામે છે ત્યાર પછી ક્રમશઃ ચારિત્રનો સ્વીકાર કરે છે, તે જીવોને સમ્યગ્દર્શન અને ચારિત્ર ક્રમિક પ્રાપ્ત થાય છે.

સંક્ષેપમાં સમ્યક્ચારિત્ર સાથે સમ્યગ્દર્શન નિયમતઃ હોય છે પરંતુ સમ્યગ્દર્શન સાથે સમ્યક્ચારિત્ર હોવાનો નિયમ નથી, તે ભજનાથી(વિકલ્પથી) હોય છે. તેમજ કેટલાક જીવોને સમ્યગ્દર્શન અને ચારિત્ર એક સાથે પ્રાપ્ત થાય છે અને કેટલાક જીવોને તે ક્રમિક પ્રાપ્ત થાય છે.

**णादंसणिस्स णाणं....:–** પ્રસ્તુત ગાથામાં સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્ર, કર્મ મુક્તિ અને નિર્વાણ આ પાંચની પૂર્વાપરતાનું નિરૂપણ કર્યું છે. નિર્વાણ પ્રાપ્તિની સાધનામાં સમ્યગ્ દર્શનની પ્રાથમિકતા છે અર્થાત્ આધ્યાત્મિક સાધનાનો પ્રારંભ સમ્યગ્ દર્શનથી જ થાય છે.

**णादंसणिस्स णाणं**– સમ્યગ્ દર્શન વિના જ્ઞાન સમ્યગ્ થતું નથી. મિથ્યાત્વી જીવોનું જાણપણું જ્ઞાન કહેવાતું નથી, પરંતુ તે અજ્ઞાન કહેવાય છે. જ્યારે જીવ સમ્યગ્ દર્શનને પામે છે, ત્યારે તે જ્ઞાન સમ્યગ્ જ્ઞાન કહેવાય છે. આ રીતે જીવને સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ એક જ સમયે થાય છે તે પહેલાં જીવને મિથ્યાદર્શન અને અજ્ઞાન હોય છે.

**णाणेण विणा ण हुंति चरणगुणा**– જ્ઞાન વિના ચારિત્રની પ્રાપ્તિ થતી નથી. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન દ્વારા પદાર્થોનો યથાર્થ બોધ અને યથાર્થ શ્રદ્ધા થાય, ત્યારપછી જ તે જીવને ચારિત્ર ગુણની અર્થાત્ સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય છે. જો કોઈ જીવ સમ્યગ્જ્ઞાન કે સમ્યક્શ્રદ્ધા વિના પણ ચારિત્રનો સ્વીકાર કરે ત્યારે તે દ્રવ્ય ચારિત્રને પ્રાપ્ત કરે છે પરંતુ સમ્યક્ ચારિત્ર, સમ્યગ્જ્ઞાન વિના થતું નથી. સમ્યક્ ચારિત્રની(ચારિત્ર ગુણની) પ્રાપ્તિ સમ્યગ્જ્ઞાન–દર્શન પૂર્વક જ થાય છે.

**अगुणिस्स णत्थि मोक्खो**– ગુણ એટલે ચારિત્ર. ચારિત્ર વિના સર્વ કર્મોના ક્ષયરૂપ મોક્ષની પ્રાપ્તિ થતી નથી. તેથી કર્મમુક્તિ માટે ચારિત્રગુણની અનિવાર્યતા છે.

**णत्थि अमोक्खस्स णिव्वाणं**– કર્મોનો ક્ષય થયા વિના નિર્વાણની પ્રાપ્તિ થતી નથી. સર્વ કર્મોનો ક્ષય તે મોક્ષ છે અને મોક્ષ થવાથી આત્મા અખંડ શાંતિ-સમાધિને પ્રાપ્ત કરે છે; તેને જ નિર્વાણ કહે છે.

મોક્ષ અને નિર્વાણની પ્રાપ્તિ પણ એક સાથે જ થાય છે. તેમ છતાં બંનેમાં કાર્ય-કારણભાવ સંબંધ છે. મોક્ષ કારણ છે અને નિર્વાણ તેનું કાર્ય છે.

આ રીતે મોક્ષમાર્ગના સાધનોમાં સમ્યગ્દર્શનની મુખ્યતા છે, તેમ છતાં સર્વ સાધનોની પરિપૂર્ણતા થાય, ત્યારે જ મોક્ષ પ્રાપ્ત થાય છે. જેમ કે તેરમે ગુણસ્થાને કેવળી ભગવાનને કેવળજ્ઞાન અને કેવળ દર્શન હોવાથી જ્ઞાન-દર્શનની પૂર્ણતા છે પરંતુ યોગની પ્રવૃત્તિ હોવાથી ચારિત્રની પૂર્ણતા નથી. શૈલેશીકરણ કરીને જીવ ચૌદમા ગુણસ્થાને અયોગી અવસ્થાને પ્રાપ્ત થાય, ત્યારે ચારિત્ર અને તપ ગુણની પૂર્ણતા થાય છે. આ રીતે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ, તે ચારેની પૂર્ણતા થતાં જીવ અઘાતી કર્મોનો ક્ષય કરી, તે કર્મોથી મુક્ત થાય છે અને કર્મ મુક્ત જીવનું નિર્વાણ થાય છે.

**સમ્યક્ત્વના આઠ અંગ :–**

**૩૧** **णिस्संकिय णिक्कंखिय, णिव्वितिगिच्छा अमूढदिट्ठी य ।**
**उवबूह थिरीकरणे, वच्छल्ल पभावणे अट्ठ ॥**

**શબ્દાર્થ :– णिस्संकिय** = નિઃશંકતા, જિનવચનમાં શંકા ન કરવી **णिक्कंखिय** = નિષ્કાંક્ષા, પરદર્શનની કે સુખની આકાંક્ષા ન કરવી **णिव्वितिगिच्छा** = નિર્વિચિકિત્સા. ધર્મકરણીના ફળમાં સંદેહશીલ ન થવું **अमूढदिट्ठी** = મૂઢતા વિનાનું એટલે સમજણવિનાનું સમ્યગ્ દર્શન હોવું, જ્ઞાન ગર્ભિત સમ્યગ્ દર્શન હોવું, સ્વશ્રદ્ધામાં દઢ રહેવું **उवबूह** = ઉપબૃંહણ, ગુણીજનોના ગુણોની પ્રશંસા કરવી. શ્રુત ધર્મ અને ચારિત્ર ધર્મની સ્વ-પરમાં વૃદ્ધિ કરવી, પુષ્ટિ કરવી **थिरीकरणे** = સ્થિરીકરણ, ધર્મથી ડગી જતાં જીવોને ધર્મમાં સ્થિર કરવા **वच्छल्ल** = વાત્સલ્ય, સાધર્મીઓ પ્રત્યે પ્રેમભાવ, અહોભાવ રાખવો **पभावणे** = પ્રભાવના,

જૈનધર્મની ઉન્નતિ માટે પ્રયત્ન કરવો **अट्ठ** = આ આઠ દર્શનાચાર છે.

**ભાવાર્થ :–** (૧) નિઃશંકતા, (૨) નિષ્કાંક્ષા, (૩) નિર્વિચિકિત્સા, (૪) અમૂઢ દષ્ટિ–જ્ઞાન ગર્ભિત દષ્ટિ, (૫) ઉપબૃંહણ–પુષ્ટીકરણ, (૬) સ્થિરીકરણ, (૭) વાત્સલ્ય અને (૮) પ્રભાવના; એ આઠ સમકિતના અંગ(દર્શનાચાર) છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં સમ્યગ્દર્શનના આઠ આચારનું નિરૂપણ છે.

જે વ્યક્તિને જીવ-અજીવ આદિ તત્ત્વોના જ્ઞાન સાથે નવે ય તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા થઈ જાય ત્યારે તેને સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થાય છે. એક સમ્યગ્દર્શન ગુણના પ્રગટીકરણ સાથે આત્મામાં અન્ય અનેક ગુણો પ્રગટ થાય છે. સૂત્રકારે અહીં તેવા આઠ ગુણોનું નિરૂપણ કર્યું છે.

**(૧) નિશંકતા :–** તત્ત્વોમાં સંશયનો અભાવ. જિનોક્ત તત્ત્વ– દેવ, ગુરુ, ધર્મ અને શાસ્ત્રમાં તથા જીવાદિ નવ તત્ત્વોમાં અંશતઃ કે સર્વતઃ શંકા રહિત થવું , તે નિશંકતા ગુણ છે; તેનાથી સમ્યગ્ દર્શન નિર્મલ રહે છે.

**(૨) નિષ્કાંક્ષા :–** આકાંક્ષા રહિત હોવું. અન્ય ધર્મોના આડંબર ઠઠારા કે ચમત્કાર જોઈને તેના પ્રતિ આકર્ષિત ન થવું તેની પ્રશંસા ન કરવી, તે નિષ્કાંક્ષા ગુણ છે; આ ગુણથી સમ્યગ્દર્શન સ્થિર રહે છે. આકાંક્ષાના બે અર્થ થાય છે– (૧) એકાંત દષ્ટિવાળા અન્ય દર્શનોને સ્વીકાર કરવાની ઈચ્છા (૨) ધર્માચરણથી ઈહલૌકિક, પારલૌકિક, વૈભવ અથવા સુખભોગ આદિ મેળવવાની ઈચ્છા. પુણ્ય-પાપ જનિત ફળની આકાંક્ષા ન રાખવી તે પણ નિષ્કાંક્ષા છે.

**(૩) નિર્વિચિકિત્સા :–** વિચિકિત્સા રહિત થવું. ધર્મકરણીના ફળમાં સંદેહ ન કરવો. ધર્માચરણનું ફળ સંવર અને નિર્જરા છે તે બંને નિશ્ચિતરૂપે તે જ સમયે પ્રાપ્ત થાય છે. ધર્મના ફળ પ્રતિ નિઃસંદેહ રહેવાથી સમક્તિ નિર્દોષ રહે છે. નિર્વિચિકિત્સાનો બીજો અર્થ છે કે સાધુ-સાધ્વીઓના શરીર અને ઉપધિને મલિન જોઈને તેના પ્રત્યે ઘૃણા ન કરવી પરંતુ જિનેશ્વર નિર્દિષ્ટ સાધ્વાચારમાં મેલ પરીષહને જીતવો તે વિશિષ્ટ ગુણ છે, તેમ સમજવું.

**(૪) અમૂઢદષ્ટિ :–** દેવમૂઢતા, ગુરુમૂઢતા, ધર્મમૂઢતા, શાસ્ત્રમૂઢતા, લોકમૂઢતા આદિ મૂઢતાઓ છે. તે મૂઢતાથી રહિત થવું તે અમૂઢદષ્ટિ છે. **દેવમૂઢતા :** ભૌતિક સુખ સમૃદ્ધિ માટે રાગી-દ્વેષી દેવોની ઉપાસના કરવી. **ગુરુમૂઢતા :** આરંભ-પરિગ્રહમાં આસક્ત, હિંસાદિમાં પ્રવૃત્ત માત્ર વેશધારી સાધુને ગુરુ માનવા. **ધર્મમૂઢતા :** આરંભજન્ય ક્રિયાકાંડોને ધર્મ માનવો. **શાસ્ત્રમૂઢતા :** હિંસાદિની પ્રેરણા કરનાર, અસત્ય કલ્પના પ્રધાન, રાગદ્વેષયુક્ત દૂષિત ગ્રંથોને શાસ્ત્ર માનવા. **લોકમૂઢતા :** લોકોમાં પ્રચલિત કુરૂઢિઓ અથવા કુપ્રથાઓને ધર્મ માનવો. આ સર્વ પ્રકારની મૂઢતાનો ત્યાગ કરી, આગમજ્ઞાન ગર્ભિત યથાર્થ સમજણ રાખવી, તે અમૂઢદષ્ટિ છે. એકાંતવાદી કે કુપથગામીઓની પ્રશંસા, સ્તુતિ, સેવા, સંપર્ક અતિ પરિચય કરીને તેમાં આકર્ષાવું તે પણ મૂઢદષ્ટિ કહેવાય છે. અમૂઢ દષ્ટિવાળો આત્મા ક્રમશઃ ક્ષાયિક સમકિતને પ્રાપ્ત કરનાર થાય છે.

**(૫) ઉપબૃંહણ :–** તેના ત્રણ અર્થ છે– (૧) પ્રશંસા (૨) વૃદ્ધિ (૩) પુષ્ટિ. જેમ કે– (૧) ગુણીજનોના ગુણોની પ્રશંસા કરીને તે ગુણો પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરવો. (૨) ક્ષમા, મૃદુતા વગેરે પોતાના આત્મગુણોની વૃદ્ધિ કરવી (૩) સમ્યગ્દર્શનની પુષ્ટિ કરવી. આ ગુણથી સમક્તિ પુષ્ટ થાય અને ધર્મની ભક્તિ થાય.

**(૬) સ્થિરીકરણ :–** સમ્યક્ત્વ અથવા ચારિત્રથી ચલાયમાન થતાં વ્યક્તિઓને પુનઃ તે માર્ગમાં સ્થિર

કરી દેવા તે સ્થિરીકરણ છે. આ ગુણ સ્વપર ઉપકારક થાય છે.

**(૭) વાત્સલ્ય :–** સાધર્મિકો પ્રત્યે હાર્દિક અને નિઃસ્વાર્થ અનુરાગ કે વાત્સલ્ય ભાવ રાખવો તથા સાધર્મિક સાધુવર્ગ અને શ્રાવકવર્ગની સેવા કરવી. આ ગુણથી અન્ય વ્યક્તિઓને ધર્મ પ્રતિ અનુરાગની વૃદ્ધિ થાય છે.

**(૮) પ્રભાવના :–** તેના બે અર્થ થાય છે. (૧) રત્નત્રયથી પોતાના આત્માને ભાવિત(પ્રભાવિત) કરવો (૨) પોતાના વિશિષ્ટ ગુણોથી ધર્મ અને સંઘની ઉન્નતિ કરવી; તેને પ્રભાવના કહે છે. તે પ્રભાવના કરનાર પ્રભાવકના મુખ્ય આઠ ગુણો આ પ્રમાણે છે– (૧) જે સમયે જેટલા આગમ ઉપલબ્ધ હોય તેમાં પ્રવીણ હોય (૨) વાદ વિજેતા હોય (૩) સફળ પ્રવચનકાર હોય (૪) તપસ્વી હોય (૫) સભામાં મોટા વ્રત, ત્યાગ-નિયમ ગ્રહણ કરનાર હોય (૬) ભૂત ભવિષ્ય અને વર્તમાન સંબંધી નિમિત્ત જ્ઞાનમાં કુશલ હોય (૭) અનેક લબ્ધિ સંપન્ન હોય, મંત્રાદિથી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલી હોય; તેમજ જ્ઞાન, દર્શન અને ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધનાથી પ્રભાવશીલ વ્યક્તિત્વ અને આદેય વચનવાળા હોય. (૮) કવિ હોય, કાવ્ય રચનામાં અને ગાયન કલામાં કુશલ હોય. પોતાના શ્રેષ્ઠ આ એક કે અનેક ગુણ સંપન્ન વ્યક્તિ શાસનની પ્રભાવના કરનાર થાય છે.

સમ્યગ્ દર્શનના આ આઠ આચારોમાંથી નિઃશંકતા આદિ પ્રથમ ચાર અંતરંગ ગુણરૂપ છે અને શેષ ચાર બાહ્ય આચાર રૂપે પ્રગટ થાય છે.

આ આઠ આચારોનું ઉલ્લંઘન થાય, તો તે સમકિતના અતિચાર બની જાય છે. જૈનાગમોમાં સમકિતના પાંચ અતિચારનું કથન છે– શંકા, કાંક્ષા, વિચિકિત્સા, પરપાસંડ પ્રશંસા અને પરપાસંડ પરિચય. પ્રથમ ત્રણ આચારના ઉલ્લંઘનરૂપ ત્રણ અતિચાર છે અને શેષ પાંચ આચારના અભાવમાં કોઈ પણ અતિચાર થઈ શકે છે. સંક્ષેપમાં પ્રસ્તુત ગાથામાં કથિત સમકિતના આઠ આચારોના પાલનથી અતિચાર રહિત શુદ્ધ, નિર્મળ અને દઢ સમકિતની પ્રાપ્તિ થાય છે.

**સમ્યક્ ચારિત્ર :–**

**૩૨** **सामाइयत्थ पढमं, छेदोवट्ठावणं भवे बीयं ।**
**परिहारविसुद्धीयं, सुहुमं तह संपरायं च ॥**

**શબ્દાર્થ :–** **अत्थ** = ત્યાર પછી **पढमं** = પ્રથમ **सामाइयं** = સામાયિક **बीयं** = બીજું **छेदोवट्ठावणं** = છેદોપસ્થાપનીય **भवे** = હોય છે **परिहार विसुद्धीयं** = ત્રીજું પરિહાર વિશુદ્ધિ **सुहुमं संपरायं** = ચોથું સૂક્ષ્મ- સંપરાય ચારિત્ર છે.

**ભાવાર્થ :–** ત્યાર પછી પહેલું સામાયિક ચારિત્ર, બીજું છેદોપસ્થાપનીય ચારિત્ર, ત્રીજું પરિહાર વિશુદ્ધિ ચારિત્ર, ચોથું સૂક્ષ્મ સંપરાય ચારિત્ર છે.

**૩૩** **अकसायमहक्खायं, छउमत्थस्स जिणस्स वा ।**
**एयं चयरित्तकरं, चारित्तं होइ आहियं ॥**

**શબ્દાર્થ :–** **अकसायं** = કષાયના ક્ષય કે ઉપશમથી થનારું, કષાય રહિત **अहक्खायं** = પાંચમું યથાખ્યાત ચારિત્ર **छउमत्थस्स** = અગિયારમા અથવા બારમા ગુણસ્થાનવર્તી છદ્મસ્થ મુનિનું **जिणस्स**

= કેવળી ભગવાનનું **एयं** = આ પાંચેય પ્રકારના **चारित्तं** = ચારિત્ર **चयरित्तकरं** = સંચિત કર્મોના ખજાનાને રિક્ત(ખાલી) કરનાર **होइ** = છે **आहियं** = એમ જિનેન્દ્ર ભગવાને કહ્યું છે.

**ભાવાર્થ :–** કષાય રહિત પાંચમું યથાખ્યાત ચારિત્ર છદ્મસ્થ મુનિને અથવા કેવળી ભગવંતોને હોય છે. આ પાંચે ય પ્રકારના ચારિત્ર પૂર્વ સંચિત કર્મોને રિક્ત-ખાલી કરે છે, તેથી તેને ચારિત્ર કહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં મોક્ષમાર્ગનું ત્રીજું સાધન સમ્યક્ ચારિત્ર અને તેના પ્રકારનું નિદર્શન છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી જીવનું અનંત સંસાર પરિભ્રમણ સીમિત થઈ જાય છે. સીમિત થયેલા સંસાર પરિભ્રમણનો નાશ કરવા માટે સાધકને સમ્યક્ ચારિત્રનો પુરુષાર્થ કરવો પડે છે.

**चयरित्तकरं चारित्तं :–** કર્મોને રિક્ત કરે તે ચારિત્ર. સામાન્યતઃ ચારિત્ર આશ્રવને રોકનારું કહેવાય છે. પરંતુ અહીં સૂત્રકારે ચારિત્ર શબ્દનો વ્યુત્પત્તિપરક અર્થ પ્રદર્શિત કર્યો છે. તેનું તાત્પર્ય એ છે કે સમ્યક્ચારિત્રમાં સમ્યગ્જ્ઞાન, દર્શન અને તપનું અસ્તિત્વ હોય જ છે. તેથી ચારિત્ર સંચિત કર્મોનો ક્ષય કરે તે સમુચિત છે.

સાધક ચારિત્રનો સ્વીકાર કરીને ચારિત્રની પૂર્ણતાને પામે ત્યાં સુધીની તેની વિવિધ અવસ્થાઓના આધારે પ્રસ્તુત ગાથામાં ચારિત્રના પાંચ પ્રકાર કહ્યા છે.

**સામાયિક ચારિત્ર :–** રાગ દ્વેષ રહિત થઈ સર્વ સાવદ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો, તેને સામાયિક ચારિત્ર કહે છે. વિવિધ અપેક્ષાઓથી કથિત છેદોપસ્થાપનીય આદિ શેષ ચાર ચારિત્ર પણ સામાયિક રૂપ જ છે. સામાયિક ચારિત્રના બે પ્રકાર છે– (૧) ઈત્વરિક– અલ્પકાલીન. ભરત-ઐરવતક્ષેત્રમાં ૨૪ તીર્થંકરમાંથી પ્રથમ અને અંતિમ તીર્થંકર ભગવાનના શાસનમાં જે સામાયિક ચારિત્ર ગ્રહણ કરવામાં આવે છે, તેની સ્થિતિ જઘન્ય સાત દિવસ, મધ્યમ ચાર માસ અને ઉત્કૃષ્ટ છ માસની હોય છે. ત્યાર પછી તેના સ્થાને છેદોપસ્થાપનીય ચારિત્ર અંગીકાર કરાવવામાં આવે છે. અર્થાત્ તે સામાયિક ચારિત્રનો છેદ કરી પુનઃ ચારિત્રનું ઉપસ્થાપન કરાવવામાં આવે છે. (૨) યાવત્કથિત– જીવન પર્યંતનું. શેષ ૨૨ તીર્થંકરોના શાસનમાં અને મહાવિદેહ ક્ષેત્રના દરેક તીર્થંકરોના શાસનમાં દીક્ષા સમયથી જીવન પર્યંત સામાયિક ચારિત્ર જ રહે છે.

**છેદોપસ્થાપનીય ચારિત્ર :–** જે ચારિત્રમાં પૂર્વ પર્યાયનો છેદ કરીને મહાવ્રતનું આરોપણ કરાય છે, તેને છેદોપસ્થાપનીય ચારિત્ર કહે છે. તેના પણ બે ભેદ છે–

**(૧) નિરતિચાર :–** પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં નવદીક્ષિત સાધુને જે વડીદીક્ષા અપાય છે, તે નિરતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર છે. તે જ રીતે ત્રેવીસમાં તીર્થંકરના શ્રમણ ચોવીસમાં તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરે ત્યારે તેને પંચ મહાવ્રતનું આરોપણ કરાવવામાં આવે છે, તે પણ નિરતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર છે.

**(૨) સાતિચાર :–** કોઈ સાધુ મહાવ્રતનો ભંગ કરે, અન્ય મોટા દોષોનું સેવન કરે, ત્યારે તે સાધુને પ્રાયશ્ચિત્ત રૂપે પૂર્વની દીક્ષા પર્યાયનો છેદ કરીને પુનઃ મહાવ્રતારોપણ કરવામાં આવે છે, તેને સાતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર કહે છે. આ છેદોપસ્થાપનીય ચારિત્ર ભરત અને ઐરવત ક્ષેત્રમાં પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં જ હોય છે. સામાયિક અને છેદોપસ્થાપનીય, તે બંને ચારિત્રમાં છટ્ઠાથી નવમા પર્યંતના ચાર ગુણસ્થાન હોય છે.

**(૩) પરિહાર વિશુદ્ધ ચારિત્ર :–** ગચ્છ-સમૂહથી નિવૃત્તિ લઈને વિશિષ્ટ પ્રકારના તપની આરાધના

રૂપ ચારિત્ર તે પરિહાર વિશુદ્ધ ચારિત્ર છે. તેની વિધિ આ પ્રકારની છે– ૯ સાધુ સાથે મળીને આ ચારિત્રની આરાધના કરે છે. તેની સ્થિતિ ૧૮ માસની હોય છે. પ્રથમ ૬ માસમાં ૪ સાધુ તપસ્યા કરે, બીજા ચાર સાધુ તેમની સેવા કરે અને એક સાધુ ગણ-પ્રમુખતા ધારણ કરે. બીજા છ માસમાં તપસ્યા કરનાર સેવા કરે અને સેવા કરનારા તપસ્યા કરે છે તથા એક સાધુ ગણપ્રમુખ રહે છે. ત્યાર પછી ત્રીજા છ માસમાં ગણપ્રમુખ તપસ્યા કરે છે, શેષ સાધુ તેની સેવા કરે છે અને કોઈ પણ એક સાધુગણની પ્રમુખતા સ્વીકારે છે.

તપસ્યા કરનાર સાધુ ઉનાળામાં એક, બે કે ત્રણ ઉપવાસ, શિયાળામાં, બે, ત્રણ કે ચાર ઉપવાસ અને ચોમાસામાં ત્રણ, ચાર કે પાંચ ઉપવાસ કરે. તપના પારણે બધા સાધક આયંબિલ કરે છે. આ પ્રકારે આ ચારિત્રમાં વિશિષ્ટ તપ સાધનાથી આત્મશુદ્ધિ કરવામાં આવે છે. આ રીતે ૧૮ માસનો એક કલ્પ પૂર્ણ થયા પછી તે સાધુઓ ગચ્છમાં આવી જાય અથવા જીવન પર્યંત તે જ રીતે ક્રમપૂર્વક તપસાધના કરતા રહે છે. આ ચારિત્ર પણ ભરત અને ઐરવત ક્ષેત્રમાં પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં જેણે છેદોપસ્થાપનીય ચારિત્રનો સ્વીકાર કર્યો હોય તેને જ હોય છે.

આ ચારિત્રનો સ્વીકાર તીર્થંકરની બે પાટ સુધી જ હોય છે. તેમાં છટ્ઠું અને સાતમું બે જ ગુણસ્થાન હોય છે. તેની આરાધનાથી ઘણા કર્મોનો નાશ થાય છે અને આત્માના જ્ઞાનાદિ ગુણોની વિશુદ્ધિ થાય છે.

**સૂક્ષ્મ સંપરાય ચારિત્ર :–** સામાયિક અથવા છેદોપસ્થાપનીય ચારિત્રની સાધના કરતાં-કરતાં જ્યારે ક્રોધાદિ ત્રણ કષાય ઉપશાંત અથવા ક્ષીણ થઈ જાય છે અને કેવળ લોભ કષાય સૂક્ષ્મરૂપે બાકી રહે છે, આ અવસ્થાને સૂક્ષ્મ સંપરાય ચારિત્ર કહે છે. આ ચારિત્ર દશમા ગુણસ્થાનવર્તી સાધુને હોય છે. પરિહાર વિશુદ્ધિ-વાળા સાધુ પણ જ્યારે સાતમા ગુણસ્થાનથી આગળ વધીને શ્રેણી ચઢે છે ત્યારે છેદોપસ્થાપનીય ચારિત્રમાં પ્રવેશ કર્યા પછી જ આઠમું, નવમું ગુણસ્થાન પાર કરીને આ સૂક્ષ્મ સંપરાય ચારિત્રને પ્રાપ્ત કરે છે.

**યથાખ્યાત ચારિત્ર :–** જ્યારે ચારે કષાયો સર્વથા ઉપશાંત અથવા ક્ષીણ થઈ જાય છે, તે સમયની ચારિત્રની અવસ્થાને યથાખ્યાત ચારિત્ર કહે છે. આ ચારિત્ર ગુણસ્થાનની અપેક્ષાએ અનેક ભાગોમાં વિભક્ત છે– (૧) ૧૧મા ગુણસ્થાનવાળા સાધકનું ચારિત્ર છદ્મસ્થ ઉપશાંત કષાય યથાખ્યાત ચારિત્ર કહેવાય છે (૨) ૧૨મા ગુણસ્થાન વાળા સાધકનું ચારિત્ર છદ્મસ્થ ક્ષીણ કષાય યથાખ્યાત ચારિત્ર કહેવાય છે. (૩,૪) તેરમા અને ચૌદમા ગુણસ્થાનવાળા સાધકનું ચારિત્ર ક્રમશઃ સયોગી કેવળી યથાખ્યાત ચારિત્ર અને અયોગી કેવળી યથાખ્યાત ચારિત્ર કહેવાય છે. આ રીતે તેમાં ૧૧ થી ૧૪ પર્યંતના ચાર ગુણસ્થાન હોય છે.

**સમ્યક્ તપ અને તેના પ્રકાર :–**

**૩૪** **तवो य दुविहो वुत्तो, बाहिरब्भंतरो तहा ।**
**बाहिरो छव्विहो वुत्तो, एवमब्भंतरो तवो ॥**

**શબ્દાર્થ :– तवो** = તપ **दुविहो** = બે પ્રકારના **वुत्तो** = કહ્યા છે **बाहिरब्भंतरो तहा** = બાહ્ય તપ અને આભ્યંતર તપ **बाहिरो** = બાહ્ય તપ **छव्विहो** = છ પ્રકારના **एवं** = એ પ્રમાણે **अब्भंतरो** = આભ્યંતર તપ.

**ભાવાર્થ :–** તપના બે પ્રકાર કહ્યા છે– બાહ્ય તપ અને આભ્યંતર તપ. બાહ્ય તપના છ પ્રકાર છે અને તે જ રીતે આભ્યંતર તપના પણ છ પ્રકાર છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં મોક્ષના ચોથા સાધન–તપના ભેદ-પ્રભેદનું કથન છે.

તપ એ કર્મક્ષય તથા આત્મશુદ્ધિનું કારણ હોવાથી મુક્તિનું વિશિષ્ટ સાધન છે. તેથી જ મોક્ષમાર્ગના ચાર સાધનોમાં તેની પૃથક્ ગણના થઈ છે. અનેક શાસ્ત્રોમાં તેનું વર્ણન છે. તે તેની વિશેષ મહત્તા પ્રદર્શિત કરે છે. તેમાં પણ શ્રી ભગવતી સૂત્ર શતક–૨૫/૭માં અને ઔપપાતિક સૂત્રમાં તપનું વિસ્તૃત અને ભેદ-પ્રભેદ પૂર્વક વર્ણન છે. તપની ભેદ-પ્રભેદ યુક્ત વિસ્તૃત વ્યાખ્યા પ્રસ્તુત શાસ્ત્રના 'તપોમાર્ગગતિ' નામના ત્રીસમાં અધ્યયનમાં પણ આપવામાં આવી છે.

પ્રસ્તુત ગાથામાં તપના છ બાહ્ય અને છ આભ્યંતર, તેમ કુલ બાર ભેદોનું સંક્ષિપ્ત કથન છે.

**બાહ્યતપ :–** જે તપને લોકો બાહ્યદષ્ટિએ તપરૂપે ઓળખે છે અથવા જે તપ બાહ્ય શરીરને તપાવે, કૃશ કરે અને કર્મોનો ક્ષય કરે છે, તેને બાહ્યતપ કહે છે. તેના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

**(૧) अणसण :–** અભોજન. અલ્પ સમય માટે કે જીવનપર્યંત આહારનો ત્યાગ.

**(૨) ओमोयरिया :–** અવમોદરિકા, ઊણોદરી. અવમ = ન્યૂન, અલ્પ, ઉદર = પેટ. પેટને ઉણું રાખવું. ભૂખ કરતા અલ્પ આહાર લેવો. ઉપકરણ, ક્રોધાદિ કષાયની અલ્પતા કરવી.

**(૩) भिक्खायरिया :–** ભિક્ષાચર્યા. વિવિધ પ્રકારના અભિગ્રહ-સંકલ્પ સહ ભિક્ષા લેવા માટે જવું. ભિક્ષાચર્યામાં વૃત્તિઓનો સંક્ષેપ થાય છે, તે નિર્જરાનું કારણ હોવાથી તપ કહેવાય છે.

**(૪) रसपरिच्चाए :–** રસપરિત્યાગ. ઘી-દૂધ વગેરે રસવંતા આહારનો ત્યાગ કરવો.

**(૫) कायकिलेसो :–** કાયકલેશ. દેહાધ્યાસ છોડવા માટે શરીરને કષ્ટ આપવું. વીરાસન વગેરે આસને બેસવું , કેશલુંચન કરવું.

**(૬) पडिसंलीणया :–** પ્રતિ સંલીનતા. ઇન્દ્રિયોને વિષયાદિથી ગોપવવી. વિષયો તરફ જતી વૃત્તિઓને પાછી વાળીને આત્મભાવમાં લીન કરવી.

**આભ્યંતર તપ :–** જે તપને બાહ્યદષ્ટિએ લોકો તપ રૂપે ઓળખતા નથી પરંતુ કર્મનિર્જરામાં જે નિમિત્તભૂત છે, તેને આભ્યંતર તપ કહે છે. તેના છ ભેદ આ પ્રમાણે છે.

**पायच्छित्तं :–** લાગેલા દોષો અને અતિચારોની શુદ્ધિ કરવી, તે પ્રાયશ્ચિત્ત તપ છે.

**विणओ :– विनीयते इति विनयः ।** જે ક્રિયા દ્વારા કર્મો દૂર થાય તે વિનય. રત્નાધિક વગેરે પ્રત્યે બહુમાન આદિ કરવા વિનયની પ્રવૃત્તિ છે.

**वेयावच्चं :–** આચાર્ય ગુરુ વગેરેની સેવા ભક્તિ કરવી, તે વૈયાવૃત્ય તપ છે.

**सज्झाओ :–** સ્વાધ્યાય. શ્રુતજ્ઞાનની આરાધના કરવી શાસ્ત્રોનું અધ્યયન, ચિંતન, મનન કરવું.

**झाणं :–** ધ્યાન. જિનેશ્વરની આજ્ઞાદિ કોઈપણ એક વિષયમાં ચિત્તને સ્થિર કરવું.

**विउसग्गो :–** વ્યુત્સર્ગ. ગણ, શરીર, ઉપધિ, કષાયાદિને છોડવા, તેનો ત્યાગ કરવો.

**જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની ઉપયોગિતા :-**

**૩૫** **णाणेण जाणइ भावे, दंसणेण य सद्दहे ।**
**चरित्तेण णिगिण्हाइ, तवेण परिसुज्झइ ॥**

**શબ્દાર્થ :– णाणेण** = જ્ઞાનથી **भावे** = પદાર્થોને, તત્ત્વોને **जाणइ** = જાણે છે **दंसणेण** = દર્શનથી **सद्दहे** = શ્રદ્ધા કરે છે **चरित्तेण** = ચારિત્રથી **णिगिण्हाइ** = આશ્રવ નિરોધરૂપ સંવર કરે છે **तवेण** = તપથી **परिसुज्झइ** = પૂર્વકૃત કર્મોનો ક્ષય કરી પરિશુદ્ધ થાય છે.

**ભાવાર્થ :–** આત્મા જ્ઞાનથી જીવાદિ તત્ત્વોને જાણે છે, દર્શનથી તેના પર શ્રદ્ધા કરે છે, ચારિત્રથી આશ્રવ નિરોધરૂપ સંવર કરે છે અને તપથી પૂર્વકૃત કર્મોનો ક્ષય કરી પરિશુદ્ધ થાય છે.

**३६** **खवित्ता पुव्वकम्माइं, संजमेण तवेण य ।**
**सव्वदुक्खपहीणट्ठा, पक्कमंति महेसिणो ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– महेसिणो** = મહર્ષિ **संजमेण** = સંયમથી **तवेण** = તપથી **पुव्वकम्माइं** = પૂર્વકૃત કર્મોનો **खवित्ता** = ક્ષય કરીને **सव्वदुक्ख-पहीणट्ठा** = બધા દુઃખોથી રહિત થવા માટે **पक्कमंति** = જ્ઞાન દર્શન ચારિત્રમાં પરાક્રમ કરે છે.

**ભાવાર્થ :–** સંયમ અને તપથી પૂર્વકૃત કર્મોનો ક્ષય કરીને સર્વ દુઃખોનો ક્ષય કરવા મહર્ષિઓ જ્ઞાન, દર્શન ચારિત્રમાં પરાક્રમ કરે છે, તેના ફલ સ્વરૂપ તેઓ સિદ્ધગતિ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સૂત્રકારે મોક્ષમાર્ગના ચારે સાધનોની ઉપયોગિતા કે ફળશ્રુતિ નિદર્શિત કરી છે.

જે રીતે રોગથી મુક્ત થવાની ઈચ્છા રાખનાર વ્યક્તિને ડૉક્ટર દ્વારા રોગની જાણકારી કરવી, ડૉક્ટર અને તેના નિર્ણય તથા દવા પર વિશ્વાસ કરવો; ઔષધ સેવન અને પથ્ય-પરેજની સાવધાનીઓ રાખવી; આ સર્વ ઉપચારના અંગોને સ્વીકારવા આવશ્યક થાય છે. તે જ રીતે અનાદિકાલીન આત્મરોગરૂપ કર્મોથી મુક્ત થવા માટે પણ આ અધ્યયનમાં વર્ણિત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ, તે ચારે અંગો–સાધનોને ભાવપૂર્વક આદરવા આવશ્યક છે. જ્ઞાનથી વસ્તુતત્ત્વનો બોધ થાય, દર્શનથી તેના પર વિશ્વાસ–શ્રદ્ધા થાય, ચારિત્રથી આવતા કર્મો રોકાય જાય અને તપથી પૂર્વકૃત કર્મોનો નાશ થાય છે.

સંક્ષેપમાં મોક્ષ પ્રાપ્તિ માટે મુમુક્ષુએ નિરંતર જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચારેયની સુમેળ પૂર્વક આરાધના કરવી જોઈએ. તે આરાધનાની સફળતા માટે આ અધ્યયન સદા મનનીય, સ્મરણીય અને આદરણીય છે.

**॥ અઠ્ઠાવીસમું અધ્યયન સંપૂર્ણ ॥**

# ઓગણત્રીસમું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનનું નામ 'સમ્યક્ પરાક્રમ' છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ રૂપ મોક્ષ માર્ગ માટેના પુરુષાર્થને સમ્યક્ પરાક્રમ કહે છે. આ અધ્યયનમાં ૭૩ અનુષ્ઠાનોના પરિણામને પ્રદર્શિત કરીને સાધકોને સમ્યક્ પરાક્રમ માટે પ્રેરિત કર્યા છે, તેથી તેનું સાર્થક નામ **સમ્યક્ પરાક્રમ** છે.

★ આ અધ્યયનમાં ૭૩ સૂત્રો છે. સંપૂર્ણ અધ્યયનમાં સાધકની સાધનાના પ્રારંભથી પૂર્ણતા સુધીના માર્ગનું સ્પષ્ટીકરણ છે.

★ પ્રશ્ન થાય કે સાધનાનો પ્રારંભ કયાંથી કરવો ? સંવેગથી ? ધર્મ શ્રદ્ધાથી ? કે સંયમથી ? સૂત્રકારે સ્પષ્ટ કર્યું છે કે સાધક પોતાની યોગ્યતા પ્રમાણે આ અધ્યયનમાં કથિત કોઈપણ અનુષ્ઠાનોમાં સમ્યક્ પરાક્રમ કરે તો તે સાધ્યની સિદ્ધિ કરી શકે છે. આ રીતે પ્રત્યેક બોલ સ્વતંત્ર છે, તેનું પરિણામ ભિન્ન-ભિન્ન છે તેમ છતાં પ્રત્યેક બોલનું અનુસંધાન આત્મશુદ્ધિ સાથે થાય છે. આ નાના-નાના સૂત્રોમાં સૂક્ષ્મ અને ગંભીર ચર્ચા સાથે અધ્યાત્મભાવોના પરિણામોને ઊંડાણપૂર્વક પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

★ સમ્યક્ પરાક્રમના ૭૩ બોલમાં મોક્ષમાર્ગના ચારે અંગ જ્ઞાન, દર્શન, ચારિત્ર તપ સાથેનો સંબંધ આ પ્રમાણે છે– સ્વાધ્યાય, વાચના, પ્રતિપૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા, શ્રુત આરાધના અને જ્ઞાન સંપન્નતા વગેરે બોલ **જ્ઞાન** સાથે સંબંધિત છે.

★ સંવેગ, ધર્મશ્રદ્ધા, ચતુર્વિંશતિસ્તવ, સ્તવ સ્તુતિ મંગલ વગેરે બોલ **દર્શન** સાથે સંબંધિત છે.

★ સામાયિક, સંયમ, વિવિક્તશયનાસન-સેવન, સંભોગ પ્રત્યાખ્યાન આદિ વિવિધ પ્રકારના પ્રત્યાખ્યાનો; ક્ષમા, નિર્લોભતા આદિ યતિધર્મો; મનગુપ્તિ આદિ ગુપ્તિઓ; ત્રણે ય યોગની સમધારણા; ઇન્દ્રિયોનો નિગ્રહ આદિ બોલ ચારિત્ર સાથે સંબંધિત છે.

★ ગુરુ-સાધર્મિકની શુશ્રૂષા, તપ, કાઉસગ્ગ, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત્ત, આહાર પ્રત્યાખ્યાન, ભક્ત પ્રત્યાખ્યાન, વૈયાવૃત્ય વગેરે બોલ તપ સાથે સંબંધિત છે.

★ વ્યવદાન(વોદાણ), એકાગ્ર મન સન્નિવેશતા, શૈલેશી અવસ્થા, અકર્મતા આદિ બારમા વ્યુત્સર્ગ તપની વિશિષ્ટ સ્થિતિઓ છે.

★ અધ્યયનના અન્તે યોગ નિરોધરૂપે શૈલેશી અવસ્થા અને મુક્ત જીવોની ગતિ, સ્થિતિ આદિનું નિરૂપણ છે. સમ્યક્ પરાક્રમના બોલોનું પૂર્ણ શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિપૂર્વક પાલન કરવાથી, તેને ઊંડાણપૂર્વક જાણવાથી, તેનું ગુણકીર્તન કરવાથી, તેનું શોધન કરી આરાધના કરવાથી અને ભગવાનની આજ્ઞા અનુસાર અનુપાલન કરવાથી સાધક મુક્તિના શિખર પર પહોંચી શકે છે, તેમાં કોઈ સંદેહ નથી.

❖❖❖❖❖

# ઓગણત્રીસમું અધ્યયન

## સમ્યક્ પરાક્રમ

**અધ્યયન પ્રારંભ :–**

**૧ सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं– इह खलु सम्मत्तपरक्कमे णाम अज्झयणे समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइए, जं सम्मं सद्दहित्ता, पत्तियइत्ता, रोयइत्ता, फासित्ता, पालइत्ता, तीरित्ता, कित्तइत्ता, सोहइत्ता, आराहइत्ता, आणाए अणुपालइत्ता बहवे जीवा सिज्झंति बुज्झंति मुच्चंति परिणिव्वायंति सव्वदुक्खाणमंतं करेंति ।**

**શબ્દાર્થ :–** **आउसं** = હે આયુષ્યમાન્ જંબૂ ! **तेणं** = તે **भगवया** = ભગવાને **एवं** = આ પ્રકારે **अक्खायं** = કહ્યું હતું તે **मे** = મેં **सुयं** = સાંભળ્યું છે **इह** = આ જિનશાસનમાં **खलु** = નિશ્ચયથી **कासवेणं** = કાશ્યપ ગોત્રીય **समणेण** = શ્રમણ **भगवया** = ભગવાન **महावीरेणं** = મહાવીર સ્વામીએ **सम्मत्तपरक्कमे** = સમ્યક્ પરાક્રમ **णामं** = નામનું **अज्झयणे** = અધ્યયન **पवेइए** = પ્રરૂપિત કર્યું છે **जं** = જેના પર **सम्मं** = સમ્યક્ પ્રકારથી **सद्दहित्ता** = શ્રદ્ધા કરીને **पत्तियइत्ता** = પ્રતીતિ કરીને **रोयइत्ता** = રુચિ કરીને **फासित्ता** = સ્પર્શ(ગ્રહણ) કરીને **पालइत्ता** = પાલન કરીને **तीरित्ता** = તેમાં પાર ઉતરીને, અધ્યયન, અધ્યાપન દ્વારા સમાપ્ત કરીને **कित्तइत्ता** = કીર્તન કરીને **सोहइत्ता** = શુદ્ધ કરીને **आराहइत्ता** = આરાધન કરીને **आणाए** = આજ્ઞાનુસાર **अणुपालइत्ता** = અનુપાલન કરીને **बहवे** = ઘણા **जीवा** = જીવો **सिज्झंति** = સિદ્ધ થાય છે **बुज्झंति** = બુદ્ધ થાય છે **मुच्चंति** = કર્મોથી મુક્ત થાય છે **परिणिव्वायंति** = કર્મરૂપી દાવાનળથી છૂટીને શાંત થાય છે, નિર્વાણ પામે છે **सव्वदुक्खाणं** = સર્વ પ્રકારના શારીરિક, માનસિક દુઃખોનો **अंतं करेंति** = અંત કરે છે.

**ભાવાર્થ :–** શ્રી સુધર્માસ્વામી પોતાના શિષ્ય જંબૂસ્વામીને કહે છે કે– હે આયુષ્યમાન્ જંબૂ ! તે ભગવાને આ પ્રમાણે કહ્યું છે– ખરેખર આ 'સમ્યક્ પરાક્રમ' નામનું અધ્યયન કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ પ્રરૂપ્યું છે, જેની સમ્યક્ પ્રકારે શ્રદ્ધા કરીને, પ્રતીતિ કરીને, રુચિ કરીને, સ્પર્શના(ગ્રહણ) કરીને, પાલન કરીને, તેમાં પાર ઉતરીને, કીર્તન કરીને, શુદ્ધ કરીને, આરાધન કરીને અને આજ્ઞાનુસાર અનુપાલન કરીને ઘણા જીવો સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, સર્વ કર્મોથી મુક્ત થાય છે, પરિનિર્વાણ પ્રાપ્ત કરે છે અને સમસ્ત દુઃખોનો અંત કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્ર આ અધ્યયનની ઉત્થાનિકારૂપ છે. તેમાં સૂત્રકારે સંક્ષેપમાં આ અધ્યયનનો વિષય સૂચન કરીને તેની આરાધનાના અંતિમ ફળને પ્રદર્શિત કર્યું છે.

**सुयं मे आउसं ! तेणं... :–** આ અધ્યયનના ભાવો પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને કહ્યા છે. સુધર્માસ્વામી પંચમ ગણધર હતા અને સ્વયં શ્રુતકેવલી હતા; તેથી તેમના વચનો પ્રમાણભૂત જ

હોય, તોપણ તેમણે સ્વયં પોતાના તરફથી આ કથન ન કરતાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનો ઉલ્લેખ કર્યો છે. 'હે જંબૂ ! આ ભાવો હું સર્વજ્ઞ પ્રભુ મહાવીર સ્વામીએ પ્રરૂપ્યા છે તે પ્રમાણે કહું છું.' આ પ્રકારનું કથન શાસન સ્થાપક તીર્થંકરનો મહિમા પ્રદર્શિત કરવા માટે અને આ ભાવો પરંપરાએ સર્વજ્ઞ તીર્થંકર કથિત હોવાથી સંપૂર્ણ સત્ય છે, તેવી શ્રદ્ધા પ્રગટ કરવા માટે છે.

સૂત્રોક્ત કથન પ્રત્યેક સાધકો માટે પ્રેરણા આપે છે કે આધ્યાત્મની કોઈ પણ ઉચ્ચતમ અવસ્થાને પ્રાપ્ત કર્યા પછી પણ ગુરુનું માહાત્મ્ય અવિસ્મરણીય હોય છે.

**सम्मत्त परक्कम्मे :–** સમ્યક્ પરાક્રમ. આગમોમાં **सम्मत्त** શબ્દ ત્રણ અર્થોમાં પ્રયુક્ત થાય છે– (૧) **सम्मत्त दंसी** = સમ્યગ્ દષ્ટિ.[*આચારાંગમાં*] (૨) **सम्मत्तं समभिजाणेज्जा** = સમત્ત્વની સાધનામાં સ્થિર રહે. [*આચારાંગમાં*] (૩) **सम्मत्तं विसोहेइ** = સમ્યક્ત્વની વિશુદ્ધિ કરે. [આ જ અધ્યયનમાં]. પ્રસ્તુતમાં **सम्मत्त** શબ્દ પરાક્રમનો વિશેષણ છે. અસમ્યક્ પરાક્રમથી સંસાર વૃદ્ધિ થાય છે અને સમ્યક્ પરાક્રમથી મોક્ષની સાધના થાય છે. જીવની વીર્યશક્તિના વપરાશને પરાક્રમ કહે છે. તે પરાક્રમ બે પ્રકારે થાય છે– સમ્યક્ અને અસમ્યક્. જે પરાક્રમ બર્હિમુખી હોય, ભૌતિક સિદ્ધિ માટે હોય, તો તે પરાક્રમ સમ્યક્ નથી. જે પરાક્રમ અંતરમુખી હોય, આત્મશુદ્ધિ માટે હોય, તે પરાક્રમ સમ્યક્ કહેવાય છે. બીજા શબ્દોમાં આત્મવિકાસને અનુરૂપ જિનાજ્ઞા અનુસારની સર્વ પ્રવૃત્તિઓ સમ્યક્ પરાક્રમ છે.

**અધ્યયનનું મહાત્મ્ય અને ફળ :–** સમ્યક્ પરાક્રમ દ્વારા જીવ મોક્ષરૂપ ફળ પ્રાપ્ત કરી લે છે. તે સાધનાની પરાકાષ્ઠા પર પહોંચવાનો ક્રમ આ પ્રમાણે છે–

**(१) सद्दहित्ता :–** આ અધ્યયનના ભાવોની સમ્યક્ રૂપથી શ્રદ્ધા કરીને.

**(२) पत्तियइत्ता :–** ત્યાર પછી શબ્દ, અર્થ અને ઉભયરૂપથી સામાન્યતઃ પ્રતીતિ કરીને, આ કથન 'આ પ્રકારે જ છે, અન્ય પ્રકારે નથી', એમ વિશેષતઃ નિશ્ચય કરીને અથવા સંવેગાદિના ફળનો વિશ્વાસ કરીને.

**(३) रोयइत्ता :–** રુચિ કરીને. ઉક્ત અધ્યયનમાં વર્ણવેલા અનુષ્ઠાન વિષયક રુચિ એટલે અભિલાષા ઉત્પન્ન કરીને, ભગવાનના વચનો હું જીવનમાં ઉતારું તેવી, અભિલાષા કરીને. કોઈ વસ્તુ ગુણકારી હોય પરંતુ કઠોર અથવા કષ્ટ સાધ્ય હોય તો કટુ-ઔષધની જેમ તેના તરફ અરુચિ થાય છે, તેથી તદ્વિષયક રુચિ થવી જરૂરી છે. જે વિષયની રુચિ થાય છે તેનો જ સ્વીકાર શક્ય થાય છે.

**(४) फासित्ता :–** મન, વચન અને કાયાથી અનુષ્ઠાનનો સ્વીકાર કરવો. અનુષ્ઠાન ગ્રહણ કરવા માટેના પ્રત્યાખ્યાન લેવા.

**(५) पालइत्ता :–** અનુષ્ઠાનોનું પાલન કરવું, આચરણ કરવું. અનુષ્ઠાનોમાં અતિચાર અને અનાચારના દોષ ન લાગી જાય તેવી કાળજીપૂર્વક પાલન કરવું.

**(६) तीरित्ता :–** અનુષ્ઠાનના નક્કી કરેલા સમય સુધી અથવા જીવન પર્યંત પાલન કરતાં તેમાં પાર ઉતરવું.

**(७) कित्तइत्ता :–** તે અનુષ્ઠાનની મહત્તા સ્વીકારીને તેના પ્રતિ આદર અને બહુમાનના ભાવો પ્રગટ કરવા, તેના ગુણાનુવાદ, પ્રશંસા અને કીર્તન કરવા.

**(८) सोहइत्ता :–** અનુષ્ઠાનોમાં લાગેલા દોષોની, અતિચારોની શુદ્ધિ કરીને, તે ગુણસ્થાનોને પ્રાપ્ત કરી તેનું ઉત્તરોત્તર શુદ્ધ પાલન કરવું.

**(९) आराहइत्ता :–** સૂત્રોક્ત વિધિ અનુસાર આરાધના કરીને. તે અનુષ્ઠાનોમાં ઉત્સર્ગ અને અપવાદ માર્ગ અંગે કુશળતા પ્રાપ્ત કરીને આજીવન સમ્યગ્ભાવોથી આરાધન કરવું.

**(१०) आणाए अणुपालइत्ता :–** જિનાજ્ઞા અનુસાર યથાર્થ રીતે સૂક્ષ્મતાપૂર્વક પાલન કરીને, અથવા ગુરુઆજ્ઞા અનુસાર સતત અનુપાલન કરીને.

**सिज्झंति :–** સમ્યક્ પરાક્રમ કરતો સાધક એક-એક કદમ આગળ વધે છે અને અંતે તે સાધક કૃતકૃત્ય થઈ જાય છે, તેના સર્વ કાર્યો સિદ્ધ થઈ જાય છે; તે આત્મા સિદ્ધ થાય છે, આત્માની શુદ્ધ સ્થિતિ પામે છે અને તે લક્ષ્યને સિદ્ધ કરે છે.

**बुज्झंति :–** ઘાતીકર્મોનો ક્ષય થવાથી બોધ– કેવળજ્ઞાન પામે છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન દ્વારા સંપૂર્ણ લોકાલોકનો બોધ પામે છે, લોકાલોકને જાણે છે અને જુએ છે.

**मुच्चंति :–** આઠે ય કર્મોથી સર્વથા મુક્ત થઈ જાય છે. કેવળજ્ઞાન થાય ત્યારે ચાર ઘાતીકર્મોનો ક્ષય થાય છે પરંતુ ભવોપગ્રાહી આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય તે ચાર અઘાતી કર્મ બાકી રહ્યા હોય છે, તેનો ક્ષય થઈ જવાથી આત્મા આઠે આઠ કર્મોથી સંપૂર્ણ મુક્ત થઈ જાય છે.

**परिणिव्वायंति :–** પરિનિર્વાણ પામે છે. સકળ કર્મરૂપ દાવાનળ સર્વથા બુઝાઈ જવાથી આત્મા શીતલી-ભૂત બની જાય છે.

**सव्वदुक्खाणमंतं करेंति :–** શારીરિક અને માનસિક સર્વ દુઃખોનો સર્વથા અંત કરે છે. ત્યાર પછી તે જીવ સિદ્ધ ક્ષેત્રમાં સ્થિત થઈને અવ્યાબાધ સુખના ભોક્તા બની જાય છે. આ રીતે તેનું અંતિમ ફળ મોક્ષની પ્રાપ્તિ છે.

**સમ્યક્ પરાક્રમ માટેના ૭૩ સ્થાન :–**

**२** **तस्स णं अयमट्ठे एवमाहिज्जइ, तं जहा– (१) संवेगे (२) णिव्वेए (३) धम्मसद्धा (४) गुरुसाहम्मियसुस्सूसणया (५) आलोयणया (६) णिंदणया (७) गरहणया (८) सामाइए (९) चउव्वीसत्थवे (१०) वंदणे (११) पडिक्कमणे (१२) काउस्सग्गे (१३) पच्चक्खाणे (१४) थवथुइमंगले (१५) कालपडिलेहणया (१६) पायच्छित्तकरणे (१७) खमावणया (१८) सज्झाए (१९) वायणया (२०) पडिपुच्छणया (२१) परियट्टणया (२२) अणुप्पेहा (२३) धम्मकहा (२४) सुयस्स आराहणया (२५) एगग्गमणसण्णिवेसणया (२६) संजमे (२७) तवे (२८) वोदाणे (२९) सुहसाए (३०) अप्पडिबद्धया (३१) विवित्तसयणासण-सेवणया (३२) विणियट्टणया (३३) संभोगपच्चक्खाणे (३४) उवहिपच्चक्खाणे (३५) आहारपच्चक्खाणे (३६) कसायपच्चक्खाणे (३७) जोगपच्चक्खाणे (३८) सरीरपच्चक्खाणे (३९) सहायपच्चक्खाणे (४०) भत्तपच्चक्खाणे (४१) सब्भावपच्चक्खाणे (४२) पडिरूवणया (४३) वेयावच्चे (४४) सव्वगुणसंपण्णया (४५) वीयरागया (४६) खंति (४७) मुत्ती (४८) अज्जवे (४९) मद्दवे (५०) भावसच्चे (५१) करणसच्चे (५२) जोगसच्चे (५३) मणगुत्तया (५४) वयगुत्तया (५५) कायगुत्तया (५६) मणसमाधारणया (५७) वयसमाधारणया (५८) कायसमाधारणया (५९) णाणसंपण्णया (६०) दंसणसंपण्णया (६१) चरित्तसंपण्णया (६२) सोइंदियणिग्गहे (६३) चक्खिंदियणिग्गहे (६४) घाणिंदियणिग्गहे (६५) जिब्भिंदियणिग्गहे (६६)**

**फासिंदियणिग्गहे (६७) कोहविजए (६८) माणविजए (६९) मायाविजए (७०) लोहविजए (७१) पेज्जदोसमिच्छादंसणविजए (७२) सेलेसी (७३) अकम्मया ।**

**શબ્દાર્થ અને ભાવાર્થ :– तस्स** = તે સમ્યક્ પરાક્રમ નામના અધ્યયનના, **अयं अट्ठे** = આ ૭૩ બોલ, (આરાધનાઓ) **एवं** = આ રીતે **आहिज्जइ** = કહી છે **तं जहा** = જેમ કે–

(૧) **संवेगे**=સંવેગ (૨) **णिव्वेए**=નિર્વેદ (૩) **धम्मसद्धा**=ધર્મશ્રદ્ધા (૪) **गुरुसाहम्मियसुस्सूसणया** = ગુરુ અને સાધર્મિકોની સેવા શુશ્રૂષા (૫) **आलोयणया** = આલોચના (૬) **णिंदणया** = સ્વદોષ નિંદા (૭) **गरहणया** = ગર્હા (૮) **सामाइए** = સામાયિક (૯) **चउव्वीसत्थए** = ચતુર્વિંશતિ-સ્તવ, ચોવીસ તીર્થંકરોની સ્તુતિ (૧૦) **वंदणे** = વંદણા (૧૧) **पडिक्कमणे** = પ્રતિક્રમણ (૧૨) **काउस्सग्गे** = કાયોત્સર્ગ (૧૩) **पच्चक्खाणे** = પ્રત્યાખ્યાન (૧૪) **थवथुइमंगले** = સ્તવ-સ્તુતિ મંગલ (૧૫) **कालपडिलेहणया** = કાળ પ્રતિલેખના (૧૬) **पायच्छित्तकरणे** = પ્રાયશ્ચિત્તકરણ (૧૭) **खमावणया** = ક્ષમાપના (૧૮) **सज्झाए** = સ્વાધ્યાય (૧૯) **वायणया** = વાચના (૨૦) **पडिपुच्छणया** = પ્રતિપૃચ્છના (પ્રશ્નોત્તર) (૨૧) **परियट्टणया** = પરિવર્તના (૨૨) **अणुप्पेहा** = અનુપ્રેક્ષા (૨૩) **धम्मकहा** = ધર્મકથા (૨૪) **सुयस्स आराहणया** = શ્રુતની આરાધના (૨૫) **एगग्गमणसण्णिवेसणया** = એકાગ્ર મન સન્નિવેશતા મનની એકાગ્રતા (૨૬) **संजमे** = સંયમ (૨૭) **तवे** = તપ (૨૮) **वोदाणे** = વ્યવદાન, કર્મોની નિર્જરા (૨૯) **सुहसाए** = સુખશાતા, વૈષયિક સુખોથી નિવૃત્તિ (૩૦) **अप्पडिबद्धया** = અપ્રતિબદ્ધતા (૩૧) **विवित्तसयणासणसेवणया** = વિવિક્ત શયન આસન સેવન, સ્ત્રી પશુ પંડક રહિત સ્થાન આસનનું સેવન (૩૨) **विणियट्टणया** = પાપકર્મોથી નિવૃત્ત થવું (૩૩) **संभोगपच्चक्खाणे** = સંભોગ પ્રત્યાખ્યાન (૩૪) **उवहिपच्चक्खाणे** = ઉપધિ પ્રત્યાખ્યાન (૩૫) **आहारपच्चक्खाणे** = આહાર પ્રત્યાખ્યાન (૩૬) **कसायपच्चक्खाणे** = કષાય પ્રત્યાખ્યાન (૩૭) **जोगपच्चक्खाणे** = યોગ પ્રત્યાખ્યાન (૩૮) **सरीरपच्चक्खाणे** = શરીર પ્રત્યાખ્યાન (૩૯) **सहायपच्चक्खाणे** = સહાય પ્રત્યાખ્યાન (૪૦) **भत्त पच्चक्खाणे** = ભક્ત પ્રત્યાખ્યાન, સંથારો કરવો (૪૧) **सब्भावपच्चक्खाणे** = સદ્ભાવ પ્રત્યાખ્યાન (૪૨) **पडिरूवणया** = પ્રતિરૂપતા, વેશ અને ભાવની એક રૂપતા (૪૩) **वेयावच्चे** = વૈયાવૃત્ત્ય, સેવા (૪૪) **सव्वगुणसंपण्णया** = સર્વગુણ સંપન્નતા (૪૫) **वीयरागया** = વીતરાગતા (૪૬) **खंती** = ક્ષમા (૪૭) **मुत्ती** = નિર્લોભતા (૪૮) **अज्जवे** = આર્જવ, સરળતા (૪૯) **मद्दवे** = માર્દવ, મૃદુતા, નમ્રતા (૫૦) **भावसच्चे** = ભાવસત્ય (૫૧) **करणसच्चे** = કરણસત્ય (૫૨) **जोगसच्चे** = યોગસત્ય (૫૩) **मणगुत्तया** = મનગુપ્તિ (૫૪) **वयगुत्तया** = વચનગુપ્તિ (૫૫) **कायगुत्तया** = કાયગુપ્તિ (૫૬) **मणसमाधारणया** = મનઃસમાધારણતા (૫૭) **वयसमाधारणया** = વચન સમાધારણતા (૫૮) **कायसमाधारणया** = કાય સમાધારણતા (૫૯) **णाणसंपण्णया** = જ્ઞાન-સંપન્નતા (૬૦) **दंसणसंपण्णया** = દર્શન સંપન્નતા (૬૧) **चरित्तसंपण्णया** = ચારિત્ર સંપન્નતા (૬૨) **सोइंदियणिग्गहे** = શ્રોતેન્દ્રિય નિગ્રહ (૬૩) **चक्खिंदिय णिग्गहे** = ચક્ષુઈન્દ્રિય નિગ્રહ (૬૪) **घाणिंदियणिग्गहे** = ઘ્રાણેન્દ્રિય નિગ્રહ (૬૫) **जिब्भिदियणिग्गहे** = જિહ્વેન્દ્રિય નિગ્રહ (૬૬) **फासिंदियणिग्गहे** = સ્પર્શેન્દ્રિય નિગ્રહ (૬૭) **कोहविजए** = ક્રોધ વિજય (૬૮) **माणविजए** = માન વિજય (૬૯) **माया विजए** = માયા વિજય (૭૦) **लोभविजए** = લોભ વિજય (૭૧) **पेज्जदोसमिच्छादंसण विजए** = રાગ-દ્વેષ, મિથ્યાદર્શન વિજય (૭૨) **सेलेसी** = શૈલેષી અવસ્થા (૭૩) **अकम्मया** = અકર્મતા, કર્મરહિત અવસ્થા. [ આ ૭૩ બોલનું ક્રમશઃ વર્ણન છે.]

**સંવેગ :–**

**૩** **संवेगेणं भंते ! जीवे किं जणयइ ?**

**संवेगेणं अणुत्तरं धम्मसद्धं जणयइ, अणुत्तराए धम्मसद्धाए संवेगं हव्वमागच्छइ, अणंताणुबंधी कोह-माण-माया-लोभे खवेइ, णवं च कम्मं ण बंधइ, तप्पच्चइयं च मिच्छत्त-विसोहिं काऊण दंसणाराहए भवइ, दंसणविसोहिए य णं विसुद्धाए अत्थेगइए जीवे तेणेव भवग्गहणेणं सिज्झइ बुज्झइ मुच्चइ परिणिव्वायइ सव्वदुक्खाणमंतं करेइ, विसोहिए य णं विसुद्धाए तच्चं पुणो भवग्गहणं णाइक्कमइ ।**

**શબ્દાર્થ :– भंते !** = હે ભગવન્ ! **संवेगेणं** = સંવેગ(મોક્ષની અભિલાષા)થી **जीवे** = જીવને **किं** = શું **जणयइ** = લાભ થાય છે ? **अणुत्तरं** = અનુત્તર, ઉત્કૃષ્ટ **धम्मसद्धं** = ધર્મશ્રદ્ધા **जणयइ** = ઉત્પન્ન થાય છે **अणुत्तराए** = અનુત્તર, સર્વોત્કૃષ્ટ **धम्मसद्धाए** = ધર્મશ્રદ્ધાથી **हव्वं** = શીઘ્ર જ **संवेगं** = સંવેગ, ઉત્કૃષ્ટ મોક્ષાભિલાષા **आगच्छइ** = ઉત્પન્ન થાય છે **अणंताणुबंधी-कोह-माण-माया-लोभे** = અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભનો **खवेइ** = ક્ષય થાય છે **णवं** = નવા **कम्मं** = કર્મોનો **ण बंधइ** = બંધ થતો નથી **तप्पच्चइयं** = કર્મબંધના નિમિત્તકારણ **मिच्छत्तविसोहिं** = મિથ્યાત્વની વિશુદ્ધિ **काऊण** = કરીને **दंसणाराहए** = સમ્યક્ત્વના આરાધક, ક્ષાયિક સમ્યક્ત્વના આરાધક **भवइ** = થઈ જાય છે **दंसणविसोहिए य णं** = દર્શનની, સમ્યક્ત્વની વિશુદ્ધિથી **विसुद्धाए** = વિશુદ્ધ બનેલો **अत्थेगइए** = કોઈ એક **जीवे** = જીવ **तेणेव** = તે જ **भवग्गहणेणं** = ભવમાં **सिज्झइ** = સિદ્ધ થાય છે **बुज्झइ** = બુદ્ધ થાય છે, જ્ઞાન પ્રાપ્ત કરે છે **मुच्चइ** = કર્મોથી મુક્ત થાય છે **परिणिव्वायइ** = પરિનિર્વાણ, પરમશાંતિ પ્રાપ્ત કરે છે **सव्वदुक्खाणमंतं करेइ** = બધા દુઃખોનો અંત કરે છે **विसोहिए य णं विसुद्धाए** = સમ્યક્ત્વની વિશુદ્ધિથી **तच्चं** = ત્રીજો **पुणो** = ફરીથી **भवग्गहणं** = ભવગ્રહણનું **णाइक्कमइ** = અતિક્રમણ કરતા નથી અર્થાત્ ત્રીજા ભવમાં અવશ્ય મોક્ષ મેળવી લે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંવેગથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** સંવેગથી જીવને અનુત્તર ધર્મશ્રદ્ધા થાય છે. અનુત્તર ધર્મશ્રદ્ધાથી શીઘ્ર સંવેગ પ્રાપ્ત થાય છે. તે જીવ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભનો ક્ષય કરે છે અને નવા કર્મો બાંધતો નથી. કર્મબંધના નિમિત્તકારણ મિથ્યાત્વની વિશુદ્ધિ કરીને જીવ સમ્યગ્દર્શનનો આરાધક થઈ જાય છે. દર્શન વિશુદ્ધિ દ્વારા વિશુદ્ધ થઈને કોઈ જીવ તે જ ભવમાં સિદ્ધ થાય છે, જ્ઞાન પામે છે, સર્વ કર્મોથી મુક્ત થાય છે અને સર્વ દુઃખોનો અંત કરે છે, સિદ્ધાલયમાં સ્થિત થાય છે. દર્શન વિશુદ્ધિથી વિશુદ્ધ થયેલા કોઈ જીવને કર્મો શેષ રહી જાય તો તે અવશ્ય ત્રીજા ભવે સર્વ કર્મોનો ક્ષય કરી મોક્ષ પામી સિદ્ધાલયમાં સ્થિત થાય છે. તે જીવને ત્રણ ભવથી વધારે ભવ કરવા પડતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સમ્યક્ પરાક્રમના પ્રથમ બોલ સંવેગનું નિરૂપણ છે.

મોક્ષમાર્ગનું પ્રથમ સોપાન સંવેગ છે. સંવેગભાવની પ્રાપ્તિ પછી જ સાધનાનો પ્રારંભ થાય છે.

**સંવેગ :–** સંવેગ શબ્દના ભિન્ન-ભિન્ન અર્થો થાય છે– (૧) સમ્યગ્ વેગ. મોક્ષ પ્રાપ્તિ માટેનો વેગ–તે દિશાનો તીવ્રતમ પુરુષાર્થ સંવેગ કહેવાય છે. (૨) **संवेगो मुक्त्यभिलाषः ।** મોક્ષાભિલાષા, મોક્ષ

પ્રત્યેની તીવ્ર ઉત્કંઠા, તે સંવેગ છે. (૩) ધર્મ અને ધર્મફળમાં પરમ ઉત્સાહ તે સંવેગ. (૪) ધાર્મિક પુરુષો પ્રત્યે અનુરાગ તે સંવેગ (૫) પંચપરમેષ્ઠિ પ્રત્યે ભક્તિ ભાવ તે સંવેગ. (૬) ધર્મ અને ધર્મતત્ત્વમાં શ્રદ્ધા, હિંસાદિથી વિરતિ, રાગ દ્વેષ, મોહાદિ સર્વ ગ્રંથીઓથી રહિત નિર્ગ્રંથ ગુરુઓમાં અવિચલ અનુરાગ થવો, તે સંવેગ છે.

(૭) આ રીતે મોક્ષ પ્રાપ્તિની તીવ્ર ઝંખના અને તે દિશાના પુરુષાર્થનો પ્રારંભ, તે સંવેગ છે. (૮) સાધકને કર્મથી મુક્ત થવાની અદમ્ય ઈચ્છા હોય, કર્મમુક્તિના માર્ગ પર અને તે માર્ગ પર પુરુષાર્થ કરતા સાધકો પર કે કર્મમુક્ત થયેલા પૂર્ણ પુરુષો પર સહજ અનુરાગ થાય, તે સંવેગ ભાવ છે.

**સંવેગનું ફળ :–** સૂત્રકારે તેના ક્રમિક પ્રાપ્ત થતાં એક-એક ફળને પ્રદર્શિત કર્યા છે– (૧) સંવેગ અર્થાત્ મોક્ષાભિલાષાથી શ્રુતધર્મ આદિની શ્રદ્ધા થાય છે. (૨) શ્રદ્ધાથી તીવ્ર સંવેગ– વૈરાગ્યને કારણે વિષયોનો રાગ છૂટી જાય છે. (૩) તેના પ્રભાવથી અનંત સંસારવર્ધક અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભનો ક્ષય થાય છે. (૪) તેનો ક્ષય થવાથી મિથ્યાત્વ જનિત નવા કર્મોનો બંધ થતો નથી. (૫) તે સાધક સમ્યક્ત્વનો આરાધક બની જાય છે. (૬) સમકિતના અતિચારોને દૂર કરીને નિરતિચાર દર્શનની આરાધના કરે છે. દર્શનની વિશુદ્ધિથી અત્યંત શુદ્ધ થઈને કોઈ જીવ તે જ ભવમાં મોક્ષે જાય છે. તાત્પર્ય એ છે કે કોઈ જીવને કર્મો ભોગવવાના બાકી રહ્યા હોય તો ત્રીજે ભવે મોક્ષે જાય છે. જે જીવને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પહેલાં આયુષ્યનો બંધ થયો ન હોય, તો તે જીવ તે જ ભવમાં મોક્ષે જાય છે અને પહેલાં આયુષ્યબંધ થઈ ગયો હોય તો ત્રીજે ભવે મોક્ષે જાય છે. યુગલિકનો આયુષ્યબંધ થયો હોય તો ચોથે ભવે અવશ્ય મોક્ષે જાય છે.

**जीवे किं जणयइ :–** જીવને શું લાભ થાય છે ? પ્રસ્તુત અધ્યયનના પ્રત્યેક બોલ સાથે આ પ્રશ્ન સૂચક વાક્યાંશ જોડાયેલો છે. આ વાક્ય જે બોલ સાથે હોય, તે બોલથી જીવને શું લાભ થાય છે ? તેમ પ્રત્યેક બોલમાં અર્થ સમજવો. તેના ઉત્તરમાં તે-તે ગુણથી પ્રાપ્ત થતાં ફળનું કથન પ્રત્યેક સૂત્રમાં છે.

**णवं कम्मं ण बंधइ :–** જેના અનંતાનુબંધી કષાયો સર્વથા ક્ષીણ થઈ જાય છે, જેનું દર્શન વિશુદ્ધ થઈ જાય છે તે જીવને મિથ્યાદર્શનજનિત કર્મબંધ થતો નથી.

### નિર્વેદ :–

**૪ णिव्वेएणं भंते ! जीवे किं जणयइ ?**

**णिव्वेएणं दिव्व-माणुस्स-तेरिच्छिएसु कामभोगेसु णिव्वेयं हव्वमागच्छइ, सव्व विसएसु विरज्जइ, सव्व विसएसु विरज्जमाणे आरंभपरिग्गहपरिच्चायं करेइ, आरंभ-परिग्गह-परिच्चायं करेमाणे संसारमग्गं वोच्छिंदइ, सिद्धिमग्गं पडिवण्णे य भवइ ।**

**શબ્દાર્થ :– णिव्वेएणं** = નિર્વેદ(સંસારની વિરક્તિ)થી જીવ **दिव्व-माणुस्स-तेरिच्छिएसु** = દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી સર્વ પ્રકારના **कामभोगेसु** = કામભોગોથી **हव्वं** = શીઘ્ર **णिव्वेयं** = વૈરાગ્ય, ઉદાસીનતા **आगच्छइ** = પ્રાપ્ત કરે છે **सव्व विसएसु** = સર્વ વિષયોથી **विरज्जमाणे** = વિરક્ત થયેલો જીવ **आरंभपरिग्गह-परिच्चायं करेइ** = આરંભ અને પરિગ્રહનો ત્યાગ કરે છે **आरंभपरिग्गहपरिच्चायं करेमाणे** = આરંભ-પરિગ્રહનો ત્યાગ કરતો **संसारमग्गं** = સંસાર માર્ગનો અર્થાત્ ભવ પરંપરાનો **वोच्छिंदइ** = વ્યવછેદ, નાશ કરે છે **सिद्धिमग्गं** = સિદ્ધિમાર્ગ, મોક્ષમાર્ગનો **पडिवण्णे** = પ્રતિપન્નક, પથિક **भवइ** = બની જાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન્ ! નિર્વેદથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** નિર્વેદથી જીવ દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી કામભોગોથી શીઘ્ર વૈરાગ્ય પામે છે. ક્રમશઃ સર્વ વિષયોથી વિરક્ત થઈ જાય છે. સર્વ વિષયોથી વિરક્ત થઈને તે આરંભ-પરિગ્રહનો ત્યાગ કરે છે. આરંભ-પરિગ્રહનો પરિત્યાગ કરવાથી સંસારમાર્ગનો વિચ્છેદ-નાશ કરે છે અને સિદ્ધિ માર્ગ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નિર્વેદથી પ્રગટ થતાં ગુણોનું નિરૂપણ છે.

**णिव्वेयं :–** નિર્વેદના વિવિધ અર્થ છે– (૧) સાંસારિક વિષયોના ત્યાગની ભાવના (૨) સંસારથી વૈરાગ્ય (૩) સંસાર પ્રતિ ઉદ્વિગ્નતા (૪) સર્વ અભિલાષાઓનો ત્યાગ (૫) વિવિધ ઉદય ભાવોમાં સમભાવ.

સંવેગ અને નિર્વેદ એક સિક્કાની બે બાજુ છે. જ્યારે મોક્ષની તીવ્ર અભિલાષા રૂપ સંવેગ ભાવ પ્રગટે ત્યારે સંસારના ભોગો પ્રતિ નિર્વેદ–વૈરાગ્ય ભાવ જાગૃત થાય છે. આ રીતે સંવેગ વિધિરૂપ છે જ્યારે નિર્વેદ નિષેધાત્મક–ત્યાગરૂપ છે.

**નિર્વેદનું ફળ :–** જીવનો સમગ્ર પુરુષાર્થ વેગપૂર્વક મોક્ષ તરફ થતો હોય ત્યારે તે જીવ સંસાર માર્ગથી પાછો ખસતો જાય છે. (૧) તે જીવને સર્વ કામભોગો અને વિષયોથી વિરક્તિ થાય છે. (૨) વિષય વિરક્તિના કારણે તે આરંભ-પરિગ્રહનો પરિત્યાગ કરે છે. (૩) તેથી તેની ભવ પરંપરાનો વિચ્છેદ થાય છે. (૪) તે જીવ મોક્ષ માર્ગનો પથિક બનીને અંતે રત્નત્રયની આરાધનારૂપ સિદ્ધિ માર્ગની પ્રાપ્તિ કરે છે.

**ધર્મ શ્રદ્ધા :–**

**૫ धम्मसद्धाए णं भंते ! जीवे किं जणयइ ?**

**धम्मसद्धाए णं सायासोक्खेसु रज्जमाणे विरज्जइ, आगारधम्मं च णं चयइ, अणगारिए णं जीवे सारीरमाणसाणं दुक्खाणं छेयणभेयण-संजोगाईणं वोच्छेयं करेइ, अव्वाबाहं च सुहं णिव्वत्तेइ ।**

**શબ્દાર્થ :– धम्मसद्धाए** = ધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખવાથી **सायासोक्खेसु** = શાતા વેદનીયકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા સુખોમાં **जीवे** = જીવ **रज्जमाणे** = અનુરાગ કરતો હતો તેમાં **विरज्जइ** = વિરક્ત થઈ જાય છે **आगारधम्मं** = આગાર ધર્મ-ગૃહસ્થ ધર્મનો **चयइ** = ત્યાગ કરે છે **अणगारिए** = અણગાર-મુનિ બનીને **सारीरमाणसाणं** = શારીરિક અને માનસિક **दुक्खाणं** = દુઃખોનું **छेयणभेयण** = છેદન ભેદન કરે છે **संजोगाईणं** = સંયોગ-વિયોગજન્ય દુઃખોનો **वोच्छेयं** = નાશ **करेइ** = કરે છે **अव्वाबाहं** = અવ્યાબાધ(બાધા-પીડા રહિત) **सुहं** = મોક્ષ-સુખને **णिव्वत्तेइ** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! ધર્મ શ્રદ્ધાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** ધર્મશ્રદ્ધાથી જીવ શાતાવેદનીય કર્મજનિત વૈષયિક સુખોની આસક્તિથી વિરકત થઈ જાય છે, આગારધર્મ–ગૃહસ્થ સંબંધી પ્રવૃત્તિનો ત્યાગ કરે છે. તે અણગાર થઈને છેદન-ભેદન અને સંયોગ-વિયોગ જન્ય શારીરિક અને માનસિક દુઃખોનો વિનાશ કરે છે તથા અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ધર્મ શ્રદ્ધાથી પ્રગટ થતાં ગુણોનું નિરૂપણ છે.

શ્રુત ચારિત્રરૂપ ધર્મની અટલ આસ્થા અને તેનું આચરણ કરવાની અભિલાષા અથવા તીવ્ર ધર્મેચ્છાને **ધર્મશ્રદ્ધા** કહે છે.

**सायासोक्खेसु रज्जमाणे विरज्जइ :–** શાતા વેદનીયજન્ય સુખથી વિરક્ત થાય છે. શારીરિક, માનસિક, સાંયોગિક સર્વ પ્રકારની અનુકૂળતા, વિષયસુખની પ્રાપ્તિ વગેરે સર્વ સુખ શાતાવેદનીય કર્મજન્ય છે. સામાન્ય રીતે સંસારી જીવોને તે સુખની ઈચ્છા હોય જ છે. પરંતુ જ્યારે જીવને ધર્મશ્રદ્ધા થાય છે ત્યારે તેને સ્વ-પરનું ભેદ વિજ્ઞાન થઈ જાય છે; તે જીવ ધર્મ-કર્મનું અને ભોગ-ત્યાગનું સ્વરૂપ સ્પષ્ટતાથી સમજે છે. ભોગમાર્ગની ભયાનકતા અને તેની અશુભ પરંપરાને જાણીને તે વિષયોની આસક્તિથી વિરામ પામે છે. કર્મજન્ય શુભ કે અશુભ કોઈપણ ભાવો પ્રતિ તેને આકર્ષણ રહેતું નથી; અવ્યાબાધ સુખ પ્રાપ્તિ જ તેનું લક્ષ્ય બની જાય છે અને અંતે તે મોક્ષ સુખોને પ્રાપ્ત કરે છે.

**छेयण-भेयण-संजोगाइणं :–** તલવાર આદિથી ટુકડા કરવા, કાપી નાખવા તે **છેદન;** ભાલા આદિથી વિંધી નાખવા તે **ભેદન** કહેવાય છે. અણગમતી વસ્તુઓ કે પરિસ્થિતિઓ પ્રાપ્ત થાય તે **અનિષ્ટ સંયોગ** છે અને મન ઈચ્છિત પદાર્થો ન મળવા કે મળેલાનો વિચ્છેદ થઈ જવો તે **ઈષ્ટ વિયોગ** છે.

### ગુરુ સાધર્મિકની શુશ્રૂષા :–

## ६ गुरुसाहम्मिय सुस्सूसणयाए णं भंते ! जीवे किं जणयइ ?

**गुरुसाहम्मिय-सुस्सूसणयाए णं विणयपडिवत्तिं जणयइ, विणयपडिवण्णे य णं जीवे अणच्चासायणसीले णेरइय-तिरिक्खजोणिय-मणुस्स-देव-दुग्गईओ णिरुंभइ, वण्णसंजलण-भत्ति-बहुमाणयाए मणुस्स-देवसुग्गईओ णिबंधइ, सिद्धि-सोग्गइं च विसोहेइ, पसत्थाइं च णं विणयमूलाइं सव्वकज्जाइं साहेइ, अण्णे य बहवे जीवा विणइत्ता भवइ।**

**શબ્દાર્થ :– गुरुसाहम्मिय सुस्सूसणयाए** = ગુરુજનો અને સાધર્મિકોની સેવા શુશ્રૂષા કરવાથી **विणयपडिवत्तिं जणयइ** = વિનય પ્રતિપત્તિ અર્થાત્ વિનયની પ્રાપ્તિ થાય છે **विणयपडिवण्णे** = વિનયને પ્રાપ્ત થયેલો **जीवे** = જીવ **अणच्चासायणसीले** = સમ્યક્ત્વાદિનો નાશ કરનારી આશાતનાનો પરિત્યાગ કરે છે **णेरइय- तिरिक्खजोणिय-मणुस्स-देव-दुग्गईओ** = નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ સંબંધી દુર્ગતિઓનો **णिरुंभइ** = નિરોધ કરે છે **वण्ण** = પ્રશંસા, ગુણકીર્તન **संजलण** = ગુણ પ્રકાશન **भत्ति** = ભક્તિ **बहुमाणयाए** = બહુમાન કરવાથી **मणुस्स देवसुग्गईओ** = મનુષ્ય અને દેવોમાં ઉત્તમ ઐશ્ચર્ય આદિ સંપન્ન શુભગતિનો **णिबंधइ** = બંધ કરે છે **सिद्धिसोग्गइं** = સિદ્ધિ-સુગતિની, મોક્ષના કારણભૂત જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગની **विसोहेइ** = વિશુદ્ધિ કરે છે **विणयमूलाइं** = વિનય-મૂલક **पसत्थाइं** = પ્રશસ્ત **सव्वकज्जाइं** = સર્વ ઉત્તમ કાર્યો **साहेइ** = સિદ્ધ કરી લે છે **अण्णे** = બીજા **बहवे** = ઘણા **जीवा** = જીવોને **विणइत्ता भवइ** = વિનયવાન બનાવે છે અર્થાત્ તેને જોઈને ઘણા જીવ વિનયવાન બને છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! ગુરુજનો અને સાધર્મિકોની સેવા શુશ્રૂષા કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** ગુરુજનો અને સાધર્મિકોની સેવા-શુશ્રૂષા કરવાથી જીવ વિનયવાન બને છે. વિનયવાન વ્યક્તિ ગુરુજનો, વડિલો અને સાધર્મિકોની આશાતના કરતો નથી. આશાતના નહીં કરનાર તે જીવ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ ગતિ સંબંધી દુર્ગતિનો બંધ કરતો નથી. વિનયવાન વ્યક્તિ ગુરુજનોની પ્રશંસા, ગુણ-કીર્તન, આદરભાવ રૂપ ભક્તિ અને હૃદયમાં તેમના પ્રત્યે પ્રીતિરૂપ બહુમાન વગેરે દ્વારા વિશિષ્ટ

કુળમાં જન્મરૂપ મનુષ્ય સુગતિ અને ઈન્દ્રત્વ આદિ પદની પ્રાપ્તિરૂપ દેવ સંબંધી સુગતિ આપનાર શુભકર્મો બાંધે છે. વિનયવાન જીવ સિદ્ધિરૂપ સુગતિનું વિશોધન કરે છે અર્થાત્ સિદ્ધગતિને પ્રાપ્ત કરાવનાર સમ્યગ્દર્શન આદિની શુદ્ધિ કરે છે. વિનયમૂલક શ્રુતજ્ઞાનાદિરૂપ સર્વ પ્રશસ્ત કાર્યોને સિદ્ધ કરે છે અને તેને જોઈને બીજા ઘણાં જીવો વિનયવાન બને છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ગુરુ અને સાધર્મિકોની સેવા-શુશ્રૂષાના ફળનું કથન છે.

**सुस्सूसणया :–** શુશ્રૂષા. તેના અર્થ આ પ્રમાણે છે– (૧) ગુરુ-રત્નાધિક અને સહવર્તી સાધર્મિકોના આદેશને વિનયપૂર્વક સાંભળવાની ઈચ્છા (૨) ગુર્વાદિકોથી ન અતિ દૂર કે ન અતિ નિકટ રહીને વિધિપૂર્વક તેમની પર્યુપાસના-સેવા કરવી (૩) ગુરુ આદિ પાસેથી સદ્‌બોધ તથા ધર્મશાસ્ત્ર સાંભળવાની ઈચ્છા રાખવી.

**શુશ્રૂષાનું ફળ :–** ગુર્વાદિકોની સેવા કરનાર જીવ વિનય વ્યવહારને કેળવનાર થાય છે, તેથી આશાતનાઓથી બચી જાય છે. આશાતનાઓના દોષથી મુક્ત તે જીવ ચારે ય ગતિ સંબંધી દુર્દશાઓને પ્રાપ્ત ન કરતાં મનુષ્ય અને દેવગતિ સંબંધી શ્રેષ્ઠ અવસ્થાઓને પ્રાપ્ત કરે છે. વિનયશીલતાથી તેના સર્વકાર્યો સિદ્ધ થાય છે તેમજ તેના સમ્યક્ વ્યવહાર અને તેનાથી થતાં લાભને જોઈને અન્ય જીવોને પણ તે માર્ગે આવવાની પ્રેરણા મળે છે. આ રીતે સેવા-શુશ્રૂષા સ્વ-પરના લાભનું કારણ બને છે.

**विणयपडिवत्ति :–** વિનયના અનેક લાભોને જાણીને વિનયવાન બનવું. વિનયને અંગીકાર કરવો. વિનય ભાવથી સંપૂર્ણ રીતે ભાવિત થવું, તે વિનય પ્રતિપત્તિ છે.

પ્રસ્તુત સૂત્રમાં વિનય પ્રતિપત્તિના ચાર અંગ બતાવ્યા છે– (૧) **वण्ण** = વર્ણ, શ્લાઘા. ગુરુ ગુણની પ્રશંસા, ગુરુદેવની પ્રશંસા (૨) **संजलण**– સંજ્વલન. ગુણપ્રકાશન, ગુણોનું કીર્તન કરવું (૩) **भत्ति**– ભક્તિ. હાથ જોડીને આદરભાવપૂર્વક ગુરુ પધારે ત્યારે ઊભા થવું, આસન આપવું વગેરે આદર કરવો (૪) **बहुमाण**– બહુમાન. આંતરિક પ્રીતિવિશેષ, વાત્સલ્ય, મનમાં આદરભાવ થવો.

**मणुस्सदेव दुग्गईओ :–** આમ તો મનુષ્યગતિ અને દેવગતિ બંને સુગતિઓ છે, પરંતુ જ્યારે મનુષ્યગતિમાં મ્લેચ્છતા, દરિદ્રતા, અંગ વિકલતા આદિ પ્રાપ્ત થાય છે અને દેવગતિમાં નિમ્નતમ હલકી જાતિ, કિલ્વિષીપણું આદિ પ્રાપ્ત થાય, ત્યારે તે બંનેને દુર્ગતિ સમજવી.

**मणुस्स देव सुग्गईओ :–** મનુષ્ય અને દેવ સંબંધી સુગતિ– વિશિષ્ટ કુળમાં જન્મ, ઐશ્વર્યની પ્રાપ્તિ વગેરે મનુષ્ય સુગતિ અને દેવભવમાં ઈન્દ્રત્વ આદિ વિશિષ્ટ પદની પ્રાપ્તિ થવી તે દેવ સુગતિ છે.

**विणयमूलाइं सव्व कज्जाइं :–** વિનયમૂલક સર્વકાર્યો. વિનયથી સિદ્ધ થતાં સર્વ કાર્યો. ગુર્વાદિકોનો વિનય કરવાથી આ ભવમાં શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ, દર્શન વિશુદ્ધિ વગેરે અનેક પ્રયોજનો, કાર્યો સિદ્ધ થાય, પરભવમાં પદવી ધારી દેવપણાની પ્રાપ્તિ અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**આલોચના :–**

**૭ आलोयणाए णं भंते ! जीवे किं जणयइ ?**

**आलोयणाए णं माया-णियाण-मिच्छादंसणसल्लाणं मोक्खमग्ग- विग्घाणं अणंत-संसार- वद्धणाणं उद्धरणं करेइ, उज्जुभावं च जणयइ, उज्जुभाव पडिवण्णे**

**य णं जीवे अमाई इत्थिवेयं णपुंसगवेयं च ण बंधइ, पुव्वबद्धं च णं णिज्जरेइ ।**

**શબ્દાર્થ :– आलोयणाए णं** = ગુરુ સમક્ષ પોતાના દોષો પ્રકાશિત કરીને આલોચના કરવાથી **मोक्खमग्ग विग्घाणं** = મોક્ષ માર્ગમાં વિઘ્ન કરનાર-વિઘાતક **अणंतसंसारवद्धणाणं** = અનંત સંસારની વૃદ્ધિ કરનાર **मायाणियाण-मिच्छादंसण-सल्लाणं** = માયા, નિદાન અને મિથ્યાદર્શનરૂપ ત્રણ શલ્યોને **उद्धरणं करेइ** = હૃદયમાંથી કાઢી નાંખે છે **उज्जुभावं** = સરળ ભાવ **जणयइ** = પ્રાપ્ત કરે છે **उज्जुभावपडिवण्णे** = સરળભાવને પ્રાપ્ત થયેલો **जीवे** = જીવ **अमाई** = માયા કપટ રહિત થઈ જાય છે **इत्थिवेयं** = સ્ત્રીવેદ **णपुंसगवेयं** = નપુંસક વેદનો **ण बंधइ** = બંધ કરતો નથી **पुव्वबद्धं** = પહેલાં બંધ થયો હોય તો **णिज्जरेइ** = તેની નિર્જરા કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આલોચનાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** આલોચનાથી મોક્ષમાર્ગમાં વિઘ્નકારક અને અનંત સંસારવર્ધક માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાદર્શનશલ્ય હૃદયમાંથી નીકળી જાય છે અને જીવ સરળતાને પ્રાપ્ત કરે છે. સરળતાને પ્રાપ્ત થયેલો જીવ માયારહિત-સરળ થઈ જાય છે, તેથી તે સ્ત્રીવેદ અને નપુંસક વેદનો બંધ કરતો નથી. જો સ્ત્રીવેદ કે નપુંસક વેદ પહેલા બંધાઈ ગયા હોય, તો આલોચનાથી તેની નિર્જરા થઈ જાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં આલોચનાના ફળનું દિગ્દર્શન છે.

**આલોચના :–** આલોચના એટલે (૧) **आत्मदोषाणां गुरु पुरतः प्रकाशनाऽऽलोचनाः** । ગુરુ સમક્ષ પોતાના દોષોનું પ્રકાશન, (૨) પોતાના દૈનિક જીવનમાં લાગેલા દોષોનું સ્વયં નિરીક્ષણ, સ્વાવલોકન, આત્મસંપ્રેક્ષણ (૩) ગુણદોષોની સમીક્ષા.

**આલોચનાનું ફળ :–** ગુરુ સમક્ષ પાપોનું પ્રકાશન કરવાથી તે પાપદોષ દૂર થઈ જાય છે. તેમાં મહત્ત્વનો લાભ એ છે કે તે જીવ મોક્ષમાર્ગના બાધક માયા, નિદાન, મિથ્યાત્વ રૂપ ત્રણ શલ્ય રહિત બની જાય છે. જ્યાં સુધી આ શલ્યો અંતરમાં ખૂંચતા હોય, છુપાઈને રહેલા હોય, ત્યાં સુધી મોક્ષમાર્ગમાં જીવની પ્રગતિ થતી નથી. શલ્ય રહિત જીવ જ સાધનામાર્ગમાં વિકાસ કરી શકે છે. માયા કપટનો નાશ થતાં તે જીવ સરળ બને છે અને સરળ વ્યક્તિની જ શુદ્ધિ થઈ શકે છે. આ રીતે આલોચના કરવાથી તે જીવ મોક્ષ પ્રાપ્તિ માટેની યોગ્યતા પ્રાપ્ત કરે છે.

**मायाणियाण मिच्छादंसण सल्लाणं :–** માયા, નિદાન અને મિથ્યાદર્શન શલ્ય. તીક્ષ્ણ કાંટા, તીક્ષ્ણ બાણ અથવા શરીરની અંદરના ઘા કે પીડા દેનારી વસ્તુને શલ્ય કહેવાય છે. જેવી રીતે પગમાં ખૂંચી ગયેલો કાંટો નીકળે નહીં ત્યાં સુધી ખટકતો રહે છે, તેવી રીતે માયા, નિદાન અને મિથ્યાદર્શન રૂપ શલ્યો હૃદયમાં સદા ખટકતા રહે છે. આ ત્રણ શલ્યોની જેનાથી ઉત્પત્તિ થાય છે એવા કારણભૂત કર્મને દ્રવ્ય શલ્ય કહે છે અને તેના ઉદયથી માયા, નિદાન અને મિથ્યાદર્શનરૂપ ભાવો પ્રગટે, તે આત્મભાવો(પરિણામ)ને ભાવશલ્ય કહે છે. છલ, કપટ તેમજ બીજાને છેતરવાની વૃત્તિ, તે **માયા** છે. તપ, ધર્માચરણ આદિના ફળ રૂપે વૈષયિક સુખોની માંગણી કરવી તે **નિદાન** કહેવાય છે. જીવાદિ નવ તત્ત્વો અને દેવ ગુરુ તથા ધર્મને વિપરીતરૂપે જાણવા, માનવા અને શ્રદ્ધવા તે **મિથ્યાદર્શન** છે.

**इत्थिवेयं णपुंसगवेयं च ण बंधइ :–** આલોચના કરનાર જીવ સ્ત્રીવેદ કે નપુંસકવેદનો બંધ

કરતા નથી. (૧) આલોચના કરનાર સાધક આરાધક થાય છે અને આરાધક જીવ તે જ ભવે મોક્ષ પ્રાપ્ત કરે તો કોઈ પણ વેદ મોહનીય કર્મનો બંધ કરતા નથી અને જો તેના કર્મો શેષ રહે તો તે દેવ થાય છે, ત્યારે તે માત્ર પુરુષવેદનો બંધ કરે છે. (૨) આરાધકને સ્ત્રી અને નપુંસક વેદનો બંધ ન થવામાં મુખ્ય કારણ એ છે કે આલોચના કરનાર આરાધક જીવ ચોથા, પાંચમા કે છટ્ઠા આદિ ગુણસ્થાનમાં હોય છે, તે ગુણસ્થાનોમાં સ્ત્રી વેદ અને નપુંસક વેદનો બંધ થતો નથી; તે બંને વેદનો બંધ પ્રથમ ગુણસ્થાનમાં થાય છે.

**આત્મદોષ નિંદા :–**

**૮ णिंदणयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**णिंदणयाए णं पच्छाणुतावं जणयइ, पच्छाणुतावेणं विरज्जमाणे करणगुणसेढिं पडिवज्जइ, करणगुणसेढिं पडिवण्णे य अणगारे मोहणिज्जं कम्मं उग्घाएइ ।**

**શબ્દાર્થ :– णिंदणयाए णं** = આત્મનિંદા અર્થાત્ પોતાના દોષોની સ્વયં નિંદા કરવાથી **पच्छाणुतावं जणयइ** = પશ્ચાતાપ થાય છે **पच्छाणुतावेण** = પશ્ચાતાપ કરવાથી **विरज्जमाणे** = વૈરાગ્ય ઉત્પન્ન થતાં **करणगुणसेढिं** = ક્ષપક શ્રેણી પર **पडिवज्जइ** = ચઢે છે **च** = અને **करणगुणसेढिं पडिवण्णे** = ક્ષપક શ્રેણી પર ચઢેલો **अणगारे** = અણગાર **मोहणिज्जं** = મોહનીય **कम्मं** = કર્મનો **उग्घाएइ** = ક્ષય કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નિંદા કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** પોતાના દોષોની નિંદા કરવાથી પશ્ચાત્તાપ થાય છે. પશ્ચાત્તાપથી વૈરાગ્ય પામેલો જીવ કરણ ગુણ શ્રેણી(ક્ષપક શ્રેણી) પર ચઢે છે. ક્ષપક શ્રેણી પર આરૂઢ થયેલો અણગાર મોહનીય કર્મનો ક્ષય કરે છે.

**વિવેચન :–**

આત્મનિંદા વિના આલોચના પુષ્ટ થતી નથી. આલોચનામાં આત્મનિંદાની અધિક આવશ્યકતા છે. તેથી સૂત્રકારે આલોચના પછી તરત જ(અનંતર) આત્મનિંદાના ફળની પૃચ્છા કરી છે.

**આત્મ નિંદાનું ફળ :–** નિંદા એટલે પાપનો પશ્ચાતાપ. પશ્ચાતાપ કરનાર વ્યક્તિ પવિત્ર બની જાય છે. પશ્ચાતાપની તીવ્ર ભઠ્ઠીમાં તેનું મોહનીયકર્મ નાશ પામે છે અને તે કેવળજ્ઞાન અને કેવળદર્શનને પ્રગટ કરે છે.

**करणगुणसेढिं :–** કરણગુણશ્રેણી શબ્દ જૈન શાસ્ત્રોનો પારિભાષિક શબ્દ છે. તે 'કરણ' અને 'ગુણશ્રેણી' એમ બે શબ્દોનો બનેલો છે. કરણનો અર્થ છે અપૂર્વકરણ. અપૂર્વકરણ એટલે પહેલાં કદાપિ પ્રાપ્ત ન થયેલા આત્માના નિર્મળ પરિણામ.ગુણશ્રેણી એટલે 'અપૂર્વ-કરણ'થી ભાવોની ઉત્તરોત્તર વૃદ્ધિ થતાં મોહનીય કર્મના ઉપશમ કે ક્ષયને કારણે આત્માના ગુણો પ્રગટ થવા. કરણ ગુણશ્રેણીનો અર્થ અહીં પ્રસંગવશ ક્ષપક શ્રેણી છે.

મોહનીય કર્મના નાશ માટેની બે પ્રક્રિયા છે– (૧) ઉપશમ શ્રેણી (૨) ક્ષપક શ્રેણી. શ્રેણીનો પ્રારંભ આઠમા ગુણસ્થાનથી થાય છે. તે ગુણસ્થાને રહેલો સાધક કર્મોનો અભૂતપૂર્વ સ્થિતિઘાત, રસઘાત, ગુણ- સંક્રમણ આદિ કરે છે, તે આધ્યાત્મિક વિકાસની ઉચ્ચતમ ભૂમિકાનો પ્રારંભ છે.

**ઉપશમ શ્રેણી :–** જે સાધક અપ્રમત્ત ભાવોમાં જ્યારે મોહનીય કર્મનો ઉપશમ કરતો આગળ વધે છે ત્યારે તે નવમા, દશમા ગુણસ્થાને થઈને અગિયારમા ગુણસ્થાને પહોંચે છે, ત્યાં મોહનીય કર્મનો સંપૂર્ણ

ઉપશમ કરે છે. તે જીવ અંતર્મુહૂર્ત માટે મોહ રહિત વીતરાગ અવસ્થાનો અનુભવ કરે છે. અંતર્મુહૂર્તની સ્થિતિ પૂર્ણ થતાં ઉપશાંત કરેલું મોહનીય કર્મ ઉદયમાં આવે છે અને તે જીવ દસમા આદિ નીચેના ગુણસ્થાનોમાં ક્રમશઃ આવી જાય છે.

**ક્ષપક શ્રેણી :–** ક્ષપકશ્રેણી ભાવવિશુદ્ધિની એક ઉચ્ચ પ્રકારની આધ્યાત્મિક પ્રક્રિયા છે. તેમાં સાધક અપ્રમત્તભાવોમાં પ્રબળ પુરુષાર્થથી મોહનીય કર્મનો ક્ષય કરતો આગળ વધે છે. ત્યારે ભવિષ્યમાં ઉદયમાં આવવા યોગ્ય મોહનીયકર્મના અનંતપ્રદેશી દલિકોને ક્રમશઃ ઉદયમાં લાવીને ક્ષય કરે છે. મોહનીયકર્મક્ષયની આ પ્રક્રિયામાં પ્રથમ સમયથી બીજા સમયે, બીજા સમયથી ત્રીજા સમયે અસંખ્યાતગુણ અધિક કર્મદલિકોનો ક્ષય થાય છે. આ પ્રકારે પ્રત્યેક સમયથી પછીના સમયે અસંખ્યાતગુણ અધિક કર્મદલિકોનો ક્ષય થાય છે. કર્મનિર્જરાની આ ધારા અસંખ્ય સમયાત્મક અંતર્મુહૂર્ત સુધી ચાલે છે. તેટલા સમયમાં તે જીવ નવમા ગુણસ્થાને થઈને દસમા ગુણસ્થાને પહોંચી જાય છે. ત્યાં મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય થતાં સાધક બારમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. ત્યાં પણ અસંખ્ય સમયના અંતર્મુહૂર્ત સુધી રહી ત્રણ ઘાતી કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન અને કેવલ દર્શન પ્રાપ્ત કરી તેરમા ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે. ત્યાં પોતાના આયુષ્ય પ્રમાણે સ્થિત રહે છે. આ આખી પ્રક્રિયાને જૈન પરિભાષામાં ક્ષપક શ્રેણી કહે છે. ક્ષપક શ્રેણીનો પ્રારંભ કર્યા પછી જીવને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે.

**આત્મદોષ ગર્હા :–**

**૭ गरहणयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**गरहणयाए णं अपुरक्कारं जणयइ, अपुरक्कारगए णं जीवे अप्पसत्थेहिंतो जोगेहिंतो णियत्तेइ, पसत्थे य पडिवज्जइ, पसत्थ जोगपडिवण्णे य णं अणगारे अणंतघाइ पज्जवे खवेइ ।**

**શબ્દાર્થ :– गरहणयाए** = આત્મગર્હાથી **अपुरक्कारं** = અપુરસ્કાર ભાવ, અનાદર ભાવ, ગર્વ-ભંગની **जणयइ** = પ્રાપ્તિ થાય છે અને આત્મનમ્રતા પ્રાપ્ત થાય છે **अपुरक्कारगए णं** = આત્મનમ્રતા પ્રાપ્ત કરેલો **जीवे** = જીવ **अप्पसत्थेहिंतो** = અપ્રશસ્ત, અશુભ **जोगेहिंतो** = યોગોથી **णियत्तेइ** = નિવૃત્ત થઈ જાય છે **पसत्थजोगपडिवण्णे** = શુભ યોગો પ્રાપ્ત કરનાર **अणगारे** = અણગાર **अणंत-घाइ** = અનંત જ્ઞાન, દર્શનાદિની ઘાત કરનારા ઘાતીકર્મોના **पज्जवे** = કર્મ પર્યાયોનો **खवेइ** = ક્ષય કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આત્મગર્હાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** આત્મ ગર્હાથી જીવ અપુરસ્કાર(ગર્વ ભંગ) ભાવ પ્રાપ્ત કરે છે. અપુરસ્કાર ભાવને(ગર્વ ભંગને) પ્રાપ્ત થયેલો જીવ અપ્રશસ્ત મન, વચન, કાયાના વ્યાપારથી નિવૃત્ત થઈ જાય છે. પ્રશસ્ત યોગ પ્રાપ્ત કરનાર તે અણગાર અનંત જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય રૂપ ચાર ઘાતીકર્મોની પર્યાયોનો ક્ષય કરે છે.

**વિવેચન :–**

**गरहणया :–** ગર્હાનો અર્થ છે– ગુરુ આદિની સમક્ષ પોતાના દોષો પ્રગટ કરવા અને આત્મસાક્ષીએ તે દોષોનો ત્યાગ કરવો, ગર્હા છે.

**ગર્હાનું ફળ :–** પોતાના દોષો ગુરુ સમક્ષ કે અન્ય સમક્ષ પ્રગટ કરનાર વ્યક્તિના દોષો બધા જાણે છે. તેથી

લોકો તેને પાપી ગણીને અનાદર કરે છે. લોકોના અનાદરને સહન કરતો હોવાથી તેના અભિમાનનો નાશ થાય છે અને નમ્રતા પ્રગટ થાય છે. આજ સુધી મન, વચન, કાયાથી પાપદોષનું સેવન કર્યું હતું, તેના પરિણામે હું અનાદરને પ્રાપ્ત થયો છું, તેમ જાણીને તે જીવ ફરી તે પાપનું સેવન કરતો નથી અને નમ્રભાવોમાં રહેતા તેના ભાવો વિશુદ્ધ થાય છે. ભાવ વિશુદ્ધિ અને શુભયોગમાં પ્રગતિ કરતા તે ઘાતીકર્મોનો નાશ કરી કેવળજ્ઞાનને પ્રગટ કરે છે.

**अपुरक्कारं :–** 'આ વ્યક્તિ ગુણવાન છે' આમ કહીને ગૌરવ–બહુમાન પ્રગટ કરવું, તે પુરસ્કાર છે. આ પ્રકારના પુરસ્કારનો અભાવ અર્થાત્ ગૌરવ–બહુમાન ન થાય તે અપુરસ્કાર છે. સાધક પોતાના દોષો પ્રગટ કરીને પોતાનો અપુરસ્કાર અર્થાત્ અનાદર પ્રાપ્ત કરે છે. ખરેખર તે સાધક પોતાના જ કષાયાત્મા અને અશુભ યોગાત્માનો અનાદર કરે છે.

**अपसत्थेहिंतो :–** પોતાના દોષોનો અનાદર કરનાર વ્યક્તિ કર્મબંધના હેતુભૂત અપ્રશસ્ત યોગોથી નિવૃત્ત થઈ જાય છે.

**अणंत-घाइ-पज्जवे :–** જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય, એ ચાર આત્માના ગુણ છે. જ્ઞાન અને દર્શનને આવરણ કરનાર પરમાણુઓને ક્રમશઃ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ કહે છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્ ચારિત્રનું વિઘાતક મોહનીય કર્મ છે અને દાન, લાભ, ભોગ આદિ પાંચ લબ્ધિઓનું વિઘાતક અંતરાય કર્મ છે. આ ચાર કર્મો આત્માના નિજગુણોનો ઘાત કરે છે અર્થાત્ નિજગુણોને આવરિત કરે છે. તેથી તે **ઘાતીકર્મ** કહેવાય છે. **પર્યવ** શબ્દ અહીં કર્મ પર્યાય, કર્મ પુંજ માટે પ્રયુક્ત છે. ગર્હાથી ક્રમશઃ આગળ વધતા સાધક ઘાતીકર્મોનો સંપૂર્ણ રીતે ક્ષય કરે છે.

**સામાયિક :–**

**૧૦ सामाइएणं भंते ! जीवे किं जणयइ ? सामाइएणं सावज्ज-जोग-विरइं जणयइ।**

**શબ્દાર્થ :– सामाइएणं** = સામાયિક કરવાથી **सावज्ज-जोग** = સાવદ્ય યોગોથી, પાપકારી પ્રવૃત્તિથી **विरइं** = નિવૃત્તિ **जणयइ** = થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સામાયિક કરવાથી જીવને શું લાભ થાય છે ? **ઉત્તર–** સામાયિક કરવાથી જીવ સાવદ્યયોગોથી અર્થાત્ પાપાચરણથી નિવૃત્ત થાય છે.

**વિવેચન :–**

આવશ્યક સૂત્રમાં દર્શાવેલા છ આવશ્યકમાં સામાયિક તે પ્રથમ આવશ્યક છે.

**સામાયિક :–** સર્વ પ્રકારના સાવદ્યયોગ–પાપાચરણથી નિવૃત્ત થઈ પૂર્ણતયા સમભાવમાં સ્થિત થવું, તે સામાયિક છે. બે ઘડી, ચાર ઘડી આદિ મર્યાદિત સમય માટે તે અવસ્થાને સ્વીકારવી, તે શ્રાવકની **દેશવિરતિ સામાયિક** છે અને જીવન પર્યંત તે અવસ્થામાં રહેવું, તે સાધુની **સર્વવિરતિ સામાયિક** છે. સામાયિકમાં સ્થિત થયેલા શ્રાવક કે સાધુ જીવન-મરણ, સુખ-દુઃખ, લાભ-અલાભ, નિંદા-પ્રશંસા, શત્રુ-મિત્ર, સંયોગ-વિયોગ, પ્રિય-અપ્રિય વગેરે અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં કોઈ પણ પ્રકારના સંકલ્પ-વિકલ્પોથી કે રાગ-દ્વેષથી દૂર રહે છે. આ રીતે સામાયિકની સાધનાથી કર્મબંધના કારણરૂપ અઢારે પાપસ્થાનનો ત્યાગ થઈ જાય છે. તેથી આશ્રવનો નિરોધ થાય અને સંવરભાવની વૃદ્ધિ થાય છે.

**ચતુર્વિંશતિસ્તવ :–**

**११ चउव्वीसत्थएणं भंते ! जीवे किं जणयइ ? चउव्वीसत्थएणं दंसणविसोहिं जणयइ।**

**શબ્દાર્થ :– चउव्वीसत्थएणं** = ચોવીસ તીર્થંકરોનું સ્તવન, ગુણકીર્તન કરવું **दंसणविसोहिं** = દર્શન વિશુદ્ધિ, સમ્યક્ત્વની વિશુદ્ધિ **जणयइ** = થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરવાથી જીવને શું લાભ થાય છે ? **ઉત્તર–** ચતુર્વિંશતિ સ્તવથી જીવ દર્શન વિશુદ્ધિ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :–**

**ચતુર્વિંશતિ સ્તવ :–** ઋષભદેવ ભગવાનથી લઈને મહાવીર સ્વામી સુધીના વર્તમાન ચોવીસીના તીર્થંકરોના નામ સ્મરણપૂર્વકનું સ્તવન–ગુણકીર્તન(લોગસ્સના પાઠથી) કરવું તે ચતુર્વિંશતિ સ્તવ છે.

ચતુર્વિંશતિ સ્તવનો પાઠ કરવાથી દર્શનની વિશુદ્ધિ થાય છે; જિનેશ્વરોના નામ સ્મરણથી સમ્યગ્ દર્શનમાં બાધા ઉત્પન્ન કરનાર કર્મો દૂર થાય છે. કારણ કે તીર્થંકરોની સ્તુતિ કે ગુણગાન શ્રદ્ધા અને ભક્તિથી જ થાય છે. તેથી સ્તુતિ કરનાર જીવનું સમ્યક્ત્વ નિર્મળ થાય છે અને શ્રદ્ધા દઢીભૂત થાય છે.

**ગુરુવંદન :–**

**१२ वंदणएणं भंते ! जीवे किं जणयइ ?**

**वंदणएणं णीयागोयं कम्मं खवेइ, उच्चागोयं कम्मं णिबंधइ, सोहग्गं च णं अप्पडिहयं आणाफलं णिव्वत्तेइ, दाहिणभावं च णं जणयइ ।**

**શબ્દાર્થ :– वंदणएणं** = વંદના કરવાથી(જીવ) **णीयागोयं** = નીચગોત્ર **कम्मं** = કર્મનો **खवेइ** = ક્ષય કરે છે **उच्चागोयं** = ઊંચગોત્ર **कम्मं** = કર્મને **णिबंधइ** = બાંધે છે **सोहग्गं** = સૌભાગ્ય, ભાગ્યશાળી **अप्पडिहयं** = અપ્રતિહત, અખંડ **आणाफलं** = સફળ આજ્ઞાના ફળને **णिव्वत्तेइ** = પ્રાપ્ત કરે છે **दाहिणभावं** = દાક્ષિણ્ય- ભાવને **जणयइ** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વંદના કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** વંદના કરવાથી જીવ નીચ-ગોત્ર કર્મનો ક્ષય કરે છે, ઉચ્ચ ગોત્ર કર્મ બાંધે છે અને તે સૌભાગ્યને પ્રાપ્ત કરે છે તેમજ તેની આજ્ઞા સર્વત્ર શિરોધાર્ય થાય છે તથા તે દાક્ષિણ્યભાવને એટલે કે ચતુરાઈ, પટુતા, વિચક્ષણતા આદિ ગુણોને પ્રાપ્ત કરે છે. આ રીતે તે લોકોને પ્રીતિપાત્ર અને માન્ય બની જાય છે.

**વિવેચન :–**

**વંદણા :–** આચાર્ય, ગુરુ આદિને વંદન કરવા. ગુરુવંદનાના ત્રણ પ્રકાર છે– જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. (૧) પંચાંગ નમસ્કાર થઈ ન શકે ત્યારે અથવા રસ્તામાં ગુરુદેવ સમક્ષ ઊભા રહી, હાથ જોડી, મસ્તક નમાવી **'मत्थएणं वंदामि'** બોલીને વંદન કરવા, તે **જઘન્ય વંદન** છે. (૨) **तिक्खुत्तो**ના પાઠથી વિધિપૂર્વક પંચાંગ નમસ્કાર કરવા તે **મધ્યમ વંદન** છે. (૩) ઉભયકાલના પ્રતિક્રમણ સમયે ત્રીજા વંદના આવશ્યકમાં 'ઈચ્છામિ ખમાસમણો'ના પાઠથી બાર આવર્તનપૂર્વક વંદન કરવા, તે **ઉત્કૃષ્ટ વંદન** છે.

વંદના કરવાથી અભિમાનનો નાશ થાય છે અને નમ્રતા, વિનય આદિ ગુણો પ્રગટ થાય છે. તે ગુણોના પ્રગટીકરણથી તે જીવ નીચ ગોત્ર(હીન કુલ)માં ઉત્પન્ન થવા યોગ્ય કર્મોનો નાશ કરે છે, ઉચ્ચગોત્ર-શ્રેષ્ઠકુલમાં ઉત્પન્ન થવા યોગ્ય કર્મોનો બંધ કરે છે. તેના નમ્ર સ્વભાવથી તે સર્વજનપ્રિય અને સર્વમાન્ય બની જાય છે. આ ભવમાં અને આગામી ભવમાં સમસ્ત જન સમુદાય તેની આજ્ઞાને સહજ રીતે શિરોધાર્ય કરે તેવા આદેય વચનવાળો બની જાય છે.

તેના કુશળતાપૂર્વકના નિઃસ્વાર્થ વ્યવહારથી સર્વ લોકો તેને અનુકૂળ બની જાય છે અને તે પણ સર્વને અનુકૂળ બનીને રહે છે.

આ રીતે વંદના કરનાર ઉચ્ચગોત્ર યોગ્ય કર્મબંધ, સૌભાગ્ય, સફળ આજ્ઞા અને દાક્ષિણ્યભાવને પ્રાપ્ત કરે છે.

**सोहग्गं :–** સૌભાગ્ય. અન્ય લોકો તેના તરફ સહજ રીતે ખેંચાઈ જાય, સર્વની પ્રસન્નતાને પામે, તેવા પ્રકારના વ્યક્તિત્વને, શ્રેષ્ઠભાગ્ય– સૌભાગ્ય કહે છે.

**दाहिणभावं :–** દાક્ષિણ્ય ભાવ. પોતાના ઉચિત વ્યવહારથી સર્વ લોકો તેને અનુકૂળ થઈ જાય અને તે સ્વયં સર્વને અનુકૂળ થઈને રહે છે. આ રીતે લોકપ્રિય બની શકે તેવા ગુણને દાક્ષિણ્યભાવ કહે છે. દાક્ષિણ્ય ભાવથી જીવ ચતુર, વિવેકવાન અને વિચક્ષણ બનીને રહે છે.

**પ્રતિક્રમણ :–**

**१३ पडिक्कमणेणं भंते ! जीवे किं जणयइ ?**

**पडिक्कमणेणं वय-छिद्दाणि पिहेइ, पिहिय-वयछिद्दे पुण जीवे णिरुद्धासवे असबलचरित्ते अट्ठसु पवयणमायासु उवउत्ते अपुहत्ते सुप्पणिहिए विहरइ ।**

**શબ્દાર્થ :– पडिक्कमणेणं** = પ્રતિક્રમણ કરવાથી **वयछिद्दाणि** = વ્રતોમાં લાગેલા છિદ્રો (દોષો)ને **पिहेइ** = બંધ કરી દે છે **पुणो** = પછી **पिहियवयछिद्दे** = વ્રતમાં લાગેલા દોષોથી નિવૃત્ત થયેલા શુદ્ધ વ્રતધારી **जीवे** = જીવ **णिरुद्धासवे** = આશ્રવોને રોકીને **असबलचरित्ते** = શબલાદિ દોષોથી રહિત શુદ્ધ સંયમવાન **अट्ठसु** = આઠ **पवयणमायासु** = પ્રવચન માતાઓમાં **उवउत्ते** = ઉપયુક્ત, સાવધાન થાય છે **अपुहत्ते** = અપૃથકત્વ-સંયમમાં તલ્લીન બનીને **सुप्पणिहिए** = સમાધિપૂર્વક અને ઈંદ્રિયોને ઉન્માર્ગથી હટાવીને **विहरइ** = સંયમ માર્ગમાં વિચરણ કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રતિક્રમણ કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** પ્રતિક્રમણ કરવાથી જીવ પોતે સ્વીકારેલા વ્રતોમાં લાગેલા દોષોથી નિવૃત્ત થાય છે. વ્રતના દોષોથી નિવૃત્ત થયેલો જીવ આશ્રવોનો નિરોધ કરે છે, તે સબલ દોષોથી રહિત શુદ્ધ સંયમવાન બનીને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપ અષ્ટ પ્રવચન માતાની આરાધનામાં સતત સાવધાન બને છે; સંયમયોગોમાં તલ્લીન (એક-મેક) થઈ જાય છે અને ઈન્દ્રિયવિજેતા બની, સમાધિયુક્ત થઈને સંયમમાર્ગમાં વિચરણ કરે છે.

**વિવેચન :–**

પ્રતિક્રમણ તે ચોથો આવશ્યક છે. તેના સ્વરૂપને સ્પષ્ટ કરનારા વિવિધ અર્થો આ પ્રમાણે છે– (૧) પાપથી પાછા ફરવું તે પ્રતિક્રમણ. (૨) પ્રમાદ આદિને વશ થઈને શુભયોગથી અશુભયોગમાં ગયેલા

આત્માને પુનઃ શુભયોગમાં લાવવો તે પ્રતિક્રમણ. (૩) આત્મભાવથી ચ્યુત થયેલા આત્માને આત્મભાવમાં સ્થાપિત કરવો તે પ્રતિક્રમણ. (૪) મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભયોગ તે પાંચ પ્રકારની વિભાવદશા- માંથી સ્વભાવદશામાં આવવા માટેનું અનુષ્ઠાન, તે પ્રતિક્રમણ. (૫) વ્રત-નિયમમાં લાગેલા અતિચાર દોષોથી નિવૃત્ત થવું તે પ્રતિક્રમણ.

**પ્રતિક્રમણનું ફળ :–** પ્રતિક્રમણનું ઉપરોકત સ્વરૂપ જ તેના લાભને સ્પષ્ટ કરે છે. પ્રતિક્રમણથી વ્રતમાં લાગેલા અતિચાર રૂપ છિદ્ર ઢંકાઈ જાય અને વ્રત અખંડિત બને છે. યથાસમયે પ્રતિક્રમણ ન થાય તો તે અતિચાર રૂપ છિદ્ર મોટું થાય છે અને તે દોષ અનાચાર બની જાય છે. ત્યારે તે સાધકનું વ્રત ખંડિત થઈ જાય છે. ખંડિત વ્રતથી સાધનાનું સાતત્ય રહેતું નથી. પ્રતિક્રમણ કરનાર પોતાના ચારિત્રને અસબલ એટલે દોષરહિત અને નિર્મળ બનાવે છે. તે મહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ ચારિત્ર અનુષ્ઠાનોમાં અપ્રમત્ત અને તલ્લીન બની, આવતા કર્મોના દ્વારને બંધ કરે છે. સંયમની તલ્લીનતાથી ઈન્દ્રિયો પોત-પોતાના વિષયોમાં ચંચળ બનતી નથી. આ રીતે તે સાધક ઈન્દ્રિય વિજેતા બની જાય છે.

ભરત અને ઐરવતક્ષેત્રમાં પ્રથમ અને ચરમ તીર્થંકરના શાસનમાં સાધકો માટે નિત્ય ઉભયકાલ પ્રતિક્રમણ કરવાનું વિધાન છે પરંતુ મધ્યના બાવીસ તીર્થંકરના અને મહાવિદેહક્ષેત્રના સાધકોએ પર્વના દિવસે પ્રતિક્રમણ કરવાનું હોય છે. વિશેષ દોષ માટે તેઓ અપ્રમત્તભાવે તત્કાલ શુદ્ધિ કરી લે છે.

**કાયોત્સર્ગ :–**

**૧૪ काउस्सग्गेणं भंते ! जीवे किं जणयइ ?**

**काउस्सग्गेणं तीयपडुप्पण्ण पायच्छित्तं विसोहेइ, विसुद्धपायच्छित्ते य जीवे णिव्वुय-हियए ओहरियभरुव्व भारवहे पसत्थज्झाणोवगए सुहं सुहेणं विहरइ ।**

**શબ્દાર્થ :– काउस्सग्गेणं** = કાયોત્સર્ગથી **तीयपडुप्पण्ण** = ભૂતકાળ અને વર્તમાનકાળના દોષોનું **पायच्छित्तं** = પ્રાયશ્ચિત્ત કરીને **विसोहेइ** = જીવ શુદ્ધ બને છે **ओहरिय-भरुव्व-भारवहे** = જે રીતે બોજો ઉતરી જવાથી મજૂર સુખી થાય છે તે રીતે **विसुद्धपायच्छित्ते** = પ્રાયશ્ચિત્તથી વિશુદ્ધ બનેલો **जीवे** = જીવ **णिव्वुयहियए** = શાંત હૃદયવાળો બનીને **पसत्थज्झाणोवगए** = પ્રશસ્ત ધ્યાન ધરતાં ધરતાં **सुहंसुहेणं** = સુખપૂર્વક **विहरइ** = વિચરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાયોત્સર્ગથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** કાયોત્સર્ગથી જીવ ભૂતકાળના અને વર્તમાનકાળના પ્રાયશ્ચિત્ત યોગ્ય અતિચારોનું શુદ્ધિકરણ કરે છે, પ્રાયશ્ચિત્તથી વિશુદ્ધ થયેલો જીવ, બોજો ઉતરી જવાથી સ્વસ્થ અને સુખી બનેલા ભારવાહકની જેમ સ્વસ્થ અને શાંત ચિત્તવાળો થઈ જાય છે તથા પ્રશસ્ત ધ્યાનમાં મગ્ન થઈને સુખપૂર્વક સંયમમાં વિચરણ કરે છે.

**વિવેચન :–**

**કાયોત્સર્ગનું ફળ :–** કાયોત્સર્ગ તે પાંચમો આવશ્યક છે. અતિચારોની શુદ્ધિ નિમિત્તે અથવા જ્ઞાન, દર્શન, ચારિત્રની વિશુદ્ધિ માટે આગમોક્ત વિધિ પ્રમાણે શરીર પરના મમત્વનો ત્યાગ કરી એક સ્થાને સ્થિર થઈ જવું, તે કાયોત્સર્ગ છે. **तस्स उत्तरी करणेणं** પાઠથી કાયોત્સર્ગની પૂર્વભૂમિકા તૈયાર કરવામાં આવે છે. તે પાઠમાં અંતે દર્શાવ્યા મુજબ **ठाणेणं, मोणेणं, झाणेणं, अप्पाणं वोसिरामि**

અર્થાત્ એક સ્થાને સ્થિર થઈને, મૌન ધારણ કરીને, ધ્યાનમાં લીન થઈને કષાયાત્મા અને યોગાત્માનો ત્યાગ કરવામાં આવે છે. કાયોત્સર્ગમાં દોષોનું ચિંતન અને ફરી તે દોષો ન કરવાનો સંકલ્પ થાય છે. ભૂતકાળ અને વર્તમાન કાળના દોષો દૂર થવાથી આત્મા કર્મના બોજથી હળવો અને શાંતચિત્ત થાય છે. આમ થવાથી તે પ્રશસ્ત ધ્યાનમાં, સંયમ યોગમાં સુખપૂર્વક વિચરે છે.

**પચ્ચક્ખાણ :–**

**૧૫ पच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?**

**पच्चक्खाणेणं आसवदाराइं णिरुंभइ, पच्चक्खाणेणं इच्छाणिरोहं जणयइ, इच्छाणिरोहं गए य णं जीवे सव्वदव्वेसु विणीयतण्हे सीइभूए विहरइ ।**

**શબ્દાર્થ :– पच्चक्खाणेणं** = પ્રત્યાખ્યાન કરવાથી **आसवदाराइं** = આશ્રવ દ્વારોનો **णिरुंभइ** = નિરોધ થાય છે **इच्छाणिरोहं** = ઈચ્છાનો નિરોધ **जणयइ** = થાય છે **इच्छाणिरोहं गए** = ઈચ્છા નિરોધ થવાથી **जीवे** = જીવ **सव्वदव्वेसु** = સર્વ પદાર્થોમાં **विणीयतण्हे** = તૃષ્ણા રહિત થાય **सीइभूए** = શીતલીભૂત, થઈને પરમ શાંતિથી **विहरइ** = વિચરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યાખ્યાન કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** પ્રત્યાખ્યાન કરવાથી જીવ આશ્રવ દ્વારોનો નિરોધ કરે છે. પ્રત્યાખ્યાનથી ઈચ્છાનો નિરોધ થાય છે. ઈચ્છા નિરોધ કરનાર જીવ સર્વ પદાર્થોમાં તૃષ્ણા રહિત અને શીતલીભૂત થઈને વિચરે છે.

**વિવેચન :–**

પચ્ચક્ખાણ તે છઠ્ઠો આવશ્યક છે.

**પચ્ચક્ખાણ :–** આત્માનો વિરક્તભાવ પ્રગટ કરવો. વિરક્ત ભાવ દઢ રહે તે માટે દઢ સંકલ્પ કરવો અને આ દઢ સંકલ્પને ગુરુ સમક્ષ પ્રગટ કરીને ગુરુની સંમતિ લેવી, તેના શ્રી મુખેથી પચ્ચક્ખાણ ગ્રહણ કરાય છે. ગુરુ સમક્ષ પચ્ચક્ખાણનો સ્વીકાર કરવાથી તેની દઢતા વધે છે.

પૂર્વોક્ત પાંચે આવશ્યકથી આત્મવિશુદ્ધિ કર્યા પછી તે પાપસેવનના દંડ રૂપ અને ભવિષ્યમાં તે દોષોનું સેવન ન થાય તેવા સંકલ્પ માટે પચ્ચક્ખાણ કરવાના હોય છે. પચ્ચક્ખાણના વિવિધ પ્રકાર છે.

**પચ્ચક્ખાણનું ફળ :–** પચ્ચક્ખાણમાં જે વસ્તુનો ત્યાગ કર્યો હોય તેની આસક્તિ છૂટે છે તેથી તદ્જન્ય કર્મબંધ અટકી જાય છે.

જે વસ્તુના પ્રત્યાખ્યાન કરવામાં આવે તે વસ્તુ પ્રાપ્ત કરવાની અથવા પ્રાપ્ત થયેલી તે વસ્તુનો ઉપભોગ કરવાની ઈચ્છાથી જીવ નિવૃત્ત બની જાય છે. ઈચ્છાથી મુક્ત થયેલા જીવને તે પદાર્થો પરની તૃષ્ણા દૂર થઈ જાય છે. તૃષ્ણા રહિત જીવ વિવિધ સંતાપોથી રહિત થઈને ચિત્તમાં પરમ શાંતિનો અનુભવ કરે છે.

**સ્તવ-સ્તુતિ મંગલ :–**

**૧૬ थवथुइमंगलेणं भंते ! जीवे किं जणयइ ?**

**थवथुइमंगलेणं णाण-दंसण-चरित्त-बोहिलाभं जणयइ, णाणदंसण-चरित्त-**

**बोहिलाभ संपण्णे य णं जीवे अंतकिरियं कप्पविमाणोववत्तियं आराहणं आराहेइ ।**

**શબ્દાર્થ :– थवथुइमंगलेणं** = સ્તવસ્તુતિ મંગલથી **णाण-दंसण-चरित्त-बोहिलाभं** = જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ બોધિલાભ **जणयइ** = પ્રાપ્ત કરે છે **णाणदंसणचरित्तबोहिलाभ संपण्णे** = જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ બોધિલાભ પ્રાપ્ત કરનાર જીવ **कप्पविमाणोववत्तियं** = કલ્પ વિમાનો (૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન)માં ઉચ્ચ જાતિના દેવ થાય છે **आराहणं आराहेइ** = જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરતો જીવ ક્રમશઃ **अंतकिरियं** = અંતક્રિયા કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સ્તવ-સ્તુતિમંગલ કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** સ્તવ-સ્તુતિ મંગલથી જીવને જ્ઞાન, દર્શન, ચારિત્ર સ્વરૂપ બોધિલાભની અર્થાત્ શ્રુત-ચારિત્ર- ધર્મની અભિરુચિ થાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર સ્વરૂપ બોધિલાભથી સંપન્ન જીવ અંતક્રિયા યોગ્ય અર્થાત્ મોક્ષ મેળવવા યોગ્ય આરાધનાને પ્રાપ્ત થાય છે અથવા વૈમાનિક દેવ તરીકે ઉત્પન્ન થવા યોગ્ય આરાધના કરે છે.

**વિવેચન :–**

**સ્તવ અને સ્તુતિ :–** ભક્તિ-બહુમાનપૂર્વક ભગવદ્ગુણોનું કીર્તન કરવું. ભગવાનના ગુણોનું સ્મરણ કરવાને સ્તવ-સ્તુતિ કહે છે. પ્રતિક્રમણ પૂર્ણ થયા પછી મહાપુરુષોના ગુણગ્રામરૂપ ભજન-કીર્તન-સ્તવનાદિ બોલવામાં આવે છે, તે સ્તવસ્તુતિ મંગલ કહેવાય છે. પ્રતિક્રમણમાં પ્રત્યાખ્યાન કર્યા પછી અંતિમ મંગલરૂપે નમોત્થુણંનો પાઠ કરવામાં આવે છે તેને પણ સ્તવસ્તુતિ મંગલ કહે છે. આ રીતે સ્તવ અને સ્તુતિ બંને શબ્દોનો અર્થ થાય છે કે ગુણકીર્તન કરવું;

સાહિત્યકારોએ તેના વિભિન્ન અર્થો પ્રગટ કર્યા છે. યથા– (૧) એક, બે કે ત્રણ શ્લોકવાળા ગુણકીર્તનને સ્તવ અને ત્રણથી વધારે શ્લોકવાળા ગુણકીર્તનને સ્તુતિ કહે છે. (૨) શક્રસ્તવ–નમોત્થુણંનો પાઠ સ્તવ છે અને ચતુર્વિંશતિસ્તવ– લોગસ્સનો પાઠ સ્તુતિ છે. (૩) સાધારણ ગુણોનું વર્ણન કરવામાં આવે તે સ્તવ અને વિશેષ ગુણોનું વર્ણન કરવામાં આવે, તે સ્તુતિ કહેવાય છે. (૪) અભિધાન રાજેન્દ્ર કોષમાં ૧ થી ૭ શ્લોક સુધીના ગુણવર્ણનને સ્તવ અને જઘન્ય–૪, મધ્યમ–૮ તથા ઉત્કૃષ્ટ ૧૦૮ શ્લોકવાળા ગુણવર્ણનને સ્તુતિ કહી છે. સંક્ષેપમાં ભક્તિ, બહુમાનપૂર્વક ગુણ-કીર્તન કરવું, તે ભાવ આ સર્વ અર્થોમાં પ્રતીત થાય છે.

સ્તવ સ્તુતિ મંગલથી જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ બોધિ લાભ પ્રાપ્ત થાય છે. બોધિ શબ્દનો અર્થ છે સમ્યગ્ બોધ– યથાર્થ સમજણ. (૧) ધર્મ અને તત્ત્વોને યથાર્થ જાણવા, **જ્ઞાન સ્વરૂપ બોધિ** છે. (૨) વસ્તુ જેમ છે તેમ માનવી; ધર્મ અને તત્ત્વ સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા કરવી, **દર્શન સ્વરૂપ બોધિ** છે. (૩) **ज्ञानस्य फलं विरति** જ્ઞાનનું ફળ વિરતિ અર્થાત્ ચારિત્ર ગ્રહણ છે. જ્ઞાન અને દર્શન બોધિના ફળ સ્વરૂપે જે ચારિત્ર ગ્રહણ કરવામાં આવે, તેને **ચારિત્ર સ્વરૂપ બોધિ** કહે છે. આ ત્રણ પ્રકારના બોધિલાભથી જીવ અંતક્રિયા– સમસ્ત કર્મોનો અંત કરવા માટેની સાધના કરે છે. જો કોઈ જીવના કર્મો શેષ રહી જાય, તો તે વૈમાનિક જાતિના દેવમાં ઉત્પન્ન થાય છે. તે જીવ દેવભવનું આયુષ્ય પૂર્ણ કરીને મનુષ્યભવ પ્રાપ્ત કરીને સર્વ કર્મોનો અંત કરે છે.

**अंतकिरियं :–** અંતક્રિયા. સમસ્ત કર્મોનો, જન્મ-મરણની પરંપરાનો અને યોગજન્ય સૂક્ષ્મ-સ્થૂલ સર્વ ક્રિયાઓનો અંત કરવા માટે જે ક્રિયા થાય તેને અંતક્રિયા કહે છે. અંતક્રિયા કરનાર જીવ અક્રિય થઈને સિદ્ધ

થાય છે. શ્રી ઠાણાંગ સૂત્રમાં અંતક્રિયાના ચાર પ્રકાર કહ્યા છે– (૧) અલ્પસંયમ-અલ્પવેદના–અલ્પ સંયમ પર્યાયમાં અલ્પવેદનાનો અનુભવ કરીને મોક્ષે જવું. જેમ કે મરુદેવા માતા (૨) અલ્પસંયમ-મહાવેદના– જેમ કે ગજસુકુમાર મુનિ (૩) દીર્ઘસંયમ અલ્પવેદના– જેમ કે ભરત ચક્રવર્તી. (૪) દીર્ઘસંયમ મહાવેદના– જેમ કે સનત્કુમાર ચક્રવર્તી.

**કાળ પ્રતિલેખના :–**

**૧૭ कालपडिलेहणयाए णं भंते ! जीवे किं जणयइ ? कालपडिलेहणयाए णं णाणावरणिज्जं कम्मं खवेइ ।**

**શબ્દાર્થ :– कालपडिलेहणयाए णं** = સ્વાધ્યાય કાળના પ્રતિલેખનાથી, આકાશ વગેરે સંબંધી અસ્વાધ્યાયના અવલોકનથી, જાણકારી કરવાથી **णाणावरणिज्जं** = જ્ઞાનાવરણીય **कम्मं** = કર્મનો **खवेइ** = ક્ષય થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાળ પ્રતિલેખનાથી જીવને શું લાભ થાય છે ? **ઉત્તર–** કાળની પ્રતિલેખનાથી અર્થાત્ આકાશ વગેરે સંબંધી અસ્વાધ્યાયની જાણકારી કરવાથી જીવ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે.

**વિવેચન :–**

**કાળ પ્રતિલેખન :–** સ્વાધ્યાય કરવા યોગ્ય કાલનો અને સ્વાધ્યાય નહીં કરવા યોગ્ય અકાલનો નિર્ણય કરવો. વિસ્તારની અપેક્ષાએ શાસ્ત્રોક્ત વિધિથી સ્વાધ્યાય, ધ્યાન, શયન, જાગરણ, પ્રતિલેખન, પ્રતિક્રમણ, ભિક્ષાચર્યા આદિ ધર્મક્રિયા માટે યોગ્ય સમયની સાવધાની રાખવી કે ધ્યાન રાખવું; દિવસ અને રાત્રિના જુદા-જુદા વિભાગોમાં સાધુ સમાચારીના નિયમાનુસાર જે સમયે જે ક્રિયાઓ કરવાની હોય, તે-તે ક્રિયાઓ માટે તે સમયનો ખ્યાલ રાખવો તેને પણ કાળ પ્રતિલેખન કહી શકાય છે.

સાધક જીવનમાં પ્રત્યેક કાર્યમાં સમયની સાવધાની અત્યંત મહત્ત્વની છે. શ્રી દશવૈકાલિક સૂત્રમાં **काले कालं समायरे** ગોચરીનું કાર્ય યોગ્ય સમયે કરવાનું વિધાન છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં સમાચારી અધ્યયનમાં મુનિને સ્વાધ્યાય આદિ કરતાં પહેલાં દિવસ અને રાત્રિમાં કાલની પ્રતિલેખના કરવાનું વિધાન છે. શ્રી આચારાંગ સૂત્રમાં મુનિને 'કાલજ્ઞ' બનવાનું કહ્યું છે. આ રીતે મુનિને સમયાનુસાર દરેક પ્રવૃત્તિ કરવાની હોય છે.

પ્રસ્તુત પ્રસંગમાં કાલ પ્રતિલેખનનું ફળ જ્ઞાનાવરણીય કર્મનો નાશ થાય, તે પ્રમાણે કહ્યું છે. તેથી અહીં સ્વાધ્યાય-અસ્વાધ્યાય કાલના પ્રતિલેખનરૂપ અર્થ પ્રાસંગિક છે.

સ્વાધ્યાય કરવાના ચાર કાલ આ પ્રમાણે છે–

**૧. પૂર્વાહ્ન–** દિવસનો પ્રથમ પ્રહર **૨. અપરાહ્ન–** દિવસનો ચોથો પ્રહર **૩. પ્રદોષ–** રાત્રિનો પ્રથમ પ્રહર **૪. પ્રત્યૂષ–** રાત્રિનો ચોથો પ્રહર.

ઠાણાંગ સૂત્ર અને નિશીથ સૂત્રમાં ચાર સંધ્યાને અસ્વાધ્યાય કાલ કહ્યા છે– **(૧) પૂર્વ સંધ્યા–** પ્રાતઃકાલનો ઉષાકાલ. **(૨) પશ્ચિમ સંધ્યા–** સૂર્યાસ્ત સમયનો સંધ્યાકાલ. **(૩) મધ્યાન્હ કાલ–** બપોરનો સમય. **(૪) અર્ધ રાત્રિક કાલ–** મધ્ય રાત્રિનો સમય. આ ચારે પ્રકારના કાલ સ્વાધ્યાયને માટે અયોગ્ય છે. તે ચારે ય સમય, સ્થૂલ દૃષ્ટિએ એક મુહૂર્તના હોય છે. સૂક્ષ્મ દૃષ્ટિએ તેનો સમય કિંચિત હીનાધિક પણ

હોય છે. તે ચારે ય અસ્વાધ્યાયકાલમાં કોઈ પણ પ્રકારનો સ્વાધ્યાય થતો નથી. તેમજ અષાઢ, ભાદરવો, આસો, કારતક અને ચૈત્રમાસની પૂર્ણિમા અને ત્યાર પછીની પ્રતિપદાઓ(એકમ) તે પણ અસ્વાધ્યાયના દિવસો છે.

સંક્ષેપમાં સ્વાધ્યાય કરતી વખતે સ્વાધ્યાયના કાલ-અકાલની સાવધાની રાખવી, તે કાલ પ્રતિલેખન છે. સ્વાધ્યાય કરનાર મુનિએ ૩૨ પ્રકારના અસ્વાધ્યાયને ટાળીને સ્વાધ્યાય કરવો જોઈએ. સ્વાધ્યાયના કાલ-અકાલની સાવધાની રાખવા માટે જીવે અપ્રમત્ત અને જાગૃત રહેવું પડે છે તેથી તેના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે.

**પ્રાયશ્ચિત્ત :–**

**૧૮ पायच्छित्तकरणेणं भंते ! जीवे किं जणयइ ?**

**पायच्छित्तकरणेणं पावकम्मविसोहिं जणयइ, णिरइयारे यावि भवइ। सम्मं च णं पायच्छित्तं पडिवज्जमाणे मग्गं च मग्गफलं च विसोहेइ, आयारं च आयारफलं च आराहेइ ।**

**શબ્દાર્થ :– पायच्छित्तकरणेणं** = પ્રાયશ્ચિત્ત કરવાથી **पावकम्मविसोहिं** = પાપકર્મોની વિશુદ્ધિ **जणयइ** = થાય છે **यावि** = અને તે **णिरइयारे** = નિરતિચાર, દોષ રહિત **भवइ** = થાય છે **सम्मं** = સમ્યક્ પ્રકારથી **पायच्छित्तं** = પ્રાયશ્ચિત્ત **पडिवज्जमाणे** = ગ્રહણ કરતો જીવ **मग्गं** = માર્ગ (સમ્યક્ત્વ) મોક્ષમાર્ગને **मग्गफलं** = માર્ગના ફળ મોક્ષને **विसोहेइ** = વિશુદ્ધ કરે છે **आयारं** = આચારને, ચારિત્રને **आयारफलं** = ચારિત્રના ફળ મોક્ષને **आराहेइ** = પ્રાપ્ત કરી લે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રાયશ્ચિત્ત કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** પ્રાયશ્ચિત્ત કરવાથી જીવ પાપકર્મોની વિશુદ્ધિ કરે છે અને તેના વ્રતાદિ નિરતિચાર થાય છે. સમ્યક્ પ્રકારે પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરનાર સાધક માર્ગ અને માર્ગ ફળને વિશુદ્ધ કરે છે, ચારિત્ર અને તેના ફળરૂપે મોક્ષની આરાધના કરે છે.

**વિવેચન :–**

જે ક્રિયાથી પાપનો નાશ થાય અને ચિત્તની શુદ્ધિ થાય, તેને **પ્રાયશ્ચિત** કહે છે. પાપથી વિશુદ્ધ થયેલા જીવનું ચારિત્ર દોષ રહિત શુદ્ધ અને નિર્મળ બની જાય છે.

**मग्गं च मग्गफलं च विसोहेइ :–** માર્ગ અને માર્ગફળની વિશુદ્ધિ કરે છે. સમ્યગ્દર્શન તે મોક્ષમાર્ગનું પ્રથમ સોપાન છે અને સમ્યગ્દર્શનનું ફળ સમ્યગ્જ્ઞાન છે. પ્રાયશ્ચિત્ત કરનાર જીવ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની વિશુદ્ધિ કરે છે.

**आयारं च आयारफलं च आराहेइ :–** સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની વિશુદ્ધિ થયા પછી તે જીવ આચાર–ચારિત્ર અને તેના ફળ રૂપ મોક્ષની આરાધના કરે છે. અથવા મોક્ષમાર્ગ– ક્ષાયોપશમ સમકિતને પામે છે અને તેના ફળની વિશુદ્ધિ કરે અર્થાત્ તે સમકિતને નિર્મળ અને દઢ કરતાં ક્ષાયિક સમકિતને પામે છે અને ક્ષાયિક સમકિતની આરાધના કરતાં તે જીવ મોક્ષગતિને પામે છે.

સંક્ષેપમાં પ્રાયશ્ચિત્ત કરનાર જીવ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનની વિશુદ્ધિથી સમ્યક્ ચારિત્રની આરાધના કરે છે.

**ક્ષમાપના :–**

**૧૯** खमावणयाए णं भंते ! जीवे किं जणयइ ?

**खमावणयाए णं पल्हायणभावं जणयइ । पल्हायण भावमुवगए य सव्वपाण-भूय-जीव- सत्तेसु मित्तीभावमुप्पाएइ । मित्तीभावमुवगए यावि जीवे भावविसोहिं काऊण णिब्भए भवइ ।**

**શબ્દાર્થ :– खमावणयाए** = અપરાધની ક્ષમા માંગવાથી **पल्हायणभावं जणयइ** = ચિત્ત આહ્લાદિત(પ્રસન્ન) થાય છે **पल्हायणभावमुवगए** = ચિત્ત પ્રસન્નતાના ભાવને પ્રાપ્ત થયેલો જીવ **सव्व-पाण-भूय-जीव-सत्तेसु** = સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વો સાથે **मित्तीभावमुप्पाएइ** = મૈત્રીભાવ પ્રાપ્ત કરે છે **मित्तीभावं उवगए** = મૈત્રીભાવને પ્રાપ્ત થયેલો જીવ **भावविसोहिं** = પોતાના ભાવની વિશુદ્ધિ **काऊण** = કરીને **णिब्भए** = નિર્ભય **भवइ** = થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્ષમાપનાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** ક્ષમાપનાથી જીવ ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરે છે. પ્રસન્ન ચિત્તવાળો સાધક સર્વ પ્રાણી, ભૂતો, જીવો અને સત્ત્વો પ્રત્યે મૈત્રીભાવ રાખે છે. મૈત્રીભાવને પ્રાપ્ત થયેલો જીવ ભાવ વિશુદ્ધિ કરીને નિર્ભય થઈ જાય છે.

**વિવેચન :–**

**ક્ષમાપના :–** કોઈ વ્યક્તિ દ્વારા અપરાધ થતાં તેનો પ્રતિકાર કરવાની કે તેને સજા કરવાની પોતાની શક્તિ હોવા છતાં તેના અપરાધને માફ કરવો, પ્રતિકાર ન કરવો તે ક્ષમા છે. તેમજ કોઈ દુષ્કૃત્ય કે અપરાધ કર્યા પછી પોતાના ગુરુદેવ કે આચાર્યની પાસે અથવા જેનો અપરાધ કર્યો હોય તેની સમક્ષ નિવેદન કરવું કે, ' હે પૂજ્ય ! મારો અપરાધ ક્ષમા કરો, ભવિષ્યમાં હું આવો અપરાધ નહીં કરું.' આવી રીતે ક્ષમા માંગવી તે 'ક્ષમાયાચના' છે. ક્ષમા ભાવના રાખવી કે ક્ષમા યાચના કરવી, તે બંનેને ક્ષમાપના કહે છે.

**ક્ષમાપનાનું ફળ :–** (૧) પ્રહ્લાદ ભાવ– ચિત્ત પ્રસન્નતા. ક્ષમાયાચના કરવાથી સામી વ્યક્તિ પ્રત્યેના રાગદ્વેષ દૂર થઈ જાય છે. તેનું ચિત્ત પ્રસન્ન થાય છે. (૨) મૈત્રી ભાવ– તે સર્વ જીવોનું હિત ચિંતવવારૂપ મૈત્રી ભાવથી ભાવિત થાય છે. (૩) નિર્ભયતા– આ રીતે તેના ભાવો વિશુદ્ધ થતાં તે નિર્ભય બને છે. સાચા હૃદયના ભાવથી ક્ષમા માંગનારને સામી વ્યક્તિ પણ ક્ષમા પ્રદાન કરે, તેથી તેના દિલમાંથી પણ રાગદ્વેષના ભાવ દૂર થાય છે. આમ ક્ષમાનું આદાન-પ્રદાન થવાથી જીવોમાં પરસ્પર મૈત્રીભાવ થાય છે અને વેર વિરોધના ભાવ નાશ પામે છે; તેથી કોઈને કોઈના તરફથી ભય રહેતો નથી, તે નિર્ભયતાને પ્રાપ્ત થાય છે.

**सव्वपाण-भूय-जीव-सत्तेषु :–** સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વોમાં.

**प्राणाः द्वित्रिचतुः प्रोक्ताः, भूतास्तु तरवः स्मृताः ।**
**जीवा पञ्चेन्द्रिया प्रोक्ताः, शेषाः सत्त्वा उदीरिताः ॥**

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયને **પ્રાણ,** વનસ્પતિને **ભૂત,** પંચેન્દ્રિયને **જીવ** અને પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વાઉકાયને **સત્ત્વ** કહે છે. જ્યાં આ ચારે ય શબ્દનો પ્રયોગ થયો હોય ત્યાં આ રીતે જુદા-જુદા અર્થ કરવા જોઈએ પરંતુ ચારેયમાંથી કોઈ એક જ શબ્દનો પ્રયોગ હોય તો ત્યાં એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના સર્વ જીવોનું ગ્રહણ થઈ જાય છે.

**સ્વાધ્યાય :–**

**२०** **सज्झाएणं भंते ! जीवे किं जणयइ ? सज्झाएणं णाणावरणिज्जं कम्मं खवेइ ।**

**શબ્દાર્થ :– सज्झाएणं** = સ્વાધ્યાય કરવાથી **णाणावरणिज्जं** = જ્ઞાનાવરણીય **कम्मं** = કર્મનો **खवेइ** = ક્ષય થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સ્વાધ્યાયથી જીવને શું લાભ થાય છે ? **ઉત્તર–** સ્વાધ્યાય કરવાથી જીવ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે.

**વિવેચન :–**

સ્વ=આત્મા, અધ્યાય=અધ્યયન. સ્વયં પોતાનું અધ્યયન એટલે અભ્યાસપૂર્વક નિરીક્ષણ કરવું તે સ્વાધ્યાય છે. પોતાના આત્મપરિણામોના નિરીક્ષણમાં આગમ પાઠનું અધ્યયન સહાયક બને છે. તેથી સૂત્રના અધ્યયનને પણ સ્વાધ્યાય કહે છે. સ્વાધ્યાયકાલમાં જિનપ્રવચનનું અધ્યયન કરવું, કરાવવું વગેરે સ્વાધ્યાય છે. સ્વાધ્યાયના પાંચ ભેદ છે. યથા– વાચના, પૃચ્છના, પરિયટ્ટણા, ધર્મકથા અને અનુપ્રેક્ષા. સૂત્રકારે સ્વાધ્યાયના આ પાંચે ય પ્રકારોના લાભનું પૃથક્-પૃથક્ નિરૂપણ કર્યું છે.

**સ્વાધ્યાયનું ફળ–** સ્વાધ્યાય કરનાર સાધક ચિત્તની એકાગ્રતાને પામીને અંતર્મુખી બને છે. અંતર્મુખી બનેલો સાધક આગમના ભાવો અને પોતાના આચરણની તુલના કરે છે. આ રીતે આત્મનિરીક્ષણથી પોતાના દોષોનો ત્યાગ કરીને જિનાજ્ઞાનુસાર આચરણ કરે છે. તેમ કરતાં શાસ્ત્ર સ્વાધ્યાય સ્વનું અધ્યયન બની જાય છે અને તેવા સ્વાધ્યાયથી આત્મવિશુદ્ધિ થાય અને અનંત કર્મોની નિર્જરા થાય છે. અહીં શ્રુતજ્ઞાનની ઉપાસના થતી હોવાથી જ્ઞાનાવરણીય કર્મોના નાશનું મુખ્યતયા કથન છે.

**વાચના :–**

**२१** **वायणाए णं भंते ! जीवे किं जणयइ ?**

**वायणाए णं णिज्जरं जणयइ । सुयस्स अणुसज्जणाए अणासायणाए वट्टइ । सुयस्स य अणुसज्जणाए अणासायणाए वट्टमाणे तित्थधम्मं अवलंबइ । तित्थधम्मं अवलंबमाणे महाणिज्जरे महापज्जवसाणे भवइ ।**

**શબ્દાર્થ :– वायणाए णं** = આગમની વાચનાથી, વાચના લેવા અને દેવાથી **णिज्जरं** = કર્મોની નિર્જરા **जणयइ** = થાય છે **सुयस्स** = શ્રુત જ્ઞાનની **अणुसज्जणाए** = બહુ પરિચિતતા, શ્રુતસ્મૃતિની તાજગી **अणासायणाए** = આશાતના રહિત અવસ્થામાં **वट्टइ** = રહે છે, વર્તે છે **वट्टमाणे** = શ્રુત જ્ઞાનની ઉપસ્થિતિ અને અનાશાતના અવસ્થામાં રહેલા સાધક **तित्थधम्मं** = તીર્થધર્મનું, વીતરાગમાર્ગનું **अवलंबइ** = અવલંબન પ્રાપ્ત કરે છે **अवलंबमाणे** = અવલંબન પ્રાપ્ત કરતો જીવ **महाणिज्जरे** = કર્મોની મહાનિર્જરા કરે છે **महापज्जवसाणे भवइ** = મહાપર્યવસાન કરે છે, એટલે કે કર્મોનો અંત કરીને મોક્ષ સુખ પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાચનાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** વાચના કરવાથી જીવને કર્મોની નિર્જરા થાય છે તથા તે શ્રુતજ્ઞાનની શુદ્ધ સ્મૃતિ અને

આશાતના રહિત અવસ્થાને પામે છે. શ્રુતજ્ઞાનની શુદ્ધ સ્મૃતિ અને આશાતના રહિત સાધક તીર્થધર્મનું અવલંબન પ્રાપ્ત કરે છે અથવા શાસન માટે તે અવલંબનભૂત બને છે. તીર્થધર્મનું અવલંબન લેનાર અથવા અવલંબનભૂત થનાર જીવ કર્મોની મહાનિર્જરા કરીને અને કર્મોનો અંત કરીને મોક્ષસુખ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :–**

**(૧) વાચના :–** વાચના એટલે– (૧) શાસ્ત્રની વાચના લેવી અને દેવી, અધ્યયન અને અધ્યાપન કરવું. (૨) સ્વયં શાસ્ત્ર વાંચવા, અભ્યાસ કરવો. (૩) ગુરુ અથવા શ્રુતધર પાસેથી શાસ્ત્રનું અધ્યયન કરવું.

**વાચનાનું ફળ :–** વાચના કરનાર અને કરાવનાર શ્રુતપરંપરાને અખંડ રાખવાનો મહાન લાભ મેળવે છે. વાચનાથી તે મોક્ષમાર્ગનું આલંબન લઈ, સાધના દ્વારા અનંતકર્મોની નિર્જરા કરે છે.

**अणुसज्जणाए :–** અવ્યવચ્છેદપણાથી(વારંવાર) શ્રુતજ્ઞાનનું પઠન-પાઠન કરવાથી, શ્રુતનું નિરંતર સ્મરણ કરવાથી કે શ્રુતની વાચના કરવાથી શ્રુતની ઉપસ્થિતિ, સ્થિરીકરણ, સ્મૃતિમાં રહેવું આદિ ગુણોની નિષ્પત્તિ થાય છે.

**अणासायणाए :–** શ્રુતની અનાશાતના. ગ્રંથ, સિદ્ધાંત, આપ્તોપદેશ અને આગમ, આ શ્રુતના પર્યાયવાચી શબ્દો છે. તેની અવજ્ઞા ન કરવી અને શ્રુતથી વિપરીત પ્રરૂપણા ન કરવી, તે અનાશાતના છે. વાચનાથી શ્રુતની ઉપસ્થિતિ અને શ્રુતની સ્મૃતિ રહે છે, તેથી જ્ઞાની સાધક શ્રુત વિપરીત પ્રરૂપણા રૂપ આશાતના કરતો નથી. શાસ્ત્રજ્ઞાન ઉપસ્થિત હોવાથી તે વિવેકપૂર્વક શુદ્ધ પ્રરૂપણા કરે છે.

**तित्थधम्मं अवलंबइ :–** તીર્થધર્મનું અવલંબન. (૧) શ્રુતની આશાતના ન કરનાર સાધક તીર્થધર્મનું– જિનેશ્વર ભગવંતોના ધર્મનું અર્થાત્ રત્નત્રયનું આલંબન ગ્રહણ કરે છે. (૨) શ્રુત વાચનાથી સંપન્ન તે સાધક ધર્મતીર્થ માટે સહાયભૂત બને છે.

**महाणिज्जरे महापज्जवसाणे :–** સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્ તપનું આચરણ કરનાર કર્મોની મહા નિર્જરા કરે છે. સંસારનો અંત થાય તેટલા પ્રમાણમાં કર્મોની નિર્જરા થાય, તેને મહાનિર્જરા કહે છે. "મહાપર્યવસાન" એટલે સંસારનો અંત કરે છે, મોક્ષ પ્રાપ્ત કરે છે.

**પ્રતિપૃચ્છના :–**

## ૨૨ पडिपुच्छणयाए णं भंते ! जीवे किं जणयइ ? पडिपुच्छणयाए णं सुत्तत्थ-तदुभयाइं विसोहेइ, कंखामोहणिज्जं कम्मं वोच्छिंदइ ।

**શબ્દાર્થ :– पडिपुच्छणयाए** = પ્રતિપૃચ્છનાથી **सुत्तत्थ-तदुभयाइं** = સૂત્ર, અર્થ અને સૂત્રાર્થ બંને **विसोहेइ** = વિશુદ્ધ કરે છે **कंखामोहणिज्जं** = કાંક્ષા-મોહનીય **कम्मं** = કર્મનો **वोच्छिंदइ** = નાશ કરે છે, છેદન કરે છે, ક્ષય કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રતિપૃચ્છના કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** પ્રતિપૃચ્છના– સૂત્ર કે અર્થ અથવા સૂત્રાર્થના વિષયમાં સંદેહ ઉત્પન્ન થાય, ત્યારે ગુરુદેવને પૂછીને સમાધાન મેળવવાથી જીવ તે સૂત્ર, અર્થ અને તદુભયને વિશુદ્ધ કરી લે છે તથા સૂત્રાર્થ વિશુદ્ધ થતાં કાંક્ષામોહનીય કર્મનો અર્થાત્ મિથ્યાત્વ મોહનીયના કર્મદલિકોનો ક્ષય કરે છે.

**વિવેચન :–**

**પ્રતિપૃચ્છના :–** આચાર્ય-ગુરુદેવ શિષ્યને જ્યારે શાસ્ત્રપાઠની વાચના આપે છે અને વાચના આપતાં

મૂળપાઠ તથા તેના અર્થ સમજાવે છે, ત્યારે તેના અનુસંધાનમાં શિષ્યને જે જિજ્ઞાસાઓ થતાં ગુરુદેવને પ્રશ્ન પૂછે, તેને પ્રતિપૃચ્છના કહેવાય. પ્રતિપૃચ્છનાથી શિષ્યના અંતરમાં મૂળપાઠ અને અર્થ સ્પષ્ટ થાય છે, હૃદયમાં તેનું અવધારણ થાય છે, શિષ્યની શંકાઓનું સમાધાન થાય છે.

**कंखामोहणिज्जं :–** (૧) કાંક્ષા મોહનીય એટલે મિથ્યાત્વ મોહનીય. શંકાઓનું સમાધાન થવાથી તેનું શ્રુતજ્ઞાન નિર્મલ થાય છે. તે જીવને જિનવાણી પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ અને બહુમાન થવાથી તેનું સમ્યક્ત્વ શુદ્ધ અને સ્થિર થાય છે. તેના દર્શન મોહનીયકર્મના દલિકો નષ્ટ થઈ જાય છે અને તે જીવ ક્ષાયિક સમકિતને પ્રાપ્ત કરે છે. (૨) કાંક્ષા મોહનીય એટલે અન્ય દર્શનોની કાંક્ષા એટલે ઈચ્છા-આકાંક્ષા થવી, તે અનભિગ્રહિક મિથ્યાત્વ છે. તેનાથી જીવને સર્વ ધર્મો સમાન લાગે છે પરંતુ પ્રતિપૃચ્છનાથી તે જીવને સત્યધર્મની સ્પષ્ટતા થાય છે અને તેથી તેને અન્ય ધર્મોની આકાંક્ષા થતી નથી. (૩) સ્વદર્શનમાં શંકા આદિ થાય, તે પણ ઉપલક્ષણથી કાંક્ષા મોહનીય છે. પ્રતિપૃચ્છના કરવાથી તેની શંકાઓનું સમાધાન થઈ જતાં કાંક્ષા મોહનીયકર્મ નાશ પામે છે.

**પરિવર્તના :–**

**૨૩ परियट्टणयाए णं भंते ! जीवे किं जणयइ ? परियट्टणयाए णं वंजणाइं जणयइ, वंजणलद्धिं च उप्पाएइ ।**

**શબ્દાર્થ :– परियट्टणयाए** = પરિવર્તના, ભણેલા-શીખેલા સૂત્રપાઠને પુનઃ પુનઃ બોલવા, ફેરવવા **वंजणाइं** = વ્યંજનો, અક્ષરો, શબ્દો **जणयइ** = યાદ રહી જાય છે **वंजणलद्धिं** = વ્યંજન-લબ્ધિ, અક્ષર-લબ્ધિ અને પદલબ્ધિ **उप्पाएइ** = ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરાવર્તનથી જીવને શું લાભ થાય છે ? **ઉત્તર–** પરાવર્તના એટલે શીખેલા પાઠોનું પુનરાવર્તન કરવાથી ભૂલાયેલા શબ્દો, યાદ રહી જાય છે. પુનરાવર્તનથી વ્યંજન લબ્ધિ ઉત્પન્ન થાય છે.

**વિવેચન :–**

**પરિવર્તના :–** મૂળ સૂત્રપાઠ ભૂલાય ન જાય તે માટે અવારનવાર તેને યાદ કરવા, સ્મૃતિમાં લાવવા અથવા તેનું પુનઃ પુનઃ આવર્તન કરવું તે પરિવર્તના છે. પરિવર્તના કરવાથી મૂળ પાઠ કંઠસ્થ રહે છે, તેમજ એક અક્ષર કે એક એક પદ યાદ કરતાં બાકીના પદ ક્રમશઃ યાદ આવી જાય છે. અર્થસહિત પરિવર્તના કરતાં કરતાં અર્થો વધારે સ્પષ્ટ થતાં જાય છે અને આગળ વધતા સાધકને કોઈવાર નવા-નવા અર્થો અને ભાવો પણ ઉદ્‌ઘાટિત થાય છે. પરિવર્તના કરનાર વ્યંજન લબ્ધિને પામે છે.

**वंजणलद्धि :–** વ્યંજન લબ્ધિ. જેના દ્વારા અર્થ પ્રગટ થાય તે અક્ષરોને વ્યંજન કહે છે. કંઠસ્થ કરેલા વિષયોનું વારંવાર પુનરાવર્તન કરવાથી વ્યંજનલબ્ધિ પ્રાપ્ત થાય છે. સૂત્રના એક અક્ષરની સ્મૃતિથી તેના પછી ક્રમશઃ આવતા અનેક અક્ષરો કે પદોની સ્વતઃ સ્મૃતિ થઈ જવી તેને વ્યંજનલબ્ધિ કહે છે. વ્યંજનો-અક્ષરોના સમુદાયને પદ કહે છે. એક પદના સ્મરણથી અનુક્રમે અન્ય સેંકડો પદની સ્મૃતિ થઈ જવી તેને પદાનુસારિ લબ્ધિ કહે છે. પરિયટ્ટણા કરનારને પદાનુસારિ લબ્ધિ પણ પ્રગટે છે. આ શક્તિ વિશેષ ખીલતી જાય, તેમ એક પદ કે ચરણના આધારે આગળ પાછળના પદ, ચરણ અને ગાથાઓ પણ યાદ આવી જાય છે.

**અનુપ્રેક્ષા :–**

**૨૪** अणुप्पेहाए णं भंते ! जीवे किं जणयइ ?

**अणुप्पेहाए णं आउय-वज्जाओ सत्त-कम्मपयडीओ धणियबंधण-बद्धाओ सिढिल बंधणबद्धाओ पकरेइ । दीहकालट्ठिईयाओ हस्सकालट्ठिईयाओ पकरेइ । तिव्वाणुभावाओ मंदाणुभावाओ पकरेइ । बहुप्पएसग्गाओ अप्पपएसग्गाओ पकरेइ । आउयं च णं कम्मं सिय बंधइ, सिय णो बंधइ । असायावेयणिज्जं च णं कम्मं णो भुज्जो भुज्जो उवचिणाइ । अणाइयं च णं अणवदग्गं दीहमद्धं चाउरंत-संसार-कंतारं खिप्पामेव वीइवयइ ।**

**શબ્દાર્થ :– अणुप्पेहाए णं** = અનુપ્રેક્ષાથી, ચિંતન કરવાથી **आउयवज्जाओ** = આયુષ્યકર્મ સિવાય **सत्त** = સાત **कम्मपयडीओ** = કર્મોની પ્રકૃતિઓ **धणिय-बंधण बद्धाओ** = ગાઢ બંધનોથી બંધાયેલી હોય તો તેને **सिढिल बंधण बद्धाओ** = શિથિલ બંધવાળી **पकरेइ** = કરી દે છે **दीहकालट्ठिईयाओ** = દીર્ઘ કાળની સ્થિતિવાળી હોય તેને **हस्सकालट्ठिईयाओ** = અલ્પકાળની સ્થિતિવાળી **तिव्वाणुभावाओ** = તીવ્ર રસવાળી હોય તેને **मंदाणुभावाओ** = મંદ રસવાળી **बहुप्पएसग्गाओ** = બહુપ્રદેશી હોય તેને **अप्पपएसग्गाओ** = અલ્પપ્રદેશી **आउयं कम्मं** = આયુષ્ય કર્મ **सिय** = કદાચ **बंधइ** = બંધાય છે **णो बंधइ** = બંધાતુ પણ નથી **असायावेयणिज्जं** = અશાતાવેદનીય **कम्मं** = કર્મનો **भुज्जो भुज्जो** = વારંવાર **णो उवचिणाइ** = બંધ થતો નથી **अणाइयं** = આ અનાદિ **अणवदग्गं** = અનંત **दीहमद्धं** = દીર્ઘમાર્ગવાળા **चाउरंत-संसार-कंतारं** = ચતુર્ગતિરૂપ સંસાર-કંતાર-અટવીને **खिप्पामेव** = શીઘ્ર **वीइवयइ** = પાર કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનુપ્રેક્ષા કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** અનુપ્રેક્ષા કરવાથી આયુષ્ય કર્મ સિવાયના સાત કર્મોની પ્રકૃતિઓ પ્રગાઢ બંધન વાળી હોય તે શિથિલ બંધવાળી થાય છે, દીર્ઘકાળની સ્થિતિવાળી હોય તે અલ્પકાળની સ્થિતિવાળી થાય છે, તીવ્ર રસવાળી પ્રકૃતિઓ મંદ રસવાળી થઈ જાય છે અને બહુકર્મપ્રદેશો અલ્પકર્મપ્રદેશોમાં પરિવર્તિત થાય છે. અનુપ્રેક્ષા કરનાર જીવ આયુષ્ય કર્મ કદાચ બાંધે છે અને કદાચ બાંધતો નથી. અનુપ્રેક્ષા કરનાર પુનઃ પુનઃ અશાતાવેદનીય કર્મ બાંધતો નથી. તે અનાદિ અનંત દીર્ઘમાર્ગવાળા ચાતુર્ગતિક સંસાર અટવીને જલદીથી પાર કરે છે અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :–**

**અનુપ્રેક્ષા :–** સ્વાધ્યાયનો આ ચોથો પ્રકાર છે. સાધનાના ક્ષેત્રમાં તેનું વિશેષ મહત્ત્વ છે કારણ કે તેનાથી સર્વ કર્મક્ષયરૂપ મહાલાભની પ્રાપ્તિ થાય છે.

સૂત્રના ભાવોનું ઊંડાણપૂર્વક ચિંતન કરવું તે અનુપ્રેક્ષા છે. અનુપ્રેક્ષામાં સૂત્રાર્થનું સૂક્ષ્મતાપૂર્વક અને ઊંડાણપૂર્વક ચિંતવન કરવામાં આવે છે. આવું ચિંતન કરતાં સૂત્રોના રહસ્યોનો પાર પામી શકાય છે, શાસ્ત્રના નવા નવા રહસ્યો ઉદ્‌ઘાટિત થાય છે, મનની એકાગ્રતા સધાય છે. સૂત્રપાઠ અને અર્થ હૃદયમાં સ્થિર થાય છે. ઊંડાણપૂર્વકના ગહન ચિંતનમાં સ્થિર થયેલો સાધક ક્રમશઃ ધ્યાન તપને પામે છે. આ રીતે અનુપ્રેક્ષા ધ્યાનમાં પણ સહાયક બને છે. તેથી જ ધર્મધ્યાન અને શુક્લધ્યાનની ચાર-ચાર અનુપ્રેક્ષાઓનું શાસ્ત્રમાં કથન છે. અનિત્યાદિ ભાવના ધર્મધ્યાનની અનુપ્રેક્ષા છે અને અનંતવૃત્તિતાનુપ્રેક્ષા વગેરે શુક્લધ્યાનની

અનુપ્રેક્ષા છે.

અનુપ્રેક્ષામાં શુભભાવોની વૃદ્ધિ થવાથી આયુષ્યને છોડીને શેષ સાત કર્મોની પ્રકૃતિઓ શિથિલ થઈ જાય છે, તે સાતે કર્મોના પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ અને અનુભાગબંધ, એ ચાર પ્રકારના અશુભબંધો શુભબંધમાં પરિવર્તિત થાય છે. અશાતાવેદનીય કર્મોનું શાતાવેદનીયરૂપે સંક્રમણ થાય છે. તે સાધક વારંવાર અશાતાવેદનીય આદિ અશુભ પ્રકૃતિઓ બાંધતો નથી. તેના અનાદિ સંસારનો અંત ઘણી જ ઝડપથી થાય છે.

**आउयं कम्मं सिय बंधइ...:–** અનુપ્રેક્ષા કરનાર આયુષ્ય કર્મ કદાચ બાંધે અને કદાચ બાંધતો નથી. તેના કારણો આ પ્રમાણે છે– (૧) જે આત્મા તે જ ભવમાં મોક્ષગામી હોય તે આયુષ્યકર્મ બાંધતો નથી. (ર) આયુષ્ય કર્મનો બંધ આયુષ્યના ત્રીજા-ત્રીજા ભાગે એક જ વાર થાય છે. અનુપ્રેક્ષા સમયે આયુષ્યનો ત્રીજો ભાગ ન હોય તો આયુષ્યકર્મનો બંધ થતો નથી. (૩) પૂર્વે આયુષ્યનો બંધ થઈ ગયો હોય, તો પણ આયુષ્યબંધ થતો નથી. જે જીવનો સંસાર પરિભ્રમણ કાળ બાકી હોય અને તેના આયુષ્યનો બંધકાલ હોય, તે આયુષ્ય કર્મનો બંધ કરે છે.

**ધર્મકથા :–**

**૨૫ धम्मकहाए णं भंते ! जीवे किं जणयइ ?**

**धम्मकहाए णं णिज्जरं जणयइ । धम्मकहाए णं पवयणं पभावेइ । पवयणपभावेणं जीवे आगमेसस्स भद्दत्ताए कम्मं णिबंधइ ।**

**શબ્દાર્થ :–** **धम्मकहाए णं** = ધર્મકથા કહેવાથી, ધર્મોપદેશ દેવાથી **णिज्जरं** = કર્મોની નિર્જરા **जणयइ** = થાય છે **पवयणं** = પ્રવચનની **पभावेइ** = પ્રભાવના થાય છે **पवयण पभावेणं** = પ્રવચનની પ્રભાવના કરવાથી **जीवे** = જીવ **आगमेसस्स** = ભવિષ્યકાળમાં **भद्दत्ताए कम्मं** = ભદ્ર એટલે શુભ કર્મોનો જ **णिबंधइ** = બંધ કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધર્મકથાથી એટલે ધર્મનો ઉપદેશ–પ્રવચન કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** ધર્મકથા કરવાથી જીવ કર્મોની નિર્જરા કરે છે. તે જિન પ્રવચનની પ્રભાવના કરે છે અર્થાત્ જિનેશ્વર ભગવાનના ઉપદેશને પ્રકાશિત કરે છે. જિનેશ્વર ભગવાનના ઉપદેશને પ્રકાશિત કરનાર જીવ ભવિષ્યમાં ભદ્રતા-કલ્યાણ પ્રાપ્ત કરે એવા શુભ કર્મોનો બંધ કરે છે.

**વિવેચન :–**

**ધર્મકથા :–** જે દુર્ગતિમાં પડતા જીવને બચાવે છે, તે ધર્મ છે. તેની કથા કરવી અર્થાત્ અહિંસાદિરૂપ ધર્મની પ્રરૂપણા કરવી તેમજ કથાનુયોગના માધ્યમથી ધર્મ તત્ત્વોનું વ્યાખ્યાન કરવું તેનું નામ ધર્મકથા છે. વાચના, પ્રતિપૃચ્છના, પરિવર્તના અને અનુપ્રેક્ષાથી સૂત્રાર્થ પામેલા સાધક ધર્મકથાથી જિન પ્રવચનને અને તેના મહત્ત્વને જન-જનમાં પ્રકાશિત કરે છે. આવી ધર્મકથા કરનાર જીવ નિયમતઃ પોતાના કર્મોની નિર્જરા કરે છે અને પ્રવચનની પ્રભાવના કરે છે. પ્રભાવના કરનાર પ્રવચનકાર શુભ કર્મોનું ઉપાર્જન કરે છે કે તેથી તેનું કલ્યાણ થવામાં કોઈ પણ પ્રકારની બાધા નડતી નથી.

ધર્મકથામાં જન સાધારણને સહજ રીતે રસ ઉત્પન્ન થાય છે અને તેના દ્વારા જનતા ધર્મમાં જોડાય છે. તેથી શાસન પ્રભાવના વિશેષ રૂપે થાય છે.

**શ્રુત–આરાધના :–**

**૨૬ सुयस्स आराहणाए णं भंते ! जीवे किं जणयइ ? सुयस्स आराहणाए णं अण्णाणं खवेइ, ण य संकिलिस्सइ ।**

**શબ્દાર્થ :– सुयस्स आराहणाए** = શ્રુતજ્ઞાનની આરાધના કરવાથી **जीवे** = જીવ **अण्णाणं** = અજ્ઞાનનો **खवेइ** = નાશ કરે છે **ण संकिलिस्सइ** = સંક્લેશ પામતો નથી.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શ્રુતજ્ઞાનની આરાધના કરવાથી જીવને શું લાભ થાય છે ? **ઉત્તર–** શ્રુતજ્ઞાનની આરાધનાથી જીવ અજ્ઞાનનો નાશ કરે છે અને તે વિવિધ ક્લેશોથી રહિત થઈ જાય છે.

**વિવેચન :–**

આગમની સમ્યક્ આરાધનાને શ્રુતની આરાધના કહે છે. પૂર્વોક્ત વાચના આદિ પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવાથી શ્રુતજ્ઞાનની આરાધના થાય છે.

જીવ જેમ જેમ શ્રુતજ્ઞાનની આરાધના કરે છે તેમ તેમ તેના હૃદયમાં અપૂર્વ અપૂર્વ તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થાય છે. તેનાથી તેનો અજ્ઞાનભાવ દૂર થાય છે. જ્ઞાન ભાવમાં રમણ કરતા તે સમાગત કોઈ પણ પરિસ્થિતિમાં સંક્લેશ પરિણામોથી દૂરરહી, સમતા, પ્રસન્નતાના પરિણામોમાં જ સ્થિર રહે છે.

**મનની એકાગ્રતા :–**

**૨૭ एगग्गमण-सण्णिवेसणयाए णं भंते ! जीवे किं जणयइ ? एगग्ग-मण-सण्णिवेसणयाए णं चित्तणिरोहं करेइ ।**

**શબ્દાર્થ :– एग्गमणसण्णिवेसणयाए** = મનની એકાગ્રતાથી **चित्तणिरोहं** = ચિત્તવૃત્તિનો નિરોધ **करेइ** = કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનની એકાગ્રતાથી જીવને શું લાભ થાય છે ? **ઉત્તર–** મનની એકાગ્રતાથી ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે.

**વિવેચન :–**

**મનની એકાગ્રતા :–** (૧) મનને એકાગ્ર અર્થાત્ એક અવલંબનમાં સ્થિર કરવું (૨) ધ્યેય વિષયક જ્ઞાનમાં તલ્લીન થવું (૩) મનની ચંચળ ચિત્ત વૃત્તિનો નિરોધ કરવો, તે મનની એકાગ્રતા છે.

જો કે સૂત્રમાં "એકાગ્ર" પદ જ આપ્યું છે તો પણ પ્રસ્તુતમાં સમ્યક્ પરાક્રમનો વિષય હોવાથી શુભ અવલંબન દ્વારા મનને એકાગ્ર કરવું, તે પ્રમાણે અર્થ થાય છે. આ રીતે ધર્મ કે શુકલ ધ્યાનમાં મનને એકાગ્ર કરવાથી ચારે બાજુ દોડતી ચિત્તવૃત્તિઓનો નિરોધ થાય છે, ચિત્તને ઉન્માર્ગે જતું રોકી શકાય છે. તેથી મનની એકાગ્રતાનું ફળ ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે. પાતંજલ યોગદર્શનમાં પણ **योगश्चित्तवृत्ति निरोधः**, તેમ કહ્યું છે.

**चित्त णिरोहं :– ચિત્ત નિરોધ,** ચિત્તની વિકલ્પ શૂન્યતા. ચિત્તની ચંચળતા દૂર થવી અને ચિત્ત શાંત થવું.

**સંયમ :–**

**૨૮ संजमेणं भंते ! जीवे किं जणयइ ? संजमेणं अणण्हयत्तं जणयइ ॥**

**શબ્દાર્થ :– संजमेणं** = સંયમથી **अणण्हयत्तं** = આશ્રવોનો નિરોધ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંયમથી જીવને શું લાભ થાય છે ? **ઉત્તર–** સંયમથી જીવ આશ્રવોનો નિરોધ કરે છે.

**વિવેચન :–**

સાવદ્ય યોગના પૂર્ણપણે પ્રત્યાખ્યાન કરવા તે સંયમ છે. સંયમના સત્તર પ્રકાર છે– હિંસા, અસત્ય, અદત્તગ્રહણ, મૈથુન, પરિગ્રહ આદિ પાંચ આશ્રવથી વિરકત થવું; પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો; ચાર કષાયોને જીતવા; મન, વચન અને કાયાના અશુભ વ્યાપાર રોકવા, તેના સત્તર પ્રકાર છે. આ સત્તર પ્રકારના સંયમથી આશ્રવના દ્વાર બંધ થાય અને સંવર ધર્મની આરાધના થાય છે. **अणण्हयत्तं** = તેનું સંસ્કૃત રૂપ **अनंहस्कत्वम्** । થાય છે. **अन्** રહિત **अहस्**–અંહ = પાપ, અનંહસ્કત્વમ્ = પાપ રહિતપણું. સંયમી જીવન સંપૂર્ણપણે પાપરહિત હોય છે. તેથી જ કર્મોનો આશ્રવ અટકી જાય છે.

**તપ :–**

**૨૯ तवेणं भंते ! जीवे किं जणयइ ? तवेणं वोदाणं जणयइ ॥**

**શબ્દાર્થ :– तवेणं** = તપથી, બાહ્ય અને આભ્યંતર, એમ ૧૨ પ્રકારના તપથી, **वोदाणं** = વ્યવદાન(પૂર્વકૃત કર્મોનો ક્ષય).

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તપથી જીવને શું લાભ થાય છે ? **ઉત્તર–** તપથી જીવ પૂર્વકૃત કર્મોનો ક્ષય કરે છે. તપથી આત્મા કર્મમુક્ત બની વિશુદ્ધિ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :–**

**તપ :–** બાહ્ય અને આભ્યંતર તપ એક પ્રકારની વિશિષ્ટ અગ્નિ છે, જેમાં જીવના પૂર્વબદ્ધ કર્મો બળીને ભસ્મીભૂત થઈ જાય છે અને આત્મા નિર્મળ બને છે.

**वोदाणं :–** व्यवदानं = शुद्धि पूर्वबद्धकर्ममलक्षयादात्मनो नैर्मल्यं जनयति । પૂર્વબદ્ધ કર્મરૂપ મલનો નાશ થવાથી આત્મા નિર્મળ અને શુદ્ધ થાય છે.

**વ્યવદાન :–**

**૩૦ वोदाणेणं भंते ! जीवे किं जणयइ ?**

**वोदाणेणं अकिरियं जणयइ । अकिरियाए भवित्ता तओ पच्छा सिज्झइ बुज्झइ मुच्चइ परिणिव्वायइ सव्वदुक्खाणमंतं करेइ ।**

**શબ્દાર્થ :– वोदाणेणं** = નિર્મળ થવાથી, સંપૂર્ણ આશ્રવ નિરોધથી **अकिरियं जणयइ** = અક્રિય અવસ્થા પ્રાપ્ત કરે છે **अकिरियाए भवित्ता** = અક્રિય થવાથી **तओ पच्छा** = ત્યાર પછી **सिज्झइ** = સિદ્ધ થઈ જાય છે, કૃતકૃત્ય થઈ જાય છે **बुज्झइ** = બુદ્ધ થઈ જાય છે, કેવળજ્ઞાન કેવળદર્શનથી સંપૂર્ણ લોકાલોકને જાણે અને દેખે છે **मुच्चइ** = સર્વ કર્મોથી મુક્ત થાય છે **परिणिव्वायइ** = કર્મરૂપ અગ્નિને બુઝાવીને શીતલ થઈ જાય છે **सव्वदुक्खाणं** = શારીરિક અને માનસિક સર્વ દુ:ખોનો **अंतं** = અંત **करेइ** = કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વ્યવદાનથી– સંપૂર્ણ આશ્રવ નિરોધથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** સંપૂર્ણ આશ્રવ નિરોધથી જીવ અક્રિય અવસ્થાને પ્રાપ્ત કરે છે. અક્રિય બનેલો જીવ ત્યાર પછી સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, સર્વ કર્મોથી મુક્ત થાય છે, પરિનિર્વાણને પ્રાપ્ત કરે છે અને સર્વ દુઃખોનો અંત કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુતમાં વોદાન = વ્યવદાનનું ફળ નિદર્શિત કર્યું છે.

**વિ** = વિગત, વિછિન્ન, રહિત, **આદાન** = કર્મગ્રહણ કર્માશ્રવ, તેથી વ્યવદાનનો અર્થ છે– આશ્રવનો વિચ્છેદ, આશ્રવ રહિત અવસ્થા.

તપથી પૂર્વ સંચિત કર્મોનો ક્ષય–નિર્જરા થાય છે પરંતુ જ્યાં સુધી આંશિક પણ કર્મનો પ્રવાહ ચાલુ હોય, ત્યાં સુધી જીવની મુક્તિ થતી નથી. સર્વકર્મક્ષય માટે સંપૂર્ણ આશ્રવ નિરોધરૂપ **વ્યવદાન** અત્યંત જરૂરી છે. ચૌદમા ગુણસ્થાને જીવ અયોગી અવસ્થાને પ્રાપ્ત કરે છે, ત્યારે આશ્રવનો સંપૂર્ણ નિરોધ થઈ જાય છે, તે જીવ અયોગી હોવાથી અક્રિય અવસ્થાને પ્રાપ્ત કરે છે. અક્રિય થયેલો જીવ અત્યંત અલ્પ સમયમાં જ સર્વ કર્મોનો ક્ષય કરી મુક્ત થઈ જાય છે.

**सिज्झइ**–સિદ્ધ થાય છે. તેના સર્વ કાર્યો પૂર્ણ થઈ જવાથી તે કૃતકૃત્ય અવસ્થાને પામે છે. **बुज्झइ**– બુદ્ધ થાય છે. સંપૂર્ણ બોધને પામે છે, તે અખંડ જ્ઞાન-દર્શન સ્વરૂપ અવસ્થાને પામે છે. જ્ઞાનદર્શનના ઉપયોગમય બને છે. **मुच्चइ**–સર્વ કર્મોથી અને શરીરથી મુક્ત થઈ જાય છે. **परिणिव्वायइ**– પરમનિર્વાણ– શાંતિને પામી જાય છે. સર્વ પ્રકારની બાધા-પીડાથી રહિત અવ્યાબાધ સુખરૂપ અવસ્થાને પામે છે. **सव्वदुक्खाणमंतं करेइ**– સંસારના સમસ્ત દુઃખોનો સદાને માટે અંત કરે છે.

**સંયમ, તપ અને વ્યવદાન :–** આ ત્રણે અનુષ્ઠાનો સાધનામાર્ગના ક્રમિક સોપાન છે. **સંયમ**થી જીવની મોક્ષમાર્ગમાં તીવ્રવેગથી પ્રગતિ થાય છે; નવા કર્મોનું આગમન પ્રાયઃ રોકાય જાય છે. સંયમ સાથે **તપ**ની આરાધનાથી પૂર્વબદ્ધ કર્મોનો ક્ષય થાય છે અને આત્મશુદ્ધિની વૃદ્ધિ થાય છે. અંતે **વ્યવદાન**થી સંપૂર્ણ આશ્રવનો વ્યવચ્છેદ થાય છે; આત્મા અક્રિય અવસ્થાને પામે છે. આ રીતે ત્રણેના સંયોગે જીવની મુક્તિ થાય છે. પ્રસ્તુત સૂત્રમાં આ ત્રણેના ફળની ક્રમશઃ પૃચ્છા કરી છે.

**સુખશાતતા :–**

**૩૧ सुहसाएणं भंते ! जीवे किं जणयइ ?**

**सुहसाएणं अणुस्सुयत्तं जणयइ । अणुस्सुयएणं जीवे अणुकंपए अणुब्भडे विगयसोगे चरित्तमोहणिज्जं कम्मं खवेइ ।**

**શબ્દાર્થ :– सुहसाएणं** = સુખશાતતાથી અર્થાત્ વિષયસુખનો ત્યાગ કરવાથી, વિષય-સુખની ઉપેક્ષા, સુખની નિરપેક્ષા **अणुस्सुयत्तं** = અનુત્સુકતા અર્થાત્ વિષયો પ્રતિ અનિચ્છા **जणयइ** = ઉત્પન્ન થાય છે **अणुस्सु- यएणं** = અનુત્સુકતાથી, સુખો પ્રત્યે ઉત્સુકતા રહિત થવાથી **जीवे** = જીવ **अणुकंपए** = બીજા જીવો પ્રત્યે અનુકંપા કરનાર **अणुब्भडे** = નિરભિમાની, વ્યગ્રતા રહિત, ઉતાવળ રહિત **विगयसोगे** = શોક-ચિંતા રહિત થઈને **चरित्तमोहणिज्जं** = ચારિત્રમોહનીય **कम्मं** = કર્મનો **खवेइ** = ક્ષય કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વિષય સુખનો ત્યાગ કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** વિષય સુખનો ત્યાગ કરવાથી વિષયો પ્રત્યે અનુત્સુક્તા(અનિચ્છા) થાય છે. અનુત્સુક્તાથી જીવ બીજા જીવો પ્રત્યે અનુકંપા રાખનાર બને છે, વ્યગ્રતા રહિત, ઉતાવળ રહિત બને છે, શાતા-સુખની સ્પૃહા રહિત થવાથી તેને કયારે ય શોક થતો નથી, તેથી તે શોક મુક્ત થઈ જાય છે. આ ત્રણ ગુણોથી યુક્ત તે જીવ ચારિત્ર મોહનીય કર્મનો અર્થાત્ સંપૂર્ણ મોહનીય કર્મનો ક્ષય કરે છે.

**વિવેચન :–**

**सुहसाएणं :–** સુખશાતતા. **सुखं वैषयिकं शातयति नाशयति इति सुखशातता** વૈષયિક સુખનો નાશ, અર્થાત્ વિષયસુખ પ્રત્યે નિસ્પૃહ થવું, વિષયજન્ય સુખનો ત્યાગ, વિષયસુખ પ્રત્યે ઉપેક્ષા તે સુખશાતતા છે.

વિષય સુખના ત્યાગી સાધક વિષયો પ્રતિ અનુત્સુક–નિસ્પૃહ હોય છે અને નિસ્પૃહમુનિ સંયમમાં, આત્મભાવોમાં સ્થિર થઈ જાય છે. જેમ-જેમ સંયમભાવોની સ્થિરતા વધે, તેમ-તેમ તેના વ્યવહારમાં જીવો પ્રત્યે અનુકંપાનો ભાવ વધતો જાય છે. સર્વ જીવો, વિષયના દુઃખરૂપ માર્ગને છોડીને સુખના માર્ગને સ્વીકારે તેવી તેની ભાવના રહે છે. વિષયાસક્તિથી રહિત તે અનુત્સુક અને અનુકંપાવાન સાધક ઉતાવળ રહિત, ચંચળતા રહિત એટલે ધીર, સ્થિર અને મંદકષાયી બની, શોક સંતાપ રહિત બને છે. આ ગુણોથી યુક્ત તે સાધક ચારિત્ર મોહનીય કર્મનો ક્ષય કરે છે.

**अणुकंपए :–** વિષય સુખો પ્રત્યે નિસ્પૃહ થયેલો સાધક સંકુચિત કે સ્વાર્થ વૃત્તિવાળો રહેતો નથી., તેથી બીજા પ્રાણીઓના દુઃખ જોઈને તેનું હૃદય અનુકંપાયુક્ત થઈ જાય છે. **अणुब्भडे :–** અનુદ્ભટ. વૈષયિક સુખની સ્પૃહા રહિત સાધક ચપળતા રહિત અને ઉછાછળાપણા રહિત થાય છે. **विगयसोगे :–** જેના અંતરમાં વિષયોની લાલસા નથી તે નિરાકુલ(આકુલતા રહિત) બને છે અને તેને વિષય સુખોની કે અનુકૂળતા-પ્રતિકૂળતા કે પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં હર્ષ કે શોક થતો નથી. શોક રહિત જીવ મોહથી મુક્ત થવા માટે ચારિત્ર મોહનીય કર્મનો ક્ષય કરે છે. દર્શન મોહ તો તે સાધકને પહેલાંથી જ નાશ પામી ગયો હોય.

**અપ્રતિબદ્ધતા :–**

**३२ अप्पडिबद्धयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**अप्पडिबद्धयाए णं णिस्संगत्तं जणयइ । णिस्संगत्तेणं जीवे एगे एगग्गचित्ते दिया य राओ य असज्जमाणे अप्पडिबद्धे यावि विहरइ ।**

**શબ્દાર્થ :– अप्पडिबद्धयाए णं** = અપ્રતિબદ્ધતાથી, આસક્તિનો ત્યાગ કરવાથી, રાગભાવના નિવારણથી **णिस्संगत्तं** = નિઃસંગતા, સ્ત્રી આદિની સંગતિથી અથવા જનસમુદાયથી રહિતપણું, કર્મ સંગથી રહિતપણું **जणयइ** = પ્રાપ્ત થાય છે **णिस्संगत्तेणं** = નિઃસંગતાથી **जीवे** = જીવ **एगे** = એકલો થઈને, રાગદ્વેષ રહિત થઈને **एगग्गचित्ते** = એકાગ્ર ચિત્તવાળો થાય છે **दिया** = દિવસે **राओ** = રાત્રે **असज्जमाणे** = કોઈપણ પદાર્થમાં અનુરાગ ન રાખતો **अप्पडिबद्धे** = અપ્રતિબદ્ધ ભાવથી **विहरइ** = વિહરે છે, વિચરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપ્રતિબદ્ધતાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** અપ્રતિબદ્ધતાથી(અનાસક્તિથી) જીવ નિઃસંગતા પ્રાપ્ત કરે છે. નિઃસંગતાથી જીવ એકાકી

અર્થાત્ ધર્મધ્યાનમાં એકનિષ્ઠ થાય છે, એકાગ્રચિત્ત થાય છે, દિવસ અને રાત સદૈવ સર્વત્ર અનાસક્ત અને અપ્રતિબદ્ધ થઈને વિચરણ કરે છે.

**વિવેચન :–**

**પ્રતિબદ્ધતા અને અપ્રતિબદ્ધતા :–** પ્રતિબદ્ધતા એટલે કોઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અથવા ભાવ સાથે જીવનું આસક્તિપૂર્વક બંધાઈ જવું. અપ્રતિબદ્ધતા એટલે જીવને કોઈપણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ સાથે આસક્તિ-પૂર્વક પ્રતિબંધ ન થવું.

**અપ્રતિબદ્ધતાનું ફળ :–** અપ્રતિબદ્ધતાથી ક્રમશઃ (૧) નિઃસંગતા (૨) એકાત્મતા-આત્મનિષ્ઠા (૩) એકાગ્રચિત્તતા (૪) સદૈવ સર્વત્ર અનાસક્તિ, વિરકિત અને (૫) અપ્રતિબદ્ધ વિચરણ પ્રાપ્ત થાય છે.

**વિવિક્તશયનાસન :–**

**૩૩** **विवित्तसयणासणयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**विवित्तसयणासणयाए णं चरित्तगुत्तिं जणयइ । चरित्तगुत्ते य णं जीवे विवित्ताहारे दढचरित्ते एगंतरए मोक्खभावपडिवण्णे य अट्ठविहं कम्मगंठिं णिज्जरेइ ।**

**શબ્દાર્થ :– विवित्तसयणासणयाए** = વિવિક્ત શયનાસનતાથી એટલે સ્ત્રી, પશુ, નપુંસક રહિત સ્થાન, શયન અને આસનનું સેવન કરવાથી **चरित्तगुत्तिं जणयइ** = ચારિત્રની રક્ષા થાય છે **चरित्तगुत्ते** = ચારિત્રની રક્ષા કરનાર **विवित्ताहारे** = વિવિક્તાહારી, વિગયાદિમાં અનાસક્ત **दढचरित्ते** = ચારિત્રમાં દઢ **एगंतरए** = એકાન્તરત, એકાન્તસેવી **मोक्खभावपडिवण्णे** = મોક્ષભાવ પ્રતિપન્ન–મોક્ષનો સાધક થાય છે **अट्ठविहं** = આઠ પ્રકારની **कम्मगंठिं** = કર્મગ્રંથીનો **णिज्जरेइ** = નાશ કરે છે, ભેદન કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સ્ત્રી, પશુ, નપુંસક રહિત સ્થાન, શયન અને આસનનું સેવન કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** જન સંપર્કથી રહિત અથવા સ્ત્રી, પશુ, નપુંસકથી રહિત એકાંત સ્થાનમાં નિવાસ કરવાથી સાધક ચારિત્રની રક્ષા કરે છે. ચારિત્રની રક્ષા કરનાર જીવ વિગય રહિત, શુદ્ધ સાત્વિક પવિત્ર આહારી, દઢચારિત્રી, એકાંતપ્રિય મોક્ષભાવથી સંપન્ન થઈને આઠ પ્રકારના કર્મોની ગ્રંથીનો નાશ કરે છે અર્થાત્ કર્મોની નિર્જરા કરે છે.

**વિવેચન :–**

**વિવિક્ત શયનાસનનું મહત્ત્વ :–** જનસંપર્કથી દૂર અને સ્ત્રી, પશુ, નપુંસકના સંસર્ગથી રહિત; એકાંત, શાંત, સાધના યોગ્ય નિવાસસ્થાન હોય તે વિવિક્ત નિવાસ છે. શાસ્ત્રોમાં આવા અનેક એકાંત સ્થાન બતાવ્યા છે– સ્મશાન, શૂન્યગૃહ, વૃક્ષમૂળ આદિ. સાધ્વીજીઓ અને સામાન્ય સાધકો માટે આ સ્થાનો યોગ્ય નથી. વિશિષ્ટ અને અભ્યાસી સાધક આવા સ્થાનોમાં સાધના કરી શકે છે. સામાન્ય સાધકો સ્ત્રી, પશુ અને નપુંસકના સંસર્ગથી રહિત, એકાંત સ્થાનમાં રહે છે.

વિવિક્ત શયનાસનનું સેવન કરનાર સાધક સર્વ પ્રકારની આસક્તિથી મુક્ત થઈને એકાંત આત્મભાવમાં લીન થઈ જાય છે. તેથી તેના ચારિત્રની દઢતા, પવિત્રતા અને પરિપકવતા થાય છે. તેવા

સાધકને સહજ રીતે આહારની મૂર્ચ્છા પણ છૂટી જાય છે, તેથી તે વિગયરહિત આહાર ગ્રહણ કરે છે. તે જીવ એકાંત સાધના કરતો પોતાની લક્ષ સિદ્ધિમાં આગળ વધે છે.

**विवित्ताहारे :–** વિગય રહિત આહાર. જે પદાર્થ ચિત્તમાં વિકાર ઉત્પન્ન કરે, ઇન્દ્રિયોને ઉત્તેજિત કરે, તેવા પદાર્થોને વિગયયુક્ત સરસ આહાર કહે છે. શાસ્ત્રકારોએ દૂધ, દહીં, માખણ, ઘી આદિ આહારને વિગય યુક્ત, સરસ આહાર કહ્યો છે. તેનાથી વિપરીત રૂક્ષ, નીરસ આહારને અહીં વિવિક્તાહાર કહ્યો છે. એકાંત સ્થાનસેવી, એકાંતપ્રિય સાધક નિરસાહારી બને ત્યારે જ તેની સાધનામાં વેગ આવે છે. બીજા શબ્દોમાં એકાંતપ્રિય સાધકને તેની તથાપ્રકારની સાધના માટે વિગય રહિત નીરસ આહાર કરવો જ યોગ્ય છે.

**વિનિવર્તના :–**

## ३४ विणियट्टणयाए णं भंते ! जीवे किं जणयइ ?

**विणियट्टणयाए णं पावकम्माणं अकरणयाए अब्भुट्ठेइ, पुव्वबद्धाण य णिज्जरणयाए तं णियत्तेइ, तओ पच्छा चाउरंत-संसार-कंतारं वीइवयइ ।**

**શબ્દાર્થ :– विणियट्टणयाए** = વિનિવર્તના(વિષયોના ત્યાગ)થી **पावकम्माणं** = પાપકર્મ **अकरणयाए** = નહીં કરવા માટે **अब्भुट्ठेइ** = ઉદ્યત થાય છે, ધર્મકાર્ય કરવા માટે ઉદ્યત થાય છે **पुव्वबद्धाण** = પહેલા બાંધેલા **तं** = તે પાપકર્મોની **णिज्जरणयाए** = નિર્જરા કરવા માટે **णियत्तेइ** = સ્થાપિત કરે છે, ઉદીરણાકરણથી નિર્જરા સન્મુખ કરે છે **तओ** = ત્યાર **पच्छा** = પછી **चाउरंत-संसार** = ચતુર્ગતિવાળા સંસાર રૂપી **कंतारं** = અટવીને **वीइवयइ** = પાર કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વિનિવર્તના–વિષયોથી પરાંઙ્મુખ થવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** વિષયોથી પરાઙ્મુખ થવાથી જીવ નવા પાપકર્મો ન કરવા માટે ઉદ્યત બને છે; પૂર્વે બાંધેલા તે કર્મોની નિર્જરા કરે છે. ત્યાર પછી ચાર ગતિરૂપ મહાન અટવીને પાર કરી લે છે.

**વિવેચન :–**

**विणियट्टणया :–** શબ્દાદિ વિષયોથી પોતાની જાતને પરાંઙ્મુખ કરવી, તેનું નામ વિનિવર્તના છે. આ લોકમાં શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ રૂપ વિષયો ચારે બાજુ ભરેલા જ છે. પોતાની જાતને વિષયોની આસક્તિથી પાછી ફેરવી લેવી, અનાસક્ત ભાવ કેળવવો, તે વિષયોથી પરાઙ્મુખતા છે. વિષયોની આસક્તિ તે જ સંસાર છે અને તે જ કર્મબંધનું મુખ્ય કારણ છે. જે વ્યક્તિ વિષયોથી પરાઙ્મુખ બની જાય તેનો સંસાર ભાવ છૂટી જાય છે, તે સાધના માર્ગમાં ઉદ્યમવંત બની જાય છે. તેનો કર્મબંધ અટકી જવાથી સહજ રીતે આવતા કર્મોનો સંવર અને પૂર્વકૃત કર્મોની નિર્જરા થાય છે અને અંતે તે સંસારનો અંત કરે છે.

**સંભોગ પચ્ચક્ખાણ :–**

## ३५ संभोग पच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?

**संभोग-पच्चक्खाणेणं आलंबणाइं खवेइ । णिरालंबणस्स य आययट्ठिया जोगा भवंति। सएणं लाभेणं संतुस्सइ, परलाभं णो आसादेइ, णो तक्केइ, णो पीहेइ, णो पत्थेइ, णो अभिलसइ । परलाभं अणासाएमाणे, अतक्केमाणे,**

**अपीहेमाणे, अपत्थेमाणे, अणभिलसमाणे दुच्चं सुहसेज्जं उवसंपज्जित्ताणं विहरइ ।**

**શબ્દાર્થ :– संभोग पच्चक्खाणेणं** = સંભોગના પ્રત્યાખ્યાન કરવાથી, એક માંડલિક આહારના ત્યાગથી, સ્વતંત્ર ગોચરીથી, આત્મ ગવેષકતાનો અભિગ્રહ કરવાથી **आलंबणाइं** = આલંબનનો, પરાવલંબનનો **खवेइ** = ક્ષય કરે છે, પરાવલંબીપણું છૂટી જાય છે **णिरालंबणस्स** = નિરાલંબનવાળો, સ્વાવલંબી જીવ, **जोगा** = યોગ, પ્રવૃત્તિ, આચરણ **आययट्ठिया भवंति** = મોક્ષના પ્રયોજન માટે જ થાય છે **सएणं** = પોતાના જ **लाभेणं** = લાભથી **संतुस्सइ** = સંતુષ્ટ રહે છે **परलाभं** = બીજાના લાભનો **णो आसादेइ** = ઉપભોગ કરતો નથી **णो तक्केइ** = કલ્પના કરતો નથી **णो पीहेइ** = સ્પૃહા-ઈચ્છા કરતો નથી **णो पत्थेइ** = પ્રાર્થના કરતો નથી **णो अभिलसइ** = અભિલાષા કરતો નથી **अणासाएमाणे** = ઉપભોગ ન કરતો **अतक्केमाणे** = કલ્પના ન કરતો **अपीहेमाणे** = ઈચ્છા ન કરતો **अपत्थेमाणे** = પ્રાર્થના ન કરતો **अणभिलसेमाणे** = અભિલાષા ન કરતો જીવ **दुच्चं** = બીજી **सुहसेज्जं** = સુખશય્યાને **उवसंपज्जित्ताणं विहरइ** = અંગીકાર કરીને વિહરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંભોગ પ્રત્યાખ્યાનથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** સંભોગ પ્રત્યાખ્યાનથી, આલંબનોનો(પરાવલંબનનો) ક્ષય કરે છે, તે સ્વાવલંબી થઈ જાય છે. આવા સ્વાવલંબી સાધકની યોગની પ્રવૃત્તિ કેવળ મોક્ષ માટે જ થાય છે. તે સાધક પોતાને પ્રાપ્ત થયેલા લાભથી સંતુષ્ટ રહે છે, બીજાના લાભનો ઉપભોગ કરતો નથી, બીજાના લાભના ઉપભોગની કલ્પના પણ કરતો નથી, સ્પૃહા કરતો નથી, પ્રાર્થના(યાચના) કરતો નથી અને તેની અભિલાષા કરતો નથી. આમ બીજાના લાભનો ઉપભોગ, કલ્પના, સ્પૃહા, પ્રાર્થના અને અભિલાષા ન કરતો તે સાધક (પ્રથમ સુખશય્યા સંયમ હોવાથી) સ્વાવલંબીપણાની બીજી સુખશય્યાને પ્રાપ્ત કરીને વિચરે છે.

**વિવેચન :–**

**संभोग :–** સમાન સમાચારીવાળા સાધુઓ સાથે બેસીને આહાર કરે તથા પરસ્પર આહારાદિની લેવડ-દેવડ કરે; વસ્ત્ર, પાત્ર અને અન્ય ઉપધિઓનું પરસ્પર આદાન-પ્રદાન કરે એક પાટે બેસીને વ્યાખ્યાન વાંચે, એક બીજાના શિષ્ય પરિવાર એક બીજા સાથે રહે વગેરે પરસ્પરનો વ્યવહાર, સંભોગ કહેવાય છે. સમવાયાંગ સૂત્રના ૧૨મા સમવાયમાં તેના ૧૨ પ્રકાર કહ્યા છે– તે બાર સંભોગ–વ્યવહારમાંથી આહાર સંબંધી વ્યવહારના પ્રત્યાખ્યાન કરીને સાધક આત્મગવેષણાનો અભિગ્રહ કરે, તેને સંભોગ પ્રત્યાખ્યાન કહે છે.

**સંભોગ પ્રત્યાખ્યાનનો આશય :–** સાધુ જીવનનું લક્ષ્ય છે આત્મનિર્ભરતા. દીક્ષા પર્યાયની પ્રારંભિક અવસ્થામાં શ્રમણોને ગોચરી આદિ પ્રત્યેક પ્રવૃત્તિમાં અન્યના સહયોગની આવશ્યકતા રહે છે. સાધક સંયમી જીવનમાં સ્થિર થઈ જાય પછી તેને અન્યની સહાયની જરૂર રહેતી નથી. તે સ્વયં ગુરુની આજ્ઞાપૂર્વક વિવિધ પ્રકારના અભિગ્રહો ધારણ કરીને આત્મભાવમાં લીન બને છે.

સંભોગ પ્રત્યાખ્યાનથી, પરસ્પરમાં આહારની લેવડ-દેવડના પ્રત્યાખ્યાન કરવાથી શ્રમણોનો પરસ્પરનો વ્યવહાર છૂટી જાય છે; તે સાધક સ્વાવલંબી બને છે. સ્વાવલંબી બનવાથી તેની ચિત્તવૃત્તિ સર્વ સ્થાનેથી પાછી ફરીને સ્વમાં જ કેન્દ્રિત થઈ જાય છે. તેના મન, વચન અને કાયાની પ્રવૃત્તિનું મુખ્ય પ્રયોજન સંયમની આરાધના દ્વારા મોક્ષની પ્રાપ્તિનું જ રહે છે. તે પોતાના યથાલાભમાં સંતુષ્ટ રહે છે અને બીજાના લાભમાંથી કાંઈપણ મેળવવાની ઈચ્છા, અપેક્ષા કે લાલસા રાખતો નથી.

સંક્ષેપમાં સક્ષમ સાધુ ગુરુની આજ્ઞા પ્રાપ્ત કરીને મર્યાદિત સમય માટે સામુહિક આહાર ત્યાગનો

અભિગ્રહ કરીને વિચરણ કરે છે. સંભોગ પ્રત્યાખ્યાનથી તેને સ્વાલંબી જીવન, ગવેષણા શુદ્ધિ અને સંયમની પરાકાષ્ટા વગેરે પ્રયોજનોની સિદ્ધિ થાય છે.

**दुच्चं सुहसेज्जं :–** ઠાણાંગ સૂત્રના ચોથા ઠાણાના ત્રીજા ઉદ્દેશકમાં ચાર પ્રકારની સુખશય્યાનું વર્ણન છે. તેમાંથી પ્રસ્તુત બે સુખશય્યા આ પ્રમાણે છે– (૧) સાધક ધર્મની દઢશ્રદ્ધા સાથે સંયમમાં સ્થિર રહે, તે આત્મા માટે પહેલી સુખશય્યા છે. (૨) આહાર ઉપધિ આદિ સંબંધી પોતાના લાભમાં જ સંતુષ્ટ રહે, તે બીજી સુખશય્યા છે.

**ઉપધિ પચ્ચક્ખાણ :–**

**३६ उवहि-पच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?**

**उवहि-पच्चक्खाणेणं अपलिमंथं जणयइ । णिरुवहिए णं जीवे णिक्कंखी उवहिमंतरेण य ण संकिलिस्सइ ।**

**શબ્દાર્થ :– उवहि-पच्चक्खाणेणं** = ઉપધિ પ્રત્યાખ્યાનથી, રજોહરણ અને મુખવસ્ત્રિકા સિવાયના વસ્ત્ર પાત્રાદિ ઉપધિના પ્રત્યાખ્યાન, ત્યાગ કરવાથી **अपलिमंथं जणयइ** = સ્વાધ્યાય આદિમાં નિર્વિઘ્નતા થાય છે, સંયમમાં પણ નિર્દોષતા થાય છે **णिरुवहिए** = નિરુપધિક, ઉપધિ રહિત **जीवे** = જીવ **णिक्कंखी** = નિષ્કાંક્ષી-વસ્ત્રાદિની અભિલાષા રાખતો નથી **उवहिमंतरेण** = ઉપધિ ન રહેવાથી **ण संकिलिस्सइ** = શારીરિક કે માનસિક કોઈ ક્લેશ-દુઃખ થતું નથી.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપધિના પ્રત્યાખ્યાન કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** ઉપધિના(ઉપકરણના) પ્રત્યાખ્યાન કરવાથી સ્વાધ્યાય-ધ્યાન નિર્વિઘ્નપણે થાય છે તેમજ સંયમમાં પણ નિર્દોષતા થાય છે. ઉપધિથી રહિત સાધક આકાંક્ષાઓથી રહિત થઈને ઉપધિના અભાવમાં તે સંબંધી કલેશ કે દુઃખ પામતો નથી અર્થાત્ તે સંબંધી સંકલ્પ-વિકલ્પોથી મુક્ત બને છે.

**વિવેચન :–**

**उवहि :–** ઉપધિ. સંયમ નિર્વાહના આવશ્યક સાધનોને ઉપધિ કહે છે. વસ્ત્ર, પાત્ર, રજોહરણ, મુહપત્તિ વગેરે સાધનો સાધુ જીવનની ઉપધિ કહેવાય છે. શાસ્ત્રમાં આપેલી આજ્ઞાનુસાર સાધુઓ મર્યાદિત ઉપધિથી સંયમનો નિર્વાહ કરે છે.

**ઉપધિ ત્યાગ :–** રજોહરણ અને મુખવસ્ત્રિકા સિવાય અન્ય ઉપકરણો જેવા કે વસ્ત્રપાત્રાદિનો ઉપધિ પ્રત્યાખ્યાનમાં સમાવેશ થાય છે. રજોહરણ અને મુખવસ્ત્રિકા, તે સાધુની ઓળખ છે. તેથી તેનો ત્યાગ થતો નથી. સ્થવિરકલ્પી સાધુના વિકાસ ક્રમની દષ્ટિથી વસ્ત્ર-પાત્ર આદિ ઉપધિનું અને તેના ત્યાગનું મહત્ત્વ છે. સાધુને ઉપધિ રાખવામાં બે પ્રકારના દોષ(પ્રમાદરૂપ દોષ)ની સંભાવના છે– **(૧) પલિમન્થ–** વિઘ્ન. ઉપધિ રાખવાથી તેની સાર સંભાળ લેવામાં સ્વાધ્યાય ધ્યાન આદિ આવશ્યક ક્રિયાઓમાં વિઘ્ન ઉપસ્થિત થાય છે. **(૨) સંક્લેશ–** ઉપધિ તૂટી, જાય કે ચોરાય જાય, તો મનમાં સંક્લેશ થાય છે. બીજા પાસે સુંદર, મનોજ્ઞ વસ્તુ જોઈને ઈર્ષા, દ્વેષ આદિ વિકાર ઉત્પન્ન થાય છે.

ઉપધિના પ્રત્યાખ્યાનથી આ બંને દોષો અને પરિગ્રહ સંબંધી દોષોની સંભાવના રહેતી નથી, તેમજ ઉપધિના પ્રતિલેખન, પ્રમાર્જનમાં સમય વ્યતીત ન થતાં તે સમયમાં સ્વાધ્યાય, ધ્યાનમાં વૃદ્ધિ થાય છે.

જ્યારે મનનું ધૈર્ય અને પરીષહો સહન કરવાની શક્તિ વિકસિત થઈ જાય છે ત્યારે સાધક ઉપધિનો પરિત્યાગ કરે છે, તે સાધક ઉપધિ વિના દુઃખી થતો નથી પરંતુ ઉપધિ સંબંધી થતી શારીરિક અને માનસિક વ્યથાઓથી મુક્ત થઈ જાય છે.

**આહાર પચ્ચક્ખાણ :–**

**૩૭** **आहार-पच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?**

**आहारपच्चक्खाणेणं जीवियासंसप्पओगं वोच्छिंदइ । जीवियासंसप्पओगं वोच्छिंदित्ता जीवे आहारमंतरेण ण संकिलिस्सइ ॥**

**શબ્દાર્થ :– आहार-पच्चक्खाणेणं** = આહારના પ્રત્યાખ્યાન કરવાથી **जीवियासंसप्पओगं** = જીવવાની લાલસા **वोच्छिंदइ** = છૂટી જાય છે **वोच्छिंदित्ता** = છૂટી જવાથી **जीवे** = જીવ **आहारमंतरेण** = આહાર વિના **ण संकिलिस्सइ** = સંક્લેશ પ્રાપ્ત કરતો નથી, દુઃખી થતો નથી.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આહારના પ્રત્યાખ્યાન કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** આહારના પ્રત્યાખ્યાન કરવાથી જીવવાની લાલસા છૂટી જાય છે. જીવવાની લાલસા છૂટી જવાથી આહારના અભાવમાં તે દુઃખી થતો નથી.

**વિવેચન :–**

આહાર ત્યાગ થોડા સમય માટે અથવા જીવનભર માટે થઈ શકે છે અથવા દોષયુક્ત અનેષણીય, અકલ્પનીય, આહારનો પણ ત્યાગ કરવામાં આવે છે.

મનુષ્ય જીવન આહારને આધીન છે, આહારના પ્રત્યાખ્યાન કરવાથી જીવનની લાલસા છૂટી જાય તે સ્વાભાવિક છે. જીવનની લાલસા છૂટી જાય પછી આહારના અભાવમાં કે તપશ્ચર્યા કરવામાં કોઈ પ્રકારનું શારીરિક માનસિક દુઃખ થતું નથી. અનેષણીય આહારના પ્રત્યાખ્યાન કરવાથી જ્યારે કોઈ પરીષહ આવે છે ત્યારે સાધક દૃઢતાપૂર્વક જીવનની આશા છોડી સર્વ સંકલ્પ-વિકલ્પોથી મુક્ત થઈ તેનો સામનો કરે છે. સ્વેચ્છાએ, વૈરાગ્યભાવે આહારનો ત્યાગ કરતાં તે સંબંધી ઉત્પન્ન થતી કોઈ પણ પ્રકારની વેદનાને સાધક દુઃખરૂપે અનુભવતો નથી; માટે તે દુઃખી થતો નથી પરંતુ આત્મ આનંદમાં જ લીન બને છે

**કષાય પચ્ચક્ખાણ :–**

**૩૮** **कसाय-पच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?**

**कसाय-पच्चक्खाणेणं वीयरागभावं जणयइ । वीयरागभाव-पडिवण्णे वि य णं जीवे समसुहदुक्खे भवइ ।**

**શબ્દાર્થ :– कसाय-पच्चक्खाणेणं** = કષાયના પ્રત્યાખ્યાન કરવાથી, કષાયનો ત્યાગ કરવાથી **वीयरागभावं** = વીતરાગભાવ પ્રગટે છે **वीयरागभाव पडिवण्णे** = વીતરાગભાવને પ્રાપ્ત થયેલો જીવ **समसुहदुक्खे** = સુખ અને દુઃખમાં સમભાવ રાખનાર **भवइ** = થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કષાયના પ્રત્યાખ્યાન કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** કષાયના પ્રત્યાખ્યાન કરવાથી જીવ વીતરાગભાવ પ્રાપ્ત કરે છે. વીતરાગભાવને પ્રાપ્ત થયેલો જીવ સુખ અને દુઃખમાં સમભાવ રાખનાર થાય છે.

**વિવેચન :–**

**કષાય**–કષ = સંસાર, આય = આગમન. જેનાથી સંસારનું આગમન, સંસારની વૃદ્ધિ થાય છે, તે કષાય કહેવાય. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય છે. આ ચારે કષાયોના પ્રત્યાખ્યાન એટલે તેનો પરિત્યાગ કરવાથી વીતરાગ દશાની પ્રાપ્તિ થાય છે. કષાયમુક્ત જીવ રાગદ્વેષથી રહિત થઈ જાય છે. તેને સુખની પ્રાપ્તિમાં હર્ષ અને દુઃખની પ્રાપ્તિમાં ઉદ્વેગ થતો નથી પરંતુ તે સુખ અને દુઃખમાં સમાનબુદ્ધિ રાખે છે. સમભાવથી ભાવિત થવું તે કષાય ત્યાગનું ફળ છે.

**યોગ પચ્ચક્ખાણ :–**

## ૩૯ जोग-पच्चक्खाणेण भंते जीवे किं जणयइ ?

**जोग-पच्चक्खाणेणं अजोगत्तं जणयइ । अजोगीणं जीवे णवं कम्मं ण बंधइ, पुव्वबद्धं च णिज्जरेइ ।**

**શબ્દાર્થ :– जोग-पच्चक्खाणेणं** = મન, વચન અને કાયાના યોગોની પ્રવૃત્તિનો નિરોધ કરવાથી **अजोगत्तं** = અયોગી અવસ્થાને, શૈલેશી ભાવને **जणयइ** = પ્રાપ્ત કરે છે **अजोगी** = અયોગી **णवं** = નવા **कम्मं** = કર્મોનો **ण बंधइ** = બંધ કરતો નથી **पुव्वबद्धं** = પહેલા બાંધેલા કર્મોની **णिज्जरेइ** = નિર્જરા થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! યોગના પ્રત્યાખ્યાન કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** મન, વચન, કાયાના યોગોની પ્રવૃત્તિના પ્રત્યાખ્યાન કરવાથી જીવ અયોગી અવસ્થા પ્રાપ્ત કરે છે. અયોગી અવસ્થાને પ્રાપ્ત થયેલો જીવ નવા કર્મો બાંધતો નથી અને પૂર્વે બાંધેલા કર્મોની નિર્જરા કરે છે.

**વિવેચન :–**

મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓને યોગ કહે છે. યોગ પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે પ્રકારનો હોય છે. યોગના પ્રત્યાખ્યાન કરવાથી જીવાત્મા મન, વચન અને કાયાની શુભાશુભ પ્રવૃત્તિથી રહિત થઈ જાય છે. મન, વચન અને શરીરની પ્રવૃત્તિઓથી રહિત થનાર જીવ અયોગી કહેવાય છે. અયોગી આત્મા નવા કર્મોનો બંધ કરતો નથી અને પૂર્વે બાંધેલા કર્મોનો ક્ષય કરે છે. આ યોગ પ્રત્યાખ્યાનનું ફળ ચૌદમા ગુણસ્થાનની અપેક્ષાએ જાણવું જોઈએ; કારણ કે યોગનો સર્વથા નિરોધ અને અયોગી અવસ્થા જીવને ચૌદમા ગુણસ્થાનમાં જ થાય છે.

**શરીર પચ્ચક્ખાણ :–**

## ૪૦ सरीर-पच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?

**सरीर-पच्चक्खाणेणं सिद्धाइसयगुणत्तणं णिव्वत्तेइ । सिद्धाइसयगुणसंपण्णे य णं जीवे लोगग्गमुवगए परमसुही भवइ ।**

**શબ્દાર્થ :– सरीर-पच्चक्खाणेणं** = ઔદારિકાદિ શરીરના પ્રત્યાખ્યાન કરવાથી અર્થાત્ ત્યાગ કરવાથી

**सिद्धाइसयगुणत्तणं** = સિદ્ધોના અતિશય ગુણ **णिव्वत्तेइ** = પ્રગટ કરે છે **सिद्धाइसयगुणसंपण्णे** = સિદ્ધોના અતિશય ગુણથી સંપન્ન **लोगग्गं** = લોકાગ્રમાં **उवगए** = ગયેલો જીવ **परमसुही** = પરમસુખી **भवइ** = થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શરીરના પ્રત્યાખ્યાનથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** શરીરના પ્રત્યાખ્યાન કરવાથી જીવ સિદ્ધોના અતિશય ગુણોને પ્રગટ કરે છે. સિદ્ધોના અતિશય ગુણોથી સંપન્ન જીવ લોકાગ્રમાં પહોંચીને પરમ સુખી થાય છે.

**વિવેચન :–**

શરીરના પરિત્યાગથી અર્થાત્ શરીર-મમત્વ અને શરીર-પરિચર્યાના ત્યાગ કરવાથી તે સાધક સિદ્ધોના અતિશય ગુણોને એટલે પરમોત્કૃષ્ટ ગુણોને પ્રાપ્ત કરીને લોકના અગ્રભાગમાં(મોક્ષમાં) પહોંચી જાય છે. તે આત્મા સર્વ પ્રકારના કર્મબંધનથી મુક્ત થઈને સિદ્ધ, બુદ્ધ, અજર, અમર પદને પ્રાપ્ત કરીને, અનંત શક્તિ સંપન્ન થઈ પરમસુખી થાય છે. પ્રસ્તુતમાં યોગ પ્રત્યાખ્યાન અને શરીર પ્રત્યાખ્યાન એ બંને ક્રમભાવી અવસ્થા છે. યોગના ત્યાગથી અયોગી અવસ્થા પ્રાપ્ત થાય છે અને શરીરના ત્યાગથી મુક્ત અવસ્થા પ્રાપ્ત થાય છે. અયોગી અવસ્થામાં આશ્રવ અને બંધ બંને સમાપ્ત થાય છે; પૂર્ણ સંવર અને સર્વથા કર્મમુક્ત અવસ્થા પ્રાપ્ત થાય છે. ત્યારે આત્મા શરીરથી સદાને માટે મુક્ત થઈ જાય છે. કર્મમુક્ત અને શરીરમુક્ત આત્મા લોકાગ્રે જઈને નિજ સ્વરૂપમાં સ્થિત થઈ જાય છે અને જ્ઞાનાદિ અનંત સ્વાભાવિક ગુણોથી સંપન્ન થઈ જાય છે.

**सिद्धाइसयगुण संपण्णे :–** સિદ્ધોના અતિશય ગુણોથી સંપન્ન. સમવાયાંગ સૂત્રના ૩૧મા સમવાયમાં આઠ કર્મોનો ક્ષય થવાથી પ્રગટ થતાં સિદ્ધ ભગવાનના ૩૧ ગુણ કહ્યા છે, તેને જ અહીં સિદ્ધોના અતિશય ગુણ કહ્યા છે. એકત્રીસ ગુણ આ પ્રમાણે છે– જ્ઞાનાવરણીય કર્મની પાંચ, દર્શનાવરણીય કર્મની નવ, વેદનીય કર્મની બે, મોહનીય કર્મની બે, આયુષ્ય કર્મની ચાર, નામ કર્મની બે, ગોત્ર કર્મની બે અને અંતરાય કર્મની પાંચ, આ રીતે આઠ કર્મોની કુલ એકત્રીસ પ્રકૃતિઓ ક્ષય થવાથી એકત્રીસ ગુણ પ્રગટ થાય છે.

પ્રસ્તુત સૂત્ર ૩૪ થી સૂત્ર ૩૮ સુધીમાં દર્શાવેલા પ્રત્યાખ્યાન પરસ્પર સંબંધિત અને ક્રમિક છે. ઉપધિના પ્રત્યાખ્યાનથી બાહ્ય પરિગ્રહનો ત્યાગ; આહારના પ્રત્યાખ્યાનથી જીવન જીવવાની અભિલાષાનો ત્યાગ, કષાય પ્રત્યાખ્યાનથી આભ્યંતર પરિગ્રહનો ત્યાગ; જોગ પ્રત્યાખ્યાનથી મન, વચન, કાયાની પ્રવૃત્તિનો ત્યાગ અને છેવટે શરીરના પ્રત્યાખ્યાનથી શરીરનો આંશિક પણ મમત્વભાવ અને શરીરનો ત્યાગ થાય છે. આ બધા ત્યાગના પરિણામે ક્રમશઃ આગળ વધતાં સિદ્ધોના એકત્રીસ અતિશય ગુણો પ્રગટ થાય છે. તે ગુણો પ્રગટ થતાં આત્મા લોકાગ્રે પહોંચીને પરમ સુખી થાય છે.

**સહાય પચ્ચક્ખાણ :–**

**૪૧ सहायपच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?**

**सहायपच्चक्खाणेणं एगीभावं जणयइ । एगीभावभूए वि य णं जीवे एगत्तं भावेमाणे अप्पसद्दे अप्पझंझे अप्पकलहे अप्पकसाए अप्पतुमंतुमे संजमबहुले संवरबहुले समाहिए यावि भवइ ।**

**શબ્દાર્થ :– सहायपच्चक्खाणेणं** = સહાયતાના પ્રત્યાખ્યાન કરવાથી અર્થાત્ બીજા મુનિઓની સહાય

લેવાનો ત્યાગ કરવાથી **एगीभावं** = એકત્વ ભાવને **जणयइ** = પ્રાપ્ત કરે છે **एगीभावभूए** = એકત્વભાવને પ્રાપ્ત થયેલો **जीवे** = આત્મા **एगत्तं** = એકાગ્રતાની **भावेमाणे** = ભાવના ભાવતો **अप्पसद्दे** = શબ્દ રહિત **अप्पझंझे** = ગણ કે સંઘમાં ભેદ પડે એવા વચન ન બોલનાર **अप्पकलहे** = કલહરહિત **अप्पकसाए** = કષાય રહિત **अप्पतुमंतुमे** = મારું-તારું ન કરનાર **संजमबहुले** = સંયમ બહુલતા, પ્રધાન સંયમવાળો **संवरबहुले** = સંવરની બહુલતા, વિશિષ્ટ સંવરવાળો **यावि** = અને **समाहिए** = સમાધિવંત **भवइ** = થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સહાયના પ્રત્યાખ્યાનથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** બીજા મુનિઓની સહાય લેવાના પ્રત્યાખ્યાન કરનાર સાધક એકત્વભાવને પ્રાપ્ત કરે છે. એકત્વ ભાવનાને પ્રાપ્ત થયેલો સાધક એકાગ્રતાની ભાવના કરતો વિગ્રહકારી શબ્દ, વાણીનો કલહ, કષાય તથા મારા-તારાની ભાવના આદિથી સહજ મુક્ત થઈ જાય છે. તે સંયમ અને સંવરમાં વૃદ્ધિ કરતો સમાધિ સંપન્ન થઈ જાય છે.

**વિવેચન :–**

સંયમ સાધનામાં સ્થિત સાધક સાધનાની પરાકાષ્ટાને પામવા માટે સહજ ભાવે ગુરુ આજ્ઞાપૂર્વક ગુરુ સાંનિધ્યમાં રહીને સંભોગ પ્રત્યાખ્યાન, સહાય પ્રત્યાખ્યાન આદિ વિશિષ્ટ અભિગ્રહપૂર્વકની સાધનાઓ કરે છે. ધર્મરુચિ અણગાર, ધન્ના અણગાર, ગૌતમ સ્વામી, અર્જુનમાલી આદિ અનેક આદર્શભૂત ઉદાહરણ શાસ્ત્રમાં જોવા મળે છે.

પૂર્વના સૂત્રમાં સંભોગ પ્રત્યાખ્યાન દ્વારા આહાર સંબંધી સ્વાવલંબી જીવનના લાભ દર્શાવ્યા છે. પ્રસ્તુતમાં સહાય ત્યાગના અભિગ્રહથી સંપૂર્ણ સ્વાવલંબી જીવનના લાભનું કથન છે.

સહાય પ્રત્યાખ્યાન કરનાર જીવ એકત્વભાવને પ્રાપ્ત કરે છે. એકત્વભાવથી તે જીવ અલ્પભાષી બને છે, તેના કષાય-પ્રસંગો અલ્પ થઈ જાય છે. સમૂહમાં રહેવા છતાં પણ સહાયત્યાગ કરનાર સાધક, પરસ્પરમાં ઉત્પન્ન થનારા કેટલાય વાદ-વિવાદ હુંસાતુંશી જેવા પ્રસંગોથી સહજ રીતે મુક્ત થઈ જાય છે. તે સાધક ક્લેશાદિથી મુક્ત થઈ અને સમાધિયુક્ત થઈ શાંતિપૂર્વક વિચરે છે.

**ભક્ત પચ્ચક્ખાણ :–**

**૪૨ भत्त-पच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ? भत्तपच्चक्खाणेण अणेगाइं भवसयाइं णिरुंभइ ।**

**શબ્દાર્થ :– भत्त-पच्चक्खाणेणं** = ભક્ત પ્રત્યાખ્યાનથી અર્થાત્ આહારનો ત્યાગ કરવાથી, આજીવન અનશન વ્રત ધારણ કરવાથી **अणेगाइं भवसयाइं** = અનેક સેંકડો ભવોનો **णिरुंभइ** = નિરોધ કરી દે છે

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભક્ત પ્રત્યાખ્યાનથી અર્થાત્ આજીવન અનશન વ્રત ગ્રહણ કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** આજીવન અનશન વ્રત ધારણ કરવાથી જીવ અનેક સેંકડો ભવોનો નિરોધ કરી લે છે. તે અલ્પ સંસારી થઈ જાય છે.

**વિવેચન :–**

સૂત્ર ૩૫માં આહાર પ્રત્યાખ્યાનનું અને પ્રસ્તુત સૂત્રમાં ભક્ત પ્રત્યાખ્યાનનું ફળ નિર્દિષ્ટ છે.

બંનેમાં આહારનો ત્યાગ હોવા છતાં કંઈક તફાવત છે.

આહાર પ્રત્યાખ્યાન અલ્પકાલિક અને મર્યાદિત સમયના અનશનરૂપ હોય છે, જેમાં નિર્દોષ ઉગ્ર તપસ્યા કરવામાં આવે છે પરંતુ ભક્ત પ્રત્યાખ્યાન સ્વેચ્છાથી, દઢમનોબળથી, કોઈ પણ પ્રકારના આવેશ વિના, સમભાવપૂર્વક, જીવન પર્યંતના અનશનરૂપ હોય છે. શરીરનો આધાર આહાર છે, અનશનથી આહારની આસક્તિ જ છૂટી જાય છે અને શરીરનું મમત્વ મંદ થાય છે; તેના પરિણામે જન્મ મરણની પરંપરા અત્યલ્પ થઈ જાય છે. તે જ ભક્ત પ્રત્યાખ્યાનનો મુખ્ય લાભ છે. આજીવન અનશનની આરાધના કરવાથી જીવનું પંડિત મરણ થાય છે. અહીં **ભક્ત પ્રત્યાખ્યાન** શબ્દ સમુચ્ચય રીતે પ્રયુક્ત છે. તેનાથી પાદપોપગમન આદિ ત્રણે ય પ્રકારના પંડિતમરણ સમજી લેવા જોઈએ.

સંક્ષેપમાં મર્યાદિત સમય માટે આહાર ત્યાગ કરનારની આહારની આસક્તિ ઘટે છે અને જ્યારે જીવનપર્યંત આહાર ત્યાગ કરનારની જન્મ-મરણની પરંપરા ઘટી જાય છે.

**સદ્ભાવ પ્રત્યાખ્યાન :–**

**૪૩ सब्भाव-पच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?**

**सब्भाव-पच्चक्खाणेणं अणियट्टिं जणयइ । अणियट्टिं पडिवण्णे य अणगारे चत्तारि केवलिकम्मंसे खवेइ, तं जहा– वेयणिज्जं, आउयं, णामं, गोयं । तओ पच्छा सिज्झइ बुज्झइ मुच्चइ परिणिव्वायइ सव्वदुक्खाणमंतं करेइ ।**

**શબ્દાર્થ :– सब्भाव-पच्चक्खाणेणं** = સદ્ભાવ પ્રત્યાખ્યાનથી, નાડી સ્પંદન આદિ પ્રવૃત્તિ માત્રના ત્યાગથી **अणियट्टिं** = અનિવૃત્તિકરણને, પાછા ન ફરવાની અવસ્થાને **जणयइ** = પ્રાપ્ત કરે છે **अणियट्टिं पडिवण्णे** = અનિવૃત્તિકરણને, શૈલેશી અવસ્થાને પ્રાપ્ત **अणगारे** = અણગાર **चत्तारि** = ચાર **केवलिकम्मंसे** = કેવળી અવસ્થામાં બાકી રહેલા ભવોપગ્રાહી અઘાતી કર્મોનો **खवेइ** = ક્ષય કરે છે **तं जहा** = તે આ પ્રમાણે છે **वेयणिज्जं** = વેદનીય **आउयं** = આયુષ્ય **णामं** = નામ **गोयं** = ગોત્ર **तओ** = ત્યાર **पच्छा** = બાદ **सिज्झइ** = સિદ્ધ થાય છે **बुज्झइ** = જ્ઞાન સ્વરૂપ થઈ જાય છે **मुच्चइ** = કર્મોથી મુક્ત થઈ જાય છે **परिणिव्वायइ** = પરમ શાંતિ, સમાધિમય, શીતલીભૂત અવસ્થાને પામે છે **सव्वदुक्खाणं** = સર્વ દુઃખોનો **अंतं करेइ** = અંત કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સદ્ભાવ પ્રત્યાખ્યાન અર્થાત્ સૂક્ષ્મ-સ્થૂલ શરીરની પ્રવૃત્તિ માત્રનો ત્યાગ કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** સદ્ભાવ પ્રત્યાખ્યાનથી એટલે પ્રવૃત્તિનો ત્યાગ કરવાથી કેવળી ભગવંતોને અનિવૃત્તિ નામનો શુક્લ ધ્યાનનો ચોથો પાયો પ્રાપ્ત થાય છે. અનિવૃત્તિ નામના શુક્લ ધ્યાનના ચોથા પાયાને પ્રાપ્ત કરનાર મુનિ શેષ રહેલા વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર, તે ચાર અઘાતી કર્મોને નષ્ટ કરે છે. ત્યાર પછી તે સિદ્ધ થાય છે, જ્ઞાન સ્વરૂપ બની જાય છે. કર્મોથી મુક્ત થાય છે, પરિનિર્વાણ પામે છે અને સર્વ દુઃખોનો અંત કરે છે.

**વિવેચન :–**

શરીર સંબંધી બાહ્ય પ્રવૃત્તિ અને આભ્યંતર સંચારરૂપ સંપૂર્ણ પ્રવૃત્તિના પરિત્યાગનું નામ **સદ્ભાવ પ્રત્યાખ્યાન** છે. જે સમયે આત્માને કોઈ પ્રકારની ક્રિયા બાકી રહેતી નથી અને સર્વ પ્રકારે સંવરભાવની

પ્રાપ્તિ થાય છે, તે સમયે આત્મા ૧૪મા ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે તે અવસ્થાને અહીં સદ્‌ભાવ પ્રત્યાખ્યાન કહ્યું છે. તેને પારમાર્થિક પ્રત્યાખ્યાન કહી શકાય છે. આ પ્રત્યાખ્યાન કરવાથી આત્મા અનિવૃત્તિરૂપ શુક્લ ધ્યાનના ચોથા પાયાને પ્રાપ્ત કરે છે. તે સ્થાનમાંથી આત્માનું અધોગમન થતું નથી તેથી તેને અનિવૃત્તિ કહે છે. ત્યાં પહોંચેલો આત્મા અંતર્મુહૂર્તમાં જ વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર; આ ચાર અઘાતી કર્મોની ગ્રંથીઓનો ક્ષય કરી સિદ્ધ થઈ જાય છે. ત્યારપછી તે સિદ્ધ, બુદ્ધ, મુક્ત અને કર્મદાવાનળ ને શાંત કરીને સર્વ પ્રકારના દુઃખોનો સદાને માટે અંત કરે છે.

**પ્રતિરૂપતા :–**

**૪૪ पडिरूवयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**पडिरूवयाए णं लाघवियं जणयइ । लघुभूए णं जीवे अप्पमत्ते, पागडलिंगे, पसत्थलिंगे, विसुद्धसम्मत्ते, सत्त समिइ-समत्ते, सव्वपाणभूयजीवसत्तेसु वीससणिज्जरूवे, अप्पडिलेहे, जिइंदिए, विउलतव-समिइ-समण्णागए यावि भवइ ।**

**શબ્દાર્થ :– पडिरूवयाए** = પ્રતિરૂપતાથી, દ્રવ્ય અને ભાવથી શુદ્ધ સ્થવિરકલ્પી મુનિનો વેશ ધારણ કરવાથી **लाघवियं** = હળવાપણું, લઘુતા **लघुभूए णं** = લઘુભૂત બનેલો **जीवे** = આત્મા **अप्पमत्ते** = પ્રમાદ રહિત થાય છે **पागडलिंगे** = પ્રગટ લિંગવાળા(મુનિવેશ ધારણ કરનાર) **पसत्थलिंगे** = પ્રશસ્ત લિંગવાળા (જીવ રક્ષા નિમિત્તે મુખવસ્ત્રિકા, રજોહરણ આદિ ધારણ કરનાર) **विशुद्धसम्मत्ते** = વિશુદ્ધ સમ્યક્‌ત્વી થાય છે, વિશુદ્ધ સમત્વ–સમભાવોને પ્રાપ્ત કરે છે **सत्त समिइसमत्ते** = સત્ત્વ અને સમિતિ સંપન્ન, પ્રાણીઓ પ્રત્યે યતના યુક્ત પ્રવૃત્તિ કરનાર થાય તેથી **सव्वपाणभूयजीवसत्तेसु** = સર્વ પ્રાણી, ભૂત, જીવ અને સત્વોને **वीससणिज्जरूवे** = વિશ્વસનીય રૂપ **अप्पडिलेहे** = ઇન્દ્રિયવિષયોનો ગવેષક ન થતાં **जिइंदिए** = જિતેન્દ્રિય થાય છે **विउलतव-समिइ-समण्णागए यावि** = વિપુલ તપ અને સંયમથી યુક્ત **भवइ** = થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રતિરૂપતાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** પ્રતિરૂપતાથી જીવને લાઘવતા પ્રાપ્ત થાય છે, લઘુભૂત થઈને તે જીવ અપ્રમત્ત ભાવોને પ્રાપ્ત કરે છે અને રજોહરણ મુખવસ્ત્રિકા આદિ પ્રશસ્ત તથા પ્રગટરૂપે મુનિ લિંગ ધારણ કરે છે. દ્રવ્ય-ભાવ સંયમયુક્ત તે મુનિ વિશુદ્ધ–પરમ સમભાવોમાં રહી પ્રાણીઓ પ્રત્યે યતનાયુક્ત પ્રવૃત્તિ કરે છે તેથી તે સમસ્ત પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વોને માટે વિશ્વસનીય બની જાય છે. તેમજ તે સાધક ઇન્દ્રિય વિષયોની ગવેષણા ન કરતો, ઇન્દ્રિય વિજેતા બની, વિપુલ તપ અને સંયમની આરાધના કરે છે.

**વિવેચન :–**

અહીં પ્રતિરૂપતા શબ્દમાં 'પ્રતિ' શબ્દ યોગ્ય અર્થનો વાચક છે અને 'રૂપ' શબ્દ વેશનો વાચક છે. શ્રમણોની શાસ્ત્રોક્ત વેશભૂષા અને તદનુસાર આચરણને પ્રતિરૂપતા કહે છે.

દ્રવ્યથી સ્થવિરકલ્પી મુનિ સમાન બાહ્યવેશ અને લિંગ ધારણ કરનાર, ભાવથી સ્થવિરકલ્પી મુનિ સમાન આંતરિક અવસ્થા ધારણ કરનાર. આ રીતે દ્રવ્ય અને ભાવ બંને પ્રકારે શ્રમણ જીવનને ધારણ કરનારને પ્રતિરૂપ કહેવાય. પ્રતિરૂપતા એક ઉચ્ચ આદર્શ છે કારણ કે તેમાં દ્રવ્ય કે ભાવ બંનેનો સુમેળ હોય છે.

(૧) મુખ ઉપર મુહપત્તિ બાંધવી (૨) રજોહરણ રાખવો (૩) માથાને ખુલ્લુ રાખવું (૪) કેશનું

લુંચન કરવું (૫) સફેદ ચોલપટો પહેરવો (૬) શરીરના ઉપરના ભાગમાં સફેદ પછેડી ધારણ કરવી (૭) ખુલ્લા પગે ચાલવું (૮) છત્રી ધારણ કરવી નહીં (૯) નિર્દોષ ભિક્ષાવૃત્તિથી જીવન નિર્વાહ કરવો. તે મુનિનો આદર્શ બાહ્ય વેશ છે અને તે બાહ્ય પ્રતિરૂપતા છે. આ બધા પ્રગટ લિંગ(ચિહ્ન) છે.

પ્રતિરૂપતા ધારણ કરનાર સાધક શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે વ્યવહારથી મુનિવેશ ધારણ કરે છે. તેમજ તે ભાવોથી પણ આગમોક્ત સાધુના ગુણોથી સંપન્ન બનવા માટે સદા પ્રયત્નશીલ રહે છે. તે મુનિ શાસ્ત્રોક્ત મર્યાદિત ઉપકરણો જ ધારણ કરે છે, તેથી દ્રવ્યથી લઘુતા-હળવાશ અનુભવે છે અને મંદ કષાયી બની ભાવથી પણ લાઘવતાને પામે છે. તે સાધક સાધનામાં વિશેષ સાવધાન બનીને વિચરણ કરે છે; તેથી અપ્રમત્ત ભાવોની પ્રાપ્તિ કરે છે. આ રીતે સંયમ આરાધનામાં આગળ વધતો તે વિશુદ્ધ ઉચ્ચકોટિની સાધનાને અને સમભાવને પ્રાપ્ત કરે છે.

અંતઃકરણની વિશુદ્ધિ થઈ જવા છતાં બાહ્ય વેશની અત્યંત આવશ્યકતા રહે છે. પ્રગટ અને પ્રશસ્ત સાધુવેશ જીવને કેટલાય દુષ્કૃત્યોથી બચાવે છે. સર્વ પ્રાણીઓનો તે વિશ્વાસપાત્ર બની જાય છે અને અનેક ભવ્ય જીવો તેના ઉપદેશથી સન્માર્ગમાં પ્રવૃત્ત થાય છે. તેથી સાધકને મુનિવેશમાં રહેવું અત્યંત આવશ્યક અને લાભદાયક છે. સૂત્રકારે **સમિતિ** શબ્દનો પ્રયોગ અહીં **યતના** અર્થમાં કર્યો છે.

આ રીતે પ્રતિરૂપતા એટલે ઈમાનદારીપૂર્વક આગમોક્ત મુનિ લિંગ અને શ્રમણાચારને યોગ્ય યથાર્થ આચરણ કરવાથી સૂત્રોક્ત લાભને જીવ પ્રાપ્ત કરે છે.

**सत्त समिइ समत्ते :– सत्त** = સત્ત્વ, સર્વ પ્રાણીઓ પ્રતિ, **समिइ**–સમિતિ, સમ્યક્ વ્યવહાર, યતનાપૂર્વકનો વ્યવહાર **समत्ते**–સમત્વભાવ. સર્વ જીવો પ્રતિ યતના અને વિવેકપૂર્વકના વ્યવહારથી તે સાધક સમભાવને પામે છે. કોઈ પણ પ્રાણીની હિંસા ન થાય, જીવોને કોઈ પણ પ્રકારે પીડા ન થાય તેવા લક્ષપૂર્વકનો તેનો સમભાવયુક્ત વ્યવહાર થઈ જાય છે. આ રીતે બાહ્યક્રિયામાં શુદ્ધિ સાથેની આંતરિક ભાવવિશુદ્ધિ તે જ સાધનાની સફળતા છે.

**अप्पडिलेहे जिइंदिए :–** અહીં અપ્રતિલેખન શબ્દ ઈન્દ્રિય વિષયોની ગવેષણા અર્થાત્ લાલસાના નિષેધ માટે છે. ચારિત્રની શુદ્ધિ થતાં સાધકને વિષયોની લાલસા રહેતી નથી. તે પરમ જિતેન્દ્રિય થઈ, વિપુલ તપ-સંયમનો આરાધક બને છે.

**વૈયાવચ્ચ :–**

**૪૫ वेयावच्चेणं भंते ! जीवे किं जणयइ ? वेयावच्चेणं तित्थयर-णामगोयं कम्मं णिबंधइ ।**

**શબ્દાર્થ :– वेयावच्चेणं** = વૈયાવૃત્યથી, શ્રમણોની સેવા-પરિચર્યા કરવાથી **तित्थयरणामगोयं कम्मं** = તીર્થંકર નામ-ગોત્ર કર્મનો **णिबंधइ** = બંધ કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વૈયાવચ્ચ કરવાથી જીવને શું લાભ થાય છે ? **ઉત્તર–** વૈયાવૃત્ય–સેવા કરવાથી જીવ તીર્થંકર નામ-ગોત્ર કર્મનો બંધ કરે છે.

**વિવેચન :–**

નિઃસ્વાર્થ અને નિષ્કામભાવે શ્રમણોની શારીરિક સેવા કરવી, તેમને આહારાદિ લાવી આપવા, તેમની

આવશ્યકતા અનુસાર સાધનામાં અનુકૂળતા કરી આપવી; વગેરે પ્રવૃત્તિને **વૈયાવચ્ચ** કહે છે. વૈયાવચ્ચ કરનારને ગુણીજનો, વડીલો પ્રત્યે ભક્તિભાવ વધે છે, પોતાના સ્વચ્છંદ અને અહંકારનો નાશ થાય છે; વૈયાવચ્ચ કરતાં રત્નાધિકોનું સાંનિધ્ય પ્રાપ્ત થાય છે, તેનાથી શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ, શ્રદ્ધામાં દઢતા, ચારિત્રમાં પરિપકવતા વગેરે અનેક લાભ થાય છે.

પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે વૈયાવચ્ચની પરાકાષ્ટાના અંતિમ ફળને પ્રદર્શિત કર્યું છે. વૈયાવચ્ચ કરતાં જીવ જ્યારે તેમાં ઉત્કૃષ્ટ રસને પ્રાપ્ત કરે ત્યારે તે જીવ તીર્થંકર નામ કર્મનો બંધ કરે છે. શાસ્ત્રમાં તીર્થંકર નામ કર્મ બંધના વીસ કારણો કહ્યા છે, તેમાં વૈયાવચ્ચનો પણ એક કારણરૂપે સમાવેશ થાય છે.

**સર્વગુણ સંપન્નતા :–**

**૪૬ सव्वगुणसंपण्णयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**सव्वगुणसंपण्णयाए णं अपुणरावत्तिं जणयइ । अपुणरावत्तिं पत्तए णं जीवे सारीरमाणसाणं दुक्खाणं णो भागी भवइ ।**

**શબ્દાર્થ :– सव्वगुणसंपण्णयाए णं** = સર્વ ગુણ સંપન્નતાથી, જ્ઞાનાદિ સર્વ ગુણોથી યુક્ત થવાથી **अपुणरावत्तिं** = અપુનરાગમન, જન્મ-મરણરૂપ સંસારમાં ફરી ન આવવા રૂપ **पत्तएणं** = પ્રાપ્ત થયેલા **सारीरमाणसाणं** = શારીરિક અને માનસિક **दुक्खाणं** = દુઃખોનો **भागी** = ભાગી **णो भवइ** = થતો નથી.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વગુણસંપન્નતાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** સર્વગુણસંપન્નતાથી જીવ અપુનરાવૃત્તિપદ(મુક્તિ) પ્રાપ્ત કરે છે. અપુનરાવૃત્તિપદ પ્રાપ્ત કરેલો અર્થાત્ મુક્ત થયેલો જીવ શારીરિક અને માનસિક દુઃખોનો ભાગી થતો નથી.

**વિવેચન :–**

આત્માની પરિપૂર્ણતા માટે ત્રણ આત્મગુણોની પરિપૂર્ણતા આવશ્યક છે. કેવળજ્ઞાન, કેવળ દર્શન(ક્ષાયિક સમ્યક્ત્વ) અને પૂર્ણ યથાખ્યાત ચારિત્ર. આ ત્રણ ગુણ પરિપૂર્ણ થાય, ત્યારે આત્મા સર્વગુણ સંપન્ન થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો કેવળજ્ઞાન, કેવળદર્શન અને યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થવાની સ્થિતિને સર્વગુણ સંપન્નતા કહેવાય છે. તે જીવ અપુનરાવૃત્તિ પદની પ્રાપ્તિ કરે છે અર્થાત્ જન્મ-મરણરૂપી સંસારમાં તેનું પુનરાગમન થતું નથી. અપુનરાવૃત્તિરૂપ મોક્ષપદ પ્રાપ્ત કરનાર જીવને શરીર અને કર્મ શેષ રહેતા નથી. તેથી તેને શારીરિક અને માનસિક કોઈ પ્રકારના દુઃખોની પ્રાપ્તિ થતી જ નથી.

**વીતરાગતા :–**

**૪૭ वीयरागयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**वीयरागयाए णं णेहाणुबंधणाणि तण्हाणुबंधणाणि य वोच्छिंदइ, मणुण्णामणुण्णेसु सद्दफरिस-रसरूवगंधेसु चेव विरज्जइ ।**

**શબ્દાર્થ :– वीयरागयाए णं** = વીતરાગતાથી **णेहाणुबंधणाणि** = સ્ત્રી, પુત્ર, સગાં-સંબંધીઓના સ્નેહ બંધનનો, આસક્તિનો, અતિરાગભાવનો **य** = અને **तण्हाणुबंधणाणि** = ધન-ધાન્ય આદિની તૃષ્ણાના બંધનનો **वोच्छिंदइ** = વિનાશ કરે છે **मणुण्णामणुण्णेसु** = મનોજ્ઞ અને અમનોજ્ઞ, પ્રિય અને અપ્રિય

**सद्दफरिस-रसरूवगंधेसु** = શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ, તે વિષયોથી **विरज्जइ** = વિરક્ત થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વીતરાગતાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** વીતરાગતાથી જીવ પારિવારિક જનોના સ્નેહ-બંધનો અને પદાર્થો સંબંધી તૃષ્ણાના બંધનોનો નાશ કરે છે; તે સર્વના રાગ ભાવનો વિચ્છેદ થઈ જાય છે. મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધથી વિરક્ત થાય છે અર્થાત્ મનોજ્ઞની આસક્તિ તથા અમોનજ્ઞના સંક્લેશથી મુક્ત થઈ જાય છે.

**વિવેચન :–**

વીતરાગતાનો અર્થ છે રાગદ્વેષ રહિતતા. પ્રસ્તુત સૂત્રમાં તેના ત્રણ પરિણામ દર્શાવ્યા છે– (૧) સ્નેહ બંધનોનો વિચ્છેદ (૨) તૃષ્ણાજનિત બંધનોનો વિચ્છેદ અને (૩) મનોજ્ઞ, અમનોજ્ઞ શબ્દાદિ વિષયો પ્રતિ વિરક્તિ.

પુત્ર આદિ પ્રત્યે જે મોહ-મમતા કે પ્રીતિ હોય છે તેને સ્નેહાનુબંધન કહે છે. ધન આદિ પુદ્‌ગલો પ્રત્યેની જે આશા-લાલસા હોય છે તેને તૃષ્ણાનુબંધન કહે છે.

વીતરાગતાથી પુત્રપરિવાર આદિ વિષયક રાગ જતો રહે છે તેમજ સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યાદિ વિષયક તૃષ્ણાનો ક્ષય થાય છે. તેથી જીવને કોઈ પદાર્થ પ્રિય કે અપ્રિય રહેતો નથી, તેથી તેમાં આસક્તિ રહેતી નથી. જો કે વીતરાગતાનું કથન આ પહેલાંના બોલોમાં આવી ગયું છે, છતાં રાગની પ્રધાનતા દર્શાવવા આ પ્રશ્ન કરવામાં આવ્યો છે. કારણ એ છે કે સંસારમાં સર્વ પ્રકારના અનર્થોનું મૂળ રાગ છે. તેને દૂર કરવો તે જ વીતરાગતા છે. રાગ દૂર થાય તે પહેલા દ્વેષનો નાશ થઈ જ ગયો હોય છે. વીતરાગતા, પરમ પુરુષાર્થરૂપે મોક્ષતત્ત્વનો સાધક ભાવ છે.

**ક્ષમા :–**

**૪૮ खंतीए णं भंते ! जीवे किं जणयइ ? खंतीए णं परीसहे जिणेइ ।**

**શબ્દાર્થ :– खंतीए णं** = ક્ષમા કરવાથી **परीसहे** = પરીષહોને **जिणेइ** = જીતી લે છે

**ભાવાર્થ :– પ્રશ્ન–** ભગવન્ ! ક્ષમા ધારણ કરવાથી જીવને શું લાભ થાય છે ? **ઉત્તર–** ક્ષમા ધારણ કરવાથી જીવ પરીષહો પર વિજય મેળવે છે.

**વિવેચન :–**

ક્ષમાના બે પાસા છે. (૧) ક્ષમા– પ્રતિકાર કરવાની શક્તિ હોવા છતાં બીજાના અપરાધોને માફ કરવા તે ક્ષમા. (૨) સહિષ્ણુતા– તિતિક્ષા અથવા સહનશીલતા. પરીષહ અને ઉપસર્ગોને પ્રસન્નતાપૂર્વક સમભાવથી સહન કરી લેવા, તેમાં ક્ષમાના ભાવ રાખવા તે પણ ક્ષમા છે.

આ રીતે ક્ષમા અને સહિષ્ણુતા બંને દ્વારા સાધકની માનસિક ક્ષમતા વધતી જાય છે. ક્ષમા દ્વારા સર્વ અનર્થોનું મૂળભૂત કારણ ક્રોધ પણ જીતાઈ જાય છે, તેથી તે અનુકૂળ અને પ્રતિકૂળ પરીષહોને જીતી શકે છે. સંક્ષેપમાં તે ક્ષમાધારક સાધક પરીષહવિજેતા બની જાય છે.

**નિર્લોભતા :–**

**૪૯ मुत्तीए णं भंते ! जीवे किं जणयइ ?**

**मुत्तीए णं अकिंचणं जणयइ । अकिंचणे य जीवे अत्थ-लोलाणं पुरिसाणं अपत्थणिज्जे भवइ ।**

**શબ્દાર્થ :– मुत्तीए णं** = મુક્તિથી, નિર્લોભતાથી **अकिंचणं** = અકિંચનભાવ, પરિગ્રહ રહિતતા **अत्थलोलाणं** = અર્થલોલુપી, ધનના લોભી **पुरिसाणं** = પુરુષોને **अपत्थणिज्जे** = અપ્રાર્થનીય, લક્ષ ન આપવા યોગ્ય **भवइ** = થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નિર્લોભતાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** નિર્લોભતાથી જીવને અકિંચનભાવ એટલે નિષ્પરિગ્રહત્વની પ્રાપ્તિ થાય છે. નિષ્પરિગ્રહી સાધક ધનલોભી પુરુષોને અપ્રાર્થનીય બને છે અર્થાત્ ધન લોભી પુરુષ તેની પાછળ પડતા નથી.

**વિવેચન :–**

મુક્તિનો અર્થ નિર્લોભતા છે. નિર્લોભતાનું પરિણામ છે અકિંચનતા, પરિગ્રહ શૂન્યતા. જે પુરુષ નિર્લોભી હોય છે તે અકિંચન એટલે પરિગ્રહ રહિત બની જાય છે. તેથી ધનના લોભી ચોરાદિ દ્વારા તેને કોઈ પ્રકારનું કષ્ટ સહન કરવું પડતું નથી. ધનલોભી પુરુષને ધનના રક્ષણની ચિંતા સતાવે છે. નિષ્પરિગ્રહી વ્યક્તિ દ્રવ્ય શૂન્ય હોવાથી તેને કોઈ પ્રકારની ચિંતા રહેતી નથી.

**સરળતા :–**

**૫૦ अज्जवयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**अज्जवयाए णं काउज्जुययं भावुज्जुययं भासुज्जुययं अविसंवायणं जणयइ । अविसंवायण- संपण्णयाए णं जीवे धम्मस्स आराहए भवइ ।**

**શબ્દાર્થ :– अज्जवयाए णं** = આર્જવતા, ઋજુતા, સરળતાથી **काउज्जुययं** = કાયાની સરળતા **भावुज्जुययं** = ભાવની સરળતા **भासुज्जुययं** = ભાષાની સરળતા **अविसंवायणं** = અવિસંવાદ ભાવની **अविसंवायण-संपण्णयाए** = અવિસંવાદ ભાવને પ્રાપ્ત થયેલો જીવ (કોઈને ન છેતરનારો) **धम्मस्स** = ધર્મનો **आराहए** = આરાધક **भवइ** = થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સરળતાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** સરળતાથી જીવ કાયાની સરળતા, ભાવો(મન)ની સરળતા, ભાષાની સરળતા અને અવિસંવાદિતા પ્રાપ્ત કરે છે. અવિસંવાદને પ્રાપ્ત થયેલો જીવ શુદ્ધ ધર્મનો આરાધક થાય છે.

**વિવેચન :–**

આર્જવતા-સરળતા ધારણ કરનાર જીવ મન, વચન અને કાયાથી સરળ બની જાય છે. સરળ વ્યક્તિમાં કોઈપણ પ્રકારનો વિસંવાદ કે કપટભાવ રહેતો નથી. તે અવિસંવાદભાવને પ્રાપ્ત થયેલો જીવ ધર્મનો આરાધક બને છે. તેને ધર્મની પ્રાપ્તિ થાય છે. ધર્મ, શુદ્ધ અને સરળ હૃદયમાં વસે છે. તેવા સાધકના અધ્યવસાયો શુદ્ધ રહેતા હોવાથી તેને જન્માન્તરમાં પણ ધર્મની પ્રાપ્તિ થાય છે.

**अविसंवायणं :–** ત્રણે યોગની વક્રતાને વિસંવાદ કહે છે. વિસંવાદ ન હોય અર્થાત્ ત્રણે યોગની સરળ

તા હોય તો તે અવિસંવાદ અવસ્થા છે. વિદૂષક બની લોકોને હસાવવા વગેરે, કાયાની વક્રતા છે. ઉપહાસ્ય માટે અન્ય દેશની ભાષાનો પ્રયોગ કરવો, કટાક્ષ વચનો બોલવા, મહેણાં-ટોણાં મારવા, તે ભાષાની વક્રતા છે. મનમાં કાંઈ હોય અને વાણીમાં કાંઈ બોલે અને આચરણ વળી જુદું જ કરે, તે ભાવની વક્રતા છે. આ પ્રકારે અન્ય લોકોને ઠગવા માટે ત્રણે યોગોથી વિલક્ષણ ચેષ્ટા કરવી, તે વિસંવાદભાવ છે. પ્રસ્તુત સરળતા ગુણથી જીવ વિસંવાદ રહિત અવસ્થાને પ્રાપ્ત કરે છે.

**મૃદુતા :–**

**૫૧ मद्दवयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**मद्दवयाए णं अणुस्सियत्तं जणयइ । अणुस्सियत्ते णं जीवे मिउ-मद्दव-संपण्णे अट्ठ मयट्ठाणाइं णिट्ठावेइ ।**

**શબ્દાર્થ :– मद्दवयाए णं** = મૃદુતાથી–સ્વભાવની કોમળતાથી **अणुस्सियत्तं** = અનુચ્છૃંખલતા, નિરભિમાનતા, અનુદ્ધત **अणुस्सियत्ते** = નિરાભિમાની **मिउमद्दवसंपण्णे** = મૃદુતા-નમ્રતા સંપન્ન થઈને, નમ્ર અને કોમળ સ્વભાવયુક્ત થઈને **अट्ठ** = આઠ **मयट्ठाणाइं** = મદ-સ્થાનોનો **णिट्ठावेइ** = પરિત્યાગ કરી દે છે. નષ્ટ કરી દે છે, ધ્વસ્ત કરી દે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મૃદુતાથી એટલે સ્વભાવની કોમળતાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** મૃદુતાથી જીવ નિરભિમાનતાને પ્રાપ્ત કરે છે. નિરભિમાની જીવ નમ્ર અને કોમળ સ્વભાવ યુક્ત થઈને આઠ મદસ્થાનોનો નાશ કરે છે અર્થાત્ તે આઠમાંથી કોઈ પણ પ્રકારનો મદ કરતો નથી.

**વિવેચન :–**

માનકષાયના અભાવમાં થતી આત્મ પરિણતિને મૃદુતા કહે છે. મૃદુતાથી આત્મ સ્વભાવમાં અત્યંત કોમળતા પ્રગટ થાય છે. તેથી તેની ઉદ્ધતાઈનો ભાવ નાશ પામે છે. દ્રવ્ય અને ભાવથી તે નમ્ર બની જાય છે. તે જીવ જાતિ, કુળ, બળ, રૂપ, તપ, લાભ, શ્રુત અને ઐશ્વર્યનો મદ, આ આઠ પ્રકારના મદસ્થાન સંબંધી અભિમાનથી રહિત બની જાય છે.

**ભાવ સત્ય :–**

**૫૨ भावसच्चेणं भंते ! जीवे किं जणयइ ?**

**भावसच्चेणं भावविसोहिं जणयइ । भावविसोहीए वट्टमाणे जीवे अरहंतपण्णत्तस्स धम्मस्स आराहणयाए अब्भुट्ठेइ । अरहंतपण्णत्तस्स धम्मस्स आराहणयाए अब्भुट्ठित्ता परलोग- धम्मस्स आराहए भवइ ।**

**શબ્દાર્થ :– भावसच्चेणं** = ભાવ સત્યથી, અંતઃકરણની શુદ્ધિથી **भावविसोहिं** = ભાવ વિશુદ્ધિને **भावविसोहिए** = ભાવ વિશુદ્ધિમાં **वट्टमाणे** = વર્તતો **जीवे** = જીવ **अरहंत-पण्णत्तस्स** = અરિહંત દેવ દ્વારા પ્રરૂપિત **धम्मस्स** = ધર્મની **आराहणयाए** = આરાધના કરવા માટે **अब्भुट्ठेइ** = ઉદ્યત થાય છે, પ્રવૃત્ત થાય છે **अब्भुट्ठित्ता** = ઉદ્યત થઈને **परलोगधम्मस्स** = પરલોકમાં ધર્મનો **आराहए** = આરાધક

**भवइ** = બની જાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભાવ સત્યથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** ભાવ સત્યથી ભાવની વિશુદ્ધિ થાય છે. ભાવ વિશુદ્ધિમાં પ્રવૃત્ત થયેલો જીવ અરિહંત પ્રરૂપિત ધર્મની આરાધના કરવા ઉદ્યત થાય છે. અરિહંત પ્રરૂપિત ધર્મની આરાધનામાં ઉદ્યમવંત જીવ પરલોકમાં પણ ધર્મનો આરાધક બને છે.

**વિવેચન :–**

સત્યના અનેક પાસા છે. પૂર્ણ સત્યને પ્રાપ્ત કરવું સામાન્ય સાધક માટે અત્યંત મુશ્કેલ છે. પરંતુ સત્યાર્થી, મુમુક્ષુ સાધક માટે સત્યની પૂર્ણતા સુધી પહોંચવા માટે સત્ય સંબંધિત વિવિધ આરાધના આવશ્યક છે. સત્યનો પ્રવાહ ત્રણ ધારાથી વહે છે, ભાવો (આત્મભાવો)ની સત્યતાથી, ક્રિયાની(આચરણની) સત્યતાથી અને યોગની સત્યતાથી. પ્રસ્તુતમાં સૂત્રકારે ભાવ સત્યના ફળને પ્રદર્શિત કર્યું છે.

શુદ્ધ અંતઃકરણથી ભાવની શુદ્ધિ થાય, તે જીવાત્માના અધ્યવસાય શુદ્ધ થાય છે. ભાવશુદ્ધિ થવાથી જીવ અરિહંત પ્રરૂપિત ધર્મની આરાધનામાં પ્રવૃત્ત થાય છે અને ઉક્ત ધર્મ આરાધના જીવને પરલોકમાં ધર્મની પ્રાપ્તિ કરાવે છે. જન્માન્તરમાં પણ તે ધર્મનો આરાધક થાય છે. જે કુળમાં કુળપરંપરાથી જ જિનધર્મનું પાલન થતું હોય, તેવા ઉચ્ચકુળમાં તેનો જન્મ થાય છે.

**કરણ સત્ય :–**

**૫૩ करण-सच्चेणं भंते ! जीवे किं जणयइ ?**

**करण-सच्चेणं करणसत्तिं जणयइ । करणसच्चे वट्टमाणे जीवे जहावाई तहाकारी यावि भवइ ।**

**શબ્દાર્થ :– करण-सच्चेणं** = કરણ સત્યથી, સત્ય પ્રવૃત્તિથી **करणसत्तिं** = સત્ય ક્રિયા કરવાની શક્તિ **करणसच्चे** = કરણ સત્યમાં **वट्टमाणे** = પ્રવૃત્ત, વર્તતો **जहावाई** = જેવું બોલે છે **तहाकारी यावि भवइ** = તેવું જ કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કરણસત્યથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** કરણ સત્યથી જીવ કરણશક્તિ પ્રાપ્ત કરે છે અર્થાત્ કોઈપણ કાર્યને સમ્યક્ રીતે પૂર્ણ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે. કરણ સત્યમાં વર્તતો જીવ જેવું બોલે તેવું કરનાર બને છે.

**વિવેચન :–**

શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પ્રત્યેક ક્રિયાઓનું આચરણ કરવું તેને **કરણસત્ય** કહે છે. આ પ્રકારની ક્રિયાની સત્યતા–યથાર્થતાથી તે જીવ અપૂર્વ શુભ ક્રિયાઓ કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે. ક્રિયાની અપૂર્વ શક્તિથી સંયમ પાલનમાં તેનો વીર્યોલ્લાસ વધતો જાય છે, તે જીવ જે પ્રમાણે ઉપદેશ આપે છે તે જ પ્રમાણે સ્વયં આચરણ પણ કરે છે. તેથી તેનો પ્રભાવ જનમાનસ પર વિશેષ પડે છે. તે લોકોનો વિશ્વાસપાત્ર બની રહે છે.

**યોગ સત્ય :–**

**૫૪ जोग-सच्चेणं भंते ! जीवे किं जणयइ ? जोग-सच्चेणं जोगं विसोहेइ ।**

**શબ્દાર્થ :– जोग-सच्चेणं** = યોગ સત્યથી, મન, વચન, કાયાની સત્ય પ્રવૃત્તિ **जोगं** = મન, વચન, કાયાના યોગો **विसोहेइ** = વિશુદ્ધ થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! યોગ સત્યથી જીવને શું લાભ થાય છે ? **ઉત્તર–** યોગસત્યથી– મન, વચન અને કાયાની સત્ય પ્રવૃત્તિથી જીવ યોગોને વિશુદ્ધ કરે છે.

**વિવેચન :–**

મન, વચન, કાયાની પ્રવૃત્તિનું નામ યોગ છે. સત્યયોગ અર્થાત્ મન, વચન, કાયાની સત્ય પ્રવૃત્તિથી સ્થૂલ કે સૂક્ષ્મ સર્વ યોગોની શુદ્ધિ થાય છે. યોગ વિશુદ્ધિથી તદ્જન્ય કર્મબંધ અટકી જાય છે.

**મન ગુપ્તિ :–**

**૫૫ मणगुत्तयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**मणगुत्तयाए णं जीवे एगग्गं जणयइ । एगग्गचित्ते णं जीवे मणगुत्ते संजमाराहए भवइ ।**

**શબ્દાર્થ :– मणगुत्तयाए णं** = મનોગુપ્તિ, મનને વશમાં રાખવાથી **एगग्गं जणयइ** = એકાગ્ર થાય છે, ચિત્તની એકાગ્રતાને પ્રાપ્ત કરે છે **एगग्गचित्ते णं जीवे** = એકાગ્ર ચિત્તવાળો જીવ **मणगुत्ते** = મનને વશ કરીને **संजमाराहए** = સંયમનો આરાધક **भवइ** = થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મન-ગુપ્તિથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** મન-ગુપ્તિથી જીવ ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત કરે છે. એકાગ્ર ચિત્તવાળો જીવ અશુભ વિકલ્પોથી મનને સુરક્ષિત રાખતાં સંયમનો આરાધક બને છે.

**વિવેચન :–**

અશુભ અધ્યવસાયમાં જતાં મનને રોકવું તે **મનોગુપ્તિ** છે. મનોગુપ્તિના ત્રણ રૂપ થાય છે– (૧) આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરવો. (૨) ધર્મધ્યાનનો અનુબંધ થાય તથા શાસ્ત્રાનુસાર પરલોકની સાધના થાય તેવી માધ્યસ્થ પરિણતિ રાખવી. (૩) શુભ તેમજ સમસ્ત અશુભ મનોવૃત્તિનો નિરોધ કરવો; ત્યારપછી સાધક ક્રમશઃ આગળ વધતાં સર્વ વિકલ્પોથી રહિત થઈ સમભાવમાં અને આત્મભાવોમાં પ્રતિષ્ઠિત થાય, ત્યારે વ્યુત્સર્ગ તપરૂપે સંપૂર્ણ મનોગુપ્તિ થાય છે. મનોગુપ્તિના આ સ્વરૂપને આધારે તેના ત્રણ પરિણામ થાય છે– (૧) એકાગ્રતા, ધર્મધ્યાન (૨) અશુભ અધ્યવસાયોથી મનની રક્ષા અને (૩) જ્ઞાનાદિ રત્નત્રય રૂપ સંયમની આરાધના. મનોગુપ્તિમાં અકુશલ મનનો નિરોધ અને કુશલ મનની પ્રવૃત્તિ થાય છે, તે એકાગ્રતા છે. તેમાં ચિત્તનો સર્વથા નિરોધ ન થતા, અનેક અવલંબનોમાં વિખરાયેલું મન એક અવલંબનમાં સ્થિર થાય છે. આગળ વધતો સાધક મનોનિગ્રહ કરતાં કરતાં નિર્વિકલ્પતાના અભ્યાસ સુધી પહોંચી શકે છે અને ક્ષણિક(થોડા-થોડા સમય માટે) નિર્વિકલ્પ દશામાં પહોંચીને ઉત્તરોત્તર વ્યુત્સર્ગ તપને પ્રાપ્ત કરે છે. અંતે સંપૂર્ણ યોગનિરોધ થાય ત્યારે આત્માને શાશ્વત નિર્વિકલ્પ દશાની પ્રાપ્તિ થાય છે.

**વચન ગુપ્તિ :–**

**૫૬ वयगुत्तयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**वयगुत्तयाए णं णिव्वियारत्तं जणयइ । णिव्वियारे णं जीवे वइगुत्ते अज्झप्पजोग-साहणजुत्ते यावि भवइ ।**

**શબ્દાર્થ :– वयगुत्तयाए णं** = વચનગુપ્તિથી **णिव्वियारत्तं** = નિર્વિકાર ભાવની, નિર્વિચાર ભાવની **जणयइ** = પ્રાપ્તિ થાય છે **णिव्वियारेणं** = નિર્વિકારી **वइगुत्ते** = વચન ગુપ્ત **जीवे** = જીવ, સાધક **अज्झप्पजोग-साहणजुत्ते** = આધ્યાત્મ યોગ (ધર્મધ્યાન) આદિના સાધનોથી યુક્ત, **भवइ** = થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વચન-ગુપ્તિથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** વચન ગુપ્તિથી જીવ નિર્વિચાર અવસ્થા(નિર્વિકલ્પ દશા)ને પ્રાપ્ત કરે છે, નિર્વિચાર અવસ્થાને પ્રાપ્ત થયેલો જીવ સર્વથા વચનગુપ્ત થઈને આધ્યાત્મ યોગના સાધનભૂત ધ્યાનથી યુક્ત થઈ જાય છે.

**વિવેચન :–**

વચનના સંયમને વચનગુપ્તિ કહે છે. તેના બે સ્વરૂપ છે– (૧) સર્વથા વચનનો નિરોધ એટલે મૌન (૨) અશુભ(અકુશલ) વચનનો સંપૂર્ણ નિરોધ. બંને પ્રકારની વચન ગુપ્તિથી સાધક વચન વિકારોથી રહિત અવસ્થાને અર્થાત્ ઉન્નત વચન શુદ્ધિને પ્રાપ્ત કરે છે. વચન પર નિયંત્રણ સિદ્ધ સાધક બાહ્ય વચન વ્યવહારથી મુક્ત થઈ માત્ર સ્વાધ્યાય, વાચના, ધર્મકથા આદિ આધ્યાત્મ સાધક વચનયોગોથી યુક્ત બને છે. આ રીતે વચનગુપ્ત સાધકની સર્વ વચન શક્તિ આધ્યાત્મ સાધનમાં જ જોડાય છે. અન્ય વચન વિકારોથી તે સાધક દૂર થઈ જાય છે.

**णिव्वियारत्तं :–** શબ્દના બે અર્થ થાય છે, નિર્વિચારતા-વિચાર શૂન્યતા અથવા નિર્વિકારતા-વિકાર શૂન્યતા. મૌનથી આત્મલીનતા આવે અને આત્મલીન થયેલા સાધકો વિચાર શૂન્ય બની જાય છે.

તે જ રીતે વચનના સંયમથી જીવ નિર્વિકારતા-વિકારમુક્ત બને છે અર્થાત્ વચન દ્વારા ક્લેશ-કંકાશ આદિ જે વિકૃતિઓ ઉત્પન્ન થવાની હોય તે સર્વ વિકૃતિઓ દૂર થાય છે. વિકારમુક્ત સાધક અધ્યાત્મ સાધનોથી સંપન્ન થાય છે. સાધના પરિપક્વ થતાં તે વચનસિદ્ધિ પ્રાપ્ત કરે છે.

**કાયગુપ્તિ :–**

**૫૭ कायगुत्तयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**कायगुत्तयाए णं संवरं जणयइ । संवरेण कायगुत्ते पुणो पावासव-णिरोहं करेइ ।**

**શબ્દાર્થ :– कायगुत्तयाए** = કાયગુપ્તિથી, કાયિક વ્યાપારના નિરોધથી **संवरं** = સંવરની **पुणो** = પછી **कायगुत्ते** = કાયગુપ્ત બનેલો જીવ **पावासवणिरोहं** = પાપ આસ્રવોનો નિરોધ **करेइ** = કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાયગુપ્તિથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** કાયગુપ્તિના પ્રભાવથી જીવ આસ્રવ-પ્રવૃત્તિના નિરોધરૂપ સંવરને પ્રાપ્ત કરે છે. સંવરથી કાયગુપ્ત થયેલો સાધક પાપ કર્મ બંધ કરાવનાર પ્રાણાતિપાત આદિ અઢાર પ્રકારના પાપ આસ્રવનો નિરોધ કરે છે.

**વિવેચન :–**

અશુભ કાયિક વ્યાપારનો નિરોધ કરવો તેમજ કાયાની સમસ્ત પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો, તે **કાયગુપ્તિ** છે. કાયગુપ્તિથી જીવ અશુભ યોગનો નિરોધ કરે છે, તદ્જન્ય આશ્રવને રોકી સંવર કરે છે. તે જીવ અશુભ પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ ગયો હોવાથી પ્રાણાતિપાતાદિ અઢારે પાપસ્થાનજન્ય પાપાશ્રવનો નિરોધ કરે છે.

**મન સમધારણતા :–**

**૫૮ मण-समाहारणयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**मण-समाहारणयाए णं एगग्गं जणयइ । एगग्गं जणइत्ता णाणपज्जवे जणयइ । णाणपज्जवे जणइत्ता सम्मत्तं विसोहेइ, मिच्छत्तं च णिज्जरेइ ।**

**શબ્દાર્થ :– मणसमाहारणयाए** = મન સમાધારણતાથી, આગમ અનુસાર મનની પ્રવૃત્તિ કરવાથી, અર્થાત્ મનને સંકલ્પ-વિકલ્પોથી મુક્ત રાખી સ્વાધ્યાયાદિ ઉત્તમ કાર્યોમાં જોડાવવાથી **एगग्गं** = મનની એકાગ્રતા **णाणपज्जवे** = જ્ઞાનની પર્યાયોની **जणयइ** = પ્રાપ્તિ થાય છે **सम्मत्तं** = સમ્યક્ત્વની **विसोहेइ** = વિશુદ્ધિ કરે છે **मिच्छत्तं** = મિથ્યાત્વની **णिज्जरेइ** = નિર્જરા કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મન સમાધારણાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** મન સમાધારણતાથી જીવ ધર્મમાં એકાગ્રતા પ્રાપ્ત કરે છે. એકાગ્રતા પ્રાપ્ત થવાથી તત્ત્વના બોધરૂપ જ્ઞાન પર્યાયોની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન પર્યાયો પ્રાપ્ત થવાથી અર્થાત્ તત્ત્વ સ્વરૂપ જાણી લેવાથી જીવ સમ્યક્ત્વને શુદ્ધ કરે છે. તત્ત્વ અંગેની રુચિ તેનામાં વિશુદ્ધત્તર બની જાય છે તેમજ તે જીવ મિથ્યાત્વની નિર્જરા કરે છે.

**વિવેચન :–**

સમાધારણાનો અર્થ છે સમ્યક્ પ્રકારે વ્યવસ્થા કરવી અથવા નિયોજન કરવું. સમાધારણામાં સમ્યક્ પ્રકારે પ્રવૃત્તિનું સાતત્ય ફલિત થાય છે.

**મન સમાધારણા :–** આગમોક્ત ભાવોના (શ્રુતના) ચિંતનમાં મનને સારી રીતે જોડવું, વ્યવસ્થિત કરવું, તે મન સમાધારણા છે. તેના ચાર પરિણામ છે– (૧) એકાગ્રતા (૨) જ્ઞાન પ્રાપ્તિ (૩) સમ્યક્ત્વ વિશુદ્ધિ (૪) મિથ્યાત્વની નિર્જરા.

જિન પ્રવચન અનુસાર મનને સમાધિમાં સ્થાપિત કરવા રૂપ મન સમાધારણાથી એકાગ્રતા પ્રાપ્ત થાય છે. એકાગ્રતા પ્રાપ્ત થવાથી જીવ જ્ઞાન પર્યાયોને પ્રાપ્ત કરે છે અર્થાત્ મતિ, શ્રુત આદિ જ્ઞાનોને તથા જ્ઞાનની અન્ય શક્તિઓને પ્રાપ્ત કરે છે. જ્ઞાનની એકાગ્રતાથી તેનું જ્ઞાન અતિ નિર્મળ થાય છે. આ રીતે જ્ઞાનની વિશુદ્ધિથી જીવ સમ્યક્ત્વને વિશુદ્ધ કરે છે. કારણ કે જ્ઞાન નિર્મળ થવાથી તેના અંતઃકરણમાં શંકા આદિ દોષોની ઉત્પત્તિ થતી નથી. સમ્યક્ત્વની વિશુદ્ધિ, થવાથી મિથ્યાત્વનો નાશ થાય છે.

**વચન સમાધારણતા :–**

**૫૯ वय-समाहारणयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**वय-समाहारणयाए णं वयसाहारण-दंसणपज्जवे विसोहेइ । वय-साहारण-दंसणपज्जवे विसोहित्ता सुलहबोहियत्तं णिव्वत्तेइ, दुल्लहबोहियत्तं णिज्जरेइ ।**

**શબ્દાર્થ :– वयसमाहारणयाए** = વચન સમાધારણતા, વચનને પઠન પાઠન સ્વાધ્યાયમાં જોડવું **वयसाहारण- दंसणपज्जवे** = વચન સંબંધી દર્શન પર્યાય **विसोहेइ** = વિશુદ્ધ થાય છે **विसोहित्ता** = વિશુદ્ધ કરીને જીવ **सुलहबोहियत्तं** = સુલભબોધિપણું **णिव्वत्तेइ** = પ્રાપ્ત કરે છે **दुल्लहबोहियत्तं** = દુર્લભબોધિપણાની, **णिज्जरेइ** = નિર્જરા કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વચન સમાધારણતાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** વચન સમાધારણતાથી જીવ વાણીના વિષયભૂત દર્શનના પર્યાયોને વિશુદ્ધ કરે છે. વાણીના વિષયભૂત દર્શન પર્યાયોને વિશુદ્ધ કરીને સુલભ બોધિને પ્રાપ્ત કરે છે અને દુર્લભબોધિપણાની નિર્જરા કરે છે.

**વિવેચન :–**

વચન યોગનું સમ્યક્ પ્રકારે નિયોજન કરવું, સ્વાધ્યાય આદિ પ્રશસ્ત વચનોમાં પ્રવૃત્ત થવું તેને વચન સમાધારણતા કહે છે. તેના ત્રણ પરિણામ છે– (૧) દર્શન પર્યાયની વિશુદ્ધિ (૨) સુલભબોધિપણાની પ્રાપ્તિ (૩) દુર્લભબોધિપણાનો નાશ. વચન સમાધારણતાને પ્રાપ્ત થયેલો જીવ નિરંતર સ્વાધ્યાયાદિમાં પ્રવૃત્ત હોવાથી તે જીવાદિ તત્ત્વોને જાણે છે, તદ્વિષયક તેના શંકાદિ દોષ દૂર થઈ જાય છે, તેથી તેના સમ્યગ્દર્શનની વિશુદ્ધિ થાય છે; સમ્યગ્દર્શનની વિશુદ્ધિથી તેનું દુર્લભબોધિપણું નષ્ટ થાય છે અને તેને સુલભબોધિપણું પ્રાપ્ત થાય છે. તે જીવને ભવાન્તરમાં પણ સત્યધર્મની અવશ્ય પ્રાપ્તિ થાય છે.

**કાય સમાધારણતા :–**

**૬૦ काय-समाहारणयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**काय-समाहारणयाए णं चरित्तपज्जवे विसोहेइ । चरित्तपज्जवे विसोहित्ता अहक्खाय चरित्तं विसोहेइ । अहक्खाय चरित्तं विसोहित्ता चत्तारि केवलिकम्मंसे खवेइ । तओ पच्छा सिज्झइ, बुज्झइ, मुच्चइ परिणिव्वायइ सव्वदुक्खाणमंतं करेइ ।**

**શબ્દાર્થ :– कायसमाहारणयाए** = કાય સમાધારણતા, કાયાને સંયમિત કરવાથી **अहक्खाय चरित्तं** = યથાખ્યાત ચારિત્ર.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાય સમાધારણતાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** કાય સમાધારણાથી જીવ ક્ષાયોપશમિક ચારિત્રના પર્યાયોને નિર્મળ કરે છે. ક્ષાયોપશમિક ચારિત્ર પર્યાયોને નિર્મળ કરીને ક્ષાયિક યથાખ્યાત ચારિત્રને નિર્મળ કરે છે. યથાખ્યાત ચારિત્રને નિર્મળ (વિશુદ્ધ) કરીને કેવળી અવસ્થામાં વિદ્યમાન તે સાધક યથાસમયે આયુષ્યના અંતે ભવોપગ્રાહી વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર, તે ચાર કર્મોનો ક્ષય કરે છે. ત્યાર પછી તે જીવ સિદ્ધ, બુદ્ધ, મુક્ત થાય છે અને શીતળીભૂત બની જાય છે; અંતે સર્વ-દુઃખોનો અંત કરે છે.

**વિવેચન :–**

કાયાને સંયમની શુદ્ધ, નિરવદ્ય પ્રવૃત્તિઓમાં સમ્યક્ પ્રકારે જોડવી, તેને **કાય સમાધારણતા**

કહેવાય છે. તેના ચાર પરિણામ છે– (૧) ચારિત્ર પર્યાયોની શુદ્ધિ (૨) યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ (૩) ચાર અઘાતી કર્મોનો ક્ષય (૪) સિદ્ધ દશાની પ્રાપ્તિ.

કાય સમાધારણતામાં કાયા દ્વારા નિરંતર સંયમની પ્રવૃત્તિ થાય છે, તેના સતત અભ્યાસથી જીવના ચારિત્ર પર્યાયોની વિશુદ્ધિ થાય છે. ક્ષાયોપશમિક ચારિત્ર નિર્મળ થવાથી ચારિત્રમોહનીય કર્મની નિર્જરા થાય છે અને જીવ યથાખ્યાત ચારિત્રને પ્રાપ્ત કરે છે. ત્યાર પછી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય તે ત્રણ કુલ મળીને ચાર ઘાતીકર્મોનો નાશ કરીને સાધક કેવળી અવસ્થાને પ્રાપ્ત કરે છે. વિશુદ્ધ યથાખ્યાત ચારિત્રમાં સ્થિત થયેલો તે સાધક ત્યાર પછી મૃત્યુ સમયે વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર તે ચાર અઘાતી કર્મોનો ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કરે છે અને સર્વ દુઃખોનો ક્ષય કરી પરમ નિર્વાણ પામે છે.

**જ્ઞાન સંપન્નતા :–**

**६१ णाणसंपण्णयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**णाणसंपण्णयाए णं सव्वभावाहिगमं जणयइ, णाणसंपण्णे णं जीवे चाउरंते संसारकंतारे ण विणस्सइ ।**

**जहा सूई ससुत्ता, पडिया वि ण विणस्सइ ।**<br>**तहा जीवे ससुत्ते, संसारे ण विणस्सइ ॥१॥**

**णाणविणय-तवचरित्तजोगे संपाउणइ, ससमयपरसमय विसारए य संघायणिज्जे भवइ ।**

**શબ્દાર્થ :– णाणसंपण्णयाए** = જ્ઞાન સંપન્નતાથી, શ્રુતજ્ઞાનની પ્રાપ્તિથી **सव्वभावाहिगमं** = સર્વ પદાર્થોનો અભિગમ અર્થાત્ સર્વ પદાર્થોનું જ્ઞાન **चाउरंते** = ચતુર્ગતિરૂપ **संसारकंतारे** = સંસાર અટવીમાં **ण विणस्सइ** = ભટકતો નથી **जहा** = જે રીતે **ससुत्ता** = દોરા સહિતની **सूई** = સોય **पडिया वि** = પડી જવા છતાં **ण विणस्सइ** = ખોવાતી નથી **तहा** = તેવી જ રીતે **ससुत्ते** = સશ્રુત, શ્રુતજ્ઞાની **जीवे** = જીવ **संसारे** = સંસારમાં **ण विणस्सइ** = ભટકતો નથી **णाण-विणय-तव-चरित्त जोगे** = જ્ઞાન, વિનય, તપ અને ચારિત્રના યોગોને **संपाउणइ** = પ્રાપ્ત કરે છે **ससमय परसमयविसारए** = સ્વ સિદ્ધાંત, પર સિદ્ધાંતના વિશારદ-જ્ઞાતા થાય છે **य** = અને **संघायणिज्जे** = સંઘાતનીય, સંગ્રહણીય, માનનીય, પ્રમાણભૂત પુરુષ **भवइ** = થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાન સંપન્નતાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** જ્ઞાન સંપન્નતાથી જીવ સમસ્ત તત્ત્વોનો જ્ઞાતા બને છે. જ્ઞાન સંપન્ન જીવ ચતુર્ગતિ રૂપી સંસાર કાન્તારમાં ભટકતો નથી.

**ગાથાર્થ–** જેમ દોરો પરોવેલી સોય પડી જવા છતાં ખોવાઈ જતી નથી તેમ શાસ્ત્રજ્ઞાન સહિત જીવ સંસારમાં વિનષ્ટ થતો નથી અર્થાત્ ભટકતો નથી. ॥૧॥ તે જીવ જ્ઞાન, વિનય, તપ અને ચારિત્રના યોગોની અધિક, અધિકતમ ઉપલબ્ધિ કરે છે. તે સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતમાં વિશારદ થઈને સર્વને માટે સન્માનનીય થઈ જાય છે.

**વિવેચન :–**

પ્રસંગવશ અહીંયા જ્ઞાનનો અર્થ શ્રુતજ્ઞાન છે. સમ્યક્ પ્રકારે શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થવી, તેને જ્ઞાન સંપન્નતા કહે છે. તેનાથી ચાર પ્રકારના ફળ પ્રાપ્ત થાય છે– (૧) સર્વ પદાર્થોનું જ્ઞાન (૨) ભવભ્રમણનો અંત (૩) જ્ઞાન, વિનય, તપ અને ચારિત્રના યોગોની સંપ્રાપ્તિ (૪) અનેક લોકો માટે માનનીય થવું.

**सव्वभावाहिगमं :–** નંદી સૂત્ર અનુસાર શ્રુતજ્ઞાનસંપન્ન સાધક ઉપયોગ યુક્ત હોય, ત્યારે અપેક્ષાથી સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને જાણી દેખી શકે છે.

**संसारे ण विणस्सइ :–** જ્ઞાન સંપન્ન આત્મા સંસારમાં રખડતો નથી. જ્ઞાન પ્રકાશરૂપ છે. સાધક ગમે ત્યાં હોય પરંતુ જ્ઞાનરૂપ પ્રકાશમાં પોતાનો માર્ગ શોધી લે છે, તે મોક્ષમાર્ગથી દૂર થતો નથી. અહીં જ્ઞાનસંપન્ન વ્યક્તિ માટે દોરાથી યુક્ત સોયની ઉપમા આપવામાં આવી છે. દોરો પરોવેલી સોય પડી જવા છતાં ખોવાઈ જતી નથી. તેવી જ રીતે જ્ઞાનસંપન્ન સાધક, કોઈ પણ સંયોગ, સંગતિ, વિચારણા કે ચર્ચામાં અન્ય દાર્શનિકોના પ્રભાવમાં આવી જતો નથી. તે જ્ઞાન સંપન્ન સાધક પોતાને જિનાજ્ઞામાં સુશિક્ષિત, સુરક્ષિત અને સ્થિર રાખી શકે છે અને કયારે ય મિથ્યાત્વમાં ફસાતો નથી.

**णाण विणय...संपाउणइ :–** શ્રુતજ્ઞાની અભ્યાસ કરતાં કરતાં અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનને તથા વિનય, તપ તેમજ સર્વોત્કૃષ્ટ ચારિત્રને પ્રાપ્ત કરી લે છે.

**ससमय-परसमय विसारए य संघायणिज्जे :–** તે જીવ સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતમાં વિશારદ હોવાથી અનેક વ્યક્તિઓના સંશય દૂર કરવા માટે સંઘાતનીય અર્થાત્ પ્રમાણભૂત, કેન્દ્રીભૂત બની જાય છે; અનેક લોકો માટે ઇચ્છનીય થઈ જાય છે. **ટીકા– स्वमत परमताभिज्ञत्वेन प्रधान पुरुषत्वात् पंडितेषु गणनीयो भवतीति भावः ।** સંક્ષેપમાં જ્ઞાન સંપન્ન આત્મા પોતાની સાધનામાં દઢ બની જાય છે અને અન્ય જીવો માટે પણ કેન્દ્રભૂત બની જાય છે.

**દર્શન સંપન્નતા :–**

**૬૨ दंसणसंपण्णयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**दंसणसंपण्णयाए णं भवमिच्छत्त-छेयणं करेइ, परं ण विज्झायइ, परं अविज्झाए माणे अणुत्तरेणं णाणदंसणेणं अप्पाणं संजोएमाणे सम्मं भावेमाणे विहरइ ।**

**શબ્દાર્થ :– दंसणसंपण्णयाए** = દર્શન સંપન્નતાથી, ક્ષાયોપશમિક સમ્યક્ત્વથી **भवमिच्छत्त-छेयणं** = ભવ ભ્રમણના કારણ રૂપ મિથ્યાત્વનું છેદન **करेइ** = કરે **परं** = તેનો સમ્યક્ત્વરૂપ દીપક **ण विज्झायइ** = બુઝાતો નથી **परं अविज्झाएमाणे** = તે સમ્યક્ત્વના પ્રકાશથી યુક્ત રહેતો જીવ **अणुत्तरेणं** = અનુત્તર, પ્રધાન, શ્રેષ્ઠ **णाणदंसणेणं** = જ્ઞાન દર્શન, કેવળ જ્ઞાન, કેવળ દર્શનથી **अप्पाणं** = પોતાના આત્માને **संजोएमाणे** = સંયુક્ત કરતો **सम्मं** = સમ્યક્ પ્રકારથી **भावेमाणे** = ભાવિત કરતો **विहरइ** = વિચરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દર્શન સંપન્નતાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** દર્શન સંપન્નતાથી જીવ ભવભ્રમણના કારણરૂપ મિથ્યાત્વનું છેદન કરે છે, ત્યાર પછી તેનો પરમ તત્ત્વરૂપ સમ્યક્ત્વનો પ્રકાશ બુઝાતો નથી. ત્યાર પછી તે અનુત્તર જ્ઞાન-દર્શન(કેવળજ્ઞાન, કેવળદર્શન)થી આત્માને સંયોજિત કરતો તથા આત્માને તપ-સંયમમાં ભાવિત કરતો વિચરણ કરે છે.

**વિવેચન :–**

દર્શનનો અર્થ અહીં ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન છે. તેના ચાર પરિણામ છે– (૧) મિથ્યાત્વના દલિકોનો નાશ (૨) ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ (૩) કેવળજ્ઞાન, કેવળદર્શનની પ્રાપ્તિ (૪) સંયમની સમ્યક્ આરાધના. ક્ષાયોપશમ સમકિત સંપન્ન સાધક સમ્યગ્દર્શનને નિર્મળ કરતાં ભવ ભ્રમણના હેતુરૂપ મિથ્યાત્વના દલિકોનો સર્વથા ઉચ્છેદ કરીને ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. ત્યાર પછી તેનો સમ્યગ્દર્શનરૂપ પ્રકાશ કયારે ય બુઝાતો નથી. તે જીવ તે જ ભવમાં અથવા ત્રીજા કે ચોથા ભવમાં કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કરે છે. ત્યાં સુધી તેનો ક્ષાયિક સમ્યક્ત્વનો પ્રકાશ પ્રજ્વલિત રહે છે. તે કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કરીને સંયમ-તપથી આત્માને ભાવિત કરતો વિચરણ કરે છે અને અંતે સર્વ કર્મ ક્ષય કરી મુક્ત થાય છે.

**ચારિત્ર સંપન્નતા :–**

**૬૩ चरित्त-संपण्णयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**चरित्त-संपण्णयाए णं सेलेसीभावं जणयइ, सेलेसिं पडिवण्णे य अणगारे चत्तारि केवलिकम्मंसे खवेइ, तओ पच्छा सिज्झइ बुज्झइ मुच्चइ परिणिव्वायइ सव्वदुक्खाणमंतं करेइ ।**

**શબ્દાર્થ :– चरित्त-संपण्णयाए** = ચારિત્ર સંપન્નતાથી **सेलेसीभावं** = શૈલેશી અવસ્થા **जणयइ** = પ્રાપ્ત થાય છે **पडिवण्णे** = પ્રાપ્ત થયેલો **अणगारे** = અણગાર **चत्तारि** = ચાર **केवलिकम्मंसे** = કેવળી કર્માંશ, કેવળી અવસ્થામાં રહેલા ચાર કર્મોનો **खवेइ** = ક્ષય કરે છે **तओ** = ત્યાર **पच्छा** = પછી **सिज्झइ** = સિદ્ધ થઈ જાય છે **बुज्झइ** = બુદ્ધ થઈ જાય છે **मुच्चइ** = મુક્ત થઈ જાય છે **परिणिव्वायइ** = કર્માગ્નિને બુઝાવીને શીતલ થઈ જાય છે **सव्वदुक्खाणं** = સર્વ દુઃખોનો **अंतं करेइ** = અંત કરી દે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચારિત્ર સંપન્નતાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** ચારિત્ર સંપન્નતાથી સાધક શૈલેશીભાવને પ્રાપ્ત કરે છે. શૈલેશીભાવને પ્રાપ્ત થયેલા અણગાર ચાર અઘાતી કર્મોનો ક્ષય કરે છે. તત્પશ્ચાત્ તે સિદ્ધ, બુદ્ધ, મુક્ત થાય છે, પરિનિર્વાણને પ્રાપ્ત થાય છે અને સમસ્ત દુઃખોનો અંત કરે છે.

**વિવેચન :–**

સામાયિકાદિ ચારિત્રની પરિપકવતાને, દઢતાને ચારિત્ર સંપન્નતા કહે છે. તેના ત્રણ પરિણામ છે– (૧) શૈલેશી ભાવની પ્રાપ્તિ. (૨) ચાર અઘાતી કર્મોનો ક્ષય. (૩) સિદ્ધ, બુદ્ધ અને મુક્ત દશાની પ્રાપ્તિ.

ચારિત્ર હંમેશાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનપૂર્વક હોય છે. તેથી ચારિત્ર સંપન્ન સાધક જ્ઞાનસંપન્ન અને દર્શન સંપન્ન હોય જ છે. આ રીતે જ્ઞાન, દર્શન અને ચારિત્ર તે રત્નત્રયથી સંપન્ન થયેલો સાધક યથાખ્યાત ચારિત્રની પૂર્ણતાને પ્રાપ્ત કરી શૈલેશીકરણ અને યોગ નિરોધ કરે છે, ચાર અઘાતી કર્મોનો ક્ષય કરી મોક્ષગતિને પ્રાપ્ત કરે છે.

**सेलेसी भावं जणयइ :–** ના ત્રણ અર્થ થાય છે. **(૧) શૈલેશ–** મેરુપર્વતની જેમ નિષ્કંપ અવસ્થા પ્રાપ્ત કરે છે **(૨) શૈલ–** ખડકની જેમ સ્થિર ઋષિ-શૈલર્ષિ થઈ જાય છે (૩) શીલ+ઈશ = ચારિત્રના ઈશ,

શીલેશ, શીલેશની અવસ્થા, તે શૈલેશી; આ દષ્ટિએ શૈલેશીનો અર્થ થાય છે– શીલ એટલે યથાખ્યાત ચારિત્રની પરાકાષ્ટાએ પહોંચેલો સાધક.

**શ્રોતેન્દ્રિય નિગ્રહ :-**

**૬૪ सोइंदिय-णिग्गहेणं भंते ! जीवे किं जणयइ ?**

**सोइंदिय-णिग्गहेणं मणुण्णामणुण्णेसु सद्देसु रागदोस-णिग्गहं जणयइ, तप्पच्चइयं च णं कम्मं ण बंधइ, पुव्वबद्धं च णिज्जरेइ ।**

**શબ્દાર્થ :– सोइंदिय-णिग्गहेणं** = શ્રોતેન્દ્રિયના નિગ્રહથી, શ્રોતેન્દ્રિયને વશમાં રાખવાથી **मणुण्णामणुण्णेसु** = મનોજ્ઞ અને અમનોજ્ઞ, પ્રિય અને અપ્રિય **सद्देसु** = શબ્દોમાં **रागदोस-णिग्गहं** = રાગદ્વેષનો નિગ્રહ **जणयइ** = થાય છે **तप्पच्चइयं** = તન્નિમિત્તક(શ્રોતેન્દ્રિય સંબંધી) **कम्मं** = કર્મનો **ण बंधइ** = બંધ થતો નથી **पुव्वबद्धं** = પહેલા બાંધેલા કર્મોની **णिज्जरेइ** = નિર્જરા કરી દે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શ્રોતેન્દ્રિયને વશમાં રાખવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** શ્રોતેન્દ્રિય નિગ્રહથી જીવ મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દોમાં થતા રાગદ્વેષનો નિગ્રહ કરે છે. તેથી તે જીવ શબ્દ નિમિત્તક કર્મ બાંધતો નથી અને પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

**વિવેચન :-**

વિષય તરફ દોડનારી ઈન્દ્રિયોને વિષય તરફથી હટાવી લેવી, પ્રિય અને અપ્રિય વિષયોમાં રાગ-દ્વેષ ન કરવા તે **ઈન્દ્રિય નિગ્રહ** છે.

ઈન્દ્રિય દ્વારા જે ગ્રહણ થાય, તેને ઈન્દ્રિય વિષય કહે છે. પાંચે ઈન્દ્રિયોના પાંચ વિષય છે. તેમાં શ્રોતેન્દ્રિયનો વિષય શબ્દ છે.

શબ્દના ત્રણ પ્રકાર અને બાર વિકાર છે. યથા– જીવ શબ્દ, અજીવ શબ્દ અને મિશ્ર શબ્દ. તે ત્રણ પ્રકારના શબ્દો શુભ પણ હોય અને અશુભ પણ હોય, તેથી તેના ૩×૨ = ૬ ભેદ થાય અને તે છ પ્રકારના શબ્દો પર રાગ અને દ્વેષ થાય, તેથી તેના ૬×૨ = ૧૨ વિકાર થાય.

શ્રોતેન્દ્રિયને તેના ત્રણ પ્રકારના વિષયમાંથી પાછી વાળવી અને તેના બાર પ્રકારના વિકાર ન કરવા તેને શ્રોતેન્દ્રિય નિગ્રહ કહે છે.

શ્રોતેન્દ્રિય નિગ્રહ કરનાર સાધક તત્સંબંધી રાગદ્વેષ કરતો નથી, તેથી તે શ્રોતેન્દ્રિયની આસક્તિ નિમિત્તક કર્મબંધ કરતો નથી અને પૂર્વે સંગ્રહિત કર્મોની નિર્જરા કરે છે.

**ચક્ષુરિન્દ્રિય નિગ્રહ :-**

**૬૫ चक्खिदिय-णिग्गहेणं भंते ! जीवे किं जणयइ ?**

**चक्खिदिय-णिग्गहेणं मणुण्णामणुण्णेसु रूवेसु रागदोस-णिग्गहं जणयइ, तप्पच्चइयं च णं कम्मं ण बंधइ, पुव्वबद्धं च णिज्जरेइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચક્ષુરિન્દ્રિયને વશ કરવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર**– ચક્ષુરિન્દ્રિયને વશ કરવાથી જીવ મનોજ્ઞ અને અમનોજ્ઞ રૂપમાં થતાં રાગદ્વેષનો નિગ્રહ કરે છે. તેથી તે જીવ રૂપ નિમિત્તક કર્મ બાંધતો નથી અને પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

**વિવેચન :–**

**ચક્ષુઇન્દ્રિયના વિષય અને વિકાર :–** કાળો, નીલો, લાલ, પીળો અને સફેદ; આ પાંચ ચક્ષુઇન્દ્રિયના વિષય છે, તેના સાઠ વિકાર છે. તે આ પ્રમાણે છે– પાંચ સચિત્ત, પાંચ અચિત્ત, પાંચ મિશ્ર; આ પંદર શુભ અને પંદર અશુભ; તે ત્રીસ પર રાગ અને ત્રીસ પર દ્વેષ કરવો; આ રીતે ૬૦ વિકાર છે.

ચક્ષુરિન્દ્રિયને પાંચ પ્રકારના વિષયોથી પાછી વાળવી, તેના ૬૦ પ્રકારના વિકાર ન કરવા તે ચક્ષુરિન્દ્રિય નિગ્રહ છે.

ચક્ષુરિન્દ્રિયનો નિગ્રહ કરનાર સાધક તદ્જન્ય રાગદ્વેષ અને કર્મબંધ કરતો નથી. કર્મબંધ અટકી જતાં પૂર્વે બાંધેલા કર્મોની નિર્જરા થાય છે અર્થાત્ નવા કર્મોનો સંગ્રહ થતો નથી અને સાથે જ પુરાણા સંગ્રહિત કર્મોનો ક્ષય થાય છે; પરિણામે તે આત્મા હળુકર્મી એટલે કર્મ ભારથી હળવો બને છે.

**ઘ્રાણેન્દ્રિય નિગ્રહ :–**

**६६ घाणिंदिय-णिग्गहेणं भंते ! जीवे किं जणयइ ?**

**घाणिंदिय-णिग्गहेणं मणुण्णामणुण्णेसु गंधेसु रागदोस-णिग्गहं जणयइ, तप्पच्चइयं च णं कम्मं ण बंधइ, पुव्वबद्धं च णिज्जरेइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! ઘ્રાણેન્દ્રિયને વશમાં રાખવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર**– ઘ્રાણેન્દ્રિયને વશમાં રાખવાથી જીવ મનોજ્ઞ અને અમનોજ્ઞ ગંધમાં થતા રાગદ્વેષનો નિગ્રહ કરે છે. પછી તે ગંધ નિમિત્તક કર્મ બાંધતો નથી અને પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

**વિવેચન :–**

**ઘ્રાણેન્દ્રિયના વિષય અને વિકાર :–** સુરભિગંધ(સુગંધ) અને દુરભિગંધ (દુર્ગંધ), આ ઘ્રાણેન્દ્રિયના બે વિષય છે, તેના ૧૨ વિકાર છે. તે આ પ્રમાણે છે– બે સચિત્ત, બે અચિત્ત અને બે મિશ્ર, તે છ પર રાગ અને છ પર દ્વેષ, આ રીતે બાર વિકાર થાય છે.

ઘ્રાણેન્દ્રિયને તેના બે વિષયોમાં પ્રવૃત્ત થવા ન દેવી અને તેના બાર પ્રકારના વિકાર ન કરવા તે ઘ્રાણેન્દ્રિય નિગ્રહ છે.

**જિહ્વેન્દ્રિય નિગ્રહ :–**

**६७ जिब्भिंदिय-णिग्गहेणं भंते ! जीवे किं जणयइ ?**

**जिब्भिंदिय-णिग्गहेणं मणुण्णामणुण्णेसु रसेसु रागदोस-णिग्गहं जणयइ, तप्पच्चइयं च णं कम्मं ण बंधइ, पुव्वबद्धं च णिज्जरेइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જિહ્વા ઇન્દ્રિયને વશમાં રાખવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** જિહ્વા ઇન્દ્રિયને વશમાં રાખવાથી જીવ મનોજ્ઞ અને અમનોજ્ઞ રસમાં થતા રાગદ્વેષનો નિગ્રહ કરે છે. તેથી તે જીવ રસ નિમિત્તક કર્મ બાંધતો નથી અને પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

**વિવેચન :–**

**રસનેન્દ્રિયના વિષય અને વિકાર :–** તીખો, કડવો, કષાયેલો, ખાટો અને મીઠો; આ પાંચ રસનેન્દ્રિયના વિષય છે. તેના ૬૦ વિકાર છે, તે આ પ્રમાણે છે– પાંચ સચિત્ત, પાંચ અચિત્ત, પાંચ મિશ્ર; આ પંદર શુભ અને પંદર અશુભ; તે ત્રીસ પર રાગ અને ત્રીસ પર દ્વેષ કરવો, આ રીતે ૬૦ વિકાર થાય છે. જિહ્વેન્દ્રિયને પાંચ પ્રકારના વિષયોથી પાછી વાળવી અને તેના ૬૦ પ્રકારના વિકાર ન કરવા તે જિહ્વેન્દ્રિય નિગ્રહ છે.

**સ્પર્શેન્દ્રિય નિગ્રહ :–**

**૬૮ फासिंदिय-णिग्गहेणं भंते ! जीवे किं जणयइ ?**

**फासिंदिय-णिग्गहेणं मणुण्णामणुण्णेसु फासेसु रागदोस-णिग्गहं जणयइ, तप्पच्चइयं च णं कम्मं ण बंधइ, पुव्वबद्धं च णिज्जरेइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સ્પર્શેન્દ્રિયને વશમાં રાખવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** સ્પર્શેન્દ્રિયને વશમાં રાખવાથી જીવ મનોજ્ઞ અને અમનોજ્ઞ સ્પર્શમાં થતાં રાગદ્વેષનો નિગ્રહ કરે છે. પછી તે સ્પર્શ નિમિત્તક કર્મ બાંધતો નથી અને પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

**વિવેચન :–**

**સ્પર્શેન્દ્રિયના વિષય અને વિકાર :–** કર્કશ(ખરબચડો), મૃદુ(કોમળ), લઘુ(હળવો), ગુરુ(ભારે), શીત, ઉષ્ણ, રૂક્ષ(લૂખો) અને સ્નિગ્ધ(ચિકણો), તે આઠ સ્પર્શેન્દ્રિયના વિષય છે. તેના ૯૬ વિકાર છે, તે આ પ્રમાણે છે– આઠ સચિત્ત, આઠ અચિત્ત, આઠ મિશ્ર; તે ચોવીસ શુભ અને ચોવીસ અશુભ; આ અડતાલીસ પર રાગ અને અડતાલીસ પર દ્વેષ, આ રીતે ૯૬ વિકાર થાય છે. આઠ વિષયોમાં જતી સ્પર્શેન્દ્રિયને પાછી વાળવી અને ૯૬ પ્રકારના વિકાર ન કરવા, તે સ્પર્શેન્દ્રિય નિગ્રહ છે. સ્પર્શેન્દ્રિયનો નિગ્રહ કરનાર તદ્જન્ય રાગદ્વેષ અને કર્મબંધ કરતો નથી અને પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

પાંચે ય ઇન્દ્રિયોની સામે શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ આદિ વિષયો આવે, ત્યારે ઇન્દ્રિયો દ્વારા તેનું ગ્રહણ ન થાય તે સંભવિત નથી પરંતુ તેમાં વિકાર ન કરવો અર્થાત્ રાગદ્વેષ ન કરવો, એ જ્ઞાની પુરુષોનું કર્તવ્ય છે. તેમ કરવાથી તેઓને કર્મબંધ થતો નથી.

**ક્રોધ વિજય :–**

**૬૯ कोह-विजएणं भंते ! जीवे किं जणयइ ?**

**कोह-विजएणं खंतिं जणयइ, कोहवेयणिज्जं कम्मं ण बंधइ, पुव्वबद्धं च णिज्जरेइ।**

**શબ્દાર્થ :– कोह-विजएणं** = ક્રોધ ઉપર વિજય મેળવવાથી **खंतिं** = ક્ષમા **कोहवेयणिज्जं** = ક્રોધ વેદનીય, ક્રોધનું વેદન(અનુભવ) કરાવે તેવા કર્મનો, ક્રોધ કરીને ભોગવવા યોગ્ય કર્મનો.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્રોધ વિજયથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** ક્રોધ વિજયથી જીવ ક્ષમા ગુણને પ્રાપ્ત કરે છે, ક્રોધ વેદનીય કર્મનો બંધ કરતો નથી; પૂર્વે બાંધેલા કર્મોની નિર્જરા કરે છે.

**વિવેચન :–**

ક્રોધ મોહનીય કર્મના ઉદયથી થતાં પ્રજ્વલાત્મક આત્મ પરિણામને **ક્રોધ** કહે છે, ક્રોધના ઉદયથી જીવ કૃત્ય-અકૃત્યના વિવેકને ભૂલી જાય છે. તેના પરિણામે અનેક અનર્થોનું સર્જન થાય છે.

ક્ષમા ભાવથી ક્રોધને જીતી શકાય છે. ક્રોધ મોહનીયના ઉપશમ કે ક્ષયથી થતાં શાંત આત્મ પરિણામને **ક્ષમા** કહે છે. ક્રોધ ઉપર વિજય મેળવવાથી અર્થાત્ ઉદયમાં આવેલા ક્રોધને શાંત કરવાથી ક્ષમા ગુણની પ્રાપ્તિ થાય છે. ક્રોધનો ઉદય શાંત થઈ જવાથી તે જીવ ક્રોધજન્ય કર્મો બાંધતો નથી. મોહનીયકર્મમાં એવો નિયમ છે કે **जं वेएइ तं बंधइ** । જે કષાયનું વેદન થાય છે, તે જ કષાયનો બંધ થાય છે. ક્રોધના ઉદયમાં ક્રોધ મોહનીયનો, માનના ઉદયમાં માનમોહનીય કર્મનો બંધ થાય છે. ક્રોધનું પરિવર્તન ક્ષમામાં થઈ ગયું હોવાથી તે જીવ ક્રોધવેદનીય એટલે ક્રોધ રૂપે ઉદયમાં આવનાર કર્મ બાંધતો નથી. પૂર્વે બાંધેલા તથા પ્રકારના કર્મોની નિર્જરા કરે છે.

**માન વિજય :–**

**૭૦ माण-विजएणं भंते ! जीवे किं जणयइ ?**

**माण-विजएणं मद्दवं जणयइ, माणवेयणिज्जं कम्मं ण बंधइ, पुव्वबद्धं च णिज्जरेइ।**

**શબ્દાર્થ :– माण-विजएणं** = માન વિજય, માનને જીતવાથી, સન્માન-અપમાનમાં સમભાવ રાખવાથી **मद्दवं** = માર્દવ-મૃદુતા(સ્વભાવની કોમળતા)નો ગુણ **माणवेयणिज्जं कम्मं** = માન વેદનીય, માનનું વેદન કરાવે તેવા કર્મનો, માનજન્ય કર્મનો.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! માન વિજયથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** માન વિજયથી જીવ નમ્રતા(સ્વભાવની કોમળતા) ગુણને પ્રાપ્ત કરે છે. તે માનવેદનીય કર્મનો બંધ કરતો નથી; પૂર્વે બાંધેલા કર્મોની નિર્જરા કરે છે.

**વિવેચન :–**

માન મોહનીયકર્મના ઉદયથી થતાં ગર્વ તથા અહંકારના પરિણામને **માન** કહે છે. આ માન કષાયનો નિગ્રહ કરવાથી જીવના પરિણામ કોમળ અને નમ્ર બને છે. કોમળતા, મૃદુતા ગુણથી જીવ માનજન્ય કર્મોનો બંધ કરતો નથી અને પૂર્વે બાંધેલા કર્મોનો ક્ષય કરે છે.

**માયા વિજય :–**

**૭૧ माया-विजएणं भंते ! जीवे किं जणयइ ?**

**माया-विजएणं अज्जवं जणयइ, मायावेयणिज्जं कम्मं ण बंधइ, पुव्वबद्धं च णिज्जरेइ ।**

**શબ્દાર્થ :– माया-विजएणं** = માયાવિજય, માયા(કપટ)ને જીતવાથી **अज्जवं** = આર્જવ, સરળતા ગુણ **मायावेयणिज्जं कम्मं** = માયા વેદનીય, માયાજન્ય, માયાનું વેદન કરાવે તેવા કર્મનો.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! માયા વિજયથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** માયા વિજયથી જીવ ઋજુતા-સરળતા પ્રાપ્ત કરે છે. તે માયા વેદનીય કર્મનો બંધ કરતો નથી; પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

**વિવેચન :–**

માયા મોહનીય કર્મના ઉદયથી થતાં કપટના પરિણામને **માયા** કહે છે. માયાચારનું સેવન તે જીવની કુટિલતા કે વક્રતા છે. માયાકષાય પર વિજય પ્રાપ્ત કરવાથી જીવ સરળ બની જાય છે. જે આત્મા સરળતા ધારણ કરે તે ઉક્ત માયારૂપે ઉદયમાં આવવાના કર્મનો બંધ કરતા નથી અને પૂર્વમાં બાંધેલા કર્મોનો ક્ષય પણ કરે છે.

**લોભ વિજય :–**

**૭૨** **लोभ–विजएणं भंते ! जीवे किं जणयइ ?**

**लोभ–विजएणं संतोसं जणयइ, लोभ–वेयणिज्जं कम्मं ण बंधइ, पुव्वबद्धं च णिज्जरेइ।**

**શબ્દાર્થ :– लोभ-विजएणं** = લોભ વિજયથી, લોભને જીતવાથી **संतोसं** = સંતોષ **लोभवेयणिज्जं कम्मं** = લોભ વેદનીય, લોભનું વેદન કરાવે તેવા કર્મો, લોભજન્ય કર્મો.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોભ-વિજયથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** લોભવિજયથી જીવ સંતોષ ગુણની પ્રાપ્તિ કરે છે. તે લોભવેદનીય કર્મનો બંધ કરતો નથી; પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

**વિવેચન :–**

લોભ મોહનીય કર્મના ઉદયથી થતાં અસંતોષ રૂપ આત્મ પરિણામોને **લોભ** કહે છે. લોભ ઉપર વિજય પ્રાપ્ત કરવાથી જીવ સંતોષામૃતનો લાભ મેળવે છે. સંતોષી જીવ લોભજન્ય કર્મનો બંધ કરતો નથી અને લોભથી સંચિત પૂર્વ કર્મોની નિર્જરા કરે છે.

**રાગ-દ્વેષ મિથ્યાત્વ વિજય :–**

**૭૩** **पिज्ज-दोस-मिच्छादंसण-विजएणं भंते ! जीवे किं जणयइ ?**

**पिज्ज-दोस-मिच्छादंसण-विजएणं णाणदंसणचरित्ताराहणयाए अब्भुट्ठेइ, अट्ठविहस्स कम्मस्स कम्मगंठिं विमोयणयाए तप्पढमयाए जहाणुपुव्विं अट्ठावीसइविहं मोहणिज्जं कम्मं उग्घाएइ, पंचविहं णाणावरणिज्जं, णवविहं दंसणावरणिज्जं, पंचविहं अंतरायं एए तिण्णि वि कम्मंसे जुगवं खवेइ, तओ**

**पच्छा अणुत्तरं अणंतं कसिणं पडिपुण्णं णिरावरणं वितिमिरं विसुद्धं, लोगालोगप्पभावं केवलवरणाणदंसणं समुप्पाडेइ, जाव सजोगी भवइ ताव ईरिया- वहियं कम्मं णिबंधइ सुहफरिसं दुसमयट्ठिइयं; तं पढमसमए बद्धं, बिइयसमए वेइयं, तइयसमये णिज्जिण्णं, तं बद्धं पुट्ठं उदीरियं वेइयं णिज्जिण्णं, सेयाले य अकम्मं यावि भवइ ।**

**શબ્દાર્થ :– पिज्ज-दोस-मिच्छादंसण** = પ્રેમ–રાગ, દ્વેષ, મિથ્યાદર્શન **णाणदंसण- चरित्ताराहणयाए** = જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના માટે **अब्भुट्ठेइ** = ઉદ્યમવંત થાય છે **अट्ठविहस्स** = આઠ પ્રકારના **कम्मस्स** = કર્મોની **कम्मगंट्ठिं विमोयणयाए** = કર્મગ્રંથિથી મુક્ત થવા માટે **तप्पढमयाए** = સૌથી પહેલાં **अट्ठावीसइविहं** = અઠ્યાવીસ પ્રકારની **मोहणिज्जं** = મોહનીય **कम्मं** = કર્મની પ્રકૃત્તિને **जहाणुपुव्वि** = યથાક્રમથી **उग्घाएइ** = ક્ષય કરે છે **पंचविहं** = પાંચ પ્રકારની **णाणावरणिज्जं** = જ્ઞાનાવરણીય **णवविहं** = નવ પ્રકારની **दंसणावरणिज्जं** = દર્શનાવરણીય **अंतरायं** = અંતરાય **एए** = એ **तिण्णि वि** = ત્રણે ય **कम्मंसे** = કર્મના અંશોને **जुगवं** = એક સાથે **खवेइ** = ક્ષય કરે છે **तओ** = ત્યાર **पच्छा** = પછી **अणुत्तरं** = અનુત્તર **अणंतं** = અનંત **कसिणं** = કૃત્સ્ન્-સંપૂર્ણ **पडिपुण्णं** = પ્રતિપૂર્ણ **णिरावरणं** = નિરાવરણ **वितिमिरं** = અંધકાર રહિત **विसुद्धं** = વિશુદ્ધ **लोगालोगप्पभावं** = લોકાલોકને પ્રકાશનારું **केवलवर-णाणदंसणं** = કેવળજ્ઞાન અને કેવળ દર્શન **समुप्पाडेइ** = પ્રાપ્ત કરે છે **जाव** = જ્યાં સુધી **सजोगी** = સયોગી **भवइ** = રહે છે **ताव** = ત્યાં સુધી **इरियावहियं** = ઈર્યાપથિક **कम्मं** = કર્મનો **णिबंधइ** = બંધ થાય છે **सुहफरिसं** = તેનો સ્પર્શ સુખદ હોય છે **दुसमयट्ठिइयं** = બે સમયની સ્થિતિવાળું **तं** = તેનો **पढमसमए** = પ્રથમ સમયે **बद्धं** = બંધ થાય છે **बिइयसमये** = બીજા સમયમાં **वेइयं** = ઉદય થઈને વેદાય છે **तइयसमये** = ત્રીજા સમયે **णिज्जिणं** = નિર્જરાથાય, ક્ષય થાય છે **तं** = આ પ્રકારે **बद्धं** = બંધ **पुट्ठं** = સ્પર્શ **उदीरियं** = ઉદીરિત થાય **वेइयं** = વેદિત થાય, વેદન થાય **यावि** = અને **णिज्जिण्णं** = નિર્જરા થઈને **सेयाले** = આગામીકાળે, જીવ **अकम्मं** = સર્વથા કર્મરહિત **भवइ** = થઈ જાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રાગ, દ્વેષ અને મિથ્યાદર્શન પર વિજય મેળવવાથી જીવને શું લાભ થાય છે ?

**ઉત્તર–** રાગ, દ્વેષ અને મિથ્યાદર્શન પર વિજય મેળવવાથી જીવ જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના માટે ઉદ્યમવંત થાય છે. આઠ પ્રકારની કર્મગ્રંથિને તોડવાને માટે સર્વપ્રથમ યથાક્રમથી મોહનીય કર્મની અઠ્યાવીસ પ્રકૃતિઓનો ક્ષય કરે છે. ત્યાર પછી જ્ઞાનાવરણીય કર્મની પાંચ, દર્શનાવરણીય કર્મની નવ, અંતરાય કર્મની પાંચ, એ ત્રણે ય કર્મોની પ્રકૃતિઓનો એક સાથે ક્ષય કરે છે. ત્યાર પછી તે અનુત્તર, અનંત, સંપૂર્ણ વસ્તુ વિષયક, પ્રતિપૂર્ણ, નિરાવરણ, અજ્ઞાન તિમિરથી રહિત, વિશુદ્ધ અને લોકાલોક પ્રકાશક, શ્રેષ્ઠ કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરે છે.

જ્યાં સુધી તે સયોગી રહે છે, ત્યાં સુધી ઈર્યાપથિક કર્મ બંધાય છે. તે બંધ પણ સુખદ, શાતાવેદનીય પુણ્યકર્મ રૂપ હોય છે. તેની સ્થિતિ બે સમયની છે. પ્રથમ સમયમાં બંધ થાય છે, બીજા સમયમાં વેદન થાય છે અને ત્રીજા સમયમાં નિર્જરા થાય છે.

તે ક્રમશઃ બંધાય છે, સ્પર્શ થાય છે, ઉદયમાં આવે છે, પછી વેદન થાય છે (ભોગવાય છે) અને નિર્જરાને પ્રાપ્ત થાય છે. પરિણામે આગામી કાળમાં અર્થાત્ અંતમાં તે કર્મ, અકર્મ થઈ જાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અનંત સંસાર પરિભ્રમણના કારણ રાગ-દ્વેષ અને મિથ્યાત્વ વિજયના પરિણામનું કથન છે.

જીવ સાધના માર્ગમાં પ્રવેશ કરે ત્યારથી તેનો સમગ્ર પુરુષાર્થ રાગ-દ્વેષ અને મિથ્યાત્વના નાશ માટે જ હોય છે, જ્યારે તેનો સંપૂર્ણ નાશ થાય ત્યારે સાધના પૂર્ણ થાય છે. જીવ પોતાના તીવ્ર કે મંદ પુરુષાર્થથી રાગ-દ્વેષ આદિ પ્રકૃતિઓને ક્યારેક ઉપશાંત કરે, ક્યારેક તેનો ક્ષયોપશમ કરે, ક્યારેક કેટલાક અંશોનો ક્ષય કરે, તેની સાથે જ સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની આરાધના પણ આંશિક રીતે કરે છે. પરંતુ જ્યાં સુધી રાગ-દ્વેષ કે મિથ્યાત્વના દલિકો હોય ત્યાં સુધી તેની ચારિત્રની આરાધના પણ દૂષિત થતી રહે છે.

જ્યારે રાગ-દ્વેષ અને મિથ્યાત્વનો સંપૂર્ણ નાશ થાય ત્યારે રત્નત્રયની આરાધના વિશુદ્ધ થાય છે. તેથી સૂત્રકારે, રાગાદિના વિજયથી રત્નત્રયની આરાધનામાં ઉદ્યમવંત થાય છે તે પ્રમાણે કથન કર્યું છે.

જીવ રાગ-દ્વેષ રૂપ મોહનીય આદિ કર્મપ્રકૃતિઓનો ક્ષય કયા ક્રમથી કરે છે, તેનું વિસ્તૃત વિવેચન વૃત્તિકારે કર્યું છે. તે આ પ્રમાણે છે– ક્ષપક શ્રેણીના પ્રારંભમાં સૌથી પ્રથમ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ રૂપ કષાય ચતુષ્ટયના અનંત ભાગોને અંતર્મુહૂર્તમાં ક્ષીણ કરે છે, શેષ અનંતમા ભાગને મિથ્યાત્વના પુદ્ગલોમાં પ્રક્ષિપ્ત કરે છે. પછી તે પ્રક્ષિપ્ત પુદ્ગલોની સાથે મિથ્યાત્વના મોટા ભાગના દલિકોને ક્ષીણ કરે છે અને તેના(બાકી રહેલા) અંશને મિશ્ર મોહનીયમાં પ્રક્ષિપ્ત કરે છે. પછી તે પ્રક્ષિપ્ત પુદ્ગલો સાથે મિશ્ર મોહનીયને ક્ષીણ કરે છે. ત્યારપછી તે જ રીતે મિશ્ર મોહનીયના અંશ સહિત સમ્યક્ત્વમોહનીયના પુદ્ગલોને ક્ષીણ કરે છે. ત્યારબાદ સમ્યક્ત્વ મોહનીયના બાકી રહેલા પુદ્ગલો સહિત અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનાવરણ કષાય ચતુષ્ટયને ક્ષીણ કરવાનો પ્રારંભ કરે છે. તેના ક્ષયકાળ માં નરક-તિર્યંચ તે બે ગતિ; નરકાનુપૂર્વી-તિર્યંચાનુપૂર્વી તે બે આનુપૂર્વી; એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય; તે જાતિ ચતુષ્ક; આતાપ, ઉદ્યોત, સ્થાવર, સાધારણ અને અપર્યાપ્ત નામકર્મ; નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા અને સ્ત્યાનર્દ્ધિનિદ્રાને ક્ષીણ કરે છે. ત્યાર પછી તેના અવશિષ્ટ અંશને નપુંસક વેદમાં પ્રક્ષિપ્ત કરીને તેને ક્ષીણ કરે છે, તેના શેષ રહેલા દલિકોને સ્ત્રીવેદમાં પ્રક્ષિપ્ત કરીને તેને ક્ષીણ કરે છે, તેના શેષ રહેલા દલિકોને હાસ્યાદિ ષટ્કમાં પ્રક્ષિપ્ત કરીને તેને ક્ષીણ કરે છે. મોહનીય કર્મને ક્ષીણ કરનાર જો પુરુષ હોય તો પુરુષવેદના બે ખંડોને અને સ્ત્રી અથવા નપુંસક હોય તો પોતપોતાના વેદના બે-બે ખંડોને હાસ્યાદિ ષટ્કના શેષ રહેલા દલિકો સહિત ક્ષીણ કરે છે. પછી વેદના ત્રીજા ખંડ સહિત સંજ્વલનના ક્રોધને ક્ષીણ કરે છે, આ રીતે પૂર્વાંશ સહિત સંજ્વલન માન-માયા-લોભને ક્ષીણ કરે છે. ત્યાર પછી સંજ્વલન લોભના સંખ્યાત ખંડ કરે છે. તેમાંથી પ્રત્યેક ખંડને એક-એક અંતર્મુહૂર્તમાં ક્ષીણ કરે છે. તેના અંતિમ ખંડના અસંખ્યાત સૂક્ષ્મ ખંડ થાય છે. તેમાંથી પ્રત્યેક ખંડને એક-એક સમયમાં ક્ષીણ કરે છે. તેના પણ અંતિમ ખંડના અસંખ્યાત સૂક્ષ્મ ખંડ બને છે. તેમાંથી પ્રત્યેક ખંડ એક એક સમયમાં ક્ષીણ કરે છે. આ રીતે દશમા ગુણસ્થાનના અંત સમયે સૂક્ષ્મ લોભનો નાશ થઈ જાય છે. આ રીતે મોહનીય કર્મ સર્વથા ક્ષીણ થઈ જવાથી તે જીવ બારમા ક્ષીણ મોહનીય ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે. ત્યાં તેને છદ્મસ્થ વીતરાગ યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ થાય છે, તે અંતર્મુહૂર્ત સુધી રહે છે. જ્યારે તેના અંતિમ બે ખંડ શેષ રહે છે ત્યારે પહેલા સમયમાં નિદ્રા, પ્રચલા, દેવગતિ, દેવાનુપૂર્વી, વૈક્રિય શરીર, વજ્રઋષભ નારાચ સિવાયના શેષ સંહનન

અને સમચતુરસ્ર સિવાયના શેષ સંસ્થાન, તીર્થંકર નામકર્મ (તેના અંતર્ગત રહેલી વિવિધ પુણ્ય પ્રકૃતિઓ) અને આહારક શરીર નામકર્મ ક્ષીણ થઈ જાય છે. બારમા ગુણસ્થાનના ચરમ સમયમાં પાંચ જ્ઞાનાવરણીય, નવ દર્શનાવરણીય અને પાંચ અંતરાય તે ત્રણ ઘાતી કર્મોની પ્રકૃતિઓ એક સાથે જ ક્ષીણ થાય છે. ચાર ઘાતીકર્મ રહિત તે જીવને કેવળજ્ઞાન, કેવળદર્શન અને અનંત શક્તિ પ્રાપ્ત થઈ જાય છે. તે તેરમા સયોગી કેવળી ગુણસ્થાનને પ્રાપ્ત થાય છે.

કેવળી ભગવાન જ્યાં સુધી સયોગી અવસ્થામાં વિચરે છે, ત્યાં સુધી તેની યોગની પ્રવૃત્તિ થાય છે. તેથી યોગજન્ય ઐર્યાપથિક કર્મબંધ થાય છે. કેવળી ભગવાનને કષાયનો અભાવ હોવાથી તેના કર્મબંધમાં સ્થિતિ કે અનુભાગ બંધ થતો નથી. કેવળી ભગવાન જે કર્મ બાંધે છે, તે શુભ-શાતા વેદનીયકર્મ જ હોય છે, તે કર્મ પ્રથમ સમયે બંધાય છે. તેનો સ્થિતિબંધ થયો ન હોવાથી બીજા જ સમયે તે કર્મનો ઉદય થઈને વેદન થઈ જાય છે. ત્યારપછી ત્રીજા સમયમાં તે કર્મ-અકર્મ બનીને નિર્જરી જાય છે, ઐર્યાપથિક કર્મ બંધની પરંપરા તેની સયોગી અવસ્થા પર્યંત રહે છે.

**કેવળીના યોગ નિરોધનો ક્રમ : શૈલેશી અવસ્થા :–**

**૭૪ अहाउयं पालइत्ता अंतोमुहुत्तद्धावसेसाए जोगणिरोहं करेमाणे सुहुमकिरियं अप्पडिवाइं सुक्कज्झाणं झायमाणे तप्पढमयाए मणजोगं णिरुंभइ, णिरुंभित्ता वयजोगं णिरुंभइ, णिरुंभित्ता कायजोगं णिरुंभइ, णिरुंभित्ता आणापाणणिरोहं करेइ, करित्ता, ईसिपंचहस्सक्खरुच्चारणद्धाए य णं अणगारे समुच्छिण्णकिरियं अणियट्टि-सुक्कज्झाणं झियायमाणे वेयणिज्जं आउयं णामं गोयं च एए चत्तारि वि कम्मंसे जुगवं खवेइ ।**

**શબ્દાર્થ :–** કેવળજ્ઞાન થયા પછી **अहाउयं** = પોતાનુ બાકી રહેલું આયુષ્ય **पालइत्ता** = ભોગવીને **अंतोमुहुत्तद्धावसेसाए** = જ્યારે આયુષ્યનો અંતર્મુહૂર્ત કાળ બાકી રહ્યો હોય ત્યારે સાધક **जोगणिरोहं** = યોગોનો નિરોધ **करेमाणे** = કરવા માટે **सुहुमकिरियं अप्पडिवाइं** = સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ નામના **सुक्कज्झाणं** = શુક્લ ધ્યાનના ત્રીજા ચરણનું **झायमाणे** = ધ્યાન કરતાં **तप्पढमयाए** = સૌથી પહેલાં **मणजोगं** = મનોયોગનો **णिरुंभइ** = નિરોધ કરે છે **णिरुंभित्ता** = નિરોધ કરીને **वयजोगं** = વચન યોગનો **कायजोगं** = કાયયોગનો **आणपाणणिरोहं** = શ્વાસોચ્છ્વાસનો નિરોધ **करेइ** = કરે છે **करित्ता** = કરીને **ईसिपंचहस्सक्ख-रुच्चारणद्धाए** = ''અ, ઇ, ઉ, ઋ, લૃ'' આ પાંચ હ્રસ્વ અક્ષરોના ઉચ્ચારણમાં જેટલો સમય લાગે છે તેટલા સમયમાં **अणगारे** = તે અણગાર(અયોગી કેવળી) **समुच्छिण्णकिरियं** = સમુચ્છિન્ન ક્રિયા **अणियट्टि- सुक्कज्झाणं** = અનિવૃત્તિ નામના શુક્લ ધ્યાનના ચોથા ચરણનું **झियायमाणे** = ધ્યાન કરતાં **वेयणिज्जं** = વેદનીય **आउयं** = આયુષ્ય **णामं** = નામ **गोयं** = ગોત્ર **एए** = આ **चत्तारि वि** = ચારે ય **कम्मंसे** = કર્મોના અંશને **जुगवं** = એક સાથે **खवेइ** = ક્ષય કરી દે છે.

**ભાવાર્થ :–** કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી શેષ આયુષ્ય ભોગવતાં જ્યારે અંતર્મુહૂર્ત જેટલું આયુષ્ય બાકી રહે છે, ત્યારે તે અણગાર યોગ નિરોધમાં પ્રવૃત્ત થાય છે. આ સમયે સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ નામના શુક્લ ધ્યાનના ત્રીજા ચરણનું ધ્યાન કરતાં સર્વ પ્રથમ મનોયોગનો નિરોધ કરે છે, ત્યારપછી વચનયોગનો નિરોધ કરે છે, ત્યારપછી કાયયોગનો નિરોધ કરે છે. ત્યાર પછી શ્વાસોચ્છ્વાસનો નિરોધ કરે છે અને

શ્વાસોચ્છ્વાસનો નિરોધ કરીને પાંચ હ્રસ્વ અક્ષરો (અ, ઇ, ઉ, ઋ, લૃ)ના ઉચ્ચારણ કાળ જેટલો સમય વ્યતીત થાય તેટલા સમયમાં 'સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ' નામના શુક્લ ધ્યાનના ચોથાચરણમાં લીન થયેલા તે અણગાર વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર કર્મોનો એક સાથે ક્ષય કરે છે.

**વિવેચન :–**

**યોગ નિરોધ :–** યોગ નિરોધનો અર્થ છે મન, વચન અને કાયાની પ્રવૃત્તિ સર્વથા રોકાઈ જવી. કેવળી ભગવંતનુ આયુષ્ય જ્યારે અંતર્મુહૂર્ત બાકી હોય છે ત્યારે તેઓ યોગ નિરોધ કરે છે. તેની ક્રિયા આ પ્રકારે થાય છે.– શુક્લ ધ્યાનના ત્રીજા ચરણમાં પ્રવર્તમાન સાધક સર્વ પ્રથમ સ્થૂલ કાયયોગના આશ્રયથી સ્થૂલ વચન અને મનયોગને સૂક્ષ્મ બનાવે છે; ત્યાર પછી સૂક્ષ્મ મનયોગનું અવલંબન કરીને સ્થૂલ કાયયોગને સૂક્ષ્મ બનાવે છે; ત્યાર પછી સૂક્ષ્મકાયોગના આલંબનથી સૂક્ષ્મ મન અને વચનયોગનો નિરોધ થાય છે અને અંતે સૂક્ષ્મકાયયોગનો નિરોધ થઈ જાય છે. ત્યાર પછી અસંખ્યાત સમયમાં શ્વાસોચ્છ્વાસનો નિરોધ થાય છે.

**શૈલેશી અવસ્થાની પ્રાપ્તિ :–** યોગોનો સંપૂર્ણ નિરોધ થતાં જ અયોગી અથવા શૈલેશી અવસ્થા પ્રાપ્ત થઈ જાય છે. યોગનો નિરોધ થઈ જતાં તેમના આત્મપ્રદેશો નિષ્કંપ થઈ જાય છે. તેને અયોગી કેવળી ગુણસ્થાન (૧૪મું ગુણસ્થાન) કહે છે. મધ્યમ ગતિથી 'અ, ઇ, ઉ, ઋ, લૃ' આ પાંચ લઘુ અક્ષરોના ઉચ્ચારણ કરવામાં જેટલો સમય વ્યતીત થાય તેટલી સ્થિતિ ચૌદમા અયોગી કેવળી ગુણસ્થાનની હોય છે. ચૌદમા ગુણસ્થાનમાં 'સમુચ્છિન્નક્રિયા અનિવૃત્તિ' નામનું શુક્લધ્યાનનું ચોથું ચરણ હોય છે. આ ધ્યાનના પ્રભાવથી ચાર અઘાતી કર્મો સર્વથા ક્ષીણ થઈ જાય છે. તે સમયે આત્મા ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીરને છોડીને, દેહમુક્ત થઈને સિદ્ધ થઈ જાય છે.

**सुहुमकिरियं अप्पडिवाइं :–** સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિ. શુક્લ ધ્યાનના ચાર ચરણ છે. તેમાં ત્રીજા ચરણનું નામ સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ છે. તેરમા ગુણસ્થાનવર્તી સયોગી કેવળીનું આયુષ્ય અંતર્મુહૂર્તનું શેષ રહે, ત્યારે કેવળી ભગવાન સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ નામના શુક્લધ્યાનમાં સ્થિત થાય છે. તેમાં યોગ નિરોધની પ્રક્રિયા થાય છે. યોગ નિરોધ પછી શ્વાસોચ્છ્વાસ જેવી સૂક્ષ્મ ક્રિયાઓ શેષ રહે છે. જે ધ્યાનમાં સૂક્ષ્મક્રિયાઓ જ શેષ રહે અને જ્યાંથી પતન થવાનું નથી, તે ધ્યાનને સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ કહે છે.

**समुच्छिण्णकिरियं अणियट्टि :–** સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ. આ શુક્લ ધ્યાનનું ચોથું ચરણ છે. તેરમા ગુણસ્થાને યોગનિરોધ થયા પછી તે સાધક ચૌદમા અયોગી કેવળી ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે. તે અયોગી અવસ્થામાં સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ નામનું શુક્લ ધ્યાન હોય છે.

જે ધ્યાનમાં સ્થૂલ અને સૂક્ષ્મ સર્વ ક્રિયાઓનો વિચ્છેદ થઈ જાય અને જ્યાંથી પાછા ફરવાપણું રહેતું નથી, તેવી આત્માની સંપૂર્ણ નિષ્કંપ અવસ્થાને સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ કહે છે. આ ધ્યાનના પ્રભાવથી સાધક ચાર અઘાતી કર્મોનો સંપૂર્ણ નાશ કરીને સિદ્ધ થાય છે.

**મુક્ત જીવનું લોકાગ્રે ગમન :–**

**૭૫ तओ ओरालिय-तेयकम्माइं सव्वाहिं विप्पजहणाहिं विप्पजहित्ता उज्जुसेढिपत्ते अफुसमाणगईए उड्ढं एगसमएणं अविग्गहेणं तत्थ गंता सागारोवउत्ते सिज्झइ बुज्झइ मुच्चइ परिणिव्वायइ सव्वादुक्खाणमंतं करेइ ।**

**શબ્દાર્થ :– तओ** = વેદનીય આદિ ચાર અઘાતિ કર્મોનો ક્ષય કર્યા પછી **ओरालिय-तेयकम्माइं** =

ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીરનો **सव्वाहिं** = સર્વ **विप्पजहणाहिं** = સર્વથા છોડવા યોગ્ય **विप्पजहित्ता** = છોડીને, **उज्जुसेढिपत्ते** = ઋજુશ્રેણીને પ્રાપ્ત કરીને **अफुसमाणगईए** = અસ્પૃશ્યમાન ગતિથી આકાશ પ્રદેશોને સ્પર્શ ન કરતો **एगसमएणं** = એક સમયવાળી **उड्ढं** = ઊંચી **अविग्गहेणं** = અવિગ્રહ ગતિથી **तत्थ** = ત્યાં મોક્ષમાં **गंता** = ચાલ્યો જાય છે અને ત્યાં જઈને **सागारोवउत्ते** = સાકાર ઉપયોગે **सिज्झइ** = સિદ્ધ થઈ જાય છે **बुज्झइ** = બુદ્ધ થઈ જાય છે **मुच्चइ** = સર્વ કર્મોથી મુક્ત થઈ જાય છે **परिणिव्वायइ** = આત્મા પરમ શાંત થઈ જાય છે **सव्वदुक्खाणं** = સર્વ દુઃખોનો **अंतं करेइ** = અંત કરે છે.

**ભાવાર્થ :–** ત્યાર પછી તે છોડવા યોગ્ય ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીરનો સદાને માટે સર્વથા પરિત્યાગ કરી દે છે. સંપૂર્ણરૂપે શરીરથી રહિત થઈને તે ઋજુશ્રેણીને પ્રાપ્ત કરે છે અને એક સમયની ઊર્ધ્વ, અવિગ્રહ અને અસ્પૃશ્યમાન ગતિથી સીધો લોકાગ્રમાં જઈને સાકારોપયોગમાં(જ્ઞાનોપયોગી અવસ્થામાં) સિદ્ધ થાય છે, જ્ઞાન સ્વરૂપ થાય છે, મુક્ત થાય છે, પરમ શાંત અવસ્થા પ્રાપ્ત કરે છે અને સમસ્ત દુઃખોનો અંત કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સર્વ કર્મોનો ક્ષય થયા પછી સિદ્ધાત્માની લોકાગ્રે સિદ્ધક્ષેત્રમાં સ્થિત થવાની પ્રક્રિયાનું નિદર્શન છે.

વેદનીયાદિ કર્મોનો ક્ષય થયા પછી આત્મા ઔદારિક, તૈજસ અને કાર્મણ, આ ત્રણે શરીરોનો પરિત્યાગ કરીને, સમશ્રેણીને પ્રાપ્ત થઈને, આકાશપ્રદેશોને સ્પર્શ કર્યા વિના, એક સમયની ઊર્ધ્વ, અવિગ્રહ ગતિથી મોક્ષસ્થાનમાં જઈને શૈલેશીકરણમાં સંકોચિત કરેલી પોતાના મૂળ શરીરની અવગાહનાના, બે તૃતીયાંશ( $\frac{2}{3}$ ) જેટલા આકાશપ્રદેશોમાં પોતાના આત્મપ્રદેશોથી શાશ્વતકાલ પર્યંત સ્થિત થઈ જાય છે.

**उज्जुसेढीपत्ते :–** ઋજુ શ્રેણીને પ્રાપ્ત થઈને, કર્મથી મુક્ત થયેલો જીવ ઋજુશ્રેણી એટલે વળાંક રહિત સીધી શ્રેણીથી જ ગમન કરે છે. મુક્ત થયેલો જીવ એક સમયમાં જ લોકાગ્રે પહોંચી જાય છે, જો સીધી ગતિથી જાય, તો જ એક સમયમાં પહોંચી શકે; વળાંકવાળી ગતિમાં બે, ત્રણ સમય લાગે છે. આત્મા જે ક્ષેત્રથી સિદ્ધ થાય તેની જ બરાબર ઉપર સિદ્ધ ક્ષેત્રમાં લોકાગ્રે પહોંચી જાય છે. આ રીતે મુક્ત થયેલા જીવનું ગંતવ્યસ્થાન એકદમ સીધાઈમાં જ હોવાથી તેને વળાંક લેવાની જરૂર થતી નથી. તેથી જ તે જીવ એક સમયની ઋજુગતિથી જાય છે.

**अफुसमाणगईए :–** અસ્પૃશ્યમાનગતિ. (૧) સ્વાવગાઢ આકાશ પ્રદેશો સિવાયના બાકીના આકાશ પ્રદેશોનો સ્પર્શ ન કરતાં જે ગતિ થાય, તે અસ્પૃશ્યમાનગતિ છે. (૨) મનુષ્ય ક્ષેત્રમાંથી સિદ્ધ ક્ષેત્ર સુધી પહોંચવામાં અંતરાલવર્તી આકાશ પ્રદેશોનો સ્પર્શ કર્યા વિના જે ગતિ થાય તે અસ્પૃશ્યમાનગતિ છે. મુક્ત થયેલો જીવ એક જ સમયમાં લોકાગ્રે પહોંચી જાય છે. જો તે વચ્ચેના આકાશપ્રદેશોને સ્પર્શ કરતો જાય, તો એક સમયમાં પહોંચી શકે નહીં. જીવ એક સમયમાં લોકાગ્રે પહોંચી જાય છે, તેનાથી પણ એ જ સિદ્ધ થાય છે કે તે અસ્પૃશ્યમાન ગતિથી જ જાય છે.

**सागारोवउत्ते सिज्झइ :–** સાકારોપયોગે સિદ્ધ થાય છે. મુક્ત થયેલા જીવને કેવળજ્ઞાન અને કેવળ દર્શન, તે બે ઉપયોગ હોય છે, તેમાં સિદ્ધ થવાના સમયે અવશ્ય સાકારોપયોગ અર્થાત્ કેવળજ્ઞાનનો

ઉપયોગ હોય છે. કારણ કે કોઈપણ લબ્ધિ કે ઉપલબ્ધિ સાકારોપયોગમાં જ થાય છે, સિદ્ધોમાં જ્ઞાન અને દર્શનનો ઉપયોગ ક્રમિક થતો જ રહે છે પરંતુ સિદ્ધ થવાના સમયે સાકાર ઉપયોગ જ હોય છે.

**જીવની ઊર્ધ્વગતિના કારણો :–** મનુષ્ય ક્ષેત્રમાં કર્મોથી મુક્ત થયેલો જીવ એક સમયમાં ઊર્ધ્વગતિથી લોકાગ્રે પહોંચી જાય છે. તેના છ કારણો છે.

**(૧) નિઃસંગતા :–** ઘાસ અને માટીજન્ય લેપ દૂર થતાં તુંબડું પાણીની ઉપર આવે છે, તેમ કર્મનો સંગ દૂર થતાં જીવની ઊર્ધ્વગતિ થાય છે.

**(૨) નીરાગતા :–** લેપ રહિત તુંબડાની જેમ રાગ રહિત જીવની પણ ઊર્ધ્વગતિ થાય છે.

**(૩) ગતિ પરિણામ :–** જલની સપાટી પર તરવાના સ્વભાવવાળું તૂંબડું સ્વભાવથી જ ઊર્ધ્વગતિ કરી જલની સપાટી પર આવી જાય છે. તે જ રીતે જીવ કર્મરહિત થતાં ઊર્ધ્વગમનના સ્વભાવથી જ લોકાગ્રે પહોંચી જાય છે.

**(૪) બંધચ્છેદ :–** વટાણા આદિની શીંગ અથવા એરંડબીજની જેમ કર્મનો વિચ્છેદ થતાં જીવની ઊર્ધ્વગતિ થાય છે.

**(૫) નિરિન્ધનતા :–** ઇન્ધનરહિત ધૂમની ઊર્ધ્વગતિની જેમ કર્મ અને શરીર રહિત જીવની ઊર્ધ્વગતિ થાય છે.

**(૬) પૂર્વપ્રયોગ :–** અનાદિકાલથી કર્મ અને શરીરના સંયોગથી જીવનું ગમન થતું રહ્યું છે. કર્મ અને શરીરથી મુક્ત થવા છતાં પૂર્વપ્રયોગથી જીવની ગતિ થાય છે. જેમ કુંભારનો ચાક(ચક્ર) દંડ હટાવી લીધા પછી પણ થોડી વાર ફર્યા કરે છે, તેમ જીવ પણ મુક્ત થયા પછી પૂર્વ પ્રયત્નથી જ એક સમય માટે ઊર્ધ્વગતિ કરે છે. આ રીતે કર્મોથી મુક્ત થયેલો જીવ એક જ સમયમાં ઊર્ધ્વગતિથી લોકાગ્રે પહોંચી જાય છે. શુદ્ધ થયેલા જીવમાં ગતિ કરવાનો સ્વભાવ નથી પરંતુ સ્થિત થવાનો સ્વભાવ છે તેથી સિદ્ધ જીવ લોકાંતે સ્થિર થઈ જાય છે. લોકની બહાર જતાં નથી. તે સિવાય જીવ અને પુદ્‌ગલની ગતિ, ગતિ સહાયક ધર્માસ્તિકાય દ્રવ્યની સહાયતાથી જ થાય છે. ધર્માસ્તિકાય દ્રવ્ય લોકમાં જ છે. અલોકમાં ધર્માસ્તિકાય દ્રવ્ય ન હોવાથી સિદ્ધ થયેલા જીવની લોક બહાર ગતિ થતી નથી. તે લોકાન્તમાં જઈને સિદ્ધસ્થાનમાં સ્થિર થાય છે.

**ઉપસંહાર :–**

**૭૬ एस खलु सम्मत्त-परक्कमस्स अज्झयणस्स अट्ठे समणेणं भगवया महावीरेणं आघविएपण्णविए, परूविए, दंसिए, णिदंसिए, उवदंसिए त्ति बेमि ।**

**શબ્દાર્થ :–** સુધર્માસ્વામી પોતાના શિષ્ય જંબૂસ્વામીને કહે છે કે હે આયુષ્યમાન્ જંબૂ ! **सम्मत्तपरक्कमस्स** = આ સમ્યક્ પરાક્રમ નામના **अज्झयणस्स** = અધ્યયનનો **एस** = આ **अट्ठे** = અર્થ **समणेणं** = શ્રમણ **भगवया** = ભગવાન **महावीरेणं** = મહાવીર સ્વામીએ **आघविए** = સામાન્ય રૂપથી કહ્યો છે **पण्णविए** = વિશેષ રૂપથી તેના હેતુ-ફળ આદિ બતાવ્યા છે **परूविए** = સ્વરૂપનું વર્ણન કર્યું છે **दंसिए** = અનેક ભેદોનું દિગ્દર્શન કરાવ્યું છે **णिदंसिए** = દૃષ્ટાંત દ્વારા સમજાવ્યું છે **उवदंसिए** = ઉપસંહાર દ્વારા બતાવ્યું છે.

**ભાવાર્થ :–** આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીરે સમ્યક્ પરાક્રમ નામના અધ્યયનના અર્થનું સામાન્ય રૂપે, વિશેષરૂપે પ્રતિપાદન કર્યું છે, તેના સ્વરૂપનું વર્ણન, અનેક ભેદોનું દિગ્દર્શન, દષ્ટાંત દ્વારા ઉપનય અને નિગમનથી સમજાવ્યું છે.

**વિવેચન :–**

આ સમ્યક્ પરાક્રમ નામના અધ્યયનનો અર્થ શ્રમણ ભગવાન મહાવીરે પ્રકાશિત કર્યો છે. તેના માટે સૂત્રકારે વિવિધ શબ્દોનો પ્રયોગ કર્યો છે, તેના અર્થ નીચે પ્રમાણે છે–

**आघविए**– પ્રતિપાદન કર્યું. સામાન્ય રૂપથી સમજાવ્યું છે.

**पण्णविए**– પ્રજ્ઞાપન કર્યું. વિશેષ રૂપથી હેતુ, ફળ આદિના પ્રકાશનથી પ્રકૃષ્ટ રીતે સમજાવ્યું છે.

**परूविए**– પ્રરૂપિત કર્યું. તેના સ્વરૂપનું કથન કર્યું છે.

**दंसिए**– દર્શિત કર્યું. જુદા-જુદા ભેદોનું દર્શન કરાવ્યું છે.

**णिदंसिए**– નિદર્શિત કર્યું. દષ્ટાંતો, ઉપનય આપી વર્ણન કર્યું છે.

**उवदंसिए**– ઉપદર્શિત કર્યું. નિગમનપૂર્વક ઉપસંહાર કર્યો છે.

**त्ति बेमि :–** સુધર્માસ્વામી પોતાના શિષ્ય જંબૂસ્વામીને કહે છે, હે જંબૂ ! જે રીતે મેં ભગવાન મહાવીર સ્વામી પાસેથી સાંભળ્યું છે તે રીતે જ મેં તને કહ્યું છે. આ કથન સર્વજ્ઞ તીર્થંકર ભગવાનનું છે.

**॥ ઓગણત્રીસમું અધ્યયન સંપૂર્ણ ॥**

# ત્રીસમું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનમાં તપસ્યાના માર્ગ તરફ ગતિ(પુરુષાર્થ) કરવાનું સૂચન છે. તેથી તેનું નામ **તપોમાર્ગ ગતિ** છે.

★ જ્ઞાન, દર્શન અને ચારિત્રની જેમ તપ પણ મોક્ષમાર્ગ છે. વસ્તુતઃ તે ચારિત્રનું જ એક અંગ છે. તેમ છતાં કર્મક્ષયની સાધનામાં તપ, એ એક તીવ્ર સાધન છે, તેથી તેની વિશિષ્ટતા સૂચિત કરવા શાસ્ત્રકારે અટ્ઠાવીસમા અધ્યયનમાં મોક્ષમાર્ગના ચાર અંગોમાં ચોથા અંગરૂપે તપનું અલગ કથન કર્યું છે, તેમજ પ્રસ્તુત સંપૂર્ણ અધ્યયન તપના વિસ્તાર માટે જ નિરૂપિત કર્યું છે.

★ અધ્યયનમાં પ્રારંભની ગાથાઓમાં તપનું માહાત્મ્ય પ્રદર્શિત કર્યું છે કે તપથી કરોડો ભવોના સંચિત કર્મોનો ક્ષય થાય છે.

★ તપ એ દિવ્ય રસાયણ છે, તે શરીર અને આત્માના યૌગિક ભાવોને દૂર કરી આત્માને પોતાના અયોગી સ્વરૂપમાં સ્થાપિત કરે છે. અનાદિકાલથી આત્માને શરીર સાથે ગાઢ સંબંધ રહ્યો છે. તે સંબંધ તૂટે, શરીરની મૂર્ચ્છા છૂટે, તો જ આત્મા સંયમમાં સ્થિર રહી શકે છે. તપ એ શરીરની મૂર્ચ્છા તોડવા માટેનો એક અમોઘ ઉપાય છે.

★ તપના બે ભેદ છે– બાહ્યતપ અને આભ્યંતર તપ. આ અધ્યયનમાં બાહ્યતપના છ પ્રકાર અને આભ્યંતર તપના છ પ્રકાર, તેમ બાર પ્રકારના તપનું ભેદ-પ્રભેદપૂર્વક વિસ્તૃત વર્ણન કર્યું છે.

★ બાહ્યતપમાં શરીરની પ્રધાનતા છે. તેમ છતાં ભાવપૂર્વકનું બાહ્ય તપ સફળ થાય છે. આભ્યંતર તપમાં આત્મભાવોની મુખ્યતા છે તેમ છતાં તેમાં પણ શરીરની સહાયતા જરૂરી છે. આ રીતે મનુષ્યનું શરીર અને આત્મભાવોના સુમેળપૂર્વક જ તપ-સંયમની આરાધના થાય છે. બાહ્ય તપ અને આભ્યંતરતપ તે સંજ્ઞા ક્રમશઃ શરીર અને આત્મભાવોની પ્રધાનતાની અપેક્ષાએ છે.

★ બાર પ્રકારના તપથી પૂર્વસંચિત કર્મોનો ક્ષય, આત્મ વિશુદ્ધિ, મન-વચન-કાયાની પ્રવૃત્તિનો નિરોધ, અક્રિયતા અને મુક્તિ પ્રાપ્ત થાય છે.

★ બારે ય પ્રકારના તપોના વિવિધ ભેદ-પ્રભેદ રૂપ વિસ્તાર શ્રી ભગવતી સૂત્ર શતક–૨૫/૬માં અને ઔપપાતિક સૂત્રમાં છે. જે આ અધ્યયનથી કંઈક વિશેષ છે. તેનું સૂચન અહીં વિવેચનમાં અને કોષ્ટકમાં કર્યું છે.

❖❖❖❖❖

# ત્રીસમું અધ્યયન

## તપોમાર્ગ ગતિ

**સંવર અને નિર્જરા માર્ગ :–**

**૧** **जहा उ पावगं कम्मं, रागदोस समज्जियं ।**
**खवेइ तवसा भिक्खू, तमेगग्गमणो सुण ॥**

**શબ્દાર્થ :– रागदोस समज्जियं** = રાગદ્વેષથી ઉત્પન્ન થયેલાં **पावगं** = પાપ **कम्मं** = કર્મને **भिक्खू** = ભિક્ષુ **जहा** = જે પ્રકારે **तवसा** = તપથી **खवेइ** = ક્ષય કરે છે **तं** = તેને **एगग्गमणो** = એકાગ્ર ચિત્તથી **सुण** = સાંભળો.

**ભાવાર્થ :–** ભિક્ષુ રાગદ્વેષથી ઉત્પન્ન થયેલાં પાપ કર્મોનો જે તપ દ્વારા ક્ષય કરે છે, તેને તમે એકાગ્ર ચિત્ત થઈ સાંભળો.

**૨** **पाणिवह-मुसावाया, अदत्तमेहुण-परिग्गहा विरओ ।**
**राइभोयण-विरओ, जीवो हवइ अणासवो ॥**

**શબ્દાર્થ :– पाणिवह** = પ્રાણી વધ, જીવ હિંસા **मुसावाया** = મૃષાવાદ, ખોટું બોલવું **अदत्त** = આપ્યા વિના વસ્તુ લેવી **मेहुण** = મૈથુન, કુશીલ સેવન **परिग्गहा** = ધન ધાન્યાદિનું સંગ્રહ અને મમત્વ. આ પાંચ પાપોથી **विरओ** = નિવૃત્ત થયેલો અને **रायभोयण-विरओ** = રાત્રિ ભોજનથી નિવૃત **हवइ** = થાય છે **जीवो** = જીવ **अणासवो** = આશ્રવ રહિત, કર્મબંધ થતો નથી.

**ભાવાર્થ :–** હિંસા, અસત્ય, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ અને રાત્રિભોજનની વિરતિથી જીવ આશ્રવ રહિત બને છે અર્થાત્ હિંસાદિના ત્યાગથી કર્મબંધ અટકી જાય છે.

**૩** **पंचसमिओ तिगुत्तो, अकसाओ जिइंदिओ ।**
**अगारवो य णिस्सलो, जीवो होइ अणासवो ॥**

**શબ્દાર્થ :– पंचसमिओ** = પાંચ સમિતિથી યુક્ત **तिगुत्तो** = ત્રણ ગુપ્તિઓથી યુક્ત **अकसाओ** = કષાય રહિત **जिइंदिओ** = જિતેન્દ્રિય **अगारवो** = ત્રણ ગૌરવ(ગર્વ) રહિત **णिस्सलो** = નિઃશલ્ય, ત્રણ શલ્ય રહિત **होइ** = થાય છે.

**ભાવાર્થ :–** પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સહિત, ચાર કષાય રહિત, જિતેન્દ્રિય, ત્રણ ગર્વથી રહિત તથા ત્રણ શલ્ય રહિત જીવ અનાશ્રવી થાય છે.

**૪** **एएसिं तु विवच्चासे, रागदोस-समज्जियं ।**
**खवेइ उ जहा भिक्खू, तमेगग्गमणो सुण ॥**

**શબ્દાર્થ :– एएसिं** = ઉપર બતાવેલા જે ગુણો છે તેનાથી **विवच्चासे** = વિપરીત અવગુણોના કારણે **रागदोस-समज्जियं** = રાગદ્વેષથી સંચિત કરેલાં કર્મોને **जहा** = જે પ્રકારે **भिक्खू** = ભિક્ષુ **खवेइ** = ક્ષય કરે છે **तं** = તે વિધિને **एगग्गमणो** = એકાગ્ર ચિત્ત થઈને **सुण** = સાંભળો.

**ભાવાર્થ :–** ઉપરોક્ત ગુણોથી વિપરીત એવા દોષો દ્વારા રાગદ્વેષ આદિ અવગુણોથી સંચિત કરેલા કર્મોને, જે વિધિથી ભિક્ષુ નષ્ટ કરે છે, તે તમે એકાગ્રચિત્ત થઈને સાંભળો.

**५** **जहा महातलायस्स, सण्णिरुद्धे जलागमे ।**
**उस्सिंचणाए तवणाए, कमेणं सोसणा भवे ॥**

**६** **एवं तु संजयस्सावि, पावकम्म णिरासवे ।**
**भवकोडी संचियं कम्मं, तवसा णिज्जरिज्जइ ॥**

**શબ્દાર્થ :– जहा** = જે રીતે **महातलायस्स** = કોઈ મોટા તળાવના **जलागमे** = જળ આવવાના માર્ગોને **सण्णिरुद्धे** = રોકી દેવામાં આવે તો, તે તળાવનું પાણી **उस्सिंचणाए** = ઉલેચાઈ જવાથી તથા **तवणाए** = સૂર્યના તાપ દ્વારા **कमेणं** = ક્રમથી, ધીરે-ધીરે **सोसणा भवे** = સુકાઈ જાય છે **एवं तु** = આ રીતે **संजयस्सावि** = સંયમી સાધુઓના **पावकम्म-णिरासवे** = પાપકર્મોના નિરાશ્રવથી, નવીન પાપકર્મો રોકી દેવાથી **भवकोडीसंचियं** = કરોડો ભવોના સંચિત કર્મો **तवसा** = તપ દ્વારા **णिज्जरिज्जइ** = ક્ષય થઈ જાય છે.

**ભાવાર્થ :–** જે રીતે કોઈ મોટા તળાવમાં પાણીનો પ્રવાહ આવતો રોકાઈ જાય, જૂનું પાણી ઉલેચાઈ જાય અને સૂર્યના તાપથી તે તળાવનું પાણી કાળક્રમે સુકાઈ જાય છે, તેવી જ રીતે સંયમી જીવોને પાપકર્મ આવવાનો માર્ગ બંધ થઈ જવાથી કરોડો ભવોના સંચિત થયેલા કર્મોની તપ દ્વારા નિર્જરા થાય છે. ॥ ૫–૬ ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં અનાશ્રવનું સ્વરૂપ અને તપનું માહાત્મ્ય પ્રદર્શિત કર્યું છે.

તપથી કર્મોની નિર્જરા થાય છે. તપથી આત્મવિશુદ્ધિ થાય છે. આત્મ વિશુદ્ધિના ઈચ્છુક સાધકોએ કર્મોનો ક્ષય કરતાં પહેલાં નવા આવતાં કર્મોના પ્રવાહને રોકવો જરૂરી છે. જો કર્મોનો પ્રવાહ ચાલુ જ હોય તો આત્મ વિશુદ્ધિનું કાર્ય થઈ શકે નહીં. તેથી જ સૂત્રકારે તપના વર્ણનનો પ્રારંભ કરતાં પહેલાં અનાશ્રવ એટલે આત્મામાં આવતાં કર્મ રોકાય તેવા સંવર પ્રધાન ગુણોનું નિરૂપણ કર્યું છે.

**સંવરના ઉપાય :–** પ્રાણતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ, તે પાંચ અવ્રતથી વિરામ પામવું તેમજ રાત્રિભોજનનો સંપૂર્ણ ત્યાગ કરવો; પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું યથાર્થ પાલન કરવું; ચાર કષાયો ઉપશાંત કરવા; પાંચ ઈન્દ્રિયોના વિષયોનું આકર્ષણ છોડી જિતેન્દ્રિય બનવું; ઋદ્ધિ ગારવ, રસ ગારવ અને શાતા ગારવ, તે ત્રણ પ્રકારના ગારવ–અભિમાનથી રહિત બનવું; માયા, નિદાન અને મિથ્યાત્વ તે ત્રણ શલ્યનો ત્યાગ કરી નિઃ શલ્ય બનવું; ઉપરોક્ત ગુણોની આરાધનાથી આશ્રવનો નિરોધ અર્થાત્ સંવર થાય છે અને તે-તે ગુણોથી વિપરીત આચરણ કરવાથી કર્મોનો આશ્રવ થાય છે.

**तवसा निज्जरिज्जइ :–** આવતાં કર્મો રોકાઈ જવાથી સંવરની સાધના થાય છે અને ત્યારપછી બાર પ્રકારના તપની આરાધનાથી આત્માના પૂર્વ સંચિત કર્મોની નિર્જરા થાય છે અને ત્યારે કર્મ મુક્તિની સાધના સફળ થાય છે.

**जहा महातलायस्स.. :–** આ ગાથામાં નિર્જરાના સ્વરૂપને દષ્ટાંતથી સમજાવ્યું છે. જે રીતે કોઈ મોટા તળાવને સાફ કરવું હોય, તો સહુ પ્રથમ તે તળાવમાં પાણી આવવાના માર્ગોને બંધ કરવામાં આવે, ત્યારપછી તેમાં રહેલા પાણીને ઉલેચીને બહાર કાઢી નાંખવામાં આવે અને બાકી રહેલું પાણી સૂર્યતાપથી ક્રમશઃ સુકાઈ જાય છે. આ રીતે તે તળાવ સંપૂર્ણ ખાલી થઈ જાય છે.

તે જ રીતે આત્મ વિશુદ્ધિ માટે સહુ પ્રથમ પાપ કર્મોના આશ્રવ દ્વારોને બંધ કરવા જરૂરી હોય છે. તે માટે પાંચ મહાવ્રત આદિની આરાધના દ્વારા કર્મોના પ્રવેશને બંધ કરવામાં આવે છે અને ત્યાર પછી તપથી કરોડો ભવોના સંચિત થયેલા કર્મોનો ક્ષય કરવામાં આવે છે; ત્યારે જ આત્મા કર્મલેપથી નિર્લેપ– નિર્મલ થઈ જાય છે.

**अगारवो :–** ગર્વ રહિત. શ્રી આવશ્યક સૂત્રમાં ત્રણ પ્રકારના ગર્વનું કથન છે– **(૧) ૠદ્ધિ ગારવ–** પોતાને પ્રાપ્ત થયેલી ૠદ્ધિનો ગર્વ કરવો. **(૨) રસ ગારવ–** પ્રાપ્ત થયેલા, મનગમતા રસવંતા ભોજનનો ગર્વ કરવો. **(૩) શાતા ગારવ–** પ્રાપ્ત થયેલી સર્વ પ્રકારની અનુકૂળતા, સુખશાતાનો ગર્વ કરવો.

**તપના પ્રકાર :–**

**૭** **सो तवो दुविहो वुत्तो, बाहिरब्भंतरो तहा ।**
**बाहिरो छव्विहो वुत्तो, एवमब्भंतरो तवो ॥**

**શબ્દાર્થ :– तवो** = તપ **सो** = તે **बाहिरो** = બાહ્ય **तहा** = અને **अब्भंतरो** = આભ્યંતરના ભેદથી **दुविहो** = બે પ્રકારના **वुत्तो** = કહ્યા છે **बाहिरो** = બાહ્ય તપ **छव्विहो** = છ પ્રકારના **वुत्तो** = કહ્યા છે **एवं** = આ પ્રકારે **अब्भंतरो** = આભ્યંતર.

**ભાવાર્થ :–** તે તપના બે પ્રકાર છે– બાહ્ય તપ અને આભ્યંતર તપ. બાહ્ય તપના છ પ્રકાર છે અને આભ્યંતર તપના પણ છ પ્રકાર છે.

**વિવેચન :–**

**તપસ્વરૂપ :–** (૧) જે કર્મોને તપાવે, કર્મોને ભસ્મીભૂત કરી નાંખે તે તપ છે. (૨) જે અનુષ્ઠાનોનું આચરણ આત્માને તપ્ત તેજસ્વી બનાવે, તે તપ છે. (૩) સંચિત કર્મોના ક્ષય માટે જે ઉપાયોનું આચરણ થાય તે તપ છે. (૪) **इच्छानिरोधस्तपः** । ઈચ્છાનો નિરોધ કરવો, તે તપ છે. ઉપરોક્ત વ્યાખ્યાઓથી સ્પષ્ટ થાય છે કે બહિર્વૃત્તિને અંતરમુખી બનાવવા માટેનો પુરુષાર્થ તે **તપ** છે.

**બાહ્યતપ :–** જે તપ મુખ્યત્વે શરીરથી સંબંધિત હોય, જેમાં શરીર દ્વારા ભોગવી શકાય તેવા બાહ્ય દ્રવ્યોનો આંશિક કે સર્વાંશે ત્યાગ થતો હોય, જેનો પ્રભાવ સીધો શરીર ઉપર પડતો હોય, જેને વ્યવહારમાં લોકો જાણી અને જોઈ શકતા હોય, તેને બાહ્યતપ કહે છે.

બાહ્ય તપ ઈન્દ્રિયોના વિષય-વિકારોને ઉપશાંત અને પાતળા કરવામાં સહાયભૂત થાય છે. બાહ્ય તપનું મુખ્ય પ્રયોજન જીવને અપ્રમત્ત રાખવાનું છે, કારણ કે અપ્રમત્ત જીવ સંયમ સાધનામાં પ્રગતિ કરી શકે છે. બાહ્ય તપ આત્માના ભાવોની વિશુદ્ધિ કરવામાં પણ સહાયક બને છે. બાહ્ય તપના છ પ્રકાર છે.

**આભ્યન્તર તપ :–** જેનો મુખ્ય સંબંધ આત્મ ભાવો સાથે હોય, જેમાં અંતઃકરણના પરિણામોની મુખ્યતા હોય, જેનાથી મનનું નિયમન થાય, તે આભ્યંતર તપ છે. આભ્યંતર તપના છ પ્રકાર છે.

બાહ્ય અને આભ્યંતર તપના સ્વરૂપને જોતાં સ્પષ્ટ થઈ જાય છે કે આભ્યંતર તપ ભાવોની શુદ્ધિનું

મુખ્ય કારણ છે અને બાહ્ય તપ શરીરની આસક્તિ અને પુદ્ગલાસક્તિ છોડાવવાનું મુખ્ય સાધન છે.

**બાહ્ય તપના પ્રકાર :–**

**૮** **अणसणमूणोयरिया, भिक्खायरिया य रसपरिच्चाओ ।**
**कायकिलेसो संलीणया, य बज्झो तवो होइ ॥**

**શબ્દાર્થ :– अणसणं** = અનશન (તપ) **ऊणोयरिया** = ઊણોદરી, ઊનોદરિકા **भिक्खायरिया** = ભિક્ષાચર્યા **रसपरिच्चाओ** = રસપરિત્યાગ **कायकिलेसो** = કાયક્લેશ **संलीणया** = સંલીનતા-પ્રતિસંલીનતા **बज्झो** = બાહ્ય **तवो** = તપના, છ ભેદ (પ્રકાર) **होइ** = હોય છે.

**ભાવાર્થ :–** (૧) અનશન (૨) ઊણોદરી (૩) ભિક્ષાચર્યા (૪) રસ પરિત્યાગ (૫) કાયક્લેશ અને (૬) સંલીનતા, આ છ બાહ્ય તપ છે.

**વિવેચન :–**

બાહ્ય તપના છ પ્રકાર આ પ્રમાણે છે– **(૧) અનશન–** ત્રણ કે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો. **(૨) ઊણોદરી–** ભૂખ કરતાં ઓછું ભોજન કરવું. **(૩) ભિક્ષાચરી–** અભિગ્રહ યુક્ત ગોચરી કરવી. તેને 'વૃત્તિસંક્ષેપ' તપ પણ કહે છે. **(૪) રસપરિત્યાગ–** ઘી, તેલ, દૂધ, દહીં આદિ વિગય અને મહાવિગયોનો તથા ગરિષ્ટ પદાર્થોનો ત્યાગ કરવો. **(૫) કાયક્લેશ–** શરીરને કષ્ટ આપવું, લોચ કરવો, ખુલ્લા પગે ચાલવું, આતાપના લેવી, કઠિન આસન કરવા વગેરે. **(૬) સંલીનતા–** ઇન્દ્રિય, કષાય અને યોગોનું ગોપન કરવું અર્થાત્ ઇન્દ્રિયોને વશમાં રાખવી; કષાયો પર વિજય પ્રાપ્ત કરવો અને યોગ પ્રવૃત્તિ ઘટાડવી. તેમજ એકાંત સ્થાનમાં નિવાસ કરવો, તે પ્રતિસંલીનતા તપ છે.

**(૧) બાહ્ય તપ અનશન : ઈત્વરિક અનશન તપ :–**

**૯** **इत्तरिय मरणकाला य, अणसणा दुविहा भवे ।**
**इत्तरिय सावकंखा, णिरवकंखा उ बिइज्जिया ॥**

**શબ્દાર્થ :– अणसणा** = અનશન તપ **दुविहा** = બે પ્રકારના **भवे** = થાય છે **इत्तरिय** = થોડા સમયનું **मरणकाला** = જીવન પર્યંત, મરણકાલ સુધીનું **इत्तरिय** = થોડા સમયનું તપ **सावकंखा** = આહારની આકાંક્ષા સહિત હોય છે **बिइज्जिया** = બીજું મરણકાલ સુધીનું અનશન **णिरवकंखा** = આહારની આકાંક્ષા રહિત હોય છે.

**ભાવાર્થ :–** અનશન તપના બે પ્રકાર છે– ઈત્વરિક (થોડા સમય માટેનું અનશન) અને જીવન પર્યંતનું અનશન. ઈત્વરિક અનશન આકાંક્ષા અને મર્યાદા સહિત હોય છે, જીવન પર્યંતનું અનશન આકાંક્ષા અને મર્યાદા રહિત હોય છે.

**૧૦** **जो सो इत्तरिय तवो, सो समासेण छव्विहो ।**
**सेढितवो पयरतवो, घणो य तह होइ वग्गो य ॥**

**૧૧** **तत्तो य वग्गवग्गो उ, पंचमो छट्ठओ पइण्णतवो ।**
**मणइच्छियचित्तत्थो, णायव्वो होइ इत्तरिओ ॥**

**શબ્દાર્થ :– जो** = જે **सो** = આ **इत्तरिय** = ઈત્વરિક **तवो** = તપ છે **सो** = તે **समासेण** = સંક્ષેપમાં **छव्विहो** = છ પ્રકારના **होइ** = છે **सेढितवो** = શ્રેણી તપ **पयरतवो** = પ્રતર તપ **घणो** = ઘન તપ **वग्गो** = વર્ગ તપ **वग्गवग्गो** = વર્ગ વર્ગ તપ **छट्ठओ** = છઠ્ઠું **पइण्णतवो** = પ્રકીર્ણ તપ **मणइच्छिय** = મન ઈચ્છિત, ઈચ્છા પ્રમાણે **चित्तत्थो** = અનેક પ્રકારે **होइ** = થાય છે **णायव्वो** = તેમ જાણવું જોઈએ.

**ભાવાર્થ :–** સંક્ષેપમાં ઈત્વરિક તપના છ પ્રકાર છે– શ્રેણિતપ, પ્રતરતપ, ઘનતપ, વર્ગ તપ; પાંચમું વર્ગ-વર્ગ તપ અને છઠ્ઠું ઈચ્છા પ્રમાણે અનેક પ્રકારનું પ્રકીર્ણ તપ હોય છે, આ રીતે ઈત્વરિક તપ જાણવું જોઈએ. ॥ ૧૦–૧૧ ॥

**વિવેચન :–**

**अनशन :–** અન્+અશન = આહારનો ત્યાગ. **असणं**– ભોજનાદિ ખાદ્ય પદાર્થો. **पाणं**– પાણી. **खाइमं**– ફળ, મેવા. **साइमं**– મુખવાસ. આ ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો, તે અનશન છે. તેના બે ભેદ છે– **(૧)** ઈત્વરિક અનશન– અલ્પકાલ માટે આહારનો ત્યાગ કરવો. **(૨)** યાવત્કથિત– જીવનપર્યંત આહારનો ત્યાગ કરવો. તેમાં ઈત્વરિક તપ પારણાની આકાંક્ષા સહિત હોય છે. પ્રથમ તીર્થંકરના સમયે તેની મર્યાદા ઉત્કૃષ્ટ એક વર્ષની હોય છે. મધ્યના બાવીસ તીર્થંકરના સમયે આઠ મહિનાની તથા અંતિમ ચોવીસમા તીર્થંકરના સમયે છ મહિનાની ઉત્કૃષ્ટ અવધિ હોય છે અને જઘન્ય મર્યાદા હંમેશાં અંતર્મુહૂર્તની હોય છે.

**ઈત્વરિક તપના પ્રકાર :–** એક ઉપવાસથી લઈને છ માસના ઉપવાસ સુધીનું કોઈ પણ તપ કોઈ પણ પ્રકારે કરવું, તે ઈત્વરિક તપ છે. તેના અનેક પ્રકાર છે, પ્રસ્તુત ગાથાઓમાં તેના છ ભેદ કહ્યા છે.

**શ્રેણીતપ :–** શ્રેણી = પંક્તિ. આ તપમાં પંક્તિબદ્ધ ઉપવાસ કરવામાં આવે છે. આ તપમાં એક ઉપવાસ–પારણું, બે ઉપવાસ–પારણું, ત્રણ ઉપવાસ–પારણું તેમ ક્રમશઃ આગળ વધે છે. જેમ કે– ૩ પદાત્મક શ્રેણીમાં ત્રણ ઉપવાસ સુધી, ૪ પદાત્મક શ્રેણીમાં ચાર ઉપવાસ સુધી, તપ વૃદ્ધિ થાય છે આ જ રીતે પાંચ પદાત્મક, છ પદાત્મક અને ઉત્કૃષ્ટ ૧૨૦ પદાત્મક અર્થાત્ છ માસ સુધીની શ્રેણી થાય છે. અહીં ત્રણ પદાત્મક શ્રેણીના ઉદાહરણથી આકૃતિ આપી છે. | ૧ | ૨ | ૩ | આ ત્રણ પદાત્મક શ્રેણીમાં કુલ છ ઉપવાસ અને ત્રણ પારણા થાય છે.

| | | |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ૨ | ૩ |
| ૧ | ૨ | ૩ |

**પ્રતર તપ :–** શ્રેણી×શ્રેણી = પ્રતર. ત્રણ પદાત્મક શ્રેણી×ત્રણ પદાત્મક શ્રેણી = નવ પદાત્મક પ્રતર તપ થાય છે. અર્થાત્ ત્રણ પદાત્મક શ્રેણી તપ એક સાથે ત્રણવાર કરવામાં આવે, તો તે પ્રતર તપ કહેવાય છે. તેમાં ૧૮ ઉપવાસ અને ૯ પારણા થાય છે. કુલ ૨૭ દિવસે નવ પદાત્મક પ્રતર તપ પૂર્ણ થાય છે. **જુઓ– સ્થાપના.**

**ઘનતપ :–** પ્રતર×શ્રેણી = ઘન. નવ પદાત્મક પ્રતર × ત્રણ પ્રદાત્મક શ્રેણી = ઘન તપ થાય છે. અર્થાત્ નવ પદાત્મક પ્રતર તપ એક સાથે ત્રણ વાર કરવામાં આવે, તો તે ઘન તપ કહેવાય છે. આ ઘન તપમાં ૫૪ ઉપવાસ અને ૨૭ પારણા થાય છે. તે કુલ ૮૧ દિવસે પૂર્ણ થાય છે. ઘન તપની સ્થાપના પ્રતર તપની સ્થાપના સમાન સમજવી પરંતુ તેમાં ત્રણ શ્રેણીની બદલે નવ શ્રેણી સમજવી.

આ જ રીતે ચાર ઉપવાસ–પાંચ ઉપવાસ વગેરેથી પ્રતર તપ અને ઘન તપ સમજવા.

**(૪) વર્ગ તપ :–** કોઈપણ સંખ્યાને તે જ સંખ્યાથી ગુણતાં વર્ગ થાય છે. અહીં ઘન તપને ઘન તપથી ગુણતાં

વર્ગ તપ થાય છે. ઘન તપમાં ૫૪ ઉપવાસ અને ૨૭ પારણાં હોય છે. આ સંખ્યાને તે જ સંખ્યાથી ગુણતાં ૫૪×૫૪ = ૨,૯૧૬ ઉપવાસ અને ૨૭×૨૭ = ૭૨૯ પારણાં; વર્ગ તપમાં થાય છે. તે કુલ ૩૬૪૫(ત્રણ હજાર છસો પિસ્તાળીસ) દિવસે પૂર્ણ થાય છે અર્થાત્ ૧૦ વર્ષ, એક મહીનો અને ૧૫ દિવસ થાય.

**(૫) વર્ગવર્ગ તપ :–** વર્ગને વર્ગથી ગુણતાં વર્ગવર્ગ સંખ્યા આવે છે. વર્ગતપમાં ૨,૯૧૬ ઉપવાસ અને ૭૨૯ પારણાં હોય છે. આ સંખ્યાને તે જ સંખ્યાથી ગુણતાં ૨,૯૧૬×૨,૯૧૬ = ૮૫,૦૩,૦૫૬ ઉપવાસ અને ૭૨૯×૭૨૯ = ૫,૩૧,૪૪૧ પારણાં; વર્ગવર્ગ તપમાં થાય છે. તે કુલ ૯૦,૩૪,૪૯૭ દિવસે પૂર્ણ થાય છે અર્થાત્ ૨૫,૦૯૫ વર્ષ ૯ મહીના અને ૨૭ દિવસ થાય છે.

**ત્રણ ઉપવાસવાળા શ્રેણી તપ આદિમાં ઉપવાસ–પારણાંના દિવસો :–**

| પાંચ ઈત્વરિક તપ | ઉપવાસ | પારણાં | કુલ દિવસો |
|---|---|---|---|
| ૧. શ્રેણી તપ | ૬ | ૩ | ૯ |
| ૨. પ્રતર તપ | ૧૮ | ૯ | ૨૭ |
| ૩. ઘન તપ | ૫૪ | ૨૭ | ૮૧ |
| ૪. વર્ગ તપ | ૨,૯૧૬ | ૭૨૯ | ૩,૬૪૫ |
| ૫. વર્ગ વર્ગ તપ | ૮૫,૦૩,૦૫૬ | ૫,૩૧,૪૪૧ | ૯૦, ૩૪, ૪૯૭ |

★ ત્રણ પદાત્મક શ્રેણીની જેમ ૪, ૫, ૬ આદિ અનેક પદાત્મક શ્રેણીથી પણ ઈત્વરિક તપ થઈ શકે છે.

**પ્રકીર્ણક તપ :–** શ્રેણી વગેરે કોઈ પણ નિયત રચના વિના યથાશક્તિ ગમે તે તપ કરવો તેને પ્રકીર્ણક તપ કહે છે. અર્થાત્ શ્રેણીતપ આદિ આ ઉપરોક્ત પાંચ પ્રકારના તપ સિવાય શેષ સર્વ તપનો સમાવેશ પ્રકીર્ણક તપમાં થાય છે.

**मणइच्छिय चित्तत्थो :–** મન ઈચ્છિત ચિત્રાર્થ. ચિત્ર+અર્થ. **ચિત્ર** એટલે વિવિધ પ્રકાર, અનેક પ્રકારના; **અર્થ** એટલે વિષય; વિવિધ પ્રકારના તપને વિષય બનાવે તે **ચિત્રાર્થ**. સંપૂર્ણ પદનો અર્થ વિવિધ પ્રકારના મન ઈચ્છિત તપને વિષય કરનાર; આ રીતે આ પદ પ્રકીર્ણક તપનું સ્વરૂપ દર્શક વિશેષણ છે. વ્યક્તિ પોતાની ઈચ્છા અને શક્તિ અનુસાર વિવિધ પ્રકારના તપ કરે છે તેથી પ્રકીર્ણક તપના અનેક ભેદ થાય છે.

શ્રેણીતપ વગેરે પૂર્વોક્ત પાંચ પ્રકારના તપ સિવાયના ઉપવાસ, આયંબિલ, એકાસણું, એકઠાણું, પોરસી, બે પોરસી, નીવી, અભિગ્રહ, સંકેત પ્રત્યાખ્યાન, વિવિધ પડિમાઓ, દત્તી-પરિમાણ વગેરે સર્વ તપનો સમાવેશ પ્રકીર્ણક તપમાં થાય છે.

અનેક આચાર્યોએ આ પદનો–''મનઈચ્છિત વિવિધ પ્રકારના ફળ આપનાર તપ'', એવો અર્થ પણ કર્યો છે.

**ઈત્વરિક તપના ચૌદ ભેદ :–** શ્રી ઔપપાતિક સૂત્રમાં તપનું વિસ્તૃત વર્ણન છે. ત્યાં ઇત્વરિક અનશન તપના ચૌદ પ્રકાર કહ્યા છે, તે આ પ્રમાણે છે–

(૧) ઉપવાસ (૨) છઠ (૩) અટ્ઠમ (૪) ચોલુ (૫) પંચોલુ (૬) છકાય (૭) સાત દિવસના ઉપવાસ. (૮) ૧૫ દિવસના ઉપવાસ. (૯) એક માસના ઉપવાસ. (૧૦) બે માસના ઉપવાસ. (૧૧) ત્રણ માસના ઉપવાસ. (૧૨) ચાર માસના ઉપવાસ. (૧૩) પાંચ માસના ઉપવાસ. (૧૪) છ માસના ઉપવાસ.

પ્રસ્તુત અધ્યયનના વર્ણન પ્રમાણે આ ચૌદ ભેદોનો સમાવેશ છઠ્ઠા પ્રકીર્ણક ઈત્વરિક તપમાં થાય છે.

**ઈત્વરિક તપના લાભ :–** જીવન કાલમાં વિવિધ પ્રકારના તપનું આચરણ અને અભ્યાસ કરનાર સાધક મરણ કાલમાં સંલેખના-સંથારાની આરાધના સમાધિભાવપૂર્વક કરી શકે છે. તે સિવાય ઈત્વરિક તપના અન્ય પણ ઘણા લાભ થાય છે.

મૂલારાધના ગ્રંથ, અધ્યાય–૩/૨૩૭ થી ૨૪૪ સુધીના શ્લોકમાં તપના લાભ સંબંધી વિવિધ વિશ્લેષણ છે. સંક્ષેપમાં તે લાભ આ પ્રમાણે છે– (૧) ઇન્દ્રિય દમન (૨) સમાધિયોગ-સ્પર્શ (૩) વીર્યશક્તિનો ઉપયોગ (૪) જીવન સંબંધી તૃષ્ણાનો નાશ (૫) સંક્લેશ રહિત કષ્ટ સહિષ્ણુતાનો અભ્યાસ (૬) શરીર, સ્વાદ અને સુખ પ્રતિ અપ્રતિબદ્ધતા (૭) કષાયનિગ્રહ (૮) ભોગો પ્રતિ ઉદાસીનતા (૯) સમાધિ મરણનો સ્થિર અભ્યાસ (૧૦) અનાયાસ આત્મદમન (૧૧) આહાર પ્રતિ અનાકાંક્ષાનો અભ્યાસ (૧૨) અનાસક્તિના પરિણામોની વૃદ્ધિ (૧૩) લાભ-અલાભ, સુખ-દુઃખ આદિમાં સમતા (૧૪) બ્રહ્મચર્ય સિદ્ધિ (૧૫) નિદ્રાવિજય (૧૬) ત્યાગ દઢતા (૧૭) વિશિષ્ટ ત્યાગનો વિકાસ (૧૮) દર્પ-નાશ (૧૯) આત્મકીર્તિ તેમજ કુલ, ગણ, સંઘની પ્રભાવના (૨૦) આળસ ત્યાગ (૨૧) કર્મવિશુદ્ધિ (૨૨) મિથ્યાદષ્ટિ જીવો પ્રત્યે પણ સૌમ્ય ભાવ (૨૩) મુક્તિમાર્ગ-પ્રકાશન (૨૪) જિનાજ્ઞા આરાધના (૨૫) દેહ લાઘવ (૨૬) શરીર પ્રતિ અનાસક્તિ (૨૭) રાગાદિનો ઉપશમ (૨૮) આહાર પરિમિત હોવાથી શરીરમાં નીરોગતા (૨૯) સંતોષ વૃદ્ધિ (૩૦) આહારાદિમાં આસક્તિની ક્ષીણતા.

આ ગુણોનો વાસ્તવિક અનુભવ તો તપ કરનાર જ કરી શકે છે. સાધકોને જે લબ્ધિઓ અને સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે તેમાં પણ આ ઈત્વરિક અનશન તપનું જ પ્રમુખ સ્થાન હોય છે.

**મરણકાલિક અનશન તપ :–**

**१२** **जा सा अणसणा मरणे, दुविहा सा वियाहिया ।**
**सवियारमवियारा, कायचिट्ठं पई भवे ॥**

**१३** **अहवा सपरिकम्मा, अपरिकम्मा य आहिया ।**
**णीहारिमणीहारी, आहारच्छेओ दोसु वि ॥**

**શબ્દાર્થ :– सा** = તે, **जा** = જો **मरणे** = મરણકાલિક **अणसणा** = અનશન છે **दुविहा** = બે પ્રકારના **वियाहिया** = કહ્યા છે **सवियारं** = સવિચાર, કાયચેષ્ટા સહિત **अवियारा** = અવિચાર (કાયચેષ્ટા રહિત) આ ભેદ **कायचिट्ठं पइ** = કાયચેષ્ટાની અપેક્ષાએ **भवे** = હોય છે **अहवा** = અથવા, પ્રકારાન્તરથી **आहिया** = કહ્યા છે **सपरिकम्मा** = સપરિકર્મ, બીજાની સેવા લેવી**अपरिकम्मा** = અપરિકર્મ, બીજાની સેવા ન લેવી **णीहारिं** = અંતિમ સંસ્કાર વિધિ સહિત **अणीहारी** = અંતિમ સંસ્કાર વિધિ રહિત **दोसु वि** = બન્ને પ્રકારના અનશનોમાં, **आहारच्छेओ** = આહારનો ત્યાગ હોય છે.

**ભાવાર્થ :–** મરણકાલિક અનશન કાયચેષ્ટાને આધારે, સવિચાર(પડખું બદલવું વગેરે ક્રિયા સહિત) અને અવિચાર(ઉક્ત ક્રિયા રહિત) એમ બે પ્રકારનું છે.

અથવા મરણકાલિક અનશનના સપરિકર્મ અને અપરિકર્મ, એમ બે ભેદ છે. તથા નિર્હારીમ અને અનિર્હારીમ એમ બે ભેદ પણ થાય છે. બન્નેમાં આહારનો ત્યાગ હોય છે. ॥ ૧૨–૧૩ ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં અનશન તપના બીજા ભેદરૂપ મરણકાલિક અનશનનું સ્વરૂપ અને તેના ભેદ-પ્રભેદનું નિરૂપણ છે.

**મરણકાલિક અનશન :–** સમયની મર્યાદા વિના જીવન પર્યંત એટલે મૃત્યુ સુધી આહારનો ત્યાગ કરવો, તેને મરણકાલિક અનશન કહે છે. વ્યવહાર ભાષામાં તેને સંથારો અથવા પંડિત મરણ પણ કહે છે. શ્રી આચારાંગ આદિ સૂત્રમાં તેના ત્રણ ભેદનું કથન છે– **(૧) ભક્ત પ્રત્યાખ્યાન–** ત્રણ કે ચાર પ્રકારના આહારનો જીવન પર્યંત ત્યાગ કરવો, તેને ભક્ત પ્રત્યાખ્યાન કહે છે. તેમાં શરીરના હલન ચલનની અને બીજા પાસે સેવા લેવાની છૂટ હોય છે. **(૨) ઈંગિત મરણ–** તેમાં ચાર પ્રકારના આહારનો જીવન પર્યંત ત્યાગ કરવાનો હોય છે. ઈંગિત એટલે ઈશારા. તેમાં હાથ-પગની ચેષ્ટા દ્વારા અન્યને ઈશારો–સંકેત કરવાની છૂટ હોય છે પરંતુ બીજા પાસેથી સેવા લેવાનો ત્યાગ હોય છે. **(૩) પાદપોપગમન મરણ–** તેમાં ચાર પ્રકારના આહાર ત્યાગ સિવાય સાધક વૃક્ષની કાપેલી ડાળીની જેમ હલનચલન કર્યા વિના સ્થિર રહે છે અર્થાત્ જે સ્થિતિમાં પાદપોપગમન મરણનો સ્વીકાર કરે, તે જ સ્થિતિમાં મૃત્યુ પર્યંત રહે છે. તેમાં કાયિક ચેષ્ટાઓ અને બીજાની સેવા લેવાનો સંપૂર્ણપણે ત્યાગ હોય છે. અહીં સૂત્રકારે મરણકાલિક અનશનના ત્રણ પ્રકારે, બે-બે ભેદનું નિરૂપણ કર્યું છે.

**(૧) सवियारं :–** સવિચાર. કાયિક ચેષ્ટાની અપેક્ષાએ મરણકાલિક અનશનના બે ભેદ છે– (૧) કાયિક ચેષ્ટા સહિત અર્થાત્ સંથારામાં ઊઠવું, બેસવું, હલન ચલન કરવું વગેરે પ્રવૃત્તિ કરવી, તે સવિચાર અનશન છે. ભક્ત પ્રત્યાખ્યાન અને ઈંગિતમરણ **સવિચાર** છે. (૨) **अवियारं**– અવિચાર. ઉક્ત કાયિક ચેષ્ટાઓથી રહિત હોય, તે અવિચાર અનશન છે. પાદપોપગમન મરણ **અવિચાર** છે.

**(૨) सपरिकम्मा :–** પરિકર્મની અપેક્ષાએ તેના બે ભેદ છે– સપરિકર્મ અને અપરિકર્મ. (૧) જેમાં શરીરની સેવા શુશ્રૂષા સ્વયં અથવા અન્ય પાસે કરાવી શકાય, તેને **સપરિકર્મ** કહે છે. અનુકૂળતા માટે હાથ-પગ હલાવવા, પડખુ ફેરવવું, તેલ માલીશ કરવું કે કરાવવું વગેરે પરિકર્મ છે. ભક્ત પ્રત્યાખ્યાન અને ઈંગિતમરણ સપરિકર્મ છે. ભક્ત પ્રત્યાખ્યાનમાં શરીરની શુશ્રૂષા સ્વયં કરી શકે છે અને બીજા પાસે પણ કરાવી શકે છે. ઈંગિતમરણમાં શરીરની શુશ્રૂષા સ્વયં કરી શકે છે પરંતુ બીજા પાસે કરાવી શકતા નથી. (૨) જેમાં શરીરની સેવા-શુશ્રૂષા સ્વયં કરવાનો અને અન્ય પાસે કરાવવાનો સંપૂર્ણપણે ત્યાગ હોય, તેને **અપરિકર્મ** કહે છે. પાદપોપગમન મરણ અપરિકર્મ હોય છે.

**(૩) णीहारिम :–** મૃતદેહની અંતિમવિધિની અપેક્ષાએ અનશનના બે ભેદ છે– નિર્હારિમ અને અનિર્હારિમ. (૧) જે અનશનમાં મૃત્યુ પછી મૃતદેહનો નિર્હાર–અન્યત્ર લઈ જઈને અંતિમ સંસ્કાર થાય, તે **નિર્હારિમ** છે. ગામ કે ઉપાશ્રયમાં અનશન સ્વીકારનાર સાધુના મૃત્યુ પછી ગામની બહાર તેના દેહની અંતિમ વિધિ થાય છે. (૨) જે અનશનમાં મૃત્યુ પછી મૃતદેહની અંતિમ સંસ્કાર વિધિ થતી નથી, તેને **અનિર્હારિમ** કહે છે. ગામની બહાર, વનમાં, જંગલમાં, પર્વત ઉપર કે તેવા કોઈ નિર્જન સ્થાનમાં અનશન સ્વીકારનાર સાધુના મૃત્યુ પછી તેના મૃતદેહનો નિર્હાર– અન્યત્ર લઈ જઈને અંતિમ વિધિ થતી નથી. તેથી તેને અનિર્હારિમ કહે છે. તે સાધુના મૃતદેહનું ત્યાં જ વ્યુત્સર્જન કરવામાં આવે છે. ભક્ત પ્રત્યાખ્યાન, ઈંગિતમરણ અને પાદપોપગમન તે ત્રણે ય પ્રકારના અનશન નિર્હારિમ અને અનિર્હારિમ બંને પ્રકારના હોય છે.

એક અપેક્ષાએ મરણકાલિક અનશનના, સકારણ અને અકારણ એવા પણ બે ભેદ કરવામાં આવે

છે– **(૧) સકારણ–** ભૂકંપ, અકસ્માત્, મારણાંતિક ઉપસર્ગ વગેરે આયુષ્ય પૂર્ણ થવાની અણધારી કોઈ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે આત્મસાધનાના લક્ષે અનશન સ્વીકારી લેવું તે સકારણ છે. **(૨) અકારણ–** કોઈપણ વિકટ પરિસ્થિતિ વિના આયુષ્યના અંત સમયને અનુમાન આદિથી જાણી આત્મ સાધનાના લક્ષે અનશન સ્વીકારી લેવું, તેને અકારણ અનશન કહે છે.

આ સર્વ પ્રકારના મરણમાં આહારનો ત્યાગ અવશ્ય હોય છે. ભક્ત પ્રત્યાખ્યાનમાં ત્રણ કે ચાર આહારનો અને ઈંગિતમરણ અને પાદપોપગમન મરણમાં ચારે પ્રકારના આહારનો ત્યાગ હોય છે.

**અનશન ગ્રહણ વિધિ :–** પોતાની આયુ મર્યાદાનો કોઈ સંકેત થઈ જાય અથવા ગુરુ ભગવંતોના અનુભવ દ્વારા જાણવામાં આવે, ત્યારે સાધક પોતાની શક્તિ અને સામર્થ્યનો વિચાર કરીને ત્રણમાંથી કોઈપણ એક અનશનનો સ્વીકાર કરે; તેમાં ગુરુ સમીપે જઈને સ્વીકૃત વ્રત-નિયમોમાં લાગેલા દોષોની આલોચના-પ્રતિક્રમણ કરીને તેનું પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી, વ્રતોની શુદ્ધિ કરે, જગતના સર્વ જીવો સાથે ક્ષમાયાચના તેમજ સર્વ જીવો પ્રતિ પૂર્ણ મૈત્રી ભાવ સ્થાપિત કરે, નજીકના સ્થાનમાં સ્થંડિલભૂમિની પ્રતિલેખના કરે, પોતાને આવશ્યક ઉપકરણ અને સ્થાન વગેરેની મર્યાદા નિશ્ચિત કરે; ત્યાર પછી આસન કે ઘાસ વગેરે પાથરીને પ્રતિલેખન પ્રમાર્જન કરી તેના પર સ્થિત થાય, બેસે; ત્યાર પછી વિધિ સહિત ગુરુ વંદનપૂર્વક ગુરુમુખે અથવા સ્વતઃ ત્રણ કે ચાર પ્રકારના આહાર, શરીર અને અઢાર પાપોના ત્રણ કરણ ત્રણ યોગે કરી પ્રત્યાખ્યાન કરે.

આ રીતે આત્મ સાધનાના લક્ષે સ્વેચ્છાથી પાપસ્થાનનો, શરીરનો અને ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો તે મરણકાલિક અનશન તપ છે. આ તપ કોઈપણ પ્રકારના આવેશ વિના, ગંભીરતાપૂર્વક ગુરુ-વડીલની આજ્ઞા કે સ્વીકૃતિથી ગ્રહણ કરવામાં આવે છે અને તે મહાન કર્મનિર્જરાનું સાધન બને છે.

**(૨) બાહ્યતપ : ઊણોદરી તપ :–**

**१४** **ओमोयरणं पंचहा, समासेण वियाहियं ।**
**दव्वओ खेत्त कालेणं, भावेणं पज्जवेहि य ॥**

**શબ્દાર્થ :– दव्वओ** = દ્રવ્યથી **खेत्तकालेणं** = ક્ષેત્રથી, કાળથી **भावेणं** = ભાવથી **य** = અને **पज्जवेहिं** = પર્યાયોથી **ओमोयरणं** = ઊણોદરી તપ **समासेण** = સંક્ષેપમાં **पंचहा** = પાંચ પ્રકારના **वियाहियं** = કહ્યા છે.

**ભાવાર્થ :–** ઊણોદરી તપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પર્યાયોની અપેક્ષાએ સંક્ષેપમાં પાંચ પ્રકાર છે.

**१५** **जो जस्स उ आहारो, तत्तो ओमं तु जो करे ।**
**जहण्णेणेगसित्थाई, एवं दव्वेण उ भवे ॥**

**શબ્દાર્થ :– जस्स** = જેનો **जो** = જેટલો **आहारो** = આહાર છે **तत्तो** = તેનાથી **जो** = જે **ओमं** = ઓછો **करे** = કરે છે **जहण्णेण** = જઘન્યથી **एगसित्थाई** = એક કવલ, બે કવલ આદિ **उ** = પણ ઓછો કરે છે **एवं** = એ પ્રકારે **दव्वेण** = દ્રવ્યથી ઊણોદરી **भवे** = થાય છે.

**ભાવાર્થ :–** જેનો જેટલો આહાર હોય તેનાથી યથા શક્તિ ઓછું ખાવું ,તે દ્રવ્ય ઊણોદરી તપ છે. તેમાં ઓછામાં ઓછા એક, બે આદિ કવલ ઓછાં ખાય તોપણ ઊણોદરી તપ થાય છે.

**१६** **गामे णगरे तह रायहाणी, णिगमे य आगरे पल्ली ।**
**खेडे कब्बड दोणमुह, पट्टण मडंब संबाहे ॥**

१७ आसमपए विहारे, सण्णिवेसे समाय घोसे य ।
थलिसेणाखंधारे, सत्थे संवट्टकोट्टे य ॥

१८ वाडेसु व रत्थासु व घरेसु वा एवमित्तियं खेत्तं ।
कप्पइ उ एवमाई, एवं खेत्तेण उ भवे ॥

**શબ્દાર્થ :– गामे** = ગ્રામ **णगरे** = નગર **रायहाणी** = રાજધાની **णिगमे** = જે નગરમાં વ્યાપાર કરનારા મહાજનોની વસ્તી વિશેષ હોય **आगरे** = સોના, ચાંદી વગેરે ધાતુની ખાણ **पल्ली** = ચારે તરફ વૃક્ષોથી ઘેરાયેલું સ્થાન, જ્યાં ચોર વગેરે રહેતા હોય **खेडे** = જે વસતીની ચારે તરફ માટીનો કિલ્લો હોય **कब्बड** = કસબો, ઓછી વસતીવાળું નગર **दोणमुह** = સમુદ્ર કિનારાની વસતી, જ્યાં જવા જળમાર્ગ અને સ્થળમાર્ગ બન્ને પ્રકારનો માર્ગ હોય **पट्टण** = પાટણ, વ્યાપાર-વાણિજ્યનું મોટું સ્થળ, જ્યાં ચારે ય દિશામાંથી વેપારીઓનું આવાગમન થતું હોય તેવું સ્થળ **मडंब** = મડંબ, જેની ચારે ય દિશાઓમાં અઢી-અઢી ગાઉ સુધી કોઈ ગામડું વગેરે ન હોય **संबाहे** = સંબાધ, પર્વતોની વચ્ચે વસેલું ગામ, ચારે ય વર્ણવાળા લોકોની વસતિ **आसमपए** = આશ્રમ પદ– તપસ્વીઓના રહેવાનું સ્થળ, આશ્રમ **विहारे** = બૌદ્ધ ભિક્ષુઓને રહેવાનું સ્થળ, દેવસ્થાન **सण्णिवेसे** = જ્યાં યાત્રા માટે લોકો એકત્રિત થાય **समाय** = જ્યાં યાત્રી ઊતરે, ધર્મશાળા **घोसे** = ઘોષ, ગોપાલક વસતિ, ગોકુલ **थलिसेणा खंधारे** = સ્થલસેનાનો સ્કંધાવાર, સેનાનો પડાવ કરવાનું સ્થાન, છાવણી સ્થળ **सत्थे** = સાર્થ, સાર્થવાહનો પડાવ, બાજાર હાટ, કરિયાણુ લેવા માટે આવતાં લોકોનું એકત્રિત થવાનું સ્થળ **संवट्ट** = સંવર્ત્ત, ભયથી ડરીને લોકો જ્યાં આવીને શરણ લેતાં હોય તે સ્થળ **कोट्टे** = કિલ્લાવાળું નગર **वाडेसु** = વાડ, જેની ચારે બાજુ વાડ લગાવેલી હોય તેવું સ્થળ **रत्थासु** = શેરીઓ, ગલી, લતો **घरेसु** = ઘર **एवमित्तियं** = આટલા જ **खेत्तं** = ક્ષેત્રોમાં **कप्पइ** = ગોચરી લેવાનું કલ્પે છે **एवमाई** = આ પ્રમાણે અભિગ્રહ કરીને જે સાધુ ગોચરી કરે છે **एवं उ** = આ રીતે **खेत्तेण** = ક્ષેત્રથી ઊણોદરી તપ **भवे** = થાય છે.

**ભાવાર્થ :–** ગામ, નગર, રાજધાની, નિગમ, આકર, પલ્લી, ખેડ, કર્બટ, દ્રોણમુખ, પત્તન, મંડબ, સંબાધ, આશ્રમ-પદ, વિહાર, સંનિવેશ, ધર્મશાળા, ગોકુળ, છાવણી, હાટ બજાર કે સાર્થવાહ પડાવ, સંવર્ત્ત, કોટ, વાટ, ગલી અને ઘર, આ ક્ષેત્રોમાં તેમજ આવાં જ બીજાં સ્થળોમાંથી અમુક નિર્ધારિત ક્ષેત્રમાં જ ભિક્ષા માટે જવું, તેવો અભિગ્રહ ધારણ કરવો, તે **ક્ષેત્રઊણોદરી** તપ છે. ॥ ૧૬–૧૭–૧૮ ॥

१९ पेडा य अद्धपेडा, गोमुत्ति-पयंग वीहिया चेव ।
संबुक्कावट्टाययया गंतुं, पच्चागया य छट्ठा ॥

**શબ્દાર્થ :– पेडा** = પેટીના આકારે, વચ્ચેના ઘરો છોડી ચારે દિશાઓમાં ફરતાં ગોચરી કરે **अद्धपेडा** = અર્ધ પેટીના આકારે ઘરોમાં જતાં ગોચરી કરે **गोमुत्ति** = ગોમુત્રિકા, બળદના મૂત્રના આકારે ઘરોમાં ગોચરી કરે, અર્થાત્ પ્રથમ ડાબી બાજુ, પછી જમણી બાજુ, પછી ડાબી બાજુ, તેમ સામસામેના ઘરોમાં ગોચરી કરે **पयंग वीहिया** = પતંગ વીથિકા, પતંગિયાની ગતિની જેમ દિશા કે ઘરોના ક્રમ વિના વ્યુત્ક્રમે ગોચરી કરે **चेव** = અને **संबुक्कावट्टा** = શમ્બુકાવર્તા ગોચરી, શંખના આવર્તની જેમ ગોળ **छट्ठा** = છટ્ઠી **आयया** = આયતાકારે, લાંબા સીધા માર્ગે ચાલતાં **गंतुं** = જાતાં ગોચરી કરવી **पच्चागया** = પ્રત્યાગતા ગોચરી, પાછા ફરતાં ગોચરી કરવી.

**ભાવાર્થ :–** (૧) પેટીના આકારે ઘરોમાં જતાં ગોચરી કરે તેમજ (૨) અર્ધ પેટિકાના આકારમાં (૩) બળદના મૂત્રના આકારમાં, (૪) પતંગિયાની ગતિ જેવા આકારમાં (૫-૬) શંખાવર્તના અને આયતા, આ બંને આકારમાં જતાં કે પાછા ફરતાં ગોચરી કરે. એમ છ પ્રકારે ક્ષેત્ર સંબંધી અભિગ્રહ ધારણ કરીને ગોચરી કરવી, તે ક્ષેત્ર ઊણોદરી તપ છે.

**૨૦** **दिवसस्स पोरिसीणं, चउण्हं पि उ जत्तिओ भवे कालो ।**
**एवं चरमाणो खलु, कालोमाणं मुणेयव्वं ॥**

**શબ્દાર્થ :– दिवसस्स** = દિવસના **चउण्हं पि** = ચાર **पोरिसीणं** = પ્રહરોમાં **जत्तिओ कालो** = જેટલા સમયનો અભિગ્રહ **भवे** = હોય, અથવા આજે હું અમુક પ્રહરમાં ગોચરી જઈશ **एवं** = આ પ્રકારે અભિગ્રહ કરી **चरमाणो** = વિચરતા સાધુનું **खलु** = નિશ્ચય જ **कालोमाणं** = કાળની અપેક્ષાએ ઊણોદરી તપ થાય છે, **मुणेयव्वं** = એમ જાણવું જોઈએ.

**ભાવાર્થ :–** દિવસના ચાર પ્રહરોમાંથી જે પ્રહરમાં જેટલો કાળ ગોચરી લેવાના અભિગ્રહરૂપે નિયત કર્યો હોય, તે નિયત સમયમાં જ ભિક્ષા માટે જવું, તેને કાલ ઊણોદરી તપ કહેવાય છે.

**૨૧** **अहवा तइयाए पोरिसीए, ऊणाइ घासमेसंतो ।**
**चउभागूणाए वा, एवं कालेण ऊ भवे ॥**

**શબ્દાર્થ:– अहवा** = અથવા **तइयाए** = ત્રીજા **पोरिसीए** = પ્રહરમાં **ऊणाइ** = થોડા ઓછા સમયે **चउभागूणाए** = ચોથા ભાગથી ઓછા અથવા ત્રીજા પ્રહરમાં અંતિમ ચોથા ભાગમાં સાધુ, **घासं** = આહારની **एसंतो** = ગવેષણા કરવાનો અભિગ્રહ કરે તો **एवं** = આ પ્રકારને **कालेण** = કાળથી, ઊણોદરી તપ **भवे** = થાય છે.

**ભાવાર્થ :–** અથવા તૃતીય પ્રહરમાં જ અમુક ભાગ ન્યૂન કે ચોથો ભાગ ન્યૂન તેમ કોઈપણ અભિગ્રહ પૂર્વક ત્રીજા પ્રહરે ગોચરી કરવી, તે પણ કાળથી ઊણોદરી તપ છે.

**૨૨** **इत्थी वा पुरिसो वा, अलंकिओ वा णालंकिओ वावि ।**
**अण्णयर वयत्थो वा, अण्णयरेणं व वत्थेणं ॥**

**૨૩** **अण्णेण विसेसेणं, वण्णेणं भावमणुमुयंते उ ।**
**एवं चरमाणो खलु, भावोमाणं मुणेयव्वं ॥**

**શબ્દાર્થ:– इत्थी** = સ્ત્રી **पुरिसो** = પુરુષ **अलंकिओ** = અલંકૃત **ण अलंकिओ** = અલંકાર રહિત **अण्णयर वयत्थो** = અમુક અવસ્થાવાળા **अण्णयरेणं वत्थेणं** = અમુક વસ્ત્રથી યુક્ત **वण्णेणं** = વર્ણ આદિ **अण्णेण** = અન્ય કોઈ **विसेसेणं** = વિશેષતાથી યુક્ત **भावमणुमुयंते** = ભાવ સંબંધી અભિગ્રહ કરે **एवं** = આ રીતે **चरमाणो** = વિચરણ કરનારને **खलु** = નિશ્ચયથી **भावोमाणं** = ભાવ ઊણોદરી તપ **मुणेयव्वं** = જાણવું.

**ભાવાર્થ :–** સ્ત્રી અથવા પુરુષ, અલંકારયુક્ત કે અલંકાર રહિત, અમુક વયવાળા અને અમુક વસ્ત્ર પહેરેલ વ્યક્તિ સંબંધી અભિગ્રહ કરીને;

તેમજ અન્ય કોઈ વર્ણ આદિ વિશેષતા યુક્ત ભાવ સંબંધી અભિગ્રહ ધારણ કરીને ગોચરી માટે વિચરણ કરનારા મુનિને ભાવ ઊણોદરી તપ થાય છે, તેમ જાણવું જોઈએ. ॥૨૨–૨૩॥

**૨૪** **दव्वे खेत्ते काले, भावम्मि य आहिया उ जे भावा ।**
**एएहिं ओमचरओ, पज्जवचरओ भवे भिक्खू ॥**

**શબ્દાર્થ :– दव्वे** = દ્રવ્ય **खेत्ते** = ક્ષેત્ર **काले** = કાળ **भावम्मि** = ભાવમાં **जे** = જો **भावा** = ભાવ **आहिया** = કહ્યા છે **एएहिं** = તેનાથી **ओमचरओ** = ઊણોદરી તપ કરનારો **भिक्खू** = સાધુ **पज्जवचरओ** = પર્યાયથી ઊણોદરી કરનારો **भवे** = હોય છે.

**ભાવાર્થ :–** [પૂર્વોક્ત ગાથાઓમાં] દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ઊણોદરી અંગે જે જે વર્ણન કર્યું છે તે બધામાંથી એકી સાથે ઊણોદરી રૂપે અભિગ્રહ ધારણ કરનાર ભિક્ષુ 'પર્યવચરક' ઊણોદરી તપ કરનાર થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં ભેદ-પ્રભેદના માધ્યમે ઊણોદરી તપનું સ્વરૂપ પ્રકટ કર્યું છે.

**ઊણોદરી :–** ઊણ = ન્યૂન, ઓછું. ઉદરી = ઉદરવૃત્તિ. પ્રમાણથી ઓછી ઉદરવૃત્તિ કરવી તે ઊણોદરી તપ છે. તાત્પર્ય એ છે કે આહારની મર્યાદાને ઘટાડવી તે આહાર ઊણોદરી તપ છે. તે સિવાય વસ્ત્ર-પાત્ર આદિની મર્યાદાને ઘટાડવી, તે ઉપકરણ ઊણોદરી અને ક્રોધ, માન આદિ કષાયોને ઘટાડવા તે ભાવ ઊણોદરી તપ છે. ઉપકરણ ઊણોદરી અને ભાવ ઊણોદરી વગેરેનું વર્ણન શ્રી ભગવતી આદિ સૂત્રોમાં છે.

પ્રસ્તુત અધ્યયનમાં માત્ર આહાર ઊણોદરી તપના ભેદોનું જ કથન છે. તેના પાંચ પ્રકાર છે– (૧) દ્રવ્ય ઊણોદરી (૨) ક્ષેત્ર ઊણોદરી (૩) કાલ ઊણોદરી (૪) ભાવ ઊણોદરી અને (૫) પર્યવ ઊણોદરી.

**(૧) દ્રવ્ય ઊણોદરી–** વ્યક્તિના ખોરાકનું જે પ્રમાણ હોય, તેનાથી કંઈક ન્યૂન આહાર કરવો તથા જઘન્ય એક કોળિયો પણ ઓછો આહાર ગ્રહણ કરવો, તે દ્રવ્ય ઊણોદરી તપ છે.

**(૨) ક્ષેત્ર ઊણોદરી–** ક્ષેત્ર સંબંધી સીમા કરવી તે ક્ષેત્ર ઊણોદરી છે અર્થાત્ ગોચરીને યોગ્ય ગામ, નગર આદિ સંબંધી ક્ષેત્ર વિભાગની(શેરી આદિની) મર્યાદા નિશ્ચિત કરીને, તત્સંબંધી અભિગ્રહ ધારણ કરવો અને તે પ્રમાણે ગોચરી કરતાં જે આહાર પ્રાપ્ત થાય તે આહાર ગ્રહણ કરવો; તેને ક્ષેત્ર ઊણોદરી કહે છે. આ રીતે ક્ષેત્રની મર્યાદા કરવાથી પણ ઊણોદરી તપ થાય છે. તેથી જ સૂત્રકારે છ પ્રકારની ભિક્ષાચારીનો સમાવેશ ક્ષેત્ર ઊણોદરીમાં કર્યો છે.

**पेडा य अद्ध पेडा य... :–** પ્રસ્તુત ગાથામાં ક્ષેત્રની મર્યાદા અને ક્ષેત્રના વિવિધ આકારોની કલ્પના કરીને ભિક્ષાચર્યાના છ ભેદોનું કથન છે.

**(૧) पेडा–** પેટીના આકારની જેમ ગોચરીના ક્ષેત્રની કલ્પના કરી, ચતુષ્કોણ પંક્તિમાં આવતા ઘરોમાં ગોચરી કરવી અને વચ્ચેના ઘરોમાં ગોચરી ન જવું, તે રીતની ગોચરીને **पेडा** ગોચરી કહે છે.

**(૨) अद्धपेडा–** ઉપર્યુક્ત પેટી આકારવાળા ક્ષેત્રના બે સમવિભાગ કરી એક વિભાગના ઘરોથી ભિક્ષા લેવી, તેને 'અર્દ્ધ પેડા' ગોચરી કહે છે.

**(૩) गोमुत्तिया–** ગાડીમાં જોડાઈને ચાલતા બળદના જમીન ઉપર પડતાં મૂત્રનો જે આકાર થાય તેના આકારની જેમ ગોચરીના ઘરોમાં ફરવું અર્થાત્ સામ-સામેનાં ઘરોમાંથી પ્રથમ જમણી બાજુનું ઘર, પછી ડાબી બાજુનું ઘર અને ત્યાર પછી ફરી જમણી બાજુનું ઘર; એ રીતે ગોચરી કરવી, તેને ગોમૂત્રિકા ગોચરી કહે છે.

**(૪) पयंगवीहिया–** પતંગ વીથિકા – પતંગિયું જેમ આડી-અવળી, ઉપર-નીચે ગમે તેમ ગતિ કરે, તેમ ક્રમ વિના આડા અવળા ગમે તે ઘરમાંથી ગોચરી કરવી, તેને પતંગવીથિકા ગોચરી કહે છે.

**(૫) संबुक्कावट्टा गंतुं पच्चागया–** શંબુક એટલે શંખ, તેના આવર્તની જેમ ગોળાકારમાં રહેલા ઘરમાંથી ગોચરી લેવી, તેને શંખાવર્ત ગોચરી કહે છે. શંખાવર્ત ગોચરીના બે પ્રકાર છે. શંખાવર્તના વર્તુળાકારે જતાં ગોચરી કરે તો તે **ગંતું શંખાવર્ત** ગોચરી અને મહોલ્લાના બહારના ભાગથી અંદરના ભાગ તરફ વર્તુળાકારે પાછા ફરતાં ગોચરી કરે તે **પ્રત્યાગતા શંખાવર્તા** ગોચરી કહેવાય.

**(૬) आयया गंतुं पच्चागया–** એક પંકિતમાં જેટલા ઘરો હોય તે પંક્તિ બદ્ધ ઘરોમાં ગોચરી કરતાં જાય તે **આયતાગંતું ગોચરી** કહેવાય અને તે પંક્તિ બદ્ધ ઘરોના છેલ્લા ઘરથી ગોચરી પ્રારંભ કરીને ઉપાશ્રયે આવે તે **આયતા પ્રત્યાગતા** ગોચરી કહેવાય. આ રીતે આયત ગોચરીના પણ બે પ્રકાર છે.

આ રીતે ભિક્ષાચર્યાના પાંચમા અને છટ્ઠા પ્રકારના બે-બે ભેદો ગણતાં ભિક્ષાચર્યા–ગોચરીના આઠ પ્રકાર પણ થાય છે. ભિક્ષાચર્યા તપના વર્ણનમાં આઠ પ્રકારની ગોચરીનું કથન છે. પ્રસ્તુતમાં સંક્ષિપ્ત અપેક્ષાએ છ પ્રકાર કહ્યા છે.

ઉપરોકત સર્વ ભેદોમાં ક્ષેત્રની મર્યાદા થાય છે, તેથી તેને ક્ષેત્ર ઊણોદરી તપ કહે છે. કારણ કે તેને નિયત ક્ષેત્રમાંથી જેવો અને જેટલો આહાર પ્રાપ્ત થાય તેમાં જ સંતોષ રાખવાનો હોય છે; તેને અન્યત્ર જવાનો ત્યાગ હોય છે.

**संबुक्कावट्टाययागंतुं पच्चागया :– संबुक्कावट्टा + आयया** અહીં 'શંબુકાવર્તા' અને 'આયતા' બે શબ્દો છે તે ભિક્ષાચર્યાના પાંચમા અને છટ્ઠા પ્રકારના ક્ષેત્રના આકારને સૂચિત કરે છે. ત્યાર પછી ગંતું અને પ્રત્યાગતા આ બે શબ્દો છે, તેનો અન્વય પાંચમા અને છટ્ઠા બંને પ્રકાર સાથે છે. તેથી તે બંનેના બે-બે ભેદ થાય છે. યથા– (૧) ગંતું શંખાવર્તા ગોચરી (૨) પ્રત્યાગતા શંખાવર્તા ગોચરી (૩) ગંતું આયતા ગોચરી અને (૪) પ્રત્યાગતા આયતા ગોચરી.

**(૩) કાલ ઊણોદરી–** દિવસના ચાર પ્રહરમાંથી અમુક પ્રહર સંબંધી સમયની મર્યાદા નિશ્ચિત કરવી. આ રીતે અભિગ્રહપૂર્વક ગોચરી માટે જવું. તે પ્રમાણે નક્કી કરેલા સમયમાં જે મળે તે આહાર કરવાથી કાલની મુખ્યતાએ ઊણોદરી થાય છે. તેથી તેને કાલ ઊણોદરી તપ કહે છે.

ઉત્સર્ગ માર્ગમાં સાધુને ત્રીજી પોરસીમાં આહાર કરવાની વિધિ છે. તે અપેક્ષાએ ત્રીજી પોરસીના બે, ત્રણ, ચાર કે પાંચ વિભાગોની કલ્પના કરી તેમાંથી કોઈ એક ભાગમાં ગોચરી જવાનો અભિગ્રહ કરવો. વિશેષ અપેક્ષાએ કોઈ પણ પોરસીના કોઈ પણ વિભાગમાં ગોચરી જવાનો અભિગ્રહ કરી શકાય છે.

**(૪) ભાવ ઊણોદરી–** ભાવની પ્રધાનતાથી અભિગ્રહ કરવો, તે ભાવ ઊણોદરી તપ છે. આ અંગે શાસ્ત્રકારે અભિગ્રહરૂપે વિવિધ ઉદાહરણો પ્રસ્તુત કર્યા છે. તે આ પ્રમાણે છે–

(૧) સ્ત્રીના હાથે ભિક્ષા લેવી (૨) પુરુષના હાથે ભિક્ષા લેવી (૩) અમુક આભૂષણ પહેરેલી વ્યક્તિના હાથે ભિક્ષા લેવી (૪) અમુક આભૂષણ વિનાની વ્યક્તિના હાથે ભિક્ષા લેવી. આ જ રીતે (૫) ૧૬ વર્ષથી અલ્પવયસ્ક બાળક પાસેથી તેમજ (૬) યુવાન પાસેથી (૭) વૃદ્ધ પાસેથી, (૮) અમુક વસ્ત્ર કે અમુક પોષાક(વેશ) પહેરેલી વ્યક્તિ પાસેથી (૯) રુદન કરતી, હસતી, બેઠી, ઊભી ઈત્યાદિ વિશેષતાવાળી વ્યક્તિ પાસેથી (૧૦) ગૌરવર્ણા, શ્યામવર્ણા વગેરે વ્યક્તિ પાસેથી (૧૧) ગુલાબ, સેંટ વગેરે ગંધ યુક્ત

દ્રવ્યો નાંખ્યા હોય, તેવી વ્યક્તિ પાસેથી (૧૨) એક વ્યક્તિ ઘરમાં હોય તેની પાસેથી (૧૩) અનેક વ્યક્તિ ઊભી હોય ત્યારે (૧૪) સન્માનપૂર્વકના વચનો બોલી ભિક્ષા આપે ત્યારે (૧૫) બોલ્યા વગર મૌન ભાવે ભિક્ષા આપે ત્યારે, આ રીતે ભાવથી સાધકના સંકલ્પ પ્રમાણે અભિગ્રહના અનેક(સેંકડો) પ્રકાર થઈ શકે છે. પ્રસ્તુતમાં તેના ઉદાહરણ માત્ર દર્શાવ્યા છે.

**(૫) પર્યવ ઊણોદરી તપ–** જો ભિક્ષુ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ તે ચારેયની અપેક્ષાએ એકી સાથે અભિગ્રહ કરે તો તે પર્યવચરક થાય છે અર્થાત્ તે **પર્યવ ઊણોદરી** તપ કરનાર કહેવાય છે.

ઊણોદરીના અન્ય ભેદ-પ્રભેદ ઔપપાતિક આદિ સૂત્રોથી જાણવા જોઈએ. પ્રસ્તુતમાં સૂત્રકારે આહાર ઊણોદરી તપનું વિસ્તૃત વર્ણન કર્યું છે. આહાર કરવા છતાં વિવિધ રીતે સ્વેચ્છાથી તેની માત્રા ઘટાડવી, તે પ્રયોગ રસેન્દ્રિય વિજય માટે ઉત્તમ છે. તે ઉપરાંત શરીરની આસક્તિ ઘટાડવા માટે, ઈચ્છા સીમિત કરવા માટે તેમજ કર્મક્ષય કરવા માટે, વિવિધ અભિગ્રહો યુક્ત ઊણોદરીતપ એક શ્રેષ્ઠ સાધન છે. આહારની ઊણોદરીથી અલ્પનિદ્રા, ઈન્દ્રિય વિજય, સંયમ, સ્વાસ્થ્ય સંરક્ષણ તેમજ સમાધિભાવ વગેરે અનેક લાભ થાય છે.

**(૩) બાહ્ય તપ : ભિક્ષાચર્યા તપ :–**

**૨૫** **अट्ठविह-गोयरग्गं तु, तहा सत्तेव एसणा ।**
**अभिग्गहा य जे अण्णे, भिक्खायरियमाहिया ॥**

**શબ્દાર્થ :– अट्ठविह** = આઠ પ્રકારની **गोयरग्गं** = ગોચરાગ્ર, ગોચરી **तु तहा** = અને **सत्तेव** = સાત પ્રકારની **एसणा** = એષણા **अण्णेय य जे** = બીજા પણ જે **अभिग्गहा** = અભિગ્રહો છે **भिक्खायरियं** = ભિક્ષાચરી **आहिया** = કહેવાય છે.

**ભાવાર્થ :–** આઠ પ્રકારની ગોચરી, સાત પ્રકારની પિંડૈષણા અને બીજા પણ અનેક પ્રકારના અભિગ્રહો છે, તેને ભિક્ષાચર્યા તપ કહેવાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં ભિક્ષાચર્યા તપનું વિશ્લેષણ છે.

**गोयरग्ग– ગોચરાગ્ર :–** મુનિની વૃત્તિને મધુકરવૃત્તિ, ભ્રમરવૃત્તિ, ભિક્ષાચર્યા, ગોચરી વગેરે શબ્દોથી વર્ણવવામાં આવે છે. આ બધા શબ્દોમાંથી ગોચરી શબ્દ વિશેષ પ્રચલિત છે. તેનો અર્થ– **गौरिव चरति इति गोचरी**। ગાયની સમાન જેની વૃત્તિ હોય તેને ગોચરી કહે છે. ગાય ઉપર ઉપરથી લીલું ઘાસ ખાય છે, તેની સમાન મુનિ પણ ગૃહસ્થના ઘેરથી અલ્પ પ્રમાણમાં જ આહાર ગ્રહણ છે. ઉપમા એક દેશીય હોય છે. અર્થાત્ ગાયની ચર્યામાં રહેલી એક વિશેષતા મુનિ ચર્યામાં હોવાથી તે ઉપમા છે પરંતુ મુનિની ચર્યામાં અન્ય અનેક વિશેષતાઓ હોય છે. જેમ કે– (૧) ગાય અદત્ત ગ્રહણ કરે છે, સાધુ દત્ત ગ્રહણ કરે છે (૨) ગાયને કોઈ નિયમ-દોષ હોતા નથી, મુનિ ગોચરી સંબંધી ઉદ્‌ગમના સોળ, ઉત્પાદનના સોળ અને એષણાના દસ, તેમ સર્વ મળીને ૪૨ દોષો ત્યજીને આહાર ગ્રહણ કરે છે.(૩) ગાય સચિત્ત-અચિત્ત બંને પદાર્થ ગ્રહણ કરે છે, મુનિ અચિત્ત પદાર્થ જ ગ્રહણ કરે છે. આ રીતે અન્ય પણ વિશેષતા સમજવી.

**अट्ठविह गोयरग्गं :–** આઠ પ્રકારની ગોચરી. આ આઠ અભિગ્રહો ક્ષેત્રાપેક્ષયા જાણવા. તેનું સ્પષ્ટીકરણ પૃષ્ઠ–૨૩૭, ૨૩૮ પર જુઓ.

**सत्तेव एसणा :–** ખાદ્ય પદાર્થો સંબંધી અભિગ્રહો. તેને સાત પિંડૈષણા(પડિમાઓ) કહે છે. પિંડૈષણાના સાત પ્રકાર શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યા છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે–

**(૧) संसृष्टा एषणा–** દાતાના હાથ અને પાત્ર ભોજનની સામગ્રીથી લેપાયેલા હોય તો ભિક્ષા લેવી. **(૨) असंसृष्टा एषणा–** દાતાના હાથ અને પાત્ર કોઈ પણ લેપથી રહિત હોય તો ભિક્ષા લેવી. **(૩) उद्‌धृता एषणा–** રસોડામાંથી બહાર લાવીને બીજા વાસણોમાં ખાદ્ય પદાર્થ રાખેલા હોય, તેમાંથી ભિક્ષા લેવી. **(૪) अल्प लेपिका एषणा–** નિર્લેપ–દાળિયા-મમરા વગેરે પદાર્થો જ લેવા. **(૫) उद्‌गृहीता एषणा–** ભોજન કરતી વેળાએ, ભોજન કરનાર વ્યક્તિને પીરસવા માટે લઈ જવાતી ખાદ્ય સામગ્રીમાંથી ભિક્ષા લેવી. **(૬) प्रगृहीता एषणा :–** ગૃહસ્થે પોતાના જમવા માટે ગ્રહણ કરેલી ભોજન સામગ્રીમાંથી ભિક્ષા લેવી. **(૭) उज्झित धर्मा एषणा–** કોઈ યાચક પણ જે પદાર્થને ગ્રહણ કરવા ન ઈચ્છે, તેવા નિસ્સાર, ફેંકી દેવા યોગ્ય આહારમાંથી ભિક્ષા લેવી.

આ રીતે ક્ષેત્રાપેક્ષયા આઠ પ્રકારના અભિગ્રહો અને ખાદ્ય પદાર્થાપેક્ષયા સાત પ્રકારના અભિગ્રહ-પૂર્વક નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરવી તેમજ આગમ સમ્મત અન્ય કોઈ અભિગ્રહ ધારણ કરી ભિક્ષાગ્રહણ કરવી, તે **ભિક્ષાચરી તપ** છે.

સંક્ષેપમાં અભિગ્રહ સહિત ગોચરી કરવી તે **ભિક્ષાચારી તપ** છે અને કોઈ પણ અભિગ્રહ વિના સંયમ નિર્વાહાર્થે ગોચરી કરવી તે પ્રથમ મહાવ્રત અને એષણા સમિતિના પાલન રૂપ સંયમ વિધિ છે. આ રીતે સંયમ અને તપના આચારમાં વિશેષતા સમજવી જોઈએ.

શ્રી સમવાયાંગસૂત્રમાં ભિક્ષાચર્યા તપના સ્થાને **વૃત્તિસંક્ષેપ** નામનો ઉલ્લેખ છે. સામાન્ય રીતે સંયમી જીવનના નિર્વાહાર્થે કરાતી ગોચરીની વિધિમાં દ્રવ્યથી, ક્ષેત્રથી કાલથી કે ભાવથી કોઈ પણ અભિગ્રહ ધારણ કરીને આહારવૃત્તિને સંક્ષિપ્ત કરવી, તે વૃત્તિસંક્ષેપ તપ છે. આ રીતે ભિક્ષાચર્યાતપ અને વૃત્તિસંક્ષેપ તપનો ભાવ એક સમાન છે.

**(૪) બાહ્ય તપ : રસ પરિત્યાગ તપ :–**

**२६** **खीरदहिसप्पिमाई, पणीयं पाणभोयणं ।**
**परिवज्जणं रसाणं तु, भणियं रस विवज्जणं ॥**

**શબ્દાર્થ :– खीर** = ક્ષીર, દૂધ **दहि** = દહીં **सप्पि** = ઘી **आई** = આદિ, તેલ અને ગોળ, સાકર **तु** = અને **पणीयं** = ગરિષ્ઠ–ઘી, તેલ આદિથી તરબોળ પદાર્થો માલપૂવા વગેરે **पाणभोयणं** = પેય પદાર્થોનું આહાર, **रसाणं** = રસોનો, અન્ય સ્વાદિષ્ટ પદાર્થોનો, સરસ પદાર્થોનો **परिवज्जणं** = ત્યાગ કરવો **रसविवज्जणं** = રસપરિત્યાગ નામનું તપ **भणियं** = કહ્યું છે.

**ભાવાર્થ :–** દૂધ, દહીં, ઘી વગેરે વિગયો તેમજ ઘી, તેલાદિથી તરબોળ ખાદ્ય પદાર્થો તેમજ રસવંતા(સ્વાદિષ્ટ) પદાર્થોનો ત્યાગ કરવો, તેને 'રસપરિત્યાગ' તપ કહ્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં 'રસપરિત્યાગ' તપનું સ્વરૂપ સમજાવ્યું છે.

**खीर-दहि-सप्पिमाई :–** દૂધ, દહીં, ઘી આદિના કથનથી તેલ, ગોળ, સાકર વગેરે વિગયોનું અને

માખણ તથા મધ આદિ મહાવિગયોનું ગ્રહણ થાય છે. આ કોઈપણ વિગયોનો ત્યાગ કરવો તે રસ પરિત્યાગ તપ છે. તેનાથી ઇન્દ્રિયોનો નિગ્રહ થાય છે અને કામ સંબંધી ઉત્તેજના શાન્ત થાય છે.

**पणीयं :– प्रणीतम्–अतिबृंहकम् ।** અત્યંત બલવર્ધક. ઘી, તેલ આદિથી તરબોળ જે ભોજનથી શરીરમાં સપ્ત ધાતુઓની વૃદ્ધિ થાય તે પ્રણીત ભોજન છે. આ શબ્દ **ક્ષીર(દૂધ)** આદિનું અને **પાનભોજન**નું વિશેષણ પણ ગણી શકાય. બંને માટે બલવર્ધક અને પૌષ્ટિક અર્થ પ્રાસંગિક છે. બલવર્ધક રસ ઝરતા ભોજન કરવાથી ચિત્તમાં વિષયવિકાર વધે છે. તેથી બ્રહ્મચર્યની સુરક્ષા માટે પણ આ તપ ઉપયોગી થાય છે.

**पाण भोयणं :–** આ શબ્દનો શાબ્દિક અર્થ પાણી અને ભોજન થાય છે પરંતુ પ્રસંગ અનુસાર પેય–સર્વ પ્રકારના પીવા યોગ્ય પદાર્થો, સર્વ પીણાનો સમાવેશ **पाण** શબ્દમાં થાય છે અને ખાવા યોગ્ય સર્વ પદાર્થોનો સમાવેશ **भोयणं** શબ્દમાં થાય છે. તેની સાથે 'પ્રણીત' વિશેષણ જોડતા બલવર્ધક પેય પદાર્થો અને બલવર્ધક ખાદ્ય પદાર્થો એવો અર્થ થાય છે.

**परिवज्जणं रसाणं :–** સ્વાદિષ્ટ ભોજન, મોદક વગેરે મિષ્ટાન્ન તથા ખાજા વગેરે ફરસાણના પદાર્થો રસયુક્ત કહેવાય છે. તે પદાર્થોનું પરિવર્જન એટલે ત્યાગ કરવો. પ્રસ્તુત ગાથાના પૂર્વાર્ધમાં વિગય ત્યાગનું કથન છે અને ઉત્તરાર્ધમાં સર્વ સ્વાદિષ્ટ ષટ્રસયુક્ત ભોજનના ત્યાગનું કથન છે. તે બંને પ્રકારના ત્યાગથી રસપરિત્યાગ તપ થાય છે. આ રીતે અનેક પદાર્થોનો ત્યાગ કરી ખાદ્ય પદાર્થોની મર્યાદા કરવી, નીવી અને આયંબિલ તપ કરવા, તે સર્વનો આ રસ પરિત્યાગ તપમાં સમાવેશ થાય છે.

**(૫) બાહ્ય તપ : કાયક્લેશ તપ :–**

**૨૭** **ठाणा वीरासणाइया, जीवस्स उ सुहावहा ।**
**उग्गा जहा धरिज्जंति, कायकिलेसं तमाहियं ॥**

**શબ્દાર્થ :– जीवस्स** = જીવને માટે **सुहावहा** = ભવિષ્યમાં સુખકારી **उग्गा** = ઉગ્ર, કઠોર **वीरासणा** = વીરાસન **आइया** = કેશ લોચ, ગોદુહાસન વગેરે **ठाणा** = સ્થાન **जहा** = જે પ્રકારે **धरिज्जंति** = સેવન કરાય છે **तं** = તે **कायकिलेसं** = કાયકલેશ નામનું તપ **आहियं** = કહ્યું છે.

**ભાવાર્થ :–** આત્માને સુખાકારી વીરાસન, ગોદુહાસન વગેરે જે કઠિન આસનોનો સ્વીકાર કરવામાં આવે છે, તે કાયક્લેશ તપ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં બાહ્યતપના પાંચમા ભેદરૂપે કાયકલેશતપનું નિરૂપણ છે.

**કાય ક્લેશ :–** શરીરનું મમત્વ છોડી નિર્જરાના લક્ષે કષ્ટ સહિષ્ણુ થવાની સાધનાઓ કાયક્લેશ તપ કહેવાય છે.

**ठाणा वीरासणाइया :–** પ્રસ્તુત ગાથામાં કાયક્લેશ તપનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં વીરાસન આદિ વિવિધ પ્રકારના આસનોનું જ કથન છે. તેમ છતાં કેશલુંચન, પાદવિહાર વગેરે સંયમના કષ્ટ સાધ્ય નિયમો તેમજ આતાપના વગેરે ઉગ્ર સાધનાઓ આ તપમાં સમાવિષ્ટ થાય છે. વીરાસન, ઉકડુ આસન, વજ્રાસન વગેરે, એક જ આસન પર દીર્ઘકાલ સુધી રહેવું અત્યંત કઠિન છે. તેમજ આજીવન કે લાંબાકાળ સુધી બેસવું નહીં, સૂવું નહીં વગેરે પણ કઠિન સાધનાઓ કાયક્લેશ છે. તે સાધનામાં અનુભવાતાં કષ્ટને સાધક કર્મક્ષયના લક્ષે સમભાવપૂર્વક સહન કરે છે. તેનાથી કર્મોની મહાન નિર્જરા થાય છે, તેમજ વિવિધ

આસનો સાધકને અપ્રમત્ત બનાવે છે. **वीरासणे** = ખુરશી વિના ખુરશી ઉપર બેસીએ તેવી રીતે બેસવાને વીરાસન કહે છે. સામાન્ય વ્યક્તિ માટે આ આસન અશક્ય છે, પરંતુ દઢ મનોબળી અને અભ્યાસી સાધકોને તેવા આસન પણ સહજ થઈ જાય છે.

**सुहावहा, उग्गा :–** સુખાકારી, કષ્ટપ્રદ. પ્રસ્તુત ગાથામાં પ્રયુક્ત કષ્ટપ્રદ અને સુખાકારી, આ બંને વિરોધાર્થક શબ્દો છે. તેમાં કષ્ટપ્રદ શબ્દ શરીરની અપેક્ષાએ છે. કારણ કે બાહ્ય દષ્ટિથી તે આસનાદિની સાધના પ્રત્યક્ષ કષ્ટપ્રદ દેખાય છે. સુખાકારી શબ્દ આત્માની અપેક્ષાએ છે કારણ કે તે કઠિન સાધનાઓથી **देह दुक्खं महाफलं**ના સિદ્ધાંતે કર્મોની નિર્જરારૂપ મહાન ફળ પ્રાપ્ત થાય છે, આત્મા કર્મમુક્ત બને છે, અનાદિ કાલીન દુઃખ પરંપરાનો નાશ થાય છે. તેથી આંતરદષ્ટિએ કાયક્લેશ તપની સાધનાઓ સુખાકારી, સુખવર્ધક છે.

**(૬) બાહ્યતપ : પ્રતિસંલીનતા તપ :–**

**૨૮** **एगंत मणावाए, इत्थीपसुविवज्जिए ।**
**सयणासण सेवणया, विवित्तसयणासणं ॥**

**શબ્દાર્થ :– एगंतं** = એકાંત **अणावाए** = જન સામાન્યના આવાગમન રહિત **इत्थीपसुविवज्जिए** = સ્ત્રી, પશુ અને નપુંસકથી વર્જિત, સ્ત્રી આદિના નિવાસ રહિત સ્થાનમાં **सयाणासणसेवणया** = શયન, આસન કરવું **विवित्तसयणासणं** = વિવિક્ત શયનાસન પ્રતિસંલીનતા તપ છે.

**ભાવાર્થ :–** જન સામાન્યના આવાગમન રહિત, સ્ત્રી, પશુ, નપુંસકના નિવાસ રહિત એકાંત સ્થાનમાં શયન, આસન ગ્રહણ કરવું, રહેવું, તે વિવિક્ત શયનાસનરૂપ પ્રતિસંલીનતા તપ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં પ્રતિસંલીનતા તપનું કથન છે.


દ્રવ્ય અને ભાવથી આત્માને નિયંત્રિત રાખવો, તે પ્રતિસંલીનતા તપ છે. તેના ચાર પ્રકાર છે– **(૧) ઇન્દ્રિય પ્રતિસંલીનતા–** ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો, પાંચે ય ઇન્દ્રિયોને તેના વિષયો તરફ આકર્ષિત થવા ન દેવી પરંતુ તેને પોતાના વશમાં રાખવી, તે ઇન્દ્રિય પ્રતિસંલીનતા છે. **(૨) કષાય પ્રતિસંલીનતા–** પ્રસંગ ઉપસ્થિત થતાં ક્રોધ આદિ ન કરવા, તેના ઉદયને જ્ઞાન અને વૈરાગ્યના બોધપૂર્વક નિષ્ફળ કરી દેવો, તે કષાય પ્રતિસંલીનતા છે. **(૩) યોગ પ્રતિસંલીનતા–** મન-વચન-કાયાના યોગોની અનાવશ્યક પ્રવૃત્તિઓને ઘટાડવી, તે યોગ પ્રતિસંલીનતા છે.

**(૪) વિવિક્તશયનાસનતા :–** શયન એટલે રહેવાનું સ્થાન, ઉપાશ્રય. વિવિક્ત એટલે સ્ત્રી, પશુ, નપુંસકથી રહિત સ્થાન. આવા સ્થાનમાં વસવાટ કરવો તે વિવિક્તશયનાસન પ્રતિસંલીનતા તપ છે.

જનસંપર્કથી મનોરજંન, પરિચય વૃદ્ધિ, પરસ્પર વાર્તા આદિ મનોજ્ઞ વૃત્તિનું પોષણ થાય છે. તેથી તેનો ત્યાગ કરી આત્મ સ્વભાવમાં રમણ કરવા માટે ભિક્ષુ શૂન્ય સ્થાનોનું સેવન કરે છે. તે સ્થાનમાં અનેક પ્રવૃત્તિઓથી સહજ નિવૃત્તિ થઈ જાય અને વિપુલ નિર્જરાની ઉપલબ્ધિ થાય છે. શૂન્યગૃહ, ગિરિગુફા, વૃક્ષમૂલ, વિશ્રામગૃહ, દેવકુલ, કૂટગૃહ અથવા અકૃત્રિમ શિલાગૃહ વગેરે વિવિક્ત શય્યાના પ્રકાર છે. આ તપથી ચિત્તની એકાગ્રતા, આત્મશાંતિ, ધ્યાન સિદ્ધિ અને નિર્જરા વગેરે લાભ થાય છે.

વિશિષ્ટ આત્મ સાધક મુનિ સ્મશાન ભૂમિમાં, વનમાં, નિર્જન મહાભયાનક સ્થળમાં અથવા કોઈ અન્ય એકાંત સ્થાનમાં નિવાસ કરે છે, તે વિવિક્ત-શયનાસન તપ થાય છે.

પ્રસ્તુત ગાથામાં એક વિવિકતશયનાસનનું જ કથન છે. ઉપરોકત ત્રણ ભેદોનું કથન નથી. પરંતુ **શ્રી ભગવતીસૂત્ર** આદિ અન્ય આગમોમાં ઉપરોકત ચારે ય ભેદોનું કથન છે.




**બાહ્યતપ ઉપસંહાર :–**

**૨૧** **एसो बाहिरगं तवो, समासेण वियाहिओ ।**
**अब्भिंतरं तवं एत्तो, वुच्छामि अणुपुव्वसो ॥**

**શબ્દાર્થ :– एसो** = આ **बाहिरगं** = બાહ્ય **तवो** = તપ **समासेण** = સંક્ષેપથી **वियाहिओ** = કહ્યા છે **एत्तो** = હવે, ત્યાર પછી **अणुपुव्वसो** = અનુક્રમથી **अब्भिंतरं** = આભ્યંતર **तवं** = તપનું **वुच्छामि** = વર્ણન કરીશ.

**ભાવાર્થ :–** આ પ્રમાણે સંક્ષેપમાં બાહ્ય તપનું કથન કર્યું. હવે ક્રમશઃ આભ્યન્તર તપનું નિરૂપણ કરીશ.

**આભ્યંતર તપના પ્રકાર :–**

**૩૦** **पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।**
**झाणं च विउस्सग्गो, एसो अब्भिंतरो तवो ॥**

**શબ્દાર્થ :– पायच्छित्तं** = પ્રાયશ્ચિત્ત **विणओ** = વિનય **वेयावच्चं** = વૈયાવૃત્ય **सज्झाओ** = સ્વાધ્યાય **झाणं** = ધ્યાન **विउस्सग्गो** = વ્યુત્સર્ગ, કાયોત્સર્ગ **एसो** = આ છ પ્રકારના **अब्भिंतरो** = આભ્યંતર **तवो** = તપ છે.

**ભાવાર્થ :–** પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ, આ છ આભ્યંતર તપ છે.

**વિવેચન :–**

**(૧) પ્રાયશ્ચિત્ત–** અતિચાર આદિ દોષોનું સેવન થાય ત્યારે તેનો પશ્ચાત્તાપ કરીને ગુરુ પાસે તેના દંડનો સ્વતઃ સ્વીકાર કરવો. **(૨) વિનય–** વડીલોનો આદર–સત્કાર વગેરે ઉચિત વ્યવહાર કરવો. **(૩) વૈયાવૃત્ય–** સેવા કરવી. **(૪) સ્વાધ્યાય–** આત્મનિરીક્ષણના લક્ષે શાસ્ત્ર વાંચન આદિ કરવું **(૫) ધ્યાન–** ચિત્તવૃત્તિને એકાગ્ર બનાવવી. **(૬) વ્યુત્સર્ગ–** શરીરના મમત્વનો ત્યાગ કરવો.

આ છ પ્રકારના આભ્યંતર તપ કર્મનિર્જરામાં મહત્તમ નિમિત્ત બને છે. તેથી મોક્ષ સાધકો માટે તે વિશેષ પ્રકારે ગ્રાહ્ય છે.

**(૧) આભ્યંતર તપ : પ્રાયશ્ચિત્ત :–**

**૩૧** **आलोयणारिहाईयं, पायच्छित्तं तु दसविहं ।**
**जे भिक्खू वहइ सम्मं, पायच्छित्तं तमाहियं ॥**

**શબ્દાર્થ :– आलोयणारिहाईयं** = આલોચનાર્હ, આલોચના યોગ્ય આદિ **पायच्छित्तं** = પ્રાયશ્ચિત્ત **दसविहं** = દસ પ્રકારના છે **जे** = જેનું **भिक्खू** = ભિક્ષુ **सम्मं** = સમ્યક્ પ્રકારથી **वहइ** = વહન કરે, ગ્રહણ-ધારણ રૂપમાં સેવન કરે છે **तं** = તેને **पायच्छित्तं** = પ્રાયશ્ચિત્ત **आहियं** = કહે છે.

**ભાવાર્થ :–** આલોચના યોગ્ય વગેરે દસ પ્રકારના પ્રાયશ્ચિત્ત છે, જેનું ભિક્ષુ સમ્યક્ પ્રકારે વહન કરે છે, તેને પ્રાયશ્ચિત્ત તપ કહેવામાં આવે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં આભ્યંતર તપના પ્રથમ ભેદ પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ અને તેના ભેદોનું દિગ્દર્શન છે.

**પ્રાયશ્ચિત્ત :–** સાધકના જીવનમાં પ્રાયશ્ચિત્ત તપ અત્યંત મહત્ત્વનું છે. ભિન્ન-ભિન્ન પ્રકારે તેની વ્યાખ્યા કરતા તેનું સ્વરૂપ સ્પષ્ટ થઈ જાય છે. યથા– (૧) સાધનામાં સાવધાન રહેવા છતાં કેટલાક દોષોનું સેવન થઈ જાય, તો તેનું પરિમાર્જન કરી આત્માને ફરીથી વિશુદ્ધ-નિર્દોષ બનાવવો, તે પ્રાયશ્ચિત્ત છે. (૨) પ્રમાદજન્ય દોષોનો પરિહાર કરવો, તે પ્રાયશ્ચિત તપ છે. (૩) સંવેગ અને નિર્વેદથી યુક્ત મુનિ પોતાના અપરાધનું નિરાકરણ કરવા માટે જે અનુષ્ઠાન કરાય, તે પ્રાયશ્ચિત્ત તપ છે. તેના દશ પ્રકાર છે.

**(૧) આલોચનાર્હ :–** જે દોષોની શુદ્ધિ ગુરુ સમક્ષ આલોચના કરવા માત્રથી થઈ જાય, તેને 'આલોચનાર્હ' પ્રાયશ્ચિત્ત કહે છે.

**(૨) પ્રતિક્રમણાર્હ :–** કરેલાં પાપોની નિવૃત્તિ માટે **'मिच्छामि दुक्कडं'** આ પ્રમાણે હૃદયપૂર્વક બોલવું અથવા પશ્ચાત્તાપપૂર્વક પાપોનો સ્વીકાર કરવો, તેને પ્રતિક્રમણ કહે છે. જે દોષોની શુદ્ધિ પ્રતિક્રમણથી થઈ જાય તેને 'પ્રતિક્રમણાર્હ' પ્રાયશ્ચિત્ત કહે છે.

**(૩) તદુભયાર્હ :–** જે દોષની શુદ્ધિ આલોચના અને પ્રતિક્રમણ બન્નેથી થાય તે તદુભયાર્હ છે.

**(૪) વિવેકાર્હ :–** સાધુને પ્રાપ્ત થયેલા અશુદ્ધ આહાર-પાણી અથવા ઉપકરણાદિને વોસિરાવી દેવા, જે પદાર્થના નિમિત્તથી અશુભ પરિણામ થાય છે તેનો ત્યાગ કરવો, તેનાથી દૂર રહેવું , તેને વિવેક(ત્યાગ) કહે છે.જે દોષની શુદ્ધિ 'વિવેક'થી થાય તેને વિવેકાર્હ પ્રાયશ્ચિત કહે છે.

**(૫) વ્યુત્સર્ગાર્હ :–** જે દોષની શુદ્ધિ માટે એકાગ્રતાપૂર્વક શરીર અને વચનના વ્યાપારોનો ત્યાગ કરી કાયોત્સર્ગ કરવામાં આવે તે વ્યુત્સર્ગાર્હ પ્રાયશ્ચિત્ત છે.

**(૬) તપાર્હ :–** જે દોષની શુદ્ધિ માટે ઉપવાસ વગેરે તપ પ્રાયશ્ચિત્ત દેવામાં આવે તેને તપાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે.

**(૭) છેદાર્હ :–** જે દોષની શુદ્ધિ માટે જઘન્ય એક દિવસ, ઉત્કૃષ્ટ છ માસની દીક્ષા પર્યાયનો છેદ કરવામાં આવે, તે છેદાર્હ પ્રાયશ્ચિત્ત છે.

**(૮) મૂલાર્હ :–** જે દોષની શુદ્ધિ માટે મૂલતઃ દીક્ષા પર્યાયનો છેદ કરીને મહાવ્રતોના આરોપણરૂપે નવી દીક્ષા આપવામાં આવે, તેને મૂલાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે.

**(૯) અનવસ્થાપનાર્હ :–** જે દોષની શુદ્ધિ માટે જઘન્ય છ માસ, ઉત્કૃષ્ટ એક વર્ષની તપસ્યા કરાવ્યા પછી ગૃહસ્થવેશ પરિધાન કરાવી, પુનઃ નવી દીક્ષા આપવામાં આવે તેને અનવસ્થાપ્યાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે.

**(૧૦) પારાંચિકાર્હ :–** આ પ્રાયશ્ચિત્તનો અર્થ નવમા પ્રાયશ્ચિત્તની સમાન છે પરંતુ તેના તપમાં જઘન્ય છ માસ ઉત્કૃષ્ટ ૧૨ વર્ષનો સમય હોય છે. *પ્રાયશ્ચિત્ત વિશેની અન્ય જાણકારી માટે જુઓ–ભગ૦ શ૦ ૨૫/૭.*

**(૨) આભ્યંતર તપ : વિનય :–**

**३२** **अब्भुट्ठाणं अंजलिकरणं, तहेवासण दायणं ।**
**गुरुभत्ति भावसुस्सूसा, विणओ एस वियाहिओ ॥**

**શબ્દાર્થ :– अब्भुट्ठाणं** = અભ્યુત્થાન, ગુરુ મહારાજ વગેરેને આવતાં જોઈને ઊભા થવું **अंजलिकरणं** = હાથ જોડવા, વંદન-નમસ્કાર કરવા **आसणदायणं** = તેઓને આસન આપવું **गुरुभत्ति** = ગુરુજનોની ભક્તિ કરવી **भावसुस्सूसा** = શ્રદ્ધાપૂર્વક, ભાવપૂર્વક તેની સેવા શુશ્રૂષા કરવી **एस** = આ **विणओ** = વિનય **वियाहिओ** = કહ્યો છે.

**ભાવાર્થ :–** ગુરુ કે રત્નાધિક(પર્યાય જયેષ્ઠ) સાધુ ભગવંતો પધારે ત્યારે ઊભા થવું, હાથ જોડવા, આસન આપવું, ગુરુજનોની ભક્તિ કરવી તથા ભાવપૂર્વક સેવા શુશ્રૂષા કરવી, તે 'વિનય' તપ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં વિનય તપના ભેદ-પ્રભેદોનું પ્રતિપાદન છે.

**વિનય–** ગુરુ, આચાર્ય, રત્નાધિક કે ગુણીજનોના ગુણો પ્રતિ આદર અને ભક્તિભાવ પ્રગટ કરવો, તે વિનયતપ છે. શ્રી ઔપપાતિક સૂત્રમાં વિનયના સાત ભેદ કહ્યા છે– જ્ઞાનવિનય, દર્શન વિનય, ચારિત્ર

વિનય, મન વિનય, વચન વિનય, કાય વિનય અને લોકોપચાર વિનય. પ્રસ્તુતમાં લોકપચાર વિનયની પાંચ ક્રિયાઓનો ઉલ્લેખ છે. જેમ કે– (૧) ગુરુ, સ્થવિર કે રત્નાધિક મુનિવરોને આવતા જોઈને તેમનો સત્કાર કરવો, તેમની સામે જવું તથા નજીક આવી ગયા હોય તો ઊભા થઈ જવું, (૨) તેમની સમક્ષ હાથ જોડવા, (૩) તેમને આસન દેવું, (૪) તેમની અનન્ય ભક્તિ કરવી, (૫) શ્રદ્ધાપૂર્વક તેમની આજ્ઞા સાંભળવી અથવા ભાવપૂર્વક તેમની સેવા શુશ્રૂષા કરવી; આ પાંચે ય ક્રિયાઓ લોકોપચાર વિનય તપના ભેદરૂપે છે. તે ઉપરાંત જો કોઈ નાના સાધુ પણ તેમની પાસે આવે તો તેમની સાથે પ્રેમપૂર્વક સમુચિત વ્યવહાર કરવો જોઈએ. સંક્ષેપમાં ગુરુ કે વડીલ પ્રતિ સંપૂર્ણ વિનય વ્યવહાર અને નાના શ્રમણ કે શ્રમણીઓ પ્રતિ આદર ભાવપૂર્વકના સમુચિત વ્યવહારનું આચરણ કરવું, તે વિનયવાન મુનિના લક્ષણ છે.

વિનયનું આચરણ, અહંકારનો નાશ કરે છે અને નમ્રતા વગેરે આત્મગુણોની પ્રાપ્તિ કરાવી આત્મશુદ્ધિ કરાવે છે.

**(૩) આભ્યંતર તપ : વૈયાવૃત્ય :-**

**૩૩** **आयरियमाईए, वेयावच्चम्मि दसविहे ।**
**आसेवणं जहाथामं, वेयावच्चं तमाहियं ॥**

**શબ્દાર્થ :– वेयावच्चम्मि** = વૈયાવૃત્ય કરવા યોગ્ય **आयरियमाईए** = આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, શૈક્ષ, સાધર્મિક, કુલ, ગણ અને સંઘ આ **दसविहे** = દસ સ્થાનોની **जहाथामं** = યથાશક્તિ, શારીરિક શક્તિ પ્રમાણે **आसेवणं** = સેવા ભક્તિ કરવી **तं** = તેને **वेयावच्चं** = વૈયાવૃત્ય, વૈયાવચ્ચ તપ **आहियं** = કહ્યું છે.

**ભાવાર્થ :–** આચાર્ય આદિની અપેક્ષાએ વૈયાવૃત્યના દશભેદ છે. તે દશેયની યથાશક્તિ સેવા કરવી તેને વૈયાવૃત્ય તપ કહ્યું છે.

**વિવેચન :-**

પ્રસ્તુત ગાથામાં વૈયાવૃત્ય તપનું સ્વરૂપ અને તેના પ્રકારોનું નિરૂપણ છે.

**आयरियमाईए** :– વૈયાવૃત્ય યોગ્ય પાત્રોના આધારે સ્થાનાંગ આદિ સૂત્રોમાં તેના દશ પ્રકાર કહ્યા છે અને પ્રસ્તુત ગાથામાં તેનું સંક્ષિપ્ત સૂચન છે– (૧) આચાર્ય-વૈયાવૃત્ય, (૨) ઉપાધ્યાય-વૈયાવૃત્ય, (૩) તપસ્વી-વૈયાવૃત્ય, (૪) સ્થવિર-વૈયાવૃત્ય, (૫) ગ્લાન(બિમાર) વૈયાવૃત્ય, (૬) શૈક્ષ(નવદીક્ષિત)-વૈયાવૃત્ય (૭) કુલ(એક ગુરુનો સમુદાય) વૈયાવૃત્ય, (૮) ગણ(એક આચાર્યનો સમુદાય) વૈયાવૃત્ય, (૯) સંઘ(અનેક આચાર્યોના પરિવારનો સમૂહ) વૈયાવૃત્ય, (૧૦) સાધર્મિક-વૈયાવૃત્ય.

આ દશ સંયમી અથવા ગુણવાન પુરુષોના ગુણાનુરાગથી શરીર દ્વારા અથવા ઉપભોગ, પરિભોગ યોગ્ય પદાર્થો દ્વારા સેવા-ભક્તિ અને ઉપાસના કરવી, તેમને ઔષધ, આહાર-પાણી વગેરે લાવી દેવા. નિઃસ્વાર્થ ભાવથી યોગ્ય સેવા કરીને તેઓને પૂર્ણ શાતા પહોંચાડવી તેમજ તેમની સંયમસાધનામાં સહાયક થવું, તે વૈયાવૃત્ય તપ છે.

**વૈયાવૃત્યનું પરિણામ :–** પ્રસ્તુત સૂત્રના અધ્યયન–૨૯માં વૈયાવચ્ચથી તીર્થંકર નામ-ગોત્ર કર્મ ઉપાર્જન થવાનું દર્શાવ્યું છે. પ્રસ્તુત અધ્યયનમાં તેનો આભ્યંતર તપમાં સમાવેશ કર્યો છે. ખરેખર વૈયાવૃત્યના પરિણામે સાધકને અનેક ગુણોની ઉપલબ્ધિ થાય છે. જેમ કે– ગુણ-ગ્રહણ; શ્રદ્ધા, ભક્તિ, વાત્સલ્ય, પાત્રતાની પ્રાપ્તિ; વિચ્છિન્ન સમ્યક્ત્વ વગેરેનું પુનઃસંધાન; તપ, તીર્થ-અવ્યુચ્છિત્તિ, સમાધિ, જિનાજ્ઞા

પાલન, સંયમ સહાય, દાન, નિર્વિચિકિત્સા, પ્રવચન પ્રભાવના, પુણ્યસંચય તથા કર્તવ્યનો નિર્વાહ વગેરે.

આ રીતે વૈયાવચ્ચતપ મહાન તપ છે. વૈયાવચ્ચ કરનાર સ્વયં અનેક ગુણોને પ્રગટ કરે છે અને અન્યની સાધનામાં સહાયક બને છે. તેથી વૈયાવચ્ચ સ્વ-પર લાભદાયક આભ્યંતર તપ છે.

**(૪) આભ્યંતર તપ : સ્વાધ્યાય :–**

**૩૪** **वायणा पुच्छणा चेव, तहेव परियट्टणा ।**
**अणुप्पेहा धम्मकहा, सज्झाओ पंचहा भवे ॥**

**શબ્દાર્થ :– वायणा** = વાચના (ગુરુ પાસેથી સૂત્ર–અર્થની વાચના લેવી) **पुच्छणा** = પૂછવું, શંકાની નિવૃત્તિ માટે પ્રશ્ન પૂછવા **तहेव** = આ પ્રકારે **परियट्टणा** = શીખેલા જ્ઞાનની પુનરાવૃત્તિ કરવી **अणुप्पेहा** = અનુપ્રેક્ષા, ચિંતન-મનન કરવું **धम्मकहा** = ધર્મોપદેશ આપવો **पंचहा** = આ પાંચ ભેદ **सज्झाओ** = સ્વાધ્યાય તપના **भवे** = થાય છે.

**ભાવાર્થ :–** વાચના, પૃચ્છના, પુનરાવર્તન, અનુપ્રેક્ષા અને ધર્મકથા; આ રીતે સ્વાધ્યાય તપનાપાંચ પ્રકાર છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં સ્વાધ્યાયનું સ્વરૂપ દર્શન છે.

(૧) 'સ્વ' એટલે પોતાના આત્માને હિતકારી 'અધ્યયન' કરવું, તે સ્વાધ્યાય છે. (૨) આળસનો ત્યાગ કરી જ્ઞાન આરાધના કરવી, તે સ્વાધ્યાય તપ છે. (૩) તત્ત્વજ્ઞાનનું પઠન-પાઠન અને સ્મરણ (પુનરાવર્તન) કરવું વગેરે સ્વાધ્યાય છે. (૪) પૂજા-પ્રતિષ્ઠાથી નિરપેક્ષ રહીને ફક્ત કર્મમલ શુદ્ધિ માટે જિનપ્રણીત શાસ્ત્રોનું ભક્તિપૂર્વક અધ્યયન-અધ્યાપન કરવું, કરાવવું, તે સ્વાધ્યાય છે.

**સ્વાધ્યાયના પ્રકાર :–** સ્વાધ્યાયના પાંચ પ્રકાર છે– **(૧) વાચના–** શાસ્ત્રપાઠ સ્વયં વાંચવા અથવા યોગ્ય વ્યક્તિને શાસ્ત્રપાઠની વાચના દેવી. **(૨) પૃચ્છના–** શાસ્ત્રોના અર્થને વારંવાર પૂછીને સ્થિર અને પૂર્ણ શુદ્ધ કરવા. વાચના લીધેલા શાસ્ત્રપાઠ અંગે કોઈ જિજ્ઞાસા ઉત્પન્ન થાય ત્યારે ગુર્વાદિકને પ્રશ્ન પૂછીને સમાધાન પ્રાપ્ત કરવું. **(૩) પરિવર્તના–** વાંચેલા તેમજ કંઠસ્થ કરેલા શાસ્ત્રોનું વારંવાર પુનરાવર્તન કરવું. **(૪) અનુપ્રેક્ષા–** ભણેલા શાસ્ત્રપાઠનો વિશેષાર્થ સમજવા માટે ચિંતન, મનન, પર્યાલોચન કરવું. **(૫) ધર્મકથા–** વાંચન અથવા મનન કરેલા શાસ્ત્રના આધારે લોકોપભોગ્ય સરળ ભાષામાં ધર્મોપદેશ કરવો.

**સ્વાધ્યાયના લાભ :–** જ્ઞાન, વિજ્ઞાન, આચાર નિષ્ઠા, શ્રદ્ધા, ભક્તિ, વૈરાગ્ય, શ્રુત સંપન્નતા, બહુશ્રુતતા, ધૈર્ય, પ્રવચન પ્રભાવના, ચિત્તની એકાગ્રતા, આત્માની ધર્મમાં સુરક્ષા, અન્યને ધર્મ પ્રત્યે સુરક્ષિત રાખવા વગેરે અનેકાનેક ગુણોની પ્રાપ્તિ થાય છે. સ્વાધ્યાય આભ્યંતર તપ હોવાથી તેના પાંચે ય પ્રકારોનું આચરણ (અનુષ્ઠાન) કરવાથી આઠે ય કર્મોની અને વિશેષરૂપે જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા થાય છે. અંતે તે સાધક સંપૂર્ણ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થતાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

**(૫) આભ્યંતર તપ : ધ્યાન :–**

**૩૫** **अट्टरुद्दाणि वज्जित्ता, झाएज्जा सुसमाहिए ।**
**धम्म-सुक्काइं झाणाइं, झाणं तं तु बुहा वए ॥**

**શબ્દાર્થ :– सुसमाहिए** = સુસમાધિવંત સાધુ **अट्टरुद्दाणि** = આર્તધ્યાન અને રૌદ્ર ધ્યાનને **वज्जित्ता** = છોડીને **धम्मसुक्काइं झाणाइं** = ધર્મધ્યાન અને શુક્લધ્યાન – આ બે ધ્યાનોનું **झाएज्जा** = ધ્યાન કરે **तं** = તેને **बुहा** = બુદ્ધ, તત્ત્વજ્ઞાની **झाणं** = ધ્યાન **वए** = કહે છે.

**ભાવાર્થ :–** આર્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરીને સુસમાધિવંત થઈને મુનિ ધર્મધ્યાન અને શુક્લ ધ્યાન કરે છે; તેને જ્ઞાનીજનો ધ્યાન તપ કહે છે.

**વિવેચન :–**

**ધ્યાન :–** (૧) **ध्यायते वस्तु अनेन इति ध्यानम् ।** જેના દ્વારા વસ્તુનું ચિંતન કરાય તે ધ્યાન. (૨) ચંચળ ચેતના તે ચિત્ત અને સ્થિર ચેતના તે ધ્યાન. (૩) અંતર્મુહૂર્ત સુધી ચિત્તને કોઈ પણ એક વસ્તુના ચિંતનમાં સ્થિર કરવું, તે છદ્મસ્થોનું ધ્યાન છે અને યોગનો નિરોધ કરવો, તે કેવળીનું ધ્યાન છે. (૪) મન, વચન, કાયાની સ્થિરતા તે ધ્યાન. સંક્ષેપમાં મોક્ષની સાધનામાં સહાયક તત્ત્વમાં એકાગ્ર-તલ્લીન થઈ જવું, તે ધ્યાન તપ છે.

સામાન્ય રીતે ધ્યાનના ચાર પ્રકાર છે– આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન. પરંતુ પ્રસ્તુત પ્રસંગમાં કર્મ નિર્જરાના કારણભૂત ધ્યાન તપનું વર્ણન છે તેથી ચાર ભેદમાંથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો સમાવેશ આ ધ્યાન તપમાં થતો નથી, કારણ કે તે બંને અશુભ ધ્યાન કર્મ બંધના હેતુ હોવાથી સાધનાનાક્ષેત્રમાં સર્વથા ત્યાજ્ય છે. આર્ત અને રૌદ્રધ્યાનજન્ય એકાગ્રતા સાધકની સાધનામાં વિઘ્નકારક છે. ધર્મ ધ્યાન અને શુક્લ ધ્યાન નિર્જરાના હેતુ અને મોક્ષ સાધક હોવાથી તે બંને ધ્યાન આભ્યંતર તપ છે. ચારે ય ધ્યાનનું સ્વરૂપ આ પ્રમાણે છે–

**(૧) આર્તધ્યાન :–** તેનો મુખ્ય આધાર આર્ત–વેદના અથવા પીડા છે. સુખાકાંક્ષા કે કામાશંસાના નિમિત્તથી આર્તધ્યાન થાય છે. નિમિત્ત ભેદથી તેના **ચાર પ્રકાર** છે– **૧-૩.** ઈષ્ટવિયોગ, અનિષ્ટ સંયોગ અને રોગ, તે ત્રણે પરિસ્થિતિ દૂર કરવા માટે સતત ચિંતવના કરવી. ૪. ઈચ્છિત સુખ સાધનની પ્રાપ્તિ અને સુરક્ષા માટે સતત વિચારણા કરવી, નિયાણુ કરવું, તે આર્તધ્યાન છે. આર્તધ્યાનનું પ્રગટીકરણ તેના **ચાર લક્ષણ** દ્વારા થાય છે. પીડામાં ઘેરાયેલી વ્યક્તિ પોતાના મનોભાવ ૧. રડીને, ૨. શોક કરીને ૩. આંસુ વહાવીને અને ૪. વિલાપ કરીને પ્રગટ કરે છે. તેથી આક્રંદ, શોક, અશ્રુપાત અને વિલાપ તે ચાર આર્તધ્યાનના લક્ષણો છે.

**(૨) રૌદ્રધ્યાન :–** રૌદ્રધ્યાનનો મુખ્ય આધાર ક્રૂરતા છે. રૌદ્રપરિણામની એકાગ્રતા, તે રૌદ્રધ્યાન છે. નિમિત્તભેદથી તેના પણ ચાર પ્રકાર છે– **(૧) હિંસાનુબંધી–** હિંસક ભાવોની પરંપરા સતત ચાલુ રહે તે. **(૨) મૃષાનુબંધી–** અસત્ય ભાવોની પરંપરા સતત ચાલુ રહે તે. **(૩) સ્તેયાનુબંધી–** ચોરીના ભાવોની પરંપરા સતત ચાલુ રહે તે. **(૪) સંરક્ષણાનુબંધી–** સુખોપભોગના સાધનોના સંરક્ષણનું સતત ચિંતન કરવું તે. તેના **ચાર લક્ષણો** છે– (૧) હિંસા વગેરે પાપપ્રવૃત્તિથી મોટા ભાગે વિરક્ત ન થવું, (૨) હિંસા વગેરે પ્રવૃત્તિઓમાં જ રત રહેવું, (૩) અજ્ઞાન વશ પાપમાં પ્રવૃત્ત રહેવું, (૪) પાપ કરવા છતાં પશ્ચાત્તાપ ન થવો.

**(૩) ધર્મધ્યાન :–** ધર્માનુષ્ઠાનરૂપ સંયમ, તપ, દાન, શીલ, સામાયિક, પ્રતિક્રમણ વગેરે જે આચરણો છે, તે આચરણોમાં જેટલા સમય સુધી સાધકના ચિત્તની એકાગ્રતા, તલ્લીનતા થઈ જાય તે ધર્મધ્યાન તપ છે અને તે એકાગ્રતા સિવાયના સમયે તે સર્વ અનુષ્ઠાનો સંયમ–સંવર સ્વરૂપે રહે છે. ધર્મધ્યાનના ચાર ભેદ છે–

**૧. આજ્ઞાવિચય–** જિનાજ્ઞાની વિચારણા કરવી. સાધુ અને શ્રાવકો માટે જિનેશ્વરની શું આજ્ઞા છે? તેની વિચારણામાં ચિત્તને એકાગ્ર કરવું તે. **૨. અપાયવિચય–** દુઃખની વિચારણા. ચારગતિરૂપ

સંસાર પરિભ્રમણના દુઃખો અને દુઃખના કારણો તથા તે કારણોથી દૂર રહેવાના ઉપાયોની વિચારણામાં એકાગ્ર બનવું. **૩. વિપાકવિચય–** કર્મફળની વિચારણા. વર્તમાને અનુભવાતી અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિ પોતાના જ કરેલા કર્મોનું ફળ છે. આ રીતે કર્મફળના સિદ્ધાંતની વિચારણામાં એકાગ્ર બનવું. **૪. સંસ્થાન વિચય–** લોક સંસ્થાનની વિચારણા. જીવના પરિભ્રમણના સ્થાનરૂપ ચૌદ રાજલોકના સંસ્થાન, નરક, સ્વર્ગ વગેરે સ્થાનોથી યુક્ત સંપૂર્ણલોક રચનાના વિચારમાં એકાગ્ર થવું.

આ ચાર પ્રકારના ધર્મધ્યાન દ્વારા ધર્મ તત્ત્વોનું આત્માનુલક્ષી ચિંતન કરતાં આત્મામાં સંવેગ અને નિર્વેદ ભાવોની વૃદ્ધિ થાય છે.

ધર્મધ્યાન આત્મપરિણામ રૂપ છે તેથી તે અરૂપી ભાવ છે. તેમ છતાં તેના લક્ષણોથી તેને જાણી શકાય છે. તેના **ચાર લક્ષણ** આ પ્રમાણે છે– **૧. આજ્ઞારુચિ–** ગુરુ આદિની આજ્ઞાથી તેમજ શાસ્ત્રાજ્ઞાથી પ્રવચન પ્રત્યે શ્રદ્ધા, **૨. નિસર્ગ રુચિ–** સ્વભાવતઃ ધર્મ તત્ત્વોમાં શ્રદ્ધા, **૩. સૂત્રરુચિ–** શાસ્ત્રાધ્યયનમાં ઉત્પન્ન શ્રદ્ધા **૪. અવગાઢ રુચિ : ઉપદેશ રુચિ–** વિસ્તૃતરૂપથી ધર્મ તત્ત્વોમાં અવગાહન કરવાથી ઉત્પન્ન થતી શ્રદ્ધા અથવા સાધુની સમીપે રહેતાં તેમના સૂત્રાનુસારી ઉપદેશના માધ્યમે વીતરાગ પ્રભુના વચનોમાં શ્રદ્ધા.

**ચાર આલંબન :–** વાચના, પૃચ્છના, પરાવર્તના–પુનરાવૃત્તિ કરવી અને ધર્મકથા કરવી અર્થાત્ ધર્મોપદેશ આપવો, આ ચારે ય ધર્મ ધ્યાનરૂપી પ્રાસાદ ઉપર ચઢવાના આલંબન છે.

**ચાર અનુપ્રેક્ષાઓ :–** (૧) એકત્વ અનુપ્રેક્ષા– આત્માની એકત્વ દશાનું ચિંતન (૨) અનિત્યત્વાનુપ્રેક્ષા– સંસારની ક્ષણભંગુરતાનું ચિંતન (૩) અશરણાનુપ્રેક્ષા– અશરણ દશાનું ચિંતન (૪) સંસારાનુપ્રેક્ષા– સંસાર સંબંધી ચિંતન. આ રીતે ધર્મધ્યાનના ચાર પ્રકાર, ચાર લક્ષણો અને ચાર આલંબનોને સમજી ચાર અનુપ્રેક્ષા દ્વારા સાધક ધર્મધ્યાનમાં સ્થિર થાય છે.

**(૪) શુક્લધ્યાન–** ધર્મધ્યાનની એકાગ્રતા અને શુદ્ધિની વૃદ્ધિ થતાં સાધક સાતમાં અપ્રમત્ત ગુણસ્થાનની પરિણામ દશાને પાર કરી આઠમા ગુણસ્થાનમાં પ્રવેશ કરતાં શુક્લ ધ્યાનને પામે છે અર્થાત્ ધર્મધ્યાનના પરિણામ વૃદ્ધિંગત થતાં શુક્લ ધ્યાનરૂપે પરિણત થાય છે.

અપ્રમત સંયત જીવો મોહનીય કર્મનું ઉપશમન અથવા ક્ષય કરવા ઉદ્યત થાય અને પ્રતિસમય અનંતગુણી વિશુદ્ધિથી પ્રવર્ધમાન પરિણામવાળો બને, ત્યારે તે અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. ત્યાં શુક્લધ્યાનનો પ્રારંભ થાય છે. શુક્લ ધ્યાનનું સ્વરૂપ તેના ચાર ભેદોના(ચાર પાયાના) માધ્યમે સમજવું જોઈએ.

**(૧) પૃથક્ત્વ વિતર્ક સવિચાર શુક્લધ્યાન :–** વિતર્ક = ભાવશ્રુતના આધારે દ્રવ્ય, ગુણ અને પર્યાયનું ચિંતન કરવું. સવિચાર = અર્થ, વ્યંજન અને યોગનું પરિવર્તન.

ધ્યાનસ્થ સાધુ કોઈ એક દ્રવ્યનું ચિંતન કરતાં-કરતાં કોઈ એક ગુણનું ચિંતન કરે અને તે ચિંતન કરતાં કરતાં જ તેની કોઈ એક પર્યાયનું ચિંતન કરવા લાગે; આ રીતે એક દ્રવ્યના પૃથક્ પૃથક્ ચિંતનને 'પૃથક્ત્વવિતર્ક' કહે છે. તે સાધક શબ્દથી અર્થમાં અને અર્થથી શબ્દના ચિંતનમાં સંક્રમણ કરે અને મનોયોગથી વચનયોગનું, વચનયોગથી કાયયોગનું આલંબન લે છે, તેથી તે ધ્યાન 'સવિચાર' કહેવાય છે. આ રીતે વિતર્ક અને વિચારના પરિવર્તન અને સંક્રમણની વિભિન્નતાના કારણે આ ધ્યાનને પૃથક્ત્વ વિતર્ક સવિચાર કહે છે. આ પ્રકારનું ધ્યાન આઠમા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી રહે છે. **ઉપશમ શ્રેણી**

અને **ક્ષપક શ્રેણી** બંને શ્રેણીમાં આ પ્રકારનું શુક્લ ધ્યાન રહે છે.

**(૨) એકત્વ વિતર્ક અવિચાર શુક્લધ્યાન :–** ક્ષપક શ્રેણીસ્થ સાધક મોહનીયકર્મનો ક્ષય કરી બારમા ક્ષીણમોહ ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે ત્યાં સાધકની મનોવૃત્તિ એટલી સ્થિર થઈ જાય છે કે તેના દ્રવ્ય, ગુણ પર્યાયના ચિંતનમાં પરિવર્તન થતું નથી કે અર્થ, વ્યંજન અને યોગોનું સંક્રમણ પણ થતું નથી. તે સાધક દ્રવ્ય ગુણ અને પર્યાયમાંથી કોઈ પણ એકના ગંભીર અને સૂક્ષ્મ ચિંતનમાં સંલગ્ન રહે છે. તેનું ચિંતન કોઈ એક અર્થમાં કે શબ્દમાં અથવા એક યોગના આલંબને થતું હોય છે ત્યારે તે એકાગ્રતાની ચરમ સીમાએ પહોંચી જાય છે અને બારમા ગુણસ્થાનકના અંતે શુક્લધ્યાનના બીજા પાયામાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મની સર્વ પ્રકૃતિઓનો પૂર્ણતઃ ક્ષય કરી અનંત જ્ઞાન, દર્શન પ્રગટ કરી તેરમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. ત્યાં આયુષ્યના અંતિમ અંતર્મુહૂર્તને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સાધકને ધ્યાન તપની આવશ્યકતા રહેતી નથી. સર્વજ્ઞ સર્વદર્શી તે કેવળી ભગવાન ધ્યાનાંતરિત– ધ્યાનમુક્ત અવસ્થામાં, અવસ્થિત પરિણામમાં રહે છે.

**(૩) સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ શુક્લધ્યાન :–** સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિ. શુક્લ ધ્યાનના ચાર ચરણ છે. તેમાં ત્રીજા ચરણનું નામ સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ છે. તેરમા ગુણસ્થાનવર્તી સયોગી કેવળીનું આયુષ્ય અંતર્મુહૂર્તનું શેષ રહે, ત્યારે કેવળી ભગવાન સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ નામના શુક્લધ્યાનમાં સ્થિત થાય છે. તેમાં યોગ નિરોધની પ્રક્રિયા થાય છે. યોગ નિરોધ પછી શ્વાસોચ્છ્વાસ જેવી સૂક્ષ્મ ક્રિયાઓ શેષ રહે છે. જે ધ્યાનમાં સૂક્ષ્મક્રિયાઓ જ શેષ રહે અને જ્યાંથી પતન થવાનું નથી, તે ધ્યાનને સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ કહે છે.

**(૪) સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ :–** સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ. આ શુક્લ ધ્યાનનું ચોથું ચરણ છે. તેરમા ગુણસ્થાને યોગનિરોધ થયા પછી તે સાધક ચૌદમા અયોગી કેવળી ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે. તે અયોગી અવસ્થામાં સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ નામનું શુક્લ ધ્યાન હોય છે. તે અવસ્થામાં પ્રવેશ કરતાં સાધક અઘાતી કર્મોની શેષ રહેલી ૮૫ પ્રકૃતિઓની પ્રતિસમય અસંખ્યાત ગુણિતક્રમથી નિર્જરા કરે છે અને અંતિમ સમયે કર્મલેપથી સર્વથા વિમુક્ત થઈ સિદ્ધ થઈ સિદ્ધાલયમાં બિરાજે છે. આ શુક્લધ્યાનના ચોથા ભેદથી યોગક્રિયા સમુચ્છિન્ન = સર્વથા વિનષ્ટ થઈ જાય છે અને ત્યાંથી પતન થતું નથી. તેથી તેનું સાર્થક નામ 'સમુચ્છિન્નક્રિયા અપ્રતિપાતિ' છે.

**ચાર લક્ષણ :– ૧.** અવ્યથ– વ્યથાનો અભાવ; **૨.** અસમ્મોહ– પદાર્થ વિષયક સૂક્ષ્મ મૂઢતાનો અભાવ; **૩.** વિવેક– શરીર અને આત્માના ભેદનું જ્ઞાન અને **૪.** વ્યુત્સર્ગ– શરીર અને ઉપધિ પર અનાસક્તિ ભાવ.

**ચાર આલંબન :–** ક્ષમા, મુક્તિ (નિર્લોભતા), મૃદુતા અને ઋજુતા.

**ચાર અનુપ્રેક્ષાઓ :– (૧) અનંતવૃત્તિતા અનુપ્રેક્ષા–** અનંત સંસાર પરંપરાનું ચિંતન **(૨) વિપરિણામ અનુપ્રેક્ષા–** વસ્તુઓના વિવિધ પરિણામો ઉપર ચિંતન **(૩) અશુભ અનુપ્રેક્ષા–** પદાર્થોની અશુભતાનું ચિંતન અને **(૪) અપાય અનુપ્રેક્ષા–** અપાયો–દોષોનું ચિંતન. આ પ્રકારના આત્માનુલક્ષી ચિંતનથી સંવેગભાવ આદિની વૃદ્ધિ થતાં આત્મા ઉચ્ચ, ઉચ્ચતર, ઉચ્ચતમ પરિણામોને પ્રાપ્ત કરે છે.

આ રીતે ચારે ધ્યાનનું સ્વરૂપ યથાર્થ રીતે જાણીને, આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો સર્વથા ત્યાગ કરીને ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં સ્થિત થવું તે જ આભ્યંતર તપ છે.

ધર્મધ્યાનથી આત્માની બહિર્મુખી ચિત્તવૃત્તિ અંતરમુખી બની જાય છે અને શુક્લધ્યાનથી આત્મા

આત્મભાવોમાં સ્થિત થતો જાય છે. તેથી કર્મબંધ અટકી જાય અને પૂર્વકૃત કર્મોની નિર્જરા થાય છે. આ રીતે ધ્યાન તપ દ્વારા આત્મા કર્મક્ષયની સાધનામાં સફળ થઈ મુક્તિ પ્રાપ્ત કરે છે.

**(૬) આભ્યંતર તપ : વ્યુત્સર્ગ તપ :–**

**૩૬** **सयणासणठाणे वा, जे उ भिक्खू ण वावरे ।**
**कायस्स विउस्सग्गो, छट्ठो सो परिकित्तिओ ॥**

**શબ્દાર્થ :– सयणासणठाणे वा** = શય્યા ઉપર, આસન ઉપર અથવા ઊભા ઊભા **जे** = જે **भिक्खू** = ભિક્ષુ, સાધુ **ण वावरे** = અન્ય હલન-ચલન આદિ પ્રવૃત્તિઓ કરતો નથી **सो** = તેને **कायस्स विउस्सग्गो** = કાયવ્યુત્સર્ગ નામનું, **छट्ठो** = છટ્ઠું તપ, **परिकित्तिओ** = કહ્યું છે.

**ભાવાર્થ :–** સૂતા-સૂતા, બેઠા-બેઠા અને ઊભા-ઊભા વગેરે કોઈ પણ અવસ્થામાં ભિક્ષુ શરીરની હલન-ચલનરૂપ પ્રવૃત્તિઓને બંધ કરે છે, તેને શરીર વ્યુત્સર્ગ કહે છે. તે વ્યુત્સર્ગ નામનું છટ્ઠું આભ્યંતર તપ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં વ્યુત્સર્ગ તપનું સ્વરૂપ દર્શન છે.

ક્ષેત્ર, વસ્તુ, શરીર, ઉપધિ, ગણ, ભક્ત-પાન, વગેરે બાહ્ય પદાર્થો તથા કષાય, સંસાર અને કર્મ વગેરે અંતરંગ ભાવોનો નિયત સમયને માટે ત્યાગ કરવો, તે **વ્યુત્સર્ગ તપ** છે. તેના બે ભેદ છે– દ્રવ્ય વ્યુત્સર્ગ અને ભાવ વ્યુત્સર્ગ. **દ્રવ્ય વ્યુત્સર્ગના** ચાર પ્રકાર છે– **(૧) શરીર વ્યુત્સર્ગ–** શારીરિક ક્રિયાઓમાં ચપળતાનો ત્યાગ, શરીરના મમત્ત્વનો ત્યાગ. આગમ ગ્રંથોમાં કાયોત્સર્ગ કરવાનું જે વિધાન છે, તે આ શરીર વ્યુત્સર્ગ તપમાં જ સમાવિષ્ટ થાય છે. **(૨) ગણ વ્યુત્સર્ગ–** વિશિષ્ટ સાધનાને માટે ગણનો ત્યાગ અને એકાકી વિચરણ, **(૩) ઉપધિ વ્યુત્સર્ગ–** વસ્ત્ર, પાત્ર વગેરે ઉપકરણોનો ત્યાગ. **(૪) ભક્ત-પાન વ્યુત્સર્ગ–** આહાર-પાણીનો ત્યાગ.

**ભાવ વ્યુત્સર્ગના** ત્રણ પ્રકાર છે. (૧) કષાય વ્યુત્સર્ગ (૨) સંસાર વ્યુત્સર્ગ– સંસાર પરિભ્રમણના કારણોનો ત્યાગ. (૩) કર્મ વ્યુત્સર્ગ–કર્મ પુદ્‌ગલોનું વિસર્જન.

**કાયોત્સર્ગની વિધિ :–** કાયોત્સર્ગ કરવા માટે સાધક શરીર પ્રતિ નિઃસ્પૃહ થઈને જીવ-જંતુ રહિત, કોલાહલ રહિત, એકાંત શાંત સ્થાનમાં સ્થિર અને સીધા ઊભા રહે; બંને હાથ ઘૂંટણોની તરફ લાંબા કરે; પગને ચાર અંગુલ પહોળા રાખીને પ્રશસ્ત ધ્યાનમાં નિમગ્ન રહે; હાથ વગેરે અંગોનું સંચાલન ન કરે; કોઈ આધારભૂત વસ્તુને પકડીને કે ટેકો દઈને ઊભો ન રહે તેમજ ઝૂકીને ઊભો ન રહે પરંતુ નિરાલંબન થઈ સીધો ઊભો રહી કાઉસ્સગ્ગ કરે. કારણસર યોગ્ય આસને બેસીને પણ કાયોત્સર્ગ કરી શકાય છે. કાયોત્સર્ગમાં સ્થિત થયેલા સાધક દેવ-મનુષ્ય-તિર્યંચકૃત બધા ઉપસર્ગોને સહન કરે. કાયોત્સર્ગમાં ધર્મધ્યાન અને શુક્લધ્યાનનું ચિંતન કરે અને ક્રમશઃ નિર્વિકલ્પ થવાનો પણ પ્રયત્ન કરે.

**કાયોત્સર્ગનું પ્રયોજન :–** પોતાના શરીર પ્રત્યેના મમત્વ ત્યાગના અભ્યાસ માટે, ગમનાગમન આદિ પ્રવૃત્તિઓના પ્રસંગે લાગેલા દોષોની આલોચના અને શુદ્ધિ માટે; ઉભયકાલ પ્રતિક્રમણમાં દિવસ-રાત્રિના અતિચારોની શુદ્ધિ માટે; કર્મનાશ અને દુઃખક્ષયને માટે; મુનિ કાયોત્સર્ગ કરે. કાયોત્સર્ગનો મુખ્ય હેતુ તો આત્મ ભાવોને કાયાથી પૃથક્ કરી, સ્થિરતા, મૌન અને ધ્યાન દ્વારા શરીરનો વ્યુત્સર્ગ કરવાનો હોય છે. કાયોત્સર્ગથી નિઃસંગતા, નિર્ભયતા, જીવિતાશા ત્યાગ, દોષોચ્છેદ, મોક્ષમાર્ગ-પ્રભાવના વગેરે અનેક લાભ થાય છે.

**આભ્યંતર તપના ભેદ–પ્રભેદ :–**

| પ્રાયશ્ચિત્ત | વિનય | વૈયાવૃત્ય | સ્વાધ્યાય | ધ્યાન | વ્યુત્સર્ગ |
|---|---|---|---|---|---|
| ૧ આલોચનાર્હ | **૧ જ્ઞાનવિનય[૫]** | ૧ આચાર્ય | ૧ વાચના | **આર્તધ્યાન–૮** | **૧ દ્રવ્યવ્યુત્સર્ગ(૪)** |
| ૨ પ્રતિક્રમણાર્હ | **૨ દર્શન વિનય [૨]** | ૨ ઉપાધ્યાય | ૧ પૃચ્છના | ૪ ભેદ | |
| ૩ તદુભયાર્હ | શુશ્રૂષા વિનય (૧૦) | ૩ સ્થવિર | ૩ પરિવર્તના | ૪ લક્ષણ | ગણવ્યુત્સર્ગ |
| ૪ વિવેકાર્હ | અનાશાતના વિનય–૪૫ | ૪ તપસ્વી | ૪ અનુપ્રેક્ષા | **રૌદ્રધ્યાન–૮** | શરીર વ્યુત્સર્ગ |
| ૫ વ્યુત્સર્ગાર્હ | **૩ ચારિત્ર વિનય [૫]** | ૫ ગ્લાન | ૫ ધર્મકથા | ૪ ભેદ | ઉપધિ વ્યુત્સર્ગ |
| ૬ તપાર્હ | **૪, મન વિનય [૨]** | ૬ શૈક્ષ | | ૪ લક્ષણ | ભક્તપાનવ્યુત્સર્ગ |
| ૭ છેદાર્હ | પ્રશસ્તમનવિનય(૭) | ૭ કુલ | | **ધર્મધ્યાન–૧૬** | **ભાવ વ્યુત્સર્ગ(૩)** |
| ૮ મૂલાર્હ | અપ્રશસ્તમન વિનય(૭) | ૮ ગણ | | ૪ ભેદ | કષાય વ્યુત્સર્ગ(૪) |
| ૯ અનવસ્થાપ્યાર્હ | **૫ વચન વિનય [૨]** | ૯ સંઘ | | ૪ લક્ષણ | સંસાર વ્યુત્સર્ગ(૪) |
| ૧૦ પારાંચિતાર્હ | પ્રશસ્ત વચન વિનય(૭) | ૧૦ સાધર્મિક | | ૪ આલંબન | કર્મ વ્યુત્સર્ગ (૮) |
| પ્રાયશ્ચિત્ત દેનારના | અપ્રશસ્ત વચન વિનય(૭) | ની વૈયાવૃત્ય | | ૪ અનુપ્રેક્ષા | |
| ૧૦ ગુણ, | **૬ કાય વિનય [૨]** | કરવી | | **શુક્લધ્યાન–૧૬** | |
| પ્રાયશ્ચિત્ત લેનારના | પ્રશસ્ત કાય વિનય (૭) | | | ૪ ભેદ | |
| ૧૦ ગુણ, | અપ્રશસ્તકાય વિનય (૭) | | | ૪ લક્ષણ | |
| આલોચનાના– | **૭ લોકોપચાર વિનય**(૭) | | | ૪ આલંબન | |
| ૧૦ દોષ, | | | | ૪ અનુપ્રેક્ષા | |
| દોષ સેવનના | | | | | |
| ૧૦ કારણ | | | | | |
| **કુલ ૫૦ ભેદ** | **૧૯ ભેદ, ૧૦૪ પ્રભેદ** | **૧૦ ભેદ** | **૫ ભેદ** | **૪૮ ભેદ** | **૨૦ ભેદ** |

**નોંધ :** વિનયના ભેદમાં ડાર્ક સંખ્યા(૧૮)ભેદરૂપ છે, લોકોપચાર વિનયનો એક ભેદ છે. લાઈટ સંખ્યા(૧૦૪)પ્રભેદરૂપ છે.

**તપાચરણનું પરિણામ :–**

**૩૭** **एयं तवं तु दुविहं, जे सम्मं आयरे मुणी ।**
**सो खिप्पं सव्वसंसारा, विप्पमुच्चइ पंडिए ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :–** **एवं** = આ બાહ્ય અને આભ્યંતર **दुविहं** = બન્ને પ્રકારના **तवं** = તપનું **जे** = જે **मुणी** = મુનિ **सम्मं** = સમ્યક્ પ્રકારે **आयरे** = આચરણ કરે છે **से** = તે, **पंडिए** = પંડિત સાધુ **खिप्पं** = તુરંત, શીઘ્ર જ **सव्वसंसारा** = સમસ્ત સંસારથી **विप्पमुच्चइ** = વિપ્રમુક્ત, છૂટી જાય છે.

**ભાવાર્થ :–** આ પ્રમાણે જે મુનિ બન્ને પ્રકારનાં તપનું સમ્યક્ પ્રકારે આચરણ કરે છે, તે જ સાચો પંડિત છે, તે સાધુ સમસ્ત સંસારથી, સમસ્ત કર્મોથી વિમુક્ત થઈ જાય છે.

**વિવેચન :–**

**पंडिए :–** હિતાહિતના વિવેકની બુદ્ધિ હોય અને અહિતકારી પ્રવૃત્તિનો ત્યાગ કરી હિતકારી પ્રવૃત્તિનું આચરણ કરતા હોય, તે પંડિત છે.

આગમોમાં છટ્ઠાથી ચૌદમા ગુણસ્થાનવર્તી શ્રમણોની પંડિતરૂપે ગણના કરી છે. શેષ એકથી ચારગુણસ્થાન સુધીના અવિરત જીવોને 'બાલ' અને પાંચમા ગુણસ્થાનવર્તી દેશવિરત શ્રમણોપાસકોને 'બાલ પંડિત' કહ્યા છે. આ રીતે બાલ, પંડિત અને બાલપંડિતનું આગમોક્ત કથન વિરતિભાવની પ્રમુખતાએ છે. ચોથા ગુણસ્થાનવર્તી અવિરત સમ્યગ્દૃષ્ટિ અને પાંચમા ગુણસ્થાનવર્તી દેશવિરત સમ્યગ્ દૃષ્ટિ શ્રાવક પાપભીરુ હોવા છતાં પાપોનો સર્વથા ત્યાગ કરી શકતા નથી. તેથી તેઓને ક્રમશઃ બાલ અને બાલ પંડિત કહે છે. છટ્ઠા આદિ ગુણસ્થાનવર્તી મુનિ પાપોથી ડરે છે અને તેનો તે સર્વથા ત્યાગ પણ કરી દે છે, તેથી તે પંડિત કહેવાય છે. તે પંડિતમુનિ આ અધ્યયનમાં કથિત બંને પ્રકારના તપનું આચરણ કરીને સમસ્ત કર્મોથી મુક્ત થાય છે.

**॥ ત્રીસમું અધ્યયન સમાપ્ત ॥**

# એકત્રીસમું અધ્યયન

## પરિચય

★ પ્રસ્તુત અધ્યયનનું નામ ચરણવિધિ છે. ચરણવિધિ એટલે ચારિત્રમાં વિવેકપૂર્વક પ્રવૃત્તિ. ચારિત્રનો પ્રારંભ સંયમથી થાય છે. વિવેકપૂર્વકની પ્રવૃત્તિ જ સંયમ છે અને અવિવેકપૂર્વકની પ્રવૃત્તિ અસંયમ છે. અસંયમથી નિવૃત્તિ અને વિવેકપૂર્વક સંયમમાં પ્રવૃત્તિ કરવી, તે જ ચારિત્રવિધિ છે.

★ આ અધ્યયનમાં ૩૩ બોલના માધ્યમથી વર્ણન કર્યું છે. તેમાંથી કેટલાક બોલ ત્યાગ કરવા યોગ્ય, કેટલાક બોલ ગ્રહણ કરવા યોગ્ય અને કેટલાક બોલ માત્ર જાણવા યોગ્ય છે.

★ મુનિ એક પ્રકારનો અસંયમ, રાગ-દ્વેષ રૂપ બે પ્રકારનું બંધન અને ત્રણ પ્રકારનાં દંડ, શલ્ય અને ગારવનો ત્યાગ કરે, ઉપસર્ગોને સહન કરે, ગુપ્તિનું આરાધન કરે.

★ ચાર પ્રકારની વિકથા અને સંજ્ઞાનો ત્યાગ કરે, આર્ત, રૌદ્રધ્યાનનો ત્યાગ કરી ધર્મધ્યાન અને શુક્લધ્યાનની આરાધના કરે. પાંચ મહાવ્રત અને પાંચ સમિતિનું પાલન કરે, પાંચ ઈન્દ્રિયના વિષયોમાં રાગ-દ્વેષનો ત્યાગ કરી સમભાવ ધારણ કરે.

★ છ લેશ્યામાંથી અશુભલેશ્યાના પરિણામોને દૂર કરી શુભલેશ્યાના પરિણામોમાં રહે, છકાય જીવોની દયા પાળે, છ કારણે આહાર કરે અને છ કારણે આહારનો ત્યાગ કરે. સાત પ્રકારની પિંડૈષણારૂપ અભિગ્રહને ધારણ કરે, સાત ભયને જીતે, આઠ મદનો ત્યાગ કરે.

★ બ્રહ્મચર્યની નવ વાડથી બ્રહ્મચર્યની રક્ષા કરે. દશ યતિધર્મ, અગિયાર શ્રાવકની પડિમા અને બાર ભિક્ષુની પડિમાની આરાધના કરે.

★ તેર ક્રિયાસ્થાનોનો ત્યાગ કરે. ચૌદ પ્રકારના જીવોની રક્ષા કરે, પંદર પ્રકારના પરમાધામી દેવો જેવા પરિણામ ન કરે તેમજ તેના પ્રત્યે ક્રૂર પરિણામ કે દ્વેષ ન કરે.

★ સૂયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના સોળ અધ્યયન અને બીજા શ્રુતસ્કંધના સાત મળીને ત્રેવીસ અધ્યયન; જ્ઞાતાસૂત્રના ઓગણીસ અધ્યયન, આચાર પ્રકલ્પના આચારાંગ-નિશીથ સૂત્રનાં ૨૮ અધ્યયન; આ સર્વ અધ્યયનોના ભાવોને જાણી, તે પ્રમાણે આચરણ કરે.

★ સત્તર અસંયમ, અઢાર અબ્રહ્મચર્યના સ્થાન, વીસ અસમાધિસ્થાન, ૨૧ શબલ દોષ, ૨૯ પાપસૂત્ર, ૩૦ મહામોહનીયકર્મ બંધના સ્થાનો અને ૩૩ આશાતનાનો સર્વથા ત્યાગ કરે.

★ ૨૨ પરીષહોને જીતે, પાંચ મહાવ્રતની ૨૫ ભાવનાથી જીવનને ભાવિત કરે, ૨૭ સાધુનાં ગુણોને પ્રગટાવે. ૩૧ સિદ્ધનાં ગુણો પ્રગટ કરવાનું લક્ષ રાખી આરાધના કરે. પોતાની જાતને ૩૨ યોગસંગ્રહ-રૂપ ગુણોથી સંપન્ન બનાવે.

★ આ રીતે વિવેકપૂર્વક પ્રવૃત્તિ કરીને સાધક પોતાની સંયમ સાધનાને સફળ બનાવે છે.

❖❖❖❖❖

# એકત્રીસમું અધ્યયન

## ચરણ વિધિ

**ચરણ વિધિનું માહાત્મ્ય :–**

**૧** **चरणविहिं पवक्खामि, जीवस्स उ सुहावहं ।**
**जं चरित्ता बहू जीवा, तिण्णा संसार-सागरं ॥**

**શબ્દાર્થ :– चरणविहिं** = ચારિત્ર વિધિનું **पवक्खामि** = વર્ણન કરીશ, **उ** = જે **जीवस्स** = જીવને માટે **सुहावहं** = સુખાકારી અને શુભકારી છે અને **जं** = જેનું **चरित्ता** = આચરણ કરીને **बहू** = ઘણા **जीवा** = જીવો **संसार-सागरं** = સંસાર-સાગરથી **तिण्णा** = તરી ગયા છે.

**ભાવાર્થ :–** જીવને સુખ આપનારી ચરણવિધિનું હું કથન કરીશ, જેનું આચરણ કરીને ઘણા જીવો સંસાર- સાગર તરી ગયા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત પ્રથમ ગાથામાં અંતિમ લક્ષ્યસિદ્ધિ દર્શાવતાં ચારિત્રની મહત્તા પ્રદર્શિત કરીને સાધકોને ચારિત્રપાલનની પ્રેરણા આપી છે.

**ચરણ વિધિ :–** ચરણ અર્થાત્ ચારિત્રની વિધિ, ચારિત્રનું અનુષ્ઠાન. અચારિત્રથી નિવૃત્તિ અને ચારિત્રમાં પ્રવૃત્તિ જ વાસ્તવિક ચરણ વિધિ છે. કર્મબંધકારક સાંસારિક પ્રવૃત્તિઓ અચારિત્ર છે. કર્માશ્રવ રોકનાર અને કર્મથી મુક્ત કરાવનાર આધ્યાત્મિક અનુષ્ઠાનો ચારિત્ર છે.

**ચરણવિધિ-મોક્ષનો માર્ગ :–** જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ આ મોક્ષનો માર્ગ છે. જ્ઞાનથી જીવાદિ તત્ત્વોનો બોધ થાય છે અને દર્શનથી તેના પર શ્રદ્ધા દઢ થાય છે. પરંતુ કર્મોના આશ્રવને રોકવા અને પૂર્વકૃત કર્મોનો ક્ષય કરવા માટે ચારિત્ર અને તપની અનિવાર્યતા છે. ચારિત્રથી આવતાં કર્મો રોકાય છે અને તપથી પૂર્વે બંધાયેલા કર્મોની નિર્જરા થાય છે. તે માટે આ અધ્યનનમાં ચારિત્ર સંબંધી અનેક આચારોને જાણવાની અને પાલન કરવાની પ્રેરણા છે.

**એક બોલ :–**

**૨** **एगओ विरइं कुज्जा, एगओ य पवत्तणं ।**
**असंजमे णियत्तिं च, संजमे य पवत्तणं ॥**

**શબ્દાર્થ :– एगओ** = એકથી **विरइं** = વિરતિ, નિવૃત્તિ **कुज्जा** = કરે **एगओ** = એકથી **पवत्तणं** = પ્રવૃત્તિ કરે **असंजमे** = અસંયમથી **णियत्तिं** = નિવૃત્તિ કરે **संजमे** = સંયમમાં.

**ભાવાર્થ :–** સાધકે એક બોલથી નિવૃત્તિ અને એક બોલમાં પ્રવૃત્તિ કરવી જોઈએ અર્થાત્ અસંયમથી

નિવૃત્ત થવું જોઈએ અને સંયમમાં પ્રવૃત્ત થવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત અધ્યયનમાં ચરણવિધિના ૩૩ બોલોનું વર્ણન છે. આ ગાથામાં પ્રથમ એક સંખ્યાના બોલમાં સંયમ-અસંયમનું સ્વરૂપ દર્શાવ્યું છે. સાધકને અસંયમનો ત્યાગ કરવાનો હોય છે અને સંયમમાં પ્રવૃત્તિ કરવાની હોય છે. જેમાં અસંયમ સ્વરૂપી હિંસા, અસત્ય, અદત્તગ્રહણ, મૈથુન, પરિગ્રહ આદિ આસ્રવ દ્વારોનો નિરોધ કરવો અને સંયમ સ્વરૂપી અહિંસા, સત્ય, દત્તગ્રહણ, બ્રહ્મચર્ય પાલન, અપરિગ્રહ આદિ પાંચ મહાવ્રતોનું પાલન કરવું. ૧૭ પ્રકારના અસંયમનો ત્યાગ કરી ૧૭ પ્રકારના સંયમનું પાલન કરવું.

**બે બોલ :–**

**૩** **रागदोसे य दो पावे, पावकम्म-पवत्तणे ।**
**जे भिक्खू रुंभइ णिच्चं, से ण अच्छइ मंडले ॥**

**શબ્દાર્થ :– पावकम्म पवत्तणे** = પાપકર્મોમાં પ્રવૃત્તિ કરાવનારા **रागदोसे य** = રાગ અને દ્વેષ **दो** = બે **पावे** = પાપ છે **जे** = જે **भिक्खू** = સાધુ, ભિક્ષુ **णिच्चं** = નિત્ય, સદા તેને **रुंभइ** = રોકે છે **से** = તે **मंडले** = મંડલમાં, ચતુર્ગતિરૂપ સંસારમાં **ण अच्छइ** = પરિભ્રમણ કરતો નથી.

**ભાવાર્થ :–** પાપકર્મમાં પ્રવૃત્તિ કરાવનારા રાગ અને દ્વેષ, તે બે પાપ છે. જે ભિક્ષુ હંમેશાં તેનો નિરોધ કરે છે તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**વિવેચન :–**

રાગ અને દ્વેષ કર્મના બીજ સ્વરૂપ છે. તે બીજમાંથી અનેક પ્રકારની પાપપ્રવૃત્તિનું વટવૃક્ષ ખીલે છે. તેથી જે સાધક રાગ-દ્વેષરૂપ બીજને જ બાળી નાંખે છે, તેની પાપ પ્રવૃત્તિ સહજ રોકાઈ જાય છે, ત્યાર પછી ક્રમશઃ કર્મોનો સંવર અને નિર્જરા કરતાં તે જીવનો મોક્ષ થઈ જાય છે. આ રીતે જે સાધક રાગદ્વેષનો ત્યાગ કરે છે, તેને સંસારમાં પરિભ્રમણ કરવું પડતું નથી.

**ત્રણ બોલ :–**

**૪** **दंडाणं गारवाणं च, सल्लाणं च तियं तियं ।**
**जे भिक्खू चयइ णिच्चं, से ण अच्छइ मंडले ॥**

**શબ્દાર્થ :– दंडाणं तियं** = ત્રણ દંડ **गारवाणं तियं** = ત્રણ ગારવ, ત્રણ ગર્વ **सल्लाणं** = ત્રણ શલ્યો તેને **चयइ** = છોડી દે છે.

**ભાવાર્થ :–** જે ભિક્ષુ ત્રણ દંડ, ત્રણ ગર્વ અને ત્રણ શલ્યોનો ત્યાગ કરે છે તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**૫** **दिव्वे य जे उवसग्गे, तहा तेरिच्छमाणुसे ।**
**जे भिक्खू सहइ णिच्चं, से ण अच्छइ मंडले ॥**

**શબ્દાર્થ :– दिव्वे** = દેવ સંબંધી **तेरिच्छ** = તિર્યંચ સંબંધી **माणुसे** = મનુષ્ય સંબંધી **उवसग्गे** = ઉપસર્ગોનો **णिच्चं**= નિત્ય **सहइ** = સહન કરે છે.

**ભાવાર્થ :–** જે સાધુ દેવ, તિર્યંચ અને મનુષ્ય તરફથી આપવામાં આવતા ઉપસર્ગોને સદા સહન કરે છે, તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**વિવેચન :–**

**दंडाणं :–** જેમ અપરાધ કરવાથી વ્યક્તિ રાજા આદિ દ્વારા દંડિત થાય છે, તે દ્રવ્ય દંડ છે. તેમજ હિંસાદિની પ્રવૃત્તિઓથી થતાં કર્મબંધને કારણે આત્મા દંડાય છે, તેને ભાવદંડ કહે છે. ભાવદંડના ત્રણ પ્રકાર છે– મનદંડ, વચનદંડ અને કાયદંડ. દુષ્પ્રવૃત્તિમાં સંલગ્ન મન, વચન અને કાયા એ ત્રણે ય આત્માને દંડરૂપ થાય છે. તેથી સાધુએ આ ત્રણ દંડનો ત્યાગ કરવો અને પ્રશસ્ત મન, વચન અને કાયામાં પ્રવૃત્ત રહેવું જોઈએ.

**गारवाणं :–** ત્રણ ગારવ. અહંકારથી ઉત્પન્ન ચિત્તની વિકૃત સ્થિતિને ગારવ અથવા ગર્વ કહે છે. તેના પણ ત્રણ પ્રકાર છે– **ૠદ્ધિ ગારવ–** પોતાને પ્રાપ્ત થયેલી ૠદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિનું અભિમાન કરવું. **રસ ગારવ–** મનોજ્ઞ, પ્રિય રસવંતા ભોજનની ઉપલબ્ધિનું અભિમાન કરવું. **શાતા ગારવ–** શાતાવેદનીય કર્મજન્ય ભૌતિકસુખોનું અભિમાન કરવું. સાધકે આ ત્રણે ય પ્રકારના ગર્વથી નિવૃત્ત થઈને નિરભિમાનતા, મૃદુતા, નમ્રતા અને સરલતામાં પ્રવૃત્ત રહેવું જોઈએ.

**सल्लाणं :–** ત્રણ શલ્ય. કાંટાની તીક્ષ્ણતા(અણી) દ્રવ્ય શલ્ય છે. તે પગ વગેરેમાં પ્રવિષ્ટ થઈને જેમ તીવ્ર પીડા આપે છે, તેમ સાધકના આત્મામાં પ્રવિષ્ટ દોષરૂપ ભાવશલ્ય નિરંતર પીડા કરે છે, આત્મામાં ખટક્યા કરે છે. આ ભાવશલ્યના ત્રણ પ્રકાર છે– (૧) માયાશલ્ય– કપટયુક્ત આચરણ, (૨) નિદાનશલ્ય– તપ ત્યાગ વગેરેથી ઐહિક-પારલૌકિક, ભૌતિક સુખોની વાંછા કરવી અને (૩) મિથ્યાદર્શનશલ્ય– નવ તત્ત્વ સંબંધી મિથ્યા માન્યતા, વિપરીત દષ્ટિકોણ. આ ત્રણે ય શલ્યથી નિવૃત્તિ આવશ્યક છે. નિઃશલ્ય થવાથી જ વ્યક્તિ વ્રતી અથવા મહાવ્રતી બની શકે છે. તેમજ મહાવ્રતોની આરાધના પણ નિઃશલ્ય રહેવાથી જ થાય છે.

**ત્રણ ઉપસર્ગ :–** કોઈ પણ આપત્તિ કે કષ્ટોનું સર્જન થાય તેને ઉપસર્ગ કહે છે. ઉપસર્ગના મુખ્યત્વે ત્રણ પ્રકાર છે– **(૧) દેવ સંબંધી ઉપસર્ગ–** દેવો દ્વારા હાસ્યવશ, દ્વેષવશ અથવા પરીક્ષા કરવાના નિમિત્તે આપવામાં આવતા કષ્ટો. **(૨) તિર્યંચ સંબંધી ઉપસર્ગ–** તિર્યંચો દ્વારા ભય, પ્રદ્વેષ, આહાર, સ્વસંતાન રક્ષણ અથવા સ્વસ્થાન રક્ષણને માટે આપવામાં આવતા કષ્ટો. **(૩) મનુષ્ય સંબંધી ઉપસર્ગ–** મનુષ્ય દ્વારા હાસ્ય, દ્વેષ, સ્વાર્થવશ કે કુશીલ સેવનને માટે આપવામાં આવતા કષ્ટો.

સાધુ ત્રણે પ્રકારના ઉપસર્ગોને સમતાથી સહન કરે પરંતુ ઉપસર્ગ આપનારની સામે કોઈપણ જાતની પ્રતિક્રિયા કરી સામનો કરે નહીં; તેમજ ઉપસર્ગના સમયે રાગ-દ્વેષના ભાવો પણ કરે નહીં. આ રીતે વીરતા અને ક્ષમા ભાવપૂર્વક સહન કરવાથી તે સાધક પરીષહજયી બની જાય છે. તે સંસાર ભ્રમણને રોકીને મોક્ષ તરફ પ્રયાણ કરે છે.

**ચાર બોલ :–**

**६** **विगहा-कसाय-सण्णाणं, झाणाणं च दुयं तहा ।**
**जे भिक्खू वज्जइ णिच्चं, से ण अच्छइ मंडले ॥**

**શબ્દાર્થ :– विगहा-कसाय-सण्णाणं च** = ચાર વિકથા, ચાર કષાયો અને ચાર સંજ્ઞાઓ **झाणाणं दुयं** = બે ધ્યાન (આર્તધ્યાન અને રૌદ્રધ્યાન) **वज्जइ** = છોડી દે છે,

**ભાવાર્થ :–** જે ભિક્ષુ ચાર વિકથાઓ, ચાર કષાયો, ચાર સંજ્ઞાઓ અને આર્ત્તધ્યાન તથા રૌદ્રધ્યાન, તે બન્ને ધ્યાનનો હંમેશાં ત્યાગ કરે છે, તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**વિવેચન :–**

**विगहा :–** વિકથા. સંયમી જીવનને દૂષિત કરનાર અને સંયમ વિરુદ્ધ તથા નિરર્થક વાતોને વિકથા કહે છે. સાધુને આધ્યાત્મ સાધનામાં ધ્યાન, મૌન, જપ, સ્વાધ્યાય વગેરેમાં જ રસ રાખવો જોઈએ પરંતુ પોતાના અમૂલ્ય સમયને અને શક્તિને વિકથાઓમાં નિરર્થક નષ્ટ કરવો જોઈએ નહીં. વિકથાઓ મુખ્યત્વે ચાર છે– **સ્ત્રીકથા–** સ્ત્રીઓનાં રૂપ, લાવણ્ય, વસ્ત્રાભૂષણ વગેરે સંબંધી વાતો કરવી, **ભક્તકથા–** ભોજનની વાનગીઓ વગેરે સંબંધી ચર્ચામાં વ્યસ્ત રહેવું, રસમય ભોજનની ચર્ચા કરવી, **દેશકથા–** દેશોની વિવિધ વેશભૂષા, શ્રૃંગાર, ભોજન પદ્ધતિ, ગૃહ નિર્માણ કલા, રીત-રિવાજ વગેરેની નિંદા-પ્રશંસા કરવી. **રાજકથા–** શાસકોની સેના, રાણીઓ, યુદ્ધ– કળા, ભોગ વિલાસ વગેરેની ચર્ચા કરવી. સંયમની આરાધના માટે શ્રમણોએ ચારે ય વિક્થાઓથી નિવૃત્ત થવું અને આક્ષેપિણી, વિક્ષેપિણી, સંવેગિની, નિર્વેદિની વગેરે વૈરાગ્ય રસયુક્ત ધર્મકથાઓમાં પ્રવૃત્ત રહેવું જોઈએ.

**कसाय :–** કષાય. 'કષ' એટલે સંસાર, 'આય' એટલે પ્રાપ્તિ, જેનાથી સંસારની પ્રાપ્તિ થાય તેને કષાય કહે છે. કષાય કર્મોત્પાદક છે અને કર્મોથી જ દુઃખ થાય છે. કષાય ચાર છે– ક્રોધ, માન, માયા અને લોભ. શ્રમણોએ આ ચાર કષાયથી દૂર રહેતાં ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષઆદિ ગુણોને ધારણ કરવા જોઈએ.

**सण्णाणं :–** સંજ્ઞા. સંજ્ઞા પારિભાષિક શબ્દ છે. મોહનીય અને અશાતાવેદનીય કર્મના ઉદયથી ચેતનાશક્તિ વિકારયુક્ત થઈ જાય છે, તે વિકારયુક્ત આત્મપરિણતિ 'સંજ્ઞા' (વિકૃત અભિલાષા) કહેવાય છે. સંજ્ઞાઓ ચાર છે– આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા. આ ચારે ય સંજ્ઞાઓ ક્રમશઃ ક્ષુધાવેદનીય, ભયમોહનીય, વેદમોહનીય અને લોભમોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે. સાધુએ આ ચાર સંજ્ઞાઓથી નિવૃત્ત થવાનો અભ્યાસ કરીને નિરાહાર સંકલ્પ, નિર્ભયતા, બ્રહ્મચર્ય અને નિષ્પરિગ્રહતાના ભાવોમાં પ્રવૃત્ત રહેવું જોઈએ.

**झाणाणं च दुयं :–** બે ધ્યાન. અહીં જે બે ધ્યાનથી નિવૃત્ત થવાનો સંકેત છે, તે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન છે. એકાગ્ર થઈને એક જ વિષયનું ચિંતન કરવું, તે ધ્યાન છે. ધ્યાનના ચાર પ્રકાર છે– આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન.

ઈષ્ટ-પ્રિય વસ્તુ, વ્યક્તિ અને પરિસ્થિતિનો સદા સંયોગ રહે અને વિયોગ ન થાય તથા અનિષ્ટ-અપ્રિય વસ્તુ, વ્યક્તિ અને પરિસ્થિતિથી સદા મુક્ત રહેવાય, તે માટેનું સતત ચિંતન તે **આર્ત્તધ્યાન** છે. આર્તધ્યાનના પરિણામો જ્યારે તીવ્રતમ બની જાય અને વ્યક્તિ ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ માટે ક્રૂર પરિણામથી હિંસાદિ દુષ્પ્રવૃત્તિમાં લીન બની જાય, તે **રૌદ્રધ્યાન** છે. આ બન્ને ધ્યાન સંસારવર્ધક હોવાથી ત્યાગવા યોગ્ય છે. ધર્મધ્યાન અને શુક્લ ધ્યાન કર્મ નિર્જરાના સાધન હોવાથી સ્વીકારવા યોગ્ય છે.

**પાંચ બોલ :–**

**૭** **वएसु-इंदियत्थेसु, समिईसु किरियासु य ।**
**जे भिक्खू जयइ णिच्चं, से ण अच्छइ मंडले ॥**

**શબ્દાર્થ :– वएसु** = પાંચ મહાવ્રત **समिईसु** = પાંચ સમિતિઓના પાલનમાં તથા **इंदियत्थेसु** =

પાંચ ઇન્દ્રિયોના વિષયો અને **किरियासु** = પાંચ ક્રિયાઓના પરિત્યાગમાં **जयइ** = પ્રયત્ન કરે છે.

**ભાવાર્થ :–** જે ભિક્ષુ પાંચ મહાવ્રતો અને પાંચ સમિતિઓના પાલનમાં, પાંચ ઇન્દ્રિયોના વિષયો અને પાંચ પ્રકારની ક્રિયાઓના ત્યાગમાં સદા પ્રયત્નશીલ રહે છે, તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**વિવેચન :–**

**वएसु :–** પંચ મહાવ્રત. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ; આ પાંચ વ્રત છે. તે વ્રત જ્યારે મર્યાદિતરૂપમાં ગ્રહણ કરવામાં આવે છે ત્યારે અણુવ્રત કહેવાય છે અને તે વ્રત જ્યારે પૂર્ણતયા નવકોટિએ જીવનપર્યંત ગ્રહણ કરવામાં આવે ત્યારે તે મહાવ્રત કહેવાય છે. પ્રસ્તુતમાં શ્રમણોની ચરણ વિધિનું કથન હોવાથી મહાવ્રતોનું કથન છે, તે મહાવ્રત પાંચ છે– ત્રણ કરણ અને ત્રણ યોગથી જીવન પર્યંત હિંસાનો અસત્યનો, અદત્ત વસ્તુ ગ્રહણ કરવાનો, કુશીલનો અને પરિગ્રહનો પૂર્ણતયા ત્યાગ કરવો. મહાવ્રતો સંયમના મૂલ-મૌલિકગુણો છે.

**समिईसु :–** સમિતિ. યતના સાથે વિવેકયુક્ત પ્રવૃત્તિ કરવી–તે સમિતિ છે. સમિતિઓ પાંચ છે– ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાન-નિક્ષેપ સમિતિ અને પરિષ્ઠાપના સમિતિ. **(૧) ઈર્યા સમિતિ–** યુગ પરિમાણ– લગભગ સાડા ત્રણ હાથ ભૂમિને એકાગ્રચિત્તથી જોતાં જોતાં, જીવોની રક્ષા કરતાં, યતનાપૂર્વક ગમનાગમન કરવું. **(૨) ભાષા સમિતિ–** ભાષાના દોષોને ત્યજીને આવશ્યકતા પ્રમાણે યતનાપૂર્વક હિત, મિત, સંયમિત અને સ્પષ્ટ વચન બોલવા. **(૩) એષણા સમિતિ–** ગોચરી વિષયક ૪૨ દોષોથી રહિત શુદ્ધ આહાર-પાણી તથા વસ્ત્ર-પાત્ર વગેરે ઉપધિને ગ્રહણ કરવા. **(૪) આદાન-ભાંડમાત્ર-નિક્ષેપણા સમિતિ–** વસ્ત્ર-પાત્ર વગેરે ઉપકરણોને ઉપયોગપૂર્વક જયણાથી ગ્રહણ કરવા અને જીવરહિત પ્રમાર્જિત ભૂમિ ઉપર રાખવા. **(૫) પરિષ્ઠાપનિકા સમિતિ–** મળમૂત્ર વગેરે પરઠવવા યોગ્ય પદાર્થોને જીવરહિત એકાંત સ્થંડિલભૂમિમાં પરઠવા, વિસર્જન કરવા.

મુનિએ આ પાંચ સમિતિઓથી યુક્ત પ્રવૃત્તિ કરવામાં સદા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

**किरियासु :–** ક્રિયા. કર્મબંધ કરાવનારી ચેષ્ટા, તે ક્રિયા છે. આગમોમાં વિસ્તૃત અપેક્ષાએ ક્રિયાના ૨૫ ભેદ કહ્યા છે. પ્રસ્તુતમાં સંક્ષિપ્ત અપેક્ષાએ પાંચ ક્રિયાઓ કહી છે, તે આ પ્રમાણે છે– **(૧) કાયિકી–**શરીર સંચારથી લાગતી ક્રિયા **(૨) અધિકરણકી–**પોતાનું શરીર બીજા પ્રાણીઓ માટે અધિકરણ રૂપ થાય તે નિમિત્તે લાગતી ક્રિયા. **(૩) પ્રાદ્વેષિકી–**કષાયોના અસ્તિત્વથી લાગતી ક્રિયા. **(૪) પારિતાપનિકી–** કોઈ પ્રાણીને પરિતાપના(કષ્ટ) પહોંચાડવાથી લાગતી ક્રિયા. **(૫) પ્રાણાતિપાતિકી–** જીવ હિંસાથી થનારી ક્રિયા. સિદ્ધાંત અનુસાર પ્રારંભની ત્રણ ક્રિયાઓ સંસારના સમસ્ત જીવોને અને દસમા ગુણસ્થાન સુધીના મનુષ્યોને પણ નિરંતર લાગે છે. છેલ્લી બે ક્રિયાઓ જીવોને કયારેક લાગે અને કયારેક લાગતી નથી.

**इंदियत्थेसु :–** પાંચ ઇન્દ્રિયોના વિષયમાં. શબ્દ, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ, તે પાંચ ઇન્દ્રિયોના વિષય છે. તેમાં મનોજ્ઞ ઉપર રાગ અને અમનોજ્ઞ ઉપર દ્વેષ ન કરવો અર્થાત્ પાંચ ઇન્દ્રિય વિષયો પ્રત્યે રાગદ્વેષથી નિવૃત્ત થવું.

**છ બોલ :–**

**૮** **लेसासु छसु काएसु, छक्के आहार कारणे ।**
**जे भिक्खू जयइ णिच्चं, से ण अच्छइ मंडले ॥**

**શબ્દાર્થ :– छसु** = છ **लेसासु** = લેશ્યાઓમાં **काएसु** = છ કાયમાં અને **छक्के** = છ **आहार-कारणे** = આહાર કરવાના અને આહાર ત્યજવાનાં છ કારણો અંગે **जयइ** = ઉપયોગ રાખે છે.

**ભાવાર્થ :–** જે ભિક્ષુ છ લેશ્યાઓ, પૃથ્વીકાય આદિ છ કાયના જીવો અને આહાર કરવાના અને આહારનો ત્યાગ કરવાના છ-છ કારણોમાં સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**વિવેચન :–**

**लेसासु :–** લેશ્યાઓ. જીવના અધ્યવસાયરૂપ શુભાશુભ પરિણામો **ભાવ લેશ્યા** છે અને તેના દ્વારા શ્લેષરૂપે ગ્રહણ થતા પુદ્‌ગલો **દ્રવ્ય લેશ્યા** છે. તે દ્રવ્યલેશ્યા આત્મા દ્વારા ગ્રહણ કરાયેલા કર્મ પુદ્‌ગલોને આત્મા સાથે શ્લેષ કરે છે, ચોંટાડે છે. દ્રવ્ય અને ભાવ બંને પ્રકારની લેશ્યાઓ છ-છ પ્રકારની હોય છે– કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા. જે ઉત્તરોત્તર એક બીજાથી પ્રશસ્ત પ્રશસ્તતર હોય છે, તેમ છતાં પ્રારંભની ત્રણ અપ્રશસ્ત અને અંતિમ ત્રણ પ્રશસ્ત છે. સાધકને અપ્રશસ્ત લેશ્યાઓથી નિવૃત્ત થઈ પ્રશસ્ત લેશ્યાઓમાં રહેવું જોઈએ.

**छसु काएसु :–** ષટ્‌કાય. સંસારી જીવોના છ પ્રકાર છે, તેને ષટ્‌કાય કહે છે. પૃથ્વીરૂપ શરીરવાળા પૃથ્વીકાય જીવ, જલરૂપ શરીરવાળા અપ્કાય જીવ, અગ્નિરૂપ શરીરવાળા અગ્નિકાય જીવ, વાયુરૂપ શરીરવાળા વાયુકાય જીવ અને વનસ્પતિરૂપ શરીરવાળા વનસ્પતિકાય જીવ; તે પાંચ સ્થાવર છે. તેને ફક્ત એક સ્પર્શેન્દ્રિય જ હોય છે. ત્રસનામ કર્મના ઉદયથી ગતિશીલ શરીરધારી જીવો ત્રસકાયિક કહેવાય છે. તેના ચાર પ્રકાર છે– બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય. પંચેન્દ્રિયના પુનઃ ચાર પ્રકાર છે– નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ. આ સર્વ મળીને ષટ્‌કાયના જીવો કહેવાય છે. તે જીવોની હિંસાથી નિવૃત્તિ અને તેની રક્ષામાં પ્રવૃત્તિ રૂપ સતત સાવધાની રાખવી, તે ચારિત્રની આરાધના માટે આવશ્યક છે.

**छक्के आहार-कारणे :–** આહાર ગ્રહણ અને ત્યાગનાં છ-છ કારણો : પ્રસ્તુત સૂત્રના છવ્વીસમાં 'સામાચારી' અધ્યયનમાં આહાર કરવાના છ અને આહાર ન કરવાના છ કારણો બતાવેલાં છે. શ્રમણોએ આહાર કરવાનાં છ કારણો ઉપસ્થિત થાય, ત્યારે જ આહારમાં પ્રવૃત્તિ કરવી તથા આહાર ત્યાગ કરવાનાં છ કારણો ઉપસ્થિત થાય ત્યારે આહારનો ત્યાગ કરવો, તે જ કર્તવ્ય છે.

**સાત બોલ :–**

**९** **पिंडोग्गह पडिमासु, भयट्ठाणेसु सत्तसु ।**
**जे भिक्खू जयइ णिच्चं, से ण अच्छइ मंडले ॥**

**શબ્દાર્થ :– पिंडोग्गह-पडिमासु** = આહાર અને અવગ્રહ ગ્રહણ વિષયક સાત-સાત પડિમાઓ અંગે **सत्तसु** = સાત **भयट्ठाणेसु** = ભય સ્થાનોમાં **जे** = જે.

**ભાવાર્થ :–** સાત પિંડૈષણા અને સાત અવગ્રહ પડિમાઓ તથા સાત ભયસ્થાનોના વિષયમાં જે ભિક્ષુ હંમેશાં ઉપયોગ રાખે છે અર્થાત્ સાત પિંડૈષણા અને સાત અવગ્રહ પડિમાઓનું યથાશક્ય આસેવન અને ભયસ્થાનોનો ત્યાગ કરે, તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**વિવેચન :–**

**पिंडोग्गह पडिमासु :–** સાત પિંડૈષણાઓ અને સાત અવગ્રહ પડિમાઓ. શ્રી આચારાંગ સૂત્ર

દ્વિતીય શ્રુતસ્કંધનો પ્રથમ અધ્યયન પિંડૈષણા અને સાતમું અધ્યયન અવગ્રહ એષણાનું છે. તેમાં સાત-સાત પડિમાઓનું કથન છે. પ્રસ્તુતમાં **पिंड + उग्गह + पडिमासु,** આ શબ્દ દ્વારા તે બંને અધ્યયનમાં વર્ણિત પડિમાઓનો નિર્દેશ છે. **સાત પિંડૈષણાઓ–** સંસૃષ્ટા, અસંસૃષ્ટા, ઉદ્ધૃતા, અલ્પલેપિકા, ઉદ્‌ગૃહીતા, પ્રગૃહીતા અને ઉજ્ઝિત ધર્મા; તેનું સ્વરૂપ ત્રીસમા અધ્યયનની ૨૫મી ગાથાના વિવેચનમાં આપ્યું છે.

**સાત અવગ્રહ પ્રતિમા :–** અવગ્રહ– સાધુને રહેવાના સ્થાન સંબંધી સાત અભિગ્રહ છે– (૧) શય્યા-સ્થાન, મકાનની આજ્ઞા વિધિપૂર્વક ગ્રહણ કરવી અર્થાત્ તે સ્થાનના માલિક અથવા અધિષ્ઠાયક(મકાનના અધિકારી)ની આજ્ઞા લેવી. અને તેમાં સ્થાનની સીમા તથા શ્રમણોની સંખ્યા સંબંધી સ્પષ્ટતા કરી લેવી. (૨) અભિગ્રહરૂપે મુનિ પોતાના માટે, પોતાના સહવર્તી સાધુઓ માટે અને બંને માટે સ્થાનની યાચના કરે અને સ્વ-પર, ઉભય દ્વારા યાચિત સ્થાનમાં રહે. (૩) સ્વયં સ્વ-પર ઉભય માટે સ્થાનની યાચના કરે પરંતુ અન્ય દ્વારા યાચિત સ્થાનમાં ન રહે. (૪) પોતાના માટે જ સ્થાનની યાચના કરે પરંતુ અન્ય દ્વારા યાચિત સ્થાનમાં રહે. (૫) પોતાના માટે જ સ્થાનની યાચના કરે અને તે જ સ્થાનમાં રહે. અન્ય માટે સ્થાનની યાચના કરે નહીં કે અન્ય દ્વારા યાચિત સ્થાનમાં રહે નહીં. (૬) ગ્રહણ કરેલા સ્થાનમાં પાટ, પાટલા, ઘાસ આદિ હોય, તેનો ઉપયોગ કરે; અન્યત્ર જઈને પાટ, પાટલા વગેરે લાવે નહીં. (૭) ગ્રહણ કરેલા સ્થાનમાં પાટ, પાટલા આદિ જ્યાં જે રીતે પાથરેલા હોય, તે રીતે જ ઉપયોગ કરે, તેને સ્થાનાંતરિત કરે નહીં. આ રીતે સ્થાન અને સંસ્તારક સંબંધી સાત પડિમાઓ–અભિગ્રહો છે. તેમાંથી કોઈ પણ અભિગ્રહ ધારણ કરીને તેનું યોગ્ય આચરણ કરે.

સાધુએ આહાર સંબંધી અને સ્થાન સંબંધી સાત-સાત પ્રકારના અભિગ્રહમાંથી કોઈ પણ અભિગ્રહ ધારણ કરીને કર્મ નિર્જરાનો વિશેષ પુરુષાર્થ કરવો જોઈએ.

**સાત ભય :–** સાધુઓએ ભયથી મુક્ત રહીને નિર્ભયતાપૂર્વક સંયમમાં તલ્લીન રહેવું જોઈએ. ભયનાં કારણ અથવા સ્થાન સાત છે– **(૧) ઈહલોકભય–** સ્વજાતિનો ભય. મનુષ્યને મનુષ્યનો ભય, તિર્યંચને તિર્યંચનો ભય. **(૨) પરલોકભય–** ભિન્ન જાતિનો ભય. મનુષ્યને તિર્યંચ કે દેવોનો ભય, પશુને માનવોનો ભય. **(૩) આદાનભય–** ધન નાશ પામી જાય તેનો ભય, ચોરોથી ભય. **(૪) અકસ્માત્ ભય–** અણધારી પરિસ્થિતિ ઊભી થવાનો ભય. **(૫) આજીવિકાભય–** આજીવિકા ચલાવવાનો ભય. આજીવિકા ભયના સ્થાને સમવાયાંગ સૂત્રમાં વેદના ભય કહ્યો છે. **(૬) અપયશભય–** અપકીર્તિ થવાનો ભય. **(૭) મરણભય.** મૃત્યુ સંબંધી ભય. સાધુ સ્વયં સાત પ્રકારના ભયનો ત્યાગ કરી, નિર્ભય બનીને વિચરણ કરે છે અને તે જગતના સર્વ જીવોને પણ અભયદાન આપનારા હોય છે, તેથી સ્વયં ભયભીત થતાં નથી અને કોઈને ભયભીત કરતા નથી.

**આઠમો, નવમો અને દસમો બોલ :–**

**૧૦** **मएसु बंभगुत्तीसु, भिक्खूधम्मम्मि दसविहे ।**
**जे भिक्खू जयइ णिच्चं, से ण अच्छइ मंडले ॥**

**શબ્દાર્થ :– मएसु** = આઠ મદસ્થાનોના ત્યાગમાં **बंभगुत्तीसु** = નવ બ્રહ્મચર્ય ગુપ્તિઓનું પાલન કરવામાં **दसविहे** = દસ પ્રકારના **भिक्खू-धम्मम्मि** = ભિક્ષુધર્મ, યતિધર્મનું પાલન કરવામાં.

**ભાવાર્થ :–** જે ભિક્ષુ આઠ મદસ્થાનોના ત્યાગમાં, નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિઓના પાલનમાં અને

દસ પ્રકારના ભિક્ષુ ધર્મનું આચરણ કરવામાં સદા સાવધાની રાખે છે, પ્રયત્નશીલ રહે છે; તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**વિવેચન :–**

**मएसु :–** આઠ મદસ્થાન. માન મોહનીય કર્મના ઉદયથી આત્મામાં ઉત્કર્ષ(અહંકાર)રૂપ પરિણામ થાય, તે મદ છે. તેના આઠ ભેદ છે. જાતિમદ, કુલમદ, બળમદ, રૂપમદ, તપમદ, શ્રુતમદ, લાભમદ અને ઐશ્વર્યમદ. આ સર્વ મદસ્થાનોથી, મદોથી નિવૃત્તિ અને નમ્રતા, મૃદુતામાં પ્રવૃત્તિ માટે સાધુને સદા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

**बंभगुत्तीसु :–** બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓ. બ્રહ્મચર્યની સુરક્ષાને માટે નવ ગુપ્તિઓ(સંરક્ષક–વાડ) છે. તે આ પ્રમાણે છે– (૧) સ્ત્રી, પશુ અને નપુંસક રહિત સ્થાનમાં રહેવું. (૨) સ્ત્રી સંબંધી કથા-વાર્તા કરવી નહીં. (૩) સ્ત્રીઓ સાથે બેસવું નહીં તેમજ જે સ્થાન કે આસન પર સ્ત્રી બેઠી હોય તેના પર અમુક સમય સુધી બેસવું નહીં (૪) સ્ત્રીઓના અંગોપાંગને એકીટશે જોવા નહીં (૫) સ્ત્રી-પુરુષના કામાત્મક શબ્દ આદિનું શ્રવણ થાય ત્યાં રહેવું નહીં (૬) પૂર્વ સેવિત ભોગોનું સ્મરણ કરવું નહીં. (૭) સદા પ્રણીત-રસ (ગરિષ્ઠ) ભોજન કરવું નહીં. (૮) અતિમાત્રામાં ભોજન કરવું નહીં. (૯) વિભૂષા વૃત્તિ કરવી નહીં અર્થાત્ શરીર અને ઉપકરણો સંબંધી સજાવટ કરવી નહીં. સાધુ-સાધ્વીઓએ બ્રહ્મચર્ય વિરોધી આ નવેય વૃત્તિઓથી નિવૃત્તિ અને સંયમ પોષક ગુપ્તિઓમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. બ્રહ્મચર્યની સુરક્ષાના આ નિયમો (શિક્ષાઓ)માં જ્યાં પુરુષ માટે સ્ત્રી વર્જનનું કથન છે ત્યાં સ્ત્રી માટે પુરુષ વર્જનનું કથન સમજવું જોઈએ.

**भिक्खु-धम्मम्मि :–** દશવિધ શ્રમણ ધર્મ એટલે શ્રમણો માટે આવશ્યક ગુણો– (૧) ક્ષમા (૨) મુક્તિ– નિર્લોભતા (૩) આર્જવ–સરળતા (૪) માર્દવ–કોમળતા (૫) લાઘવ–લઘુતા (૬) સત્ય–આચાર-વિચાર પ્રત્યે સત્યનિષ્ઠા (૭) સંયમ– હિંસાદિ આશ્રવ ત્યાગ,(૮) તપ (૯) ત્યાગ– ખાદ્ય પદાર્થ વગેરેનો ત્યાગ અને પોતાના આહાર, વસ્ત્રાદિમાંથી અન્ય સાધુને નિમંત્રણ આપવું. આ પ્રકારનો વ્યવહાર ઉદારતા રૂપ હોવાથી તેનો ત્યાગમાં સમાવેશ થાય છે અને (૧૦) બ્રહ્મચર્ય. સાધુ– સાધ્વીઓ આ દશ ધર્મોમાં આત્માને સ્થાપિત કરીને તેનાથી વિપરીત દસ અવગુણોથી સદા દૂર રહે.

**અગિયારમો, બારમો બોલ :–**

**११** **उवासग पडिमासु, भिक्खूणं पडिमासु य ।**
**जे भिक्खू जयइ णिच्चं, से ण अच्छइ मंडले ॥**

**શબ્દાર્થ :– उवासग पडिमासु** = ઉપાસક પડિમા, શ્રાવકની ૧૧ પડિમાઓમાં **भिक्खूणं** = સાધુઓની **पडिमासु** = બાર પડિમાઓમાં.

**ભાવાર્થ :–** શ્રમણોપાસકોની અગિયાર પડિમાના નિરૂપણમાં અને ભિક્ષુઓની બાર પડિમાના પાલન તથા નિરૂપણમાં જે ભિક્ષુ સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**વિવેચન :–**

**पडिमा :–** પ્રતિજ્ઞા. સામાન્ય રીતે ચાલતી સાધનામાં કર્મોની વિશેષ નિર્જરા માટે સ્વીકારવામાં આવતા કઠિન નિયમો–અનુષ્ઠાનો માટે શાસ્ત્રમાં **पडिमा** શબ્દ પ્રયોગ છે. તેનો સરળ અર્થ છે– સાધક દ્વારા સ્વીકારવામાં આવતી વિશિષ્ટ પ્રતિજ્ઞાઓ.

**૧૧ શ્રાવક પડિમાઓ :–** શ્રાવકની અગિયાર પ્રતિજ્ઞાઓનાં નામ– (૧) સમ્યક્ત્વરૂપ વિશેષ પ્રતિજ્ઞા (૨) વિવિધ વ્રત નિયમરૂપ વિશેષ પ્રતિજ્ઞા (૩) ઉભયકાળ– સામાયિક અને ૧૪ નિયમ સ્વીકારવા માટે વિશેષ પ્રતિજ્ઞા (૪) પૌષધ સંબંધી વિશેષ પ્રતિજ્ઞા (૫) કાયોત્સર્ગ સંબંધી વિશેષ પ્રતિજ્ઞા (૬) અખંડ બ્રહ્મચર્ય ધારણ કરવું, તેમજ સ્નાનાદિનો ત્યાગ કરવો અને ધોતીની **ગાંઠ ન** બાંધવી, (૭)સચિત્તાહાર ત્યાગ પ્રતિજ્ઞા (૮) સ્વયં આરંભ ત્યાગ પ્રતિજ્ઞા (૯) આરંભ પ્રેરણા ત્યાગ પ્રતિજ્ઞા (૧૦) ઉદિષ્ટ આહાર ત્યાગ પ્રતિજ્ઞા (૧૧) શ્રમણ ભૂત આચરણ પ્રતિજ્ઞા.

**૧૨ ભિક્ષુ પડિમાઓ :– પ્રથમ પડિમા–** એક દત્તિ આહાર, એક દત્તિ પાણી ગ્રહણ કરવા, તેની કાલ મર્યાદા એક માસ. **બીજી પડિમા–** બે દત્તિ આહાર અને બે દત્તિ પાણી ગ્રહણ કરવા. તેની કાલ મર્યાદા એક માસ છે. **૩ થી ૭ પડિમાઓ ક્રમશઃ–** એક-એક દત્તિ આહાર અને એક-એક દત્તિ પાણી પ્રતિમાસ વધારતા જવું. તે દરેકની કાલ મર્યાદા એક-એક માસની છે. **આઠમી પડિમા–** એકાંતરે **ચૌવિહારા** ઉપવાસ કરી ૭ અહોરાત્ર(દિવસ-રાત) સુધી આરાધના કરવી. ગામમાં, નગરમાં, ઉદ્યાનમાં અથવા એકાંત સ્થાનમાં ઉત્તાનાસન, પાર્શ્વાસન અથવા નિષધાસનથી ધ્યાન કરવું, ઉપસર્ગ સહન કરવા. **નવમી પડિમા–** સાત અહોરાત્ર(દિવસ-રાત) સુધી એકાંતરે **ચૌવિહારા** ઉપવાસ કરવા. ગામની બહાર એકાંત સ્થાનમાં દંડાસન, લકુટાસન અથવા ઉત્કુટાસનથી ધ્યાન ધરવું. **દસમી પડિમા–** સાત અહોરાત્ર સુધી **એકાંતરે ચૌવિહારા** ઉપવાસ કરવા. ગામની બહાર એકાંતસ્થાનમાં ગોદુહાસન, વીરાસન અથવા આમ્રકુબ્જાસન આ ત્રણમાંથી કોઈપણ એક આસનમાં ધ્યાનસ્થ થવું. **અગિયારમી પડિમા–** એક અહોરાત્ર(આઠ પ્રહર)ની **ચૌવિહારા** છટ્ઠ કરી આરાધના કરવી.છટ્ઠના દિવસે નગરની બહાર ઊભા રહી ૨૪ કલાક કાયોત્સર્ગ કરવો. **(૧૨) બારમી પડિમા–** આ પડિમા ફક્ત એક રાત્રિની છે. **ચૌવિહારા** અટ્ઠમ કરી અટ્ઠમની રાત્રિએ ગામની બહાર ઊભા રહીને, માથાને થોડું નમાવીને, એક પુદ્ગલ ઉપર દષ્ટિ રાખતાં અનિમેષ નેત્રોથી કાયોત્સર્ગ કરવો, સમભાવથી ઉપસર્ગ સહન કરવા.

આ અગિયાર અને બાર પડિમાઓની શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરીને યથાશક્તિ આચરણ કરવું પરંતુ શક્તિને ગોપવવી નહીં તેમજ તેના પ્રત્યે અશ્રદ્ધાના ભાવો કરવા નહીં. સાધુ અને શ્રાવકની આ પડિમાઓનું વિસ્તૃત વર્ણન દશાશ્રુતસ્કંધ સૂત્રમાં છે.

**તેરમો, ચૌદમો અને પંદરમો બોલ :–**

**૧૨** **किरियासु भूयगामेसु, परमाहम्मिएसु य ।**
**जे भिक्खू जयइ णिच्चं, से ण अच्छइ मंडले ॥**

**શબ્દાર્થ :– किरियासु** = તેર ક્રિયાઓમાં **भूयगामेसु** = ચૌદ ભૂતગ્રામોમાં, જીવના ચૌદ ભેદોમાં **परमा- हम्मिएसु** = પંદર પરમાધાર્મિકોમાં.

**ભાવાર્થ :–** તેર પ્રકારના ક્રિયાસ્થાનોમાં, જીવના ચૌદ ભેદોમાં તથા પંદર પરમાધાર્મિક દેવોના વિષયમાં જે ભિક્ષુ હંમેશાં જતના-વિવેક રાખે છે, તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**વિવેચન :–**

**किरियासु :–** ક્રિયાઓ. ક્રિયાઓના સ્થાન અર્થાત્ કારણને ક્રિયાસ્થાન કહે છે. તે તેર ક્રિયાઓ આ પ્રમાણે છે– **(૧) અર્થક્રિયા–** પ્રયોજનપૂર્વક થતી ક્રિયા. **(૨) અનર્થક્રિયા–** પ્રયોજન વિના થતી

અનર્થકારી ક્રિયા. (૩) **હિંસાક્રિયા–** તેણે મને હણ્યો હતો, આ સંકલ્પથી કોઈને મારવાથી થતી ક્રિયા. (૪) **અકસ્માત્‌ક્રિયા–** એક જીવને મારવા જતાં વચ્ચે બીજા જીવો મરી જાય, તેનાથી લાગતી ક્રિયા. (૫) **દષ્ટિ વિપર્યાસ ક્રિયા–** દષ્ટિની વિપરીતતાથી અશત્રુને શત્રુ માનીને તેની હિંસા કરે તે. (૬) **મૃષાક્રિયા–** સંકલ્પ યુક્ત અસત્ય ભાષણથી લાગતી ક્રિયા. (૭) **અદત્તાદાનક્રિયા.** સંકલ્પ યુક્ત અદત્ત ગ્રહણ કરવાથી લાગતી ક્રિયા (૮) **અધ્યાત્મવર્તિકી ક્રિયા–** મનના અશુભ વિચારોથી લાગતી ક્રિયા. (૯) **માનક્રિયા–** અભિમાન કરવાથી લાગતી ક્રિયા (૧૦) **મિત્ર દ્વેષ પ્રત્યયિકીક્રિયા–** માતા-પિતા વગેરે સ્વજનોને નજીવા અપરાધમાં મોટો દંડ દેવાથી લાગતી ક્રિયા. (૧૧) **માયાક્રિયા–** કપટ કરવાથી લાગતી ક્રિયા (૧૨) **લોભક્રિયા–** લોભ કરવાથી લાગતી ક્રિયા (૧૩) **ઈર્યાપથિકીક્રિયા–** અપ્રમત્ત વીતરાગ સંયમીને ગમના- ગમનથી લાગતી ક્રિયા. સંયમી સાધકોને પ્રથમની બાર ક્રિયાઓ યોગ્ય નથી, માટે તેનાથી દૂર રહેવું જોઈએ તથા ઈર્યાપથિકી ક્રિયામાં સહજભાવથી પ્રવૃત્ત થવું જોઈએ.

**भूयगामेसु :–** ભૂતગ્રામ, પ્રાણી સમૂહ. જે પહેલાં હતા, વર્તમાને છે અને ભવિષ્યમાં હશે તે(તે જીવોને) ભૂત કહેવાય છે; તેના સમુદાયને ભૂતગ્રામ કહે છે. સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને સંજ્ઞી પંચેન્દ્રિય. આ સાતેના પર્યાપ્તા અને અપર્યાપ્તા મળીને કુલ ૧૪ ભેદ જીવ સમૂહના થાય છે. સાધુઓએ તેની વિરાધના ન કરવી જોઈએ અને તેની રક્ષા કરવામાં સાવધાન રહેવું જોઈએ.

**परमाहम्मिएसु :–** પંદર પરમાધાર્મિક– (૧) અંબ (૨) અંબરીષ (૩) શ્યામ (૪) શબલ, (૫) રૌદ્ર (૬) ઉપરૌદ્ર (૭) કાલ (૮) મહાકાલ (૯) અસિપત્ર (૧૦) ધનુષ (૧૧) કુંભ (૧૨) વાલુક (૧૩) વૈતરણી (૧૪) ખરસ્વર અને (૧૫) મહાઘોષ. આ પંદર પરમ અધાર્મિક અસુરદેવો, નારક જીવોને યાતના આપવામાં આનંદ માને છે. આ પરમાધાર્મિક દેવો જેવા સંક્લિષ્ટ પરિણામ અને ક્રૂર પ્રવૃત્તિ ન કરવી પણ શુભ પરિણામોમાં પ્રવૃત્ત થવું જોઈએ તેમજ તે પરમાધાર્મિક દેવો પ્રત્યે દ્વેષભાવ ન રાખતાં માધ્યસ્થભાવ રાખવો જોઈએ.

**સોળમો અને સત્તરમો બોલ :–**

**१३** **गाहा सोलसएहिं, तहा असंजमम्मि य ।**
**जे भिक्खू जयइ णिच्चं, से ण अच्छइ मंडले ॥**

**શબ્દાર્થ :– गाहासोलसएहिं** = સૂયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના ૧૬ અધ્યયનોમાં **तहा य** = અને **असंजमम्मि** = સત્તર પ્રકારનો અસંયમ.

**ભાવાર્થ :–** જે ભિક્ષુ સૂયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના ૧૬ અધ્યયનોમાં કથિતભાવો પ્રમાણે જીવનમાં અનુષ્ઠાન કરે અને સત્તર પ્રકારના અસંયમના ભાવોને છોડી તેનાથી વિપરીત સત્તર પ્રકારના સંયમમાં ઉપયોગ રાખે છે; તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**વિવેચન :–**

**गाहा-सोलसएहिं :–** આ શબ્દના બે પ્રકારે અર્થ થાય છે– (૧) ગાથા એટલે પાઠ, અધ્યયન. અહીં સૂત્રકૃતાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના ૧૬ અધ્યયન અભિપ્રેત છે (૨) ગાથા નામનું અધ્યયન સોળમું છે.

શ્રી સૂત્રકૃતાંગ સૂત્રના સોળ અધ્યયનો આ પ્રમાણે છે– (૧) સ્વસમય-પરસમય (૨) વૈતાલીય

૩) ઉપસર્ગ પરિજ્ઞા (૪) સ્ત્રીપરિજ્ઞા (૫) નરક વિભક્તિ (૬) વીર સ્તુતિ (૭) કુશીલ પરિભાષા (૮) વીર્ય (૯) ધર્મ (૧૦) સમાધિ (૧૧) માર્ગ (૧૨) સમવસરણ (૧૩) યથાતથ્ય (૧૪) ગ્રંથ. (૧૫) આદાનીય અને (૧૬) ગાથા. આ સોળ અધ્યયનોનો અભ્યાસ કરવો અને તે પ્રમાણે જ ઉચિત આચાર, વિચારનું સારી રીતે પાલન કરવું તેમજ અનાચાર કે દુર્વિચારોથી નિવૃત્ત થવું જોઈએ.

**असंजमम्मि :–** સત્તર પ્રકારના અસંયમ– (૧ થી ૯) પૃથ્વીકાયથી લઈને વનસ્પતિકાય અને બેઇન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના નવ પ્રકારના જીવોની હિંસામાં કૃત-કારિત-અનુમોદનારૂપથી પ્રવૃત્ત થવું તે અસંયમ છે. (૧૦) અજીવ અસંયમ– વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણોને અવિધિથી કામમાં લેવા તેમજ અમર્યાદિત તથા સદોષ ગ્રહણ કરવા, તે અસંયમ છે. (૧૧) પ્રેક્ષા અસંયમ– ભંડોપકરણોનું અવિધિએ પ્રતિલેખન કરવું અથવા પ્રતિલેખન ન કરવું તે અસંયમ છે. (૧૨) ઉપેક્ષા અસંયમ– સંયમ પાલનમાં મન, વચન, કાયાના યોગોને જતનાપૂર્વક ન પ્રવર્તાવવા અથવા અયતનાથી પ્રવર્તાવવા. (૧૩) અપહૃત્ય અસંયમ– અવિધિથી પરઠવું. (૧૪) પ્રમાર્જના અસંયમ– પ્રમાર્જન ન કરવું અથવા અવિધિથી કરવું. (૧૫) મનઃ અસંયમ– મનમાં દુર્ભાવ રાખવો. (૧૬) વચન અસંયમ– દુર્વચન બોલવા. (૧૭) કાય અસંયમ– ગમનાગમનાદિમાં અસંયમ, અવિવેક કરવો.

શ્રમણોએ ૧૭ પ્રકારના અસંયમથી નિવૃત્ત થવું અને ૧૭ પ્રકારના સંયમમાં પ્રવૃત્ત થવું જોઈએ.

**અઢારમો, ઓગણીસમો અને વીસમો બોલ :–**

**૧૪** **बंभम्मि णायज्झयणेसु, ठाणेसु असमाहिए ।**
**जे भिक्खू जयइ णिच्चं, से ण अच्छइ मंडले ॥**

**શબ્દાર્થ :– बंभम्मि** = અઢાર પ્રકારના બ્રહ્મચર્યના સંબંધમાં **णायज्झयणेसु** = જ્ઞાતાસૂત્રનાં ઓગણીસ અધ્યયનો અંગે **असमाहिए** = વીસ અસમાધિના **ठाणेसु** = સ્થાનોના સંબંધમાં.

**ભાવાર્થ :–** અઢાર પ્રકારના બ્રહ્મચર્યના સંબંધમાં, જ્ઞાતા સૂત્રનાં ઓગણીસ અધ્યયનોના ઉપદેશના વિષયમાં અને વીસ અસમાધિ સ્થાનોના વિષયમાં જે ભિક્ષુ સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**વિવેચન :–**

**बंभम्मि :–** અઢાર પ્રકારનાં બ્રહ્મચર્ય. દેવતાના વૈક્રિય શરીર સંબંધી ત્રણ કરણ, ત્રણ યોગથી ૩ × ૩ = ૯ પ્રકારે અને મનુષ્ય, તિર્યંચના ઔદારિક શરીર સંબંધી ત્રણ કરણ, ત્રણ યોગથી ૩ × ૩ = ૯ પ્રકારે, તેમ કુલ ૯ + ૯ = ૧૮ પ્રકારે કુશીલસેવનનો ત્યાગ કરી બ્રહ્મચર્યનું પાલન કરવું.

**णायज्झयणेसु :–** જ્ઞાતાધર્મકથા સૂત્રનાં ૧૯ અધ્યયનો– (૧) ઉત્ક્ષિપ્ત(મેઘકુમાર જીવન) (૨) સંઘાટ (૩) અંડ (૪) કૂર્મ (૫) શૈલક (૬) તુંબ (૭) રોહિણી (૮) મલ્લી (૯) માકંદી (૧૦) ચંદ્રમા (૧૧) દાવદવ (૧૨) ઉદક (૧૩) મંડુક (૧૪) તેતલી (૧૫) નંદીફલ (૧૬) અમરકંકા (૧૭) આકીર્ણક (૧૮) સુંસુમા દારિકા (૧૯) પુંડરીક. આ અધ્યયનોમાં દષ્ટાંતોના માધ્યમે શ્રમણો માટે હિતશિક્ષાઓ આપેલી છે, તેનું સંયમ-જીવનમાં મુનિએ યથાર્થ આરાધન કરવું.

**ठाणेसु असमाहिए :–** જે કાર્ય કરવાથી સંયમમાં યત્કિંચિત્ સ્ખલના થાય, સંયમ સમાધિનો ભંગ થાય તેવા આચરણને અસમાધિ સ્થાન કહે છે. તે વીસ અસમાધિ સ્થાન આ પ્રમાણે છે– (૧) ઝડપથી

ચાલે (૨) પોંજ્યા વિના ચાલે (૩) વિધિપૂર્વક ન પોંજે(૪) પાટ-પાટલા, શય્યા-આસન વગેરે અમર્યાદિત રાખે (૫) ગુર્વાદિકોનું અપમાન કરે (૬) સ્થવિર, વૃદ્ધ, આચાર્યાદિની અવહેલના-તિરસ્કાર કરે (૭) એકેન્દ્રિય જીવોની વિરાધના કરે. (૮) વારંવાર ક્રોધ કરે (૯) લાંબો સમય ક્રોધને ટકાવી રાખે (૧૦) નિંદા કરે (૧૧) નિશ્ચયકારી ભાષા બોલે (૧૨) નવો ક્લેશ ઉત્પન્ન કરે (૧૩) ઉપશાંત થયેલા ક્લેશની ઉદીરણા કરે (૧૪) અકાલમાં સ્વાધ્યાય કરે (૧૫) સચેત રજથી ખરડાયેલા હાથ-પગ હોય, તો પણ ભિક્ષા ગ્રહણ કરે (૧૬) લાગણી શૂન્ય બની પરસ્પર જીભાજોડી કરે(૧૭) પરસ્પર તપીને બોલે (૧૮) પરસ્પરમાં ક્લેશ કરે (૧૯) સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી અર્થાત્ આખો દિવસ ખા ખા કરે (૨૦) અસૂઝતા–દસ એષણા દોષયુક્ત આહાર-પાણી ગ્રહણ કરે. અસમાધિસ્થાનનું વિસ્તૃત વર્ણન શ્રીદશાશ્રુતસ્કંધ સૂત્રમાં છે.

આ અસમાધિ સ્થાનરૂપ દૂષિત આચરણ સંયમ જીવનમાં પ્રવેશ ન પામે, તેનું મુનિએ સતત ધ્યાન રાખવું જોઈએ.

**એકવીસમો અને બાવીસમો બોલ :-**

**१५** **एगवीसाए सबले, बावीसाए परीसहे ।**
**जे भिक्खू जयइ णिच्चं, से ण अच्छइ मंडले ॥**

**શબ્દાર્થ :– एगवीसाए** = એકવીસ **सबले** = શબલ દોષ અને **बावीसाए** = બાવીસ **परीसहे** = પરીષહોના વિષયમાં.

**ભાવાર્થ :–** એકવીસ શબલ દોષો અંગે અને બાવીસ પરીષહોના વિષયમાં જે ભિક્ષુ હંમેશાં ઉપયોગ રાખે છે, તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**વિવેચન :-**

**एगवीसाए सबले**– સ + બલ = બલવાન, સશક્ત, ભારે. સંયમાચરણમાં મોટા દોષોને અહીં **શબલ દોષ** કહ્યા છે.

**તે એકવીસ શબલ દોષ આ પ્રમાણે છે–** (૧) હસ્તકર્મ કરે (૨) મૈથુન સેવન કરે (૩) રાત્રિભોજન કરે (૪) આધાકર્મ દોષયુક્ત આહાર લે. (૫) શય્યાતરનો આહાર લે (૬) સાધુના નિમિત્તે બનાવેલો, ખરીદેલો તેમજ સામે લાવેલો આહાર ગ્રહણ કરે (૭) પ્રત્યાખ્યાન ભંગ કરે. (૮) છ–છ મહીને ગણ પરિવર્તન કરે. (૯) મહિનામાં ત્રણ વખત જાંઘ સુધીના પાણીવાળી નદી પાર કરે (૧૦) એક માસમાં ત્રણ વાર માયાસ્થાનોનું સેવન કરે (૧૧) રાજપિંડ ભોગવે (૧૨) જાણી જોઈને હિંસા કરે (૧૩) ઈરાદાપૂર્વક અસત્ય બોલે (૧૪) ઈરાદાપૂર્વક અદત્ત ગ્રહણ કરે (૧૫) ઈરાદાપૂર્વક સચિત્ત પૃથ્વીની નજીકમાં આસન, શયન ગ્રહણ કરે (૧૬) ઈરાદાપૂર્વક પાણીથી ભીના તથા સચિત્ત રજયુક્ત સ્થાનમાં સૂવે-બેસે તેમજ(૧૭) સચિત્ત પૃથ્વી, શિલા તથા કીડી, મંકોડા, તેના ઈંડા ઉધઈ વગેરે ત્રસ જીવો સહિતના લાકડા પર કે સ્થાનો ઉપર સૂવે-બેસે (૧૮) ઈરાદાપૂર્વક કંદમૂળ, પત્ર, પુષ્પાદિનું સેવન કરે (૧૯) વર્ષમાં દસ વાર નદી ઉતરે (૨૦) વર્ષમાં દસ વાર માયાસ્થાનનું સેવન કરે (૨૧) સચિત્ત જળવાળા હાથ, કડછી વગેરેથી અપાતો આહાર ગ્રહણ કરે આ શબલ-દોષોનું સેવન કરવાથી ચારિત્ર મલિન થઈ જાય છે, તેથી મુનિએ લક્ષપૂર્વક આ દોષોનો ત્યાગ કરવો જોઈએ.

**બાવીસ પરીષહ :–** આ સૂત્રના બીજા અધ્યયનમાં બાવીસ પરીષહોના નામ તથા સ્વરૂપનો ઉલ્લેખ કર્યો છે, સાધુઓએ આ પરીષહોને સમભાવથી સહન કરવા જોઈએ.

**ત્રેવીસમો અને ચોવીસમો બોલ :–**

**१६** **तेवीसाए सूयगडे, रूवाहिएसु सुरेसु य ।**
**जे भिक्खू जयइ णिच्चं, से ण अच्छइ मंडले ॥**

**શબ્દાર્થ :– सूयगडे** = સૂયગડાંગ સૂત્રના **तेवीसाए** = ત્રેવીસ અધ્યયનો અંગે **रूवाहिएसु** = રૂપાધિક, ત્રેવીસથી એક અધિક, અર્થાત્ ૨૪ પ્રકારના **सुरेसु** = દેવો અંગે.

**ભાવાર્થ :–** સૂત્રકૃતાંગ સૂત્રના ત્રેવીસ અધ્યયન અને ચોવીસ દેવોના વિષયમાં જે ભિક્ષુ હંમેશાં ઉપયોગ રાખે છે, તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**વિવેચન :–**

**तेवीसाए सूयगडे :–** સૂત્રકૃતાંગ સૂત્રનાં ૨૩ અધ્યયનો. પ્રથમ શ્રુતસ્કંધનાં ૧૬ અધ્યયનોનાં નામ ૧૬માં બોલમાં દર્શાવ્યા છે. દ્વિતીય શ્રુતસ્કંધનાં ૭ અધ્યયનો આ પ્રમાણે છે– (૧) પૌંડરીક (૨) ક્રિયાસ્થાન (૩) આહાર પરિજ્ઞા (૪) પ્રત્યાખ્યાન ક્રિયા (૫) આચારશ્રુત (૬) આર્દ્રકીય(આર્દ્રકુમાર) અને (૭) નાલંદીય. પ્રથમ શ્રુતસ્કંધનાં સોળ અને દ્વિતીય શ્રુતસ્કંધનાં સાત, સર્વ મળીને ત્રેવીસ અધ્યયનો થાય છે. તે ત્રેવીસ અધ્યયનોમાં કથિત શિક્ષાઓનું શ્રમણોએ યથાર્થ પાલન કરવું જોઈએ.

**रूवाहिएसु सुरेसु :–** ચોવીસ પ્રકારના દેવ– દશ પ્રકારના ભવનપતિ દેવો, આઠ પ્રકારના વ્યંતર દેવો, પાંચ પ્રકારના જ્યોતિષ્ક દેવો અને વૈમાનિક દેવ. અહીં સમસ્ત વૈમાનિક દેવોનો સામાન્યરૂપથી એક જ પ્રકાર ગણ્યો છે. બીજી વ્યાખ્યા અનુસાર ચોવીસ તીર્થંકર દેવોનું પણ ગ્રહણ થાય છે.

મુમુક્ષુએ ચોવીસ જાતિના દેવોના અસ્તિત્વમાં શ્રદ્ધા રાખવી જોઈએ, તેની પાસેથી કાંઈ મેળવવાની અપેક્ષા ન રાખવી અને તેમના જીવનની પ્રશંસા કે નિંદા ન કરવી પરંતુ તટસ્થભાવ રાખવો. ચોવીસ તીર્થંકરો પ્રત્યે શ્રદ્ધા ભક્તિ રાખવી અને તેમની આજ્ઞાનુસાર સમ્યગ્ આરાધના કરવી જોઈએ.

**પચ્ચીસમો અને છવ્વીસમો બોલ :–**

**१७** **पणवीस भावणासु, उद्देसेसु दसाइणं ।**
**जे भिक्खू जयइ णिच्चं, से ण अच्छइ मंडले ॥**

**શબ્દાર્થ :– पणवीस-भावणासु** = પાંચ મહાવ્રતોની ૨૫ ભાવનાઓમાં **दसाइणं** = દશાશ્રુતસ્કંધ આદિના **उद्देसेसु** = છવ્વીસ ઉદ્દેશો.

**ભાવાર્થ :–** પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાઓ તથા દશાશ્રુત સ્કંધનાં ૧૦ અધ્યયન, બૃહત્કલ્પનાં છ અધ્યયન અને વ્યવહાર સૂત્રનાં ૧૦ અધ્યયન; કુલ મળીને છવ્વીસ અધ્યયન(ઉદ્દેશક)ના વિષયમાં જે ભિક્ષુ સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**વિવેચન :–**

**पणवीस-भावणासु :–** પાંચ મહાવ્રતોની ૨૫ ભાવનાઓ. મહાવ્રતોને જે ભાવિત કરે, પુષ્ટ કરે અને તેની આરાધનામાં સહયોગી બને; તે ભાવનાઓ કહેવાય છે. **પ્રથમ મહાવ્રત**ની પાંચ ભાવના– (૧) ઈર્યાસમિતિ (૨) એષણા સમિતિ (૩) આદાન-નિક્ષેપસમિતિ (૪) મનસમિતિ અને (૫) વચન સમિતિ.

**બીજા મહાવ્રત**ની પાંચ ભાવનાઓ :– (૧) વિચારીને બોલવું (૨-૫) ક્રોધ, લોભ, ભય અને હાસ્ય, આ ચારેયનો વિવેક અર્થાત્ ક્રોધાદિનો ત્યાગ કરીને વચન બોલવા. ક્રોધાદિથી યુક્ત થઈને બોલવું નહીં.

**ત્રીજા મહાવ્રત**ની પાંચ ભાવનાઓ :– (૧) નિર્દોષ સ્થાનની યાચના કરીને તેમાં રહેવું. (૨) જો સ્થાન બહુ મોટું હોય તો રહેવા માટેના સ્થાનની મર્યાદા સ્પષ્ટ કરીને આજ્ઞા લેવી (૩) સ્થાનમાં રહેલા પાટ, પાટલા વગેરે ચીજ વસ્તુની અલગ આજ્ઞા લેવી (૪) ગુરુજનો તથા અન્ય રત્નાધિકો પાસેથી ભોજનની આજ્ઞા મેળવીને ભોજન કરવું (૫) સાધર્મિકો સાથે ભોજનનો સંવિભાગ કરવો.

**ચોથા મહાવ્રત**ની પાંચ ભાવનાઓ :– (૧) સ્ત્રીઓની કથા-વાર્તાનો ત્યાગ (૨) સ્ત્રીઓના અંગોપાંગનાં અવલોકનનો ત્યાગ (૩) અતિમાત્રા અને પ્રણીત આહાર-પાણીનો ત્યાગ (૪) પૂર્વે ભોગવેલા ભોગોના સ્મરણનો ત્યાગ (૫) સ્ત્રી વગેરેથી સેવિત શયનાસનનો ત્યાગ કરવો.

**પાંચમા મહાવ્રત**ની પાંચ ભાવનાઓ :– (૧ થી ૫) શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ પાંચે ય ઇન્દ્રિયોના વિષયોમાં મનોજ્ઞ વિષયો પર રાગભાવ અને અમનોજ્ઞ વિષયો પર દ્વેષભાવ ન રાખવો. આ ૨૫ ભાવનાઓ દ્વારા પાંચ મહાવ્રતોની રક્ષા કરવી તથા સંયમ વિરોધી ભાવનાઓથી નિવૃત્ત થવું.

**उद्देसेसु दसाइणं :–** દશાશ્રુતસ્કંધ સૂત્રના ૧૦ ઉદ્દેશા, બૃહત્કલ્પ સૂત્રના ૬ ઉદ્દેશા અને વ્યવહારસૂત્રના ૧૦ ઉદ્દેશા છે તે સર્વ મળીને ૨૬ ઉદ્દેશા થાય છે. આ ત્રણે ય સૂત્રોમાં સાધુ જીવનના આચાર વ્યવહારની ચર્ચા છે. સાધુઓએ આ ૨૬ ઉદ્દેશકો અનુસાર આચાર, વ્યવહાર અને આત્મશુદ્ધિનું આચરણ કરવું જોઈએ.

**સત્તાવીસમો અને અઠ્ઠાવીસમો બોલ :-**

**१८** **अणगारगुणेहिं च, पगप्पम्मि तहेव य ।**
**जे भिक्खू जयइ णिच्चं, से ण अच्छइ मंडले ॥**

**શબ્દાર્થ :– अणगार-गुणेहिं** = સાધુના ૨૭ ગુણોનો **पगप्पम्मि** = ૨૮ પ્રકારના આચાર પ્રકલ્પો અંગે સદા ઉપયોગ રાખે છે.

**ભાવાર્થ :–** ૨૭ પ્રકારના અણગાર ગુણોમાં અને આચાર પ્રકલ્પ એટલે આચારાંગ સૂત્ર અને નિશીથ સૂત્રના ૨૮ અધ્યયનોના વિષયમાં જે ભિક્ષુ સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**વિવેચન :-**

**अणगार-गुणेहिं :–** અણગારના સત્તાવીસ ગુણો આ પ્રમાણે છે– (૧ થી ૫) પાંચ મહાવ્રતોનું પાલન કરવું, (૬ થી ૧૦) પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો (૧૧ થી ૧૪) ક્રોધ, માન, માયા, લોભનો ત્યાગ કરવો (૧૫) ભાવસત્ય– અંતઃકરણ શુદ્ધ રાખવું, (૧૬) કરણ સત્ય– આચરણ શુદ્ધ રાખવું. (૧૭) યોગ સત્ય, (૧૮) ક્ષમા, (૧૯) વીતરાગતા, (૨૦) મન સમાધારણતા– મનની શુભ પ્રવૃત્તિ, (૨૧) વચન સમાધારણતા– વચનની શુભ પ્રવૃત્તિ, (૨૨) કાય સમધારણતા– કાયાની શુભ પ્રવૃત્તિ (૨૩) જ્ઞાન સંપન્નતા, (૨૪) દર્શન સંપન્નતા (૨૫) ચારિત્ર સંપન્નતા, (૨૬) વેદનાઓને સમ્યક્ સહન કરવી અને (૨૭) મારણાન્તિક કષ્ટ સમ્યક્ સહન કરવું.

**पगप्पम्मि :–** પ્રકલ્પ એટલે આચાર પ્રકલ્પ અધ્યયન. તે અઠ્ઠાવીસ છે. આચાર એટલે આચારાંગસૂત્ર અને પ્રકલ્પ એટલે નિશીથ અધ્યયન–નિશીથસૂત્ર. આ રીતે નિશીથસૂત્ર સહિત આચારાંગ સૂત્રને આચાર

પ્રકલ્પ કહેવાય છે. તેમાં મુનિ જીવનના આચાર અને દોષોના પ્રાયશ્ચિત્તોનું વર્ણન છે. તે બંને સૂત્રના મળીને ૨૮ અધ્યયન છે. જેમાં આચારાંગ **પ્રથમ શ્રુતસ્કંધ**ના ૯ અધ્યયન– (૧) શસ્ત્રપરિજ્ઞા, (૨) લોકવિજય, (૩) શીતોષ્ણીય, (૪) સમ્યક્ત્વ, (૫) લોકસાર, (૬) ધૂતાધ્યયન, (૭) મહાપરિજ્ઞા(આ અધ્યયન વિચ્છેદ પામ્યું છે.) (૮) વિમોક્ષ, (૯) ઉપધાનશ્રુત; **દ્વિતીય શ્રુત સ્કંધ**ના ૧૬ અધ્યયન– (૧) પિંડૈષણા, (૨) શય્યા (૩) ઈર્યા, (૪) ભાષા, (૫) વસ્ત્રૈષણા, (૬) પાત્રૈષણા, (૭) અવગ્રહપ્રતિમા, (૮ થી ૧૪) સપ્ત સપ્તતિકા (સાત સ્થાનાદિ એક એક), (૧૫) ભાવના અને (૧૬) વિમુક્તિ. **નિશીથસૂત્ર**ના ત્રણ અધ્યયન છે– (૧) ઉદ્‌ઘાતિક (લઘુમાસિક, લઘુ ચૌમાસી, લઘુ છમાસી) (૨) અનુદ્‌ઘાતિક (ગુરુમાસિક, ગુરુ ચૌમાસી, ગુરુ છમાસી) (૩) આરોપણા– પ્રાયશ્ચિત્તનું તપરૂપે પાલન. આ રીતે ૯ + ૧૬ + ૩ = ૨૮ થાય છે. શ્રમણોએ આ ૨૮ અધ્યયનોમાં વર્ણિત સાધ્વાચારનું પાલન કરવું અને તેમાં નિર્દિષ્ટ પ્રાયશ્ચિત્ત સ્થાનોનું સેવન નહીં કરવું.

**ઓગણત્રીસમો અને ત્રીસમો બોલ :–**

**૧૯** **पावसुयप्पसंगेसु, मोहठाणेसु चेव य ।**
**जे भिक्खू जयइ णिच्चं, से ण अच्छइ मंडले ॥**

**શબ્દાર્થ :– पावसुयप्पसंगेसु** = ૨૯ પ્રકારના પાપસૂત્રોમાં **मोहठाणेसु** = મોહનીય-કર્મ બાંધવાના ૩૦ સ્થાનોનોમાં **जयइ** = વિવેક રાખે છે, યતના કરે છે.

**ભાવાર્થ :–** ઓગણત્રીસ પાપશ્રુત-પ્રસંગોમાં અને ત્રીસ મોહસ્થાનોમાં જે ભિક્ષુ સદા યતના(જયણા) રાખે છે તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**વિવેચન :–**

**पावसुयप्पसंगेसु :–** પાપશ્રુત પ્રસંગ ૨૯ પ્રકારના છે. જેના અભ્યાસથી જીવને પાપ કરવાની ઈચ્છા થાય, જેના નિમિતે પાપ કર્મોનો આશ્રવ થાય છે, તે પાપશ્રુત કહેવાય છે. (૧) ભૌમ– ભૂમિકંપ વગેરે બતાવતું શાસ્ત્ર (૨) ઉત્પાદ– રુધિર વર્ષા, દિશાઓ લાલ થવી, ઈત્યાદિનાં શુભાશુભ ફળસૂચક શાસ્ત્ર, (૩) સ્વપ્નશાસ્ત્ર, (૪) અંતરિક્ષ વિજ્ઞાન, (૫) અંગશાસ્ત્ર, (૬) સ્વરશાસ્ત્ર, (૭) વ્યંજન શાસ્ત્ર– તલ, મસા આદિનું ફળ સૂચક શાસ્ત્ર, (૮) લક્ષણશાસ્ત્ર(હસ્ત રેખાદિનું જ્ઞાન આપતું શાસ્ત્ર). આ આઠે ય સૂત્ર, આઠેયની વૃત્તિ અને તેના પરની વાર્તિક, આ રીતે એક-એકના ત્રણ-ત્રણ ભેદ થવાથી ૨૪ શાસ્ત્ર થાય છે. ત્યાર પછી (૨૫) વિકથાનુયોગ, (૨૬) વિદ્યાનુયોગ, (૨૭) મંત્રાનુયોગ, (૨૮) યોગાનુયોગ– વશીકરણ વગેરે યોગ સૂચક શાસ્ત્ર (૨૯) અન્યતીર્થિકાનુયોગ– અન્ય તીર્થિકોના હિંસા પ્રધાન આચારશાસ્ત્ર. સંયમ આરાધક શ્રમણોએ આ ૨૯ પ્રકારના પાપાશ્રવજનક શાસ્ત્રોનો પ્રયોગ કરવો ન જોઈએ.

**मोहठाणेसु :–** મહામોહનીય કર્મબંધનાં ૩૦ સ્થાનો આ પ્રમાણે છે– (૧) ત્રસ જીવોને પાણીમાં ડૂબાડીને મારે (૨) ત્રસ જીવોના શ્વાસને રોકીને મારે (૩) ત્રસ જીવોને મકાનમાં બંધ કરી ધુમાડાથી શ્વાસ રૂંધીને મારે (૪) ત્રસ જીવોને માથા ઉપર ભીનું ચામડું વગેરે બાંધીને મારે (૫) ત્રસ જીવોને માથા ઉપર દંડ વગેરેનો ઘાતક પ્રહાર કરીને મારે (૬) પથિકોને દગો કરી લૂંટે (૭) ગુપ્ત રીતે અનાચાર સેવન કરે (૮) પોતે કરેલા મહાદોષનો આરોપ(કલંક) બીજા ઉપર મૂકે (૯) સભામાં સત્ય વાતને જાણીજોઈને છુપાવે, અર્ધ સત્ય જેવી મિશ્રભાષા બોલે (૧૦) પોતાના અધિકારી ઉપકારીને (અથવા રાજા)ને અધિકાર

અને સુખોપભોગ સામગ્રીથી વંચિત કરે (૧૧) બાલ બ્રહ્મચારી ન હોવા છતાં પોતાને બાલ બ્રહ્મચારી કહે (૧૨) બ્રહ્મચારી ન હોવા છતાં પોતે બ્રહ્મચારી હોય, તેવો ઢોંગ કરે (૧૩) આશ્રય દાતાનું ધન પડાવી લે, ચોરી લે (૧૪) કરેલા ઉપકારને ભૂલીને કૃતઘ્નતા કરે, ઉપકાર કરનારના સુખોનો નાશ કરે (૧૫) ગૃહપતિ, સંઘપતિ અથવા સેનાપતિ વગેરે પોષણકર્તાની હત્યા કરે (૧૬) રાષ્ટ્રનેતા જેવા પ્રસિદ્ધ શ્રેષ્ઠીની હત્યા કરે (૧૭) સમાજના આધારસ્તંભ વિશિષ્ટ પરોપકારી પુરુષની હત્યા કરે (૧૮) સંયમ માટે તત્પર મુમુક્ષુ અને દીક્ષિત સાધુને સંયમ ભ્રષ્ટ કરે (૧૯) અનંતજ્ઞાનીની નિંદા કરે તથા સર્વજ્ઞતા પ્રત્યે અશ્રદ્ધા કરે (૨૦) આચાર્ય અને ઉપાધ્યાયની સેવા ભક્તિ ન કરે (૨૧) અહિંસાદિ મોક્ષમાર્ગની નિંદા કરીને જનતાને તેનાથી વિમુખ કરે (૨૨) આચાર્ય અને ઉપાધ્યાયની નિંદા કરે (૨૩) પોતે બહુશ્રુત ન હોવા છતાં સ્વયંને બહુશ્રુત કહે (૨૪) તપસ્વી ન હોવા છતાં પોતાને તપસ્વી કહે (૨૫) શક્તિ હોવા છતાં રોગી, વૃદ્ધ, અશક્તની સેવા ન કરે (૨૬) જ્ઞાન, દર્શન, ચારિત્ર વિનાશક અને કામોત્પાદક કથાઓનો વારંવાર પ્રયોગ કરે (૨૭) પોતાના મિત્રો વગેરે માટે વારંવાર જાદુ, મંત્ર-તંત્ર, વશીકરણ આદિનો પ્રયોગ કરે (૨૮) ઐહિક, પારલૌકિક ભોગોની નિંદા કરીને ગુપ્ત રીતે તેનું સેવન કરે, તેમાં અતિ આસક્ત રહે (૨૯) દેવોની ઋદ્ધિ, દ્યુતિ, બલ, વીર્ય આદિની મજાક-મશ્કરી કરે (૩૦) પ્રત્યક્ષ દેવદર્શન થતાં ન હોય તો પણ, ''મને દેવદર્શન થાય છે'' તેવું અસત્ય બોલે.

કષાયોની તીવ્રતા અને ક્રૂરતાના કારણે મહામોહનીય કર્મબંધ થાય છે, તેથી તેના કારણોની કોઈ સીમા બાંધી શકાતી નથી. તો પણ શાસ્ત્રકારોએ મહામોહનીય કર્મબંધનાં મુખ્ય ત્રીસ કારણો કહ્યા છે. શ્રમણોએ તેનાથી હંમેશાં દૂર રહેવું જોઈએ.

**એકત્રીસમો, બત્રીસમો અને તેત્રીસમો બોલ :–**

**૨૦** **सिद्धाइगुण जोगेसु, तेत्तीसासायणासु य ।**
**जे भिक्खू जयइ णिच्चं, से ण अच्छइ मंडले ॥**

**શબ્દાર્થ :– सिद्धाइगुण** = સિદ્ધ ભગવાનના ૩૧ ગુણોમાં **जोगेसु** = બત્રીસ પ્રકારના યોગ સંગ્રહોમાં **तेत्तीसासायणासु** = તેત્રીસ આશાતનાઓમાં.

**ભાવાર્થ :–** સિદ્ધ ભગવંતોના ૩૧ અતિશય ગુણોમાં, બત્રીસ યોગ સંગ્રહોમાં, તેત્રીસ આશાતનાઓમાં જે ભિક્ષુ સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**વિવેચન :–**

**सिद्धाइगुण :–** સિદ્ધોના ૩૧ ગુણો. **सिद्धि पद प्राप्तास्तेषामादौ प्रथमकाल एवातिशायिनो वा गुणाः सिद्धादिगुणाः ।** સિદ્ધ ભગવંતના આદિ ગુણ. આદિ એટલે પ્રારંભ, સિદ્ધ અવસ્થા પ્રાપ્ત થવાના સમયે ઉપરોક્ત ૩૧ ગુણો પ્રગટ થાય છે, તેથી તે સિદ્ધ આદિ ગુણ કહેવાય છે. સંસારી જીવોને આઠ કર્મ હોય છે. તેમાં જ્ઞાનાવરણીયના ૫, દર્શનાવરણીયના ૯, વેદનીયના ૨, મોહનીયના ૨, (દર્શનમોહનીય, ચારિત્ર મોહનીય) આયુષ્યના ૪, નામકર્મના ૨, (શુભનામ, અશુભનામ), ગોત્રકર્મના ૨, (ઉચ્ચગોત્ર, નીચગોત્ર) અને અંતરાયકર્મના ૫, (દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાન્તરાય અને વીર્યાન્તરાય) આ પ્રમાણે આઠે ય કર્મોની મૂળ પ્રકૃતિઓના કુલ ભેદ ૫+૯+૨+૨+૪+૨+૨+૫ = ૩૧ છે. આ ૩૧ કર્મ પ્રકૃતિઓનો સંપૂર્ણ ક્ષય કરીને સિદ્ધ ભગવાન ૩૧ ગુણોથી યુક્ત બને છે. સિદ્ધોના ૩૧ ગુણો અન્ય રીતે

પણ થાય છે. જે આચારાંગ સૂત્રમાં કહ્યા છે, જેમ કે– પાંચ સંસ્થાન, પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ, ત્રણ વેદ, શરીર, આસક્તિ અને પુનર્જન્મ, આ ૩૧ દોષોના ક્ષયથી પણ ૩૧ ગુણ પ્રગટ થાય છે.

સાધકોએ સિદ્ધગુણોને પ્રાપ્ત કરવામાં સદા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

**जोगेसु** :– બત્રીસ યોગ સંગ્રહ– મન, વચન, કાયાના વ્યાપારને યોગ કહે છે. યોગના બે પ્રકાર છે. શુભ અને અશુભ. પ્રસ્તુત અધ્યયનમાં ચરણવિધિનું કથન હોવાથી અશુભ યોગથી નિવૃત્ત થઈને વિવિધ રીતે શુભ યોગરૂપે પ્રવૃત્તિ કરવી, તેને યોગસંગ્રહ કહે છે. સાધક જીવનમાં ઉપયોગી અને આવશ્યક તે બત્રીસ બોલ આ પ્રમાણે છે– (૧) આલોચના– ગુરુજન સમક્ષ સ્વ-દોષ નિવેદન (૨) અપ્રગટીકરણ– કોઈના દોષોને કે આલોચનાને સાંભળીને બીજાઓની સામે ન કહેવા (૩) સંકટમાં ધર્મ દઢતા રાખવી (૪) આસક્તિ કે આશા રહિત તપ કરવું (૫) ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષાનો અભ્યાસ કરવો (૬) નિષ્પ્રતિકર્મતા– નિષ્કારણ શરીરની સેવા પરિચર્યા અને ઉપકરણોના સુધાર સંસ્કાર કાર્યો ન કરવા(૭) અજ્ઞાતતા– પૂજા-પ્રતિષ્ઠાના મોહને ત્યાગી ગુપ્ત તપ વગેરે કરવું (૮) નિર્લોભતા, (૯) તિતિક્ષા (૧૦) આર્જવ (૧૧) શુચિ– સત્ય અને સંયમની પવિત્રતા (૧૨) સમ્યક્ત્વ શુદ્ધિ, (૧૩) સમાધિ– ચિત્ત પ્રસન્નતા (૧૪) માયા રહિત આચારપાલન કરવું. (૧૫) વિનય (૧૬) ધૈર્ય (૧૭) સંવેગ– મોક્ષ અભિલાષા અથવા સંસારથી વિરક્તિ (૧૮) પ્રણિધિ– માયા શલ્યથી રહિત થવું (૧૯) સુવિધિ– વિધિપૂર્વક સદ્ અનુષ્ઠાન (૨૦) સંવર– પાપ આશ્રવનો નિરોધ કરવો. (૨૧) દોષશુદ્ધિ (૨૨) સર્વકામભોગ વિરક્તિ (૨૩) મૂળ ગુણોનું શુદ્ધ પાલન (૨૪) ઉત્તરગુણોનું શુદ્ધ પાલન (૨૫) વ્યુત્સર્ગ– કાયોત્સર્ગ કરવો (૨૬) અપ્રમાદ– પ્રમાદ ન કરવો (૨૭) સંયમ યાત્રામાં પ્રતિક્ષણ સાવધાની (૨૮) શુભધ્યાન (૨૯) મારણાંતિક વેદના સમયે ધીરજ રાખવી. (૩૦) સંગ પરિત્યાગ (૩૧) ગ્રહણ કરેલ પ્રાયશ્ચિત્તનું આચરણ કરવું અને (૩૨) અંતિમ સમયે સંલેખના કરીને મારણાન્તિક આરાધના કરવી.

આચાર્ય જિનદાસ બત્રીસ યોગ સંગ્રહનું કથન બીજી રીતે કરે છે. ધર્મધ્યાનના ૧૬ ભેદ તથા શુક્લધ્યાનના ૧૬ ભેદ, એમ બન્ને મળીને ૩૨ ભેદ થાય છે.

**तेत्तीसासायणासु** :– (૧) જે પ્રવૃત્તિ આત્મગુણોનો નાશ કરે, તેને **આશાતના** કહે છે. (૨) આશાતના એટલે વિરાધના, ગુરુદેવ વગેરે પૂજ્ય પુરુષોની અવહેલના, ઉપેક્ષા, નિંદા કે અભદ્ર વ્યવહાર વગેરેથી માનસિક, શારીરિક કષ્ટ પહોંચાડવું, તેને આશાતના કહે છે. આ પ્રકારના વ્યવહારોથી પણ આત્મગુણોનો નાશ થાય છે.

(૧) ગુરુ ભગવંતોની આગળ આગળ ચાલે (૨) ગુરુ ભગવંતોની બરાબર સાથે (એક હારમાં) ચાલે (૩) ગુરુ ભગવંતોની પાછળ અવિનયપૂર્વક ચાલે (૪) ગુરુ ભગવંતોની આગળ ઊભો રહે (૫) ગુરુ ભગવંતોની બરાબર સાથે હારમાં ઊભો રહે (૬) ગુરુ ભગવંતને પાછળ અડીને ઊભો રહે (૭) ગુરુ ભગવંતની આગળ બેસે (૮) એક જ હારમાં બેસે (૯) પાછળ અડીને બેસે (૧૦-૧૧) ગુરુ ભગવંતની પહેલાં શૌચ નિવૃત્તિ કરી ઉપાશ્રયમાં પહેલાં આવી જાય તેમજ ઉપાશ્રયમાં સાથે આવીને પણ ઈર્યાવહિનો કાયોત્સર્ગ ગુરુ આદિથી પહેલાં કરે (૧૨) ગુરુ ભગવંતને જેની સાથે વાર્તાલાપ કરવાનો હોય તેવા વિશિષ્ટ પુરુષની સાથે ગુરુ ભગવંતથી પણ પહેલાં વાર્તાલાપ કરી લે (૧૩) ગુરુ ભગવંત પૂછે કે કોણ જાગે છે ? કોણ સૂતા છે ? તે સમયે જાગતા હોવા છતાં જવાબ ન આપે (૧૪) ભિક્ષા લાવીને પહેલાં નાના સાધુની પાસે ભિક્ષા સંબંધિત આલોચના કરે, પછી ગુરુ ભગવંતો પાસે આલોચના કરે (૧૫) લાવેલી ભિક્ષા પહેલાં નાના સાધુને દેખાડે, ત્યાર પછી ગુરુ ભગવંતને દેખાડે (૧૬) લાવેલી ભિક્ષા, ઉપયોગમાં લેતાં પહેલાં નાના સાધુને નિમંત્રણ આપે અને પછી ગુરુ ભગવંતોને

નિમંત્રણ આપે (૧૭) ભિક્ષા પ્રાપ્ત આહારમાંથી ગુરુ ભગવંતોને પૂછ્યા વિના ઈચ્છિત-મનોજ્ઞ આહાર પોતાના પ્રિય સાધુઓને આપી દે (૧૮) ગુરુ ભગવંતોની સાથે ભોજન કરતા સમયે સરસ આહાર કરવાની ઉતાવળ કરે (૧૯) ગુરુ ભગવંત બોલાવે ત્યારે સાંભળ્યું, ન સાંભળ્યું કરી દે (૨૦) ગુરુ ભગવંત બોલાવે, ત્યારે પોતાની જગ્યાએ બેઠા બેઠા જ ઉત્તર આપે (૨૧) ગુરુ ભગવંતને અનાદરપૂર્વક 'અરે !, તું' જેવા શબ્દોથી બોલાવે (૨૨) ગુરુ ભગવંતને અનાદરભાવથી "શું કહી રહ્યા છો ?"– એમ કહે (૨૩) ગુરુ ભગવંતને કઠોર શબ્દથી સંબોધિત, આમંત્રિત કરે અથવા તેની સમક્ષ ઊંચા અવાજે બોલે (૨૪) ગુરુ ભગવંતનો કોઈ 'શબ્દ' પકડી પછી તે શબ્દનો ઉપયોગ કરી તેમની અવજ્ઞા કરે (૨૫) ગુરુ ભગવંત વ્યાખ્યાન કરી રહ્યા હોય તે સમયે વચમાં બોલી ઉઠે કે "આ એમ નથી, આમ છે" (૨૬) ગુરુ ભગવંત વ્યાખ્યાન આપી રહ્યા હોય ત્યારે 'તમે ભૂલી ગયા છો !' એમ બોલી ઊઠે (૨૭) ગુરુ ભગવંત વ્યાખ્યાન આપી રહ્યા હોય ત્યારે અન્યમનસ્ક રહે. (૨૮) ગુરુ ભગવંત વ્યાખ્યાન આપી રહ્યા હોય તે સમયે અધવચ્ચે જ પરિષદને ભંગ કરી દે (૨૯) ગુરુ ભગવંત વ્યાખ્યાન આપી રહ્યા હોય ત્યારે વચ્ચે તથાપ્રકારનું વર્તન કરીને કથાનો વિચ્છેદ કરે (૩૦) ગુરુ ભગવંત વ્યાખ્યાન આપી રહ્યા હોય ત્યારે વચ્ચે જ પોતે વ્યાખ્યાન આપવાનો પ્રયત્ન કરે (૩૧) ગુરુ ભગવંતનાં ઉપકરણોને પગ લાગતાં વિનયપૂર્વક ક્ષમાયાચના ન કરે (૩૨) ગુરુ ભગવંતના પાથરણા ઉપર ઊભા રહે, બેસે અથવા સૂવે (૩૩) ગુરુ ભગવંતથી ઊંચે અથવા બરાબરના આસન ઉપર ઊભા રહે, બેસે અથવા સૂવે. આ ૩૩ આશાતનાઓથી સાધકોએ સર્વથા દૂર રહીને ગુરુજનો પ્રત્યે વિનય ભક્તિ, બહુમાન કરવું જોઈએ. આ રીતે આ તેત્રીસ, **પ્રવૃત્તિની અપેક્ષાએ** આશાતનાઓનું કથન છે. **વ્યક્તિ આદિ અન્ય અપેક્ષાએ** આસાતનાઓનું કથન આ પ્રમાણે પ્રચલિત છે–

(૧) અરિહંતોની આશાતના (૨) સિદ્ધોની આશાતના (૩) આચાર્યોની આશાતના (૪) ઉપાધ્યાયોની આશાતના (૫) સાધુઓની આશાતના (૬) સાધ્વીઓની આશાતના (૭) શ્રાવકોની આશાતના (૮) શ્રાવિકાઓની આશાતના (૯) દેવોની આશાતના (૧૦) દેવીઓની આશાતના (૧૧) ઇહલોકની આશાતના (૧૨) પરલોકની આશાતના (૧૩) સર્વજ્ઞપ્રણીત ધર્મની આશાતના (૧૪) સર્વ પ્રાણ, ભૂત, જીવ, સત્વની આશાતના (૧૫) દેવ, મનુષ્ય, અસુર સહિત સમગ્ર લોકની આશાતના (૧૬) કાલની આશાતના (૧૭) શ્રુતની આશાતના (૧૮) શ્રુત દેવતાની આશાતના (૧૯) વાચનાચાર્યની આશાતના (૨૦) જં વાઈદ્ધં– સૂત્રના અક્ષર, પદ આઘા પાછા બોલ્યા હોય (૨૧) વચ્ચામેલિયં– એક સૂત્રનો પાઠ બીજા સૂત્રમાં બોલ્યો હોય (૨૨) હીણક્ખરં– અક્ષરો ઓછા બોલ્યા હોય (૨૩) અચ્ચક્ખરં– અક્ષરો અધિક બોલ્યા હોય (૨૪) પયહીણં– પદ ઓછા બોલ્યા હોય (૨૫) વિણયહીણં– સૂત્રો વિનયરહિત બોલ્યા હોય (૨૬) જોગહીણં– સંયુક્તાક્ષર યોગ્ય રીતે ન ભણ્યા હોય (૨૭) ઘોષહીણં– શુદ્ધ ઉચ્ચાર ન કર્યો હોય. (૨૮) સુટ્ઠુદિન્નં– શ્રેષ્ઠ જ્ઞાન અવિનીત શિષ્યને આપ્યું હોય (૨૯) દુટ્ઠુપડિચ્છિયં– જ્ઞાન અવિનય ભાવે માઠી રીતે ગ્રહણ કર્યું હોય (૩૦) અકાલે કઓ સજ્ઝાઓ ચાર સંધ્યાકાલ આદિ અકાલમાં સ્વાધ્યાય કર્યો હોય (૩૧) કાલે ન કઓ સજ્ઝાઓ– સ્વાધ્યાયકાલમાં સ્વાધ્યાય ન કર્યો હોય (૩૨) અસજ્ઝાએ સજ્ઝાયં– બત્રીસ અસ્વાધ્યાયમાં, સ્વાધ્યાય કર્યો હોય (૩૩) સજ્ઝાએ ન સજ્ઝાયં– સ્વાધ્યાય કરવા યોગ્ય સમયે સ્વાધ્યાય ન કર્યો હોય.

નાના–મોટા કોઈપણ જીવોનો તિરસ્કાર કે ઉપેક્ષા સ્વયંને હાનિકારક થાય છે. તેથી સાધકોએ ઉપકારી પુરુષો સાથે વિનયપૂર્વકનો વ્યવહાર કરવો જોઈએ.

શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર અને શ્રી સમવાયાંગ સૂત્રમાં ગુરુ અને રત્નાધિકો સાથેના અનુચિત વ્યવહારની અર્થાત્ **પ્રવૃત્તિની અપેક્ષાએ** જ તેત્રીસ આશાતનાઓનું કથન થયું છે.

**ઉપસંહાર :–**

**૨૧** **इइ एएसु ठाणेसु, जे भिक्खू जयइ सया ।**
**खिप्पं सो सव्व संसारा, विप्पमुच्चइ पंडिओ ॥ त्तिबेमि ॥**

**શબ્દાર્થ :– इइ** = આ પ્રકારે **एएसु** = ઉપર કહેલાં **ठाणेसु** = સ્થાનોમાં **जयइ** = છોડવા યોગ્ય સ્થાનોનો ત્યાગ કરે, જાણવા યોગ્ય સ્થાનોનાં સ્વરૂપને જાણે અને ગ્રહણ કરવા યોગ્ય સ્થાનોને ગ્રહણ કરે છે **सो** = તે **पंडिओ** = પંડિત પુરુષ **खिप्पं** = શીઘ્ર, તુરંત **सव्व संसारा** = સમસ્ત સાંસારિક બંધનોથી **विप्पमुच्चइ** = છૂટી જાય છે.

**ભાવાર્થ :–** આ રીતે જે પંડિત ભિક્ષુ આ સ્થાનોમાં સતત ઉપયોગ રાખે છે અર્થાત્ હેય, ઉપાદેય અને જ્ઞેય બોલોનો યોગ્ય વિવેક કરે, તે શીઘ્ર સર્વ સંસારથી મુક્ત બને છે.

**ચરણવિધિના એકથી તેત્રીસ બોલમાં હેય અને ઉપાદેય :–**

| ક્રમ | બોલ | હેય<br>છોડવા યોગ્ય | ઉપાદેય<br>સ્વીકારવા યોગ્ય |
|---|---|---|---|
| ૧ | **અસંયમ** | ✓ | ✓ |
| | ૧ સંયમ | × | ✓ |
| ૨ | **બંધન**– રાગ, દ્વેષ | ✓ | × |
| ૩ | **દંડ**– મન, વચન, કાયા | ✓ | × |
| | **શલ્ય**– માયા, નિદાન, મિથ્યાત્વ | ✓ | × |
| | **ગારવ**– ઋદ્ધિ, રસ, શાતા | ✓ | × |
| | **ઉપસર્ગ**– મનુષ્ય, તિર્યંચ અને દેવસંબંધી | × | સહન કરે |
| ૪ | **વિકથા**– સ્ત્રીકથા, ભત્તકથા, દેશકથા, રાજકથા | ✓ | × |
| | **કષાય**– ક્રોધ, માન, માયા, લોભ | ✓ | × |
| | **સંજ્ઞા**– આહાર, ભય, મૈથુન, પરિગ્રહ સંજ્ઞા | ✓ | × |
| | **ધ્યાન**– આર્તધ્યાન, રૌદ્ર ધ્યાન | ✓ | × |
| | ધર્મધ્યાન, શુક્લધ્યાન | × | ✓ |
| ૫ | **મહાવ્રત**– અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ | × | ✓ |
| | **ઇન્દ્રિયવિષય**– શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ(આસક્તિ) | ✓ | × |
| | **સમિતિ**– ઈર્યા, ભાષા, એષણા, આદાન, પરિષ્ઠાપનિકા | × | પાલન કરે |
| | **ક્રિયા**– કાયિકી,અધિકરણી,પ્રાદ્વેષિકી,પારિતાપનિકી,પ્રાણાતિપાતિકી | ✓ | × |
| ૬ | **લેશ્યા**– કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યા | ✓ | × |

| ક્રમ | બોલ | હેય<br>છોડવા યોગ્ય | ઉપાદેય<br>સ્વીકારવા યોગ્ય |
|---|---|---|---|
| | તેજો, પદ્મ, શુક્લ લેશ્યા | × | ✓ |
| | **કાય–** પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાય. | × | દયાપાળે |
| | **આહાર–** આહાર ગ્રહણ અને ત્યાગના છ-છ કારણો | × | ✓ |
| ૭ | **પિંડૈષણા–** આહાર ગ્રહણ કરવા સંબંધી સાત અભિગ્રહ | × | ✓ |
| | **અવગ્રહ પડિમા–** સ્થાન સંબંધી સાત અભિગ્રહ | × | ✓ |
| | **ભય–** ઈહલોક, પરલોક આદિ સાત. | ✓ | × |
| ૮ | **મદ–** જાતિ, કુલ, બલ, રૂપ, તપ, શ્રુત, લાભ, ઐશ્વર્યમદ | ✓ | × |
| ૯ | **બ્રહ્મચર્યગુપ્તિ** – નવ વાડ | × | ✓ |
| ૧૦ | **યતિધર્મ–** ક્ષમા, નિર્લોભતા આદિ | × | ✓ |
| ૧૧ | **પડિમા–** શ્રાવકની અગિયાર પડિમા | × | ✓ |
| ૧૨ | **પડિમા–** સાધુની બાર પડિમા | × | ✓ |
| ૧૩ | **ક્રિયાસ્થાન–** અર્થ દંડ વગેરે તેર. | ✓ | × |
| ૧૪ | **ભૂતગ્રામ–** સૂક્ષ્મ એકેન્દ્રિયના પર્યાપ્તા-અપર્યાપ્તા વગેરે ચૌદ. | × | દયાપાળે |
| ૧૫ | **પરમાધામી દેવો–** તેના જેવા કે તેના પ્રત્યે સંક્લિષ્ટ પરિણામો | ✓ | × |
| ૧૬ | **અધ્યયન સોળ–** સૂત્રકૃતાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધ કથિત ભાવો | છોડવા યોગ્ય છોડે | આદરવા યોગ્ય આદરે |
| ૧૭ | **અસંયમ–** સત્તર પ્રકારનો | ✓ | × |
| ૧૮ | **બ્રહ્મચર્ય–** અઢાર પ્રકારનો | × | ✓ |
| ૧૯ | **જ્ઞાતાસૂત્રના–** ૧૯ અધ્યયનોમાં કથિત ભાવો | છોડવા યોગ્ય છોડે | આદરવા યોગ્ય આદરે |
| ૨૦ | **અસમાધિસ્થાન** | ✓ | × |
| ૨૧ | **શબલદોષ** | ✓ | × |
| ૨૨ | **પરીષહ** | × | જીતે |
| ૨૩ | **સૂયગડાંગ સૂત્રના–** ૧૬+૭ = ૨૩ અધ્યયન કથિત ભાવો | છોડવા યોગ્ય છોડે | આદરવા યોગ્ય આદરે |
| ૨૪ | દેવોના વિષયમાં માધ્યસ્થ ભાવ<br>તીર્થંકરોના વિષયમાં શ્રદ્ધા–ભક્તિ | × | ✓ |
| ૨૫ | **ભાવના–** પાંચ મહાવ્રતોની ૨૫ ભાવના | × | ✓ |
| ૨૬ | **ત્રણ છેદ સૂત્રોના** – ૧૦+૬+૧૦=૨૬ અધ્યયન કથિત ભાવો. | છોડવા યોગ્ય છોડે | આદરવા યોગ્ય આદરે |

| ક્રમ | બોલ | હેય<br>છોડવા યોગ્ય | ઉપાદેય<br>સ્વીકારવા યોગ્ય |
|---|---|---|---|
| ૨૭ | **અણગાર ગુણ–** સત્તાવીસ. | × | ✓ |
| ૨૮ | **આચારપ્રકલ્પ–** આચારાંગ-નિશીથના ૨૮ અધ્યયન કથિત ભાવો | છોડવા યોગ્ય છોડે | આદરવા યોગ્ય આદરે |
| ૨૯ | **પાપશ્રુત–** | ✓ | × |
| ૩૦ | **મહામોહનીય સ્થાન** | ✓ | × |
| ૩૧ | **સિદ્ધોના ગુણ–** ૩૧ કર્મપ્રકૃતિના ક્ષયથી પ્રગટ થતાં ૩૧ ગુણ | × | ✓ |
| ૩૨ | **યોગસંગ્રહ** | × | ✓ |
| ૩૩ | **આશાતના –** ગુરુ-રત્નાધિકની ૩૩ અશાતના | ✓ | × |
| | ★ ૧ થી ૩૩ સુધીના સર્વ બોલ જ્ઞેય–જાણવા યોગ્ય તો છે જ. | | |

**॥ એકત્રીસમું અધ્યયન સમાપ્ત ॥**

# બત્રીસમું અધ્યયન

## પરિચય

★ પ્રસ્તુત અધ્યયનમાં સાધકોને સાધનામાર્ગથી પતિત કરનાર પ્રમાદસ્થાનનું વિસ્તૃત વર્ણન હોવાથી તેનું નામ 'પ્રમાદ સ્થાન' છે.

★ પ્રમાદના બે પ્રકાર છે– મદિરા આદિ માદક પદાર્થોનું સેવન કરવું, તે **દ્રવ્યપ્રમાદ** છે. અને જીવને સન્માર્ગથી પતિત કરે, સાધનામાર્ગથી ભ્રષ્ટ કરે, હિતાહિતનું ભાન ભૂલાવે, મૂઢ બનાવી દે તે **ભાવપ્રમાદ** છે.

★ પ્રમાદના મદ, વિષય, કષાય નિદ્રા અને વિકથા તે પાંચ પ્રકાર છે અને અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન, રાગદ્વેષ, સ્મૃતિભ્રંશ, ધર્મ પ્રત્યે અનાદર અને મન-વચન-કાયાનું દુષ્પ્રણિધાન તે આઠ પ્રકાર પણ છે. આ રીતે વિવિધ પ્રકારે તેના ભેદ પ્રચલિત છે. પ્રસ્તુત અધ્યયનમાં બ્રહ્મચર્યના બાધક સ્થાનરૂપ પ્રમાદ અને પાંચ ઇન્દ્રિય વિષયરૂપ પ્રમાદનું વિસ્તૃત વર્ણન છે તથા તે પ્રમાદથી બચી આત્માની સુરક્ષા કેમ કરવી તેનું માર્ગદર્શન પણ આપ્યું છે.

★ પાંચ ઇન્દ્રિયોના વિષયોની આસક્તિ, તે પ્રમાદસ્થાન છે. વિષયાસક્તિનો ભાવ જીવને ભાનભૂલાવીને મૂઢ બનાવે છે. આ અધ્યયનમાં તે એક-એક ઇન્દ્રિય વિષયની આસક્તિથી ઉત્પન્ન થતા દોષો અને જન્મ-મરણના ઘોર દુઃખોની પરંપરાનું દૃષ્ટાંત સહિત વિશદ વર્ણન છે.

★ દીપકના પ્રકાશમાં આસક્ત ભ્રમર, સંગીતમાં આસક્ત મૃગ, સુગંધમાં આસક્ત સર્પ, માંસલોલુપી મત્સ્ય, શીતલ જલની લાલસામાં ફસાયેલો મહિષ, હાથણીના મોહમાં ઉન્મત્ત બનેલો હાથી; આ બધા અતૃપ્ત વાસનામાં જ મૃત્યુને પામે છે. આ રીતે એક-એક ઇન્દ્રિયના વિષયની આસક્તિ પણ જીવના વિનાશનું કારણ બને છે, તો પાંચે ઇન્દ્રિયના વિષયોની ગૃદ્ધિથી જીવની શું સ્થિતિ થાય ? તે સમજી શકાય છે.

★ કામભોગોની આસક્તિથી સાધક ક્રોધ, માન, માયા, લોભ, રતિ, અરતિ, હાસ્ય, ભય, શોક વગેરે વિવિધ દુર્ભાવોથી ગ્રસ્ત થઈ જાય છે અને તે વૃત્તિઓ વીતરાગતામાં બાધક થાય છે. સાધક જો આ ભાવોથી ગ્રસ્ત થાય તો સાધનાની સમ્પત્તિનો નાશ કરી દે છે.

★ આ પ્રમાદ સ્થાનોથી આત્મસુરક્ષા કરવા માટે ગુરુકુલવાસ, વૃદ્ધોપાસના, એકાંતસ્થાનમાં નિવાસ, પરિમિત અને સાત્વિક આહાર, સ્ત્રીસંસર્ગ ત્યાગ જેવા વિવિધ ઉપાયોનું આ અધ્યયનમાં દિગ્દર્શન કરાવ્યું છે.

★ આખો લોક શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ રૂપ, ઇન્દ્રિય વિષયોથી ભરેલો છે. છતાં તે વિષયો સ્વતઃ જીવને બંધનકારક થતા નથી પરંતુ તેમાં કરેલા જીવના રાગ-દ્વેષના અને પ્રિય-અપ્રિયપણાના ભાવો જ બંધનકારક બને છે.

★ વીતરાગી પુરુષ વિષયોની વચ્ચે રહેવા છતાં વિષયજન્ય કોઈ બંધ ન અથવા તેનું દુઃખ પ્રાપ્ત કરતા નથી.

★ જે વ્યક્તિ વિષયાસક્તિરૂપ પ્રમાદનો ત્યાગ કરે છે, તેના સર્વ પ્રમાદ સહજ રીતે છૂટી જાય છે અને તે ક્રમશઃ દુઃખોથી મુક્ત થઈ અનંત સુખોને પ્રાપ્ત કરે છે. ❖❖❖❖❖

# બત્રીસમું અધ્યયન

## પ્રમાદસ્થાન

**અધ્યયન પ્રારંભ :–**

**૧** **अच्चंतकालस्स समूलगस्स, सव्वस्स दुक्खस्स उ जो पमोक्खो ।**
**तं भासओ मे पडिपुण्णचित्ता, सुणेह एगंतहियं हियत्थं ॥**

**શબ્દાર્થ :– अच्चंतकालस्स** = અનાદિકાળથી **समूलगस्स** = મિથ્યાત્વાદિ મૂળ કારણ સહિત **सव्वस्स** = બધાં **दुक्खस्स** = દુઃખોથી **पमोक्खो** = છોડાવીને મોક્ષ આપનાર **जो** = જે **एगंतहियं** = એકાંત, હિતકારી **हियत्थं** = કલ્યાણકારી ઉપાય છે **तं** = તેનું, **मे** = હું **भासओ** = કથન કરું છું **पडिपुण्णचित्ता** = પ્રતિપૂર્ણ ચિત્તે, એકાગ્ર ચિત્તે **सुणेह** = સાંભળો.

**ભાવાર્થ :–** હે ભવ્ય જીવો ! અનાદિ કાલીન સર્વ દુઃખોથી અને તેનાં મૂળ કારણોથી મુક્ત થવા માટે એકાંત હિતકારી તેમજ કલ્યાણકારી ઉપાય હું કહું છું. તેને તમે એકાગ્ર ચિત્તથી સાંભળો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથા અધ્યયનની ઉત્થાનિકારૂપ છે. તેમાં અધ્યયનના વિષયનું માહાત્મ્ય અને તેના કથનની પ્રતિજ્ઞા કરી છે.

જીવ અનાદિકાળથી દુઃખના મૂળ કારણરૂપ મિથ્યાત્વ, અવિરતિ અને વિષય-કષાયોથી યુક્ત છે. તે કારણોથી જ કર્મબંધ અને તેના ફલસ્વરૂપે સર્વ પ્રકારના દુઃખોનું એટલે સંસાર પરિભ્રમણનું સર્જન થાય છે, તે સર્વ દુઃખોથી મુક્ત કરાવનાર અને સંસાર ચક્રથી છોડાવનાર એકાન્ત હિતકારી તથા પરમ કલ્યાણકારી ઉપાયો આ અધ્યયનમાં પ્રદર્શિત કર્યા છે. અહીં **एगंतहियं** = એકાન્ત હિતકારી વિશેષણથી તે ઉપાયોની ઉપાદેયતાનું સૂચન છે.

**अच्चंतकालस्स :–** જીવ સાથે રહેલા કર્મોનો અને તજ્જન્ય દુઃખોનો સંબંધ અત્યંત પ્રાચીન એટલે અનાદિકાલીન છે. તેથી અહીં અનાદિ અર્થમાં **अच्चंतकाल** શબ્દનો પ્રયોગ થયો છે.

**समूलगस्स :–** મૂળ સહિત. દુઃખનું મૂળ છે– અજ્ઞાન, મોહ, રાગ-દ્વેષ અને કર્મ. આ અધ્યયનમાં તે સર્વના નાશનો ઉપાય પ્રદર્શિત કર્યો છે.

**पडिपुण्णचित्ता :–** પ્રતિપૂર્ણ ચિત્તથી એટલે ચિત્તને બીજા વિષયોમાં ન જવા દેતા સ્થિર રાખી, એકાગ્રચિત્તે સાંભળો.

**શાશ્વત સુખ પ્રાપ્તિના ઉપાય :–**

**૨** **णाणस्स सव्वस्स पगासणाए, अण्णाणमोहस्स विवज्जणाए ।**
**रागस्स दोसस्स य संखएणं, एगंतसोक्खं समुवेइ मोक्खं ॥**

**શબ્દાર્થ :– सव्वस्स** = સંપૂર્ણ **णाणस्स** = જ્ઞાનના **पगासणाए** = પ્રકાશથી **अण्णाण मोहस्स** = અજ્ઞાન અને મોહના **विवज्जणाए** = ત્યાગથી **रागस्स** = રાગ અને **दोसस्स** = દ્વેષના **संखएणं** = ક્ષયથી **एगंत सोक्खं** = એકાંત સુખાકારી **मोक्खं** = મોક્ષની **समुवेइ** = પ્રાપ્તિ થાય છે.

**ભાવાર્થ :–** સંપૂર્ણ જ્ઞાનના પ્રકાશથી, અજ્ઞાન અને મોહને દૂર કરવાથી, રાગદ્વેષના પૂર્ણ ક્ષયથી જીવ એકાંત સુખરૂપ મોક્ષ પામે છે.

**३** **तस्सेसमग्गो गुरुविद्धसेवा, विवज्जणा बालजणस्स दूरा ।**
**सज्झायएगंतणिसेवणा य, सुत्तत्थसंचिंतणया धिई य ॥**

**શબ્દાર્થ :– गुरुविद्धसेवा** = ગુરુ મહારાજ અને વૃદ્ધ મુનિઓની સેવા કરવી **बालजणस्स** = બાળ જનો, અજ્ઞાનીઓના સંગને **दूरा** = દૂરથી જ **विवज्जणा** = ત્યાગી દેવો **सज्झाय-एगंत-णिसेवणा** = એકાંતમાં રહી સ્વાધ્યાય કરવો **सुत्तत्थ-संचिंतणया** = સૂત્ર અને અર્થનું ચિંતન કરવું **धिई** = ધૈર્યપૂર્વક સંયમનું પાલન કરવું, **एस** = આ **तस्स** = મોક્ષનો **मग्गो** = માર્ગ છે.

**ભાવાર્થ :–** ગુરુજનો અને વૃદ્ધોની સેવા કરવી; અજ્ઞાની લોકોના સંપર્કથી દૂર રહેવું; એકાંતમાં રહીને સ્વાધ્યાય કરવો; ધીરજપૂર્વક સૂત્રનું અને અર્થનું ચિંતન કરવું, તે એકાન્ત સુખરૂપ મોક્ષ પ્રાપ્તિના ઉપાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં કર્મમુક્તિ અને દુઃખમુક્તિના ઉપાયો પ્રદર્શિત કર્યા છે.

**णाणस्स सव्वस्स पगासणाए :–** પૂર્ણ જ્ઞાનને પ્રગટ કરવાથી. આત્મા જ્ઞાનના પ્રકાશમાં જગતના સર્વ ભાવોને-તત્ત્વોને યથાર્થરૂપે જાણે છે. સંસારના વિભિન્ન પદાર્થોમાં હેય, ઉપાદેયતાનો વિવેક પણ જ્ઞાનથી જ થાય છે. સાધક જ્ઞાનના પ્રકાશમાં તત્ત્વોને જાણીને જ ત્યાગ કરવા યોગ્ય પદાર્થોનો ત્યાગ કરે અને આરાધના કરવા યોગ્ય બોલની આરાધના કરે છે; તેથી સાધના ક્ષેત્રમાં જ્ઞાનની પ્રધાનતા સ્પષ્ટ છે.

**अण्णाण मोहस्स विवज्जणाए :–** આત્માની સાથે રહેલા અજ્ઞાન અને મોહભાવોને દૂર કરવાથી. આ શબ્દપ્રયોગ દ્વારા સમ્યગ્દર્શનનું સૂચન છે. અજ્ઞાન એટલે મિથ્યા માન્યતા અને મોહ એટલે અનંતાનુબંધી કષાય; આ બંનેના વિવર્જનથી (ત્યાગથી) સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. જિનમાર્ગ પર શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શનના માધ્યમે સાધક પોતાનો પુરુષાર્થ આગળ વધારે છે.

**रागस्स दोसस्स य संखएणं :–** રાગ અને દ્વેષના પરિણામોને સમાપ્ત કરવાથી. આ પદો દ્વારા અહીં સમ્યક્ ચારિત્રનું સૂચન છે. રાગ અને દ્વેષનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થાય છે.

**एगंत सोक्खं समुवेइ मोक्खं :–** એકાંતસુખ સ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરે. ઉપરોક્ત ત્રણ કાર્યોની પૂર્ણતા થતાં સાધક પરમ વિશુદ્ધિ અને એકાંત સુખ સ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે. મોક્ષ, દુઃખના અભાવ સ્વરૂપ છે પરંતુ ત્યાં અનંત સ્વાભાવિક સુખનો સદ્ભાવ શાશ્વત રહે છે.

**तस्सेस मग्गो गुरुविद्धसेवा :–** ગુરુજનો અને વૃદ્ધોની સેવા કરવી. જે સન્માર્ગનું દર્શન કરાવે તેને 'ગુરુ' અને દીર્ઘ ચારિત્રપર્યાયવાળા સંતોને 'વૃદ્ધ' કહે છે. તેમના સાંનિધ્યમાં રહીને, તેમની સેવા અને પર્યુપાસના કરવાથી સાધકને જ્ઞાનનો અપૂર્વ લાભ થાય, શ્રદ્ધા દઢ બને અને ચારિત્રમાં પરિપક્વતા આવે છે. આ રીતે જ્ઞાન, દર્શન અને ચારિત્ર, તે ત્રણે ગુણોની વૃદ્ધિ થાય છે. તે ઉપરાંત ગુરુજનોના સાંનિધ્યથી

સ્વચ્છંદનો એટલે અહંનો નાશ થાય; નમ્રતા, વિનય, વિવેક જેવા ગુણો પ્રગટે; ઈત્યાદિ અનેક પ્રકારના લાભ થાય છે. તેથી સાધકે સાધનામાં પરિપક્વ થવા માટે ગુરુકુલવાસ સ્વીકારવો જોઈએ.

**विवज्जणा बालजणस्स दूरा :–** બાલ જનોના સંગનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. જે જીવ હેય-ઉપાદેયના વિવેકને જાણે નહીં, જાણવા છતાં હેયતત્ત્વોનો ત્યાગ કરે નહીં તે **બાલ** છે. તે સિવાય અજ્ઞાની જીવોની, ધર્મ પ્રતિ વિપરીત વિચારણા કરનારા ગૃહસ્થોની, તેમજ જ્ઞાન, દર્શન, ચારિત્ર સંબંધી વિપરીત પ્રરૂપણા તથા વિપરીત આચરણ કરનારા શ્રમણોની ગણના બાલપુરુષમાં થાય છે. તેમના સંગથી અનેક અનર્થોની સંભાવના રહે છે. 'સંગ તેવો રંગ' તે ન્યાયે સાધક પોતાના સાધનામાર્ગથી પતિત થઈ કયારેક શ્રદ્ધાથી પણ ચલિત થઈ જાય છે. તેથી રત્નત્રયની આરાધના કરવા ઈચ્છનાર શ્રમણોએ બાલજીવોના સંગને દૂરથી જ છોડી દેવો જોઈએ.

**सज्झाय-एगंत-निसेवणा य... :–** બાલજીવોનો સંગ છોડી, ગુર્વાદિકોના સાંનિધ્યમાં રહીને પણ સાધકે સ્વતંત્ર પુરુષાર્થ કરવાનો હોય છે. સાધક ગુરુની આજ્ઞાપૂર્વક એકાંતસ્થાનમાં બેસીને સૂત્ર અને અર્થના ચિંતનમાં, તેના સ્વાધ્યાયમાં લીન બની જાય; તે જ તેનું પરમ કર્તવ્ય બને છે. આ રીતે ઉપરોકત નિર્દેશોના પાલનથી મનના ઉદ્વેગ અને કષાયોના આવેશ નાશ પામે છે. તેમજ અનુપ્રેક્ષાયુક્ત સ્વાધ્યાય કરવાથી સાધકના જ્ઞાનાદિ ગુણનો અત્યધિક વિકાસ થાય છે.

**સમાધિ પ્રાપ્તિના ઉપાય :–**

**૪** **आहारमिच्छे मियमेसणिज्जं, सहायमिच्छे णिउणत्थबुद्धिं ।**
**णिकेयमिच्छेज्ज विवेगजोग्गं, समाहिकामे समणे तवस्सी ॥**

**શબ્દાર્થ :– समाहिकामे** = સમાધિને ઈચ્છનાર **समणे** = શ્રમણ **तवस्सी** = તપસ્વી **मियं** = પરિમિત **एसणिज्जं** = એષણીય, નિર્દોષ **आहारं** = આહારની **इच्छे** = ઈચ્છા કરે **णिउणत्थबुद्धिं** = જીવાદિ પદાર્થોમાં નિપુણ બુદ્ધિવાળા **सहायं** = સહાયક શિષ્યની **इच्छे** = ઈચ્છા કરે **विवेगजोग्गं** = સ્ત્રી-પશુ-નપુંસક રહિત **णिकेयं** = યોગ્ય સ્થાનની **इच्छेज्ज** = ઈચ્છા કરે.

**ભાવાર્થ :–** સંયમ સમાધિની આકાંક્ષા રાખનાર શ્રમણ-તપસ્વી સાધક પરિમિત અને એષણીય આહારની અને નિપુણ, બુદ્ધિમાન સાથીની ઈચ્છા કરે; સ્ત્રી આદિથી રહિત સ્થાનમાં નિવાસ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં સમાધિ પ્રાપ્તિના ઈચ્છુક શ્રમણોને માટે માર્ગદર્શન છે.

**સમાધિ–** શ્રમણોને સંયમ પાલનમાં સદા પ્રસન્નતા રહે, ખિન્નતા પેદા ન થાય અને તેના સંયમ ભાવો સદા પ્રગતિશીલ થતા રહે, તે જ તેઓની સમાધિ છે.

પ્રસ્તુતમાં તે સમાધિ પ્રાપ્ત કરવાના ત્રણ ઉપાયો કહ્યા છે– (૧) પરિમિત અને એષણીય–શુદ્ધ નિર્દોષ આહાર, (૨) નિપુણ બુદ્ધિશાળી સહાયક (૩) સાધનાને યોગ્ય– સ્ત્રી, પશુ, નપુંસક રહિત એકાંત સ્થાન; આ ત્રણે ઉપાયો સાધનામાં પરમ ઉપયોગી છે.

સાધકનો આહાર અતિમાત્રામાં હોય, તો સાધનામાં પ્રમાદ ઉત્પન્ન થાય; આહાર દોષિત હોય, તો ચારિત્ર શુદ્ધિ કે રસેન્દ્રિય પર વિજય પ્રાપ્ત થાય નહીં; સાથી કે સહાયક સંત જો નિપુણ, બુદ્ધિશાળી કે

તત્ત્વજ્ઞ હોય, તો જ્ઞાનારાધના આદિમાં સમાધિની વૃદ્ધિ થાય. જો સહાયક શિષ્ય અવિવેકી કે સ્વચ્છંદી હોય, તો ક્ષણે ક્ષણે અસમાધિ ભાવ પ્રગટ થાય, તેની સાથેના સંઘર્ષમાં જ સમય વ્યતીત થતાં જ્ઞાનાદિની આરાધના થાય નહીં.

જે સ્થાનમાં રહીને સાધના કરવાની છે, તે સ્થાન સ્ત્રી આદિથી સંસક્ત હોય કે જનાકીર્ણ હોય, તો વારંવાર એકાગ્રતામાં સ્ખલના થાય, ચિત્ત ચંચલ બને; તેથી એકાંત અને શાંત સ્થાન જરૂરી છે.

આ રીતે પરિમિત અને નિર્દોષ આહાર તથા સાધનામાં સહાયક બની શકે તેવા સહવર્તી શ્રમણ તેમજ સાધનાને યોગ્ય સ્થાન; આ ત્રણે ઉપાયોના યથાર્થ સુમેળથી સાધક ભાવસમાધિ એટલે સંયમ સમાધિને પ્રાપ્ત કરી શકે છે.

**એકલ વિહાર :–**

**૫** **ण वा लभेज्जा णिउणं सहायं, गुणाहियं वा गुणओ समं वा ।**
**एक्को वि पावाइं विवज्जयंतो, विहरेज्ज कामेसु असज्जमाणो ॥**

**શબ્દાર્થ :– वा** = જો **गुणाहियं** = પોતાનાથી વધારે ગુણવાળો **वा** = અથવા **समं** = પોતાની સમાન **गुणओ** = ગુણવાળો **णिउणं** = નિપુણ **सहायं** = સહાયક **ण लभेज्जा** = મળે નહીં તો **एक्को** = એકલો **वि** = જ **पावाइं** = પાપાચરણોને **विवज्जयंतो** = છોડીને **कामेसु** = કામ ભોગોમાં **असज्जमाणो** = આસક્ત ન થતો, **विहरेज्ज** = વિચરે.

**ભાવાર્થ :–** જો પોતાનાથી વિશેષ ગુણવાળો અથવા સમાન ગુણવાળો નિપુણ સાથી ન મળે તો સાધક સદા પાપાચરણોનો ત્યાગ કરતાં તથા કામભોગોમાં અનાસક્ત રહેતાં એકલો જ વિચરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં અપવાદ માર્ગે શ્રમણના એકલવિહારનું કથન કર્યું છે.

સાધનામાર્ગમાં યોગ્ય સહાયક શિષ્યની પણ અત્યંત ઉપયોગિતા છે. કારણ કે પૂર્વોક્ત ગાથામાં સૂત્રકારે દર્શાવ્યું છે કે બાલજીવોનો સંગ અનેક અનર્થોનું સર્જન કરે છે. સ્વચ્છંદી કે અનિપુણ શિષ્ય ચિત્ત-સમાધિનો ભંગ કરે છે. જોકે સાધનાના વિકાસ માટે પોતાનો જ પુરુષાર્થ જરૂરી છે, તેમ છતાં આસપાસનું અનુકૂળ વાતાવરણ અને સુપાત્ર શ્રમણોનો સહયોગ પણ સાધનાને બલવત્તર બનાવે છે.

ક્યારેક કોઈને કર્મયોગે અનુકૂળ શ્રમણનો સંયોગ ન જ થાય, ત્યારે સાધકે શું કરવું ? તે પ્રશ્નનું સમાધાન પ્રસ્તુત ગાથામાં છે.

જ્યારે પોતાનાથી અધિક ગુણવાન અથવા પોતાની સમકક્ષ હોય, તેવા સહાયક શિષ્યનો સંયોગ ન થાય, ત્યારે સાધક ઇન્દ્રિયવિષયોમાં અનાસક્ત ભાવે, નિષ્પાપ વૃત્તિથી અર્થાત્ કોઈપણ પાપ-દોષનું સેવન કર્યા વિના એકલા વિચરે.

એકલવિહારમાં લાભ અને નુકશાન બંને થઈ શકે છે. એકલવિહારમાં સાધકને સ્વયંની જવાબદારી સંપૂર્ણપણે નિભાવવાની હોય છે. શ્રી ઠાણાંગસૂત્રમાં તેના આઠ ગુણો કહ્યા છે. અન્ય સૂત્રોમાં પણ જે જે નિર્દેશ અને યોગ્યતા દર્શાવી છે, તેવી યોગ્યતા પ્રાપ્ત કરીને જ એકલવિહાર કરવો હિતાવહ થાય છે. આગમોક્ત યોગ્યતાપૂર્ણ ન થાય ત્યાંસુધી આત્મ સમર્પણ અને મૌન ભાવે ગુરુ સાંનિધ્યમાં રહેવું જોઈએ

તેમજ તેના લાભાલાભને સહન કરવા જોઈએ. આ રીતે સર્વ દષ્ટિકોણથી શાસ્ત્રોક્ત ગુણાનુસાર પોતાના સામર્થ્યનો દીર્ઘ વિચાર કરીને જ મુનિ એકલવિહાર કરે.

ઉતાવળથી, આવેશથી કે ક્લેશથી દીર્ઘ વિચારણા કે અભ્યાસ વિના સ્વીકારેલા એકલવિહારથી સમાધિ પ્રાપ્ત થતી નથી. તે ઉપરાંત તે સાધકની સંયમસાધના ચલવિચલ થઈ જવાની શક્યતા રહે છે.

સ્થાનાંગસૂત્ર કથિત આઠગુણ આ પ્રમાણે છે– (૧) જિનમાર્ગમાં(સંયમમાં) પૂર્ણ અટલ શ્રદ્ધા હોય. (૨) પોતાના વ્રત નિયમ સમાચારીના પાલનમાં પૂર્ણ સત્યનિષ્ઠ હોય. (૩) બુદ્ધિમાન હોય. (૪) બહુશ્રુત હોય અર્થાત્ આચાર શાસ્ત્રોના પૂર્ણ અભ્યાસી હોય (૫) શરીર-સામર્થ્ય સંપન્ન હોય, અર્થાત્ તે રોગી અને દુર્બળ શરીરવાળો ન હોય. (૬) ક્લેશકારી પ્રકૃતિ ન હોય, શાંત સૌમ્ય સ્વાભાવી હોય. (૭) ધૈર્યવાન હોય અર્થાત્ પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં કે કોઈના અસદ્વ્યવહારમાં તેમજ રોગ કે ઉપસર્ગ આવતાં ગભરાય નહીં પરંતુ સમભાવપૂર્વકની સર્વ સ્થિતિઓને ધૈર્ય અને વિવેકથી પાર કરવામાં સમર્થ હોય. (૮) આત્મ સામર્થ્ય સંપન્ન હોય. સર્વ સંયોગ-વિયોગમાં સંયમ પ્રત્યે પરમ ઉત્સાહ રાખનાર હોય, જીવન પર્યંત નિરંતર પુરુષાર્થશીલ હોય અને તપોનિષ્ઠ જીવન જીવનાર હોય.

**વ્યવહાર સૂત્રાનુસાર** એક કે અનેક શ્રમણોએ ત્રણ વર્ષની દીક્ષા પર્યાય અને ૪૦ વર્ષની ઉંમર પૂર્વે; કોઈપણ પરિસ્થિતિમાં કોઈ પણ આચાર્ય અથવા ઉપાધ્યાયની અધીનતા વિના વિચરણ કરવું કલ્પતું નથી. **શ્રી સૂત્રકૃતાંગ સૂત્રાનુસાર** સાધક પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર, શરીર-સ્વાસ્થ્ય આદિ રૂપે પોતાની પૂર્ણ સુરક્ષા કરવામાં સમર્થ ન થઈ જાય ત્યાં સુધી પોતાના માળાને નહીં છોડનાર પક્ષીની જેમ ગુરુ સાંનિધ્યનો ક્યારે ય ત્યાગ કરે નહીં.

આ રીતે ઉપરોક્ત સર્વ સૂત્રાજ્ઞાઓને લક્ષ્યમાં રાખીને જ મુનિ પ્રસ્તુત સૂત્રોક્ત સપરિસ્થિતિક કર્મસંયોગ જન્ય એકલવિહાર કરવાનો નિર્ણય કરી શકે છે.

**દુઃખની પરંપરાગત ઉત્પત્તિ :–**

**૬** **जहा य अंडप्पभवा बलागा, अंडं बलागप्पभवं जहा य ।**
**एमेव मोहाययणं खु तण्हा, मोहं च तण्हाययणं वयंति ॥**

**શબ્દાર્થ :– जहा** = જે રીતે **बलागा** = બગલા(પક્ષી) **अंडप्पभवा** = ઈંડામાંથી ઉત્પન્ન થાય છે **अंडं** = ઈંડું **बलागप्पभवं** = બગલીથી ઉત્પન્ન થાય છે **एमेव** = એ જ રીતે **खु** = નિશ્ચય જ **तण्हा** = તૃષ્ણા **मोहाययणं** = મોહનું ઉત્પત્તિ સ્થાન છે **च** = અને **मोहं** = મોહ **तण्हाययणं** = તૃષ્ણાનું ઉદ્ભવ સ્થાન છે એમ **वयंति** = જ્ઞાની પુરુષ ફરમાવે છે.

**ભાવાર્થ :–** જે રીતે બગલીથી ઈંડું ઉત્પન્ન થાય છે અને ઈંડાથી બગલા ઉત્પન્ન થાય છે, તે જ રીતે મોહનું ઉદ્ભવ સ્થાન તૃષ્ણા છે અને તૃષ્ણાનું જન્મસ્થાન મોહ છે.

**૭** **रागो य दोसो वि य कम्मबीयं, कम्मं च मोहप्पभवं वयंति ।**
**कम्मं च जाईमरणस्स मूलं, दुक्खं च जाईमरणं वयंति ॥**

**શબ્દાર્થ :– रागो** = રાગ **दोसो** = દ્વેષ **कम्मबीयं** = કર્મના બીજરૂપ છે **कम्मं** = કર્મ **मोहप्पभवं** = મોહથી ઉત્પન્ન થાય છે **वयंति** = જ્ઞાની કહે છે **कम्मं** = કર્મ **जाईमरणस्स** = જન્મ મરણનું **मूलं** = મૂલ

કારણ **जाईमरणं** = જન્મ-મરણ **दुक्खं** = દુઃખ છે **वयंति** = એમ જ્ઞાની પુરુષો કહે છે.

**ભાવાર્થ :–** રાગદ્વેષ કર્મનાં બીજ છે. કર્મ મોહથી ઉત્પન્ન થાય છે. તે કર્મ, જન્મ અને મરણનું મૂળ છે અને જન્મ-મરણ તે જ દુઃખ છે. તેમ જ્ઞાની પુરુષો કહે છે.

**૮** **दुक्खं हयं जस्स ण होइ मोहो, मोहो हओ जस्स ण होइ तण्हा ।**
**तण्हा हया जस्स ण होइ लोहो, लोहो हओ जस्स ण किंचणाइं ॥**

**શબ્દાર્થ :– जस्स** = જેને **मोहो** = મોહ **ण होइ** = નથી **दुक्खं** = દુઃખ **हयं** = નાશ પામ્યું **जस्स** = જેનો **मोहो** = મોહ **तण्हा** = તૃષ્ણા **ण** = નહીં **होइ** = હોય છે **लोहो** = લોભ **ण किंचणाइं** = આસક્તિ વગેરે કંઈ નથી.

**ભાવાર્થ :–** જેને મોહ નથી તેનું દુઃખ નાશ પામે છે. જેને તૃષ્ણા નથી તેનો મોહ નષ્ટ થાય છે. જેને લોભ નથી તેની તૃષ્ણા દૂર થાય છે. જે અકિંચન છે અર્થાત્ જેની પાસે પરિગ્રહ નથી, તેનો લોભ નાશ પામે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં દષ્ટાંત સાથે દુઃખની પરંપરાના મૂળને સ્પષ્ટ કરી તેના નાશનો ઉપાય દર્શાવ્યો છે.

**जहा य अंडप्पभवा... :–** જેમ ઈંડાથી બગલા ઉત્પન્ન થાય છે અને બગલીથી ઈંડાની ઉત્પત્તિ થાય છે, તેમ મોહથી તૃષ્ણા ઉત્પન્ન થાય છે અને તૃષ્ણાથી મોહની ઉત્પત્તિ થાય છે. તૃષ્ણા અને મોહ બંને મોહનીય કર્મના જ ભિન્ન-ભિન્ન રૂપ છે. જેના પ્રભાવથી આત્મા મૂઢ બની જાય અને હિતાહિતનું ભાન ભૂલી જાય તે મોહ છે. મોહભાવ તે મિથ્યાત્વ યુક્ત અજ્ઞાન છે; તેના દ્વારા તૃષ્ણાની ઉત્પત્તિ થાય છે. તે જ રીતે તૃષ્ણા દ્વારા મોહની ઉત્પત્તિ થાય છે. તૃષ્ણા વધવાથી હિતાહિતનું ભાન ભૂલાય જાય છે અને જીવ મોહથી આવૃત્ત થાય છે.

**मोहाययणं खु तण्हा :–** જ્યારે મનમાં કોઈ મનોજ્ઞ પદાર્થની તૃષ્ણા ઉત્પન્ન થાય, ત્યારે તેને પ્રાપ્ત કરવા વ્યક્તિ ઉત્સુક થાય છે. વસ્તુ પ્રાપ્તિની ઉત્સુકતાથી તે વિવેકહીન અને મૂઢ બની જાય છે. તૃષ્ણા વ્યક્તિને મૂર્ચ્છિત બનાવે છે. તૃષ્ણા રાગ સ્વરૂપ છે. જ્યાં રાગ હોય ત્યાં દ્વેષ અવશ્યંભાવી હોય છે કારણ કે વસ્તુની પ્રાપ્તિમાં જે અવરોધક બને, તેના પર દ્વેષભાવ થાય છે. રાગ અને દ્વેષની તીવ્રતાથી મિથ્યાત્વનો પણ ઉદય થાય છે. આ રીતે રાગ, દ્વેષ, મિથ્યાત્વ વગેરે ભાવો મોહનીયકર્મના જ વિભિન્નરૂપ છે. તેથી જ કહ્યું છે કે તૃષ્ણા મોહનું આયતન–ઉદ્‌ભવ સ્થાન છે અને મોહનીય કર્મના ઉદયે જ તૃષ્ણા જાગૃત થાય છે. તૃષ્ણા મોહનીયકર્મનું જ એકરૂપ છે, તેથી મોહ તૃષ્ણાનું આયતન–ઉદ્‌ભવ સ્થાન છે.

**रागो य दोसो वि य कम्मबीयं :–** માયા અને લોભ રૂપ રાગ તેમજ ક્રોધ અને માન રૂપ દ્વેષ; આ બંને કર્મોના બીજ છે અર્થાત્ કર્મોપાર્જનમાં રાગદ્વેષ, કારણભૂત છે. મોહથી કર્મની ઉત્પત્તિ થાય છે અને કર્મથી જન્મ-મરણની પરંપરા વધે છે. જન્મ-મરણ એ દુઃખના કારણરૂપ છે. સંક્ષેપમાં રાગ અને દ્વેષ જ સમસ્ત દુઃખોના કારણ છે. આ રીતે અહીં મોહનીય કર્મના જ વિવિધરૂપો દ્વારા જન્મ-મરણની (દુઃખની) પરંપરાને સમજાવી છે. આ પરંપરાને તોડવા માટે દુઃખના કારણભૂત મોહનો નાશ કરવો જરૂરી છે.

**दुक्खं हयं जस्स ण होइ मोहो..... :–** જે નિષ્પરિગ્રહી છે, જેને કોઈ વસ્તુની મૂર્ચ્છા કે આસક્તિ નથી; તેને વસ્તુ મેળવવાની કે ભેગી કરવાની વૃત્તિરૂપ લોભ રહેતો નથી. જેને લોભ નથી તેને વસ્તુની લાલસા-તૃષ્ણા પણ રહેતી નથી. તેથી લોભના નાશથી તૃષ્ણાનો નાશ થાય છે. તૃષ્ણાનો નાશ થતાં જ મોહનો નાશ થાય અને મોહનો નાશ થતાં વ્યક્તિ વીતરાગી બની જાય છે. વીતરાગી વ્યક્તિને દુઃખ હોતું નથી.

આ રીતે પરિગ્રહ, મૂર્ચ્છા કે આસક્તિનો ભાવ મોહનીય કર્મનું અને દુઃખનું મૂળ કારણ છે. દુઃખનો નાશ કરવા માટે આસક્તિનો નાશ કરવો, તે સર્વશ્રેષ્ઠ ઉપાય છે.

**રાગ-દ્વેષ-મોહ નાશના ઉપાયો :–**

**९** **रागं च दोसं च तहेव मोहं, उद्धत्तु कामेण समूल जालं ।**
**जे जे उवाया पडिवज्जियव्वा, ते कित्तइस्सामि अहाणुपुव्विं ॥**

**શબ્દાર્થ :–** **रागं** = રાગ **दोसं** = દ્વેષ **मोहं** **समूलजालं** = મૂળ સહિત મોહની જાળ **उद्धत्तुकामेण** = ઉખેડીને ફેંકી દેવાની ઈચ્છાવાળા સાધકને **जे जे** = જે જે **उवाया** = ઉપાય **पडिवज्जियव्वा** = અંગીકાર કરવા જોઈએ **ते** = તેનું **जहाणुपुव्विं** = યથાનુપૂર્વી-ક્રમપૂર્વક **कित्तइस्सामि** = હું કીર્તન-વર્ણન કરીશ.

**ભાવાર્થ :–** જે સાધક રાગદ્વેષ-મોહની જાળને મૂળથી નાશ કરવા ઈચ્છે છે, તેણે જે જે ઉપાયો અંગીકાર કરવા જોઈએ, તેને હું ક્રમશઃ કહીશ.

**१०** **रसा पगामं ण णिसेवियव्वा, पायं रसा दित्तिकरा णराणं ।**
**दित्तं च कामा समभिद्दवंति, दुमं जहा साउफलं व पक्खी ॥**

**શબ્દાર્થ :–** **रसा** = દૂધ, ઘી આદિ રસોનું **पगामं** = અધિક માત્રામાં **ण णिसेवियव्वा** = સેવન ન કરવું **पायं** = પ્રાયઃ **रसा** = રસ **णराणं** = મનુષ્યોને **दित्तिकरा** = ઉદ્દીપ્ત કરનારા **दित्तं** = ઉદ્દિપ્ત **कामा** = કામવાસનાઓ **समभिद्दवंति** = આક્રમણ કરે છે **जहा** = જે પ્રકારે **साउफलं** = સ્વાદુફળ, સ્વાદિષ્ટ ફળ વાળા **दुमं** = વૃક્ષની તરફ **पक्खी** = પક્ષી.

**ભાવાર્થ :–** સાધક આત્માએ રસોનું અધિક માત્રામાં સેવન ન કરવું જોઈએ. પ્રાયઃ રસો ઉન્માદ વધારનાર હોય છે. જેમ સ્વાદિષ્ટ ફળવાળા વૃક્ષો પર પક્ષીઓ આક્રમણ કરે છે, તેમ ઉન્માદ પામેલા માનવો પર કામવાસનાઓ આક્રમણ કરે છે.

**११** **जहा दवग्गी पउरिंधणे वणे, समारुओ णोवसमं उवेइ ।**
**एविंदियग्गी वि पगाम भोइणो, ण बंभयारिस्स हियाय कस्सइ ॥**

**શબ્દાર્થ :–** **जहा** = જે રીતે **पउरिंधणे** = પ્રચુર ઈંધનવાળા **वणे** = વનમાં લાગેલી **समारुओ** = વાયુ સાથે **दवग्गी** = દાવાગ્નિ, જંગલમાં લાગેલી આગ **उवसमं** = શાંત, ઉપશમ **ण उवेइ** = થતી નથી **एवं** = એ રીતે **पगामभोइणो** = પ્રકામભોજી, વિવિધ રસયુક્ત આહાર કરનાર **कस्सइ** = કોઈ **वि** = પણ **बंभयारिस्स** = બ્રહ્મચારીની **इंदियग्गी** = ઈન્દ્રિય વિષયાગ્નિ શાંત થતી નથી **ण हियाय** = તેને માટે હિતકારી પણ થતી નથી.

**ભાવાર્થ :–** જે રીતે પ્રચુર ઈંધનવાળા વનમાં વાયુ સાથેનો દાવાનળ શાંત થતો નથી, તેવી જ રીતે પ્રકામભોગી એટલે યથેચ્છ રસીલા ભોજન કરનારનો ઈન્દ્રિયવિષયાગ્નિ શાંત પણ થતો નથી. તેથી બ્રહ્મચારી માટે પ્રકામ રસ ભોજન હિતકર નથી.

**१२** **विवित्तसेज्जासणजंतियाणं, ओमासणाणं दमिइंदियाणं ।**
**ण रागसत्तू धरिसेइ चित्तं, पराइओ वाहिरिवोसहेहिं ॥**

**શબ્દાર્થ :–** **ओसहेहिं** = ઔષધિઓથી **पराइओ** = પરાજિત, નાશ પામેલી **वाहिरिव** = વ્યાધિની

જેમ **विवित्त-सेज्जासण** = સ્ત્રી-પશુ-નપુંસક રહિત એકાંત શય્યા, આસન વગેરેનું **जंतियाणं** = સેવન કરનાર **ओमासणाणं** = થોડો આહાર કરનાર **दमिइंदियाणं** = ઈન્દ્રિયોનું દમન કરનાર પુરુષોના **चित्तं** = ચિત્તને **रागसत्तू** = રાગરૂપી શત્રુ **ण धरिसेइ** = દબાવી શકતો નથી.

**ભાવાર્થ :–** જેમ ઔષધિથી નાશ પામેલો રોગ શરીર પર ફરીથી આક્રમણ કરતો નથી, તેમ વિવિક્ત શય્યાસનનું સેવન કરનાર, અલ્પભોજી અને જિતેન્દ્રિય સાધકના ચિત્તને રાગદ્વેષ પરાજિત કરતા નથી.

**१३** **जहा बिरालावसहस्स मूले, ण मूसगाणं वसही पसत्था ।**
**एमेव इत्थीणिलयस्स मज्झे, ण बंभयारिस्स खमो णिवासो ॥**

**શબ્દાર્થ :–** **जहा** = જે રીતે **बिरालावसहस्स** = બિલાડીના રહેવાના સ્થળ **मूले** = પાસે, નજીક **मूसगाणं** = ઉંદરનો **वसही** = વસવાટ **ण पसत्था** = પ્રશસ્ત નથી **एमेव** = એ રીતે **इत्थी-णिलयस्स** = સ્ત્રીઓનાં સ્થાનની **मज्झे** = મધ્યમાં **बंभयारिस्स** = બ્રહ્મચારી પુરુષનું **णिवासो** = રહેવું **ण खमो** = યોગ્ય નથી.

**ભાવાર્થ :–** જેમ બિલાડીના રહેવાના સ્થળની પાસે ઉંદરનું રહેવું હિતકર નથી, તેમ સ્ત્રીઓના નિવાસની મધ્યમાં બ્રહ્મચારીનું રહેવું હિતકર નથી.

**१४** **ण रूव लावण्णविलासहासं, ण जंपियं इंगियं पेहियं वा ।**
**इत्थीण चित्तंसि णिवेसइत्ता, दट्ठुं ववस्से समणे तवस्सी ॥**

**શબ્દાર્થ :–** **समणे** = શ્રમણ **तवस्सी** = તપસ્વી **इत्थीण** = સ્ત્રીઓનાં **रूव-लावण्ण-विलास-हासं** = રૂપ, લાવણ્ય, વિલાસ અને હાસ્ય **जंपियं** = મધુર વચનો **इंगियं पेहियं** = સંકેત અને વિવિધ પ્રકારની શારીરિક ચેષ્ટા તથા કટાક્ષ વિક્ષેપાદિ **चित्तंसि** = પોતાના ચિત્તમાં **णिवेसइत्ता** = સ્થાપિત કરીને **दट्ठुं** = રાગપૂર્વક જોવાનો **ण ववस्से** = પ્રયત્ન ન કરે.

**ભાવાર્થ :–** તપસ્વી શ્રમણ, સ્ત્રીઓનાં રૂપ-લાવણ્ય, વિલાસ, હાસ્ય, આલાપ, ઈશારા(ચેષ્ટા) અને દષ્ટિને ચિત્તમાં સ્થાપિત કરીને જોવાનો પ્રયત્ન કરે નહીં.

**१५** **अदंसणं चेव अपत्थणं च, अचिंतणं चेव अकित्तणं च ।**
**इत्थीजणस्सारियझाणजुग्गं, हियं सया बंभवए रयाणं ॥**

**શબ્દાર્થ :–** **सया** = સદા **बंभवए रयाणं** = બ્રહ્મચર્ય વ્રતમાં અનુરક્ત સાધુને **आरियझाण-जुग्गं** = આર્ય પુરુષોચિત્ત ધ્યાનથી યુક્ત, ધર્મધ્યાનમાં તલ્લીન સાધુઓને **इत्थीजणस्स** = સ્ત્રીઓના અંગોપાંગ **अदंसणं** = રાગપૂર્વક ન જોવા **अपत्थणं** = તેની ઇચ્છા ન કરે **अचिंतणं** = તેનું ચિંતન ન કરવું **अकित्तणं** = આસક્તિ- પૂર્વક તેના રૂપાદિનું ગુણ કીર્તન ન કરે **हियं** = તે તેને માટે હિતકારી છે.

**ભાવાર્થ :–** બ્રહ્મચર્યમાં લીન સાધક સ્ત્રીઓને જુએ નહીં. તેને જોવાની ઈચ્છા રાખે નહીં, તેના આકર્ષણ સંબંધી ચિંતન કરે નહીં તેમજ તેના રૂપ કે શરીર રચના સંબંધી પ્રશંસા કરે નહીં પરંતુ આર્ય પુરુષોચિત્ત ધ્યાન અર્થાત્ ધર્મ ધ્યાનથી યુક્ત રહે; એ જ તેના માટે સદા હિતકારી છે.

**१६** **कामं तु देवीहिं विभूसियाहिं, ण चाइया खोभइउं तिगुत्ता ।**
**तहा वि एगंतहियं ति णच्चा, विवित्तवासो मुणीणं पसत्थो ॥**

**શબ્દાર્થ :– कामं तु** = ભલે **तिगुत्ता** = મન, વચન, કાયારૂપ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, સમર્થ મુનિ **विभूसियाहिं** = વસ્ત્રાભૂષણોથી સુશોભિત અને મનોહર **देवीहिं** = દેવાંગનાઓ દ્વારા **खोभइउं ण चाइया** = ક્ષુભિત-ચલિત કરવામાં સમર્થ ન હોય **तहा वि** = તો પણ **एगंत-हियं** = એકાંત હિતકારી **ति** = એવું **णच्चा** = જાણીને **मुणीणं** = મુનિઓને માટે **विवित्तवासो** = વિવક્ત સ્થાન (સ્ત્રી, પશુ, નપુંસક રહિત સ્થાન)નું સેવન કરવું જ **पसत्थो** = પ્રશસ્ત છે.

**ભાવાર્થ :–** ભલે ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત મુનિઓને વસ્ત્ર-અલંકાર આદિથી વિભૂષિત, મનોહર દેવાંગનાઓ પણ વિચલિત કરવામાં સમર્થ ન હોય તોપણ મુનિને માટે સ્ત્રી આદિથી રહિત એકાંત સ્થાનમાં રહેવું, તે જ એકાંત હિતકારી અને પ્રશસ્ત છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સૂત્રકારે રાગ, દ્વેષ અને મોહનાશના ઉપાયોનું કથન કર્યું છે.

રાગ દ્વેષના નાશ માટે ઇન્દ્રિય વિજય અને બ્રહ્મચર્યનું પાલન અનિવાર્ય છે. મોહનીય કર્મના સંસ્કારો અત્યંત ગાઢ છે, તે જ રીતે વિષયોની આસક્તિ જીવને વારંવાર વિષયો પ્રતિ આકર્ષિત કરે છે. તેનો ત્યાગ કરીને બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કર્યા પછી પણ કયારેક નિમિત્ત મળતાં પૂર્વના સંસ્કારો જાગૃત થાય છે. તેથી સૂત્રકારે સાધકોને એક-એક નિમિત્તથી થતાં અનર્થોનું દષ્ટાંત સહિત સ્પષ્ટીકરણ કર્યું છે.

**रसा पगामं ण णिसेवियव्वा... :–** વિગય સહિતના ગરિષ્ટ પદાર્થોના સેવનથી શરીરમાં બળ, વીર્ય આદિ ધાતુની પુષ્ટિ થાય છે અને ઇન્દ્રિયો પ્રદીપ્ત થાય છે. ધાતુની પુષ્ટિ અને વૃદ્ધિથી કામાગ્નિ પ્રચંડ થાય છે. પ્રચંડ કામાગ્નિ જીવને વિષય-વિકાર દ્વારા પરાજિત કરે છે. જેમ મધુર રસમય ફળવાળા વૃક્ષને પક્ષીઓ કષ્ટ પહોંચાડે છે તેમ નિરંતર અમર્યાદિત, રસવંતા ભોજન કરનાર સાધકને વિષય વિકાર પીડિત કરતા રહે છે.

**जहा दवग्गी पउरिंधणे... :–** જેમ સુકાયેલા વૃક્ષ રૂપ ઈન્ધનથી ભરેલા વનમાં વાયુ દ્વારા પ્રેરિત દાવાનળ શાંત થતો નથી, તેમ સરસ પદાર્થોનું અતિભોજન કરનાર બ્રહ્મચારીનો ઇન્દ્રિયરૂપ અગ્નિ પવન શાંત થતો નથી. તેથી તે કામભોગમાં ફસાય જાય છે. જેમ દાવાગ્નિ વનને સળગાવી દે છે તેમ કામભોગરૂપી અગ્નિ ધર્મરૂપ બગીચાને બાળી નાંખે છે. તેથી બ્રહ્મચારીએ પોતાના બ્રહ્મચર્યની રક્ષા માટે ગરિષ્ટ અને અતિમાત્રામાં આહાર કરવો ઉચિત નથી. જે સાધક રસેન્દ્રિયને જીતે છે તેની સર્વ ઇન્દ્રિયો જીતાઈ જાય છે.

જે રીતે બ્રહ્મચર્યની સુરક્ષા માટે આહારનો સંયમ જરૂરી છે, તે જ રીતે સ્ત્રી આદિથી રહિત એકાંત સ્થાનની પણ તેટલી જ મહત્તા છે. જેમ બિલાડીનો સંગ ઉંદર માટે ભયજનક છે, તેમ સ્ત્રીનો સંગ સાધકો માટે ભયજનક છે. તેથી સાધક શાસ્ત્રોક્ત યોગ્ય સ્થાનમાં જ રહે છે. કયારેક તે સ્થાનમાં પણ સ્ત્રીઓ ધર્મભાવનાર્થે આવી જાય કે ગોચરી આદિ પ્રસંગે સ્ત્રીઓનો સંપર્ક થાય, ત્યારે સાધક અત્યંત સાવધાન બનીને રહે.

**ण रूव-लावण्ण-विलास-हासं... :–** સ્ત્રીઓના સુંદર સંસ્થાન, નેત્રો, મનોહર વસ્ત્રાભૂષણ, કોમળ મધુર ભાષણ, વિવિધ પ્રકારની શારીરિક ચેષ્ટાઓ, કટાક્ષપૂર્વક અવલોકન ઇત્યાદિ હાવભાવયુક્ત દશ્યોને જોઈને બ્રહ્મચારીમુનિ તે દશ્યોને મનમાં સ્થાપિત ન કરે. કારણ કે તે દશ્યો પ્રત્યેના આકર્ષણરૂપ અધ્યવસાય મનમાં કામવિકારની વિશેષ ઉત્પત્તિ કરે છે. જો કે નેત્રોનો જોવાનો સ્વભાવ છે પરંતુ સામાન્ય રીતે દષ્ટિગત થતા દશ્યોને આસક્તિપૂર્વક જોવાથી કર્મોનો બંધ થાય છે અને બ્રહ્મચર્યને હાનિ થવાની

પૂરેપૂરી સંભાવના રહે છે. માટે સ્ત્રીઓનું રાગપૂર્વક અવલોકન કે અવલોકનની અભિલાષા, તેમના રૂપ-લાવણ્યનું ચિંતન અને તેનું કીર્તન આદિનો અહીં નિષેધ કર્યો છે.

**कामं तु देवीहिं विभूसियाहिं :–** જે મુનિ સંયમભાવમાં સુસ્થિર થઈ ગયા હોય, જે મુનિઓને દેવાંગનાઓ પણ સંયમથી ચલાયમાન કરી શકતી ન હોય તેવા મનોબલી મુનિઓને પણ સદા સ્ત્રી, પશુ, પંડક આદિથી રહિત, એકાંત સ્થાનમાં નિવાસ કરવાની તીર્થંકર અને ગણધર દેવોની આજ્ઞા છે, તો પછી સામાન્ય, અગીતાર્થ સાધુઓને માટે વિવિક્ત સ્થાનનું સેવન કરવા અંગે કહેવાનું જ શું હોય ? અર્થાત્ ક્યારે ય આ આજ્ઞાની અવહેલના કરવી જોઈએ નહીં. વાસ્તવમાં મુનિઓનો નિવાસ સ્ત્રી નિવાસથી રહિત હોય તેમાં જ તેઓનું પરમ કલ્યાણ છે.

સૂત્રોક્ત કથનથી સ્પષ્ટ થાય છે કે પરમ યોગી પુરુષોએ પણ મર્યાદાનું પાલન કરવું અને શાસ્ત્રોક્ત આજ્ઞા પ્રમાણે રહેવું પોતાના માટે તો જરૂરી છે જ, તે ઉપરાંત મહાપુરુષોના આચાર-વિચારનું અનુસરણ સામાન્ય રીતે સર્વ લોકો કરે છે. તે કારણે પરંપરાની વિશુદ્ધિ માટે પણ તેઓ સ્વયં અનુશાસનને સ્વીકારે છે.

આ રીતે બ્રહ્મચર્યની પુષ્ટિથી સાધક ક્રમશઃ બ્રહ્મસ્વરૂપ આત્મભાવમાં સ્થિર થતા જાય છે અને તેઓના રાગ-દ્વેષાદિ કલુષિત ભાવોનો નાશ થાય છે.

**સ્ત્રીસંગ ત્યાગવાની દુષ્કરતા :–**

**१७ मोक्खाभिकंखिस्स उ माणवस्स, संसारभीरुस्स ठियस्स धम्मे ।**
**णेयारिसं दुत्तरमत्थि लोए, जहित्थिओ बालमणोहराओ ॥**

**શબ્દાર્થ :– मोक्खाभिकंखिस्स** = મોક્ષની ઇચ્છા રાખનારા **संसारभीरुस्स** = સંસારથી ડરનારા **धम्मे** = ધર્મમાં **ठियस्स** = સ્થિત રહેનારા **माणवस्स** = પુરુષને માટે **लोए** = આ લોકમાં **एयारिसं** = આ જાતનું **दुत्तरं** = કઠિન કાર્ય **ण अत्थि** =બીજું કોઈ નથી **जह** = જેટલો **बालमणोहराओ** = અજ્ઞાની જીવોના મનને હરણ કરનારી **इत्थिओ** = સ્ત્રીઓનો ત્યાગ કરવો.

**ભાવાર્થ :–** મોક્ષાભિકાંક્ષી, સંસારભીરુ અને ધર્મમાં સ્થિત પુરુષ માટે, અજ્ઞાની જીવોના મનને હરણ કરનારી સ્ત્રીઓનો ત્યાગ કરવાનું કાર્ય જેટલું દુષ્કર છે, તેટલું દુષ્કર કાર્ય આ લોકમાં બીજું કંઈ નથી.

**१८ एए य संगे समइक्कमित्ता, सुदुत्तरा चेव भवंति सेसा ।**
**जहा महासागरमुत्तरित्ता, णई भवे अवि गंगासमाणा ॥**

**શબ્દાર્થ :– जहा** = જેમ **महासागरं** = મહાસાગરને **उत्तरित्ता** = તરીને, પાર કર્યા પછી **गंगा समाणा** = ગંગા જેવી **णइ अवि** = નદીને પાર કરવી સરળ **भवे** = હોય છે **एए** = આ **संगे** = સંગને, સ્ત્રીઓની આસક્તિને **समइक्कमित्ता** = છોડી દીધા પછી **सेसा** = બીજી બધી આસક્તિઓ **सुदुत्तरा भवंति** = સરળતાથી છોડી શકાય છે.

**ભાવાર્થ :–** જેમ મહાસાગરને તર્યા પછી ગંગા જેવી નદી તરવાનું સરળ બની જાય છે, તેમ સ્ત્રી સંગનો પરિત્યાગ કર્યા પછી શેષ આસક્તિનો ત્યાગ કરવો સરળ બની જાય છે.

**१९ कामाणुगिद्धिप्पभवं खु दुक्खं, सव्वस्स लोगस्स सदेवगस्स ।**
**जं काइयं माणसियं च किंचि, तस्संतगं गच्छइ वीयरागो ॥**

**શબ્દાર્થ :–** **सदेवगस्स** = દેવલોક સહિત **सव्वस्स** = સમગ્ર **लोगस्स** = લોકના **जं किंचि** = જે કંઈ પણ **काइयं** = શારીરિક, કાયિક **माणसियं** = માનસિક **दुक्खं** = દુઃખ છે, તે બધાં દુઃખ **खु** = વાસ્તવમાં **कामाणुगिद्धिप्पभवं** = કામભોગોની આસક્તિથી જ ઉત્પન્ન થયેલા હોય છે **वीयरागो** = વીતરાગી પુરુષ જ **तस्स** = તે દુઃખોનો **अंतगं गच्छइ** = અંત કરે છે.

**ભાવાર્થ :–** દેવલોક સહિત સમસ્ત લોકના, જે કંઈ પણ શારીરિક, માનસિક અને બીજા દુઃખો છે, તે વાસ્તવમાં કામાસક્તિથી ઉત્પન્ન થાય છે. વીતરાગી આત્મા (પુરુષ) તે દુઃખનો અંત કરે છે.

**૨૦** **जहा य किंपागफला मणोरमा, रसेण वण्णेण य भुज्जमाणा ।**
**ते खुड्डए जीविय पच्चमाणा, एओवमा कामगुणा विवागे ॥**

**શબ્દાર્થ :–** **जहा** = જેમ **किंपागफला** = કિંપાક વૃક્ષનાં ફળો **रसेण** = રસથી મધુર **वण्णेण** = વર્ણથી સુંદર **भुज्जमाणा** = ખાવામાં સ્વાદિષ્ટ લાગે છે પરંતુ **पच्चमाणा** = ખાધા પછી થોડા સમયે તે **खुड्डए जीविय** = જીવનને નષ્ટ કરી દે છે **एओवमा** = આ જ ઉપમા **कामगुणा** = કામ ભોગોના **विवागे** = વિપાક (પરિણામ) માટે હોય છે.

**ભાવાર્થ :–** જેમ કિંપાક વૃક્ષના ફળો રૂપરંગની દષ્ટિથી મનોરમ્ય અને ખાવામાં મધુર લાગે છે પરંતુ પરિણામે તે જીવનનો અંત કરે છે, તે ઉપમા કામભોગોના વિપાકને લાગુ પડે છે અર્થાત્ કામભોગોનું પરિણામ પણ અંતે મહાદુઃખદાયી હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સ્ત્રીસંગ ત્યાગની કઠિનતાને દષ્ટાંત દ્વારા સમજાવી છે.

સ્ત્રીસંગ અનેક પ્રકારે દુઃખદાયક છે તેવું સમજવા છતાં અનાદિકાલના મોહનીયકર્મના ગાઢ સંસ્કારને વશ થયેલો જીવ સરળતાથી તેનો ત્યાગ કરી શકતો નથી.

તેથી જ અહીં કહ્યું છે કે સ્ત્રીસંગને જે પાર પામી જાય, તે સમગ્ર સાધનારૂપ સમુદ્રને શીઘ્ર પાર પામી જાય છે અને તેના માટે શેષ સાધના માત્ર ગંગા નદી તરવા સમાન અત્યંત સરળ બની જાય છે. સ્ત્રીસંગનો ત્યાગ કરનાર વ્યક્તિ અન્ય વિષયોની આસક્તિ સરળતાથી છોડી શકે છે કારણ કે સ્ત્રીસંગ જ અન્ય ઘણાં પદાર્થોની આસક્તિને જન્મ આપે છે, અનેક અનર્થોનું સર્જન કરે છે. તેથી બ્રહ્મચર્ય મહાવ્રતની આરાધનામાં જે સફળ થઈ જાય, તેને અન્ય સર્વ સાધનાઓ સહજ થઈ જાય છે.

**जहा य किंपागफला... :–** કિંપાક નામના વૃક્ષનું ફળ દેખાવમાં મનોહર હોય છે અને સ્વાદમાં મધુર હોય છે પરંતુ ખાધા પછી તેનું પરિણામ વિષફળની સમાન જીવનનો અંત કરે છે, તે જ રીતે કામભોગોનું સેવન તત્કાલ જીવને પ્રિય લાગે છે પરંતુ તેના પરિણામે જીવ કર્મબંધન કરી જન્મમરણની પરંપરા વધારે છે.

દેવોને કામભોગો અધિક પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે, માટે સાધારણ લોકો એમ સમજે છે કે દેવો અધિક સુખી છે પરંતુ કામભોગની આસક્તિ કે તૃષ્ણા કદાપિ પૂર્ણ થતી નથી. દેવો પણ અતૃપ્તપણે જ મરે છે. માનવીય કામભોગોનું સેવન મોહભાવોની વૃદ્ધિ કરે છે, તેનાથી પરંપરાએ ઈહલોકમાં શારીરિક, માનસિક દુઃખો; તથા તેનાં કારણે કર્મોનું બંધન થવાથી નરકાદિ દુર્ગતિઓમાં જન્મ-મરણ અને પરંપરા એ લાંબા કાળ સુધી દુઃખો ભોગવવાં પડે છે. જ્યારે વ્યક્તિ કામાસક્તિથી મુક્ત થઈને વીતરાગ દશાને પ્રાપ્ત

કરે ત્યારે જ આ બધાં દુઃખોનો અંત થાય છે. તેથી જ આ ગાથાના અંતિમ ચરણમાં કહ્યું છે– **तस्संतगं गच्छइ वीयरागो ।**

**ઈન્દ્રિય વિજય :–**

**૨૧** **जे इंदियाणं विसया मणुण्णा, ण तेसु भावं णिसिरे कयाइ ।**
**ण यामणुण्णेसु मणं पि कुज्जा, समाहिकामे समणे तवस्सी ॥**

**શબ્દાર્થ :– समाहिकामे** = સમાધિનો ઈચ્છુક **समणे** = શ્રમણ **तवस्सी** = તપસ્વી **इंदियाणं** = ઈન્દ્રિયોના **जे** = જે **मणुण्णा** = મનોજ્ઞ **विसया** = વિષય છે **तेसु** = તેમાં **कयाइ** = ક્યારે ય **भावं** = રાગભાવ **ण णिसिरे** = ન કરે **य** = અને **अमणुण्णेसु** = અમનોજ્ઞ વિષયોમાં **मणं पि** = મનથી પણ **ण कुज्जा** = દ્વેષભાવ ન કરે.

**ભાવાર્થ :–** સમાધિનો ઈચ્છુક તપસ્વી શ્રમણ ઈન્દ્રિયોના શબ્દ, રૂપાદિ મનોજ્ઞ વિષયોમાં રાગભાવ ન કરે અને ઈન્દ્રિયોના અમનોજ્ઞ વિષયોમાં મનથી પણ દ્વેષભાવ ન કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં સમાધિની પ્રાપ્તિમાં ઈન્દ્રિય વિજયની પ્રધાનતાનું નિરૂપણ કર્યું છે.

પાંચે ય ઈન્દ્રિયોના શબ્દાદિ મનોજ્ઞ વિષયોમાં રાગ અને અમનોજ્ઞ વિષયોમાં દ્વેષ કરવો, તે અસમાધિનું કારણ છે. તેના ત્યાગ વિના સાધુને સમાધિની પ્રાપ્તિ થતી નથી. જ્યારે ઈન્દ્રિયજન્ય વિષયના રાગનો ત્યાગ કરવામાં આવે ત્યારે તેમાં પ્રવૃત્તિ થતી નથી અને અપ્રિય વિષય પ્રત્યેના દ્વેષનો ત્યાગ કરવામાં આવે ત્યારે કષાયોની નિવૃત્તિ થઈ જાય છે. આ પ્રમાણે રાગ અને દ્વેષની નિવૃત્તિ થઈ જાય ત્યારે ચિત્તની એકાગ્રતા રૂપ સમાધિ પ્રાપ્ત થાય છે. તાત્પર્ય એ છે કે મનની આકુળતા-વ્યાકુળતાના કારણ રાગદ્વેષ છે. તેનાથી નિવૃત્ત થવાથી સાધક નિરાકુળતા અને સ્વસ્થતાને પ્રાપ્ત કરે છે, તે જ સમાધિ છે. તેથી સમાધિની ઈચ્છા રાખનાર સાધક પ્રિય અને અપ્રિય વિષયમાં થતા રાગદ્વેષના ભાવો ન કરે.

**ण या मणुण्णेसु मणं पि कुज्जा :–** આ ગાથામાં સંયમ સમાધિના એટલે સંયમ આરાધનાના ઈચ્છુક શ્રમણોને મનોજ્ઞ કે અમનોજ્ઞ વિષયો પ્રત્યે મનથી પણ વિચાર કરવાનો નિષેધ કર્યો છે, તો પછી ઈન્દ્રિયોના વિષયોમાં પ્રવૃત્ત થવું તે તો કિંચિત્ માત્ર પણ યોગ્ય નથી.

**ચક્ષુરિન્દ્રિય વિજય :–**

**૨૨** **चक्खुस्स रूवं गहणं वयंति, तं रागहेउं तु मणुण्णमाहु ।**
**तं दोसहेउं अमणुण्णमाहु, समो य जो तेसु स वीयरागो ॥**

**શબ્દાર્થ :– रूवं** = રૂપને **चक्खुस्स** = ચક્ષુ ઈન્દ્રિય **गहणं** = ગ્રહણ કરનારી **वयंति** = કહેવાય છે **मणुण्णं** = જે રૂપ મનોજ્ઞ છે **रागहेउं** = તેને રાગનો હેતુ **आहु** = કહે છે **अमणुण्णं** = જે રૂપ અમનોજ્ઞ છે **तं** = તેને **दोसहेउं** = દ્વેષનો હેતુ કહે છે **जो** = જે **तेसु** = મનોજ્ઞ અને અમનોજ્ઞ રૂપમાં **समो** = સમભાવ રાખે છે **स** = તે **वीयरागो** = વીતરાગ છે.

**ભાવાર્થ :–** ચક્ષુ ઈન્દ્રિય રૂપને ગ્રહણ કરે છે. તે રૂપ મનોજ્ઞ હોય, તો તે રાગનું કારણ બને છે અને અમનોજ્ઞ હોય, તો તે દ્વેષનું કારણ બને છે. જે બંને પ્રકારના રૂપમાં સમભાવ રાખે છે તે વીતરાગ કહેવાય છે.

**२३** **रूवस्स चक्खुं गहणं वयंति, चक्खुस्स रूवं गहणं वयंति ।**
**रागस्स हेउं समणुण्णमाहु, दोसस्स हेउं अमणुण्णमाहु ॥**

**શબ્દાર્થ :–** **चक्खुं** = ચક્ષુને **रूवस्स** = રૂપ **गहणं** = ગ્રહણ કરનાર **वयंति** = કહેવાય છે અને **रूवं** = રૂપ **चक्खुस्स** = આંખોનું **गहणं** = ગ્રાહ્ય(ગ્રહણ યોગ્ય) **वयंति** = કહેવાય છે **समणुण्णं** = મનોજ્ઞરૂપને **रागस्स** = રાગનો **हेउं** = કારણ, હેતુ **आहु** = કહે છે અને **अमणुण्णं** = અમનોજ્ઞ રૂપને **दोसस्स** = દ્વેષનો **हेउं** = હેતુ, કારણ **आहु** = કહે છે.

**ભાવાર્થ :–** ચક્ષુ રૂપને ગ્રહણ કરનાર(ગ્રાહક) છે, રૂપ ચક્ષુનો ગ્રાહ્ય વિષય છે. મનોજ્ઞરૂપ રાગનું કારણ છે અને અમનોજ્ઞ રૂપ દ્વેષનું કારણ છે.

**२४** **रूवेसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालियं पावइ से विणासं ।**
**रागाउरे से जह वा पयंगे, आलोयलोले समुवेइ मच्चुं ॥**

**શબ્દાર્થ :–** **जह वा** = જેમ **आलोय-लोले** = દીપકના પ્રકાશનું લોલુપી **रागाउरे** = રાગાતુર, રાગથી વિહ્વળ **पयंगे** = પતંગિયું દીપકની જ્યોત ઉપર પડીને **मच्चुं** = મૃત્યુને **समुवेइ** = પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે **जो** = જે, પુરુષ **रूवेसु** = રૂપમાં **तिव्वं** = તીવ્ર **गिद्धिं** = ગૃદ્ધિને, આસક્તિ ભાવને **उवेइ** = રાખે છે **से** = તે **अकालियं** = અકાળમાં જ **विणासं** = વિનાશને અથવા મૃત્યુને **पावइ** = પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :–** જેમ પ્રકાશ લોલુપ પતંગિયું રૂપમાં આસક્ત બની, દીપકની જ્યોત ઉપર પડીને મૃત્યુ પામે છે તેમ જે પ્રાણી મનોજ્ઞ રૂપોમાં અત્યંત આસક્તિ રાખે છે, તે રાગાતુર વ્યક્તિ અકાળે જ વિનાશ પામે છે.

**२५** **जे यावि दोसं समुवेइ तिव्वं, तंसिक्खणे से उ उवेइ दुक्खं ।**
**दुद्दंत दोसेण सएण जंतु, ण किंचि रूवं अवरज्झइ से ॥**

**શબ્દાર્થ :–** **जे यावि** = જે જીવ અમનોજ્ઞ રૂપમાં **दोसं** = દ્વેષ ભાવને **समुवेइ** = પ્રાપ્ત કરે છે, ઉત્પન્ન કરે છે **तिव्वं** = તીવ્ર **जंतु** = પ્રાણી **सएण** = પોતાના જ **दुद्दंतदोसेण** = દુર્દાંત દોષ, તીવ્ર દોષથી **तंसिक्खणे** = તે જ ક્ષણે **दुक्खं** = દુઃખને **उवेइ** = પ્રાપ્ત થાય છે **किंचि** = કોઈ **रूवं** = અમનોજ્ઞ રૂપનો **ण अवरज्झइ** = અપરાધ(દોષ) નથી.

**ભાવાર્થ :–** જે અમનોજ્ઞ રૂપમાં તીવ્ર દ્વેષ કરે છે, તે વ્યક્તિ તે જ ક્ષણે પોતાના તીવ્ર દ્વેષથી દુઃખી થાય છે. તેમાં રૂપનો કોઈ દોષ નથી.

**२६** **एगंतरत्ते रूइरंसि रूवे, अतालिसे से कुणइ पओसं ।**
**दुक्खस्स संपीलमुवेइ बाले, ण लिप्पइ तेण मुणी विरागो ॥**

**શબ્દાર્થ :–** **रूइरंसि** = સુંદર, રુચિર **रूवे** = રૂપમાં **एगंतरत्ते** = અત્યંત અનુરક્ત થાય છે અને **अतालिसे** = અસુંદર રૂપથી **पओसं** = દ્વેષ **कुणइ** = કરે છે **से** = તે **बालो** = બાલ જીવ **दुक्खस्स** = પીડાના, દુઃખના **संपीलं** = સમૂહને **उवेइ** = પ્રાપ્ત થાય છે, પરંતુ **विरागो** = વીતરાગ **मुणी** = મુનિ **तेण** = તે દુઃખથી **ण लिप्पइ** = લિપ્ત થતા નથી.

**ભાવાર્થ :–** જે સુંદર રૂપમાં અત્યંત આસક્ત હોય છે અને કુરૂપમાં દ્વેષ કરે છે, તે અજ્ઞાની શારીરિક,

માનસિક આદિ અનેક પ્રકારના દુઃખોને પામે છે. વિરક્ત મુનિ તેમાં લિપ્ત થતા નથી અર્થાત્ તે ઉભય પ્રકારના રૂપોથી કર્મબંધ કરતા નથી.

**૨૭** **रूवाणुगासाणुगए य जीवे, चराचरे हिंसइ णेगरूवे ।**
**चित्तेहिं ते परितावेइ बाले, पीलेइ अत्तट्ठगुरू किलिट्ठे ॥**

**શબ્દાર્થ :– रूवाणुगासाणुगए** = રૂપની આશાથી તેનું અનુસરણ કરનાર અર્થાત્ રૂપની આસક્તિમાં ફસાયેલો **जीवे** = જીવ **णेगरूवे** = અનેક પ્રકારના **चराचरे** = ત્રસ અને સ્થાવર પ્રાણીઓની **हिंसइ** = હિંસા કરે છે **च** = અને **बाले** = તે બાલજીવ **ते** = તે જીવોને **चित्तेहिं** = અનેક પ્રકારે **परितावेइ** = પરિતાપ ઉપજાવે છે અને **अत्तट्ठगुरू** = પોતાના જ સ્વાર્થમાં તલ્લીન બનેલો તે **किलिट्ठे** = કુટિલ જીવ **पीलेइ** = અનેક જીવોને પીડિત કરે છે.

**ભાવાર્થ :–** મનોજ્ઞ રૂપની ઈચ્છાને આધીન થયેલી વ્યક્તિ અનેક ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે તેમજ પોતાના સ્વાર્થમાં તલ્લીન બનેલો ક્લિષ્ટ પરિણામી, તે રૂપાસક્ત અજ્ઞાની પ્રાણી અન્ય જીવોને વિવિધ પ્રકારે પરિતાપ આપે છે અને પીડિત કરે છે.

**૨૮** **रूवाणुवाएण परिग्गहेण, उप्पायणे रक्खणसण्णिओगे ।**
**वए विओगे य कहं सुहं से, संभोगकाले य अतित्तिलाभे ॥**

**શબ્દાર્થ :– रूवाणुवाएण** = રૂપના અનુરાગથી **परिग्गहेण** = મૂર્ચ્છાથી **उप्पायणे** = તે પદાર્થને ઉપાર્જન કરવામાં અને **रक्खण** = રક્ષા કરવામાં **सण्णिओगे** = સમ્યક્ પ્રકારે નિયોગ–ઉપયોગ કરવામાં **वए** = વ્યય, તેનો નાશ થતાં **विओगे** = વિયોગ થતાં **कहं** = કેવી રીતે **सुहं** = સુખ પ્રાપ્ત થઈ શકે છે **संभोगकाले** = તેનો ઉપયોગ કરવાના સમયે **से** = તેને **अतित्तिलाभे** = તૃપ્તિ ન હોવાના કારણે દુઃખ જ થાય છે.

**ભાવાર્થ :–** રૂપના અનુરાગથી અને તેની મૂર્ચ્છાથી તે પદાર્થોના ઉપાર્જનમાં કે રક્ષણમાં અને તેના ઉપયોગમાં તથા તે પદાર્થોના નાશ અને વિયોગમાં; તે અનુરાગી જીવને સુખ ક્યાંથી હોય ? તેને રૂપના ઉપભોગ સમયે પણ અતૃપ્તિનું દુઃખ જ હોય છે.

**૨૯** **रूवे अतित्ते य परिग्गहम्मि, सत्तोवसत्तो ण उवेइ तुट्ठिं ।**
**अतुट्ठिदोसेण दुही परस्स, लोभाविले आययइ अदत्तं ॥**

**શબ્દાર્થ :– रूवे** = રૂપમાં **अतित्ते** = અતૃપ્ત બનેલો **परिग्गहम्मि** = રૂપ વિષયક પરિગ્રહમાં **सत्तोवसत्तो** = આસક્ત અને વધુ આસક્ત બનેલો જીવ **तुट्ठिं** = સંતોષને **ण उवेइ** = પ્રાપ્ત થતો નથી **अतुट्ठिदोसेण** = અસંતોષરૂપી દોષથી **दुही** = દુઃખી થયેલો અને **लोभाविले** = લોભથી મલિન ચિત્તવાળો જીવ **परस्स** = બીજાની **अदत्तं** = ન આપેલી વસ્તુઓને **आययइ** = ગ્રહણ કરે છે, પોતાની પ્રિય વસ્તુ માટે ચોરી પણ કરે છે.

**ભાવાર્થ :–** રૂપમાં અતૃપ્ત તથા તેના પરિગ્રહમાં આસક્ત અને અત્યંત આસક્ત વ્યક્તિ ક્યારે ય સંતોષ પ્રાપ્ત કરતો નથી. તે ઉપરાંત અસંતોષના દોષથી દુઃખી અને લોભથી વ્યાકુળ બનીને, તે જીવ બીજાની અદત્ત(ન આપેલી) વસ્તુ ગ્રહણ કરે છે અર્થાત્ ચોરી કરે છે.

**૩૦** **तण्हाभिभूयस्स अदत्त हारिणो, रूवे अतित्तस्स परिग्गहे य ।**
**मायामुसं वड्ढइ लोभदोसा, तत्था वि दुक्खा ण विमुच्चइ से ॥**

**શબ્દાર્થ :–** **तण्हाभिभूयस्स** = તૃષ્ણાને વશીભૂત થયેલા **अदत्तहारिणो** = રૂપવાન વસ્તુને ચોરીને લેનારા **अतित्तस्स** = અતૃપ્ત પ્રાણીના **लोभदोसा** = લોભરૂપી દોષથી **मायामुसं** = માયા અને મૃષાવાદની **वड्ढइ** = વૃદ્ધિ થાય છે **तत्था वि** = તો પણ, કપટથી ખોટું બોલવાથી પણ **से** = તે **दुक्खा** = દુઃખથી **ण विमुच्चइ** = મુક્ત થતો નથી અર્થાત્ છૂટતો નથી.

**ભાવાર્થ :–** તૃષ્ણાથી ઘેરાયેલા, બીજાની વસ્તુને ગ્રહણ કરનાર, રૂપમાં અતૃપ્ત અને રૂપવિષયક પરિગ્રહમાં મૂર્ચ્છિત પુરુષ, લોભના દોષથી માયા-કપટ અને મૃષાવાદની વૃદ્ધિ કરે છે, તોપણ તે દુઃખથી મુક્ત થતો નથી.

**૩૧** **मोसस्स पच्छा य पुरत्थओ य, पओगकाले य दुही दुरंते ।**
**एवं अदत्ताणि समाययंतो, रूवे अतित्तो दुहिओ अणिस्सो ॥**

**શબ્દાર્થ :–** **मोसस्स** = અસત્ય બોલતાં **पुरत्थओ** = પહેલાં **पच्छा** = પછી **पओगकाले** = પ્રયોગ કાળે, અસત્ય બોલવાના સમયે પણ **दुरंते** = દુરન્ત, દુષ્ટ હૃદયવાળો જીવ **दुही** = દુઃખી જ રહે છે **एवं** = આ રીતે **रूवे** = રૂપમાં **अतित्तो** = અતૃપ્ત જીવ **अदत्ताणि** = અદત્ત **समाययंतो** = ગ્રહણ કરતાં **अणिस्सो** = સહાય વગરનો **य** = અને **दुहिओ** = દુઃખી થાય છે.

**ભાવાર્થ :–** (રૂપ સંબંધી) અસત્ય બોલતાં પહેલાં અને પછી તથા બોલતાં સમયે પણ મનુષ્ય દુઃખી થાય છે, તેનો અંત પણ દુઃખ રૂપ હોય છે. આ રીતે અદત્ત ગ્રહણ કરીને પણ રૂપ વિષયક અતૃપ્ત વ્યક્તિ દુઃખી અને અસહાય બને છે.

**૩૨** **रूवाणुरत्तस्स णरस्स एवं, कत्तो सुहं होज्ज कयाइ किंचि ।**
**तत्थोवभोगे वि किलेस दुक्खं, णिव्वत्तइ जस्स कएण दुक्खं ॥**

**શબ્દાર્થ :–** **एवं** = આ રીતે **रूवाणुरत्तस्स** = રૂપમાં આસક્ત બનેલા **णरस्स** = મનુષ્યોને **सुहं** = સુખ **कत्तो** = ક્યાંથી **होज्ज** = હોય ? **कयाइ** = ક્યારે ય **किंचि** = થોડું પણ સુખ **जस्स कएण** = જેના માટે **दुक्खं** = દુઃખ **तत्थोवभोगे वि** = તે વસ્તુના ઉપભોગમાં **किलेस दुक्खं** = અત્યંત ક્લેશ અને દુઃખ **णिव्वत्तइ** = ઉત્પન્ન કરે છે.

**ભાવાર્થ :–** આ રીતે રૂપમાં અનુરક્ત માણસને ક્યારે ય કિંચિત્ માત્ર સુખ ક્યાંથી મળે ? કારણ કે રૂપ વિષયક પદાર્થોને પ્રાપ્ત કરવામાં અને તેના ઉપભોગમાં પણ ક્લેશ અને દુઃખ જ હોય છે.

**૩૩** **एमेव रूवम्मि गओ पओसं, उवेइ दुक्खोह परंपराओ ।**
**पदुट्ठचित्तो य चिणाइ कम्मं, जं से पुणो होइ दुहं विवागे ॥**

**શબ્દાર્થ :–** **एमेव** = આ જ રીતે **रूवम्मि** = અમનોજ્ઞ રૂપમાં **पओसं गओ** = પ્રદ્વેષ કરનારો જીવ **दुक्खोह परंपराओ** = ઉત્તરોત્તર દુઃખ સમૂહની પરંપરાઓને **उवेइ** = પ્રાપ્ત થાય છે **पदुट्ठचित्तो** = અતિશય દ્વેષથી દૂષિત ચિત્તવાળો તે જીવ **कम्मं** = અશુભ કર્મનો **चिणाइ** = સંચય કરે છે **जं** = જેનાથી **से** = તેને **पुणो** = પછી **विवागे** = વિપાકના સમયે, કર્મનાં ફળ ભોગવતાં સમયે **दुहं** = દુઃખ **होइ** = થાય છે.

**ભાવાર્થ :–** આ જ રીતે(અમનોજ્ઞ)રૂપમાં પ્રદ્વેષ રાખનાર પણ ઉત્તરોત્તર અનેક દુઃખોની પરંપરાને પ્રાપ્ત કરે છે. દ્વેષયુક્ત ચિત્તથી તે અશુભ કર્મોનો સંચય કરે છે, પછી તે જ કર્મો ફળ આપવાના સમયે તેના માટે દુઃખ રૂપ થાય છે.

**૩૪** **रूवे विरत्तो मणुओ विसोगो, एएण दुक्खोह परंपरेण ।**
**ण लिप्पइ भवमज्झे वि संतो, जलेण वा पोक्खरिणी पलासं ॥**

**શબ્દાર્થ :– वा** = જે પ્રકારે **पोक्खरिणी पलासं** = પુષ્કરિણી પલાશ, જળમાં ઉત્પન્ન થયેલું કમળપત્ર જળમાં રહેવા છતાં **जलेण** = પાણીથી **ण लिप्पइ** = લિપ્ત થતું નથી તે જ રીતે **रूवे** = રૂપમાં **विरत्तो** = વિરક્ત **मणुओ** = મનુષ્ય **विसोगो** = શોક રહિત થાય છે અને **भवमज्झे** = સંસારમાં **संतो वि** = રહેવા છતાં **एएण** = આ રૂપ વિષયક **दुक्खोह परंपरेण** = દુઃખ સમૂહની પરંપરાથી લિપ્ત થતો નથી.

**ભાવાર્થ :–** રૂપથી વિરક્ત પુરુષ શોક રહિત થાય છે. જેમ તળાવમાં ઉત્પન્ન થયેલું કમળપત્ર પાણીથી અલિપ્ત રહે છે, તેમ તે સંસારમાં રહેવા છતાં રૂપ વિષયક દુઃખ પરંપરાથી લિપ્ત થતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં ચક્ષુરિન્દ્રિય વિજય માટે રૂપની આસક્તિથી થતાં દોષો અને દુઃખોની પરંપરાનું વર્ણન કર્યું છે.

**રૂપમાં રાગ દ્વેષથી થતી દોષ પરંપરા :–** જે રીતે પ્રકાશની લાલસાથી પતંગિયુ પોતાના હિતાહિતનો વિચાર કર્યા વિના દીપક તરફ દોડી જાય છે અને અંતે દીપકમાં પડીને વિનાશને પામે છે, તે જ રીતે રૂપમાં આસક્ત વ્યક્તિઓ રૂપની લાલસાથી હિતાહિતનો વિચાર કરી શકતા નથી. તે મનુષ્યો રૂપવાન વસ્તુને પ્રાપ્ત કરવા અને કુરૂપને દૂર કરવા અનેક જીવોની હિંસા કરે છે, વિવિધ પ્રકારે પીડા આપે છે, ખોટું બોલે છે, પ્રિય વસ્તુની ચોરી કરે છે, સ્ત્રીના રૂપમાં આસક્ત બની અબ્રહ્મચર્યનું સેવન કરે છે, રૂપવાન પદાર્થોનો મમત્વપૂર્વક સંગ્રહ કરે છે, છતાં તે અતૃપ્ત રહે છે. તે પદાર્થોના ઉપાર્જનમાં, સંરક્ષણમાં, ઉપભોગમાં, વ્યય અને વિયોગ વગેરેમાં દુઃખી થાય છે. આટલું પાપ કરવા છતાં તે અહીં સુખી થતા નથી, તેમજ પરલોકમાં પણ સુખી થતા નથી. રૂપ પ્રત્યે રાગદ્વેષ વશ તે અનેક પાપકર્મોનું ઉપાર્જન કરે છે અને તેનું ફળ ભોગવતાં વિવિધ દુઃખો ભોગવે છે તથા તે જન્મ-મરણની પરંપરામાં વૃદ્ધિ કરે છે.

**ण किंचि रूवं अवरज्झइ से :–** તેમાં રૂપનો કાંઈ અપરાધ નથી. રૂપને ગ્રહણ કરવું તે નેત્રનો સ્વભાવ છે; નેત્રનો વિષય બનવું તે રૂપનો સ્વભાવ છે. નેત્ર આ વિશ્વના વિવિધ રૂપોનું દર્શન કરે છે. રૂપ અને નેત્ર બંને યથાસ્થાને સ્થિત રહીને પોત-પોતાના સ્વભાવ પ્રમાણે કાર્ય કરે છે. ત્યાં સુધી કોઈ દોષ કે દુઃખ નથી પરંતુ જ્યારે રૂપદર્શન થતાં જ આત્મામાં પૂર્વ સંસ્કારવશ રાગ અને દ્વેષના સંસ્કારો જાગૃત થાય અને વ્યક્તિ તે રૂપમાં પ્રિય-અપ્રિયના ભાવો કરે; ત્યાર પછી ક્રમશઃ પ્રિય વસ્તુની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે ત્યારે પાપની પરંપરા ચાલુ થઈ જાય છે.

સાધક આત્મા રૂપદર્શન થવા છતાં રાગ કે દ્વેષ કરતા નથી, તે સમભાવમાં સ્થિત રહે છે. વીતરાગી પુરુષ વિશ્વના સમસ્ત રૂપનું દર્શન કરે છે પરંતુ તેને રૂપ બાંધી શકતું નથી કે પાપ પ્રવૃત્તિ કરાવી શકતું નથી.

તેથી સિદ્ધ થાય છે કે રૂપ નહીં પરંતુ રૂપની આસક્તિ જીવને બંધનકારક છે. તે જ રીતે પાંચે ઈન્દ્રિયના વિષયો નહીં પરંતુ વિષયોની આસક્તિ જ જીવને બંધનકારક થાય છે.

**समो य जो तेसु स वीयरागो :–** રૂપના વિષયમાં જે રાગ કે દ્વેષના ભાવો કરતા નથી, તે વીતરાગી છે. રૂપ વિષયક અનુરાગનો પરિત્યાગ કરનાર વીતરાગી પુરુષ શોકનો અનુભવ કરતા નથી તથા દુઃખની પરંપરા પામતા નથી. જલકમલવત્ વિરક્ત પુરુષ સંસારમાં રહેવા છતાં સંસારના દુઃખોથી લિપ્ત થતા

નથી. રાગદ્વેષના પરિત્યાગથી તન્મૂલક દુઃખનો અભાવ થઈ જાય છે.

**समाहिकामे** :– સમાધિકામ, આત્મ સમાધિભાવ, શાંતિ સમાધિનો ઈચ્છુક. સમાધિ એટલે ચિત્તની અને સંયમ જીવનની સ્વસ્થતા. શાંતિ-સમાધિ માટે રૂપમાં રાગદ્વેષનો ત્યાગ કરવો જોઈએ.

**गहणं** :– ગાથા ૨૨ અને ૨૩માં 'ગહણં' શબ્દ ત્રણ વખત પ્રયુક્ત છે. પ્રસંગવશ ગાથા ૨૨માં ગ્રહણ શબ્દનો અર્થ ગ્રાહ્ય વિષય થાય છે. તથા ૨૩મી ગાથામાં ગ્રહણનો અર્થ છે ગ્રાહક અને બીજા ગ્રહણનો અર્થ છે– 'ગ્રાહ્ય વિષય'. આ રીતે ઈન્દ્રિય અને તેના વિષયને પરસ્પર ગ્રાહ્ય-ગ્રાહક સંબંધ છે.

**दुक्खस्स संपीलं** = દુઃખથી ઉત્પન્ન થયેલી પીડા, દુઃખનો સમૂહ, શારીરિક-માનસિક આદિ અનેક પ્રકારની પીડા.

**अत्तट्ठगुरू किलिट्ठे** :– પોતાના જ પ્રયોજનને પ્રધાનતા આપનાર અને ક્લિષ્ટ પરિણામી.

**શ્રોતેન્દ્રિય વિજય :-**

**૩૫** **सोयस्स सद्दं गहणं वयंति, तं रागहेउं तु मणुण्णमाहु ।**
**तं दोस हेउं अमणुण्णमाहु, समो य जो तेसु स वीयरागो ॥**

**શબ્દાર્થ :– सद्दं** = શબ્દને **सोयस्स** = શ્રોતેન્દ્રિયના **गहणं** = ગ્રાહ્ય, વિષય **वयंति** = કહે છે.

**ભાવાર્થ :–** શ્રોતેન્દ્રિય શબ્દને ગ્રહણ કરે છે, તે શબ્દ મનોજ્ઞ હોય તો રાગનું કારણ અને અમનોજ્ઞ હોય તો દ્વેષનું કારણ બને છે. જે આ બંને પ્રકારના શબ્દમાં સમભાવ ધારણ કરે છે, તે વીતરાગ છે.

**૩૬** **सद्दस्स सोयं गहणं वयंति, सोयस्स सद्दं गहणं वयंति ।**
**रागस्स हेउं समणुण्णमाहु, दोसस्स हेउं अमणुण्णमाहु ॥**

**શબ્દાર્થ :– सोयं** = કાનને, શ્રોતેન્દ્રિયને **सद्दस्स** = શબ્દનો **गहणं** = ગ્રાહક **वयंति** = કહે છે અને **सद्दं** = શબ્દને **सोयस्स** = કાનનો, શ્રવણનો **गहणं** = ગ્રાહ્ય વિષય.

**ભાવાર્થ :–** શ્રોતેન્દ્રિય શબ્દને ગ્રહણ કરનાર(ગ્રાહક) છે અને શબ્દ શ્રોતેન્દ્રિયનો ગ્રાહ્ય(વિષય) છે. તે શબ્દ મનોજ્ઞ હોય તો રાગનું અને અમનોજ્ઞ હોય તો દ્વેષનું કારણ બને છે.

**૩૭** **सद्देसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालियं पावइ से विणासं ।**
**रागाउरे हरिण मिगे व मुद्धे, सद्दे अतित्ते समुवेइ मच्चुं ॥**

**શબ્દાર્થ :– जो** = જે **रागाउरे** = રાગાતુર, સંગીતના રાગમાં આસક્ત અને **मुद्धे** = મુગ્ધ બનેલા **मिगेव** = મૃગની જેમ, અજ્ઞાની માણસ **हरिण** = હરણ **सद्दे** = શબ્દમાં.

**ભાવાર્થ :–** જેમ સંગીતના રાગમાં આતુર અને મુગ્ધ બનેલું હરણ અકાલમાં જ મૃત્યુ પામે છે, તેમ શબ્દમાં અત્યંત ગૃદ્ધ બનેલી વ્યક્તિ શબ્દ શ્રવણથી અતૃપ્ત રહીને જ મૃત્યુ પામે છે.

**૩૮** **जे यावि दोसं समुवेइ तिव्वं, तंसिक्खणे से उ उवेइ दुक्खं ।**
**दुद्दंतदोसेण सएण जंतू, ण किंचि सद्दं अवरज्झइ से ॥**

**ભાવાર્થ :–** જે અમનોજ્ઞ શબ્દ તરફ તીવ્ર દ્વેષ રાખે છે તે વ્યક્તિ તે જ ક્ષણે પોતાના તીવ્ર દ્વેષથી દુઃખી થાય છે, તેમાં શબ્દનો કોઈ દોષ નથી.

**३९** **एगंतरत्ते रुइरंसि सद्दे, अतालिसे से कुणइ पओसं ।**
**दुक्खस्स संपीलमुवेइ बाले, ण लिप्पइ तेण मुणी विरागो ॥**

**ભાવાર્થ :–** જે પ્રિય શબ્દમાં અત્યંત આસક્ત હોય છે અને અપ્રિય શબ્દ પ્રત્યે દ્વેષ કરે છે, તે અજ્ઞાની દુઃખની અત્યંત પીડા પામે છે. પરંતુ વિરક્ત મુનિ તેમાં લિપ્ત થતા નથી.

**४०** **सद्दाणुगासाणुगए य जीवे, चराचरे हिंसइ णेगरूवे ।**
**चित्तेहिं ते परितावेइ बाले, पीलेइ अत्तट्ठगुरू किलिट्ठे ॥**

**શબ્દાર્થ :– सद्दाणुगासाणुगए** = શબ્દની આશાથી તેનું અનુસરણ કરનારા અર્થાત્ શબ્દાસક્તિમાં ફસાયેલો (જીવ).

**ભાવાર્થ :–** મનોજ્ઞ શબ્દની સ્પૃહાને વશીભૂત થયેલા અજ્ઞાની ક્લિષ્ટ પરિણામી જીવો પોતાના સ્વાર્થને વશ થઈ ત્રસ-સ્થાવર જીવોની અનેક પ્રકારે હિંસા કરે છે અને તે અન્ય જીવોને વિવિધ પ્રકારે પરિતાપ આપે છે અને પીડા ઉપજાવે છે.

**४१** **सद्दाणुवाएण परिग्गहेण, उप्पायणे रक्खणसण्णिओगे ।**
**वए विओगे य कहं सुहं से, संभोगकाले य अतित्तिलाभे ॥**

**શબ્દાર્થ :– सद्दाणुवाएण** = શબ્દના વિષયમાં આસક્ત.

**ભાવાર્થ :–** શબ્દમાં અનુરાગ હોવાથી અને તેની મૂર્ચ્છાથી તે પદાર્થોના ઉપાર્જનમાં, સંરક્ષણમાં અને તેના ઉપયોગમાં તથા વ્યય અને વિયોગમાં તેને સુખ ક્યાંથી હોય ? તેને શબ્દના ઉપભોગ સમયે પણ અતૃપ્તિનું દુઃખ જ હોય છે.

**४२** **सद्दे अतित्ते य परिग्गहम्मि, सत्तोवसत्तो ण उवेइ तुट्ठिं ।**
**अतुट्ठिदोसेण दुही परस्स, लोभाविले आययई अदत्तं ॥**

**ભાવાર્થ :–** શબ્દમાં અતૃપ્ત અને તેના પરિગ્રહમાં આસક્ત અને અત્યંત આસક્ત વ્યક્તિ ક્યારે ય સંતુષ્ટ થતો નથી. અસંતોષના દુઃખથી દુઃખી અને લોભથી વ્યાકુળ વ્યક્તિ બીજાની વસ્તુ અદત્ત ગ્રહણ કરે છે, ચોરી કરે છે.

**४३** **तण्हाभिभूयस्स अदत्तहारिणो, सद्दे अतित्तस्स परिग्गहे य ।**
**मायामुसं वड्ढइ लोभदोसा, तत्थावि दुक्खा ण विमुच्चइ से ॥**

**ભાવાર્થ :–** તૃષ્ણાથી ઘેરાયેલા, અદત્ત વસ્તુ ગ્રહણ કરનાર, શબ્દમાં અતૃપ્ત અને શબ્દ વિષયક પરિગ્રહમાં મૂર્ચ્છિત પુરુષ લોભના દોષથી માયા કપટ અને મૃષાવાદની વૃદ્ધિ કરે છે તોપણ તે દુઃખથી મુક્ત થતા નથી.

**४४** **मोसस्स पच्छा य पुरत्थओ य, पओगकाले य दुही दुरंते ।**
**एवं अदत्ताणि समाययंतो, सद्दे अतित्तो दुहिओ अणिस्सो ॥**

**ભાવાર્થ :–** (શબ્દ સંબંધી) અસત્ય બોલતાં પહેલા અને પછી તથા અસત્ય બોલવાના સમયે પણ તે દુઃખી થાય છે. તેનો અંત પણ દુઃખરૂપ જ હોય છે. આ રીતે અદત્ત ગ્રહણ કરીને શબ્દ વિષયક અતૃપ્ત વ્યક્તિ દુઃખી અને અસહાય બને છે.

**૪૫** **सद्दाणुरत्तस्स णरस्स एवं, कत्तो सुहं होज्ज कयाइ किंचि ।**
**तत्थोवभोगे वि किलेसदुक्खं, णिव्वत्तई जस्स कएण दुक्खं ॥**

**શબ્દાર્થ :– सद्दाणुरत्तस्स** = શબ્દમાં આસક્ત બનેલો.

**ભાવાર્થ :–** આ રીતે શબ્દમાં અનુરક્ત વ્યક્તિને ક્યારે ય કિંચિત્ માત્ર પણ સુખ ક્યાંથી હોય ? કારણ કે શબ્દ વિષયક પદાર્થો પ્રાપ્ત કરવામાં અને તેના ઉપભોગમાં પણ ક્લેશ અને દુઃખ જ હોય છે.

**૪૬** **एमेव सद्दम्मि गओ पओसं, उवेइ दुक्खोहपरंपराओ ।**
**पदुट्ठचित्तो च चिणाइ कम्मं, जं से पुणो होइ दुहं विवागे ॥**

**ભાવાર્થ :–** આ રીતે જે (અમનોજ્ઞ) શબ્દ પ્રત્યે દ્વેષ કરે છે, તે ઉત્તરોત્તર અનેક દુઃખોની પરંપરાને પ્રાપ્ત કરે છે. દ્વેષયુક્ત ચિત્તથી તે જે કર્મોનો સંચય કરે છે, તે જ કર્મો ફળ ભોગવવાના સમયે તેના માટે દુઃખ રૂપ થાય છે.

**૪૭** **सद्दे विरत्तो मणुओ विसोगो, एएण दुक्खोहपरंपरेण ।**
**ण लिप्पइ भवमज्झे वि संतो, जलेण वा पोक्खरिणी पलासं ॥**

**ભાવાર્થ :–** શબ્દમાં વિરક્ત પુરુષ શોક રહિત થાય છે. જેમ જલાશયમાં ઉત્પન્ન થયેલું કમળ પત્ર પાણીથી અલિપ્ત રહે છે, તેમ તે સંસારમાં રહેવા છતાં શબ્દ વિષયક દુઃખ પરંપરાથી અલિપ્ત રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં શ્રોતેન્દ્રિયવિજય માટે શબ્દની આસક્તિથી ઉત્પન્ન થતાં દોષો અને દુઃખોની પરંપરાનું વિસ્તૃત વર્ણન છે. તે સર્વ વર્ણન પ્રાયઃ પૂર્વોક્ત ગાથાઓની સમાન છે. વિશેષમાં અહીં શબ્દ શ્રવણની લાલસાથી ખેંચાઈને ફસાઈ જતાં મૃગના દષ્ટાંતથી વિષયને સ્પષ્ટ કર્યો છે.

જે રીતે મૃગ મોરલીના મધુર સ્વરમાં રાગાતુર બનીને મરણના ભયને ભૂલીને સુરીલા સ્વરમાં જ તલ્લીન બની જાય છે અને અંતે શિકારીના બાણનો ભોગ બનીને, મધુર શબ્દ શ્રવણની અતૃપ્ત વાસનામાં જ અકાલે મરણને શરણ થાય છે. તે જ રીતે પ્રિય શબ્દમાં આસક્ત અને અપ્રિય શબ્દમાં દ્વેષગ્રસ્ત મનુષ્ય તે અનુકૂળ શબ્દોને મેળવવા, મૃદંગ, વાંસળી આદિ વાજિંત્રો બનાવવા માટે ચામડાં, લાકડું વગેરે વસ્તુઓ મેળવવા અનેક જીવોની હિંસા કરે છે, તે જીવોને વિવિધ પ્રકારે પીડા આપે છે. તે વાજિંત્રોના સંરક્ષણમાં સદા તત્પર રહે છે. તેનો નાશ થાય કે વિયોગ થાય તો દુઃખી થાય છે. તે સાધનોના સદ્ભાવમાં પણ તેનો વિનાશ ન થાય તેવા ભયથી સદા ભયભીત જ રહે છે.

તે ઉપરાંત તે સાધનો માટે અસત્ય, ચોરી, લોભ, રાગ, દ્વેષ, માયા-કપટનું સેવન આદિ અનેક પાપ પ્રવૃત્તિ કરે છે. તેના પરિણામ સ્વરૂપે તે અનંત કર્મોને સંચય કરી, આ ભવમાં વ્યાકુળતા અને અસંતોષની આગમાં બળ્યા કરે છે અને પરભવમાં તે કર્મોના ફળ સ્વરૂપે દુઃખ ભોગવતાં જન્મ મરણની પરંપરા વધારે છે.

જે વ્યક્તિ અનુકૂળ કે પ્રતિકૂળ શબ્દો સાંભળીને તેમાં સમભાવ રાખે છે, તેમાં મધ્યસ્થ રહે છે; તે રાગ દ્વેષને છોડીને વીતરાગ બને છે અને વીતરાગી પુરુષ સર્વ દુઃખોથી મુક્ત થાય છે.

**हरिणमिगे :–** **हरिण** અને **मृग** આ બન્ને શબ્દ સમાન અર્થી છે. તેમ છતાં સૂત્રકારે બે શબ્દનો પ્રયોગ કર્યો છે. તેથી મૃગ શબ્દ અનેકાર્થક હોવાથી અહીં તેનો અજ્ઞાની, ભોળુ પ્રાણી, બુદ્ધિ વિહીન ઇત્યાદિ અર્થ કરવામાં આવે છે.

**ઘ્રાણેન્દ્રિય વિજય :–**

**૪૮** **घाणस्स गंधं गहणं वयंति, ते रागहेउं तु मणुण्णमाहु ।**
**तं दोसहेउं अमणुण्णमाहु, समो य जो तेसु स वीयरागो ॥**

**શબ્દાર્થ :– गंधं** = ગંધને **घाणस्स** = ઘ્રાણેન્દ્રિય **गहणं** = ગ્રહણ(વિષય) **वयंति** = કહે છે.

**ભાવાર્થ :–** ઘાણેન્દ્રિય(નાસિકા) ગંધને ગ્રહણ કરે છે, તે ગંધ મનોજ્ઞ હોય તો રાગનું કારણ અને અમનોજ્ઞ હોય તો દ્વેષનું કારણ બને છે. જે બંને પ્રકારે ગંધમાં સમભાવ રાખે છે, તે વીતરાગી છે.

**૪૯** **गंधस्स घाणं गहणं वयंति, घाणस्स गंधं गहणं वयंति ।**
**रागस्स हेउं समणुण्णमाहु, दोसस्स हेउं अमणुण्णमाहु ॥**

**શબ્દાર્થ :– घाणं** = ઘ્રાણેન્દ્રિયને **गंधस्स** = ગંધની **गहणं** = ગ્રાહક(ગ્રહણ કરનાર) **वयंति** = કહેવાય છે અને **गंधं** = ગંધને **धाणस्स** = ઘ્રાણેન્દ્રિયનો **गहणं** = ગ્રાહ્ય (ગ્રહણ કરવા યોગ્ય) **वयंति** = કહેવાય છે.

**ભાવાર્થ :–** ઘ્રાણેન્દ્રિય, ગંધને ગ્રહણ કરનાર 'ગ્રાહક' છે અને તે ગંધ, ઘ્રાણેન્દ્રિયનો 'ગ્રાહ્ય વિષય' છે. મનોજ્ઞ ગંધ રાગનું કારણ અને અમનોજ્ઞ ગંધ દ્વેષનું કારણ છે.

**૫૦** **गंधेसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालियं पावइ से विणासं ।**
**रागाउरे ओसहिगंधगिद्धे, सप्पे बिलाओ विव णिक्खमंते ॥**

**શબ્દાર્થ :– गंधेसु** = ગંધમાં **से** = તે **ओसहि-गंध-गिद्धे** = ચંદન વગેરે ઔષધિઓની સુગંધમાં ગૃદ્ધ **रागाउरे** = રાગાતુર થઈને **बिलाओ** = પોતાના બિલમાંથી (દરમાંથી) **णिक्खमंते** = બહાર નીકળતા **सप्पे विव** = સર્પની સમાન.

**ભાવાર્થ :–** જેમ ઔષધિની ગંધમાં આસક્ત સર્પ દરમાંથી નીકળીને વિનાશ(મૃત્યુ)ને પામે છે, તેમ મનોજ્ઞ ગંધમાં અત્યંત ગૃદ્ધ બનનાર વ્યક્તિ અકાળે નાશ પામે છે.

**૫૧** **जे यावि दोसं समुवेइ तिव्वं, तंसिक्खणे से उ उवेइ दुक्खं ।**
**दुद्दंत दोसेण सएण जंतू, ण किंचि गंधं अवरज्झइ से ॥**

**ભાવાર્થ :–** જે અમનોજ્ઞ ગંધમાં તીવ્ર દ્વેષ કરે છે, તે વ્યક્તિ તે જ ક્ષણે પોતાના તીવ્ર દ્વેષથી દુઃખી થાય છે, તેમાં ગંધનો કોઈ દોષ નથી.

**૫૨** **एगंतरत्ते रुइरंसि गंधे, अतालिसे से कुणइ पओसं ।**
**दुक्खस्स संपीलमुवेइ बाले, ण लिप्पइ तेण मुणी विरागो ॥**

**ભાવાર્થ :–** જે સુગંધમાં અત્યંત આસક્ત થાય છે અને દુર્ગંધ પ્રત્યે દ્વેષ કરે છે, તે અજ્ઞાની દુઃખરૂપ પીડા પામે છે. વિરક્ત મુનિ તેમાં લિપ્ત થતા નથી.

**૫૩** **गंधाणुगासाणुगए य जीवे, चराचरे हिंसइ णेगरूवे ।**
**चित्तेहिं ते परितावेइ बाले, पीलेइ अत्तट्ठगुरू किलिट्ठे ॥**

**શબ્દાર્થ :– गंधाणुगासाणुगए** = ગંધની આશાએ તેનું અનુસરણ કરનારો, ગંધની આસક્તિમાં ફસાયેલો **जीवे** = જીવ.

**ભાવાર્થ :–** મનોજ્ઞ ગંધની ઈચ્છાને આધીન થયેલો, પોતાના પ્રયોજનને જ સિદ્ધ કરનાર, ક્લિષ્ટ પરિણામી, અજ્ઞાની જીવ અનેક ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરે છે અને તે અન્ય જીવોને વિવિધ પ્રકારે પરિતાપ અને પીડા કરે છે.

**૫૪** **गंधाणुवाएण परिग्गहेण, उप्पायणे रुक्खण सण्णिओगे ।**
**वए विओगे य कहं सुहं से, संभोगकाले य अतित्तिलाभे ॥**

**શબ્દાર્થ :– गंधाणुवाएण** = ગંધમાં આસક્ત.

**ભાવાર્થ :–** ગંધની આસક્તિથી તે પદાર્થોના ઉપાર્જનમાં, સંરક્ષણમાં અને તેના ઉપયોગમાં તથા વ્યય અને વિયોગમાં તે અનુરાગી જીવને સુખ ક્યાંથી હોય ? તેના ઉપભોગ સમયે પણ તેને અતૃપ્તિનું દુઃખ જ હોય છે.

**૫૫** **गंधे अतित्ते य परिग्गहम्मि, सत्तोवसत्तो ण उवेइ तुट्ठिं ।**
**अतुट्ठिदोसेण दुही परस्स, लोभाविले आययई अदत्तं ॥**

**ભાવાર્થ :–** ગંધમાં અતૃપ્ત અને પરિગ્રહમાં આસક્ત તેમજ અતિ આસક્ત વ્યક્તિ ક્યારે ય સંતુષ્ટ થતા નથી. તે અસંતોષના દોષથી દુઃખી અને લોભથી વ્યાકુલ વ્યક્તિ બીજાની વસ્તુઓની ચોરી કરે છે.

**૫૬** **तण्हाभिभूयस्स अदत्तहारिणो, गंधे अतित्तस्स परिग्गहे य ।**
**मायामुसं वड्ढइ लोभदोसा, तत्था वि दुक्खा ण विमुच्चइ से ॥**

**ભાવાર્થ :–** તૃષ્ણાથી ઘેરાયેલા, બીજાની વસ્તુ અદત્ત ગ્રહણ કરનાર, ગંધમાં અતૃપ્ત ગંધ વિષયક પરિગ્રહમાં મૂર્ચ્છિત પુરુષ, લોભના દોષથી માયા અને મૃષાવાદની વૃદ્ધિ કરે છે તોપણ તે દુઃખથી મુક્ત થતો નથી.

**૫૭** **मोसस्स पच्छा य पुरत्थओ य, पओगकाले य दुही दुरंते ।**
**एवं अदत्ताणि समाययंतो, गंधे अतित्तो दुहिओ अणिस्सो ॥**

**ભાવાર્થ :–** (ગંધ સંબંધી) અસત્ય બોલતાં પહેલાં, બોલ્યા પછી અને બોલતાં સમયે તે દુઃખી થાય છે. તેનો અંત પણ દુઃખમય થાય છે. આ રીતે અદત્ત ગ્રહણ કરીને, ગંધથી અતૃપ્ત વ્યક્તિ દુઃખી અને અસહાય બને છે.

**૫૮** **गंधाणुरत्तस्स णरस्स एवं, कत्तो सुहं होज्ज कयाइ किंचि ।**
**तत्थोवभोगे वि किलेसदुक्खं, णिव्वत्तइ जस्स कएण दुक्खं ॥**

**ભાવાર્થ :–** આ રીતે સુગંધમાં અનુરક્ત વ્યક્તિને ક્યારે ય કિંચિન્માત્ર સુખ ક્યાંથી હોય ? ગંધને પ્રાપ્ત કરવામાં અને તેના ઉપભોગમાં પણ તે ક્લેશ અને દુઃખ જ પામે છે.

**૫૯** **एमेव गंधम्मि गओ पओसं, उवेइ दुक्खोह परंपराओ ।**
**पदुट्ठ चित्तो य चिणाइ कम्मं, जं से पुणो होइ दुहं विवागे ॥**

**ભાવાર્થ :–** આ રીતે ગંધ પ્રત્યે જે દ્વેષ કરે છે તે ઉત્તરોત્તર દુઃખની પરંપરા પામે છે. દ્વેષયુક્ત ચિત્તથી તે કર્મોનું ઉપાર્જન કરે છે અને પછી તે જ કર્મ ફળ ભોગવવાના સમયે તેને દુઃખરૂપ થાય છે.

**૬૦** **गंधे विरत्तो मणुओ विसोगो, एएण दुक्खोह परंपरेण ।**
**ण लिप्पइ भवमज्झे वि संतो, जलेण वा पोक्खरिणी पलासं ॥**

**ભાવાર્થ :–** ગંધમાં વિરક્ત પુરુષ શોક રહિત બને છે. જેમ જળાશયમાં ઉત્પન્ન થયેલું કમળપત્ર જળથી અલિપ્ત રહે છે, તેમ તે સંસારમાં રહેવા છતાં ગંધ વિષયક દુઃખ સમૂહની પરંપરાથી અલિપ્ત રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં ઘ્રાણેન્દ્રિય વિજય માટે ગંધની આસક્તિથી ઉત્પન્ન થતાં દોષો અને દુઃખોની પરંપરાનું સંપૂર્ણ વર્ણન પૂર્વવત્ છે. પરંતુ અહીં ગંધમાં આસક્ત સર્પની દુઃખદ પરિસ્થિતિના દષ્ટાંતથી વિષયને સ્પષ્ટ કર્યો છે.

જે રીતે ચંદનની સુગંધથી આકર્ષિત થઈને સર્પ રાફડામાંથી બહાર નીકળે છે. સુગંધ માટે તે ચંદનવન તરફ દોડી જાય છે પરંતુ ચંદનવનમાં તે મોરનો શિકાર બનીને વિનાશ પામે છે.

**ओसहि-गंध-गिद्धे सप्पे :–** ઔષધિની ગંધમાં ગૃદ્ધ બનેલો સર્પ. ઔષધિની ગંધ પ્રતિ આસક્તિના કારણે સર્પ પોતાના દરમાંથી બહાર નીકળી મૃત્યુ પામે છે. વૃત્તિકારે ઔષધિ શબ્દથી 'નાગદમની' વગેરે ઔષધિનું કથન કર્યું છે. નાગદમની– સર્પને વશ કરવા માટે વપરાતી ઔષધિ છે. ઘાતક લોકો જ્યારે સર્પને મારી નાંખવા ઈચ્છે, ત્યારે તેના રાફડા પાસે નાગદમની રાખે છે. તેની સુગંધથી આકર્ષાઈને સર્પ રાફડાની બહાર આવે અને તુરંત ઘાતક પુરુષ તેને મારી નાંખે છે. આ રીતે ગંધની આસક્તિ સર્પના વિનાશનું કારણ બને છે. તે જ રીતે સાધક પણ ગંધની આસક્તિમાં સંયમ ભાવોનો વિનાશ કરે છે.

**રસનેન્દ્રિય વિજય :–**

**૬૧** **जिब्भाए रसं गहणं वयंति, तं रागहेउं तु मणुण्णमाहु ।**
**तं दोसहेउं अमणुण्णमाहु, समो य जो तेसु स वीयरागो ॥**

**શબ્દાર્થ :– रसं** = રસ **जिब्भाए** = જીભ(ઇન્દ્રિય)નો **गहणं** = ગ્રાહ્ય(વિષય) **वयंति** = કહેવાય છે.

**ભાવાર્થ :–** જિહ્વા રસને ગ્રહણ કરે છે. તે રસ મનોજ્ઞ હોય તો રાગનું કારણ અને અમનોજ્ઞ હોય તો દ્વેષનું કારણ બને છે. જે બન્ને રસોમાં સમભાવ રાખે છે તે વીતરાગી છે.

**૬૨** **रसस्स जिब्भं गहणं वयंति, जिब्भाए रसं गहणं वयंति ।**
**रागस्स हेउं समणुण्णमाहु, दोसस्स हेउं अमणुण्णमाहु ॥**

**ભાવાર્થ :–** જિહ્વા રસને ગ્રહણ કરનાર(ગ્રાહક) છે, રસ તેનો ગ્રાહ્ય વિષય છે. મનોજ્ઞ રસ રાગનું કારણ છે અને અમનોજ્ઞ રસ દ્વેષનું કારણ છે.

**૬૩** **रसेसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालियं पावइ से विणासं ।**
**रागाउरे बडिस विभिण्णकाए मच्छे जहा आमिसभोगगिद्धे ॥**

**શબ્દાર્થ :– जहा** = જે રીતે **रागाउरे** = રાગાતુર **आमिसभोगगिद्धे** = માંસ ખાવામાં ગૃદ્ધ(આસક્ત) બનેલો **मच्छे** = મત્સ્ય, માછલી **बडिस विभिण्णकाए** = લોખંડના કાંટાથી વીંધાય છે.

**ભાવાર્થ :–** જેમ માંસ ખાવામાં આસક્ત રાગાતુર માછલી કાંટાથી વીંધાય છે અને અકાલમાં મૃત્યુ પામે છે, તેમ મનોજ્ઞ રસોમાં તીવ્રપણે આસક્ત જીવ અકાળે મૃત્યુ પામે છે.

**૬૪** **जे यावि दोसं समुवेइ तिव्वं, तंसिक्खणे से उ उवेइ दुक्खं ।**
**दुद्दंतदोसेण सएण जंतू, ण किंचि रसं अवरज्झइ से ॥**

**ભાવાર્થ :–** જે અમનોજ્ઞ રસ તરફ તીવ્રપણે દ્વેષ રાખે છે, તે વ્યક્તિ તે જ ક્ષણે પોતાના તીવ્ર દ્વેષથી દુઃખી થાય છે. તેમાં રસનો કોઈ દોષ નથી.

**૬૫** **एगंतरत्ते रुइरे रसम्मि, अतालिसे से कुणइ पओसं ।**
**दुक्खस्स संपील मुवेइ बाले, ण लिप्पइ तेण मुणी विरागो ॥**

**ભાવાર્થ :–** જે મનોજ્ઞ રસમાં અત્યંત આસક્ત બને છે અને અમનોજ્ઞ રસમાં દ્વેષ કરે છે, તે અજ્ઞાની(જીવ) દુઃખરૂપ અત્યંત પીડા પામે છે. વિરક્ત મુનિ તેમાં લિપ્ત થતા નથી.

**૬૬** **रसाणुगासाणुगए य जीवे, चराचरे हिंसइ णेगरूवे ।**
**चित्तेहिं ते परितावेइ बाले, पीलेइ अत्तट्ठगुरू किलिट्ठे ॥**

**ભાવાર્થ :–** મનોજ્ઞ રસની ઈચ્છાનો અનુગામી જીવ અનેક ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે અને પોતાની રસ તૃપ્તિને જ મુખ્ય માનનાર સ્વાર્થી અને ક્લિષ્ટ પરિણામી તે અજ્ઞાની જીવ, અન્ય જીવોને દુઃખ આપે છે, પીડિત કરે છે.

**૬૭** **रसाणुवाएण परिग्गहेण, उप्पायणे रक्खणसण्णिओगे ।**
**वए विओगे य कहं सुहं से, संभोगकाले य अतित्तिलाभे ॥**

**ભાવાર્થ :–** રસમાં અનુરાગ હોવાથી અને તેની મૂર્ચ્છાથી તે જીવને પદાર્થોના ઉપાર્જનમાં, સંરક્ષણમાં અને તેના ઉપયોગમાં તથા વ્યય અને વિયોગમાં સુખ ક્યાંથી હોય ?, તેને રસના ઉપભોગ કાલમાં પણ અતૃપ્તિનું દુઃખ જ હોય છે.

**૬૮** **रसे अतित्ते य परिग्गहम्मि, सत्तोवसत्तो ण उवेइ तुट्ठिं ।**
**अतुट्ठिदोसेण दुही परस्स, लोभाविले आययई अदत्तं ॥**

**ભાવાર્થ :–** રસમાં અતૃપ્ત અને પરિગ્રહમાં આસક્ત, વિશેષ આસક્ત વ્યક્તિ ક્યારે ય સંતુષ્ટ થતી નથી. તે અસંતોષના દોષથી દુઃખી થાય છે. લોભથી વ્યાકુળ બનીને બીજાની વસ્તુઓ અદત્ત ગ્રહણ કરે છે.

**૬૧** **तण्हाभिभूयस्स अदत्तहारिणो, रसे अतित्तस्स परिग्गहे य ।**
**मायामुसं वड्डइ लोभदोसा, तत्थावि दुक्खा ण विमुच्चइ से ॥**

**ભાવાર્થ :–** તૃષ્ણાથી ઘેરાયેલા, બીજાની વસ્તુ ગ્રહણ કરનારા, રસમાં અતૃપ્ત, રસના પરિગ્રહમાં મૂર્ચ્છિત પુરુષ લોભના દોષથી માયા અને મૃષાવાદની વૃદ્ધિ કરે છે તોપણ તે દુઃખથી મુક્ત થતો નથી.

**૭૦** **मोसस्स पच्छा य पुरत्थओ य, पओगकाले य दुही दुरंते ।**
**एवं अदत्ताणि समाययंतो, रसे अतित्तो दुहिओ अणिस्सो ॥**

**ભાવાર્થ :–** રસ સંબંધી અસત્ય બોલતાં પહેલાં, બોલ્યા પછી અને બોલતા સમયે તે વ્યક્તિ દુઃખી થાય છે. તેનો અંત પણ દુઃખમય થાય છે. આ પ્રમાણે અદત્ત ગ્રહણ કરીને રસથી અતૃપ્ત વ્યક્તિ દુઃખી અને અસહાય બને છે.

**૭૧** **रसाणुरत्तस्स णरस्स एवं, कत्तो सुहं होज्ज कयाइ किंचि ।**
**तत्थोवभोगे वि किलेसदुक्खं, णिव्वत्तइ जस्स कएण दुक्खं ॥**

**ભાવાર્થ :–** રસમાં અતિઆસક્ત પુરુષને, ક્યારે ય કિંચિન્માત્ર સુખ પણ ક્યાંથી હોય ? રસ યુક્ત પદાર્થો પ્રાપ્ત કરવામાં અને ઉપભોગમાં પણ તેને ક્લેશ અને દુઃખનો અનુભવ કરવો પડે છે.

**૭૨** **एमेव रसम्मि गओ पओसं, उवेइ दुक्खोह परंपराओ ।**
**पदुट्ठचित्तो य चिणाइ कम्मं, जं से पुणो होइ दुहं विवागे ॥**

**ભાવાર્થ :–** આ જ રીતે જે અમનોજ્ઞ રસ પ્રત્યે દ્વેષ રાખે છે તે ઉત્તરોત્તર દુઃખ પરંપરાને પામે છે. દ્વેષયુક્ત ચિત્તથી તે જે કર્મોનું ઉપાર્જન કરે છે તે જ કર્મ વિપાક સમયે તેને જ દુઃખરૂપ બને છે.

**૭૩** **रसे विरत्तो मणुओ विसोगो, एएण दुक्खोह परंपरेण ।**
**ण लिप्पइ भवमज्झे वि संतो, जलेण वा पोक्खरिणी पलासं ॥**

**ભાવાર્થ :–** રસથી વિરક્ત પુરુષ શોક રહિત બને છે. જે રીતે જળાશયમાં ઉત્પન્ન થયેલું કમળપત્ર જળ થી લિપ્ત થતું નથી, તે જ રીતે વિરક્ત પુરુષ સંસારમાં રહેવા છતાં રસવિષયક દુઃખ સમૂહની પરંપરાથી લિપ્ત થતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં રસનેન્દ્રિય વિજયનું નિરૂપણ કરતાં રસની આસક્તિથી ઉત્પન્ન થતાં દોષો અને દુઃખની પરંપરાનું વર્ણન છે. તેમાં સૂત્રકારે માંસની લાલચમાં ફસાયેલી માછલીનું દષ્ટાંત આપ્યું છે.

**रागाउरे बडिस विभिण्णकाए :–** જે પુરુષ રસોમાં અત્યંત આસક્ત છે. તે માંસના ટુકડામાં આસક્ત માછલીની જેમ શીઘ્ર વિનાશ પામે છે. માછલી પકડનાર વધક લોઢાના કાંટામાં માંસના ટુકડા ભરાવીને તેને પાણીમાં નાંખે છે. તે માંસના ટુકડાને ખાવા જતા માંસની અંદરનો લોઢાનો કાંટો તે માછલીના ગળામાં ફસાઈ જાય છે અને તે મરણને શરણ થાય છે. આ રીતે જે જીવો રસોમાં અત્યંત આસક્ત થાય છે, તે અનેક પ્રકારના કષ્ટોનો અનુભવ કરતાં, અકાળે વિનાશ પામે છે. જે આત્મ સાધક પ્રિય-અપ્રિય રસમાં રાગ દ્વેષનો ત્યાગ કરી સમભાવ ધારણ કરે છે, તે દુઃખ પામતા નથી.

**સ્પર્શેન્દ્રિય વિજય :–**

**૭૪** **कायस्स फासं गहणं वयंति, तं रागहेउं तु मणुण्णमाहु ।**
**तं दोसहेउं अमणुण्णमाहु, समो य जो तेसु स वीयरागो ॥**

**ભાવાર્થ :–** કાયાનો વિષય સ્પર્શ છે, તે સ્પર્શ મનોજ્ઞ હોય તો રાગનું કારણ અને અમનોજ્ઞ હોય તો દ્વેષનું કારણ બને છે. જે આ બન્ને પ્રકારના સ્પર્શમાં સમભાવ ધારણ કરે તે વીતરાગી છે.

**૭૫** **फासस्स कायं गहणं वयंति, कायस्स फासं गहणं वयंति ।**
**रागस्स हेउं समणुण्णमाहु, दोसस्स हेउं अमणुण्णमाहु ॥**

**ભાવાર્થ :–** કાયા(સ્પર્શેન્દ્રિય) સ્પર્શને ગ્રહણ કરનાર(ગ્રાહક) છે. સ્પર્શ કાયાનો ગ્રાહ્ય વિષય છે. તેમાં મનોજ્ઞ સ્પર્શ રાગનો હેતુ છે અને અમનોજ્ઞ સ્પર્શ દ્વેષનો હેતુ છે.

**૭૬** **फासेसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालियं पावइ से विणासं ।**
**रागउरे सीयजलावसण्णे, गाहग्गहीए महिसे व रण्णे ॥**

**શબ્દાર્થ :–** **व** = જેમ **रण्णे** = અરણ્યમાં, વનમાં સ્થિત **सीयजलावसण्णे** = તળાવના ઠંડા જળના સ્પર્શમાં **रागाउरे** = રાગાતુર બનેલો **महिसे** = પાડો **गाहग्गहीए** = મગર દ્વારા પકડવામાં આવતાં વિનાશ(મૃત્યુ) પામે છે તેમ **जो** = જે મનુષ્ય **फासेसु** = અનેક પ્રકારના સ્પર્શમાં **तिव्वं** = તીવ્ર **गिद्धिं** = આસક્તિ **उवेइ** = રાખે છે **से** = તે **अकालियं** = અકાળમાં જ **विणासं** = વિનાશ, મૃત્યુને **पावइ** = પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :–** જેમ જંગલમાં જળાશયના શીતળ જળના સ્પર્શમાં આસક્ત રાગાતુર પાડો, મગરમચ્છ દ્વારા પકડાઈને મૃત્યુ પામે છે, તેમ મનોજ્ઞ સ્પર્શમાં તીવ્ર આસક્ત જીવ અકાળે વિનાશ પામે છે.

**૭૭** **जे यावि दोसं समुवेइ तिव्वं, तंसिक्खणे से उ उवेइ दुक्खं ।**
**दुद्दंत दोसेण सएण जंतू, ण किंचि फासं अवरज्झइ से ॥**

**ભાવાર્થ :–** જે (અમનોજ્ઞ) સ્પર્શમાં તીવ્ર દ્વેષ કરે છે, તે જીવ તત્ક્ષણ પોતાના જ તીવ્ર દ્વેષથી દુઃખ પામે છે. તેમાં સ્પર્શનો કોઈ દોષ નથી.

**૭૮** **एगंतरत्ते रुइरंसि फासे, अतालिसे से कुणइ पओसं ।**
**दुक्खस्स संपील मुवेइ बाले, ण लिप्पइ तेण मुणी विरागो ॥**

**ભાવાર્થ :–** જે મનોજ્ઞ સ્પર્શમાં અત્યંત આસક્ત થાય છે તથા અમનોજ્ઞ સ્પર્શ પ્રતિ પ્રદ્વેષ કરે છે, તે અજ્ઞાની દુઃખરૂપ પીડાને પામે છે. વિરાગી મુનિ તેમાં લિપ્ત થતા નથી.

**૭૯** **फासाणुगासाणुगए य जीवे, चराचरे हिंसइ णेगरूवे ।**
**चित्तेहिं ते परितावेइ बाले, पीलेइ अत्तट्ठगुरू किलिट्ठे ॥**

**ભાવાર્થ :–** મનોજ્ઞ સ્પર્શની ઈચ્છાને આધીન થયેલ જીવ અનેક ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે અને પોતાના સ્વાર્થમાં જ તલ્લીન, ક્લિષ્ટ પરિણામી તે અજ્ઞાની, અન્ય જીવોને વિવિધ પ્રકારે પરિતાપ આપે છે અને પીડિત કરે છે.

૮૦ फासाणुवाएण परिग्गहेण, उप्पायणे रक्खणसण्णिओगे ।
वए विओगे य कहं सुहं से, संभोगकाले य अतित्तिलाभे ॥

**ભાવાર્થ :–** સ્પર્શના અનુરાગથી અને તેની મૂર્ચ્છાથી, તે પદાર્થોના ઉપાર્જનમાં, સંરક્ષણમાં અને ઉપયોગમાં તથા વ્યય અને વિયોગમાં તેને સુખ ક્યાંથી હોય ? અર્થાત્ દુઃખ જ થાય છે અને તેને સ્પર્શના ઉપભોગ- કાળમાં પણ અતૃપ્તિનું દુઃખ જ હોય છે.

૮૧ फासे अतित्ते य परिग्गहम्मि, सत्तोवसत्तो ण उवेइ तुट्ठिं ।
अतुट्ठि दोसेण दुही परस्स, लोभाविले आययई अदत्तं ॥

**ભાવાર્થ :–** સ્પર્શના વિષયમાં અતૃપ્ત અને તેના પરિગ્રહણમાં અત્યંત આસક્ત પુરુષ ક્યારે ય સંતુષ્ટ થતો નથી. અસંતોષના દોષથી દુઃખી થાય છે અને લોભથી વ્યાકુળ બનીને બીજાના પદાર્થની ચોરી કરે છે.

૮૨ तण्हाभिभूयस्स अदत्तहारिणो, फासे अतित्तस्स परिग्गहे य ।
मायामुसं वड्ढइ लोभदोसा, तत्था वि दुक्खा ण विमुच्चइ से ॥

**ભાવાર્થ :–** તૃષ્ણાથી ઘેરાયેલો, ચોરી કરનાર, સ્પર્શના પરિગ્રહમાં અતૃપ્ત પુરુષ માયા અને મૃષાવાદની વૃદ્ધિ કરે છે, તો પણ તે દુઃખથી વિમુક્ત થતો નથી.

૮૩ मोसस्स पच्छा य पुरत्थओ य, पओगकाले य दुही दुरंते ।
एवं अदत्ताणि समाययंतो, फासे अतित्तो दुहिओ अणिस्सो ॥

**ભાવાર્થ :–** (સ્પર્શ સંબંધી) અસત્ય ભાષણ કરતાં પહેલાં, અસત્ય ભાષણ પછી અને અસત્ય ભાષણ સમયે પણ તે દુઃખી થાય છે. તેનો અંત દુઃખ રૂપ હોય છે. આ રીતે અદત્ત ગ્રહણ કરીને પણ સ્પર્શના વિષયમાં અતૃપ્ત પુરુષ દુઃખી અને અસહાય થઈ જાય છે.

૮૪ फासाणुरत्तस्स णरस्स एवं, कत्तो सुहं होज्ज कयाइ किंचि ।
तत्थोवभोगे वि किलेसदुक्खं, णिव्वत्तइ जस्स कएण दुक्खं ॥

**ભાવાર્થ :–** આ રીતે (મનોજ્ઞ) સ્પર્શમાં અનુરક્ત પુરુષને ક્યારે ય કિંચિત્ માત્ર, સુખની પ્રાપ્તિ ક્યાંથી થાય ? તે સ્પર્શજનક પદાર્થોને મેળવવામાં અને તેના ઉપભોગમાં ક્લેશ અને દુઃખ પામે છે.

૮૫ एमेव फासम्मि गओ पओसं, उवेइ दुक्खोहपरंपराओ ।
पदुट्ठचित्तो य चिणाइ कम्मं, जं से पुणो होइ दुहं विवागे ॥

**ભાવાર્થ :–** આ જ રીતે જે અમનોજ્ઞ સ્પર્શ પ્રત્યે દ્વેષ રાખે છે તે ઉત્તરોત્તર વિવિધ દુઃખની પરંપરાને પ્રાપ્ત થાય છે. દ્વેષ યુક્ત ચિત્તથી તે જે કર્મોનો સંચય કરે છે, તે કર્મ પરિણામે તેના માટે દુઃખરૂપ થાય છે.

૮૬ फासे विरत्तो मणुओ विसोगो, एएण दुक्खोहपरंपरेण ।
ण लिप्पइ भवमज्झे वि संतो, जलेण वा पोक्खरिणीपलासं ॥

**ભાવાર્થ :–** સ્પર્શના વિષયમાં વિરક્ત પુરુષ શોક રહિત હોય છે. જેમ જળમાં રહેવા છતાં કમળપત્ર જળથી

લિપ્ત થતું નથી, તેમ તે વિરક્ત પુરુષ સંસારમાં રહેવા છતાં સ્પર્શ વિષયક દુઃખોની પરંપરાથી લિપ્ત થતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સ્પર્શેન્દ્રિય વિજયનું નિરૂપણ કરતાં સ્પર્શની આસક્તિથી થતાં દોષો અને દુઃખોની પરંપરાનું વર્ણન છે.

**रागाउरे सीय जलावसण्णे... :–** જલના શીત સ્પર્શમાં ગૃદ્ધ બનેલો પાડો અકાલે વિનાશ પામે છે. પાડો શીતળતાની આસક્તિથી કોઈ પણ પ્રકારનો વિચાર કર્યા વગર જલમાં પ્રવેશ કરી લાંબા કાલ સુધી ત્યાં બેસી જાય છે પરંતુ ક્યારેક જલાશયમાં રહેલા મગરમચ્છો તેને પકડીને મારી નાંખે છે. આ રીતે શીતસ્પર્શની આસક્તિ તે પાડાના વિનાશનું કારણ બને છે.

સૂત્રકારે અહીં જંગલના જલાશયના પાડાનું ગ્રહણ કર્યું છે, કારણ કે નગરની સમીપવર્તી જલાશયમાં પડેલા પાડાને ક્યારેક કોઈ બચાવી લે તેવી શક્યતા રહે છે પરંતુ જંગલમાં તેને બચાવનાર કોઈ હોતું નથી. તેથી મગર દ્વારા તેનું મૃત્યુ અવશ્ય થાય છે. આ જ રીતે આસક્ત માનવની પણ વિભિન્ન પ્રકારે દુર્દશા થાય છે.

**મનો વિજય :–**

**૮૭** **मणस्स भावं गहणं वयंति, तं रागहेउं तु मणुण्णमाहु ।**
**तं दोसहेउं अमणुण्णमाहु, समो य जो तेसु स वीयरागो ॥**

**શબ્દાર્થ :– भावं** = ભાવને **मणस्स** = મનનું **गहणं** = ગ્રાહ્ય, ગ્રહણ કરવા યોગ્ય **वयंति** = કહે છે.

**ભાવાર્થ :–** મન ભાવને ગ્રહણ કરે છે. અર્થાત્ મન વિચાર કરે છે, તેમાં જે ભાવો મનોજ્ઞ હોય, તે રાગનું કારણ અને જે ભાવો અમનોજ્ઞ હોય, તે દ્વેષનું કારણ બને છે. મનોજ્ઞ અને અમનોજ્ઞ ભાવમાં જે સમભાવ રાખે છે તે વીતરાગ છે.

**૮૮** **भावस्स मणं गहणं वयंति, मणस्स भावं गहणं वयंति ।**
**रागस्स हेउं समणुण्णमाहु, दोसस्स हेउं अमणुण्णमाहु ॥**

**શબ્દાર્થ :– मणं** = મનને **भावस्स** = ભાવનું **गहणं** = ગ્રાહક, ગ્રહણ કરનાર **वयंति** = કહેલ છે અને **भावं** = ભાવને **मणस्स** = મનનું **गहणं** = ગ્રાહ્ય, ગ્રહણ કરવા યોગ્ય વિષય છે.

**ભાવાર્થ :–** મન ભાવને ગ્રહણ કરનાર(ગ્રાહક) છે અને ભાવ મનથી ગ્રાહ્ય છે. મનોજ્ઞ ભાવ, રાગનો હેતુ અને અમનોજ્ઞ ભાવ, દ્વેષનો હેતુ છે.

**૮૯** **भावेसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालियं पावइ से विणासं ।**
**रागाउरे कामगुणेसु गिद्धे, करेणुमग्गावहिए व णागे ॥**

**શબ્દાર્થ :– व** = જે રીતે **कामगुणेसु** = કામગુણોમાં **गिद्धे** = ગૃદ્ધ, મૂર્ચ્છિત બનેલા **रागाउरे** = રાગાતુર **णागे** = હાથી **करेणु-मग्गावहिए** = હાથણી પાછળ દોડતો-દોડતો પથ ભ્રષ્ટ થઈને શિકારીઓ દ્વારા પકડાઈ જવાથી દુઃખ પામે છે, તે રીતે **जो** = જે પુરુષ **भावेसु** = ભાવમાં **तिव्वं** = તીવ્ર **गिद्धिं** = ગૃદ્ધિ-આસક્તિ **उवेइ** = રાખે છે **से** = તે **अकालियं** = અકાળે જ **विणासं** = વિનાશ **पावइ** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** જેવી રીતે હાથણી તરફ આકૃષ્ટ, કામાસક્ત હાથી શિકારીઓ દ્વારા પકડાઈ જવાથી અકાલમાં વિનાશ પામે છે. તેવી રીતે વિકાર ભાવોમાં તીવ્ર આસક્તિ રાખનાર માનવ પણ અકાળે વિનાશ પામે છે.

**९०** **जे यावि दोसं समुवेइ तिव्वं, तंसिक्खणे से उ उवेइ दुक्खं ।**
**दुद्दंत दोसेण सएण जंतू, ण किंचि भावं अवरज्जइ से ॥**

**શબ્દાર્થ :– जे** = જે જીવ અમનોજ્ઞ ભાવમાં **दोसं** = દ્વેષને **समुवेइ** = પ્રાપ્ત થાય છે **जंतू** = પ્રાણી **सएण** = પોતાના જ **दुद्दंत दोसेण** = તીવ્ર દોષથી **तंसिक्खणे** = તે ક્ષણે જ **दुक्खं** = દુઃખને **उवेइ** = પ્રાપ્ત થાય છે **भावं** = ભાવનો, વિષય-વિકારોનો **किंचि** = કંઈ પણ **ण अवरज्झइ** = અપરાધ નથી, દોષ નથી **यावि** = પરંતુ તે જીવ પોતાના દોષથી જ સ્વયં દુઃખી થાય છે.

**ભાવાર્થ :–** જે અમનોજ્ઞ ભાવમાં તીવ્ર દ્વેષ કરે છે તે વ્યક્તિ તે જ ક્ષણે પોતાના તીવ્ર દ્વેષથી દુઃખી થાય છે, તેમાં ભાવનો કોઈ દોષ નથી.

**९१** **एगंतरत्ते रुइरंसि भावे, अतालिसे से कुणइ पओसं ।**
**दुक्खस्स संपील मुवेइ बाले, ण लिप्पइ तेण मुणी विरागो ॥**

**શબ્દાર્થ :– रुइरंसि** = રુચિર, મનોજ્ઞ **भावे** = ભાવમાં **एगंतरत्ते** = એકાન્તરક્ત, અત્યંત અનુરક્ત હોય છે **अतालिसे** = અતાદૃશ, અમનોહર ભાવમાં **पओसं** = પ્રદ્વેષ **कुणइ** = કરે છે **से** = તે **बाले** = બાલ-અજ્ઞાની જીવ **दुक्खस्स संपीलं** = અત્યંત દુઃખ તેમજ પીડાને **उवेइ** = પ્રાપ્ત થાય છે **विरागो** = વીતરાગ **मुणी** = મુનિ **तेण** = તે દુઃખમાં **ण लिप्पइ** = લેપાતો નથી.

**ભાવાર્થ :–** જે મનુષ્ય મનોજ્ઞ ભાવોમાં(વિષય-વિકારમાં) અત્યંત આસક્ત હોય છે તથા તેનાથી વિપરીત અમનોજ્ઞ ભાવ પ્રત્યે દ્વેષ કરે છે, તે અજ્ઞાની જીવ શારીરિક, માનસિક અનેક પ્રકારના દુઃખોથી પીડિત થાય છે પરંતુ વીતરાગી મુનિ તેમાં લિપ્ત થતા નથી.

**९२** **भावाणुगासाणुगए य जीवे, चराचरे हिंसइ णेगरूवे ।**
**चित्तेहिं ते परितावेइ बाले, पीलेइ अत्तट्ठगुरू किलिट्ठे ॥**

**શબ્દાર્થ :– भावाणुगासाणुगए** = ભાવની આશાથી તેનું અનુસરણ કરનાર અર્થાત્ ભાવોની આસક્તિમાં ફસાયેલા **जीवे** = જીવ **णेगरूवे** = અનેક પ્રકારના **चराचरे** = ચરાચર, ત્રસ અને સ્થાવર પ્રાણીઓની **हिंसइ** = હિંસા કરે છે **चित्तेहिं** = અનેક પ્રકારે **परितावेइ** = પરિતાપના ઉત્પન્ન કરે છે **अत्तट्ठगुरू** = પોતાના સ્વાર્થમાં તલ્લીન બનેલા તે **किलिट्ठे** = ક્લિષ્ટ પરિણામી જીવ **पीलेइ** = જીવોને પીડિત કરે છે.

**ભાવાર્થ :–** મનોજ્ઞ ભાવની એટલે વિષય વિકારની આશાને વશીભૂત થયેલો જીવ અનેક ત્રસ અને સ્થાવર જીવોનો ઘાત કરે છે અને માત્ર પોતાના પ્રયોજનને સિદ્ધ કરનાર, ક્લિષ્ટ પરિણામી તે જીવ અન્ય જીવોને અનેક પ્રકારે પરિતાપ આપે છે અને પીડિત કરે છે.

**९३** **भावाणुवाएण परिग्गहेण, उप्पायणे रुक्खण सण्णिओगे ।**
**वए विओगे य कहं सुहं से, संभोगकाले य अतित्तिलाभे ॥**

**ભાવાર્થ :–** મનોજ્ઞ વિષય-વિકારના અનુરાગ અને આસક્તિના કારણે તે પદાર્થોના ઉપાર્જનમાં, સંરક્ષણમાં

અને ઉપયોગમાં તથા વ્યય અને વિયોગમાં તે અનુરાગી જીવને સુખ ક્યાંથી હોય ? તેને પદાર્થના ઉપભોગ કાળમાં પણ અતૃપ્તિનું દુઃખ જ હોય છે.

**૯૪** **भावे अतित्ते य परिग्गहम्मि, सत्तोवसत्तो ण उवेइ तुट्ठिं ।**
**अतुट्ठिदोसेण दुही परस्स, लोभाविले आययई अदत्तं ॥**

**ભાવાર્થ :–** ભાવના(વિષય)માં અતૃપ્ત અને તેના પરિગ્રહમાં અત્યંત આસક્ત પુરુષને ક્યારે ય સંતોષ પ્રાપ્ત થતો નથી. અસંતોષના દોષથી દુઃખી અને લોભથી વ્યાકુળ બનીને અન્યના(ભાવ વિષયક) પદાર્થોની ચોરી કરે છે.

**૯૫** **तण्हाभिभूयस्स अदत्तहारिणो, भावे अतित्तस्स परिग्गहे य ।**
**मायामुसं वड्ढइ लोभदोसा, तत्थावि दुक्खा ण विमुच्चइ से ॥**

**ભાવાર્થ :–** તૃષ્ણાથી વ્યાપ્ત, ચોરી કરનાર, ભાવમાં એટલે વિષય-વિકારમાં અતૃપ્ત અને પરિગ્રહમાં મૂર્ચ્છિત પુરુષ લોભના દોષથી માયા અને મૃષાવાદની વૃદ્ધિ કરે છે, તોપણ તે દુઃખથી મુક્ત થતો નથી.

**૯૬** **मोसस्स पच्छा च पुरत्थओ य, पओगकाले य दुही दुरंते ।**
**एवं अदत्ताणि समाययंतो, भावे अतित्तो दुहिओ अणिस्सो ॥**

**ભાવાર્થ :–** અસત્ય ભાષણ પૂર્વે અને પછી તથા અસત્ય ભાષણ સમયે, વિષય-વિકારને વશીભૂત તે પ્રાણી દુઃખી થાય છે. તેનો અંત પણ દુઃખમય હોય છે. આ પ્રકારે અદત્ત ગ્રહણ કરીને ભાવથી અતૃપ્ત વ્યક્તિ દુઃખી અને અસહાય થઈ જાય છે.

**૯૭** **भावाणुरत्तस्स णरस्स एवं, कत्तो सुहं होज्ज कयाइ किंचि ।**
**तत्थोवभोगे वि किलेसदुक्खं, णिव्वत्तइ जस्स कएण दुक्खं ॥**

**ભાવાર્થ :–** આ રીતે મનોજ્ઞ વિષય-વિકારમાં અનુરક્ત રહેનાર પુરુષને ક્યારે ય પણ કિંચિત્ માત્ર સુખની પ્રાપ્તિ ક્યાંથી થાય ? તે વ્યક્તિ તત્સંબંધી પદાર્થોને મેળવવામાં અપાર કષ્ટ ઉઠાવે છે અને તેના ઉપભોગમાં પણ ક્લેશ અને દુઃખ પામે છે.

**૯૮** **एमेव भावम्मि गओ पओसं, उवेइ दुक्खोहपरंपराओ ।**
**पदुट्ठचित्तो य चिणाइ कम्मं, जं से पुणो होइ दुहं विवागे ॥**

**ભાવાર્થ :–** આ જ રીતે અમનોજ્ઞ ભાવ પ્રત્યે દ્વેષ રાખનાર વ્યક્તિ ઉત્તરોત્તર વિવિધ દુઃખોની પરંપરા પ્રાપ્ત કરે છે. દ્વેષયુક્ત ચિત્તથી તે જે કર્મોનો સંચય કરે છે, તે જ કર્મ વિપાક સમયે તેના માટે દુઃખરૂપ થાય છે.

**૯૯** **भावे विरत्तो मणुओ विसोगो, एएण दुक्खोहपरंपरेण ।**
**ण लिप्पइ भवमज्झे वि संतो, जलेण वा पोक्खरिणीपलासं ॥**

**ભાવાર્થ :–** જેમ જળમાં રહેવા છતાં પણ કમળપત્ર જળથી લિપ્ત થતું નથી તેમ મનોજ્ઞ-અમનોજ્ઞ ભાવના વિષયમાં વિરક્ત પુરુષ શોક રહિત થઈ જાય છે તથા તે સંસારમાં રહેવા છતાં પણ ઉપરોક્ત ભાવ વિષયક એટલે વિષય-વિકાર સંબંધી દુઃખોની પરંપરાથી લિપ્ત થતા નથી.

**વિવેચન :–**

પાંચ ઇન્દ્રિયવિજયના નિરૂપણમાં ક્રમશઃ પાંચે ઇન્દ્રિયોના વિષયોની આસક્તિના પરિણામનું વર્ણન કર્યા પછી પ્રસ્તુત તેર ગાથાઓમાં સૂત્રકારે મનોવિજય માટે મનોગત વિચારોથી ઉત્પન્ન થતા દોષોની પરંપરાનું વિશ્લેષણ કર્યું છે.

જે રીતે શ્રોતેન્દ્રિયનો વિષય શબ્દ છે, તે રીતે નોઇન્દ્રિયનો–મનનો વિષય ભાવ છે. મન ભાવને ગ્રહણ કરનાર **'ગ્રાહક'** છે અને ભાવ મન દ્વારા ગ્રહણ થાય છે, તેથી તે **'ગ્રાહ્ય'** છે. આ રીતે મન અને ભાવને ગ્રાહ્ય-ગ્રાહક ભાવ સંબંધ છે.

પાંચે ય ઇન્દ્રિયો પોત-પોતાના વિષયમાં આસક્ત બને, ત્યારે તેમાં મનોભાવ હોય જ છે. મનોભાવ વિના કોઈ પણ વિષયમાં તલ્લીનતા કે ગૃદ્ધિ થતી નથી. તેમ છતાં પ્રસ્તુત ગાથાઓમાં શાસ્ત્રકારે પાંચ ઇન્દ્રિયોના વિષય પછી મનોવિકારરૂપે વિષયવાસનાનું સ્વતંત્ર રીતે કથન કર્યું છે અને કામભોગના કે સ્ત્રી સહવાસની આસક્તિના કટુ ફળનું વિશ્લેષણ કર્યું છે.

**रागाउरे कामगुणेसु गिद्धे करेणुमग्गावहिए व णागे :–** મદોન્મત્ત બનેલો હાથી કોઈ હાથણીને જોઈને વધુ ઉન્મત્ત બની તે હાથણીને મેળવવા ચારે બાજુ દોડે છે અને ક્યારેક ખાડા આદિમાં પડી જાય, ત્યારે રાજસેવકોના હાથે પકડાઈ જાય અને ક્યારેક વિનાશને પામે છે. અહીં હાથીનો હાથણી પ્રત્યે મોહભાવ જ પ્રધાન છે. તેથી સૂત્રકારે ભાવની ગૃદ્ધિના પરિણામમાં તે દષ્ટાંત આપ્યું છે.

આ જ રીતે માનવ પણ વિષય વિકારના ભાવોમાં આસક્ત થઈને આ ભવમાં જ કેટલા ય પ્રકારની દુર્દશાને પ્રાપ્ત કરે છે, તેમજ તે વિવિધ પ્રકારે જીવ હિંસા કરે, જુઠું બોલે, ચોરી કરે, ચીજ વસ્તુઓ ભેગી કરે, રાગ-દ્વેષ, ક્લેશ, વૈર-વિરોધ આદિ અનેક દોષોનું સેવન કરે છે.

તેના પરિણામે આ ભવમાં આકુળતા-વ્યાકુળતાથી ચિત્ત સમાધિનો ભંગ કરે છે. અનંત કર્મોનો બંધ કરી તેના પરિણામે ભવોભવમાં દુઃખ પામે છે અને અનંત જન્મ-મરણની પરંપરાને વધારે છે. આ રીતે વિષય-વિકારરૂપ ભાવની ગૃદ્ધિ જીવના અધઃપતનનું કારણ બને છે.

જે વ્યક્તિ વિષય વિકારના ભાવોથી દૂર રહે છે, વિરક્ત રહે છે, નવવાડ સહિત બ્રહ્મચર્યના પાલન કરીને શુદ્ધ અને પવિત્ર થાય છે, ત્યાર પછી વિભાવ દશામાં ક્યારે ય ફસાતો નથી પરંતુ નિર્વિકાર મનોદશાને પ્રાપ્ત કરે છે તે સાધક સર્વ દુઃખોથી મુક્ત થાય છે.

આ રીતે શાસ્ત્રકારે રૂપ, શબ્દ, ગંધ, રસ અને સ્પર્શ તથા વિષય વાસના, આ છ પ્રકારના વિષયોને ૧૩-૧૩ ગાથાઓ દ્વારા સ્પષ્ટ કર્યું છે. આ વિષયોથી વિરક્ત થનાર વીતરાગી સાધક શોક મુક્ત થઈને સદાને માટે ભવભ્રમણરૂપ દુઃખની પરંપરાથી છૂટી જાય છે.

**દુઃખનું કારણ રાગ–દ્વેષ :–**

**१००** **एविंदियत्था य मणस्स अत्था, दुक्खस्स हेउं मणुयस्स रागिणो ।**
**ते चेव थोवं पि कयाइ दुक्खं, ण वीयरागस्स करेंति किंचि ॥**

**શબ્દાર્થ :– एवं** = આ રીતે **इंदियत्था** = ઇન્દ્રિયોના વિષય **मणस्स** = મનના **अत्था** = અર્થ-વિષય(માનસિક સંકલ્પ-વિકલ્પ) **रागिणो** = રાગી **मणुयस्स** = મનુષ્યને માટે **दुक्खस्स** = દુઃખનો **हेउं** = હેતુછે **ते चेव** = તે જ ઇન્દ્રિય અને મનના વિષય **वीयरागस्स** = વીતરાગી પુરુષને માટે **थोवं** =

જરાક પણ **किंचि** = કિંચિન્માત્ર **कयाइ** = ક્યારે ય **दुक्खं** = દુઃખ **ण करेंति** = કરી શકતું નથી.

**ભાવાર્થ :–** આ રીતે ઇન્દ્રિયો અને મનના જે વિષયો છે, તે રાગી મનુષ્ય માટે દુઃખનું કારણ બને છે અને તે જ વિષયો વીતરાગી માટે કદાપિ કિંચિન્માત્ર દુઃખનું કારણ થતા નથી.

**१०१** **ण कामभोगा समयं उवेंति, ण यावि भोगा विगइं उवेंति ।**
**जे तप्पओसी य परिग्गही य, सो तेसु मोहा विगइं उवेइ ॥**

**શબ્દાર્થ :– कामभोगा** = કામભોગ, પાંચે ય ઇન્દ્રિયોના વિષય,(શબ્દ, રૂપ કામ છે, શેષ ત્રણ ભોગ છે.) **ण** = ન તો **समयं** = સમતાને **उवेंति** = પ્રાપ્ત કરાવે છે **भोगा** = કામભોગ **विगइं** = વિકૃતિ-વિકાર ભાવને, ક્રોધાદિ કષાયને **परिग्गही** = પરિગ્રહી, મનોજ્ઞ વિષયોને ગ્રહણ કરે છે (તેના પર રાગ કરે છે) **तप्पओसी** = અમનોજ્ઞ વિષય પર દ્વેષ કરે છે **सो** = તે **तेसु** = તેનામાં **मोहा** = મોહથી.

**ભાવાર્થ :–** કામભોગ– પાંચે ય ઇન્દ્રિય વિષય સ્વતઃ સમતા(સમભાવ) ઉત્પન્ન કરી શકતા નથી કે વિકૃતિ પણ ઉત્પન્ન કરી શકતા નથી પરંતુ તેના પ્રત્યે જે દ્વેષ, મમત્વ અને પરિગ્રહભાવ રાખે છે તે વ્યક્તિ જ તેના મોહને કારણે વિકારભાવોને પ્રાપ્ત કરે છે.

**१०२** **कोहं च माणं च तहेव मायं, लोभं दुगुंछं अरइं रइं च ।**
**हासं भयं सोगपुमित्थिवेयं, णपुंसवेयं विविहे य भावे ॥**

**१०३** **आवज्जइ एवमणेगरूवे, एवं विहे कामगुणेसु सत्तो ।**
**अण्णे य एयप्पभवे विसेसे, कारुण्णदीणे हिरिमे वइस्से ॥**

**શબ્દાર્થ :– कामगुणेसु** = કામગુણોમાં, પાંચે ય ઇન્દ્રિય વિષયમાં **सत्तो** = આસક્ત જીવ **दुगुंछं** = જુગુપ્સા **अरइं** = અરતિ, અણગમો **रइं** = રતિ **हासं** = હાસ્ય **भयं** = ભય **सोग** = શોક **पुमित्थिवेयं** = પુરુષ વેદ અને સ્ત્રીવેદ **णपुंसवेयं** = નપુંસકવેદ **विविहे भावे** = વિવિધ ભાવો, હર્ષ વિષાદ આદિ જુદા-જુદા ભાવો **एवं विहे** = આ પ્રકારે **अणेगरूवे** = અનેક અવસ્થાઓને, દોષોને **एयप्पभवे** = તે ક્રોધાદિ દોષોથી ઉત્પન્ન થનારા **अण्णे** = અન્ય અનેક દુર્ગતિદાયક **विसेसे** = સંતાપ વિશેષોને **आवज्जइ** = પ્રાપ્ત થાય છે **कारुण्ण दीणे** = કરુણાપાત્ર, અત્યંત હીન **हिरिमे** = હ્રીમાન, લજ્જિત **वइस्से** = અપ્રીતિપાત્ર બને છે.

**ભાવાર્થ :–** [પાંચે ય પ્રકારના] કામગુણોમાં આસક્ત જીવ, ક્રોધ, માન, માયા, લોભ, જુગુપ્સા, અરતિ, રતિ, હાસ્ય, ભય, શોક, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ, હર્ષ, વિષાદ આદિ અનેક પ્રકારના દોષ સ્થાનોને, વિભાવ અવસ્થાઓને પ્રાપ્ત કરે છે તેમજ કામગુણોની આસક્તિના કારણે દુર્દશા થતાં તે જીવ કરુણાપાત્ર, અત્યંત દીન, લજ્જિત અને અપ્રીતિનું ભાજન બની જાય છે. ॥ ૧૦૨–૧૦૩ ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથા ચતુષ્કમાં કામભોગ સંબંધી વિશ્લેષણ કરી તેના દ્વારા આત્મામાં ઉત્પન્ન થતાં વિવિધ દોષોનું ચિત્રણ કર્યું છે.

શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ, તે પુદ્ગલના ગુણ છે અને પુદ્ગલ જડ પદાર્થ છે. તેમાં સુખ-દુઃખ ઉત્પન્ન કરવાની કે સુખ-દુઃખનું વેદન કરવાની શક્તિ કે સ્વભાવ નથી પરંતુ જીવમાં અનાદિકાલીન રાગ

દ્વેષના ભાવો ભરેલા છે; તેના સંસ્કારવશ જીવ શબ્દ, રૂપ, ગંધ, રસ કે સ્પર્શમાં પ્રિય-અપ્રિય ભાવોનું આરોપણ કરે છે. એક જ શબ્દ એક વ્યક્તિને પ્રિય લાગવાથી રાગનું કારણ બને છે અને બીજી વ્યક્તિને તે જ શબ્દ અપ્રિય લાગવાથી દ્વેષનું કારણ બને છે. તેથી સ્પષ્ટ થાય છે કે શબ્દમાં પ્રિય કે અપ્રિયપણું નથી પરંતુ વ્યક્તિ પોતાના ભાવ અનુસાર તેમાં પ્રિય-અપ્રિયપણાનું આરોપણ કરીને પ્રિય-અપ્રિય ભાવોનો અનુભવ કરે છે.

**ण कामभोगा समयं उवेंति :–** કામભોગ એટલે ઇન્દ્રિયના વિષયો સમભાવ કે વિષમભાવ ઉત્પન્ન કરી શકતા નથી. પરંતુ જે વ્યક્તિ તે વિષયોને ગ્રહણ કરે છે, તેની પાત્રતા અનુસાર, તેના મોહનીય કર્માનુસાર તેમાં રાગ કે દ્વેષના ભાવો અને વિકારો ઉત્પન્ન થાય છે. વીતરાગી પુરુષની સમક્ષ તો સમગ્ર લોકના વિષયો છે પરંતુ તેનું મોહનીય કર્મ નાશ પામી ગયું હોવાથી તેને તે વિષયોમાં રાગ કે દ્વેષ થતા નથી.

**आवज्जइ एवमणेगरूवे :–** સરાગી વ્યક્તિ મોહનીયકર્મના ઉદયને આધીન બનીને વિષયોમાં રાગ-દ્વેષ કરે છે, તેમજ તેને રાગ દ્વેષની સાથે મોહનીય કર્મજન્ય ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, વેદ વગેરે કષાય અને નોકષાયના ભાવો ઉત્પન્ન થાય છે. અન્ય પણ અનેક રીતે દુર્દશાને પ્રાપ્ત થતાં તે જીવ દીન, હીન, નિઃસહાય બની જાય છે.

**અરતિ અને શોકમાં અંતર :– અરતિમાં** આભ્યંતર અપ્રસન્નતા છે અને તે મન સાથે સંબંધિત છે; જ્યારે **શોકમાં** આભ્યંતર અપ્રસન્નતા બહાર પ્રગટ થાય છે અને તે મન, વચન, કાયા ત્રણે ય સાથે સંબંધિત છે.

**ઇચ્છા નિયંત્રણ :–**

**૧૦૪** **कप्पं ण इच्छिज्ज सहायलिच्छू, पच्छाणुतावे ण तवप्पभावं ।
एवं वियारे अमियप्पयारे, आवज्जइ इंदियचोरवस्से ॥**

**શબ્દાર્થ :– सहायलिच्छु** = પોતાની સેવા કરાવવા માટે સહાયક, **कप्पं** = કલ્પ એટલે શ્રમણ, શિષ્યનીણ **इच्छिज्ज** = ઇચ્છા ન કરે **पच्छा** = વ્રત અને તપ અંગીકાર કર્યા પછી **ण अणुतावे** = અનુતાપ(પશ્ચાત્તાપ) ન કરે **तवप्पभावं** = તપના પ્રભાવની ઇચ્છા ન કરે **एवं** = આ પ્રકારે(ઇચ્છા કરવાથી) **इंदिय-चोर-वस्से** = ઇન્દ્રિયરૂપી ચોરોને વશીભૂત બનેલો જીવ **अमियप्पयारे** = અમિત પ્રકારે, અનેક પ્રકારના **वियारे** = વિકારોને, વિચારોને **आवज्जइ** = પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :–** સાધનાશીલ મુનિ પોતાના કાર્યોમાં સહાય માટે અન્ય શ્રમણની પણ ઇચ્છા ન કરે, સ્વાવલંબી બને. સંયમ પાલન કરતાં કોઈપણ ઉપલબ્ધિ ન થાય તો પશ્ચાત્તાપ ન કરે અને તપના પ્રભાવની ઇચ્છા પણ ન કરે. કારણ કે આ રીતે ઇચ્છાઓ કરવાથી સાધક ઇન્દ્રિયરૂપ ચોરને વશીભૂત થઈને ગણનાતીત વિચારોને, ઇચ્છાઓને પ્રાપ્ત કરે છે. એક-એક ઇચ્છા અનેક ઇચ્છાઓને ઉત્પન્ન કરે છે.

**૧૦૫** **तओ से जायंति पओयणाइं, णिमज्जिउं मोहमहण्णवम्मि ।
सुहेसिणो दुक्खविणोयणट्ठा, तप्पच्चयं उज्जमए य रागी ॥**

**શબ્દાર્થ :– तओ** = વિકારોત્પત્તિ થયા પછી **से** = તેને **मोहमहण्णवम्मि** = મોહમહાર્ણવ, મહામોહરૂપી સાગરમાં **णिमज्जिउं** = ડૂબાડી દેવા માટે **पओयणाइं** = વિષયસેવનાદિ પ્રયોજન, નિમિત્તો **जायंति** = ઉત્પન્ન થાય છે **सुहेसिणो** = સુખને ઇચ્છનાર, **रागी** = રાગદ્વેષવાળો તે જીવ **दुक्खविणोयणट्ठा** =

દુઃખને દૂર કરવા માટે **तप्पच्चयं** = તત્પ્રત્યય, વિષય સંયોગમાં જ **उज्जमए** = ઉદ્યમ કરે છે.

**ભાવાર્થ :–** અનેક વિચારો અને ઈચ્છાઓને પ્રાપ્ત તે વ્યક્તિને મોહરૂપી મહાસાગરમાં ડૂબાડનારા માટે અનેક પ્રયોજન ઉપસ્થિત થાય છે; ત્યારે તે સુખાભિલાષી રાગી પુરુષ દુઃખોને દૂર કરવા તત્પ્રાયોગ્ય વિષય સંયોગમાં જ વિભિન્ન રીતે ઉદ્યમ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સંયમી જીવન અંગીકાર કરનાર સાધકને ઈચ્છાઓના નિયંત્રણ માટેનો સચોટ ઉપદેશ આપ્યો છે.

**कप्पं ण इच्छिज्ज सहाय लिच्छु :– सहायलिच्छु** = સહાયતા માટે, સહાયનો ઈચ્છુક થઈ; **कप्पं** = કલ્પની એટલે સાધુની, શિષ્યની, અન્ય શ્રમણની; **ण इच्छिज्ज** = ઈચ્છા ન કરે, અભિલાષા ન કરે, અપેક્ષા-આશા ન રાખે. સંયમી સાધક પોતાના કાર્યો માટે અન્ય સાધુની સહાયતાની ઈચ્છા ન કરે. સંયમી જીવન પૂર્ણતઃ સ્વાવલંબી હોય છે. સાધક પોતાના નાના-મોટા પ્રત્યેક કાર્યો અપ્રમત્તભાવે, યતનાપૂર્વક સ્વયં કરે છે. સ્વાવલંબી જીવનના અનેક લાભો છે. અન્યની અપેક્ષા છૂટી જતાં કેટલા ય રાગ-દ્વેષના પરિણામો છૂટી જાય છે અને તેમ કરતા સાધક શાંત, સ્વસ્થ, સંતુષ્ટ, જાગૃત અને અપ્રમત્ત બને છે. તેથી પ્રત્યેક સાધકે અન્યની સહાયતાની ઈચ્છાનો ત્યાગ કરી, સ્વાવલંબી બનવા માટે પ્રયત્ન કરવો જોઈએ અને ગુરુકુલવાસી અન્ય વૃદ્ધ, ગ્લાન, તપસ્વી કે નવદીક્ષિત સંતો હોય, તો તેની સેવા અગ્લાનભાવે, પ્રસન્નચિત્તે કરવી જોઈએ.

ઉપરોક્ત ગાથાથી સેવાધર્મનો નિષેધ થતો નથી પરંતુ પ્રત્યેક સાધકને સ્વાવલંબી બનવાની પ્રેરણા મળે છે. આગમોમાં ગૌતમસ્વામી ધર્મરુચિ અણગાર આદિ સ્વાવલંબી સંતોના દષ્ટાંતો છે, જે સૂત્રોક્ત વિષયની પુષ્ટિ કરે છે.

**पच्छाणुतावे ण तवप्पभावं :–** આ ચરણમાં પ્રયુક્ત **ण** શબ્દનો અન્વય બંને ક્રિયાપદો સાથે થાય છે. તેથી તેનો અર્થ– સંયમ સ્વીકાર કર્યા પછી મુનિ કોઈ પણ પ્રકારે દીન બનીને પશ્ચાત્તાપ કરે નહીં અને પોતાની તપસ્યાનો પ્રભાવ પણ ઈચ્છે નહીં. તેમજ પોતાની તપસ્યાનો કોઈ પણ પ્રભાવ ન થાય, લબ્ધિ આદિ પ્રગટ ન થાય, તો તેનો પશ્ચાત્તાપ કરે નહીં.

આ રીતે આ ગાથાના પ્રથમ ચરણમાં સહાયકની ઈચ્છાના અને બીજા ચરણમાં તપસંયમના પ્રભાવની ઈચ્છાના નિયંત્રણ માટે સંકેત છે.

એક ઈચ્છા અન્ય અનેક ઈચ્છાઓની પરંપરાને જન્મ આપે છે અને ઈચ્છા પૂર્ણ ન થાય ત્યારે પશ્ચાત્તાપનો પ્રસંગ આવે છે. તેથી સાધક પશ્ચાત્તાપના મૂળભૂત કારણરૂપ ઈચ્છાનો સર્વથા ત્યાગ કરે.

**एवं वियारे अमियप्पयारे :– एवं** = આ રીતે; **वियारे** = વિચારોના, ઈચ્છાઓના; **अमियप्पयारे** = અમિત–અમર્યાદિત પ્રકાર છે; આ રીતે ઈચ્છાઓના અસીમ અને અનંત પ્રકાર થઈ શકે છે.

**आवज्जइ इंदिय चोरवस्से :–** ગાથાના ત્રણ ચરણમાં ઈચ્છાનિયંત્રણ અને ઈચ્છાઓની અસીમતા દર્શાવીને આ ચોથા ચરણમાં શાસ્ત્રકારે તે ઈચ્છાઓની ઉત્પત્તિના મૂળભૂત કારણનું સ્પષ્ટીકરણ કર્યું છે. (૧) **इंदिय चोरवस्से** = ઈન્દ્રિયરૂપી ચોરને વશ થયેલા જીવને (ર) **इंदिय चोर + अवस्से** = ઈન્દ્રિયરૂપી ચોરને આધીન કે મોહાધીન વ્યક્તિને અસીમ ઈચ્છાઓ **आवज्जइ** = ઉત્પન્ન થાય છે.

શ્રી દશવૈકાલિક સૂત્ર અને શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં ત્રણ પ્રકારના ચોરનું કથન છે. વ્રતોનું યથાર્થ

પાલન ન કરનારને **વ્રતચોર,** શક્તિ હોવા છતાં તપ ન કરનારને **તપચોર,** સંયમના વિવિધ અનુષ્ઠાનોનું યથાર્થ પાલન ન કરનારને **આચારચોર** કહે છે. તે જ રીતે જે સાધક ઈન્દ્રિયોનું દમન કરતા નથી, પોતાની ઈચ્છાનુસાર વિષયોનો ભોગવટો કરે છે, તે **ઈન્દ્રિયચોર** કહેવાય છે.

**तओ से जायंति... :–** ઈચ્છાઓ પર નિયંત્રણ ન કરનાર વ્યક્તિ વિવિધ ઈચ્છાઓ પૂર્ણ કરવા પુરુષાર્થ કરે છે પરંતુ ઈચ્છાઓનો અંત ન હોવાથી તે વ્યક્તિ આશા, તૃષ્ણારૂપ મોહસાગરમાં ડૂબી જાય છે. ઈચ્છાને આધીન બનેલા જીવો કલ્પિત સુખ પામવા અને દુઃખ દૂર કરવામાં જ રાત-દિન ઉદ્યમવંત રહે છે. તેમ છતાં તેના સુખ પ્રાપ્તિના પ્રયત્નો મૃગજલ સમ મિથ્યા નીવડે છે. ઈચ્છાઓની પૂર્તિ માટે, સુખ પ્રાપ્તિ માટે તે હિંસા, અસત્ય આદિ પાપાચરણોનો આશ્રય લે છે પરંતુ જ્યાં સુધી દુઃખ અને દુઃખની કારણ ભૂત ઈચ્છાઓ-આશાઓનો અંત ન થાય ત્યાં સુધી અનેક પ્રયત્નો કરવા છતાં સુખ પ્રાપ્તિ થઈ શકતી નથી.

આ રીતે સૂત્રકારે સંયમી સાધકોને મહાસમુદ્રમાં ડૂબી જવાના ભયસ્થાનો પ્રદર્શિત કરતા કહ્યું છે કે સંયમનો સ્વીકાર કર્યા પછી સાધક શિષ્યની લાલસા ન કરે, સંયમી જીવનમાં કયારે ય દુઃખ ગર્ભિત પશ્ચાત્તાપ ન કરે કે તપસ્યાનું નિદાન ન કરે.

**વિષયોથી વિરક્તિ અને તેનું સુફળ :–**

**१०६** **विरज्जमाणस्स य इंदियत्था, सद्दाइया तावइयप्पगारा ।
ण तस्स सव्वे वि मणुण्णयं वा, णिव्वत्तयंति अमणुण्णयं वा ॥**

**શબ્દાર્થ :– इंदियत्था** = પાંચ ઈન્દ્રિયોના વિષય **सद्दाइया** = શબ્દાદિ **तावइयप्पगारा** = બધા પ્રકારના, આ લોકમાં જેટલા પ્રકારના છે તે **सव्वे वि** = બધા **तस्स** = તે **विरज्जमाणस्स** = વિરક્ત સાધકને માટે **मणुण्णयं** = મનોજ્ઞતા **अमणुण्णयं** = અમનોજ્ઞતા **ण णिव्वत्तयंति** = ઉત્પન્ન કરી શકતા નથી.

**ભાવાર્થ :–** પાંચ ઈન્દ્રિયોના જેટલા પણ શબ્દાદિ વિષયો છે, તે સર્વ વિષયોની મનોજ્ઞતા કે અમનોજ્ઞતાનો વિરક્ત સાધક પર કોઈ પ્રભાવ થતો નથી.(તે વિષયોને ત્યાં આશ્રય મળતો નથી, માટે બધા ઈન્દ્રિય વિષયો વિરક્ત પુરુષો પાસેથી નિષ્પ્રભ થઈ, પાછા ફરી જાય છે.)

**१०७** **एवं स संकप्प विकप्पणासु, संजायइ समयमुवट्ठियस्स ।
अत्थे य संकप्पयओ तओ से, पहीयए कामगुणेसु तण्हा ॥**

**શબ્દાર્થ :– स संकप्प विकप्पणासु** = સ્વ સંકલ્પોની વિચારણામાં અર્થાત્ આ સંકલ્પ વિકલ્પ અનર્થના કારણ છે, એ પ્રકારે **उवट्ठियस्स** = ઉપસ્થિત રહેનારને, વિચાર કરનારને **समयं** = સમતા, સમભાવની **संजायइ** = પ્રાપ્તિ થાય છે **तओ** = ત્યારપછી **अत्थे** = પદાર્થોમાં **संकप्पयओ** = સમ્યક્ વિચાર કરતાં કરતાં **से** = તે જીવની **कामगुणेसु** = કામગુણોની **तण्हा** = તૃષ્ણા **पहीयए** = નષ્ટ થઈ જાય છે.

**ભાવાર્થ :–** પૂર્વોક્ત પ્રકારે વિરક્ત અને સંયમ ભાવોમાં ઉપસ્થિત સાધકને સંકલ્પ-વિકલ્પોના પ્રસંગમાં પણ સમભાવની પ્રાપ્તિ થાય છે. ત્યાર પછી પદાર્થોના વિષયમાં સદ્વિચાર કરનારની શબ્દાદિ કામગુણોમાં વધેલી તૃષ્ણા નષ્ટ થઈ જાય છે.

**१०८** **स वीयरागो कयसव्वकिच्चो, खवेइ णाणावरणं खणेणं ।
तहेव जं दंसणमावरेइ, जं चंतरायं पकरेइ कम्मं ॥**

**શબ્દાર્થ :– कयसव्वकिच्चो** = કૃતસર્વકૃત્ય, જેણે સર્વ કાર્ય કરી લીધા છે, એવા કૃતકૃત્ય **स** = તે **वीयरागो** = વીતરાગી **णाणावरणं** = જ્ઞાનાવરણીય કર્મને **जं** = જે **दंसणं आवरेइ** = દર્શનાવરણીય કર્મને **अंतरायं** = અંતરાય **पकरेइ** = કરે છે તે **कम्मं** = કર્મને **खणेणं** = એક ક્ષણમાં **खवेइ** = ક્ષય કરી દે છે.

**ભાવાર્થ :–** તે કૃતકૃત્ય વીતરાગ આત્મા ક્ષણભરમાં જ્ઞાનાવરણીયકર્મનો ક્ષય કરે છે તેમજ દર્શનને આવૃત્ત કરનાર દર્શનાવરણીય કર્મનો પણ ક્ષય કરે છે અને અંતરાયકર્મને પણ દૂર કરે છે.

**१०९** **सव्वं तओ जाणइ पासइ य, अमोहणे होइ णिरंतराए ।**
**अणासवे झाणसमाहिजुत्ते, आउक्खए मोक्खमुवेइ सुद्धे ॥**

**શબ્દાર્થ :– तओ** = ચાર ઘાતી કર્મોનો ક્ષય થયા પછી **सव्वं** = સર્વને **जाणइ** = જાણે છે **पासइ** = દેખે છે **अमोहणे** = મોહરહિત **णिरंतराए** = અંતરાયરહિત **होइ** = થઈ જાય છે **अणासवे** = આશ્રવ રહિત **झाणसमाहि जुत्ते** = શુક્લધ્યાનની સમાધિથી યુક્ત થઈને **आउक्खए** = આયુષ્ય પૂર્ણ થાય ત્યારે **सुद्धे** = કર્મમલથી શુદ્ધ થઈને **मोक्खं** = મોક્ષને **उवेइ** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** ત્યાર પછી (ઘાતી કર્મોના ક્ષય થયા પછી) તે બધા ભાવોને જાણે છે અને દેખે છે તથા તે મોહ અને અંતરાયથી સર્વથા રહિત થઈ જાય છે. પછી તે આશ્રવોથી રહિત અને શુક્લધ્યાન સમાધિથી યુક્ત થઈને આયુષ્યકર્મ સમાપ્ત થાય ત્યારે મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

**११०** **सो तस्स सव्वस्स दुहस्स मुक्को, जं बाहइ सययं जंतुमेयं ।**
**दीहामयं विप्पमुक्को पसत्थो, तो होइ अच्चंतसुही कयत्थो ॥**

**શબ્દાર્થ :– जं** = જે દુઃખ **एवं** = આ પ્રકારે **जंतुं** = જીવને **सययं** = સતત, નિરંતર **बाहइ** = બાધિત-પીડિત કરે છે **तस्स** = તે **सव्वस्स** = સર્વ **दुहस्स** = દુઃખથી **मुक्को** = મુક્ત થઈ જાય છે અને **पसत्थो** = પ્રશસ્ત જીવ **दीहामयं** = દીર્ઘ આમય, દીર્ઘકાલીન સ્થિતિવાળા કર્મરૂપી રોગથી **विप्पमुक्को** = મુક્ત થઈ જાય છે **तो** = ત્યાર પછી **कयत्थो** = કૃતાર્થ બનેલો તે જીવ **अच्चंतसुही** = અત્યંત સુખી **होइ** = થઈ જાય છે.

**ભાવાર્થ :–** તે મુક્તાત્મા સર્વ દુઃખોથી સર્વથા મુક્ત થઈ જાય છે. જે કર્મ આ જીવને અનાદિકાલથી નિરંતર બાધા-પીડા આપે છે તે કર્મરૂપી રોગથી આત્મા વિમુક્ત થઈને પ્રશસ્ત, એકાંત સુખી અને કૃતાર્થ થઈ જાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં વિષયોથી વિરક્તિ અને તેના સુફળનું કથન કર્યું છે.

ઇન્દ્રિયોના વિષયો નહીં પરંતુ વિષયોની આસક્તિ જ દુઃખનું કારણ છે; આ સનાતન સત્ય સ્વીકારીને સાધક આસક્તિ ભાવનો ત્યાગ કરે છે. રાગ, દ્વેષ, તૃષ્ણા આદિ મોહજન્ય ભાવોને નાશ કરીને સાધક બારમા ક્ષીણમોહનીય ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે.

ક્ષીણમોહ ગુણસ્થાનવર્તી જીવ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય, એ ત્રણે ય કર્મોનો એક સાથે એક સમયમાં ક્ષય કરે છે. આ રીતે ચારે ઘાતી કર્મોનો ક્ષય થતાં તે આત્મા કેવળી બની જાય છે. લોકાલોકના જ્ઞાતા તે કેવળી ભગવાન ચૌદમા ગુણસ્થાને સર્વ આશ્રવોથી રહિત થઈને, શુક્લધ્યાનરૂપ

સમાધિથી યુક્ત થઈને, આયુષ્યકર્મ અને ઉપલક્ષણથી વેદનીય, નામ અને ગોત્ર કર્મનો ક્ષય કરીને પરમ વિશુદ્ધ મોક્ષપદ પામે છે. કર્મજન્ય જે દુઃખો સંસારી જીવોને નિરંતર પીડા આપે છે, તેનો મોક્ષગામી જીવાત્માને કિંચિત્ માત્ર સ્પર્શ થતો નથી; તે નિરાબાધ સુખને પામી કૃતાર્થ થઈ જાય છે.

**ઉપસંહાર :–**

**૧૧૧** **अणाइकालप्पभवस्स एसो, सव्वस्स दुक्खस्स पमोक्खमग्गो ।**
**वियाहिओ जं समुविच्च सत्ता, कमेण अच्चंतसुही भवंति ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– अणाइ-कालप्पभवस्स** = અનાદિકાલથી ઉત્પન્ન થયેલા **सव्वस्स** = સમસ્ત **दुक्खस्स** = દુઃખોથી **पमोक्खमग्गो** = પ્રમોક્ષ માર્ગ, છુટકારો મેળવવાનો માર્ગ **वियाहिओ** = કહ્યો **समुविच्च** = સમ્યક્ પ્રકારે સ્વીકાર કરવાથી **सत्ता** = સત્ત્વ, જીવ **कमेण** = ક્રમથી **अच्चंतसुही** = અત્યંત સુખી, **भवंति** = થઈ જાય છે.

**ભાવાર્થ :–** અનાદિકાળથી ઉત્પન્ન થતા સમસ્ત દુઃખોથી મુક્ત થવાનો આ મોક્ષ માર્ગ, જ્ઞાનીઓએ કહ્યો છે. તેનો સમ્યક્ પ્રકારે સ્વીકાર કરવાથી જીવ ક્રમશઃ અત્યંત સુખી થાય છે.

**વિવેચન :–**

અધ્યયનના પ્રારંભમાં સૂત્રકારે સમૂળ દુઃખોથી મુક્તિનો ઉપાય બતાવવાની પ્રતિજ્ઞા કરી છે. તદનુસાર વિષયનું નિરૂપણ કરીને આ અંતિમ ગાથામાં ઉપસંહાર કર્યો છે.

વિષયોથી વિરક્તિ, તે જ અનાદિકાલીન દુઃખ પરંપરાથી મુક્ત થવાનો માર્ગ છે. જે જીવ આ માર્ગનું અનુસરણ કરે છે, તે સદાને માટે દુઃખોથી રહિત પરમ-આનંદરૂપ મોક્ષપદ મેળવે છે. પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠા મનનો નિગ્રહ કરવો, પ્રમાદ રહિત થઈને પાંચ મહાવ્રતોનું પાલન કરવું તથા જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના કરવી, તે મોક્ષમાર્ગનો સંક્ષિપ્ત ક્રમ છે, તેનું અનુસરણ કરવું પ્રત્યેક ભવ્ય જીવને માટે પરમ આવશ્યક છે.

**॥ બત્રીસમું અધ્યયન સંપૂર્ણ ॥**

# તેત્રીસમું અધ્યયન

## પરિચય

★ પ્રસ્તુત અધ્યયનમાં ચાર પ્રકારના કર્મબંધનું વર્ણન હોવાથી તેનું **કર્મપ્રકૃતિ** નામ સાર્થક છે.

★ સમસ્ત સંસારી જીવોનું પ્રવર્તન કર્મોથી જ થાય છે. તેથી કર્મોનો સદ્‌ભાવ, તે સંસાર છે અને કર્મોનો અભાવ તે મુક્તિ-સિદ્ધાવસ્થા છે. જીવના સંસાર પરિભ્રમણનું મૂળભૂત કારણ કર્મ છે. તેથી અધ્યાત્મ સાધના કરનાર સાધકોને માટે કર્મનો સિદ્ધાંત અને કર્મબંધની પ્રક્રિયાને જાણવી અત્યંત જરૂરી બની જાય છે.

★ કર્મબંધના મૂળ કારણ કષાય અને યોગ છે. તેના નિમિત્તથી જીવ કર્મદલિકોને ગ્રહણ કરીને આત્માની સાથે એકમેક કરે છે, તે જ કર્મબંધ કહેવાય છે. તે કર્મબંધ ચાર પ્રકારે થાય છે– (૧) પ્રકૃતિબંધ (૨) સ્થિતિ બંધ (૩) અનુભાગ બંધ (૪) પ્રદેશ બંધ.

**પ્રકૃતિ બંધ :–** કર્મોનો સ્વભાવ નિશ્ચિત થાય તેને **પ્રકૃતિ બંધ** કહે છે. જેમ કે– જ્ઞાનને આવૃત્ત કરવું , દર્શન આવૃત્ત કરવું આદિ.

**સ્થિતિ બંધ :–** કર્મોની આત્મા સાથે રહેવાની કાળ મર્યાદા નિશ્ચિત થાય, તેને **સ્થિતિ બંધ** કહે છે. પ્રત્યેક કર્મોનો સ્થિતિબંધ જુદો-જુદો હોય છે. મોહનીયકર્મની સ્થિતિ સર્વથી અધિક એટલે ઉત્કૃષ્ટ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની છે.

**અનુભાગ બંધ :–** કર્મોની તીવ્ર અથવા મંદ ભાવે ફળ આપવાની શક્તિ નિશ્ચિત થાય તેને **અનુભાગ** બંધ કહે છે. અનુભાગ બંધને રસબંધ પણ કહે છે.

**પ્રદેશ બંધ :–** આત્માના પ્રદેશો સાથે કર્મ પરમાણુઓ(કર્મદલિકો)નો જે બંધ થાય છે, તેને **પ્રદેશ બંધ** કહે છે. આ ચાર પ્રકારના બંધમાં પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગના આધારે તથા સ્થિતિબંધ અને અનુભાગબંધ કષાયના આધારે નિશ્ચિત થાય છે.

★ કર્મોના ઉદય સમયે પ્રકૃતિબંધ–**આત્માના ગુણ**ને આવૃત્ત કરે છે. સ્થિતિબંધ–કર્મ પ્રકૃતિ અનુસાર **નિયત કાળ સુધી** ફળ આપે છે. અનુભાગ બંધ–કર્મ પ્રકૃતિ અનુસાર **તીવ્ર અથવા મંદરૂપે** ફળ આપે છે. અર્થાત્ અનુભાગ બંધ પ્રમાણે જીવ સુખ અને દુઃખનો અનુભવ કરે છે. પ્રદેશબંધ–આત્મ પ્રદેશોમાં **કર્મ પુદ્‌ગલોનો** અનુભવ કરાવે છે.

**આઠ કર્મોની ઉત્તર પ્રકૃતિ :–** પ્રસ્તુત અધ્યયનમાં કર્મોની ઉત્તર પ્રકૃતિઓ આ કહી છે– જ્ઞાનાવરણીય કર્મની–૫, દર્શનાવરણીય કર્મની–૯, વેદનીય કર્મની–૨, મોહનીય કર્મની–૨૮, (જેમાં દર્શન મોહનીયની–૩, કષાયમોહનીયની–૧૬ અને નોકષાય મોહનીયની–૯, કુલ મળીને મોહનીયની ૩ + ૧૬ + ૯ = ૨૮ ઉત્તર પ્રકૃતિઓ છે.) આયુષ્ય કર્મની–૪, નામકર્મની–૨, ગોત્રકર્મની– ૧૬ અને અંતરાય કર્મની–૫, એમ કુલ ૭૧ ઉત્તર પ્રકૃતિઓ છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્ર ૨૩મા પદમાં આઠ કર્મોની ૧૪૮ ઉત્તર પ્રકૃતિઓનું વર્ણન છે અને ત્યાં તે દરેક પ્રકૃતિની ભિન્ન-ભિન્ન સ્થિતિ દર્શાવી છે. પ્રસ્તુત અધ્યયનમાં મૂળ આઠ કર્મોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિનું કથન છે.

★ જીવ કર્મબંધની પ્રક્રિયાને જાણીને સંવરની સાધના કરે, તે જ આ અધ્યયનનું પ્રયોજન છે. ❖❖❖

# તેત્રીસમું અધ્યયન

## કર્મ પ્રકૃતિ

**સંસાર પરિભ્રમણનું કારણ :–**

**૧** **अट्ठ कम्माइं वोच्छामि, आणुपुव्विं जहक्कमं ।**
**जेहिं बद्धो अयं जीवो, संसारे परिवट्टइ ॥**

**શબ્દાર્થ :– अट्ठ** = આઠ **कम्माइं** = કર્મોનું **आणुपुव्विं** = આનુપૂર્વીથી **जहक्कमं** = યથાક્રમે **वोच्छामि** = વર્ણન કરીશ **जेहिं** = જેનાથી **बद्धो** = બંધાયેલો **अयं** = આ **जीवो** = જીવ **परिवट्टइ** = પરિભ્રમણ કરે છે.

**ભાવાર્થ :–** [સૂત્રકાર કહે છે–] હું આઠ પ્રકારના કર્મોનું આનુપૂર્વીના ક્રમાનુસાર વર્ણન કરીશ, જેનાથી બંધાઈને આ જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં સૂત્રકારે અનંત સંસાર પરિભ્રમણના મૂળભૂત કારણ તરીકે કર્મનું કથન કરી તેનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા કરી છે.

જીવ સ્વયં ચૈતન્ય સ્વરૂપી શુદ્ધ, બુદ્ધ અજર-અમર છે, પરંતુ સોનાની ખાણમાં સોનુ અને માટી જેમ સહજ રીતે મિશ્રિત થયેલા હોય છે, તે જ રીતે જડ કર્મો અને જીવ પણ અનાદિકાલથી એકમેક રૂપે રહેલા છે. જડ કર્મના સંયોગે જીવ પોતાનો સ્વભાવ છોડીને વિકાર ભાવને પ્રાપ્ત થાય છે. તે સ્વયં વીતરાગ સ્વરૂપી શુદ્ધ હોવા છતાં કર્મ સંયોગે રાગ-દ્વેષાદિ વિકારી ભાવો કરે છે. રાગ દ્વેષથી કર્મબંધ અને કર્મબંધથી જન્મ-મરણ થાય છે. જન્મ-મરણ કરતાં-કરતાં જીવ કર્મોના ઉદયને ભોગવે, તેમાં પુનઃ રાગ-દ્વેષાદિ ભાવો કરે અને પુનઃ કર્મબંધ કરે છે. આ રીતે જીવ કર્મના કારણે જન્મ-મરણના ચક્રમાં પરિભ્રમણ કર્યા કરે છે. જ્યાં સુધી કર્મરૂપ વિકારી તત્ત્વનો સંયોગ રહે છે ત્યાં સુધી જીવનું પરિભ્રમણ ચાલુ જ રહે છે. આ રીતે જીવના સંસાર પરિભ્રમણનું મૂળભૂત કારણ કર્મનો સંયોગ છે.

**अट्ठ कम्माइं :–** કર્મોના અનંત પ્રકાર છે. તેમ છતાં તેના સ્વરૂપ આદિની સામ્યતાની અપેક્ષાએ જ્ઞાનીઓએ તેના મુખ્ય આઠ વિભાગ કર્યા છે; તે જ કર્મોના મૂળભૂત આઠ પ્રકાર રૂપે પ્રસિદ્ધ છે.

**કર્મબંધ :–** કષાય અને યોગના નિમિત્તથી કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોનું લેશ્યાના સંયોગે ક્ષીર અને નીરની જેમ આત્મપ્રદેશોમાં એકમેક થઈ જવું, તેને કર્મબંધ કહે છે.

**आणुपुव्विं जहक्कमं :–** પૂર્વાનુપૂર્વીના ક્રમાનુસાર. આનુપૂર્વીના ત્રણ પ્રકાર છે– (૧) પૂર્વાનુપૂર્વી– ક્રમશઃ એક, બે, ત્રણ તે રીતે કથન કરવું (૨) પશ્ચાનુપૂર્વી– ત્રણ, બે, એક, તેમ પાછળથી પ્રારંભ કરીને કથન કરવું (૩) અનાનુપૂર્વી– આગળ કે પાછળના નિશ્ચિત ક્રમ વિના કથન કરવું. પ્રસ્તુત અધ્યયનમાં પૂર્વાનુપૂર્વીથી યથાક્રમે અર્થાત્ જ્ઞાનાવરણીયાદિ પ્રસિદ્ધ ક્રમથી જ કર્મનું વર્ણન કરવામાં આવ્યું છે.

**આઠ કર્મોના નામ :–**

**૨** णाणस्सावरणिज्जं, दंसणावरणं तहा ।
वेयणिज्जं तहा मोहं, आउकम्मं तहेव य ॥

**૩** णामकम्मं च गोयं च, अंतरायं तहेव य ।
एवमेयाइं कम्माइं, अट्ठेव उ समासओ ॥

**શબ્દાર્થ :– णाणस्सावरणिज्जं** = જ્ઞાનને આવૃત્ત કરનાર જ્ઞાનાવરણીય **दंसणावरणं** = દર્શનને આવૃત્ત કરનાર, દર્શનાવરણીય **वेयणिज्जं** = વેદનીય **मोहं** = મોહનીય **आयुकम्मं** = આયુષ્યકર્મ **णामकम्मं** = નામકર્મ **गोयं** = ગોત્રકર્મ **अंतरायं** = અંતરાયકર્મ **एवं** = આ રીતે **एयाइं** = આ **समासओ** = સંક્ષેપથી **अट्ठेव** = આઠ જ **कम्माइं** = કર્મ છે.

**ભાવાર્થ :–** જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્યકર્મ, નામકર્મ, ગોત્રકર્મ અને અંતરાયકર્મ. આ રીતે સંક્ષેપમાં આઠ કર્મ છે. ॥ ૨–૩ ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં કર્મોની આઠ મૂળ પ્રકૃતિઓના નામ દર્શાવ્યા છે.

**કર્મબંધની પ્રક્રિયા :–** આ લોકમાં આઠ પ્રકારની વર્ગણાના પુદ્ગલો ભર્યા છે. તેમાં એક કાર્મણ વર્ગણા–કર્મ યોગ્ય પુદ્ગલો છે. તે પણ સમગ્ર લોકમાં વ્યાપ્ત છે. કષાય અને યોગના નિમિત્તથી આત્મપ્રદેશોમાં કંપન થાય છે. તે કંપન દ્વારા આત્મપ્રદેશો પર રહેલા કાર્મણ વર્ગણાના પુદ્ગલો આત્મા સાથે એકમેક થઈને સંયોગ સંબંધથી બંધાઈ જાય છે. કાર્મણ વર્ગણાના પુદ્ગલો જ્યાં સુધી જીવે ગ્રહણ કર્યા ન હોય, ત્યાં સુધી તે કર્મ કહેવાતા નથી. પરંતુ જીવ જ્યારે પોતાના વિકારી ભાવોથી તે પુદ્ગલોને ગ્રહણ કરીને આત્મા સાથે એકમેક કરે ત્યારે જ તે કર્મનું રૂપ ધારણ કરે છે.

**કર્મબંધના ચાર પ્રકાર :–** કર્મ બંધાય તે પૂર્વે કાર્મણ વર્ગણામાં જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારનું કે અન્ય કોઈ પણ પ્રકારનું વિભાજન હોતું નથી પરંતુ કર્મબંધ થાય, તે જ સમયે તેના ચાર પ્રકાર થાય છે– (૧) કર્મોની પ્રકૃતિ (૨) કર્મોની સ્થિતિ (૩) કર્મોનો અનુભાગ–ફળ આપવાની તરતમતા (૪) કર્મ વર્ગણાના પુદ્ગલોનો જથ્થો. તેને જ ચાર પ્રકારનો બંધ કહેવાય છે.

પૂર્વાચાર્યોએ ચાર પ્રકારના બંધની પ્રક્રિયાને મોદકના દષ્ટાંતથી સમજાવી છે. યથા–

**(૧) પ્રકૃતિ બંધ :–** સૂંઠ, સાકર, ઘી વગેરે અનેક દ્રવ્યોનો સંયોગ કરીને મોદક બનાવ્યો હોય. તેમાં જો સૂંઠની પ્રધાનતા હોય, તો તે વાયુનો નાશ કરે, જીરું વગેરે ઠંડા પદાર્થોની પ્રધાનતા હોય, તો તે પિત્તનો નાશ કરે. આ રીતે મોદકમાં જે દ્રવ્યની પ્રધાનતા હોય, તે પ્રમાણે તેનો સ્વભાવ હોય. તે જ રીતે ગ્રહણ કરેલા કર્મ પુદ્ગલોનો સ્વભાવ કેવો થશે ? તે જ્ઞાનને આવરણ કરશે ? દર્શનને આવરણ કરશે ? વગેરે તેના સ્વભાવાનુસાર તેનું કાર્ય નિશ્ચિત થાય છે; તેને પ્રકૃતિબંધ કહે છે. તેના મૂળ આઠ પ્રકાર છે– જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય.

**(૨) સ્થિતિ બંધ :–** મોદકની કાલમર્યાદા ભિન્ન ભિન્ન હોય છે, કેટલાક મોદક પંદર દિવસ સુધી રહે છે, કેટલાક આઠ દિવસમાં ખરાબ થઈ જાય છે. તે જ રીતે બંધાયેલા કર્મો આત્મા સાથે કેટલો સમય રહેશે

તેની કાલમર્યાદા નિશ્ચિત થવી, તેને સ્થિતિ બંધ કહે છે. આઠે કર્મોની સ્થિતિ ભિન્ન-ભિન્ન હોય છે.

**(૩) અનુભાગ બંધ :–** મોદકમાં સ્વાદની તીવ્રતા અને મંદતા હોય છે. જેમ કે કોઈ મોદક અત્યધિક મીઠો હોય અથવા કોઈ ઓછો મીઠો હોય. કોઈ મોદક અલ્પ મેથીના કારણે અલ્પ કડવો હોય, કોઈ અધિક મેથીના કારણે અધિક કડવો હોય છે. તે જ રીતે બંધાયેલા કર્મોની ફળ આપવાની શક્તિ, કર્મનો ઉદય તીવ્રપણે થશે કે મંદપણે થશે તે નિશ્ચિત થાય, તેને અનુભાગ બંધ કહે છે.

**(૪) પ્રદેશ બંધ :–** મોદકના પ્રમાણમાં નાના મોટાપણું હોય છે. તે રીતે બંધાયેલા કર્મપ્રદેશોના જથ્થાને પ્રદેશ બંધ કહે છે.

આ ચાર પ્રકારના બંધમાં પ્રકૃતિ બંધ અને પ્રદેશ બંધ યોગના આધારે થાય છે તથા સ્થિતિબંધ અને અનુભાગ બંધ કષાયના આધારે થાય છે. પ્રસ્તુત ગાથામાં કથિત મૂળ **આઠ કર્મોની પ્રકૃતિનો સ્વભાવ** આ પ્રમાણે છે–

**(૧) જ્ઞાનાવરણીય–** જેના દ્વારા પદાર્થોનું સ્વરૂપ વિશેષ-વિશેષરૂપે જાણવામાં આવે, તેનું નામ જ્ઞાન છે. જ્ઞાનોપયોગને ઢાંકનાર કર્મનું નામ જ્ઞાનાવરણીયકર્મ છે. જેમ વાદળાઓ સૂર્યને ઢાંકે તેમ જ્ઞાનાવરણીય કર્મ આત્માના જ્ઞાન ગુણને ઢાંકે છે. **(૨) દર્શનાવરણીય–** જેના દ્વારા પદાર્થોનું સ્વરૂપ સામાન્ય રીતે જોવામાં આવે અર્થાત્ પદાર્થનો સામાન્ય બોધ થાય, તે દર્શન ગુણ છે. આત્માના દર્શનોપયોગ ગુણને ઢાંકનાર કર્મનું નામ **દર્શનાવરણીયકર્મ છે.** જેવી રીતે દ્વારપાળ રાજાના દર્શન કરવા ન દે તેવી રીતે દર્શનાવરણીયકર્મ આત્માને પદાર્થોના દર્શન થવા ન દે. સંક્ષેપમાં આત્માનો દર્શન ગુણ પોતાના વિષય પ્રમાણે પદાર્થોનું સામાન્યરીતે દર્શન કરાવે છે. તત્સંબંધી અન્ય વિવિધ વિશેષતાઓનો બોધ જ્ઞાન ગુણથી થાય છે. આ રીતે આત્મામાં સદા સહવર્તી આ બંને ગુણો મળીને પદાર્થોનો સમ્યક્ બોધ કરાવે છે. તે બંને મુખ્ય ગુણોને આવરિત કરનાર બે કર્મોને આઠ કર્મોમાં અગ્ર સ્થાન આપ્યું છે. **(૩) વેદનીયકર્મ–** આત્માને ઈન્દ્રિયજન્ય સુખ અને દુઃખનો અનુભવ કરાવે, તેનું નામ વેદનીયકર્મ છે. જેવી રીતે મધ લગાડેલી તલવાર ચાટવા જતાં જીભ કપાય જાય છે, સાથે મધનો સ્વાદ પણ આવે છે, તેવી રીતે વેદનીય કર્મ દ્વારા આત્માને શારીરિક-માનસિક સુખ અને દુઃખનો અનુભવ થાય છે. **(૪) મોહનીયકર્મ–** જે કર્મના પ્રભાવથી આત્મા મૂઢ બની જાય છે, તેને મોહનીયકર્મ કહે છે. જેવી રીતે મદિરાના નશામાં માણસ કર્તવ્યાકર્તવ્યનું ભાન ભૂલી જાય છે, તેવી રીતે કષાય કે વેદ જેવા મોહનીયકર્મના પ્રભાવથી આત્માને હેય-ઉપાદેયનું ભાન રહેતું નથી. **(૫) આયુષ્યકર્મ–** જે કર્મના ઉદયથી જીવ એકગતિમાં અથવા એકભવમાં પોતાની નિયત સમયમર્યાદા સુધી રોકાઈ રહે, તેને આયુષ્યકર્મ કહે છે. જેવી રીતે જેલમાં રહેલા માણસના પગમાં બેડીનું બંધન, તેને નિયત સમય પહેલાં જેલની બહાર જવા દેતું નથી, તેવી રીતે આયુષ્યકર્મ જીવને નિયત સમય પહેલાં બીજી ગતિમાં જવા દેતું નથી. **(૬) નામકર્મ–** જે કર્મના ઉદયથી જીવના શરીર, અંગોપાંગ આદિની રચના થાય, તેને નામકર્મ કહે છે. જેવી રીતે ચિત્રકાર અનેક પ્રકારના નાના-મોટા ચિત્રો બનાવે છે, તેવી રીતે નામ કર્મના પ્રભાવે જીવ શરીર, અંગોપાંગ આદિની વિવિધ પ્રકારની આકૃતિ વગેરેની રચના કરે છે. **(૭) ગોત્રકર્મ–** જે કર્મના ઉદયથી જીવાત્મા ઊંચ-નીચ સંજ્ઞાથી સંબોધિત થાય છે, તે ગોત્રકર્મ છે. જેવી રીતે કુંભાર માટીને ઘીના ઘડા, મદિરાના ઘડા વગેરે ઊંચ-નીચ રૂપમાં પરિણત કરે છે; તેવી રીતે ગોત્ર કર્મ જીવને જાતિ, કુલ આદિની ઉચ્ચ-નિમ્ન અવસ્થાઓને પ્રાપ્ત કરાવે છે. **(૮) અંતરાયકર્મ–** જે કર્મ દાન-ભોગ આદિમાં અંતરાય-વિઘ્ન ઉપસ્થિત કરે છે, દેનારની દેવાની અને લેનારની લેવાની ઈચ્છા હોવા છતાં બંનેની ઈચ્છા પૂર્ણ ન થવા દે, તેને અંતરાયકર્મ કહે છે. જેવી રીતે રાજા દ્વારા

ભંડારીને કોઈને દાન દેવાનો આદેશ આપવામાં આવે, તોપણ ભંડારી પોતાની પ્રકૃતિ અનુસાર ઉક્ત વ્યક્તિને દાન દેવામાં અંતરાયરૂપ બને છે. તેવી રીતે અંતરાય કર્મ આત્માને દાનાદિ કરવામાં વિઘ્નકારક બને છે.

**પ્રકૃતિ બંધ : જ્ઞાનાવરણીય કર્મ :–**

**૪** **णाणावरणं पंचविहं, सुयं आभिणिबोहियं ।**
**ओहिणाणं च तइयं, मणणाणं च केवलं ॥**

**શબ્દાર્થ :– णाणावरणं** = જ્ઞાનાવરણીય કર્મ **पंचविहं** = પાંચ પ્રકારનું છે **आभिणिबोहियं** = આભિનિ- બોધિક(મતિ) જ્ઞાનાવરણીય **सुयं** = શ્રુતજ્ઞાનાવરણીય **तइयं** = ત્રીજું **ओहिणाणं** = અવધિજ્ઞાનાવરણીય **मणणाणं** = મનઃપર્યવ જ્ઞાનાવરણીય **केवलं** = કેવળજ્ઞાનાવરણીય.

**ભાવાર્થ :–** જ્ઞાનાવરણીય કર્મના પાંચ પ્રકાર છે– શ્રુતજ્ઞાનાવરણીય, આભિનિબોધિક(મતિ) જ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યવજ્ઞાનાવરણીય અને કેવળજ્ઞાનાવરણીય.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં જ્ઞાનાવરણીય કર્મની પાંચ ઉત્તર પ્રકૃતિનું નિરૂપણ છે.

જ્ઞાનગુણ આત્માનો એક અખંડ ગુણ છે. તેમ છતાં કર્મના ક્ષયોપશમની અને ક્ષયની તીવ્રતા– મંદતાના આધારે જ્ઞાનના પાંચ ભેદ થાય છે. તેથી તેને આવરણ કરનાર જ્ઞાનાવરણીય કર્મના પણ પાંચ પ્રકાર છે.

**શ્રુતજ્ઞાનાવરણીય કર્મ–** શાસ્ત્રો વાંચવા અને સાંભળવાથી જે અર્થજ્ઞાન થાય તેને શ્રુતજ્ઞાન કહે છે. અથવા મતિજ્ઞાન થયા પછી જેમાં શબ્દ અને અર્થની પર્યાલોચના થાય તે શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાનને આવરણ કરનાર કર્મ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. **આભિનિબોધિકજ્ઞાનાવરણીય–** ઇન્દ્રિયો અને મન દ્વારા સન્મુખ આવેલા પદાર્થોનું જે જ્ઞાન થાય, તેને આભિનિબોધિક(મતિજ્ઞાન) કહે છે. મતિજ્ઞાનને આવરણ કરનાર કર્મને મતિજ્ઞાનાવરણીયકર્મ કહે છે. **અવધિજ્ઞાનાવરણીય–** ઇન્દ્રિયો અને મનની સહાયતા વિના સાક્ષાત્ આત્માથી અમુક અવધિ કે મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોનું જ્ઞાન થાય, તેને અવધિજ્ઞાન કહે છે; તેને આવરણ કરનાર કર્મ અવધિજ્ઞાનાવરણીયકર્મ કહેવાય છે. **મનઃપર્યવજ્ઞાનાવરણીય–** ઇન્દ્રિય અને મનની સહાયતા વિના સાક્ષાત્ આત્માથી અઢીદ્વીપ ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી જીવોના મનોગત વિચારોને જાણી લેવા, તે મનઃપર્યવજ્ઞાન છે. તેને આવરણ કરનાર કર્મ મનઃપર્યવ જ્ઞાનાવરણીયકર્મ કહેવાય છે. **કેવળજ્ઞાનાવરણીય–** વિશ્વના ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાલીન સમસ્ત પદાર્થોને એક સમયમાં જાણે, તેને કેવળજ્ઞાન કહે છે. તે જ્ઞાનને આવરણ કરનાર કર્મ કેવળ જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે.

**सुयं आभिणिबोहियं :–** શ્રી ભગવતીસૂત્ર, શ્રી ઠાણાંગસૂત્ર, શ્રી અનુયોગદ્વાર સૂત્ર, શ્રી નંદીસૂત્ર આદિ આગમોમાં પાંચ જ્ઞાનના કથનમાં મતિજ્ઞાન પછી શ્રુતજ્ઞાનનું કથન છે પરંતુ પ્રસ્તુત પ્રસંગમાં શ્રુતજ્ઞાના વરણીયનો ક્રમ પ્રથમ છે. આ કથન શ્રુતજ્ઞાનની પ્રધાનતાને પ્રગટ કરે છે. પાંચે ય જ્ઞાનનું સ્વરૂપ શ્રુતજ્ઞાન દ્વારા જ જણાય છે. જ્ઞાનની પરંપરા શ્રુતજ્ઞાનના માધ્યમથી જ અખંડ રહે છે. શ્રુતજ્ઞાન અક્ષરરૂપે પ્રગટ થાય છે, શેષ ચાર જ્ઞાન મૂક છે. આ રીતે શ્રુતજ્ઞાનની મુખ્યતા અનેક પ્રકારે પ્રતીત થાય છે.

તે ઉપરાંત શ્રી ભગવતી આદિ શાસ્ત્રો ગદ્યમય છે પરંતુ આ શાસ્ત્ર પદ્યમય છે તેથી છંદોબદ્ધતા,

લયબદ્ધતા આદિ જાળવી રાખવા માટે આ ક્રમનો વ્યુત્ક્રમ થયો હોય, તે પણ સંભવિત છે.

**પ્રકૃતિ બંધ : દર્શનાવરણીયકર્મ :–**

**૫** णिद्दा तहेव पयला, णिद्दाणिद्दा पयलपयला य ।
तत्तो य थीणगिद्धी उ, पंचमा होइ णायव्वा ॥

**૬** चक्खुमचक्खुं ओहिस्स, दंसणे केवले य आवरणे ।
एवं तु णवविगप्पं, णायव्वं दंसणावरणं ॥

**શબ્દાર્થ :–** **णिद्दा** = નિદ્રા **णिद्दाणिद्दा** = નિદ્રા નિદ્રા **पयला** = પ્રચલા **पयलपयला** = પ્રચલાપ્રચલા **तत्तो** = ત્યાર પછી **थीणगिद्धी** = સ્ત્યાનગૃદ્ધિ **होइ** = છે **णायव्वा** = જાણવી જોઈએ **चक्खुं** = ચક્ષુનું **अचक्खुं** = અચક્ષુનું **ओहिस्स** = અવધિનું **केवले दंसणे आवरणे** = કેવળ દર્શનનું આવરણ કરનાર **एवं तु** = આ પ્રકારે **दंसणावरणं** = દર્શનાવરણીય **णवविगप्पं** = નવ પ્રકારનું.

**ભાવાર્થ :–** નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિ; આ પાંચ પ્રકારની નિદ્રા જાણવી જોઈએ. ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ અને કેવળદર્શનાવરણ, તે ચાર અને પૂર્વોક્ત પાંચ નિદ્રા, આ રીતે દર્શનાવરણીય કર્મના નવ ભેદ જાણવા જોઈએ. ॥ ૫–૬ ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં દર્શનાવરણીયકર્મની નવ ઉત્તર પ્રકૃતિઓનો નામોલ્લેખ છે.

આત્માના દર્શનગુણને અર્થાત્ સામાન્ય બોધને આવરિત કરનાર કર્મને દર્શનાવરણીય કર્મ કહેવામાં આવે છે. શાસ્ત્રોમાં સર્વત્ર જ્ઞાન માટે **जाणइ** – જાણવું અને દર્શન માટે **पासइ** – દેખવું, જોવું, શબ્દ પ્રયોગ જોવા મળે છે. જાણવું એટલે વસ્તુનો વિશેષ રૂપે બોધ થવો અને દેખવું-જોવું એટલે વસ્તુનો સામાન્ય રૂપે બોધ થવો. લોકભાષામાં આંખથી દેખાય તેના માટે દેખવું, જોવું શબ્દ પ્રયોગ થાય છે પરંતુ આગમમાં **पासइ** દેખવું-જોવું શબ્દ પ્રયોગ હોય, ત્યાં વસ્તુનું દર્શન એટલે સામાન્ય બોધ થવો, તેવો અર્થ સમજવો.

પ્રસ્તુત બે ગાથામાં દર્શનાવરણીય કર્મની ઉત્તરપ્રકૃતિઓનું કથન તેના બે વિભાગ કરીને સ્પષ્ટ કર્યું છે. જેમાં નિદ્રા આદિ પાંચ ભેદ ઉદયરૂપે દર્શન ગુણનો વિઘાત કરે છે અને શેષ ચાર ભેદ ચક્ષુ આદિના આવરણરૂપે દર્શન ગુણનો વિઘાત કરે છે. આ રીતે દર્શનાવરણીય કર્મની ૫ + ૪ = ૯ પ્રકૃતિ છે.

**નિદ્રા આદિ પાંચ કર્મ પ્રકૃતિ :–** જે કર્મના ઉદયથી જીવ સુખપૂર્વક સૂવે અને સુખપૂર્વક જાગી જાય તે **નિદ્રા** છે. જે કર્મના ઉદયથી જીવને મુશ્કેલીથી ઊંઘ આવે અને મુશ્કેલીથી જાગે તે **નિદ્રાનિદ્રા** છે. જે કર્મના ઉદયથી જીવને બેઠા-બેઠા કે ઊભા-ઊભા પણ ઊંઘ આવી જાય તે **પ્રચલાનિદ્રા** છે. જે કર્મના ઉદયથી જીવને ચાલતાં-ચાલતાં પણ ઊંઘ આવી જાય, તે **પ્રચલાપ્રચલાનિદ્રા** છે. જે કર્મના ઉદયથી જીવ દિવસે ચિંતવેલું કાર્ય રાત્રે ઊંઘમાં કરી લે, તેવી ગાઢતમ નિદ્રા **સ્ત્યાનગૃદ્ધિનિદ્રા** કહેવાય છે. તેવી ગાઢ નિદ્રામાં જીવને ઉત્કૃષ્ટ વાસુદેવનું અર્ધુબળ આવી જાય છે, જઘન્ય અને મધ્યમ બળમાં અનેક પ્રકારે હીનાધિકતા હોય છે. આ રીતે પાંચે પ્રકારની નિદ્રામાં આત્મા ક્રમશઃ ગાઢ, ગાઢતર અને ગાઢતમ બેભાન થતો જાય છે. પાંચે પ્રકારની નિદ્રામાં આત્માનો દર્શન ગુણ અવરુદ્ધ થઈ જાય છે. તેથી તેનો સમાવેશ દર્શનાવરણીય કર્મમાં થાય છે.

**ચક્ષુદર્શનાવરણીયકર્મ–** ચક્ષુ દ્વારા ચક્ષુ વિષયગત પદાર્થોનું સામાન્ય બોધ રૂપ દર્શન થાય તેને ચક્ષુદર્શન

કહે છે. તે ગુણને આવરણ કરનાર કર્મ ચક્ષુદર્શનાવરણીય કર્મ કહેવાય છે. **અચક્ષુદર્શનાવરણીયકર્મ–** આંખ સિવાયની ચાર ઈન્દ્રિયો અને મનથી પદાર્થોનું સામાન્ય બોધ રૂપે જે પરોક્ષ દર્શન થાય તેને અચક્ષુદર્શન કહે છે. તેનું આવરણ કરનાર કર્મ અચક્ષુદર્શનાવરણીય કર્મ કહેવાય છે. **અવધિદર્શનાવરણીયકર્મ–** ઈન્દ્રિય અને મનની સહાયતા વિના અવધિ દર્શનના વિષયભૂત રૂપી પદાર્થોનું સામાન્ય બોધ રૂપ દર્શન થાય, તેને અવધિદર્શન કહે છે. તેને આવરણ કરનાર કર્મને અવધિદર્શનાવરણીય કર્મ કહેવાય છે. **કેવળ દર્શનાવરણીય–** સંસારના રૂપી અને અરૂપી સંપૂર્ણ પદાર્થોનું સામાન્ય બોધ રૂપે દર્શન થાય, તેને કેવળ દર્શન કહે છે. તેને આવરણ કરનારું કર્મ કેવળદર્શનાવરણીય કર્મ કહેવાય છે.

**પ્રકૃતિ બંધ : વેદનીયકર્મ :–**

**૭** **वेयणीयं पि च दुविहं, सायमसायं च आहियं ।**
**सायस्स उ बहू भेया, एमेव असायस्स वि ॥**

**શબ્દાર્થ :– वेयणीयं** = વેદનીયકર્મ **सायं** = શાતા **असायं** = અશાતા **दुविहं** = બે પ્રકારનું **आहियं** = કહ્યું છે **सायस्स** = શાતા વેદનીયના **बहुभेया** = ઘણા ભેદ છે **एमेव** = એ જ રીતે **असायस्स वि** = અશાતા વેદનીયના પણ ઘણા ભેદ છે.

**ભાવાર્થ :–** વેદનીય કર્મના બે પ્રકાર છે– (૧) શાતાવેદનીય (૨) અશાતાવેદનીય. શાતાવેદનીયના અનેક ભેદ છે, આ જ રીતે અશાતાવેદનીયના પણ અનેક ભેદ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં વેદનીયકર્મની બે ઉત્તરપ્રકૃતિનું નિરૂપણ છે.

જે કર્મ આત્માને ભૌતિક સુખ-દુઃખનું વેદન કરાવે તે વેદનીયકર્મ છે. તેના બે ભેદ છે– (૧) જે કર્મના ઉદયથી જીવાત્માને પાંચે ય ઈન્દ્રિય વિષય સંબંધી સુખની તેમજ શારીરિક, માનસિક કે સાંયોગિક સર્વ પ્રકારની અનુકૂળતાની પ્રાપ્તિ થાય તે **શાતાવેદનીય કર્મ** છે અને (૨) જે કર્મના ઉદયથી જીવાત્માને ઈષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગનું દુઃખ અનુભવવું પડે તેમજ શારીરિક, માનસિક, સાંયોગિક સર્વ પ્રકારની પ્રતિકૂળતાની પ્રાપ્તિ થાય, તે **અશાતાવેદનીય કર્મ** છે.

**પ્રકૃતિ બંધ : મોહનીયકર્મ :–**

**૮** **मोहणिज्जं पि दुविहं, दंसणे चरणे तहा ।**
**दंसणे तिविहं वुत्तं, चरणे दुविहं भवे ॥**

**શબ્દાર્થ :– मोहणिज्जं** = મોહનીયકર્મ પણ **दंसणे** = દર્શન મોહનીય **चरणे** = ચારિત્ર મોહનીય **तिविहं** = ત્રણ પ્રકારનું **दुविहं** = બે પ્રકારનું **वुत्तं** = કહ્યું છે **भवे** = હોય છે.

**ભાવાર્થ :–** મોહનીય કર્મના બે ભેદ છે– (૧) દર્શનમોહનીય (૨) ચારિત્રમોહનીય. દર્શનમોહનીયના ત્રણ અને ચારિત્ર મોહનીયના બે ભેદ છે.

**૯** **सम्मत्तं चेव मिच्छत्तं, सम्मामिच्छत्तमेव य ।**
**एयाओ तिण्णि पयडीओ, मोहणिज्जस्स दंसणे ॥**

**શબ્દાર્થ :–** **सम्मत्तं** = સમ્યક્ત્વ મોહનીય **मिच्छत्तं** = મિથ્યાત્વ મોહનીય **सम्मामिच्छत्तं** = સમ્યક્ત્વ- મિથ્યાત્વ(મિશ્ર) મોહનીય, **एयाओ** = એ **तिण्णि** = ત્રણ **पयडीओ** = પ્રકૃતિઓ **दंसणे** = દર્શન **मोहणिज्जस्स** = મોહનીયકર્મની છે.

**ભાવાર્થ :–** સમ્યક્ત્વ મોહનીય, મિથ્યાત્વ મોહનીય અને સમ્યક્ત્વ-મિથ્યાત્વ મોહનીય (મિશ્ર મોહનીય) આ ત્રણ દર્શન મોહનીયકર્મની પ્રકૃતિઓ છે.

**१०** **चरित्तमोहणं कम्मं, दुविहं तु वियाहियं ।**
**कसायमोहणिज्जं तु, णोकसायं तहेव य ॥**

**શબ્દાર્થ :–** **चरित्तमोहणं** = ચારિત્ર-મોહનીય **वियाहियं** = કહ્યું છે **कसाय-मोहणिज्जं** = કષાય-મોહનીય **णोकसायं** = નોકષાય-મોહનીય.

**ભાવાર્થ :–** ચારિત્ર મોહનીયકર્મના બે પ્રકાર છે– (૧) કષાય મોહનીય અને (૨) નોકષાય મોહનીય.

**११** **सोलसविहभेएणं, कम्मं तु कसायजं ।**
**सत्तविहं णवविहं वा, कम्मं च णोकसायजं ॥**

**શબ્દાર્થ :–** **कसायजं** = કષાયજ, કષાય મોહનીય **सोलसविह-भेएण** = સોળ પ્રકારનું છે **णोकसायजं** = નોકષાય મોહનીય **सत्तविहं** = સાત પ્રકારનું **णवविहं** = નવ પ્રકારનું છે.

**ભાવાર્થ :–** કષાયમોહનીય કર્મના સોળ ભેદ છે અને નોકષાય મોહનીય કર્મના સાત અથવા નવભેદ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં મોહનીયકર્મની મુખ્ય બે ઉત્તરપ્રકૃતિ અને તેના ભેદ-પ્રભેદનું નિરૂપણ છે.

જે કર્મ આત્માને મૂઢ બનાવે, આત્માના સમ્યક્ત્વ અને ચારિત્ર ગુણનો ઘાત કરે, તેને **મોહનીયકર્મ** કહે છે. જે રીતે મદિરાપાન કર્યું હોય, તે વ્યક્તિ પોતાનું ભાન ભૂલી જાય છે, હિતાહિતનો વિવેક ભૂલી જાય છે, તે રીતે મોહનીયકર્મના ઉદયે જીવ પણ હિતાહિતનો વિવેક ભૂલી જાય છે. તેના બે ભેદ છે– દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય.

**દર્શનમોહનીય :–** તત્ત્વાર્થ શ્રદ્ધાન અથવા તત્ત્વની અભિરુચિને સમ્યગ્દર્શન કહે છે; તેનો ઘાત કરનાર કર્મ, દર્શનમોહનીય કહેવાય છે. દર્શન મોહનીય કર્મના ત્રણ ભેદ છે–

**સમ્યક્ત્વ મોહનીય–** જે કર્મના ઉદયથી આત્માને જીવાજીવાદિ પદાર્થોમાં શ્રદ્ધા હોય, તત્ત્વરૂચિ હોય પરંતુ તેમાં કંઈક મલિનતા હોય, તેને સમ્યક્ત્વ મોહનીય કહે છે. જે રીતે ચશ્મા આંખોને આવરણરૂપ હોવા છતાં જોવામાં પ્રતિબંધક થતા નથી. તે જ રીતે સમ્યક્ત્વ મોહનીય કર્મ આત્માના સમ્યગ્ દર્શન ગુણના આવરણરૂપ હોવા છતાં, વિશુદ્ધ હોવાના કારણે તે તત્ત્વાર્થ શ્રદ્ધાનું વિઘાતક થતું નથી.

સમ્યક્ત્વ મોહનીયના ઉદયથી આત્માને ક્ષાયિક-સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી, તેમજ તેના પ્રભાવથી સમ્યક્ત્વમાં થોડી મલિનતા થાય છે, તેથી સૂક્ષ્મ તત્ત્વોની વિચારણા કરવામાં અનેક પ્રકારના સંશય થાય છે અને અલ્પ સમયમાં જ તે નષ્ટ થઈ જાય છે. મિથ્યાત્વ મોહનીય કર્મના શુદ્ધ થયેલા દલિકો જ સમ્યકત્વ મોહનીય કહેવાય છે.

**મિથ્યાત્વ મોહનીય–** જે કર્મના ઉદયથી આત્માને પદાર્થોનું યથાર્થ દર્શન ન થાય, પદાર્થોના સ્વરૂપને વિપરીતરૂપે જાણે, હિતને અહિત અને અહિતને હિત રૂપ સમજે, તે કર્મનું નામ મિથ્યાત્વ મોહનીય છે. મિથ્યાત્વ મોહનીય કર્મ અશુદ્ધ દલિક રૂપ છે.

**મિશ્ર મોહનીય–** જે કર્મના ઉદયથી આત્માને તત્ત્વ કે અતત્ત્વ બંને પ્રત્યે સમાન રીતે તત્ત્વ બુદ્ધિ થાય, જિનધર્મ કે અન્ય ધર્મોમાં સમાનતા લાગે, સર્વ ધર્મોને સત્યરૂપ સમજે, આ પ્રકારની મિશ્રાવસ્થા મિશ્રમોહનીય કર્મના ઉદયથી થાય છે. મિશ્રમોહનીય કર્મ મિથ્યાત્વ મોહનીય કર્મના શુદ્ધાશુદ્ધ દલિકરૂપ છે.

**ચારિત્રમોહનીય :–** આત્માના ચારિત્ર ગુણના વિઘાતક કર્મને ચારિત્ર મોહનીય કહે છે. જે કર્મના ઉદયથી આત્મા ચારિત્રના સુંદર ફળને જાણવા છતાં ચારિત્ર ગ્રહણ કરી શકતો નથી, ચારિત્ર વિષયક મૂઢતાને પ્રાપ્ત થઈ જાય તેનું નામ ચારિત્ર મોહનીય કર્મ છે. તેના બે પ્રકાર છે– કષાય ચારિત્ર મોહનીય અને નોકષાય ચારિત્ર મોહનીય.

**કષાય ચારિત્ર મોહનીય–** કષ એટલે સંસાર અને તેની આય એટલે પ્રાપ્તિ. જેના દ્વારા સંસારની પ્રાપ્તિ થાય તેને કષાય કહે છે; સંસારની પ્રાપ્તિરૂપ ભવભ્રમણના કારણને કષાય કહે છે. ક્રોધ, માન, માયા અને લોભ ચાર કષાય છે. જે કર્મના ઉદયથી જીવ, આ ચાર કષાયમય બની જાય છે, ક્રોધાદિ કષાય રૂપે જેનું વેદન થાય, તેને કષાય ચારિત્ર મોહનીયકર્મ કહે છે.

ક્રોધ, માન, માયા અને લોભ તે ચાર મૂળ કષાય છે. તે દરેકની તીવ્રતા, મંદતાના આધારે તેના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન, એમ ચાર-ચાર ભેદ થાય છે. જેમ કે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ; અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભ; પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા અને લોભ; સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભ. આ રીતે કષાયના ૧૬ ભેદ થાય છે.

**અનંતાનુબંધી કષાય–** અનંત સંસારનો અનુબંધ કરાવનાર કષાય. જે કષાયની પરિણામ ધારાનો અંત દેખાતો નથી, જેની કોઈ સીમા કે મર્યાદા હોતી નથી તે અસીમ, અમર્યાદિત અંત વિનાના કષાયને અનંતાનુબંધી કહે છે. આ કષાયના પ્રભાવથી જીવાત્મા અનંતકાળ સુધી સંસારમાં ભ્રમણ કરતો રહે છે. તે આત્માના સમ્યક્ત્વગુણની ઘાત કરે છે. **અપ્રત્યાખ્યાની કષાય–** જે કષાયના ઉદયથી જીવને કોઈ પણ પ્રકારના પ્રત્યાખ્યાનની પ્રાપ્તિ થતી નથી, તે અપ્રત્યાખ્યાની કષાય છે. **પ્રત્યાખ્યાનવરણ કષાય–** જે કષાયના ઉદયથી સર્વવિરતિરૂપ પ્રત્યાખ્યાન પ્રાપ્ત થઈ શકતા નથી, તેને પ્રત્યાખ્યાનાવરણ કષાય કહે છે. **સંજ્વલન–** જે કષાય આત્માને વારંવાર ક્ષણિકરૂપે સંજ્વલિત કરતો રહે છે, તેને સંજ્વલન કષાય કહે છે. તે કષાય, અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ-વિયોગના પ્રસંગે મુનિઓને કિંચિત્માત્ર સંજ્વલિત કરે છે, તેને સંજ્વલન કષાય કહે છે; તેમજ જે કષાયનો ઉદય યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિમાં બાધક થાય, તે સંજ્વલન કષાય છે.

**નોકષાય ચારિત્ર મોહનીય–** (૧) જે ભાવો ક્રોધાદિરૂપે ન દેખાતા છતાં સંસાર વર્ધક હોય છે, જે સ્વયં કષાયરૂપ ન હોય પરંતુ કષાયની ઉત્પત્તિમાં નિમિત્ત બને, કષાયના સહચારી હોય, તેને નોકષાય ચારિત્ર મોહનીય કહે છે. જેમ એક વ્યક્તિનું હાસ્ય બીજી વ્યક્તિના ક્રોધનું કારણ બને છે. હાસ્ય સ્વયં કષાય નથી પરંતુ હાસ્યના નિમિત્તથી ક્રોધ ઉત્પન્ન થાય છે, તેથી તેને નોકષાય કહે છે. (૨) જે મોહ, કષાયરૂપ નથી પણ કષાયથી ભિન્ન ચારિત્રમોહનીય કર્મનું જ એક રૂપ છે, તે નોકષાય ચારિત્રમોહ છે. સંક્ષેપમાં ચારિત્ર ગુણને આવરિત કરનાર કર્મના બે રૂપ છે– કષાય અને નોકષાય. નોકષાયના સાત અથવા નવ ભેદ છે– હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા અને વેદ, તે સાત ભેદ છે. વેદના પુરુષવેદ,

સ્ત્રીવેદ અને નપુંસકવેદ એમ ત્રણ ભેદ કરવામાં આવે તો (૬+૩) કુલ નવ ભેદ થાય છે.

આ ૧૬+૯=૨૫ પ્રકૃતિઓના ઉદયથી જીવાત્માને ચારિત્રધર્મમાં અંતરાય અથવા સ્ખલના ઉત્પન્ન થાય છે.

**પ્રકૃતિ બંધ : આયુષ્યકર્મ :–**

**१२** **णेरइयतिरिक्खाउं, मणुस्साउं तहेव य ।**
**देवाउयं चउत्थं तु, आउकम्मं चउव्विहं ॥**

**શબ્દાર્થ :– आउकम्मं** = આયુષ્યકર્મ **चउव्विहं** = ચાર પ્રકારનું છે **णेरइय** = નરક-આયુષ્ય **तिरिक्खाउं** = તિર્યંચ આયુષ્ય **मणुस्साउं** = મનુષ્ય આયુષ્ય **चउत्थं** = ચોથું **देवाउयं** = દેવ આયુષ્ય.

**ભાવાર્થ :–** આયુષ્યકર્મના ચાર પ્રકાર છે– (૧) નરક આયુષ્ય, (૨) તિર્યંચ આયુષ્ય, (૩) મનુષ્ય આયુષ્ય અને (૪) દેવ આયુષ્યકર્મ.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં આયુષ્યકર્મની ચાર ઉત્તર પ્રકૃતિનું કથન છે.

જે કર્મના અસ્તિત્વથી પ્રાણી જીવિત રહે છે અને જેનો ક્ષય થાય ત્યારે પ્રાણી મૃત્યુ પામે છે તેને આયુષ્યકર્મ કહે છે. આયુષ્યકર્મની ઉત્તર પ્રકૃતિઓ ચાર છે– (૧) દેવાયુ (૨) મનુષ્યાયુ (૩) તિર્યંચાયુ (૪) નરકાયુ. પૂર્વજન્મમાં જીવ જેટલું આયુષ્ય બાંધીને આવ્યો હોય તેટલો કાલ જીવને તે તે ભવમાં રહેવું પડે છે. નરકગતિમાં રોકી રાખનાર કર્મ **નરકાયુ** છે. તે જ રીતે ચારે પ્રકારના આયુષ્ય સમજી લેવા જોઈએ.

**નામકર્મ :–**

**१३** **णामकम्मं तु दुविहं, सुहमसुहं च आहियं ।**
**सुहस्स उ बहूभेया, एमेव असुहस्स वि ॥**

**શબ્દાર્થ :– णामकम्मं** = નામકર્મ **सुहं** = શુભ **असुहं** = અશુભ **सुहस्स** = શુભ નામકર્મના **बहूभेया** = ઘણા ભેદો છે **एमेव** = એ જ રીતે **असुहस्स वि** = અશુભ નામકર્મના પણ ઘણા ભેદો છે.

**ભાવાર્થ :–** નામકર્મના બે પ્રકાર છે– (૧) શુભ નામકર્મ (૨) અશુભ નામકર્મ. શુભ નામ કર્મના ઘણા ભેદ છે. આ જ રીતે અશુભ નામકર્મના પણ ઘણા ભેદ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં નામકર્મની ઉત્તરપ્રકૃતિનું સંક્ષિપ્ત નિરૂપણ છે.

જે કર્મના પ્રભાવથી આ જીવાત્મા દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી આદિ નામોથી સંબોધિત થાય છે, તેને નામકર્મ કહે છે. તેના મુખ્ય બે ભેદ છે– શુભ નામકર્મ અને અશુભ નામકર્મ.

**(૧) શુભનામ–** જે નામકર્મના ઉદયથી શ્રેષ્ઠ શરીરની રચના થાય, સુંદર, મનોહર, સર્વજનોને પ્રિય શરીરાદિ પ્રાપ્ત થાય, તેને શુભ નામ કહે છે. **(૨) અશુભનામ–** જે નામ કર્મના ઉદયથી હીન, સર્વ જનોને અપ્રિય એવા શરીરાદિ પ્રાપ્ત થાય તેને અશુભનામ કર્મ કહે છે.

પ્રજ્ઞાપના સૂત્રમાં નામ કર્મના શુભ, અશુભ બે ભેદ ન કરતાં સામાન્ય રીતે ૯૩ ભેદ કરીને તત્સંબંધી નિરૂપણ કરવામાં આવ્યું છે. અન્યત્ર નામ કર્મના સંક્ષિપ્ત, વિસ્તૃત વિવિધ સંખ્યામાં વિભાજન પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત ગાથામાં **बहुभेया** શબ્દ પ્રયોગથી તે અનેક વિધ ભેદોનો સંકેત છે.

**પ્રકૃતિ બંધ : ગોત્રકર્મ :–**

**૧૪** **गोयं कम्मं पि दुविहं, उच्चं णीयं च आहियं ।**
**उच्चं अट्ठविहं होइ, एवं णीयं पि आहियं ॥**

**શબ્દાર્થ :– गोयं कम्मं** = ગોત્રકર્મ **उच्चं** = ઉચ્ચ **णीयं** = નીચ **अट्ठविहं** = આઠ પ્રકાર **होइ** = છે **एवं** = આ રીતે **णीयं पि** = નીચગોત્ર પણ આઠ પ્રકારનું છે.

**ભાવાર્થ :–** ગોત્રકર્મના પણ બે પ્રકાર છે– (૧) ઉચ્ચ ગોત્રકર્મ અને (૨) નીચ ગોત્રકર્મ. પુનઃ ઉચ્ચ ગોત્રના આઠ ભેદ છે. એ જ રીતે નીચ ગોત્રના પણ આઠ પ્રકાર કહ્યા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં ગોત્રકર્મના ભેદ-પ્રભેદનું પ્રતિપાદન છે.

ગોત્ર=કુળ. જે કર્મના પ્રભાવથી જીવ ઉચ્ચ તથા નીચ કુળમાં ઉત્પન્ન થાય તેમજ જાતિ, બલ વગેરેમાં હીનાધિકતા પ્રાપ્ત થાય, તેને ગોત્રકર્મ કહે છે. તેના બે ભેદ છે– ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર. **(૧) ઉચ્ચ ગોત્ર–** જે કર્મના ઉદયથી ઉચ્ચકુળમાં જન્મ થાય તેમજ શ્રેષ્ઠ જાતિ આદિ પ્રાપ્ત થાય, તેને ઉચ્ચગોત્ર કહે છે. તેના આઠ ભેદ છે– (૧) ઉચ્ચ જાતિ, (૨) ઉચ્ચ કુળ, (૩) શ્રેષ્ઠ બળ, (૪) શ્રેષ્ઠ રૂપ (૫) શ્રેષ્ઠ તપ, (૬) શ્રેષ્ઠ ઐશ્વર્ય, (૭) શ્રેષ્ઠ શ્રુત, (૮) શ્રેષ્ઠ લાભ. **(૨) નીચગોત્ર–** જે કર્મના ઉદયથી જીવને હલકી જાતિ, કુળ આદિ પ્રાપ્ત થાય, તેને નીચ ગોત્ર કહે છે. તેના પણ આઠ ભેદ ઉચ્ચગોત્રની સમાન છે– (૧) હીન જાતિ, (૨) હીન કુળ, (૩) હીન બળ, (૪) હીન રૂપ, (૫) હીન તપ, (૬) હીન ઐશ્વર્ય, (૭) હીન શ્રુત, (૮) હીન લાભ. ઉક્ત આઠ પ્રકારે ઉચ્ચગોત્રનું ફળ ભોગવતાં તેનો મદ-ઘમંડ ન કરવાથી ઉચ્ચ ગોત્રનો બંધ થાય છે અને મદ કરવાથી નીચ ગોત્રનો બંધ થાય છે.

**પ્રકૃતિ બંધ : અંતરાય :–**

**૧૫** **दाणे लाभे य भोगे य, उवभोगे वीरिए तहा ।**
**पंचविहमंतरायं, समासेण वियाहियं ॥**

**શબ્દાર્થ :– अंतरायं** = અંતરાયકર્મ **समासेण** = સંક્ષેપથી **पंचविहं** = પાંચ પ્રકારનું **वियाहियं** = કહ્યું છે. **दाणे** = દાનાંતરાય **लाभे** = લાભાંતરાય **भोगे** = ભોગાંતરાય **उवभोगे** = ઉપભોગાંતરાય **वीरिए** = વીર્યાંતરાય.

**ભાવાર્થ :–** અંતરાયકર્મ પાંચ પ્રકારનું કહ્યું છે– (૧) દાનાંતરાય (૨) લાભાંતરાય (૩) ભોગાંતરાય (૪) ઉપભોગાંતરાય અને (૫) વીર્યાંતરાય.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં અંતરાયકર્મની પાંચ ઉત્તર પ્રકૃતિનું કથન છે.

જે કર્મ આત્માની દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય રૂપ શક્તિઓનો ઘાત કરે છે, તેને

અંતરાયકર્મ કહે છે. તેના પાંચ ભેદ છે– **(૧) દાનાંતરાય–** જે કર્મના પ્રભાવથી જીવને, દાનની ચીજો વિદ્યમાન હોવા છતાં, યોગ્ય પાત્ર ઉપસ્થિત હોવા છતાં અને દાનના ફળને જાણવા છતાં દાન કરવાનો ઉત્સાહ ન થાય તેને દાનાંતરાય કહે છે. **(૨) લાભાંતરાય–** જે કર્મના પ્રભાવથી, પદાર્થોના લાભમાં અંતરાય આવે; દાતામાં ઉદારતા હોય, દાનની વસ્તુ પાસે હોય અને યાચનામાં કુશળતા હોય તો પણ લાભ ન થાય, તેને લાભાંતરાય કહે છે. **(૩) ભોગાંતરાય–** જે કર્મના પ્રભાવથી જીવની પાસે સાધન-સામગ્રી હોવા છતાં રોગાદિના કારણે ભોગ્ય પદાર્થોને ભોગવી શકે નહીં, તે ભોગાંતરાયકર્મ છે. **(૪) ઉપભોગાંતરાય–** જે કર્મના ઉદયથી ઉપભોગની સામગ્રી પાસે હોય, તેનો ત્યાગ પણ ન હોય, તેમ છતાં ઉપભોગ્ય વસ્તુઓનો ઉપભોગ ન કરી શકે, તેને ઉપભોગાંતરાયકર્મ કહે છે. જે પદાર્થ એકવાર ભોગવાય તેને **ભોગ્ય** કહે છે, જેમકે ખાવા-પીવાની વસ્તુઓ. જે પદાર્થ વારંવાર ભોગવાય તેને **ઉપભોગ્ય** કહે છે, જેમકે પહેરવા-ઓઢવાની વસ્તુઓ, વસ્ત્ર, મકાન, આભૂષણ આદિ. **(૫) વીર્યાંતરાય–** વીર્યનો અર્થ છે સામર્થ્ય-શક્તિ. જે કર્મના પ્રભાવથી જીવ બળવાન, શક્તિશાળી હોવા છતાં તે કોઈ સાધારણ કામ પણ કરી શકે નહીં, તેમજ જે કર્મના ઉદયથી સામર્થ્ય કે શક્તિની પ્રાપ્તિ થતી નથી, તેને વીર્યાંતરાય કર્મ કહે છે.

કર્મબંધના કારણોનું કથન શ્રી ભગવતી સૂત્રમાં છે, અન્ય વિસ્તૃત વર્ણન શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં છે. તથા કર્મ સંબંધી સાંગોપાંગ વર્ણન કમ્મપયડી ગ્રંથમાં અને કર્મગ્રંથના છ ભાગોમાં છે.

**પ્રદેશ બંધ : કર્મોના પ્રદેશાગ્ર, ક્ષેત્ર-કાલ અને ભાવ :–**

**૧૬** **एयाओ मूलपयडीओ, उत्तराओ य आहिया ।**
**पएसग्गं खेत्तकाले य, भावं च उत्तरं सुण ॥**

**શબ્દાર્થ :– एयाओ** = આ **मूलपयडीओ** = મૂળ પ્રકૃતિઓ **उत्तराओ** = ઉત્તર પ્રકૃતિઓ અર્થાત્ આઠ કર્મ અને તેના પ્રભેદ **आहिया** = કહ્યા છે. **पएसग्गं** = પ્રદેશાગ્ર **खेत्त** = ક્ષેત્ર **काले** = કાલ **भावं** = ભાવને **उत्तरं** = ઉત્તર ને **सुण** = ધ્યાનપૂર્વક સાંભળો.

**ભાવાર્થ :–** આ(આઠ) કર્મોની મૂળ પ્રકૃતિઓ અને ઉત્તર પ્રકૃતિઓનું કથન કર્યું છે; હવે તેના પ્રદેશાગ્ર(દ્રવ્ય પરમાણુ પરિમાણ), ક્ષેત્ર, કાલ અને ભાવરૂપ ઉત્તર ગુણોને સાંભળો.

**૧૭** **सव्वेसिं चेव कम्माणं, पएसग्गमणंतगं ।**
**गंठियसत्ताईयं, अंतो सिद्धाण आहियं ॥**

**શબ્દાર્થ :– सव्वेसिं** = જ્ઞાનાવરણીય આદિ સર્વ **कम्माणं** = કર્મોના **पएसग्गं** = પ્રદેશાગ્ર, કર્મ પરમાણુ **अणंतगं** = અનંત છે **गंठियसत्ताईयं** = ગ્રંથીની સત્તાવાળા અભવ્ય જીવોથી અધિક **सिद्धाण** = સિદ્ધ સંખ્યાથી **अंतो** = ન્યૂન **आहियं** = કહ્યા છે.

**ભાવાર્થ :–** એક સમયમાં બંધ થનારા સર્વ કર્મોના પ્રદેશાગ્ર એટલે કર્મ-પરમાણુઓ અનંત હોય છે. તે અનંતનું પરિમાણ ગ્રંથિની સત્તાવાળા અર્થાત્ કયારે ય ગ્રંથિભેદ ન કરનારા અભવ્ય જીવોથી અધિક છે અને સિદ્ધોથી ન્યૂન છે.

**૧૮** **सव्वजीवाण कम्मं तु, संगहे छद्दिसागयं ।**
**सव्वेसु वि पएसेसु, सव्वं सव्वेण बद्धगं ॥**

**શબ્દાર્થ :– सव्वजीवाण** = સર્વ જીવોના **सव्व** = સર્વ **कम्मं** = જ્ઞાનાવરણીયાદિકર્મ **संगहे** = ગ્રહણ થાય છે **छद्दिसागयं** = છ દિશાગત, છએ દિશાઓમાં સ્થિત **सव्वेसु वि पएसेसु** = જીવોના બધા આત્મપ્રદેશો પર **सव्वं** = એક સમયમાં બંધાતા કર્મના સર્વ કર્મ પરમાણુઓ **सव्वेण** = પ્રકૃતિ, સ્થિતિ આદિ સર્વ પ્રકારોથી **बद्धगं** = બંધાય છે.

**ભાવાર્થ :–** બધા જીવો છ એ દિશાઓમાં રહેલા કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી, કર્મ રૂપે બદ્ધ કરે છે. તે બધા કર્મપુદ્‌ગલો બંધના સમયે આત્માના સર્વ પ્રદેશોથી સર્વ પ્રકારે (પ્રકૃતિ, સ્થિતિ, પ્રદેશ, અનુભાગરૂપે) બંધાય જાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં પૂર્વોક્ત વર્ણનનો ઉપસંહાર કરીને કર્મબંધના ચાર પ્રકારમાંથી પ્રદેશબંધનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે.

જીવ સમયે-સમયે કષાય અને યોગના નિમિત્તથી અનંત-અનંત કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. આ ગાથાઓમાં દ્રવ્ય અને ક્ષેત્રની અપેક્ષાએ તેનું સ્વરૂપ સમજાવ્યું છે.

**દ્રવ્યથી–** એક સમયમાં ગ્રહણ થતાં તે અનંતા-અનંત કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો અભવ્ય જીવોથી અનંતગુણા હોય છે અને અનંતા સિદ્ધના જીવોથી અર્થાત્ સિદ્ધોની સંખ્યાથી અનંતમા ભાગે ન્યૂન હોય છે.

**ક્ષેત્રથી–** જે રીતે અગ્નિ સ્વયં જે ક્ષેત્રમાં હોય, તે ક્ષેત્રમાં રહેલા પદાર્થોને અગ્નિરૂપ પરિણત કરે છે. તે જ રીતે જીવ સ્વયં જે આકાશ પ્રદેશો પર અવગાહિત હોય, તે જ આકાશપ્રદેશો પર અવગાહિત કર્મ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. ગ્રહણ કરાયેલા તે કર્મપુદ્‌ગલો ક્ષીર-નીરની જેમ આત્મા સાથે એકમેક થઈ જાય છે અર્થાત્ તેનો બંધ સર્વાત્મપ્રદેશોમાં થઈ જાય છે.

કોઈક માન્યતાનુસાર આત્માના આઠ રૂચક પ્રદેશો કર્મથી લિપ્ત થતાં નથી. પરંતુ આ ગાથામાં પ્રયુક્ત **सव्वं सव्वेण बद्धगं** શબ્દ પ્રયોગથી સ્પષ્ટ થઈ જાય છે કે ગ્રહણ કરેલા કર્મ દલિકો સર્વ આત્મપ્રદેશો સાથે બંધાય છે. આ ગાથાંશથી સ્પષ્ટ થાય છે કે **આત્માના આઠ રુચક પ્રદેશો કર્મના લેપથી રહિત નથી.**

**संगहे छद्दिसागयं–** જીવ છ દિશામાંથી પુદ્‌ગલો ગ્રહણ કરે છે. એકેન્દ્રિય જીવો, જે લોકના ખૂણામાં હોય, તે જીવો ત્રણ, ચાર કે પાંચ દિશામાંથી પુદ્‌ગલો ગ્રહણ કરે અને શેષ સર્વ જીવો છ દિશામાંથી પુદ્‌ગલો ગ્રહણ કરે છે. ગ્રહણ કરેલા તે પુદ્‌ગલો કર્મરૂપે પરિણત થાય છે.

**पएसग्गं :–** પ્રદેશાગ્ર. **परमाणवस्तेषामग्रं परिमाणं प्रदेशाग्रं ।** એક સમયમાં ગ્રહણ થતાં પુદ્‌ગલના પરિમાણ– પ્રમાણને પ્રદેશાગ્ર કહે છે. જીવ એક સમયમાં અભવ્ય જીવોથી અનંતગુણા અધિક અને સિદ્ધ જીવોથી અનંતમા ભાગ ન્યૂન પ્રમાણ કર્મ પુદ્‌ગલો ગ્રહણ કરે છે.

**गंठियसत्ताइयं–** ગ્રંથીના અસ્તિત્વવાળાથી અધિક. જે જીવોને મિથ્યાત્વ મોહનીય કર્મની ગ્રંથીની સત્તા હંમેશાં રહે છે, તેનો અંત કદાપિ થવાનો નથી, તેવા અભવી જીવોને સૂત્રકારે **'गंठियसत्ता'** કહ્યા છે. તે ગ્રંથીની સત્તાવાળા જીવોથી અતીત અર્થાત્ અભવી જીવોની સંખ્યાનું ઉલ્લંઘન કરે તેટલી, એક સમયમાં ગ્રહણ થતા કર્મ પુદ્‌ગલોની સંખ્યા હોય છે.

**अंतो सिद्धाण :–** તે ગ્રહણ થતા પુદ્‌ગલોની સંખ્યા સિદ્ધોની સંખ્યાથી ન્યૂન હોય છે. સૂત્રકારે એક

સમયમાં ગ્રહણ થતાં કર્મ પુદ્ગલોની સંખ્યાને સમજાવવા અભવી અને સિદ્ધ જીવોની સંખ્યાનો આધાર લીધો છે. એક સમયમાં ગ્રહણ થતાં પુદ્ગલોથી તે બંને પ્રકારના જીવોની સંખ્યા કેટલી ન્યૂનાધિક છે તેનું સ્પષ્ટીકરણ ઉપરોક્ત ગાથાથી થતું નથી. અન્ય આગમો અને કમ્મપયડી વગેરે ગ્રંથોથી જાણી શકાય છે કે એક સમયમાં ગ્રહણ થતાં પુદ્ગલોની સંખ્યા અભવી જીવોથી અનંતગુણ અધિક અને સિદ્ધ જીવોથી અનંતગુણ હીન હોય છે.

પ્રસ્તુતમાં શ્લોકબદ્ધતાના કારણે સંક્ષિપ્ત કથન કર્યું હોય તેમ સંભવિત છે.

**આઠ કર્મોનો સ્થિતિબંધ :-**

**१९** **उदहिसरिसणामाणं, तीसई कोडिकोडीओ ।**
**उक्कोसिया ठिई होइ, अंतोमुहुत्तं जहण्णिया ॥**

**શબ્દાર્થ :-** **उदहिसरिसणामाणं** = ઉદધિ સદશ નામની એટલે સાગરોપમની **उक्कोसिया** = ઉત્કૃષ્ટ **ठिई** = સ્થિતિ **तीसई** = ત્રીસ **कोडिकोडीओ** = ક્રોડાક્રોડી **होइ** = હોય છે **जहण्णिया** = જઘન્ય **अंतोमुहुत्तं** = અંતર્મુહૂર્તની.

**ભાવાર્થ :-** [જ્ઞાનાવરણ આદિ કર્મોની] ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

**२०** **आवरणिज्जाण दुण्हंपि, वेयणिज्जे तहेव य ।**
**अंतराए य कम्मम्मि, ठिई एसा वियाहिया ॥**

**શબ્દાર્થ :-** **दुण्हंपि** = બંને **आवरणिज्जाण** = આવરણીય(જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય)કર્મોની, **तहेव य** = તથા **वेयणिज्जे** = વેદનીયકર્મની **अंतराए कम्मम्मि** = અંતરાયકર્મની **ठिई** = સ્થિતિ **एसा** = આ પ્રમાણે **वियाहिया** = કહી છે.

**ભાવાર્થ :-** બે આવરણીયકર્મો(જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય)ની તથા વેદનીય અને અંતરાયકર્મની સ્થિતિ એ પ્રમાણે(પૂર્વગાથામાં કહ્યા પ્રમાણે) જાણવી જોઈએ.

**२१** **उदहि सरिस णामाणं, सत्तरिं कोडिकोडीओ ।**
**मोहणिज्जस्स उक्कोसा, अंतोमुहुत्तं जहण्णिया ॥**

**શબ્દાર્થ :-** **मोहणिज्जस्स** = મોહનીયકર્મની **जहण्णिया** = જઘન્ય સ્થિતિ **अंतोमुहुत्तं** = અંતર્મુહૂર્ત છે **उक्कोसिया** = ઉત્કૃષ્ટ સ્થિતિ **सत्तरिं** = સિત્તેર **कोडिकोडीओ** = ક્રોડાક્રોડી **उदहि-सरिस-णामाणं** = સાગરોપમની હોય છે.

**ભાવાર્થ :-** મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

**२२** **तेतीसं सागरोवमा, उक्कोसेण वियाहिया ।**
**ठिई उ आउकम्मस्स, अंतोमुहुत्तं जहण्णिया ॥**

**શબ્દાર્થ :-** **आउकम्मस्स** = આયુષ્યકર્મની **तेतीसं** = તેત્રીસ **सागरोवमा** = સાગરોપમ **वियाहिया** = કહી છે.

**ભાવાર્થ :–** આયુષ્યકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

**૨૩** **उदहिसरिस णामाणं, वीसई कोडिकोडीओ ।**
**णामगोत्ताण उक्कोसा, अट्ठ मुहुत्तं जहण्णिया ॥**

**શબ્દાર્થ :– णामगोत्ताण** = નામ અને ગોત્રકર્મની **अट्ठ** = આઠ **मुहुत्तं** = મુહૂર્તની **वीसई** = વીસ.

**ભાવાર્થ :–** નામ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ ક્રોડાક્રોડી સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્તની છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં આઠ કર્મના સ્થિતિબંધનું નિરૂપણ છે. કષાયોની તીવ્રતા મંદતાના આધારે સ્થિતિબંધ નિશ્ચિત થાય છે.

**उदहिसरिस**– સાગરની ઉપમાથી સમજાવી શકાય તેવો કાલ સાગરોપમ કહેવાય છે. અસંખ્યાત વર્ષના આયુષ્યને ઉપમા દ્વારા સમજાવવામાં આવે છે. તેમાં પલ્યની ઉપમાથી એટલે ઊંડા ખાડાની ઉપમાથી સમજાવવામાં આવે તે **પલ્યોપમ** અને સાગર(સમુદ્ર)ની ઉપમાથી સમજાવવામાં આવે તેને **સાગરોપમ** કહે છે.

ઉત્સેધાંગુલના માપથી એક જોજન લાંબો, એક જોજન પહોળો અને એક જોજન ઊંડો ખાડો-કૂવો હોય તેમાં દેવકુરુક્ષેત્ર અને ઉત્તરકુરુક્ષેત્રના એક દિવસથી સાત દિવસની ઉંમરના જુગલિયા મનુષ્યના વાળના છદ્મસ્થને દષ્ટિગોચર ન થાય તેવા બારીક ટુકડાથી ઠસોઠસ ભરવામાં આવે, ત્યાર પછી તે કૂવામાંથી સો-સો વર્ષે વાળના એક-એક ટુકડાને કાઢવામાં આવે. આ રીતે વાળના ટુકડા કાઢતાં-કાઢતાં એ કૂવો જેટલા સમયમાં ખાલી થાય તેને **સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ** કહે છે. તેમાં અસંખ્યાતા કરોડો વર્ષોનો કાળ થાય છે. તેવા દશ ક્રોડાક્રોડી સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમનો એક **સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ** થાય છે.

જીવોના કર્મની સ્થિતિ, કાયસ્થિતિ અને ભવસ્થિતિ આદિ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ અને સૂક્ષ્મ અદ્ધા સાગરોપમથી માપવામાં આવે છે.

**कोडिकोडीओ**– એક ક્રોડનો એક ક્રોડથી ગુણાકાર કરતાં જે સંખ્યા આવે, તેને એક ક્રોડાક્રોડી કહે છે. દશ ક્રોડને એક ક્રોડથી ગુણાકાર કરતાં જે સંખ્યા આવે તેને દશ ક્રોડાક્રોડી કહેવાય છે. જેમ કે મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ છે. અહીંયા સિત્તેર ક્રોડને એક ક્રોડથી ગુણાકાર કરતાં જે સંખ્યા આવે, તેને સિત્તેર ક્રોડાક્રોડી કહે છે.

**वेयणिज्जे तहेव**– વેદનીય કર્મની સ્થિતિ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીયકર્મની સમાન છે. આ કથન ઉત્કૃષ્ટ સ્થિતિની અપેક્ષાએ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમની છે તથા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે; વેદનીયકર્મની પણ સમુચ્ચયરૂપે જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની જ છે પરંતુ વિશેષ અપેક્ષાએ વેદનીય કર્મના–શાતા વેદનીય અને અશાતા વેદનીય, તે બે ભેદ છે; તેમાં શાતાવેદનીય કર્મબંધના પણ બે પ્રકાર છે. ઈર્યાપથિક શાતાવેદનીય કર્મબંધ અને સાંપરાયિક શાતા વેદનીય કર્મબંધ. તેમાં ઈર્યાપથિક શાતાવેદનીય કર્મબંધની સ્થિતિ બે સમયની છે અને સાંપરાયિક શાતાવેદનીય કર્મબંધની સ્થિતિ જઘન્ય

બાર મુહૂર્તની છે. તથા અશાતાવેદનીયની જઘન્ય બંધ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન સાગરોપમના સાત ભાગમાંથી ત્રણ ભાગ પ્રમાણ હોય છે. આ રીતે સર્વ અવસ્થાઓ(વિભાગ) મળીને વેદનીય કર્મની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે, તે સ્પષ્ટ થાય છે. તેથી પ્રસ્તુત ગાથા ૧૯-૨૦માં વેદનીયકર્મની જઘન્ય સ્થિતિ તે પ્રમાણે અંતર્મુહૂર્તની કહી છે. શેષ કર્મોની સ્થિતિ ભાવાર્થથી સ્પષ્ટ છે.

**આઠ કર્મોનો અનુભાગબંધ :-**

**૨૪** **सिद्धाणणंतभागो य, अणुभागा हवंति उ ।**
**सव्वेसु वि पएसग्गं, सव्व जीवेसु अइच्छियं ॥**

**શબ્દાર્થ :- अणुभागा** = સર્વ કર્મ સ્કંધોના અનુભાગ અર્થાત્ રસ વિશેષ **सिद्धाण** = સિદ્ધ ભગવંતોના **अणंतभागा** = અનંતમો ભાગ **हवंति** = હોય છે **सव्वेसु वि** = બધા કર્મોના **पएसग्गं** = પ્રદેશાગ્ર(પરમાણુ) **सव्व जीवे** = સર્વ જીવોથી **अइच्छियं** = અનંતગુણા અધિક છે.

**ભાવાર્થ :-** સર્વ કર્મસ્કંધોનો અનુભાગ અર્થાત્ રસ વિશેષ સિદ્ધોની સંખ્યાના અનંતમા ભાગ પ્રમાણ છે તથા સર્વ કર્મોના પ્રદેશાગ્ર(પ્રદેશ પરિમાણ) સમસ્ત જીવોથી એટલે જીવ સંખ્યાથી અનંતગુણ અધિક છે.

**વિવેચન :-**

પ્રસ્તુત ગાથામાં કર્મના અનુભાગબંધનું નિરૂપણ છે. કર્મની ફળ આપવાની શક્તિને **અનુભાગબંધ** કહે છે.

બંધનકાળમાં તેના કારણભૂત કાષાયિક અધ્યવસાયના તીવ્ર-મંદ ભાવ અનુસાર પ્રત્યેક કર્મમાં તીવ્ર-મંદ ફળ દેવાની શક્તિ ઉત્પન્ન થાય છે. તે જ અનુભાગબંધ છે.

પ્રત્યેક કર્મ પોતાનું ફળ કર્મદલિકો દ્વારા જ પ્રગટ કરે છે. જીવોના અધ્યવસાય સ્થાનો અસંખ્યાત છે પરંતુ એક-એક અધ્યવસાયસ્થાન દ્વારા અનંતાનંત કર્મદલિકો ગ્રહણ થાય છે અને અનંતાનંત દલિકો એક સાથે પોતાનું સામર્થ્ય પ્રગટ કરે છે.

એક સમયમાં અનુભવાતા કર્મદલિકો અભવ્ય જીવોથી અનંતગુણા અને સિદ્ધોથી અનંતમાભાગે ન્યૂન હોય છે. પરંતુ સર્વ અનુભાગ સ્થાનના કર્મદલિકો સર્વ જીવોથી અનંતગુણા અધિક હોય છે. કારણ કે અનંત સંસારી જીવો સમયે-સમયે અનંતાનંત કર્મદલિકો ગ્રહણ કરે છે. તેથી તે દલિકો સર્વ જીવોથી અનંતગુણા અધિક થઈ જાય છે.

**ઉપસંહાર :-**

**૨૫** **तम्हा एएसिं कम्माणं, अणुभागा वियाणिया ।**
**एएसिं संवरे चेव, खवणे य जए बुहो ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :- तम्हा** = તેથી, આ રીતે **एएसिं** = આ **कम्माणं** = કર્મોના **अणुभागा** = અનુભાગ બંધને (પ્રકૃતિબંધ, સ્થિતિબંધ અને પ્રદેશબંધને) **वियाणिया** = જાણીને **बुहो** = બુધ, પંડિત પુરુષ **एएसिं** = તેનો **संवरे** = સંવર કરવા(આવતા કર્મોને રોકવા)માં **खवणे** = પૂર્વકૃત કર્મોનો ક્ષય કરવામાં **जए** = યત્ન કરે.

**ભાવાર્થ :–** આ રીતે આ કર્મોના અનુભાગોને જાણીને બુદ્ધિમાન સાધક તેનો સંવર કરે અને(પૂર્વકૃત કર્મોનો) ક્ષય કરવાનો પ્રયત્ન કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથા સમગ્ર અધ્યયનના ઉપસંહારરૂપ છે. તેમાં કર્મપ્રકૃતિના વિશ્લેષણના પ્રયોજનને સ્પષ્ટ કર્યું છે. **ज्ञानस्य फलं विरति;** જ્ઞાનનું ફળ વિરતિ છે. કર્મબંધના વિજ્ઞાન દ્વારા જીવ કર્મબંધથી વિરામ પામી સંવર અને નિર્જરા તત્ત્વની આરાધના કરે છે. કર્મના પરિણામ તીવ્ર ભયંકર છે. કર્મનો સિદ્ધાંત અટલ છે. જે વ્યક્તિ જેવા પરિણામથી કર્મોનો બંધ કરે છે, તેવા ફળ તેને ભોગવવા પડે છે. શુભ કે અશુભ બંને પ્રકારના કર્મો જીવને બંધન રૂપ છે, સંસારરૂપ છે. આ પ્રકારે કર્મસિદ્ધાંતની અચલતાને જે જાણે છે અને તે આ ભવમાં નવા કર્મબંધ ન થાય તેના માટે સાવધાન રહે છે તે ધર્મ પુરુષાર્થથી પૂર્વકૃત કર્મોનો ક્ષય કરીને આત્મશુદ્ધિ કરે છે.

**આઠ કર્મોની ઉત્તર પ્રકૃતિ આદિ :–**

| ક્રમ | મૂળ કર્મ પ્રકૃતિ | ઉપમા | ઉત્તર પ્રકૃતિ | સ્થિતિબંધ | અનુભાગબંધ |
|---|---|---|---|---|---|
| ૧ | જ્ઞાનાવરણીય કર્મ | આંખના પાટા સમાન | ૫– મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવલજ્ઞાનાવરણીય | જઘ૰ અંતર્મુહૂર્ત ઉ૰ ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ | આઠે કર્મોના એક સમયના અનુભાગ યોગ્ય |
| ૨ | દર્શનાવરણીય કર્મ | રાજાના દ્વારપાળ સમાન | ૯– ચક્ષુ, અચક્ષુ અવધિ, કેવલ દર્શનાવરણીય નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા થીણદ્ધિ નિદ્રા | જઘ૰ અંતર્મુહૂર્ત ઉ૰ ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ | દલિકો અભવ્ય જીવોથી અનંતગુણા, સિદ્ધોથી અનંતમાભાગે ન્યૂન છે. સર્વ અનુભાગ |
| ૩ | વેદનીય કર્મ | મધથી લિપ્ત તલવાર સમાન | ૨–શાતા અને અશાતા વેદનીય | જઘ૰ અંત૰ઉ૰ ૩૦ ક્રોડાક્રોડી સાગરો૰ | યોગ્ય દલિકો સર્વ જીવોથી અનંતગુણા |
| ૪ | મોહનીય કર્મ | મદિરાપાન સમાન | ૨૮–દર્શનમોહનીય-૩ ચારિત્રમોહનીય-૨૫ ૩ + ૨૫ = ૨૮ | જઘ૰ અંતર્મુહૂર્ત ઉ૰ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ | **પ્રદેશબંધ** જીવો ૩, ૪, ૫ કે ૬ દિશામાંથી આવતા |
| ૫ | આયુષ્ય કર્મ | બેડી સમાન | ૪–નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ, દેવાયુ | જઘ૰ અંતર્મુહૂર્ત ઉ૰ ૩૩ સાગરોપમ | એક ક્ષેત્રાવગાઢ અનંતાનંત કાર્મણ વર્ગણાના દલિકોને એક સમયમાં ગ્રહણ કરે. |

| ક્રમ | મૂળ કર્મ પ્રકૃતિ | ઉપમા | ઉત્તર પ્રકૃતિ | સ્થિતિબંધ | અનુભાગબંધ |
|---|---|---|---|---|---|
| ૬ | નામ કર્મ | ચિત્રકાર સમાન | ૨– શુભનામ અને અશુભનામ | જઘ૦ આઠ મુહૂર્ત ઉ૦ ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ | અનુભાગબંધ અને પ્રદેશબંધ પૂર્વવત્ છે. |
| ૭ | ગોત્ર કર્મ | કુંભારના ચાકડા સમાન | ૧૬–ઉચ્ચગોત્ર–૮ નીચગોત્ર–૮ | | |
| ૮ | અંતરાય કર્મ | રાજાના ભંડારી સમાન | ૫–દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યાંતરાય | જઘ૦ અંતર્મુહૂર્ત ઉ૦ ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ | |

**વિશેષ :–** આ અધ્યયનમાં આઠ કર્મોની ૭૧ ઉત્તર પ્રકૃતિનું વર્ણન છે.

**॥ તેત્રીસમું અધ્યયન : સમાપ્ત ॥**

# ચોત્રીસમું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનમાં લેશ્યાનું વિસ્તૃત વર્ણન હોવાથી તેનું નામ **લેશ્યા** છે. તેમાં ૧૧ દ્વારના માધ્યમથી લેશ્યાનું નિરૂપણ કર્યું છે.

★ લેશ્યા શબ્દના વિવિધ અર્થ છે– શરીરની કાંતિ, તેજ, સૌંદર્ય, જીવની મનોવૃત્તિ, આત્મપરિણામો વગેરે.

★ પ્રસ્તુત પ્રસંગમાં લેશ્યાનો અર્થ 'આત્મપરિણામો' છે. કષાયથી અનુરંજિત આત્મપરિણામોને લેશ્યા કહે છે.

★ લેશ્યાના બે પ્રકાર છે– દ્રવ્યલેશ્યા અને ભાવલેશ્યા. ભાવલેશ્યા આત્મ પરિણામરૂપ તથા અરૂપી છે અને તે લેશ્યા પરિણામોમાં જે પુદ્ગલદ્રવ્ય સહાયક બને તે **દ્રવ્યલેશ્યા** છે, તે પૌદ્ગલિક છે. દ્રવ્યલેશ્યા અનુસાર ભાવલેશ્યા અને ભાવલેશ્યા અનુસાર દ્રવ્યલેશ્યા થાય છે. આ રીતે દ્રવ્ય લેશ્યા અને ભાવલેશ્યા બંને પરસ્પર સાપેક્ષ છે.

★ દ્રવ્યલેશ્યા પૌદ્ગલિક હોવાથી તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ હોય છે. તે વર્ણાદિનું પરિણમન અત્યંત સૂક્ષ્મપણે થતું હોવાથી પ્રગટપણે તેનો અનુભવ થતો નથી. તેમ છતાં કયારેક તેના કાર્યથી તેનું અનુમાન કરી શકાય છે. જેમ કે ક્રોધી મનુષ્યના ચહેરા પર વ્યાપેલી વ્યગ્રતા, ગાત્રનું કંપન, ઉષ્ણતા વગેરે લક્ષણો ક્રોધના ભાવને સૂચિત કરે છે; તે ભાવો એકાંત ઝેરના સૂચક છે. આજના વૈજ્ઞાનિકોએ પણ સિદ્ધ કર્યું છે કે ક્રોધ સમયે શરીરનું લોહી ઝેરમય બની જાય છે. આ અશુભલેશ્યાના લક્ષણો છે.

★ આત્મપરિણામોની શુદ્ધિ-અશુદ્ધિની તરતમતાના આધારે લેશ્યાના છ વિભાગ છે. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લલેશ્યા. આ છ લેશ્યાઓમાં કૃષ્ણ લેશ્યા અત્યંત અશુદ્ધ છે. ત્યાર પછી લેશ્યાઓમાં ક્રમશઃ અશુદ્ધિ ઘટતી જાય છે. અંતિમ શુક્લલેશ્યા વિશુદ્ધ લેશ્યા છે. સંક્ષેપમાં પ્રથમની ત્રણ લેશ્યા અપ્રશસ્ત અને અંતિમ ત્રણ લેશ્યા પ્રશસ્ત છે. અપ્રશસ્ત લેશ્યા દુર્ગતિનું અને પ્રશસ્તલેશ્યા સદ્ગતિનું નિમિત્ત બને છે.

★ કોઈ પણ જીવની લેશ્યા અનુસાર તે પરભવનું આયુષ્ય બાંધે છે. જે લેશ્યામાં આયુષ્યનો બંધ થયો હોય, તે જ લેશ્યા મૃત્યુ સમયે આવે છે અને મૃત્યુ સમયે જે લેશ્યા હોય, તે જ લેશ્યાયુક્ત સ્થાનમાં જીવનો જન્મ થાય છે. **અર્થાત્ આયુષ્યબંધ સમયે, મૃત્યુ સમયે અને જન્મ સમયે એક જ લેશ્યા હોય છે.**

★ લેશ્યાના નિમિત્તથી કર્મોની સ્થિતિ અને અનુભાગબંધ નિશ્ચિત થાય છે.

★ આ રીતે જીવનો લેશ્યા સાથે ઘનિષ્ટ સંબંધ છે. તેના લક્ષણો, સ્થિતિ વગેરે જાણકારી સાધકોને

❖❖❖❖❖

# ચોત્રીસમું અધ્યયન

## લેશ્યા

**અધ્યયન પ્રારંભ :–**

**૧** **लेसज्झयणं पवक्खामि, आणुपुव्विं जहक्कमं ।**
**छण्हंपि कम्मलेसाणं, अणुभावे सुणेह मे ॥**

**શબ્દાર્થ :– आणुपुव्विं** = આનુપૂર્વી, અનુક્રમ **जहक्कमं** = યથાક્રમથી **लेसज्झयणं** = લેશ્યા અધ્યયનનું **पवक्खामि** = વર્ણન કરીશ **छण्हंपि** = છએ **कम्मलेसाणं** = કર્મલેશ્યાઓના **अणुभावे** = સમ્યક્ સ્વરૂપ **मे** = મારી પાસેથી **सुणेह** = સાંભળો.

**ભાવાર્થ :–** હું લેશ્યા અધ્યયનનું પ્રરૂપણ કરીશ જેમાં છએ કર્મલેશ્યા સંબંધી વિવિધ ભાવોનું ક્રમપૂર્વક વર્ણન છે, તેને તમે મારી પાસેથી સાંભળો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં લેશ્યા સંબંધી વિષયોના નિરૂપણની પ્રતિજ્ઞા છે.

**લેશ્યા–** (૧) જેના દ્વારા કર્મો આત્મા સાથે શ્લેષને પ્રાપ્ત કરે, આત્મા સાથે ચોંટે, તેને લેશ્યા કહે છે. તેથી લેશ્યા કર્મ અને આત્માનું જોડાણ કરાવનાર દ્રવ્ય છે. (૨) કૃષ્ણાદિ દ્રવ્યોના સાંનિધ્યથી થતાં આત્માના પરિણામ, તે લેશ્યા છે.

**कृष्णादिद्रव्यसाचिव्यात्, परिणामो य आत्मनः ।**
**स्फटिकस्येव तत्रायं, लेश्याशब्दः प्रवर्त्तते ॥**

જેમ સ્ફટિક મણિ સ્વયં શ્વેત, નિર્મળ અને પારદર્શક છે. તેની પાસે જે વર્ણની વસ્તુ હોય, તે રંગને સ્ફટિક ધારણ કરે છે. તે જ રીતે કૃષ્ણાદિ દ્રવ્યોના સાંનિધ્યથી નિર્મળ એવો આત્મા પણ તે તે પરિણામોને ધારણ કરે છે, તેને લેશ્યા કહે છે. (૩) **कषायानुरंजित योग परिणामः लेश्याः ।** કષાયથી અનુરંજિત યોગના પરિણામ તે લેશ્યા. કૃષ્ણ, નીલ અને કાપોત; તે ત્રણ અવિશુદ્ધ ભાવ લેશ્યા છે અને તેજો, પદ્મ અને શુક્લ તે ત્રણ વિશુદ્ધ ભાવ લેશ્યા છે.

તેરમા સયોગી કેવળી ગુણસ્થાનક સુધી લેશ્યાઓનો સદ્‌ભાવ રહે છે. જ્યારે આત્મા અયોગી બને છે અર્થાત્ ચૌદમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે, તે જ સમયે તે લેશ્યાઓથી રહિત થઈ જાય છે.

આ અધ્યયનમાં દ્રવ્ય લેશ્યાના છ ભેદનું વિસ્તારપૂર્વક વર્ણન છે. મનુષ્ય અને તિર્યંચમાં દ્રવ્ય લેશ્યાનું પરિવર્તન થતું રહે છે. દેવતા અને નૈરયિકોમાં દ્રવ્ય લેશ્યા અવસ્થિત(જીવન પર્યંત એકસરખી) હોય છે.

**कम्मलेस्सं**– કર્મોની સ્થિતિનું એટલે સ્થાયિત્વનું કારણ લેશ્યાઓ છે. **कर्मस्थिति हेतवो लेश्याः ।** કર્મોની સાથે લેશ્યાઓનો ખૂબ ઘનિષ્ઠ સંબંધ છે, તેથી સૂત્રકારે કર્મલેશ્યા શબ્દપ્રયોગ કર્યો છે.

**દ્વારગાથા :–**

**૨** **णामाइं वण्ण-रस-गंध, फास-परिणामलक्खणं ।
ठाणं ठिइं गइं चाउं, लेसाणं तु सुणेह मे ॥**

**શબ્દાર્થ :– लेसाणं** = લેશ્યાઓના **णामाइं** = નામ **वण्ण** = વર્ણ **रस** = રસ **गंध** = ગંધ **फास** = સ્પર્શ **परिणाम** = પરિણામ **लक्खणं** = લક્ષણ **ठाणं** = સ્થાન **ठिइं** = સ્થિતિ **गइं** = ગતિ **आउं** = આયુ. **मे** = તે મારી પાસેથી **सुणेह** = સાંભળો.

**ભાવાર્થ :–** આ લેશ્યાઓના નામ, વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, પરિણામ, લક્ષણ, સ્થાન, સ્થિતિ, ગતિ અને આયુષ્ય(આ દ્વારોના માધ્યમથી) મારી પાસેથી સાંભળો.

**વિવેચન :–**

આ ગાથામાં લેશ્યાઓના વિસ્તૃત વર્ણન માટે ૧૧ દ્વારોનો ઉલ્લેખ છે. (૧) નામદ્વાર (૨) વર્ણદ્વાર (૩) રસદ્વાર (૪) ગંધદ્વાર (૫) સ્પર્શદ્વાર (૬) પરિણામદ્વાર (૭) લક્ષણદ્વાર (૮) સ્થાનદ્વાર (૯) સ્થિતિદ્વાર (૧૦) ગતિદ્વાર અને (૧૧) આયુષ્યદ્વાર.

**(૧) નામ દ્વાર :–**

**૩** **किण्हा णीला य काऊ य, तेऊ पम्हा तहेव य ।
सुक्कलेसा य छट्ठा य, णामाइं तु जहक्कमं ॥**

**શબ્દાર્થ :– जहक्कमं** = યથાક્રમે **किण्हा** = કૃષ્ણલેશ્યા **णीला** = નીલલેશ્યા **काऊ** = કાપોતલેશ્યા **तेऊ** = તેજોલેશ્યા **पम्हा** = પદ્મલેશ્યા **छट्ठा** = છઠ્ઠી **सुक्कलेसा** = શુક્લલેશ્યા.

**ભાવાર્થ :–** લેશ્યાઓના નામનો ક્રમ આ પ્રમાણે છે– (૧) કૃષ્ણલેશ્યા (૨) નીલલેશ્યા (૩) કાપોતલેશ્યા (૪) તેજોલેશ્યા (૫) પદ્મલેશ્યા અને (૬) શુક્લલેશ્યા.

**(૨) વર્ણ દ્વાર :–**

**૪** **जीमूयणिद्धसंकासा, गवलरिट्ठग-सण्णिभा ।
खंजंजणणयणणिभा, किण्हलेसा उ वण्णओ ॥**

**શબ્દાર્થ :– वण्णओ** = વર્ણની અપેક્ષાએ **किण्हलेसा** = કૃષ્ણલેશ્યા **जीमूय-णिद्ध-संकासा** = જીમૂતસ્નિગ્ધ સમાન અર્થાત્ જળથી ભરેલા મેઘ(વાદળા) સમાન **गवल-रिट्ठग-सण्णिभा** = ગવલરિષ્ટ સમાન અર્થાત્ ભેંસના શિંગડા તથા અરીઠાના રંગ સમાન **खंजंजण णयणणिभा** = ગાડાના ખંજન, કાજલ અને આંખની કીકી સમાન.

**ભાવાર્થ :–** કૃષ્ણલેશ્યા– જળથી ભરેલા વાદળા, ભેંસના શિંગડા, અરીઠા, ગાડાના ખંજન, કાજલ અને આંખની કીકી સમાન કૃષ્ણવર્ણની હોય છે.

**૫** **णीलासोगसंकासा, चासपिच्छ समप्पभा ।
वेरुलियणिद्धसंकासा, णीललेसा उ वण्णओ ॥**

**શબ્દાર્થ :– णीलासोग-संकासा** = નીલા રંગના અશોકવૃક્ષ સમાન **चासपिच्छ-समप्पभा** = ચાસ પક્ષીની પાંખની કાંતિ સમાન **वेरुलिय-णिद्धसंकासा** = વૈડુર્યમણિ સમાન સ્નિગ્ધ.

**ભાવાર્થ :–** નીલલેશ્યા– નીલ અશોકવૃક્ષ સમાન, ચાસ પક્ષીની પાંખો સમાન તેમજ સ્નિગ્ધ(મોહક) વૈડુર્યરત્ન સમાન નીલા(શેવાળીયા) વર્ણવાળી હોય છે.

**૬** **अयसीपुप्फ संकासा, कोइलच्छद सण्णिभा ।**
**पारेवयगीवणिभा, काऊलेसा उ वण्णओ ॥**

**શબ્દાર્થ :– अयसीपुप्फ-संकासा** = અળશીના ફૂલ સમાન **कोइलच्छद-सण्णिमा** = કોયલની પાંખ સમાન **पारेवय-गीवणिभा** = કબૂતરની ડોક સમાન.

**ભાવાર્થ :–** કાપોતલેશ્યા– અળસીના ફૂલ, કોયલની પાંખ અને કબૂતરની ડોક સમાન, કથ્થાઈ તેમજ નીલા(આકાશના) વર્ણવાળી હોય છે.

**૭** **हिंगुलय धाउ संकासा, तरुणाइच्च सण्णिभा ।**
**सुयतुंड पईवणिभा, तेऊलेसा उ वण्णओ ॥**

**શબ્દાર્થ :– हिंगुलयधाउ संकासा** = હિંગળો, ધાતુ અથવા ગેરૂ સમાન **तरुणाइच्चसण्णिभा** = ઉગતા સૂર્ય સમાન **सुयतुंडपईवणिभा** = પોપટની ચાંચ સમાન, પ્રદિપ્ત શિખા સમાન.

**ભાવાર્થ :–** તેજોલેશ્યા– હિંગળો તથા ગેરુ આદિ ધાતુ, ઉગતા સૂર્ય, પોપટની ચાંચ અને દીપશિખા સમાન લાલ વર્ણવાળી હોય છે.

**૮** **हरियाल भेयसंकासा, हलिद्दाभेय समप्पभा ।**
**सणासण कुसुमणिभा, पम्हलेसा उ वण्णओ ॥**

**શબ્દાર્થ :– हरियाल-भेयसंकासा** = હરતાલના ટુકડા સમાન **हलिद्दाभेय-समप्पभा** = હળદરના ટુકડા સમાન **सणासण-कुसुमणिभा** = શણ અને અસન નામની વનસ્પતિના ફૂલ સમાન.

**ભાવાર્થ :–** પદ્મલેશ્યા– હરિતાલના ટુકડા, હળદરના ટુકડા, શણ અને અસન (બીજક)ના ફૂલ સમાન પીળા વર્ણવાળી હોય છે.

**૯** **संखंककुंद संकासा, खीरपूर समप्पभा ।**
**रययहार संकासा, सुक्कलेसा उ वण्णओ ॥**

**શબ્દાર્થ :– संखंककुंद संकासा** = શંખ અને અંક નામનું રત્ન વિશેષ તથા કુંદપુષ્પ સમાન **खीरपूर समप्पभा** = દૂધની ધારા સમાન **रययहार संकासा** = રજત અર્થાત્ ચાંદીના હાર સમાન.

**ભાવાર્થ :–** શુક્લલેશ્યા– શંખ, અંકરત્ન, કુંદપુષ્પ, દૂધની ધારા, ચાંદીનો હાર-માળા સમાન, સફેદ વર્ણ- વાળી હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં છએ દ્રવ્યલેશ્યાના છ પ્રકારના વર્ણોનું કથન, તે તે વર્ણવાળા પદાર્થોની ઉપમાથી

કર્યું છે. કૃષ્ણલેશ્યાનો વર્ણ કાળો, નીલલેશ્યાનો નીલો(હરો), કાપોતલેશ્યાનો ભૂખરો તેમજ (આકાશ જેવો, આસમાની), તેજો લેશ્યાનો લાલ, પદ્મલેશ્યાનો પીળો અને શુક્લલેશ્યાનો સફેદ વર્ણ હોય છે. તે તે લેશ્યાના આત્મપરિણામોમાં તે તે વર્ણના પુદ્‌ગલો સહાયક બને છે.

**(૩) રસદ્વાર :–**

**૧૦** **जह कडुयतुंबगरसो, णिंबरसो कडुयरोहिणिरसो वा ।**
**एत्तो वि अणंतगुणो, रसो य किण्हाए णायव्वो ॥**

**શબ્દાર્થ :– जह** = જેમ **कडुय-तुबंगरसो** = કડવા તુંબડાનો રસ **णिंबरसो** = લીંમડાનો રસ **कडुय-रोहिणी रसो** = કડવી રોહિણીની છાલનો રસ **एत्तो वि** = તેનાથી પણ **अणंतगुणो** = અનંતગુણો **किण्हाए** = કૃષ્ણલેશ્યાનો **रसो** = રસ **णायव्वो** = જાણવો જોઈએ.

**ભાવાર્થ :–** કડવી તુંબડીનો રસ, લીંમડાનો રસ, કડવી રોહીણી(ઔષધિવિશેષ)ની છાલનો રસ જેવો કડવો હોય, તેનાથી અનંતગુણો અધિક કડવો કૃષ્ણલેશ્યાનો રસ જાણવો જોઈએ.

**૧૧** **जह तिगडुयस्स य रसो, तिक्खो जह हत्थिपिप्पलीए वा ।**
**एत्तो वि अणंतगुणो, रसो उ णीलाए णायव्वो ॥**

**શબ્દાર્થ :– तिगडुयस्स** = ત્રિકટુ(સૂંઠ, મરી, પીપર)નો **हत्थिपिप्पलीए** = ગજ-પીપર, ઔષધિ વિશેષનો **तिक्खो** = તીક્ષ્ણ, તીખો હોય છે **णीलाए** = નીલલેશ્યાનો **णायव्वो** = જાણવો જોઈએ.

**ભાવાર્થ :–** ત્રિકટુ(સૂંઠ, મરી, પીપર)નો રસ અથવા ગજપીપરનો રસ જેવો તીખો હોય છે, તેનાથી અનંતગુણો અધિક તીખો નીલલેશ્યાનો રસ જાણવો જોઈએ.

**૧૨** **जह तरुण अंबगरसो, तुवरकविट्ठस्स वावि जारिसओ ।**
**एत्तो वि अणंतगुणो, रसो उ काऊए णायव्वो ॥**

**શબ્દાર્થ :– तरुण-अंबगरसो** = કાચી કેરીનો રસ **वावि** = અથવા **जारिसओ** = જેવો **तुवर-कविट्ठस्स** = તુરા કોઠાનો **काऊए** = કાપોતલેશ્યાનો.

**ભાવાર્થ :–** કાચી કેરીનો રસ, તુરા કોઠાનો રસ જેવો કસાયેલો-તૂરો અને ખાટો હોય છે, તેનાથી અનંતગુણો અધિક તૂરો અને ખાટો કાપોતલેશ્યાનો રસ જાણવો જોઈએ.

**૧૩** **जह परिणयंबग रसो, पक्ककविट्ठस्स वावि जारिसओ ।**
**एत्तो वि अणंतगुणो, रसो उ तेऊए णायव्वो ॥**

**શબ્દાર્થ :– परिणयंबग रसो** = પાકી કેરીનો રસ **पक्क कविट्ठस्स** = પાકેલા કોઠાના ફળનો રસ(ખટમીઠો) **तेऊए** = તેજોલેશ્યાનો.

**ભાવાર્થ :–** પાકી કેરીનો રસ, પાકેલા કોઠાના ફળનો રસ જેવો ખટ-મીઠો હોય છે, તેનાથી અનંતગુણો અધિક ખટ-મીઠો તેજોલેશ્યાનો રસ જાણવો જોઈએ.

**૧૪** **वरवारुणीए व रसो, विविहाण व आसवाण जारिसओ ।**
**महुमेरयस्स व रसो, एत्तो पम्हाए परएणं ॥**

**શબ્દાર્થ :– वरवारुणीए** = વરવારુણીનો રસ, ઉચ્ચ પ્રકારની મદિરાનો રસ **विविहाण** = વિવિધ પ્રકારના **आसवाण** = આસવોનો રસ **महुमेरयस्स** = મદ્ય અને મૈરેયકનો રસ **परएणं** = અનંતગુણો અધિક **पम्हाए** = પદ્મલેશ્યાનો.

**ભાવાર્થ :–** ઉત્તમ મદિરાનો રસ, ફૂલોમાંથી બનાવેલા વિવિધ આસવોનો રસ, મદ્યનો અને મૈરેયકનો રસ જેવો મીઠો-કસાયેલો હોય છે, તેનાથી અનંતગુણો અધિક તૂરાશ સહિતનો મધુર રસ પદ્મલેશ્યાનો જાણવો જોઈએ.

**૧૫** **खज्जूर मुद्दियरसो, खीररसो खण्ड सक्कररसो वा ।**
**एत्तो वि अणंतगुणो, रसो उ सुक्काए णायव्वो ॥**

**શબ્દાર્થ :– खज्जूर** = ખજૂરનો **मुद्दियरसो** = દ્રાક્ષનો રસ **खीररसो** = ખીરનો રસ **खण्ड-सक्कररसो** = ખાંડ અને સાકરનો રસ **सुक्काए** = શુક્લલેશ્યાનો.

**ભાવાર્થ :–** ખજૂર અને દ્રાક્ષનો રસ, ખીરનો રસ(દૂધનો સ્વાદ) અથવા ખાંડ અને સાકરનો રસ જેવો મધુર હોય છે, તેનાથી અનંતગુણો મધુર રસ શુક્લલેશ્યાનો જાણવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં છએ લેશ્યાના રસનું કથન ઉપમા સાથે કર્યું છે.

કૃષ્ણલેશ્યાનો કડવો, નીલલેશ્યાનો તીખો, કાપોતલેશ્યાનો તૂરો-ખાટો, તેજોલેશ્યાનો ખટમીઠો, પદ્મલેશ્યાનો તૂરો-મધુર તથા શુક્લલેશ્યાનો મધુર રસ હોય છે.

**(૪) ગંધ દ્વાર :–**

**૧૬** **जह गोमडस्स गंधो, सुणग मडस्स व जहा अहिमडस्स ।**
**एत्तो वि अणंतगुणो, लेसाणं अपसत्थाणं ॥**

**શબ્દાર્થ :– जह** = જે રીતે **गोमडस्स** = ગાયના મરેલા શરીરની **गंधो** = ગંધ **सुणग-मडस्स** = મરેલા કૂતરાના શરીરની દુર્ગંધ **अहिमडस्स** = મરેલા સર્પના શરીરની દુર્ગંધ **अपसत्थाणं लेसाणं** = અપ્રશસ્ત લેશ્યાઓની(કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યાની).

**ભાવાર્થ :–** મરેલી ગાય, મરેલો કૂતરો અને મરેલા સર્પની જેવી દુર્ગંધ હોય છે, તેનાથી અનંતગુણી અધિક દુર્ગંધ ત્રણ અપ્રશસ્ત(કૃષ્ણ, નીલ, કાપોત) લેશ્યાઓની હોય છે.

**૧૭** **जह सुरहि कुसुम गंधो, गंधवासाण पिस्समाणाणं ।**
**एत्तो वि अणंतगुणो, पसत्थ लेसाण तिण्हं पि ॥**

**શબ્દાર્થ :– सुरहि** = સુગંધિત **कुसुमगंधो** = ફૂલોની સુગંધ **पिस्समाणाणं** = ઘસાતા **गंधवासाण**

= ચંદન આદિ સુગંધિત પદાર્થોની જેવી સુગંધ હોય છે **तिण्हं** = ત્રણે ય **पसत्थलेसाण** = પ્રશસ્ત લેશ્યાઓની (તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુક્લલેશ્યાની)

**ભાવાર્થ :–** સુગંધિત પુષ્પ અને ઘસાતા ચંદન વગેરે સુગંધિત દ્રવ્યોની જેવી સુગંધ હોય છે, તેનાથી અનંતગુણી અધિક સુગંધ ત્રણે ય પ્રશસ્ત લેશ્યાઓ(તેજો, પદ્મ, શુક્લ)ની હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં છએ લેશ્યાના પુદ્‌ગલોની ગંધનું નિરૂપણ છે. અપ્રશસ્ત ત્રણ લેશ્યાઓની (કૃષ્ણ, નીલ, કાપોતની) ગંધ દુર્ગંધિત દ્રવ્યોથી પણ અનંતગુણી અનિષ્ટ હોય છે. અહીં કાપોત, નીલ અને કૃષ્ણ આ વ્યુત્ક્રમથી અપ્રશસ્ત લેશ્યાઓમાં દુર્ગંધનું તારતમ્ય સમજવું જોઈએ. કારણ કે કૃષ્ણ, નીલ અને કાપોત, તે ત્રણે અશુભ લેશ્યાઓમાં ક્રમશઃ વિશુદ્ધિનું પ્રમાણ વધતું જાય છે. તેથી દુર્ગંધની અપેક્ષાએ કાપોતલેશ્યાથી નીલલેશ્યાની દુર્ગંધ અનંતગુણી અધિક અને નીલલેશ્યાથી કૃષ્ણલેશ્યાની દુર્ગંધ અનંતગુણી અધિક હોય છે. તે જ રીતે ત્રણ પ્રશસ્ત લેશ્યાઓની ગંધ સુગંધિત દ્રવ્યોથી અનંતગુણી છે. જેમાં તેજો, પદ્મ, શુક્લ તે ત્રણે ય પ્રશસ્ત લેશ્યાઓમાં પણ સુગંધનું તારતમ્ય ક્રમશઃ ઉત્તરોત્તર ઉત્કૃષ્ટતર સમજવું જોઈએ.

**(૫) સ્પર્શ દ્વાર :–**

**१८** **जह करगयस्स फासो, गोजिब्भाए व सागपत्ताणं ।**
**एत्तो वि अणंतगुणो, लेसाणं अपसत्थाणं ॥**

**શબ્દાર્થ :–** **करगयस्स** = કરવતનો **गोजिब्भाए** = ગાયની જીભનો **सागपत्ताणं** = શાકના વેલાઓના પાંદડાઓનો, **फासो** = સ્પર્શ કર્કશ, ખરબચડો, **अणंतगुणो** = અનંતગુણો અધિક કર્કશ, ખરબચડો.

**ભાવાર્થ :–** કરવત, ગાયની જીભ અને શાકના પાંદડાઓનો સ્પર્શ જેવો ખરબચડો હોય છે, તેનાથી અનંતગુણો ખરબચડો સ્પર્શ ત્રણે ય અપ્રશસ્ત લેશ્યાઓનો હોય છે.

**१९** **जह बूरस्स व फासो, णवणीयस्स व सिरीसकुसुमाणं ।**
**एत्तो वि अणंतगुणो, पसत्थ लेसाण तिण्हं पि ॥**

**શબ્દાર્થ :–** **बूरस्स** = બૂર નામની વનસ્પતિનો સ્પર્શ **णवणीयस्स** = નવનીત, માખણનો સ્પર્શ **सिरीसकुसुमाणं** = શિરીષના ફૂલોનો **फासो** = સ્પર્શ કોમળ **तिण्हं पि** = ત્રણે ય.

**ભાવાર્થ :–** બૂર નામની વનસ્પતિનો, માખણનો અને શિરીષના ફૂલોનો સ્પર્શ જેવો કોમળ, મુલાયમ હોય છે, તેનાથી અનંતગુણો મુલાયમ સ્પર્શ ત્રણે ય પ્રશસ્ત લેશ્યાઓનો હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત બે ગાથામાં છએ લેશ્યાના પુદ્‌ગલોના સ્પર્શનું કથન છે. ત્રણ અપ્રશસ્ત લેશ્યાઓનો સ્પર્શ કરવત જેવી ખરબચડી વસ્તુથી અનંતગુણો અધિક ખરબચડો હોય છે. અહીં પણ ગંધની જેમ કાપોત, નીલ અને કૃષ્ણ આ વ્યુત્ક્રમથી અપ્રશસ્ત લેશ્યાઓના સ્પર્શમાં ક્રમશઃ અનંતગુણી તરતમતા સમજવી જોઈએ. ત્રણ પ્રશસ્ત લેશ્યાઓનો સ્પર્શ માખણ જેવી કોમળ વસ્તુથી અનંતગુણો અધિક મુલાયમ હોય છે. જે તેજો, પદ્મ, શુક્લ તે ત્રણ લેશ્યામાં ઉત્તરોત્તર અધિક સમજવું.

**(૬) પરિણામ દ્વાર :–**

**૨૦** **तिविहो व णवविहो वा, सत्तावीसइविहेक्कसिओ वा ।**
**दुसओ तेयालो वा, लेसाणं होइ परिणामो ॥**

**શબ્દાર્થ :– लेसाणं** = આ છએ લેશ્યાઓના **तिविहो** = ત્રણ **सत्तावीसइविह** = સત્યાવીસ **एक्कसीओ** = એક્યાસી **दुसओ तेयालो** = બસો તેંતાળીસ પ્રકારના **परिणामो** = પરિણામ **होइ** = હોય છે.

**ભાવાર્થ :–** આ છએ લેશ્યાઓના ત્રણ, નવ, સત્યાવીસ, એક્યાસી અથવા બસો તેંતાળીસ પ્રકારના પરિણામ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં લેશ્યાના પરિણામોનું કથન છે.

લેશ્યા આત્મપરિણામ–અધ્યવસાયરૂપ છે. અધ્યવસાયોના અસંખ્યાત સ્થાનો છે તેથી લેશ્યામાં પણ અસંખ્યાત પ્રકારની તરતમતા હોય છે. તેમ છતાં સૂત્રકારે અહીં સમજાવવા માટે લેશ્યાના પરિણામોના ત્રણ, નવ આદિ ભેદ કહ્યા છે.

પ્રત્યેક લેશ્યાના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા ત્રણ ભેદ હોય છે. આ ત્રણ ભેદમાં પણ પોતપોતાના સ્થાનોમાં તરતમતાનો જ્યારે વિચાર કરવામાં આવે, ત્યારે તે જઘન્ય આદિ પ્રત્યેકના પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ તે ત્રણ ભેદ થાય છે. આ રીતે ૩ × ૩ = ૯ ભેદ થાય છે. તે નવમાં પણ પ્રત્યેકના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદ કરવાથી ૨૭ ભેદ થાય છે. તે ૨૭માં પ્રત્યેકના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદ કરવાથી ૮૧ ભેદ થાય છે અને તે ૮૧માં પ્રત્યેકના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદ કરવાથી ૨૪૩ ભેદ થાય છે. પન્નવણા સૂત્રમાં કહ્યું છે કે– **तिविहं वा णवविहं वा सत्तावीसइविहं वा इक्कासीइविहं वावि तेयालदुसयविहं वा बहुं वा बहुविहं वा परिणामं परिणमइ, एवं कण्हलेसा** *जाव* **सुक्कलेसा** । કૃષ્ણલેશ્યાથી શુક્લલેશ્યા પર્યંતની છએ લેશ્યા ૩, ૯, ૨૭, ૮૧, ૨૪૩ વગેરે ઘણા-ઘણા પ્રકારના પરિણામરૂપે પરિણમે છે.

**(૭) લક્ષણ દ્વાર :–**

**२१** **पंचासवपवत्तो, तीहिं अगुत्तो छसु अविरओ य ।**
**तिव्वारंभपरिणओ, खुद्दो साहस्सिओ णरो ॥**

**२२** **णिद्धंस परिणामो, णिस्संसो अजिइंदिओ ।**
**एयजोगसमाउत्तो, किण्हलेसं तु परिणमे ॥**

**શબ્દાર્થ :– पंचासव-पवत्तो** = પાંચ આસ્રવમાં પ્રવૃત્તિ કરનાર **तीहिं** = ત્રણ ગુપ્તિઓથી **अगुत्तो** = અગુપ્ત(મન, વચન, કાયાથી આત્માનું ગોપન ન કરનાર) **छसु** = છ કાયના જીવો અંગે **अविरओ** = અવિરત(છકાય જીવોની વિરાધના કરનાર) **तिव्वारंभ-परिणओ** = તીવ્ર ભાવોથી આરંભાદિ કરનાર **खुद्दो** = ક્ષુદ્ર, તુચ્છ **साहसिओ** = સાહસિક **णिद्धंस परिणामो** = નિર્દયતાના પરિણામવાળો **णिस्संसो** = નૃશંસ, ક્રૂર **अजिइंदिओ** = અજિતેન્દ્રિય **एयजोग-समाउत्तो** = આ ઉપરોક્ત પરિણામોથી યુક્ત

**णरो** = માણસ **किण्हलेसं** = કૃષ્ણલેશ્યાના **परिणमे** = પરિણામવાળો હોય છે.

**ભાવાર્થ :–** પ્રાણાતિપાત આદિ પાંચ આશ્રવોમાં પ્રવૃત્ત, ત્રણ ગુપ્તિથી અગુપ્ત, છકાય જીવોનો વિરાધક, તીવ્ર ભાવથી આરંભ-સમારંભના કાર્ય કરનાર, ક્ષુદ્ર, સાહસિક, નિર્દય, ક્રૂર પરિણામી, અજિતેન્દ્રિય ઈત્યાદિ પરિણામોથી જે યુક્ત હોય, તે પુરુષ કૃષ્ણલેશ્યાના પરિણામવાળો હોય છે, અર્થાત્ આવા પરિણામો તે કૃષ્ણલેશ્યાનું લક્ષણ છે. ॥ ૨૧–૨૨ ॥

**૨૩** **इस्सा अमरिस अतवो, अविज्जमाया अहीरिया ।**
**गेही पओसे य सढे, पमत्ते रसलोलुए सायगवेसए य ॥**

**૨૪** **आरंभाओ अविरओ, खुद्दो साहस्सिओ णरो ।**
**एयजोगसमाउत्तो, णील लेसं तु परिणमे ॥**

**શબ્દાર્થ :–** **इस्सा** = ઈર્ષાળુ **अमरिस** = અમર્ષ, કદાગ્રહી **अतवो** = તપસ્યા ન કરનાર **अविज्ज** = અવિદ્યા- વાળો, અજ્ઞાની **माया** = માયાવી **अहीरिया** = નિર્લજ્જ **गेही** = વિષય કષાયમાં ગૃદ્ધિ ભાવ રાખનાર **पओसे** = પ્રદ્વેષ કરનાર **सढे** = શઠ, ધૂર્ત, ઠગ **पमत्ते** = પ્રમાદી **रसलोलुए** = રસલોલુપી **सायगवेसए** = શાતાગવેષક, સુખની શોધ કરનાર **आरंभाओ अविरओ** = આરંભથી નિવૃત્ત ન થનાર **णीललेसं** = નીલલેશ્યાના **परिणमे** = પરિણામવાળો થાય છે.

**ભાવાર્થ :–** ઈર્ષાળુ, ડંખીલો, તપસ્યા ન કરનાર, અજ્ઞાની, માયાવી, નિર્લજ્જ, વિષયાસક્ત, પ્રદ્વેષી, શઠ, પ્રમાદી, રસલોલુપી, સુખ-શાતાનો ગવેષક, આરંભથી અનિવૃત્ત, ક્ષુદ્ર બુદ્ધિવાળો, વગર વિચાર્યે કામ કરનાર; ઈત્યાદિ લક્ષણોથી યુક્ત પુરુષ નીલલેશ્યાના પરિણામવાળો હોય છે. ॥ ૨૩–૨૪ ॥

**૨૫** **वंके वंकसमायरे, णियडिल्ले अणुज्जुए ।**
**पलिउंचगओवहिए, मिच्छादिट्ठी अणारिए ॥**

**૨૬** **उप्फालगदुट्ठवाई य, तेणे यावि य मच्छरी ।**
**एयजोगसमाउत्तो काउलेसं तु परिणमे ॥**

**શબ્દાર્થ :–** **वंके** = વક્ર, કુટિલ વચન બોલનાર **वंकसमायरे** = વક્ર આચરણ કરનાર **णियडिल्ले** = ગાઢમાયા, છળ કપટ કરનાર, મનથી વક્ર **अणुज्जुए** = સરળતા રહિત **पलिउंचग** = પોતાના દોષો છુપાવનાર **ओवहिए** = ઔપધિક, સર્વત્ર છલ-છદ્મનો પ્રયોગ કરનાર, પરિગ્રહી **मिच्छादिट्ठी** = મિથ્યાદષ્ટિ **अणारिए** = અનાર્ય **उप्फालग-दुट्ठवाई** = મર્મભેદી વચન બોલનાર **तेणे** = ચોર **मच्छरी** = મત્સરી (બીજાની ઉન્નતિ જોઈ ન શકનાર) **काउलेसं** = કાપોતલેશ્યાના **परिणमे** = પરિણામવાળો થાય છે.

**ભાવાર્થ :–** વક્ર વચન બોલનાર, વક્ર આચરણ કરનાર, છળકપટ કરનાર, સરળતા રહિત, સ્વદોષોને છુપાવનાર, સર્વત્ર છળ-કપટનો પ્રયોગ કરનાર, પરિગ્રહી, મિથ્યાદષ્ટિ, અનાર્ય, મર્મ ભેદી વચન બોલનાર, ચોર, બીજાની ઉન્નતિ સહન ન કરી શકનાર ઈત્યાદિ લક્ષણોથી યુક્ત પુરુષ કાપોતલેશ્યાના પરિણામવાળો હોય છે.

**૨૭** **णीयावित्ती अचवले, अमाई अकुऊहले ।**
**विणीयविणए दंते, जोगवं उवहाणवं ॥**

**૨૮** **पियधम्मे दढधम्मे, अवज्ज भीरु हिएसए ।**
**एयजोग समाउत्तो, तेउलेसं तु परिणमे ॥**

**શબ્દાર્થ :– णीयावित्ती** = નમ્ર વૃત્તિવાળા, અહંકાર રહિત **अचवले** = ચપલતા રહિત **अमाई** = માયા રહિત **अकुऊहले** = કુતૂહલ આદિ ન કરનાર **विणीय-विणए** = વિનયવાન, પરમ વિનયભક્તિ કરનાર **दंते** = ઇન્દ્રિયોનું દમન કરનાર **जोगवं** = યોગવાન, યોગ સિદ્ધ, મન, વચન અને કાયાને વશમાં રાખનાર સ્વાધ્યાય આદિમાં રત રહેનાર **उवहाणवं** = ઉપધાનવાન, તપ કરનાર **पियधम्मे** = પ્રિય ધર્મા, ધર્મમાં પ્રેમ રાખનાર **दढधम्मे** = દઢધર્મા, ધર્મમાં દઢ રહેનાર **अवज्जभीरू** = અવદ્યભીરુ, પાપથી ડરનાર **हिए सए** = હિતૈષી, બધા પ્રાણીઓનું હિત ઇચ્છનાર **तेउलेसं** = તેજોલેશ્યાના **परिणमे** = પરિણામવાળા હોય છે.

**ભાવાર્થ :–** નમ્ર, અચપલ, અમાયી, અકુતૂહલી, પરમ વિનય કરનાર, ઇન્દ્રિયોનું દમન કરનાર, યોગનિષ્ઠ, સમયે-સમયે તપસ્યા કરનાર, પ્રિયધર્મી, દઢધર્મી, પાપભીરુ, સર્વ જીવોના હિતૈષી ઇત્યાદિ લક્ષણોથી યુક્ત પુરુષ તેજોલેશ્યાના પરિણામવાળો હોય છે.

**૨૯** **पयणु कोहमाणे य, मायालोभे य पयणुए ।**
**पसंतचित्ते दंतप्पा, जोगवं उवहाणवं ॥**

**૩૦** **तहा पयणुवाई य, उवसंते जिइंदिए ।**
**एयजोग समाउत्तो, पम्हलेसं तु परिणमे ॥**

**શબ્દાર્થ :– पयणु-कोहमाणे** = અલ્પ ક્રોધવાળા, અલ્પ માનવાળા **पयणुए माया-लोभे** = અલ્પ માયા અને અલ્પ લોભવાળા **पसंतचित्ते** = પ્રશાંત ચિત્તવાળા, **दंतप्पा** = દાન્તાત્મા, પોતાના આત્માનું(ઇન્દ્રિયોનું) દમન કરનાર **पयणुवाई** = પ્રતનુવાદી, પરિમિત બોલનાર **उवसंते** = ઉપશાંત **जिइंदिए** = જિતેન્દ્રિય **पम्हलेसं** = પદ્મલેશ્યાના **परिणमे** = પરિણામવાળો હોય છે.

**ભાવાર્થ :–** અલ્પ ક્રોધ, માન, માયા અને લોભવાળા, પ્રશાંતચિત્ત, આત્માનું દમન કરનાર, યોગનિષ્ઠ, તપસ્યા કરનાર, અલ્પભાષી, ઉપશાંત અને જિતેન્દ્રિય ઇત્યાદિ લક્ષણોથી યુક્ત પુરુષ પદ્મલેશ્યાના પરિણામ- વાળો હોય છે. ॥ ૨૯–૩૦ ॥

**૩૧** **अट्ट रुद्दाणि वज्जित्ता, धम्म सुक्काणि झायए ।**
**पसंतचित्ते दंतप्पा, समिए गुत्ते य गुत्तिसु ॥**

**૩૨** **सरागे वीयरागे वा, उवसंते जिइंदिए ।**
**एयजोग समाउत्तो, सुक्कलेसं तु परिणमे ॥**

**શબ્દાર્થ :– अट्ट-रुद्दाणि** = આર્તધ્યાન અને રૌદ્રધ્યાન **वज्जित्ता** = છોડીને **धम्म-सुक्काणि** = ધર્મધ્યાન અને શુક્લધ્યાન **झायए** = ધ્યાન કરે છે **समिए** = પાંચ સમિતિઓથી યુક્ત **गुत्तिसु** = ત્રણ ગુપ્તિઓથી **गुत्ते** = ગુપ્ત **सरागे** = સરાગી, અલ્પ રાગી **वीयरागे** = વીતરાગી **सुक्कलेसं** = વિશિષ્ટ શુક્લલેશ્યાના **परिणमे** = પરિણામવાળો હોય છે.

**ભાવાર્થ :–** આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરીને ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં લીન, પ્રશાંતચિત્ત

અને આત્માનું દમન કરનાર, પાંચ સમિતિઓથી યુક્ત અને ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, અલ્પ રાગી કે વીતરાગી, ઉપશાંત અને જિતેન્દ્રિય, ઈત્યાદિ લક્ષણોથી યુક્ત જીવ શુક્લલેશ્યાના પરિણામવાળા હોય છે.II૩૧–૩૨II

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં લેશ્યાઓના લક્ષણોનું નિરૂપણ છે.

લેશ્યા આત્મપરિણામરૂપ છે અને આત્માના પરિણામો અરૂપી હોય છે, તેમ છતાં તે તે પરિણામ-વાળા જીવોની બાહ્ય પ્રવૃત્તિના આધારે તે તે લેશ્યાઓને જાણી શકાય છે.

છ એ લેશ્યાના પરિણામો ક્રમશઃ ઉત્તરોત્તર શુદ્ધ, વિશુદ્ધ થતાં જાય છે. પૂવાચાર્યોએ છ લેશ્યાના પરિણામોને જાંબુવૃક્ષના દષ્ટાંતથી સમજાવ્યા છે.

છ મિત્રો જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યાં જાંબુવૃક્ષને જોઈને છએ મિત્રોને જાંબુ ખાવાની ઈચ્છા થઈ. જાંબુ મેળવવા માટે છ મિત્રોએ પોત પોતાની ભિન્ન-ભિન્ન વિચારધારા પ્રગટ કરી.

પ્રથમ મિત્રે કહ્યું– જાંબુવૃક્ષને કાપીને આપણે અઢળક જાંબુ મેળવીએ અને આપણી ઈચ્છાપૂર્તિ કરીએ. બીજા મિત્રે કહ્યું– સમસ્ત વૃક્ષને શા માટે કાપવું ? વૃક્ષના જે વિભાગમાં જાંબુ છે તે મોટી મોટી શાખાને કાપવાથી જાંબુ મળી જશે, ત્રીજા મિત્રે કહ્યું– મોટી શાખાને કાપવાની પણ જરૂર નથી. જાંબુ તો નાની ડાળ પર જ લટકી રહ્યા છે, તેને જ તોડી લઈએ. ચોથા મિત્રે કહ્યું– નાની કે મોટી કોઈ પણ શાખાને તોડવાની જરૂર નથી; જાંબુના લટકતા ગુચ્છને તોડી લઈએ. પાંચમા મિત્રે કહ્યું– તે ગુચ્છમાં રહેલા પાંદડા વગેરેની પણ જરૂર નથી, આપણે જાંબુ જ જોઈએ છે, તો જાંબુને જ તોડી લઈએ. છટ્ઠા મિત્રે કહ્યું– જાંબુ જ ખાવા છે, તો નીચે ઘણા જાંબુ પડ્યા છે, તેને ગ્રહણ કરીને આપણી ઈચ્છા પૂર્ણ કરીએ. તેમાં વૃક્ષને કે વૃક્ષના કોઈ પણ વિભાગને પીડા પહોંચાડવાની જરૂર નથી.

એક જ પ્રયોજનને સિદ્ધ કરવા માટે છ એ મિત્રોની વિચારધારાને જોતાં સ્પષ્ટ થાય છે કે પ્રથમ મિત્રની વિચારધારા અત્યંત ક્રૂર છે. પોતાની ઈચ્છાપૂર્ણ કરવા તે સમગ્ર વૃક્ષનો નાશ કરવા તૈયાર છે, ત્યાર પછીના મિત્રોની વિચારધારા ક્રમશઃ શુદ્ધ, વિશુદ્ધ છે. તે છ એ મિત્રોની વિચારધારા ક્રમશઃ છ લેશ્યાના પરિણામોને સ્પષ્ટ કરે છે. સૂત્રકારે છએ લેશ્યાના લક્ષણો વિસ્તારથી સમજાવ્યા છે, તે ગાથાર્થથી સ્પષ્ટ છે. સંક્ષેપમાં કૃષ્ણ લેશ્યામાં ક્રૂરતા અને સ્વાર્થ વૃત્તિની પ્રધાનતા છે; તેમજ નીલેશ્યામાં ઈર્ષ્યા, અદેખાઈ અને તુચ્છવૃત્તિ છે; કાપોતલેશ્યામાં માયાકપટ; તેજોલેશ્યામાં નમ્રતા, વિનય, વિવેક; પદ્મલેશ્યામાં કષાયોની ઉપશાંતતા અને ઈન્દ્રિયવિજય; શુક્લ લેશ્યામાં ધર્મધ્યાન, શુક્લધ્યાનના પુરુષાર્થ રૂપ લક્ષણો પ્રધાનપણે પ્રતીત થાય છે.

**छसु अविरओ** = પૃથ્વીકાયાદિ ષટ્કાય જીવોની હિંસા આદિથી વિરામ પામેલો ન હોય. **तिव्वारंभ-परिणओ** = શરીરથી અને અધ્યવસાયથી આરંભ-સમારંભમાં જે રચ્યોપચ્યો હોય છે, તે તીવ્રારંભ પરિણત કહેવાય. **णिद्धंस-परिणामो** = નિર્દયતાના પરિણામવાળો. જેના મનના પરિણામમાં આ લોક અને પરલોકમાં મળનારા દુઃખ અથવા દંડાદિનો કોઈ વિચાર જ ન હોય, અન્ય પ્રાણીઓના દુઃખની પણ કોઈ વિચારણા ન હોય. **साय-गवेसए** = અહર્નિશ પોતાના જ સુખની ચિંતામાં રહેતો હોય. "મને સુખ મળે" તેની જ શોધમાં સતત તલ્લીન રહેતો હોય છે. **एयजोग-समाउत्तो** = આ પૂર્વોક્ત લક્ષણોથી યુક્ત, સૂત્રોક્ત આ લક્ષણોમાં મન, વચન, કાયાને રોકી રાખનાર. **काउलेसं तु परिणमे** = કાપોતલેશ્યાના પરિણામવાળો છે અર્થાત્ તેની મનઃપરિણતિ કાપોતલેશ્યાની છે. આ જ રીતે બીજી લેશ્યાઓની બાબતમાં સમજવું. **विणीय-विणए** = વિનયોપનત, પોતાના ગુરુ આદિનો ઉચિત વિનય કરવામાં

અભ્યસ્ત, વિનયથી ભાવિત અંતઃકરણવાળો.

**अकुऊहले–** કુતૂહલ થાય તેવી ઈન્દ્રજાળ–જાદુ બતાવવા આદિ પ્રવૃત્તિ ન કરનાર, ઠઠ્ઠા–મશ્કરી ન કરનાર અકુતૂહલી કહેવાય છે. **जोगवं–** યોગવાન, યોગસિદ્ધ. મન, વચન અને કાયાને પૂર્ણ રીતે નિયંત્રણમાં રાખી શકનાર સાધક યોગનિષ્ઠ કે યોગવાન કહેવાય છે. **पियधम्मे–** ધર્મના અનુષ્ઠાનોમાં રુચિ રાખનાર પ્રિયધર્મી કહેવાય છે. **दढधम्मे–** દઢતાપૂર્વક પ્રતિજ્ઞાઓનું પાલન કરનાર દઢધર્મી કહેવાય છે. **उवहाणवं–** તપસ્વી, યથા સમય તપ કરનાર તેમજ શાસ્ત્ર અધ્યયન સંબંધી તપસ્યા કરનાર ઉપધાનવાન કહેવાય છે.

**(૮) સ્થાન દ્વાર :–**

**૩૩** **असंखिज्जाणोसप्पिणीण, उस्सप्पिणीण जे समया ।**
**संखाईया लोगा, लेसाणं हवंति ठाणाइं ॥**

**શબ્દાર્થ :– असंखिज्जाण** = અસંખ્યાત **ओसप्पिणीण** = અવસર્પિણીકાલના **उस्सप्पिणीण** = ઉત્સર્પિણી- કાલના **जे** = જેટલા **समया** = સમય છે **संखाईया लोगा** = અસંખ્ય લોકના જેટલા પ્રદેશો છે એટલા **लेसाणं** = લેશ્યાઓના **ठाणाइं** = સ્થાન **हवंति** = હોય છે.

**ભાવાર્થ :–** અસંખ્યાત અવસર્પિણીકાલ તથા અસંખ્યાત ઉત્સર્પિણીકાલના જેટલા સમય હોય છે અથવા અસંખ્યાત લોકના જેટલા આકાશ પ્રદેશો હોય છે એટલા જ લેશ્યાઓના સ્થાન(શુભાશુભ ભાવોની ચઢતી ઉતરતી અવસ્થાઓ) હોય છે.

**વિવેચન :–**

**લેશ્યા સ્થાન–** અંતઃકરણમાં ઉત્પન્ન થનારા શુભ અને અશુભ અધ્યવસાયોની તરતમતાને લેશ્યા સ્થાન કહે છે. તેના અસંખ્યાત ભેદ થાય છે. પ્રસ્તુત ગાથામાં તે અસંખ્યાતની રાશિનું પ્રમાણ, ક્ષેત્ર અને કાલની અપેક્ષાએ પ્રદર્શિત કર્યું છે.

**કાલની અપેક્ષાએ લેશ્યાસ્થાન–** દશ ક્રોડાક્રોડી સાગરોપમનો એક અવસર્પિણીકાળ હોય છે, દશ ક્રોડાક્રોડી સાગરોપમનો એક ઉત્સર્પિણીકાળ હોય છે. બંને કાલ મળીને વીસ ક્રોડાક્રોડી સાગરોપમનું કાળ ચક્ર કહેવાય છે. તેના અસંખ્યાત સમય છે. તેવી અસંખ્યાત ઉત્સર્પિણી તથા અવસર્પિણીકાળના જેટલા સમય થાય છે તેટલા લેશ્યાઓના સ્થાન છે.

**ક્ષેત્રની અપેક્ષાએ લેશ્યાસ્થાન–** એક લોકાકાશના પ્રદેશો અસંખ્યાત છે. તેવા અસંખ્યાત લોકાકાશની કલ્પના કરવામાં આવે તો તે સર્વના આકાશ પ્રદેશોની જેટલી સંખ્યા થાય તેટલા લેશ્યાઓના સ્થાન છે. લેશ્યાઓના જે સ્થાન છે તેમાં અશુભલેશ્યાઓના સંક્લેશરૂપ સ્થાન હોય છે અને શુભલેશ્યાઓના વિશુદ્ધિ રૂપ સ્થાન હોય છે. લેશ્યાસ્થાન એટલે પરિણામોની શુભાશુભ ધારા. તે અનુસાર શુભાશુભ કર્મોનો બંધ થાય છે.

**(૯) સ્થિતિ દ્વાર : લેશ્યાની સમુચ્ચયસ્થિતિ :–**

**૩૪** **मुहुत्तद्धं तु जहण्णा, तेतीसा सागरा मुहुत्तहिया ।**
**उक्कोसा होइ ठिई, णायव्वा किण्हलेसाए ॥**

**શબ્દાર્થ :– किण्हलेसाए** = કૃષ્ણલેશ્યાની **जहण्णा** = જઘન્ય **ठिई** = સ્થિતિ **मुहुत्तद्धं** = અર્ધર્મુહૂર્ત અર્થાત્ અંતર્મુહૂર્ત **उक्कोसा** = ઉત્કૃષ્ટ **मुहुत्तहिया** = અંતર્મુહૂર્ત અધિક **तेतीसा** = તેત્રીસ **सागरा** = સાગરોપમની **होइ** = હોય છે **णायव्वा** = જાણવું જોઈએ.

**ભાવાર્થ :–** કૃષ્ણલેશ્યાની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ એક મુહૂર્ત અધિક તેત્રીસ સાગરોપમની જાણવી જોઈએ.

**૩૫** **मुहुत्तद्धं तु जहण्णा, दस उदही पलियमसंखभागमब्भहिया ।**
**उक्कोसा होइ ठिई, णायव्वा णीललेसाए ॥**

**શબ્દાર્થ :– णीललेसाए** = નીલલેશ્યાની **पलियमसंखभाग-मब्भहिया** = પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક **दस** = દશ **उदही** = સાગરોપમની.

**ભાવાર્થ :–** નીલલેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક દસ સાગરોપમની જાણવી જોઈએ.

**૩૬** **मुहुत्तद्धं तु जहण्णा, तिण्णुदही पलियमसंखभागमब्भहिया ।**
**उक्कोसा होइ ठिई, णायव्वा काउलेसाए ॥**

**શબ્દાર્થ :– काउलेसाए** = કાપોતલેશ્યાની **तिण्णुदही** = ત્રણ સાગરોપમની.

**ભાવાર્થ :–** કાપોતલેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક ત્રણ સાગરોપમ પ્રમાણ જાણવી જોઈએ.

**૩૭** **मुहुत्तद्धं तु जहण्णा, दोण्णुदही पलियमसंखभागमब्भहिया ।**
**उक्कोसा होइ ठिई, णायव्वा तेउलेसाए ॥**

**શબ્દાર્થ :– तेउलेसाए** = તેજોલેશ્યાની **दोण्णुदही** = બે સાગરોપમની.

**ભાવાર્થ :–** તેજોલેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક બે સાગરોપમની જાણવી જોઈએ.

**૩૮** **मुहुत्तद्धं तु जहण्णा, दस उदही होइ मुहुत्तमब्भहिया ।**
**उक्कोसा होइ ठिई, णायव्वा पम्हलेसाए ॥**

**શબ્દાર્થ :– पम्हलेसाए** = પદ્મલેશ્યાની **मुहुत्तमब्भहिया** = અંતર્મુહૂર્ત અધિક **दस उदही** = દશ સાગરોપમની.

**ભાવાર્થ :–** પદ્મલેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક મુહૂર્ત અધિક દશ સાગરોપમની જાણવી જોઈએ.

**૩૯** **मुहुत्तद्धं तु जहण्णा, तेतीसं सागरामुहुत्तहिया ।**
**उक्कोसा होइ ठिई, णायव्वा सुक्कलेसाए ॥**

**શબ્દાર્થ :– सुक्कलेसाए** = શુક્લલેશ્યાની **तेतीसं सागरा** = તેત્રીસ સાગરોપમ **मुहुत्तहिया** =

મુહુર્ત અધિક.

**ભાવાર્થ :–** શુક્લલેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક મુહૂર્ત અધિક તેત્રીસ સાગરોપમની જાણવી જોઈએ.

**૪૦** **एसा खलु लेसाणं, ओहेण ठिई वण्णिया होइ ।**
**चउसु वि गइसु एत्तो, लेसाणं ठिइं तु वोच्छामि ॥**

**શબ્દાર્થ :– ओहेण** = ઓઘરૂપે, સામાન્યરૂપે **लेसाण** = લેશ્યાઓની **एसा** = આ **ठिई** = સ્થિતિ **वण्णिया होई** = કહી છે **एत्तो** = અહિંથી આગળ **चउसु वि** = ચારે ય **गइसु** = ગતિઓમાં **वोच्छामि** = કહીશ.

**ભાવાર્થ :–** સામાન્ય રૂપથી લેશ્યાઓની આ સ્થિતિઓનું કથન કર્યું. હવે ચારે ય ગતિઓની અપેક્ષાએ લેશ્યાઓની સ્થિતિનું વર્ણન કરીશ.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં છ એ લેશ્યાની સમુચ્ચય સ્થિતિનું કથન છે.

કોઈ પણ લેશ્યાના પરિણામો અંતર્મુહૂર્ત પર્યંત જ રહે છે, ત્યાર પછી તેમાં અવશ્ય પરિવર્તન થઈ જાય છે. તેથી **ભાવલેશ્યાની સ્થિતિ અંતર્મુહૂર્તની જ હોય છે.** દ્રવ્યલેશ્યા નારકી અને દેવોમાં જન્મથી મૃત્યુ પર્યંત એક જ હોય છે. મનુષ્ય અને તિર્યંચમાં અધ્યવસાય પ્રમાણે દ્રવ્ય લેશ્યાનું પરિવર્તન અંતર્મુહૂર્તમાં પણ થયા કરે છે. પ્રસ્તુત પ્રસંગમાં **દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ** સ્થિતિનું કથન છે. છએ લેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની જ હોય છે.

**કૃષ્ણલેશ્યા**ની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત અધિક ૩૩ સાગરોપમની છે. તે સાતમી નરકના નૈરયિકોની અપેક્ષાએ છે. સાતમી નરકની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમની છે. તેમજ જીવ જે લેશ્યામાં મૃત્યુ પામે તે જ લેશ્યામાં જન્મ પામે છે, તેથી પૂર્વભવના અંતિમ અંતર્મુહૂર્તમાં અને સાતમી નરકમાંથી નીકળીને જ્યાં ઉત્પન્ન થશે ત્યાં પણ ઉત્પત્તિના પ્રથમ અંતર્મુહૂર્તમાં કૃષ્ણલેશ્યા જ હોય છે. તેથી તે બે અંતર્મુહૂર્ત અધિક ૩૩ સાગરોપમની સ્થિતિ થાય છે. અંતર્મુહૂર્તના અસંખ્ય ભેદ હોવાથી અહીં બે અંતર્મુહૂર્તનો સમાવેશ એક અંતર્મુહૂર્તમાં કરીને અંતર્મુહૂર્ત અધિક ૩૩ સાગરોપમની સ્થિતિ કહી છે. આ રીતે છ એ લેશ્યામાં અંતર્મુહૂર્ત અધિક સ્થિતિનું કથન, પૂર્વભવ અને પછીના ભવના સમ્મિલિત અંતર્મુહૂર્તની અપેક્ષાએ સમજવું.

**નીલલેશ્યા**ની ઉત્કૃષ્ટ સ્થિતિ દશસાગરોપમ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. તે પાંચમી નરકની પ્રારંભિક સ્થિતિઓની અપેક્ષાએ છે. તેમાં પૂર્વ-પશ્ચાત્ ભવના અંતર્મુહૂર્તનો સમાવેશ પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં થઈ જાય છે, તેથી તેનું પૃથક્ કથન નથી.

**કાપોતલેશ્યા**ની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ સાગરોપમ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. તે ત્રીજી નરકની પ્રારંભિક સ્થિતિઓની અપેક્ષાએ છે.

**તેજો લેશ્યા**ની ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. તે બીજા ઈશાન દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિની અપેક્ષાએ છે.

**પદ્મલેશ્યા**ની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત અધિક દશ સાગરોપમની છે. તેમાં દશ સાગરોપમ પાંચમા બ્રહ્મલોક દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિની અપેક્ષાએ છે અને અંતર્મુહૂર્ત પૂર્વ-પશ્ચાત્ ભવની અપેક્ષાએ છે.

**શુક્લલેશ્યાની** ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત અધિક તેત્રીસ સાગરોપમની છે. તેમાં ૩૩ સાગરોપમ અનુત્તર વિમાનના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિની અપેક્ષાએ છે અને અંતર્મુહૂર્ત પૂર્વ-પશ્ચાત્ ભવોની અપેક્ષાએ છે.

**मुहुत्तद्धं–મુહૂર્તાર્દ્ધ :–** એક સમયથી વધારે અને પૂર્ણ મુહૂર્તથી ઓછા, નાના-મોટા બધા અંશો અહીં વિવક્ષિત છે. તેથી અહીં મુહૂર્તાર્ધનો અર્થ અંતર્મુહૂર્ત સમજવો.

**નારકોની લેશ્યાસ્થિતિ :–**

**૪૧** **दसवास सहस्साइं, काउए ठिई जहण्णिया होइ ।**
**तिण्णुदही पलिओवम, असंखभागं च उक्कोसा ॥**

**શબ્દાર્થ :– काउए** = કાપોતલેશ્યાની **जहण्णिया** = જઘન્ય **ठिई** = સ્થિતિ **दसवास सहस्साइं** = દશ હજાર વર્ષની **उक्कोसा** = ઉત્કૃષ્ટ **तिण्णुदही** = ત્રણ સાગરોપમ અને **पलिओवम असंखभागं** = પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક **होइ** = હોય છે.

**ભાવાર્થ :–** [નૈરયિકોની] કાપોતલેશ્યાની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક ત્રણ સાગરોપમની છે.

**૪૨** **तिण्णुदही पलिओवम, असंखभागो जहण्णेण णीलठिई ।**
**दस उदही पलिओवमं, असंखभागं च उक्कोसा ॥**

**ભાવાર્થ :–** [નૈરયિકોની] નીલલેશ્યાની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમો ભાગ અધિક ત્રણ સાગરોપમ અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમો ભાગ અધિક દશ સાગરોપમની છે.

**૪૩** **दस उदही पलिओवम, असंखभागं जहण्णिया होइ ।**
**तेत्तीसं सागराइं, उक्कोसा होइ किण्हाए ॥**

**ભાવાર્થ :–** કૃષ્ણલેશ્યાની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમો ભાગ અધિક દશ સાગરોપમની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે.

**૪૪** **एसा णेरइयाणं लेसाण ठिई उ वण्णिया होइ ।**
**तेण परं वुच्छामि, तिरियमणुस्साण देवाणं ॥**

**શબ્દાર્થ :– एसा** = આ **णेरइयाणं** = નૈરયિક જીવોની **लेसाण** = લેશ્યાઓની **ठिई** = સ્થિતિનું **वण्णिया होइ** = વર્ણન થયું છે **तेण परं** = ત્યાર પછી **तिरिय-मणुस्साण-देवाणं** = તિર્યંચ, મનુષ્ય અને દેવતાઓની લેશ્યાઓની સ્થિતિનું **वुच्छामि** = વર્ણન કરીશ.

**ભાવાર્થ :–** આ નૈરયિક જીવોની લેશ્યાઓની સ્થિતિનું વર્ણન થયું. ત્યાર પછી તિર્યંચો, મનુષ્યો અને દેવોની લેશ્યાઓની સ્થિતિનું વર્ણન કરીશ.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં નૈરયિકોમાં લેશ્યાની સ્થિતિનું પ્રતિપાદન છે.

નૈરયિકોને કૃષ્ણ, નીલ અને કાપોત તે ત્રણ અશુભલેશ્યા હોય છે. તેમાં પહેલી, બીજી નરકમાં

કાપોતલેશ્યા; ત્રીજી નરકમાં કાપોત અને નીલ લેશ્યા; ચોથી નરકમાં નીલ લેશ્યા; પાંચમી નરકમાં નીલ અને કૃષ્ણ લેશ્યા; છટ્ઠી, સાતમી નરકમાં કૃષ્ણલેશ્યા હોય છે.

પ્રસ્તુત ગાથાઓમાં તથા અન્ય આગમોમાં લેશ્યાની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિનું સમુચ્ચયરૂપે કથન છે. પ્રસ્તટોની અપેક્ષાએ નૈરયિકોની સ્થિતિનું કે તેની લેશ્યાનું સ્પષ્ટીકરણ મૂળપાઠમાં પ્રાપ્ત થતું નથી.

**વ્યાખ્યાગ્રંથોમાં** લેશ્યા-સ્થિતિ માટે પ્રસ્તટોનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે– **કાપોતલેશ્યા**ની સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષની છે; તે પ્રથમ નરકના પ્રથમ પ્રસ્તટની અપેક્ષાએ છે અને ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે, તે ત્રીજી નરકના પ્રથમ પ્રસ્તટની અપેક્ષાએ છે.

દરેક નરકમાં જુદી-જુદી સંખ્યામાં પ્રસ્તટો છે અને દરેક પ્રસ્તટમાં રહેલા નારકોની સ્થિતિ ભિન્ન-ભિન્ન હોય છે. પ્રથમ નરકમાં દશ હજાર વર્ષની જઘન્ય સ્થિતિ પ્રથમ પ્રસ્તટની અપેક્ષાએ અને ઉત્કૃષ્ટ એક સાગરોપમની સ્થિતિ તેરમા પ્રસ્તટની અપેક્ષાએ છે. આ રીતે નરકના પ્રસ્તટોમાં સ્થિતિનો ક્રમ જાણવો અને તે કારણે દરેક સ્થાનોમાં લેશ્યાની ભિન્ન-ભિન્ન સ્થિતિ છે.

**નીલ લેશ્યા**ની જઘન્ય સ્થિતિ ત્રણ સાગરોપમ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. તે કાપોત લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિથી કંઈક અધિક હોય છે. ત્રીજી નરકમાં કાપોત અને નીલ બે લેશ્યા હોય છે, તેના પ્રથમ પ્રસ્તટમાં કાપોત લેશ્યા અને ત્યાર પછીના પ્રસ્તટમાં નીલ લેશ્યા હોય છે. તેથી નીલ લેશ્યાની જઘન્ય સ્થિતિ ત્રીજી નરકના બીજા પ્રસ્તટમાં હોય છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ દશ સાગરોપમ અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક છે; તે પાંચમી નરકના પ્રથમ પ્રસ્તટની અપેક્ષાએ છે. પાંચમી નરકમાં નીલ અને કૃષ્ણ લેશ્યા હોય છે. તેમાં પ્રથમ પ્રસ્તટમાં નીલ લેશ્યા અને ત્યાર પછીના પ્રસ્તટમાં કૃષ્ણ લેશ્યા હોય છે.

**કૃષ્ણ લેશ્યા**ની જઘન્ય સ્થિતિ દશ સાગરોપમ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક છે. તે નીલ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિથી કંઈક અધિક હોય છે. તે પાંચમી નરકના બીજા પ્રસ્તટની અપેક્ષાએ છે અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અધિક તેત્રીસ સાગરોપમની છે તે સાતમી નરકના નારકીની અપેક્ષાએ છે.

**મનુષ્ય–તિર્યંચની લેશ્યાસ્થિતિ :–**

**૪૫** **अंतोमुहुत्तमद्धं, लेसाण ठिई जहिं जहिं जा उ ।**
**तिरियाणं णराणं वा, वज्जित्ता केवलं लेसं ॥**

**શબ્દાર્થ :– केवलं लेसं** = કેવળીની શુભ લેશ્યાને **वज्जित्ता** = વર્જીને **तिरियाणं** = તિર્યંચ **णराणं** = મનુષ્યોમાં **जहिं जहिं** = જ્યાં જ્યાં **जा उ** = જે જે લેશ્યા છે **लेसाणं** = તે લેશ્યાઓની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ **अंतोमुहुत्तमद्धं** = અંતર્મુહૂર્તની છે.

**ભાવાર્થ :–** કેવળીની શુક્લલેશ્યાને છોડીને મનુષ્ય અને તિર્યંચમાં જ્યાં જેટલી લેશ્યાઓનો સદ્ભાવ છે, તે સર્વની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

**૪૬** **मुहुत्तद्धं तु जहण्णा, उक्कोसा होइ पुव्वकोडी उ ।**
**णवहिं वरिसेहिं ऊणा, णायव्वा सुक्कलेसाए ॥**

**શબ્દાર્થ :– सुक्कलेसाए** = (કેવળીની) શુક્લલેશ્યાની **मुहुत्तद्धं** = અંતર્મુહૂર્તની **णवहिं वरिसेहिं**

**ऊणा** = નવ વર્ષ ઓછી **पुव्वकोडी** = એક ક્રોડપૂર્વની **होइ** = હોય છે એમ **णायव्वा** = જાણવું જોઈએ.

**ભાવાર્થ :–** કેવળી ભગવાનની શુક્લલેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક ક્રોડ પૂર્વ વર્ષમાં નવ વર્ષ ઓછી છે.

**૪૭** **एसा तिरियणराणं, लेसाण ठिई उ वण्णिया होइ ।**
**तेण परं वोच्छामि, लेसाण ठिई उ देवाणं ॥**

**ભાવાર્થ :–** મનુષ્યો અને તિર્યંચોની લેશ્યાઓની સ્થિતિનું આ વર્ણન પૂર્ણ થયું. ત્યાર પછી દેવોની લેશ્યાઓની સ્થિતિનું વર્ણન કરીશ.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં મનુષ્ય અને તિર્યંચગતિના જીવોની લેશ્યાઓની સ્થિતિનું નિરૂપણ છે.

કેવળી ભગવાનને છોડીને શેષ મનુષ્ય અને તિર્યંચમાં લેશ્યાની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની જ હોય છે. અંતર્મુહૂર્તમાં જ તેના ભાવોમાં પરિવર્તન થઈ જાય છે. ભાવ લેશ્યા અનુસાર તેની દ્રવ્યલેશ્યા પણ પરિવર્તન પામે છે.

તેમાં પૃથ્વી, પાણી, વનસ્પતિમાં પ્રથમ ચાર લેશ્યા; તેઉકાય, વાયુકાય, ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્યમાં પ્રથમ ત્રણ લેશ્યા; સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્યમાં છ લેશ્યા હોય છે.

કેવળી ભગવાનને સદા શુક્લલેશ્યાનો જ સદ્ભાવ હોય છે. તેઓની શુક્લલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ એક ક્રોડપૂર્વ વર્ષમાં નવ વર્ષ ઓછી કહી છે. કારણ કે પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળા કોઈ નવ વર્ષની ઉંમરના મનુષ્યને કેવળજ્ઞાન થાય, તેમની અપેક્ષાએ એક ક્રોડ પૂર્વમાં નવ વર્ષ ન્યૂન સ્થિતિ શુક્લલેશ્યાની સંભવે છે.

**દેવોની લેશ્યા સ્થિતિ :–**

**૪૮** **दसवास सहस्साइं, किण्हाए ठिई जहण्णिया होइ ।**
**पलियमसंखिज्जइमो, उक्कोसा होइ किण्हाए ॥**

**શબ્દાર્થ :– किण्हाए** = કૃષ્ણલેશ્યાની **दसवाससहस्साइं** = દશ હજાર વર્ષની **पलियमसंखिज्जइमो** = પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.

**ભાવાર્થ :–** [દેવોની] કૃષ્ણલેશ્યાની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની છે.

**૪૯** **जा किण्हाए ठिई खलु, उक्कोसा सा उ समयमब्भहिया ।**
**जहण्णेणं णीलाए, पलियमसंखं च उक्कोसा ॥**

**શબ્દાર્થ :– समयमब्भहिया** = એક સમય અધિક **णीलाए** = નીલલેશ્યાની **पलियमसंखं** = પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક.

**ભાવાર્થ :–** [દેવોની] કૃષ્ણલેશ્યાની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે તેનાથી એક સમય અધિક નીલલેશ્યાની જઘન્ય સ્થિતિ છે અને તેની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની છે.

**૫૦** **जा णीलाए ठिई खलु, उक्कोसा सा उ समयमब्भहिया ।**
**जहण्णेणं काऊए, पलियमसंखं च उक्कोसा ॥**

**ભાવાર્થ :–** નીલલેશ્યાની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે તેનાથી એક સમય અધિક કાપોતલેશ્યાની જઘન્ય સ્થિતિ છે અને તેની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી છે.

**૫૧** **तेण परं वोच्छामि, तेऊ लेसा जहा सुरगणाणं ।**
**भवणवइ वाणमंतर, जोइस वेमाणियाण च ॥**

**શબ્દાર્થ :–** **तेणं परं** = ત્યાર પછી **भवणवइ-वाणमंतर-जोइस-वेमाणियाणं च** = ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક **सुरगणाणं** = દેવતાઓના સમૂહમાં **तेऊलेसा** = તેજોલેશ્યાની સ્થિતિ **जहा** = જે પ્રકારની હોય છે તે **वोच्छामि** = હું કહીશ.

**ભાવાર્થ :–** ત્યાર પછી ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોની તેજોલેશ્યાની સ્થિતિનું હું નિરૂપણ કરીશ.

**૫૨** **दसवास सहस्साइं, तेउए ठिई जहण्णिया होइ ।**
**दुण्णुदही पलिओवम, असंखभागं च उक्कोसा ॥**

**શબ્દાર્થ :–** **पलिओवम असंखभागं** =પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સહિત **दुण्णुदही** = બે સાગરોપમની છે.

**ભાવાર્થ :–** [સમુચ્ચય રીતે દેવોની] તેજોલેશ્યાની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમો ભાગ અધિક બે સાગરોપમની છે.

**૫૩** **पलिओवमं जहण्णा, उक्कोसा सागरा उ दुण्णहिया ।**
**पलियमसंखेज्जेणं, होइ भागेण तेऊए ॥**

**શબ્દાર્થ :–** **तेऊए** = તેજોલેશ્યાની **जहण्णा** = જઘન્ય, સ્થિતિ **पलिओवमं** = એક પલ્યોપમ **उक्कोसा** = ઉત્કૃષ્ટ સ્થિતિ **पलियमसंखेज्जेणं** = પલ્યોપમના અસંખ્યાતમા **भागेण** = ભાગ સહિત **दुण्णहिया** = બે અધિક **सागरा** = સાગરોપમ **होइ** = છે.

**ભાવાર્થ :–** [વૈમાનિક દેવોની] તેજોલેશ્યાની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક બે સાગરોપમની છે.

**૫૪** **जा तेऊए ठिई खलु, उक्कोसा सा उ समयमब्भहिया ।**
**जहण्णेणं पम्हाए, दस उ मुहुत्ताहियाइ उक्कोसा ॥**

**શબ્દાર્થ :–** **मुहुत्ताहियाइ** = એક મુહુર્ત અધિક **दस** = દશ સાગરોપમ **पम्हाए** = પદ્મલેશ્યાની.

**ભાવાર્થ :–** તેજોલેશ્યાની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તેનાથી એક સમય અધિક પદ્મલેશ્યાની જઘન્ય સ્થિતિ

છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક અંતર્મુહૂર્ત અધિક દશ સાગરોપમની છે.

**૫૫** **जा पम्हाए ठिई खलु, उक्कोसा सा उ समयमब्भहिया ।**
**जहण्णेणं सुक्काए, तेत्तीस मुहुत्तमब्भहिया ॥**

**શબ્દાર્થ :– सुक्काए** = શુક્લલેશ્યાની **मुहुत्तमब्भहिया** = એક મુહૂર્ત અધિક.

**ભાવાર્થ :–** પદ્મલેશ્યાની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તેનાથી એક સમય અધિક શુક્લલેશ્યાની જઘન્ય સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક અંતર્મુહૂર્ત અધિક તેત્રીસ સાગરોપમની છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં દેવોની લેશ્યાની સ્થિતિનું નિરૂપણ છે.

દેવોમાં ભવનપતિ અને વ્યંતર દેવોને પ્રથમ ચાર લેશ્યા; જ્યોતિષી અને પહેલા-બીજા દેવલોકમાં એક તેજોલેશ્યા; ત્રીજા, ચોથા અને પાંચમા દેવલોકમાં પદ્મલેશ્યા; છઠ્ઠા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાન સુધીમાં એક શુક્લલેશ્યા છે.

**કૃષ્ણલેશ્યા**ની સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષની છે, તે ભવનપતિ અને વ્યંતર દેવોની જઘન્ય સ્થિતિની અપેક્ષાએ છે, કારણ કે જ્યોતિષી અને વૈમાનિક દેવોમાં ૧૦,૦૦૦ વર્ષની સ્થિતિ અને કૃષ્ણલેશ્યા નથી. ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે તે પણ ભવનપતિ અને વ્યંતર દેવોના મધ્યમ આયુષ્યની અપેક્ષાએ છે. ત્યાર પછીના આયુષ્યવાળા દેવોને આ લેશ્યા હોતી નથી.

**નીલલેશ્યા**ની જઘન્ય સ્થિતિ કૃષ્ણલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિથી એક સમય અધિક હોય છે અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની સ્થિતિ છે અર્થાત્ નીલલેશ્યાની જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની છે પરંતુ તે બંને કૃષ્ણલેશ્યાના પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી અધિક હોય છે.

**કાપોતલેશ્યા**ની જઘન્ય સ્થિતિ નીલલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિથી એક સમય અધિક હોય છે અને તેની ઉત્કૃષ્ટ સ્થિતિ પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની છે પરંતુ જઘન્યથી ઉત્કૃષ્ટ અસંખ્ય ગુણી અધિક હોય છે. આ ત્રણેય લેશ્યા ભવનપતિ અને વ્યંતર દેવોમાં જ હોય છે.

**તેજોલેશ્યા**ની સમુચ્ચય જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષની છે, તે ભવનપતિ અને વ્યંતર દેવોની જઘન્ય સ્થિતિની અપેક્ષાએ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક બે સાગરોપમ છે. તે બીજા ઈશાન દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિની અપેક્ષાએ છે. બીજા દેવલોક સુધી જ તેજોલેશ્યા હોય છે.

**વૈમાનિક દેવોમાં તેજોલેશ્યાની સ્થિતિ–** જઘન્ય એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક બે સાગરોપમની છે. તે બંને સ્થિતિ ક્રમશઃ પહેલા સૌધર્મ દેવલોકની જઘન્ય અને બીજા ઈશાન દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિની અપેક્ષાએ છે. અહીં ગાથામય સંક્ષિપ્તતાના કારણે ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષી દેવોની તેજો લેશ્યાની સ્થિતિની સ્પષ્ટતા કરવામાં આવી નથી. તે તેઓની ભવસ્થિતિ પ્રમાણે સમજવી.

**પદ્મલેશ્યા**ની જઘન્ય સ્થિતિ તેજોલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિથી એક સમય અધિક છે; તે અંતર્મુહૂર્ત અધિક બે સાગરોપમની છે અને તેની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત અધિક દશ સાગરોપમની છે. તેમાં દશ સાગરોપમ પાંચમા બ્રહ્મલોક દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિની અપેક્ષાએ છે અને અંતર્મુહૂર્ત અધિક પૂર્વ-પશ્ચાત્ ભવની અપેક્ષાએ છે.

**શુક્લલેશ્યા**ની જઘન્ય સ્થિતિ પદ્મલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિથી એક સમય અધિક છે, તે છઠ્ઠા લાંતક દેવલોકની જઘન્ય સ્થિતિની અપેક્ષાએ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત અધિક ૩૩ સાગરોપમની છે. તેમાં ૩૩ સાગરોપમ અનુત્તર વિમાનના દેવોની અપેક્ષાએ છે અને અંતર્મુહૂર્ત અધિક પૂર્વ-પશ્ચાત્ ભવની અપેક્ષાએ છે.

### ચાર ગતિની અપેક્ષાએ લેશ્યાની સ્થિતિ :–

| જીવ | કૃષ્ણલેશ્યા | નીલલેશ્યા | કાપોતલેશ્યા | તેજો લેશ્યા | પદ્મ લેશ્યા | શુક્લલેશ્યા |
|---|---|---|---|---|---|---|
| નારક | **જ**૦ પલ્યનો અસં૦ ભાગ અધિક ૧૦ સાગરોપમ **ઉ**૦ અંત૦ અધિક ૩૩ સાગરોપમ (૫-૬-૭ નરક) | **જ**૦ પલ્યનો અસં૦ ભાગ અધિક ત્રણ સાગરોપમ **ઉ**૦ પલ્યનો અસં૦ ભાગ અધિક દશ સાગરોપમ (૩-૪-૫ નરક) | **જ**૦ ૧૦,૦૦૦ વર્ષ **ઉ**૦ પલ્યનો અસં૦ ભાગ અધિક ત્રણ સાગરોપમ (૧-૨-૩ નરક) | × | × | × |
| દેવ | (ભવનપતિ વ્યંતર) **જ**૦ ૧૦,૦૦૦ વર્ષ **ઉ**૦ પલ્યનો અસં૦ ભાગ<br>– | (ભવનપતિ વ્યંતર) જઘન્ય-ઉત્કૃષ્ટ પલ્યનો અસં૦ ભાગ<br>– | (ભવનપતિ વ્યંતર) જઘન્ય-ઉત્કૃષ્ટ પલ્યનો અસં૦ ભાગ<br>– | **સમુચ્ચય અપેક્ષાએ** **જ**૦ ૧૦,૦૦૦ વર્ષ **ઉ**૦ પલ્યનો અસં૦ ભાગ અધિક બે સાગરોપમ.<br>**(૧,૨ દેવલોકમાં)** **જ**૦ એક પલ્યો. **ઉ**૦ પલ્યનો અસં૦ ભાગ અધિક બે સાગરોપમ | (૩,૪,૫ દેવલોકમાં) **જ**૦ પલ્યનો અસં૦ ભાગ અધિક બે સાગરોપમ **ઉ**૦ અંતર્મુહૂર્ત અધિક દશ સાગરોપમ | (છઠ્ઠા દેવલોક થીસર્વાર્થસિદ્ધ) **જ**૦ અંતર્મુહૂર્ત અધિક દશ સાગરોપમ **ઉ**૦ અંતર્મુહૂર્ત અધિક તેત્રીસ સાગરોપમ |
| મનુષ્ય, તિર્યંચ– યથાયોગ્ય લેશ્યાની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. | | | | | | |

**(૧૦) ગતિદ્વાર :-**

**૫૬** **किण्हा णीला काऊ, तिण्णि वि एयाओ अहम्मलेसाओ ।**
**एयाहि तिहि वि जीवो, दुग्गइं उववज्जइ ॥**

**શબ્દાર્થ :– एयाओ** = આ **तिण्णि वि** = ત્રણ **अहम्मलेसाओ** = અધર્મ(અપ્રશસ્ત) લેશ્યાઓ છે **एयाहि** = એ **तिहि वि** = ત્રણ લેશ્યાઓથી **जीवो** = જીવ **दुग्गइं** = દુર્ગતિમાં **उव्वज्जइ** = ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થ :–** કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ અધર્મ(અપ્રશસ્ત) લેશ્યાઓ છે. એ ત્રણે ય લેશ્યાઓથી જીવ દુર્ગતિમાં ઉત્પન્ન થાય છે.

**૫૭** **तेऊ पम्हा सुक्का, तिण्णि वि एयाओ धम्मलेसाओ ।**
**एयाहि तिहि वि जीवो, सुग्गइं उववज्जइ ॥**

**શબ્દાર્થ :– धम्मलेसाओ** = ધર્મ(પ્રશસ્ત) લેશ્યાઓ.

**ભાવાર્થ :–** તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા એ ત્રણ ધર્મ(પ્રશસ્ત) લેશ્યાઓ છે. આ ત્રણે ય લેશ્યાઓથી જીવ સુગતિને પ્રાપ્ત કરે છે.

**વિવેચન :-**

પ્રસ્તુત ગાથાઓમાં પ્રશસ્ત અને અપ્રશસ્ત લેશ્યાઓનું વિભાજન કરી તેની વિશિષ્ટતાનું દર્શન કરાવ્યું છે.

કૃષ્ણાદિ ત્રણ લેશ્યાઓ, સંક્લિષ્ટ અધ્યવસાયરૂપ અને અશુભ કર્મબંધનનું કારણ હોવાથી, તે અપ્રશસ્ત, અવિશુદ્ધ કે અધર્મલેશ્યાઓ છે. તે અપ્રશસ્ત લેશ્યામાં આયુષ્યનો બંધ થાય તો દુર્ગતિનો થાય છે. તેથી તેને દુર્ગતિગામિની એટલે નરક, તિર્યંચ આદિ દુર્ગતિમાં લઈ જનારી કહી છે.

તેજો, પદ્મ અને શુક્લલેશ્યાઓ અસંક્લિષ્ટ અધ્યવસાયરૂપ અને શુભકર્મબંધનું કારણ હોવાથી પ્રશસ્ત, વિશુદ્ધ કે ધર્મલેશ્યાઓ છે. તે પ્રશસ્ત લેશ્યામાં આયુષ્યનો બંધ થાય તો સુગતિનો થાય છે. તેથી તેને સુગતિગામિની એટલે મનુષ્ય, દેવ આદિ સુગતિમાં લઈ જનારી કહી છે.

**(૧૧) આયુષ્યદ્વાર :-**

**૫૮** **लेस्साहिं सव्वाहिं, पढमे समयम्मि परिणयाहिं तु ।**
**ण हु कस्सइ उववाओ, परे भवे होइ जीवस्स ॥**

**શબ્દાર્થ :– पढमे** = પહેલા **समयम्मि** = સમયમાં **परिणयाहिं** = પરિણત થઈ **सव्वाहिं** = સર્વ **लेस्साहिं** = લેશ્યાઓથી **हु** = નિશ્ચય જ **कस्सइ** = કોઈપણ **जीवस्स** = જીવની **परे भवे** = પરભવમાં **उववाओ** = ઉત્પત્તિ **ण होइ** = થતી નથી.

**ભાવાર્થ :–** સર્વ લેશ્યાઓના(છએ લેશ્યાઓના) પ્રથમ સમયમાં પરિણત કોઈ પણ જીવની બીજા ભવમાં ઉત્પત્તિ થતી નથી.

**૫૯** **लेस्साहि सव्वाहिं, चरिमे समयम्मि परिणयाहिं तु ।**
**ण हु कस्सइ उववाओ, परे भवे होइ जीवस्स ॥**

**શબ્દાર્થ :– चरिमे** = અંતિમ.

**ભાવાર્થ :–** સર્વ લેશ્યાઓના(છએ લેશ્યાઓના) અંતિમ સમયમાં પરિણત કોઈ પણ જીવની બીજા ભવમાં ઉત્પત્તિ થતી નથી.

**૬૦** **अंतोमुहुत्तम्मि गए, अंतोमुहुत्तम्मि सेसए चेव ।**
**लेस्साहिं परिणयाहिं, जीवा गच्छंति परलोयं ॥**

**શબ્દાર્થ :– अंतोमुहुत्तम्मि** = અંતર્મુહૂર્ત **गए** = વ્યતીત થયા પછી **अंतोमुहुत्तम्मि** = અંતર્મુહૂર્ત **सेसए** = બાકી રહે ત્યારે **परिणयाहिं** = પરિણત થવાપર **लेस्साहिं** = લેશ્યાઓ સહિત થઈને **जीवा** = જીવ **परलोयं** = પરલોકમાં **गच्छंति** = જાય છે.

**ભાવાર્થ :–** જ્યારે કોઈ પણ એક લેશ્યાની પરિણતિનું અંતર્મુહૂર્ત વ્યતીત થઈ જાય અને તેની સમાપ્તિનો અંતર્મુહૂર્ત બાકી રહે છે, ત્યારે તે જીવ પરલોકમાં જાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં 'આયુષ્ય દ્વાર'ના માધ્યમથી આયુષ્યની સમાપ્તિ અને પ્રારંભ સમયે લેશ્યાનું પરિણમન કેવી રીતે થાય, તે વિષયને સ્પષ્ટ કર્યો છે.

છએ લેશ્યાઓના પ્રથમ સમયમાં જીવનો પરભવમાં જન્મ થતો નથી અને અંતિમ સમયમાં પણ જીવનો પરભવમાં જન્મ થતો નથી. કોઈ પણ લેશ્યાની પ્રાપ્તિ થયા બાદ અંતર્મુહૂર્ત વ્યતીત થયા પછી અને અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે જ તે જીવ પરલોકમાં જન્મ લે છે.

સામાન્યતયા નિયમ છે કે **जल्लेसे मरइ तल्लेसे उवज्जइ ।** જીવ જે લેશ્યામાં મૃત્યુ પામે છે તે લેશ્યામાં જ તેનો જન્મ થાય છે. અર્થાત્ મૃત્યુ અને ત્યાર પછીના જન્મ સમયની એક જ લેશ્યા હોય છે. જીવના મૃત્યુ સમયે આગામી ભવની લેશ્યાના પરિણામ અંતર્મુહૂર્ત પહેલા જ આવી જાય છે અને ઉત્પત્તિ સમયે તેના અતીત ભવની લેશ્યાના પરિણામ ન્યૂનતમ(ઓછામાં ઓછો) અંતર્મુહૂર્ત પર્યંત રહે છે.

કોઈ પણ લેશ્યાના પરિણામોના **પ્રથમ સમયે** જીવનું મૃત્યુ થતું નથી કારણ કે એક જ સમયમાં તે લેશ્યા પૂર્ણપણે પરિણત થતી નથી. અંતર્મુહૂર્ત વ્યતીત થાય, ત્યારે તે લેશ્યાના ભાવો તદ્રૂપે પૂર્ણપણે પરિણત થાય છે. ત્યાર પછી જીવનું મૃત્યુ થાય અને તે જ લેશ્યાના પરિણામો પરભવમાં ઉત્પત્તિ સમયે સાથે રહે છે.

તે લેશ્યા પરિણામના **અંતિમ સમયે** જીવનું મૃત્યુ થતું નથી કારણ કે મૃત્યુ સમયની લેશ્યા જ નવા જન્મ સમયે અંતર્મુહૂર્ત સુધી રહે છે.

નૈરયિકો અને દેવોમાં અવસ્થિત લેશ્યા હોય છે. તેથી તે જીવોને પૂર્વના ભવના અંતર્મુહૂર્તથી લઈને પછીના ભવના અંતર્મુહૂર્ત પર્યંત એક જ લેશ્યા હોય છે. તેથી તેની લેશ્યાની સ્થિતિ પોતાના આયુષ્યથી બે અંતર્મુહૂર્ત અધિક થાય છે. મનુષ્ય અને તિર્યંચમાં અવસ્થિત લેશ્યા નથી તેમ છતાં તે

જીવોને પૂર્વભવના અંતર્મુહૂર્ત અને ઉત્પત્તિના અંતર્મુહૂર્ત પર્યંત એક જ લેશ્યા રહે છે. આ રીતે ચારે ગતિના જીવોને લેશ્યા પરિણામના પ્રથમ સમયે કે અંતિમ સમયે મરણ અને જન્મ થતા નથી.

**ઉપસંહાર :–**

**६१** **तम्हा एयासिं लेसाणं, आणुभावे वियाणिया ।**
**अप्पसत्थाओ वज्जित्ता, पसत्थाओ अहिट्ठुए मुणी ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– तम्हा** = તેથી **एयासिं** = આ **लेस्साणं** = લેશ્યાઓના **आणुभावे** = સમ્યક્ સ્વરૂપને **वियाणिया** = જાણીને **मुणी** = મુનિ, સાધુ **अप्पसत्थाओ** = અપ્રશસ્ત લેશ્યાઓને **वज्जित्ता** = છોડીને **पसत्थाओ** = પ્રશસ્ત લેશ્યાઓને **अहिट्ठुए** = ધારણ કરે.

**ભાવાર્થ :–** આ રીતે મુનિઓ લેશ્યાઓના સંપૂર્ણ વર્ણનને જાણીને અપ્રશસ્ત લેશ્યાઓનો પરિત્યાગ કરીને, પ્રશસ્ત લેશ્યાઓમાં સ્થિત રહે.

**વિવેચન :–**

કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા, તે ત્રણ અપ્રશસ્ત લેશ્યાઓ દુર્ગતિનું કારણ છે; તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા એ ત્રણ પ્રશસ્ત લેશ્યાઓ શુભગતિનું કારણ છે. લેશ્યાઓના ઉક્ત સ્વરૂપને જાણીને અપ્રશસ્ત લેશ્યાઓનો ત્યાગ કરવો અને પ્રશસ્ત લેશ્યાઓને ધારણ કરવી જોઈએ.

**अहिट्ठुए :–** ધારણ કરે. આ ક્રિયાપદથી સૂત્રકારે જીવાત્માની સ્વતંત્રતા દર્શાવી છે. આત્મા પોતાના સ્વતંત્ર પુરુષાર્થથી શુભ આત્મપરિણામો કરી શકે છે. રાગ-દ્વેષ, વેર-વિરોધ આદિ અશુભ પરિણામો માટે જીવને પુરુષાર્થ કરવો પડતો નથી; કારણ કે અનાદિકાલથી જીવ તેવા પરિણામો કરતો આવ્યો છે, તેથી તે પરિણામો જીવને માટે સહજ છે. વર્તમાનમાં સાધના કરનાર સાધક સમજણપૂર્વકના પુરુષાર્થથી તે અશુભ પરિણામોને દૂર કરી શુભ પરિણામોને ધારણ કરી શકે છે, તેમાં તેની સ્વતંત્રતા છે.

**છ લેશ્યાના ૧૧ દ્વાર :–**

| | દ્વાર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **નામ** | **કૃષ્ણલેશ્યા** | **નીલલેશ્યા** | **કાપોત લેશ્યા** | **તેજો લેશ્યા** | **પદ્મ લેશ્યા** | **શુક્લ લેશ્યા** |
| ૨ | **વર્ણ** | અંજન જેવો કાળો | વૈડુર્ય રત્ન જેવો નીલો | કબૂતરની ડોક જેવો આસમાની | ઉગતા સૂર્ય જેવો લાલ | હળદર જેવો પીળો | શંખ જેવો શ્વેત |
| ૩ | **રસ** | કડવીતુંબી જેવો કડવો | તિકટ્ટુ જેવો તીખો | કાચી કેરી જેવો ખાટો+તૂરો | પાકી કેરી જેવો ખાટો+ મીઠો | ઉત્તમ મદિરા જેવો મીઠો+ તૂરો(કસાયેલો) | સાકર જેવો મીઠો |
| ૪ | **ગંધ** | સર્પ આદિના મૃત દેહથી અનંત ગુણી દુર્ગંધ | | | કેવડો વગેરે સુગંધી પુષ્પથી અનંતગુણી સુગંધ | | |
| ૫ | **સ્પર્શ** | કરવત, ગાયની જીભ વગેરેથી અનંતગુણો કર્કશ | | | પુષ્પ, નવનીત વગેરેથી અનંતગુણો સુંવાળો | | |
| ૬ | **પરિણામ** | જઘ., મધ્યમ, ઉ. તે ત્રણ ભેદ અને તેના ત્રણ-ત્રણ ભેદ. તેથી ૯, ૨૭, ૮૧, ૨૪૩ વગેરે અસંખ્યાતા. | | | | | |

| | દ્વાર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|---|---|
| ૭ | **લક્ષણ** | ક્રૂર, હિંસક, અજિતેન્દ્રિય, તીવ્ર આરંભ કરનાર, ક્ષુદ્ર, સાહસિક | ઈર્ષ્યાળુ, કદાગ્રહી, રસલોલુપ, ધૂર્ત, પ્રમાદી, હ્રી રહિત ગૃદ્ધ, દ્વેષભાવ યુક્ત | વક્ર, માયાવી, દુર્વચન બોલનાર, ચોરી કરનાર | નમ્ર, અમાયાવી વિનીત, દમિતેન્દ્રિય, યોગવાન, તપસ્વી, પાપભીરૂ | અલ્પકષાયી, પ્રશાંત, દમિતેન્દ્રિય, મિતભાષી, પ્રિયધર્મી, દઢધર્મી. | ધર્મધ્યાન, શુક્લધ્યાન કરનાર, સમિતિ, ગુપ્તિયુક્ત, જિતેન્દ્રિય, અલ્પરાગી કે વીતરાગી |
| ૮ | **સ્થાન** | કાલથી–અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણીના સમય પ્રમાણ – ક્ષેત્રથી–અસંખ્યાત લોકાકાશના પ્રદેશ પ્રમાણ | | | | | |
| ૯ | **સ્થિતિ (ઉત્કૃષ્ટ)** | અંતર્મુહૂર્ત અધિક ૩૩ સાગરોપમ | પલ્યનો અસં૰ ભાગ અધિક દશ સાગરોપમ | પલ્યનો અસં૰ ભાગ અધિક ત્રણ સાગરોપમ | પલ્યનો અસં૰ ભાગ અધિક બે સાગરોપમ | અંતર્મુહૂર્ત અધિક દશ સાગરોપમ | અંતર્મુહૂર્ત અધિક ૩૩ સાગરોપમ |
| ૧૦ | **ગતિ** | ત્રણ અશુભ લેશ્યા દુર્ગતિ ગામિની, ત્રણ શુભ લેશ્યા સુગતિગામિની | | | | | |
| ૧૧ | **આયુષ્ય** | લેશ્યા પરિણામનું અંતર્મુહૂર્ત વ્યતીત થયા પછી અને અંતર્મુહૂર્ત શેષ રહે ત્યારે જીવ આયુષ્ય પૂર્ણ કરી પરલોકમાં જાય છે. | | | | | |

★ છએ લેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

## ॥ ચોત્રીસમું અધ્યયન સમાપ્ત ॥

# પાંત્રીસમું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનમાં અણગારોને અણગાર ધર્મમાં સાવધાન કરવા માટે એવં તેને સંયમ માર્ગમાં પ્રગતિશીલ બનાવવા માટે સચોટ ઉપદેશ આપ્યો છે તેથી આ અધ્યયનનું સાર્થક નામ 'અણગાર માર્ગ **ગતિ'** છે.

★ સ્થાનાંગ સૂત્રના બીજા સ્થાનમાં બે પ્રકારનો ધર્મ કહ્યો છે– આગાર ધર્મ અને અણગાર ધર્મ. ગૃહસ્થ જીવનમાં રહી શ્રાવકાચારનું, અણુવ્રતોનું પાલન કરવું, તે **આગાર ધર્મ** કહેવાય છે અને સંપૂર્ણ ગૃહસ્થાવાસનો ત્યાગ કરી પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ શ્રમણચર્યાનો સ્વીકાર કરવો, તે **અણગાર ધર્મ** છે.

★ અણગાર ધર્મની આરાધના પૂર્ણપણે આધ્યાત્મિક છે. તેમાં વિષય વાસના તરફ વહેતી વૃત્તિઓ પર વિજય પ્રાપ્ત કરવાનો છે. રાગ-દ્વેષ આદિ કષાયોને ઉપશાંત કરવાના છે. સર્વ બાહ્ય ભાવોથી પર થઈને સંયમ ભાવોમાં અને ભગવદાજ્ઞાઓમાં સ્થિર થવાનું હોય છે. તેના માટે સાધકે તે જ લક્ષ્યે અપ્રમત્ત ભાવે પુરુષાર્થ કરવાનો હોય છે.

★ અણગારપણામાં ઉપસ્થિત થયા પછી પણ મોહનીયકર્મના ઉદયે, પૂર્વસંસ્કારવશ ગૃહસ્થવાસના બંધનો તેને ખેંચે છે. સંસારના બાહ્ય બંધનોના ત્રણ પ્રકાર છે– (૧) કુટુંબ પ્રતિબંધ (૨) સમાજ પ્રતિબંધ અને (૩)લોકૈષણા– પદ, પ્રતિષ્ઠા, ધન-સંપત્તિ આદિની ઈચ્છા. આ ત્રણે પ્રકારના બંધનોની આસક્તિ સાધુને સંસારભાવ તરફ લઈ જાય છે. સૂત્રકારે પ્રસ્તુત અધ્યયનમાં ઉપરોક્ત ત્રણે ય બંધનોમાં સાધુ ફસાઈ ન જાય, તે માટે અણગાર ધર્મની સુરક્ષારૂપ આચારોનું ભારપૂર્વક સૂચન કર્યું છે.

★ સાધુપણામાં આવાસની મર્યાદા અને આહારનો સંયમ અત્યંત જરૂરી છે. તેથી જ આગમોમાં અનેક સ્થાને તદ્‌વિષયક વિસ્તૃત વર્ણન છે. અહીં પણ મુખ્યતયા અણગારધર્મમાં ગૃહસ્થ સંબંધોનો ત્યાગ, પંચમહાવ્રતોનું પાલન, સ્ત્રી આદિથી રહિત એકાંત સ્થાનમાં નિવાસ, નિર્દોષ ભિક્ષાચરીથી જીવનનિર્વાહ, ક્રય-વિક્રયનો નિષેધ, આહાર માટે આરંભ-સમારંભનો નિષેધ, આહારના લાભાલાભમાં સમભાવ; વગેરે અણગાર ધર્મના નિયમોનું પ્રતિપાદન છે.

★ જે સાધક ત્રણે પ્રકારના બાહ્ય બંધનોનો સર્વથા ત્યાગ કરીને અણગાર ધર્મની સુરક્ષા રૂપ આ અધ્યયન કથિત આદેશોનું યથાતથ્ય પાલન કરે, તે સર્વ કર્મોનો નાશ કરી મુક્તદશાના અનંત આનંદને પામી જાય છે.

❖❖❖❖❖

# પાંત્રીસમું અધ્યયન

## અણગાર માર્ગ ગતિ

**અધ્યયન પ્રારંભ :–**

**૧** **सुणेह मे एगग्गमणा, मग्गं बुद्धेहिं देसियं ।**
**जमायरंतो भिक्खू, दुक्खाणंतकरे भवे ॥**

**શબ્દાર્થ :– बुद्धेहिं** = સર્વજ્ઞ ભગવાન દ્વારા **देसियं** = દર્શિત, ઉપદિષ્ટ **मग्गं** = માર્ગને **मे** = મારી પાસેથી **एगग्गमणा** = એકાગ્ર ચિત્ત થઈને **सुणेह** = સાંભળો **जं** = જેનું **आयरंतो** = આચરણ કરતો **भिक्खू** = ભિક્ષુ, સાધુ **दुक्खाण** = દુઃખોનો **अंतकरे** = અંત કરનાર **भवे** = થાય છે.

**ભાવાર્થ :–** સર્વજ્ઞ ભગવાન દ્વારા ઉપદિષ્ટ અણગાર-માર્ગને તમે એકાગ્ર ચિત્ત થઈને મારી પાસેથી સાંભળો, જેનું આચરણ કરીને ભિક્ષુ દુઃખોનો અંત કરે છે.

**વિવેચન :–**

અધ્યયનના પ્રારંભની આ ગાથામાં સૂત્રકારે અધ્યયનનો વિષય પ્રસ્તુત કર્યો છે.

આ અધ્યયનમાં અણગારધર્મનું વિધિ અને નિષેધથી પ્રતિપાદન કર્યું છે. તેનું પાલન કરનાર જીવો સર્વ કર્મોનો, સર્વ દુઃખોનો અંત કરીને અનંત સુખને પ્રાપ્ત કરે છે.

**बुद्धेहिं देसियं :–** બુદ્ધનો અર્થ છે– કેવળજ્ઞાની, સર્વજ્ઞ ભગવંત. જે યથાર્થરૂપે વસ્તુ તત્ત્વના જ્ઞાતા છે. તે અર્હંતો દ્વારા, શ્રુત કેવળીઓ દ્વારા, ગણધરો દ્વારા ઉપદેશેલો આ માર્ગ છે. સૂત્રકારે આ શબ્દના પ્રયોગ દ્વારા આ માર્ગની સંપૂર્ણ સત્યતા પ્રગટ કરી છે. આ માર્ગના પ્રણેતા વીતરાગી પુરુષ હોવાથી તે પૂર્ણ સત્ય છે.

**दुक्खाणंतकरे :–** સમસ્ત કર્મોને નિર્મૂલન કરીને, શારીરિક-માનસિક સર્વ દુઃખોનો અંત કરે છે.

**અણગારધર્મ :–**

**૨** **गिहवासं परिच्चज्ज, पव्वज्जामस्सिए मुणी ।**
**इमे संगे वियाणिज्जा, जेहिं सज्जंति माणवा ॥**

**શબ્દાર્થ :– गिहवासं** = ગૃહસ્થવાસનો **परिच्चज्ज** = ત્યાગ કરીને **पव्वज्जा** = પ્રવ્રજ્યાનો **अस्सिए** = આશ્રય લેનાર **इमे** = આ **संगे** = માતા, પિતા, પુત્ર, કલત્ર(સ્ત્રી) આદિ સંગોને **जेहिं** = જેનાથી **माणवा** = માનવ, મનુષ્યો **सज्जंति** = આસક્તિમાં ફસાઈને કર્મબંધન પ્રાપ્ત કરે છે તેને **वियाणिज्जा** = જાણીને છોડી દેવા.

**ભાવાર્થ :–** ગૃહવાસનો ત્યાગ કરીને પ્રવ્રજિત થયેલા મુનિ આ માતા, પિતા, પત્ની, પુત્ર આદિ સંગને બંધનરૂપ જાણે. આ બંધનમાં અનેક મનુષ્યો આસક્ત થાય છે.

**३** **तहेव हिंसं अलियं, चोज्जं अबंभ सेवणं ।**
**इच्छाकामं च लोभं च, संजओ परिवज्जए ॥**

**શબ્દાર્થ :– हिंसं** = હિંસા **अलियं** = અસત્ય **चोज्जं** = ચોરી **अबंभसेवणं** = અબ્રહ્મચર્ય સેવન, મૈથુન સેવન, **इच्छाकामं** = ઈચ્છા-કામના, અપ્રાપ્તવસ્તુની ઇચ્છા **लोभं** = લોભ **संजओ** = સંયત પુરુષ **परिवज्जए** = ત્યાગ કરી દે.

**ભાવાર્થ :–** તેમજ સંયમી મુનિ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મસેવન, ઈચ્છા-કામના અને લોભનો સર્વથા ત્યાગ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં અણગાર ધર્મના મુખ્ય સિદ્ધાંતોનું નિરૂપણ છે.

જે વ્યક્તિ પુત્ર, પત્ની, પરિવાર આદિ ગૃહસ્થ સંબંધોના બંધનોનો સર્વથા ત્યાગ કરે છે, તેને જ અણગાર કહે છે. તેથી અણગાર અવસ્થાને પ્રાપ્ત કર્યા પછી સાધકે પ્રમાદવશ કયારેક તે પૂર્વપરિચિત અગારવાસની આસક્તિમાં ફસાઈ જવું નહીં. જો કોઈ સાધક પ્રમાદ વશે આસક્તિની જાળમાં ફસાઈ જાય, તો તે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ રૂપ પંચ મહાવ્રતનું યથાર્થ પાલન કરી શકતા નથી.

હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ આ પાંચે ય કર્માશ્રવ છે. તેના દ્વારા જીવ પાપકર્મોનો સંચય કરે છે. તેથી સંયમીને આ પાંચેયનો ત્યાગ કરવો જરૂરી છે. આ રીતે ગૃહવાસનો ત્યાગ અને પંચમહાવ્રતનું પાલન, તે જ અણગારધર્મ છે.

**इच्छाकामं च लोभं :–** (૧) ઈચ્છારૂપ કામ એટલે અપ્રાપ્ત વસ્તુને પ્રાપ્ત કરવાની કાંક્ષા.લોભ એટલે પ્રાપ્ત(લબ્ધ) વસ્તુ વિષયક ગૃદ્ધિ અર્થાત્ અત્યંત આસક્તિ. (૨) ઈચ્છા, કામના અને લોભ ત્રણ શબ્દોથી સર્વ પ્રકારના ભાવ પરિગ્રહનું સૂચન છે.

**અણગારનો નિવાસ :–**

**४** **मणोहरं चित्तघरं, मल्लधूवेण वासियं ।**
**सकवाडं पंडुरुल्लोयं, मणसा वि ण पत्थए ॥**

**શબ્દાર્થ :– मणोहरं** = મનોહર, ચિત્તને આકર્ષક **मल्लधूवेण वासियं** = માળા અને અગર-ચંદનાદિ ધૂપથી વાસિત, સુગંધિત **सकवाडं** = સુંદર કમાડયુક્ત **पंडुरुल्लोयं** = અત્યંત સુંદર અને સુસજ્જિત, આકર્ષક **चित्तघरं** = ચિત્રોથી યુક્ત મકાનની **मणसा वि** = મનથી પણ **ण पत्थए** = ઈચ્છા ન કરે.

**ભાવાર્થ :–** મનોહર, ચિત્રોથી યુક્ત, માળા અને ધૂપથી સુવાસિત, કમાડ સહિત(સદા કમાડ બંધ જ રહે તેવા) આકર્ષક તેમજ ચિત્રોથી સુશોભિત સ્થાનની સાધુ મનથી પણ અભિલાષા ન કરે.

**५** **इंदियाणि उ भिक्खुस्स, तारिसम्मि उवस्सए ।**
**दुक्कराइं णिवारेउं, कामराग विवड्ढणे ॥**

**શબ્દાર્થ :– कामरागविवड्ढणे** = કામ-રાગની વૃદ્ધિ કરનાર **तारिसम्मि** = તેવા, ઉપરોક્ત પ્રકારના

**उवस्सए** = ઉપાશ્રયમાં **भिक्खुस्स** = સાધુને માટે **इंदियाणि** = ઇન્દ્રિયોને **णिवारेउं** = નિવારણ કરવા અર્થાત્ રોકવાનું કાર્ય **दुक्कराइं** = ખૂબ કઠિન છે.

**ભાવાર્થ :–** આ પ્રકારના કામરાગવર્ધક ઉપાશ્રયમાં ભિક્ષુને માટે ઇન્દ્રિયોનું દમન કરવું દુષ્કર બની જાય છે.

**६** **सुसाणे सुण्णगारे वा, रुक्खमूले व इक्कओ ।**
**पइरिक्के परकडे वा, वासं तत्थाभिरोयए ॥**

**શબ્દાર્થ :– सुसाणे** = સ્મશાનમાં **सुण्णगारे** = શૂન્ય ગૃહમાં **रुक्खमूले** = વૃક્ષના મૂળમાં **परकडे** = પરકૃત(ગૃહસ્થે પોતાના માટે બનાવેલા હોય) **तत्थ** = એવા **पइरिक्के** = સ્ત્રી, પશુ અને નપુંસક રહિત એકાંત સ્થાનમાં **इक्कओ** = એકાકી, રાગદ્વેષ રહિત થઈને સાધુ **वासं अभिरोयए** = રહેવાની ઇચ્છા કરે.

**ભાવાર્થ :–** મુનિ સ્મશાનમાં, શૂન્ય ગૃહમાં, વૃક્ષની નીચે અથવા ગૃહસ્થે પોતાના માટે બનાવેલા, સ્ત્રી, પશુ અને નપુંસક રહિત એકાન્ત સ્થાનમાં(રાગદ્વેષ રહિત થઈને) રહેવાનું પસંદ કરે.

**७** **फासुयम्मि अणाबाहे, इत्थीहिं अणभिदुए ।**
**तत्थ संकप्पए वासं, भिक्खू परमसंजए ॥**

**શબ્દાર્થ :– फासुयम्मि** = પ્રાસુક, જીવ જંતુ રહિત **अणाबाहे** = બાધા રહિત, જ્યાં પોતાના સંયમમાં અને બીજા લોકોને કોઈ પ્રકારની બાધા ન થાય **इत्थीहिं** = સ્ત્રી આદિથી **अणभिदुए** = ઉપદ્રવ રહિત હોય **तत्थ** = એવા સ્થાનમાં **परमसंजए** = પરમ સંયત, શ્રેષ્ઠ સંયમવાળા **भिक्खु** = ભિક્ષુ **वासं संकप्पए** = રહેવાનો સંકલ્પ કરે.

**ભાવાર્થ :–** પરમ સંયત ભિક્ષુ જીવાદિની ઉત્પત્તિ રહિત, સ્વ-પરને માટે બાધા પીડા રહિત, સ્ત્રીઓ આદિના ઉપદ્રવથી રહિત સ્થાનમાં રહેવાનો સંકલ્પ કરે અર્થાત્ લક્ષ્ય રાખે.

**८** **ण सयं गिहाइं कुव्विज्जा, णेव अण्णेहिं कारए ।**
**गिहकम्मसमारंभे, भूयाणं दिस्सए वहो ॥**

**શબ્દાર્થ :– सयं** = સાધુ સ્વયં **गिहाइं** = ઘર **ण कुव्विज्जा** = ન બનાવે **णेव** = ન **अण्णेहिं** = બીજાઓ દ્વારા **कारए** = બનાવરાવે **गिहकम्मसमारंभे** = ઘર બનાવવાના સમારંભમાં **भूयाणं** = પ્રાણીઓનો **वहो** = વધ, હિંસા **दिस्सए** = દેખાય છે.

**ભાવાર્થ :–** ભિક્ષુ સ્વયં ઘર બનાવે નહીં અને અન્ય દ્વારા બનાવરાવે નહીં; કારણ કે ગૃહ નિર્માણ કાર્યમાં સ્પષ્ટ રીતે પ્રાણીઓની હિંસા દેખાય છે.

**९** **तसाणं थावराणं च, सुहुमाणं बायराण य ।**
**तम्हा गिहसमारंभं, संजओ परिवज्जए ॥**

**શબ્દાર્થ :– तसाणं** = ત્રસ જીવો **थावराणं** = સ્થાવર જીવો **सुहुमाणं** = સૂક્ષ્મ જીવો **बायराण** = બાદર જીવોની હિંસા થાય છે **तम्हा** = તેથી **संजओ** = સંયમી સાધુ **गिहसमारंभं** = ઘર બનાવવાના સમારંભનો **परिवज्जए** = ત્યાગ કરે છે.

**ભાવાર્થ :–** (ઘર બનાવવામાં) ત્રસ અને સ્થાવર, સૂક્ષ્મ અને બાદર જીવોની હિંસા થાય છે માટે સંયમી મુનિ ગૃહકર્મ સમારંભનો પરિત્યાગ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં અણગારોના આવાસ માટેના નિયમોનું વિધિ અને નિષેધથી કથન કર્યું છે.

સાધકોની સાધનામાં ક્ષેત્રનો પણ વિશિષ્ટ પ્રભાવ હોય છે. તેથી મુનિઓ સંયમ સાધનામાં સહાયક બને તેવા સ્થાનમાં જ નિવાસ કરે છે.

**અણગાર માટે અયોગ્ય સ્થાન–** રાગવર્દ્ધક ચિત્રોથી અલંકૃત અને સુગંધિત પદાર્થોથી સુવાસિત, ચમકદાર, સુશોભિત આકર્ષક અને સુંદર કમાડોથી યુક્ત, સ્ત્રીઓના આવાગમનથી યુક્ત, સૂક્ષ્મ જીવો ઉત્પત્તિ યુક્ત, જીવવિરાધના કે સંયમવિરાધના થાય તેવા સ્થાન મુનિને નિવાસ માટે અયોગ્ય હોય છે.

રાગવર્ધક સ્થાનના સંયોગથી વિષયવિકારની ભાવના ઉત્તેજિત થાય છે; તેવી પરિસ્થિતિમાં મુનિને આત્મસંયમ રાખવો અત્યંત કઠિન થઈ જાય છે; તેથી તેવા સ્થાનો મુનિને માટે અયોગ્ય છે.

**અણગારના માટે યોગ્ય સ્થાન :–** (૧) સ્મશાન (૨) શૂન્યગૃહ (૩) વૃક્ષતળ (૪) ગૃહસ્થોએ પોતાના માટે બનાવેલું હોય તેવું સ્થાન (૫) સ્ત્રી, પશુ, નપુંસકાદિ રહિત, (૬) જીવજંતુ રહિત (૭) સ્વપરને માટે નિરાબાધ; તેવા સ્થાન સાધુને રહેવા માટે ઉપયુક્ત છે. કયારેક પોતાની ઈચ્છાને અનુકૂળ કે પ્રતિકૂળ જે કોઈ સ્થાન મળે તેનો સહર્ષ સ્વીકાર કરવાનો હોય છે પરંતુ તે સ્થાન સંયમ-જીવનને અનુરૂપ હોય તેવી કાળજી રાખવી આવશ્યક છે.

**इक्कओ :–** અહીં બીજા પ્રકારનો પાઠ પણ મળે છે– **एगओ** અર્થાત્ કયારેક. મુનિને કયારેક સ્મશાન આદિમાં રહેવાનું થાય તો પણ તેમાં પ્રસન્ન રહે.

**ગૃહકર્મ સમારંભ નિષેધ :–** મુનિ યોગ્ય સ્થાનની પ્રાપ્તિ માટે સ્વયં સ્થાનનું નિર્માણ કરે નહીં. ઘર-મકાન બનાવવાના સમારંભથી અનેક ત્રસ-સ્થાવર, સ્થૂલ-સૂક્ષ્મ જીવોની હિંસા થાય છે. તેથી સાધુ મકાન બનાવવામાં કે બીજા દ્વારા બનાવરાવવામાં તેમજ મકાન નિર્માણની કોઈ પણ પ્રવૃત્તિમાં પડે નહીં, ગૃહસ્થ દ્વારા પોતાને માટે બનાવેલા મકાનમાં તેમની અનુજ્ઞા લઈને રહે.

**सकवाडं–** સુંદર–શ્રેષ્ઠ કમાડ સહિતનું સ્થાન. સામાન્ય રીતે સાધુઓ કમાડ સહિત કે કમાડ રહિત કોઈ પણ સ્થાનમાં રહી શકે છે. પરંતુ સાધ્વીઓને પોતાની શીલરક્ષા આદિ માટે કમાડ સહિતના સ્થાનમાં રહેવું જ ઉચિત છે. કમાડ રહિત સ્થાન સાધ્વીઓને માટે અયોગ્ય છે.

પ્રસ્તુતમાં સૂત્રકારે આકર્ષક મકાનના નિષેધ પ્રસંગે **सकवाडं** શબ્દ પ્રયોગ કર્યો છે. તેથી અહીં 'વિશિષ્ટ' પ્રકારના સુંદર, શ્રેષ્ઠ કમાડ–દરવાજા સહિતનું સ્થાન' તેવો અર્થ થાય છે. જે દરવાજા આકર્ષક હોય, સ્પ્રીંગવાળા હોય, પોતાની મેળે જ બંધ થઈ જતાં હોય, જેમાં સંપૂર્ણપણે યતના રાખી શકાતી ન હોય, તેવા કમાડવાળા મકાનમાં સાધુ કે સાધ્વી ન રહે.

**અણગારનો આહાર :–**

**१०** **तहेव भत्तपाणेसु, पयणे पयावणेसु य ।**
**पाण भूय दयट्ठाए, ण पए ण पयावए ॥**

**શબ્દાર્થ :– तहेव** = આ જ રીતે **भत्तपाणेसु** = આહાર અને પાણીને **पयणे** = સ્વયં રાંધવામાં **पयावणेसु** = બીજા દ્વારા રંધાવવામાં પ્રાણીઓની હિંસા થાય છે માટે **पाणभूयदयट्ठाए** = પ્રાણી(બેઈન્દ્રિયાદિ) ભૂત(પૃથ્વીકાયાદિ) જીવની રક્ષા માટે સાધુ **ण पए** = સ્વયં રાંધે નહીં **ण पयावए** = બીજા દ્વારા રંધાવે નહીં.

**ભાવાર્થ :–** આ રીતે આહાર પાણી રાંધવામા અને બીજા દ્વારા રંધાવવામાં હિંસા થાય છે. તેથી ભિક્ષુ પ્રાણો અને ભૂતોની દયાને માટે સ્વયં રાંધે નહીં અને બીજા દ્વારા રંધાવે નહીં.

**૧૧** **जलधण्णणिस्सिया जीवा, पुढवी कट्ठणिस्सिया ।**
**हम्मंति भत्तपाणेसु, तम्हा भिक्खू ण पयावए ॥**

**શબ્દાર્થ :– जलधण्ण-णिस्सिया** = જળ અને ધાન્યને આશ્રિત **पुढवी-कट्ठणिस्सिया** = પૃથ્વી અને કાષ્ઠ (ઈંધન)ને આશ્રિત **जीवा** = અનેક જીવો **भत्तपाणेसु** = આહાર પાણી તૈયાર કરવામાં **हम्मंति** = હણાય છે **तम्हा** = તેથી મુનિ **ण पयावए** = બીજા દ્વારા રંધાવે નહીં.

**ભાવાર્થ :–** આહાર અને પાણી સ્વયં રાંધવામાં કે બીજા દ્વારા રંધાવવામાં પાણી, ધાન્ય, પૃથ્વી અને કાષ્ઠને આશ્રિત રહેલા અનેક જીવોની હિંસા થાય છે, તેથી ભિક્ષુ પોતે રાંધે નહીં અને બીજા દ્વારા રંધાવે નહીં.

**૧૨** **विसप्पे सव्वओ धारे, बहुपाणी विणासणे ।**
**णत्थि जोइसमे सत्थे, तम्हा जोइं ण दीवए ॥**

**શબ્દાર્થ :– सव्वओ** = સર્વ દિશાઓમાં **धारे** = શસ્ત્રની ધારની સમાન **विसप्पे** = ફેલાઈ જનાર **बहुपाणी विणासणे** = ઘણા પ્રાણીઓનો નાશ કરનાર **जोइसमे** = જ્યોતિસમ, અગ્નિ સમાન **सत्थे** = શસ્ત્ર **णत्थि** = બીજું કોઈ નથી **तम्हा** = માટે મુનિ **जोइं** = અગ્નિને **ण दीवए** = પ્રજ્વલિત કરે નહીં.

**ભાવાર્થ :–** અગ્નિ જેવું બીજું કોઈ શસ્ત્ર નથી. તે ચારે તરફ ફેલાઈ જાય છે અને તીક્ષ્ણ ધારવાળા શસ્ત્રની જેમ ઘણા પ્રાણીઓનો વિનાશ કરે છે. તેથી સાધુ અગ્નિ પ્રજ્વલિત કરે નહીં.

**૧૩** **हिरण्णं जायरूवं च, मणसा वि ण पत्थए ।**
**समलेट्ठु कंचणे भिक्खू, विरए कयविक्कए ॥**

**શબ્દાર્થ :– समलेट्ठु-कंचणे** = માટીનું ઢેફું અને સોનાને સમાન સમજનારા **कय-विक्कए** = ક્રય-વિક્રયથી, ખરીદ અને વેચાણની ક્રિયાઓથી **विरए** = નિવૃત્ત થયેલા **भिक्खू** = ભિક્ષુ, સાધુ **हिरण्णं** = ચાંદી **जायरूवं** = સોનું **च** = અને ધન ધાન્યાદિ પરિગ્રહને **मणसा वि** = મનથી પણ **ण पत्थए** = ન ચાહે.

**ભાવાર્થ :–** સોનું અને માટીના ઢેફાને સમાન સમજનારા ભિક્ષુ સોના અને ચાંદીની મનથી પણ ઈચ્છા ન કરે. તેમજ સર્વ પ્રકારના ક્રય-વિક્રય(ખરીદ-વેચાણ)થી દૂર રહે.

**૧૪** **किणंतो कइओ होइ, विक्किणंतो य वाणिओ ।**
**कयविक्कयम्मि वट्टंतो, भिक्खू ण भवइ तारिसो ॥**

**શબ્દાર્થ :– किणंतो** = ખરીદી કરતો **कइओ** = ખરીદનાર, ગ્રાહક **होइ** = હોય છે **विक्किणंतो** = વેચનાર **वाणिओ** = વણિક હોય છે **कय-विक्कयम्मि** = ખરીદ અને વેચાણના કાર્યમાં **वट्टंतो** = પ્રવૃત્તિ કરતો **तारिसो** = તેવા પ્રકારનો, આગમોક્ત **भिक्खू** = સાધુ **ण भवइ** = હોતો નથી.

**ભાવાર્થ :–** વસ્તુને ખરીદનાર 'ગ્રાહક' હોય છે અને વેચાણ કરનાર 'વણિક' હોય છે. તેથી જે ક્રય-વિક્રયમાં પ્રવૃત્ત હોય તે તથારૂપનો એટલે આગમોક્ત ભિક્ષુ ન કહેવાય.

**१५** **भिक्खियव्वं ण केयव्वं, भिक्खुणा भिक्खवत्तिणा ।**
**कयविक्कओ महादोसो, भिक्खवित्ती सुहावहा ॥**

**શબ્દાર્થ :– भिक्खवत्तिणा** = ભિક્ષાવૃત્તિથી નિર્વાહ કરનાર **भिक्खुणा** = ભિક્ષુને **भिक्खियव्वं** = ભિક્ષા માંગીને જ પોતાનો નિર્વાહ કરવો જોઈએ **ण केयव्वं** = કોઈ વસ્તુ ખરીદવી જોઈએ નહીં **कयविक्कओ** = ક્રય-વિક્રય કરવામાં **महादोसो** = મહાદોષ છે અને **भिक्खवित्ती** = ભિક્ષાવૃત્તિ **सुहावहा** = આ લોક અને પરલોકમાં સુખકારી છે, કલ્યાણકારી છે.

**ભાવાર્થ :–** ભિક્ષાજીવી(ભિક્ષાથી નિર્વાહ કરનાર) ભિક્ષુએ ભિક્ષા માંગીને જ પોતાનો નિર્વાહ કરવો જોઈએ, ખરીદ-વેચાણથી નહીં. ક્રય-વિક્રયની પ્રવૃત્તિ સંયમ માટે મહાદોષકારી છે. ભિક્ષુને ભિક્ષાવૃત્તિ જ આ લોક-પરલોક માટે સુખકારક છે, કલ્યાણકારી છે.

**१६** **समुयाणं उंछमेसिज्जा, जहासुत्तमणिंदियं ।**
**लाभालाभम्मि संतुट्ठे, पिण्डवायं चरे मुणी ॥**

**શબ્દાર્થ :– जहासुत्तं** = સૂત્રાનુસાર **अणिंदियं** = અનિંદિત ઘરોમાંથી **उंछं** = થોડો થોડો આહાર લેતા **समुयाणं** = સામુદાની ભિક્ષાની **एसिज्जा** = એષણા કરે **लाभालाभम्मि** = લાભ અને અલાભમાં **संतुट्ठे** = સંતુષ્ટ રહેતા **पिण्डवायं** = આહારને માટે **चरे** = વિચરે.

**ભાવાર્થ :–** મુનિ શાસ્ત્ર વિધાન અનુસાર અનિંદિત અને સામુદાનિક(અનેક) ઘરોમાંથી થોડાથોડા આહારની ગવેષણા કરે તેમજ લાભ અને અલાભમાં સંતુષ્ટ રહીને ભિક્ષા માટે વિચરણ કરે.

**१७** **अलोले ण रसे गिद्धे, जिब्भादंते अमुच्छिए ।**
**ण रसट्ठाए भुंजिज्जा, जवणट्ठाए महामुणी ॥**

**શબ્દાર્થ :– अलोले** = સરસ ભોજનમાં લોલુપતા રહિત **रसे** = રસોમાં **ण गिद्धे** = ગૃદ્ધિ રહિત **जिब्भादंते** = જીહ્વા ઈન્દ્રિયને વશમાં રાખનાર **अमुच्छिए** = મૂર્છા(આસક્તિ) રહિત **महामुणी** = મહામુનિ **रसट्ठाए** = સ્વાદને માટે, **ण भुंजिज्जा** = આહાર ન કરે **जवणट्ठाए** = સંયમરૂપ યાત્રાના નિર્વાહને માટે જ આહાર કરે.

**ભાવાર્થ :–** રસનેન્દ્રિય વિજેતા, સ્વાદમાં અલોલુપ અને અમૂર્છિત મહામુનિ સરસ ભોજનમાં આસક્ત ન બને. તે મુનિ રસાસ્વાદને માટે નહીં પણ સંયમ યાત્રાના નિર્વાહ અર્થે જ આહાર કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં મુનિના આહાર સંબંધી નિયમોનું નિરૂપણ છે.

મુનિ શરીરને ટકાવી રાખવા માટે, સંયમયાત્રાના નિર્વાહ માટે, સાધનામાં સહાયક બને તેવો નિર્દોષ અને સાત્વિક આહાર અનાસક્ત ભાવે ગ્રહણ કરે છે. શ્રી આચારાંગ સૂત્ર અને શ્રી દશવૈકાલિક સૂત્રમાં આહારના અનેક દોષોનું વિવેચન છે. મુનિ તે દોષોનો ત્યાગ કરીને આહાર ગ્રહણ કરે છે. તે દોષોમાંથી પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે કેટલાક દોષોનું કથન કર્યું છે.

**ण पए ण पयावए :–** રાંધવાની ક્રિયામાં અગ્નિકાયના જીવો તથા જળ, અનાજ(વનસ્પતિ), લાકડા અને પૃથ્વીને આશ્રિત રહેલા અનેક જીવોની હિંસા થાય છે. અગ્નિ પણ સજીવ છે. તેના દૂર-દૂર સુધી ફેલાઈ જવાથી અગ્નિકાયની તથા તેની છએ દિશાવર્તી અનેક ત્રસ સ્થાવર જીવોની હિંસા થાય છે. તેથી મુનિ ત્રણ કરણ, ત્રણ યોગથી રાંધવાની ક્રિયાનું વર્જન કરે.

**ક્રય-વિક્રયનો નિષેધ–** ખરીદ-વેચાણમાં પ્રવૃત્ત થતો સાધુ, અણગાર ધર્મથી ચ્યુત થઈ જાય છે અને સદા ખરીદ વેચાણ કરવાથી તે સાધુ સમાચારીનું યથાર્થ રીતે પાલન કરી શકતો નથી તેમજ તેની ચિત્તવૃત્તિ પણ ખરીદ-વેચાણમાં હોય છે. તેથી તેનો સાધુધર્મ નાશ પામે છે તેમજ તે આગમોક્ત શ્રમણ રહેતો નથી, વેશમાત્રથી જ સાધુ રહી જાય છે.

**जहासुत्तं....:–** શાસ્ત્રોક્ત આજ્ઞા અનુસાર ભિક્ષાવૃત્તિથી જીવન નિર્વાહ કરે. શાસ્ત્રમાં ગોચરી સંબંધી અનેક નિયમોનું કથન છે. મુનિ માંસાહારી, અનાર્ય તથા વેશ્યા આદિ નિંદિત કુલોને વર્જીને અનિંદિત કુળના અનેક ઘરોમાં, ગૃહસ્થોએ પોતાના માટે બનાવેલા આહારમાંથી, ભ્રમરની જેમ થોડો-થોડો આહાર ગ્રહણ કરે. આહારના લાભ કે અલાભમાં સમભાવ રાખે; પ્રાપ્ત થયેલા આહારમાં મૂર્છાભાવ રાખ્યા વિના અને આહારમાં લોલુપી બન્યા વિના વિરક્તભાવે અનાહારકદશાની પ્રાપ્તિના પુરુષાર્થ માટે આહાર કરે.

**पाणभूय :–** ગાથામાં પ્રાણ અને ભૂત બે શબ્દ છે. તેનાથી પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વ એ ચારનું ગ્રહણ થઈ જાય છે અર્થાત્ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોનું ગ્રહણ થઈ જાય છે.

**ण रसट्ठाए भुंजिज्जा :–** મુનિ સ્વાદ માટે આહાર કરે નહીં, શરીર અને સંયમ નિર્વાહના લક્ષ્યને જ સદા સ્મૃતિમાં રાખે; સ્વાદની ભાવનાથી કોઈ પણ પદાર્થ માટે ગોચરીમાં ભ્રમણ કરે નહીં અને સહજ પ્રાપ્ત આહારના સ્વાદમાં પણ આનંદ ન માનતા માત્ર ઉદરપૂર્તિના લક્ષ્યે જ આહાર કરે. આ રીતે પોતાના સ્વાસ્થ્ય અને સંયમના લક્ષ્યમાં સતત સાવધાન રહીને, આગમ આદેશોના ચિંતનપૂર્વક આહારનું સેવન કરે.

**અણગારની આરાધના :–**

**१८** **अच्चणं रयणं चेव, वंदणं पूयणं तहा ।**
**इड्ढीसक्कारसम्माणं, मणसा वि ण पत्थए ॥**

**શબ્દાર્થ :– अच्चणं** = અર્ચના, ચંદનાદિ તિલકથી સ્વાગત **रयणं** = રચના, સ્વસ્તિકાદિની રચનાથી સન્માન **वंदणं** = વંદના દ્વારા આદર **तहा** = તથા **पूयणं** = વિશિષ્ટ વસ્ત્રાદિની ભેટરૂપ પૂજા **इड्ढी-सक्कार-सम्माणं** = આ રીતે ૠદ્ધિ, સત્કાર અને સન્માનની સાધુ **मणसा वि** = મનથી પણ **ण पत्थए** = ઈચ્છા ન કરે.

**ભાવાર્થ :–** મુનિ ચંદનાદિના તિલકથી સ્વાગત, પોતાની સન્મુખ મોતીના સ્વસ્તિકાદિની રચના, વંદના, વિશિષ્ટ સામગ્રીથી પૂજા, આ રીતે ૠદ્ધિ સત્કાર અને સન્માનની મનથી પણ ઈચ્છા ન કરે.

**१९** **सुक्कज्झाणं झियाएज्जा, अणियाणे अकिंचणे ।**
**वोसट्ठकाए विहरेज्जा, जाव कालस्स पज्जओ ॥**

**શબ્દાર્થ :– जाव** = જ્યાં સુધી **कालस्स** = કાલની, મૃત્યુની **पज्जओ** = પર્યાય-સમય પ્રાપ્ત થાય ત્યાં સુધી **अणियाणे** = નિયાણા રહિત **अकिंचणे** = પરિગ્રહ રહિત **वोसट्ठकाए** = વ્યુત્સૃષ્ટકાય અર્થાત્ શરીરના મમત્વ- ભાવથી રહિત થઈને **सुक्कज्झाणं** = શુક્લધ્યાન **झियाएज्जा** = ધ્યાવે, ધ્યાન કરે **विहरेज्जा**

= વિચરણ કરે.

**ભાવાર્થ :–** મુનિ મૃત્યુ પર્યંત નિયાણા રહિત, પરિગ્રહ રહિત અને શરીરના મમત્વ ભાવથી રહિત થઈને ધર્મ-શુક્લધ્યાનમાં ધ્યાનસ્થ થઈને વિચરણ કરે.

**૨૦** **णिज्जूहिऊण आहारं, कालधम्मे उवट्ठिए ।**
**जहिऊण माणुसं बोंदिं, पहू दुक्खा विमुच्चइ ॥**

**શબ્દાર્થ :– कालधम्मे** = કાળધર્મ અર્થાત્ મૃત્યુનો સમય **उवट्ठिए** = ઉપસ્થિત થાય ત્યારે **आहारं** = ચારે પ્રકારના આહારનો **णिज्जूहिऊण** = ત્યાગ કરીને **माणुसं** = આ મનુષ્ય સંબંધી **बोंदिं** = ઔદારિક શરીરને **जहिऊण** = છોડીને **पहू** = પ્રભુ, સમર્થ મુનિ **दुक्खा** = બધા દુઃખોથી **विमुच्चइ** = વિમુક્ત થઈ જાય છે.

**ભાવાર્થ :–** મૃત્યુનો સમય ઉપસ્થિત થાય ત્યારે મુનિ સંલેખના-સંથારાપૂર્વક આહારનો પરિત્યાગ કરે. અને આ માનવ ભવના ઔદારિક શરીરનો ત્યાગ કરી તે સામર્થ્યવાન સાધક દુઃખોથી મુક્ત થઈ જાય છે.

**૨૧** **णिम्ममो णिरहंकारो, वीयरागो अणासवो ।**
**संपत्तो केवलं णाणं, सासयं परिणिव्वुए ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– णिम्ममो** = મમત્વ રહિત **णिरहंकारो** = અહંકાર રહિત **वीयरागो** = વીતરાગ, **अणासवो** = આશ્રવરહિત થયેલા મુનિ **केवलं णाणं** = કેવળજ્ઞાનને **संपत्तो** = પ્રાપ્ત કરીને **सासयं** = શાશ્વત, સદાને માટે **परिणिव्वुए** = પરિનિર્વૃત્ત, મોક્ષસુખ પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** મમત્વરહિત, અહંકાર રહિત, આશ્રવ રહિત થયેલા વીતરાગી મુનિ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને શાશ્વત પરિનિર્વાણ (મોક્ષસુખ) પામે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સૂત્રકારે અણગારની આરાધના અને તેના અંતિમ ફળને પ્રદર્શિત કર્યું છે.

ગૃહસ્થ સંબંધોનો અને તેના મમત્ત્વનો સર્વથા ત્યાગ કરીને, સંયમભાવમાં સ્થિત થયેલા અણગાર જીવનની પ્રત્યેક ક્રિયામાં સંયમભાવની વૃદ્ધિ થાય અને કષાયો શાંત થાય, તેવો જ પુરુષાર્થ કરે છે.

આત્મ સાધના કરતા મુનિ કયારે ય વંદન, પૂજન, સત્કાર, સન્માન ઈત્યાદિ માનકષાયની પોષક પ્રવૃત્તિઓની મનથી પણ ઈચ્છા ન કરે. બાહ્ય પરિગ્રહના ત્યાગ પછી રાગ દ્વેષ રૂપ આભ્યંતર પરિગ્રહના ત્યાગ માટે પુરુષાર્થ કરે, તેના માટે હંમેશાં ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં સ્થિત રહે. જીવન પર્યંત નિરંતર આગમ આજ્ઞાઓને લક્ષ્યમાં રાખી રત્નત્રયની આરાધનામાં તલ્લીન રહે.

**णिज्जूहिऊण आहारं :–** પૂર્વ ગાથામાં બતાવેલા આચારનું પાલન કરતા મુનિને વીર્યાન્તરાય કર્મનો ક્ષય થવાથી અનંત શક્તિઓનો પ્રાદુર્ભાવ થાય છે. તેથી મુનિ મૃત્યુનો સમય સમીપ જણાય ત્યારે સંલેખના-અનશન દ્વારા ચતુર્વિધ આહારનો ત્યાગ કરીને સમાધિમાં લીન થઈ જાય છે. આ રીતે ઔદારિક શરીર છોડવાના સમયે સર્વ પ્રકારના શારીરિક અને માનસિક દુઃખોથી મુક્ત થઈ જાય છે. ઔદારિક શરીરના અંત સાથે કાર્મણ શરીરનો પણ અંત થાય છે અને તે અશરીરી આત્મા ગમનાગમનના સંસાર-ચક્રમાંથી છૂટીને પરમાનંદ સ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે.

**संपत्तो केवलं णाणं :–** અણગારવૃત્તિનું યથાતથ્ય રૂપે પાલન કરનારા મુનિ મમત્વ અને અહંકાર રહિત થઈ તથા આશ્રવથી મુક્ત થઈને વીતરાગ(રાગદ્વેષ રહિત) થઈ જાય છે. આ રીતે મોહનીયકર્મના ક્ષય પછી શેષ ત્રણ ઘાતીકર્મોનો એક સાથે ક્ષય કરીને, તે આત્મા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. પોતાના આયુષ્ય પ્રમાણે કેવળીપણે વિચરીને અંતે ચાર અઘાતી કર્મોનો નાશ કરી તે આત્મા શાશ્વત એવા મોક્ષના સુખોને પ્રાપ્ત કરે છે.

૧૮મી ગાથામાં પ્રયુક્ત **अच्चणं** આદિ શબ્દોના વિશિષ્ટ અર્થ આ પ્રમાણે છે– **अच्चणं**–અક્ષત, ચંદનાદિથી તિલક કરી વધાવવું. **रयणं**–પૂજ્યનીય પુરુષની સન્મુખ અક્ષત, મોતી વગેરેથી સ્વસ્તિકાદિ બનાવી સન્માન કરી ભક્તિભાવ પ્રદર્શિત કરવો. **वंदणं**–વંદન-નમસ્કાર કરી વિનય વ્યવહાર કરવો. **पूयणं**–વસ્ત્રાદિ કોઈપણ પદાર્થોની ભેટ આપવી, વસ્તુઓ પ્રદાન કરવી.

**इड्ढी-सक्कार-सम्माणं**– આ રીતે ઋદ્ધિ દર્શન, સત્કાર-સન્માન વગેરે કોઈ પણ પ્રકારના માન-સન્માનથી મુનિ દૂર રહે અર્થાત્ અન્ય ત્યાગીઓની કે ગૃહસ્થોની આવી સન્માન પ્રવૃત્તિઓ જોઈને મુનિ ક્યારે ય તેની અભિલાષા ન કરે.

**पहु–** પ્રભુ, સમર્થ. સંયમ સાધનાથી વીર્યાંતરાયકર્મનો ક્ષય થાય છે અને અનંત શક્તિ પ્રગટ થાય છે. તેવી સમર્થ વ્યક્તિ જ અંત સમયે સંલેખના અને પંડિતમરણનો સ્વીકાર કરી શકે છે. આત્મિક સામર્થ્ય સાથે સંલેખના સ્વીકાર કરનાર મુનિ ધૈર્યપૂર્વક સંયમ અને સંલેખનાની આરાધના કરે છે અને અંતે સર્વ કર્મનો ક્ષય કરી સર્વ દુઃખોથી મુક્ત થઈ જાય છે.

**॥ પાંત્રીસમું અધ્યયન સંપૂર્ણ ॥**

# છત્રીસમું અધ્યયન

## પરિચય

★ પ્રસ્તુત છત્રીસમા અધ્યયનનું નામ 'જીવાજીવ-વિભક્તિ' છે. તેમાં જીવ અને અજીવના વિભાગોનું એટલે ભેદ-પ્રભેદોનું નિરૂપણ છે.

★ સમગ્ર સૃષ્ટિ જડ-ચેતનમય છે. આ લોક જીવ અને અજીવનો જ વિસ્તાર છે. આકાશના જે ભાગમાં જીવ અને અજીવ દ્રવ્ય છે તે આકાશખંડ **લોક** કહેવાય છે અને જ્યાં જીવ-અજીવ દ્રવ્ય નથી, કેવળ આકાશ દ્રવ્ય જ છે, તે **અલોક** કહેવાય છે. લોક અને અલોક બંને અનાદિ અનંત છે, તેથી તેના કોઈ કર્તા, ધર્તા કે સંહર્તા નથી.

★ સંક્ષેપમાં જીવ અને અજીવ આ બે મૂળ દ્રવ્યો છે, બાકીના જોવાતા પદાર્થો આ બે દ્રવ્યોના ભેદપ્રભેદરૂપ છે અથવા તેના સંયોગ-વિયોગથી નિષ્પન્ન થાય છે. જીવ અને અજીવનો સંયોગ પ્રવાહરૂપથી અનાદિ કાલીન છે; વિશેષરૂપથી તે સાદિ સાંત છે. જ્યાં સુધી જીવ સાથે કર્મપુદ્‌ગલો અથવા અન્ય સાંસારિક પદાર્થોનો સંયોગ રહે છે ત્યાં સુધી તેને જન્મ-મરણ કરવા પડે છે. જીવને કર્મપુદ્‌ગલના સંયોગે દેહ, ઇન્દ્રિય, મન, ભાષા, સુખ, દુઃખ આદિ થાય છે. પ્રવાહરૂપથી અનાદિ સંયોગ હોવા છતાં પુરુષાર્થથી તેનો અંત થઈ શકે છે. ઉક્ત સંયોગની પરંપરાનું મુખ્ય કારણ જીવના રાગ-દ્વેષ આદિ વૈભાવિક ભાવો છે. જ્યારે કોઈ પણ આત્મા આ સત્યને સમજીને સ્વીકારે અને જ્ઞાનીઓના નિર્દેશ અનુસાર પુરુષાર્થ કરે, ત્યારે તે રાગ-દ્વેષાદિ ભાવોનો નાશ કરે છે અને તેનો નાશ થતાં તત્જનિત કર્મબંધન અને તેનાથી પ્રાપ્ત આ સંસાર ભ્રમણ સ્વતઃ સમાપ્ત થઈ જાય છે.

★ જીવ અને અજીવની ભિન્નતાને સમજવી એ જ આ અધ્યયનનો ઉદ્દેશ છે, જે આ અધ્યયનના પ્રારંભિક કથનથી સ્પષ્ટ થઈ જાય છે અને તે જ તત્ત્વજ્ઞાનનું ફળ છે, તે જ સમ્યગ્‌દર્શન છે, તે જ સમ્યગ્‌જ્ઞાન છે. આ જ્ઞાન અને દર્શનના સંયોગે જેને જિનવચનમાં અનુરાગ થાય છે તે જિનવાણીને હૃદયંગમ કરીને જીવનમાં તેનું ભાવપૂર્વક આચરણ કરે છે અને તે આચરણનું અંતિમ ફળ મોક્ષ છે.

★ આ અધ્યયનમાં સર્વ પ્રથમ **અજીવ દ્રવ્યનું** નિરૂપણ કર્યું છે. અજીવ દ્રવ્યમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાલ, તે ચાર અરૂપી દ્રવ્ય છે અને પુદ્‌ગલાસ્તિકાય, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ સહિત હોવાથી રૂપી દ્રવ્ય છે. ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો અખંડ હોવા છતાં વિશેષ વિવક્ષાથી સૂત્રકારે તેના સ્કંધ, દેશ, પ્રદેશ તે ત્રણ-ત્રણ ભેદોનું કથન કર્યું છે અને પુદ્‌ગલાસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ, પરમાણુ તે ચાર ભેદ કર્યા છે. તેમજ દરેક દ્રવ્યના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ સ્પષ્ટીકરણ સાથે તેની સ્થિતિ અને અંતરને પણ સ્પષ્ટ કર્યું છે.

★ અજીવ દ્રવ્યનું વર્ણન પૂર્ણ થતાં **જીવ દ્રવ્યનું** વિસ્તારથી નિરૂપણ છે. જીવના મુખ્ય બે ભેદ છે– સિદ્ધ અને સંસારી. સંપૂર્ણ કર્મ રહિત હોવાથી સર્વ સિદ્ધાત્માઓ એક સમાન છે. તેમ છતાં તેના ભૂતકાલના ક્ષેત્ર, કાલ, ગતિ, લિંગ, તીર્થ આદિની અપેક્ષાએ અનેક ભેદ થાય છે. સિદ્ધના વર્ણન પછી સંસારી જીવોના બે મુખ્ય ભેદ કરવામાં આવ્યા છે– ત્રસ અને સ્થાવર. સ્થાવરના પૃથ્વીકાય,

અપ્કાય, વનસ્પતિકાય, તે ત્રણ અને ત્રસના તેજસ્કાય, વાઉકાય અને ઉદાર ત્રસકાય તે ત્રણ ભેદ છે. ઉદાર ત્રસ જીવોના બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિયરૂપ ચાર ભેદ છે. પંચેન્દ્રિયના નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ, તે મુખ્ય ચાર ભેદ છે.

★ જીવના પ્રત્યેક ભેદની સાથે તેના **ક્ષેત્ર** અને **કાલનું** વર્ણન છે. તેમજ કાલની અપેક્ષાએ દરેક જીવની આયુસ્થિતિ, કાયસ્થિતિ અને અંતરનું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે. ત્યાર પછી ભાવનું વર્ણન કરતાં વર્ણાદિની અપેક્ષાએ જીવોના હજારો ભેદોનું પ્રતિપાદન છે.

★ ત્યાર પછી જીવ અને અજીવના સ્વરૂપનું શ્રવણ, જ્ઞાન અને શ્રદ્ધા કરીને તેની ફળશ્રુતિરૂપે સંયમમાં રમણ કરવાનું વિધાન છે.

★ અંતિમ સમયમાં સંથારાપૂર્વક સમાધિમરણ પ્રાપ્ત કરવા માટે સંલેખનાની આરાધનાનું વિસ્તૃત વર્ણન છે. તેની વિશુદ્ધિ માટે કંદર્પી આદિ પાંચ અશુભ ભાવનાઓથી બચીને આત્મરક્ષા કરવાનું; મિથ્યાદર્શન, નિદાન, હિંસા અને કૃષ્ણલેશ્યાથી દૂર રહીને સમ્યગ્દર્શન, અનિદાન અને શુક્લલેશ્યાના પરિણામોમાં રહીને, જિનવચનમાં અનુરાગ રાખી તેનું ભાવપૂર્વક આચરણ કરવાનું નિરૂપણ છે. અંતે સુદઢ શ્રદ્ધા સંપન્ન ગુરુજન પાસે આલોચનાદિથી શુદ્ધ થઈને પરિત્ત સંસારી બનવાનો નિર્દેશ છે.

★ આ રીતે આ અધ્યયનમાં જીવ-અજીવના વિસ્તૃત વર્ણન સાથે સંયમમાં રમણ કરવાની પ્રેરણા આપી સંસારી જીવોને સંસારથી મુક્ત થવાનો માર્ગ પ્રગટ કર્યો છે.

❖❖❖❖❖

# છત્રીસમું અધ્યયન

## જીવાજીવ-વિભક્તિ

**અધ્યયન પ્રારંભ :–**

**१** जीवाजीवविभत्तिं, सुणेह मे एगमणा इओ ।
जं जाणिऊण भिक्खू, सम्मं जयइ संजमे ॥

**શબ્દાર્થ :–** **इओ** = હવે **जीवाजीवविभत्तिं** = જીવ અને અજીવના ભેદોને **मे** = મારી પાસેથી **एगमणा** = એકાગ્ર ચિત્ત થઈને **सुणेह** = સાંભળો **जं** = જેને **जाणिऊण** = જાણીને **भिक्खू** = ભિક્ષુ, સાધુ **सम्मं** = સમ્યક્ પ્રકારથી **संजमे** = સંયમમાં **जयइ** = યતના કરે છે, સાવધાની રાખે છે.

**ભાવાર્થ :–** જીવ અને અજીવના ભેદોને તમે એકાગ્ર ચિત્ત થઈને મારી પાસેથી સાંભળો; જેને જાણીને સાધુ સંયમમાં સમ્યક્ પ્રકારે યત્નશીલ થાય છે.

**લોક–અલોક :–**

**२** जीवा चेव अजीवा य, एस लोए वियाहिए ।
अजीव देसमागासे, अलोए से वियाहिए ॥

**શબ્દાર્થ :–** **जीवा** = જીવ **अजीवा** = અજીવ રૂપ **एस** = આ **लोए** = લોક **वियाहिए** = કહ્યો છે **अजीवदेसं** = અજીવનો એક દેશ(વિભાગ) **आगासे** = આકાશ (જ્યાં કેવળ આકાશ જ છે) **से** = તે **अलोए** = અલોક **वियाहिए** = કહેવાય છે.

**ભાવાર્થ :–** આ લોકને જીવ અને અજીવમય કહ્યો છે અને અજીવના એકદેશરૂપ કેવળ આકાશ છે, તેને અલોક કહ્યો છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં લોક અને અલોકની પરિભાષા છે.

જૈનાગમોમાં વિભિન્ન દષ્ટિઓથી 'લોક'ની પરિભાષા કરવામાં આવી છે– (૧) જે ક્ષેત્રમાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો છે, તે ક્ષેત્રને **લોક** અને તેનાથી વિપરીત અર્થાત્ જે ક્ષેત્રમાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો ન હોય, તે ક્ષેત્રને **અલોક** કહે છે. (૨) પ્રસ્તુતમાં જીવ અને અજીવદ્રવ્યો જ્યાં હોય તેને **લોક** અને અજીવ દ્રવ્યના દેશ વિભાગરૂપ માત્ર આકાશમય ક્ષેત્રને **અલોક** કહ્યો છે. (૩) આકાશ દ્રવ્ય વ્યાપક દ્રવ્ય છે. તેના જેટલા વિભાગમાં જીવ અને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય આદિ અજીવ દ્રવ્યો હોય તેટલા વિભાગને **લોક** કહે છે. જે આકાશ ક્ષેત્રમાં આકાશ સિવાય અન્ય કોઈ પણ દ્રવ્ય નથી; એકમાત્ર તે આકાશ જ છે, તેને **અલોક** કહે છે.

**વિષય કથન પ્રતિજ્ઞા :–**

**૩** **दव्वओ खेत्तओ चेव, कालओ भावओ तहा ।**
**परूवणा तेसिं भवे, जीवाणमजीवाण य ॥**

**શબ્દાર્થ :– तेसिं** = તેની **परूवणा** = પ્રરૂપણા **दव्वओ** = દ્રવ્યથી **खेत्तओ** = ક્ષેત્રથી **कालओ** = કાલથી, **भावओ** = ભાવથી **भवे** = થાય છે.

**ભાવાર્થ :–** જીવ અને અજીવ દ્રવ્યની પ્રરૂપણા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ, આ ચાર પ્રકારે થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં સૂત્રકારે જીવ અને અજીવ દ્રવ્યની દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ; આ ચાર પ્રકારે પ્રરૂપણા કરવાની પ્રતિજ્ઞા કરી છે. **દ્રવ્યથી** જીવ અને અજીવ દ્રવ્યનું સ્વરૂપ, **ક્ષેત્રથી** જીવ અને અજીવ દ્રવ્યનું આધારભૂત ક્ષેત્ર, **કાલથી** જીવ અને અજીવ દ્રવ્યની કાલસ્થિતિ અને **ભાવથી** જીવ અને અજીવ દ્રવ્યની પર્યાયોનું નિરૂપણ છે.

**અજીવ દ્રવ્ય :–**

**૪** **रूविणो चेव अरूवी य, अजीवा दुविहा भवे ।**
**अरूवी दसहा वुत्ता, रूविणो उ चउव्विहा ॥**

**શબ્દાર્થ :– अजीवा** = અજીવના **दुविहा** = બે ભેદ છે **रूविणो** = રૂપી **अरूवी** = અરૂપી **दसहा** = દશ પ્રકાર છે **चउव्विहा** = ચાર પ્રકાર છે.

**ભાવાર્થ :–** અજીવ દ્રવ્યના બે ભેદ છે– (૧) રૂપી અને (૨) અરૂપી. તેમાં પણ અરૂપીના દશ અને રૂપીના ચાર ભેદ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં અજીવદ્રવ્યના મુખ્ય ભેદ અને ભેદાનુભેદનું કથન છે.

**अजीवा :–** જેમાં ચૈતન્યશક્તિ નથી અને જેમાં જ્ઞાન દર્શન આદિ ગુણ નથી, તે અજીવ છે. વર્ણ ગંધ આદિ ગુણોની અપેક્ષાએ અજીવના બે ભેદ છે– રૂપી અને અરૂપી.

**रूविणो :–** જેમાં વર્ણ, રસ, ગંધ, સ્પર્શ હોય તે રૂપી અજીવ દ્રવ્ય કહેવાય છે. છ દ્રવ્યમાં એક પુદ્ગલાસ્તિકાય જ રૂપી દ્રવ્ય છે. તેના ચાર પ્રકાર છે– સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ.

**अरूवी :–** જેમાં પૂર્વોક્ત વર્ણ આદિ ગુણોનો અભાવ હોય તેને અરૂપી દ્રવ્ય કહેવાય છે. અરૂપી અજીવ દ્રવ્યના ચાર પ્રકાર છે– ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાલ. તે ચારેયના મળીને દશ ભેદ છે.

**અરૂપી અજીવના દશ પ્રકાર :–**

**૫** **धम्मत्थिकाए तद्देसे, तप्पएसे य आहिए ।**
**अहम्मे तस्स देसे य, तप्पएसे य आहिए ॥**

**૬** **आगासे तस्स देसे य, तप्पएसे य आहिए ।**
**अद्धासमए चेव, अरूवी दसहा भवे ॥**

**શબ્દાર્થ :– धम्मत्थिकाए** = ધર્માસ્તિકાયનો સ્કંધ **तद्देसे** = તેનો દેશ **तप्पएसे** = તેનો પ્રદેશ(આ ત્રણ ભેદ ધર્માસ્તિકાયના) **आहिए** = કહ્યા છે **अहम्मे** = અધર્માસ્તિકાયનો સ્કંધ **आगासे** = આકાશાસ્તિકાયનો સ્કંધ **तस्स** = તેનો **देसे** = દેશ **अद्धासमए** = અદ્ધા સમય, કાલ **अरूवी** = અરૂપીના **दसहा** = દશ ભેદ **भवे** = હોય છે.

**ભાવાર્થ :–** ધર્માસ્તિકાયના (૧) સ્કંધ (૨) દેશ અને (૩) પ્રદેશ; અધર્માસ્તિકાયના (૪) સ્કંધ (૫) દેશ અને (૬) પ્રદેશ; આકાશાસ્તિકાયના (૭) સ્કંધ (૮) દેશ અને (૯) પ્રદેશ; (૧૦) અદ્ધાસમય–કાલ, આ રીતે અરૂપી અજીવ દ્રવ્યના દશ ભેદ થાય છે. ॥ ૫–૬ ॥

**૭** **धम्माधम्मे य दो चेव, लोगमित्ता वियाहिया ।**
**लोगालोगे य आगासे, समये समयखेत्तिए ॥**

**શબ્દાર્થ :– धम्माधम्मे** = ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય **दो चेव** = બંને **लोगमित्ता** = લોક પરિમાણ, લોકવ્યાપી **वियाहिया** = કહ્યા છે **आगासे** = આકાશાસ્તિકાય **लोगालोगे** = લોક અને અલોકમાં **समए** = સમય-કાલદ્રવ્ય **समयखेत्तिए** = સમયક્ષેત્રમાં વર્તે છે.

**ભાવાર્થ :–** ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય, તે બંનેને લોક પ્રમાણ કહ્યા છે તથા આકાશાસ્તિકાય લોકાલોક પ્રમાણ છે અને કાળ દ્રવ્ય સમયક્ષેત્રવર્તી છે અર્થાત્ તે અઢી દ્વીપમાં વર્તે છે.

**૮** **धम्माधम्मागासा, तिण्णि वि एए अणाइया ।**
**अपज्जवसिया चेव, सव्वद्धं तु वियाहिया ॥**

**શબ્દાર્થ :– धम्माधम्मागासा** = ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય **एए** = એ **तिण्णि वि** = ત્રણે ય **अणाइया** = અનાદિ **अपज्जवसिया** = અપર્યવસિત, અનંત છે **तु** = અને **सव्वद्धं** = સર્વ કાલમાં રહેનાર, શાશ્વત **वियाहिया** = કહ્યા છે.

**ભાવાર્થ :–** તીર્થંકરોએ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય, તે ત્રણે ય દ્રવ્યોને સર્વ કાલમાં વિદ્યમાન, અનાદિ-અનંત કહ્યા છે.

**૯** **समए वि संतइं पप्प, एवमेव वियाहिए ।**
**आएसं पप्प साईए, सपज्जवसिए वि य ॥**

**શબ્દાર્થ :– समए** = સમય-કાલ દ્રવ્ય **संतइं** = સંતતિ, પ્રવાહની **पप्प** = અપેક્ષાએ **एवमेव** = આ જ પ્રમાણે એટલે અનાદિ-અનંત **वियाहिए** = કહેવાય છે **आएसं** = અપેક્ષાથી **साईए** = સાદિ અને **सपज्जवसिए वि** = સપર્યવસિત પણ છે.

**ભાવાર્થ :–** સમય–કાલ દ્રવ્ય પ્રવાહની અપેક્ષાથી તો અનાદિ અનંત છે અને કોઈ અપેક્ષાથી સાદિ સાંત પણ કહેવાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં અરૂપી અજીવ દ્રવ્યનું દ્રવ્ય, ક્ષેત્ર અને કાલની અપેક્ષાએ વર્ણન છે.

**દ્રવ્યથી–** ચારે અરૂપી દ્રવ્યનું સ્વરૂપ આ પ્રમાણે છે–

**(૧) ધર્માસ્તિકાય :–** જીવ અને પુદ્‍ગલ દ્રવ્યની ગતિમાં સહાયક થાય, તેને ધર્માસ્તિકાય કહે છે. જેવી રીતે માછલીને ગતિ કરવામાં પાણી સહાયક થાય છે, રેલગાડીને ચાલવામાં પાટા સહાયક થાય છે, તેવી રીતે જીવ અને પુદ્‍ગલ બંને ધર્માસ્તિકાયની સહાયતાથી ગતિ કરે છે.

**(૨) અધર્માસ્તિકાય :–** જીવ અને પુદ્‍ગલ દ્રવ્યને સ્થિર થવામાં સહાયક થાય તેને અધર્માસ્તિકાય કહે છે. દા.ત. થાકેલા મુસાફરને બેસવામાં છાયો સહાયક થાય છે તેમ.

**(૩) આકાશાસ્તિકાય :–** જીવ અને પુદ્‍ગલ દ્રવ્યને રહેવાનું સ્થાન આપે, આધારભૂત બને, તેને આકાશાસ્તિકાય કહે છે. આકાશ એટલે ખાલી જગ્યા. દા.ત. ભીંતમાં ખીલી ખોડવાથી તેને સ્થાન મળે છે અને દૂધમાં પતાસું કે સાકર નાંખતા, તે દૂધમાં સ્થાન પામીને ભળી જાય છે તેમ.

**(૪) કાલ :–** જે સર્વ દ્રવ્ય પર વર્તી રહ્યું છે તે કાલ છે; વર્તના તેનો ગુણ છે. કાલ દ્રવ્યના પ્રભાવે જીવ અને પુદ્‍ગલની પર્યાયો નવી હોય, તે જૂની થાય, જૂની હોય તે નષ્ટ થાય છે. તેના માટે કપડાને કાતરનું દષ્ટાંત સમજવું.

કાલ દ્રવ્ય નિર્વિભાગી હોવાથી તેના સ્કંધ, દેશ અને પ્રદેશ રૂપ ભેદ થતાં નથી. જોકે વર્તના લક્ષણ કાલના ભૂત, ભવિષ્ય અને વર્તમાન, એમ ત્રણ ભેદ માનવામાં આવ્યા છે તો પણ ધર્માસ્તિકાય આદિની જેમ તે સમયોનો એકીભાવ થતો નથી; કારણ કે ભૂતકાલ નાશ પામી ગયો હોય છે અને ભવિષ્ય કાલ હજી ઉત્પન્ન થયો નથી અને વર્તમાન કાલ માત્ર એક સમયરૂપ જ છે; આ રીતે કાલમાં પ્રદેશ પ્રચયરૂપતા થતી નથી, તેથી કાલ દ્રવ્ય એક જ છે. પુદ્‍ગલ અને જીવના આરોપથી તેને અનંત પણ કહેવાય છે.

ધર્માસ્તિકાયાદિ ત્રણ અરૂપી અજીવ દ્રવ્યો દ્રવ્યથી એક અને અખંડ દ્રવ્ય છે. સૂત્રકારે તેના સ્વરૂપને ત્રણ-ત્રણ ભેદથી સ્પષ્ટ કર્યું છે– **સ્કંધ–** કોઈ પણ દ્રવ્યના પૂર્ણ, અખંડ સ્વરૂપનું નામ સ્કંધ છે. જેમ કે અખંડ લોક પ્રમાણ ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય, તે સ્કંધ છે. **દેશ–** સ્કંધનો અમુક, બુદ્ધિ કલ્પિત વિભાગ દેશ કહેવાય છે. ઊર્ધ્વ કે અધો લોક આદિ. **પ્રદેશ–** સ્કંધનો એક કલ્પિત અત્યંત સૂક્ષ્મ અવિભાજ્ય અંશ પ્રદેશ કહેવાય છે. ધર્માસ્તિકાય આદિ ત્રણ દ્રવ્યોના આ રીતે ત્રણ-ત્રણ ભેદ થતાં ૩×૩=૯ ભેદ થાય અને એક અદ્ધાસમય મળીને દશ ભેદ થાય છે.

**ક્ષેત્રથી–** ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય બંને દ્રવ્યો લોક પ્રમાણ, આકાશાસ્તિકાય લોકાલોક પ્રમાણ અને કાલદ્રવ્ય અઢીદ્વીપ પ્રમાણ છે. પદાર્થોની સ્થિતિરૂપ કાલ, સર્વ દ્રવ્ય પર અને સર્વ ક્ષેત્રોમાં વર્તી રહ્યો છે પરંતુ કાલદ્રવ્યની ગણના અઢીદ્વીપમાં જ થાય છે. અઢીદ્વીપમાં ચંદ્ર-સૂર્ય આદિની ગતિના આધારે દિવસ, રાત આદિ સમયની ગણના થાય છે. તેથી કાલગણનાનું પ્રવર્તન અઢીદ્વીપમાં જ થાય છે. અઢી દ્વીપની બહાર ચંદ્ર-સૂર્ય આદિની ગતિ નથી. તેથી ત્યાં કાલગણના થતી નથી. આ કારણે કાલ દ્રવ્યને આગમમાં અઢીદ્વીપ પ્રમાણ જ કહ્યું છે.

**કાલથી–** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણે ય અરૂપી અજીવ દ્રવ્ય અનાદિ અનંત છે. **કાલ દ્રવ્ય** પ્રવાહની અપેક્ષાએ અનાદિ અનંત છે કારણ કે સમયની ક્યારે ય ઉત્પત્તિ થતી નથી, ઉત્પત્તિ રહિત હોવાથી તે અનાદિ છે અને તેનો અંત પણ થવાનો નથી. તેથી પ્રવાહની અપેક્ષાએ કાલ દ્રવ્ય અનાદિ અનંત છે, પરંતુ કોઈ કાર્યની અપેક્ષાએ તે સાદિ-સાંત પણ છે અર્થાત્ આદિ અને અંતવાળો છે. દા.ત. કોઈ કુંભારે ઘડાનું નિર્માણ કરવાનું અમુક સમયે શરૂ કર્યું, તે શરૂ કરવાની અપેક્ષાએ

આદિ છે અને ઘટ નિર્માણની સમાપ્તિ થતાં તેનો અંત થાય છે, આ રીતે સાદિ-સાંતતા ઘટિત થાય છે.

ઉપરોક્ત રીતે દ્રવ્ય, ક્ષેત્ર અને કાલથી અરૂપી દ્રવ્યનું નિરૂપણ આ ગાથાઓમાં કર્યું છે. પરંતુ ભાવની અપેક્ષાએ અહીં કથન કર્યું નથી. આ ચાર દ્રવ્યો ભગવતી સૂત્રાનુસાર ભાવથી અપેક્ષાએ વર્ણ, રસ, ગંધ અને સ્પર્શથી રહિત છે, એટલે અરૂપી, અમૂર્ત છે.

**છ દ્રવ્યોનું સ્વરૂપ :–**

| દ્રવ્યનું નામ | જીવ/અજીવ | દ્રવ્યથી | ક્ષેત્રથી | કાળથી | ભાવથી |
|---|---|---|---|---|---|
| ધર્માસ્તિકાય | અજીવ | એક | લોકવ્યાપી | અનાદિ-અનંત | અરૂપી |
| અધર્માસ્તિકાય | અજીવ | એક | લોકવ્યાપી | અનાદિ-અનંત | અરૂપી |
| આકાશાસ્તિકાય | અજીવ | એક | લોક-અલોકવ્યાપી | અનાદિ-અનંત | અરૂપી |
| કાળ | અજીવ | અનંત | સમય ક્ષેત્રવ્યાપી | અનાદિ-અનંત | અરૂપી |
| પુદ્ગલાસ્તિકાય | અજીવ | અનંત | લોકવ્યાપી | અનાદિ-અનંત | રૂપી |
| જીવાસ્તિકાય | જીવ | અનંત | લોકવ્યાપી | અનાદિ-અનંત | અરૂપી |

**રૂપી અજીવના ચાર પ્રકાર :–**

**૧૦** **खंधा य खंधदेसा य, तप्पएसा तहेव य ।**
**परमाणुणो य बोद्धव्वा, रूविणो य चउव्विहा ॥**

**શબ્દાર્થ :– खंधा** = સ્કંધ **खंधदेसा** = સ્કંધના દેશ **तप्पएसा** = સ્કંધના પ્રદેશ **य, य, तहेव, य** = અને **परमाणुणो** = પરમાણુ પુદ્ગલ **चउव्विहा** = ચાર ભેદ **रूविणो** = રૂપી દ્રવ્યના **बोद्धव्वा** = જાણવા જોઈએ.

**ભાવાર્થ :–** રૂપી દ્રવ્યના સ્કંધ, સ્કંધના દેશ, સ્કંધના પ્રદેશ અને પરમાણુ, તે ચાર ભેદ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં રૂપી દ્રવ્યના ભેદોનું નિરૂપણ છે. અજીવ દ્રવ્યોમાં એક પુદ્ગલાસ્તિકાય રૂપી છે.

**પુદ્ગલાસ્તિકાય :–** જેમાં વર્ણ, રસ, ગંધ અને સ્પર્શાદિ હોય, જેને ગ્રહણ અને ધારણ કરી શકાય તેમજ જેનો કોઈ પણ રીતે વિધ્વંસ-વિનાશ થાય; તેને પુદ્ગલાસ્તિકાય કહે છે, તેના ચાર ભેદ આ પ્રમાણે છે.


**સ્કંધ :–** બે અથવા બે થી વધારે પરમાણુઓનો સમૂહ સ્કંધ કહેવાય છે. લોકમાં તે પુદ્ગલ સ્કંધ અનંત છે. તે સર્વ મળીને પુદ્ગલાસ્તિકાય કહેવાય છે પરંતુ તે સમસ્ત પુદ્ગલોનો અખંડ એક સ્કંધ થતો નથી. જેમ અનેક બુંદીના દાણા ભેગા થઈને એક લાડવો બને છે, તેમ અનેક પરમાણુઓ ભેગા થઈને લોકમાં નાના-મોટા અનંતાનંત સ્કંધો બને છે. બે પરમાણુ ભેગા થાય તેને બે પ્રદેશી સ્કંધ, ત્રણ પરમાણુ ભેગા થાય તેને ત્રિપ્રદેશી સ્કંધ કહે છે; આ રીતે ***યાવત્*** સંખ્યાત, અસંખ્યાત કે અનંત પરમાણુ ભેગા થતાં તે ક્રમશઃ સંખ્યાતપ્રદેશી, અસંખ્યાત પ્રદેશી અને અનંત પ્રદેશી સ્કંધ કહેવાય છે.

**દેશ :–** સ્કંધના કોઈ અમુક કલ્પિત વિભાગનું નામ દેશ છે. જેમ કે અર્ધો લાડવો, પા લાડવો, લાડવાનો એક ટુકડો, તેમ સ્કંધનો એક ભાગ પુદ્ગલાસ્તિકાયનો દેશ કહેવાય છે.

**પ્રદેશ :–** સ્કંધના અવિભાજ્ય અંશ કે જે પોતાના સ્કંધ સાથે જોડાયેલો હોય, તેને પ્રદેશ કહે છે. જેમ કે

લાડવાનો અવિભાજ્ય અંશ તે બુંદી લાડવાથી છૂટી પડી ન હોય, ત્યાં સુધી તેનો પ્રદેશ કહેવાય છે.

**પરમાણુ :–** જેમ લાડવાનો અવિભાજ્ય અંશ–બૂંદીનો એક દાણો તેમાંથી છૂટો પડી જાય તેમ પુદ્ગલ સ્કંધથી તેનો અવિભાજ્ય અંશ–પ્રદેશ છૂટો થાય, તો તેને પરમાણુ કહે છે. ધર્માસ્તિકાયાદિ અરૂપી દ્રવ્ય અખંડ હોવાથી તેના અવિભાજ્ય અંશ છૂટા પડતા નથી. તેથી તેના સ્કંધ, દેશ, પ્રદેશરૂપ ત્રણ ભેદ જ થાય છે. પરમાણુરૂપ ભેદ તેમાં થતો નથી, તે ભેદ માત્ર પુદ્ગલમાં જ થાય છે. પુદ્ગલાસ્તિકાયમાં સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ તેમ ચાર ભેદ થાય છે. સંક્ષેપમાં પુદ્ગલાસ્તિકાયના સ્કંધ અને પરમાણુ બે ભેદ થાય છે, કારણ કે દેશ અને પ્રદેશ એ બંનેનો સમાવેશ સ્કંધમાં થઈ જાય છે.




**પરમાણુ અને સ્કંધ :–**

**૧૧** **एगत्तेण पुहुत्तेण, खंधा य परमाणु य ।**
**लोएगदेसे लोए य, भइयव्वा ते उ खेत्तओ ॥**

**૧૨** **सुहुमा सव्व लोगम्मि लोगदेसे य बायरा ।**
**इत्तो कालविभागं तु, तेसिं वुच्छं चउव्विहं ॥**

**શબ્દાર્થ :–** **एगत्तेण** = એકત્વથી, પરમાણુઓ પરસ્પર મળી જવાથી **खंधा** = સ્કંધ બને છે **पुहुत्तेण** = પૃથક્ પૃથક્ રહેવાથી, જુદા પડવાથી **परमाणु** = પરમાણુ કહેવાય છે **खेत्तओ** = ક્ષેત્રની અપેક્ષાએ **ते** = તેઓ **लोएगदेसे** = લોકના એક દેશ(વિભાગ)માં **य** = અને **लोए** = સમસ્ત લોકવ્યાપી **भइयव्वा** = તેમાં ભજના સમજવી જોઈએ **एत्तो** = આ પછી હવે **कालविभागं** = કાલ વિભાગના વિષયમાં **तेसिं** = તે સ્કંધ અને પરમાણુઓના **चउव्विहं** = ચાર પ્રકારથી **वुच्छं** = નિરૂપણ કરીશ **सुहुमा** = સૂક્ષ્મ **सव्वलोगम्मि** = સમસ્ત લોકમાં છે **य** = અને **बायरा** = બાદર **लोगदेसे** = લોકના એક દેશમાં છે.

**ભાવાર્થ :–** પરમાણુઓના પરસ્પર મિલનથી સ્કંધ બને છે તથા જુદા પડવાથી તે પરમાણુ કહેવાય છે. ક્ષેત્રની અપેક્ષાએ સ્કંધ અને પરમાણુ લોકના એક દેશમાં કે સંપૂર્ણ લોકમાં ભજનાથી રહે છે.

સૂક્ષ્મ સ્કંધ સમસ્ત લોકમાં છે અને બાદર સ્કંધ લોકના એક દેશમાં હોય છે. હવે પછી સ્કંધ અને પરમાણુનું કાલ વિભાગથી ચાર પ્રકારે નિરૂપણ કરીશ. ॥ ૧૧–૧૨ ॥

**१३** **संतइं पप्प तेणाई, अपज्जवसिया वि य ।**
**ठिइं पडुच्च साइया, सपज्जवसिया वि य ॥**

**શબ્દાર્થ :–** **संतइं** = સંતતિની(પ્રવાહની) **पप्प** = અપેક્ષાએ **ते** = તે સ્કંધ અને પરમાણુ **अणाई** = અનાદિ **अपज्जवसिया** = અપર્યવસિત(અનંત) છે **ठिइं** = સ્થિતિની **पडुच्च** = પ્રતીત્ય –અપેક્ષાએ **साइया** = સાદિ, આદિ સહિત **सपज्जवसिया** = સપર્યવસિત, સાંત.

**ભાવાર્થ :–** તે સ્કંધ અને પરમાણુ પ્રવાહની અપેક્ષાએ અનાદિ-અનંત છે પરંતુ સ્થિતિની અપેક્ષાએ તે સાદિ સાંત છે.

**१४** **असंखकालमुक्कोसं, इक्कं समयं जहण्णयं ।**
**अजीवाण य रूवीणं, ठिई एसा वियाहिया ॥**

**શબ્દાર્થ :–** **रूवीणं** = રૂપી **अजीवाण** = અજીવોની **जहण्णयं** = જઘન્ય **ठिई** = સ્થિતિ **इक्कं** = એક **समयं** = સમય છે **उक्कोसं** = ઉત્કૃષ્ટ **असंखकालं** = અસંખ્યાતકાલ **एसा** = આ સ્થિતિ **वियाहिया** = કહી છે.

**ભાવાર્થ :–** રૂપી અજીવ દ્રવ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ અસંખ્યાતકાલની અને જઘન્ય સ્થિતિ એક સમયની કહી છે.

**१५** **अणंतकालमुक्कोसं, इक्कं समयं जहण्णयं ।**
**अजीवाण य रूवीणं, अंतरेयं वियाहियं ॥**

**ભાવાર્થ :–** રૂપી અજીવ દ્રવ્યનું(સ્કંધનું) અંતર જઘન્ય એક સમયનું અને ઉત્કૃષ્ટ અનંતકાલનું કહ્યું છે.

**વિવેચન :–**

**एगत्तेण पुहत्तेण :–** પ્રસ્તુત શબ્દ પ્રયોગ દ્વારા સૂત્રકારે પરમાણુ અને સ્કંધની ઉત્પત્તિનું કથન કર્યું છે. તદનુસાર **एगत्तेण**–સ્કંધની ઉત્પત્તિ પરમાણુઓના ભેગા થવાથી થાય છે. **पुहत्तेण**– સ્કંધગત પ્રદેશો છૂટા પડી જવાથી પરમાણુ નિષ્પન્ન થાય છે. તેમ છતાં વિસ્તૃત વિચારણાની અપેક્ષાએ સ્કંધની ઉત્પત્તિ ત્રણ પ્રકારે થાય છે–

(૧) **एगत्तेण**– અનેક પરમાણુઓના ભેગા થવાથી સ્કંધ ઉત્પન્ન થાય છે. જેમ કે બે પરમાણુ ભેગા થવાથી દ્વિપ્રદેશી સ્કંધ બને છે, તે રીતે ત્રણ પરમાણુ ભેગા થવાથી ત્રિપ્રદેશી સ્કંધ, સંખ્યાતા પરમાણુ ભેગા થવાથી સંખ્યાતપ્રદેશી સ્કંધ, અસંખ્યાતા પરમાણુ ભેગા થવાથી અસંખ્યાત પ્રદેશી સ્કંધ, અનંત પરમાણુ ભેગા થવાથી અનંતપ્રદેશી સ્કંધ બને છે. આ રીતે બે કે બે થી અધિક પરમાણુ ભેગા થવાથી સ્કંધ બને છે.

(૨) **पुहत्तेण**– પૃથક્ત્વ. એક મોટા સ્કંધનો ભેદ થવાથી નાના-નાના બે સ્કંધ બને છે. જેમ કે દશ પ્રદેશી સ્કંધના બે ટૂકડા થાય, તો પાંચ-પાંચ પ્રદેશી બે સ્કંધ બની જાય છે. આ રીતે ભેદથી સ્કંધની ઉત્પત્તિ થાય છે.

(૩) **एगत्तेण पुहत्तेण**– સંઘાત અને ભેદ બંને ક્રિયા સાથે થવાથી પણ સ્કંધ ઉત્પન્ન થાય છે. જેમ કે એક પંચ પ્રદેશી સ્કંધમાંથી બે પરમાણુ છૂટા પડે, તે જ સમયે અન્ય એક પરમાણુ આવીને તે સ્કંધમાં જોડાઈ જાય, તો એક ચતુષ્પ્રદેશી સ્કંધ નિષ્પન્ન થાય છે. આ રીતે કોઈ પણ સ્કંધમાંથી અમુક ભાગનો ભેદ થાય, તે

સમયે અન્ય પરમાણુ કે સ્કંધ તેમાં જોડાઈ જાય તો તે નિષ્પન્ન થયેલ નવો સ્કંધ ભેદ-સંઘાતજન્ય કહેવાય છે.

પરમાણુની ઉત્પત્તિ કેવળ ભેદથી જ થાય છે. અર્થાત્ દ્વિપ્રદેશી આદિ સ્કંધોનો ભેદ થવાથી પરમાણુઓ છૂટા પડી જાય છે.

**ક્ષેત્રથી–** પુદ્ગલ સ્કંધ સમગ્ર લોકમાં અને લોકના દેશ વિભાગમાં પણ હોય છે. તેમાં એક પરમાણુ એક આકાશ પ્રદેશ પર સ્થિત થાય છે, દ્વિપ્રદેશી સ્કંધ એક આકાશપ્રદેશ પર પણ સ્થિત થઈ શકે છે અને બે આકાશ પ્રદેશ પર પણ રહી શકે છે. ત્રિપ્રદેશી સ્કંધ એક, બે કે ત્રણ આકાશ પ્રદેશ પર રહી શકે છે. આ રીતે કોઈ પણ સ્કંધ એક આકાશ પ્રદેશ પર સ્થિત થઈ શકે છે અને વધુમાં વધુ તે સ્કંધ જેટલા પ્રદેશી હોય, તેટલા આકાશ પ્રદેશ પર સ્થિત થાય છે. અનંતપ્રદેશી સ્કંધ વધુમાં વધુ અસંખ્યાત પ્રદેશ પર સ્થિત થાય છે કારણ કે લોકાકાશના અસંખ્યાત પ્રદેશો જ છે. અનંત પ્રદેશો નથી.

આ રીતે લોકના કેટલાક સ્કંધો લોકાકાશના એક પ્રદેશ પર, કેટલાક સ્કંધો બે પ્રદેશો પર ***યાવત્*** કેટલાક સ્કંધો અસંખ્યાત પ્રદેશ પર સ્થિત થાય છે. પુદ્ગલાસ્તિકાયનો સહુથી મોટો અચિત્ત મહાસ્કંધ સમગ્ર લોકવ્યાપી હોય છે. સંક્ષેપમાં પુદ્ગલ સ્કંધ સમગ્ર લોકમાં કે લોકના એક દેશમાં ભજનાથી હોય છે.

**કાલથી–** સૂત્રકારે કાલથી આદિ, અનાદિ, સાંત અને અનંત તે ચાર પ્રકારની સ્થિતિનું કથન કર્યું છે.

સ્કંધ અને પરમાણુઓની સંતતિ અનાદિકાલથી ચાલી આવે છે અને તે જ પ્રકારે ચાલશે, તેથી પ્રવાહની અપેક્ષાએ તે અનાદિ અને અનંત કહેવાય છે સ્થિતિ અને રૂપાંતરની અપેક્ષાએ તે સાદિ-સાંત છે તેનો આરંભ પણ છે અને સમાપ્તિ પણ છે. જેમ કે કોઈ સમયે પરમાણુઓ ભેગા થવાથી સ્કંધની ઉત્પત્તિ થાય છે અને સ્કંધમાંથી પરમાણુઓ છૂટાં પડતાં સ્કંધનો અંત આવે છે.

**સ્થિતિ–** કોઈ પણ સ્કંધ કે પરમાણુની જઘન્ય સ્થિતિ એક સમયની અને ઉત્કૃષ્ટ સ્થિતિ અસંખ્યાતકાલની હોય છે. જો પરમાણુ અથવા સ્કંધ કોઈ એક વિવક્ષિત સ્થાન પર સ્થિતિ કરે તો તેનો સ્થિતિકાલ ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે અસંખ્યાતકાલનો હોય છે. ત્યાર પછી કોઈ પણ નિમિત્તથી તે ત્યાંથી અલગ પડી જાય છે.

**અંતર–** કોઈ પણ પુદ્ગલ સ્કંધ તે અવસ્થાને છોડી દે અને ફરી તે અવસ્થાને પ્રાપ્ત કરે, તેની વચ્ચેનો કાલ તે પુદ્ગલ સ્કંધનું **અંતર** કહેવાય છે. જેમ કે ત્રણ પ્રદેશી સ્કંધના ત્રણે પરમાણુ છૂટા પડી જાય તો ફરીથી જઘન્ય એક સમય પછી તે ત્રણે પરમાણુ ભેગા થઈ શકે છે અને ઉત્કૃષ્ટ અનંત કાલ પછી ભેગા થઈ શકે છે. પ્રસ્તુત ચૌદમી ગાથામાં સમુચ્ચય રૂપે પુદ્ગલ સ્કંધોનું જ અંતર દર્શાવ્યું છે, પરમાણુનું અંતર બતાવ્યું નથી. બીજા આગમ સૂત્રો અનુસાર પરમાણુનું જઘન્ય અંતર એક સમયનું અને ઉત્કૃષ્ટ અંતર અસંખ્યકાલનું હોય છે. અનંતકાલનું તેનું અંતર હોતું નથી.

**सुहुमा सव्व लोगम्मि... :–** આ ગાથાનો શબ્દાર્થ ભાવાર્થ સ્પષ્ટ છે અને તેનો ભાવ પૂર્વની ગાથા સાથે પ્રસંગાનુકૂલ પણ છે. પ્રતોમાં તે ગાથા કયાંક અર્ધી અને કયાંક પૂર્ણ મળે છે. તે ભિન્નતાનું કારણ અજ્ઞાત છે. આ જ રીતે આ અધ્યયનમાં ગાથા સંબંધી ભિન્નતા બે-ચાર સ્થાને જોવા મળે છે. પ્રસ્તુત સંસ્કરણમાં તે સર્વ સ્થળે પ્રસંગાનુકૂલ હોવાથી પૂર્ણ ગાથાને સ્વીકાર કરવામાં આવી છે.

**રૂપી અજીવના ૫૩૦ ભેદ :–**

**१६** **वण्णओ गंधओ चेव, रसओ फासओ तहा ।**
**संठाणओ य विण्णेओ, परिणामो तेसिं पंचहा ॥**

**શબ્દાર્થ :– वण्णओ** = વર્ણથી **गंधओ** = ગંધથી **रसओ** = રસથી **फासओ** = સ્પર્શથી **संठाणओ** = સંસ્થાનની અપેક્ષાએ **तेसिं** = તે રૂપી અજીવ દ્રવ્યોના **पंचहा** = પાંચ પ્રકારના **परिणामो** = પરિણામ, સ્વભાવ **विण्णेओ** = જાણવા જોઈએ.

**ભાવાર્થ :–** સ્કંધ અને પરમાણુના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન(આકૃતિ)ની અપેક્ષાએ પાંચ પ્રકારના પરિણામ જાણવા જોઈએ.

**१७** **वण्णओ परिणया जे उ, पंचहा ते पकित्तिया ।**
**किण्हा णीला य लोहिया, हालिद्दा सुक्किला तहा ॥**

**શબ્દાર્થ :– वण्णओ** = વર્ણથી, **परिणया** = પરિણત થયેલા **जे** = જે રૂપી અજીવ છે **ते** = તે **पंचहा** = પાંચ પ્રકારના **पकित्तिया** = કહ્યા છે **किण्हा** = કાળા **णीला** = નીલા **लोहिया** = લાલ, **हालिद्दा** = પીળા **सुक्किला** = શ્વેત.

**ભાવાર્થ :–** જે પુદ્ગલો વર્ણ પરિણત છે તેના પાંચ ભેદ છે– કાળો, નીલો, લાલ, પીળો અને સફેદ.

**१८** **गंधओ परिणया जे उ, दुविहा ते वियाहिया ।**
**सुब्भिगंधपरिणामा, दुब्भिगंधा तहेव य ॥**

**શબ્દાર્થ :– गंधओ** = ગંધરૂપે **परिणया** = પરિણત થયેલા પુદ્ગલ **दुविहा** = બે પ્રકારના છે **सुब्भिगंध - परिणामा** = સુરભિગંધ પરિણામવાળા, **दुब्भिगंधा** = દુર્ગંધ પરિણામવાળા.

**ભાવાર્થ :–** જે પુદ્ગલો ગંધરૂપે પરિણત છે, તેના બે પ્રકાર છે– સુગંધપરિણત અને દુર્ગંધપરિણત.

**१९** **रसओ परिणया जे उ, पंचहा ते पकित्तिया ।**
**तित्तकडुयकसाया, अंबिला महुरा तहा ॥**

**શબ્દાર્થ :– तित्त** = તીખો **कडुय** = કડવો **कसाया** = કસાયેલો, તૂરો **अंबिला** = ખાટો **महुरा** = મધુર, મીઠા.

**ભાવાર્થ :–** જે પુદ્ગલો રસ રૂપે પરિણત છે, તેના પાંચ ભેદ છે– તીખા, કડવા, કસાયેલા(હરડે જેવા તૂરા), ખાટા અને મીઠા.

**२०** **फासओ परिणया जे उ, अट्ठहा ते पकित्तिया ।**
**कक्खडा मउया चेव, गुरुया लहुया तहा ॥**

**२१** **सीया उण्हा य णिद्धा य, तहा लुक्खा य आहिया ।**
**इय फासपरिणया एए, पुग्गला समुदाहिया ॥**

**શબ્દાર્થ :– फासओ** = સ્પર્શરૂપે **परिणया** = પરિણત થયેલા **जे** = જે પુદ્ગલ છે **ते** = તે **अट्ठहा** = આઠ પ્રકારના **पकित्तिया** = કહ્યા છે, **कक्खड़ा** = કર્કશ, ખરબચડા **मउया** = મૃદુ, કોમળ **गुरुया** = ભારે **लहुया** = લઘુ, હળવો **सीया** = શીત, ઠંડો **उण्हा** = ઉષ્ણ, ગરમ **णिद्धा** = સ્નિગ્ધ, ચીકણો **लुक्खा** = રૂક્ષ **इय** = આ પ્રકારે **फासपरिणया** = સ્પર્શરૂપે પરિણત થયેલા **एए** = એ **पुग्गला** = પુદ્ગલ **समुदाहिया** = કહ્યા છે.

**ભાવાર્થ :–** જે પુદ્ગલો સ્પર્શરૂપે પરિણત થયેલા છે, તેના આઠ ભેદ છે– કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત,

ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ. આ રીતે સ્પર્શ પરિણત પુદ્‌ગલો કહ્યા છે. ॥ ૨૦–૨૧ ॥

**૨૨** **संठाणओ परिणया जे उ, पंचहा ते पकित्तिया ।**
**परिमंडला य वट्टा य, तंसा चउरंसमायया ॥**

**શબ્દાર્થ :– संठाणओ** = સંસ્થાનરૂપએ **परिणया** = પરિણત થયેલા **जे** = જે પુદ્‌ગલ છે **ते** = તે **परिमंडला** = પરિમંડલ **वट्टा** = વૃત્ત, લાડુ આકારના ગોળ **तंसा** = ત્રિકોણ **चउरंसं** = ચોરસ **आयया** = આયત, લાંબુ.

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલો સંસ્થાન રૂપે પરિણત છે, તેના પાંચ ભેદ છે– પરિમંડલ, વૃત્ત, ત્રિકોણ, ચોરસ અને આયત.

**૨૩** **वण्णओ जे भवे किण्हे, भइए से उ गंधओ ।**
**रसओ फासओ चेव, भइए संठाणओ वि य ॥**

**શબ્દાર્થ :– वण्णओ** = વર્ણની અપેક્ષાએ **जे** = જે **किण्हे** = કાળા **भवे** = હોય છે **से** = તે **गंधओ** = ગંધની અપેક્ષાએ **भइए** = ભજના સમજવી જોઈએ **चेव** = એ જ રીતે **रसओ** = રસની અપેક્ષાએ **फासओ** = સ્પર્શની અપેક્ષાએ **संठाणओ** = સંસ્થાનની અપેક્ષાએ **वि य** = પણ **भइए** = ભજના સમજવી જોઈએ.

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલ વર્ણથી કાળા રંગના હોય છે, તેમાં ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન ભજનાથી હોય છે. અર્થાત્ તે કાળા વર્ણના પુદ્‌ગલમાં બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ અને પાંચ સંસ્થાન એમ ૨૦ બોલ ભજનાથી હોય છે.

**૨૪** **वण्णओ जे भवे णीले, भइए से उ गंधओ ।**
**रसओ फासओ चेव, भइए संठाणओ वि य ॥**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલ વર્ણથી નીલા છે તેમાં ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની ભજના હોય છે અર્થાત્ તે નીલા રંગવાળા પુદ્‌ગલમાં ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ અને ૫ સંસ્થાન એમ ૨૦ બોલની ભજનાથી હોય છે.

**૨૫** **वण्णओ लोहिए जे उ, भइए से उ गंधओ ।**
**रसओ फासओ चेव, भइए संठाणओ वि य ॥**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલ વર્ણથી લાલ છે તેમાં ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન ભજનાથી હોય છે અર્થાત્ તે લાલ રંગવાળા પુદ્‌ગલમાં ગંધાદિ ૨૦ બોલ ભજનાથી હોય છે.

**૨૬** **वण्णओ पीयए जे उ, भइए से उ गंधओ ।**
**रसओ फासओ चेव, भइए संठाणओ वि य ॥**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલ વર્ણથી પીળા રંગના હોય છે, તેમાં બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ અને પાંચ સંસ્થાન, તે વીસ બોલ ભજનાથી હોય છે.

**૨૭** **वण्णओ सुक्किले जे उ, भइए से उ गंधओ ।**
**रसओ फासओ चेव, भइए संठाणओ वि य ॥**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલ વર્ણથી સફેદ રંગના હોય છે, તેમાં ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની ભજના છે.

અર્થાત્ તે સફેદ રંગના પુદ્ગલમાં ગંધાદિ ૨૦ બોલ ભજનાથી હોય છે.

**૨૮** **गंधओ जे भवे सुब्भी, भइए से उ वण्णओ ।**
**रसओ फासओ चेव, भइए संठाणओ वि य ॥**

**શબ્દાર્થ :–** **गंधओ** = ગંધની અપેક્ષાએ **जे** = જે પુદ્ગલ **सुब्भी** = સુગંધવાળા **भवे** = હોય છે **से** = તેની **वण्णओ** = વર્ણથી, રંગથી **रसओ** = રસથી **फासओ** = સ્પર્શથી **संठाणओ** = સંસ્થાનથી **वि** = પણ **भइए** = ભજના સમજવી જોઈએ.

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સુગંધવાળા છે, તેમાં વર્ણ, રસ, સ્પર્શ અને સંસ્થાન ભજનાથી હોય છે અર્થાત્ તે સુગંધવાળા પુદ્ગલમાં ૫ વર્ણ, ૫ રસ, ૮ સ્પર્શ, ૫ સંસ્થાન એમ ૨૩ બોલોની ભજના હોય છે.

**૨૯** **गंधओ जे भवे दुब्भी, भइए से उ वण्णओ ।**
**रसओ फासओ चेव, भइए संठाणओ वि य ॥**

**ભાવાર્થ :–** જે પુદ્ગલ દુર્ગંધવાળા છે, તેમાં વર્ણ, રસ, સ્પર્શ અને સંસ્થાનની ભજના હોય છે અર્થાત્ તે દુર્ગંધવાળા પુદ્ગલમાં ૫ વર્ણ, ૫ રસ, ૮ સ્પર્શ, ૫ સંસ્થાન એમ ૨૩ બોલોની ભજના હોય છે.

**૩૦** **रसओ तित्तए जे उ, भइए से उ वण्णओ ।**
**गंधओ फासओ चेव, भइए संठाणओ वि य ॥**

**શબ્દાર્થ :–** **रसओ** = રસની અપેક્ષાથી **जे** = જે પુદ્ગલ **तित्तए** = તીખા રસવાળા હોય છે **वण्णओ** = વર્ણથી **गंधओ** = ગંધથી **फासओ** = સ્પર્શથી **संठाणओ** = સંસ્થાનથી **भइए** = ભજના સમજવી જોઈએ.

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સ્કંધ તીખા રસવાળા હોય છે, તેમાં વર્ણ, ગંધ, સ્પર્શ અને સંસ્થાનની ભજના હોય છે. અર્થાત્ તીખા રસવાળા પુદ્ગલોમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૮ સ્પર્શ, ૫ સંસ્થાન એમ ૨૦ બોલ ભજનાથી હોય છે.

**૩૧** **रसओ कडुए जे उ, भइए से उ वण्णओ ।**
**गंधओ फासओ चेव, भइए संठाणओ वि य ॥**

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સ્કંધ કડવા રસવાળા હોય છે, તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૮ સ્પર્શ અને ૫ સંસ્થાન એમ ૨૦ બોલ ભજનાથી હોય છે.

**૩૨** **रसओ कसाए जे उ, भइए से उ वण्णओ ।**
**गंधओ फासओ चेव, भइए संठाणओ वि य ॥**

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સ્કંધ કસાયેલા રસવાળા હોય છે, તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૮ સ્પર્શ, અને ૫ સંસ્થાન એમ ૨૦ બોલ ભજનાથી હોય છે.

**૩૩** **रसओ अंबिले जे उ, भइए से उ वण्णओ ।**
**गंधओ फासओ चेव, भइए संठाणओ वि य ॥**

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સ્કંધ ખાટા રસવાળા હોય છે, તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૮ સ્પર્શ અને ૫ સંસ્થાન એમ ૨૦ બોલ ભજનાથી હોય છે.

૩૪ रसओ महुरए जे उ, भइए से उ वण्णओ ।
गंधओ फासओ चेव, भइए संठाणओ वि य ॥

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સ્કંધ મધુર-મીઠા રસવાળા હોય છે, તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૮ સ્પર્શ અને ૫ સંસ્થાન એમ ૨૦ બોલ ભજનાથી હોય છે.

૩૫ फासओ कक्खडे जे उ, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए संठाणओ वि य ॥

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સ્કંધ કઠોર સ્પર્શવાળા હોય છે, તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૫ સંસ્થાન અને ૬ સ્પર્શ એમ ૨૩ બોલ ભજનાથી હોય છે.

૩૬ फासओ मउए जे उ, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए संठाणओ वि य ॥

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સ્કંધ મૃદુ સ્પર્શવાળા હોય છે, તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૫ સંસ્થાન અને ૬ સ્પર્શ, તે ૨૩ બોલ ભજનાથી હોય છે.

૩૭ फासओ गुरुए जे उ, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए संठाणओ वि य ॥

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સ્કંધ ભારે સ્પર્શવાળા પુદ્ગલો હોય છે, તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૫ સંસ્થાન અને ૬ સ્પર્શ, એમ ૨૩ બોલ ભજનાથી હોય છે.

૩૮ फासओ लहुए जे उ, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए संठाणओ वि य ॥

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સ્કંધ હળવા સ્પર્શવાળા હોય છે, તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૫ સંસ્થાન અને ૬ સ્પર્શ, એમ ૨૩ બોલ ભજનાથી હોય છે.

૩૯ फासओ सीयए जे उ, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए संठाणओ वि य ॥

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સ્કંધ શીત સ્પર્શવાળા હોય છે, તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૫ સંસ્થાન અને ૬ સ્પર્શ, એમ ૨૩ બોલ ભજનાથી હોય છે.

૪૦ फासओ उण्हए जे उ, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए संठाणओ वि य ॥

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સ્કંધ ઉષ્ણ સ્પર્શવાળા હોય છે, તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૫ સંસ્થાન અને ૬ સ્પર્શ, એમ ૨૩ બોલ ભજનાથી હોય છે.

૪૧ फासओ णिद्धए जे उ, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए संठाणओ वि य ॥

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સ્કંધ સ્નિગ્ધ સ્પર્શવાળા હોય છે, તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૫ સંસ્થાન અને ૬ સ્પર્શ, એમ ૨૩ બોલ ભજનાથી હોય છે.

**૪૨** **फासओ लुक्खए जे उ, भइए से उ वण्णओ ।**
**गंधओ रसओ चेव, भइए संठाणओ वि य ॥**

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સ્કંધ રૂક્ષ સ્પર્શવાળા હોય છે, તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૫ સંસ્થાન અને ૬ સ્પર્શ, એમ ૨૩ બોલ ભજનાથી હોય છે.

**૪૩** **परिमंडलसंठाणे, भइए से उ वण्णओ ।**
**गंधओ रसओ चेव, भइए फासओ वि य ॥**

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સ્કંધ પરિમંડલ સંસ્થાનવાળા હોય છે, તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ, એમ ૨૦ બોલ ભજનાથી હોય છે.

**૪૪** **संठाणओ भवे वट्टे, भइए से उ वण्णओ ।**
**गंधओ रसओ चेव, भइए फासओ वि य ॥**

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સ્કંધ વૃત્તાકાર સંસ્થાનવાળા હોય છે, તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ; એમ ૨૦ બોલ ભજનાથી હોય છે.

**૪૫** **संठाणओ भवे तंसे, भइए से उ वण्णओ ।**
**गंधओ रसओ चेव, भइए फासओ वि य ॥**

**શબ્દાર્થ :– तंसे** = ત્રિકોણ.

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સ્કંધ ત્રિકોણાકાર સંસ્થાનવાળા હોય છે, તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ; એમ ૨૦ બોલ ભજનાથી હોય છે.

**૪૬** **संठाणओ जे चउरंसे, भइए से उ वण्णओ ।**
**गंधओ रसओ चेव, भइए फासओ वि य ॥**

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સ્કંધ ચતુષ્કોણ-ચોરસ સંસ્થાનવાળા હોય છે, તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ એમ ૨૦ બોલ ભજનાથી હોય છે.

**૪૭** **जे आययसंठाणे, भइए से उ वण्णओ ।**
**गंधओ रसओ चेव, भइए फासओ वि य ॥**

**ભાવાર્થ :–** જે પુદ્ગલ સ્કંધ આયત સંસ્થાનવાળા હોય છે, તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ; એમ ૨૦ બોલ ભજનાથી હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં રૂપી અજીવ પુદ્ગલાસ્તિકાય દ્રવ્યનું ભાવની અપેક્ષાએ વિસ્તૃત વર્ણન છે.

પુદ્ગલાસ્તિકાયના મુખ્ય પાંચ ગુણ, પચ્ચીસ ઉત્તર ભેદ અને તે પચ્ચીસ ભેદના પરસ્પર સંયોગથી પાંચસો ત્રીસ(૫૩૦) ભેદ થાય છે.

**પુદ્ગલાસ્તિકાયના ગુણ :–** વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન તે મુખ્ય પાંચ ગુણ છે.

**ઉત્તરભેદ પચ્ચીસ–** વર્ણના પાંચ ભેદ છે– કાળો, નીલો, લાલ, પીળો, સફેદ. **ગંધના** બે ભેદ છે– સુરભિગંધ, દુરભિગંધ. **રસના** પાંચ ભેદ છે– તીખો, કડવો, કસાયેલો, ખાટો, મીઠો. **સ્પર્શના** આઠ ભેદ છે– **(૧)** કર્કશ સ્પર્શ–પાષાણ આદિના સ્પર્શની જેમ કઠોર **(૨)** મૃદુ સ્પર્શ–માખણ આદિની જેમ કોમળ **(૩)** ગુરુ સ્પર્શ–સોના આદિની જેમ ગુરુતાયુક્ત ભારે સ્પર્શ **(૪)** લઘુસ્પર્શ–રૂની જેમ હળવો સ્પર્શ **(૫)** શીત સ્પર્શ– બરફ આદિની જેમ અત્યંત શીતળ **(૬)** ઉષ્ણસ્પર્શ–અગ્નિ આદિની જેમ ગરમ સ્પર્શ **(૭)** સ્નિગ્ધ સ્પર્શ– ઘી, તેલ આદિની જેમ ચીકણો સ્પર્શ **(૮)** રૂક્ષ સ્પર્શ– રાખ આદિની જેમ રૂક્ષ સ્પર્શ.

**સંસ્થાન** – આકૃતિ, આકાર. પુદ્ગલ સ્કંધોનો જે આકાર હોય છે તેને સંસ્થાન કહે છે. તેના પાંચ ભેદ આ પ્રમાણે છે– **(૧)** પરિમંડલ– બંગડી સમાન ગોળાકાર. **(૨)** વૃત્ત– દડા અથવા લાડવા સમાન ગોળ આકાર **(૩)** ત્રિકોણ– ત્રણ ખૂણાવાળો આકાર **(૪)** ચોરસ– ચાર ખૂણાવાળો આકાર **(૫)** આયત– લાંબા લાકડા કે દોરડા જેવો લાંબો આકાર. જીવના છ સંસ્થાન હોય છે. તેનાથી પુદ્ગલ સ્કંધોના આ પાંચ સંસ્થાન જુદા હોય છે. આ રીતે વર્ણાદિ પાંચેયના ૫+૨+૫+૮+૫ = ૨૫ ભેદ થાય છે.

**વર્ણાદિના ૫૩૦ ભેદ–** વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન, તે પાંચે ય ગુણો સહચારી છે. તેથી જ્યાં વર્ણ હોય, ત્યાં ગંધાદિ અવશ્ય હોય છે. તેથી ૨૫ ગુણોના પરસ્પરના સહયોગથી તેના ૫૩૦ ભંગ-ભેદ થાય છે.

કૃષ્ણ વર્ણવાળા પુદ્ગલમાં ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ અને ૫ સંસ્થાન, આ વીસ ગુણોની ભજના છે. જેમ કે કોઈ કાળી વસ્તુમાં બે પ્રકારની ગંધમાંથી કોઈ પણ એક કે બે ગંધ હોય શકે છે, પાંચ રસોમાંથી કોઈ એક, બે યાવત્ પાંચ રસ હોય શકે છે. આઠ પ્રકારના સ્પર્શમાંથી કોઈ બે યાવત્ આઠ સ્પર્શ હોય શકે છે. પાંચ પ્રકારના સંસ્થાનોમાંથી કોઈ પણ એક કે પાંચ સંસ્થાન હોય શકે છે. આ રીતે કાળા વર્ણવાળા અનંતપ્રદેશી પુદ્ગલ સ્કંધમાં બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ અને પાંચ સંસ્થાન, આ વીસ ગુણોની ભજના હોય છે. અર્થાત્ ઉત્કૃષ્ટ ૨૦ ગુણ હોય શકે છે. બાદર સ્કંધમાં બધા વર્ણ, બધા ગંધ, બધા રસ, બધા સ્પર્શ તથા બધા સંસ્થાન એક સમયે જ હોય છે પરંતુ જે વર્ણના પુદ્ગલનો પ્રશ્ન હોય તો તેના પ્રતિપક્ષી વર્ણનો સ્વતઃ નિષેધ થઈ જાય છે. જેમ કે કાળા વર્ણની પૃચ્છામાં નીલા, લાલ,પીળા કે સફેદ વર્ણ હોતા નથી. તે જ રીતે જે એક ગંધ, એક રસ, એક સ્પર્શ અને એક સંસ્થાનનો પ્રશ્ન હોય, તેના પ્રતિપક્ષી ગંધ, રસ આદિનો નિષેધ સમજવો.

**વર્ણના–૧૦૦ ભેદ–** એક કૃષ્ણવર્ણમાં બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ અને પાંચ સંસ્થાન, તે ૨૦ બોલ ભજનાથી હોય છે. તેથી પાંચ વર્ણના ૨૦ × ૫ = ૧૦૦ ભેદ થાય.

**ગંધના–૪૬ ભેદ–** એક ગંધમાં પાંચ વર્ણ, પાંચ રસ, આઠ સ્પર્શ અને પાંચ સંસ્થાન, તે ૨૩ બોલ ભજનાથી હોય છે. તેથી બે ગંધના ૨૩ × ૨ = ૪૬ ભેદ થાય છે.

**રસના–૧૦૦ ભેદ–** એક રસમાં પાંચ વર્ણ, બે ગંધ, આઠ સ્પર્શ અને પાંચ સંસ્થાન, તે ૨૦ બોલ ભજનાથી હોય છે. તેથી પાંચ રસના ૨૦ × ૫ = ૧૦૦ ભેદ થાય છે.


**સ્પર્શના ૧૮૪ ભેદ–** પ્રસ્તુત ગાથામાં એક સ્પર્શમાં વર્ણ, ગંધ, રસ અને સંસ્થાનની ભજનાનું કથન છે સ્પર્શનું કથન નથી. પ્રજ્ઞાપના આદિ સૂત્રમાં એક સ્પર્શમાં તેના પ્રતિપક્ષી બીજા સ્પર્શને છોડીને શેષ ૬

સ્પર્શની ભજનાનું કથન છે. તેથી પ્રત્યેક સ્પર્શમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, છ સ્પર્શ અને પાંચ સંસ્થાન, તે ૨૩ બોલની ભજના હોય છે. તેથી જ આઠ સ્પર્શમાં ૨૩ × ૮ = ૧૮૪ ભેદ થાય છે.

**છ સ્પર્શનું સ્પષ્ટીકરણ–** સ્પર્શમાં બે-બે સ્પર્શ પરસ્પર પ્રતિપક્ષી છે. જેમ કે શીત સ્પર્શનો પ્રતિપક્ષી ઉષ્ણ સ્પર્શ છે. શીત સ્પર્શવાળા પુદ્ગલોમાં તેનો પ્રતિપક્ષી ઉષ્ણ સ્પર્શ હોતો નથી પરંતુ કર્કશ, સુંવાળો, સ્નિગ્ધ, રૂક્ષ, હળવો, ભારે આ છ સ્પર્શ તેમાં હોઈ શકે છે, તેને શીત સ્પર્શ સાથે કોઈ વિરોધ નથી. તેથી એક સ્પર્શમાં પ્રતિપક્ષી સ્પર્શને છોડીને અન્ય છ સ્પર્શ હોય છે.

**સંસ્થાનના ૧૦૦ ભેદ–** એક પરિમંડલ સંસ્થાનમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ, એમ ૨૦ બોલ ભજનાથી હોય છે. તેથી પાંચ સંસ્થાનના ૨૦ × ૫ = ૧૦૦ ભેદ થાય છે.

આ જ રીતે વર્ણના ૧૦૦ + ગંધના ૪૬ + રસના ૧૦૦ + સ્પર્શના ૧૮૪ + સંસ્થાનના ૧૦૦ = ૫૩૦ ભેદ રૂપી પુદ્ગલના થાય છે.




ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ અને અદ્ધાસમય મળીને દશ ભેદ. સર્વ મળીને ૨૦ + ૧૦ = ૩૦ ભેદ.

**અજીવ દ્રવ્ય ઉપસંહાર :–**

**૪૮** **एसा अजीवविभत्ती, समासेण वियाहिया ।**
**एत्तो जीवविभत्तिं, वुच्छामि अणुपुव्वसो ॥**

**શબ્દાર્થ :– एसा** = આ **अजीवविभत्ती** = અજીવ વિભાગ **समासेण** = સંક્ષેપથી **वियाहिया** = કહ્યો છે **एत्तो** = હવે પછી **अणुपुव्वसो** = અનુક્રમપૂર્વક **जीवविभत्तिं** = જીવ દ્રવ્યના વિભાગ **वुच्छामि** = કહીશ.

**ભાવાર્થ :–** આ પ્રમાણે અજીવ દ્રવ્યના ભેદો સંક્ષેપમાં કહ્યા છે, હવે તેના પછી હું ક્રમપૂર્વક જીવદ્રવ્યના ભેદ-પ્રભેદ કહીશ.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં અજીવ દ્રવ્યના વર્ણનનો ઉપસંહાર અને જીવ દ્રવ્યના વર્ણનનો ઉપક્રમ કરતાં તેના કથનની પ્રતિજ્ઞા કરી છે.

**જીવ દ્રવ્ય :–**

**૪૯** **संसारत्था य सिद्धा य, दुविहा जीवा वियाहिया ।**
**सिद्धाणेगविहा वुत्ता, तं मे कित्तयओ सुण ॥**

**શબ્દાર્થ :– जीवा** = જીવ **दुविहा** = બે પ્રકારના **वियाहिया** = કહ્યા છે **संसारत्था** = સંસારી **सिद्धा** = સિદ્ધ **अणेगविहा** = અનેક પ્રકારના **वुत्ता** = કહ્યા છે **तं** = તેનું **कित्तयओ** = વર્ણન કરવામાં આવે છે, **मे** = મારી પાસેથી **सुण** = સાંભળો.

**ભાવાર્થ :–** જીવ દ્રવ્યના બે પ્રકાર છે– સંસારી અને સિદ્ધ. તેમાં સિદ્ધોના અનેક ભેદ છે, તેનું વર્ણન તમે મારી પાસેથી સાંભળો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં જીવદ્રવ્યના મુખ્ય બે ભેદોનું નિરૂપણ છે.

**જીવદ્રવ્ય–** ચૈતન્ય લક્ષણ, જ્ઞાન–દર્શનરૂપ ઉપયોગ સહિત હોય તેને જીવ કહે છે. જીવ દ્રવ્ય અનંત છે. સર્વ જીવો સ્વતંત્ર છે. જીવો આખા લોકમાં વ્યાપ્ત છે. સર્વ જીવો ચૈતન્ય લક્ષણની અપેક્ષાએ એક સમાન છે પરંતુ કર્મની અપેક્ષાએ તેમાં અનેકાનેક ભેદ થાય છે. પ્રસ્તુત ગાથામાં તેના મુખ્ય બે ભેદોનું કથન છે– **(૧) સંસારી જીવ–** જે જીવો આઠ કર્મો સહિત હોય, તેને સંસારી જીવ કહે છે. **(૨) સિદ્ધ જીવ–** જે જીવો આઠ કર્મોથી રહિત હોય, તેને સિદ્ધ જીવ કહે છે.

**સિદ્ધ જીવ :–**

**૫૦** **इत्थी-पुरिस सिद्धा य, तहेव य णपुंसगा ।**
**सलिंगे अण्णलिंगे य, गिहिलिंगे तहेव य ॥**

**શબ્દાર્થ :– इत्थी** = સ્ત્રીલિંગ સિદ્ધ **पुरिससिद्धा** = પુરુષલિંગ સિદ્ધ **तहेव** = એ પ્રકારે **णपुंसगा** = નપુંસકલિંગ સિદ્ધ **सलिंगे** = સ્વલિંગમાં સિદ્ધ **अण्णलिंगे** = અન્યલિંગમાં સિદ્ધ **गिहिलिंगे** = ગૃહસ્થલિંગમાં સિદ્ધ **य**-= આ શબ્દથી તીર્થ સિદ્ધ આદિનું ગ્રહણ કરી લેવું જોઈએ.

**ભાવાર્થ :–** સ્ત્રીલિંગ સિદ્ધ, પુરુષલિંગ સિદ્ધ, નપુંસકલિંગ સિદ્ધ, સ્વલિંગ સિદ્ધ, અન્યલિંગ સિદ્ધ અને ગૃહસ્થલિંગ સિદ્ધ તથા તીર્થ સિદ્ધ આદિ સિદ્ધોના ભેદ છે.

**૫૧** **उक्कोसोगाहणाए य, जहण्णमज्झिमाइ य ।**
**उड्ढं अहे य तिरियं च, समुद्दम्मि जलम्मि य ॥**

**શબ્દાર્થ :– जहण्णमज्झिमाइ** = જઘન્ય, મધ્યમ **उक्कोसोगाहणाए** = ઉત્કૃષ્ટ અવગાહનામાં સિદ્ધ થઈ શકે છે **उड्ढं** = ઊર્ધ્વલોકમાં(મેરુ ચૂલિકા આદિ પર) **अहे** = અધોલોક **तिरियं** = તિર્છાલોકમાં

**समुद्दम्मि** = સમુદ્રમાં **जलम्मि** = જલાશયમાં સિદ્ધ થઈ શકે છે.

**ભાવાર્થ :–** ઉત્કૃષ્ટ, જઘન્ય અને મધ્યમ એમ સર્વ પ્રકારની અવગાહનામાં સિદ્ધ થઈ શકે છે; તથા ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્છાલોકમાં પણ સિદ્ધ થઈ શકે છે; તેમજ સમુદ્ર અને અન્ય જલ સ્થાનોમાંથી પણ સિદ્ધ થઈ શકે છે. ઉપલક્ષણથી પર્વતાદિ પર પણ સિદ્ધ થઈ શકે છે.

**૫૨** **दस य णपुंसएसु, वीसं इत्थियासु य ।**
**पुरिसेसु य अट्ठसयं, समएणेगेण सिज्झइ ॥**

**શબ્દાર્થ :– णपुंसएसु** = નપુંસક લિંગમાં **दस** = દશ **इत्थियासु** = સ્ત્રીલિંગમાં **वीसं** = વીસ **पुरिसेसु** = પુરુષ લિંગમાં **अट्ठसयं** = એકસો આઠ **एगेण** = એક **समएण** = સમય માં **सिज्झइ** = સિદ્ધ થઈ શકે છે.

**ભાવાર્થ :–** એક સમયમાં નપુંસકલિંગમાં દશ, સ્ત્રીલિંગમાં વીસ અને પુરુષલિંગમાં એકસો આઠ જીવો સિદ્ધ ગતિને પ્રાપ્ત કરે છે.

**૫૩** **चत्तारि य गिहिलिंगे, अण्णलिंगे दसेव य ।**
**सलिंगेण अट्ठसयं, समएणेगेण सिज्झइ ॥**

**શબ્દાર્થ :– गिहिलिंगे** = ગૃહસ્થ લિંગમાં **चत्तारि** = ચાર **अण्णलिंगे** = અન્ય લિંગમાં **दसेव** = દશ **सलिंगेण** = સ્વલિંગથી **अट्ठसयं** = એકસો આઠ **एगेण** = એક **समएण** = સમયમાં **सिज्झइ** = સિદ્ધ થઈ શકે છે.

**ભાવાર્થ :–** એક સમયમાં ગૃહસ્થલિંગમાં ચાર, અન્યલિંગમાં દશ અને સ્વલિંગમાં એકસો આઠ(૧૦૮) જીવો સિદ્ધગતિ પ્રાપ્ત કરે છે.

**૫૪** **उक्कोसोगाहणाए य, सिज्झंते जुगवं दुवे ।**
**चत्तारि जहण्णाए, जवमज्झट्ठुत्तरं सयं ॥**

**શબ્દાર્થ :– उक्कोस्सोगाहणाए** = ઉત્કૃષ્ટ અવગાહનાથી **दुवे** = બે **जहण्णाए** = જઘન્ય અવગાહનાથી **चत्तारि** = ચાર **य** = અને **जवमज्झ** = જવમધ્ય(મધ્યમ) અવગાહનામાં, સર્વ લોકમાં ઉત્કૃષ્ટ **अट्ठुत्तरं सयं** = એકસો આઠ **जुगवं** = એક સમયમાં **सिज्झंते** = સિદ્ધ થઈ શકે છે.

**ભાવાર્થ :–** એક સમયમાં જઘન્ય અવગાહનાવાળા ચાર, ઉત્કૃષ્ટ અવગાહનાવાળા બે અને મધ્યમ અવગાહનાવાળા એકસો આઠ(૧૦૮) જીવો સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે.

**૫૫** **चउरुड्ढलोए य दुवे समुद्दे, तओ जले वीसमहे तहेव य ।**
**सयं च अट्ठुत्तरं तिरिय लोए, समएणेगेण सिज्झइ धुवं ॥**

**શબ્દાર્થ :– उड्ढलोए** = ઊર્ધ્વલોકમાં(મેરુચૂલિકા આદિ પર) **चउर** = ચાર **समुद्दे** = સમુદ્રથી **दुवे** = બે **जले** = નદી, તળાવઆદિના જળમાંથી **तओ** = ત્રણ **अहे** = અધોલોકમાં **वीसं** = વીસ **तिरियलोए** = તિર્યગ્લોકમાં **अट्ठुत्तरं सयं** = એકસો આઠ **एगेण** = એક **समएण** = સમયમાં **धुवं** = નિશ્ચય જ **सिज्झइ** = સિદ્ધ થઈ શકે છે.

**ભાવાર્થ :–** એક સમયમાં ઊર્ધ્વલોકમાંથી ચાર, સમુદ્રમાંથી બે, નદી તથા અન્ય જલાશયોમાંથી ત્રણ, અધોલોકમાંથી વીસ, તિર્યગ્લોકમાંથી એકસો આઠ જીવો ઉત્કૃષ્ટ સંખ્યામાં સિદ્ધ થાય છે, તેનાથી અધિક એક સમયમાં સિદ્ધ થતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં પૂર્વપ્રજ્ઞાપન નય–ભૂતકાલની અપેક્ષાએ સિદ્ધોની વિવિધતાનું દર્શન કરાવ્યું છે.

જેણે સર્વ કર્મોનો સર્વથા નાશ કર્યો હોય, તેને **સિદ્ધ** કહે છે. સિદ્ધ થયા પછી સર્વ આત્માઓ એક સમાન બની જાય છે. પૂર્ણતામાં કોઈ ભેદ શક્ય નથી. સિદ્ધ થયા પૂર્વે સર્વ જીવોમાં લિંગ, અવગાહના, ક્ષેત્રાદિની અપેક્ષાએ વિવિધતાઓ હોય છે. તે ભૂતકાલની અપેક્ષાએ સિદ્ધોના ભેદોનું કથન કરવામાં આવે છે. પ્રસ્તુત ગાથાઓમાં સ્ત્રી લિંગ આદિ ચૌદ પ્રકારે સિદ્ધોનું નિરૂપણ છે અને અપેક્ષા વિશેષથી શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં સિદ્ધોના પંદર ભેદોનું કથન છે. તે આ પ્રમાણે છે.

**(૧) તીર્થસિદ્ધા–** તીર્થંકરો તીર્થની સ્થાપના કરે, ત્યાર પછી જે દીક્ષા લઈ મોક્ષ પામે, તે તીર્થસિદ્ધ કહેવાય. જેમ કે– ગણધરો આદિ કોઈ પણ સાધુ.

**(૨) અતીર્થસિદ્ધા–** પ્રથમ તીર્થંકર તીર્થ સ્થાપના કરે તે પહેલાં જે સિદ્ધ થાય તે. જેમ કે મરુદેવામાતા. તે ઉપરાંત કોઈ તીર્થંકરના શાસનમાં તીર્થ વિચ્છેદ થાય, તે વિચ્છેદ કાલમાં જે સ્વયંબુદ્ધ થઈ મોક્ષે જાય તે અતીર્થ સિદ્ધ કહેવાય.

**(૩) તીર્થંકરસિદ્ધા–** તીર્થંકરપણે સિદ્ધ થાય તે. જેમ કે ૨૪ તીર્થંકરો.

**(૪) અતીર્થંકરસિદ્ધા–** તીર્થંકર સિવાય જે સામાન્ય કેવળી થઈ સિદ્ધ થાય, તે અતીર્થંકર સિદ્ધ કહેવાય. જેમ કે જંબૂસ્વામી આદિ.

**(૫) ગૃહસ્થલિંગસિદ્ધા–** ગૃહસ્થવેશમાં સિદ્ધ થાય તે. જેમ કે મરુદેવા માતા.

**(૬) અન્ય લિંગસિદ્ધા–** સંન્યાસી, તાપસ આદિના વેષમાં સિદ્ધ થાય તે. જેમ કે વલ્કલચિરિ.

**(૭) સ્વલિંગસિદ્ધા–** જૈન સાધુના વેષમાં સિદ્ધ થાય તે. જેમ કે જંબૂસ્વામી આદિ.

**(૮) સ્ત્રીલિંગસિદ્ધા–** સ્ત્રી શરીરથી સિદ્ધ થાય તે. જેમ કે ચંદનબાળા આદિ.

**(૯) પુરુષલિંગસિદ્ધા–** પુરુષ શરીરથી સિદ્ધ થાય તે. જેમ કે જંબૂસ્વામી આદિ.

**(૧૦) નપુંસકલિંગસિદ્ધા–** નપુંસક શરીરથી સિદ્ધ થાય તે. જેમ કે ગાંગેય અણગાર.

**(૧૧) પ્રત્યેક બુદ્ધસિદ્ધા–** કોઈ પદાર્થને જોઈને તેના ચિંતનથી પ્રતિબોધ પામીને સિદ્ધ થાય તે. જેમ કે નમિ રાજર્ષિ, કરકંડુ આદિ.

**(૧૨) સ્વયંબુદ્ધસિદ્ધા–** ગુરુના ઉપદેશ વિના સ્વયં બોધ પામીને સિદ્ધ થાય તે. જેમ કે કપિલકેવળી.

**(૧૩) બુદ્ધબોધિતસિદ્ધા–** કોઈના ઉપદેશથી બોધ પામીને મોક્ષે જાય તે. જેમ કે ગૌતમ સ્વામી આદિ.

**(૧૪) એક સિદ્ધા–** એકાકીપણે સિદ્ધ થાય તે. જેમ કે મહાવીર સ્વામી.

**(૧૫) અનેક સિદ્ધા–** એક સાથે અનેક જીવો સિદ્ધ થાય તે. જેમ કે ઋષભદેવ સ્વામી.

આ પંદરમાંથી પ્રસ્તુત ગાથાઓમાં ગૃહસ્થલિંગસિદ્ધા આદિ છ ભેદોનું કથન છે.

સિદ્ધ થવાની સાધના તે આધ્યાત્મિક પુરુષાર્થ છે, વૈભાવિક વૃત્તિઓનું જ પરિવર્તન છે, રાગ દ્વેષ આદિ કષાયોનો નાશ કરવાનો છે, તે સાધના કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો કોઈ પણ વેશમાં, અઢીદ્વીપના કોઈ પણ ક્ષેત્રમાંથી કરી શકે છે. તેમાં લિંગ આદિના બાહ્ય કારણો બાધક બનતા નથી.

કોઈ પણ લિંગમાં સાધક કેવળી પ્રરૂપિત ધર્મ પર શ્રદ્ધા દઢ થતાં ભાવ ચારિત્ર પ્રાપ્ત કરી ક્ષપક શ્રેણી પર આરૂઢ થઈને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે અને આયુષ્ય સમાપ્ત થઈ જાય, તો વેશ પરિવર્તન કરવાનો સમય ન રહેવાથી તે જીવ તે જ વેશમાં સિદ્ધ થઈ જાય છે. દા.ત. મરુદેવી માતા આદિ અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી આયુષ્ય અધિક હોય તો તે કેવળી સ્વયં લોચ કરી પોતાનો વેષ છોડી સંયમનો વેશ અને સાધુ ચર્યાને અવશ્ય ધારણ કરે છે. દા.ત. ભરત ચક્રવર્તી; તેમને પોતાના ભવનમાં કેવલજ્ઞાન પ્રાપ્ત થયું હતું, ત્યાર પછી તેમણે વસ્ત્રાભૂષણ ઉતારી, લોચ કરી, ત્યાંથી નીકળીને વિહાર કર્યો હતો. આ રીતે અન્ય વેશમાં કેવળજ્ઞાન થવા છતાં પણ કેવળી સ્વલિંગ ધારણ કરીને સંયમ વિધિઓનું પાલન કરે છે. વ્યવહાર માર્ગની કોઈ પણ કેવળી ઉપેક્ષા કરતા નથી.

**એક સમયમાં થતાં સિદ્ધોની સંખ્યા :–** પ્રસ્તુત ગાથાઓમાં કુલ ચૌદ પ્રકારે સિદ્ધ થનારાઓની એક સમયની ઉત્કૃષ્ટ સંખ્યાનો નિર્દેશ છે. જેમાં– **(૧) સ્ત્રીલિંગથી–** એક સમયમાં જઘન્ય એક અને ઉત્કૃષ્ટ **વીસ** સ્ત્રીઓ સિદ્ધ થઈ શકે છે. તેનાથી અધિક સ્ત્રીઓ સિદ્ધ થઈ શકતી નથી. **(૨)** તે જ રીતે એક સમયમાં ઉત્કૃષ્ટ **૧૦૮ પુરુષો** અને **(૩) દશ નપુંસકો** સિદ્ધ થઈ શકે છે. કોઈ પણ જીવ અવેદી થાય, ત્યાર પછી જ સિદ્ધ થાય છે. પરંતુ તે જીવ, સ્ત્રી, પુરુષ આદિ જે શરીરથી સિદ્ધ થાય, તે નામકર્મજન્ય લિંગને સ્ત્રીલિંગ આદિ કહે છે. તે અપેક્ષાએ આ ત્રણે ય લિંગમાં સિદ્ધ સમજવા.

**(૪) ગૃહસ્થના** વેશમાં એક સમયમાં ઉત્કૃષ્ટ **ચાર જીવો** સિદ્ધ થઈ શકે છે. **(૫)** તે જ રીતે **તાપસાદિ અન્ય લિંગના વેશમાંથી** ઉત્કૃષ્ટ **દશ જીવો** અને **(૬) સ્વલિંગ–** જૈન સાધુના વેશમાંથી એક સાથે ઉત્કૃષ્ટ **એકસો આઠ જીવો** સિદ્ધ થઈ શકે છે.

ઉપરોક્ત સંખ્યાથી જણાય છે કે જીવ ગમે તે લિંગમાં સિદ્ધ થઈ શકે છે, તેમ **છતાં સ્વલિંગની મહત્તા છે.** તેથી સ્વલિંગી જીવોની યોગ્યતા અધિક હોય તે સહજ છે, આ કારણે તે જીવો સર્વથી વધુ ૧૦૮ની સંખ્યામાં એકી સાથે સિદ્ધ થઈ શકે છે.

ક્ષેત્રની અપેક્ષાએ અઢીદ્વીપના કોઈ પણ વિભાગમાંથી જીવ સિદ્ધ થઈ શકે છે. સિદ્ધ થવાની સાધના કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો જ કરી શકે છે. પરંતુ તે મનુષ્યોનું સંહરણ કરીને દેવ તેને અઢીદ્વીપના કોઈ પણ વિભાગમાં મૂકી દે, તો તે ક્ષેત્રમાંથી તે સિદ્ધ થઈ શકે છે. **(૭)** તે અપેક્ષાએ **ઊર્ધ્વલોકથી–** એક સમયમાં ઉત્કૃષ્ટ **ચાર જીવો** સિદ્ધ થઈ શકે છે. સમભૂમિથી ૯૦૦ યોજનથી ઉપરનું ક્ષેત્ર ઊર્ધ્વલોક ગણાય છે, તેથી વૃત્તવૈતાઢ્ય પર્વત, મેરુપર્વત આદિ પરથી સિદ્ધ થનાર જીવો ઊર્ધ્વલોક સિદ્ધ કહેવાય છે. **(૮) અધોલોકથી–** મહાવિદેહક્ષેત્રની સલીલાવતી અને વપ્રા નામની વિજય ૧૦૦૦ યોજન ઊંડી છે. તેથી તે વિભાગ અધોલોકમાં ગણાય છે. ત્યાંથી એક સમયમાં ઉત્કૃષ્ટ **વીસ જીવો** સિદ્ધ થઈ શકે છે. **(૯) તિર્યગ્લોક સિદ્ધ**–અઢીદ્વીપના મનુષ્યક્ષેત્રમાંથી એક સમયમાં ઉત્કૃષ્ટ એકસો આઠ જીવો સિદ્ધ થાય છે.

**(૧૦) સમુદ્રથી–** કોઈ દેવ સાધુનું સંહરણ કરીને અઢીદ્વીપના લવણ સમુદ્ર કે કાલોદધિ સમુદ્રમાં નાંખે, ત્યાં તે સાધુને કેવળજ્ઞાન થાય અને આયુષ્યપૂર્ણ થતાં સિદ્ધ થાય, તો તે રીતે સમુદ્રમાં એક સમયમાં ઉત્કૃષ્ટ બે સિદ્ધ થાય છે. **(૧૧)** સમુદ્ર સિવાય **નદી, સરોવર આદિ જલમાંથી–** સિદ્ધ થાય તો એક સમયમાં ઉત્કૃષ્ટ **ત્રણ જીવો** સિદ્ધ થાય છે.

**(૧૨થી ૧૪)** અવગાહનાની અપેક્ષાએ જઘન્ય બે હાથ અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્ય અને તેની વચ્ચેની મધ્યમ સર્વ અવગાહનાવાળા મનુષ્યો સિદ્ધ થઈ શકે છે. **જઘન્ય અવગાહનામાં ઉત્કૃષ્ટ ચાર,**

**ઉત્કૃષ્ટ અવગાહનામાં બે** અને મધ્યમ અવગાહનામાં **એકસો આઠ જીવો** સિદ્ધ થઈ શકે છે.

આ રીતે પ્રસ્તુત વર્ણનથી સ્પષ્ટ થાય છે કે કર્મભૂમિજ મનુષ્ય આંતરિક સાધના કરીને સર્વ કર્મોનો સર્વથા નાશ કરે, ત્યારે તે સિદ્ધ થઈ શકે છે. સિદ્ધ થયા પછી ભૂતકાલની સર્વ અવસ્થાઓનો વિચ્છેદ કરી સિદ્ધાત્માઓ પૂર્ણ અભેદ દશાને પ્રાપ્ત કરે છે.

**એક સમયમાં થતા સિદ્ધોની ઉત્કૃષ્ટ સંખ્યા :–**

| | | |
|---|---|---|
| ૧ | સ્ત્રીલિંગ સિદ્ધા | ૨૦ |
| ૨ | પુરુષલિંગ સિદ્ધા | **૧૦૮** |
| ૩ | નપુંસકલિંગ સિદ્ધા | ૧૦ |
| ૪ | ગૃહસ્થલિંગ સિદ્ધા | ૪ |
| ૫ | અન્યલિંગ સિદ્ધા | ૧૦ |
| ૬ | સ્વલિંગ સિદ્ધા | **૧૦૮** |
| ૭ | ઊર્ધ્વલોકમાંથી | ૪ |
| ૮ | અધોલોકમાંથી | ૨૦ |
| ૯ | તિરછાલોકમાંથી | **૧૦૮** |
| ૧૦ | સમુદ્રમાંથી | ૨ |
| ૧૧ | અન્ય જલમાંથી | ૩ |
| ૧૨ | જઘન્ય અવગાહનામાં | ૪ |
| ૧૩ | મધ્યમ અવગાહનામાં | **૧૦૮** |
| ૧૪ | ઉત્કૃષ્ટ અવગાહનામાં | ૨ |

★ અહીં ઉત્કૃષ્ટ સંખ્યા દર્શાવી છે, તેનાથી ન્યૂન કોઈ પણ સંખ્યામાં સિદ્ધ થઈ શકે છે તેમ સમજવું.

**સિદ્ધોની ગતિ :–**

**૫૬** **कहिं पडिहया सिद्धा, कहिं सिद्धा पइट्ठिया ।**
**कहिं बोंदिं चइत्ताणं, कत्थ गंतूण सिज्झइ ॥**

**શબ્દાર્થ :– सिद्धा** = ઉપર જઈને સિદ્ધ **कहिं** = ક્યાં **पडिहया** = પ્રતિહત થાય છે, રોકાય છે **पइट्ठिया** = પ્રતિષ્ઠિત-સ્થિત થાય છે **बोंदिं** = શરીરને **चइत्ताणं** = છોડીને **कत्थ गंतूण** = ક્યાં જઈને **सिज्झइ** = સિદ્ધ થાય છે.

**ભાવાર્થ :–** સિદ્ધ આત્મા કયા સ્થાન પર જઈને રોકાય જાય છે ? કયા સ્થાન પર પ્રતિષ્ઠિત થાય છે ? તથા કયા સ્થાન પર શરીર છોડીને ક્યાં જઈને સિદ્ધ થાય છે ?

**૫૭** **अलोए पडिहया सिद्धा, लोयग्गे य पइट्ठिया ।**
**इहं बोंदिं चइत्ताणं, तत्थ गंतूण सिज्झइ ॥**

**શબ્દાર્થ :– सिद्धा** = સિદ્ધ **अलोए** = અલોકથી **पडिहया** = પ્રતિહત થાય છે, રોકાય છે **लोयग्गे** =

લોકના અગ્રભાગમાં **पइट्ठिया** = પ્રતિષ્ઠિત થાય છે, સ્થિત થાય છે **इहं** = આ તિરછાલોકમાં, તિર્યગ્લોકમાં **बोंदिं** = શરીરને **चइत्ताणं** = છોડીને **तत्थ** = લોકના અગ્રભાગમાં **गंतूण** = જઈને **सिज्झइ** = સિદ્ધ થાય છે.

**ભાવાર્થ :–** સિદ્ધ જીવો લોકના અંત ભાગે પહોંચીને રોકાઈ જાય છે. લોકના અગ્રભાગમાં(લોકાગ્રે) સ્થિર થાય છે અને આ મનુષ્યલોકમાં શરીર છોડીને લોકના અગ્રભાગમાં સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં સિદ્ધ થયેલા જીવોની ગતિ આદિ સંબંધિત ચાર પ્રશ્નોત્તર છે–(૧) સિદ્ધના જીવોની ગતિ ક્યાં સુધી થાય છે ? તેમની ગતિ ક્યાં અટકે છે ? (૨) સિદ્ધના જીવો ક્યાં સ્થિર થાય છે ? (૩) ક્યાં શરીરને છોડે છે ? (૪) ક્યાં જઈને સિદ્ધ થાય છે ?

**अलोए पडिहया सिद्धा :–** જીવની ગતિ ધર્માસ્તિકાય દ્રવ્યની સહાયતાથી જ થાય છે. સિદ્ધ થયેલા જીવ સ્વાભાવિક રીતે ઊર્ધ્વગમન કરીને લોકાંત સુધી પહોંચી જાય છે. ત્યાર પછી અલોકમાં ધર્માસ્તિકાય દ્રવ્યનો અભાવ હોવાથી ત્યાં જીવની ગતિ થતી નથી. તેથી અલોકથી સિદ્ધની ગતિ પ્રતિહત થાય છે. તે જીવ લોકાંતે જ અટકી જાય છે.

**लोयग्गे य पइट्ठिया–** લોકના અગ્રભાગ પર સિદ્ધક્ષેત્રમાં જ તે સિદ્ધજીવ શાશ્વતકાલ પર્યંત સ્થિત થઈ જાય છે. તે સ્થાન પરથી જીવની અધોગતિ કે તિર્યગ્ગતિ કદાપિ થતી નથી. કારણ કે અધોગમન કે તિર્યગ્ગમન કર્મજન્ય છે. સર્વ કર્મોનો આત્યંતિક નાશ થયા પછી જ જીવ સિદ્ધ થાય છે. ત્યાર પછી કર્મજન્ય કોઈ પણ સ્થિતિની સંભાવના નથી.

**इहं बोंदिं चइत्ताणं–** જીવ જ્યારે સિદ્ધ થાય ત્યારે સર્વ કર્મો અને કર્મજન્ય સર્વ ભાવોને અહીં જ છોડી દે છે. તેથી આ મનુષ્યલોકમાં જ સ્થૂલ ઔદારિક શરીર અને સૂક્ષ્મ તૈજસ-કાર્મણ શરીરનો ત્યાગ કરીને અશરીરી બનીને સિદ્ધ જીવની ગતિ થાય છે.

**तत्थ गंतूण सिज्झइ–** જે સમયે કર્મ અને કર્મજન્ય ભાવો છૂટે છે તે જ સમયે તે જીવ સિદ્ધક્ષેત્રમાં જાય છે ત્યાં જ તે સિદ્ધ થાય છે. તે જ અશરીરી કે કર્મ રહિત અવસ્થાનો પ્રથમ સમય છે.

આ રીતે ચારે પ્રશ્નોના ઉત્તરો પરસ્પર સાપેક્ષ છે. સર્વ કર્મોનો ક્ષય થવો, શરીરનું છૂટવું, લોકાગ્રે પહોંચવું અને ત્યાં સ્થિત થવું તે ચારે ક્રિયા સમસમયવર્તી જ છે.

**સિદ્ધક્ષેત્ર :–**

**૫૮** **बारसहिं जोयणेहिं सव्वट्ठस्सुवरिं भवे ।**
**ईसिपब्भारणामा उ, पुढवी छत्तसंठिया ॥**

**શબ્દાર્થ :– सव्वट्ठस्स** = સર્વાર્થ સિદ્ધ વિમાનથી **बारसहिं** = બાર **जोयणेहिं** = યોજન **उवरिं** = ઉપર **छत्तसंठिया** = ઉત્તાન છત્રના આકારની, છત્રીના આકારની **ईसिपब्भार-णामा** = ઈષત્પ્રાગ્ભારા નામની **पुढवी** = પૃથ્વી **भवे** = છે.

**ભાવાર્થ :–** સર્વાર્થસિદ્ધ વિમાનથી બાર જોજન ઉપર ઈષત્પ્રાગ્ભારા નામની પૃથ્વી છત્રના આકારમાં અવસ્થિત છે.

**૫૯** **पणयाल सयसहस्सा, जोयणाणं तु आयया ।**
**तावइयं चेव वित्थिण्णा, तिगुणो साहिय परिरओ ॥**

**શબ્દાર્થ :– पणयाल-सयसहस्सा जोयणाणं** = પિસ્તાળીસ લાખ યોજન **आयया** = લાંબી છે **तावइयं** = તેટલી જ અર્થાત્ પિસ્તાળીસ લાખ યોજન **वित्थिण्णा** = વિસ્તીર્ણ છે **परिरओ** = તેની પરિધિ **तिगुणो साहिय** = સાધિક ત્રણ ગુણી.

**ભાવાર્થ :–** તે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી(સિદ્ધ શિલા) પિસ્તાળીસ લાખ(૪૫,૦૦,૦૦૦) યોજનની લાંબી અને તેટલી જ પહોળી છે તથા તેની પરિધિ(તે માપથી) ત્રણ ગણાથી કંઈક વધારે છે અર્થાત્ સાધિક એક કરોડ, બેંતાલીસ લાખ, ત્રીસ હજાર, બસો ઓગણપચાસ(૧,૪૨,૩૦,૨૪૯) યોજનની પરિધિ છે.

**૬૦** **अट्ठजोयण बाहल्ला, सा मज्झम्मि वियाहिया ।**
**परिहायंती चरिमंते, मच्छिपत्ताउ तणुयरी ॥**

**શબ્દાર્થ :– सा** = તે સિદ્ધશીલા **मज्झम्मि** = મધ્યમાં **अट्ठजोयण बाहल्ला** = આઠ યોજન જાડી **वियाहिया** = કહી છે અને **परिहायंती** = ચારે બાજુ(જાડાઈ) ઘટતાં-ઘટતાં **चरिमंते** = અંતમાં **मच्छिपत्ताउ** = માંખીની પાંખથી પણ **तणुयरी** = અધિક પાતળી છે.

**ભાવાર્થ :–** તે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી(સિદ્ધશિલા) મધ્યમાં આઠ યોજન પ્રમાણ સ્થૂળ-જાડી છે અને ચારે બાજુ તેની જાડાઈ ઘટતી જાય છે અને અંતે માખીની પાંખથી અધિક પાતળી છે.

**૬૧** **अज्जुण सुवण्णगमई, सा पुढवी णिम्मला सहावेणं ।**
**उत्ताणग च्छत्तय संठिया य भणिया जिणवरेहिं ॥**

**શબ્દાર્થ :– सा** = તે **पुढवी** = ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી **अज्जुण-सुवण्णगमई** = અર્જુનસુવર્ણમયી, શ્વેત સુવર્ણમયી છે **सहावेण** = સ્વભાવથી જ **णिम्मला** = નિર્મળ છે **उत्ताणग-च्छत्तय-संठिया** = પૂર્ણ ફેલાયેલા છત્રની સમાન છે આ રીતે **जिणवरेहिं** = જિનેન્દ્ર ભગવાન દ્વારા **भणिया** = કહેવાયું છે.

**ભાવાર્થ :–** તે પૃથ્વી શ્વેત સુવર્ણમયી, સ્વભાવથી જ નિર્મળ અને ઉત્તાન છત્ર અર્થાત્ પૂર્ણ ફેલાયેલા છત્ર સમાન આકારવાળી જિનેન્દ્ર ભગવંતોએ કહી છે.

**૬૨** **संखंक कुंदसंकासा, पंडुरा णिम्मला सुहा ।**
**सीयाए जोयणे तत्तो, लोयंतो उ वियाहिओ ॥**

**શબ્દાર્થ :– संखंक-कुंदसंकासा** = શંખ, અંકરત્ન અને કુંદ ફૂલની સમાન, **पंडुरा** = શ્વેત, સફેદ **णिम्मला** = નિર્મળ, **सुहा** = શુભ, શુભ્ર **तत्तो** = તે પૃથ્વીથી **सीयाए** = લગભગ **जोयणे** = એક જોજન ઉપર **लोयंतो** = લોકનો અંત, લોકાન્ત **वियाहिओ** = કહ્યો છે.

**ભાવાર્થ :–** શંખ, અંકરત્ન અને કુંદપુષ્પની સમાન અત્યંત શ્વેત, નિર્મળ અને કલ્યાણ આપનારી તે પૃથ્વીથી લગભગ એક જોજન ઊંચે લોકાન્ત કહ્યો છે.

**૬૩** **जोयणस्स उ जो तत्थ, कोसो उवरिमो भवे ।**
**तस्स कोसस्स छब्भाए, सिद्धाणोगाहणा भवे ॥**

**શબ્દાર્થ :– तत्थ** = ત્યાં **जोयणस्स** = જોજનનો **जो** = જે **उवरिमो** = ઉપરનો **कोसो** = કોસ, ગાઉ **भवे** = હોય છે, **तस्स** = તે **कोसस्स** = ગાઉના **छब्भाए** = છટ્ઠા ભાગમાં **सिद्धाणोगाहणा** = સિદ્ધોની અવગાહના, અવસ્થિતિ **भवे** = હોય છે.

**ભાવાર્થ :–** ઈષત્પ્રાગ્ભારા(સિદ્ધ શિલા) પૃથ્વીથી ઉપરના તે એક જોજનના ઉપરના છેલ્લા ગાઉના છટ્ઠા ભાગમાં સિદ્ધોની અવગાહના(અવસ્થિતિ) હોય છે.

**૬૪** **तत्थ सिद्धा महाभागा, लोगग्गम्मि पइट्ठिया ।**
**भवपवंचओ मुक्का, सिद्धिं वरगइं गया ॥**

**શબ્દાર્થ :– भवपवंचओ** = સંસારના પ્રપંચથી **मुक्का** = મુક્ત **सिद्धिं** = સિદ્ધિરૂપ **वरगइं** = વરગતિ, શ્રેષ્ઠગતિને **गया** = પ્રાપ્ત થયા, પામ્યા **महाभागा** = મહાભાગ્યશાળી **सिद्धा** = સિદ્ધ ભગવાન **तत्थ** = ત્યાં **लोगग्गम्मि** = લોકના અગ્રભાગ પર **पइट्ठिया** = પ્રતિષ્ઠિત છે, બિરાજમાન છે.

**ભાવાર્થ :–** સર્વશ્રેષ્ઠ સિદ્ધગતિને પ્રાપ્ત કરનારા મહાભાગ્યશાળી સિદ્ધ જીવ સંસાર ચક્રના પ્રપંચથી મુક્ત થઈને ત્યાં લોકના અગ્રભાગમાં પ્રતિષ્ઠિત થાય છે.

**૬૫** **उस्सेहो जस्स जो होइ, भवम्मि चरिमम्मि उ ।**
**तिभागहीणो तत्तो य, सिद्धाणोगाहणा भवे ॥**

**શબ્દાર્થ :– जस्स** = જે જીવોની **चरिमम्मि** = ચરમ, અંતિમ **भवम्मि** = ભવમાં **जो** = જેટલી **उस्सेहो** = અવગાહના, ઊંચાઈ, **होइ** = હોય છે **तत्तो** = તેનાથી **तिभागहीणो** = ત્રીજો ભાગ ઓછી **सिद्धाणोगाहणा** = સિદ્ધોની અવગાહના **भवे** = હોય છે.

**ભાવાર્થ :–** જીવોના ચરમ શરીરની જે અવગાહના હોય છે, તેનાથી ત્રીજો ભાગ ઓછી અર્થાત્ બે તૃતીયાંશ સિદ્ધોની અવગાહના હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સિદ્ધશિલા અને સિદ્ધક્ષેત્રનું તેમજ સિદ્ધોની અવગાહનાનું કથન છે.

**સિદ્ધશિલા પ્રમાણ–** આ લોકમાં આઠ પૃથ્વી છે. સાત નરક પૃથ્વી અધોલોકમાં છે અને આઠમી ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી ઊર્ધ્વલોકમાં છે. તે સિદ્ધશિલા નામથી પ્રસિદ્ધ છે. તે સર્વાર્થસિદ્ધ વિમાનથી બાર યોજન ઊંચે છે. તે પીસ્તાળીસ લાખ(૪૫,૦૦,૦૦૦) યોજન લાંબી અને પહોળી છે તથા સાધિક એક કરોડ, બેતાળીસ લાખ, ત્રીસ હજાર, બસ્સો ઓગણપચાસ યોજન(૧,૪૨,૩૦,૨૪૯ યોજન)નો તેનો ઘેરાવો છે. તે સિદ્ધશિલા મધ્યના આઠ યોજન ક્ષેત્રમાં આઠ યોજન જાડી છે અને ત્યાર પછી બન્ને બાજુ તેની જાડાઈ ક્રમશઃ ઘટતા અંતે માખીની પાંખથી પણ અધિક પાતળી થઈ જાય છે.

**સિદ્ધશિલાનો આકાર–** સિદ્ધ શિલાથી સિદ્ધોની અને અલોકની દૂરી સર્વત્ર સમાન છે. તેથી તેનો આકાર ઉપરના ભાગમાં સીધો સપાટ છે અને નીચે ક્રમશઃ ઘટતી ગોળાઈવાળો છે.

પ્રસ્તુત ગાથા ૬૧માં સિદ્ધ શિલાનો આકાર **उत्ताणगच्छत्तसंठाण** = ઉત્તાન એટલે પ્રસરાવેલા અર્થાત્ ખોલેલા છત્ર જેવો. દંડ રહિત ખોલેલા અને ઊંધા રાખેલા છત્ર જેવો આકાર સિદ્ધશિલાનો છે.

**સિદ્ધશિલાનો વર્ણ :–** સિદ્ધશિલા પૃથ્વીરૂપ છે. તેનો વર્ણ– સફેદ સોનું, શંખ, અંકરત્ન અને સફેદ કુંદ પુષ્પની સમાન અત્યંત શ્વેત, સુંદર, કાંતિમય, સ્વાભાવિક નિર્મળ અને સુખદાયક છે.

**સિદ્ધશિલાના નામ :–** સિદ્ધશિલા એ શાશ્વત પૃથ્વી છે અને શ્રી સમવાયાંગ સૂત્રમાં તેના બાર પર્યાયવાચી શાશ્વત નામ કહ્યા છે. યથા– (૧) ઈષત્ (૨) ઈષત્પ્રાગ્ભારા (૩) તન્વી (૪) તનુતરા (૫) સિદ્ધિ (૬) સિદ્ધાલય (૭) મુક્તિ (૮) મુક્તાલય (૯) બ્રહ્મ (૧૦) બ્રહ્માવતંસક (૧૧) લોક પ્રતિપૂર્ણ, (૧૨) લોકાગ્ર–ચૂલિકા. – *સમવાયાંગ*–૧૨. આ બાર નામોમાં સીતા નામ નથી. પ્રસ્તુત બાસઠમી ગાથામાં **सीयाए** શબ્દનો પ્રયોગ છે. શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર અનુસાર આ શબ્દનો અર્થ– 'લગભગ' થાય છે અને તે **सीयाए** શબ્દ યોજનનું વિશેષણ છે, માટે તેનો અર્થ લગભગ(દેશોન) એક યોજન થાય છે.


**સિદ્ધક્ષેત્ર :–** ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીથી ઉપર દેશોન એક યોજનના આંતરે લોકાન્ત છે. ચાર ગાઉનો એક જોજન થાય છે. તેથી ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીથી ઉપરના એક યોજનના અંતિમ છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગમાં સિદ્ધ ભગવંતો સ્થિત થાય છે.

બધી શાશ્વત વસ્તુઓનું પરિમાણ પ્રમાણ અંગુલથી મપાય છે પરંતુ અહીં ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીથી ઉપરના એક યોજનનું પરિમાણ ઉત્સેધાંગુલથી છે, તેમ સમજવું જોઈએ. ચાર ગતિના જીવોની અવગાહના ઉત્સેધાંગુલથી મપાય છે. ઉત્સેધાંગુલની અપેક્ષાએ ૫૦૦ ધનુષ્યની ઉત્કૃષ્ટ અવગાહનાવાળા મનુષ્યો સિદ્ધ થાય છે. તે ૫૦૦ ધનુષ્યવાળા મનુષ્યની સિદ્ધ અવસ્થામાં અવગાહના બે તૃતીયાંશ અર્થાત્ ૩૩૩ ધનુષ્ય અને ૩૨ અંગુલ હોય છે. સૂત્રોક્ત કથનાનુસાર તે સિદ્ધક્ષેત્ર એક ગાઉના છઠ્ઠા ભાગ પ્રમાણ છે. તેથી તે ગાઉ અને યોજન પણ ઉત્સેધાંગુલથી છે, તેમ સ્પષ્ટ થાય છે. તે ગાઉ અને તેના છઠ્ઠા ભાગનું ગણિત આ પ્રમાણે છે– ૨૪ અંગુલ = એક હાથ, ચાર હાથ = એક ધનુષ અને બે હજાર ધનુષનો એક ગાઉ થાય છે. એક ગાઉનો છઠ્ઠો ભાગ અર્થાત્ ૨૦૦૦ ધનુષનો છઠ્ઠો ભાગ કરતાં ૨૦૦૦ ÷ ૬ = ૩૩૩ ધનુષ અને ૩૨ અંગુલ થાય છે. આ રીતે સિદ્ધ ક્ષેત્રનું અને સિદ્ધ આત્માની અવગાહનાનું માપ ઉત્સેધાંગુલથી છે, તેમ સ્પષ્ટ થઈ જાય છે.

**સિદ્ધોની અવગાહના–** સિદ્ધ ભગવાન અશરીરી છે, તેથી તે વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી રહિત અરૂપી હોય છે પરંતુ તેના આત્મપ્રદેશો અસંખ્યાત આકાશ પ્રદેશમાં સ્થિત થાય છે, તે અપેક્ષાએ તેઓની અવગાહનાનું કથન છે. જીવ જે અંતિમ શરીર છોડીને સિદ્ધ થાય, તે શરીરનો ત્રીજો ભાગ ન્યૂન તેઓની અવગાહના રહે છે.

શૈલેશીકરણના સમયે આત્મપ્રદેશો ઘનીભૂત થાય, ત્યારે શરીરનો પોલાણનો ભાગ ઘટી જાય છે. શરીરમાં પોલાણ ભાગ લગભગ શરીરના ત્રીજા ભાગ પ્રમાણ હોય છે. તેથી સિદ્ધોની અવગાહના અંતિમ શરીરની અવગાહનાથી ત્રીજો ભાગ ન્યૂન હોય છે. જઘન્ય બે હાથ અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા મનુષ્યો સિદ્ધ થાય છે. તેનો ત્રીજો ભાગ ન્યૂન કરતાં સિદ્ધોની અવગાહના જઘન્ય એક હાથ આઠ અંગુલ અને ઉત્કૃષ્ટ ૩૩૩ ધનુષ્ય ૩૨ અંગુલ હોય છે. તેની વચ્ચેની મધ્યમ અવગાહના વિવિધ પ્રકારની થાય છે. અંતિમ ચોવીસમા તીર્થંકરની અપેક્ષાએ સિદ્ધોની મધ્યમ અવગાહના આગમમાં ચાર હાથ સોળ અંગુલની પણ કહેવામાં આવે છે, તે એકાંતિક નથી પણ સાપેક્ષ(અપેક્ષાથી) છે તેમ સમજવું જોઈએ, કારણ કે મધ્યમ અવગાહના અનેક પ્રકારની હોય છે.


## સિદ્ધશિલા, સિદ્ધ ક્ષેત્ર અને સિદ્ધાત્માઓ





**સિદ્ધશિલાની વચ્ચેનું આઠ યોજન લાંબુ, પહોળું અને ગોળ ક્ષેત્ર આઠ યોજન જાડાઈવાળુ છે. ત્યારપછી ચારે ય દિશામાં છેલ્લે સુધી જાડાઈ ક્રમશઃ ઘટતી જાય છે.**

## બૃહદ્સંગ્રહણી ગ્રંથમાં દર્શાવેલી સિદ્ધશિલાની ત્રણ આકૃતિઓ :-


૧




૨




૩



**સિદ્ધોની સ્થિતિ :–**

**६६** **एगत्तेण साइया, अपज्जवसिया वि य ।**
**पुहत्तेण अणाइया, अपज्जवसिया वि य ॥**

**શબ્દાર્થ :– एगत्तेण** = એક સિદ્ધની અપેક્ષાએ **साइया** = સિદ્ધ સાદિ(આદિ સહિત) **अपज्जवसिया** = અપર્યવસિત, અનંત છે **पुहत्तेण** = પૃથક્ત્વથી, ઘણા જીવોની અપેક્ષાએ **अणाइया** = અનાદિ.

**ભાવાર્થ :–** એક સિદ્ધની અપેક્ષાથી સિદ્ધ સાદિ અનંત છે અને ઘણા સિદ્ધોની અપેક્ષાએ સિદ્ધ અનાદિ અને અનંત છે.

**વિવેચન :–**

**સાદિ અનંત :–** આત્મા જે સમયે કર્મ-મુક્ત થઈને સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરે છે, તે સમયે સિદ્ધ અવસ્થાની આદિ થાય છે. સિદ્ધ થયા પછી તે જીવને ત્યાંથી ફરી જન્મ-મરણ કરવાના નથી; તે જીવ શાશ્વત કાલ પર્યંત તે સ્થાનમાં સ્થિત રહે છે; આ રીતે તે સિદ્ધોની સ્થિતિનો અંત ન હોવાથી અનંત કહેવાય છે. આ દષ્ટિએ સિદ્ધપદ સાદિ-અનંત છે. ઘણા સિદ્ધોની અપેક્ષાએ અર્થાત્ પ્રવાહની અપેક્ષાએ સિદ્ધ અનાદિ અનંત છે. જે રીતે આ સંસાર પણ પ્રવાહરૂપે અનાદિ અનંત છે, તે જ રીતે સિદ્ધ પણ પ્રવાહરૂપથી અનાદિ-અનંત છે. કારણ કે એવો કોઈ સમય નથી જ્યારે સિદ્ધ ન હતા અને એવો કોઈ સમય નથી જ્યારે સિદ્ધ થશે નહીં, આ રીતે શાશ્વત હોવાથી સિદ્ધ અનાદિ-અનંત છે.

**સિદ્ધોનું સ્વરૂપ :–**

**६७** **अरूविणो जीवघणा, णाणदंसण सण्णिया ।**
**अउलं सुहं संपत्ता, उवमा जस्स णत्थि उ ॥**

**શબ્દાર્થ :– अरूविणो** = અરૂપી **जीवघणा** = જીવ પ્રદેશોથી સઘન **णाणदंसण सण्णिया** = જ્ઞાન, દર્શન સહિત છે **अउल** = અતુલ **सुहं** = સુખને **संपत्ता** = પ્રાપ્ત થયા છે **जस्स** = જેની **उवमा** = ઉપમા **णत्थि** = નથી.

**ભાવાર્થ :–** સિદ્ધ ભગવાન અરૂપી છે, જીવ પ્રદેશોથી ઘનરૂપ છે અને જ્ઞાન, દર્શનના ઉપયોગ સહિત છે. તેઓ અતુલ આત્મિક સુખને પ્રાપ્ત થયેલા છે. સંસારના કોઈ પણ પદાર્થ સાથે તેના આત્મિક સુખની તુલના થઈ શકતી નથી, માટે તેના સુખની કોઈ ઉપમા નથી.

**६८** **लोगेगदेसे ते सव्वे, णाणदंसण सण्णिया ।**
**संसारपार णित्थिण्णा, सिद्धिं वरगइं गया ॥**

**શબ્દાર્થ :– ते** = તેઓ **सव्वे** = સર્વ સિદ્ધ **लोगेगदेसे** = લોકના એક દેશમાં, **णाणदंसण-सण्णिया** = જ્ઞાન દર્શનથી સહિત છે **संसारपार-णित्थिण्णा** = સંસારનો પાર પામેલા છે **सिद्धिं** = સિદ્ધિરૂપ **वरगइं** = શ્રેષ્ઠ ગતિમાં **गया** = પહોંચ્યા છે.

**ભાવાર્થ :–** તે બધા સિદ્ધાત્મા લોકના એક દેશ રૂપ લોકાંત વિભાગમાં સ્થિત થયા છે, તે અનંત જ્ઞાન દર્શનથી યુક્ત થઈ સંસારનો પાર પામીને સર્વ શ્રેષ્ઠ સિદ્ધગતિને પ્રાપ્ત થયા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં ભાવની અપેક્ષાએ સિદ્ધોના સ્વરૂપનું કથન છે.

કર્મથી સર્વથા મુક્ત, શુદ્ધ ચૈતન્યઘન, કેવળજ્ઞાન–દર્શન યુક્ત, અનંત સુખ સંપન્ન, શાશ્વતકાલ પર્યંત સિદ્ધક્ષેત્રમાં પ્રતિષ્ઠિત થયેલા આત્માને **સિદ્ધ** કહે છે. સૂત્રોક્ત સિદ્ધોના સ્વરૂપ દર્શક વિશેષણો દ્વારા સિદ્ધોનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે અને અન્ય દાર્શનિકોની કેટલીક માન્યતાઓનું ખંડન પણ થઈ જાય છે.

**जीवघणा–** સિદ્ધ થતાં પહેલા જ શૈલેશીકરણ સમયે આત્મપ્રદેશો ઘનીભૂત–ઠોસરૂપ થઈ જાય છે. તેથી સિદ્ધોને જીવઘન કહ્યા છે.

**णाण दंसण सण्णिया–** સિદ્ધાત્મા કેવળજ્ઞાન અને કેવળદર્શન યુક્ત હોય છે. કર્મોનો, મિથ્યાજ્ઞાનનો તેમજ વૈભાવિક ભાવોનો નાશ થાય અને અનંત આત્મગુણો પ્રગટ થાય ત્યારે જીવનો મોક્ષ થાય છે. તેમ છતાં સિદ્ધોમાં મુખ્યત્વે જ્ઞાન અને દર્શન બે ગુણ હોય છે. તે અપેક્ષાએ દરેક સિદ્ધાત્મા સાકારોપયોગ અને અનાકારોપયોગ તે બંને ઉપયોગ સહિત હોય છે. કેટલાક આચાર્યો સિદ્ધોમાં એક સાકારોપયોગ જ સ્વીકારે છે, તે યોગ્ય નથી. આગમાનુસાર સિદ્ધોમાં બંને ઉપયોગ ક્રમિક હોય છે.

**अउलं सुहं संपत्ता–** સિદ્ધો તુલનારહિત અતુલ સુખ સંપન્ન હોય છે. સિદ્ધોના સુખની કોઈ ઉપમા કે તુલના શક્ય નથી. સંસારી જીવોનું સુખ વેદનીય કર્મજન્ય છે તેથી તે નાશવંત છે, તરતમતાવાળું છે, જ્યારે સિદ્ધોનું સુખ આત્મિક છે, એક સમાન છે, અનંતકાલ પર્યંત રહેવાનું છે.

સંસારના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સુખોથી તે અનંતગણું અધિક છે. કેટલાક દાર્શનિકો મોક્ષને દુઃખના ધ્વંસરૂપ જ માને છે. જૈન સિદ્ધાંતાનુસાર સિદ્ધોનું સ્વરૂપ દુઃખના નાશરૂપ તો છે જ, પરંતુ તેની સાથે અનંત સુખની ઉપલબ્ધિરૂપ પણ છે;

**लोगेगदेसे ते सव्वे :–** લોકના એક દેશમાં–એક વિભાગમાં જ તે સર્વ સિદ્ધો સ્થિત છે. બ્રહ્માદ્વૈતવાદીઓ ઈશ્વરને સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત માને છે, પરંતુ તેમ નથી. શુદ્ધાત્માઓ લોકાગ્રે સિદ્ધક્ષેત્રમાં જ સ્થિત થઈ જાય છે. ત્યાં સ્થિત થયા પછી સંસારનો પાર પામી ગયા હોવાથી તેમનું હલનચલન કે મૃત્યુલોકમાં પુનરાગમન, અવતાર ધારણ વગેરે થતું નથી.

આ રીતે જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનાથી સર્વ કર્મોનો ક્ષય કરી, સર્વ કાર્યોને સિદ્ધ કરી, સંસારનો પાર પામીને જીવ સિદ્ધ થાય છે અને ત્યાં અનંતકાલ પર્યંત, કેવળજ્ઞાન અને કેવળદર્શન સહિત અનંત આત્મ આનંદમાં લીન રહે છે.

**સિદ્ધશિલા, સિદ્ધક્ષેત્ર અને સિદ્ધ ભગવાન :–**

| વિષય | વિવરણ |
|---|---|
| **સિદ્ધશિલા** | |
| (૧) સ્થાન | સર્વાર્થ સિદ્ધ વિમાનથી ૧૨ યોજન ઊંચે |
| (૨) પ્રમાણ | ૪૫ લાખ યોજન લાંબી, પહોળી, સાધિક ૧,૪૨,૩૦,૨૪૯ યોજન પરિધિ. મધ્યે આઠ યોજન ક્ષેત્રમાં આઠ યોજન જાડી, ક્રમશઃ જાડાઈ ઘટતા અંત ભાગે માખીની પાંખથી અધિક પાતળી. |

| વિષય | વિવરણ |
|---|---|
| (૩) આકાર | ઉત્તાન છત્ર–ખોલેલું ઊંધુ(ચત્તું) છત્ર |
| (૪) વર્ણ | સફેદ સોનું, શંખ અને અંકરત્નથી અધિક શ્વેત, નિર્મળ, સુખદાયક. |
| (૫) નામ | ૧૨–ઈષત્, ઈષત્પ્રાગ્ભારા, તન્વી, તનુતરા, સિદ્ધિ, સિદ્ધાલય, મુક્તિ, મુક્તાલય, બ્રહ્મ, બ્રહ્માવતંસક, લોકપ્રતિપૂર્ણ, લોકાગ્ર ચૂલિકા. |
| (૬) લોકાંતથી દૂરી | તેનાથી દેશોન એક યોજન ઊંચે લોકાંત છે. |
| **સિદ્ધ ક્ષેત્ર** | |
| (૧) સ્થાન | સિદ્ધશિલાથી ઉપર એક યોજનના છેલ્લા ગાઉના છટ્ઠા ભાગમાં. |
| (૨) પરિમાણ | લંબાઈ–પહોળાઈ ૪૫ લાખ યોજન, ઊંચાઈ–૩૩૩ ધનુષ–૩૨ અંગુલ. |
| **સિદ્ધ ભગવાન** | |
| (૧) સ્વરૂપ | કર્મ રહિત કેવળજ્ઞાન–દર્શન સહિત(શુદ્ધ ચૈતન્યઘન) અનુપમ સુખસંપન્ન. |
| (૨) અવગાહના | જઘન્ય એક હાથ ચાર અંગુલ, ઉત્કૃષ્ટ ૩૩૩ ધનુષ, ૩૨ અંગુલ |
| (૩) સ્થિતિ | એક સિદ્ધની અપેક્ષાએ સાદિ અનંત, અનેક સિદ્ધોની અપેક્ષાએ અનાદિ અનંત શાશ્વતકાલ પર્યંત રહે છે |
| (૪) કયાં સ્થિત થાય ? | લોકાંતે, સિદ્ધક્ષેત્રમાં |

**સંસારી જીવો :–**

**૬૯** **संसारत्था उ जे जीवा, दुविहा ते वियाहिया ।**
**तसा य थावरा चेव, थावरा तिविहा तहिं ॥**

**શબ્દાર્થ :– संसारत्था** = સંસારી **जे** = જે **जीवा** = જીવો છે **ते** = તેઓ **दुविहा** = બે પ્રકારના **वियाहिया** = કહ્યા છે **तसा** = ત્રસ **चेव** = અને **थावरा** = સ્થાવર **तहिं** = તેમાં **तिविहा** = ત્રણ પ્રકારના છે.


**ભાવાર્થ :–** સંસારી જીવોના બે પ્રકાર છે– ત્રસ અને સ્થાવર. તેમાં સ્થાવર જીવોના ત્રણ ભેદ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં સંસારી જીવોના મુખ્ય ભેદોનું કથન છે.

**तसा–** ત્રસ. ત્રસનામ કર્મના ઉદયે જે સ્વયં હલનચલન કે ગમનાગમન કરી શકે છે, તેને ત્રસજીવ કહે છે; તેમજ જે જીવ કષ્ટ-પીડા થવાથી પ્રત્યક્ષ રીતે ત્રાસ પામતા દષ્ટિગોચર થાય છે, તે ત્રસ જીવ છે . બેઈન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના ત્રસ જીવો છે.

**थावरा–** સ્થાવર. સ્થાવર નામ કર્મના ઉદયથી જે સ્વયં હલનચલન કરી શકતા નથી. તે જીવો સ્થાવર કહેવાય છે. તેમજ કષ્ટાદિ ઉપસ્થિત થતાં પોતાનું નિયત સ્થાન છોડીને અન્યત્ર જઈ શકતા નથી, તે સ્થાવર જીવ કહેવાય છે.સર્વ એકેન્દ્રિય જીવો સ્થાવર છે.




★ **પ્રત્યેક દેવના પર્યાપ્ત–અપર્યાપ્ત.**

**સ્થાવર જીવો :–**

**૭૦** **पुढवी आउ जीवा य, तहेव य वणस्सई ।**
**इच्चेए थावरा तिविहा, तेसिं भेए सुणेह मे ॥**

**શબ્દાર્થ :– पुढवी** = પૃથ્વીકાય **आउजीवा** = અપ્કાયના જીવો **वणस्सई** = વનસ્પતિકાય **इच्चेए** = આ પ્રકારે **तिविहा** = ત્રણ પ્રકારના **थावरा** = સ્થાવર છે **मे** = મારી પાસેથી **तेसिं** = તેના **भेए** = ભેદોને **सुणेह** = સાંભળો.

**ભાવાર્થ :–** પૃથ્વીરૂપ જીવ, જળરૂપ જીવ અને વનસ્પતિરૂપ જીવ. આ રીતે સ્થાવરના ત્રણ ભેદ છે, તે જીવોનું વર્ણન મારી પાસેથી સાંભળો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં સ્થાવર જીવોના ભેદોનું કથન છે. સ્થાવર જીવોના ત્રણ ભેદ છે– પૃથ્વી, પાણી અને વનસ્પતિ. આ જીવોને સ્થાવર નામ કર્મનો ઉદય હોય છે, તેમજ તે જીવોમાં સ્વયં ગતિ થતી નથી; તેથી તેને સ્થાવર કહે છે. અન્યત્ર સ્થાવરના અગ્નિ અને વાયુ સહિત પાંચ ભેદ કહ્યા છે. અગ્નિ અને વાયુના જીવોને સ્થાવરનામ કર્મનો ઉદય છે. તે જીવો એકેન્દ્રિય છે પરંતુ તેમાં ગતિક્રિયા થાય છે. જેમ કે અગ્નિની જ્યોત સ્વાભાવિક રીતે ઉપરની તરફ જાય છે અને વાયુ પણ વહે છે તેથી તેની અહીં સ્થાવર જીવોમાં ગણના કરી નથી.

**પૃથ્વીકાય :–**

**૭૧** **दुविहा पुढवी जीवा य, सुहुमा बायरा तहा ।**
**पज्जत्तमपज्जत्ता, एवमेए दुहा पुणो ॥**

**શબ્દાર્થ :– सुहुमा** = સૂક્ષ્મ **बायरा** = બાદર **एवमेए** = આ પ્રકારે તેઓ **पज्जत्तं** = પર્યાપ્તા **अपज्जत्ता** = અપર્યાપ્તા **पुणो** = પુનઃ વળી **दुहा** = બે પ્રકારના છે.

**ભાવાર્થ :–** પૃથ્વીકાયના જીવોના બે ભેદ છે– સૂક્ષ્મ અને બાદર. આ બંનેના બે-બે ભેદ છે– પર્યાપ્તા અને અપર્યાપ્તા.

**૭૨** **बायरा जे उ पज्जत्ता, दुविहा ते वियाहिया ।**
**सण्हा खरा य बोधव्वा, सण्हा सत्तविहा तहिं ॥**

**શબ્દાર્થ :– जे** = જે **बायरा** = બાદર પૃથ્વીકાયના જીવો **पज्जत्ता** = પર્યાપ્તા જીવ છે **ते** = તેઓ **दुविहा** = બે પ્રકારના **वियाहिया** = કહ્યા છે **सण्हा** = કોમળ **खरा** = કઠોર **तहिं** = તેમાં **सण्हा** = કોમળ પૃથ્વીના **सत्तविहा** = સાત પ્રકાર **बोधव्वा** = જાણવા જોઈએ.

**ભાવાર્થ :–** જે બાદર પર્યાપ્ત પૃથ્વીકાયના જીવો છે, તેના બે પ્રકાર છે– કોમળ અને કઠોર. તેમાં કોમળ પૃથ્વીના સાત ભેદ છે.

**૭૩** **किण्हा णीला य रुहिरा, हालिद्दा सुक्किला तहा ।**
**पंडु पणग मट्टिया, खरा छत्तीसई विहा ॥**

**શબ્દાર્થ :–** **किण्हा** = કૃષ્ણ, કાળી **णीला** = નીલી **रुहिरा** = લાલ **हालिद्दा** = પીળી **सुक्किला** = સફેદ **पंडु** = પાંડુ માટી, ફિકાશ પડતી સફેદ, ચંદનના જેવી સફેદ **पणगमट्टिया** = ચીકણીમાટી **खरा** = ખર પૃથ્વી, કઠોર પૃથ્વી **छत्तीसई विहा** = છત્રીસ પ્રકારની છે.

**ભાવાર્થ :–** કોમળ પૃથ્વીકાયના સાત પ્રકાર આ પ્રમાણે છે– કાળી, નીલી, લાલ, પીળી, સફેદ, પાંડુરંગની ફિકાશ પડતી સફેદ તથા પનક મૃતિકા. ખર-કઠોર પૃથ્વીકાયના છત્રીસ ભેદ છે.

**૭૪** **पुढवी य सक्करा वालुया य, उवले सिला च लोणूसे ।**
**अय तंब तउय सीसग, रुप्प सुवण्णे य वइरे य ॥**

**૭૫** **हरियाले हिंगुलए, मणोसिला सासगंजण पवाले ।**
**अब्भपडलब्भ वालुय, बायरकाए मणिविहाणा ॥**

**૭૬** **गोमेज्जए य रुयगे, अंके फलिहे य लोहियक्खे य ।**
**मरगय मसारगल्ले, भूयमोयग इंदणीले य ॥**

**૭૭** **चंदण गेरुय हंसगब्भे, पुलए सोगंधिए य बोधव्वे ।**
**चंदप्पह वेरुलिए, जलकंते सूरकंते य ॥**

**શબ્દાર્થ :–** **पुढवी** = શુદ્ધ માટી, ખાણની માટી **सक्करा** = શર્કરા, કાંકરી જેવી માટી, મુરડ આદિ **वालुया** = વાલુકા, નદીની રેતી **उवले** = ઉપલ, પાષાણ **सिला** = શિલા **लोण** = લવણ **ऊसे** = ઊસ, ખારી માટી **अय** = લોઢું **तंब** = તાંબુ **तउय** = ત્રપુક, કથીર, રાંગા **सीसग** = સીસું **रुप्प** = ચાંદી **सुवण्णे** = સુવર્ણ **वइरे** = હીરા **हरियाले** = હરતાલ **हिंगुलए** = હિંગળો **मणोसिला** = મન:શિલ, મેનસિલ **सासग** = જસત **अंजण** = અંજન, સુરમો **पवाले** = પ્રવાલ, મૂંગા **अब्भपडल** = અભ્રપટલ, અબરખ **अब्भवालुय** = અભ્રવાલુકા, અબરખની રેતી **बायरकाए** = આ ભેદ બાદર પૃથ્વીકાયના છે.

હવે **मणिविहाणा** = મણિઓના ભેદ કહે છે– **गोमेज्जए** = ગોમેદક **रुयगे** = રુચક **अंके** = અંક **फलिहे** = સ્ફટિક **लोहियक्खे** = લોહિતાક્ષ **मरगय** = મરકતમણિ **मसारगल्ले** = મસારગલ્લમણિ **भुयमोयग** = ભુજમોચક **इंदणीले** = ઈન્દ્રનીલ **चंदण-गेरुय-हंसगब्भे** = ચંદનરત્ન, ગેરુરત્ન, હંસગર્ભરત્ન **पुलए सोगंधिए** = પુલક રત્ન, સૌગંધિક રત્ન **चंदप्पह-वेरुलिए** = ચંદ્રપ્રભ રત્ન, વૈડૂર્ય રત્ન **जलकंते** = જલકાંત મણિ **सूरकंते** = સૂર્યકાંત મણિ. આ ખર પૃથ્વીકાયના ૩૬ ભેદ **बोधव्वे** = જાણવા જોઈએ.

**ભાવાર્થ :–** (૧) શુદ્ધ પૃથ્વી (૨) શર્કરા (૩) વાલુકા (૪) પાષાણ (૫) શિલા (૬) લવણ (૭) ખારી માટી (૮) લોઢુ (૯) તાંબુ (૧૦) કથીર(રાંગા) (૧૧) સીસું (૧૨) ચાંદી (૧૩) સોનું (૧૪) વજ્ર(હીરા) (૧૫) હરિતાલ, (૧૬) હિંગળો (૧૭) મનઃ શિલ (૧૮) જસત, (૧૯) સૂરમો (૨૦) પ્રવાલ(મૂંગા) (૨૧) અબરખ (૨૨) અભ્રવાલુક. આ બાદર પૃથ્વી કાયના ભેદ છે.

(૨૩) ગોમેદક રત્ન (૨૪) રુચક રત્ન (૨૫) અંકરત્ન (૨૬) સ્ફટિક રત્ન (૨૭) લોહિતાક્ષરત્ન

(૨૮) મરકતમણિ, (૨૯) મસારગલ્લ મણિ (૩૦) ભુજમોચકમણિ (૩૧) ઈન્દ્રનીલમણિ (૩૨) ચંદ્ર રત્ન, ગેરુરત્ન, હંસગર્ભરત્ન (૩૩) પુલક રત્ન, (૩૪) ચંદ્રપ્રભરત્ન, વૈડૂર્યરત્ન (૩૫) જલકાંત મણિ, (૩૬) સૂર્યકાંત મણિ. આ ચૌદ મણિરત્નોના ભેદ છે. આ રીતે ખર પૃથ્વીના કુલ ૩૬ ભેદ છે. ॥ ૭૪–૭૭ ॥

**૭૮** **एए खरपुढवीए, भेया छत्तीसमाहिया ।**
**एगविहमणाणत्ता, सुहुमा तत्थ वियाहिया ॥**

**શબ્દાર્થ :– एए** = આ **खरपुढवीए** = ખર પૃથ્વીના **छत्तीसं** = છત્રીસ **भेया** = ભેદ **आहिया** = કહ્યા છે **तत्थ** = તેમાં **सुहुमा** = સૂક્ષ્મ પૃથ્વીકાય **अणाणत्ता** = ભેદ રહિત **एगविहं** = એક પ્રકારના **वियाहिया** = કહ્યા છે.

**ભાવાર્થ :–** ઉક્ત છત્રીસ ભેદ ખર પૃથ્વીકાયના કહ્યા છે. સૂક્ષ્મ પૃથ્વીકાય ભેદ રહિત એક જ પ્રકારના કહ્યા છે અર્થાત્ તેના કોઈ ભેદ નથી.

**૭૯** **सुहुमा सव्वलोगम्मि, लोगदेसे य बायरा ।**
**इत्तो कालविभागं तु, तेसिं वुच्छं चउव्विहं ॥**

**શબ્દાર્થ :– सुहुमा** = સૂક્ષ્મ પૃથ્વીકાયના જીવ **सव्वलोगम्मि** = સર્વ લોકમાં વ્યાપ્ત છે **बायरा** = બાદર પૃથ્વીકાયના જીવ **लोगदेसे** = લોકના એક દેશમાં હોય છે **इत्तो** = આથી આગળ **तेसिं** = તેના **चउव्विहं** = ચાર પ્રકારના **कालविभागं** = કાલવિભાગ **वुच्छं** = કહીશ.

**ભાવાર્થ :–** સૂક્ષ્મ પૃથ્વીકાયના જીવો સમગ્ર લોકમાં વ્યાપ્ત છે અને બાદર જીવો લોકના એક દેશમાં(રત્નપ્રભા આદિ પૃથ્વીમાં) સ્થિત છે. હવે તેના કાળ વિભાગને ચાર પ્રકારે કહીશ.

**૮૦** **संतइं पप्पणाइया, अपज्जवसिया वि य ।**
**ठिइं पडुच्च साइया, सपज्जवसिया वि य ॥**

**શબ્દાર્થ :– संतइं** = પ્રવાહની **पप्प** = અપેક્ષાએ પૃથ્વીકાય **अणाइया** = અનાદિ **अपज्जवसिया** =અપર્યવસિત, અનંત **ठिइं** = સ્થિતિની **पडुच्च** = અપેક્ષાએ **वि** = પણ **साइया** = સાદિ, આદિ સહિત **सपवज्ज्वसिया** = સપર્યવસિત છે.

**ભાવાર્થ :–** પૃથ્વીકાય સંતતિની(પ્રવાહની) અપેક્ષાથી અનાદિ-અનંત છે અને સ્થિતિની અપેક્ષાથી સાદિ-સાંત છે.

**૮૧** **बावीससहस्साइं वासाणुक्कोसिया भवे ।**
**आउठिई पुढवीणं, अंतोमुहुत्तं जहण्णिया ॥**

**શબ્દાર્થ :– पुढवीणं** = પૃથ્વીકાયના જીવોની **आउठिई** = આયુસ્થિતિ **जहण्णिया** = જઘન્ય **अंतोमुहुत्तं** = અંતર્મુહૂર્ત **उक्कोसिया** = ઉત્કૃષ્ટ **वासाण बावीस-सहस्साइं** = બાવીસ હજાર વર્ષની **भवे** = હોય છે.

**ભાવાર્થ :–** પૃથ્વીકાયના જીવોની આયુસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બાવીસ હજાર વર્ષની હોય છે.

**૮૨** **असंखकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णिया ।**
**कायठिई पुढवीणं, तं कायं तु अमुंचओ ॥**

**શબ્દાર્થ :– तं कायं** = તે પૃથ્વીકાયને **अमुंचओ** = ન છોડીને(પૃથ્વીકાયમાંથી મરીને ફરી પૃથ્વીકાયમાં ઉત્પન્ન થવું) **पुढवीणं** = પૃથ્વીકાયના જીવોની **कायठिई** = કાયસ્થિતિ **तु** = અને **उक्कोसा** = ઉત્કૃષ્ટ **असंखकालं** = અસંખ્યાત કાળની છે.

**ભાવાર્થ :–** પૃથ્વીકાયનો પરિત્યાગ કર્યા વિના સતત વારંવાર પૃથ્વીકાયમાં જ ઉત્પન્ન થાય તો પૃથ્વીકાયના જીવોની આ કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાલની છે.

**૮૩** **अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णयं ।**
**विजढम्मि सए काए, पुढवी जीवाण अंतरं ॥**

**શબ્દાર્થ :– सएकाए** = પોતાની કાયાને **विजढम्मि** = છોડે ત્યારે **पुढवीजीवाण** = પૃથ્વીકાયના જીવોનું **अंतरं** = અંતર **जहण्णयं** = જઘન્ય **अंतोमुहुत्तं** = અંતર્મુહૂર્તનું **उक्कोसं** = ઉત્કૃષ્ટ **अणंतकालं** = અનંત- કાળનું છે.

**ભાવાર્થ :–** સ્વકાયને છોડીને પરકાયમાં જઈ, ફરીથી તે જ કાયમાં જન્મ ધારણ કરવાનો પૃથ્વીકાય જીવોનો અંતરકાલ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળનો છે.

**૮૪** **एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।**
**संठाणादेसओ वा वि, विहाणाइं सहस्सओ ॥**

**શબ્દાર્થ :– एएसिं** = આ પૃથ્વીકાયના જીવોના **वण्णओ** = વર્ણથી **गंधओ** = ગંધથી **रसफासओ** = રસથી, સ્પર્શથી **संठाणादेसओ** = સંઠાણની અપેક્ષાએ **सहस्ससो** = સહસ્રશઃ, હજારો **विहाणाइं** = વિધાનો છે, ભેદ છે.

**ભાવાર્થ :–** પૃથ્વીકાયના જીવોના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તથા સંસ્થાનની અપેક્ષાથી હજારો ભેદ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં પૃથ્વીકાયિક જીવોના ભેદ-પ્રભેદ, સ્થિતિ અને અંતરનું નિરૂપણ છે.

**પૃથ્વીકાયિક–** પૃથ્વી જ જેનું શરીર છે તેને પૃથ્વીકાયિક જીવ કહે છે. જુવારના દાણા જેટલી પૃથ્વીમાં અસંખ્યાત જીવો હોય છે, તે જીવોનું શરીર એટલું નાનું હોય છે કે એક-એક જીવનું સ્વતંત્ર શરીર જોઈ શકાતું નથી. અસંખ્યાત જીવોનો સમુદાય પિંડરૂપે એકત્રિત થાય, ત્યારે જ તેને ચક્ષુથી જોઈ શકાય છે.

પૃથ્વીકાયિક જીવોના સૂક્ષ્મ અને બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત તેમ ચાર ભેદ આ ગાથાઓમાં કહ્યા છે.

**સૂક્ષ્મ :–** સૂક્ષ્મ નામકર્મના ઉદયથી જે જીવોનું શરીર અત્યંત સૂક્ષ્મ હોય છે, તે છદ્મસ્થને દષ્ટિગોચર થતું નથી. તેઓ કોઈના મારવાથી કે અન્ય કોઈ પણ શસ્ત્રથી મરતા નથી. તે જીવોનું આયુષ્ય સમાપ્ત થવાથી સ્વયં મૃત્યુ પામે છે. તેનું આયુષ્ય અંતર્મુહૂર્ત હોય છે. પાંચે ય સ્થાવર જીવો સૂક્ષ્મ હોય છે. આ સૂક્ષ્મ જીવો આખા લોકમાં ઠસોઠસ ભર્યા છે.

**બાદર :–** બાદર નામકર્મના ઉદયથી જે જીવોનું શરીર સ્થૂળ હોય, તે બાદર કહેવાય છે. બાદર જીવો છદ્મસ્થોને દષ્ટિગોચર થાય અથવા ન પણ થાય. જેમ કે બાદર પૃથ્વીકાયના એક જીવને છદ્મસ્થો જોઈ

શકતા નથી. અસંખ્યાત જીવોના સમુદાયરૂપ પૃથ્વી પિંડને છદ્મસ્થો જોઈ શકે છે. પાંચે ય સ્થાવરજીવો બાદર પણ હોય છે અને સર્વ પ્રકારના ત્રસ જીવો બાદર જ હોય છે.

**પર્યાપ્ત :–** આહારાદિ માટે પુદ્ગલોને ગ્રહણ કરવાની તથા તેને શરીર આદિ રૂપે પરિણમાવવાની આત્માની શક્તિ વિશેષને પર્યાપ્તિ કહે છે. આ શક્તિ પુદ્ગલોના ઉપચયથી થાય છે. તેના છ ભેદ છે. (૧) આહાર પર્યાપ્તિ, (૨) શરીર પર્યાપ્તિ, (૩) ઇન્દ્રિય પર્યાપ્તિ, (૪) શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ, (૫) ભાષા પર્યાપ્તિ અને (૬) મનઃપર્યાપ્તિ.

જુદા-જુદા જીવોમાં જુદી-જુદી સંખ્યામાં પર્યાપ્તિ હોય છે. જે જીવમાં જેટલી પર્યાપ્તિનો સંભવ છે, તેટલી પર્યાપ્તિ જ્યારે તે જીવ પૂર્ણ કરે, ત્યારે તેને પર્યાપ્ત કહેવાય છે. એકેન્દ્રિય જીવોમાં સ્વયોગ્ય આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોચ્છવાસ તે ચાર પર્યાપ્તિઓ હોય છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં ભાષા પર્યાપ્તિ સહિત પાંચ પર્યાપ્તિ હોય છે અને સંજ્ઞી પંચેન્દ્રિયમાં મનઃપર્યાપ્તિ સહિત છએ પર્યાપ્તિ હોય છે.

**અપર્યાપ્ત :–** જન્મ સમયે જ્યાં સુધી તે જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ ન કરે, ત્યાં સુધી તે અપર્યાપ્ત કહેવાય છે. કોઈ પણ જીવ ત્રણ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પહેલાં મરતા નથી. કારણ કે આહાર, શરીર અને ઇન્દ્રિય એ ત્રણ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પછી જ જીવ પરભવનું આયુષ્ય બાંધે છે અને આયુષ્ય બાંધ્યા પછી જ જીવ મૃત્યુ પામે છે.

સૂક્ષ્મ પૃથ્વીકાયના કોઈ ભેદ થતાં નથી. તે સર્વ જીવોના શરીર સૂક્ષ્મ અને એક સમાન હોય છે. બાદર પૃથ્વીકાયના બે ભેદ છે– કોમળ પૃથ્વી અને કઠોર પૃથ્વી.

**કોમળ પૃથ્વી–** દળેલા લોટ જેવી સુંવાળી(નરમ) પૃથ્વીને કોમળ પૃથ્વી કહે છે. તેના સાત ભેદ છે– (૧) કાળી (૨) નીલી (૩) લાલ (૪) પીળી (૫) સફેદ (૬) પાંડુરંગની– ફિકાશ પડતી સફેદ વર્ણની અને (૭) પનક-મૃતિકા– નદી આદિમાં પૂર આવ્યા પછી રહેલી ચીકણી માટી.

**કઠોર પૃથ્વી–** તેના ૩૬ પ્રકાર ગાથાર્થથી સ્પષ્ટ છે. જે પદાર્થો કોઈ પણ ખાણમાંથી નીકળે, તે પૃથ્વીના જ ભેદ છે.

પૃથ્વીકાયનો પ્રવાહની અપેક્ષાથી વિચાર કરવામાં આવે તો તે અનાદિ અનંત છે. કારણ કે એવો એક પણ સમય નથી કે જ્યારે પૃથ્વીકાય ન હોય, તેથી તે અનાદિ અનંત છે અને સ્થિતિની અપેક્ષાએ દરેક પૃથ્વીજીવ સાદિ-સાંત છે અર્થાત્ સ્થિતિની અપેક્ષાએ દરેક જીવની આદિ પણ હોય છે અને અંત પણ હોય છે.

**સાદિ સાંત પૃથ્વીકાયની સ્થિતિ :–** સ્થિતિના બે પ્રકાર છે– ભવસ્થિતિ અને કાયસ્થિતિ. **ભવસ્થિતિ–** કોઈ પણ જીવની એક ભવની કાલમર્યાદાને ભવસ્થિતિ કહે છે. પૃથ્વીકાયની ભવસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ બાવીસ હજાર વર્ષની છે. **કાયસ્થિતિ–** એક જ કાયમાં જન્મ-મરણની પરંપરામાં વ્યતીત થતા કાલને કાયસ્થિતિ કહે છે. જેમ કે પૃથ્વીકાયનો જીવ મરીને પુનઃ પુનઃ પૃથ્વીકાયમાં જ જન્મ-મરણ કરતાં જેટલો સમય પસાર કરે, તેને પૃથ્વીકાયની કાયસ્થિતિ કહે છે. તે જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલની છે. કોઈ પણ પૃથ્વીકાયિક જીવ વધુમાં વધુ અસંખ્યાતકાલ પર્યંત પૃથ્વીકાયિક પણે જન્મ-મરણ કરી શકે છે. ત્યાર પછી તે અવશ્ય અન્ય કાયમાં જન્મ ધારણ કરે છે.

**પૃથ્વીકાયનું અંતર–** કોઈ પણ એક જીવ પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને, અન્ય કાયમાં જન્મ-મરણ કરે, આ રીતે અન્યત્ર પરિભ્રમણ કરતાં કરતાં પુનઃ તે જ કાયમાં જન્મ ધારણ કરે, તેની વચ્ચેની કાલમર્યાદાને

અંતર કહે છે. જેમ કે પૃથ્વીકાયનો જીવ મરીને કોઈ બીજી કાયમાં ચાલ્યો જાય અને અન્યત્ર જન્મ-મરણ કરતાં- કરતાં ફરીથી પૃથ્વીકાયમાં આવે ત્યાં સુધી ઓછામાં ઓછો અને વધારેમાં વધારે જેટલો સમય લાગે, આ સમયને પૃથ્વીકાયનું અંતર કહે છે. તેનું જઘન્ય અંતર અંતર્મુહૂર્તનું છે અને ઉત્કૃષ્ટ અંતર અનંતકાળનું છે. કોઈ જીવ પૃથ્વીકાય છોડીને અપ્કાય આદિ અન્યકાયમાં જન્મ ધારણ કરે. ત્યાં અંતર્મુહૂર્તનું આયુષ્ય પૂર્ણ કરીને પુનઃ પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય, તો જઘન્ય અંતર્મુહૂર્તનું અંતર થાય છે અને તે જીવ પૃથ્વીકાયમાંથી વનસ્પતિકાયમાં જાય ત્યાં અનંતકાળની કાયસ્થિતિમાં રહે અને ત્યાર પછી પુનઃ પૃથ્વીકાયમાં જન્મ ધારણ કરે, તો પૃથ્વીકાયના જીવનું ઉત્કૃષ્ટ અંતર અનંતકાળનું થાય છે.

પ્રસ્તુત ગાથામાં કથિત ભવસ્થિતિ, કાયસ્થિતિ અને અંતર ઈત્યાદિ એક જીવની સ્થિતિની અપેક્ષાએ છે. સંતતિ-પ્રવાહની અપેક્ષાએ પૃથ્વીકાય અનાદિ અનંત છે. કારણ કે કોઈ કાળમાં પૃથ્વીકાયનો સદ્ભાવ ન હોય એવું નથી. તેથી તેમાં ભવસ્થિતિ, કાયસ્થિતિ કે અંતર હોતું નથી.

**सहस्ससो :–** ગાથામાં સહસ્રશઃ શબ્દ પ્રયોગ છે તેનો અર્થ હજારો થાય છે. તે હજારોમાં સંખ્યાત અને અસંખ્યાત સુધીનો સમાવેશ થાય છે.

**અપ્કાયિક :–**

**૮૫** **दुविहा आउजीवा उ, सुहुमा बायरा तहा ।**
**पज्जत्तमपज्जत्ता, एवमेए दुहा पुणो ॥**

**ભાવાર્થ :–** અપ્કાયના જીવોના બે ભેદ છે– સૂક્ષ્મ અને બાદર. તે બંનેના બે બે ભેદ છે– પર્યાપ્ત અને અપર્યાપ્ત.

**૮૬** **बायरा जे उ पज्जत्ता, पंचहा ते पकित्तिया ।**
**सुद्धोदए य उस्से य, हरतणु महिया हिमे ॥**

**શબ્દાર્થ :– पंचहा** = પાંચ પ્રકારના **पकित्तिया** = કહ્યા છે **सुद्धोदए** = શુદ્ધ પાણી, આકાશમાંથી પડેલું વરસાદનું પાણી **उस्से** = ઓસબિંદુ, પ્રાતઃ કાળે થતી અતિ સૂક્ષ્મ વૃષ્ટિનું જળ. **हरतणु** = વનસ્પતિનું ઝરતું પાણી **महिया** = મહિકા, ધૂંઅર **हिमे** = હિમ, બરફનું પાણી.

**ભાવાર્થ :–** જે બાદર પર્યાપ્ત અપ્કાયિક જીવો છે તેના પાંચ પ્રકાર કહ્યા છે– (૧) વરસાદનું જળ (૨) ઓસબિંદુ (૩) વનસ્પતિમાંથી ઝરતું પાણી (૪) ધુમ્મસ (૫) બરફ.

**૮૭** **एगविहमणाणत्ता, सुहुमा तत्थ वियाहया ।**
**सुहुमा सव्वलोगम्मि, लोगदेसे य बायरा ॥**

**ભાવાર્થ :–** સૂક્ષ્મ અપ્કાયના જીવો વિવિધ ભેદોથી રહિત કેવળ એક પ્રકારના છે; સૂક્ષ્મ અપ્કાયના જીવો સમગ્ર લોકમાં વ્યાપ્ત છે અને બાદર અપ્કાયના જીવો લોકના એક દેશમાં સ્થિત છે.

**૮૮** **संतइं पप्पणाईया, अपज्जवसिया वि य ।**
**ठिइं पडुच्च साईया, सपज्जवसिया वि य ॥**

**ભાવાર્થ :–** અપ્કાય પ્રવાહની અપેક્ષાએ અનાદિ અનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિ સાંત છે.

**૮૯** सत्तेव सहस्साइं, वासाणुक्कोसिया भवे ।
आउठिई आऊणं, अंतोमुहुत्तं जहण्णिया ॥

**શબ્દાર્થ :–** **आऊणं** = અપ્કાયના જીવોની **वासाण सत्तेव सहस्साइं** = સાત હજાર વર્ષની છે.

**ભાવાર્થ :–** અપ્કાયના જીવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ સાત હજાર વર્ષની છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

**૯૦** असंखकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णयं ।
कायठिई आऊणं, तं कायं तु अमुंचओ ॥

**ભાવાર્થ :–** પોતાની તે કાયાને છોડ્યા વિના અર્થાત્ તે જીવ વારંવાર અપ્કાયમાં જ જન્મ-મરણ કરે તો તે જીવોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાલની હોય છે.

**૯૧** अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णयं ।
विजढम्मि सए काए, आउजीवाण अंतरं ॥

**ભાવાર્થ :–** સ્વકાયને છોડીને પરકાયમાં જઈને ફરીથી તે જ કાયમાં આવવા સુધીનો અપ્કાય જીવોનો અંતરકાલ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળનો હોય છે.

**૯૨** एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।
संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥

**ભાવાર્થ :–** અપ્કાયના જીવોના, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો ભેદ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં અપ્કાયના સ્વરૂપ વિષયક વિસ્તૃત વિવેચન છે.

**અપ્કાય–** પાણી જ જેનું શરીર છે, તેને અપ્કાયિક જીવ કહે છે. કૂવાનું, નદીનું, તળાવનું, વરસાદનું આદિ બધા પ્રકારના પાણીમાં અપ્કાયિક જીવ હોય છે. પાણીના એક ટીપામાં અસંખ્યાત જીવો હોય છે. તેનું પણ એક શરીર છદ્મસ્થ જીવોને દષ્ટિગોચર થતું નથી. પાણીના અસંખ્યાતા જીવો એકરૂપે એકત્રિત થાય, ત્યારે તેને જોઈ શકાય છે. તે દરેક જીવના શરીર જુદા-જુદા હોય છે.

તેના સૂક્ષ્મ તથા બાદર, તેમ બે ભેદ અને તે બંનેના પર્યાપ્ત અને અપર્યાપ્ત એ બે-બે ભેદ મળી કુલ ચાર ભેદ થાય છે. સૂક્ષ્મ અપ્કાય જીવો આખા લોકમાં ઠસોઠસ ભરેલા છે. તેના કોઈ ભેદ નથી. બાદર અપ્કાયિક જીવોના પાંચ ભેદ છે, તે શબ્દાર્થ-ભાવાર્થથી સ્પષ્ટ છે.

**ભવસ્થિતિ–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૭,૦૦૦ વર્ષની છે. **કાયસ્થિતિ–** પૃથ્વીકાયની જેમ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલની છે. **અંતર–** પૃથ્વીકાયની જેમ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાલનું છે.

**વનસ્પતિ કાય :–**

**૯૩** दुविहा वणस्सई जीवा, सुहुमा बायरा तहा ।
पज्जत्तमपज्जत्ता, एवमेए दुहा पुणो ॥

**ભાવાર્થ :–** વનસ્પતિકાય જીવોના બે પ્રકાર છે– સૂક્ષ્મ અને બાદર. તે બંનેના પર્યાપ્તા અને અપર્યાપ્તા, એમ બે ભેદ છે.

**९४** बायरा जे उ पज्जत्ता, दुविहा ते वियाहिया ।
साहारण सरीरा य, पत्तेगा य तहेव य ॥

**શબ્દાર્થ :–** **पज्जत्ता** = પર્યાપ્ત **उ** = અપર્યાપ્ત **साहारणसरीरा** = અનેક જીવોનું એક શરીર.

**ભાવાર્થ :–** પર્યાપ્ત બાદર વનસ્પતિકાયના જીવોના બે પ્રકાર કહ્યા છે– સાધારણ શરીરી અને પ્રત્યેક શરીરી. (તે જ રીતે અપર્યાપ્ત બાદર વનસ્પતિકાલના જીવોના બે પ્રકાર થાય છે.)

**९५** पत्तेगसरीराओ, णेगहा ते पकित्तिया ।
रुक्खा गुच्छा य गुम्मा य, लया वल्ली तणा तहा ॥

**९६** वलया पव्वगा कुहुणा, जलरुहा ओसही तहा ।
हरियकाया बोद्धव्वा, पत्तेगाइ वियाहिया ॥

**શબ્દાર્થ :–** **पत्तेगसरीराओ** = પ્રત્યેક શરીરી છે **ते** = તે **णेगहा** = અનેક પ્રકારના **पकित्तिया** = કહ્યા છે, **रुक्खा** = વૃક્ષ **गुच्छा** = ગુચ્છ **गुम्मा** = ગુલ્મ, નવમલ્લિકા આદિ **लया** = લતા, ચંપક લતા આદિ **वल्ली** = વેલ, કાકડી આદિની વેલા **तणा** = તૃણ, ઘાસ **वलया** = વલય, નારિયેળ, કેળ આદિ **पव्वगा** = પર્વક, ગાંઠવાળી વનસ્પતિ, શેરડી, વાંસ આદિ **कुहुणा** = જમીન ફોડીને ઉગનાર છત્રીના આકારના, બિલાડીના ટોપ આદિ **जलरुहा** = જળમાં ઉત્પન્ન થનારા કમળ આદિ **ओसही** = ઔષધિ, શાલી આદિ ધાન્ય **हरियकाया** = હરિતકાય, ભાજી આદિ **बोद्धव्वा** = જાણવા જોઈએ **पत्तेगाइ** = પ્રત્યેક શરીરી વનસ્પતિના ભેદ **वियाहिया** = કહ્યા છે.

**ભાવાર્થ :–** પ્રત્યેક શરીરી વનસ્પતિના અનેક પ્રકાર છે, જેમ કે– વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વેલ તથા તૃણ; નાળિયેર, કેળ આદિ **વલય,** શેરડી આદિ **પર્વક,** બિલાડીના ટોપ આદિ **કુહણ,** કમળ આદિ **જલરુહ,** ઘઉં વગેરે ધાન્યરૂપ **ઔષધિ,** લીલી ભાજી આદિ **હરિતકાય;** ઈત્યાદિ ભેદ પ્રત્યેક વનસ્પતિના જાણવા. ॥ ૯૫–૯૬ ॥

**९७** साहारणसरीराओ, णेगहा ते पकित्तिया ।
आलुए मूलए चेव, सिंगबेरे तहेव य ॥

**९८** हरिली सिरिली सिस्सरिली, जावई केय कंदली ।
पलंडु लसण कंदे य, कंदली य कुहुव्वए ॥

**९९** लोहि णीहू य थीहू य, कुहगा य तहेव य ।
कण्हे य वज्जकंदे, कंदे सूरणए तहा ॥

**१००** अस्सकण्णी य बोधव्वा, सीहकण्णी तहेव य ।
मुसुंढी य हलिद्दा य, णेगहा एवमायओ ॥

**શબ્દાર્થ :– साहारण-सरीराओ** = સાધારણ શરીરી છે **ते** = તે **णेगहा** = અનેક પ્રકારના **पकित्तिया** = કહ્યા છે **आलुए** = આલૂ, બટેટા **मूलए** = મૂળા **सिंगबेरे** = આદુ **हरिली** = હરિલી **सिरिली** = સિરિલી **सिस्सरिली** = સિસરિલી **जावई** = જાવંત્રી કંદ, **केयकंदली** = કેતકંદલી **पलंडु** = ડુંગળી, કાંદા **लसणकंदे** = લસણ **कंदली** = કંદલી **कुहुव्वए** = કુહુવ્રક **लोहि** = લોહિ **णीहू** = હુતાક્ષી **थीहू** = થીહૂ **कुहगा** = કુહક **कण्हे** = કૃષ્ણકંદ **वज्जकंदे** = વજ્રકંદ **सूरणकंदे** = સૂરણકંદ **अस्सकण्णी** = અશ્વકર્ણી **सीहकण्णी** = સિંહકર્ણી **मुसुंढी** = મુસુંઢી **हलिद्दा** = હળદર **एवमायओ** = ઈત્યાદિ **णेगहा** = અનેક પ્રકારના ભેદ.

**ભાવાર્થ :–** સાધારણ શરીરી સાધારણ વનસ્પતિકાયના અનેક પ્રકાર છે, જેમ કે બટેટા, મૂળા, આદુ, હરિલી, સિરિલી, જાવંત્રીકંદ, કેતકંદલી, ડુંગળી, લસણ, કંદલી, કુહુવ્રક, લોહિ, ણીહુ, થીહુ, કુહક, કૃષ્ણકંદ, વજ્રકંદ, સૂરણકંદ, અશ્વકર્ણી, સિંહકર્ણી, મુસુંઢી અને હળદર ઈત્યાદિ અનેક પ્રકારની સાધારણ વનસ્પતિ કહી છે. ॥ ૯૭–૯૮–૯૯–૧૦૦ ॥

**१०१** **एगविहमणाणत्ता, सुहुमा तत्थ वियाहिया ।**
**सुहुमा सव्वलोगम्मि, लोगदेसे य बायरा ॥**

**ભાવાર્થ :–** સૂક્ષ્મ વનસ્પતિકાયના જીવો વિવિધ પ્રકારના ભેદોથી રહિત કેવળ એક જ પ્રકારના છે તથા તે જીવો સર્વલોકમાં વ્યાપ્ત છે, બાદર વનસ્પતિ જીવો લોકના અમુક ભાગમાં જ છે.

**१०२** **संतइं पप्पणाईया, अपज्जवसिया वि य ।**
**ठिइं पडुच्च साइया, सपज्जवसिया वि य ॥**

**ભાવાર્થ :–** વનસ્પતિકાયના જીવો પ્રવાહની અપેક્ષાએ અનાદિ અનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિ સાંત છે.

**१०३** **दस चेव सहस्साइं, वासाणुक्कोसिया भवे ।**
**वणस्सईण आउं तु, अंतोमुहुत्तं जहण्णयं ॥**

**શબ્દાર્થ :– वणस्सईण** = વનસ્પતિકાયના જીવોની **आउं** = આયુષ્ય **वासाण दस सहस्साइं** = દશ હજાર વર્ષ **भवे** = ભવસ્થિતિ હોય છે.

**ભાવાર્થ :–** વનસ્પતિકાયના જીવોની ભવસ્થિતિ અર્થાત્ ઉત્કૃષ્ટ આયુષ્ય દશ હજાર વર્ષનું હોય છે અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય છે.

**१०४** **अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णयं ।**
**कायठिई पणगाणं, तं कायं तु अमुंचओ ॥**

**શબ્દાર્થ :– पणगाणं** = પનક– લીલ, ફૂગ, નિગોદ આદિ વનસ્પતિની.

**ભાવાર્થ :–** પોતાની કાયાને છોડ્યા વિના વનસ્પતિકાયમાં સતત જન્મ-મરણ કરનાર વનસ્પતિકાયના જીવોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ(અનંતકાયિક જીવોની અપેક્ષાએ) અનંતકાળની હોય છે અને જઘન્ય અંતર્મુહૂર્તની છે.

**१०५** **असंखकाल मुक्कोसं अंतोमुहुत्तं जहण्णयं ।**
**विजढम्मि सएकाए, पणगजीवाण अंतर ॥**

**શબ્દાર્થ :– असंखकालमुक्कोसं** = ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલ **पणग जीवाण** = પનક જીવ, સમુચ્ચય વનસ્પતિ જીવ

**ભાવાર્થ :–** સમુચ્ચય વનસ્પતિકાયના જીવો વનસ્પતિકાય છોડીને બીજી કાયમાં જન્મ ધારણ કર્યા પછી ફરીથી વનસ્પતિકાયમાં જન્મ ધારણ કરે, તો ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલનું અને જઘન્ય અંતર્મુહૂર્તનું અંતર થાય છે.

**૧૦૬** **एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।**
**संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥**

**ભાવાર્થ :–** વનસ્પતિકાયના જીવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો ભેદ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં વનસ્પતિકાયના ભેદ-પ્રભેદ, સ્થિતિ આદિનું કથન છે.

**વનસ્પતિકાય–** વનસ્પતિ જેનું શરીર છે તેને વનસ્પતિકાય કહે છે. તેના સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા તે ચાર ભેદ છે. સૂક્ષ્મ જીવો આખા લોકમાં ઠસોઠસ ભરેલા છે. તે સાધારણ શરીરી જ છે, તેના કોઈ ભેદ નથી. બાદર વનસ્પતિકાયના મુખ્ય બે ભેદ છે– પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાય અને સાધારણ શરીરી બાદર વનસ્પતિકાય.

**પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાય–** જે જીવોમાં પ્રત્યેક જીવોનું શરીર સ્વતંત્ર હોય, એક શરીરમાં એક જીવ હોય, તેને પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાય કહે છે. તેના અનેક ભેદ છે– વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વેલા, ધાન્ય વગેરે. તેમાં વૃક્ષના મૂળમાં, કંદમાં, સ્કંધમાં, શાખા, પ્રશાખા, પત્ર, પુષ્પ, ફળ અને બીજ ઈત્યાદિ પ્રત્યેક અવસ્થામાં ભિન્ન-ભિન્ન જીવો હોય છે પરંતુ જેટલા જીવો હોય, તે દરેક જીવનું શરીર સ્વતંત્ર હોય છે.

**ओसही–** ઔષધિ– ધાન્ય વિશેષ. ક્ષુધાવેદનીયના ઉદયથી ભૂખ લાગે છે. તેથી ભૂખ પણ એક પ્રકારનો રોગ છે. રોગની ઉપશાંતિ માટે દવા લેવી પડે છે. તે પ્રમાણે ભૂખ રૂપી રોગની ઉપશાંતિ માટે ધાન્ય એ ઔષધિ છે. માટે ઘઉં, જવ, મકાઈ, બાજરો, આદિ ૨૪ પ્રકારના ધાન્ય માટે આગમમાં ઔષધિ શબ્દ પ્રયોગ કર્યો છે.

**સાધારણ શરીરી બાદર વનસ્પતિકાય–** જે જીવોનું શરીર સ્વતંત્ર હોતું નથી, એક શરીરમાં એક સાથે અનંત જીવો રહેતા હોય, તેને સાધારણ શરીરી બાદર વનસ્પતિકાય કહે છે. સાધારણ શરીરી જીવોને શરીર જ સાધારણ હોવાથી શરીરજન્ય આહાર, નીહાર, શ્વાસોચ્છ્વાસ આદિ ક્રિયાઓ પણ સાધારણપણે એટલે એક સાથે જ થાય છે. સાધારણ શરીરી વનસ્પતિની ઓળખ માટે શ્રી પ્રજ્ઞાપનાસૂત્રમાં તેના અનેક લક્ષણો વિસ્તારથી બતાવ્યા છે, તે ત્યાંથી જાણવા. અહીં ગાથામાં આપેલા કેટલાક નામો કંદમૂળના છે, તે કેટલાક પ્રસિદ્ધ અને કેટલાક અપ્રસિદ્ધ છે. તેના કંદ અથવા મૂળ મુખ્યરીતે ખાવા યોગ્ય હોય છે અને તે બંને વિભાગ જમીનમાં રહે છે તેથી તેને **જમીન કંદ**(કંદમૂળ) પણ કહેવાય છે.

**વનસ્પતિકાયની સ્થિતિ–** અનેક જીવોની અપેક્ષાએ વનસ્પતિકાય અનાદિ અનંત છે. એક જીવની અપેક્ષાએ– ભવસ્થિતિ કે કાયસ્થિતિની અપેક્ષાએ સાદિસાંત છે.

**ભવસ્થિતિ–** પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દશ હજાર

(૧૦,૦૦૦)વર્ષની છે. સાધારણ શરીરી બાદર વનસ્પતિકાયની સ્થિતિ જઘન્ય-ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની જ છે.

**कायठिई पणगाणं :–** 'પણગ' શબ્દનો અર્થ પનક–લીલફૂગ થાય છે પરંતુ પ્રસ્તુત ગાથા ૧૦૪માં 'પણગ' શબ્દથી વનસ્પતિકાયની ઉત્કૃષ્ટ અનંતકાળની કાયસ્થિતિ નિગોદના જીવો સહિત સમુચ્ચય વનસ્પતિની અપેક્ષાએ કહી છે. પરંતુ સ્વતંત્ર રીતે પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિની, સાધારણ શરીરી બાદર નિગોદ વનસ્પતિની અને સૂક્ષ્મ નિગોદની કાયસ્થિતિ જુદી-જુદી નીચે પ્રમાણે છે.

**વનસ્પતિકાયની કાયસ્થિતિ :–**

| વનસ્પતિકાય | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિ | અંતર્મુહૂર્ત | ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| સાધારણ શરીરી બાદર નિગોદ | અંતર્મુહૂર્ત | ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| સૂક્ષ્મ નિગોદ | અંતર્મુહૂર્ત | અસંખ્યાત કાળની(પુઢવીકાલ) |

**વનસ્પતિકાયનું અંતર–** વનસ્પતિકાયનો જીવ વનસ્પતિકાય છોડીને બીજી કાયમાં જન્મમરણ કર્યા પછી ફરી પાછો વનસ્પતિકાયમાં જન્મ ધારણ કરે, ત્યાં સુધીના વચ્ચેના સમયને અંતર કહે છે. આ અંતર ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલનું હોય છે કારણ કે વનસ્પતિ સિવાય પૃથ્વીકાય વગેરેમાં કાયસ્થિતિ અસંખ્યાતકાલ છે. તેથી વનસ્પતિકાય છોડી પૃથ્વીકાયાદિમાં ગયેલો જીવ ત્યાં અસંખ્યાત કાલ પસાર કર્યા પછી ફરીથી વનસ્પતિકાયમાં આવે છે. તેથી તેનું ઉત્કૃષ્ટ અંતર અસંખ્યાતકાલનું થાય છે.

**ત્રસકાય :–**

**૧૦૭** **इच्चेए थावरा तिविहा, समासेण वियाहिया ।**
**इत्तो उ तसे तिविहे, वुच्छामि अणुपुव्वसो ॥**

**શબ્દાર્થ :– इच्चेए** = આ પ્રકારે તે **तिविहा** = ત્રણ પ્રકારના **थावरा** = સ્થાવર જીવોના **समासेण** = સંક્ષેપથી **वियाहिया** = કહ્યા **इत्तो** = હવે **तसे** = ત્રસ જીવોનું **अणुपुव्वसो** = અનુક્રમથી **वुच्छामि** = વર્ણન કરીશ.

**ભાવાર્થ :–** આ રીતે ત્રણ સ્થાવરોનું સંક્ષેપમાં વર્ણન કર્યું છે. હવે ત્રણ પ્રકારના ત્રસ જીવોનું અનુક્રમે વર્ણન કરીશ.

**૧૦૮** **तेऊ वाऊ य बोधव्वा, उराला य तसा तहा ।**
**इच्चेए तसा तिविहा, तेसिं भेए सुणेह मे ॥**

**શબ્દાર્થ :– तेऊ** = તેઉકાય, અગ્નિકાય **वाऊ** = વાયુકાય **उराला** = પ્રધાન, બાદર, સ્થૂલ શરીરી **तसा** = ત્રસ **इच्चेए** = આ રીતે **तेसिं** = તેના **भेए** = ભેદો **मे** = મારી પાસેથી **सुणेह** = સાંભળો.

**ભાવાર્થ :–** અગ્નિકાય, વાયુકાય અને બાદર ત્રસ, એ ત્રણ પ્રકારના ત્રસ જીવો છે. હવે તેના ઉત્તરભેદોનું કથન મારી પાસેથી સાંભળો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં ત્રસકાયના મુખ્ય ભેદોનું પ્રતિપાદન છે અને ભેદાનુભેદોના કથનની પ્રતિજ્ઞા છે.

ત્રસ જીવોના બે પ્રકાર છે– ગતિ ત્રસ અને લબ્ધિ ત્રસ. ત્રસ નામકર્મના ઉદયથી જે જીવો સ્વયં હલન ચલન કરી શકે છે, તેવા બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો **લબ્ધિ ત્રસ** કહેવાય છે અને જે જીવોને ત્રસનામ કર્મનો ઉદય ન હોવા છતાં અર્થાત્ સ્થાવરનામ કર્મના ઉદયમાં પણ અપેક્ષાએ ગતિક્રિયા પ્રત્યક્ષ જોઈ શકાય, તેવા સ્થાવર જીવોને(અગ્નિકાય અને વાયુકાયને) **ગતિત્રસ** કહે છે. પાણીમાં પણ પ્રત્યક્ષ ગતિ દેખાય છે પરંતુ તેની ગતિ સ્વયં અને સ્વતંત્ર નથી, તે કેવળ નિચાણવાળા અને ઢાળવાળા પ્રદેશ તરફ ગતિ કરે છે; તેથી તેની ગણના ગતિત્રસમાં કરી નથી.

**અગ્નિકાય :–**

**૧૦૯** **दुविहा तेउ जीवा उ, सुहुमा बायरा तहा ।**
**पज्जत्तमपज्जत्ता, एवमेए दुहा पुणो ॥**

**ભાવાર્થ :–** અગ્નિકાયના જીવોના સૂક્ષ્મ અને બાદર એમ બે ભેદ છે તથા એ બંનેના પણ પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે બે ભેદ થાય છે.

**૧૧૦** **बायरा जे उ पज्जत्ता, णेगहा ते वियाहिया ।**
**इंगाले मुम्मरे अगणी, अच्चीजाला तहेव य ॥**

**૧૧૧** **उक्का विज्जू य बोधव्वा, णेगहा एवमायओ ।**
**एगविहमणाणत्ता, सुहुमा ते वियाहिया ॥**

**શબ્દાર્થ :– जे** = જે **ते** = તે **णेगहा** = અનેક પ્રકારના **इंगाले** = અંગાર, ધુમાડા રહિત અગ્નિ, સળગતા કોલસા **मुम्मुरे** = રાખ સહિતના અગ્નિકણ, ચિનગારી, તણખો **अगणी** = અગ્નિ **अच्ची** = મૂલથી સંલગ્ન અગ્નિશિખા **जाला** = જ્વાળા, મૂળથી છૂટેલી અગ્નિ શિખા **उक्का** = ઉલ્કાપાતની અગ્નિ, તારો ખરતા સમયની અગ્નિ **विज्जू** = વિદ્યુતની અગ્નિ, વિજળી **एवमायओ** = આ પ્રકારે અગ્નિના **णेगहा** = અનેક ભેદ **बोधव्वा** = જાણવા જોઈએ **सुहुमा** = સૂક્ષ્મ જીવ **अणाणत्ता** = નાના ભેદ રહિત **एगविहं** = એક પ્રકારના **वियाहिया** = કહ્યા છે.

**ભાવાર્થ :–** બાદર પર્યાપ્ત અગ્નિના અનેક પ્રકાર છે. જેમ કે અંગારા, મુર્મુર-ચિનગારી, અગ્નિ, મૂળ સહિત અગ્નિશિખા, જ્વાલા-મૂળ રહિત અગ્નિ શિખા,

તારો ખરતા સમયની અગ્નિ, વિજળી ચમકવાની અગ્નિ; આ પ્રકારે બાદર અગ્નિના અનેક ભેદ જાણવા જોઈએ. સૂક્ષ્મ અગ્નિકાયના જીવો ભેદોથી રહિત કેવળ એક જ પ્રકારના હોય છે. ॥ ૧૧૦–૧૧૧ ॥

**૧૧૨** **सुहुमा सव्वलोगम्मि, लोगदेसे य बायरा ।**
**इत्तो कालविभागं तु, तेसिं वुच्छं चउव्विहं ॥**

**ભાવાર્થ :–** સૂક્ષ્મ અગ્નિકાયના જીવો સમગ્ર લોકમાં વ્યાપ્ત છે અને બાદર અગ્નિકાયના જીવો લોકના એક દેશમાં છે. હવે અગ્નિકાયના જીવોના ચાર પ્રકારના કાળવિભાગ(સ્થિતિ)નું વર્ણન કરીશ.

**૧૧૩** **संतइं पप्पणाइया, अपज्जवसिया वि य ।**
**ठिइं पडुच्च साइया, सपज्जवसिया वि य ॥**

**ભાવાર્થ :–** પ્રવાહની અપેક્ષાએ અગ્નિકાયના જીવો અનાદિ અને અનંત છે પરંતુ સ્થિતિની અપેક્ષાએ સાદિ અને સાંત છે.

**૧૧૪** **तिण्णेव अहोरत्ता, उक्कोसेण वियाहिया ।**
**आउठिई तेऊणं, अंतोमुहुत्तं जहण्णिया ॥**

**શબ્દાર્થ :– तेऊणं** = અગ્નિકાયના જીવોની **तिण्णेव** = ત્રણ **अहोरत्ता** = અહોરાત્ર(દિન-રાત) **आउठिई** = આયુ-સ્થિતિ.

**ભાવાર્થ :–** અગ્નિકાયના જીવોની આયુસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્રની કહી છે.

**૧૧૫** **असंखकालमुक्कोसा, अंतोमुहुत्तं जहण्णिया ।**
**कायठिई तेऊणं, तं कायं तु अमुंचओ ॥**

**ભાવાર્થ :–** પોતાની તે કાયાને છોડ્યા વિના અર્થાત્ અગ્નિકાયમાં જન્મ મરણ કરતાં અગ્નિકાયના જીવોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલની હોય છે.

**૧૧૬** **अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णयं ।**
**विजढम्मि सए काए, तेउ जीवाण अंतरं ॥**

**ભાવાર્થ :–** અગ્નિકાયના જીવો સ્વકાયને છોડીને ફરીથી સ્વકાયમાં જન્મ ધારણ કરે ત્યાં સુધીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળનું થાય છે.

**૧૧૭** **एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।**
**संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥**

**ભાવાર્થ :–** અગ્નિકાયના જીવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો ભેદ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં અગ્નિકાયના જીવોના ભેદ-પ્રભેદ અને સ્થિતિ આદિનું કથન છે.

**અગ્નિકાય–** અગ્નિ જ જેનું શરીર છે, તેને અગ્નિકાય કહે છે. તેના પણ સૂક્ષ્મ-બાદર, પર્યાપ્તા-અપર્યાપ્તા, તે ચાર ભેદ છે. અગ્નિના એક તણખામાં અસંખ્યાતા જીવો હોય છે, તે બધા પ્રત્યેક શરીરી છે. તેના ભેદ-પ્રભેદ તેમજ તેની ભવસ્થિતિ અને કાયસ્થિતિ ભાવાર્થથી સ્પષ્ટ છે. તેનું વિવેચન પૃથ્વીકાયની સમાન છે.

**વાયુકાય :–**

**૧૧૮** **दुविहा वाउजीवा उ, सुहुमा बायरा तहा ।**
**पज्जत्तमपज्जत्ता य, एवमेव दुहा पुणो ॥**

**ભાવાર્થ :–** વાયુકાયના જીવો સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારના છે તથા તેના પણ પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે-બે ભેદ છે.

११९ बायरा जे उ पज्जत्ता, पंचहा ते पकित्तिया ।
उक्कलिया मंडलिया, घणगुंजा सुद्धवाया य ॥

१२० संवट्टगवाया य, णेगहा एवमायओ ।
एगविहमणाणत्ता, सुहुमा तत्थ वियाहिया ॥

**શબ્દાર્થ :–** **बायरा** = બાદર **पज्जत्ता** = પર્યાપ્ત વાયુકાયના જીવ **पंचहा** = પાંચ પ્રકારના **पकित्तिया** = કહ્યા છે **उक्कलिया** = અટકી અટકીને વહે તેવો વાયુ **घण** = ઘનવાયુ, રત્નપ્રભા પૃથ્વીની નીચે રહેલો ઘનીભૂત વાયુ **मंडलिया** = ચક્રાકાર ચાલતો વાયુ **गुंजा** = ગુંજા વાયુ, વહેતા વહેતા ગુંજારવ કરે તેવો વાયુ **सुद्धवाया** = શુદ્ધ વાયુ **संवट्टगवाया** = સંવર્તક વાયુ, તૃણાદિને તેમજ ભારે વસ્તુઓને ઉડાડનાર વાયુ **एवं** = આ પ્રકારે વાયુકાયના **आयओ** = ઈત્યાદિ બીજા પણ **णेगहा** = અનેક ભેદ છે.

**ભાવાર્થ :–** બાદર પર્યાપ્ત વાયુકાયના પાંચ પ્રકાર છે– અટકીને વહેતો ઉત્કલિકાવાયુ, ચક્રાકારે વહેતો મંડલિકવાયુ, ઘનીભૂત વાયુ, ગુંજારવ કરતો ગુંજાવાયુ અને મંદ મંદ વહેતો શુદ્ધ વાયુ. સંવર્તક વાયુ ઈત્યાદિ વાયુકાયના અનેક ભેદ છે. સૂક્ષ્મ વાયુકાય ભેદોથી રહિત કેવળ એક જ પ્રકારનો છે.॥૧૧૯–૧૨૦॥

१२१ सुहुमा सव्वलोगम्मि, लोगदेसे य बायरा ।
इत्तो कालविभागं तु, तेसिं वुच्छं चउव्विहं ॥

**ભાવાર્થ :–** સૂક્ષ્મ વાયુકાયના જીવો સમગ્ર લોકમાં વ્યાપ્ત છે અને બાદર-સ્થૂળ વાયુકાયના જીવો લોકના એક દેશમાં અર્થાત્ અમુક ભાગમાં છે. હવે વાયુકાયના જીવોના ચાર પ્રકારના કાળવિભાગનું વર્ણન કરીશ.

१२२ संतइं पप्पणाइया, अपज्जवसिया वि य ।
ठिइं पडुच्च साइया, सपज्जवसिया वि य ॥

**ભાવાર્થ :–** પ્રવાહની અપેક્ષાએ વાયુકાયના જીવો અનાદિ અનંત છે પરંતુ સ્થિતિની અપેક્ષાએ સાદિ સાંત છે.

१२३ तिण्णेव सहस्साइं, वासाणुक्कोसिया भवे ।
आउठिई वाऊणं, अंतोमुहुत्तं जहण्णिया ॥

**શબ્દાર્થ :–** **वाऊणं** = વાયુકાયના જીવોની **वासाण तिण्णेव सहस्साइं** = ત્રણ હજાર વર્ષની **आउठिइ** = આયુસ્થિતિ, ભવસ્થિતિ **भवे** = હોય છે.

**ભાવાર્થ :–** વાયુકાયના જીવોની આયુસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ હજાર વર્ષોની હોય છે.

१२४ असंखकालमुक्कोसा, अंतोमुहुत्तं जहण्णिया ।
कायठिई वाऊणं, तं कायं तु अमुंचओ ॥

**ભાવાર્થ :–** પોતાની કાયને છોડ્યા વિના વાયુકાયમાં જ નિરંતર જન્મ મરણ કરતાં તેની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળની થાય છે.

१२५ अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णयं ।
विजढम्मि सए काए, वाउजीवाण अंतरं ॥

**ભાવાર્થ :–** વાયુકાયના જીવો સ્વકાય છોડીને પરકાયમાં જાય, પછી ભ્રમણ કરતાં ફરીથી વાયુકાયમાં ઉત્પન્ન થાય, ત્યારે તેનું અંતરકાળ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળનું થાય છે.

**१२६** **एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।**
**संठाणादेसओ वावि, विहाणाइं सहस्सओ ॥**

**ભાવાર્થ :–** વાયુકાયના જીવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો ભેદ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં વાયુકાયિક જીવોના ભેદ-પ્રભેદ, તેની ભવસ્થિતિ, કાયસ્થિતિ અને અંતરનું નિરૂપણ છે.

વાયુ જ જેનું શરીર છે તેને વાયુકાયિક કહે છે. તેના સૂક્ષ્મ-બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા તેમ ચાર ભેદ થાય છે. વાયુકાયના બાદર જીવો પણ અત્યંત અલ્પ અવગાહનાવાળા હોય છે. પૃથ્વી, પાણી કે અગ્નિના જીવોથી વાયુકાયિક જીવોની અવગાહના અલ્પ હોય છે. વાયુના એકવાર ફરવામાં અસંખ્યાતા જીવોનું હનન થાય છે. તેના ભેદ, સ્થિતિ આદિ ભાવાર્થથી સ્પષ્ટ છે.

**ત્રસ પ્રાણી :–**

**१२७** **उराला य तसा जे उ, चउहा ते पकित्तिया ।**
**बेइंदिया तेइंदिया, चउरो पंचिंदिया चेव ॥**

**શબ્દાર્થ :– उराला** = ઉદાર, સ્થૂલ, બાદર **तसा** = ત્રસ જીવો **ते** = તે **चउहा** = ચાર પ્રકારના **पकित्तिया** = કહ્યા છે **बेइंदिया** = બેઇન્દ્રિય **तेइंदिया** = તેઇન્દ્રિય, **चउरो** = ચૌરેન્દ્રિય **पंचिंदिया** = પંચેન્દ્રિય.

**ભાવાર્થ :–** સ્થૂલ ત્રસ જીવોના ચાર ભેદ કહ્યા છે– બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં સ્થૂલ ત્રસ જીવોના મુખ્ય ભેદોનું નિરૂપણ છે.

જે જીવોને ત્રસનામકર્મનો ઉદય હોય, જેની હલનચલનની ક્રિયા ચર્મ ચક્ષુથી જોઈ શકાય, તે જીવોને **ઉદારત્રસ** કહે છે. તે જ વાસ્તવિકરૂપે ત્રસ છે. તેના ચાર ભેદ છે– બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય.

ઇન્દ્રિયની અપેક્ષાએ જીવોનું જે વિભાજન થાય છે તેમાં દ્રવ્યેન્દ્રિયની પ્રધાનતા છે. ઇન્દ્રિયના બે પ્રકાર છે– દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય. દ્રવ્યેન્દ્રિય કાન, નાક વગેરેની બાહ્ય રચનારૂપ છે; તે નામ કર્મના ઉદયરૂપ છે અને ભાવેન્દ્રિય જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમરૂપ છે.

જે જીવોને જેટલી દ્રવ્યેન્દ્રિય પ્રગટ છે તેટલી ઇન્દ્રિયોની અપેક્ષાથી તેની સંજ્ઞા-નામનું નિર્માણ થાય છે. જેમ કે જેને સ્પર્શ અને રસના, તે બે ઇન્દ્રિયો છે, તે બેઇન્દ્રિય કહેવાય છે, જેને સ્પર્શ, રસના અને ઘ્રાણ(નાક), તે ત્રણ ઇન્દ્રિયો છે, તે તેઇન્દ્રિય કહેવાય છે; જે જીવોને સ્પર્શ, રસના, ઘ્રાણ અને ચક્ષુ, તે ચાર ઇન્દ્રિયો હોય તે જીવો ચૌરેન્દ્રિય કહેવાય છે; તથા સ્પર્શ, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર(કાન), તે પાંચ ઇન્દ્રિયો હોય તેને પંચેન્દ્રિય કહેવાય છે.

બેઈન્દ્રિયાદિ આ સર્વ ત્રસ જીવો લોકના દેશભાગમાં છે. ચૌદ રજ્જુ પ્રમાણ લોકમાં એક રજ્જુ લાંબી-પહોળી અને ચૌદ રજ્જુ ઊંચી ત્રસનાલ છે. તે સમગ્ર લોકના એક વિભાગરૂપ છે. તેમાં પણ ત્રસ જીવો એક દેશ-વિભાગમાં જ રહે છે.

**વિકલેન્દ્રિય : બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય :–**

१२८ **बेइंदिया उ जे जीवा, दुविहा ते पकित्तिया ।**
**पज्जत्तमपज्जत्ता, तेसिं भेए सुणेह मे ॥**

**શબ્દાર્થ :– पकित्तिया** = કહ્યા છે **पज्जत्तं** = પર્યાપ્તા **अपज्जत्ता** = અપર્યાપ્તા **भेए** = ભેદ **मे** = મારી પાસેથી **सुणेह** = સાંભળો.

**ભાવાર્થ :–** બેઈન્દ્રિય જીવોના બે પ્રકાર છે– પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેના ઉત્તર ભેદો તમે મારી પાસેથી સાંભળો.

१२९ **किमिणो सोमंगला चेव, अलसा माइवाहया ।**
**वासीमुहा य सिप्पिया, संखा संखणगा तहा ॥**

१३० **पल्लोयाणुल्लया चेव, तहेव य वराडगा ।**
**जलूगा जालगा चेव, चंदणा य तहेव य ॥**

१३१ **इइ बेइंदिया एए, णेगहा एवमायओ ।**
**लोगेगदेसे ते सव्वे, ण सव्वत्थ वियाहिया ॥**

**શબ્દાર્થ :– किमिणो** = કૃમિ, વિષ્ટાદિમાં ઉત્પન્ન થનારા કીડા **सोमंगला** = સુમંગલ જીવ વિશેષ **अलसा** = અળસિયા **माइवाहया** = માતૃવાહક, લાકડા આદિમાં લાગનારા જીવો **वासीमुहा** = વાસીમુખ **सिप्पिया** = છીપ **संखा** = શંખ **संखणगा** = શંખાનક, શંખના આકારના નાના જીવ **पल्लोया** = પલ્લક–લાકડાને કોતરનાર જીવો **अणुल्लया** = અનુલ્લક **वराडगा** = વરાટક, કોડા **जलूगा जालगा** = જળો, જાલક **चंदणा** = ચંદનિયા **इइ** = આ પ્રકારે **एए** = આ **एवमायाओ** = ઈત્યાદિ **बेइंदिया** = બેઈન્દ્રિય જીવ **अणेगहा** = અનેક પ્રકારના છે **सव्वे** = સર્વ **लोगेगदेसे** = લોકના એક દેશમાં **वियाहिया** = કહ્યા છે **ण सव्वत्थ** = સર્વત્ર નથી.

**ભાવાર્થ :–** કૃમિ, સુમંગલ, અળસિયા, વાહક, વાસીમુખ, છીપ, શંખ અને લઘુશંખ, પલ્લક–લાકડાને કોતરનાર જીવો અનુપલ્લક, કોડા, જળો, જાલક અને ચંદનિયા ઈત્યાદિ અનેક પ્રકારના બેઈન્દ્રિય જીવો છે. તે બધા લોકના એક દેશમાં(અમુક ભાગમાં) રહે છે, સમગ્ર લોકમાં નથી. ॥ ૧૨૯–૧૩૦–૧૩૧ ॥

१३२ **संतइ पप्पणाइया, अपज्जवसिया वि य ।**
**ठिइं पडुच्च साइया, सपज्जवसिया वि य ॥**

**ભાવાર્થ :–** પ્રવાહની અપેક્ષાએ બેઈન્દ્રિય જીવો અનાદિ અનંત છે પરંતુ સ્થિતિની અપેક્ષાએ સાદિ સાંત છે.

१३३ **वासाइं बारसा चेव, उक्कोसेण वियाहिया ।**
**बेइंदिय आउठिई, अंतोमुहुत्तं जहण्णिया ॥**

**ભાવાર્થ :–** બેઇન્દ્રિય જીવોની આયુસ્થિતિ ઉત્કૃષ્ટ બાર વર્ષની અને જઘન્ય અંતર્મુહૂર્તની છે.

**१३४** **संखिज्ज कालमुक्कोसा, अंतोमुहुत्तं जहण्णिया ।**
**बेइंदियकायठिई, तं कायं तु अमुंचओ ॥**

**ભાવાર્થ :–** પોતાની કાયાને છોડ્યા વિના ત્યાં જ નિરંતર જન્મ મરણ કરતાં બેઇન્દ્રિય જીવોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ(સંખ્યાત હજારો વર્ષ)ની થાય છે.

**१३५** **अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णयं ।**
**बेइंदिय जीवाणं, अंतरं च वियाहियं ॥**

**ભાવાર્થ :–** બેઇન્દ્રિય જીવોનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળનું કહ્યું છે.

**१३६** **एएसिं वण्णओ चेव, गंधओ रस फासओ ।**
**संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥**

**ભાવાર્થ :–** બેઇન્દ્રિય જીવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો ભેદ થાય છે.

**१३७** **तेइंदिया उ जे जीवा, दुविहा ते पकित्तिया ।**
**पज्जत्तमपज्जत्ता य, तेसिं भेए सुणेह मे ॥**

**ભાવાર્થ :–** તેઇન્દ્રિય જીવોના બે પ્રકાર છે– પર્યાપ્તા અને અપર્યાપ્તા. હવે તેના ભેદ મારી પાસેથી સાંભળો.

**१३८** **कुंथु पिवीलि उड्डंसा, उक्कलुद्देहिया तहा ।**
**तणहारा कट्ठहारा य, मालूगा पत्तहारगा ॥**

**१३९** **कप्पासट्ठिम्मि जाया, तिंदुगा तउस मिंजगा ।**
**सदावरी य गुम्मी य, बोधव्वा इंदगाइया ॥**

**१४०** **इंदगोवगमाईया, णेगहा एवमायओ ।**
**लोगेगदेसे ते सव्वे, ण सव्वत्थ वियाहिया ॥**

**શબ્દાર્થ :– कुंथु** = કંથવા **पिवीलि** = કીડી **उड्डंसा** = ચાંચડ **उक्कल** = ઉત્કલિક **उद्देहिया** = ઉધઈ **तणहारा** = તૃણાહારક, ઘાસ ખાનારા કીડા **कट्ठहारा** = કાષ્ઠાહારક **मालूगा** = માલૂક **पत्तहारगा** = પત્રાહારક **कप्पासट्ठिम्मि जाया** = કપાસના બીજમાં ઉત્પન્ન થનારા જીવ **तिंदुगा** = તિંદુક **तउसमिंजगा** = ત્રપૂષ, મિંજક **सदावरी** = સદાપરી **गुम्मी** = કાનખજૂરા **इंदगाइया** = ઈન્દ્રકાયિક **इंदगोवगं** = ઈન્દ્રગોપ **आइया** = આદિ **एवमायओ** = આ પ્રકારે બીજા પણ **णेगहा** = અનેક પ્રકારના તેઇન્દ્રિય જીવો **लोगेगदेसे** = લોકના એક દેશમાં છે **ण सव्वत्थ** = સર્વત્ર નથી.

**ભાવાર્થ :–** કંથવા, કીડી, ચાંચડ, ઉત્કલિક, ઉધઈ, તૃણાહારક, કાષ્ઠાહારક, માલૂક, પત્રાહારક, કપાસના બીજમાં ઉત્પન્ન થનારા જીવ, તિન્દુક, ત્રપુષ, મિંજગ, સદાપરી, કાનખજૂરા, ઈન્દ્રકાયિક, ઈન્દ્રગોપ આદિ

અનેક પ્રકારના તેઈન્દ્રિય જીવો કહ્યા છે, તે લોકના એક દેશમાં(અમુક ભાગમાં) રહે છે, સર્વત્ર નથી. ॥ ૧૩૮–૧૩૯–૧૪૦ ॥

१४१ संतइ पप्पणाइया, अप्पज्जवसिया वि य ।
ठिइं पडुच्च साइया, सप्पज्जवसिया वि य ॥

**ભાવાર્થ :–** પ્રવાહની અપેક્ષાએ તેઈન્દ્રિય જીવો અનાદિ અનંત છે પરંતુ સ્થિતિની અપેક્ષાએ સાદિ સાંત છે.

१४२ एगूणपण्णहोरत्ता, उक्कोसेण वियाहिया ।
तेइंदिय आउठिई, अंतोमुहुत्तं जहण्णिया ॥

**ભાવાર્થ :–** તેઈન્દ્રિય જીવોની આયુસ્થિતિ ઉત્કૃષ્ટ ઓગણપચાસ અહોરાત્ર(રાત-દિવસ)ની છે અને જઘન્ય અંતર્મુહૂર્તની છે.

१४३ संखिज्जकालमुक्कोसा, अंतोमुहुत्तं जहण्णिया ।
तेइंदिय कायठिई, तं कायं तु अमुंचओ ॥

**ભાવાર્થ :–** પોતાની કાયાને છોડયા વિના તેઈન્દ્રિયકાયમાં નિરંતર જન્મમરણ કરતા તે જીવોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સંખ્યાતકાલની હોય છે.

१४४ अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णयं ।
तेइंदियजीवाणं, अंतरं तु वियाहियं ॥

**ભાવાર્થ :–** તેઈન્દ્રિય જીવોનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળનું હોય છે.

१४५ एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।
संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥

**ભાવાર્થ :–** તેઈન્દ્રિય જીવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો ભેદ થાય છે.

१४६ चउरिंदिया उ जे जीवा दुविहा ते पकित्तिया ।
पज्जत्तमपज्जत्ता य, तेसिं भेए सुणेह मे ॥

**ભાવાર્થ :–** ચૌરેન્દ્રિય જીવોના બે પ્રકાર કહ્યા છે– પર્યાપ્તા અને અપર્યાપ્તા. હવે મારી પાસેથી તેના ભેદ સાંભળો.

१४७ अंधिया पोत्तिया चेव, मच्छिया मसगा तहा ।
भमरे कीडपयंगे य, ढिंकुणे कुंकणे तहा ॥

१४८ कुक्कुडे सिंगरीडी य, णंदावत्ते य विच्छुए ।
डोले भिंगिरीडी य, विरली अच्छिवेहए ॥

१४९ अच्छिले माहए अच्छिरोडए, विचित्ते चित्तपत्तए ।
ओहिंजलिया जलकारी, णियया तंबगाइया ॥

१५० इइ चउरिंदिया एए, णेगहा एवमायओ ।
लोगेगदेसे ते सव्वे, ण सव्वत्थ वियाहिया ॥

**શબ્દાર્થ :–** **अंधिया** = અંધિ **पोत्तिया** = પોત્તિક **मच्छिया** = માખી **मसगा** = મચ્છર **भमरे** = ભ્રમર **कीड** = કીડા **पयंगे** = પતંગિયા **ढिंकुणे** = ઢિંકુણ **कुंकणे** = કુંકણ **कुक्कुडे** = કુકટ **सिंगरीडी** = સીંગરીટી **विरली** = વિરલી **णंदावत्ते** = નંદાવર્ત **विच्छुए** = વીંછી **डोले** = ડોલ **अच्छिवेहए** = અક્ષિવેધક **अच्छिले** = અક્ષિલ **माहले** = માહય **अच्छिरोडए** = અક્ષિરોડક **विचित्ते** = વિચિત્ર, વિચ્યુતા **चितपत्तए** = ચિત્રપત્રક, પતંગિયા **ओहिंजलिया** = ઓહિંજલિકા **जलकारी** = જલકારી **णियया** = નીનિકા **तंबग** = તંબક, તામ્રક **आइया** = આદિ **इइ एवमायाओ** = આ પ્રકારે બીજા પણ **एए** = આ **चउरिंदिया** = ચૌરેંદ્રિય જીવો **णेगहा** = અનેક પ્રકારના છે.

**ભાવાર્થ :–** અંધિ, પોત્તિક, માખી, મચ્છર, ભ્રમર, કીડા, પતંગિયા, ઢિંકુણ, કુંકણ, કુકુટ, સિંગરીટી, વિરલી, નંદાવર્ત, વીંછી, ડોલ, ભૃંગરીટક, અક્ષિવેધક તથા અક્ષિલ, માગધ, અક્ષિરોડક, વિચિત્ર, ચિત્રપત્રક, ઉપધિજલકા, જલકારી, નીનિકા(નીચક), તામ્રક આદિ અનેક પ્રકારના ચૌરેન્દ્રિય જીવો કહ્યા છે અને તે સર્વ લોકના એક દેશમાં રહે છે, સર્વત્ર નહીં. ॥ ૧૪૭–૧૫૦ ॥

१५१ संतइं पप्पणाइया, अपज्जवसिया वि य ।
ठिइं पडुच्च साईया, सपज्जवसिया वि य ॥

**ભાવાર્થ :–** પ્રવાહની અપેક્ષાએ ચૌરેન્દ્રિય જીવો અનાદિ અનંત છે પરંતુ સ્થિતિની અપેક્ષાએ સાદિ અને સાંત છે.

१५२ छच्चेव य मासा उ, उक्कोसेण वियाहिया ।
चउरिंदिय आउठिई, अंतोमुहुत्तं जहण्णिया ॥

**શબ્દાર્થ :–** **चउरिंदिय** = ચૌરેંદ્રિય જીવોની **आउठिई** = આયુ સ્થિતિ **छच्चेव** = છ **मासा** = મહિનાની **वियाहिया** = કહી છે.

**ભાવાર્થ :–** ચૌરેન્દ્રિય જીવોની આયુસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ છ માસની છે.

१५३ संखिज्जकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णियं ।
चउरिंदिय कायठिई, तं कायं तु अमुंचओ ॥

**ભાવાર્થ :–** પોતાની કાયાને છોડ્યા વિના ચૌરેન્દ્રિયમાં જ નિરંતર જન્મમરણ કરતા તે જીવોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતકાળની હોય છે.

१५४ अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णयं ।
विजढम्मि सए काए, अंतरं च वियाहियं ॥

**ભાવાર્થ :–** ચૌરેન્દ્રિય જીવોનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળનું હોય છે.

१५५ एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।
संठाणादेसओ वावि, विहिणाइं सहस्ससो ॥

**ભાવાર્થ :–** ચૌરેન્દ્રિય જીવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો ભેદ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોના ભેદ-પ્રભેદ અને તેની સ્થિતિ આદિનું પ્રતિપાદન છે.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય જીવોના પર્યાપ્તા અને અપર્યાપ્તા, તેમ બે-બે ભેદ થાય છે; અન્ય કોઈ ભેદ થતા નથી. તે જીવોને આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ અને ભાષા, તે પાંચ પર્યાપ્તિ હોય છે. આ પાંચ પર્યાપ્તિને જે પૂર્ણ કરે, તે બેઇન્દ્રિયાદિ **પર્યાપ્ત** હોય છે અને આ પાંચ પર્યાપ્તિને પૂર્ણ ન કરે, તે **અપર્યાપ્ત** હોય છે.

સૂત્રકારે બેઇન્દ્રિય આદિ જીવોના અનેક નામોનો ઉલ્લેખ કર્યો છે. તેમાંથી કેટલાક પ્રસિદ્ધ નામ છે અને કેટલાક અપ્રસિદ્ધ છે, પ્રસિદ્ધ નામોને ભાવાર્થમાં સ્પષ્ટ કર્યા છે.

**સ્થિતિ–** અનેક જીવોની અપેક્ષાએ બેઇન્દ્રિયાદિની સ્થિતિ અનાદિ અનંત છે. ક્યારે ય આ લોક વિકલેન્દ્રિય જીવોથી રહિત હોતો નથી અને થશે પણ નહીં. એક જીવની ભવસ્થિતિ અને કાયસ્થિતિ સાદિ સાંત હોય છે.

**ભવસ્થિતિ–** બેઇન્દ્રિયાદિ ત્રણેયની ભવસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની છે. ઉત્કૃષ્ટ સ્થિતિ બેઇન્દ્રિયની બાર વર્ષની, તેઇન્દ્રિયની ૪૯ દિવસની અને ચૌરેન્દ્રિયની છમાસની છે.

**કાયસ્થિતિ–** બેઇન્દ્રિયાદિ ત્રણેયની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતાકાલની છે. બેઇન્દ્રિય આદિમાં સ્વકાયની અપેક્ષાએ જીવ નિરંતર સંખ્યાતાકાલ પર્યંત જન્મ-મરણ કરી શકે છે.

**અંતર–** બેઇન્દ્રિયાદિ ત્રણેયનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાલનું થાય છે. જો તે જીવ બેઇન્દ્રિયાદિમાંથી નીકળીને નિગોદમાં જાય, તો ત્યાં અનંતકાલ જન્મ-મરણ કરતાં પસાર કરે અને ત્યાર પછી પુનઃ બેઇન્દ્રિયમાં ઉત્પન્ન થાય, આ રીતે તેનું અનંતકાલનું અંતર ઘટિત થાય છે.

વર્ણ, ગંધ આદિની અપેક્ષાએ બેઇન્દ્રિયાદિના પણ હજારો ભેદ થાય છે.

**પંચેન્દ્રિય :–**

**૧૫૬** **पंचिंदिया उ जे जीवा, चउव्विहा ते वियाहिया ।
णेरइया तिरिक्खा य, मणुया देवा य आहिया ॥**

**શબ્દાર્થ :–** **पंचिंदिया** = પંચેન્દ્રિય **चउव्विहा** = ચાર પ્રકારના **णेरइया** = નૈરયિક **तिरिक्खा** = તિર્યંચ **मणुया** = મનુષ્ય **देवा** = દેવ.

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય જીવોના ચાર પ્રકાર કહ્યા છે– નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં પંચેન્દ્રિયના મુખ્ય ચાર ભેદોનું કથન છે– **(૧) નારકી–** જે જીવને નરકાયુનો ઉદય હોય, તેને નારકી કહે છે. **(૨) તિર્યંચ પંચેન્દ્રિય–** જે જીવને તિર્યંચનું આયુષ્ય અને પંચેન્દ્રિય જાતિનામકર્મનો ઉદય હોય, તેને તિર્યંચ પંચેન્દ્રિય કહે છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય જીવોને પણ તિર્યંચાયુનો જ ઉદય હોય છે. તિર્યંચગતિમાં પાંચે જાતિના જીવોનો સમાવેશ થાય છે. **(૩) મનુષ્ય–**

જે જીવને મનુષ્યાયુનો ઉદય હોય તેને મનુષ્ય કહે છે. **(૪) દેવ–** જે જીવને દેવાયુનો ઉદય હોય, તેવા ઐશ્વર્ય સંપન્ન જીવને દેવ કહે છે.

**નારકી :–**

**૧૫૭** **णेरइया सत्तविहा, पुढविसु सत्तसु भवे ।**
**रयणाभा सक्कराभा, वालुयाभा य आहिया ॥**

**૧૫૮** **पंकाभा धूमाभा, तमा तमतमा तहा ।**
**इइ णेरइया एए, सत्तहा परिकित्तिया ॥**

**શબ્દાર્થ :– णेरइया** = નૈરયિક જીવ **सत्तविहा** = સાત પ્રકારના **आहिया** = કહ્યા છે **सत्तसु** = સાત **पुढवीसु** = પૃથ્વીઓમાં **भवे** = હોય છે. **रयणाभा** = રત્નપ્રભા **सक्कराभा** = શર્કરાપ્રભા **वालुयाभा** = વાલુકા પ્રભા **पंकाभा** = પંકપ્રભા **धूमाभा** = ધૂમપ્રભા **तमा** = તમઃપ્રભા **तमतमा** = તમસ્તમા પ્રભા **इइ** = આ પ્રકારે **एए** = તે **णेरइया** = નૈરયિકો **सत्तहा** = સાત પ્રકારના **परिकित्तिया** = કહ્યા છે.

**ભાવાર્થ :–** સાત પ્રકારના નૈરયિકો સાત પ્રકારની પૃથ્વીમાં હોય છે. તે સાત પૃથ્વીઓ– (૧) રત્નપ્રભા, (૨) શર્કરાપ્રભા, (૩) વાલુકાપ્રભા, (૪) પંકપ્રભા, (૫) ધૂમપ્રભા, (૬) તમઃપ્રભા અને (૭) મહાતમપ્રભા. આ રીતે તેમાં રહેતા નૈરયિકો પણ સાત પ્રકારના કહ્યા છે. ॥ ૧૫૭–૧૫૮ ॥

**૧૫૯** **घम्मा वंसा य सिला य, तहा अंजणरिट्ठगा ।**
**मघा माघवई चेव, णारया य वियाहिया ॥**

**૧૬૦** **रयणाइगोत्तओ चेव, तहा घम्माइ णामओ ।**
**इइ णेरइया एए, सत्तहा परिकित्तिया ॥**

**શબ્દાર્થ :– घम्मा** = ધમ્મા **वंसा** = વંશા **सिला** = શિલા **अंजणा** = અંજણા **रिट्ठगा** = રિષ્ઠા **मघा** = મઘા **तहा, चेव** = અને **माघवई** = માઘવતી આ **णारया** = નરકોના નામ **वियाहिया** = કહ્યા છે **रयणाइ** = રત્નપ્રભા આદિ નારકોના **गोत्तओ** = ગોત્ર છે **घम्माइ** = ધમ્મા આદિ નરકોના **णामओ** = નામ છે **इइ** = આ પ્રકારે **एए** = એ **सत्तहा** = સાત પ્રકારના **णेरइया** = નારકીના જીવો **परिकित्तिया** = કહ્યા છે.

**ભાવાર્થ :–** ધમ્મા, વંશા, શિલા, અંજણા, રિષ્ઠા, મઘા અને માઘવતી એ સાત નરક પૃથ્વીના નામ છે.

ઉપરોક્ત રત્નપ્રભા આદિ સાત નરકના ગોત્ર છે અને ધમ્મા આદિ સાત નરકના નામ છે. આ રીતે નારકીના જીવોના સાત પ્રકાર કહ્યા છે. ॥ ૧૫૯–૧૬૦ ॥

**૧૬૧** **लोगस्स एगदेसम्मि, ते सव्वे उ वियाहिया ।**
**इत्तो कालविभागं तु, तेसिं वुच्छं चउव्विहं ॥**

**શબ્દાર્થ :– सव्वे** = સમગ્ર **लोगस्स** = લોકના **एगदेसम्मि** = એક દેશમાં **इत्तो** = હવે પછી **तेसिं** = તેના **चउव्विहं** = ચાર પ્રકારના **कालविभागं** = કાલવિભાગને **वुच्छं** = કહીશ.

**ભાવાર્થ :–** તે સર્વ નારકીના જીવો લોકના એક દેશમાં(વિભાગમાં) રહે છે. હવે તેના ચાર પ્રકારનો કાળ વિભાગ કહીશ.

**१६२** **संतइ पप्पणाइया, अपज्जवसिया वि य ।**
**ठिइं पडुच्च साइया, सपज्जवसिया वि य ॥**

**ભાવાર્થ :–** પ્રવાહની અપેક્ષાએ નારકીના જીવો અનાદિ અનંત છે પરંતુ સ્થિતિની અપેક્ષાએ સાદિ સાંત છે.

**१६३** **सागरोवममेगं तु, उक्कोसेण वियाहिया ।**
**पढमाए जहण्णेण, दसवाससहस्सिया ॥**

**શબ્દાર્થ :– पढमाए** = પહેલી નરકમાં **जहण्णेण** = જઘન્ય સ્થિતિ **दसवाससहस्सिया** = દશ હજાર વર્ષની **उक्कोसेण** = ઉત્કૃષ્ટસ્થિતિ **सागरोवममेगं** = એક સાગરોપમની **वियाहिया** = કહી છે.

**ભાવાર્થ :–** પહેલી નરકભૂમિમાં નારકજીવોની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ એક સાગરોપમની છે.

**१६४** **तिण्णेव सागराऊ, उक्कोसेण वियाहिया ।**
**दोच्चाए जहण्णेण, एगं तु सागरोवमं ॥**

**ભાવાર્થ :–** બીજી નરકભૂમિમાં નારક જીવની જઘન્ય સ્થિતિ એક સાગરોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ સાગરોપમની છે.

**१६५** **सत्तेव सागराऊ, उक्कोसेण वियाहिया ।**
**तइयाए जहण्णेणं, तिण्णेव सागरोवमा ॥**

**ભાવાર્થ :–** ત્રીજી નરકભૂમિમાં નારક જીવની જઘન્ય સ્થિતિ ત્રણ સાગરોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમની છે.

**१६६** **दस सागरोवमाऊ, उक्कोसेण वियाहिया ।**
**चउत्थीए जहण्णेणं, सत्तेव सागरोवमा ॥**

**ભાવાર્થ :–** ચોથી નરકભૂમિમાં નારક જીવની જઘન્ય સ્થિતિ સાત સાગરોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ દશ સાગરોપમની છે.

**१६७** **सत्तरस सागराऊ, उक्कोसेण वियाहिया ।**
**पंचमाए जहण्णेणं, दसेव सागरोवमा ॥**

**ભાવાર્થ :–** પાંચમી નરકભૂમિમાં નારક જીવની જઘન્ય સ્થિતિ દશ સાગરોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તર સાગરોપમની છે.

**१६८** **बावीसं सागराऊ, उक्कोसेण वियाहिया ।**
**छट्ठीए जहण्णेणं, सत्तरस सागरोवमा ॥**

**ભાવાર્થ :–** છઠ્ઠી નરકભૂમિમાં નારક જીવની જઘન્ય સ્થિતિ સત્તર સાગરોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ બાવીસ સાગરોપમની છે.

**૧૬૯** **तेतीसं सागराऊ, उक्कोसेण वियाहिया ।**
**सत्तमाए जहण्णेणं, बावीसं सागरोपमा ॥**

**ભાવાર્થ :–** સાતમી નરકભૂમિમાં નારક જીવની જઘન્ય સ્થિતિ બાવીસ સાગરોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે.

**૧૭૦** **जा चेव य आउठिई, णेरइयाणं वियाहिया ।**
**सा तेसिं कायठिई, जहण्णुक्कोसिया भवे ॥**

**શબ્દાર્થ :– णेरइयाणं** = નારક જીવોની **जा** = જે **जहण्णुक्कोसिया** = જઘન્ય અને ઉત્કૃષ્ટ **आउठिई** = આયુસ્થિતિ **सा** = તે **तेसिं** = તે જીવોની જઘન્ય અને ઉત્કૃષ્ટ **कायठिई** = કાયસ્થિતિ **भवे** = હોય છે.

**ભાવાર્થ :–** નારકની જઘન્ય અને ઉત્કૃષ્ટ જેટલી આયુસ્થિતિ છે, તેટલી જ તેની કાયસ્થિતિ હોય છે.

**૧૭૧** **अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णयं ।**
**विजढम्मि सए काए, णेरइयाणं तु अंतरं ॥**

**ભાવાર્થ :–** નરકના જીવો સ્વકાય(નરકભવ) છોડીને અન્યત્ર ભવ ભ્રમણ કરતાં ફરીથી નરકમાં ઉત્પન્ન થાય, ત્યાં સુધીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટ અનંતકાળનું હોય છે.

**૧૭૨** **एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।**
**संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥**

**ભાવાર્થ :–** આ નારકી જીવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો ભેદ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં નારકી જીવોના સાત ભેદોનું દિગ્દર્શન છે.

નારકીના ભેદ તેના નિવાસસ્થાન રૂપ ક્ષેત્રની અપેક્ષાએ છે. નરક સાત હોવાથી નારકીના સાત પ્રકાર છે. અધોલોકમાં સાત નરક ભૂમિઓ છે, જે સાત નરકના નામથી પ્રસિદ્ધ છે. તેમાં નારકી જીવો નિવાસ કરે છે. તે જીવોએ પોતાના અધ્યવસાય અનુસાર નરકગતિના આયુષ્યનો બંધ કર્યો હોવાથી તેને ત્યાં રહેવું પડે છે. તે સાતે ય ભૂમિઓ એક બીજાથી ક્રમશઃ નીચે-નીચે છે. તે આ પ્રમાણે છે–

**(૧) રત્નપ્રભા–** પ્રથમ નરક પૃથ્વીમાં રત્નોની પ્રભા હોય છે. તે પૃથ્વી એક લાખ એંસી હજાર (૧,૮૦,૦૦૦)યોજનની જાડાઈવાળી(ઉપરથી નીચે) છે. તેમાં સોળ રત્નોના કાંડ, ભવનપતિ દેવોના ભવન, પાતાળ કળશ આદિ રત્નમય છે. તેની મુખ્યતાએ તે પૃથ્વીનું નામ રત્નપ્રભા છે. તેમ છતાં નૈરયિકોના રહેવાના પ્રસ્તટમાં તો ઘોર અંધકાર જ હોય છે. **(૨) શર્કરાપ્રભા–** જેમાં પાસાદાર પથ્થરાઓની પ્રધાનતા હોય તે શર્કરાપ્રભા કહેવાય છે **(૩) વાલુકા પ્રભા–** રેતીની પ્રધાનતાવાળી પૃથ્વી **(૪) પંકપ્રભા–** કાદવની બહુલતા હોય, તેવી પૃથ્વી **(૫) ધૂમપ્રભા–** ધૂમાડાની બહુલતાવાળી ભૂમિ. જોકે નરકમાં બાદર અગ્નિનો અભાવ હોવાથી અગ્નિજન્ય ધૂમાડો હોતો નથી તો પણ ત્યાં ધૂમાડાના સ્વભાવના પુદ્ગલોનું પરિણમન હોય છે તેથી તે ધૂમપ્રભા કહેવાય છે **(૬) તમઃપ્રભા–** અંધકારમયી છઠ્ઠી નરકભૂમિ **(૭) મહાતમઃ પ્રભા–** અત્યંત અંધકારમય, મહા ભયાનક સ્વરૂપવાળી સાતમી નરકભૂમિ. આ સાત નરક પૃથ્વીઓમાં સાત પ્રકારના

નારકી જીવો નિવાસ કરે છે. તે સાતના પર્યાપ્તા અને સાત અપર્યાપ્તા તેમ નારકી જીવોના ૧૪ ભેદ છે.

**लोगस्स एगदेसम्मि–** નારકી જીવો ત્રસ છે. તેથી તે અધોલોકમાં આવેલી ત્રસનાલના એક વિભાગમાં જ રહે છે. તે લોકનો અસંખ્યાતમો ભાગ છે. તેથી અહીં તેના માટે લોકના એક દેશમાં હોવાનું કથન છે.

**સ્થિતિ–** અનેક જીવોની અપેક્ષાએ નારકીની સ્થિતિ અનાદિ અનંત છે. એવો કોઈ સમય નથી જ્યારે નારકીના જીવો ન હતા અને ન રહેશે. અનાદિકાળથી તેનો પ્રવાહ ચાલ્યો આવે છે અને અનંતકાળ સુધી ચાલ્યા કરશે. આ રીતે અનેક જીવોના પ્રવાહની અપેક્ષાએ નારકી જીવો અનાદિ અનંત છે અને પ્રત્યેક નારકી જીવોની આયુસ્થિતિ અને કાયસ્થિતિ સાદિ સાંત હોય છે તે અપેક્ષાએ નૈરયિકો સાદિ સાંત છે.

**ભવસ્થિતિ–** સમુચ્ચય નૈરયિકોની ભવસ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે. સાત નરકના નૈરયિકોની જુદી-જુદી સ્થિતિ છે, તે ગાથાર્થની સ્પષ્ટ છે.

**सागरोवम–** સાગરોપમ. એક યોજન પ્રમાણ લાંબા, પહોળા અને ઊંડા કૂવામાં દેવકુરુ ઉત્તરકુરુ ક્ષેત્રના સાત દિવસના જુગલિયા મનુષ્યોના વાળના અત્યંત બારીક ટુકડા ઠાંસી ઠાંસીને ભરવામાં આવે; પછી દર સો વર્ષે એક એક ટુકડો કાઢતાં જ્યારે તે કૂવો ખાલી થઈ જાય, તેટલા સમયને એક પલ્યોપમ કહેવામાં આવે છે. આવા દશ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય છે. વિશેષ માટે જુઓ– અનુયોગદ્વાર સૂત્ર.

**કાયસ્થિતિ–** નારક જીવોની ભવસ્થિતિ અને કાયસ્થિતિ એક સમાન છે. કારણ કે નારકી જીવો મરીને ફરીથી નરકમાં ઉત્પન્ન થતા નથી પરંતુ નૈરયિક નરકમાંથી નીકળીને ગર્ભજ પર્યાપ્ત મનુષ્ય અથવા તિર્યંચ યોનિમાં જન્મ ધારણ કરે છે, તેથી નૈરયિકોની કાયસ્થિતિ થતી નથી. તેઓની ભવસ્થિતિ અને કાયસ્થિતિ બંને એક જ છે.

**અંતર–** નરકના જીવ નરકનું આયુષ્ય પૂર્ણ કરીને ગર્ભજ-પર્યાપ્ત મનુષ્ય કે તિર્યંચમાં ગયા પછી ત્રણે ય ગતિમાં ભવભ્રમણ કરતાં ક્યારેક ફરીથી નરકમાં આવે તો ઓછામાં ઓછો અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે અનંતકાળનો સમય પસાર થઈ જાય છે.

નારકી મરીને સંજ્ઞી તિર્યંચમાં ઉત્પન્ન થાય, ત્યાં અંતર્મુહૂર્તનું આયુષ્ય પૂર્ણ કરીને ફરીથી નરકમાં ઉત્પન્ન થાય, તો જઘન્ય અંતર્મુહૂર્તનું અંતર થાય છે. અંતર્મુહૂર્તના આયુષ્યવાળો સંજ્ઞી તિર્યંચ નરકમાં ઉત્પન્ન થઈ શકે છે. તેથી જઘન્ય અંતર તેની અપેક્ષાએ ઘટિત થાય છે.

નારકીનો જીવ મરીને ગર્ભજ મનુષ્ય કે તિર્યંચમાં જન્મ ધારણ કરે, ત્યાંથી ભવભ્રમણ કરતાં કરતાં નિગોદમાં ચાલ્યો જાય, ત્યાં અનંતકાલ પસાર કરે, આ રીતે અનંતકાલ પછી ક્યારેક નરકમાં જન્મ ધારણ કરે, તો તેનું ઉત્કૃષ્ટ અનંતકાલનું અંતર ઘટિત થાય છે.

નૈરયિકોના શરીરના વર્ણાદિની તરતમતાની અપેક્ષાએ હજારો ભેદ થાય છે.

**તિર્યંચ પંચેન્દ્રિય :–**

**૧૭૩** **पंचिंदियतिरिक्खाओ, दुविहा ते वियाहिया ।**
**समुच्छिमतिरिक्खाओ गब्भवक्कंतिया तहा ॥**

**શબ્દાર્થ :– पंचिंदिय-तिरिक्खाओ** = પંચેન્દ્રિય તિર્યંચ **ते** = તેઓ **दुविहा** = બે પ્રકારના **समुच्छिम-तिरिक्खाओ** = સમૂર્ચ્છિમ તિર્યંચ **तहा** = તથા **गब्भवक्कंतिया** = ગર્ભવ્યુત્ક્રાંતિક, ગર્ભજ તિર્યંચ.

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યંચના બે પ્રકાર છે– સમૂર્ચ્છિમ(અસંજ્ઞી) તિર્યંચ પંચેન્દ્રિય અને ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય જીવો.

१७४ **दुविहा ते भवे तिविहा, जलयरा थलयरा तहा ।**
**णहयरा य बोधव्वा, तेसिं भेए सुणेह मे ॥**

**શબ્દાર્થ :– तिविहा** = ત્રણ ત્રણ ભેદ **बोधव्वा** = જાણવા જોઈએ **जलयरा** = જલચર **थलयरा** = સ્થળચર **णहयरा** = ખેચર **सुणेह** = સાંભળો **तेसिं भेए** = તેના ભેદ.

**ભાવાર્થ :–** ઉપરોક્ત બંને પ્રકારના પંચેન્દ્રિય તિર્યંચ જીવોના ત્રણ-ત્રણ પ્રકાર છે– જલચર, સ્થળચર, ખેચર. હવે તેના ભેદ મારી પાસેથી સાંભળો.

१७५ **मच्छा य कच्छभा य, गाहा य मगरा तहा ।**
**सुंसमारा य बोधव्वा, पंचहा जलयराहिया ॥**

**શબ્દાર્થ :– पंचहा** = પાંચ પ્રકારના **आहिया** = કહ્યા છે **बोधव्वा** = જાણવા જોઈએ **मच्छा** = મચ્છ **कच्छभा** = કાચબો **गाहा** = ગ્રાહ **मगरा** = મગર **सुंसुमारा** = સુંસુમાર.

**ભાવાર્થ :–** જલચર જીવોના પાંચ પ્રકાર છે– મત્સ્ય, કાચબો, ગ્રાહ, મગર અને સુંસુમાર.

१७६ **लोएगदेसे ते सव्वे, ण सव्वत्थ वियाहिया ।**
**इत्तो कालविभागं तु, तेसिं वुच्छं चउव्विहं ॥**

**શબ્દાર્થ :– ते सव्वे** = તે બધા જલચર જીવો **लोएगदेसे** = લોકના એક દેશમાં **ण सव्वत्थ** = તે સર્વત્ર નથી **तेसिं** = તે જીવોના **चउव्विहं** = ચાર પ્રકારના **कालविभागं** = કાળ વિભાગ **वुच्छं** = કહીશ.

**ભાવાર્થ :–** તે જલચર જીવ લોકના એક દેશમાં(વિભાગમાં) રહે છે, આખા લોકમાં નહીં. હવે તે જીવોના ચાર પ્રકારના કાળવિભાગનું વર્ણન કરીશ.

१७७ **संतइं पप्पणाइया, अपज्जवसिया वि य ।**
**ठिइं पडुच्च साइया, सपज्जवसिया वि य ॥**

**ભાવાર્થ :–** પ્રવાહની અપેક્ષાએ જલચર જીવો અનાદિ અનંત છે પરંતુ સ્થિતિની અપેક્ષાએ સાદિ સાંત છે.

१७८ **एगा य पुव्वकोडी उ, उक्कोसेण वियाहिया ।**
**आउठिई जलयराणं, अंतोमुहुत्तं जहण्णिया ॥**

**ભાવાર્થ :–** જલચર જીવોની આયુસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ એક કરોડ પૂર્વ વર્ષની છે.

१७९ **पुव्वकोडिपुहत्तं तु, उक्कोसेण वियाहिया ।**
**कायठिई जलयराणं, अंतोमुहुत्तं जहण्णिया ॥**

**ભાવાર્થ :–** જળચર જીવોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ અનેક પૂર્વક્રોડ વર્ષની છે.

१८० **अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णयं ।**
**विजढम्मि सएकाए, जलयराणं अंतरं ॥**

**ભાવાર્થ :–** જળચર જીવો સ્વકાય(તે ભવને) છોડીને અન્ય કાયમાં ભવભ્રમણ કરીને ફરીથી જળ ચરમાં આવે, ત્યાં સુધીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટ અનંતકાળનું હોય છે.

**१८१**　**एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।**
**संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥**

**ભાવાર્થ :–** જળચર જીવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો ભેદ છે.

**१८२**　**चउप्पया य परिसप्पा, दुविहा थलयरा भवे ।**
**चउप्पया चउव्विहा, ते मे कित्तयओ सुण ॥**

**શબ્દાર્થ :–** **थलयरा** = સ્થળચર જીવો **दुविहा** = બે પ્રકારના **भवे** = હોય છે **चउप्पया** = ચતુષ્પદ, ચોપગા **परिसप्पा** = પરિસર્પ **चउव्विहा** = ચાર પ્રકારના **मे** = હું **ते** = તેનું **कित्तयओ** = કીર્તન, વર્ણન કરું છું **सुणेह** = ધ્યાનપૂર્વક સાંભળો.

**ભાવાર્થ :–** સ્થળચર જીવોના બે પ્રકાર છે– ચતુષ્પદ અને પરિસર્પ. તેમાં જે ચતુષ્પદ જીવો છે તેના ચાર પ્રકાર છે. તે મારી પાસેથી સાંભળો.

**१८३**　**एगखुरा दुखुरा चेव, गंडीपया सणहप्पया ।**
**हयमाई गोणमाई, गयमाई सीहमाइणो ॥**

**શબ્દાર્થ :–** **एगखुरा** = એક ખરીવાળા **हयमाई** = ઘોડા, ગધેડા આદિ **दुखुरा** = બે ખરીવાળા **गोणमाई** = ગાય, બળદ આદિ **गंडीपया** = ગંડીપદા, સોનીની એરણ અથવા કમળની કર્ણિકા સમાન ગોળ પગવાળા જીવ **गयमाई** = હાથી આદિ **चेव** = અને **सणहप्पया** = સનખપદા, જેના પગમાં નખ હોય, **सीहमाइणो** = સિંહ, કૂતરા, બિલાડી આદિ.

**ભાવાર્થ :–** સ્થલચર જીવોના ચાર પ્રકાર છે. યથા– એક ખરીવાળા ઘોડા આદિ, બે ખરીવાળા ગાય-બળદ આદિ, ગંડીપદા હાથી આદિ, સનખપદા સિંહ આદિ.

**१८४**　**भुओरगपरिसप्पा य, परिसप्पा दुविहा भवे ।**
**गोहाई अहिमाई य, एक्केक्का णेगहा भवे ॥**

**શબ્દાર્થ :–** **भुय** = ભૂજપરિસર્પ **गोहाई** = ગોહ, નોળિયો, ઉંદર આદિ **उरगपरिसप्पा** = ઉરપરિસર્પ **अहिमाई** = સર્પ આદિ **एक्केक्का** = આ પ્રત્યેકના **णेगहा** = અનેક ભેદ.

**ભાવાર્થ :–** પરિસર્પના બે પ્રકાર હોય છે– ભૂજપરિસર્પ અને ઉરપરિસર્પ. ગોહ, નોળિયો આદિ ભૂજપરિસર્પ છે અને સર્પ આદિ ઉરપરિસર્પ છે. તે પ્રત્યેકના અનેક ભેદ થાય છે.

**१८५**　**लोएगदेसे ते सव्वे, ण सव्वत्थ वियाहिया ।**
**एत्तो कालविभागं तु, तेसिं वुच्छं चउव्विहं ॥**

**ભાવાર્થ :–** તે સ્થળચર જીવ લોકના એક વિભાગમાં રહે છે, આખા લોકમાં નથી. હવે તે જીવોના ચાર પ્રકારના કાળ વિભાગનું વર્ણન કરીશ.

१८६ संतइं पप्पणाईया, अपज्जवसिया वि य ।
ठिइं पडुच्च साइया, सपज्जवसिया वि य ॥

**ભાવાર્થ :–** પ્રવાહની અપેક્ષાએ સ્થળચર જીવો અનાદિ, અનંત છે. પરંતુ સ્થિતિની અપેક્ષાએ સાદિ સાંત છે.

१८७ पलिओवमाइं तिण्णि उ, उक्कोसेण वियाहिया ।
आउठिई थलयराणं, अंतोमुहुत्तं जहण्णिया ॥

**ભાવાર્થ :–** સ્થળચર જીવોની આયુસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની કહી છે.

१८८ पलिओवमाइं तिण्णि उ, उक्कोसेण साहिया ।
पुव्वकोडीपुहत्तेणं, अंतोमुहुत्तं जहण्णिया ॥

१८९ कायठिई थलयराणं, अंतरं तेसिमं भवे ।
कालमणंतमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णयं ॥

**ભાવાર્થ :–** સ્થળચર જીવોની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ સહિત અનેક પૂર્વક્રોડ વર્ષની અને જઘન્ય અંતર્મુહૂર્ત પ્રમાણ છે. તેનું અંતર આ પ્રમાણે છે– જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંત કાલનું છે. ॥ ૧૮૮–૧૮૯ ॥

१९० एएसिं वण्णओ चेव, गंध रस फासओ ।
संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥

**ભાવાર્થ :–** આ સ્થળચર જીવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો ભેદ છે.

१९१ चम्मे उ लोमपक्खी य, तइया समुग्गपक्खिया ।
वियपक्खी य बोधव्वा, पक्खिणो य चउव्विहा ॥

**શબ્દાર્થ :– चम्मे** = ચર્મપક્ષી, જેની પાંખ ચામડાની હોય જેમ કે ચામાચીડીયા વગેરે **लोमपक्खी** = રોમપક્ષી, પીંછાની પાંખવાળા જેવા કે ચકલા, રાજહંસ આદિ **तइया** = ત્રીજા **समुग्गपक्खिया** = સમુદ્ગ પક્ષી– જેની પાંખ ડબ્બાની જેમ બંધ રહેતી હોય **वियपक्खी** = વિતત પક્ષી– જેની પાંખ હંમેશાં ખુલી રહેલી હોય **चउव्विहा** = ચાર પ્રકારના **पक्खिणो** = પક્ષીઓ **बोधव्वा** = જાણવા જોઈએ.

**ભાવાર્થ :–** ચર્મપક્ષી, રોમપક્ષી, સમુદ્ગ પક્ષી અને વિતત પક્ષી, આ રીતે પક્ષીઓના ચાર પ્રકાર છે. (આ ચાર પ્રકારમાં ચર્મ અને રોમ પક્ષી જોવા મળે છે અને શેષ બે પક્ષી અજ્ઞાત છે.)

१९२ लोएगदेसे ते सव्वे, ण सव्वत्थ वियाहिया ।
इत्तो कालविभागं तु, तेसिं वोच्छं चउव्विहं ॥

**ભાવાર્થ :–** ખેચર જીવો લોકના એક દેશમાં(વિભાગમાં) રહે છે, આખા લોકમાં નથી. હવે તે જીવોના ચાર પ્રકારના કાળવિભાગનું વર્ણન કરીશ.

१९३ संतइ पप्पणाइया, अपज्जवसिया वि य ।
ठिइं पडुच्च साइया, सपज्जवसिया वि य ॥

**ભાવાર્થ :–** પ્રવાહની અપેક્ષાએ ખેચર જીવો અનાદિ અનંત છે પરંતુ સ્થિતિની અપેક્ષાએ સાદિ સાંત છે.

**૧૯૪** **पलिओवमस्स भागो, असंखेज्जइमो भवे ।**
**आउठिई खहयराणं, अंतोमुहुत्तं जहण्णयं ॥**

**શબ્દાર્થ :– खहयराणं** = ખેચર જીવોની **पलिओवमस्स** = પલ્યોપમનો **असंखेज्जइमो** = અસંખ્યાતમો **भागो** = ભાગ છે.

**ભાવાર્થ :–** ખેચર જીવોની આયુ સ્થિતિ ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અને જઘન્ય અંતર્મૂહૂર્તની છે.

**૧૯૫** **असंखभागो पलियस्स, उक्कोसेण उ साहिया ।**
**पुव्वकोडीपुहत्तेण, अंतोमुहुत्तं जहण्णिया ॥**

**૧૯૬** **कायठिई खहयराणं, अंतरं तेसिमं भवे ।**
**अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णयं ॥**

**શબ્દાર્થ :– पलियस्स** = પલ્યોપમનો **असंखभागो** = અસંખ્યાતમો ભાગ **साहिया** = સાધિક **पुव्वकोडीपुहत्तेणं** = અનેક પૂર્વ ક્રોડ વર્ષ છે **तेसिमं** = તેમનું આ પ્રમાણે **अंतरं** = અંતર **भवे** = હોય છે **अणंतकालं** = અનંતકાલનું **उक्कोसं** = ઉત્કૃષ્ટ.

**ભાવાર્થ :–** ખેચર જીવોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક અનેક પૂર્વ ક્રોડ વર્ષની છે. ખેચર જીવોનો અંતરકાલ ઉત્કૃષ્ટ અનંતકાળનો અને જઘન્ય અંતર્મુહૂર્તનો છે.॥૧૯૫–૧૯૬॥

**૧૯૭** **एएसिं वण्णओ चेव, गंधओ रस फासओ ।**
**संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥**

**ભાવાર્થ :–** આ ખેચર જીવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો ભેદ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં તિર્યંચ પંચેન્દ્રિયના ભેદ-પ્રભેદ અને સ્થિતિ આદિનું નિરૂપણ છે.

**સંમૂર્ચ્છિમ–** કોઈ અમુક સ્થાનમાં પુદ્‌ગલો એકત્રિત થવાથી ઉત્પન્ન થનારા, માતાપિતાના સંયોગ વિના જેની ઉત્પત્તિ થાય છે તથા મન પર્યાપ્તિના અભાવથી જે સદા મૂર્છિતની જેમ અત્યંત મૂઢ અવસ્થામાં રહે છે, તેને સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય કહે છે. **ગર્ભજ–** માતાપિતાના સંયોગથી અને ગર્ભધારણ વિધિ પૂર્ણ થતાં ગર્ભથી ઉત્પન્ન થનારા જીવોને ગર્ભજ તિર્યંચ કહે છે.

**(૧) જલચર–** જળમાં વિચરનારા જીવો **(૨) સ્થળચર–** ભૂમિપર ચાલનારા જીવો **(૩) ખેચર–** આકાશમાં ઊડનારા જીવો.

**સ્થળચર** જીવોના બે ભેદ છે– **(૧) ચતુષ્પદ** – ચાર પગવાળા, ચાર પગે ચાલનારા. જેમ કે– ગાય, ઘોડા, હાથી, બિલાડી, કૂતરા, વાંદરા આદિ. **(૨) પરિસર્પ–** સરકનારા, સરકીને ચાલનારા જીવો.

**परि समन्तात् सर्पन्तीति परिसर्पाः** જે સદા સર્વદા સરકીને ચાલે, તેને પરિસર્પ કહે છે. પરિસર્પના બે ભેદ છે– **૧.** ભુજાઓથી સરકીને ચાલે તેને **ભુજપરિસર્પ** કહે છે. જેમ કે ચંદનઘો, નોળિયા, ખિસકોલી, ગરોળી, ઉંદર આદિ. **૨.** પેટથી સરકીને ચાલે તેને **ઉરપરિસર્પ** કહે છે. જેમ કે અજગર, સાપ આદિ.


**ભવસ્થિતિ :–** જળચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પની ભવસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ વર્ષની છે. **ચતુષ્પદ સ્થલચરની** જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે. તે દેવકુરુ-ઉત્તરકુરુ ક્ષેત્રના ચતુષ્પદ યુગલિક તિર્યંચની અપેક્ષાએ છે. **ખેચરની સ્થિતિ** જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. તે ખેચર યુગલિક તિર્યંચની અપેક્ષાએ છે. પાંચ પ્રકારના તિર્યંચ પંચેન્દ્રિયની સ્થિતિને જોતાં સ્પષ્ટ થાય છે કે **ચતુષ્પદ સ્થલચર અને ખેચર, આ બે તિર્યંચ પંચેન્દ્રિય યુગલિક હોય છે. શેષ ત્રણ તિર્યંચ પંચેન્દ્રિયો યુગલિક હોતા નથી.**

**કાયસ્થિતિ–** જલચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પની જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનેક પૂર્વકોટિવર્ષની છે. તે જીવો પૂર્વક્રોડવર્ષના આયુષ્યના નિરંતર આઠ ભવ કરી શકે છે.

**સ્થલચરની કાયસ્થિતિ :–** જો તે જીવ નિરંતર સ્થળચર(કાય)માં જ જન્મ અને મરણ કરે તો ઓછામાં ઓછા અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે અનેક(સાત) ક્રોડપૂર્વ અધિક ત્રણ પલ્યોપમ કાલ સુધી રહે છે. તેમાં સાત ભવ કર્મભૂમિના સ્થળચર તિર્યંચના અને આઠમો ભવ ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા યુગલિક સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચનો થાય છે. ત્યાર પછી તે જીવ દેવલોકમાં જાય છે.

**ખેચરની કાયસ્થિતિ :–** જો ખેચર જીવ મરીને ખેચર તરીકે નિરંતર જન્મ-મરણ કરતા રહે, તો જઘન્ય અંતર્મુહૂર્ત પ્રમાણ અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સહિત અનેક(સાત) પૂર્વ ક્રોડ વર્ષ સુધી પોતાની કાયમાં સ્થિતિ કરી શકે છે. તાત્પર્ય એ છે કે તે જીવ ક્રોડ પૂર્વ વર્ષના સાત ભવ કરીને આઠમો ભવ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની સ્થિતિએ ખેચર જુગલિયાનો કરે છે. ત્યાર પછી તે ખેચરનો ભવ છોડીને દેવગતિ પ્રાપ્ત કરે છે. આ રીતે ઉત્કૃષ્ટ આઠ ભવની તેની કાયસ્થિતિ થાય છે.

**અંતર–** પાંચે પ્રકારના તિર્યંચ પંચેન્દ્રિયોનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાલનું છે.



**મનુષ્ય :–**

**૧૯૮** **मणुया दुविह भेया उ, ते मे कित्तयओ सुण ।**
**सम्मुच्छिमा य मणुया, गब्भवक्कंतिया तहा ॥**

**શબ્દાર્થ :–** **मणुया** = મનુષ્ય **दुविह** = બે **भेया** = પ્રકારના છે **समुच्छिमा** = સંમૂર્ચ્છિમ **गब्भवक्कंतिया** = ગર્ભવ્યુત્ક્રાંતિક, ગર્ભજ **मे** = હું **कित्तयओ** = કીર્તન-કથન કરું છું **सुण** = સાંભળો.

**ભાવાર્થ :–** મનુષ્યોના બે ભેદ છે– સંમૂર્ચ્છિમ અને ગર્ભજ. તેના અનેક ભેદોનું કથન કરીશ, તે મારી પાસેથી સાંભળો.

**૧૯૯** **गब्भवक्कंतिया जे उ, तिविहा ते वियाहिया ।**
**कम्माकम्मभूमा य, अंतरदीवया तहा ॥**

**શબ્દાર્થ :–** **तिविहा** = ત્રણ પ્રકારના **वियाहिया** = કહ્યા છે **कम्माकम्मभूमा** = કર્મભૂમિના, અકર્મભૂમિના **अंतरदीवया** = અંતર દ્વીપના.

**ભાવાર્થ :–** ગર્ભ જ મનુષ્યોના ત્રણ પ્રકાર છે – કર્મભૂમિના મનુષ્યો, અકર્મભૂમિના મનુષ્યો અને અંતર દ્વીપના મનુષ્યો.

**૨૦૦** **पण्णरसतीसविहा, भेया दुअट्ठवीसई ।**
**संखा उ कमसो तेसिं, इइ एसा वियाहिया ॥**

**શબ્દાર્થ :–** **पण्णरस** = કર્મભૂમિના પંદર **तीसविहा** = અકર્મભૂમિના ત્રીસ **दुअट्ठवीसई भेया** = અંતર દ્વીપના(બે અઠ્યાવીસ) છપ્પન ભેદ **इइ** = આ રીતે **तेसिं** = તેના **कमसो** = ક્રમથી, ક્રમશઃ **संखा** = સંખ્યા છે.

**ભાવાર્થ :–** પંદર, ત્રીસ અને છપ્પન, એ પ્રકારે ક્રમશઃ તેની સંખ્યાનું વિધાન છે અર્થાત્ કર્મભૂમિના પંદર, અકર્મભૂમિના ત્રીસ અને અંતર દ્વીપના છપ્પન ક્ષેત્રોમાં તે મનુષ્યો વસે છે.

**૨૦૧** **सम्मुच्छिमाण एसेव, भेओ होइ वियाहिओ ।**
**लोगस्स एगदेसम्मि, ते सव्वे वि वियाहिया ॥**

**શબ્દાર્થ :–** **एसेव** = આ જ **भेओ** = ભેદ **सम्मुच्छिमाण** = સંમૂર્ચ્છિમ મનુષ્યોના **होइ** = હોય છે **वियाहिया** = કહ્યા છે **सव्वे वि** = સર્વ મનુષ્યો **लोगस्स** = લોકના **एगदेसम्मि** = એક દેશમાં છે.

**ભાવાર્થ :–** જેટલા ભેદ ગર્ભજ મનુષ્યોના છે, તેટલા જ ભેદ સંમૂર્ચ્છિમ મનુષ્યોના હોય છે. તે સર્વ જીવો લોકના એક દેશમાં હોય છે.

**૨૦૨** **संतइं पप्पणाइया, अपज्जवसिया वि य ।**
**ठिइं पडुच्च साइया, सपज्जवसिया वि य ॥**

**ભાવાર્થ :–** પ્રવાહની અપેક્ષાએ મનુષ્યો અનાદિ અનંત છે પરંતુ સ્થિતિની અપેક્ષાએ સાદિ સાંત છે.

**૨૦૩** **पलिओवमाइं तिण्णि उ, उक्कोसेण वियाहिया ।**
**आउठिई मणुयाणं, अंतोमुहुत्तं जहण्णिया ॥**

**ભવાર્થ :–** મનુષ્યોની આયુસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે.

**૨૦૪** **पलिओवमाइं तिण्णि उ, उक्कोसेण साहिया ।**
**पुव्वकोडिपुहत्तेणं, अंतोमुहुत्तं जहण्णिया ॥**

**૨૦૫** **कायठिई मणुयाणं, अंतरं तेसिमं भवे ।**
**अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णयं ॥**

**શબ્દાર્થ :– पुव्वकोडिपुहत्तेणं** = અનેક પૂર્વ ક્રોડની છે **कायठिई** = કાયસ્થિતિ **तेसिमं** = તેનું **अंतरं** = અંતર.


**ભાવાર્થ :–** મનુષ્યોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ સહિત અનેક(સાત) ક્રોડપૂર્વ વર્ષની છે. તેનો અંતરકાલ આ પ્રમાણે છે– જઘન્ય અંતર્મુહૂર્તનો અને ઉત્કૃષ્ટ અનંતકાળનો હોય છે. ||૨૦૪–૨૦૫||

**૨૦૬** **एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।**
**संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥**

**ભાવાર્થ :–** આ મનુષ્યોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો ભેદ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં મનુષ્યોનાં ભેદ-પ્રભેદ અને સ્થિતિ આદિનું નિરૂપણ છે. મનુષ્યોના મુખ્ય બે ભેદ છે– સંમૂર્ચ્છિમ મનુષ્ય અને ગર્ભજ મનુષ્ય. **ગર્ભજ મનુષ્ય–** માતા-પિતાના સંયોગથી ગર્ભ દ્વારા ઉત્પન્ન થાય, તે ગર્ભજ મનુષ્ય છે. **સંમૂર્ચ્છિમ મનુષ્ય–** મનુષ્યોની ચૌદ પ્રકારની અશુચિમાં ઉત્પન્ન થાય, તે સંમૂર્ચ્છિમ મનુષ્ય છે. અઢીદ્વીપમાં બંને પ્રકારના મનુષ્યને રહેવાના ક્ષેત્રો ૧૦૧ છે. તે ક્ષેત્રના આધારે મનુષ્યોના સંખ્યાગત ભેદોનું વર્ણન છે.




**(૧) કર્મભૂમિ–** જ્યાં અસિ– શસ્ત્રકલા, મસિ– લેખનકલા અને કૃષિ– ખેતીવાડીના વ્યાપારથી જીવન વ્યવહાર ચાલે, તેને કર્મભૂમિ કહે છે. કર્મભૂમિના ૧૫ ક્ષેત્રો છે. જંબૂદ્વીપમાં એક ભરત, એક ઐરવત

અને એક મહાવિદેહ, એમ ત્રણ ક્ષેત્રો છે. ધાતકી ખંડદ્વીપમાં બે ભરત, બે ઐરવત અને બે મહાવિદેહ, એમ છ ક્ષેત્રો છે. પુષ્કરાર્ધ દ્વીપમાં બે ભરત, બે ઐરવત અને બે મહાવિદેહ, એમ છ ક્ષેત્રો છે. આ રીતે પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ, તે ૫+૫+૫ = ૧૫ કર્મભૂમિના ક્ષેત્રો છે કર્મભૂમિમાં રહેનારા મનુષ્યોને કર્મભૂમિના મનુષ્યો કહે છે. **(ર) અકર્મભૂમિ–** જ્યાં અસિ, મસિ અને કૃષિનો વ્યાપાર નથી. દશ પ્રકારના કલ્પવૃક્ષોથી જીવન વ્યવહાર ચાલે, તેને અકર્મભૂમિ કહે છે. અકર્મભૂમિના ૩૦ પ્રકાર છે– હેમવય, હૈરણ્યવય, હરિવાસ, રમ્યક્વાસ, દેવકુરુ અને ઉત્તરકુરુ, એ છ અકર્મભૂમિના ક્ષેત્રો જંબૂદ્વીપમાં છે તથા એ દરેક નામના બે બે ક્ષેત્રો એટલે બાર ક્ષેત્રો ધાતકીખંડમાં અને બાર ક્ષેત્રો પુષ્કરાર્ધ દ્વીપમાં છે. આ રીતે જંબૂદ્વીપના છ, ધાતકી ખંડના બાર અને પુષ્કરાર્ધ દ્વીપના બાર, તે સર્વ મળી ૬+૧૨+૧૨ = ૩૦ અકર્મભૂમિના ક્ષેત્રો છે. અકર્મ- ભૂમિમાં રહેનારા મનુષ્યોને અકર્મભૂમિના મનુષ્યો કહે છે. તેમાં માત્ર જુગલિયાઓની જ ઉત્પત્તિ થાય છે અને તેઓ પોતાની ઈચ્છાઓ કલ્પવૃક્ષો દ્વારા પૂરી કરે છે. **(૩) અંતરદ્વીપ–** લવણ સમુદ્રની અંદર આવેલા દ્વીપોને અંતરદ્વીપ કહે છે. અંતરદ્વીપ–૫૬ છે. દક્ષિણદિશામાં ચૂલ્લહિમવંત પર્વતની ચારે વિદિશામાં લવણ સમુદ્રમાં જતાં સાત–સાત દ્વીપ છે. તેથી ૭ × ૪ = ૨૮ દ્વીપ દક્ષિણદિશામાં છે, તેવી જ રીતે ઉત્તર દિશામાં શિખરી પર્વતની ચારે વિદિશામાં લવણ સમુદ્રમાં જતાં સાત–સાત દ્વીપ છે. તેથી ૭ × ૪ = ૨૮ દ્વીપ ઉત્તરદિશામાં છે. આ રીતે ૨૮+૨૮ = ૫૬ અંતરદ્વીપ છે. તેમાં રહેનારા મનુષ્યોને અંતરદ્વીપના મનુષ્યો કહે છે. તે મનુષ્યો પણ દશ પ્રકારના કલ્પવૃક્ષોથી જીવન વ્યવહાર કરે છે. અંતરદ્વીપના વિશેષ વર્ણન માટે જુઓ શ્રી જીવાભિગમ સૂત્ર.

૧૫ કર્મભૂમિના, ૩૦ અકર્મભૂમિના, ૫૬ અન્તરદ્વીપના, એમ કુલ મનુષ્યોને ઉત્પન્ન થવાના ૧૦૧ ક્ષેત્રો છે. આ ૧૦૧ ક્ષેત્રોમાં રહેનારા ગર્ભજ મનુષ્યોના પર્યાપ્તા, અપર્યાપ્તા અને સંમૂર્ચ્છિમ મનુષ્યોના અપર્યાપ્તા એમ ત્રણ પ્રકારના મનુષ્યો ગણતાં ૧૦૧×૩ = ૩૦૩ મનુષ્યોના ભેદ થાય છે.

**संमुच्छिमा :–** સંમૂર્ચ્છિમ મનુષ્ય. માતા-પિતાના સંયોગ વિના અર્થાત્ સ્ત્રી-પુરુષના સમાગમ વિના મનુષ્યોની અશુચિસ્થાનોમાં ઉત્પન્ન થનારા જીવો સંમૂર્ચ્છિમ મનુષ્ય કહેવાય છે. પંદર કર્મભૂમિ, ત્રીસ અકર્મભૂમિ અને છપ્પન અંતર દ્વીપ તે ૧૦૧ ક્ષેત્રોમાં ગર્ભજ મનુષ્યો રહે છે. આ ગર્ભજ મનુષ્યોના મળ મૂત્ર આદિમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે. તેથી તેને રહેવાના પણ ૧૦૧ ક્ષેત્રો થાય છે. તેના ઉત્પત્તિના ચૌદ સ્થાન આ પ્રમાણે છે– (૧) વિષ્ઠામાં (૨) મૂત્રમાં (૩) કફમાં (૪) નાકની લીંટમાં (૫) ઉલટીમાં (૬) પિત્તમાં (૭) પરુમાં (૮) લોહીમાં (૯) શુક્ર-વીર્યમાં (૧૦) વીર્યના કે અશુચિના પુદ્ગલો સુકાયેલા હોય તે ભીના થાય તેમાં (૧૧) મૃતદેહમાં(૧૨) સ્ત્રી-પુરુષના સંયોગમાં અર્થાત્ મૈથુન સેવનમાં (૧૩) નગરની ગટરોમાં (૧૪) સર્વ પ્રકારના અશુચિના સ્થાનોમાં.

સંમૂર્છિમ મનુષ્યની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ હોય છે. તેઓ અસંજ્ઞી, એકાન્ત મિથ્યા દષ્ટિ અને અજ્ઞાની હોય છે. તેનું આયુષ્ય જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તનું જ હોય છે. તે અપર્યાપ્ત અવસ્થામાં જ મૃત્યુ પામે છે.

**ભવસ્થિતિ–** સૂત્રકારે મનુષ્યોની સમુચ્ચય સ્થિતિનું જ કથન કર્યું છે. તેમાં સંમૂર્ચ્છિમ મનુષ્યોની સ્થિતિ જઘન્ય-ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે. સૂત્રોક્ત સ્થિતિ અનુસાર ત્રણ પલ્યોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જુગલિયા મનુષ્યોની અપેક્ષાએ થાય છે. કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોની જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વ વર્ષની સ્થિતિ હોય છે.

**કાયસ્થિતિ–** જો મનુષ્ય મરીને ફરી મનુષ્યમાં જ જન્મ ધારણ કરતો રહે તો ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત

સુધી રહે અને વધારેમાં વધારે ક્રોડપૂર્વ વર્ષના નિરંતર સાત ભવ મનુષ્યના કરીને આઠમો ભવ ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા જુગલિયા મનુષ્યનો કરે ત્યારે તેની ઉત્કૃષ્ટ સાત ક્રોડ પૂર્વ વર્ષ(અનેક ક્રોડ પૂર્વ વર્ષ) અધિક ત્રણ પલ્યોપમની કાયસ્થિતિ થાય છે.

**અંતર–** મનુષ્ય પોતાની યોનિ છોડીને અન્ય યોનિઓમાં જન્મ મરણ કરતાં-કરતાં ફરીથી મનુષ્ય યોનિમાં જન્મ ધારણ કરે તો તેનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ થાય છે. જો મનુષ્ય મરીને વનસ્પતિકાયમાં ચાલ્યો જાય, તો ત્યાં તે ઉત્કૃષ્ટ અનંતકાળ રહીને ફરીથી મનુષ્યપણે જન્મ ધારણ કરે તો તેનું અનંતકાલનું ઉત્કૃષ્ટ અંતર થાય છે.

**દેવો :–**

**૨૦૭** **देवा चउव्विहा वुत्ता, ते मे कित्तयओ सुण ।**
**भोमिज्ज वाणमंतर, जोइस वेमाणिया तहा ॥**

**શબ્દાર્થ :– देवा** = દેવ **चउव्विहा** = ચાર પ્રકારના **वुत्ता** = કહ્યા છે **भोमिज्ज** = ભવનપતિ **वाणमंतर** = વાણવ્યંતર **जोइस** = જ્યોતિષી **वेमाणिया** = વૈમાનિક **मे** = હવે હું **ते कित्तयओ** = તેનું વર્ણન કરું છું તે **सुण** = સાંભળો.

**ભાવાર્થ :–** દેવોના ચાર ભેદ છે– ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક. હવે તેના ભેદ-પ્રભેદ મારી પાસેથી સાંભળો.

**૨૦૮** **दसहा उ भवणवासी, अट्ठहा वणचारिणो ।**
**पंचविहा जोइसिया, दुविहा वेमाणिया तहा ॥**

**શબ્દાર્થ :– भवणवासी** = ભવનપતિદેવ **दसहा** = દશ પ્રકારના છે **वणचारिणो** = વનવિહારી, વાણવ્યંતર દેવ **अट्ठहा** = આઠ પ્રકારના **जोइसिया** = જ્યોતિષી દેવ **पंचविहा** = પાંચ પ્રકારના છે **दुविहा वेमाणिया** = વૈમાનિક દેવ બે પ્રકારના છે.

**ભાવાર્થ :–** દશ પ્રકારના ભવનપતિ, આઠ પ્રકારના વાણવ્યંતર, પાંચ પ્રકારના જ્યોતિષી અને બે પ્રકારના વૈમાનિક દેવ છે.

**૨૦૯** **असुरा णाग सुवण्णा, विज्जू अग्गी य आहिया ।**
**दीवोदहि दिसा वाया, थणिया भवणवासिणो ॥**

**શબ્દાર્થ :– असुरा** = અસુરકુમાર **णाग** = નાગકુમાર **सुवण्णा** = સુપર્ણકુમાર **विज्जु** = વિદ્યુતકુમાર **अग्गी** = અગ્નિકુમાર **दीव** = દ્વીપકુમાર **उदहि** = ઉદધિકુમાર **दिसा** = દિશાકુમાર **वाया** = વાયુકુમાર **थणिया** = સ્તનિતકુમાર **भवणवासिणो** = ભવનવાસી દેવ **आहिया** = કહ્યા છે.

**ભાવાર્થ :–** ભવનપતિ દેવોના દશ પ્રકાર છે. યથા– અસુરકુમાર, નાગકુમાર, સુપર્ણકુમાર, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, વાયુકુમાર અને સ્તનિતકુમાર.

**૨૧૦** **पिसाय भूया जक्खा य, रक्खसा किण्णरा किंपुरिसा ।**
**महोरगा य गंधव्वा, अट्ठविहा वाणमंतरा ॥**

**શબ્દાર્થ :– पिसाय** = પિશાચ **भूया** = ભૂત **जक्खा** = યક્ષ **रक्खसा** = રાક્ષસ **किण्णरा** = કિન્નર **किंपुरिसा** = કિંપુરુષ **महोरगा** = મહોરગ **गंधव्वा** = ગંધર્વ **अट्ठविहा** = આઠ પ્રકારના **वाणमंतरा** = વાણવ્યંતર દેવ છે.

**ભાવાર્થ :–** આઠ પ્રકારના વ્યંતરદેવ છે– પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, મહોરગ અને ગંધર્વ.

**૨૧૧** **चंदा सूरा य णक्खत्ता, गहा तारागणा तहा ।**
**ठिया वि चारिणो चेव, पंचहा जोइसालया ॥**

**શબ્દાર્થ :– चंदा** = ચંદ્ર **सूरा** = સૂર્ય **णक्खत्ता** = નક્ષત્ર **गहा** = ગ્રહ **य, तहा** = અને **तारागणा** = તારાગણ **पंचहा** = આ પાંચ પ્રકારના **जोइसालया** = જ્યોતિષ વિમાનોમાં રહેનારા, જ્યોતિષી દેવો છે **ठिया** = સ્થિર **चेव** = અને **चारिणो** = ચર.

**ભાવાર્થ :–** જ્યોતિષી દેવ પાંચ પ્રકારના છે, ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, ગ્રહ અને તારાગણ. આ પાંચ અઢીદ્વીપની બહાર સ્થિર છે અને અઢી દ્વીપની અંદર ચર(ફરતા) છે.

**૨૧૨** **वेमाणिया उ जे देवा, दुविहा ते वियाहिया ।**
**कप्पोवगा य बोधव्वा, कप्पाईया तहेव य ॥**

**શબ્દાર્થ :– जे** = જે **वेमाणिया** = વૈમાનિક **देवा** = દેવ છે **ये** = તે **दुविहा** = બે પ્રકારના **वियाहिया** = કહ્યા છે **बोधव्वा** = જાણવા જોઈએ **कप्पोवगा** = કલ્પોત્પન્નક **कप्पाईया** = કલ્પાતીત.

**ભાવાર્થ :–** આ રીતે વૈમાનિક દેવોના બે પ્રકાર જાણવા જોઈએ– કલ્પોત્પન્નક અને કલ્પાતીત.

**૨૧૩** **कप्पोवगा य बारसहा, सोहम्मीसाणगा तहा ।**
**सणंकुमारमाहिंदा, बंभलोगा य लंतगा ॥**

**૨૧૪** **महासुक्का सहस्सारा, आणया पाणया तहा ।**
**आरणा अच्चुया चेव, इइ कप्पोवगा सुरा ॥**

**શબ્દાર્થ :– कप्पोवगा** = કલ્પોત્પન્નક દેવ **बारसहा** = બાર પ્રકારના છે, **सोहम्म** = સૌધર્મ **ईसाणगा** = ઈશાન **सणंकुमार** = સનત્કુમાર **माहिंदा** = માહેન્દ્ર **बंभलोगा** = બ્રહ્મલોક **लंतगा** = લાંતક **महासुक्का** = મહાશુક્ર **सहस्सारा** = સહસ્રાર **आणया** = આણત **पाणया** = પ્રાણત **आरणा** = આરણ **अच्चुया** = અચ્યુત **इइ** = આ **सुरा** = દેવ છે.

**ભાવાર્થ :–** કલ્પવાસી દેવોના બાર ભેદ છે. (૧) સૌધર્મ (૨) ઈશાન (૩) સનત્કુમાર (૪) માહેન્દ્ર (૫) બ્રહ્મ, (૬) લાંતક (૭) મહાશુક્ર (૮) સહસ્રાર (૯) આણત, (૧૦) પ્રાણત (૧૧) આરણ (૧૨) અચ્યુત. આ રીતે કલ્પ દેવલોકોમાં ઉત્પન્ન થનારા દેવ કલ્પોત્પન્નક(કલ્પવાસી) દેવ કહેવાય છે.॥૨૧૩–૨૧૪॥

**૨૧૫** **कप्पाईया उ जे देवा, दुविहा ते वियाहिया ।**
**गेविज्जाणुत्तरा चेव, गेविज्जा णवविहा तहिं ॥**

**શબ્દાર્થ :– कप्पाईया** = કલ્પાતીત **देवा** = દેવ **ते** = તે **दुविहा** = બે પ્રકારના **वियाहिया** = કહ્યા છે **गेविज्जा** = ગ્રૈવેયક **अणुत्तरा** = અનુત્તર **तहिं** = તેમાં **णवविहा** = નવ પ્રકારના છે.

**ભાવાર્થ :–** કલ્પાતીત દેવોના બે પ્રકાર છે, ગ્રૈવેયક અને અનુત્તર વિમાનવાસી. તેમાં ગ્રૈવેયક દેવોના નવ પ્રકાર છે.

**૨૧૬** **हेट्ठिमा हेट्ठिमा चेव, हेट्ठिमा मज्झिमा तहा ।**
**हेट्ठिमा उवरिमा चेव, मज्झिमाहेट्ठिमा तहा ॥**

**૨૧૭** **मज्झिमा मज्झिमा चेव, मज्झिमा उवरिमा तहा ।**
**उवरिमा हेट्ठिमा चेव, उवरिमा मज्झिमा तहा ॥**

**૨૧૮** **उवरिमा उवरिमा चेव, इइ गेविज्जगा सुरा ।**
**विजया वेजयंता य, जयंता अपराजिया ॥**

**૨૧૯** **सव्वट्ठसिद्धगा चेव, पंचहाणुत्तरा सुरा ।**
**इइ वेमाणिया एए, णेगहा एवमायओ ॥**

**શબ્દાર્થ :–** **हेट्ठिमा हेट्ठिमा** = અધસ્તનાધસ્તન, નીચેની ત્રિકનો નીચેનો પ્રતર **हेट्ठिमा मज्झिमा** = અધસ્તન મધ્ય, નીચેની ત્રિકનો મધ્યમ પ્રતર **हेट्ठिमा उवरिमा** = અધસ્તન ઉપરિતન, નીચેની ત્રિકનો ઉપરનો પ્રતર **मज्झिमा हेट्ठिमा** = મધ્યમ અધસ્તન, મધ્યમ ત્રિકનો નીચેનો પ્રતર **मज्झिमा मज्झिमा** = મધ્યમ મધ્યમ, મધ્યમ ત્રિકનો મધ્યમ પ્રતર **मज्झिमा उवरिमा** = મધ્યમ ઉપરિતન, મધ્યમ ત્રિકનો ઉપરનો પ્રતર **उवरिमा हेट्ठिमा** = ઉપરિતન અધસ્તન, ઉપરની ત્રિકનો નીચેનો પ્રતર **उवरिमा मज्झिमा** = ઉપરિતન મધ્યમ, ઉપરની ત્રિકનો મધ્યમ પ્રતર **उवरिमा उवरिमा** = ઉપરિતન ઉપરિતન, ઉપરની ત્રિકનો ઉપરનો પ્રતર **इय** = આ પ્રકારે **गेविज्जगा सुरा** = ગ્રૈવેયક દેવ છે.

**विजया** = વિજય **वेजयंता** = વૈજયંત **जयंता** = જયંત **अपराजिया** = અપરાજિત **सव्वट्ठसिद्धगा** = સવાર્થ સિદ્ધ **पंचहा** = પાંચ પ્રકારના **अणुत्तरा सुरा** = અનુત્તર દેવો છે **एवमायओ** = આ રીતે વૈમાનિક દેવના **णेगहा** = અનેક ભેદ છે.

**ભાવાર્થ :–** નવ ગ્રૈવેયક વિમાનોની ૯(નવ) શ્રેણિઓ અને ત્રણ ત્રિકો છે. એક ઉપરની ત્રિક, બીજી મધ્યમ ત્રિક અને ત્રીજી નીચેની ત્રિક. પ્રત્યેક ત્રિકમાં ઉપર, મધ્ય અને નીચે એમ ત્રણ શ્રેણિઓ-પ્રતર છે. જેમ કે– (૧) નીચેની શ્રેણિનો નીચેનો પ્રતર–ભદ્ર ગ્રૈવેયક (૨) નીચેની શ્રેણિનો મધ્યમ પ્રતર–સુભદ્ર ગ્રૈવેયક (૩) નીચેની શ્રેણિનો ઉપરનો પ્રતર–સુજાત ગ્રૈવેયક (૪) મધ્યની શ્રેણિનો નીચેનો પ્રતર–સુમાનસ ગ્રૈવેયક (૫) મધ્યની શ્રેણીનો મધ્યમ પ્રતર–પ્રિયદર્શન ગ્રૈવેયક (૬) મધ્યની શ્રેણિનો ઉપરનો પ્રતર–સુદર્શન ગ્રૈવેયક (૭) ઉપરની શ્રેણિનો નીચેનો પ્રતર–અમોઘ ગ્રૈવેયક (૮) ઉપરની શ્રેણિનો મધ્યમ પ્રતર– સુપ્રતિભદ્ર ગ્રૈવેયક (૯) ઉપરની શ્રેણિનો ઉપરનો પ્રતર–યશોધર ગ્રૈવેયક. આ રીતે ગ્રૈવેયક દેવોના નવ પ્રકાર છે.

વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ એ પાંચ અનુત્તર વિમાન છે. આ રીતે આ વૈમાનિક દેવોના અનેક ભેદ કહ્યા છે. ॥ ૨૧૬–૨૧૭–૨૧૮–૨૧૯ ॥

**૨૨૦** **लोगस्स एगदेसम्मि ते, सव्वे वि वियाहिया ।**
**इत्तो कालविभागं तु, तेसिं वुच्छं चउव्विहं ॥**

**ભાવાર્થ :–** તે સર્વ દેવો લોકના એક દેશમાં રહે છે, આખા લોકમાં નહીં. હવે તેમના ચાર પ્રકારના કાળ વિભાગનું વર્ણન કરીશ.

**૨૨૧** **संतइ पप्पणाइया, अपज्जवसिया वि य ।**
**ठिइं पडुच्च साइया, सपज्जवसिया वि य ॥**

**ભાવાર્થ :–** પ્રવાહની અપેક્ષાએ દેવલોકના દેવો અનાદિ અનંત છે પરંતુ સ્થિતિની અપેક્ષાએ સાદિ સાંત છે.

**૨૨૨** **साहियं सागरं इक्कं, उक्कोसेण ठिई भवे ।**
**भोमेज्जाणं जहण्णेणं, दसवाससहस्सिया ॥**

**શબ્દાર્થ :– भोमेज्जाणं** = ભવનપતિ દેવોની **जहण्णेणं** = જઘન્ય **ठिई** = સ્થિતિ **दसवास-सहस्सिया** = દશ હજાર વર્ષ **उक्कोसेण** = ઉત્કૃષ્ટ **इक्कं** = એક **सागरं** = સાગરોપમથી **साहियं** = અધિક, કાંઈક વધારે **भवे** = હોય છે.

**ભાવાર્થ :–** ભવનપતિ દેવોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક એક સાગરોપમની હોય છે.

**૨૨૩** **पलिओवम दो ऊणा, उक्कोसेण वियाहिया ।**
**असुरिंदवज्जित्ताणं, जहण्णा दस सहस्सगा ॥**

**શબ્દાર્થ :– असुरिंदवज्जित्ताणं** = અસુરકુમાર સિવાય બાકીના નવ ભવનપતિ દેવોની **दस सहस्सगा** = દશ હજાર વર્ષ છે **पलिओवम दो ऊणा** = દેશ ઉણા બે પલ્યોપમની, બે પલ્યોપમથી કંઈક ઓછી **वियाहिया** = કહી છે.

**ભાવાર્થ :–** અસુરકુમાર દેવો સિવાય બાકીના નવ ભવનપતિ દેવોની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ દેશોન બે પલ્યોપમની છે.

**૨૨૪** **पलिओवममेगं तु, उक्कोसेण ठिई भवे ।**
**वंतराणं जहण्णेणं, दस वास सहस्सिया ॥**

**ભાવાર્થ :–** વ્યંતર દેવોની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ એક પલ્યોપમની હોય છે.

**૨૨૫** **पलिओवममेगं तु, वासलक्खेण साहियं ।**
**पलिओवमट्ठभागो, जोइसेसु जहण्णिया ॥**

**શબ્દાર્થ :– जोइसेसु** = જ્યોતિષી દેવોની **पलिओवमट्ठभागो** = પલ્યોપમના આઠમા ભાગની **वासलक्खेण साहियं** = એક લાખ વર્ષ અધિક.

**ભાવાર્થ :–** જ્યોતિષી દેવોની જઘન્ય સ્થિતિ પલ્યોપમના આઠમા ભાગની અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમ અને એક લાખ વર્ષ અધિક હોય છે.

**૨૨૬** **दो चेव सागराइं, उक्कोसेण वियाहिया ।**
**सोहम्मम्मि जहण्णेणं, एगं च पलिओवमं ॥**

**ભાવાર્થ :–** સૌધર્મ દેવલોકમાં દેવોની સ્થિતિ જઘન્ય એક પલ્યોપમની અને ઉત્કૃષ્ટ બે સાગરોપમની છે.

**૨૨૭** **सागरा साहिया दुण्णि, उक्कोसेण वियाहिया ।**
**ईसाणम्मि जहण्णेणं, साहियं पलिओवमं ॥**

**શબ્દાર્થ :– ईसाणम्मि** = ઈશાન નામના બીજા દેવલોકમાં દેવોની **साहियं पलिओवमं** = એક પલ્યોપમથી કંઈક અધિક **साहिया दुण्णि सागरा** = બે સાગરોપમથી કંઈક અધિક **वियाहिया** = કહી છે.

**ભાવાર્થ :–** ઈશાન દેવલોકમાં દેવોની સ્થિતિ જઘન્ય સાધિક એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ સાધિક બે સાગરોપમની છે.

**૨૨૮** **सागराणि य सत्तेव, उक्कोसेण ठिई भवे ।**
**सणंकुमारे जहण्णेणं, दुण्णि उ सागरोवमा ॥**

**ભાવાર્થ :–** સનત્કુમાર દેવલોકમાં દેવોની સ્થિતિ જઘન્ય બે સાગરોપમની અને ઉત્કૃષ્ટ સાત સાગરોપમની છે.

**૨૨૯** **साहिया सागरा सत्त, उक्कोसेण ठिई भवे ।**
**माहिंदम्मि जहण्णेणं, साहिया दुण्णि सागरा ॥**

**ભાવાર્થ :–** માહેન્દ્ર દેવલોકમાં દેવોની સ્થિતિ જઘન્ય સાધિક બે સાગરોપમ અને ઉત્કૃષ્ટ સાધિક સાત સાગરોપમ છે.

**૨૩૦** **दस चेव सागराइं, उक्कोसेण ठिई भवे ।**
**बंभलोए जहण्णेणं, सत्त उ सागरोवमा ॥**

**ભાવાર્થ :–** બ્રહ્મલોક દેવલોકમાં દેવોની સ્થિતિ જઘન્ય સાત સાગરોપમની અને ઉત્કૃષ્ટ દશ સાગરોપમની હોય છે.

**૨૩૧** **चउद्दस सागराइं, उक्कोसेण ठिई भवे ।**
**लंतगम्मि जहण्णेणं, दस उ सागरोवमा ॥**

**ભાવાર્થ :–** લાંતક દેવલોકમાં દેવોની સ્થિતિ જઘન્ય દશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ચૌદ સાગરોપમ છે.

**૨૩૨** **सत्तरस सागराइं, उक्कोसेण ठिई भवे ।**
**महासुक्के जहण्णेणं, चउद्दस सागरोवमा ॥**

**ભાવાર્થ :–** મહાશુક્ર નામના સાતમા દેવલોકમાં દેવોની સ્થિતિ જઘન્ય ચૌદ સાગરોપમ અને ઉત્કૃષ્ટ સત્તર સાગરોપમ છે.

**૨૩૩** **अट्ठारस सागराइं, उक्कोसेण ठिई भवे ।**
**सहस्सारम्मि जहण्णेणं, सत्तरस सागरोवमा ॥**

**ભાવાર્થ :–** સહસ્રાર દેવલોકમાં દેવોની સ્થિતિ જઘન્ય સત્તર સાગરોપમ અને ઉત્કૃષ્ટ અઢાર સાગરોપમ છે.

२३४ सागरा अउणवीसं तु, उक्कोसेण ठिई भवे ।
आणयम्मि जहण्णेणं, अट्ठारस सागरोवमा ॥

**ભાવાર્થ :–** આણત દેવલોકમાં દેવોની સ્થિતિ જઘન્ય અઢાર સાગરોપમ અને ઉત્કૃષ્ટ ઓગણીસ સાગરોપમ છે.

२३५ वीसं तु सागराइं, उक्कोसेण ठिई भवे ।
पाणयम्मि जहण्णेणं, सागरा अउणवीसई ॥

**ભાવાર્થ :–** પ્રાણત દેવલોકમાં દેવોની સ્થિતિ જઘન્ય ઓગણીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ વીશ સાગરોપમ છે.

२३६ सागरा इक्कवीसं तु, उक्कोसेण ठिई भवे ।
आरणम्मि जहण्णेणं, वीसई सागरोवमा ॥

**ભાવાર્થ :–** આરણ દેવલોકમાં દેવોની સ્થિતિ જઘન્ય વીશ સાગરોપમની અને ઉત્કૃષ્ટ એકવીશ સાગરોપમ છે.

२३७ बावीसं सागराइं, उक्कोसेण ठिई भवे ।
अच्चुयम्मि जहण्णेणं, सागरा इक्कवीसई ॥

**ભાવાર્થ :–** અચ્યુત નામના બારમા દેવલોકમાં દેવોની સ્થિતિ જઘન્ય એકવીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ બાવીસ સાગરોપમ છે.

२३८ तेवीसं सागराइं, उक्कोसेण ठिई भवे ।
पढमम्मि जहण्णेणं, बावीसं सागरोवमा ॥

**ભાવાર્થ :–** (નવગ્રૈવેયક વિમાનોના) પ્રથમ ત્રિકના પ્રથમ ભદ્ર ગ્રૈવેયકના દેવોની સ્થિતિ જઘન્ય બાવીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રેવીસ સાગરોપમ છે.

२३९ चउवीसं सागराइं, उक्कोसेण ठिई भवे ।
बिइयम्मि जहण्णेणं, तेवीसं सागरोवमा ॥

**ભાવાર્થ :–** પ્રથમ ત્રિકના બીજા સુભદ્ર ગ્રૈવેયકના દેવોની સ્થિતિ જઘન્ય ત્રેવીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ચોવીસ સાગરોપમ છે.

२४० पणवीसं सागराइं, उक्कोसेणं ठिई भवे ।
तइयम्मि जहण्णेणं, चउवीसं सागरोवमा ॥

**ભાવાર્થ :–** પ્રથમ ત્રિકના ત્રીજા સુજાત ગ્રૈવેયકના દેવોની સ્થિતિ જઘન્ય ચોવીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ પચ્ચીસ સાગરોપમ છે.

२४१ छव्वीसं सागराइं, उक्कोसेण ठिई भवे ।
चउत्थम्मि जहण्णेणं, सागरा पणवीसई ॥

**ભાવાર્થ :–** બીજી ત્રિકના પ્રથમ સુમાનસ ગ્રૈવેયકના દેવોની સ્થિતિ જઘન્ય પચ્ચીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ છવ્વીસ સાગરોપમ છે.

२४२ सागरा सत्तवीसं तु, उक्कोसेण ठिई भवे ।
पंचमम्मि जहण्णेणं, सागरा उ छवीसई ॥

**ભાવાર્થ :–** બીજી ત્રિકના બીજા પ્રિયદર્શન ગ્રૈવેયકના દેવોની સ્થિતિ જઘન્ય છવ્વીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ સત્તાવીસ સાગરોપમ છે.

२४३ सागरा अट्ठवीसं तु, उक्कोसेण ठिई भवे ।
छट्ठम्मि जहण्णेणं, सागरा सत्तवीसई ॥

**ભાવાર્થ :–** બીજી ત્રિકના ત્રીજા સુદર્શન ગ્રૈવેયકના દેવોની સ્થિતિ જઘન્ય સત્તાવીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અટ્ઠાવીસ સાગરોપમ છે.

२४४ सागरा अउणतीसं तु, उक्कोसेण ठिई भवे ।
सत्तमम्मि जहण्णेणं, सागरा अट्ठवीसई ॥

**ભાવાર્થ :–** ત્રીજી ત્રિકના પ્રથમ અમોઘ ગ્રૈવેયકના દેવોની સ્થિતિ જઘન્ય અટ્ઠાવીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ઓગણત્રીસ સાગરોપમ છે.

२४५ तीसं तु सागराइं, उक्कोसेण ठिई भवे ।
अट्ठमम्मि जहण्णेणं, सागरा अउणतीसई ॥

**ભાવાર્થ :–** ત્રીજી ત્રિકના બીજા સુપ્રતિબદ્ધ ગ્રૈવેયકના દેવોની સ્થિતિ જઘન્ય ઓગણત્રીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રીસ સાગરોપમ છે.

२४६ सागरा इक्कतीसं तु, उक्कोसेण ठिई भवे ।
णवमम्मि जहण्णेणं, तीसई सागरोवमा ॥

**ભાવાર્થ :–** ત્રીજી ત્રિકના ત્રીજા યશોધર ગ્રૈવેયકના દેવોની સ્થિતિ જઘન્ય ત્રીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ એકત્રીસ સાગરોપમ છે.

२४७ तेत्तीसं सागराइं, उक्कोसेण ठिई भवे ।
चउसुं पि विजयाईसु, जहण्णेणेक्कतीसई ॥

**ભાવાર્થ :–** વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત, એ ચાર અનુત્તર વિમાનોના દેવોની સ્થિતિ જઘન્ય એકત્રીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમ છે.

२४८ अजहण्णमणुक्कोसा, तेत्तीसं सागरोवमा ।
महाविमाण सव्वट्ठे, ठिई एसा वियाहिया ॥

**ભાવાર્થ :–** સર્વાર્થસિદ્ધ મહાવિમાનના દેવોની અજઘન્ય અનુત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમ છે.

२४९ जा चेव उ आउठिई, देवाणं तु वियाहिया ।
सा तेसिं कायठिई, जहण्णुक्कोसिया भवे ॥

**ભાવાર્થ :–** જે દેવોની જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુ સ્થિતિ છે, તે જ તેમની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ છે.

**૨૫૦** **अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णयं ।**
**विजढम्मि सए काए, देवाणं हुज्ज अंतरं ॥**

**શબ્દાર્થ :– अणंतकालमुक्कोसं** = ઉત્કૃષ્ટ અનંતકાળ **सए** = પોતાની **काए** = કાયને છોડીને **विजढम्मि** = છોડી દેવાથી **देवाणं** = દેવોનું ફરીથી (દેવ) ગતિમાં આગમનનું **जहण्णयं** = જઘન્ય **अंतरं** = અંતર **अंतोमुहुत्तं** = અંતર્મુહૂર્ત **हुज्ज** = હોય છે.

**ભાવાર્થ :–** દેવોને સ્વકાયને છોડીને (દેવભવનું આયુષ્ય પૂરું કરીને બીજા ભવમાં આયુસ્થિતિ ભોગવ્યા પછી) ફરીથી દેવભવમાં ઉત્પન્ન થવાનું અંતર જઘન્ય અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટ અનંતકાળનું હોય છે.

**૨૫૧** **अणंतकालमुक्कोसं, वासपुहुत्तं जहण्णयं ।**
**आणयाईणं देवाणं, गेविज्जाणं तु अंतरं ॥**

**ભાવાર્થ :–** આણત આદિ દેવલોક અને નવગ્રૈવેયક વિમાનના દેવોનો અંતરકાલ જઘન્ય અનેક વર્ષનો અને ઉત્કૃષ્ટ અનંતકાળનો હોય છે.

**૨૫૨** **संखेज्जसागरुक्कोसं, वासपुहुत्तं जहण्णयं ।**
**अणुत्तराणं देवाणं, अंतरं तु वियाहिया ॥**

**ભાવાર્થ :–** અનુત્તર વિમાનવાસી દેવોનો અંતરકાળ જઘન્ય અનેક વર્ષ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા સાગરોપમનો છે.

**૨૫૩** **एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।**
**संठाणादेसओ वावि, विहाणाइं सहस्सओ ॥**

**ભાવાર્થ :–** આ દેવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો ભેદ થઈ જાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં દેવોના ભેદ-પ્રભેદ અને તેની સ્થિતિ આદિનું પ્રતિપાદન છે. દેવોના મુખ્ય ચાર ભેદ છે– ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવ.

**ભવનપતિ દેવ–** અધોલોકના ભવનોમાં રહેનારા દેવોને ભવનપતિ દેવ કહે છે. રત્નપ્રભાપૃથ્વીનો પૃથ્વીપિંડ એક લાખ એંસી હજાર(૧,૮૦,૦૦૦) યોજન જાડો છે. તેમાં ઉપર અને નીચે એક-એક હજાર યોજન છોડીને વચ્ચે એક લાખ અઠયોતેર હજાર(૧,૭૮,૦૦૦) યોજન ક્ષેત્રમાં પાથડા અને આંતરા છે. તેમાં તેર પાથડા(પ્રસ્તટ) અને બાર આંતરા છે. તે બાર આંતરામાંથી **ઉપરના બે આંતરા શૂન્ય છે.** નીચેના દશ આંતરમાં ક્રમશઃ દશ જાતિના ભવનપતિ દેવો રહે છે. તેના દશ નામ આ પ્રમાણે છે. યથા– અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, વાયુકુમાર અને સ્તનિતકુમાર. આ રીતે દશે જાતિના ભવનપતિદેવોના આવાસ અધોલોકમાં છે.

આ દશ જાતિના દેવોને **કુમાર** કહે છે કારણ કે તે દેવોની શરીર રચના સદા કુમાર જેવી જ રહે છે. તેઓ વસ્ત્રાભૂષણ સંબંધી શૃંગાર ક્રિયા પણ કુમારની જેમ કરે છે તથા તેમની ભાષા આદિ બધા વ્યવહાર કુમારની જેમ હોય છે, તેથી તેને **કુમાર** કહે છે.

**વ્યંતર દેવ**– (૧) **विविधमन्तरमाश्रय रुपं येषां ते व्यन्तर** । પર્વત, ગુફા, વનખંડ આદિમાં જેનો અંતર એટલે કે આશ્રય હોય, તે વ્યંતરદેવ કહેવાય છે. (૨) વનના અંતરમાં(મધ્યમાં) રહેનારા દેવ તે વ્યંતરદેવ.

**વ્યંતર દેવોનું સ્થાન :**– વ્યંતરદેવોના આવાસ તિરછાલોકમાં છે. રત્નપ્રભા પૃથ્વીનો ઉપરનો એક હજાર યોજનનો રત્નકાંડ છે; તેમાંથી સો જોજન નીચે અને સો જોજન ઉપરના છોડીને મધ્યના આઠસો જોજનમાં વ્યંતર દેવોના અસંખ્યાત નગર છે તથા દ્વીપ સમુદ્રોમાં તેની અસંખ્યાત રાજધાનીઓ છે. તેમની ઉત્પત્તિ પણ તે જ સ્થાનોમાં થાય છે.

**વ્યંતર દેવોના પ્રકાર :**– પ્રસ્તુત ગાથાઓમાં તેના આઠ પ્રકાર છે– ૧. પિશાચ ૨. ભૂત ૩. યક્ષ ૪. રાક્ષસ ૫. કિન્નર ૬. કિંપુરુષ ૭. મહોરગ ૮. ગંધર્વ.

શ્રી પન્નવણા સૂત્ર અને શ્રી ઉવવાઈ સૂત્રમાં વાણવ્યંતરના બીજા આઠ ભેદ આ પ્રમાણે કહ્યા છે– (૧) આણપન્ની (૨) પાણપન્ની (૩) ઈસિવાઈ (૪) ભૂયવાઈ (૫) કન્દે (૬) મહાકન્દે (૭) કુહુંડે (૮) પયંગદેવ.

શ્રી ભગવતી સૂત્ર શતક-૪, ઉદ્દેશક-૮માં વ્યંતર જાતિના ૧૦ જૃંભક દેવોના નામ આ પ્રમાણે છે– (૧) અન્ન જૃંભક (૨) પાન જૃંભક (૩) લયન જૃંભક (૪) શયન જૃંભક (૫) વસ્ત્ર જૃંભક (૬) પુષ્પ જૃંભક (૭) ફળ જૃંભક (૮) ફળ-પુષ્પ જૃંભક (૯) વિદ્યા જૃંભક (૧૦) અવ્યક્ત જૃંભક.

આ રીતે કુલ ૮ + ૮ + ૧૦ = ૨૬ વ્યંતર દેવો છે. તેમ છતાં શાસ્ત્રકાર મુખ્યતાની અપેક્ષાવાળા વર્ણનમાં આઠ જ ભેદ કહે છે. આણપન્ની આદિ આઠ જાતિના વ્યંતર અને ૧૦ જાતિના જૃંભક દેવો વ્યંતર દેવોના આઠ મુખ્ય ભેદના કોઈ પણ ભેદમાં સમાવિષ્ટ થાય છે, તેમ સમજવું જોઈએ.

વ્યંતર દેવો બહુ ચપળ, ચંચળ ચિત્તવાળા હોય છે તથા હાસ્ય અને ક્રીડા-પ્રિય હોય છે. તેઓ સદા વિવિધ પ્રકારના આભૂષણોથી પોતાના શરીરને શણગારવામાં અને વિવિધ ક્રીડાઓ કરવામાં મગ્ન રહે છે.

**જ્યોતિષીદેવ**– જે દેવોના વિમાન પ્રકાશયુક્ત છે અને આ તિરછા લોકમાં પ્રકાશ કરે છે; તેમાં ઉત્પન્ન થતા અને રહેનારા દેવોને જ્યોતિષી દેવ કહે છે. તે દેવો પોતાના વિમાન અને સ્વસ્વભાવની અપેક્ષાએ બે પ્રકારના છે– (૧) ચર–ગતિશીલ અને (૨) અચર– ગતિ રહિત. અઢીદ્વીપની અંદરના જ્યોતિષી દેવોના વિમાન ચર છે અને અઢીદ્વીપની બહાર જ્યોતિષી દેવો સ્થિર છે. અઢીદ્વીપમાં જ્યોતિષી વિમાન અને જ્યોતિષી દેવ સંખ્યાત છે તથા અઢીદ્વીપ બહાર અસંખ્ય દ્વીપ સમુદ્રોમાં વિમાન અને દેવ અસંખ્યાત છે.

જંબૂદ્વીપમાં બે ચંદ્ર, બે સૂર્ય, છપ્પન નક્ષત્ર, એકસો છોંતેર ગ્રહ અને એક લાખ તેંત્રીસ હજાર નવસો પચાસ(૧,૩૩,૯૫૦) ક્રોડાક્રોડી તારા છે. આ બે ચંદ્ર, બે સૂર્યનો પરિવાર છે. લવણ સમુદ્રમાં ચાર, ધાતકીખંડ દ્વીપમાં બાર, કાલોદધિ સમુદ્રમાં બેંતાલીસ અને અર્ધપુષ્કર દ્વીપમાં બોંતેર ચંદ્ર-સૂર્યનો પરિવાર છે. આ રીતે અઢીદ્વીપમાં સર્વ મળીને ૧૩૨ ચંદ્ર અને ૧૩૨ સૂર્ય પોતાના પરિવાર સહિત ગતિ કરી રહ્યા છે. છે. એક ચંદ્ર-સૂર્યનો પરિવાર ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ અને ૬૬,૯૭૫ ક્રોડાક્રોડી તારા છે. આ બધા જ્યોતિષી મેરુ પર્વતની પ્રદક્ષિણા કરતા ફરે છે. ચંદ્રથી સૂર્ય, સૂર્યથી ગ્રહ, ગ્રહથી નક્ષત્ર અને નક્ષત્રથી તારા શીઘ્ર ગતિવાળા છે અને ઋદ્ધિની અપેક્ષાએ તે ક્રમશઃ અલ્પ ઋદ્ધિવાળા છે.

મધ્યલોકમાં સમભૂમિ ભાગથી ઉપર ૭૯૦ જોજન પછીથી લઈને ૯૦૦ જોજન સુધીના **૧૧૦ જોજન** ક્ષેત્રમાં જ્યોતિષી દેવોના વિમાન છે. તેમાં મુખ્ય રીતે સમભૂમિથી ૮૦૦ જોજન ઉપર સૂર્યનું વિમાન છે, સમભૂમિથી ૮૮૦ જોજન ઉપર ચંદ્રનું વિમાન છે. ગ્રહ-નક્ષત્ર અને તારાના વિમાનો ઉપરોક્ત ૧૧૦ યોજનમાં સર્વત્ર ફેલાયેલા છે.

ચર જ્યોતિષી દેવોની ગતિના કારણે કાળના વિભાગ : દિવસ, રાત્રિ, કલાક, મિનિટ, સેકન્ડ તેમજ માસ, વર્ષ વગેરે થાય છે અને તેનાથી આયુષ્યનું પરિમાણ માપવામાં આવે છે. અઢીદ્વીપનું આખું જ્યોતિષ મંડલ મેરુ પર્વતની પ્રદક્ષિણા કરે છે.

**વૈમાનિક દેવ–** જે દેવો જ્યોતિષી દેવોથી અસંખ્યાતા ક્રોડાક્રોડી જોજન ઉચ્ચપણે જતાં પોતાના દેવલોકોમાં વિમાનમાં રહે છે, તેથી તેઓ વૈમાનિક દેવ કહેવાય છે. તેમના વિમાનો રત્નોના બનેલા સ્વચ્છ, કોમળ, સ્નિગ્ધ, નિર્મળ, નિષ્કંપ હોય છે તથા તે પ્રભા, શોભા અને ઉદ્યોત સહિત, ચિત્તને પ્રસન્ન કરે તેવા દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હોય છે.

**વૈમાનિક દેવોના સ્થાન–** જ્યોતિષી દેવોના વિમાનોથી અસંખ્યાત ક્રોડાક્રોડી યોજન ઊંચે પહેલો સૌધર્મ અને બીજો ઈશાન દેવલોક છે. તે બંને અર્ધચંદ્રકારે છે. બંને મળીને પૂર્ણ ચંદ્રકાર થાય છે, પહેલા દેવલોકમાં બત્રીસ લાખ(૩૨,૦૦,૦૦૦) અને બીજા દેવલોકમાં અઠ્યાવીસ લાખ(૨૮,૦૦,૦૦૦) વિમાનો છે. ત્યાંથી અસંખ્યાત ક્રોડા ક્રોડી યોજન ઊંચે ત્રીજો સનત્કુમાર અને ચોથો માહેન્દ્ર દેવલોક છે. તે બંને અર્ધ ચંદ્રકારે છે, બંને મળીને પૂર્ણ ચંદ્રકાર થાય છે. ત્રીજા દેવલોકમાં બાર લાખ, ચોથા દેવલોકમાં આઠ લાખ વિમાનો છે. ત્યાંથી અસંખ્યાત ક્રોડાક્રોડી યોજન ઊંચે ક્રમશઃ પાંચમો બ્રહ્મલોક, છઠ્ઠો લાંતક, સાતમો મહાશુક્ર અને આઠમો સહસ્રાર દેવલોક છે અને ક્રમશઃ એક બીજાની ઉપર છે. તે પૂર્ણ ચંદ્રકારે છે. તેમાં ક્રમશઃ ચાર લાખ(૪,૦૦,૦૦૦) પચ્ચાસ હજાર(૫૦,૦૦૦),ચાલીસ હજાર(૪૦,૦૦૦), છ હજાર(૬,૦૦૦) વિમાનો છે. ત્યાંથી અસંખ્યાત ક્રોડાક્રોડી યોજન ઊંચે નવમો આણત અને દશમો પ્રાણત દેવલોક છે. તે બંને અર્ધ ચંદ્રકારે છે. બંને મળીને પૂર્ણ ચંદ્રકારે થાયછે. બંનેમાં મળીને ચારસો(૪૦૦)વિમાનો છે. ત્યાંથી અસંખ્યાત ક્રોડાક્રોડી યોજન ઊંચે અગિયારમો આરણ અને બારમો અચ્યુત દેવલોક છે. બંને અર્ધચંદ્રકારે છે. બંને મળીને પૂર્ણ ચંદ્રકારે થાય છે. બંનેમાં મળીને ત્રણસો વિમાનો છે. બારમા દેવલોકથી અસંખ્યાત ક્રોડાક્રોડી યોજન ઊંચે ત્રણ-ત્રણની ત્રણ ત્રિકમાં નવ ગ્રૈવેયક વિમાનો છે. પ્રથમ ત્રિકમાં ૧૧૧, બીજી ત્રિકમાં ૧૦૭, ત્રીજી ત્રીકમાં ૧૦૦ વિમાનો છે. પાંચ અનુત્તર વિમાનમાં બીજા વિમાનો નથી તે પાંચ જ વિમાન છે. આ રીતે કુલ ૮૪,૯૭,૦૨૩(ચોરાસી લાખ, સતાણું હજાર, ત્રેવીસ) વૈમાનિક દેવોના વિમાનો છે.

નવ ગ્રૈવેયક સુધીના વિમાનોમાં કેટલાક વિમાનો સંખ્યાત યોજન અને કેટલાક વિમાનો અસંખ્યાત યોજન વિસ્તૃત છે. સર્વાર્થસિદ્ધ વિમાન એક લાખ યોજન વિસ્તૃત અને શેષ ચાર અનુત્તર વિમાનો અસંખ્યાત યોજન વિસ્તૃત છે.

પહેલા દેવલોકના વિમાનોથી બીજા દેવલોકના વિમાનો તે રીતે ઉપર-ઉપરના વિમાનો વર્ણાદિની અપેક્ષાએ અનંતગુણા શ્રેષ્ઠ છે. તે વૈમાનિક દેવોના મુખ્ય બે ભેદ છે– કલ્પોપન્નક દેવ અને કલ્પાતીત દેવ.

**કલ્પોપપન્ન દેવો :–** કલ્પનો અર્થ છે મર્યાદા અર્થાત્ જે દેવોમાં સ્વામી-સેવક, નાના-મોટા, ઈન્દ્ર, સામાનિક આદિની મર્યાદા હોય છે, તેને કલ્પોપપન્ન દેવ કહે છે.

**(૧) ઈન્દ્ર :–** સ્વામી, અધિપતિ, ઐશ્વર્યવાન્ આદિ ઈન્દ્રની પદવીથી અભિષેક કરેલા. આ દેવ પોતાના દેવ સમૂહના સ્વામી હોય છે. તેનું ઐશ્વર્ય સર્વાધિક હોય છે અને સર્વ દેવો તેની આજ્ઞામાં રહે છે. **(૨) સામાનિક :–** આયુ આદિમાં જે ઈન્દ્રની સમાન હોય છે પરંતુ તે ઈન્દ્રપણામાં હોતા નથી અને તે ઈન્દ્રના અધિનસ્થ ઋદ્ધિ સંપન્ન દેવો છે. **(૩) ત્રાયસ્ત્રિંશ :–** આ દેવ ઈન્દ્રના પુરોહિત અથવા મંત્રી રૂપ હોય છે. તેઓ માતા અને ગુરુ સમાન પૂજ્ય ગણાય છે, તેનું બીજું નામ દોગુન્દક દેવ છે. પ્રત્યેક ઈન્દ્રને

૩૩-૩૩ ત્રાયત્રિંશક દેવ હોય છે. તે દેવો તેત્રીસની સંખ્યામાં હોવાથી ત્રાયસ્ત્રિંશક દેવ કહેવાય છે. **(૪) પરિષદ :–** તે ઈન્દ્રના મિત્ર સમાન, ઈન્દ્રની સભાના સભાસદ હોય છે. આ પરિષદો ત્રણ પ્રકારની હોય છે– (૧) આભ્યંતર (૨) મધ્યમ (૩) બાહ્ય. **(૫) આત્મરક્ષક :–** આ દેવ હાથમાં શસ્ત્ર લઈને ઈન્દ્રની પાછળ ઊભા રહે છે. જોકે ઈન્દ્રને કોઈ તકલીફ કે અનિષ્ટ થવાની સંભાવના નથી તો પણ આત્મરક્ષક દેવ પોતાનું કર્તવ્ય પાલન કરવા માટે ઊભા રહે છે. **(૬) લોકપાલ :–** સીમાનું રક્ષણ કરનારા દેવ લોકપાલ કહેવાય છે. **(૭) અનીક :–** અનીકનો અર્થ છે સેના. આ શબ્દથી સેનાપતિ અને સેના બન્ને પ્રકારના દેવો સમજવા જોઈએ. **(૮) પ્રકીર્ણક :–** નગર નિવાસીની જેમ સામાન્ય દેવ. **(૯) આભિયોગિક :–** સેવા કરનારા સેવક, આદેશ અનુસાર કાર્ય કરનારા ખાસ કર્મચારી દેવ. **(૧૦) કિલ્વિષી :–** હલકીકોટીના દેવ. તેના નિવાસરૂપ વિમાન, સર્વ દેવોથી બહારના વિભાગમાં જુદા હોય છે.

ભવનપતિ અને વૈમાનિક દેવોમાં આ દશ ભેદ હોય છે. વાણવ્યંતર અને જ્યોતિષી દેવોમાં ત્રાયસ્ત્રિંશ તથા લોકપાલ એ બે ભેદ હોતા નથી. બાકીના આઠ ભેદ હોય છે.

કલ્પોપપન્નક દેવોના બાર ભેદ છે. યથા– સૌધર્મ, ઈશાન આદિ બાર દેવલોક. તે તે દેવલોકના દેવો તે-તે કલ્પના નામે ઓળખાય છે.

**કલ્પાતીત–** જે દેવોમાં સ્વામી-સેવક, નાના-મોટાની મર્યાદા હોતી નથી. સર્વ દેવો એક સમાન કક્ષાના જ હોય છે. સર્વ દેવો પોતાને અહમિન્દ્ર માને છે, તે દેવોને કલ્પાતીત દેવ કહે છે. તેના બે ભેદ છે– ગ્રૈવેયક અને અનુત્તર વિમાન વાસી.

**ગ્રૈવેયક દેવો :–** જે લોકપુરુષની આકૃતિમાં ગ્રીવા સ્થાને હોય છે તે દેવલોકોનું નામ ગ્રૈવેયક વિમાન છે. તેમાં રહેનારા દેવ ગ્રૈવેયક દેવ કહેવાય છે. તેના નવ પ્રકાર ગાથાર્થથી સ્પષ્ટ છે.

**અનુત્તર વિમાનવાસી દેવો :–** જેનાથી ઉત્તર એટલે અધિક સ્થિતિ, પ્રભાવ, સુખ, દ્યુતિ અને લેશ્યાદિ અન્ય દેવોમાં નથી તેને અનુત્તર વિમાનવાસી દેવો કહે છે.

અનુત્તર વિમાનના વૈમાનિક દેવો પ્રાયઃ શાતાવેદનીય કર્મના ઉદયે વિશેષ શાતાનો અનુભવ કરે છે. સર્વાર્થસિદ્ધ વિમાનના સર્વ દેવો એક મનુષ્યનો ભવ કરી મોક્ષે જાય છે. બાર દેવલોક, નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન; આ સર્વ સ્થાનોમાં અસંખ્ય અસંખ્ય દેવોના નિવાસ છે. એક સર્વાર્થ સિદ્ધ વિમાનમાં સંખ્યાતા દેવોનો નિવાસ હોય છે.

**ભવસ્થિતિ :–** સર્વ દેવોની ભવસ્થિતિ ભાવાર્થમાં સ્પષ્ટ છે. ભવનપતિદેવોમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ઉત્તરદિશાના અધિપતિ બલીન્દ્રની અપેક્ષાએ છે અને જઘન્ય ૧૦,૦૦૦ વર્ષની સ્થિતિ સર્વ સામાન્ય દેવોની અપેક્ષાએ છે. જ્યોતિષી દેવોમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ચન્દ્રદેવની અપેક્ષાએ અને જઘન્ય સ્થિતિ તારાદેવની અપેક્ષાએ છે. પ્રથમ દેવલોકથી બારમા દેવલોક સુધીના દેવોમાં ઉત્કૃષ્ટ સ્થિતિ તે-તે સ્થાનના ઈન્દ્ર, સામાનિક આદિ દેવોની અપેક્ષાએ હોય છે.

**કાયસ્થિતિ–** દેવો મરીને દેવ થતા નથી તેથી તેઓની કાયસ્થિતિ થતી નથી. માટે સૂત્રકારે તેઓની ભવસ્થિતિને જ કાયસ્થિતિ રૂપે દર્શાવી છે અર્થાત્ દેવોની સ્થિતિ જેટલી જ કાયસ્થિતિ હોય છે.


**દેવોનું અંતર–** આ ગાથાઓમાં સર્વ પ્રથમ ચારે જાતિના દેવોનું સમુચ્ચય અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાલનું કહ્યું છે. ત્યાર પછી વિશેષ અંતર પણ દર્શાવ્યું છે. તેથી ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી

અને આઠમા દેવલોક સુધીના વૈમાનિક દેવોનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળનું હોય છે. અંતર્મુહૂર્તની સ્થિતિવાળા સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને આ સર્વ સ્થાનોમાં જાય છે અને આઠ દેવલોક સુધીના સર્વ દેવો સંજ્ઞી તિર્યંચમાં ઉત્પન્ન થાય છે ત્યારે જઘન્ય અંતર્મુહૂર્તની સ્થિતિ પામે છે. તે જીવ અંતર્મુહૂર્તમાં તિર્યંચનો ભવ પૂર્ણ કરી ફરી દેવલોકમાં ઉત્પન્ન થાય, તો ભવનપતિ આદિનું જઘન્ય અંતર્મુહૂર્તનું અંતર થાય છે અને તે જીવ ભવભ્રમણ કરતાં-કરતાં નિગોદમાં જાય, ત્યાં અનંતકાલ પસાર કરી, પુનઃ કયારેક ભવનપતિ આદિ દેવોમાં ઉત્પન્ન થાય, તો ઉત્કૃષ્ટ અનંતકાલનું અંતર થાય છે.

**નવમા દેવલોકથી નવ ગ્રૈવેયક** સુધીના દેવોનું અંતર જઘન્ય અનેક વર્ષ, ઉત્કૃષ્ટ અનંતકાલનું છે. તે દેવલોકમાં અનેક વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો જ ઉત્પન્ન થાય છે અને તે દેવો પણ ગર્ભજ મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. તે દેવો મનુષ્ય ભવમાં ઓછામાં ઓછી અનેક વર્ષની સ્થિતિ પ્રાપ્ત કરે છે. તે સ્થિતિ પૂર્ણ કરી નવમા દેવલોકમાં ઉત્પન્ન થાય, તો તેનું જઘન્ય અંતર અનેક વર્ષનું થાય છે. ઉત્કૃષ્ટ અનંતકાલનું અંતર નિગોદ આદિના ભવ ભ્રમણની અપેક્ષાએ પૂર્વવત્ થાય છે.

**ચાર અનુત્તર વિમાનના** દેવોનું અંતર જઘન્ય અનેક વર્ષ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા સાગરોપમનું છે. તેમાં જઘન્ય અનેક વર્ષનું અંતર નવમા દેવલોકના દેવોની જેમ સમજવું. અનુત્તર વિમાનના દેવો અનંત સંસાર પરિભ્રમણ કરતા નથી. તે દેવો પંદર ભવ કરીને જ મોક્ષે જાય છે તેથી તેનું ઉત્કૃષ્ટ અંતર સંખ્યાતા સાગરોપમનું થાય છે.

**સર્વાર્થસિદ્ધ વિમાનના** દેવો એક ભવ મનુષ્યનો કરીને મોક્ષ જાય છે ફરીથી તે સ્થાનમાં ઉત્પન્ન થતા નથી અને ભવ ભ્રમણ કરતા નથી, તેથી તેનું અંતર નથી. અહીં અનુત્તર વિમાનના દેવોના સમુચ્ચય અંતરનું કથન હોવાથી સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોનું પૃથક્ કથન નથી.




[પ્રત્યેક દેવોના પર્યાપ્ત–અપર્યાપ્ત, તે બે–બે ભેદ થાય છે.]

**જીવ–અજીવનો ઉપસંહાર :–**

**૨૫૪** **संसारत्था य सिद्धा य, इय जीवा वियाहिया ।**
**रूविणो चेव अरूवी य, अजीवा दुविहा वि य ॥**

**ભાવાર્થ :–** આ રીતે સંસારી અને સિદ્ધના ભેદથી જીવોનું તથા રૂપી અને અરૂપીના ભેદથી બે પ્રકારના અજીવ પદાર્થોનું કથન કર્યું છે.

**૨૫૫** **इय जीवमजीवे य, सोच्चा सद्दहिऊण य ।**
**सव्व णयाणमणुमए, रमेज्ज संजमे मुणी ॥**

**શબ્દાર્થ :–** **इय** = આ પ્રકારે **जीवं** = જીવ **अजीवे** = અજીવના, સ્વરૂપને, **सोच्चा** = સાંભળીને **सद्दहिऊण** = તેના ઉપર દઢ શ્રદ્ધા કરીને **मुणी** = મુનિ **सव्वणयाणं** = સર્વ નયોથી **अणुमए** = અનુમત **संजमे** = સંયમમાં **रमेज्ज** = રમણ કરે.

**ભાવાર્થ :–** આ પ્રકારે જીવ અને અજીવના સ્વરૂપને સાંભળીને તથા તેની દઢ શ્રદ્ધા કરીને મુનિ સર્વ નયોથી એટલે સર્વ અપેક્ષાએ મોક્ષ સાધના માટે અનુમત એવા સંયમમાં રમણ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં **जीवाजीवविभत्ति**નો અર્થાત્ જીવ અને અજીવના વર્ણનનો ઉપસંહાર છે. આ અધ્યયનમાં જીવ અને અજીવ તત્ત્વનું વિસ્તૃત વર્ણન છે. તેનું સમ્યગ્જ્ઞાન અને શ્રદ્ધા કરીને, સાધક મોક્ષની સાધના માટે સમ્યક્ ચારિત્રમાં પુરુષાર્થ કરે, તે જ આ વર્ણનનું પ્રયોજન છે.

સૂત્રકારના ઉપરોક્ત કથનથી સ્પષ્ટ થાય છે કે ચારિત્રના પાલન માટે જ્ઞાન અને શ્રદ્ધા અનિવાર્ય છે. જ્ઞાન-દર્શનપૂર્વકનું ચારિત્ર જ સમ્યક્ ચારિત્ર બને છે.

**सव्वणयाणमणुमए–** સર્વ નયોથી, સર્વ અપેક્ષાથી અનુમત. આ વિશેષણનો પ્રયોગ શાસ્ત્રકારે સંયમ માટે કર્યો છે. વાસ્તવમાં સંયમ અનેક કે સર્વ અપેક્ષાઓથી મોક્ષ પ્રાપ્તિ માટે શ્રેષ્ઠ સાધન છે તેથી તે સર્વનયાનુમત છે.

**સંક્ષેપમાં–** મોક્ષ સાધક આત્માઓ જીવ અને અજીવ તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરી, તેના પર દઢ શ્રદ્ધા કરી, મોક્ષના શ્રેષ્ઠ સાધનભૂત ચારિત્રનો સ્વીકાર કરી, તપ સંયમમાં પુરુષાર્થ કરી સિદ્ધ ગતિને પ્રાપ્ત કરે છે. શાસ્ત્રકારે આ અધ્યયનમાં જીવાજીવના સમ્યગ્ જ્ઞાનનું મહત્ત્વ દર્શાવીને, અંતે આ બે ગાથાઓ દ્વારા શ્રદ્ધાપૂર્વક સંયમ-તપમાં લીન બનવાની પ્રેરણા આપી છે.

**સંલેખના :–**

**૨૫૬** **तओ बहूणि वासाणि, सामण्णमणुपालिया ।**
**इमेण कम्मजोगेण, अप्पाणं संलिहे मुणी ॥**

**શબ્દાર્થ :–** **तओ** = ત્યાર પછી **बहूणि** = ઘણા **वासाणि** = વર્ષો સુધી **सामण्णं** = શ્રમણ પર્યાયનું **अणुपालिया** = પાલન કરીને **मुणी** = મુનિ **इमेण** = આગળ કહેવામાં આવશે તે **कम्मजोगेण** = ક્રમયોગથી, તપથી **अप्पाणं** = પોતાના આત્માની, **संलिहे** = સંલેખના કરે– દ્રવ્યથી શરીરને અને ભાવથી ક્રોધાદિ કષાયને પાતળા કરે.

**ભાવાર્થ :–** ત્યાર પછી ઘણા વર્ષો સુધી સંયમનું પાલન કરીને આ ક્રમયોગથી હવે પછીની ગાથાના વર્ણન મુજબ મુનિ સંલેખના કરે અર્થાત્ શરીર અને કષાયોને કૃશ કરવાની સાધના કરે.

**૨૫૭** **बारसेव उ वासाइं, संलेहुक्कोसिया भवे ।**
**संवच्छरं मज्झिमिया, छम्मासा य जहण्णिया ॥**

**શબ્દાર્થ :–** **उक्कोसिया** = ઉત્કૃષ્ટ **संलेहा** = સંલેખના **बारसेव** = બાર **वासाइं** = વર્ષોની **मज्झिमिया** = મધ્યમ **संवच्छरं** = સંવત્સર, એક વર્ષની **जहण्णिया** = જઘન્ય **छम्मासा** = છ માસની **भवे** = હોય છે.

**ભાવાર્થ :–** સંલેખનાની આરાધના ઉત્કૃષ્ટ ૧૨ વર્ષની, મધ્યમ ૧ વર્ષની અને જઘન્ય ૬ મહિનાની હોય છે.

**૨૫૮** **पढमे वासचउक्कम्मि, विगई णिज्जूहणं करे ।**
**बिइए वासचउक्कम्मि, विचित्तं तु तवं चरे ॥**

**શબ્દાર્થ :–** **पढमे** = પ્રથમના **वासचउक्कम्मि** = ચાર વર્ષમાં **विगई णिज्जूहणं** = ઘી, દૂધ આદિ વિગયોનો ત્યાગ **करे** = કરે **बिइए** = બીજા **विचित्तं** = વિચિત્ર, જુદી જુદી જાતનું **तवं** = તપનું **चरे** = આચરણ કરે.

**ભાવાર્થ :–** [ઉત્કૃષ્ટ બાર વર્ષની સંલેખનામાં] પ્રથમના ચાર વર્ષોમાં વિગયનો(ઘી, દૂધ આદિ ગરિષ્ટ ભોજનનો) ત્યાગ કરે અને બીજા ચાર વર્ષમાં વિવિધ પ્રકારની તપશ્ચર્યાનું અનુષ્ઠાન કરે.

**૨૫૯** **एगंतरमायामं, कट्टु संवच्छरे दुवे ।**
**तओ संवच्छरद्धं तु, णाइविगिट्ठं तवं चरे ॥**

**શબ્દાર્થ :–** **दुवे** = બે **संवच्छरे** = સંવત્સર, વર્ષ સુધી **एगंतरं** = એકાંતર ઉપવાસ અને પારણાના દિવસે **आयामं** = આયંબિલ **कट्टु** = કરીને પછી **संवच्छरद्धं** = અર્ધ સંવત્સર, છ મહિના સુધી **अइविगिट्ठं** = અતિ વિકટ **तवं** = તપ **ण चरे** = ન કરે, અઠ્ઠમ, છકાઈ આદિ ન કરે.

**ભાવાર્થ :–** (સંલેખનાના આરાધક) બે વર્ષ સુધી એકાંતર ઉપવાસની તપશ્ચર્યા અને પારણામાં આયંબિલ તપ કરે. પછીના છ માસ સુધી કોઈ વિકટ(અઠમ, છકાઈ, અઠ્ઠાઈ આદિ) તપસ્યા ન કરે.

**૨૬૦** **तओ संवच्छरद्धं तु, विगिट्ठं तु तवं चरे ।**
**परिमियं चेव आयामं, तम्मि संवच्छरे करे ॥**

**શબ્દાર્થ :–** **परिमियं** = પરિમિત પદાર્થોથી, ઓછામાં ઓછા દ્રવ્યોથી, એક, બે દ્રવ્યોથી જ **तम्मि** = ત્રીજા વર્ષે, અગિયારમા વર્ષમાં **आयामं** = આયંબિલ તપ.

**ભાવાર્થ :–** પછી (સંલેખના આરાધક) ત્રીજા સંવત્સરના બાકીના છ માસ સુધી વિકટ તપનું અનુષ્ઠાન કરે. તે આખા વર્ષે તપના પારણામાં પરિમિત(એક-બે) દ્રવ્યોથી આયંબિલ કરે.

**૨૬૧** **कोडीसहियमायामं कट्टु संवच्छरे मुणी ।**
**मासद्धमासिएणं तु, आहारेणं तवं चरे ॥**

**શબ્દાર્થ :–** **कोडीसहियं** = કોટી સહિત, નિરંતર **आयामं** = આયંબિલ તપ **मासद्धमासिएणं** = એક માસ અથવા અર્ધા માસ સુધી **आहारेणं** = આહારનો ત્યાગ કરીને.

**ભાવાર્થ :–** મુનિ બારમા વર્ષમાં એક વર્ષ પર્યંત નિરંતર આયંબિલ કરે અને ત્યાર પછી યોગ્ય સમયાનુસાર એક માસનો કે પંદર દિવસનો આહાર ત્યાગ કરી, અનશન વ્રત ધારણ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં સૂત્રકારે સંલેખનાનું સ્વરૂપ, તેની કાલમર્યાદા અને તેના કૃત્યોનું વિસ્તૃત વર્ણન કર્યું છે.

સાધકનું અંતિમ લક્ષ્ય મોક્ષ પ્રાપ્તિનું હોય છે. તેના લક્ષે જ તે સમગ્ર સાંસારિક ભાવોનો ત્યાગ કરીને, સંયમનો સ્વીકાર કરી સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના કરે છે. શરીર જડ અને આત્માથી ભિન્ન હોવા છતાં સાધના કરવા માટેનું સાધન છે. તેથી તેનો ત્યાગ થઈ શકતો નથી.

પરંતુ જ્યારે શરીરરૂપ સાધન સાધનામાં સહાયક બનતું ન હોય, ત્યારે સાધકને શરીરનો પણ સ્વેચ્છાથી ત્યાગ કરીને પંડિતમરણનો સ્વીકાર કરી જીવન સફળ બનાવવું આવશ્યક થાય છે.

શરીરની આસક્તિને છોડવા માટે વિવિધ પ્રકારના તપ દ્વારા સાધકે તેનો અભ્યાસ કરે છે. જો પૂર્વે તથાપ્રકારનો અભ્યાસ ન કર્યો હોય, તો અંતિમ સમયે તે કાર્ય કઠિન બની જાય છે. સંલેખના, તે પંડિત મરણની પૂર્વ તૈયારીરૂપ છે.

**સંલેખના–** જે અનુષ્ઠાન દ્વારા દ્રવ્યથી શરીર અને ભાવથી કષાય કૃશ થઈ જાય, તેનું નામ સંલેખના છે. તે પંડિત મરણ માટે પૂર્વ સાધના છે. તેનો ઉત્કૃષ્ટ આરાધના કાલ બાર વર્ષનો, મધ્યમ એક વર્ષનો અને જઘન્ય છ માસનો છે. મુમુક્ષુ સાધકને જે સમયે આયુષ્યના અંતિમ સમયનો આભાસ નિશ્ચય થઈ જાય તે સમયે અનશનાદિ દ્વારા શરીરને અને ઉપશમાદિ ભાવો દ્વારા કષાયોને કૃશ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેને માટે સંલેખનાનું વિધાન છે.

**સંલેખનાના કૃત્યો–** પ્રસ્તુત વર્ણનમાં સૂત્રકારે ઉત્કૃષ્ટ બાર વર્ષની સંલેખનાની અપેક્ષાએ તેના કૃત્યોનું કથન કર્યું છે. તેના ચાર-ચાર વર્ષના ત્રણ વિભાગ કરીને પ્રથમના ચાર વર્ષોમાં ઘી, દૂધ, દહીં આદિ વિગય અને વિગય યુક્ત પદાર્થનો પરિત્યાગ કરવો તથા બીજા ચાર વર્ષોમાં ઉપવાસ આદિ વિવિધ પ્રકારના તપોનું આચરણ કરવું જોઈએ તથા ઉપવાસના પારણામાં પણ વિગયવાળા પદાર્થોનો ત્યાગ કરવો જોઈએ.

ત્રીજા ચતુષ્કમાં એટલે છેલ્લા ચાર વર્ષમાં બે વર્ષ પર્યંત એકાંતર ઉપવાસ કરે, ઉપવાસના પારણાના દિવસે આયંબિલ કરે.

આ રીતે દશ વર્ષ પૂરા થઈ જાય, પછી છ માસ સુધી વિશ્રામાર્થ સાધારણ તપસ્યા કરે, તેમાં કોઈ વિકટ તપનું અનુષ્ઠાન ન કરે.

દશ વર્ષ અને છ માસ પછી અગિયારમાં વર્ષના બાકીના છ માસમાં વિકટ તપસ્યા કરે અને પારણામાં પરિમિત પદાર્થોથી આયંબિલ કરે.

જ્યારે અગિયારમું વર્ષ પૂરું થાય ત્યારે બારમાં વર્ષમાં એક વર્ષ પર્યંત કોટિ સહિત એટલે નિરંતર આયંબિલ કરે.

આ રીતે બારમા વર્ષે સંલેખના વિધિ પૂર્ણ થાય ત્યારે મુનિ એક માસ કે પંદર દિવસનું આજીવન અનશન કરે એટલે સંથારાની સાધના કરે. તેમાં યથાયોગ્ય પાદપોપગમન કે ભક્ત પ્રત્યાખ્યાન

પંડિતમરણનો સ્વીકાર કરે. આ રીતે સંલેખનાના અભ્યાસની પરિપક્વતા પછી સ્વીકારેલા અનશન તપમાં સાધક વિશેષ અપ્રમત્ત અને જાગૃત રહી શકે છે.

અહીં ઉત્કૃષ્ટ ૧૨ વર્ષની સંલેખના માટેના તપનો ક્રમ દર્શાવ્યો છે. છતાં જઘન્ય છ માસની અને મધ્યમ એક વર્ષની જે સંલેખના કહી છે, તેના માટે તપનો ક્રમ, આ ક્રમના આધારે સ્વતઃ સમજી લેવો જોઈએ.

આ રીતે જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ, તે ત્રણે પ્રકારની નિશ્ચિત્ત અવધિવાળી સંલેખના કે સંથારાની સાધના વિશિષ્ટ જ્ઞાની પુરુષોના સાંનિધ્યમાં કે તેમની આજ્ઞાપૂર્વક જ થાય છે. જ્યારે વિશિષ્ટ જ્ઞાનીઓનો સંયોગ ન હોય, ત્યારે સાધક પોતાના ગુરુ અથવા રત્નાધિક અનુભવી સંતોના આદેશ અનુસાર અલ્પ કે અધિક દિવસોની, માસની કે વર્ષની સંલેખના કરી શકે છે. ક્યારેક કોઈ અણધારી પરિસ્થિતિમાં આયુષ્યનો અંત અતિ નિકટ જણાય, ત્યારે સંલેખનાની સાધના કર્યા વિના પણ યાવજ્જીવનનો સંથારો કરી શકાય છે. વાસ્તવિક રીતે તો સાધક જીવનની પ્રત્યેક ક્ષણ, સંલેખના રૂપ જ હોય છે.

સંક્ષેપમાં સાધકોએ પોતાની યોગ્યતા અનુસાર સમયને ઓળખીને જીવનની અંતિમ આરાધના, સંલેખના અને સંથારા દ્વારા કરવી જોઈએ.

**પાંચ દુર્ગતિક ભાવનાઓ :–**

**૨૬૨** **कंदप्पमाभिओगं, किव्विसियं मोहमासुरत्तं च ।**
**एयाओ दुग्गईओ, मरणम्मि विराहिया होंति ॥**

**શબ્દાર્થ :–** **कंदप्पं** = કંદર્પ ભાવના **आभिओगं** = આભિયોગિકી ભાવના **किव्विसियं** = કિલ્વિષી ભાવના **मोहं** = મોહભાવના **आसुरत्तं** = આસુરી ભાવના **एयाओ** = આ ભાવનાઓ **दुग्गईओ** = દુર્ગતિના હેતુભૂત અને **मरणम्मि** = મરણ સમયે આ ભાવનાઓથી જીવ **विराहिया** = વિરાધક **होंति** = થાય છે.

**ભાવાર્થ :–** કંદર્પભાવના, આભિયોગિકી ભાવના, કિલ્વિષી ભાવના, મોહભાવના અને આસુરત્વ ભાવના; આ ભાવનાઓ દુર્ગતિના હેતુભૂત હોવાથી દુર્ગતિરૂપ જ કહેવાય છે તથા મરણના સમયે આ ભાવનાઓમાં વર્તતા જીવ વિરાધક થઈ જાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં સુગતિનો નાશ કરીને દુર્ગતિના હેતુભૂત કર્મોનો સંચય કરાવનારી પાંચ દુર્ગતિક ભાવનાઓનું દિગ્દર્શન કરાવ્યું છે. યથા–(૧) કંદર્પ ભાવના– કામચેષ્ટાની વૃત્તિઓ કંદર્પ ભાવનારૂપ છે. (૨) આભિયોગિકી ભાવના– મંત્ર તંત્રાદિ કરવાની પ્રવૃત્તિઓ આભિયોગિક ભાવનારૂપ છે. (૩) કિલ્વિષી ભાવના – નિંદા કરવાની પ્રવૃત્તિ અને કોઈને દુઃખી કરીને આનંદ માણવાની પ્રવૃત્તિ; તે કિલ્વિષી ભાવના રૂપ છે. (૪) મોહ ભાવના – વિષયોની લોલુપતા કે બાલમરણની પ્રવૃત્તિઓ મોહ ભાવનારૂપ છે. (૫) આસુરત્વ ભાવના – ક્રોધ કરવાની તેમજ વૈર-ઝેર, તીવ્ર દ્વેષ આદિ વૃત્તિ રાખવી તે આસુરી ભાવનારૂપ છે. આ પાંચે ય ભાવનાઓ વાસ્તવમાં દુર્ભાવનાઓ છે, તેનાથી દુર્ગતિની પ્રાપ્તિ થાય છે. તેથી તે દુર્ગતિક ભાવનાઓ કહેવાય છે.

**मरणम्मि विराहिया....** મૃત્યુ સમયે આત્મામાં ઉપરોકત પાંચ દુર્ગતિક ભાવનાઓના પરિણામ હોય, તો તે જીવ વિરાધક થાય છે. પૂર્વની ગાથામાં સંલેખના અને અંતે અનશન સ્વીકારનું કથન છે.

અનશન એટલે આ જીવનની અંતિમ આરાધના છે. તે અંતિમ આરાધનાના સ્વીકાર પછી કોઈ પણ નિમિત્તથી સાધકની ચિત્તવૃત્તિ મલિન ન થાય તે અત્યંત જરૂરી છે. જો અંત સમયે મલિન ચિત્તવૃત્તિથી કંદર્પ ભાવના આદિમાંથી કોઈ પણ ભાવનાના પરિણામો આવી જાય, તો જીવ વિરાધક થાય છે. તે ભાવોની તીવ્રતામાં સમ્યગ્દર્શનનો પણ નાશ થાય છે. તેથી સાધકે મૃત્યુ પહેલાં જ પ્રસ્તુત ગાથામાં દર્શાવેલી દુર્ગતિક ભાવનાઓની આલોચના કરી તેના પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરી આરાધક ભાવ કેળવવો જોઈએ.

સાધક કંદર્પભાવના આદિમાં પ્રવૃત્ત થાય તો તેનામાં વ્યવહારની અપેક્ષાએ ચારિત્રની સત્તા હોવા છતાં તેની ઉત્પત્તિ દુર્ગતિરૂપ નિમ્નકોટિના દેવનિકાયોમાં જ થાય છે. અહીં દુર્ગતિ શબ્દથી દેવ દુર્ગતિનું ગ્રહણ થાય છે. તે જીવ દેવગતિમાં કિલ્વીષી આદિ દેવરૂપે જન્મ ધારણ કરે છે.

**બોધિબીજની દુર્લભતા–સુલભતા :–**

**૨૬૩** **मिच्छादंसणरत्ता, सणियाणा हु हिंसगा ।**
**इय जे मरंति जीवा, तेसिं पुण दुल्लहा बोही ॥**

**શબ્દાર્થ :– जे** = જે **जीवा** = જીવ **मिच्छादंसणरत्ता** = મિથ્યાદર્શનમાં અનુરક્ત છે **सणियाणा** = નિયાણા સહિત ક્રિયાનુષ્ઠાન કરે છે, **हिंसगा** = હિંસામાં પ્રવૃત્ત છે **इय** = આ પ્રકારે **मरंति** = મરે છે **तेसिं** = તેને **पुण** = ફરીથી **बोही** = બોધિની પ્રાપ્તિ થવી **दुल्लहा** = અત્યંત દુર્લભ છે.

**ભાવાર્થ :–** જે જીવો મિથ્યાદર્શનમાં અનુરક્ત, નિયાણુ કરનારા અને હિંસામાં પ્રવૃત્ત હોય તેમજ તેવા જ ભાવોમાં મૃત્યુ પામે, તો તેને બોધિ–ધર્મની પ્રાપ્તિ દુર્લભ થાય છે.

**૨૬૪** **सम्मदंसणरत्ता, अणियाणा सुक्कलेसमोगाढा ।**
**इय जे मरंति जीवा, तेसिं सुलहा भवे बोही ॥**

**શબ્દાર્થ :– सम्मदंसणरत्ता** = સમ્યગ્દર્શનમાં અનુરક્ત **अणियाणा** = નિદાન રહિત ક્રિયાનુષ્ઠાન કરનારા **सुक्कलेस-मोगाढा** = શુક્લ લેશ્યાને પ્રાપ્ત થયેલ **जीवा** = જીવ **सुलहा** = સુલભ.

**ભાવાર્થ :–** જે જીવ સમ્યગ્દર્શનમાં અનુરક્ત, નિદાનકર્મથી રહિત અને શુક્લલેશ્યાને પ્રાપ્ત થયેલા હોય છે; તે જીવો તે જ ભાવોમાં મૃત્યુ પામે, તો તેને પરલોકમાં બોધિ–ધર્મની પ્રાપ્તિ સુલભ છે.

**૨૬૫** **मिच्छादंसणरत्ता, सणियाणा कण्हलेसमोगाढा ।**
**इय जे मरंति जीवा, तेसिं पुण दुल्लहा बोही ॥**

**શબ્દાર્થ :– कण्हलेसमोगाढा** = કૃષ્ણલેશ્યાને પ્રાપ્ત થયેલા જીવ.

**ભાવાર્થ :–** જે જીવ મિથ્યાદર્શનમાં અનુરક્ત છે, નિદાન સહિત ક્રિયાનુષ્ઠાન કરનારા છે અને કૃષ્ણલેશ્યાને પ્રાપ્ત થયેલા છે, તે જીવો તે જ ભાવોમાં મૃત્યુ પામે તો પરલોકમાં તેને બોધિની(સમ્યક્ત્વની) પ્રાપ્તિ દુર્લભ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સમ્યગ્દર્શનની દુર્લભતા અને સુલભતા યોગ્ય જીવોનું કથન છે.

કોઈ પણ જીવોના આત્મપરિણામો, કર્મજન્ય સંસ્કારો, શ્રદ્ધા વગેરે શુભાશુભ ભાવો ભવભવાંતરમાં

સાથે આવે છે. આ ભવમાં જે સંસ્કારોને પુષ્ટ કર્યા હોય, તે સંસ્કાર પરભવમાં સાથે રહે છે, તે સંસ્કારને યોગ્ય વાતાવરણમાં જ જીવનો જન્મ થાય છે.

**બોધિ(ધર્મ કે સમ્યક્ત્વ) પ્રાપ્તિની દુર્લભતા–** જે જીવ જિનવચનમાં અશ્રદ્ધારૂપ મિથ્યાત્વના પરિણામોમાં જ દઢ હોય, તપ સંયમના ફલસ્વરૂપે ભૌતિક સુખની યાચનારૂપ નિયાણુ કરતો હોય, હિંસાદિ પાપસ્થાનમાં જ પ્રવૃત્ત હોય અને તેમને કૃષ્ણાદિ અશુભ લેશ્યાના પરિણામો હોય, તેવા જીવોને મૃત્યુ પછી પરભવમાં ધર્મનો બોધ થવો દુર્લભ બની જાય છે. તેઓને સુદેવ, સુગુરુ અને સદ્ધર્મનો સંયોગ કે શ્રદ્ધા થતી નથી.

**બોધિ(ધર્મ)ની સુલભતા :–** જે સાધક સમ્યગ્દર્શનમાં અનુરક્ત, નિદાન રહિત ક્રિયા કરનાર અને શુક્લ લેશ્યાથી યુક્ત હોય છે, તેને મૃત્યુ પછી પરલોકમાં બોધિલાભ-જૈનધર્મની પ્રાપ્તિ સહજ થાય છે. તાત્પર્ય એ છે કે ગતજન્મના શુભ સંસ્કારોથી આગામી જન્મમાં તેને ધર્મની પ્રાપ્તિ થવામાં વાર લાગતી નથી.

ઉપરોક્ત સર્વ કથન અનશન આરાધક સાધકોની મુખ્યતાએ થયું છે. તે સાધકોને અંત સમયે સંલેખનાની સાધના કરતાં પણ અશુભ પરિણામો આવી જાય તો તે દુર્ગતિમાં જાય છે, એટલું જ નહીં પરંતુ ભવપરંપરામાં તેને ધર્મ બોધિની પ્રાપ્તિ પણ દુર્લભ બની જાય છે.

**જિનવચન મહિમા :–**

**૨૬૬** **जिणवयणे अणुरत्ता, जिणवयणं जे करेंति भावेणं ।**
**अमला असंकिलिट्ठा, ते होंति परित्तसंसारी ॥**

**શબ્દાર્થ :– जिणवयणे** = જિનેન્દ્ર ભગવાનના વચનોમાં **अणुरत्ता** = અનુરક્ત છે **जिणवयणं** = જિનેન્દ્ર ભગવાન દ્વારા કથિત ક્રિયાનુષ્ઠાનોને **भावेणं** = ભાવપૂર્વક, શ્રદ્ધાપૂર્વક **करेंति** = કરે છે **अमला** = મિથ્યાત્વ આદિ ભાવમલથી રહિત **असंकिलिट्ठा** = રાગદ્વેષાદિ સંક્લેશથી રહિત છે **ते** = તે **परित्त-संसारी** = પરિત્ત સંસારી, અલ્પ સંસારી.

**ભાવાર્થ :–** જે પુરુષ જિનવચનમાં અનુરક્ત છે અને જિનભગવાનના કથન અનુસાર ક્રિયાનુષ્ઠાન કરે છે તે મિથ્યાત્વ અને રાગદ્વેષ આદિ ક્લેશોથી રહિત થઈને અલ્પસંસારી થાય છે.

**૨૬૭** **बालमरणाणि बहुसो, अकाममरणाणि चेव बहूणि ।**
**मरिहिंति ते वराया, जिणवयणं जे ण जाणंति ॥**

**શબ્દાર્થ :– जिणवयणं** = જિનવચનોને **ण जाणंति** = જાણતા નથી **वराया** = બિચારા **बहूणि** = ઘણીવાર **अकाम-मरणाणि** = અકામ મરણથી **मरिहिंति** = મૃત્યુ પામે છે.

**ભાવાર્થ :–** જે જીવો જિનવચનોને જાણતા નથી અર્થાત્ જે જિનવચનાનુસાર ક્રિયાનુષ્ઠોનોથી દૂર રહે છે તે બિચારા– ભોળા, અજ્ઞાની પ્રાણી અનેકવાર બાલ મરણ(આત્મ હત્યારૂપ મરણ)ને અને અકામ મરણ (અનિચ્છાએ દુઃખ યુક્ત મરણ)ને પ્રાપ્ત કરે છે.

**વિવેચન :–**

જેણે રાગ-દ્વેષને જીતી લીધા હોય, ચાર ઘાતિ કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત કર્યું હોય, તેવા વીતરાગી અને પૂર્ણ પુરુષ જ જિનેશ્વર બની શકે છે. તેથી જિનેશ્વરના વચન સંપૂર્ણ સત્ય હોય

છે. જે પુરુષ જિનવચનમાં અનુરક્ત અર્થાત્ પ્રીતિ સંપન્ન હોય, જિનવચન અનુસાર આચરણ કરતા હોય, તેના મિથ્યાત્વ અને અનંતાનુબંધી આદિ કષાયો નાશ પામે છે. તે વ્યક્તિ સમ્યગ્દર્શનને પામે છે. ધર્મભાવને પ્રાપ્ત કરે છે અને તેનું સંસાર ભ્રમણ સીમિત થઈ જાય છે. તે સિવાય જે જીવોને જિનવચનમાં પ્રીતિ કે રુચિ થતી નથી, તેમજ ધર્માચરણ પણ કરતા નથી, તે બિચારા ભોળા અને અજ્ઞાની જીવો બાલમરણ કે અકામ મરણથી મૃત્યુ પામી અનંત સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે.

સામાન્યતઃ મૃત્યુના– બાળમરણ અને પંડિતમરણ તથા અકામમરણ અને સકામ મરણ, તેમ બે-બે ભેદ થાય છે. તેમાં બાલમરણ અને અકામ મરણ અપ્રશસ્ત છે. કારણ કે તે જીવો આ જીવનમાં જિનવચન અનુસાર ક્રિયાનુષ્ઠાન કરતા નથી, તેથી અશુભ કર્મોનો જ સંચય કરીને અવશ્ય દુર્ગતિ પામે છે તથા પંડિતમરણ અને સકામમરણ પ્રશસ્ત છે, કારણ કે તે મરણથી પરલોકમાં શુભગતિ પ્રાપ્ત થાય છે.

**બાલમરણ :–** અજ્ઞાન અવસ્થામાં થતાં મરણને બાલમરણ કહે છે. તેનાથી જન્મમરણની પરંપરા વધે છે.

**પંડિતમરણ–** સમજણપૂર્વક, સ્વેચ્છાથી શરીરનો ત્યાગ કરીને અનશનની આરાધનાપૂર્વક મૃત્યુ થાય, તેને પંડિતમરણ કહે છે. તેના ત્રણ પ્રકાર છે– ભક્તપ્રત્યાખ્યાન મરણ, ઇંગિત મરણ અને પાદપોપગમન મરણ. તેનાથી અનંત કર્મોનો ક્ષય થાય છે.

**અકામમરણ–** ઈચ્છાવિના પરવશપણે થતાં મરણને અકામમરણ કહે છે.

**સકામમરણ–** સાધનાના લક્ષે સ્વેચ્છાથી જાગૃતિપૂર્વક મૃત્યુનો સ્વીકાર કરવો, તે સકામ મરણ છે.

**वराया**– અહીં ધર્મના અજાણ કે ધર્મથી વંચિત રહેતા જીવો માટે **वराया** શબ્દનો પ્રયોગ કર્યો છે. તેથી તેનો અર્થ થાય છે– બિચારા, ભોળા, અજ્ઞાની પ્રાણી. જે જીવોને પોતાના ભવિષ્યનો, જન્મ-મરણરૂપ દુઃખ પરંપરાઓનો અને તીવ્ર કર્મ બંધનનો કોઈ વિચાર રહેતો નથી. તે જીવો માત્ર આ ભવના ભૌતિક સુખ માટે જ તલસી રહ્યા હોય છે.

**આલોચના શ્રવણની યોગ્યતા :–**

**૨૬૮** **बहुआगमविण्णाणा, समाहि उप्पायगा य गुणग्गाही ।**
**एएणं कारणेणं, अरिहा आलोयणं सोउं ॥**

**શબ્દાર્થ :– बहुआगम-विण्णाणा** = જે ઘણા આગમોના તેમજ તેના રહસ્યોના જાણકાર હોય **समाहि-उप्पायगा** = આલોચના કરનારને સમાધિ ઉત્પન્ન કરાવનારા હોય **गुणग्गाही** = જે ગુણગ્રાહી હોય **एएणं** = આ **कारणेणं** = કારણોથી ઉપરોક્ત ગુણો ધારણ કરનારા બહુશ્રુત શ્રમણ **आलोयणं** = આલોચના **सोउं** = સાંભળવાને **अरिहा** = યોગ્ય છે.

**ભાવાર્થ :–** જે શ્રમણ ઘણા આગમોના જ્ઞાતા, સમાધિના ઉત્પાદક અને ગુણગ્રાહી હોય; તે આ ગુણોના ધારક હોવાથી આલોચના સાંભળવા માટે યોગ્ય હોય છે.

**વિવેચન :–**

ચારિત્ર શુદ્ધિનું ઉત્તમ સાધન પ્રાયશ્ચિત્ત તપ છે અને ચારિત્રના દોષોની આલોચના કરનારને ગુરુ દ્વારા પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. આલોચનામાં ચારિત્રનો સાર નિહિત છે. કારણ કે જ્યાં સુધી પાપની આલોચના ન થાય, ત્યાં સુધી ચારિત્રની શુદ્ધિ થતી નથી, તેથી સાધક જીવનમાં આલોચનાનું અત્યંત મહત્ત્વ છે.

પ્રસ્તુત સૂત્રમાં સાધક જીવનની મહત્ત્વની ક્રિયારૂપ આલોચનાનું શ્રવણ કરનાર ગુરુની સંક્ષિપ્ત યોગ્યતાનું નિરૂપણ ત્રણ ગુણ દ્વારા કર્યું છે. તેનું વિસ્તૃત નિરૂપણ શ્રી ભગવતી સૂત્ર આદિમાં દશ ગુણો દ્વારા કર્યું છે.

**(१) बहु आगम विण्णाया–** ઘણા આગમોના જ્ઞાતા હોય. સંયમી જીવનના ઉત્સર્ગ અને અપવાદમાર્ગના રહસ્યોને જાણવા માટે આગમ જ્ઞાન અને તેના વિવેચક ગ્રંથોનું અધ્યયન જરૂરી છે. જે આગમના યથાર્થ જ્ઞાતા હોય, તે જ આલોચના કરનારના દોષોની આલોચના સાંભળી, યોગ્ય પ્રાયશ્ચિત્ત દ્વારા તેની શુદ્ધિ કરાવી શકે છે.

**(२) समाहि उप्पायगा–** સમાધિ ઉત્પાદક. આલોચના કરનારને પૂર્ણ આત્મ શાંતિ કે સંતુષ્ટી થાય, તે તેની સમાધિ કહેવાય. તેને માટે આલોચના સાંભળનાર સ્વયં રાગ-દ્વેષ રહિત, માધ્યસ્થભાવોના ધારક હોય અને આલોચના કરનારને આગમના સાર ગર્ભિત સૂચનોથી આલોચના કરવામાં સહાયક થાય તે જરૂરી છે, જેથી તે શ્રમણ સરળભાવે આલોચના કરી, પ્રાયશ્ચિત્ત દ્વારા દોષ મુક્ત થઈને સમાધિ ભાવને પ્રાપ્ત કરી શકે છે.

**(३) गुणग्गाही–** ગુણગ્રાહી. ગુણગ્રાહી વ્યક્તિ જ અન્યના અમુક દોષોને સાંભળીને તેના પ્રતિ તિરસ્કારનો ભાવ ન કરતાં તેનામાં રહેલા બીજા અનેક ગુણોને લક્ષમાં રાખી તેના પ્રતિ સન્માનનો ભાવ રાખી શકે છે. તેમજ આલોચના કરનારના અવગુણોની અસર સ્વયં પર ન થાય, તેના માટે પણ 'ગુણગ્રાહી' ગુણની બહુ આવશ્યકતા છે.

**કંદર્પ ભાવના :–**

**૨૬૧** **कंदप्पकुक्कुयाइं तह, सीलसहाव हासविगहाहिं ।**
**विम्हावेंतो य परं, कंदप्पं भावणं कुणइ ॥**

**શબ્દાર્થ :– कंदप्प** = કંદર્પ-હાસ્ય અને વિષય વિકાર ઉત્પન્ન કરનારી વાતો કહેવી **कुक्कुयाइं** = કૌકુચ્ય- ભાંડની જેમ બીજાને હસાવનારા વચનો બોલવા અને મુખ, નેત્રાદિ દ્વારા વિકાર ભાવ પ્રગટ કરવા **सीलसहाव** = શીલ સ્વભાવ હોય, આચરણ હોય, **हासविगहाइं** = હાસ્ય વિકથા આદિથી **परं** = બીજાઓને **विम्हावेंतो** = વિસ્મિત કરતો જીવ **कुणइ** = કરે છે.

**ભાવાર્થ :–** કંદર્પ-કામ કથા કરવી, મુખવિકાર દ્વારા ચેનચાળા કરવા, હાસ્ય અને વિકથા દ્વારા બીજાઓને વિસ્મય ઉત્પન્ન કરવાનો શીલ-સ્વભાવ ધરાવવો, તે કંદર્પભાવનું આચરણ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં કંદર્પ ભાવનાના લક્ષણોનું કથન છે.

કંદર્પ એટલે કામકથા કરવી અથવા બીજાને વારંવાર હસાવવા. કૌકુચ્ય એટલે મુખ, નેત્રાદિના વિલક્ષણ-વિચિત્ર આકાર બનાવીને બીજાને હસાવવા અથવા વિદૂષકની જેમ બીજાને હસાવવા માટે વચન પ્રયોગ કરવા, તેવી પ્રવૃત્તિ જ જેનો સ્વભાવ બની ગઈ હોય, તેવી વ્યક્તિ વારંવાર વિવિધ પ્રકારની કુચેષ્ટા કરીને બીજાને વિસ્મિત કરે છે તે કંદર્પભાવના છે. દેવલોકમાં એક કંદર્પી નામના દેવ છે, જે ઈન્દ્રાદિ દેવો સમક્ષ ભાંડની જેમ આચરણ કરે છે. જે સાધુ ચારિત્ર ગ્રહણ કરીને પણ ઉક્ત પ્રકારની ચેષ્ટાઓ દ્વારા કંદર્પભાવનાનું પોષણ કરે છે અને આલોચના પ્રાયશ્ચિત કર્યા વિના તેવી જ પ્રવૃત્તિમાં વિરાધક પણે મૃત્યુ પામી સ્વર્ગમાં જાય, તો ત્યાં તે ઉપરોક્ત કંદર્પી દેવ બને છે; તેને દેવોની કુતૂહલ વૃત્તિ માટે દેવોના વિદૂષક

બનવું પડે છે અને ત્યાંનું આયુષ્ય પૂર્ણ કર્યા પછી પણ દીર્ઘકાલ પર્યંત ભવભ્રમણ કરે છે. તેથી સંયમશીલ આત્માએ કંદર્પ ભાવનાને કદી પણ હૃદયમાં સ્થાન આપવું ન જોઈએ.

**આભિયોગિકી ભાવના :–**

**૨૭૦** **मंता जोगं काउं, भूइकम्मं च जे पउंजंति ।**
**सायरसइड्ढिहेउं, आभिओगं भावणं कुणइ ॥**

**શબ્દાર્થ :– सायरस-इड्ढिहेउं** = શાતા રસ સમૃદ્ધિ માટે **मंताजोगं** = મંત્ર અને યોગ **काउं** = કરીને **भूइकम्मं** = ભૂતિકર્મનો **पउंजंति** = પ્રયોગ કરે છે તે **अभियोगं** = આભિયોગિકી ભાવના **कुणइ** = કરે છે.

**ભાવાર્થ :–** જે શ્રમણ શાતા, રસ અને સમૃદ્ધિ માટે મંત્રનો યોગ અને ભૂતિકર્મનો પ્રયોગ કરે છે, તે આભિયોગિકી ભાવનાનું આચરણ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં આભિયોગિકી ભાવનાનું વર્ણન છે. જે વ્યક્તિ પોતાના સુખ-ઐશ્વર્યાદિની વૃદ્ધિ માટે મંત્રોથી અને અભિમંત્રિત કરેલા ભસ્માદિ દ્રવ્યોથી વશીકરણાદિ કર્મો કરે છે તે આભિયોગિકી ભાવનાનું આચરણ કરે છે.

**मंता :–** મંત્ર પ્રયોગ. અમુક વિધિ અનુસાર કોઈ મંત્રના જપ-અનુષ્ઠાન કરવા, મંત્રપ્રયોગ કરવો.

**भूइकम्मं :–** ભૂતિકર્મ – અમુક વિધિ અનુસાર અભિમંત્ર કરેલા ભસ્મ માટી આદિ પદાર્થો ઉપયોગમાં લેવા તે ભૂતિકર્મ છે. અન્ય કૌતુકજનક ક્રિયાઓનો પણ આમાં સમાવેશ કરી લેવો જોઈએ. સ્વર્ગમાં આભિયોગિક જાતિનો દેવો હોય છે, તેનું કામ હંમેશાં અન્ય દેવોની સેવામાં ઉપસ્થિત રહેવાનું હોય છે. તેણે નિરંતર અન્ય દેવોની સેવા-શુશ્રૂષા કરવાની હોય છે. જે સાધુ આ પ્રકારની મંત્રાદિ ક્રિયાઓનો પ્રયોગ કરીને આભિયોગી ભાવનાનું આચરણ કરે છે તે આભિયોગિકી ભાવનાથી ભાવિત થઈને, આલોચના કર્યા વિના મૃત્યુ પામી તે આભિયોગિક જાતિના દેવ તરીકે ઉત્પન્ન થાય છે. આભિયોગિકી ભાવનામય ક્રિયા અનુષ્ઠાન કરવાથી સંયમની નિસ્સારતા અને અસમાધિની વૃદ્ધિ થાય છે, તેથી સંયમશીલ મુનિ માટે તે સર્વથા ત્યાજ્ય છે.

**કિલ્વિષી ભાવના :–**

**૨૭૧** **णाणस्स केवलीणं, धम्मायरियस्स संघसाहूणं ।**
**माई अवण्णवाई, किव्विसियं भावणं कुणइ ॥**

**શબ્દાર્થ :– णाणस्स** = જ્ઞાનનો **केवलीणं** = કેવળી ભગવાનનો **धम्मायरियस्स** = ધમાચાર્યનો **संघसाहूणं** = સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘનો **अव्वणवाई** = અવર્ણવાદ(નિંદા) કરનાર **माई** = માયાવી પુરુષ **किव्विसियं** = કિલ્વિષિક ભાવના.

**ભાવાર્થ :–** જ્ઞાન, કેવળી ભગવાન, ધર્માચાર્ય અને ચતુર્વિધશ્રી સંઘના અવર્ણવાદ કરનારા માયાવી પુરુષ કિલ્વિષી ભાવનાનું આચરણ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં કિલ્વિષી ભાવનાના સ્વરૂપનું વર્ણન છે. શ્રુતની નિંદા કરવી તે જ્ઞાનનો અવર્ણવાદ

છે. કેવળીના સર્વજ્ઞતાદિ ગુણોમાં દોષનું ઉદ્‌ભાવન કરવું, તથા ધર્માચાર્યોમાં અવગુણ જોવા, સંઘની ટીકા કરવી અને સાધુઓ પર ખોટા આક્ષેપ મૂકી દોષિત ઠરાવવા; તે સર્વ ક્રિયાઓ કેવળી, ધર્માચાર્ય, સંઘ અને સાધુઓનો અવર્ણવાદ છે. જે વ્યક્તિ શ્રુત, કેવળી, ધર્માચાર્ય, સંઘ અને સાધુઓની અવહેલના કરે છે, તે કિલ્વિષી ભાવનાથી ભાવિત થાય છે. જે બીજાના દોષો જુએ છે, તેનો આત્મા ગુણોને બદલે અવગુણોનું સ્થાન બને છે. તેમજ તેનામાં માયા-કપટ હોવાથી સરળતા રહેતી નથી. તે શ્રમણ અવર્ણવાદના પ્રભાવથી કિલ્વિષી ભાવનાથી ભાવિત થઈને મૃત્યુ પછી સ્વર્ગમાં કિલ્વિષી દેવ તરીકે ઉત્પન્ન થાય છે. કિલ્વિષી દેવ અન્ય દેવોની સમક્ષ નિંદ્ય અને નિમ્ન કોટિના સેવક સમાન ગણાય છે. તેમના નિવાસ અન્ય વિમાનોથી બહિવર્તી ક્ષેત્રમાં હોય છે. ત્યાંથી ચ્યવીને તેઓ બકરા અને અન્ય મૂક પ્રાણીઓની યોનિમાં જન્મ ધારણ કરે છે.

**આસુરી ભાવના :–**

**૨૭૨** **अणुबद्धरोसपसरो, तह य णिमित्तम्मि होइ पडिसेवी ।**
**एएहिं कारणेहिं, आसुरियं भावणं कुणइ ॥**

**શબ્દાર્થ :– अणुबद्ध-रोसपसरो** = નિરંતર ક્રોધનો વિસ્તાર કરનાર છે **तह य** = અને જે **णिमित्तम्मि** = નિમિત્ત મળતાં **पडिसेवी** = દોષ-પ્રવૃત્તિ કરનાર **होइ** = થાય છે **एएहिं** = આ ઉપરોક્ત **कारणेहिं** = કારણોથી **आसुरियं** = આસુરી **भावणं** = ભાવનાનું **कुणइ** = સેવન કરે છે.

**ભાવાર્થ :–** જે ભિક્ષુ નિરંતર ક્રોધ, વૈર-ઝેરનો વિસ્તાર કરે છે અને કોઈ પણ નાના-મોટા કારણથી જ્ઞાનદર્શન ચારિત્રમાં દોષાચરણ કરે છે, આવા કારણોથી તે પુરુષ આસુરીભાવનાનું સેવન કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં ચોથી આસુરી ભાવના દર્શક બે પ્રવૃત્તિઓ દર્શાવી છે.

**अणुबद्ध रोस पसरो :–** ક્રોધભાવની તીવ્ર ગાંઠ બાંધી રાખતા તે પરિણામોની જ વૃદ્ધિ કરનાર.

**तह य णिमित्तम्मि पडिसेवी :–** નિમિત્ત માત્રમાં સંયમ પ્રતિકૂલ આચરણ કરનાર, દોષ સેવન કરનાર. તે શ્રમણને સંયમ સમાચારી પ્રતિ ઉપેક્ષા હોવાથી કોઈ પણ નિમિત્ત પ્રાપ્ત થતાં રાગ-દ્વેષાદિ કષાયને આધીન થઈને મૂળગુણ કે ઉત્તરગુણમાં દોષ સેવન કરે છે; તે આસુરી ભાવના છે.

અહીં **णिमित्तम्मि** શબ્દ 'જ્યોતિષ્ સંબંધી નિમિત્ત બતાવવું' તે અર્થમાં પ્રયુક્ત નથી. કારણ કે જ્યોતિષ સંબંધી નિમિત્ત બતાવવું, તે આભિયોગિક ભાવનાનું આચરણ છે. તેમ જ **णिमित्तम्मि** શબ્દ સપ્તમી વિભક્તિમાં હોવાથી તેનો અર્થ 'નિમિત્ત પ્રાપ્ત થતાં' થાય છે.

આસુરી ભાવનાના પરિણામોની આલોચના કર્યા વિના મૃત્યુ પામનાર સાધક વિરાધક થાય છે તેથી પ્રત્યેક મુમુક્ષુ આત્માએ આસુરી ભાવનાથી મુક્ત રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો હૃદયમાં કોઈ નિમિત્તથી આસુરી ભાવનાનો પ્રાદુર્ભાવ થાય, તો તેની આલોચના કરી તેનાથી દૂર થઈ જવું જોઈએ.

**મોહભાવના :–**

**૨૭૩** **सत्थगहणं विसभक्खणं च, जलणं च जलपवेसो य ।**
**अणायारभंडसेवी, जम्ममरणाणि वड्ढंति ॥**

**શબ્દાર્થ :– सत्थगहणं** = શસ્ત્રગ્રહણ–શસ્ત્ર દ્વારા આત્મઘાત કરવો **विसभक्खणं** = વિષભક્ષણ કરવું, ઝેર ખાઈને મરી જવું **जलणं** = અગ્નિમાં સળગી જવું **जलपवेसो** = જળ પ્રવેશ કરવો, પાણીમાં ડૂબી મરવું **अणायार-भंडसेवी** = મોટા અનાચારનું સેવન કરનાર, લોકોમાં ભંડના–હીલના થાય તેવા દોષ સેવનાર **जम्ममरणाणि** = અનેક જન્મમરણની **वड्ढंति** = વૃદ્ધિ કરે છે.

**ભાવાર્થ :–** શસ્ત્ર પ્રહાર, વિષભક્ષણ, અગ્નિમાં પ્રવેશ અને જળમાં પ્રવેશ કરી આત્મઘાત કરનાર અને સંયમના મોટા અનાચાર એટલે શીલવ્રત વગેરેમાં દુરાચરણ કરનાર સાધક જન્મમરણની પરંપરા વધારે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં પાંચમી મોહભાવનાની મુખ્ય બે પ્રવૃત્તિઓનું દિગ્દર્શન છે– (૧) આત્મઘાત અને (૨) લોક નિંદ્ય સંયમના મોટા દોષોનું સેવન.

ચાર પ્રકારના આત્મઘાતનું કથન શબ્દાર્થ ભાવાર્થથી સ્પષ્ટ છે. અન્યસૂત્રોમાં આત્માઘાતના અર્થાત્ બાલમરણના અનેક ભેદોનું વર્ણન પ્રાપ્ત થાય છે. અહીં તેનું સંક્ષિપ્તમાં કથન છે. કોઈ પણ પ્રકારે આત્મઘાત કરવો, તે તીવ્ર કષાયનું પરિણામ છે. તેથી જ સૂત્રકારે તેનો સમાવેશ મોહભાવનામાં કર્યો છે.

**अणायार भंडसेवी :– भंड** શબ્દ અનેક અર્થમાં પ્રયુક્ત થાય છે– (૧) ભાંડવૃત્તિ (૨) ભંડનશીલ આચરણ, (૩) ભણ્ડોપકરણ. પ્રસ્તુતમાં અંતિમ અને નિકૃષ્ટ મોહભાવનાનું નિરૂપણ છે. ભંડ શબ્દના ત્રણ અર્થમાંથી ભાંડવૃત્તિ કંદર્પી ભાવનાનો વિષય છે અને ભંડોપકરણ અર્થ પ્રસ્તુતમાં સંગત નથી. તેથી બીજો 'ભંડનશીલ આચરણ' અર્થ પ્રસંગોચિત છે.

તેનું તાત્પર્ય એ છે કે સંયમી જીવનને દૂષિત બનાવે, બહુ લોકાપવાદ–હીલના થાય તેવું કુશીલ સેવન કે ક્રૂર હિંસક પ્રવૃત્તિ આદિ ભંડનશીલ આચરણ કહેવાય છે. તેનું સેવન કરનાર મોહભાવનાનું આચરણ કરે છે. સંક્ષેપમાં આત્મઘાત અને અનાચારોનું સેવન તે મોહભાવના છે. મોહભાવની પરંપરાથી અનંત સંસારની વૃદ્ધિ થાય છે.

**वड्ढंति :–** વૃદ્ધિ કરે છે. આ ક્રિયાપદનો પ્રયોગ **जम्ममरणाणि** સાથે થયો છે તેથી જન્મમરણની વૃદ્ધિ કરે છે, તે પ્રમાણે અર્થ થાય છે. કેટલીક પ્રતોમાં **वड्ढंति**ના સ્થાને **बद्धंति** ક્રિયાપદનો પ્રયોગ મળે છે. તે પાઠનો સ્વીકાર કરતાં "જન્મ-મરણ કરાવનાર કર્મોનો બંધ કરે છે." તે પ્રમાણે અર્થ કરવામાં આવે છે.

**ઉપસંહાર :–**

**૨૭૪** **इइ पाउकरे बुद्धे, णायए परिणिव्वुए ॥**
**छत्तीसं उत्तरज्झाए, भवसिद्धिय सम्मए ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– इइ** = આ **भवसिद्धिय सम्मए** = ભવ્ય જીવોને માન્ય એટલે તેમને સ્વીકારવા યોગ્ય **उत्तरज्झाए** = ઉત્તરાધ્યયન સૂત્રના **छत्तीसं** = છત્રીસ અધ્યયનો **पाउकरे** = પ્રગટ કરીને **णायए** = જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર સ્વામી **बुद्धे** = જ્ઞાની, સર્વજ્ઞ **परिणिव्वुए** = પરિનિવૃત્ત, નિર્વાણ પ્રાપ્ત.

**ભાવાર્થ :–** આ પ્રકારે ભવ્ય જીવોને સ્વીકાર્ય, આદરણીય એવા ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ અધ્યયનો સર્વજ્ઞ, નિર્વાણ પ્રાપ્ત જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર સ્વામીએ પ્રરૂપ્યા છે.

શ્રી સુધર્માસ્વામી પોતાના શિષ્ય જંબૂસ્વામીને કહે છે કે હે આયુષ્યમાન જંબૂ ! મેં જેવું શ્રમણ ભગવાન મહાવીરસ્વામી પાસેથી સાંભળ્યું, તેવું જ કહ્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથા સમગ્ર સૂત્રના ઉપસંહાર રૂપ છે. તેમાં આ સૂત્રની પ્રમાણિકતા, ઉપયોગિતા અને અધ્યયનોની સંખ્યાનું નિર્દેશન છે.

**इइ पाउकरे बुद्धे–** સર્વજ્ઞ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના છત્રીસ અધ્યયનનો અર્થતઃ ઉપદેશ આપ્યો છે. આ સૂત્રોક્ત કથન સર્વજ્ઞ તીર્થંકરનું છે, તેથી તે પૂર્ણપણે પ્રમાણભૂત અને સત્ય છે.

**त्ति बेमि....** આ રીતે આ જીવાજીવવિભક્તિ નામના અધ્યયનનું કે સંપૂર્ણ ઉત્તરાધ્યયન સૂત્રનું મેં જેમ શ્રવણ કર્યું છે તે જ પ્રમાણે સંભળાવ્યું છે અર્થાત્ આમાં મારી પોતાની રચના કે કલ્પના નથી પરંતુ પ્રભુવાણી છે. પ્રત્યેક અધ્યયનના અંતે સમાપ્તિ સૂચક **त्ति बेमि** શબ્દનો આ પ્રમાણે અર્થ સમજવો.

**॥ છત્રીસમું અધ્યયન સંપૂર્ણ ॥**

## ॥ ઉત્તરાધ્યયન સૂત્ર સંપૂર્ણ ॥

**પરિશિષ્ટ–૧ :**

# વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા


| | વિષય | અધ્ય૦ | પૃષ્ટ | | વિષય | અધ્ય૦ | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| અ | अउलं सुहं संपण्त्ता | ૩૬ | ૩૯૨ | | उववुत्ते रियं रिए | ૨૪ | ૬૮ |
| | अकुक्कुओ तत्थहियासएज्जा | ૨૧ | ૧૦ | એ | **એકત્વ વિતર્ક અવિચાર શુકલધ્યાન** | ૩૦ | ૨૪૯ |
| | अग्गिहुत्त मुहावेया | ૨૫ | ૮૬ | | **એક સમયમાં થતાં સિદ્ધોની સંખ્યા** | ૩૬ | ૩૮૪ |
| | अचेलगो य जो धम्मो | ૨૩ | ૩૭ | | एगदव्वस्सिया गुणा | ૨૮ | ૧૩૮ |
| | अजाणगा जण्णवाई | ૨૫ | ૮૭ | | एगत्तं च पुहत्तं च | ૨૮ | ૧૪૧ |
| | अट्ठ-सहस्स-लक्खणधरो | ૨૨ | ૧૪ | | एगत्तेण पुहत्तेण | ૩૬ | ૩૭૨ |
| | अणगार गुणेहिं | ૩૧ | ૨૬૭ | | एगप्पा अजिए सत्तू | ૨૩ | ૪૬ |
| | **અણગાર માટે અયોગ્ય સ્થાન** | ૩૫ | ૩૫૮ | | एगे जिए जिया पंच | ૨૩ | ૪૬ |
| | **અણગાર માટે યોગ્ય સ્થાન** | ૩૫ | ૩૫૮ | | एयाओ अट्ठ समिईओ | ૨૪ | ૬૬ |
| | अणासायणाए | ૨૯ | ૧૮૧ | ઓ | ओसहिगंधगिद्धे सप्पे | ૩૨ | ૨૯૭ |
| | अणुसज्जणाए | ૨૯ | ૧૮૧ | ક | कयकोउय मंगलो | ૨૨ | ૧૮ |
| | अणेगछंदामिह माणवेहिं | ૨૧ | ૧૦ | | **કર્મબંધની પ્રક્રિયા** | ૩૩ | ૩૧૪ |
| | अत्तट्ठगुरू किलिट्ठे | ૩૨ | ૨૯૨ | | कसाया अग्गिणो वुत्ता | ૨૩ | ૫૧ |
| | **અનશન ગ્રહણ વિધિ** | ૩૦ | ૨૩૩ | | **કાયોત્સર્ગની વિધિ** | ૩૦ | ૨૫૦ |
| | अपडिक्कमित्ता कालस्स | ૨૬ | ૧૧૦ | | **કાલ ઊણોદરી** | ૩૦ | ૨૩૭ |
| | अपुरक्कारं | ૨૯ | ૧૭૧ | | **કાલ પ્રતિલેખના** | ૨૯ | ૧૭૭ |
| | अबोहंतो असंजए | ૨૬ | ૨૨૩ | | कालेण कालं विहरेज्ज | ૨૧ | ૯ |
| | अल्लीणा | ૨૩ | ૩૭ | | कुप्पवयण पासंडी | ૨૩ | ૫૪ |
| | अलोए पडिहया सिद्धा | ૩૬ | ૩૮૫ | | कोट्ठगं | ૨૩ | ૩૫ |
| | असावज्जं | ૨૪ | ૬૯ | | किं तवं पडिवज्जामि | ૨૬ | ૧૨૩ |
| | असंभंता | ૨૨ | ૩૦ | ખ | **ખેચરની કાયસ્થિતિ** | ૩૬ | ૪૨૩ |
| | अंकुसेण जहा णागो | ૨૨ | ૩૦ | | खंतिखमे | ૨૧ | ૯ |
| | अंधयारे तमे घोरे | ૨૩ | ૫૮ | ગ | ગારવના ત્રણ પ્રકાર(રસ ગારવાદિ) | ૨૭ | ૨૩૦ |
| આ | आणुपुव्विं जहक्कमं | ૩૩ | ૩૧૩ | | गुणग्गाही | ૩૬ | ૪૪૬ |
| | आयगुत्ते | ૨૧ | ૧૦ | | गुणाणमासओ दव्वं | ૨૮ | ૧૩૭ |
| | आयारधम्म पणिही | ૨૩ | ૩૭ | | गोयमे | ૨૩ | ૩૫ |
| | आसाढे मासे दुपया | ૨૬ | ૧૦૬ | ચ | चरणविहिं | ૩૧ | ૨૫૪ |
| ઈ | इहं बोंदिं चइत्ताणं | ૩૬ | ૩૮૬ | | चाउज्जामो य जो धम्मो | ૨૩ | ૩૭ |
| | इंदियत्थे विवज्जित्ता | ૨૪ | ૬૮ | | चित्त णिरोहं (ચિત્તનિરોધ) | ૨૯ | ૧૮૫ |
| | इंदियत्थेसु | ૩૧ | ૨૫૮ | છ | छिण्ण सोए | ૨૧ | ૧૦ |
| ઉ | उत्तमट्ठ गवेसओ | ૨૫ | ૮૩ | જ | जण्णं जयइ | ૨૫ | ૮૧ |
| | उल्लो सुक्को | ૨૫ | ૯૫ | | जण्णट्ठी वेयसा मुहं | ૨૫ | ૮૬ |

| | વિષય | અધ્ય૦ | પૃષ્ટ | | વિષય | અધ્ય૦ | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| | जहाणायं | ૨૩ | ૪૬ | | पच्छा दिट्ठो | ૨૨ | ૩૦ |
| | जहासुत्तं | ૩૫ | ૩૬૧ | | पडिक्कमित्तु निस्सल्लो | ૨૬ | ૧૨૧ |
| | जहा से पुरिसुत्तमो | ૨૨ | ૩૧ | | पडिरूवण्णु | ૨૩ | ૩૯ |
| | जायाइ जम जण्णम्मि | ૨૫ | ૮૧ | | पडिलेहित्ता पमज्जेज्ज | ૨૪ | ૭૧ |
| | जीवघणा | ૩૬ | ૩૯૩ | | पढमं पोरसी सज्झायं | ૨૬ | ૧૦૩ |
| | જીવ દ્રવ્ય | ૩૬ | ૩૮૧ | | પરઠવા યોગ્ય ભૂમિના દશ બોલ | ૨૪ | ૭૨ |
| | જીવની ઊર્ધ્વગતિના કારણો | ૨૯ | ૨૨૧ | | परमट्ठपएहिं | ૨૧ | ૧૦ |
| | जुगमित्तं खेत्तओ | ૨૪ | ૬૮ | | परमत्थ संथवो | ૨૮ | ૧૪૯ |
| ણ | ण यावि पूयं गरहं च संजए | ૨૧ | ૯ | | परियंति समंतओ | ૨૭ | ૧૩૦ |
| | ण सव्व सव्वत्थाभिरोयएज्जा | ૨૧ | ૯ | | पलालं फासुयं | ૨૩ | ૪૦ |
| | णाणदंसण लक्खणं | ૨૮ | ૧૨૬ | | पलिउंचंति | ૨૭ | ૧૩૦ |
| | णाण दंसण सण्णिया | ૩૬ | ૩૯૩ | | पहु | ૩૫ | ૩૬૩ |
| | णाणेण मुणि | ૨૫ | ૯૧ | | पहाणवं | ૨૧ | ૧૦ |
| | णिगिण्हामि धम्मसिक्खाए कंथगं | ૨૩ | ૫૨ | | पहीण संथवे | ૨૧ | ૧૦ |
| | णिच्चं | ૨૩ | ૭૩ | | पावसुयप्पसंगेसु–પાપશ્રુત | ૩૧ | ૨૬૮ |
| | णिज्जूहिऊण आहारं | ૩૫ | ૩૬૨ | | पुणो चउत्थीइ सज्झायं | ૨૬ | ૧૦૪ |
| | णिरुवलेवाइं | ૨૧ | ૧૦ | | पुरिमस्स पच्छिमम्मि | ૨૩ | ૬૨ |
| | णिरंगणे | ૨૧ | ૧૧ | | पुव्विल्लम्मि चउब्भाए | ૨૬ | ૧૦૩ |
| | णिहंतूण उवायओ | ૨૩ | ૪૮ | | પૃથક્ત્વવિતર્ક સવિચાર | ૩૦ | ૨૪૮ |
| | णेहपासा भयंकरा | ૨૩ | ૪૮ | | पोएण ववहरंते | ૨૧ | ૨ |
| ત | तओ उत्तरगुणे कुज्जा | ૨૬ | ૧૦૪ | | પોરસીનું કાલમાન | ૨૬ | ૧૦૬ |
| | तइयाए भिक्खायरियं | ૨૬ | ૧૦૪ | | પોણી પોરસીનું કાલમાન | ૨૬ | ૧૦૭ |
| | तत्थ गंतूण सिज्झइ | ૩૬ | ૩૮૭ | | पंचमहव्वय धम्मं | ૨૩ | ૬૨ |
| | तमुद्धित्तु जहाणायं | ૨૩ | ૪૯ | | पंचसिक्खिओ | ૨૩ | ૩૭ |
| | तवेण होइ तावसो | ૨૫ | ૯૧ | | પાંચ જ્ઞાનમાં શ્રુતજ્ઞાનની પ્રધાનતા | ૩૩ | ૩૧૬ |
| દ | दमीसरे | ૨૨ | ૧૪ | | पिंडोग्गह पडिमासु | ૩૧ | ૨૫૯ |
| | दसारचक्केण | ૨૨ | ૧૮ | બ | बहु आगमविण्णाया | ૩૬ | ૪૪૭ |
| | दाहिणभावं | ૨૯ | ૨૭૩ | | बंभचेरेण बंभणो | ૨૫ | ૯૧ |
| | दिव्वजुयल परिहिओ | ૨૨ | ૧૮ | ભ | भयावट्टे संसारसागरे | ૨૫ | ૯૬ |
| | दुक्खस्स संपीलं | ૩૨ | ૨૯૨ | મ | मणइच्छिय चित्तत्थो | ૩૦ | ૨૨૮ |
| | दुरारूहं | ૨૩ | ૬૦ | | मणो साहस्सिओ भीमो | ૨૩ | ૫૨ |
| | दुविहं | ૨૧ | ૧૧ | | મનગુપ્તિ | ૨૪ | ૭૪ |
| | દેવોનું અંતર | ૩૬ | ૪૩૭ | | मरणम्मि विराहिया | ૩૬ | ૪૪૩ |
| ધ | धम्माण कासवो मुहं | ૨૫ | ૮૬ | | महाणिज्जरे | ૨૯ | ૧૮૧ |
| | धम्मो दीवो | ૨૩ | ૫૫ | | महापज्जवसाणे | ૨૯ | ૧૮૧ |
| પ | पइट्ठा य गइ सरणमुत्तमं | ૨૩ | ૫૫ | | महामेहप्पसूयाओ | ૨૩ | ૫૧ |
| | पओसकालम्मि | ૨૬ | ૧૧૦ | | मा कुले गंधणा होमो | ૨૨ | ૩૦ |

| | વિષય | અધ્ય૦ | પૃષ્ટ |
|---|---|---|---|
| | मंसट्ठा | ૨૨ | ૨૦ |
| ર | रागाउरे बडिस विभिण्णकाए | ૩૨ | ૨૯૯ |
| | रागाउरे सीयजलावसण्णे | ૩૨ | ૩૦૩ |
| | राय लक्खण संजुए | ૨૨ | ૧૪ |
| લ | लक्खणस्सर संजुओ | ૨૨ | ૧૪ |
| | લેશ્યાસ્થાન | ૩૪ | ૩૪૧ |
| | लोयग्गे य पइट्ठिया | ૩૬ | ૩૮૬ |
| વ | वएसु – મહાવ્રત ૫ | ૩૧ | ૨૫૭ |
| | વચનગુપ્તિના ભેદ | ૨૪ | ૭૫ |
| | वण्हिपुंगवो | ૨૨ | ૧૮ |
| | वायाविद्धुव्व हडो | ૨૨ | ૩૦ |
| | वावण्णकुदंसणवज्जणा | ૨૮ | ૧૪૯ |
| | विज्जाचरण पारगे | ૨૩ | ૩૪ |
| | विणय पडिवत्तिं | ૨૯ | ૧૬૭ |
| | વિપ્ર અને દ્વિજ | ૨૫ | ૮૩ |
| | विमलो भाणू | ૨૩ | ૫૯ |
| | विमोक्खणट्ठाए | ૨૫ | ૮૪ |
| | वेरत्तियं पि कालं | ૨૬ | ૧૧૦ |
| | વૈમાનિક દેવોના સ્થાન | ૩૬ | ૪૩૭ |
| શ | શુદ્ધ–અશુદ્ધ પ્રતિલેખના | ૨૬ | ૧૧૫ |
| | શ્રુત આરાધના | ૨૯ | ૧૮૫ |
| | શ્લાઘનીય પુરુષ | ૨૨ | ૧૪ |
| સ | सण्णाणणाणोवगए | ૨૧ | ૧૦ |
| | सपरिसा | ૨૨ | ૨૩ |
| | समयाए समणो होइ | ૨૫ | ૯૧ |
| | समाहि उप्पायगा | ૩૬ | ૪૪૭ |
| | समुद्दं च महाभवोघं | ૨૧ | ૧૧ |
| | સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ | ૨૯ | ૨૨૦ |
| | सम्मग्गं तुं जिणक्खायं | ૨૩ | ૫૪ |
| | सरीरमाहु णावत्ति | ૨૩ | ૫૭ |
| | सव्वदुक्खाण मंतं करेंति | ૨૯ | ૧૬૧ |
| | सव्व दुक्खविमोक्खणं | ૨૬ | ૧૧૯ |
| | सव्वभाव विभावणं | ૨૬ | ૧૧૯ |
| | सव्वेते वेइया मज्झं | ૨૩ | ૫૪ |
| | सव्वोसहीहिं | ૨૨ | ૧૮ |
| | सागारोवउत्ते सिज्झइ | ૨૯ | ૨૨૧ |
| | સાધુવેશના મુખ્ય ત્રણ પ્રયોજન | ૨૩ | ૪૪ |
| | સામાયિક ચારિત્ર | ૨૮ | ૧૫૪ |
| | साहस्सिए परिवुडो | ૨૨ | ૨૩ |
| | સિદ્ધોના ભેદ અને સિદ્ધ સંખ્યા | ૩૬ | ૩૮૩ |
| | સિદ્ધ શિલા પ્રમાણ | ૩૬ | ૩૮૮ |
| | સિદ્ધશિલાનો આકાર | ૩૬ | ૩૮૮ |
| | સિદ્ધશિલાનો વર્ણ | ૩૬ | ૩૮૯ |
| | સિદ્ધશિલાના નામો | ૩૬ | ૩૮૯ |
| | સિદ્ધક્ષેત્ર | ૩૬ | ૩૮૯ |
| | सुदिट्ठ परमत्थ सेवणा | ૨૮ | ૧૪૯ |
| | सुयणु | ૨૨ | ૩૦ |
| | सुयं आभिणिबोहियं | ૨૮ | ૧૩૭ |
| | सुयं मे आउसं | ૨૯ | ૧૫૯ |
| | सुरूवे पियदंसणे | ૨૧ | ૪ |
| | सुहुमकिरयं अप्पडिवाइं | ૨૯ | ૨૨૦ |
| | સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ | ૩૦ | ૨૪૯ |
| | सोरियपुरम्मि णयरे | ૨૨ | ૧૪ |
| | सोहग्गं | ૨૯ | ૧૭૪ |
| | संबुद्धप्पा सव्वण्णू | ૨૩ | ૩૪ |
| | સંયમ, તપ અને વ્યવદાન | ૨૯ | ૧૮૭ |
| | સંવરના ઉપાય | ૩૦ | ૨૨૬ |
| | સંસારી જીવ | ૩૬ | ૩૮૧ |
| | સ્થિરિકરણ | ૨૮ | ૧૫૩ |
| | સ્થલચરની કાયસ્થિતિ | ૩૬ | ૪૨૪ |
| ક્ષ | ક્ષેત્ર ઊણોદરી | ૩૦ | ૨૩૬ |

## પરિશિષ્ટ–૨ :

# વિવેચિત પારિભાષિક શબ્દાનુક્રમણિકા


| | શબ્દ | અધ્ય૦ | પૃષ્ટ | | શબ્દ | અધ્ય૦ | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| અ | અકર્મભૂમિ | ૩૬ | ૪૨૭ | | આભ્યંતર તપ(છ પરિભાષા) | ૨૮ | ૧૫૬ |
| | અકામ મરણ | ૩૬ | ૪૪૫ | | આભ્યંતર તપ | ૩૦ | ૨૨૭ |
| | **अकुऊहले** – કુતૂહલ રહિત | ૩૪ | ૩૪૧ | | આભ્યંતર તપના પ્રકાર | ૩૦ | ૨૪૩ |
| | અગ્નિકાય | ૩૬ | ૪૦૭ | | આયુષ્ય કર્મ | ૩૩ | ૩૨૧ |
| | અગ્લાન ભાવ(**अगिलायओ**) | ૨૬ | ૧૦૪ | | આર્ત ધ્યાન | ૩૧ | ૨૫૭ |
| | **अच्चणं,पूयणं, रयणं** આદિ | ૩૫ | ૩૬૩ | | **आलोचना** | ૨૯ | ૧૬૮ |
| | **अजीवा** | ૩૬ | ૩૬૭ | | આશાતના | ૩૧ | ૨૭૦ |
| | **अणायार भंडसेवी** | ૩૬ | ૪૧૦ | | આસુરી ભાવના | ૩૬ | ૪૪૮ |
| | અધર્માસ્તિકાય | ૨૮ | ૧૪૦ | ઇ | ઇંગિત મરણ | ૩૦ | ૨૩૨ |
| | અધર્માસ્તિકાય | ૩૬ | ૩૬૯ | | ઇત્વરિક તપ | ૩૦ | ૨૩૦ |
| | અનશન આદિ છ બાહ્ય તપ | ૩૦ | ૨૨૮ | | ઇન્દ્ર, સામાનિક આદિ(દસ) | ૩૬ | ૪૩૭ |
| | અનુત્તર વિમાનવાસી દેવ | ૩૬ | ૪૩૮ | | ઇન્દ્રિય નિગ્રહ | ૨૯ | ૨૧૨ |
| | અનુપ્રેક્ષા | ૨૯ | ૧૮૩ | | ઇન્દ્રિય પ્રતિસંલીનતા આદિ | ૩૦ | ૨૪૧ |
| | અનુભાગ બંધ | ૩૩ | ૩૧૫ | ઉ | ઉત્તરગુણ | ૨૬ | ૧૦૪ |
| | અનંતાનુબંધી આદિ કષાય | ૩૩ | ૩૨૦ | | ઉદાર ત્રસ | ૩૬ | ૪૦૯ |
| | અપર્યાપ્ત | ૩૬ | ૪૦૦ | | ઉપશમ શ્રેણી | ૨૯ | ૪૬૯ |
| | અપ્કાય | ૩૬ | ૪૦૧ | | ઉપસર્ગ ત્રણ | ૩૧ | ૨૫૬ |
| | અરતિ–શોકમાં અંતર | ૩૨ | ૩૦૭ | | ઉરપરિસર્પ | ૩૬ | ૪૨૪ |
| | अरूवी – અરૂપી | ૩૬ | ૩૬૭ | | ઊણોદરી | ૩૦ | ૨૩૬ |
| | અલોક | ૩૬ | ૩૬૬ | ઋ | ઋજુશ્રેણી | ૨૯ | ૨૨૧ |
| | અવગ્રહ પ્રતિમા સાત | ૩૧ | ૨૬૦ | એ | **एगत्तेणं** | ૩૬ | ૩૭૨ |
| | **अवसेसं भंडगं** | ૨૬ | ૧૧૭ | ઓ | **ओमाणभीरुए** | ૨૭ | ૧૩૦ |
| | **असण–पाण खाइम साइम** | ૩૦ | ૨૨૯ | ઔ | ઔઘિક ઉપધિ | ૨૪ | ૭૧ |
| | અસમાધિ સ્થાન(વીસ) | ૩૧ | ૨૬૪ | | ઔપગ્રહિક ઉપધિ | ૨૪ | ૭૧ |
| | અસંયમ(સત્તર) | ૩૧ | ૨૬૪ | અં | અંતરાય પાંચ | ૩૩ | ૩૨૩ |
| | અસ્તિકાય | ૨૮ | ૧૪૦ | | અંતર્દ્વીપ | ૩૬ | ૪૨૬ |
| | અસ્પૃશ્યમાન ગતિ | ૨૯ | ૨૨૧ | | અંધકાર અને ઉદ્યોત | ૨૮ | ૧૪૧ |
| આ | આકાશાસ્તિકાય | ૩૬ | ૨૬૯ | ક | **कम्मलेस्सं** | ૩૪ | ૩૩૧ |
| | આકાશાસ્તિકાય | ૨૮ | ૧૪૦ | | કર્મબંધ | ૩૩ | ૩૧૩ |
| | **आघविए, पण्णविए** આદિ છ ક્રિયા | ૨૯ | ૨૨૨ | | કર્મ આઠ સ્વભાવ | ૩૩ | ૩૧૫ |
| | આભિયોગિકી ભાવના | ૩૬ | ૪૪૮ | | કર્મભૂમિ | ૩૬ | ૪૨૫ |

| | શબ્દ | અધ્ય૦ | પૃષ્ટ | | શબ્દ | અધ્ય૦ | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| | કલ્પાતીત | ૩૬ | ૪૩૭ | | ગ્રહણૈષણા | ૨૪ | ૭૦ |
| | કલ્પોપપન્નક દેવ | ૩૬ | ૪૩૬ | | ગ્રૈવેયક દેવો | ૩૬ | ૪૩૭ |
| | કષાય | ૨૯ | ૧૯૪ | ઘ | ઘન તપ | ૩૦ | ૨૨૯ |
| | કષાય | ૩૧ | ૨૫૭ | | ઘાતીકર્મ | ૨૯ | ૧૭૧ |
| | કાયક્લેશ | ૩૦ | ૨૪૦ | ચ | ચતુષ્પદ | ૩૬ | ૪૪૨ |
| | કાયગુપ્તિ | ૨૯ | ૨૦૭ | | ચારિત્ર | ૨૮ | ૧૫૪ |
| | કાય સમાધારણતા | ૨૯ | ૨૦૮ | | ચતુર્વિંશતિસ્તવ | ૨૯ | ૧૭૨ |
| | કાયસ્થિતિ | ૩૬ | ૩૯૯ | છ | છસુકાએસુ – છ કાયના જીવો | ૩૧ | ૨૫૯ |
| | કાયોત્સર્ગ | ૨૯ | ૧૭૪ | | **छपुरिमा नव खोडा** | ૨૬ | ૧૧૪ |
| | કાલ | ૨૮ | ૧૪૦ | | છાયા | ૨૮ | ૧૪૧ |
| | કાલ | ૩૬ | ૩૬૯ | | છેદોપસ્થાપનીય ચારિત્ર | ૨૮ | ૧૫૪ |
| | કિલ્વિષી ભાવના | ૩૬ | ૪૪૭ | જ | જલચર, સ્થલચર, ખેચર | ૩૬ | ૪૨૨ |
| | किंपागफला – કિંપાક ફળ | ૩૨ | ૨૮૬ | | **जिणे** | ૨૩ | ૩૪ |
| | **केसी कुमार समणे** | ૨૩ | ૩૪ | | જીવાસ્તિકાય | ૨૮ | ૧૪૦ |
| | **कोडाकोडी** | ૩૩ | ૩૨૬ | | **जोगवं**–યોગવાન | ૩૪ | ૩૪૧ |
| | **कोविए** | ૨૧ | ૨ | | **जोगेसु**–બત્રીસ યોગસંગ્રહ | ૩૧ | ૨૭૦ |
| | **कंखामोहणिज्जं**(કાંક્ષામોહનીય) | ૨૯ | ૧૮૨ | | જ્યોતિષી દેવ | ૩૬ | ૪૩૫ |
| | કંદર્પ આદિ પાંચ ભાવના | ૩૬ | ૪૩૨ | ણ | **णिव्वाणं** | ૨૩ | ૬૦ |
| | કંદર્પ ભાવના | ૩૬ | ૪૪૬ | ત | તપ | ૨૯ | ૧૮૬ |
| | ક્રિયા(પાંચ) | ૩૧ | ૨૫૮ | | તપ સ્વરૂપ | ૩૦ | ૨૨૭ |
| | ક્રિયાસ્થાન(તેર) | ૩૧ | ૨૬૨ | | तसा – ત્રસ | ૩૬ | ૩૯૩ |
| ખ | **खलुंके** | ૨૭ | ૧૨૯ | | **तावसो** | ૨૫ | ૯૧ |
| | **खेमं, सिवं, अणाबाहं** | ૨૩ | ૬૦ | | તિર્યંચ પંચેન્દ્રિય | ૩૬ | ૪૫૮ |
| ગ | **गणहरे** | ૨૭ | ૧૨૬ | થ | **थद्धे** | ૨૭ | ૧૩૦ |
| | ગતિ ત્રસ | ૩૬ | ૪૦૬ | | **थावरा** | ૩૬ | ૩૯૩ |
| | ગર્ભજ તિર્યંચ | ૩૬ | ૪૨૨ | | **थेरे** | ૨૭ | ૧૨૬ |
| | ગર્ભજ મનુષ્ય | ૩૬ | ૪૨૫ | દ | **दढधम्मे** | ૩૪ | ૩૪૧ |
| | **गरहणया** | ૨૯ | ૧૭૦ | | દર્શનાવરણીયના નવ ભેદ | ૩૩ | ૩૧૭ |
| | ગલિગર્દભ | ૨૭ | ૧૩૨ | | દેવ | ૩૬ | ૪૧૫ |
| | गवेषणा | ૨૪ | ૭૦ | | दंडाणं – દંડ સ્વરૂપ | ૩૧ | ૨૫૬ |
| | ગારવ(ત્રણ) | ૩૧ | ૨૫૬ | | દ્રવ્ય | ૨૮ | ૧૩૭ |
| | ગુણ | ૨૮ | ૧૩૭ | | દ્રવ્ય લેશ્યા | ૩૪ | ૩૩૦ |
| | ગુપ્તિ(ત્રણ) | ૨૪ | ૬૬ | ધ | ધર્મકથા | ૨૯ | ૧૮૪ |
| | ગોત્ર | ૩૩ | ૩૨૨ | | ધર્માસ્તિકાય | ૨૮ | ૧૪૦ |
| | **गोयरग्ग**(ગોચરી) | ૩૦ | ૨૩૮ | | ધર્માસ્તિકાય | ૩૬ | ૩૬૯ |
| | **गंधहत्थी** | ૨૨ | ૧૮ | | ધ્યાન ચાર(સ્વરૂપ વિસ્તાર) | ૩૦ | ૨૪૭ |

| | શબ્દ | અધ્ય૦ | પૃષ્ટ | | શબ્દ | અધ્ય૦ | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| ન | નરક સાત રત્નપ્રભાદિ | ૩૬ | ૪૧૮ | | પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિ | ૩૬ | ૪૦૪ |
| | નવ તત્ત્વનું સ્વરૂપ | ૨૮ | ૧૪૨ | | પ્રદેશ બંધ | ૩૩ | ૩૧૫ |
| | નારકી | ૩૬ | ૪૧૫ | | પ્રવચન માતા | ૨૪ | ૬૫ |
| | નિર્વેદ | ૨૯ | ૧૬૪ | | પ્રાયશ્ચિત્ત | ૨૯ | ૧૭૮ |
| | નિર્હારિમ–અનિર્હારિમ | ૩૦ | ૨૩૨ | | પ્રાયશ્ચિત્ત સ્વરૂપ | ૩૦ | ૨૪૩ |
| | નોકષાય | ૩૩ | ૩૨૦ | | પ્રાયશ્ચિત્ત(દસ સ્વરૂપ) | ૩૦ | ૨૪૩ |
| પ | **पइण्णगं** | ૨૮ | ૧૪૮ | બ | **बहुमाण** – બહુમાન | ૨૯ | ૧૬૭ |
| | **परमद्ध जोयणाओ** | ૨૬ | ૧૧૭ | | બાદર | ૩૬ | ૩૯૮ |
| | પરમાણુ (પૃષ્ઠ–૧૪૧) | ૨૮ | ૧૪૧ | | બાલમરણ | ૩૬ | ૪૪૫ |
| | પરમાણુ | ૩૬ | ૩૭૧ | | બાહ્ય તપ(પરિભાષા) | ૩૦ | ૨૨૭ |
| | પરિભોગૈષણા | ૨૪ | ૭૦ | | બાહ્યતપ છ(પરિભાષા) | ૨૮ | ૧૫૬ |
| | પરિવર્તના | ૨૯ | ૧૮૨ | | **बंभणो** | ૨૫ | ૯૧ |
| | પરિસર્પ | ૩૬ | ૪૨૩ | | બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓ | ૩૧ | ૨૬૧ |
| | પરિહાર વિશુદ્ધ | ૨૮ | ૧૫૪ | ભ | ભક્ત પ્રત્યાખ્યાન | ૩૦ | ૨૩૨ |
| | પર્યાપ્ત | ૩૬ | ૩૯૯ | | **भगवं** | ૨૧ | ૫ |
| | પર્યાય | ૨૮ | ૧૩૮ | | **भत्ति** | ૨૯ | ૧૬૭ |
| | પલ્યોપમ–સાગરોપમ | ૩૩ | ૩૨૬ | | ભય સાત(સ્વરૂપ) | ૩૧ | ૨૬૦ |
| | પાદપોપગમન મરણ | ૩૦ | ૨૩૨ | | ભવનપતિ દેવ | ૩૬ | ૪૩૪ |
| | પાપશ્રુત | ૩૧ | ૨૬૮ | | ભવસ્થિતિ | ૩૬ | ૩૯૯ |
| | **पियधम्मे** | ૩૪ | ૩૪૧ | | ભાવનાઓ પચીસ(સ્વરૂપ) | ૩૧ | ૨૬૬ |
| | પિંડૈષણા સાત | ૩૦ | ૨૩૯ | | ભાવ લેશ્યા | ૩૪ | ૩૩૦ |
| | પુદ્ગલાસ્તિકાય | ૨૮ | ૧૪૧ | | ભિક્ષાચર્યા–વૃત્તિસંક્ષેપ | ૩૦ | ૨૩૮ |
| | પુદ્ગલાસ્તિકાય | ૩૬ | ૩૭૦ | | ભિક્ષુ પડિમા (બાર) | ૩૧ | ૨૬૨ |
| | **पुहत्तेण** | ૩૬ | ૩૭૨ | | ભુજપરિસર્પ | ૩૬ | ૪૨૩ |
| | પૃથ્વીકાય | ૩૬ | ૩૯૮ | | ભૂતિકર્મ | ૩૬ | ૪૪૭ |
| | પેડા, અદ્ધ પેડા આદિ(છ ગોચરી) | ૩૦ | ૨૩૬ | | **भूयगामेसु** – ચૌદ ભૂતગ્રામ | ૩૧ | ૨૬૩ |
| | પોરસી | ૨૬ | ૧૦૬ | મ | મદ (**मएसु**) | ૩૧ | ૨૬૧ |
| | **पंडिए** | ૩૦ | ૨૫૧ | | મનગુપ્તિ | ૨૯ | ૨૦૫ |
| | પંડિતમરણ | ૩૬ | ૪૪૫ | | મન સમધારણતા | ૨૯ | ૨૦૭ |
| | પ્રકીર્ણક તપ | ૩૦ | ૨૩૦ | | મનુષ્ય | ૩૬ | ૪૧૪ |
| | પ્રકૃતિ બંધ | ૩૩ | ૩૧૪ | | **महापण्णे** | ૨૨ | ૨૦ |
| | પ્રતર તપ | ૩૦ | ૨૨૯ | | માન | ૨૯ | ૨૧૫ |
| | પ્રતિક્રમણ | ૨૯ | ૧૭૩ | | માયા | ૨૯ | ૨૧૬ |
| | પ્રતિપૃચ્છના | ૨૯ | ૧૮૧ | | **मुख** | ૨૫ | ૮૪ |
| | પ્રતિસંલીનતા | ૩૦ | ૨૪૨ | | **मुणि** | ૨૫ | ૯૧ |
| | પ્રત્યાખ્યાન | ૨૯ | ૧૭૫ | | મુધાજીવી | ૨૫ | ૯૦ |

| | શબ્દ | અધ્ય૦ | પૃષ્ટ | | શબ્દ | અધ્ય૦ | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| | **मुहुत्तद्धं** | ૩૪ | ૩૪૪ | | વંદના | ૨૯ | ૧૭૨ |
| | મૃદુતા | ૨૯ | ૨૦૩ | | **वंजणलद्धिं** | ૨૯ | ૧૮૨ |
| | મોહનીય કર્મ | ૩૩ | ૩૧૯ | | વ્યુત્સર્ગ તપ | ૩૦ | ૨૫૦ |
| | મોહ ભાવના | ૩૬ | ૪૪૮ | **શ** | શબલ દોષ(એકવીસ) | ૩૧ | ૨૬૫ |
| | મંતા – મંત્ર પ્રયોગ | ૩૬ | ૪૪૭ | | શબ્દ | ૨૮ | ૧૪૧ |
| **ય** | યથાખ્યાત ચારિત્ર | ૨૮ | ૧૫૫ | | શલ્ય ત્રણ | ૩૧ | ૨૫૬ |
| | યોગ | ૨૯ | ૧૯૪ | | શુભનામકર્મ, અશુભનામકર્મ | ૩૩ | ૩૨૧ |
| | યોગનિરોધ | ૨૯ | ૨૧૯ | | શુશ્રૂષા | ૨૯ | ૧૬૭ |
| **ર** | રુચિ દસ(સ્વરૂપ) | ૨૮ | ૧૪૮ | | શૈલેશી અવસ્થા | ૨૯ | ૨૨૦ |
| | રૂપી (**रूविणो**) | ૩૬ | ૩૬૭ | | શ્રમણધર્મ | ૩૧ | ૨૬૧ |
| | રૌદ્ર ધ્યાન | ૩૧ | ૨૫૭ | | શ્રાવકની પડિમાઓ (૧૧) | ૩૧ | ૨૬૨ |
| **લ** | લબ્ધિ ત્રસ | ૩૬ | ૪૦૬ | | શ્રેણી તપ | ૩૦ | ૨૨૯ |
| | લેશ્યા | ૩૪ | ૩૩૧ | **સ** | **सकवाडं** | ૩૫ | ૩૫૮ |
| | લેશ્યાઓ | ૩૧ | ૨૫૯ | | સકામ મરણ | ૩૬ | ૪૪૫ |
| | લોક | ૩૬ | ૩૬૬ | | સચેલ-અચેલ | ૨૩ | ૪૪ |
| | લોભ | ૨૯ | ૨૧૬ | | **सद्दहित्ता, पत्तइत्ता** આદિ દસ | ૨૯ | ૧૬૦ |
| **વ** | વચનગુપ્તિ | ૨૯ | ૨૦૬ | | **सपरिकम्मा–अपरिकम्मा** | ૩૦ | ૨૩૨ |
| | વચન સમધારણતા | ૨૯ | ૨૦૭ | | સમચતુરસ્ર સંસ્થાન | ૨૨ | ૧૬ |
| | વજ્રઋષભનારાચ સંહનન | ૨૨ | ૧૬ | | **समणो** | ૨૫ | ૯૧ |
| | **वण्ण** | ૨૯ | ૧૬૭ | | સમાચારી | ૨૬ | ૧૦૦ |
| | વનસ્પતિકાય | ૩૬ | ૪૦૪ | | સમાચારી(દસ) | ૨૬ | ૧૦૧ |
| | **वराया** | ૩૬ | ૪૪૫ | | સમાધિ | ૩૨ | ૨૭૮ |
| | વર્ગ તપ | ૩૦ | ૨૨૯ | | સમાધિ | ૩૨ | ૨૯૨ |
| | વર્ગવર્ગ તપ | ૩૦ | ૨૩૦ | | **समाहिं** | ૨૭ | ૧૨૬ |
| | વાચના | ૨૯ | ૧૮૧ | | સમિતિ(પાંચ) | ૩૧ | ૨૯૮ |
| | વાચનાદિ પાંચ સ્વાધ્યાયના પ્રકાર | ૩૦ | ૨૪૬ | | સમિતિ અને સમિતિ પાંચ | ૨૪ | ૬૬ |
| | વાણવ્યંતર દેવ | ૩૬ | ૪૩૫ | | **सम्मत्त परक्कम्मे** | ૨૯ | ૧૬૦ |
| | વિકથા ચાર | ૩૧ | ૨૫૭ | | સમ્યક્ત્વના આઠ અંગ–સ્વરૂપ | ૨૮ | ૧૫૧ |
| | **विणियट्टणया** | ૨૯ | ૧૯૦ | | સમ્યક્ત્વ મોહનીય આદિ ત્રણ | ૩૩ | ૩૧૯ |
| | વિનય | ૩૦ | ૨૪૪ | | સમ્યગ્જ્ઞાનાદિનું સ્વરૂપ | ૨૮ | ૧૩૬ |
| | **विवित्ताहारे** | ૨૯ | ૧૮૯ | | **सवियारं–अवियारं** | ૩૦ | ૨૩૨ |
| | **वीरासणे** | ૩૦ | ૨૪૧ | | **सव्वकामियं** | ૨૫ | ૮૩ |
| | વેદનીય કર્મ સ્વરૂપ | ૩૩ | ૩૧૮ | | **सव्वसुत्तमहोदही** | ૨૩ | ૬૨ |
| | વૈમાનિક દેવ | ૩૬ | ૪૩૬ | | **सव्वोसहीहिं** | ૨૨ | ૧૮ |
| | વૈયાવચ્ચ–વૈયાવૃત્ય | ૨૯ | ૧૯૯ | | સાગરોપમ | ૩૬ | ૪૧૮ |
| | **वोदाणं** | ૨૯ | ૧૮૬ | | સાધારણ શરીરી બાદર વનસ્પતિ | ૩૬ | ૪૦૪ |

| | શબ્દ | અધ્ય૦ | પૃષ્ટ | | શબ્દ | અધ્ય૦ | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| | સામાયિક ચારિત્ર | ૨૮ | ૧૫૪ | | સંરંભ, સમારંભ, આરંભ(વચનથી) | ૨૪ | ૭૫ |
| | સામાયિક | ૨૯ | ૧૭૧ | | સંરંભ, સમારંભ, આરંભ(કાયાથી) | ૨૪ | ૭૬ |
| | **सारही** | ૨૨ | ૨૦ | | સંલેખના | ૩૬ | ૪૨૧ |
| | **सावए** | ૨૧ | ૨ | | **संविग्गो** | ૨૧ | ૫ |
| | **साहस्सिओ, भीमो** | ૨૩ | ૫૨ | | સંવેગના અર્થ | ૨૯ | ૧૬૩ |
| | **सिज्झंति** આદિ ક્રિયાઓ | ૨૯ | ૧૬૧ | | સંસ્થાન(પાંચ) | ૩૬ | ૩૭૯ |
| | | | | | સંજ્ઞા(**सण्णाणं**) | ૩૧ | ૨૫૭ |
| | સિદ્ધના પંદર ભેદ | ૩૬ | ૩૮૩ | | સ્કંધ, દેશ, પ્રદેશ | ૩૬ | ૩૬૯ |
| | **सिद्धाइगुण**–સિદ્ધોના ૩૧ ગુણ | ૩૧ | ૨૬૯ | | સ્કંધ, દેશ, પ્રદેશ, પરમાણુ | ૩૬ | ૩૭૦ |
| | **सिद्धी** | ૨૩ | ૭૦ | | સ્તવ અને સ્તુતિ | ૨૯ | ૧૭૬ |
| | **सुहसाएणं** | ૨૯ | ૧૮૮ | | સ્થાવર | ૩૬ | ૩૯૩ |
| | સૂક્ષ્મ | ૩૬ | ૩૯૮ | | સ્થિતિબંધ | ૩૩ | ૩૧૪ |
| | સૂક્ષ્મ સંપરાય ચારિત્ર | ૨૮ | ૧૫૫ | | સ્પર્શના આઠ ભેદ | ૩૬ | ૩૭૯ |
| | **संजलण** | ૨૯ | ૧૬૭ | | સ્વાધ્યાય | ૩૦ | ૨૪૬ |
| | **संतरुत्तरो** | ૨૩ | ૩૭ | | સ્વાધ્યાય | ૨૯ | ૧૮૦ |
| | **संभोग** | ૨૯ | ૧૯૧ | **ક્ષ** | ક્ષપક શ્રેણી | ૨૯ | ૧૭૦ |
| | સંભોગપ્રત્યાખ્યાન | ૨૯ | ૧૯૧ | | ક્ષમાપના | ૨૯ | ૧૭૯ |
| | સંમૂર્ચ્છિમ તિર્યંચ | ૩૬ | ૪૨૨ | | ક્ષમા | ૨૯ | ૨૦૧ |
| | સંમૂર્ચ્છિમ મનુષ્ય | ૩૬ | ૪૨૬ | **જ્ઞ** | જ્ઞાનાવરણીય કર્મના પાંચ પ્રકાર | ૩૩ | ૩૧૬ |
| | સંયમ | ૨૯ | ૧૮૬ | | જ્ઞાન પાંચ(સ્વરૂપ) | ૨૮ | ૧૩૭ |
| | સંરંભ, સમારંભ, આરંભ(મનથી) | ૨૪ | ૭૪ | | | | |

**પરિશિષ્ટ–૩ :**

# પાંચ સમિતિ – ત્રણ ગુપ્તિ

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય.–૨૪મા પાંચ સમિતિ–ત્રણ ગુપ્તિનું વર્ણન છે. પ્રચલિત થોકડાઅને શ્રમણ પ્રતિક્રમણમાં તેનું વર્ણન દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી કર્યું છે. તે આ પ્રમાણે છે—

**સમિતિ–** તેના પાંચ પ્રકાર છે– (૧) ઈર્યા સમિતિ– રસ્તે ચાલવાની વિધિ (૨) ભાષા સમિતિ– બોલવાની વિધિ (૩) એષણા સમિતિ– ગોચરીની વિધિ (૪) નિક્ષેપણા સમિતિ– વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણો લેવા–મૂકવાની વિધિ અને (૫) ઉચ્ચાર પાસવણ ખેલ જલ સિંઘાણ પારિટ્ઠાવણિયા સમિતિ– વડીનીત, લઘુનીત, બળખા, લીંટ આદિ પરઠવાની વિધિ.

**ગુપ્તિ–** ગોપવવું. તેના ત્રણ પ્રકાર છે. મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ. હવે તેનો વિસ્તાર કહે છે–

**(૧) ઈર્યાસમિતિ– દ્રવ્યથી–** છકાય જીવોની યતના કરતાં ચાલે. **ક્ષેત્રથી–** ધુંસર પ્રમાણ– સાડા ત્રણ હાથ ભૂમિ આગળ જોઈને ચાલે. **કાલથી–** દિવસે જોઈને ચાલે, રાત્રે પોંજીને ચાલે. **ભાવથી–** રસ્તે ચાલતા દશ બોલ વર્જીને ચાલે, વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા આદિ ન કરે તેમ જ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શાદિ પાંચ વિષયમાં ધ્યાન ન આપે.

**(૨) ભાષા સમિતિ– દ્રવ્યથી–** કર્કશકારી, કઠોરકારી, છેદકારી, ભેદકારી, મર્મકારી, મૃષાકારી, સાવદ્યકારી અને નિશ્ચયકારી, તે આઠ પ્રકારની ભાષા ન બોલે. **ક્ષેત્રથી–** રસ્તે ચાલતા ન બોલે. **કાલથી–** એક પ્રહર રાત્રિ વ્યતીત થઈ જાય પછી મોટેથી, ઊંચા અવાજે ન બોલે. **ભાવથી–** રાગ–દ્વેષયુક્ત ભાષા ન બોલે.

**(૩) એષણા સમિતિ– દ્રવ્યથી–** સોળ ઉદ્ગમના, સોળ ઉત્પાદનના, દશ એષણાના તે બેતાળીશ (૪૨) દોષ, પાંચ માંડલાના દોષ સહિત સૂડતાલીશ(૪૭) દોષ તથા છન્નુ(૯૬) દોષ ટાળીને નિર્દોષ આહાર, પાણી, વસ્ત્ર, પાત્રાદિ ગ્રહણ કરે અને ભોગવે. **ક્ષેત્રથી–** આહાર–પાણી બે ગાઉ ઉપરાંત લઈ જઈને ન ભોગવે. **કાલથી–** પહેલા પ્રહરના લાવેલા આહાર–પાણી ચોથા પ્રહરમાં ન ભોગવે. **ભાવથી–** પાંચ માંડલાના દોષ ટાળીને અનાસક્તભાવે આહાર–પાણી ભોગવે.

**માંડલાના પાંચ દોષ–** (૧) અંગાર દોષ– દાતાની અથવા આહારની પ્રશંસા કરીને આહાર કરે (૨) ધૂમ દોષ– દાતાની અથવા આહારની નિંદા કરીને આહાર કરે (૩) સંયોજના દોષ– આહારને સ્વાદિષ્ટ બનાવવા એક વસ્તુમાં બીજી વસ્તુ ભેળવીને આહાર કરે (૪) અપ્રમાણ દોષ– શાસ્ત્રોક્ત મર્યાદાથી (૩ર કવલ આદિથી) અધિક આહાર કરે (૫) અકારણ દોષ– સાધુ છ કારણે આહાર કરે અને છ કારણે આહારનો ત્યાગ કરે તેવું કથન આગમમાં છે. તે આ પ્રમાણે છે– છ કારણ વિના પણ આહાર કરે.

**આહાર ગ્રહણ કરવાના છ કારણ–** (૧) ક્ષુધા વેદનીયને શાંત કરવા (૨) વૈયાવચ્ચ કરવા (૩) ઈર્યા સમિતિનું શોધન કરવા (૪) સંયમનું પાલન કરવા (૫) શરીર ટકાવવા (૬) ધર્મનું ચિંતન કરવા. આ છ કારણ વિના આહાર કરે તે અકારણ દોષ.

**આહાર ત્યાગના છ કારણ–** (૧) રોગ ઉત્પન્ન થાય (૨) દેવાદિનો ઉપસર્ગ આવે (૩) બ્રહ્મચર્યની

રક્ષા (૪) જીવ દયા (૫) તપ કરવા (૬) અંતિમ સમયે શરીરનો ત્યાગ કરવા. આ છ કારણ ઉપસ્થિત થતાં આહાર ન છોડે તે દોષ.

**(૪) આદાન ભંડ મત્ત નિક્ખેવણિયા સમિતિ :–** મુનિઓના ઉપકરણો આ પ્રમાણે છે– (૧) મુહપત્તિ (૨) ગુચ્છો (૩) રજોહરણ (૪) ચોલપટ્ટક (૫) પછેડી (૬) કાષ્ઠ, તુમ્બી કે માટીના પાત્ર (૭) આસન (૮) સંસ્તારક– સૂવાનું પથરણું. સાધુ જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિ માટે આવશ્યક ઉપકરણો રાખે. **દ્રવ્યથી–** ઉપરોક્ત ઉપકરણો યતનાથી ગ્રહણ કરે, મૂકે અને વાપરે. **ક્ષેત્રથી–** જ્યાં ત્યાં વીંખણ-પીંખણ ન રાખે. ઉપકરણો વ્યવસ્થિત રાખે. **કાલથી–** સર્વ ઉપધિનું દિવસના પહેલા પ્રહરમાં અને ચોથા પ્રહરમાં ઉભયકાલ પ્રતિલેખન કરે. **ભાવથી–** મૂર્ચ્છા રહિત સંયમના સાધન સમજીને ભોગવે.

**ઉચ્ચાર પાસવણ ખેલ-જલ-સિંઘાણ પારિઠાવણિયા સમિતિ :– દ્રવ્યથી–** મળ મૂત્રાદિ પદાર્થો દશ પ્રકારના સ્થાનમાં પરઠે નહીં. તે દશ સ્થાન આ પ્રમાણે છે– (૧) લોકોનું આવાગમન થતું હોય (૨) કોઈને બાધા-પીડા-વિરોધ થાય (૩) ઊંચી-નીચી વિષમભૂમિ (૪) પોલાણવાળી ભૂમિ (૫) તરતની અચેત થયેલી ભૂમિ (૬) સાંકડી ભૂમિ (૭) ચાર અંગુલ નીચે સુધી અચિત્ત ન થયેલી ભૂમિ (૮) ગામ આદિની નજીક (૯) કીડી, મકોડા આદિ જીવોના દર સહિતની ભૂમિ (૧૦) ત્રસ જીવો અને બીજ વગેરે સચિત્ત પદાર્થ યુક્ત ભૂમિ. **ક્ષેત્રથી–** ગૃહસ્થના આંગણામાં કે લોકોને દુર્ગંધ થાય તેવા જાહેર રસ્તામાં પરઠે નહીં. **કાલથી–** પરઠવાની ભૂમિનું પ્રતિલેખન અને પ્રમાર્જન કરીને પરઠે. **ભાવથી–** પરઠવા જાય ત્યારે આવસ્સહી...ત્રણ વાર બોલે, પરઠતાં પહેલા શક્રેન્દ્ર મહારાજની આજ્ઞા લે, ચાર અંગુલ ઉપરથી યતનાપૂર્વક (જલદી સૂકાય તેમ) પરઠે, પરઠતાં વોસિરે-વોસિરે ત્રણ વાર બોલે, પરઠીને પાછા ફરતાં નિસ્સહી-નિસ્સહી ત્રણ વાર બોલે. ઉપાશ્રયમાં આવીને ઈરિયાવહિ કરે. ***હવે ત્રણ ગુપ્તિનો વિસ્તાર કહે છે.***

**મનગુપ્તિ :– દ્રવ્યથી–** આરંભ સમારંભમાં મન ન પ્રવર્તાવે. **ક્ષેત્રથી–** આખા લોકમાં. **કાલથી–** યાવજ્જીવન પર્યંત, **ભાવથી–** વિષયકષાયમાં, આર્ત–રૌદ્રધ્યાનમાં કે રાગ-દ્વેષમાં મન ન પ્રવર્તાવે.

**વચનગુપ્તિ :– દ્રવ્યથી–** ચાર પ્રકારની વિકથા ન કરે. **ક્ષેત્રથી–** આખા લોકમાં. **કાલથી–** જીવન પર્યંત **ભાવથી–** સાવદ્ય–પાપકારી વચન ન બોલે.

**કાયગુપ્તિ :– દ્રવ્યથી–** શરીરના શોભા શણગાર ન કરે. **ક્ષેત્રથી–** આખા લોકમાં **કાલથી–** જીવન પર્યંત. **ભાવથી–** સાવદ્યયોગ ન પ્રવર્તાવે. પાપકારી પ્રવૃત્તિ ન કરે.

**પરિશિષ્ટ–૪ :**

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની જૈનેતર ગ્રંથો સાથે તુલના

ભગવાન મહાવીરના સમયમાં ભારતમાં મુખ્યત્વે વૈદિક, જૈન અને બૌદ્ધ, આ ત્રણ ધર્મો પ્રચલિત હતા. તે સમયે વૈદિક ધર્મની બ્રાહ્મણ પરંપરા અને જૈનધર્મ તથા બૌદ્ધ ધર્મની શ્રમણ પરંપરા વિકસિત હતી. શ્રમણ પરંપરાના શ્રમણ ભગવાન મહાવીર અને ગૌતમ બુદ્ધ સમકાલીન હતા. તેમના ધર્મગ્રંથોમાં અનેક પ્રકારે સમાનતા પ્રતીત થાય છે. બૌદ્ધ ધર્મગ્રંથો પાલી ભાષામાં અને જૈન ધર્મગ્રંથો અર્ધમાગધી ભાષામાં રચાયેલા છે. આ બંને ભાષામાં પ્રાયઃ શબ્દપ્રયોગો પણ સમાન છે.

જૈન ધર્મગ્રંથોમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું સ્થાન મૂળસૂત્ર રૂપે અનોખું છે. તેમાં સાધકોને ઉપયોગી યમ-નિયમોનું મુખ્યત્વે નિરૂપણ છે તેમજ સાધકોની સાધનાના પ્રેરણાત્મક હિતશિક્ષા સૂત્રો છે. તેથી ય આગળ વધીને માનવ મૂલ્યો, આત્મ ઉત્થાનના ઉપાયો અને જન-જનને સ્પર્શતા સનાતન અને ત્રૈકાલિક સત્યોની રજૂઆત છે. દીર્ઘ દષ્ટિ અને ઊંડાણથી વિચારતા સ્પષ્ટ થાય છે કે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના કેટલાક ભાવો સર્વપ્રકારના સાધકો માટે હિતસંદેશ રૂપ છે, તેમજ તેમાં બિન સાંપ્રદાયિક એવા ઘણા વિષયો છે જે વૈદિક ધર્મના મહાભારત-શાંતિપર્વ, ભાગવત, પુરાણ, મનુસ્મૃતિ જેવા ધર્મગ્રંથોમાં અને બૌદ્ધ ધર્મના ધમ્મપદ, દીર્ઘનિકાય, થેરગાથા, સુત્તનિપાત જેવા ધર્મગ્રંથોમાં પણ જોવા મળે છે. આ બંને ધર્મોના ગ્રંથો, શ્લોકો શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર સાથે બહુ સામ્યતા ધરાવે છે.

પ્રસ્તુત પરિશિષ્ટમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ અધ્યયનોની કેટલીક ગાથાઓ સાથે સામ્યતા ધરાવતા વૈદિક ગ્રંથો અને બૌદ્ધ ગ્રંથોના શ્લોકોને પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

**અધ્યયન–૧ : વિનયશ્રુત :–**

**नापुट्ठो वागरे किंचि, पुट्ठो वा नालियं वए ।**
**कोहं असच्चं कुव्वेज्जा, धारेज्जा, पियमप्पियं ॥–ઉત્તરાધ્યયન ૧/૧૪**

**ભાવાર્થ :–** વિનીત શિષ્ય ગુરુને પૂછ્યા વિના બોલે નહીં, પૂછે ત્યારે અસત્ય બોલે નહીં. ક્રોધનો ઉદય થાય, તો તેને નિષ્ફળ કરે. ગુરુના પ્રિય કે અપ્રિય વચનોને સમભાવથી સ્વીકારે.

**नापृष्टः कस्यचिद् ब्रूयात्, नाप्यन्यायेन पृच्छतः ।**
**ज्ञानवानपि मेधावी, जडवत् समुपाविशेत् ॥– શાંતિપર્વ ૨૮૭/૩૫**

❀ ❀ ❀

**अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।**
**अप्पा दंतो सुही होइ, अस्सिं लोए परत्थ य ॥– ઉત્તરાધ્યયન ૧/૧૫**

**ભાવાર્થ :–** પોતાના આત્માનું દમન કરવું જોઈએ, કારણ કે આત્મા દુર્દમ્ય છે. આત્માનું દમન કરનાર આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

**अत्तानञ्चे तथा कयिरा, यथञ्चमनुसासति (?) ।**
**सुदन्तो वत दम्मेथ, अत्ता हि किर दुद्दमो ॥ – ધમ્મપદ ૧૨/૩**

❀ ❀ ❀

पडिणीयं च बुद्धाणं, वाया अदुव कम्मुणा ।
आवी वा जइ वा रहस्से, नेव कुज्जा कयाइ वि ॥–**ઉત્તરાધ્યયન ૧/૧૭**

**ભાવાર્થ :–** એકાંતમાં કે જાહેરમાં, વચન પ્રયોગથી કે કાયિક પ્રવૃત્તિથી આચાર્ય કે ગુરુથી પ્રતિકૂળ આચરણ કરે નહીં.

मा कासि पापकं कम्मं, आवि वा यदि वा रहो ।
सचे च पापकं कम्मं, करिस्ससि करोसि वा ॥– **થેર ગાથા ૨૪૭**

**અધ્યયન–૨ : પરીષહ :–**

कालीपव्वंगसंकासे, किसे धमणिसंतए ।
मायण्णे असणपाणस्स, अदीणमणसो चरे ॥– **ઉત્તરાધ્યયન ૨/૩**

**ભાવાર્થ :–** ઘણા સમયથી ભૂખ સહન કરવાના કારણે હાથ-પગ કાગડાના પગ જેવા થઈ ગયા હોય, નસો દેખાતી હોય, શરીર કૃશ થઈ ગયું હોય, તો પણ આહાર પાણીની મર્યાદાને જાણનાર ભિક્ષુ પ્રસન્ન ચિત્તથી વિચરણ કરે.

काल(ला) पव्वंगसंकासो, किसो धम्मनिसन्थतो ।
मत्तञ्ञू अन्नपाणम्हि, अदीनमनसो नरो ॥– **થેરગાથા ૨૪૬, ૬૮૬**

अष्टचक्रं हि तद् यानं, भूतयुक्तं मनोरथम् ।
तत्राद्यौ लोकनाथौ तौ, कृशौ धमनिसंततो ॥ – **શાંતિપર્વ ૩૩૪/૧૧**

पंसुकूलधरं जन्तुं, किसं धमनिसन्थतं ।
एकं वनस्मिं झायन्तं, तमहं ब्रूमि ब्राह्मणं ॥– **धम्मपद ૨૬/૧૩**

❀ ❀ ❀

पुट्ठो य दंसमसएहिं, समरे व महामुणी ।
णागो संगामसीसे वा, सूरो अभिहणे परं ॥– **ઉત્તરાધ્યયન ૨/૧૦**

**ભાવાર્થ :–** ડાંસ મચ્છરના સ્પર્શમાં મુનિ સમભાવ ધારણ કરે. સમરાંગણના મોખરે રહેલા હાથીની જેમ શૂરવીર બનીને કર્મરૂપ શત્રુને હણી નાંખે.

फुट्ठो डंसेहि मसकेहि, अरञ्ञस्मिं ब्रहावने ।
णागो संगामसीसे व, सतो तत्राऽधिवासये ॥– **થેરગાથા ૩૪, ૨૪૭,**

**અધ્યયન–૩ : ચાતુરંગીય :–**

खेत्तं वत्थुं हिरण्णं च, पसवो दासपोरुसं ।
चत्तारि कामखंधाणि, तत्थ से उववज्जइ ॥ – **ઉત્તરાધ્યયન ૩/૧૭**

**ભાવાર્થ :–** (૧) ક્ષેત્ર, (૨) વાસ્તુ-ઘર, (૩) ચાંદી-સુવર્ણ આદિ ઉત્તમ ધાતુઓ (૪) પશુઓ તથા દાસ-દાસીઓ, આ ચાર કામ સ્કંધો એટલે સુખ સુવિધાની સામગ્રીઓ જ્યાં હોય, ત્યાં તે ધર્મના આરાધકનો જન્મ થાય છે.

खेत्तं वत्थुं हिरञ्ञ वा, गवास्सं दासपोरिसं ।
थियो बन्धू पुथू कामे, यो णरो अनुगिज्झति ॥– **સુત્ત વ. ૮, ૧/૪**

**અધ્યયન–૫ : અસંખયં :–**

असंखयं जीविय मा पमायए, जरोवणीयस्स हु णत्थि ताणं ।
एवं वियाणाहि जणे पमत्ते, किण्णू विहिंसा अजया गहिंति ॥– **ઉત્તરાધ્યયન ૪/૧**

**ભાવાર્થ :–** જીવન અસંસ્કૃત છે અર્થાત્ આયુષ્ય તૂટયા પછી સંધાતુ નથી. માટે પ્રમાદ ન કરવો. વૃદ્ધાવસ્થાથી ઘેરાયેલાને કોઈ શરણભૂત થતું નથી. આ પ્રમાણે ચિંતન કર નહીં તો પ્રમાદી, હિંસક અને વિવેક શૂન્ય વ્યક્તિ મૃત્યુના સમયે કોના શરણે જશે ?

उपनीयति जीवितं अप्पमायु, जरूपनीतस्स न सन्ति ताणा ।
एतं भयं मरणे पेक्खमाणो, पुञ्ञानि कयिराथ सुखावहानि ॥ –**અંગુત્તરનિકાય પૃષ્ઠ ૧૫૯**

❀ ❀ ❀

तेणे जहा संधिमुहे गहीए, सकम्मुणा किच्चइ पावकारी ।
एवं पया पेच्च इहं च लोए, कडाण कम्माण न मोक्ख अत्थि ॥ – **ઉત્તરાધ્યયન ૪/૩**

**ભાવાર્થ :–** ચોરી કરતાં સમયે જ પકડાયેલો ચોર પોતાના જ પાપકર્મથી પીડા પામે છે. તે જ રીતે જીવો પણ આ લોક અને પરલોકમાં પોતાના કર્મોથી જ દુઃખી થાય છે. કારણ કે કરેલા કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી.

चोरो यथा सन्धिमुखे गहीतो, सकम्मुना हञ्ञति पापधम्मो ।
एवं पजा पेच्च परम्हि लोके, सकम्मुना हञ्ञति पापधम्मो ॥– **થેરગાથા ૭૮૯**

**અધ્યયન–૮ : કાપિલીય :–**

जे लक्खणं च सुविणं च, अंगविज्जं च जे पउंजंति ।
ण हु ते समणा वुच्चंति, एवं आयरिएहिं अक्खायं ॥– **ઉત્તરાધ્યયન ૮/૧૩**

**ભાવાર્થ :–** જે સાધક લક્ષણ શાસ્ત્ર, સ્વપ્ન શાસ્ત્ર તથા અંગવિદ્યાના પ્રયોગો કરે છે, તે શ્રમણ કહેવાતા નથી, તેવું તીર્થંકરોનું કથન છે.

आथब्बणं सुपिनं लक्खणं, नो विदहे अथो पि नक्खत्तं ।
विरुतं च गब्भकरणं, तिकिच्छं मामको न सेबेय्य ॥– **સુત્ત. વ. ૮, ૧૪/૧૩**

**અધ્યયન–૯ : નમિપ્રવ્રજ્યા :–**

सुहं वसामो जीवामो, जेसिं मो णत्थि किंचणं ।
मिहिलाए डज्झमाणीए, ण मे डज्झइ किंचणं ॥– **ઉત્તરાધ્યયન ૯/૧૪**

**ભાવાર્થ :–** મિથિલાનગરીમાં મારું કાંઈ જ નથી. મિથિલાનગરી બળી રહી છે, તેમાં મારું કાંઈ બળતું નથી. તેથી હું સુખપૂર્વક રહું છું અને સુખપૂર્વક જીવું છે.

सुसुखं बत जीवाम, ये सं नो नत्थि किंचनं ।
मिथिलाय डह्यमानाय न मे किंचि अडह्यथ ॥– **જાતક ૫૩૯, શ્લોક ૧૨૫, જાતક ૫૨૯ ; શ્લોક–૧૬ ; ધમ્મપદ–૧૫**

❀ ❀ ❀

**जो सहस्सं सहस्साणं, संगामे दुज्जए जिणे ।**
**एगं जिणेज्ज अप्पाणं, एस से परमो जओ ॥ – ઉત્તરાધ્યયન ૯/૩૪**

**ભાવાર્થ :–** જે વ્યક્તિ ઘોર સંગ્રામમાં દશ હજાર યોદ્ધાઓને જીતે છે. તેની અપેક્ષાએ પોતાના આત્મા પર વિજય પ્રાપ્ત કરનાર સાધક મોટો વિજેતા છે અને તેનો વિજય શ્રેષ્ઠ છે.

**यो सहस्सं सहस्सेन, संगामे मानुसे जिने ।**
**एकं च जेय्यमत्तानं स वे संगामजुत्तमो ॥ – ધમ્મપદ ૫/૫૧**

❀ ❀ ❀

**मासे मासे उ जो बालो, कुसग्गेणं तु भुंजए ।**
**ण सो सुयक्खायधम्मस्स, कलं अग्घइ सोलसिं ॥ – ઉત્તરાધ્યયન ૯/૪૪**

**ભાવાર્થ :–** જે અજ્ઞાની માસખમણના પારણે માસખમણ કરે, પારણામાં સોયની અણી પર રહે તેટલો જ આહાર કરે, તો પણ તે સમ્યક્ચારિત્ર રૂપ મુનિધર્મની સોળમી કળાની બરાબર પણ થતું નથી.

**मासे मासे कुसग्गेन, बाला भुंजेथ भोजनं ।**
**न सो संखतधम्मानं, कलं अग्घइ सोलसिं ॥– ધમ્મપદ ૫/૧૧**

❀ ❀ ❀

**पुढवी साली जवा चेव, हिरण्णं पसुभिस्सह ।**
**पडिपुण्णं णालमेगस्स, इइ विज्जा तवं चरे ॥– ઉત્તરાધ્યયન ૯/૪૯**

**ભાવાર્થ :–** આખી પૃથ્વી અને તેમાં રહેલા ચોખા, જવ, પશુઓ, ચાંદી-સોનું, આ બધુ એક જ વ્યક્તિને આપવામાં આવે, તોપણ તેની ઈચ્છાપૂર્તિ થતી નથી; તેમ જાણીને વિદ્વાન પુરુષ તપનું આચરણ કરે, ઈચ્છાનો નિરોધ કરે.

**यत् पृथिव्यां ब्रीहियवं, हिरण्यं पशवः स्त्रियः ।**
**नालमेकस्य तत् सर्वं, इति पश्यन्न मुह्यति ॥– ઉદ્યોગપર્વ ૩૯/૮૪**

**यद् पृथिव्यां ब्रीहियवं, हिरण्यं पशवः स्त्रियः ।**
**एकस्यापि न पर्याप्तं, तदित्यवितृष्णां त्यजेत् ॥– વિષ્ણુપુરાણ ૪/૧૦/૧૦**

**અધ્યયન–૧૦ : દ્રુમપત્રક :–**

**वोच्छिंद सिणेहमप्पणो, कुमुयं सारइयं व पाणियं ।**
**से सव्वसिणेहवज्जिए, समयं गोयम ! मा पमायए ॥ – ઉત્તરાધ્યયન ૧૦/૨૮**

**ભાવાર્થ :–** શરદઋતુનું ખીલેલું કમળ, પાણીમાં ઉત્પન્ન થવા છતાં પાણીથી અલિપ્ત રહે છે. તેમ હે ગૌતમ ! તું સર્વ સ્નેહ સંબંધનો ત્યાગ કર અને સમય માત્રનો પ્રમાદ ન કર.

**उच्छिन्द सिनेहमत्तनो, कुमुदं सारदिकं व पाणिना ।**
**सन्तिमग्गमेव ब्रूहय निब्बानं सुगतेन देसितं ॥– ધમ્મપદ ૨૦/૧૩**

**અધ્યયન–૧૩ : ચિત્ત સંભૂતીય :–**

**जहेह सीहो व मियं गहाय, मच्चू णरं णेइ हु अंतकाले ।**
**ण तस्स व पिया व भाया, कालम्मि तम्मंसहरा भवंति ॥–ઉત્તરાધ્યયન ૧૩/૨૨**

**ભાવાર્થ :–** જેમ આ સંસારમાં સિંહ હરણને પકડીને લઈ જાય છે ત્યારે કોઈ પશુ તેને સહાયક થતા નથી તેમ અંત સમયે મૃત્યુ મનુષ્યને લઈ જાય છે, ત્યારે માતા-પિતા, પત્ની તથા ભાઈ, કોઈ પણ વ્યક્તિ દુઃખના ભાગીદાર થતા નથી.

**तं पुत्रपशुसम्पन्नं, व्यासक्तमनसं नरम् ।**
**सुप्तं व्याघ्रो मृगमिव, मृत्युरादाय गच्छति ॥**

**सचिन्वानकमेवैनं, कामानामवितृप्तकम् ।**
**व्याघ्रः पशुमिवादाय, मृत्युरादाय गच्छति ॥– શાંતિ. ૧૭૫/૧૮, ૧૯**

❀ ❀ ❀

**ण तस्स दुक्खं विभयंति णाइओ, ण मित्तवग्गा ण सुया ण बंधवा ।**
**एक्को सयं पच्चणुहोइ दुक्खं, कत्तारमेव अणुजाइ कम्मं ॥– ઉત્તરાધ્યયન ૧૩/૨૩**

**ભાવાર્થ :–** જ્ઞાતિજન, મિત્રો, પુત્ર અને બાંધવ વગેરે મૃત્યુના મુખમાં પડેલા મનુષ્યોના દુઃખમાં ભાગ પડાવી શકતા નથી, તે સ્વયં એકલો જ દુઃખ ભોગવે છે; કારણ કે કર્મ કર્તાને જ અનુસરે છે.

**मृतं पुत्रं दुःखपुष्टं मनुष्या उत्क्षिप्य राजन् ! स्वगृहान्निर्हरन्ति ।**
**तं मुक्तकेशाः करुणं रुदन्ति चित्तामध्ये काष्ठमिव क्षिपन्ति ॥– ઉદ્યોગ. ૪૦/૧૫**

**"अग्नौ प्रास्तं तु पुरुषं, कर्मान्वेति स्वयं कृतम् ।" – ઉદ્યોગ. ૪૦/૧૮**

**અધ્યયન–૧૪ : ઈષુકારીય :–**

**अहिज्ज वेए परिविस्स विप्पे, पुत्ते परिट्ठप्प गिहंसि जाया ।**
**भोच्चाण भोए सह इत्थियाहि, आरण्णगा होह मुणी पसत्था ॥– ઉત્તરા. ૧૪/૯**

**ભાવાર્થ :–** [સંયમના ભાવોને અટકાવતાં મોહાવિષ્ટ પિતાનો પુત્રોને આદેશ] હે પુત્રો ! પહેલા વેદ ભણો, બ્રાહ્મણોને ભોજન આપો. લગ્ન કરી સ્ત્રીઓ સાથે ભોગ ભોગવો, ત્યારપછી પુત્રોને ઘરનો ભાર સોંપી અરણ્યવાસી શ્રેષ્ઠ મુનિ બનજો.

**वेदानधीत्य ब्रह्मचर्येण पुत्र ! पूत्रानिच्छेत् पावनार्थं पितृणाम् ।**
**अग्नीनाधाय विधिवच्चेष्टयज्ञो, वनं प्रविश्याथ मुनिर्बुभूषेत् ॥**

**– શાંતિપર્વ–૧૭૫/૬; ૨૭૭/૬; જાતક–૫૦૯/૪**

❀ ❀ ❀

**वेया अहीया ण भवंति ताणं, भुत्ता दिया निंति तमं तमेणं ।**
**जाया य पुत्ता ण हवंति ताणं, को णाम ते अणुमण्णेज्ज एयं ॥**

**– ઉત્તરાધ્યયન ૧૪/૧૨**

**ભાવાર્થ :–** [વૈરાગ્યવાન પુત્રોનો જ્ઞાન ગર્ભિત ઉત્તર] વેદોને ભણવા માત્રથી (સ્વયં પાપ ત્યાગ વિના) તે આત્મરક્ષક થઈ શકતા નથી. બ્રાહ્મણોને ભોજન કરાવવાથી કે તેની સંગતિ કરવાથી તે(યજ્ઞાદિ સાવદ્ય પ્રવૃત્તિની પ્રેરણા દ્વારા) વિશેષ અજ્ઞાન દશામાં લઈ જાય છે. જન્મેલા પુત્રો પણ કર્મ ભોગવવામાં કે દુર્ગતિમાં શરણરૂપ થતા નથી; તેથી હે પિતાશ્રી ! તમારા આ કથનને કોણ સ્વીકારે ?

**वेदा न सच्चा न च वित्तलाभो, न पुत्तलाभेन जरं विहन्ति ।**
**गन्धे रमे मुच्चनं आहु सन्तो, सकम्मुना होति फलूपपत्ति ॥– જાતક ૫૦૯/૬**

❀ ❀ ❀

**इमं च मे अत्थि इमं च णत्थि, इमं च मे किच्च इमं अकिच्चं ।**
**तं एवमेवं लालप्पमाणं, हरा हरंति त्ति कहं पमाए ? ॥– ઉત્તરાધ્યન ૧૪/૧૫**

**ભાવાર્થ :–** આ ઘર વગેરે મારી પાસે છે, આ કેટલાય પદાર્થો મારી પાસે નથી, આ મેં કર્યું છે, આ કેટલાક કાર્યો મારે કરવાના બાકી છે, આ રીતે સંસારમાં જ તલ્લીન રહેનારાઓને રાત-દિવસરૂપી ચોર પરલોકમાં લઈ જાય છે. આ સ્થિતિમાં પ્રમાદ શા માટે કરવો ?

**इदं कृतमिदं कार्यमिदमन्यत् कृताकृतम् ।**
**एवमीहासुखासक्तं, मृत्युरादाय गच्छति ॥ – શાંતિપર્વ ૧૭૫/૨૦**

**અધ્યયન–૧૬ : બ્રહ્મચર્ય સમાધિસ્થાન :–**

**आलओ थीजणाइण्णो, थीकहा य मणोरमा ।**
**संथवो चेव णारीणं, तासिं इंदिय दरिसणं ॥**

**कूइयं रुइयं गीयं, हास भुत्तासियाणि य ।**
**पणीयं भत्तपाणं च, अइमायं पाणभोयणं ॥**

**गत्तभूसणमिट्ठं च, कामभोगा य दुज्जया ।**
**णरस्सत्त गवेसिस्स, विसं तालउडं जहा ॥ –ઉત્તરાધ્યયન ૧૬/૧૧ થી ૧૩**

**ભાવાર્થ :–** બ્રહ્મચર્યમાં સ્થિત મુનિ **૧.** સ્ત્રીસહ નિવાસ, **૨.** મનોરમ સ્ત્રીકથા, **૩.** સ્ત્રીઓનો અતિસંપર્ક, **૪.** અંગોપાંગ દર્શન, **૫.** કુજિત–અસ્પષ્ટાક્ષર, રુદન, ગીત વગેરેના શબ્દ શ્રવણ, **૬.** સ્ત્રી સહ પૂર્વ આચરિત હાસ્ય-વિનોદ, ભોજન, શયન, આસનાદિની સ્મૃતિ, **૭.** પૌષ્ટિક ભોજન, **૮.** અતિ ભોજન, **૯.** શ્રૃંગાર-વિભૂષા અને **૧૦.** ઇન્દ્રિય-વિષયરૂપ શબ્દાદિની તલ્લીનતા(ઇન્દ્રિય પોષણ); આ દસ બોલોનું વર્જન કરે. કારણ કે આત્મ ગવેષક બ્રહ્મચારી સાધકની સાધના માટે આ સર્વ વિષયો તાલપુટ વિષ જેવા છે.

**ब्रह्मचर्य्यं सदा रक्षेदष्टधा मैथुनं पृथक् ।**
**स्मरणं कीर्तनं केलिः प्रेक्षणं गृह्यभाषणम् ॥**

**संकल्पोऽध्यवसायश्च क्रियानिष्पत्तिरेव च ।**
**एतन्मैथुनमष्टाङ्गं प्रवदन्ति मनीषिणः ॥**

**न ध्यातव्यं न वक्तव्यं न कर्त्तव्यं कदाचन ।**
**एतैः सर्वैः सुसम्पन्नो यतिर्भवति नेतरः ॥– દક્ષસ્મૃતિ ૭/૩૧–૩૩**

**અધ્યયન–૧૯ : મૃગાપુત્રીય :–**

जम्मं दुक्खं जरा दुक्खं, रोगा य मरणाणि य ।
अहो दुक्खो हु संसारो, जत्थ कीसंति जंतवो ॥ – **ઉત્તરાધ્યયન ૧૯/૧૫**

**ભાવાર્થ :–** આ સંસારમાં પ્રાણી માટે જન્મનું, જરાવસ્થાનું, રોગનું, મરણનું દુઃખ છે. અરે ! આખો સંસાર જ દુઃખ રૂપ છે. જ્યાં જીવો દુઃખથી પીડાઈ રહ્યા છે.

जातिपि दुक्खा, जरापि दुक्खा ।
व्याधिपि दुक्खा, मरणंपि दुक्खं ॥ – **महावग्ग १/६/१९**

**અધ્યયન–ર૦ : મહાનિર્ગ્રંથીય :–**

अप्पा णई वेयरणी, अप्पा मे कूडसामली ।
अप्पा कामदुहा धेणू, अप्पा मे णंदणं वणं ॥

अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य ।
अप्पा मित्तममित्तं च, दुप्पट्ठियसुपट्ठिओ ॥ – **ઉત્તરાધ્યયન ર૦/૩૬–૩૭**

**ભાવાર્થ :–** હે રાજન્ ! આત્મા પોતે જ પોતાના માટે વૈતરણી નદી અને કૂટશાલ્મલિ વૃક્ષ જેવો દુઃખદાયી છે તથા આત્મા પોતે જ કામદુગ્ધા ગાય અને નંદનવન જેવો સુખદાયી છે.

આત્મા પોતે જ પોતાના સુખ-દુઃખનો કર્તા અને વિકર્તા(નષ્ટકર્તા) છે. સત્પ્રવૃત્તિમાં સ્થિત આત્મા જ પોતાનો મિત્ર છે અને દુષ્પ્રવૃત્તિમાં સ્થિત આત્મા જ પોતાનો શત્રુ છે.

अत्ता हि अत्तनो नाथो, को हि नाथो परो सिया ।
अत्तना व सुदन्तेन, नाथं लभति दुल्लभं ॥

अत्तना व कतं पापं, अत्तजं अत्तसम्भवं ।
अभिमन्थति दुम्मेधं, वजिरं वस्समयं मणिं ॥

अत्तना व कतं पापं, अत्तना संकिलिस्सति ।
अत्तना अकतं पापं, अत्तना व विसुज्झति ॥ – **ધમ્મપદ ૧ર/૪, ૫, ૯**

❀ ❀ ❀

**ण तं अरी कंठछेत्ता करेइ, जं से करे अप्पणिया दुरप्पा ।**
**से णाहिइ मच्चुमुहं तु पत्ते, पच्छाणुतावेण दयाविहूणो ॥–ઉત્તરાધ્યયન ર૦/૪૮**

**ભાવાર્થ :–** મસ્તકને છેદનાર શત્રુ જે અનર્થ કરી શકતો નથી, તે અનર્થ પોતાનો દુષ્પ્રવૃત્તિશીલ આત્મા જ કરે છે. આ સત્યને દયાવિહીન–નિર્દયી માનવ મૃત્યુના મુખમાં જાય, ત્યારે જ પશ્ચાતાપ કરતો સમજી શકે છે.

दिसो दिसं यं त कयिरा, वेरी वा पन वैरिनं ।
मिच्छापणिहितं चित्तं, पापियो नं ततो करे ॥– **ધમ્મપદ ૩/૧૦**

**અધ્યયન–ર૩ : કેશીગૌતમીય :–**

मणो साहसीओ भीमो, दुट्ठस्सो परिधावइ ।
तं सम्मं तु णिगिण्हामि, धम्मसिक्खाइ कंथगं ॥– **ઉત્તરાધ્યયન ર૩/૫૮**

**ભાવાર્થ :–** દુષ્ટ, સાહસિક અને ઉદ્દંડ મન ચંચલ અશ્વની જેમ નિરંતર આમ-તેમ પરિભ્રમણ કરતું રહે છે, હું ધાર્મિક શિક્ષાઓ દ્વારા સમ્યક્ પ્રકારે તેનો નિગ્રહ કરું છું, વશમાં રાખું છું.

**चंचलं हि मनः कृष्ण ! प्रमाथि बलवत् दृढम् ।**
**तस्याहं निग्रहं मन्ये । वायोरिव सुदुष्करम् ॥– ગીતા ૬/૩૪**

**અધ્યયન–૨૫ : યજ્ઞીય :–**

**तसे पाणे वियाणेत्ता, संगहेण य थावरे ।**
**जो ण हिंसइ तिविहेणं, तं वयं बूम माहणं ॥– ઉત્તરાધ્યયન ૨૫/૨૨**

**ભાવાર્થ :–** જે ત્રસ અને સ્થાવર જીવોની મન, વચન કે કાયના યોગથી હિંસા કરતા નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**निधाय दंडं भूतेसु, तसेसु थावरेसु च ।**
**यो हन्ति न घातेति, तमहं ब्रूमि ब्राह्मणं ॥– ધમ્મપદ ૨૬/૨૩**

❀ ❀ ❀

**कोहा वा जइ वा हासा, लोहा वा जइ वा भया ।**
**मुसं ण वयइ जो उ, तं वयं बूम माहणं ॥ – ઉત્તરાધ્યયન ૨૫/૨૩**

**ભાવાર્થ :–** જે ક્રોધથી, હાસ્યથી, લોભથી કે ભયથી ખોટું બોલતો નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**अकक्कसं विञ्ञापनिं, गिरं सच्चं उदीरये ।**
**याय नाभिसजे कंचि, तमहं ब्रूमि ब्राह्मणं ॥– ધમ્મપદ ૨૬/૨૬**

❀ ❀ ❀

**ण वि मुण्डिएण समणो, ण ओंकारेण बंभणो ।**
**ण मुणी रण्णवासेणं, कुसचीरेण ण तावसो ॥– ઉત્તરાધ્યયન ૨૫/૨૯**

**ભાવાર્થ :–** મસ્તક મુંડાવાથી સાધુ, ૐકારના ઉચ્ચારણથી બ્રાહ્મણ, અરણ્યવાસથી મુનિ અને વલ્કલના વસ્ત્રો ધારણ કરવાથી તાપસ થવાતું નથી.

**न मुण्डकेण समणो, अब्बतो अलिकं भणं ।**
**इच्छालोभसमापन्नो, समणो किं भविस्सति ॥**

**न तेन भिक्खु सो होति, यावता भिक्खते परे ।**
**विस्सं धम्मं समादाय, भिक्खु होति न तावता ॥– ધમ્મપદ ૧૯/૯, ૧૧**

**न जटाहि न गोत्तेहि, न जच्चा होति ब्राह्मणो ।**
**मौनाद्धि स मुनिर्भवति, नारण्यवसनान्मुनिः ॥ – ઉદ્યોગપર્વ ૪૩/૩૫**

❀ ❀ ❀

**समयाए समणो होइ, बंभचेरेण बंभणो ।**
**णाणेण मुणी होइ, तवेण होइ तावसो ॥**

कम्मुणा बंभणो होइ, कम्मुणा होइ खत्तिओ ।
वइस्सो कम्मुणा होइ, सुद्दो हवइ कम्मुणा ॥– **ઉત્તરાધ્યયન ૨૫/૩૦, ૩૧**

**ભાવાર્થ :–** સમભાવથી શ્રમણ, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ, જ્ઞાનથી મુનિ અને તપથી તપસ્વી થવાય છે. ॥ કર્મથી બ્રાહ્મણ, કર્મથી ક્ષત્રિય, કર્મથી વૈશ્ય અને કર્મથી જ ક્ષુદ્ર થવાય છે. ॥

समितत्ता हि पापानं, समणो ति पवुच्चति ॥ – **ધમ્મપદ ૧૯/૧૦**

पापानि परिवज्जेति, स मुनी तेन सो मुनि ।
यो मुनाति उभो लोके, मुनी तेन पवुच्चति ॥– **ધમ્મપદ ૧૯/૧૪**
न जच्चा ब्राह्मणो होति, न जच्चा होति अब्राह्मणो ।
कम्मुना ब्राह्मणो होति, कम्मुना होति अब्राह्मणो ॥

कस्सको कम्मुना होति, सिप्पिको होति कम्मुना ।
वाणिजो कम्मुना होति, पेस्सिको होति कम्मुना ॥– **સુત્તનિપાત, મહા. ૯/૫૭, ૫૮**

न जच्चा वसलो होति, न जच्चा होति ब्राह्मणो ।
कम्मुना वसलो होति, कम्मुना होति ब्राह्मणो ॥– **સુત્તનિપાત ઉર. ૭/૨૧, ૨૭**

**અધ્યયન–૨૭ : ખલુંકીય :–**

खलुंका जारिसा जोज्जा, दुस्सीसा वि हु तारिसा ।
जोइया धम्मजाणम्मि भज्जंति धिइदुब्बला ॥– **ઉત્તરાધ્યયન ૨૭/૮**

**ભાવાર્થ :–** જેમ ગાડામાં જોડેલા ગળિયા બળદ માલિકને હેરાન કરે છે, તે જ રીતે ધર્મરૂપ રથમાં જોડેલા અવિનીત શિષ્યો પણ ગુરુને પરિતાપ પહોંચાડે છે.

ते तथा सिक्खित्ता बाला, अज्जमज्जमगारवा ।
नादयिस्सन्ति उपज्झाये, खलुंको विय सारथिं ॥– **થેરગાથા ૯૭૯**

**અધ્યયન–૩૨ : પ્રમાદસ્થાન :–**

ण वा लभेज्जा णिउणं सहायं, गुणाहियं वा गुणओ समं वा ।
एक्को वि पावाइं विवज्जयंतो, विहरेज्ज कामेसु असज्जमाणो ॥ –**ઉત્તરાધ્યયન–૩૨/૫**

**ભાવાર્થ :–** જો પોતાના ગુણથી અધિક કે ગુણમાં સમાન નિપુણ સાથી ન મળે, તો કામભોગોથી નિરાસક્ત બની, સદા પાપોથી દૂર રહીને સાધક એકાકીપણે વિચરણ કરે.

सचे लभेथ निपक सहायं, सद्धिं चरं साधुविहारिधीरं ।
अभिभूय्य सब्बानि परिस्सयानि, चरेय्य तेनत्तमनो सतीमा ॥

नो चे लभेथ निपकं सहायं, सद्धिं चरं साधुविहारिधीरं ।
राजाव रट्ठं विजितं पहायं, एको चरे मातंगरञ्ञे व नागो ।

एकस्य चरितं सेय्यो, नत्थि बाले सहायता ।

एको चरे न च पापानि कायिरा ।
अप्पोस्सुक्को मातंगरञ्ञे व नागो ॥– **ધમ્મપદ ૨૩/૯, ૧૦, ૧૧**

अद्धा पसंसाम सहायसंपदं, सेट्ठा समा सेवितव्वा सहाया ।
एते अलद्धा अनवज्जभोजी, एगो चरे खग्गविसाणकप्पो ॥– **સુત્તનિપાત, ઉર. ૩/૧૩**

❀ ❀ ❀

जहा य किंपागफला मणोरमा, रसेण वण्णेण य भुज्जमाणा ।
ते खुड्डए जीविय पच्चमाणा, एओवमा कामगुणा विवागे ॥– **ઉત્તરાધ્યયન ૩૨/૨૦**

**ભાવાર્થ :–** જે રીતે કિંપાક વૃક્ષના ફળો સ્વાદથી અને વર્ણથી સુંદર હોય છે પરંતુ તેને ખાધા પછી અલ્પ સમયમાં જ તે જીવનનો અંત કરે છે. તે જ રીતે કામભોગ પણ ભોગ સમયે સુંદર લાગે છે પરંતુ તેના પરિણામે આત્મગુણોનો નાશ થાય છે.

त्रयी धर्ममधर्मार्थं, किंपाकफलसंनिभम् ।
नास्ति तात ! सुखं किञ्चिदत्र दुःखशताकुले॥– **શાંકરભાષ્ય, શ્વેતા. ઉપ. પૃષ્ઠ–૨૩**

एविंदियत्था य मणस्स अत्था, दुक्खस्स हेउं मणुयस्स रागिणो ।
ते चेव थोवं पि कयाइ दुक्खं, ण वीयरागस्स करेंति किंचि ॥

– **ઉત્તરાધ્યયન ૩૨/૧૦૦**

**ભાવાર્થ :–** આ રીતે આસક્ત જીવોને ઇન્દ્રિય અને મનના વિષયો દુઃખના કારણભૂત બને છે પરંતુ તે જ વિષયો વીતરાગી પુરુષોને ક્યારે ય અને કિંચિત્ પણ દુઃખ આપી શકતા નથી.

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा, प्रसादमधिगच्छति ॥ – **ગીતા–૨/૬૪**

**નોંધ :–** *આગમેતર સર્વ ગ્રંથ-સાહિત્યના પદ્યો આગમ પ્રકાશન સમિતિ, બ્યાવરથી પ્રકાશિત ઉત્તરાધ્યયન સૂત્રની આચાર્ય શ્રી દેવેન્દ્રમુનિજીની પ્રસ્તાવનામાંથી સંકલિત કર્યા છે. તે સંબંધી શુદ્ધિ-અશુદ્ધિની અનુપ્રેક્ષા માટે પાઠક તે-તે સૂચિત ગ્રંથોમાં અન્વેષણ કરે.*

## ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
## શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા
માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે
સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી
શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી
શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી

**શ્રુતાધાર**

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

- શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી,
  શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે — આકોલા
- શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી — આકોલા
- માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા — કોલ્હાપુર
- શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા — મુંબઈ
- માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા — મુંબઈ
- શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ — કલકત્તા

## શ્રુત સદસ્ય

- શ્રી પારિતોષ આર. શાહ — મુંબઈ
- શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ — મુંબઈ
- જૈન જાગૃતિ સેન્ટર — વાશી (મુંબઈ)
- શ્રી મુકુન્દ આર. શેઠ — મુંબઈ
- શ્રી કેતનભાઈ શાહ — મુંબઈ
- શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા — મુંબઈ
- શ્રી સુધીરભાઈ પી. શાહ — મુંબઈ
- શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા — મુંબઈ
- શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી
  હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી — કલકત્તા


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર



આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM
Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.
www.parasdham.org
www.jainaagam.org